ભૂમિ પર મુકતી સ્ત્રી દાતારના હાથે
અગ્રાહ્ય છે, તેના ગ્રહણમાં દોષ
અને અપવાદ .................. ૩૬૧
[31]સર્વસાધારણ (બધાંનું ભેગું) હોય,
[32]ચોરીનું હોય, [33]બીજાનું હોય,
[34]બીજા માટે હોય-આવું આપે
તો અગ્રાહ્ય છે, તેના ગ્રહણમાં દોષ
અને અપવાદ. .................. ૩૬૩
[35]જે સ્ત્રી, સ્થાપેલ બલિમાંથી આપે,
[36]પિઠરવગેરે ઉંચકીને કે નમાવીને
આપે, [37]ઉર્ધ્વવગેરે ત્રણપ્રકારના
પ્રત્યપાયવાળા દાતારના હાથે
અગ્રાહ્ય છે, ગ્રહણમાં દોષ અને
અપવાદ. તથા, ઉપલક્ષણથી ૩૮મા
દાતા તરીકે 'જ્ઞાયક-[38]અજ્ઞાયકદાતૃ'
લેવા, તેના હાથે અગ્રાહ્ય છે....... ૩૬૫


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| १) साधारणाऽनिसृष्टयोः २) परार्थ-स्थापनयोः ३) पिठराद्युद्वर्त्तन-संहृतयोः च को भेदः ? | ३६६ | ૧) સાધારણ અને અનિસૃષ્ટ, ૨) પરાર્થ અને સ્થાપના, ૩) પિઠરવગેરેનું ઉદ્વર્તન અને સંહૃત. આ બધાં વચ્ચે શું તફાવત ? | ૩૬૬ |
| उपरोक्तस्थविरादि-सप्रत्यपायाऽन्तेषु दातृष्वौघेन मुनयो न गृह्णन्ति | ३६७ | ઉપરોક્ત સ્થવિરથી માંડીને સપ્રત્યપાય સુધીના દાતૃઓના હાથે ઓઘથી મુનિઓ ગ્રહણકરતાં નથી | ૩૬૭ |
| योग्याऽयोग्यद्रव्योन्मिश्रस्य स्वरूपम् | ३६८ | યોગ્ય અને અયોગ્ય દ્રવ્યના ઉન્મિશ્રણનું સ્વરૂપ | ૩૬૮ |
| सचित्ताऽचित्तोन्मिश्रितस्य चतुर्भङ्गस्तत्राऽपि चतुर्थभङ्गे स्तोकबहुकयोः चतुर्भङ्गः | ३६९ | સચિત્ત અને અચિત્ત ઉન્મિશ્રની ચતુર્ભંગી, તેમાં પણ ચોથાભાંગામાં સ્તોક અને બહુકની ચતુર્ભંગી | ૩૬૯ |
| संहृतोन्मिश्रयोर्भेदः | ३७० | સંહૃત અને ઉન્મિશ્ર વચ્ચે તફાવત | ૩૭૦ |
| अपरिणतस्य स्वरूपं तस्य द्रव्यभावद्विभेदं तत्र भावाऽपरिणते दातृविषयं भावापरिणतं | ३७१ | અપરિણતનું સ્વરૂપ તેના દ્રવ્ય અને ભાવ એ બે પ્રકારો, તેમાં ભાવઅપરિણતમાં દાતૃવિષયક ભાવઅપરિણત | ૩૭૧ |
| गृहीतृविषयं भावाऽपरिणतं | ३७३ | ગ્રહીતૃવિષયક ભાવઅપરિણત | ૩૭૩ |
| लिप्तद्वारस्वरूपं, तस्यौघतोऽग्रहणं, तत्र ग्रहणे दोषा, अपवादे ग्रहणं | ३७३ | લિપ્તદ્વારનું સ્વરૂપ, તેનું ઓઘથી અગ્રહણ અને તેના ગ્રહણમાં દોષ, તથા અપવાદે ગ્રહણ | ૩૭૩ |
| नित्योपवासाऽऽचाम्लतपस्करणे पूर्वपक्षस्तस्य निराकरणं | ३७४ | નિત્ય ઉપવાસ કે આયંબિલ કરવાવિષયક પૂર્વપક્ષ અને તેનું સમાધાન | ૩૭૪ |
| बहुलेपाऽल्पाऽलेपस्वरूपं तत्राऽलेपादिद्रव्य-ग्रहणविधिगतं भङ्गाष्टकं | ३७६ | બહુલેપ, અલ્પલેપ અને અલેપનું સ્વરૂપ, તેમાં અલેપ વગેરે દ્રવ્યગ્રહણવિધિ અન્તર્ગત આઠ ભાંગા | ૩૭૬ |
| संसृष्टमात्र-कर-सावशेष-त्रिपदैरष्ट-भङ्गस्तस्य प्रमाणपरिज्ञानं रचना क्रमश्च | ३७७ | સંસૃષ્ટ એવા માત્રક, હાથ અને સાવશેષદ્રવ્ય. આ ત્રણ પદોથી બનતી અષ્ટભંગી તથા તેનાં પ્રમાણનું જ્ઞાન, રચના અને ક્રમની જાણકારી | ૩૭૭ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विषय पृष्ठ

अष्टभङ्गमध्यैकत्र्यादिविषमेषु गृह्यते .......... ३८०

छर्दितद्वारस्वरूपं, सचित्ताऽचित्तपदद्वयेन
चतुर्भङ्गश्च ................................ ३८१

छर्दिते संयमादिविराधनादोषाः .................. ३८१

छर्दिते मथुबिन्दूपलक्षितवारत्रक-मन्त्रिद्रष्टांतः . ३८२

उद्गमोत्पादनैषणादोषनिगमनं,
ग्रासैषणादोषप्रस्तावना च ................ ३८४

संयोजनादिभोजनविषयकपञ्चदोषनामकथनम् ३८५

संयोजनास्वरूपं, तस्या द्रव्यभावद्वि-
प्रकारता .................................... ३८६

द्रव्यसंयोजनाया बाह्याऽभ्यान्तरा द्विप्रकारता,
बाह्यसंयोजनाया द्विप्रकारता च ........ ३८७

अभ्यंतरद्रव्यसंयोजनाया त्रिप्रकारता ............ ३८८

बहिरान्तरोपकरणसंयोजना, संयोजना
कदाऽनुज्ञाता ? च ...................... ३८९

धृति-बल-संयमयोगा येन न हीयन्ते
तत्प्रमाणभोजनं कर्तव्यम् ................. ३९०

पुरुष-महिला-नपुंसकाहारप्रमाणम् ............... ३९१

कवलमानं किं ? द्रव्यकुक्कुटी
भावकुक्कुटी स्वरूपम् ................... ३९१

उदरमाश्रित्य कालापेक्षया भागतो
भक्तपानप्रमाणम् .......................... ३९२

વિષય પૃષ્ઠ

આઠભાંગામાંથી એક-ત્રણ વગેરે
વિષમ ભાંગામાં લેવું કલ્પે છે ..... ૩૮૦

છર્દિતદ્વારનું સ્વરૂપ, સચિત્ત અને
અચિત્ત આ બે પદની ચતુર્ભંગી.... ૩૮૧

છર્દિત-દોષમાં સંયમાદિ વિરાધનાદોષો ..... ૩૮૧

છર્દિતમાં મધુબિન્દુઉપલક્ષિત વારત્રક
મંત્રીનું દૃષ્ટાંત ................... ૩૮૨

ઉદ્ગમ-ઉત્પાદન-એષણાદોષનું નિગમન
અને ગ્રાસૈષણા-દોષની પ્રસ્તાવના .. ૩૮૪

સંયોજનાવગેરે ભોજનવિષયક પાંચ દોષોનું
નામકથન ........................ ૩૮૫

સંયોજનાનું સ્વરૂપ, તેના દ્રવ્ય
અને ભાવ બેપ્રકારો .............. ૩૮૬

દ્રવ્યસંયોજનાના બાહ્ય અને અભ્યંતર
બે પ્રકારો, તેમાં પણ
બાહ્યસંયોજનાના બે પ્રકારો ........ ૩૮૭

અભ્યંતરદ્રવ્યસંયોજનાના ત્રણ પ્રકારો ..... ૩૮૮

બહાર અને અન્દર ઉપકરણની સંયોજના,
તથા સંયોજનાની અનુજ્ઞા ક્યારે ? .... ૩૮૯

ધૃતિ, બળ, સંયમયોગો જેનાથી હાનિ
ન પામે તેટલું પ્રમાણસર
ભોજન કરવું..................... ૩૯૦

પુરુષ, મહિલા અને નપુંસકનું
આહારપ્રમાણ .................... ૩૯૧

કોળીયાનું પ્રમાણ અને દ્રવ્યકુકડી અને
ભાવકુકડીનું સ્વરૂપ ............... ૩૯૧

પેટને આશ્રયીને કાળની અપેક્ષાએ
ભાગ પાડીને ભોજન અને
પાણીનું પ્રમાણ .................. ૩૯૨


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| विषय | पृष्ठ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| उक्ताऽऽहारप्रमाणादन्यत् क्लेशफलं, विरुद्धद्रव्याऽऽहारोऽपि क्लेशफलं च | ३९३ | ઉપરોક્ત આહારપ્રમાણ સિવાયનું પ્રમાણ ક્લેશફળ છે અને વિરુદ્ધ દ્રવ્યનો આહાર પણ ક્લેશફળ છે. | ૩૯૩ |
| प्रकामादि षट् प्रमाणदोषाः | ३९३ | પ્રકામ વગેરે ૬ પ્રમાણ દોષો | ૩૯૩ |
| अतिबह्वादिभोजनं किं कुर्यात् ? पुरीषाधिक्यमादि कारयेत् | ३९५ | અતિબહુવગેરે ભોજન શું કરે ? ઝાડા-ઉલ્ટી વગેરે કરાવે | ૩૯૫ |
| प्रमाणाऽतिरिक्तभोजने दोषाः, प्रमाणोपेतभोजने गुणाश्च | ३९६ | પ્રમાણથી વધારે ભોજનમાં દોષો અને પ્રમાણસર ભોજનમાં ગુણો | ૩૯૬ |
| अङ्गार-सधूमौपम्यं चरणेन्धनस्य | ३९७ | અંગાર અને ધૂમાડાની ઉપમા ચારિત્રરૂપી ઈન્ધન સાથે | ૩૯૭ |
| अङ्गारो रागपरिणामो धूमश्च द्वेषपरिणामः | ३९९ | રાગનો પરિણામ અંગાર છે અને દ્વેષનો પરિણામ ધૂમાડો છે | ૩૯૯ |
| क्षुद्वेदनादि षट्कारणैस्साधुराहारं भुञ्जीत | ४०० | ભૂખની વેદના વગેરે ૬ કારણોસર સાધુ આહાર વાપરે | ૪૦૦ |
| रोग-मोहोदयादौ न भुञ्जीत | ४०२ | રોગ અને મોહનાં ઉદય વગેરેમાં આહાર ન કરવો | ૪૦૨ |
| त्रिविधैषणादोषनिगमनं, गुरुदोषाऽल्पदोषज्ञानार्थमतिदेशश्च | ४०५ | ત્રણે પ્રકારના એપણાદોષોનું નિગમન અને ગુરુદોષ અને અલ્પદોષને જાણવા વિશે અતિદેશ | ૪૦૫ |
| कस्य दोषस्याऽपेक्षया कस्य लघुत्वं कस्य गुरुत्वं ? इति गुरुलघुविशेषः | ४०६ | કયા દોષની અપેક્ષાએ કયો દોષ લઘુ અને કયો દોષ ગુરુ ? એ પ્રમાણે ગુરુ-લઘુની જાણકારી | ૪૦૬ |
| शय्यातरपिण्डस्वरूपं, तस्याऽष्टद्वाराणि, तत्पिण्डग्रहणे दोषाश्च | ४०८ | શય્યાતરપિંડનું સ્વરૂપ અને તેના ૮ દ્વારો અને તે પિણ્ડગ્રહણમાં દોષો | ૪૦૮ |
| राजपिण्डस्वरूपं, तस्यग्रहणे दोषाश्च | ४१२ | રાજપિંડનું સ્વરૂપ અને તેના ગ્રહણમાં દોષો | ૪૧૨ |
| किदृशी शय्या (वसतिः) कल्प्या ? तत्र मूलगुणैरशुद्धवसतिश्च | ४१४ | કેવી શય્યા = વસતિ કલ્પે ? તેમાં મૂળગુણો દ્વારા અશુદ્ધવસતિ | ૪૧૪ |
| उत्तरगुणा द्विधा, तत्राद्य मूलोत्तरगुणाः | ४१५ | ઉત્તરગુણના બે પ્રકાર, તેમાં પ્રથમ મૂલોત્તરગુણો | ૪૧૫ |
| उत्तरगुणेषु द्वितीयोत्तरोत्तर-गुणाः | ४१६ | ઉત્તરગુણોમાં દ્વિતીય ઉત્તરોત્તરગુણો | ૪૧૬ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| विषय | पृष्ठ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| किदृशं वस्त्रं कल्प्यं ? तस्येकेन्द्रियाद्यवयवनिष्पत्तिभेदात्त्रिविधत्वं, पुनर्जघन्यादिभेदात्त्रिविधत्वं, प्रत्येकं पुनर्यथाकृताऽल्पबहुपरिकर्म्मभेदात्त्रिधा | ४१७ | કેવું વસ્ત્ર કલ્પે ? તેનાં એકેન્દ્રિયાદિનાં અવયવથી ઉત્પત્તિ વગેરે ૩ પ્રકારો, વસ્ત્રના જઘન્યવગેરે ૩ ભેદો, વળી પ્રત્યેકના યથાકૃત, અલ્પ-બહુપરિકર્મનાં ભેદથી ૩ પ્રકારો | ૪૧૭ |
| सर्वमपि वस्त्रं गच्छवासिभिरुद्दिष्टादिना गवेषणीयम् | ४१८ | ગચ્છવાસીઓએ તમામ વસ્ત્રો ઉદ્દિષ્ટાદિથી ગવેષવા | ૪૧૮ |
| गच्छवासिनो वस्त्रं कदोत्पादयन्ति ? तस्य विधिश्च | ४१९ | ગચ્છવાસીઓ વસ્ત્રને ક્યારે મેળવે ? તેની વિધિ | ૪૧૯ |
| वस्त्रस्य नवभागकल्पना तस्य शुभाऽशुभफलं च | ४२१ | વસ્ત્રના ૯ ભાગની કલ્પના અને તેમાં શુભ-અશુભ ફળ | ૪૨૧ |
| गृहस्थेन निमन्त्रणाकृते साधोर्विधिः | ४२२ | ગૃહસ્થ વડે વસ્ત્રની વિનંતિ કરાય ત્યારે સાધુને કરવાની વિધિ | ૪૨૨ |
| किदृशं पात्रं कल्प्यं, तस्येकेन्दियाऽवयवनिष्पन्न-तुम्बकादिभेदात्त्रिविधत्वं पुनर्जघन्यादित्रिभेदं, प्रत्येकं पुनर्यथाकृताऽऽदिभेदात्त्रिधा | ४२३ | કેવું પાત્ર કલ્પે ? તેના એકેન્દ્રિય અવયવથી બનેલ તુંબડા વગેરે ભેદથી ત્રણ પ્રકારો, તેના જઘન્ય વગેરે ત્રણ પ્રકારો અને વળી, પ્રત્યેકના યથાકૃત વગેરે ત્રણ પ્રકારો | ૪૨૩ |
| पात्रमपि उद्दिष्टादिचतुष्प्रकारै र्गवेषणीयम् | ४२३ | પાત્ર પણ ઉદ્દિષ્ટવગેરે ચારપ્રકારો દ્વારા ગવેષવા | ૪૨૩ |
| गीतार्थसाधुनाऽवस्थोचितप्रकारेण दोषेषु पञ्चकहान्या यतना कार्या | ४२५ | ગીતાર્થ સાધુને અવસરો ચિત્ત પ્રકારે દોષોમાં પંચકહાનિથી યતના કરવી | ૪૨૫ |
| पञ्चकहानिस्वरूपम् | ४२७ | પંચક હાનિનું સ્વરૂપ | ૪૨૭ |
| इदं तु ऐदंपर्याऽर्थमर्थात् शासनसारः | ४२७ | આ ઐદંપર્યાર્થ છે અર્થાત્ શાસનસાર છે | ૪૨૭ |
| विराधनारक्षणतत्पराऽशठसाधोर्विराधनाऽपि निर्जराफला | ४२९ | વિરાધનાના રક્ષણમાં તત્પર એવા અશઠ સાધુની વિરાધના પણ નિર્જરાફલક છે | ૪૨૯ |
| श्री जिनवल्लभगणिकृतस्याऽस्य शास्त्रस्य निगमनम् | ४३१ | જિનવલ્લભગણિવરશ્રીએ કરેલ આ શાસ્ત્રનું નિગમન | ૪૩૧ |
| टीकाकारश्रीचन्द्रसूरिकृत-प्रशस्तिः | ४३३ | ટીકાકર શ્રીચન્દ્રસૂરિએ કરેલ પ્રશસ્તિ | ૪૩૩ |
| पिण्डविशुद्धिप्रकरणमूलम् | ४३७ | પિણ્ડવિશુદ્ધિ પ્રકરણની મૂળ ગાથાઓ | ૪૩૭ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| विषय | पृष्ठ |
|---|---|
| **परिशिष्ट** | |
| १. अकारादिक्रमेण पिण्डविशुद्धिप्रकरण-मूलम् | ४४१ |
| २. पिण्डविशुद्धिशास्त्राऽन्तर्गतसंस्कृत-प्राकृताऽर्थकोषः | ४४५ |
| ३. पिण्डविशुद्धिशास्त्राऽन्तर्गत-दृष्टांतसूचिः | ४५१ |
| ४. पिण्डनिर्युक्तिशास्त्र कोष्टकः | ४५२ |
| ५. पिण्डविशुद्धिशास्त्र कोष्टकः | |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **પરિશિષ્ટ** | |
| ૧. અકારાદિક્રમે પિણ્ડવિશુદ્ધિ પ્રકરણની મૂળ ગાથાઓ | ૪૪૧ |
| ૨. પિણ્ડવિશુદ્ધિશાસ્ત્ર અન્તર્ગત સંસ્કૃત-પ્રાકૃત અર્થકોષ | ૪૪૫ |
| ૩. પિણ્ડવિશુદ્ધ શાસ્ત્રમાં આવેલ દૃષ્ટાંતોની સૂચિ | ૪૫૧ |
| ૪. વિણ્ડનિર્યુક્તિ શાસ્ત્રનો કોષ્ટક | ૪૫૨ |
| ૫. પિણ્ડવિશુદ્ધિ શાસ્ત્રનો કોષ્ટક | |


**અભ્યાસ કરનારને ઉપયોગી બનશે તથા વધુ માહિતી ઉપલબ્ધ થશે એ આશયથી આ ગ્રન્થમાં, મુનિરાજ શ્રી ચારિત્રરત્નવિજયજીએ તૈયાર કરેલ પિણ્ડનિર્યુક્તિનું કોષ્ટક-Chart પણ, મુનિરાજશ્રીની રજાથી સાભાર મુક્યું છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

।। श्री विमलाचल-परमेष्ठिने नमः ।। ॐ ह्रीँ श्रीँ अर्हं श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।।

।। अनंतलब्धिनिधानाय श्रीगौतमस्वामिने नमः ।।

।। सुगृहीतनामधेय-श्री दान-प्रेम-भुवनभानु-गुणानंद-जयघोषसूरि-सद्गुरुभ्यो नमः ।।

**श्रीमज्जिनवल्लभगणिप्रणीता श्रीमच्चंद्रसूरिविवृता**

# श्री पिंडविशुद्धिः

**卐 व्याख्याकार (टीकाकार) कृतमङ्गलम् 卐**

**।। ॐ नमो वीतरागाय।।**

**नम्रानेकसुरासुराधिपशिरोमालार्च्चितांह्रिद्वयं। लोकालोकविलोकिकेवलवशाज्जातार्थसन्निर्न(र्ण)यम्।**
**सच्चारित्रनिर्देशकं, जितरिपुं स्वर्गापवर्गप्रदं। दुष्टारिष्टविघातकं जिनपतिं वीरं प्रणम्यादरात्।।१।।**
**श्रीमत्पार्श्वजिनेन्द्रं च, विघ्नव्रातविघातिनम्। निःशेषकुमतध्वान्त-विध्वंसनदिवाकरम्।।२।।**
**शेषानपि नमस्कृत्य, जिनान् विगतकल्मषान्। श्रीगौतमादिसूरींश्च, भारतीं स्वगुरूंस्तथा।।३।।**
**शास्त्रान्तरदर्शनतो, वक्ष्येऽहं पिण्डशुद्धिशास्त्रस्य। स्वपरकृते स्पष्टार्थां, वृत्तिं जिनवल्लभकृतस्य।।४।।**

**उपोद्घात**– इह हि सर्व्वेणापि संसारिणा सत्त्वेनातिदुर्ल्लभजिनधर्म्मान्वितं मनुष्यादिसामग्री-

---

## ★ ગુજરાતી ભાષાંતર - "गुणानन्दीयं वार्त्तिकं" ★

### • વ્યાખ્યાકાર (ટીકાકાર)નું મંગળ •

**શ્લોકાર્થ** :- નમેલા અનેક સુરેન્દ્ર અને અસુરેન્દ્રના મસ્તક પર ધારણ કરેલ માળાઓથી જેમના બે ચરણો પૂજાયા છે, લોક-અલોકને પ્રકાશિત કરનાર કેવલજ્ઞાનની પ્રાપ્તિથી જેમને પદાર્થોનો સાચો નિર્ણય પ્રાપ્ત થયો છે. સચ્ચારિત્રના નિર્દેશક, આન્તરશત્રુને જેમણે જીત્યા છે. સ્વર્ગ અને મોક્ષને પ્રકૃષ્ટ રૂપથી આપનાર તથા દુષ્ટ અપમંગળના નાશક એવા જિનપતિ પ્રભુવીરને બહુમાનપૂર્વક પ્રણામ કરીને, હું "**પિંડવિશુદ્ધિ**" ગ્રંથની વ્યાખ્યાને કહીશ.' (આ પ્રમાણે આગળના ચોથા શ્લોક સાથે સંબંધ જોડવો.) ॥૧॥

વિઘ્ન-સમૂહનો નાશ કરનાર, સંપૂર્ણ કુમત રૂપી અન્ધકારને નાશ કરવામાં સૂર્ય સમાન એવા શ્રીમદ્ પાર્શ્વ જિનેન્દ્રને પ્રણામ કરીને, (હું પિંડવિશુદ્ધિ ગ્રંથની વ્યાખ્યાને કહીશ.) ॥૨॥

શેષ પાપમલવિનાના બાવીસ જિનેશ્વરોને પણ નમસ્કાર કરીને તેમજ, શ્રીગૌતમસ્વામી આદિ સૂરીશ્વરોને તથા સરસ્વતી અને સ્વગુરુને નમસ્કાર કરીને, (હું પિંડવિશુદ્ધિ ગ્રંથની વ્યાખ્યાને કહીશ.) ॥૩॥

પિંડનિર્યુક્તિ આદિ અન્ય શાસ્ત્રોના સંદર્ભોને બતાવવા દ્વારા સ્વ-પરના ઉપકાર માટે શ્રીજિનવલ્લભ સૂરિજી વડે રચિત પિણ્ડવિશુદ્ધિશાસ્ત્રની સ્પષ્ટઅર્થવાળી વ્યાખ્યાને = ટીકાને હું = 'ચન્દ્રસૂરિ' કહીશ.॥૪॥

**ઉપોદ્ઘાત** :- અતિદુર્લભ એવી મનુષ્યભવ વગેરે સામગ્રીને પામીને તીર્થંકરોએ આચરેલ પરોપકારમાં સર્વ સંસારી જીવોએ પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે તીર્થંકર પરમાત્મા સંસારસાગરથી પાર પામ્યા હોવા છતાં પણ પરોપકારમાં પ્રયત્ન કરે છે. જીવોને ઉપદેશનું દાન આપવા જેવો અન્ય કોઈ શ્રેષ્ઠ પરોપકાર નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सद्भावमवाप्य तीर्थकरानुचीर्णपरोपकारे यतितव्यम्, यस्माद्भगवान् भवाम्भोधिपारगाम्यपि परोपकारे यतते। स च न जन्तुहितोपदेशदानादपरः कश्चिच्छ्रेष्टतरः समस्ति। स च सकलकर्म्मनिर्म्मूलनप्रवणपरमपदप्रापकसच्चारित्रपरिपालनगोचरः श्रेयान्। तच्च पिण्डविशुद्ध्यादियतनया प्रवर्त्तमानानामुपजायते विशुद्धाहारोपष्टम्भितदेहस्य चारित्रसाधकत्वात्। सा च न शास्त्रादृते सम्यग् विज्ञायते मुमुक्षुभिः।

卐 ग्रंथरचनाप्रयोजनम् 卐

यद्यपि च पूर्व्वमुनिप्रणीतचिरन्तनशास्त्रेषु सानेकधा स्थाने स्थाने निरूपिता, तथापि नासावैदंयुगीनानां दुःषमकालबलेन परिक्षीयमाणमेधायुर्बलानां मानवानामत्यन्तोपकारायालमिति विभाव्य श्रीमज्जिनवल्लभाभिधसूरिरैदंयुगीनप्रज्ञाविकलमानवोपकाराय महार्णवकल्पात् पिण्डनिर्युक्तिशास्त्रात् तामुद्धृत्य पिण्डविषयविशुद्धिलक्षणप्रतिनियतार्थाभिधायकत्वाद्यथार्थनामकमल्पग्रन्थमहार्थं पिण्डविशुद्धिसंनिहितं शास्त्रं कर्त्तुमारेभे।

**अवतरणिका—** तत्र च शिष्टाः क्वचिदिष्टे वस्तुनि प्रवर्त्तमाना विघ्नविनायकोपशमनाय विघ्नाभावेऽपि शिष्टसमाचारपरिपालनाय चेष्टदेवतानमस्कारपुरस्सरं प्रवर्त्तन्ते। ततोऽयमपि तन्मार्गमनुसरन्निष्टदेवतानमस्कारं प्रेक्षावच्छ्रोतृजनप्रवृत्तयेऽभिधेयादि च वक्तुकामश्चादौ मङ्गलाद्यभिधायिकां गाथामाह।

---

તે ઉપદેશ, તમામ કર્મનો નાશ કરવામાં સમર્થ અને પરમપદ પ્રાપક એવા સચ્ચારિત્રના પાલન વિશે આપવો એ જ શ્રેષ્ઠ છે. એ ચારિત્રનું પાલન યતનાપૂર્વક પિંડવિશુદ્ધિ વગેરેમાં પ્રવૃત્તિ કરનારને શક્ય બને છે. કારણ કે વિશુદ્ધઆહારથી ટકાવેલું શરીર એ ચારિત્રનું સાધક છે અને તે પિંડવિશુદ્ધિ મુમુક્ષુઓ વડે શાસ્ત્ર વિના સમ્યગ્ રીતે જાણી શકાતી નથી.

● ગ્રંથરચના પ્રયોજન ●

જોકે, પૂર્વમુનિ રચિત ચિરન્તન શાસ્ત્રોમાં અનેક પ્રકારે તે પિંડવિશુદ્ધિની વાતો સ્થાને સ્થાને કરાયેલી છે. છતાં પણ, દુઃષમકાળના પ્રભાવે થતાં બુદ્ધિ, આયુષ્ય અને શક્તિ ના હ્રાસવાળા ઐદંયુગીન=હાલના માનવોના અત્યંત ઉપકાર માટે તે સમર્થ બની નહિ શકે એમ વિચારીને, આ કાલના પ્રજ્ઞાવિકલ માનવોના ઉપકાર માટે શ્રીમદ્ જિનવલ્લભ નામક સૂરિજીએ મોટાસમુદ્ર સમાન શ્રીપિણ્ડનિર્યુક્તિ શાસ્ત્રમાંથી તે પિંડવિશુદ્ધિને ઉદ્ધાર કરીને "પિણ્ડ વિષયક વિશુદ્ધિ" એવા સાર્થક અર્થને જણાવનાર યથાર્થનામધારી અલ્પ ગાથા અને મહાન અર્થવાળા પિણ્ડવિશુદ્ધિ નામના શાસ્ત્રની રચના કરવાનો પ્રારંભ કર્યો.

**અવતરણિકા** :- શિષ્ટપુરુષો કોઈપણ ઈષ્ટવસ્તુ = કાર્યમાં પ્રવૃત્ત થાય ત્યારે, ભલે ને વિઘ્નો ન હોય તો પણ આપત્તિઓના નિવારણ અને શિષ્ટપુરુષોની સામાચારીના પરિપાલન માટે ઈષ્ટ દેવતાને નમસ્કાર કરવાપૂર્વક પ્રવૃત્ત થાય છે, તેથી પૂજ્ય શ્રીજિનવલ્લભસૂરિજી પણ તે જ માર્ગને અનુસરીને ઈષ્ટદેવતાને નમસ્કાર અને બુદ્ધિશાળી = વિચારક એવા શ્રોતાવર્ગની પ્રવૃત્તિ (આ ગ્રન્થના અભ્યાસમાં વિશ્વાસપૂર્વક પ્રવૃત્ત થાય તે) માટે અભિધેય (= ગ્રન્થમાં શું શું કહેવામાં આવશે ?) વગેરે કહેવાની ઈચ્છાથી શ્રી જિનવલ્લભસૂરિજી, ગ્રન્થની આદિમાં મંગળઆદિને જણાવનારી ગાથા કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मूलगाथा— देविन्दविन्दवन्दिय-पयारविन्देऽभिवन्दिय जिणिन्दे।**
**वोच्छामि सुविहियहियं पिण्डविसोहिं समासेण।।१।।**

**संस्कृत छाया- देवेन्द्रवृन्दवन्दितपादारविन्दानऽभिवन्द्य जिनेन्द्रान्।**
**वक्ष्यामि सुविहितहितं, पिण्डविशोधिं समासेन।।१।।**

**卐 मूलग्रन्थकारकृतमङ्गलम् 卐**

**व्याख्या—** जिनेन्द्रानभिवन्द्य पिण्डविशोधिं वक्ष्यामीति क्रिया। तत्र नानाजन्मादिदुःसह-दुःखनिबन्धनरागादीनां जेतारो जिनाः सामान्यकेवलिनस्तेषामिन्द्राश्चतुस्त्रिंशदतिशयादिपरमैश्वर्य-युक्तत्वान्नायकास्तीर्थकरास्तान्। कीदृशान् इत्याह देवेन्द्रवृन्दवन्दितपदारविन्दान्। तत्र पूर्वभवोपात्त-शुभकर्म्मवशाद्यथेष्टक्रीडाविचरिष्णवो देवा भवनपत्यादयोऽमरास्तेषामिन्द्राः शक्रास्तेषां वृन्दानि सङ्घातास्तैर्वन्दितानि नमस्कृतानि, पादाश्चरणाः पदशब्दस्यांह्रिवाचकत्वात्त एवारविन्दानि पद्मानि येषां ते देवेन्द्रवृन्दवन्दितपदारविन्दास्तानभिवन्द्य प्रशस्तमनोवाक्कायैर्नमस्कृत्य वक्ष्याम्यभिधास्येऽहमिति-

---

**મૂળગાથા-શબ્દાર્થ :-** **देविन्द** = દેવેન્દ્રોના, **विन्द** = સમૂહ વડે, **वन्दिय** = નમસ્કાર કરાયેલા છે, **पयारविन्दे** = ચરણકમલ જેના, **अभिवन्दिअ** = નમસ્કાર કરીને, **जिणिन्दे** = જિનેશ્વરદેવોને, **वोच्छामि** = હું કહીશ, **सुविहिअहिअं** = સુવિહિત સાધુઓને હિતકારી, **पिंडविसोहिं** = પિંડવિશુદ્ધિ નામના ગ્રંથને, **समासेणं** = સંક્ષેપમાં.

**મૂળગાથા-ગાથાર્થ :-** દેવેન્દ્રોના સમુહોએ જેના ચરણકમલમાં નમસ્કાર કરેલો છે એવા જિનેશ્વર દેવોને નમસ્કાર કરીને, સુવિહિત સાધુઓને ઉપકારી એવા પિંડવિશુદ્ધિ નામના ગ્રંથને સંક્ષેપમાં હું કહીશ.।।૧।।

**• મૂળગ્રન્થકારશ્રીનું મંગળ •**

**વ્યાખ્યાર્થ :-** "જિનેન્દ્રોને વંદન કરીને પિણ્ડવિશુદ્ધિને હું કહીશ", આ રીતે ટૂંકમાં વાક્યનો અન્વય જાણવો. 'जिणिन्दे' = 'जिनेन्द्रान्' = જિનેન્દ્રોને, જિનેન્દ્ર એટલે ? અનેક પ્રકારના જન્મ-જરા-મૃત્યુ વગેરે દુઃસહ દુઃખોના કારણભૂત એવા રાગાદિને જીતનાર સામાન્ય કેવલિઓને 'जिनाः' કહેવામાં આવે છે. તેઓમાં ઈન્દ્ર સમાન એટલે કે ચોત્રીશ અતિશયઆદિ પરમ ઐશ્વર્યથી યુક્ત એવા નાયકોને = તીર્થંકરોને, કેવા 'जिनेन्द्रान्' ? તે કહે છે, 'देविन्दविन्दवन्दिय-पयारविन्दे' = 'देवेन्द्रवृन्दवन्दित-पदारविन्दान्' જેમના ચરણ કમળમાં દેવેન્દ્રોનો સમૂહ વંદન કરે છે એવા જિનેન્દ્રોને, એટલે કે, પૂર્વભવમાં ઉપાર્જિત કરેલ શુભકર્મના કારણે ઈચ્છા પ્રમાણેની ક્રીડામાં પ્રવૃત્ત થનારા ભવનપતિ વગેરે અમરો = દેવો, તેઓના ઈન્દ્રો = શક્ર વગેરે. તેઓના સમૂહથી વંદાયેલા = નમસ્કાર કરાયેલા છે પદ = ચરણ, 'પદ' શબ્દ ચરણના = પગના અર્થમાં આવતો હોવાથી, તે પદ = ચરણ જ છે કમળ જેઓના એવા જિનેન્દ્રોને, 'अभिवन्दिय' = 'अभिवन्द्य' = 'नमस्कृत्य' = પ્રશસ્ત મન-વચન અને કાયાથી નમસ્કાર કરીને, 'वोच्छामि' = 'वक्ष्यामि' હું કહીશ, 'હું' શબ્દ અધ્યાહારથી લેવો. અર્થાત્ 'હું કહીશ' એવો અર્થ જાણવો. હું શું કહીશ ? તે કહે છે 'पिण्डविसोहिं'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गम्यं। सुविहिताः शोभनानुष्ठानविधातारो यतयस्तेषां हितोपकारित्वाद्योग्या तां, कामित्याह पिण्डविशोधिमिति।

### 卐 पिण्डविशुद्धेर्व्याख्या 卐

तत्र पिण्डनं पिण्डो मीलनमात्रम्। तच्च येषामस्ति तैः सहितस्यैवोपचाराद्वस्तूनि अपि पिण्डः। यद्वा पिण्ड्यत इति पिण्डः, पिण्डनीयं वस्तु, स च नामादिभेदैरागमे यद्यप्यनेकधोक्तं, तथापीह संयमादिरूपभावपिण्डोपकारकस्य द्रव्यपिण्डस्याहारादेर्ग्रहणम्। तस्य विशोधिरुद्गमादिदोषरहिततया निर्म्मलता। तत उद्गमादिदोषस्वरूपपरिज्ञापनेन पिण्डनिर्मलताकारिणी शास्त्रपद्धतिरपि पिण्ड-विशोधिरित्युच्यते। यद्वा विशोधिहेतुरुद्गमादिदोषपरिज्ञापनमप्युपचाराद्विशोधिस्ततः पिण्डस्य विशोधिर्यस्यां शास्त्रपद्धतौ सा तथेति विग्रहस्ताम्। अथ पूर्वाचार्यैरेव तस्या अभिहितत्वात् किं भवतो भणनेनेत्याह। समासेन संक्षेपेण। पूर्व्वाचार्यैर्विस्तरेण सोक्ता मया तु वक्ष्यते स्तोकसूत्रेणेति भावः।

---

= '**पिण्डविशुद्धिं**' = પિણ્ડનીવિશુદ્ધિને હું કહીશ. એ પિણ્ડવિશુદ્ધિ કેવી છે ? તે કહે છે '**सुविहिय-हियं**' = '**सुविहितानां हितां**' = '**सुविहितहितां**' = સુવિહિત મુનિઓના હિતને કરનારી, એટલે કે શોભન = સુંદર વિહિતઅનુષ્ઠાન = આગમમાં બતાવેલ સુંદરઆચારને પાળનારા યતિઓ-મુનિઓના હિતને કરનારી એવી પિંણ્ડવિશુદ્ધિને કહીશ.

### • પિણ્ડવિશુદ્ધિની વ્યાખ્યા •

'**पिण्ड**' શબ્દની વ્યાખ્યાને બતાવે છે કે - '**पिण्डनं = पिण्डः**' જે માત્ર ભેગું થાય તે પિણ્ડ કહેવાય છે. તે પિંડ જે ઓદનાદિ વસ્તુઓનો છે. તે ઔદનાદિ વસ્તુઓની સાથેના પિંડનો જ (નહિ કે એકમાત્ર પિંડનો) ઓદનાદિ વસ્તુઓમાં ઉપચાર કરાતો હોવાથી એ વસ્તુઓ પણ પિંડ છે. અથવા જે ભેગું કરાય તેને પિણ્ડ કહેવાય છે. ભેગું કરવા યોગ્ય "વસ્તુ" હોય છે. જોકે નામ વગેરે ભેદો દ્વારા પિણ્ડ અનેક પ્રકારે આગમમાં બતાવેલ છે. તો પણ અહીં સંયમ વગેરે રૂપ ભાવપિણ્ડ માટે ઉપકારક દ્રવ્યપિણ્ડનું = આહારાદિનું ગ્રહણ કરવું. તે પિણ્ડની વિશોધિ = વિશુદ્ધિ = ઉદ્‌ગમાદિ દોષોથી રહિત એવી નિર્મળતા, તેથી ઉદ્‌ગમાદિ દોષોના સ્વરૂપનું જ્ઞાન કરાવવા દ્વારા પિણ્ડની નિર્મળતા કરાવનારી શાસ્ત્રની પદ્ધતિને પણ '**पिण्डविशोधि**' કહેવાય છે. અથવા વિશોધિ (કાર્ય) માટે કારણભૂત ઉદ્‌ગમાદિ દોષના સ્વરૂપની સમજણ, તે પણ કાર્યનો કારણમાં ઉપચારથી વિશોધિ કહેવાય છે.

ટૂંકમાં, પિણ્ડની વિશોધિ જે શાસ્ત્રની પદ્ધતિમાં છે તેને પિણ્ડવિશોધિ = પિણ્ડવિશુદ્ધિ કહેવામાં આવે છે. એ પ્રમાણે વિગ્રહ કરવો. એવી પિણ્ડવિશુદ્ધિને હું કહીશ.

**પ્રશ્ન** :- પૂર્વાચાર્યો વડે પિણ્ડની વિશુદ્ધિ કહેવાયેલી જ છે તો ફરી આ કહેવાનું પ્રયોજન શું છે ?

**ઉત્તર** :- '**समासेण**' = '**संक्षेपेण.**' એટલે કે, પૂર્વાચાર્યો વડે એ વિસ્તાર પૂર્વક કહેવાયેલી છે જ્યારે હું આ ઓછા = થોડા સૂત્રો દ્વારા = સંક્ષેપથી કહીશ. એમ તાત્પર્ય જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ प्रस्तुतग्रन्थस्याऽभिधेय-प्रयोजनादि ॥

अत्र पूर्व्वार्द्धेन जिनेन्द्रनमस्करणान्मङ्गलमुक्तम्। पिण्डविशोधिं वक्ष्यामीत्यभिधेयमेतस्या एवात्र शास्त्रेऽभिधास्यमानत्वात्। सम्बन्धस्तूपायोपेयलक्षणस्तत्र प्रकरणमिदमुपाय उपेयं तु पिण्डशुद्धिपरिज्ञानमिति। प्रयोजनं तु संक्षेपभणनरूपं शास्त्रकृतैवोपात्तम्। यद्वा कर्त्तुः श्रोतुः प्रत्येकमनन्तरपरम्परभेदभिन्नं साक्षादनुक्तमप्येतल्लभ्यते। तत्रानन्तरं कर्त्तुः प्रयोजनं सत्त्वानुग्रहः, श्रोतुश्च प्रकरणार्थपरिज्ञानम्। परम्परं तु द्वयोरपि परमपदावाप्तिरिति। एतेन सर्व्वशास्त्रकाराणां प्रवृत्तिरनुश्रिता भवति, उक्तं च- '**सम्बन्धभिधेयपयोयणाइं तह मङ्गलं च सत्थंमि। सीसपवित्तिनिमित्तं निविग्घत्थं च चिन्तेज्जा॥**' इति गाथार्थः॥१॥

**अवतरणिका–** पिण्डविशोधिं वक्ष्यामीति प्रतिज्ञातम्। तत्र मुमुक्षुभिः पिण्डस्य विशुद्धिरेव किमर्थं विधीयते येन तत् परिज्ञानाय तदभिधायकं शास्त्रं कर्त्तुमारभ्यत इति पराभिप्रायं चेतसि निधाय शास्त्रकरणप्रयाससाफल्यप्रकाशनगर्भं यद्दोषविकलस्य पिण्डस्य शुद्धिर्भवति तान् वक्तुकाम इमां तत्प्रस्तावनामाह।

## • પ્રસ્તુત ગ્રન્થના અભિધેય-પ્રયોજન આદિ •

અહીં, ગાથાના પૂર્વાર્ધથી જિનેન્દ્રોને નમસ્કાર કરવા દ્વારા મંગળ કહેવાયું છે. ગાથાના ઉત્તરાર્ધમાં 'पिण्डविसोहिं वोच्छामि' = 'પિણ્ડવિશુદ્ધિને કહીશ' આમ કહેવા દ્વારા આ પ્રસ્તુત ગ્રન્થનો अभिधेय = વિષય કહેવાયો છે, કારણ કે આ શાસ્ત્રમાં એજ પિંડવિશુદ્ધિ કહેવામાં આવનાર છે. ઉપાય-ઉપેય લક્ષણ = સ્વરૂપ એ આ ગ્રન્થનો સંબંધ છે. તેમાં આ પ્રસ્તુત ગ્રન્થ = પ્રકરણ એ ઉપાય = સાધન છે. અને ઉપેય = સાધ્ય એ પિણ્ડવિશુદ્ધિની જાણકારી છે. સંક્ષેપથી કહેવું એ આ ગ્રન્થનું પ્રયોજન છે. જેને શાસ્ત્રકારે પોતે જ ગાથામાં કહ્યું જ છે. અથવા સાક્ષાત્ કહેવાયું નથી છતાં પણ અધ્યાહારથી કર્તા અને શ્રોતા બંનેનું અનન્તર-પરંપરભેદવાળું પ્રયોજન લઈ શકાય. તેમાં કર્તાનું અનન્તર પ્રયોજન છે સત્ત્વ = જીવો પર અનુગ્રહ = ઉપકાર કરવો. શ્રોતાનું અનન્તર પ્રયોજન પ્રસ્તુત ગ્રન્થના અર્થની જાણકારી અને પરમ્પર પ્રયોજન તો બન્ને કર્તા અને શ્રોતાનું પરમપદ = મોક્ષની પ્રાપ્તિ છે. આ રીતે = મંગળ-અભિધેય આદિ કહેવા દ્વારા સર્વ શાસ્ત્રકારોની મર્યાદાનું પાલન કરવામાં આવ્યું છે. કારણ કે કહ્યું છે કે -

"શાસ્ત્રમાં સંબંધ, અભિધેય, પ્રયોજન વગેરે તથા મંગળ જે કરવામાં આવે છે તે (અનુક્રમે) શિષ્યની પ્રવૃત્તિ નિમિત્તે = શિષ્ય ગ્રન્થ વાંચનમાં અભ્યુદ્યત થાય તે નિમિત્તે અને શાસ્ત્રની નિર્વિઘ્ને પૂર્ણાહુતિ થાય તે માટે હોય છે."॥૧॥

**અવતરણિકા** :- 'પિણ્ડવિશુદ્ધિને કહીશ' એ પ્રમાણે પ્રતિજ્ઞા કરી. તો મુમુક્ષુઓએ પિણ્ડની વિશુદ્ધિ શું કામ કરવી જોઈએ ? કે જેના જ્ઞાન માટે તેને કહેનાર શાસ્ત્ર રચવાનો પ્રારંભ કરવો પડે ?' એવા બીજાના અભિપ્રાય = પ્રશ્ન ને મનમાં ધારીને, શાસ્ત્ર કરવાના પ્રયાસની સફલતાને પ્રકાશિત કરનાર, જે દોષોથી રહિત એવા પિણ્ડની વિશુદ્ધિ થાય તે દોષોને કહેવાની ઈચ્છાવાળા મૂળકારશ્રી હવે તેની આ પ્રસ્તાવનાને કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मूलगाथा– जीवा सुहेसिणो तं सिवम्मि तं संजमेण सो देहे।**
**सो पिण्डेण सदोसो सो पडिकुट्ठो इमे ते य।।२।।**

**संस्कृत छाया– जीवाः सुखैषिणः तच्छिवे तत्संयमेन स देहेन।**
**सः पिण्डेन सदोषः सः प्रतिकृष्ट इमे ते च ।।२।।**

**व्याख्या–** पिण्डविशुद्धेरेव सच्चारित्रं तस्माच्च विशिष्टसुखमोक्षप्राप्तिस्तच्छुद्धिश्च न ज्ञायते शास्त्रं विनेत्यस्य करणप्रयाससाफल्यमिति गर्भार्थः। अत्र च "यश्च निम्बं परशुना (छिनत्ति), यश्चैनं मधुसर्पिषा (सिञ्चति), यश्चैनं गन्धमालाभ्यां (योजयति), तत्सर्वस्य कटुरेव स' इत्यादाविव सर्व्वत्रानुरूपक्रियाध्याहर्त्तव्या।

**卐 सर्वे जीवाः सुखार्थिनः 卐**

ततश्च जीवाः प्राणिनः सुखैषिणः शर्मार्थिनः सुखलिप्सव इति यावद्वर्त्तन्ते। तदुक्तम्–

---

**મૂળગાથા-શબ્દાર્થ :- जीवा** = જીવો, **सुहेसिणो** = સુખના અભિલાષી, **तं** = તે સુખ, **सिवम्मि** = મોક્ષમાં, **तं** = તે મોક્ષ, **संजमेण** = ચારિત્રથી, **सो** = તે ચારિત્ર, **देहे** = શરીર વડે, **सो** = તે શરીર, **पिण्डेण** = આહાર થકી, **सदोसो** = દોષવાળો, **सो** = તે આહાર, **पडिकुट्ठो** = નિષિદ્ધ, **इमे** = આ, **ते** = તે દોષો, **य** = અને.

**મૂળગાથા-ગાથાર્થ:-** સર્વજીવો સુખના અર્થી છે, તે સુખ મોક્ષમાં છે, મોક્ષ સંયમ વડે પ્રાપ્ત કરી શકાય છે, તે સંયમ શરીર વડે સાધ્ય છે, તે શરીર આહારથી ટકે છે, તે આહાર દોષિત હોય તો નિષેધ કરાયો છે. તે દોષો આ છે. ॥૨॥

**વ્યાખ્યાર્થ :-** પિણ્ડની વિશુદ્ધિથી જ સચ્ચારિત્રની પ્રાપ્તિ થાય છે. તે સચ્ચારિત્રથી જ વિશિષ્ટ સુખ સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. પિણ્ડની વિશુદ્ધિ શાસ્ત્ર વિના જાણી શકાતી નથી. તેથી જ આ ગ્રન્થની રચનાના પ્રયત્નની સફલતા છે. એમ તાત્પર્યાર્થ જાણવો.

અહીં, **'यश्च निम्बं परशुना (छिनत्ति), यश्चैनं मधुसर्पिषा (सिञ्चति), यश्चैनं गन्धमालाभ्यां (योजयति), तत्सर्वस्य कटुरेव स'** ઈત્યાદિની જેમ સર્વત્ર અનુરૂપ ક્રિયાનો અધ્યાહાર જાણવો. અર્થાત્ સંદર્ભ પ્રમાણે ક્રિયાનો અધ્યાહાર કરવો. જેમ કે અહીં પરશુથી વસ્તુ છેદાતી હોવાથી **'छिनत्ति'** ક્રિયાપદ મૂક્યું. મધ-ઘી વગેરેથી સિંચવાનું હોય છે માટે **'सिञ्चति'** મૂક્યું અને ગન્ધ-માળાથી યુક્ત કરવાનું હોવાથી **'योजयति'** ક્રિયાપદ મૂક્યું.

તેમ પ્રસ્તુતમાં **'अस्ति'** વગેરે યથાયોગ્ય ક્રિયાપદ મૂકવું. એટલે અહીં આ ગાથામાં પણ જ્યાં જ્યાં જે જે ક્રિયાપદ યોગ્ય લાગે તે તે ક્રિયાપદ અધ્યાહારથી સમજી લેવું. જેમ કે 'જીવો સુખના ઈચ્છુક હોય છે, તે સુખ મોક્ષમાં છે, તે સુખ સંયમથી પમાય છે' વગેરે.

**● સર્વ જીવો સુખના અર્થી છે ●**

'जीवा सुहेसिणो' - 'जीवाः' = 'प्राणिनः', 'सुखैषिणः' = 'शर्मार्थिनः' = 'सुखलिप्सवः' = જીવો એટલે કે પ્રાણિઓ સુખના ઈચ્છુ-સુખના અર્થી- સુખની આશંસાવાળા હોય છે. કહેવાયું છે કે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"सव्वेवि सोक्खकङ्खी सव्वेवि हु दुक्खभीरुया जीवा। सव्वेवि जीवियपिया सव्वे मरणाउ बीहन्ति'।।

तत्पुनः सुखमविकलं परमानन्दरूपम्, कर्म्माभावेन सर्व्वोपद्रवरहितत्वाच्छिवो मोक्षस्तत्रैव सञ्जायते। यदुक्तम्–

"नवि अत्थि माणुसाणं तं सोक्खं नवि य सव्वदेवाणं। जं सिद्धाणं सोक्खं अव्वाबाहं उवगयाणं'।।

सांसारिकसुखं च दुःखप्रतीकारमात्रतया सुखाभिमानरूपत्वात्तत्त्वतो दुःखमेवेति।

**卐 मोक्षसुखाऽवाप्तेः कारणम् - सप्तदशभेदात्मकं संयमम् 卐**

ते पुनः शिवं जीवाः प्राप्नुवन्ति केनेत्याह संयमेन। पञ्चाश्रवाद्विरमणं, पञ्चेन्द्रियनिग्रहः, कषायजयो, दण्डत्रयविरतिश्चेति संयमः सप्तदशभेद इति शास्त्रान्तरप्रसिद्धेन सप्तदशभेदात्मकेन चारित्रेण। यद्वा पृथिव्याद्युपमर्द्दादिसंरक्षणात्मकेन सप्तदशभेदेनैव प्रकारान्तराभिहितेन क्रियानुष्ठानविशेषरूपेण संयमेन। स चायं–

"पुढवि दग अगणि मारुय वणस्सइ बिति चउ पणिन्दि ९ अजीवे १०।
पेहो ११ पेह १२ पमज्जण १३ परिट्ठवण १४ मणो १५ वई १६ काए १७।।'

---

"બધા જ જીવો સુખની આકાંક્ષાવાળા હોય છે, દુઃખથી ડરતા હોય છે, બધાને જીવન વહાલું હોય છે અને મરણથી બીહતા હોય છે."

'तं सिवम्मि' = 'तत् शिवे' (मोक्षे) = વળી તે પરમાનંદરૂપ અવિકલ સુખ કર્મના અભાવે સર્વ ઉપદ્રવથી રહિત હોવાથી જે શિવ = મોક્ષ છે તેમાં જ ઉત્પન્ન થાય છે. કહેવાયું છે કે-

"તે સુખ મનુષ્યોને નથી કે સર્વ દેવોને પણ નથી. જે અવ્યાબાધ સુખને પામેલા સિદ્ધ ભગવંતોને હોય છે."

(**પ્રશ્ન** :- સંસારીઓને પણ ઈન્દ્રિય જન્ય સુખમાં સુખનો અનુભવ થાય જ છે ને ? તો પછી કેમ માત્ર મોક્ષમાં જ સુખ છે એમ કહો છો ? આવા કોક પ્રશ્નના ઉદ્ભવની સંભાવનાને લક્ષમાં રાખી, ટીકાકારશ્રી સાંસારિક સુખ એ હકીકતમાં સુખ કેમ નથી. તે જણાવતા કહે છે કે ) સાંસારિક સુખ તો દુઃખનો પ્રતિકાર માત્ર છે. અને સુખના અભિમાન રૂપ હોવાથી તત્ત્વથી એ સુખ પણ દુઃખ જ છે.

**• મોક્ષસુખ પ્રાપ્તિનું કારણ - ૧૭ પ્રકારનું સંયમ •**

તે મોક્ષનું સુખ જીવો શેનાથી પામે છે ? તે કહે છે, 'तं संजमेण' = 'तत् संयमेन' = સંયમથી. સંયમનું લક્ષણ બતાવે છે - પાંચ આશ્રવોથી વિરમણ, પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ, ચાર કષાયનો જય, ત્રણ દંડની વિરતિ. આ પ્રમાણે પ્રસ્તુત શાસ્ત્ર કરતા જુદા બીજા શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવાં ૧૭ પ્રકારના સંયમ-ચારિત્રથી મોક્ષનું સુખ મેળવાય છે.

અથવા તો બીજી રીતે પણ સંયમના ૧૭ પ્રકારો છે. તે આ પ્રમાણે. પૃથ્વી વગેરેના ઉપમર્દન = હિંસા, પરિતાપ, સંઘટ્ટન વગેરેનું સંરક્ષણ સ્વરૂપ ૧૭ પ્રકારના ક્રિયા અનુષ્ઠાન વિશેષ સ્વરૂપ સંયમ દ્વારા તે મોક્ષ સુખ મેળવાય છે. તે ૧૭ પ્રકારનાં સંયમનું કાંઈક સ્વરૂપ શ્લોક વડે કહેવાય છે.

"(૧-૯) પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાયને દુઃખ ન પહોંચાડવું. બેઈન્દ્રિય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इत्यस्य श्लोकैः किञ्चित् स्वरूपमुच्यते।

"इलाजलानलानिलशाखिनां दुःखरक्षणं। त्रिधा द्वित्रिचतुःपञ्चाक्षाणां हिंसाविवर्जनं।।१।।

निर्ज्जीवमपि यद्वस्तु हिंसाकरणसुन्दरं। तृणमद्यहिरण्यादि तस्यादाननिषेधनम् ।।२।।

प्रेक्षणं स्थण्डिलादीनामुपेक्षासंयमो द्विधा। तत्रैकः संयमोद्वेगे सीदतां प्रेरणं च यत्।।३।।

अन्यः सावद्यव्यापारे गृहिणां चाप्रेरणं यत्। स्थानादिकरणे सम्यक् तद्भूमीनां प्रमार्ज्जनम्।।४।।

आहारोपधिशय्यानामशुद्धाधिक भावतः। परिष्ठापनमन्तश्च मनोवाक्काययन्त्रणम्।।५।।"

अलं प्रसङ्गेन, प्रकृतमुच्यते।

### 卐 संयमपालने सहायको देहः 卐

सो देहेत्ति स संयमः, देहेत्ति विभक्तिव्यत्ययाद्देहेन शरीरेण सम्पद्यते देहसाध्यत्वात्तस्य, यदुक्तम्- "शरीरमाद्यं खलु धर्मसाधनमिति', स देहः पिण्डेनाहारेणोपष्टभ्यः, संयमोपकाराय जायते। सदोषो वक्ष्यमाणोद्गमादिदोषवृन्दान्वितः स पिण्डः प्रतिक्रुष्टो निषिद्धो जिनादिभिरिति दृश्यम्।

---

તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોની હિંસા ત્રણે પ્રકારે મન, વચન અને કાયા ઉપલક્ષણથી કરણ-કરાવણ અને અનુમોદનથી વર્જવી.

(૧૦) **અજીવ** = અજીવ એવી પણ હિંસા કરવામાં સુંદર (અનુકૂળ) ઘાસ-મદ્ય-સોનું વગેરે જે વસ્તુ તેને ગ્રહણ કરવાનો નિષેધ.

(૧૧) **પ્રેક્ષણ** = પ્રેક્ષા. સ્થણ્ડિલભૂમિ આદિ વસતિનું નિરીક્ષણ કરવું.

(૧૨) **ઉપેક્ષા** = તે બે પ્રકારે છે (૧) સંયમ પ્રત્યે ઉદ્વેગ થવાથી સંયમમાં સીદાતાને પ્રેરવા. (૨) ગૃહસ્થોને સાવદ્યવ્યાપારમાં પ્રેરવા નહિ.

(૧૩) **પ્રમાર્જન** = સ્થાન = કાઉસગ્ગ વગેરે કરવા માટે તે ભૂમિનું સારી રીતે પ્રમાર્જન.

(૧૪) **પરિષ્ઠાપન** = આહાર-ઉપધિ-શય્યા જો અશુદ્ધ આવી ગયા હોય કે અધિક આવી ગયા હોય તો તેનું પરિષ્ઠાપન (વિસર્જન).

(૧૫-૧૭) **મન-વચન-કાયાનું નિયન્ત્રણ.**" આ પ્રમાણે થોડું સ્વરૂપ કહ્યું. હવે પ્રકૃત = પ્રસ્તુત કહેવાય છે.

### • સંયમ પાલનમાં સહાયક દેહ •

સંયમ શેનાથી પળાય છે ? તે કહે છે **'सो देहे'** = **'सः संयमो देहेन'**. તે સંયમ શરીરથી પળાય છે કારણ કે સંયમ એ શરીરથી સાધ્ય છે. પ્રાકૃત ભાષાને લીધે મૂળ ગાથામાં **'देहेन'** એ પ્રમાણે તૃતીયા વિભક્તિનો વ્યત્યય થયો છે એમ જાણવું. કહેવાયું છે કે - **'शरीरमाद्यं खलु धर्मसाधनमिति'** = શરીર એ સૌ પ્રથમ ધર્મનું સાધન છે.

**'सो पिण्डेण'** = **'सः पिण्डेन'** = સંયમનું સાધન દેહ અને તે દેહ પિણ્ડથી = આહારથી ટકાવવા જેવો છે. કારણ કે તે સંયમના ઉપકાર માટે થાય છે. **'सदोसो सो'** = **'सदोषः सः पिण्डः'** = હવે કહેવામાં આવનાર ઉદ્ગમ આદિ દોષોના સમૂહથી યુક્ત તે પિણ્ડ, જિનેશ્વરો દ્વારા **'पडिकुट्ठो'** = **'प्रतिक्रुष्टः'** = **'निषिद्धः'** = નિષેધાયેલો છે. અહીં **जिनादिभिः** અધ્યાહારથી સમજી લેવું. તે દોષો કયા કયા છે કે જે દોષોથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अथ क एते दोषा यैर्दुष्टोऽसौ ग्रहीतुं निषिद्ध इत्याह। 'इमे ते य'त्ति, ते पुनर्दोषा आहाराशुद्धिरूपाणि दूषणानि इमे वक्ष्यमाणाः सम्भवन्तीति गाथार्थः।।२।।

**अवतरणिका—** साम्प्रतं प्रास्तावितपिण्डदोषावसरः। ते च द्विचत्वारिंशत्। यत उक्तम्— 'सोलस उग्गमदोसा सोलस उप्पायणाए दोसा उ। दस एसणाए दोसा बायालीसं इय हवन्ति'त्ति।

तत्र तावदाहारोद्गमविषयषोडशदोषान् यथानामग्राहं द्वारगाथाद्वयेन वक्तुमाह—

**मूलगाथा— आहाकम्मु१द्देसिय २ पूईकम्मे य ३ मीसजाए य ४।**
**ठवणा ५ पाहुडियाए ६ पाउयर ७ कीय ८ पामिच्चे ९।।३।।**
**परिअट्टिए १० अभिहडु ११ ब्भिन्ने १२ मालोहडे अ १३ अच्छिज्जे १४।**
**अणिसिट्ठ १५ ज्झोयरए १६ सोलसपिण्डुग्गमे दोसा।।४।।**

**संस्कृत छाया- आधाकर्मोद्देशिकं पूतिकर्म च मिश्रजातं च।**
**स्थापना प्राभृतिका प्रादुष्करणं क्रीतं प्रामित्यं ।।३।।**
**परिवर्तितं अभ्याहृतं उद्भिन्नं मालापहृतं चाऽऽच्छेद्यम्।**
**अनिसृष्टं अध्यवपूरकं षोडश पिण्डोद्गमे दोषाः ।।४।।**

**व्याख्या—** आधाकर्म्मादयोऽध्यवपूरकान्ताः षोडश पिण्डोद्गमविषया दोषाः स्युरिति गाथाद्वयस्य

---

દૂષિત પિણ્ડ ગ્રહણ કરવાને નિષેધ કરાયો છે ? તે કહે છે 'इमे ते य' = 'इमे ते च' = હવે કહેવામાં આવનારા આહારઅશુદ્ધિરૂપ દૂષણો-દોષો આ પ્રમાણે સંભવે છે.।।૨।।

**અવતરણિકા** :- હવે, જેની પ્રસ્તાવના કરાયેલી છે તે પિણ્ડના દોષોના વર્ણનનો અવસર છે. તે દોષો બેતાલીસ છે. કહેવાયું છે કે – "સોલ ઉદ્ગમ દોષ, સોલ ઉત્પાદન દોષ, દસ એષણા દોષ. આ પ્રમાણે કુલ બેતાલીસ દોષો છે."

તેમાં સૌપ્રથમ આહારથી ઉદ્ભવતા સોલ દોષોને નામપૂર્વક બે દ્વારા ગાથથી જણાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **आहाकम्म** = આધાકર્મ, **उदेसिय** = ઔદ્દેશિક, **पूईकम्मे** = પૂતિકર્મ, **मीसजाए** = મિશ્રજાત, **ठवणा** = સ્થાપના, **पाहुडियाए** = પ્રાભૃતિકા, **पाउयर** = પ્રાદુષ્કરણ, **कीय** = ક્રીત, **पामिच्चे** = પ્રામિત્ય, **परिअट्टिए** = પરિવર્તિત, **अभिहड** = અભ્યાહૃત, **उब्भिन्ने** = ઉદ્ભિન્ન, **मालोहडे** = માલાપહૃત, **अच्छिज्जे** = આચ્છેદ્ય, **अणिसिट्ठ** = અનિસૃષ્ટ, **अज्झोयरए** = અધ્યવપૂરક, **सोलस** = સોલ, **पिण्डुग्गमे** = આહારાદિની ઉત્પત્તિમાં, **दोसा** = દોષો.

**મૂળગાથા-ગાથાર્થ** :- (૧) આધાકર્મ (૨) ઔદ્દેશિક (૩) પૂતિકર્મ (૪) મિશ્રજાત (૫) સ્થાપના (૬) પ્રાભૃતિકા (૭) પ્રાદુષ્કરણ (૮) ક્રીત (૯) પ્રામિત્ય (૧૦) પરિવર્તિત (૧૧) અભ્યાહૃત (૧૨) ઉદ્ભિન્ન (૧૩) માલાપહૃત (૧૪) આચ્છેદ્ય (૧૫) અનિસૃષ્ટ (૧૬) અધ્યવપૂરક. આહાર ઉદ્ગમના આ ૧૬ દોષો છે. ।।૩-૪।।

**વ્યાખ્યાર્થ** :- આધાકર્મથી માંડીને અધ્યવપૂરક સુધીના, પિણ્ડથી ઉદ્ભવતા ૧૬ દોષો છે. પિણ્ડથી ઉદ્ગમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सम्बन्धः। इह च विभक्तिलोपविभक्तिव्यत्ययानुस्वारलोपादिकं यत्र दृश्यते, तत्र सर्व्वत्र प्राकृतत्वात्तद्द्रष्टव्यमिति न न्यूनाधिकत्वदोषो वक्तव्यः।

### 卐 पिण्डोद्गमविषयक - षोडशदोषाः 卐

तत्र 'आहाकम्मत्ति', आधानमाधा, प्रस्तावात्साधुप्राणिनां यथाऽमुकस्मै साधवे इदं भक्तादि देयमित्यादिक्रियेति तत्त्वम्, यद्वा आधाय = सङ्कल्प्य कर्म्म = क्रियेति विगृह्य निरुक्तवशेन यकारलोपादाधाकर्म्मिकेत्युद्गमदोषस्तद्योगाद्भक्ताद्यपि १। तथा 'उद्देसिय'त्ति अनुस्वारलोपादुद्देशो यावदर्थिकादिप्रणिधानमित्युद्गमदोषस्तेन निर्वृत्तं तत्प्रयोजनं वेत्यौद्देशिकं भक्तादि। इह दोषभणनप्रक्रमे यद्दोषवतो भक्तादेरभिधानं तद्दोषदोषवतोरभेदविवक्षणा ज्ञेया, एवमन्यत्रापि २। 'पूईकम्मे यत्ति' उद्गमादिदोषरहिततया पवित्रस्य सतो भक्तादेरविशुद्धिकोटिकतयाऽपवित्रेण भक्तादिनैव सह मीलनात् पूतेरपवित्रस्य कर्म्म करणमिति पूतिकर्म्म तद्योगाद्भक्ताद्यपि, चः समुच्चये ३। 'मीसजाए यत्ति' मिश्रेण गृहिसाध्वादिप्रणिधानलक्षणभावेन जातं पाकादिभावमुपगतं मिश्रजातं, भक्ताद्येव, चः पूर्व्ववत् ४।

---

થતાં એટલે પિણ્ડવિષયક ૧૬ દોષો છે. એમ બે ગાથા દ્વારા કહેવાયું છે. અહીં ક્યાંક જે વિભક્તિ લોપ-વિભક્તિ વ્યત્યય-અનુસ્વાર લોપ વગેરે જ્યાં પણ દેખાય ત્યાં બધે પ્રાકૃત ભાષાના કારણે છે એમ જાણવું. પરન્તુ શબ્દોના ન્યૂન-અધિકપણાનો દોષ ન જાણવો.

### ● પિણ્ડઉદ્ગમ વિષયક ૧૬ દોષો ●

૧) **'आहाकम्म'** = **'आधाकर्म्म'** આધાકર્મ શબ્દની વ્યુત્પત્તિ કહે છે, **'आधानम् आधा'** = સંકલ્પ. પિંડ વિષયક વાતો સાધુ માટે હોવાથી અહીં 'સાધુ મહાત્માઓના સંકલ્પપૂર્વક' એવો અર્થ લેવો, એટલે કે, 'અમુક સાધુને આ ભોજનઆદિ આપવાના છે' વગેરે સંકલ્પ કરવારૂપ ક્રિયા તે આધાકર્મ જાણવું. અથવા **'आधाय'** માંથી જે **'य'** કારનો લોપ થયો છે તે નિરુક્તિ = વ્યાખ્યાના લીધે છે તેથી આધાકર્મિક એમ જાણવું. આ આધાકર્મ એ પ્રથમ ઉદ્ગમદોષ છે. એ સંકલ્પદોષનો યોગ આહાર સાથે થવાથી તે આહારાદિ પણ આધાકર્મ કહેવાય છે.

૨) **'उद्देसिय'** = **'औद्देशिकं'** આમાં અનુસ્વારનો લોપ થયો છે એમ જાણવું. ભોજનમાં યાવદર્થિકઆદિનું પ્રણિધાન એ ઉદ્ગમદોષ છે. એટલે ઉદ્દેશથી બનેલું અથવા ઉદ્દેશ છે પ્રયોજન જેનું તે ઔદ્દેશિક ભક્તાદિ કહેવાય છે.

અહીં દોષને કહેવાના અવસરે દોષવાળા ભક્તાદિનું અભિધાન = કથન છે. તે દોષ અને દોષવાળાની અભેદ વિવક્ષાથી છે એમ જાણવું. આ જ પ્રમાણે આગળ બધામાં પણ જાણવું.

૩) **'पूइकम्मे य'** = **'पूतिकर्म्म च'**:- ઉદ્ગમાદિ દોષથી રહિત એવા પવિત્ર પણ આહારને અવિશુદ્ધકોટિપણાથી અપવિત્ર ભક્તાદિની સાથે ભેળવવાથી પૂતિ = અપવિત્ર કરવું. તે પૂતિકર્મ છે. તે દોષથી યુક્ત આહારાદિને પણ પૂતિકર્મ કહેવાય છે. **'च'** એ સમુચ્ચય અર્થમાં જાણવો.

૪) **'मीसजाए य'** = **'मिश्रजातं च'** :- ગૃહી અને સાધુ આદિના પ્રણિધાન = સંકલ્પભાવથી રાંધેલ ભક્તાદિ. **'च'** પૂર્વવત્ જાણવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ठवणत्ति' स्थाप्यते साधुदानाय किञ्चित् कालं यावन्निधीयत इति स्थापना भक्ताद्येव ५। 'पाहुडियाए'त्ति एकारः प्रथमैकवचनार्थः, प्र इति विवक्षितकालात् प्रथमतः, आ इति साध्वागमनलक्षणमर्यादया, भृता धारिता, यका भिक्षा, सा स्वार्थिककप्रत्ययात् प्राभृतिका यद्वा प्राभृतं कौशलिकं तदिवोपचारसाधर्म्याद्यका भिक्षा सा प्राभृतिका ६। 'पाउयरय'त्ति विसर्गलोपात् प्रादुः प्राकाश्यं तस्य करणं साध्वर्थविधानं प्रादुष्कारस्तद्विशेषितं भक्ताद्यपि ७। तथा 'कीयत्ति' अनुस्वारलोपात् क्रीयतेस्म साध्वर्थायार्थदानादिना गृह्यतेस्मेति क्रीतं भक्ताद्येव ८। 'पामिच्चेत्ति' अपमित्यं प्रामित्यं वा पुनर्दास्याम्येतत्तवेत्यभिधाय साध्वर्थाय गृहीतमुच्छिन्नमिति तत्त्वं भक्ताद्येव ९। 'परियट्टिएत्ति' परिवर्त्तितं साध्वर्थाय कृतपरावर्त्तं भक्ताद्येव १०। 'अभिहडत्ति' अभि इति साध्वभिमुखं हृतं स्थानान्तरादानीतमभिहृतमभ्याहृतमित्यर्थो भक्ताद्येव ११। 'उब्भिन्नेत्ति' उद्भेदनमुद्भिन्नं साध्वर्थाय कुतुपघटादेरुद्घाटनं तद्योगाद् भक्ताद्यपि १२।

---

५) 'ठवणा' = 'स्थापना' :- સ્થાપવું. સાધુને દાન માટે કેટલાક કાળ સુધી ભક્તાદિને સ્થાપવા = રાખી મૂકવા.

૬) 'पाहुडियाए' = 'प्राभृतिका' :- અહીં બધે જે 'ए' કાર છેલ્લે મૂક્યો છે. (मीसजाए વગેરે) એ પ્રથમા વિભક્તિ એકવચનના અર્થમાં જાણવો. 'प्र' એટલે કે વિવક્ષિત કાળ કરતાં પહેલેથી, 'आ' એટલે સાધુના આગમન સ્વરૂપ મર્યાદાથી, 'भृता' = ધારી રાખેલ ભિક્ષા. સ્વાર્થમાં 'क' પ્રત્યય લાગવાથી પ્રાભૃતિક બન્યું. (પ્રાભૃતિક એ ભિક્ષા છે. ભિક્ષા શબ્દ સ્ત્રીલિંગ છે માટે પ્રાભૃતિકા થયું.) અથવા તો 'प्राभृतं' = ભેટણું. ભેટણાના ઉપચારના સમાનતાથી તે ભિક્ષા પણ પ્રાભૃતિકા કહેવાય.

૭) 'पाउयर' = 'प्रादुष्कारः' = 'प्रादुष्करणः' :- પ્રાકૃતમાં વિસર્ગનો લોપ થયો છે એમ જાણવું. 'प्रादुः' એટલે કે પ્રાકટ્ય. તેનું કરણ = प्रादुष्करः એટલે કે સાધુ માટે પ્રાકટ્ય કરવું. તેનાથી વિશેષિત એવા ભક્તાદિ પણ 'प्रादुष्करण' કહેવાય.

૮) 'कीय' = 'क्रीतः' :- અહીં પણ અનુસ્વાર લોપ થયો હોવાથી कीयं ના બદલે कीय થયું છે એમ જાણવું. પૈસા વગેરે આપવા દ્વારા સાધુ માટે જે ભક્તાદિ ખરીદાય તે ક્રીત કહેવાય છે.

૯) 'पामिच्चे' = 'अपमित्यं' = 'प्रामित्यं वा' :- 'આ તારું તને પાછું આપીશ' આ પ્રમાણે કહીને સાધુના દાન માટે જે ભક્તાદિ ઉછીનું લેવું.

૧૦) 'परियट्टिए' = 'परिवर्तितं' :- સાધુ માટે ભક્તાદિનું પરિવર્તન = અદલા બદલી કરે. તે ભક્તાદિ પરિવર્તિત કહેવાય.

૧૧) 'अभिहड' = 'अभिहृतं' = 'अभ्याहृतं' :- 'अभि' = સાધુની સન્મુખ, 'हृतं' = બીજા સ્થાનેથી લાવેલું. સાધુ માટે બીજા સ્થાનેથી ભક્તાદિ સામે લાવે.

૧૨) 'उब्भिन्ने' = 'उद्भिन्नं' :- સાધુ માટે કપડા વગેરેથી મુખ બાંધેલ બરણી-ઘડા વગેરેને ઉઘાડવા. તેના યોગથી ભક્તાદિ પણ ઉદ્ભિન્ન કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'मालोहडे अत्ति' मालात्सिक्ककादेरपहृतं साध्वर्थमानीतं मालापहृतं भक्ताद्येव, चः समुच्चये १३। 'अच्छिज्जेत्ति' अनिच्छतोऽपि पुत्रादेः सकाशात् साधुदानाय गृह्यते यत्तदाच्छेद्यं भक्ताद्येव १४। 'अणिसिट्ठत्ति' न निसृष्टं सर्व्वस्वामिभिः साधुदानाय नानुज्ञातमनिसृष्टं भक्ताद्येव १५। 'अज्झोयरएत्ति' अधीत्याधिक्येनावपूरणं स्वार्थदत्ताद्रहणादेर्भरणमध्यवपूरः स एवाध्यवपूरकस्तद्योगाद् भक्ताद्यपि १६। इतेरत्र गम्यमानत्वादित्येवं स्वरूपाः षोडशसंख्याः पिण्डोद्गमे पिण्डोत्पत्तौ दोषा भवन्तीति शेषः। एते पिण्डोद्गमदोषाः षोडशेति तत्त्वमिति द्वारगाथाद्वयार्थः।।४।।

**अवतरणिका—** इदानीमाद्यद्वारव्याख्यावसरस्तत्राद्यद्वारोपात्तदोषस्याधाकर्म्माख्यस्य सान्वयं नामत्रयं भवति, यथाऽऽधाकर्म्म अधःकर्म्म आत्मघ्नमिति। तत्र क्रमेण त्रीण्यपि व्युत्पादयन्नादौ तावदाधाकर्म्म-शब्दस्य व्युत्पत्तिमाह-

**मूलगाथा— आहाए वियप्पेणं जईण कम्ममसणाइकरणं जं।**
**छक्कायारम्भेणं तं आहाकम्ममाहंसु।।५।।**

**संस्कृत छाया— आधाय विकल्पेन यतीनां कर्म्म अशनादिकरणम् यत्।**
**षट्कायारम्भेण तत् आधाकर्म्म ब्रुवते ।।५।।**

१३) 'मालोहडे य' = 'मालापहृतं च' :- સાધુ માટે શીંકા વગેરે માળ પરથી લાવેલું ભક્તાદિ. 'च' = સમુચ્ચયાર્થમાં છે.

૧૪) 'अच्छिज्जे' = 'आच्छेद्यं' :- ન ઈચ્છતા પુત્રાદિ પાસેથી સાધુને દાન આપવા માટે ભક્તાદિ આંચકી લેવાય.

૧૫) 'अणिसिट्ठ' = 'अनिसृष्टं' :- સાધુને દાન માટે, ભક્તાદિના સર્વ સ્વામીઓ દ્વારા રજા ન અપાયેલ.

૧૬) 'अज्झोयरए' = 'अध्यवपूरकः' :- (ટીકામાં 'अधीत्याधिक्येन = अधि इति आधिक्येन' આ રીતે છૂટુ પાડવું.) 'अधि' = વધારે, 'अवपूरणं' = પોતાના માટે મૂકેલ ભક્તાદિ આંધણમાં પૂરવું. = ઉમેરવું. એટલે કે પોતાના માટે મૂકેલ આંધણમાં (સાધુદાન માટે) વધારે નાખવું. વધારે નાંખવું તે અધ્યવપૂર. અધ્યવપૂર જ અધ્યવપૂરક (કહેવાય). અધ્યવપૂરકના યોગથી તે ભક્તાદિ પણ અધ્યવપૂરક કહેવાય.

આમાં 'इति' શબ્દ અધ્યાહારથી જાણવો. અર્થાત્ આ પ્રમાણે, 'सोलसपिण्डुग्गमे दोसा' = 'षोडश पिण्डोद्गमदोषाः' = પિંડની ઉત્પત્તિમાં અર્થાત્ પિણ્ડથી ઉદ્ભવતા દોષો ૧૬ પ્રકારના છે.।।૩-૪।।

**અવતરણિકા** :- હવે પ્રથમ દ્વારની વ્યાખ્યાનો અવસર છે. તેમાં આદ્યદ્વાર વડે ગ્રહણ કરાયેલ આધાકર્મનામક દોષના સાન્વય ત્રણ નામો છે. (૧) आधाकर्म्म (૨) अधः कर्म्म (૩) आत्मघ्नं. ક્રમશઃ આ ત્રણેયની વ્યાખ્યા જણાવતા સૌ પ્રથમ 'આધાકર્મ્મ' શબ્દની વ્યુત્પત્તિને જણાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **आहाए** = **वियप्पेणं** = સંકલ્પથી (મૂળકારે જ 'आहाए' નો જ પર્યાયવાચી '**वियप्पेणं**' મૂક્યો છે.), **जईण** = સાધુઓના, **कम्मं** = ક્રિયા, **असणाइकरणं** = આહારાદિ કરવા સંબંધી, **जं** = જે, **छक्कायरंभेणं** = છકાય જીવની વિરાધના વડે, **तं** = તેને, **आहाकम्मं** = આધાકર્મ, **आहंसु** = કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 आधाकर्म्मणो व्याख्या 卐

**व्याख्या–** 'आहाएत्ति' आधायाः पर्यायमाह-विकल्पेन = साधुभ्यो दास्यामि इति कृतेन सङ्कल्पेनेत्यर्थः, दायकेन यतीनां साधूनामर्थायेति गम्यते। यत्कर्म अशनादिकरणमशनादेः पाकादिक्रिया क्रियत इत्यर्थः। कथं यत्कर्म्मेत्याह-षट्कायारम्भेण पृथव्यादिषड्जीवनिकायोपमर्द्दन, तत्पृथिव्याद्युपमर्द्दोद्भूतपचनादि, तद्योगात्तदशनादिकर्म्माधाकर्म्मोक्तवन्तस्तीर्थकरादयः। यद्वा आधयेति विकल्पेन, केषां सम्बन्धिन्येत्याह-यतीनामिति यतिदानसङ्कल्पेनेति तत्त्वम्। 'कम्मं' ति कर्म्म, किं तदित्याह-'असणाइ करणं जं'ति, अशनादीनां भोजनप्रभृतीनां करणं निष्पादनं यत् षट्कायोपमर्द्देन गृहिणा क्रियत इति शेषः। तदिति साधुदानसङ्कल्पषट्कायारम्भनिष्पन्नमशनादिकमाधाकर्म्म ब्रुवते। इह च यद्यपि षट्कायारम्भेण यत् क्रियते गृहे वस्त्रादि तदप्याधाकर्म्म स्यात् तथापीह तन्न ग्राह्यम्, पिण्डस्यैवाधिकृतत्वादिति गाथार्थः।।५।।

अधुनाऽधःकर्म्मात्मघ्नशब्दयोर्व्युत्पत्तिमाह-

---

**મૂળગાથા-ગાથાર્થ** :- આધા = હું સાધુને આપીશ એવા સંકલ્પથી છ જીવકાયની વિરાધના જેમાં થાય તે આહારાદિ તૈયાર કરવાની જે ક્રિયા તેને આધાકર્મ કહે છે. ॥૫॥

## ● આધાકર્મની વ્યાખ્યા ●

**વ્યાખ્યાર્થ** :- **'आहाए'** = **'आधया'**, **'आधया'** ના પર્યાયને કહે છે - **'वियप्पेणं'** = **'विकल्पेन'** = 'સાધુઓને આપીશ' આ પ્રમાણેના કરેલ સંકલ્પપૂર્વક દાયક દ્વારા, **'जईण'** = **'यतीनामर्थाय'** સાધુ માટે, **'कम्म-मसणाइकरणं जं'** = **'यत्कर्म अशनादिकरणं'** જે અશનાદિનું કરવું. એટલે કે જે અશનાદિ પાકાદિની ક્રિયા કરાય છે. એ ક્રિયા કેવી **'जईण'** = **'यतीनामर्थाय'** = કરાય છે ? તે કહે છે, **'छक्कायारम्भेणं'** = **'षट्कायारम्भेण'** = ષડ્જીવનિકાયના આરંભપૂર્વકની ક્રિયા કરાય છે. પૃથ્વી આદિના ઉપમર્દથી થયેલ પચનાદિ ક્રિયાનો યોગ થવાથી તે અશનાદિને તીર્થંકર-ગણધર ભગવંતોએ આધાકર્મ કહ્યો છે. અથવા તો **'आधाय'** = **'विकल्पेन'** = વિકલ્પ (સંકલ્પ) પૂર્વક. કોના સંબંધિ સંકલ્પ દ્વારા ? તે કહે છે **'जईण'** = **'यतीनाम्'** = સાધુદાન સંબંધી સંકલ્પ દ્વારા. **'कम्मं'** = **'कर्म्म'** = કર્મ = ક્રિયા. તે ક્રિયા કઈ ? તે કહે છે, **'असणाइकरणं जं'** = **'अशनादिकरणं यत्'** = જે ભોજન આદિ કરાય છે. શી રીતે કરાય છે ? તે કહે છે, **'छक्कायारम्भेणं'** = **'षट्कायोपमर्देन'** = ગૃહસ્થ દ્વારા ષટ્કાયના ઉપમર્દનપૂર્વક જે કરાય છે. **'तं'** = **'तद्'** = તેને એટલે કે સાધુને દાન આપવાના સંકલ્પપૂર્વક ષટ્કાયના આરંભથી બનેલ અશનાદિને **'आहाकम्ममाहंसु'** = **'आधाकर्म्म ब्रुवते'** = આધાકર્મ કહેવાય છે.

જો કે સાધુના સંકલ્પપૂર્વક અહીં તો ષટ્કાયના આરંભપૂર્વક ઘરમાં જે વસ્ત્રાદિ કરાય છે તે પણ આધાકર્મ બને છે. છતાં પણ તેને અહીં ગ્રહણ ન કરવા કારણ કે આમાં માત્ર પિણ્ડની જ વાત કરવામાં આવે છે. ॥૫॥

હવે **'अधःकर्म्म'** અને **'आत्मघ्नं'** આ બે શબ્દોની વ્યુત્પત્તિને કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मूलगाथा– अहवा जं तग्गाहिं कुणइ अहे संजमाउ नरए वा।**
**हणइ व चरणायं से अहकम्म तमायहम्मं वा।।६।।**

**संस्कृतछाया– अथवा यत् तद्ग्राहिणं करोति अधः संयमात् नरकेवा।**
**हन्ति वा चरणात्मानं तद् अधःकर्म तदात्मघ्नं वा।।६।।**

**卐 उद्गमप्रथमदोषाऽऽधाकर्म्मणस्त्र्यर्थाः 卐**

**व्याख्या**– अथवाशब्दः पूर्व्वनामापेक्षया नामान्तरप्रकारद्योतको, यत् किमप्यशनादिद्रव्यं साध्वाद्यर्थं कृतं सत्कर्तृभूतं तद्ग्राहिणं साध्वर्थसङ्कल्पिताशनाद्यादायकं साधुं करोति विधत्ते अधोऽधस्तात् कस्मादवधेरधःकरणं [तेन] साधोरित्याह। संयमात् पृथिव्याद्युपमर्द्दजपापादात्मनः संयमनं निरोधनं यस्मात् क्रियानुष्ठानविशेषात् स संयमश्चारित्रं तस्मात्, कोऽर्थः उत्कृष्टनिरतिचारचारित्रादुपलक्षण-त्वाच्छुभलेश्यादिभ्यश्च भ्रंशयति, जघन्ये तत्र व्यवस्थापयतीति यावत्तदधःकर्म्मेत्युत्तरेण योगः, इत्ययं संयमादिभावमङ्गीकृत्योक्तमधःकर्म्म। अथ जीवमाश्रित्य तद्वक्तुमाह-नरए वत्ति, वा विकल्पान्तरा-

---

**મૂળગાથા-શબ્દાર્થ** :- **अहवा** = અથવા, **जं** = જે, **तग्गाहिं** = તે ગ્રહણ કરનારને, **कुणई** = કરે, **अहे** = નીચે, **संजमाउ** = સયંમ થકી, **नरए** = નરકમાં, **वा** = અથવા, **हणई** = નાશ કરે છે, **व** = અથવા, **चरणायं** = સંયમરૂપી આત્માનો, **से** = તે, **अहकम्म** = અધઃકર્મ, **तं** = તેને, **आयहम्मं** = આત્મઘ્ન, **वा** = અથવા.

**મૂળગાથા-ગાથાર્થ** :- અથવા જે આધાકર્મ આહાર, તેને ગ્રહણ કરનારને સંયમથી નીચે કરે છે. અથવા નરકમાં લઈ જનાર છે અથવા સંયમરૂપી આત્માનો નાશ કરનાર છે, તેથી તેવા આહારને આધઃકર્મ કે આત્મઘ્ન કહેવાય છે. ॥૬॥

## ● ઉદ્ગમનો પ્રથમદોષ આધાકર્મ, એના ત્રણ અર્થો ●

**વ્યાખ્યાર્થ** :- 'अहवा' = 'अथवा'. આ શબ્દ પૂર્વના નામની અપેક્ષાએ નામના બીજા પ્રકારને જણાવનાર છે, 'जं' = 'यत्' = જે કોઈ પણ અશનાદિ દ્રવ્ય કે જે સાધુ-સાધ્વી માટે કરાયેલું છે. 'तग्गाहिं' = 'तद्ग्राहिणं' = સાધુ માટેના સંકલ્પપૂર્વક કરાયેલ અશનાદિને ગ્રહણકરનાર એવા સાધુ કે સાધ્વીને, 'कुणइ' = 'करोति' = કરે છે, શું કરે છે ? તે કહે છે 'अहे' = 'अधस्तात्' = નીચે કરે છે. નીચે ઉતારે છે, સાધુની કઈ અવધિ = મર્યાદાથી નીચે કરે છે ? તે કહે છે 'संजमाउ' = 'संयमात्' = સંયમથી નીચે ઉતારે છે, અર્થાત્ સાધુને ઉદ્દેશીને રસોઈ આદિ બનાવતાં થયેલ પૃથ્વી વગેરેના ઉપમર્દથી ઉત્પન્ન થતાં પાપથી આત્માનું સંયમન = નિરોધનં = અટકાવ જે ક્રિયા અનુષ્ઠાન વિશેષથી થાય છે તે સંયમ = ચારિત્ર, તેનાથી 'अधः' = નીચે કરે છે. શું કહેવા માંગો છો ? તે કહે છે- ઉત્કૃષ્ટ નિરતિચાર ચારિત્રથી, ઉપલક્ષણથી શુભલેશ્યા આદિથી નીચે પાડી દે છે. એટલે કે સાધુના આત્માને જઘન્ય અધ્યવસાયમાં સ્થાપે તે અધઃકર્મ કહેવાય છે. એમ અન્વય કરવો. આ પ્રમાણે સંયમાદિ ભાવને અંગીકાર કરીને અધઃકર્મ કહેવાયું. હવે જીવને આશ્રયીને તેને કહે છે - 'नरए वा' = 'नरके वा' = 'वा' શબ્દ એ બીજાવિકલ્પની અપેક્ષાએ સમુચ્ચયના અર્થમાં છે. 'अधः' = અધોગતિ એટલે કે નરક. સાધુ માટે કરેલ અશનાદિનું ભોજન કરનાર યતિના જીવને જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पेक्षया समुच्चये। ततो अध इत्यधोगतौ नरके साध्वर्थकृताशनादिभोजिनो यतेर्जीवं करोति नयति यत्तत्पूर्वोक्तमशनाद्यधःकर्म्मेति योगः। इहाधःकर्म्मदोषस्ततो यद्भुञ्जानस्य साधोः स स्यात्तदपि तथोच्यते। तथा हन्ति विनाशयति, यदित्यनुवर्त्तते ततो यत्साध्वाद्यर्थं कृतमशनादि। वा स्थाप्यः, कमित्याह-चरणात्मानं चारित्ररूपं जीवं, कस्य सम्बन्धिनमित्याह– 'स' त्ति तस्य साध्वर्थनिष्पन्नाशनादिग्राहिणः साधोः तत्पूर्वोक्तमशनाद्यात्मघ्नमित्युत्तरेण योगः। तथाहि– प्राणभूतघातं पाकादि कुर्व्वन् दाता करोति, ततस्तन्निष्पन्नमाहारं यदा साधुर्गृह्णाति तदा स पुनः पुनस्तत्करोतीति परमार्थतः साधुरेवानुमोदनादिना तानि हन्ति, तद्दाता तु संयमरूपमात्मानं साधोस्तदेव हन्तीत्यात्मघ्नमुच्यते। इहात्महननलक्षणो दोषस्तद्योगादशनाद्यपि तथेति। स्थापितवाशब्दश्चानुक्तार्थसंसूचको यथा ज्ञानदर्शनचारित्ररूपमात्मत्रयं साधूनामस्ति, तच्छेषद्वयं व्युछेद्य किमिति चरणात्मानं तस्य हन्तीत्युक्तमिति परारेकायां निश्चयनयमतमाश्रित्य चरणविघाते अवश्यं सिद्ध एव चरणफलत्वात् तयोरिति न तयोर्विघातः पृथगुक्तः। व्यवहारमतं प्रतीत्य चरणघाते इतरयोर्विनाशः स्याद्वा न च(वा)। यदाह- मिथ्यात्वं याति तदा न ते, तदभावे तु ते स्यातामिति चरणघातेऽपि तयोः सद्भावान्न तयो-

નરકમાં લઈ જાય તે પૂર્વોક્ત અશનાદિ અધઃકર્મ કહેવાય છે. અહીં અધઃકર્મદોષની વાત છે. છતાં જે ભોજન વાપરતાં સાધુને અધઃકર્મદોષ લાગે છે તે ભોજન પણ અધઃકર્મ કહેવાય છે.

તથા, 'हणइ व चरणायं' = 'हन्ति वा चरणात्मानं' = ચારિત્રરૂપી જીવને હણે - વિનાશ કરે. અહીં પણ 'यत्' = 'જે' શબ્દ આગળથી લેવો. જે સાધુ આદિ માટે કરાયેલ અશનાદિ છે. તે હણે છે. કોને હણે છે ? તે કહે છે- ચારિત્ર રૂપી જીવને હણે છે. 'वा' શબ્દ હાલ સ્થાપી રાખવો અર્થાત્ હાલમાં એનું પ્રયોજન નથી આગળ યોગ્ય સ્થળે લગાડીશું. કોના સંબંન્ધિ ચારિત્રરૂપ જીવને હણે છે ? તે કહે છે 'से' = 'तस्य' = તેના. એટલે કે સાધુ માટે બનેલ અશનાદિને ગ્રહણ કરનાર સાધુના ચારિત્ર રૂપ જીવને હણે છે. એવો એ પૂર્વોક્ત = સાધ્વર્થનિષ્પન્ન અશનાદિ 'आत्मघ्न' કહેવાય છે એમ અન્વય કરવો.

તે આ પ્રમાણે- પાકાદિ કરતી વખતે દાતા પ્રાણ અને ભૂતનો ઘાત કરે છે. તેથી તેનાથી બનેલ આહારને જ્યારે સાધુ ગ્રહણ કરે છે ત્યારે તે ગૃહસ્થ ફરી ફરી એને કરતો થાય છે. એટલે પરમાર્થથી તો અનુમોદના આદિ દ્વારા સાધુ જ તે પ્રાણાદિનો ઘાત કરે છે. તે આહારાદિનો દાતા સાધુના સંયમરૂપ આત્માને હણે છે. માટે આને 'आत्मघ्न' કહેવાય છે. અહીં આત્મહનન સ્વરૂપ દોષની વાત છે. પણ તે દોષનો યોગ હોવાથી અશનાદિ પણ આત્મઘ્ન કહેવાય છે.

ઉપર જે 'वा' શબ્દ સ્થાપિત હતો તે હવે ઉપયોગમાં લેવાય છે. 'वा' શબ્દ એ નહિ કહેવાયેલા અર્થનો સૂચક છે. તે આ પ્રમાણે છે. સાધુઓને જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણ આત્મા છે.

**પ્રશ્ન** :- જ્ઞાન-દર્શનને છોડીને 'સાધુના ચારિત્રને હણે છે' એમ માત્ર ચારિત્રની જ વાત કેમ કરી ?

**ઉત્તર** :- નિશ્ચયમત પ્રમાણે જ્ઞાન-દર્શનનું ફળ ચારિત્ર છે. ચારિત્રના વિઘાતમાં જ્ઞાન-દર્શનનો વિઘાત થાય જ છે. સ્વકાર્યને નહિ કરવાથી ચારિત્ર નથી, તો જ્ઞાનદર્શન પણ પરમાર્થથી નથી જ. તેથી ચારિત્રની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रुपादानमिति। 'अहकम्म तमायहम्मं वत्ति' व्याख्यातमेव नवरं वाशब्दोऽयमभिधानसमुच्चयार्थः। इति गाथार्थः।।६।।

**अवतरणिका**– अथ जीवमाश्रित्योक्तस्याधःकर्म्मणो यैः करणभूतैर्जीवस्य तत्स्यात्तेषामाधाकर्म्म-भोजिनां प्रतिनिवर्त्तनस्वरूपमाह। यद्वाधाकर्म्मण एवात्मकर्म्मेत्ति शास्त्रान्तरे नामान्तरं चतुर्थमस्ति, तद्व्याख्यातुमाह-

**अट्ठवि कम्माइं अहे बंधइ पकरेइ चिणइ उवचिणइ।**
**कम्मियभोई अ साहू जं भणियं भगवईए फुडं।।७।।**

**संस्कृतछाया– अष्टावपि कर्माणि अधः बध्नाति प्रकरोति चिनोति उपचिनोति।**
**कार्म्मिकभोजी च साधुः यद्भणितं भगवत्यां स्फुटम्।।७।।**

**卐 शास्त्रांतरकथिताधाकर्म्मणः चतुर्थोऽर्थः 卐**

**व्याख्या**– इह किल जन्तुरायुबन्धाभावेन चिरं सप्तविधबन्धक एव प्राप्यते। भवमध्ये च

---

વાત પછી તે બન્નેની વાત અલગ નથી કરી.

વ્યવહારમત પ્રમાણે ચારિત્રના વિઘાતમાં જ્ઞાન-દર્શનનો વિઘાત થાય પણ ખરો અને ન પણ થાય. કારણ કે જ્યારે જીવ મિથ્યાત્વે જાય છે ત્યારે જ્ઞાન-દર્શન નથી હોતા, પરન્તુ જ્યારે મિથ્યાત્વ હોતું નથી ત્યારે ચારિત્રના વિઘાતમાં પણ તે બન્ને હોઈ શકે છે. તેથી તે બન્નેને ગ્રહણ કર્યા નથી. જેમકે, ગૃદ્ધિ આદિના કારણે નિષ્કારણ આધાકર્મ ખાય તો ચારિત્ર ભ્રષ્ટ થયો પરંતુ મનમાં ડંખ-પશ્ચાતાપ હોવાથી દર્શન-જ્ઞાન ઊભું રહે.

'अहकम्म तमायहम्मं वा' = 'अधःकर्म्म तद् आत्मघ्नं वा' = તે અધઃકર્મ અને આત્મઘ્ન કહેવાય છે. જેની ઉપર વ્યાખ્યા કરાઈ જ છે. 'वा' શબ્દ એ અહીં નામના સમુચ્ચયાર્થમાં છે.।।૬।।

**અવતરણિકા** :- હવે જીવને આશ્રયીને કહેવાયેલ અધઃકર્મ જીવનું જે સાધનો દ્વારા થાય છે તેનાથી જીવ પાછો ફરે માટે તેનું સ્વરૂપ બતાવે છે. અથવા, આધાકર્મ એજ આત્મકર્મ છે. એમ શાસ્ત્રાંતરમાં ચોથું નામ બતાવાયેલ છે. તેની વ્યાખ્યા કરવાને કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **अट्ठवि** = આઠે પણ, **कम्माइं** = કર્મ, **अहे** = અશુભ, **बंधइ** = બાંધે છે, **पकरेइ** = લાંબી સ્થિતિવાળા કરે છે, **चिणइ** = તીવ્ર રસવાળા કરે છે, **उवचिणई** = બહુ પ્રદેશવાળા કરે છે, **कम्मियभोई अ** = આધાકર્મી વાપરનાર, **साहु** = સાધુ, **जं** = જે, **भणियं** = કહ્યું છે, **भगवईए** = ભગવતીજીમાં, **फुडं** = સ્પષ્ટ.

**મૂળગાથા-ગાથાર્થ** :- આધાકર્મભોજી સાધુ આઠે પ્રકારના કર્મો અશુભ બાંધે છે, લાંબી સ્થિતિવાળા કરે છે, તીવ્ર રસવાળા કરે છે, બહુ પ્રદેશવાળા કરે છે. જે ભગવતીમાં પ્રગટ કહેવામાં આવ્યું છે.।।૭।।

## • શાસ્ત્રાંતરમાં કહેલ આધાકર્મનો ચોથો અર્થ •

**વ્યાખ્યાર્થ** :- જન્તુ = જીવ, આયુષ્યકર્મના બંધ સિવાય લાંબા કાળ સુધી સાત પ્રકારના કર્મ બાંધતો જ પ્રાપ્ત થાય છે. જીવ જ્યારે આખા ભવમાં પોતાના આયુષ્યના એક તૃતીયાંશ વગેરે ભાગ બાકી રહે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वायुषः त्रिभागाद्यवशेषे यदायुर्बध्नाति वारमेकं तदाऽष्टविधबन्धकः प्राप्यते। ततश्च कार्मिकभोजीत्युपलक्षणत्वादाधाकर्म्मिकभोजी, लौल्यनिःशुकत्वाभ्यां साध्वर्थकृताहाराभ्यवहरणशीलः 'तच्छीलार्थइन्प्रत्ययः' चकारेणानाभोगतस्तु तमभ्यवहरन्नपि न तथा बद्धवान् इत्याचष्टे। साधुर्यतिरष्टावप्यष्टसङ्ख्यान्यपि न केवलं सप्तेत्यपेरर्थः। कर्म्माणि ज्ञानावरणादीनि। 'अहे'त्ति अधोगतिविषयाणि नरकादिगतिगमनयोग्यानि बध्नाति प्रकृत्यादिरूपतया निधत्तं यातीतिकृत्वाधःकर्म्मोक्तं, आत्मनः कर्म्मबन्धनादात्मकर्म्मेति वा। अत्र च यत् किल भाविभवायुर्भवमध्ये वारमेकं बध्यते तदाप्यधोनरकादिगतिविषयमसौ बध्नाति। तद्बन्धे तु शेषाण्यपि सप्ताधोगतिविषयाण्येव तान्यसौ बध्नातीत्यष्टावपीति सामस्त्येनोक्तम्। एतेन अष्टानामपि कर्म्मणां बध्यमानानामसावुक्तः। अथ तेषामेव पूर्व्वबद्धानामवस्थामाह– 'पकरेइ चिणइ उवचिणइ'त्ति आधाकर्मिकभोजी यतिः कर्म्माणि पूर्व्वबद्धानि प्रकरोति स्थितिरूपतया निर्व्वर्त्तयति दीर्घस्थितीन् कर्त्तुमारभते इति यावत्, तथा चिनोति अनुभागरूपतया तान्यभिवर्द्धयति, उपचिनोति, प्रदेशतया तान्युपचितानि करोतीत्यर्थः।

---

ત્યારે (પ્રજ્ઞાપના આદિ સૂત્રોમાં જણાવ્યા પ્રમાણે) જે એકવાર આયુષ્ય બાંધે છે તે વખતે આઠે પ્રકારના કર્મોને બાંધતો પ્રાપ્ત થાય છે.

**'कम्मियभोई'** = **'कार्मिकभोजी'** = **'आधाकर्म्मिकभोजी'** લેવું એટલે કે, લોલુપતા અને ધિટ્ઠાઈથી સાધુ માટે કરાયેલ આહાર કરવાના સ્વભાવવાળો, આમાં **'तच्छीलार्थ इन्प्रत्ययः'** તત્શીલના અર્થમાં **इन्** પ્રત્યય લાગ્યો છે. જેના લીધે 'ભોજી' એવો શબ્દ બન્યો. **'अ'** = **'च'** આ ચકાર દ્વારા અનાભોગથી તેને ખાવા છતાં પણ તેવા પ્રકારનાં કર્મ જીવ બાંધતો નથી એમ સૂચિત કરાયું છે. **'साहू'** = **'साधुः'** = સાધુ એટલે યતિ, **'अट्ठवि'** = **'अष्टावपि'**= આઠે પ્રકારના, માત્ર સાત પ્રકારના નહિ પણ આઠે પ્રકારના એમ **'अपि'** શબ્દનો અર્થ જાણવો, **'कम्माइं'** = **'कर्म्माणि'** = જ્ઞાનાવરણીય વગેરે કર્મો, **'अहे'** = **'अधः'** = નરકાદિ અધોગતિગમનને યોગ્ય, **'बंधई'** = **'बध्नाति'** = બાંધે છે. કારણ કે એ પ્રકૃતિ આદિ રૂપે **'निधत्त'** થાય છે.

આ પ્રમાણે **'अधःकर्म्म'**ની વ્યાખ્યા કહેવાઈ અથવા, એ કર્મબન્ધ આત્માને થતો હોવાથી **'आत्मकर्म्म'** કહેવાય છે.

અહીં, આવતા ભવનું આયુષ્ય આ ભવમાં એકજ વાર બંધાય છે. ત્યારે પણ આ સાધુ નરકાદિ અધોગતિ સંબંધીજ આયુષ્યકર્મને બાંધે છે. તેના બન્ધમાં શેષ સાત કર્મો પણ અધોગતિ વિષયક બાંધે છે. માટે સામુહિક રીતે 'આઠેય પ્રકારના કર્મ સાધુ બાંધે છે' એમ કહેવાયું છે. આ રીતે બંધાતા આઠે કર્મનો બંધક આધાકર્મીભોજી સાધુ કહેવાયો.

હવે, પૂર્વે બાંધેલા કર્મોની જ અવસ્થાને કહે છે - **'पकरेइ चिणइ उवचिणइ'** = **'प्रकरोति चिनोति उपचिनोति'**. **'प्रकरोति'** = આધાકર્મિકભોજી સાધુ પૂર્વે બાંધેલા કર્મોને સ્થિતિરૂપે કરે છે. એટલે કે દીર્ઘ સ્થિતિ કરવાનો આરંભ કરે છે, **'चिनोति'** = તે જ કર્મોના અનુભાગ-રસને વધારે છે, **'उपचिनोति'** = પ્રદેશથી તે કર્મોનો જ ઉપચય = પુષ્ટિ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 आधाकर्म्मविषयको भगवतीसूत्रपाठः 卐

अथेदं भुञ्जानोऽधःकर्म्माणि बध्नातीति किमन्यत्रापि कुत्रचिदुक्तमित्याह- यद्भणितं = यदुक्तम्, **भगवत्यां पञ्चमाङ्गे**, स्फुटं = प्रगटं, तथा च तत्सूत्रं "आहाकम्मं भुंजमाणे समणे निग्गंथे किं बंधइ किं पकरेइ किं चिणाइ किं उवचिणाइ ? गोयमा ! आहाकम्मं भुजंमाणे आउयवज्जाओ सत्तकम्मपयडीओ सिढिलबंधणबद्धाओ धणियबंधणबद्धाओ पकरेइ, हस्सकालठिईयाओ दीहकालठिईयाओ पकरेइ, मंदाणुभावाओ तिव्वाणुभावाओ पकरेइ, अप्पपएसग्गाओ बहुपएसग्गाओ पकरेइ, आउयं च णं कम्मं सिय बंधइ सिय नो बंधइ, असायावेयणिज्जं च कम्मं भुज्जो भुज्जो उवचिणेइ, अणाइयं च णं अणवयग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं अणुपरियट्टइ। से केणट्ठेणं भंते एवं वुच्चइ आहाकम्मं भुंजमाणे जाव अणुपरिअट्टइ ? गोयमा ! आहाकम्मं भुंजमाणे आयाए धम्मं अइक्कमइ आयाए धम्मं अइक्कममाणे पुढविकायं नावकंखइ ५ जाव तसकायं नावकंखइ। जेसिंपि य णं जीवाणं सरीराइं आहारमाहारेइ ते वि जीवे नावकंखइ, से एणट्ठेणं गोयमा एवं वुच्चइ, आहाकम्मं भुंजमाणे जाव अणुपरिअट्टइ" त्ति। इदं च सुगमं नवरं 'आउयवज्जाउ त्ति' यस्मादेकत्र भवग्रहणे सकृदेवान्तर्मुहूर्त्तमात्रकाल एवायुषो बन्धस्तत उक्तमायुर्वर्ज्जा इति। 'सिढिलबंधण-बद्धाउ' त्ति। श्लथबन्धनं स्पृष्टता तेन बद्धा आत्मप्रदेशेषु सम्बन्धिताः पूर्व्वावस्थायामशुभतरपरि-

## ● આધાકર્મવિષયક ભગવતીસૂત્રનો પાઠ ●

**પ્રશ્ન** :- 'આ આધાકર્મ વાપરનાર અધઃકર્મ બાંધે છે' આ વાત શું બીજે ક્યાંય પણ કહેવાયેલી છે ?

**ઉત્તર** :- હા. 'जं भणियं' = 'यद्भणितं' = જે કહેવાયું છે, 'भगवईए फुडं' = 'भगवत्यां = पञ्चमाङ्गे स्फुटं' = પંચમ અંગ શ્રીભગવતીજીમાં પ્રગટ રૂપે કહેવાયું છે. તે આ પ્રમાણે છે -

**ગણધર ગૌતમસ્વામીનો પ્રભુવીરને પ્રશ્ન** :- આધાકર્મને વાપરતો શ્રમણ-નિર્ગ્રન્થ સાધુ શું બાંધે ? શું પ્રકૃષ્ટથી કરે ? શું ચય કરે ? શું ઉપચય કરે ?

**વીર પ્રભુનો ઉત્તર** :- હે ગૌતમ ! આધાકર્મ વાપરતો સાધુ, આયુષ્ય રહિત સાતકર્મની પ્રકૃતિ જે ઢીલી બાંધી હોય તેને ગાઢબંધને બાંધે, અલ્પકાળ સ્થિતિને દીર્ઘકાળ સ્થિતિ કરે, મંદ રસને તીવ્ર રસ કરે, અલ્પ પ્રદેશીને બહુપ્રદેશી કરે. આયુષ્યનો બંધ તો કદાચ કરે કે ન પણ કરે. અશાતાવેદનીય કર્મનો ઉપચય વારંવાર કરે છે, દીર્ઘકાળ સુધી અનાદિઅનંત એવા ચાર ગતિવાળા સંસાર રૂપી જંગલમાં ભમે છે.

**ગણધર ગૌતમસ્વામીનો પ્રતિપ્રશ્ન** :- હે પ્રભુ ! શા માટે આપ આવું કહો છો ? આધાકર્મી આહાર કરતો 'जाव' ભમે છે. (जाव = यावत् = જ્યાં સુધી)

जाव = यावत् = ભગવાને જે ઉત્તર આપ્યો (आहाकम्मं भुंजमाणे आउयवज्जाओ... चाउरंतसंसारकंतारं अणुपरियट्टइ।) તે સંપૂર્ણ બીજીવાર ન લેવા મૂળકાર જ आहाकम्मं भुंजमाणे પછી 'जाव' દ્વારા 'अणुपरियट्टइ' સુધીનું બધું લેવાનું જણાવે છે. આ આગમિક પદ્ધતિ છે.

**પ્રભુ વીરનો ઉત્તર** :- હે ગૌતમ ! આધાકર્મને વાપરતો સાધુ જાતે ધર્મનું ઉલ્લંઘન કરે છે. જાતે ધર્મનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णामस्य कथञ्चिदभावात् शिथिलबन्धनबद्धा एताश्चाशुभा एव द्रष्टव्याः। आधाकर्म्मिभोजिनिर्ग्रन्थस्य निन्दाप्रस्तावात् ताः किमित्याह 'धणियबंधणबद्धाओ पकरेइ त्ति' गाढतरबन्धनबद्धाः प्रकरोति प्रशब्दस्यादिकर्म्मार्थत्वात् सकृदाधाकर्म्मभोजनेऽपि कर्त्तुमारभ्यते आधाकर्म्मभोजित्वस्याशुभयोगरूपत्वेन गाढतरप्रकृतिबन्धहेतुत्वात्। आह च-'जोगा पयडिपएसं' ति पौनःपुन्यसम्भवे तु तस्य ताः करोत्येवेति, तथा ह्रस्वकालस्थितिकाः दीर्घकालस्थितिकाः प्रकरोति। तत्र स्थितिः उपात्तकर्म्मणोऽवस्थानं, तामल्पकालां महतीं करोतीत्यर्थः। आधाकर्म्मभोजित्वस्य लौल्यनिमित्तत्वात् तस्य च कषायरूपतया स्थितिबन्धहेतुत्वात्। आह च- 'ठिइअणुभागं कसायउ कुणइ' त्ति तथा मन्देत्यादि, इहानुभावो विपाको रस इत्यनर्थान्तरं ततश्च मन्दानुभावाः परिपेलवरसाः स तीव्रानुभावा गाढतररसाः प्रकरोति आधाकर्म्मभोजित्वस्य कषायहेतुत्वात्। अनुभागबन्धस्य च कषायप्रत्ययत्वादिति। तथा अप्पपएसेत्यादीति अल्पं स्तोकं प्रदेशाग्रं कर्म्मदलिकपरिमाणं यासां तास्तथा ता बहुप्रदेशाः प्रकरोति। प्रदेशबन्धस्यापि

---

ઉલ્લંઘન કરતા પૃથ્વીકાયની અપેક્ષા રાખતો નથી. યાવત્ ત્રસકાયની અપેક્ષા રાખતો નથી. કારણ કે જીવોના શરીરોને ખાનાર જીવો તે જીવોની અપેક્ષા રાખતા નથી. તે જ રીતે આ સાધુ પણ ષટ્કાયની અપેક્ષા રાખતો નથી એમ કહેવાય. કેમકે આધાકર્મ બનાવવામાં એણે ષટ્કાયની વિરાધના ગણકારી નથી.

માટેજ **હે ગૌતમ !** એમ કહેવાય છે કે 'આધાકર્મ ખાનાર સાધુ સાત પ્રકારના કર્મોની જે ઢીલા બાંધ્યા હોય તે દૃઢપણે બાંધે છે વગેરેથી માંડીને છેક ચાતુરંત સંસાર રૂપી જંગલમાં ભમે છે.'

આ બધાનો અર્થ સુગમ છે. છતાં પણ હવે જરૂર પ્રમાણે તેનું વિસ્તૃત વિવેચન કહે છે.

ભગવતીજી સૂત્રમાં 'आउयवज्जाउ' એમ જે કહ્યું એનું કારણ આ છે કે, એક ભવગ્રહણમાં એકજ વાર અન્તર્મુહૂર્ત કાળ પ્રમાણમાં જ આયુષ્ય બન્ધ થાય છે. તેથી કહેવાયું કે '**आयुर्वर्ज्जा**' = આયુષ્યને છોડીને શેષ ૭ કર્મોને '**प्रकरोति**' વગેરે. '**सिढिलबंधणबद्धाउ**' = '**श्लथबन्धनबद्धाः**' આત્મપ્રદેશોમાં માત્ર સ્પર્શ રૂપે બંધાયેલા કર્મો, પૂર્વઅવસ્થામાં ક્યારેક અશુભતર પરિણામનો અભાવ હોવાથી કાચા-પોચા બન્ધનથી બંધાયેલા આ કર્મો અશુભ જ જાણવા. (પૂર્વે બાંધેલા કર્મો પણ શું ' **श्लथबंधनबद्धाः**' હોઈ શકે ? એ પ્રશ્નના જવાબમાં આ સમાધાન જાણવું.) આધાકર્મભોજી નિર્ગ્રન્થ સાધુની નિન્દાનો પ્રસ્તાવ ચાલતો હોવાથી, તે કર્મોને શું કરે ? તે કહે છે- '**धणियबंधणबद्धाओ पकरेइ**' = '**गाढतरबन्धनबद्धा प्रकरोति**' અત્યંતગાઢ બંધનથી બંધાયેલા કરે છે..

અહીં '**प्रकरोति**' માં '**प्र**' શબ્દ 'શરૂઆત' એવા અર્થમાં છે. માટે જે માત્ર એકવાર = પહેલીજ વાર આધાકર્મ વાપરવા પ્રવૃત્ત થયેલો છે એ પણ 'અત્યંત ગાઢ બંધન કરવાનો પ્રારંભ કરી દે છે.' એ અર્થ જાણવો. કારણ કે આધાકર્મનું વાપરવું એ અશુભ યોગરૂપ હોવાથી અત્યંત ગાઢ પ્રકૃતિબન્ધનો હેતુ છે. કહેવાયું છે કે 'जोगा **पयडिपएसं**' = '**योगाः प्रकृतिप्रदेशं**' અર્થાત્ યોગો = કાયા વગેરેના વ્યાપારો એ પ્રકૃતિ અને પ્રદેશબંધના કારણો છે. એકવાર પણ આધાકર્મ વાપરવા પ્રવૃત્ત થયેલ સાધુ અત્યંત ગાઢ બંધન કરવાનો પ્રારંભ કરી દે છે' તો વારંવાર એ ખાનાર તો કર્મોને 'અત્યંત ગાઢ બંધનથી બાંધે જ છે.' જે સહેજે સમજાય એવી વાત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

योगप्रत्ययत्वादाधाकर्म्मभोजित्वस्य च योगरूपत्वादिति। तथा आउयं चेत्यादि आयुः पुनः कर्म्म, स्यात् कदाचिद्बध्नाति स्यान्नबध्नाति। यस्मात्त्रिभागाद्यवशेषायुषः परभवायुः प्रकुर्व्वन्ति तेन यदा त्रिभागादिस्तदा बध्नाति अन्यदा न बध्नातीति। असायेत्यादि तथा असातावेदनीयं च दुःखवेदनीयं कर्म्म भूयो भूयो पुनः पुनः उपचिनोति उपचितं करोति। ननु कर्म्मसप्तकान्तर्वर्त्तित्वादसातावेदनीयस्य पूर्व्वोक्तविशेषणेभ्य एव तदुपचयप्रतिपत्तेः किं तद्ग्रहणेनेत्यत्रोच्यते, आधाकर्म्मभोजी अत्यन्तं दुःखितो भवतीति प्रतिपादनेन भयजननादाधाकर्म्मभोजित्वनिरासार्थमिदमित्यदुष्टमिति।

'अणाइयं' ति अविद्यमानादिकं अनवदग्रं अनन्तमित्यर्थः। अत एव दीर्घाद्धं प्रभूतकालं

---

તથા, 'हस्सकालठिईयाओ दीहकालठिईयाओ पकरेइ' = 'ह्रस्वकालस्थितिकाः दीर्घकालस्थितिकाः प्रकरोति' = 'સ્થિતિ' એટલે કે, ગ્રહણ કરેલ કર્મોનું આત્મા સાથે અવસ્થાન (રહેવાપણું). તે અલ્પકાળવાળી સ્થિતિને દીર્ઘકાળવાળી કરે છે. કારણ કે આધાકર્મભોજીતા લોલતાથી થાય છે. અને આવી લોલતા એ કષાયરૂપ હોવાથી સ્થિતિબન્ધનો હેતુ છે. કહેવાયું છે કે - 'ठिइ-अणुभागं कसायउ कुणई' = 'स्थितिरनुभागं कषायतः करोति' = જીવ કષાયના લીધે કર્મની સ્થિતિ અને અનુભાગનો બંધ કરે છે.

તથા, અહીં 'अनुभाव = विपाकः = रसः' આ બધા એકાર્થક છે. 'मन्दाणुभावाओ तिव्वाणुभावाओ पकरेइ' = 'मंदानुभावाः तीव्रानुभावाः प्रकरोति' = 'मन्दानुभाव' એટલે કે તુચ્છરસ. અર્થાત્ મંદાનુભાવવાળા કર્મોને તીવ્રાનુભાવવાળા = અત્યંતગાઢ રસવાળા કરે છે. કારણ કે આધાકર્મભોજીતા કષાયને લીધે થાય છે અર્થાત્ આધાકર્મીનું ભોજન કષાયથી થાય છે અને અનુભાવબન્ધ એ કષાયના નિમિત્તે થાય છે.

તથા, 'अप्पपएसग्गाओ बहुपएसग्गाओ पकरेइ' = 'अल्पप्रदेशाग्राः बहुप्रदेशाग्राः प्रकरोति' = અલ્પ પ્રદેશસમૂહવાળા કર્મદલિક બહુપ્રદેશવાળા કરે છે. કારણ કે પ્રદેશબન્ધ પણ યોગના કારણે થાય છે અને આધાકર્મનું ભોજન એ યોગરૂપ છે.

તથા, 'आउयं च णं कम्मं सिय बंधइ सिय नो बंधइ' = 'आयुः पुनः कर्म्म, स्यात् कदाचिद् बध्नाति स्यान्नबध्नाति' = આયુષ્ય કર્મ કદાચ બાંધે પણ ખરો અને ન પણ બાંધે. કારણ કે આયુષ્યકર્મ તો આયુષ્યનો એક તૃતીયાંશ વગેરે ભાગ બાકી હોય ત્યારે બંધાય છે, હવે એ આધાકર્મભોજી સાધુનું આયુષ્ય એકતૃતીયાંશાદિભાગ હોય તો બાંધે, નહીંતર ન પણ બાંધે. 'असायावेयणिज्जं च कम्मं भुज्जो भुज्जो उवचिणेइ' = 'अशातावेदनीयं च दुःखवेदनीयं कर्म्म भूयो भूयो (= पुनः पुनः) उपचिनोति' = અશાતાવેદનીય કર્મ તો વારંવાર બાંધે છે.

**પ્રશ્ન** :- વેદનીય કર્મનો સમાવેશ તો સાત કર્મોમાં થઈ જ જાય છે. એટલે પૂર્વોક્ત સાત કર્મોમાં એની વાત આવી જ જાય છે. તો પછી આ વેદનીયને અલગ ગ્રહણ કરવાનું કારણ શું ?

**જવાબ** :- આધાકર્મભોજી સાધુ અત્યંત દુઃખી થાય છે એ બતાવવા દ્વારા ભય ઉત્પન્ન કરાવીને આધાકર્મભોજીપણાનો નિરાસ = ત્યાગ કરવા માટે આ રીતે અલગ કહેવાયું છે. જેમાં કોઈ દોષ નથી.

'अणाइयं च णं अणवयग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं अणुपरियट्टइ' = 'अनादिकं अनंतं दीर्घाद्धं चातुरन्तं ('चतुरन्त' નું સ્વાર્થમાં अण પ્રત્યય આવવાથી ચાતુરન્ત બન્યું છે.) संसारकंतारं पुनर्भ्रमति' =

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'चाउरंतंति' चतुरन्तं देवादिगतिभेदाच्चतुर्विभागं तदेव स्वार्थेऽण्प्रत्ययोपादानाच्चातुरन्तं संसारकान्तारं भवारण्यं 'अणुपरिअट्टइत्ति' पुनर्भ्रमति। 'आयाए'त्ति आत्मना धर्म्मं चारित्रधर्म्मं श्रुतधर्म्मं वा। पुढविकायं नावकंखइ त्ति पृथ्वीकायं नापेक्षते नानुकम्पत इत्यर्थः। इति गाथार्थः।।७।।

**अवतरणिका**– एवं तावदाद्यद्वारोक्तदोषस्य नामान्यभिधाय अधुना तत्स्वरूपं सप्रपञ्चं व्यावर्णयितुकामः तत्प्रतिबद्धद्वाराणि निरूपयन्नाह -

**मूलगाथा– तं पुण जं १जस्स २ जहा ३ जारिस ४ मसणे य तस्स जे दोसा ५।**
**दाणे य ६ जहापुच्छा ७ छलणा ८ सुद्धी य ९ तह वोच्छं।।८।।**

**संस्कृतछाया–** तत्पुनः यत्[1] यस्य[2] यथा[3] यादृशं[4] अशने च तस्य ये दोषाः।
दाने[6] च यथापृच्छा[7] छलना[8] शुद्धि[9]श्च[10] तथा वक्ष्ये ।।८।।

**卐 आधाकर्म्मसंबंधि– दशद्वाराणि 卐**

**व्याख्या**– तत्पुनर्यदिति, तदाधाकर्म्मशब्दवाच्यं यत्स्वरूपं वस्त्राशनादिकं स्यात्तथा वक्ष्ये इत्युत्तरेण

---

અનાદિ અનન્ત એવા દીર્ઘકાળ સુધી દેવાદિ ચાર ગતિ રૂપ સંસારરૂપી જંગલમાં વારંવાર ભમે છે. 'आहाकम्मं भुजंमाणे पुढविकायं नावकंखइ ५ जाव तसकायं नावकंखइ' = 'आधाकर्म्म भुजंमाणे.... जाव पृथिवीकायं नापेक्षते ५ यावत् त्रसकायं नापेक्षते' = આધાકર્મને વાપરતો સાધુ, 'आयाए' = आत्मना धर्म्मं चारित्रधर्म्मं श्रुतधर्म्मं वा = જાતે ચારિત્ર કે શ્રુતરૂપ ધર્મનું ઉલ્લંઘન કરે છે. ઉલ્લંઘનને કરતો પૃથ્વીકાયાદિ સ્થાવરોની અનુકંપા કરતો નથી યાવત્ ત્રસકાયની પણ અનુકંપા કરતો નથી.।।૭।।

**અવતરણિકા** :- આ પ્રમાણે આદ્યદ્વારમાં કહેવાયેલ દોષના નામો કહ્યાં. હવે તે દોષના સ્વરૂપને વિસ્તારથી કહેવાની ઈચ્છાવાળા તેને પ્રતિબદ્ધ દ્વારોનું નિરુપણ કરતા કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **तं** = તે, **पुण** = વળી, **जं** = જે, **जस्स** = જેને માટે, **जहा** = જેવી રીતે, **जारिसं** = જેવું, **असणे** = વાપરવામાં, **य** = અને, **तस्स** = તેના, **जे** = જે, **दोसा** = દોષો, **दाणे** = વહોરાવવામાં, **य** = અને, **जहा** = જે પ્રકારે, **पुच्छा** = પ્રશ્ન, **छलणा** = ઠગાવું, **सुद्धि** = નિર્દોષતા, **य** = 'ચ' શબ્દથી દશમું દ્વાર, **तह** = તે પ્રકારે, **वोच्छं** = કહીશ.

**મૂળગાથા-ગાથાર્થ** :- કઈ વસ્તુ[3] આધાકર્મ [1]બને ?, કોને માટે બનાવેલું આધાકર્મ [2]બને ?, ક્યા ક્યા પ્રકારે સેવેલ આધાકર્મથી કર્મબંધ થાય ? આધાકર્મ કોના જેવું [4]છે ?, આધાકર્મ ભક્ષણમાં ક્યા ક્યા દોષો [5]છે ?, આધાકર્મના દાનમાં ક્યા ક્યા દોષો [6]છે ?, આધાકર્મ જાણવા માટે કેવી રીતે પૃચ્છા [7]કરવી ?, ઉપયોગ રાખવા છતાં સાધુને કેવી રીતે આધાકર્મનું ગ્રહણ [8]થાય ?, ગૃહસ્થના છલથી આધાકર્મ ગ્રહણ કરવા છતાં નિર્દોષતા કેવી [9]રીતે ?, તથા 'ચ' શબ્દથી, આધાકર્મના ગ્રહણમાં નિર્દોષ અને સદોષનું સ્વરૂપ [10]શું ? આ આધાકર્મનું સ્વરૂપ હું કહીશ. ।।૮।।

## • આધાકર્મસંબંધિ ૧૦ દ્વાર •

**વ્યાખ્યાર્થ** :- ૧) 'तं पुण जं' = 'तत्पुनर्यद्'. તે આધાકર્મ શબ્દથી વાચ્ય જે સ્વરૂપવાળા વસ્ત્ર-અશનાદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

योगः। एवं शेषद्वारेष्वपि पर्यन्ते तथा वक्ष्ये इति योजनीयम्। पुनः शब्दश्च तस्यैवाधाकर्म्मण उत्पत्तिलक्षणस्य सम्भवस्य सूचनार्थ इत्येकं द्वारम्। तथा यस्य नृविशेषस्यार्थाय कृतमाधाकर्म्म भवतीति द्वितीयम्। तथा 'जहत्ति' यथा यैः प्रकारैः प्रतिषेवनादिभिराधाकर्म्मपरिभोगजन्यः कर्म्मबन्धः स्यात्तान् वक्ष्य इति तृतीयं द्वारम्। 'जारिसंति' यादृशं यैर्वस्तुभिः सदृशं लक्षणं ग्रहणं वाश्रित्य तत्स्यात् साधूनामिति चतुर्थम्। तथा 'असणे य तस्स जे दोसत्ति' अशने भक्षणे तस्याधाकर्म्मिकस्याशनादेर्ये केचनाज्ञाभङ्गादयश्चकारात्तद्ग्रहणमाश्रित्य संयमप्रतिघातकत्वाद्येऽतिक्रमादयश्च दोषा दूषणानि भवन्तीति गृह्यते, इति पञ्चमं द्वारम्। 'दाणे य' त्ति चकारस्तस्य दोषा इत्यस्यानुकर्षणार्थस्तत आधाकर्म्मणो दाने गृहिणा वितरणे क्रियमाणे तस्य गृहिणो ये दोषा यतिसत्कचरणघातादयो भवन्तीति षष्ठं द्वारम्। 'जहापुच्छत्ति', यथा येन प्रकारेण अशनादिविषया देशद्रव्यकुलभावानुचिताशनादिलाभे आधाकर्म्मादिशङ्कायां पृच्छा प्रश्नः साधुना गृहस्थं प्रति क्रियते इति सप्तमं द्वारम्। 'छलण'त्ति इत्थं प्रश्निताहारग्रहणादिना यतमानेऽपि साधौ यथेत्यनुवर्त्तनाद्यथा छलना

---

થાય છે. 'तह वोच्छं' = 'तथा वक्ष्ये' = તે પ્રમાણે હું કહીશ. એમ અન્વય કરવો. આજ રીતે શેષ બધા દ્વારોમાં પણ છેલ્લે 'तथा वक्ष्ये' એમ અન્વય કરવો. 'पुनः' શબ્દ એ તે જ આધાકર્મના ઉત્પત્તિ એ છે લક્ષણ જેનું એવા સંભવને સૂચવનાર છે. આ પહેલું દ્વાર થયું.

૨) 'जस्स' = 'यस्य' = જે માણસ વિશેષ માટે કરાયેલું આધાકર્મ થાય છે. આ બીજું દ્વાર.

૩) 'जहा' = 'यथा' = યથા = પ્રતિષેવનાદિ જે પ્રકારો દ્વારા આધાકર્મના પરિભોગ જન્ય કર્મબન્ધ થાય તેને હું કહીશ. આ ત્રીજું દ્વાર.

૪) 'जारिसं' = 'यादृशं' = જે વસ્તુઓ સાથે તેની (આધાકર્મની) સદશતા છે અથવા ગ્રહણને આશ્રયીને સાધુઓ માટે તે જેના જેવું બને છે. આ ચોથું દ્વાર.

૫) 'असणे य तस्स जे दोसा' = 'अशने च तस्य ये दोषाः' = તે આધાકર્મિક અશનાદિના ભક્ષણમાં જે કોઈ આજ્ઞાભંગ આદિ દોષો. 'च' શબ્દથી તેનું ગ્રહણ, એ સંયમપ્રતિઘાતક હોવાથી એમાં જે અતિક્રમ વગેરે દોષો સંભવે છે તે લેવાય છે. આ પાંચમું દ્વાર થયું.

૬) 'दाणे य' = 'दाने च' = અહીં 'चकार' એ 'तस्य दोषाः' આ અર્થ અધ્યાહારથી લેવા વિષયક છે એમ જાણવું. એટલે કે ગૃહસ્થ દ્વારા આધાકર્મના દાનમાં તે ગૃહસ્થને યતિ સંબંધી ચરણઘાત વગેરે જે દોષો લાગે છે. એ છઠ્ઠું દ્વાર.

૭) 'जहा पृच्छा' = 'यथा पृच्छा' = દેશ-દ્રવ્ય-કુલ-ભાવને અનુચિત અશનાદિના લાભમાં આધાકર્મ વગેરેની શંકાથી અશનાદિ વિષયક જે પૃચ્છા = પ્રશ્ન જે પ્રકાર સાધુ દ્વારા ગૃહસ્થને કરાય છે. આ સાતમું દ્વાર.

૮) 'छलना' = 'यथा' શબ્દ અહીં પણ લગાડવો. અર્થાત્ 'यथाछलना' શબ્દ જાણવો. પ્રશ્ન પૂછવા પૂર્વક આહાર ગ્રહણ પ્રતિ યતનાવાળો સાધુ હોવા છતાં જે રીતે વહોરાવવાવાળા ગૃહસ્થને અનુસરવાથી-તેના પર વિશ્વાસ રાખવાથી ઠગાઈના કારણે અશુદ્ધનું ગ્રહણ થાય છે. આ આઠમું દ્વાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अशुद्धस्य ग्रहणं स्यादिति अष्टमं द्वारम्। 'सुद्धी य'त्ति श्रुतोपयुक्तेनाऽशठभाववता यतिना छलना-सद्भावादाधाकर्म्मणो ग्रहणे कृतेऽपि यथा तस्य शुद्धिः कर्म्मबन्धाभावेन निर्दोषतेति नवमं द्वारम्। चकारादाधाकर्म्मग्रहणं प्रति निर्दोषसदोषस्वरूपपरप्रश्नाचार्योत्तररूपं दशमं द्वारं गृह्यते। तथा तेन स्वरूपनिरूपणप्रकारेण वक्ष्ये अभिधास्य इति द्वारगाथासमासार्थः।।८।।

अधुना यद्वस्त्वाधाकर्म्म भवतीत्याद्यद्वारं व्याख्यातुमाह।

**मूलगाथा– असणाइ चउब्भेयं आहाकम्ममिह बिन्ति आहारं।**
**पढमं चिय जइ जोग्गं कीरंतं निट्ठियं च तहिं।।९।।**

**संस्कृतछाया–** अशनादिचतुर्भेदं आधाकर्म्माऽत्र ब्रुवते आहारं।
प्रथमं चैव यतियोग्यं क्रियमाणं निष्ठितं च तत्र ।।९।।

**卐 आदित एव साधुनिमित्तं क्रियमाणं कृतं च अशनादि चत्वार्यप्याधाकर्म्मैव 卐**

**व्याख्या–** अशनमादिः प्रभृतिर्येषां पानादिभेदानां अशनादयस्तत्राशनं सूपशाल्यादितंदुलविशेष-प्रभृतिकं पानमवटवाप्यादिस्थं जलम्, खादिमं चिंचिणिकापुष्पनालिकेरादिकम्, स्वादिमं सुण्ठिहरीत-

---

९) 'सुद्धी य' = 'शुद्धिश्च' = શ્રુતનાઉપયોગવાળા, અશઠભાવવાળા યતિવડે જો છલના = ગૃહસ્થની માયાના કારણે આધાકર્મનું ગ્રહણ કરાયું હોય તો પણ જે રીતે તેની કર્મબન્ધ અભાવરૂપ શુદ્ધિ = નિર્દોષતા થાય છે. આ નવમું દ્વાર.

૧૦) 'च' કાર શબ્દથી, આધાકર્મના ગ્રહણમાં નિર્દોષ અને સદોષનું સ્વરૂપ શું છે ? એવા કોક બીજાના પ્રશ્નમાં આચાર્યના ઉત્તર સ્વરૂપ આ દશમું દ્વાર ગ્રહણ કરાય છે એમ જાણવું.

આ બધા દ્વારોથી દોષોને તેના સ્વરૂપનિરૂપણના પ્રકારથી 'वोच्छं' = 'वक्ष्ये' હું કહીશ.।।૮।।

**અવતરણિકા :-** હવે 'જે વસ્તુ આધાકર્મ થાય છે' આ આદ્ય દ્વારની વ્યાખ્યા કરવાની ઈચ્છાથી કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ :- असणाइ** = અશનાદિ, **चउब्भेयं** = ચારે પ્રકારના, **आहाकम्मं** = આધાકર્મ, **इह** = આ પ્રકરણમાં, **बिन्ति** = કહે છે, **आहारं** = આહારને, **पढमं चिय** = પહેલેથી જ, **जइजोग्गं** = સાધુને માટે, **कीरंतं** = પ્રાસુક કરાતું, **निट्ठियं** = પ્રાસુક કરાયેલું, **च** = અને, **तहिं** = તે વખતે.

**મૂળગાથા-ગાથાર્થ :-** આ પ્રકરણમાં અશન વગેરે ચારે પ્રકારને આધાકર્મ આહાર કહ્યો છે. તે આધાકર્મ શરુઆતથી જ સાધુ માટે કરાવાથી માંડીને તૈયાર થવા સુધી કહેવાય છે.।।૯।।

**• પ્રારંભથી જ સાધુનિમિત્તે કરાતું અને કરાયેલું અશનાદિ ચારે ય આધાકર્મ જ છે •**

**વ્યાખ્યાર્થ :-** 'असणाइ चउब्भेयं' = 'अशनादि-चतुर्भेदं' = જેની આદિમાં અશન છે, એટલે કે પાન વગેરે ભેદોની આદિમાં જે અશન છે, તે અશનાદિ ચાર પ્રકાર. અહીં 'अशनं' = સૂપ (દાળ), શાલી વગેરે તંદુલ (ચોખા) વિશેષ ઈત્યાદિ, (ઉપલક્ષણથી જે કાંઈ ખોરાક લેવાય તે અને દૂધ-દહીં વગેરે), 'पानं' = કૂવો-વાવડી આદિનું પાણી વગેરે (ઉપલક્ષણથી જેના પાતળા રસ નીકળે એવા ફળના રસ, દ્રાક્ષ - આમલીનું પાણી અને ધોવણનું પાણી વગેરે. 'खादिमं' = 'चिंचिणिका पुष्पं' આમલીના પુષ્પો, નાળીયેર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क्यादिकम्। ततः अशनादयश्चत्वारः चतुःसङ्ख्याभेदविशेषा यस्य स तथा तं, कमित्याह– 'आहारं'ति, तत्राह्रियते तृप्तिजननायासावित्याहारः समयभाषया पूर्व्वोक्त एवाशनादिस्तं आधाकर्म्मेत्याधाकर्म्मशब्दवाच्यं इहेति प्रवचने, यद्वा पिण्डशुद्धिप्रक्रमे, इतरथा साध्वर्थं यद्गृहादिकं चीयते वस्त्रादिकं वाऽऽप्यते तुम्बकादेश्च मुखादिकं यस्य क्रियते तदप्याधाकर्म्म भवतीति केवलं तन्न ग्राह्यमप्रस्तुतत्वात्, ब्रुवतेऽभिदधति जिनादयः। कीदृशं सन्तमित्याह– प्रथममेवादित एव वपनकृत्यत्वमारभ्येति यावत्, चियशब्दस्यैवकारार्थत्वात्, यतियोग्यं साधुजनोचितं यतिनिमित्तमिति यावत्, क्रियमाणं निर्वर्त्त्यमानं गृहिणानिष्ठितं चेति, निष्ठाऽवसानं सा सञ्जाताऽस्येति निष्ठितो निश्चेतनीभूतस्तं, चः समुच्चये क्व विषये निष्ठित इत्याह- 'तहिं'ति, प्रस्तावात्तस्मिन् यतिविषये साधोरालम्बनेन सर्व्वथा प्रासुकीभूतमिति तत्त्वम्, इत्थम्भूतमाहारमाधकर्म्म ब्रुवते इति गर्भार्थः। अत्र द्वारपादोपात्तपुनःशब्दसूचितमशनादिरूपस्याधाकर्म्मणः सम्भवं पढमं चियेत्यनेन पदेनाभिहितवान्, तथाहि–

**कथमादित एवाधाकर्म्मिकमशनादिकं सम्भवति** ? इति, उच्यते-कश्चिद् गृही अतिभक्ति-

---

(सुक्कु કે લીલું) નું ટોપરું વગેરે (નાળીયેરનું પાણી પાનમાં આવે), ઉપલક્ષણથી ભૂંજેલા ધાન્ય, ચણા-મમરા-ધાણી વગેરે. અને ફળાદિ (જેના જાડા રસ નીકળે એવા કેરી આદિના રસ વગેરે.) 'स्वादिमं' = સૂંઠ-હરડે વગેરે. (ઉપલક્ષણથી હિંગ્વાષ્ટક, મુખવાસ વગેરે.)

આ અશનાદિ ચાર ભેદને શું કહે છે ? તે કહે છે- 'आहारं' = આહાર કહે છે. 'आहार' એટલે કે તૃપ્તિ લાવવા માટે જે આરોગાય તે, શાસ્ત્રની ભાષામાં આ આહાર એટલે પૂર્વોક્ત અશનાદિ તેને, 'आहाकम्मं' = 'आधाकर्म्म' = આધાકર્મ શબ્દથી વાચ્ય, 'इह' = આ પ્રવચનમાં (જૈન શાસનમાં) અથવા 'इह' એટલે કે પ્રસ્તુત પિણ્ડશુદ્ધિના પ્રકરણમાં જો એમ ન લેવામાં આવે તો સાધુ માટે જે ઘર વગેરેનું ચણતર થાય, કે વસ્ત્રાદિને કાંજી પીવરાવવામાં આવે (તાંતણાને વણ્યા બાદ કાંજી પાવે), જે તુંબડા વગેરેના મોઢા વગેરે કરાય. તે પણ આધાકર્મ થાય છે. પરન્તુ તેને અહીં લેવાના નથી. કારણ કે હાલ માત્ર પિણ્ડનીજ વાતો પ્રસ્તુત હોવાથી શેષ ઘર વગેરે અપ્રસ્તુત છે. 'बिन्ति' = 'ब्रुवते' = જિનેશ્વરો કહે છે, કેવું હોય ત્યારે એ આધાકર્મ કહેવાય છે ? તે કહે છે- 'पढमं चिय' = 'प्रथममेव' = 'आदितएव' = પહેલેથી-શરૂઆતથીજ માંડીને. એટલે કે વાવણી કરવાથી માંડીને, મૂળગાથામાં 'चिय' શબ્દ એ એવકાર = જકાર અર્થમાં છે. 'जइ जोग्गं' = 'यतियोग्यं' = સાધુ-યતિ જનને ઉચિત = યતિ નિમિત્તે, 'कीरंतं निट्ठियं च' = 'क्रियमाणं निष्ठितं च' = કરાતું હોય અને 'निष्ठित' = સંપૂર્ણ થયું હોય. નિષ્ઠા એટલે કે સંપૂર્ણતા. જેની સંપૂર્ણતા થઈ છે તેને નિષ્ઠિત કહેવાય છે. અર્થાત્ સંપૂર્ણ નિશ્ચેતન બની જાય. 'च' એ સમુચ્ચય અર્થમાં છે. કયા વિષયમાં નિષ્ઠિત થયેલું ? તે કહે છે- 'तहिं' = 'तस्मिन्' = હમણાં જેની વાત ચાલે છે તે યતિવિષયમાં એટલે કે સાધુના આલંબને = નિમિત્તે સર્વથા પ્રાસુક થયેલ આવા પ્રકારના આહારને આધાકર્મ કહે છે.

અહીં, દ્વારગાથામાં (ગાથા ૮ માં) 'पुनः' શબ્દથી સૂચિત અશનાદિ રૂપ આધાકર્મનો સંભવ 'पढमं चिय' પદથી કહેવાયો છે એમ જાણવું.

**પ્રશ્ન** :- પ્રારંભથી જ આધાકર્મિક અશનાદિનો સંભવ શી રીતે બને ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भरनिर्भराङ्गः साधूनामकल्प्यमेतदिति जानानोऽजानानो वा स्वक्षेत्रे कुतोऽपि कारणतः साधूनामनवस्थानमवलोक्य प्रच्छन्नादिना ज्ञात्वा च साधूनामवस्थानहेतोरशनादेश्चतुर्विधस्याप्याहारस्य वपनादिनोत्पादनं करोति तत्राशनोत्पादनमाश्रित्याख्यानकं पूर्वाचार्योक्तम् यथा–

**卐 आदित एवाऽऽधाकर्म्मिकाऽशन-संभवविषये जिनदत्तस्य उदाहरणम् 卐**

"अणेगकुलसयसंकुलो संकुलो नाम गामो आसी, तम्मि जिणदत्तो नाम सावओ, तस्स य जिणमती नाम भज्जा। तत्थ कोद्दवरालगा उप्पज्जन्ति त्ति तेसिं संतिउ कूरो भिक्खाए पउरो लब्भइ, वसही अ रमणिज्जा लब्भइ, सज्जाओ य निव्वहइ, परं आयरियाइपाउग्गो सालिकूरो नत्थि त्ति न केइ आयरिया तत्थ चिट्ठन्ति। अन्नया य गुणनिहिणो पडिलेहणत्थं पेसिया। तेसिं जिणदत्तेण रमणिज्जा वसही समप्पिया। तेहिं तस्स वुत्तन्तं कहियं, खेत्तं पडिलेहियं। जिणदत्तेण पुट्ठा, भयवं ! तुम्हाणं खेत्तं रुइयं ? सूरिणो एत्थागमिस्सन्ति ?.... .... .... परं कारणं न

**ઉત્તર** :- કોક અત્યંત ભક્તિવાળો ગૃહસ્થ 'આ સાધુઓને કલ્પતું નથી' એવું જાણતો હોય કે ન જાણતો હોય, એ ગૃહસ્થ પોતાના ક્ષેત્ર = ગામ નગર આદિમાં કોઈ પણ કારણસર સાધુઓનું અનવસ્થાન (= ન રહેવાનું) દેખીને અને ગુપ્ત આદિ રીતિએ અનવસ્થાન જાણીને અત્રે સાધુઓનું અવસ્થાન થાય તે માટે અશનાદિ ચારે પ્રકારના આહારનું વાવણી વગેરેથી ઉત્પાદન કરે.

**• પ્રારંભથી જ આધાકર્મ અશનના સંભવ વિષયમાં જિનદત્તનું દૃષ્ટાંત •**

તેમાં અશન ઉત્પાદનને આશ્રયીને પૂર્વાચાર્ય દ્વારા કથિત કથાનક આ પ્રમાણે છે.

અનેક સેંકડો કુલથી યુક્ત સંકુલ નામે ગામ હતું. ત્યાં જિનદત્ત નામના શ્રાવક રહે. તેમની જિનમતિ નામે પત્ની હતી. તેમને ત્યાં કોદ્રવ અને રાલગનો પાક થતો હતો. ('**कोद्रव**' = ચોખાની હલકી જાતનું એક અનાજ. '**रालग**' = રાલગ નામના ચોખા = લચકો = એક પ્રકારની કંગુ) તેથી તેમને ત્યાંથી ગોચરીમાં કૂર (= ચોખા = ઓદન = ભાત) પ્રચુર માત્રામાં મળતા હતા. વસતિ પણ રમણીય મળતી હતી. સ્વાધ્યાય પણ સુંદર રીતે થતો હતો. પરન્તુ આચાર્યને પ્રાયોગ્ય શાલીકૂર મળતા ન્હોતા ('**शालीकूर**' = શ્રેષ્ઠ ચોખા. આજના હિસાબે બાસમતી થી પણ શ્રેષ્ઠ.) માટે કોઈ પણ આચાર્યો ત્યાં સ્થિરતા કરતા ન હતા.

એકવાર કોક આચાર્યશ્રીએ વસતિ શોધવા માટે કેટલાક ગુણનિધિ સાધુઓને આ નગરે મોકલ્યા. જિનદત્તે તેઓને રમણીય વસતિ સમર્પણ કરી. મુનિઓએ જિનદત્તને કહ્યું કે અમારા ગુરૂદેવે અમોને વસતિ જોવા મોકલ્યા છે વગેરે. સાધુઓએ ક્ષેત્રનું પડિલેહણ કર્યું. અર્થાત્ અહીં ભિક્ષા સુલભ છે ને ? જૈનો કેટલા છે ? વૈદ્યો સુલભ છે ને ? વગેરે. જિનદત્તે તેઓને પૂછ્યું 'આપને આ ક્ષેત્ર ગમ્યું ? શું આચાર્યો અહીં પધારશે ?' મુનિઓએ જવાબ આપ્યો 'આચાર્યો વિચાર કરશે. યોગ્ય લાગશે તો પધારશે' વગેરે. જિનદત્ત વિચારે છે કે 'અહીં ક્ષેત્ર પડિલેહણ માટે સાધુઓ આવે છે ખરા પરન્તુ અહીં કેમ રોકાતા નથી તેનું કારણ જણાતું નથી.' એટલે કારણ જાણવા માટે તે સાધુઓમાંથી એક ઋજુ સાધુને તેમણે કારણ પૂછ્યું. ઋજુ સાધુએ જવાબ આપ્યો. - 'આ ક્ષેત્ર જો કે **गण** = ગચ્છને યોગ્ય છે. પરન્તુ આચાર્યોને પ્રાયોગ્ય શાલીકૂર અહીં મળતા નથી.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जानामि त्ति कारणजाणणत्थं तेसिं मज्झाउ एगो उज्जू साहू पुच्छिओ, तेण कहियं जहा गणस्स जोग्गं एयं किन्तु आयरियाणं पाउग्गो सालिकूरो नत्थि। तओ तेण अन्नगामाउ सालिबीयं आणावेऊण वाविअं, जाव अणेगे सालिकूडया जाया। अन्नया केणइ पओयणेणं ते वा अन्ने वा साहूणो तथागए नाऊण सावएणं चिन्तियं, जहा मएसिं सालिकूरो दायव्वो जेण आयरियाणं पि पाउग्गं एयं खेत्तं चिन्तिऊण एए साहूणो आयरिए एत्थ आणिन्ति, तं च जइ नियघरे चेव दाहिस्सामि अन्नेसु कोद्दवरालगं लभिस्सन्ति तो मा एएसिं आहाकम्मस्स संका भविस्सइ त्ति विरिंचिऊण सयणाईण गेहेसु य पट्ठविओ साली, भणाविया य जहा-सयं खाएज्जह साहूणं पि देज्जह कूरं काऊण इमो साली, तेहिं तहेव कुरो रद्धो। सो वइयरो बालेहिं णाओ। साहुणो भिक्खमडन्ता एसणासमिया बालाईणं जंपियं सुणेंति। एगो बालो भणइ ए एते साहुणो जेसिं अट्ठाए सालीकूरो घरे रद्धो। अन्नो भणइ मम जणणीए साहूण दिन्नो सालिकूरो। अण्णो भणइ सयं साहूणं सालिकूरं दाहामि। अन्नो जणणीं भणइ-साहूणं देहि साहूणं देहि सालिकूरं। अन्नो भणइ थक्कावडियं संपन्नं जेण अभत्ताए सालिभत्तयं जायं।

**卐 'थक्कावडियं' विषयकाऽवान्तर - कथा 卐**

*एत्थ लोइओ दिट्ठन्तो णेओ जहा- एगंमि गामे एगा आभीरी तीए भत्ता मओ तीए लहु*

---

આ વાત જાણીને જિનદત્તે બીજા ગામથી શાલી બીજોને મંગાવી વાવ્યા. જેનાથી શાલીના અનેક કુડવ (= ધાન્ય માપવાનું માપ) અનાજ ઊગ્યું. એકવાર કોક પ્રયોજનસર તે જ સાધુઓ કે બીજા કોઈ સાધુઓ પોતાના ગામે આવેલા જાણીને જિનદત્તે વિચાર્યું કે "આ મહાત્માઓને મારે શાલીકૂર અપાવવા કે જેથી 'આ ક્ષેત્ર આચાર્યોને પ્રાયોગ્ય છે' એવું વિચારીને આ સાધુઓ આચાર્યોને અહીં લાવે. પરન્તુ જો માત્ર મારા ઘરે જ શાલીકૂર આપીશ તો, 'બીજે બધે કોદ્રવ મળે છે. જ્યારે આના ઘરે તો શાલી મળે છે. તો રખે આધાકર્મી હોય' એવી ચિંતા તેઓને થશે." એવું વિચારીને સ્વજનાદિના ઘરોમાં શાલી મોકલી આપ્યા અને કહેવરાવ્યું કે 'પોતે પણ ખાજો અને કૂરના બદલે આ શાલી સાધુઓને પણ વહોરાવજો'. સ્વજનોએ એજ રીતે શાલી રાંધ્યા. આ આખી વાત બાળકોએ જાણી. ભિક્ષાર્થે નિકળેલા એષણાસમિતિવાળા સાધુઓએ બાળકોની આવા પ્રકારની વાતો સાંભળી. જેમકે, એક બાળક બોલે છે. 'આ એજ સાધુઓ છે કે જેમના માટે આમણા ઘરે શાલી રંધાયા છે.' બીજો બાળક બોલે છે – 'મારી માતાએ સાધુને શાલીકૂર આપ્યા છે.' વળી ત્રીજો બોલે છે 'હું પોતે સાધુઓને શાલીકૂર આપીશ' વળી કોક માતાને કહે છે 'આપો આપો, સાધુને શાલીકૂર આપો' વળી એક બાળક કહે છે 'આ તો સારું થયું કે હજુ જમ્યા નથી તે પૂર્વે આ શાલી રંધાયા. જેથી આપણને પણ ખાવા મળશે." ('थक्कावडियं' = આ તો સારુ થયું એટલે કે અવસર ઉચિત થયું, કારણ કે આજે ભોજનમાં ઊંચી જાતના ભાતનું ભોજન થયું. આપણને પણ ખાવા મળશે.') એમાં = 'थक्कावडियं' વિષયક લૌકિક દૃષ્ટાંત આ પ્રમાણે છે –

**● 'थक्कावडियं' વિષયક અવાન્તર કથા ●**

*એક ગામમાં એક ગોવાલણ હતી. તેનો ધણી મરી ગયો. ગોવાલણને એક દેવર હતો. એની પત્ની*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*देवरो अत्थि, तस्स य तम्मि पत्थावे भज्जा मया। तेसिं तु एसा नीति, जं भत्तुणो मयस्स इत्थी लहुदेवरस्स भज्जा होइ त्ति। तओ आभीरीए देवरो भणिओ जहा-हंत मे भत्ता नत्थि ते पुण भज्जा नत्थि, ताहं ते भारिया भवामि, तेण य तहत्ति पडिवन्नं। तीए चिन्तियं, जहा अवसरे अवसरावडियं, जेण जंमि पत्थावे मे भत्तुणो मरणं जायं, तंमि चेव देवरस्स भज्जा मया, तओहं तेण अभज्जेण भज्जा पडिवन्ना अन्नहा न पडिवज्जन्ते।*

तहा अन्नेण जणणी भणिया, जहा सालिचाउलोदयं पि साहूणं देहि। अन्नेण वि जणणी भणिया सालिआयामं, सालिकंजियं च साहूणं देहि। इच्चाइबालाइजणजंपियं सोउं आहाकम्मं एयन्ति नाउं ते ताणि घराणि परिहरिऊण तत्थेव अडन्ति। अनिव्वाहे पच्चासन्ने गामे गंतूण भिक्खं अडन्ति।"

### 卐 आदितएवऽऽधाकर्म्मिक-पानसंभवविषये उदाहरणम् 卐

एवमशनोत्पादनसम्भववत् पानोत्पादनसम्भवोऽपि ज्ञेयस्तमपि कश्चित् कुरुते, कथम् ? उच्यते-यथा क्वापि ग्रामे क्षेत्रप्रत्युपेक्षकाः साधव आगतास्तन्निवासिना श्रावकेण साध्रियमाणा अपि न स्थिताः। तेन च तन्मध्यादेक ऋजुकः साधुरनवस्थानकारणं पृष्टस्तेनोक्तमत्र क्षारं जलं तद्गुरुणां न

---

*પણ એજ વખતે મરી ગઈ. એ કાળે તેઓમાં એવી નીતિ હતી કે મરેલા પતિની સ્ત્રી એ દેવરની પત્ની થાય. તેથી ગોવાલણે દેવરને કહ્યું - 'મારા ધણી મરી ગયા છે અને તમારે પત્ની નથી તેથી હું તમારી પત્ની થઈ જાઉં. દેવરે એને સ્વીકારી લીધી. ગોવાલણે વિચાર્યું કે 'આ સારો બંધ બેસી ગયો કે જે સમયે મારા ધણી મરી ગયા એજ સમયે દેવરની પત્ની મરી ગઈ. આ કારણસર જ દેવરે મારો સ્વીકાર કરી લીધો. અન્યથા મને સ્વીકારત નહી.'*

વળી, એક બાળકે પોતાની માતાને કહ્યું- 'શાલીનું ધોવણ પણ સાધુને આપ.' બીજાએ પણ પોતાની માતાને કહ્યું 'શાલીનું ઓસામણ ને શાલીની કાંજી સાધુને આપ'. ઈત્યાદિ બાળક આદિ લોકો દ્વારા બોલેલું સાંભળીને 'આ આધાકર્મ છે' એમ જાણીને સાધુઓ તે ઘરોને છોડીને અન્ય ઘરોમાં જાય છે. નિર્વાહ ન થતો હોવાથી નજીકના ગામે જઈને ભિક્ષા મેળવે છે.

આ રીતે અશનઉત્પત્તિની સંભાવનાની જેમ પાન ઉત્પત્તિની સંભાવના પણ જાણવી. કારણ કે કોક પાણીનું પણ ઉત્પાદન કરતા હોય છે. એ શી રીતે ? તે આ રીતે –

### ● પ્રારંભથી જ આધાકર્મ પાણીના સંભવ વિષયક કથા ●

જેમકે, કોક ગામમાં વસતિ શોધનારા સાધુઓ આવ્યા. તે ગામ નિવાસી શ્રાવકે તેમને રોકવા છતાં તેઓ ન રોકાયા. શ્રાવકે તેમાંથી એક ઋજુ સાધુને ન રોકાવાનું કારણ પૂછ્યું. સાધુએ કહ્યું. 'અહીંનું પાણી ખારું છે જે ગુરુઓને પ્રાયોગ્ય નથી.' આ સાંભળીને ઉપરોક્ત પ્રમાણે શ્રાવકે મીઠા પાણીનો કૂવો ખોદાવ્યો. (શ્રાવકની મર્યાદા છે કે જેમ અધિકરણો બીજાને ન આપે એમ પોતાના કૂવા વગેરેમાંથી પાણી પણ ન આપે સિવાય કે કોક દુષ્કાળાદિ પરિસ્થિતિમાં આપવું પડે એટલે) લોકપ્રવૃત્તિજનિત પાપના ભયથી એનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रायोग्यमिति श्रुत्वा यावदसौ मिष्टजलमवटं खनित्वा लोकप्रवृत्तिजनितपापभयात् पुलकादिना स्थगितमुखेन तेन तावत् स्थितो यावत् साधवस्तत्रायातास्ततोऽसौ तंदुलधावनादितया कृत्वा तत्तेभ्यो दापयति वक्ति च गुर्व्वाद्यभिमुखमेतद् भवद्भिः स्वयं पातव्यं साधूनां च दातव्यमित्यादि यावदन्यत्र तेऽपि व्रजन्तीति। एतदनुसारतः खादिमस्वादिमयोरप्याधाकर्म्मसम्भवो भावनीयः। तत्र खादिमे यथा कश्चित् साधूनां शालनकाद्यर्थं चिर्भिटाम्रफलबीजपूरकपित्थद्राक्षादाडिमा (मादी)नां वपनं करोति। स्वादिमे तु कश्चित् साधूनामौषधाद्यर्थं शुण्ठिमरिचहरीतक्यादीनां रोपणं करोतीति गाथार्थः।।९।।

**अवतरणिका–** तदित्थमाधाकर्मणो विषयसम्भवावुक्तावथात्रैव 'कीरन्तं निट्ठियं चे'ति पदोपात्ताभ्यां कृतनिष्ठितशब्दाभ्यामुत्पन्नं कल्पाकल्पविभागकारिभङ्गचतुष्टयं प्रत्येकमशनादिविषयं वक्तुमाह–

**मूलगाथा– तस्स कड तस्स निट्ठिय चउभङ्गो तत्थ दुचरिमा कप्पा।**
**फासुकयं रद्धं वा निट्ठियमियरं कडं सव्वं।।१०।।**

**संस्कृतछाया– तस्मै कृतं तस्मै निष्ठितं चतुर्भङ्गस्तत्र द्विचरिमौ कल्प्यौ।**
**प्रासुककृतं राद्धं वा निष्ठितमितरत् कृतं सर्वम् ।।१०।।**

---

મોઢું શિલા વગેરેથી ઢાંકીને રાખ્યું. જ્યારે સાધુઓ ત્યાં આવ્યા ત્યારે આ શ્રાવકે એ પાણીને ધોવણનું પાણી વગેરે રૂપે કરીને લોકોને મોકલાવી જણાવે છે કે 'સાધુની સામે આ તમે પણ પીજો અને સાધુઓને પણ આપજો, જેથી તેમને શંકા ન થાય' ઈત્યાદિ. ઉપરોક્ત પ્રમાણે બાળકો વગેરેની વાતો સાંભળીને 'આ આધાકર્મ છે' એમ જાણીને સાધુઓ અન્ય ઘરોમાં ગોચરી ગયા વગેરે વાતો જાણવી.

આ અશન-પાન પ્રમાણે જ ખાદિમ અને સ્વાદિમ અંગે પણ આધાકર્મનો સંભવ જાણવો. જેમકે ખાદિમમાં, કોક શ્રાવક સાધુઓના **शालनकादि** = અનુપાન વગેરે એટલે કે દ્રાક્ષનું પાણી, દાડમનો રસ, બીજોરાપાક વગેરે માટે ચીભડાં, કેરી, બીજોરું, કોઠું, દ્રાક્ષ, દાડમ વગેરે વાવે. સ્વાદિમમાં કોક શ્રાવક, સાધુઓની ઔષધિ આદિ માટે સૂંઠ, મરી, હરડે વગેરે વાવે.॥૯॥

**અવતરણિકા** :- આ પ્રમાણે આધાકર્મના વિષયનો સંભવ કહેવાયો. હવે, આ ગાથામાં જ **'कीरन्तं निट्ठियं च'** = **'कृत'** અને **'निष्ठित'** એ બે પદથી ઉત્પન્ન થયેલ કલ્પ્ય-અકલ્પ્યના વિભાગને કરનાર પ્રત્યેક અશનાદિ વિષયક ચતુર્ભંગીને જણાવવાની ઈચ્છાથી કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **तस्स** = તેને માટે, **कड** = પ્રારંભ કરાયેલું, **तस्स** = તેને માટે, **निट्ठिअ** = સંપૂર્ણ કરાયેલું, **चउभंगा** = ચાર ભાંગા, **तत्थ** = તેમાં, **दुचरिमा** = બીજો અને છેલ્લો અથવા છેલ્લા બે, **कप्पा** = કલ્પ્ય, **फासुकयं** = અચિત્ત કરાયેલું, **रद्धं** = રાંધેલું, **वा** = અથવા, **निट्ठियं** = નિષ્ઠિત, **इयरं** = બાકીનું, **कडं** = કૃત, **सव्वं** = સર્વ.

**મૂળગાથા-ગાથાર્થ** :- 'तस्य कृतं-' સાધુ માટે પ્રારંભ્યું, 'तस्य निष्ठितं-' સાધુ માટે પૂર્ણ કરાયું. આ બન્નેથી બનતી ચતુર્ભંગીમાં બીજો અને ચોથો અથવા ત્રીજો-ચોથો ભાંગો અકલ્પ્ય છે. 'कृतं-' જે વસ્તુ પહેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 'तस्य कृतं- तस्य निष्ठितं' अस्य द्वौ चतुर्भङ्गौ 卐

**व्याख्या**– अत्रानुस्वारलोपात्तस्य कृतं तस्य निष्ठितमित्यस्मिन् वाक्ये चतूरूपो भङ्गश्चतुर्भङ्गो भङ्गचतुष्टयं ज्ञेयम्। यद्वा प्राकृतत्वात् 'चउभङ्गो'त्ति चत्वारो भङ्गा विकल्पा वाच्या इति द्रष्टव्यम्। यथा तस्य कृतं तस्य निष्ठितं, तस्य कृतं अन्यस्य निष्ठितं, अन्यस्यकृतं तस्यनिष्ठितं, अन्यस्य कृतमन्यस्य निष्ठितमिति। यद्वा तस्य कृतं तस्य निष्ठितं, अन्यस्य कृतं तस्य निष्ठितं, तस्य कृतमन्यस्य निष्ठितं, अन्यस्य कृतमन्यस्य निष्ठितमिति भङ्गन्यासस्तत्र तस्येति प्रस्तावात् साधोर्निमित्तं कृतमित्यतीतवर्त्तमानकालयोरैक्यात् प्रा-सुकीकर्तुं प्रारब्धं, तस्येति पूर्ववत् निष्ठितमिति साध्वालम्बनेन सर्व्वथा निश्चेतनीभूतमिति प्रथमः। तथा तस्य कृतमिति पूर्ववत्। ततो दातुः साधुविषयदानपरिणामापगमादन्यस्येति गृहस्थस्य निमित्तं निष्ठितमचेतनीभूतमिति द्वितीयः। तथाऽन्यस्य (कृतं तस्य) निष्ठितमिति पूर्ववदिति तृतीयः। तथान्यस्य कृतमन्यस्य निष्ठितमिति पूर्व्ववदिति चतुर्थो भङ्गः। एतेषु कल्पाकल्पविधिमाह। 'तत्थ' त्ति, तत्र तेषु चतुर्षु मध्ये दुचरिमत्ति प्रथमां

---

સચિત હોય અને પછી અચિત બનાવવા માટેની શરૂઆતથી જ્યાં સુધી તે સર્વથા અચિત્ત ન બને ત્યાં સુધી તે 'कृतं' કહેવાય. અને 'निष्ठितं-' અચિત્ત બન્યા પછી તે નિષ્ઠિત કહેવાય, અને જે ચોખા વગેરે અચિત્ત હોય તેને જો રાંધવામાં આવે તો તે પણ રંધાઈને તૈયાર થયા પછી નિષ્ઠિત કહેવાય. ॥૧૦॥

**• 'તસ્ય કૃતં'-'તસ્ય નિષ્ઠિતં'ની બે ચતુર્ભંગી •**

**વ્યાખ્યાર્થ** :- અહીં, અનુસ્વારનો લોપ થયો હોવાથી, 'तस्स कड तस्स निट्ठिय' = 'तस्य कृतम् तस्य निष्ठितम्' એવું જાણવું. 'चउभङ्गो' = 'चतुर्भङ्गः' = આ વાક્યમાં ચાર ભાંગા જાણવા અથવા પ્રાકૃત હોવાથી ચાર વિકલ્પ કહેવા તે આ પ્રમાણે –

(૧) 'तस्य कृतं तस्य निष्ठितं' – 'तस्य' એટલે કે, સાધુ માટે કરેલું. આમાં, અતીત અને વર્તમાન કાળનું ઐક્ય હોવાથી સાધુ માટે પ્રાસુક કરવાનો પ્રારંભ કરવો એવો અર્થ લેવો. બીજા 'तस्य' નો અર્થ પણ 'સાધુ માટે' એમ કરવો. 'निष्ठितम्' = સાધુના આલંબને સર્વથા નિશ્ચેતનીભૂત = જીવ રહિત કરવું.

(૨) 'तस्य कृतं अन्यस्य निष्ठितम्' = 'तस्य कृतं' = એ ઉપરોક્ત પ્રમાણે સમજી લેવું, 'अन्यस्य निष्ठितं' = સાધુને દાન આપવાનો પરિણામ ચાલી જવાથી ગૃહસ્થમાટે નિષ્ઠિત = નિશ્ચેતનીભૂત = નિર્જીવ કરવું.

(૩) 'अन्यस्य कृतं तस्य निष्ठितं' = આમાં ઉપરોક્ત કહ્યા પ્રમાણેની વ્યાખ્યા સમજી લેવી.

પ્રકારાન્તરે આ બીજા અને ત્રીજા ભાંગામાં વ્યત્યય પણ જાણવો. અર્થાત્ બીજા અને ત્રીજા ભાંગાના સ્થાને ત્રીજો અને બીજો ભાંગો જાણવો.

(૪) 'अन्यस्य कृतं अन्यस्य निष्ठितं' = આમાં પણ પૂર્વવત્ જાણી લેવું.

ટૂંકમાં, 'तस्य कृतं' = સાધુ માટે વાવવાનું, ખોદવાનું અથવા રાંધવાનું ચાલું થવું,

'तस्य निष्ठितं' = સાધુ માટે સંપૂર્ણ અચિત્ત થવું, રાંધવાનું પૂર્ણ થવું.

હવે આ ચતુર્ભંગીની કલ્પ્ય-અકલ્પ્ય વિધિને કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भङ्गरचनामाश्रित्य द्वितीयश्चचरमश्चेति विग्रहे तीयलोपात् द्विचरमौ द्वितीयचतुर्थावित्यर्थः। द्वितीयां त्वाश्रित्य द्वौ च तौ चरमौ च द्विचरमौ तृतीयचतुर्थावित्यर्थः। कप्पत्ति, कल्पौ ग्राह्यौ शुद्धत्वात् साधोरासेवायोग्यौ स्याताम् इति शेषः। आधाकर्म्मणि हि साधुनिमित्तं पाकादिनिष्ठा प्रधाना। सा चानयोर्गृहस्थार्थं जाता। अत्र च (या) पारिशेष्यादर्थापत्त्या वा प्रथमचतुर्भङ्गीभङ्गकन्यासं प्रतीत्य प्रथमतृतीयावशुद्धत्वादग्राह्यौ, द्वितीयन्यासं त्वाश्रित्य प्रथमद्वितीयावकल्पौ यत्यर्थत्वादारम्भस्येति। अत्र च सूत्रकृता साक्षादेव प्राचीनगाथोत्तरार्द्धेन प्रथमभङ्गस्याकल्प्यतोक्तैव। अव्ययानामनेकार्थत्वात् तृतीयभङ्गोऽपि चकारेणाकल्पनीयतया सूचित एव तत्र द्रष्टव्यः।

**卐 कृतस्य निष्ठितस्य च व्याख्या 卐**

अधुना कृतनिष्ठितशब्दयोरर्थमाह फासुकडमित्यादिसूचनाद् व्रीहिकरट्यादिकं सचित्तं यत्प्रासुकं

---

'तत्थ' = 'तत्र' = તે ચતુર્ભંગીમાં 'दुचरिमा कप्पा' = 'द्वितीयचतुर्थौ कल्प्यौ' = બીજો અને ચોથો ભાંગો કલ્પ્ય છે. 'तीय' નો લોપ થવાથી માત્ર 'दु' = 'द्वि' શબ્દ બન્યો છે એમ જાણવું. પ્રકારાન્તરે બીજા અને ત્રીજા ભાંગાના વ્યત્યયના અનુસારે 'दुचरिमा' = 'द्विचरमौ' = છેલ્લા બે ભાંગા અર્થાત્ ત્રીજો અને ચોથો ભાંગો શુદ્ધ (કલ્પ્ય) જાણવો. અર્થાત્ શુદ્ધ હોવાથી સાધુને આચરવા યોગ્ય તે બે ભાંગા થશે.

| प्रथमा चतुर्भंगी | द्वितीया चतुर्भंगी |
|---|---|
| १) तस्य कृतं तस्य निष्ठितं | १) तस्य कृतं तस्य निष्ठितं |
| २) तस्य कृतं अन्यस्य निष्ठितं | २) अन्यस्य कृतं तस्य निष्ठितं |
| ३) अन्यस्य कृतं तस्य निष्ठितं | ३) तस्य कृतं अन्यस्य निष्ठितं |
| ४) अन्यस्य कृतं तस्य अन्यस्य निष्ठितं | ४) अन्यस्य कृतं अन्यस्य निष्ठितं |

ટૂંકમાં, પ્રથમ ચતુર્ભંગીને આશ્રયી ૨જો અને ચોથો ભાંગો કલ્પ્ય છે. 'द्वितीय चतुर्थौ' આ સમાસ પદમાં 'तीय' નો લોપ થવાથી 'द्विचतुर्थौ' આવો અર્થ છે.

દ્વિતીય ચતુર્ભંગીને આશ્રયી द्वौ च तौ चरमौ = द्विचरमौ = 'तृतीयचतुर्थौ भंगौ कल्प्यौ' આવો અર્થ છે.

આધાકર્મમાં સાધુ નિમિત્તે જે પાકાદિની નિષ્ઠા છે એજ પ્રધાન છે. આ કારણથી ઉપરોક્ત બે ભાંગા કલ્પ્ય છે. કારણ કે નિષ્ઠા વખતે એમાં સાધુનું નિમિત્ત ન રહ્યું. આમાં શેષ રહેવાથી અથવા અર્થાપત્તિથી પ્રથમ ચતુર્ભંગીના શેષ બે ભાંગા (પહેલો અને ત્રીજો) અને બીજી ચતુર્ભંગીના શેષ બે ભાંગા (પહેલો અને બીજો) અકલ્પ્ય છે એમ જાણવું. કારણકે એમાં સાધુનિમિત્તક આરંભ થયો છે. (અહીં આરંભ = નિષ્ઠિત જાણવું).

પૂર્વની ગાથા - ૯ ના ઉત્તરાર્ધમાં મૂળ સૂત્રકારશ્રીએ પ્રત્યક્ષપણે પ્રથમ ભાંગાની અકલ્પ્યતા કહીજ છે. પરન્તુ અવ્યયોના અનેક અર્થો થતા હોવાથી 'च' કાર (અવ્યય) દ્વારા ત્રીજા ભાંગાની અકલ્પ્યતા પણ ત્યાં કહી છે એમ જાણવું.

**• કૃત અને નિષ્ઠિતની વ્યાખ્યા •**

હવે, 'कृत' અને 'निष्ठित' શબ્દના અર્થ જણાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कृतं साधोर्गृहिणो वा निमित्तमचित्तं विहितं त्रिःकण्डिततण्डुलादि। तथाराद्धमचेतनैर्वा तण्डुलादिभिर्यतेर्गृहस्थस्य वाऽर्थाय निष्पादितं गृहिणा कूरादि। वा विकल्पे। तदित्थम्भूतं निष्ठितं निष्ठिताभिधानं भवति। इयरं ति पुनःशब्दलोपादितरत् पुनर्मुनेर्गृहिणो वा हेतोरतीतवर्त्तमानकालैक्यात् प्रासुकीकर्तुं प्रारब्धं। पुनरेकद्विष्कण्डिततण्डुलात्कृतं कृताभिधानं भवति अप्रासुकीभूतत्वेनाप्राप्तनिष्ठितत्वमित्यर्थः । सर्व्वं समसूत्रमिति (समस्तमिति ?) गाथार्थः।।१०।।

**अवतरणिका**— एनमेवार्थं विशेषेणाह।

**मूलगाथा— साहुनिमित्तं ववियाइ ता कडा जाव तंदुला दुछडा।**
**तिछडा उ निट्ठिया पाणगाइ जहसम्भवं नेज्जा।।११।।**

**संस्कृतछाया- साधुनिमित्तं वपनादि तावत् कृता यावत् तंदुला द्विच्छटाः।**
**त्रिच्छटास्तु निष्ठिताः पानकादि यथासभवं नयेत् ।।११।।**

'फासुकडम्' = 'प्रासुककृतम्' = સચિત્ત એવા વ્રીહી = ડાંગર વગેરેને સાધુ કે ગૃહસ્થ નિમિત્તે ત્રણ વાર ખાંડેલ ચોખા વગેરે રૂપે અચિત્ત કરાયેલા હોય. તથા 'रद्धं' = 'राद्धम्' = અચિત્ત એવા ચોખા વગેરેથી સાધુ કે ગૃહસ્થ નિમિત્તે ભાત વગેરે બનાવે. આ પ્રમાણે ત્રણ વાર ખાંડીને અચિત્ત બનાવેલ તથા અચિત્ત ને રાંધીને ભાત વગેરે બનાવેલાને 'निष्पादित' શબ્દથી ઓળખાવાય છે, અને 'ભાત રાંધ્યા' કહેવાય. જે 'राद्धं' શબ્દથી ઓળખાવાય છે. 'वा' = વિકલ્પના અર્થમાં છે. આ પ્રકારે જે બનેલું કે રંધાયું હોય એને નિષ્ઠિત કહેવાય છે. 'इयरं' = 'इतरत्' = અહીં 'पुनः' શબ્દ નો લોપ થયેલો જાણવો. એટલે કે 'इतरत् पुनः' એવો અર્થ જાણવો, 'कडं' = 'कृतं' = મુનિ કે ગૃહસ્થ માટે પ્રાસુક કરવાનો પ્રારંભ કરે. અહીં, અતીત અને વર્તમાન કાળનું ઐક્ય હોવાથી 'कृतं' = કરેલું એવો અર્થ હોવા છતાં 'કરવાને પ્રારંભ કરે' એવો અર્થ જાણવો. એટલે કે ચોખાને એક કે બે વાર છડે = ફોતરા દૂર કરવા માટે ખાંડે એને કૃત કહેવાય. કારણ કે એ અચિત્ત થયું ન હોવાથી 'निष्ठितपणुं' એમાં આવ્યું નથી. 'सव्वं' = 'सर्वं' = એટલે કે, નિષ્ઠિત સિવાયનું શેષ બધું 'कृतं' છે. ॥૧૦॥

**અવતરણિકા** :- આ જ અર્થને વિશેષરૂપે કહે છે –

**મૂળગાથા-શબ્દાર્થ** :- **साहुनिमित्तं** = સાધુ માટે, **ववियाइ** = વાવવા વિગેરેની ક્રિયાથી, **ता** = ત્યાં સુધી, **कडा** = કૃત કહેવાય, **जाव** = જ્યાં સુધી, **तंदुला** = ડાંગર, **दुछडा** = બે વખત છડાયેલી હોય, **तिच्छडा-उ** = ત્રણ વખત છડાયેલી તો-, **निट्ठिया** = નિષ્ઠિત કહેવાય, **पाणगाइ** = પાણી વગેરે, **जहा सम्भवं** = જેમ ઘટે તેવી રીતે, **नेज्जा** = ઘટાવવું.॥૧૧॥

**મૂળગાથા-ગાથાર્થ** :- સાધુ માટે ડાંગર વાવવાથી માંડીને શુદ્ધ ચોખા બનાવવા માટે બે વાર છડીને કડ બનાવવામાં આવે ત્યાં સુધીની - ક્રિયાને કૃત કહેવાય છે. અને જ્યારે ત્રીજી વાર છડીને શુદ્ધ ચોખા બનાવવામાં આવે ત્યારે તે ક્રિયાને નિષ્ઠિત કહેવામાં આવે છે. એ જ રીતે પાણી વગેરેમાં પણ યથાયોગ્ય ઘટાવવું.॥૧૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 तन्दुलादिनां कदा कृत-निष्ठितत्त्वं ? 卐

**व्याख्या**– 'साधुनिमित्तं' यतेरर्थाय 'ववियाइ' त्ति। अत्र पञ्चम्येकवचनस्य लुप्तत्वादुप्तादेरिति दृश्यम्। तत्रोप्तं वपनं तदादिः प्रथमं यस्य केदारगाहनलवनपरिमलतोत्पवनाद्युत्तरक्रियाविशेषस्य स उप्तादिस्तस्मादुप्तादेरारभ्येति शेषो, वपनमादायावधीकृत्येत्यर्थः। तावदिति कालावधिनिर्देशे। 'कड'त्ति कृताभिधाना भण्यन्ते शालयः।'यावदि'ति कालावध्युद्देशे। द्विश्च्छटा द्विष्कण्डितास्तादृशाः सन्तो लोके किं व्यपदेश्यास्ते स्युरित्याह। 'तन्दुल'त्ति, ते शालयश्च्छटितास्सन्तः तन्दुला भण्यते। अयमर्थः, साधुनिमित्तं शाल्यादय उप्ता यावत्तथाभूतपरिणामेनैव दात्रा व्रीहिकरटितया एकां द्वे वा वारे कण्डित्वा तन्दुलीकृतास्तावत्ते कृता अभिधीयन्ते। त्रिच्छटास्तु तिस्रो वाराः कण्डिता एव तंदुलाः तथाभूतपरिणामेनैव, तु शब्दः शालीनामेकद्विष्कण्डनेनानिष्ठितत्वावधारणार्थः, ते किमित्याह, निष्ठिता निष्ठिताख्या भण्यन्ते। ते च राद्धा अराद्धाश्च न कल्पन्ते साधुनिमित्तं निष्ठितत्वेनाधाकर्म्मिकत्वात्, उपलक्षणमेतत् शुद्धतन्दुलादिभिः साध्वर्थं राद्धं कूरादिकमपि निष्ठितमित्यर्थः। अत्र

## ● ચોખા વગેરેમાં કૃત અને નિષ્ઠિત ક્યારે ? ●

**વ્યાખ્યાર્થ** :- **'साहुनिमित्तं'** = **'साधुनिमित्तं'** = સાધુના નિમિત્તે - સાધુ માટે **'ववियाइ'** = 'उप्तादि'. અહીં પ્રાંકૃતમાં પંચમી એકવચનનો લોપ થયો છે એમ જાણવું. તેથી 'उप्तादेः' એમ જાણવું. 'उप्तं' = વાવવું. વાવવાથી માંડીને એટલે કે **'केदारगाहन'** = ક્યારામાં નાખવું, **'लवन'** = લણવું, **'परिमलता'** = મસલવું, **'उत्पवन'** = ફોતરા ઉડાડવા વગેરે છે ઉત્તરક્રિયામાં જેને, તેને **'उप्तादि'** કહેવાય છે, અહીં 'उप्तादि' શબ્દથી 'उप्तादि થી માંડીને = પ્રારંભીને' એવો અર્થ અધ્યાહારથી લેવો. અર્થાત્ વપનને શરૂઆતની મર્યાદા કરીને. 'ता' = 'तावत्' = ત્યાં સુધી. આ 'ता' શબ્દ એ કાળની અવધિનો નિર્દેશક છે. **'कडा'** = **'कृता'** = કૃત કહેવાય છે. એટલે કે કૃત નામે શાલિ કહેવાય છે, 'जाव' = 'यावत्' = જ્યાં સુધી = કાળની અવધિનો નિર્દેશક છે. **'दुछडा'** = **'द्विश्च्छटाः'** = **'द्विष्कण्डिताः'** = બે વાર છડેલા, આને લોકો શું કહે છે ? તે કહે છે, 'तंदुलाः' = 'तन्दुल' - ચોખા કહે છે. એટલે કે શાલિને છડે એટલે એ તંદુલ કહેવાય છે.

આનો ભાવાર્થ આ જાણવો કે, સાધુ નિમિત્તે શાલિ વગેરે વાવ્યા અને સાધુ માટે જ **'दात्रा'** = લણનાર તેને **'व्रीहि'** = ડાંગર કે **'करटि'** = ફોતરાવાળા ડાંગર રૂપે એક કે બે વાર છડીને તાંદુલ કરે ત્યાં સુધી તે કૃત કહેવાય છે. **'तिछडा'** = **'त्रिच्छटास्तु'** = ત્રીજી વાર પણ સાધુ માટેજ છડેલા તે તાંદુલ, શુદ્ધ થવાથી = ઉપયોગમાં લેવા યોગ્ય બનવાથી **'निट्ठिया'** = **'निष्ठित'** કહેવાય છે. 'तु' શબ્દ એક-બે વાર છડેલા શાલિઓનું અનિષ્ઠિતપણું જ છે, એમ જકારને બતાવનાર છે.

ત્રણવાર અથવા ત્રીજીવાર સાધુ નિમિત્તે છડેલું તે રાંધ્યુ હોય કે ન રાંધ્યુ હોય તો સાધુને ન કલ્પે કારણ કે સાધુમાટે એ નિષ્ઠિત થયું હોવાથી આધાકર્મિક થાય છે. આનું ઉપલક્ષણ આ છે કે - તંદુલ શુદ્ધ હોય એટલે કે સાધુ માટે ત્રણવાર કે ત્રીજીવાર ખાંડીને અચિત્તરૂપે નિષ્ઠિત ન હોય તો પણ એને સાધુ માટે રાંધીને કૂર = ભાત વગેરે કરે તો એને પણ નિષ્ઠિત કહેવાય એમ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वृद्धसम्प्रदायो यथा-यदि प्रथमां द्वितीयां वा वारां साधुनिमित्तमात्मनिमित्तं वा करटिं छटित्वा तन्दुलाः कृतास्तृतीयां वारां त्वात्मनिमित्तं छटिता राद्धा वा ते साधूनां कल्पन्ते। यदि तु प्रथमां द्वितीयां वा वारां साधुनिमित्तं स्वनिमित्तं वा तृतीयां वारां तु साधुनिमित्तमेव कण्डिता राद्धास्त्वात्म-निमित्तं ते एकेषामादेशेन एकेनान्यस्मै दत्तास्तेनाप्यन्यस्मायित्यादिरूपेण यावत् सहस्र-सङ्ख्ये स्थाने गतास्तावन्न कल्पन्ते, ततः परं कल्पन्ते, अन्येषां तु न कदाचिदपि। यदि तु प्रथमां द्वितीयां वा वारां साधुनिमित्तमात्मनिमित्तं वा तृतीयां तु वारामात्मनिमित्तमेव कण्डिता राद्धाः पुनः साधुनिमित्तं ते न कल्पन्ते। यदि तु प्रथमां द्वितीयां वा वारां साधुनिमित्तमात्मनिमित्तं वा तृतीयवारां तु साधुनिमित्तमेव कण्डितास्तैस्तन्दुलैः साध्वर्थं राद्धः कूर साधूनामकल्प्य एव निष्ठिततन्दुलतत्पाक-जनितद्विगुणाधाकर्म्मदोषदुष्टत्वात्। तदेवमशनमाश्रित्य तस्य कृतं तस्य निष्ठितमित्यादयश्चत्वारो भेदा दर्शिताः। अधुना पानादिशेषाहारत्रयेऽपिताननतिदिशन्नाह। 'पाणगाइ' त्ति विभक्तिलोपात् पानकादौ, पानखादिमस्वादिमाख्ये आहारत्रये, यथासम्भवं कृतनिष्ठितसम्भवानतिक्रमेण नयेद्भावये-देतानिति। तत्र पाने कूपादिकं साधुनिमित्तं खातं, जलमानीतं यावत्तथाभूतपरिणामेनैव कर्त्रा प्रासुकीक्रियमाणं नाद्यापि सर्वथा प्रासुकीभवति तावत्तस्य कृतत्वं, ततस्तथाभूतपरिणामस्य कर्त्तुश्चरमे क्षणे सर्व्वथा

---

અહીં વૃદ્ધોનું કહેવું એમ છે કે, જો પહેલી વાર કે બીજી વાર સાધુ નિમિત્તે કે પોતાના નિમિત્તે કરટિને છડીને તન્દુલ કર્યા, પણ ત્રીજી વાર પોતાના નિમિત્તે છડે કે રાંધે તો તે સાધુઓને કલ્પે છે.

પરન્તુ જો પહેલી-બીજી વાર સાધુ નિમિત્તે કે પોતાના નિમિત્તે છડે અને ત્રીજી વાર તો સાધુ નિમિત્તે જ છડે પણ પોતાના નિમિત્તે રાંધે ત્યારે એક પૂર્વજોના આદેશાનુસારે, તે રાંધેલુ એકે બીજાને આપ્યું, બીજાએ પણ ત્રીજાને આપ્યું, એજ રીતે એક હજાર સ્થાને ગયું ત્યાં સુધી ન કલ્પે, તેથી આગળ કલ્પ્ય બને છે. બીજા કેટલાક પૂર્વજોના મતે એ ક્યારેય કલ્પતું નથી.

જો પ્રથમ કે બીજી વાર સાધુનિમિત્તે કે પોતાના નિમિત્તે છડે પણ ત્રીજીવાર પોતાના નિમિત્તે જ છડે અને એ સાધુનિમિત્તે રાંધે તો તે કલ્પે નહિ. જો પ્રથમ કે બીજી વાર સાધુ નિમિત્તે કે પોતાના નિમિત્તે છડે પણ ત્રીજી વાર સાધુ નિમિત્તે જ છડે અને એવા તે તંદુલો દ્વારા સાધુ માટે કૂર રાંધે ત્યારે તો તે સાધુઓને અકલ્પ્ય જ છે કારણ કે એ તંદુલ સાધુ માટે નિષ્ઠિત બન્યા છે તેમજ સાધુ માટે જ રંધાયા છે. એમ બે ગણાં આધાકર્મના દોષથી દુષ્ટ બનેલ છે.

આ પ્રમાણે અશનને આશ્રયીને 'तस्य कृतं तस्य निष्ठितम्' ઈત્યાદિ ચાર ભાંગા દર્શાવ્યા. હવે પાન વગેરે શેષ આહાર ત્રણને વિષે પણ તેઓનો અતિદેશ કરતા જણાવે છે. 'पाणगाई' = અહીં વિભક્તિ લોપ થયેલો હોવાથી 'पानकादौ' એવો અર્થ જાણવો. એટલે કે પાન-ખાદિમ-સ્વાદિમ નામક શેષ ત્રણ આહારમાં, 'जहसम्भवं नेज्जा' = 'यथासंभवं नयेत्-भावयेत्' = કૃત અને નિષ્ઠિતના ક્રમને ઓળંગ્યા વિના જે રીતે સંભવ હોય તે રીતે વિચારવું.

તેમાં પાન વિષયક સંભવ જણાવે છે :- કૂવો વગેરે સાધુ નિમિત્તે ખોદે, તેમાંથી પાણી લાવે તે ત્યાં સુધી કે કર્તાએ (ગૃહસ્થે) સાધુ માટે જ પાણી પ્રાસુક કરવા મૂકે પણ જ્યાં સુધી સર્વથા પ્રાસુક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रासुकीभूतमिति तस्य निष्ठितत्वमिति प्रथमेत्यादि, खादिमे तु कर्कटिकादिकाः फलविशेषाः साधुनिमित्तमुप्ता यावत्तथाभूतपरिणामेनैव दात्रा ते खण्डितास्तानि खण्डानि क्षणे क्षणे प्रासुकीभवन्ति सन्ति यावत्तथाभूतपरिणामस्यैव दातुर्नाद्यापि सर्व्वथा प्रासुकीभवन्ति तावत्तेषां कृतत्वम्। ततस्साधुनिमित्तमेव चरमे क्षणे सर्व्वथा प्रासुकीभूतानि तानीति तेषां निष्ठितत्वमिति प्रथमेत्यादि। स्वादिमे वल्लकादिकं खादिमवत् ज्ञेयमित्यत्रापि द्वितीयचतुर्थभङ्गौ शुद्धौ प्रथमतृतीयावशुद्धाविति।

**卐 आधाकर्म्म-वृक्षादेः छायानिर्दोषा तथाऽपि प्रवृत्तिदोषाद्वर्ज्या 卐**

प्रस्तावादपरमपि सोपयोगित्वात् किञ्चिदभिधीयते। साधूनां छायार्थमारोपितवृक्षस्य गृहद्वारादि-विहितमण्डपादेश्च निवासार्थं कृतमठादेश्च छायानिषेवनमाधाकर्मिकत्वाभावाददोषाय। परं प्रवृत्तिदोषादिना तत्परिहार्यम्। तथाहि– तस्य कृतमन्यस्यनिष्ठितमिति द्वितीयभङ्गे साध्वर्थमुप्तवृक्षफलं वृक्षनिबन्धनमपि

---

નથી બનતું ત્યાં સુધી એ 'तस्य कृतं' હોય છે અને પછી એ પાણી પ્રાસુક બનવાના છેલ્લા સમયે પણ દાતાના મનમાં સાધુનો જ સંકલ્પ હોય ત્યારે એ 'तस्य निष्ठितं' બને છે. આ પ્રથમ ભાંગો થયો. એ જ રીતે શેષ ત્રણ ભાંગા પણ જાણવા.

ખાદિમ વિષયક સંભવ જણાવે છે :- **कर्कटिक** = એક જાતની કાકડી વગેરે ફળ વિશેષને સાધુ માટે વાવે, તે ત્યાં સુધી કે સાધુ માટેજ દાતાએ તેને ટૂકડા રૂપે કર્યા..એમાં તે ટૂકડાઓ ક્ષણે ક્ષણે પ્રાસુક થતા આવે છે. દાતાનો પરિણામ સાધુનો જ હોય પણ હજુ જ્યાં સુધી તે સર્વથા પ્રાસુક નથી થતા ત્યાં સુધી તેને 'तस्य कृतं' જાણવું. અને સાધુના પરિણામમાં જ છેલ્લા ક્ષણે જ્યારે સર્વથા પ્રાસુક બની જાય છે ત્યારે 'तस्य निष्ठितं' જાણવું. આ પ્રથમ ભાંગો. એજ રીતે શેષ ૩ ભાંગા અંગે પણ જાણવું.

સ્વાદિમ વિષયક સંભવ જણાવે છે :- આમાં વાલ વગેરેનું 'तस्य कृतं' વગેરે ખાદિમની જેમ જાણી લેવું. તેમજ પાનાદિના પ્રથમ પ્રકારના ચાર-ચાર ભાંગાઓમાં પણ બીજો-ચોથો ભાંગો શુદ્ધ અને પ્રથમ-ત્રીજો ભાંગો અશુદ્ધ જાણવો. ચાર ભાંગા

x तस्य कृतं तस्य निष्ठितं

✓ तस्य कृतं अन्यस्य निष्ठितं

x अन्यस्यकृतं तस्य निष्ठितं

✓ अन्यस्यकृतं अन्यस्य निष्ठितं

**• આધાકર્મ વૃક્ષ વગેરેની છાયામાં દોષ નથી, છતાં પ્રવૃત્તિદોષથી વર્જ્ય છે •**

આધાકર્મિકના અવસરે બીજું પણ જે ઉપયોગી છે તે વિષે કાંઈક કહેવાય છે - સાધુ માટે વાવેલા વૃક્ષ, અથવા ઘરની બહાર બાંધેલ માંડવો અથવા નિવાસ માટે કરાયેલ મઠાદિની છાયાનું સેવનમાં આધાકર્મનો અભાવ હોવાથી દોષ નથી, પરન્તુ પ્રવૃત્તિદોષ આદિના કારણે તેને છોડવું, 'तस्य कृतम् अन्यस्य निष्ठितम्' આ બીજા ભાંગાને અનુસરીને સાધુ માટે વાવેલ વૃક્ષથી આવેલા ફળાદિ ગૃહસ્થ માટે નિષ્ઠિત થયે છતે તે જેમ સાધુને કલ્પ્ય બને છે તેમ, વૃક્ષ કે મઠાદિની છાયાનું સેવન તો સુતરાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कल्पते वृक्षावृक्षनिबन्धना तु छाया सुतरां परिभोक्तुं कल्पते, यतः सूर्यहेतुकापि छाया भवति न च सा वृक्षारोपककर्त्रा सूर्येण वा साधून् मनस्याधाय निर्वर्त्तिता येनाधाकर्म्मलक्षणयोगात् सा तथा सत्ययोग्या स्यादित्यलमगीतार्थाधाकर्म्मिकयतिजनकथयेति गाथार्थः ।।११।।

**अवतरणिका–** द्वारमिति प्रभूतार्थसूचकं पदमित्यर्थः। उक्तमाद्यद्वारमिदानीं यस्येति द्वितीयद्वारं व्याचिख्यासुराह।

**मूलगाथा–** **साहम्मियस्स पवयणलिंगेहि कए कयं हवइ कम्मं।**
**पत्तेयबुद्ध निण्हयतित्थयरट्ठाए पुण कप्पे।।१२।।**

**संस्कृतछाया–** **साधर्मिकस्य प्रवचनलिङ्गाभ्यां कृते कृतं भवति कर्म्म ।**
**प्रत्येकबुद्ध-निह्नव-तीर्थकरार्थाय पुनः कल्पते ।।१२।।**

**卐 प्रवचन-लिङ्गाभ्यां साधर्मिकाऽर्थं कृतं - तदाधाकर्म्म 卐**

**व्याख्या–** साधर्मिकस्य समानस्वरूपस्य, समानधर्म्मा च दर्शनज्ञानादिनापि स्यादिति केनात्र समानधर्मते ? त्याह-पवयणलिंगेहि त्ति प्रवचनं सङ्घः, साध्वादिचतुष्करूपस्तथा लिङ्ग्यते चिह्न्यते साधुरनेनेति

કલ્પ્ય બને છે. કારણ કે છાયા તો સૂર્યના કારણે પણ થાય છે. એ છાયા કાંઈ વૃક્ષારોપક ગૃહસ્થ વડે અથવા સૂર્ય વડે સાધુને મનમાં લાવી કરાતી નથી. તેથી એમાં આધાકર્મનું લક્ષણ ન હોવાથી તે છાયા અયોગ્ય = અકલ્પ્ય થતી નથી.

'વૃક્ષાદિ આધાકર્મ હોવાથી એની છાયામાં પણ આધાકર્મનું લક્ષણ હોવાથી તે અકલ્પ્ય છે' ઈત્યાદિ અગીતાર્થોની વાતોથી સર્યું.

'द्वारम्' એ ઘણા અર્થોનું સૂચક પદ છે એમ જાણવું.

**અવતરણિકા :-** આ પ્રમાણે 'तं पुण जं' નામક પ્રથમ દ્વાર પૂર્ણ થયું.

હવે 'जस्स' નામક દ્વિતીય દ્વારની વ્યાખ્યાને કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ :-** **साहम्मियस्स** = સાધર્મિક, **पवयणलिंगेहिं** = પ્રવચન અને વેષથી, **कए** = માટે, **कयं** = કરેલું, **हवइ** = થાય છે, **कम्मं** = આધાકર્મ, **पत्तेयबुद्धनिण्हयतित्थयरट्ठाए** = પ્રત્યેકબુદ્ધ, નિન્હવ તથા તીર્થંકરને માટે, **पुण** = ભજના વડે કલ્પા-કલ્પનો વિભાગ બતાવનાર, **कप्पे** = કલ્પે.।।૧૨।।

**મૂળગાથા-ગાથાર્થ :-** પ્રવચન અને લિંગથી જે સાધુના સાધર્મિક હોય તેને માટે બનાવેલ વસ્તુ આધાકર્મ દોષવાળી બને છે. તે સાધુને કલ્પી શકે નહિ. પરન્તુ પ્રત્યેકબુદ્ધ, નિહ્નવ (લોકમાં જાહેર થયેલા) અને તીર્થંકર માટે બનાવેલું કલ્પી શકે છે. (કારણકે પ્રત્યેકબુદ્ધ વગેરે ત્રણેય બન્ને રીતે સાધર્મિક નથી.)।।૧૨।।

## • પ્રવચન અને લિંગથી સાધર્મિક માટે કરેલું તે આધાકર્મી છે •

**વ્યાખ્યાર્થ :-** 'साहम्मियस्स' = 'साधर्मिकस्य' = સમાનસ્વરૂપવાળાનો સમાનધર્મ તો દર્શન-જ્ઞાનાદિથી પણ થઈ શકે છે. તો અહીં સમાનધર્મપણું શેનાથી લેવાનું છે ? તે કહે છે. 'पयवणलिंगेहि' = 'प्रवचनलिंगाभ्यां' = પ્રવચન અને લિંગથી, પ્રવચન એટલે કે સંઘ = સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા સ્વરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लिङ्गं यतिचिह्नं रजोहरणमुखवस्त्रिकागोच्छकादि। अनयोर्द्वन्द्वे अल्पस्वरस्यापि लिङ्गशब्दस्य पूर्वनिपाताभावो गाथाबन्धानुलोम्यात् क्वचिल्लक्षणाद् व्यभिचारात् प्राकृतत्वाच्च ताभ्याम्। अत्र च न केवलेन प्रवचनेन साधर्म्मिकता नापि केवलं लिङ्गेन किन्तु युगपद् द्वितीयमीलकेन ग्राह्या ततो रजोहरणादियतिलिङ्गोपेतश्चतुर्विधसङ्घमध्यात् सङ्घैकतरश्च गृह्यमाणः साधुसाध्वीवर्ग एव साधर्मिकः सामर्थ्याल्लभ्यते। तस्य प्रवचनलिङ्गाभ्यां समानधर्म्मिणः साधुसाध्वीवर्गस्य किमित्याह-कृते निमित्त-मर्थायेति यावत् कृतं राद्धं भवति जायते। कम्मं ति सूचनादाधाकर्म सामान्यकेवलिस्वयंबुद्धसामान्यशेषय-तिरूपाणां साधूनामितिशेषः।

### ॥ प्रवचन-लिङ्गपदाभ्यां चतुर्भङ्गी ॥

अत्र च प्रवचनलिङ्गपदद्वयेन चतुर्भङ्गी सूचिता, यथा प्रवचनतः साधर्मिका न लिङ्गतः १ लिङ्गतः साधर्म्मिका न प्रवचनतः २ प्रवचनतः साधर्म्मिका लिङ्गतश्च ३ न प्रवचनतः साधर्मिका न लिङ्गतश्चेति ४। तत्राद्यभङ्गे दर्शनप्रतिमाया आरभ्य अन्त्यप्रतिमावर्जिताः प्रतिमादशकस्थाः

---

સંઘ, લિંગ = જેનાથી સાધુ ઓળખાય તે લિંગ કહેવાય છે – લિંગ એટલે કે સાધુનું ચિહ્ન અર્થાત્ રજોહરણ = ઓઘો, મુહપત્તી, ગુચ્છા વગેરે સાધુના લિંગ.. આ પ્રવચન અને લિંગનો દ્વન્દ્વ સમાસ થયો છે, અહીં અલ્પસ્વરી 'લિંગ' શબ્દ આગળ ન આવતા 'પ્રવચન' શબ્દની પછી જે આવ્યો છે તે, ગાથાબન્ધ ના અનુલોમના = (અનુકૂળતાના) હિસાબે એટલે કે ગાથામાં જેટલા અક્ષરો જે ક્રમમાં મૂકવાના હોય એના હિસાબે, અથવા ક્યારેક લક્ષણમાં વ્યભિચાર આવવાના કારણે અથવા પ્રાકૃતપણાને લીધે છે એમ જાણવું.

આમાં, માત્ર પ્રવચનથી કે લિંગથી સાધર્મિકપણું ગ્રહણ કરવાનું નથી પરન્તુ એક સાથે બન્નેથી સાધર્મિકપણું ગ્રહણ કરવાનું છે, તેથી રજોહરણાદિ-યતિલિંગથીયુક્ત અને ચતુર્વિધ-સંઘ મધ્યમાંથી એક સંઘ તરીકે લેવાતો સાધુ-સાધ્વી-વર્ગ જ સાધર્મિક તરીકે સામર્થ્યથી મેળવાશે.

તે પ્રવચન અને લિંગથી સમાનધર્મી એવા સાધુ-સાધ્વીવર્ગ વિષયક શી વાત છે ? તે કહે છે, 'कए' = 'कृते' = તેઓ માટે, 'कयं' = 'कृतं' = કરાયેલું-રંધાયેલુ, 'हवइ' = 'भवति' = થાય છે, 'कम्म' = 'आधाकर्म्म' = આધાકર્મ. અર્થાત્ તેઓ માટે કરાયેલું-રંધાયેલું એ આધાકર્મ થાય છે = બને છે. કયા સ્વરૂપ સાધુ-સાધ્વીવર્ગ માટે આધાકર્મ બને છે ? તે કહે છે - [1]સામાન્યકેવલિ, [2]સ્વયંબુદ્ધ, [3]સામાન્ય શેષ સાધુઓ સ્વરૂપ સાધુવર્ગ માટે તે આધાકર્મ બને છે.

### • પ્રવચન અને લિંગની ચતુર્ભંગી •

અહીં, 'પ્રવચન' અને 'લિંગ' આ બે પદો દ્વારા ચતુર્ભંગી સૂચવાઈ છે. તે આ રીતે કે,

૧) પ્રવચનથી સાધર્મિક, પણ લિંગથી નહિ, (૨) લિંગથી સાધર્મિક, પણ પ્રવચનથી નહિ, ૩) પ્રવચનથી સાધર્મિક અને લિંગથી સાધર્મિક (૪) પ્રવચનથી સાધર્મિક નહિ અને લિંગથી નહિ.

૧) પ્રથમ ભાંગામાં, શ્રાવકની પહેલી દર્શન પ્રતિમાથી માંડીને અંત્ય = ૧૧મી પ્રતિમા સિવાયની ૧૦મા પ્રતિમા સુધીના શ્રાવકો પ્રવચનથી સાધુઓના સાધર્મિક ખરા કારણ કે સાધુઓ સાથે તેઓનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्रावकाः प्रवचनतः साधर्मिकाः, साधुभिः सह सदैव तेषां तैः सहैकप्रवचनत्वात् लिङ्गस्याभावेन वैसदृश्याच्च। इह चान्त्यप्रतिमास्था अपगतकेशत्वरजोहरणादिसाधुलिङ्गोपेतत्वाल्लिङ्गतोऽपि साधर्मिकाः किल भवन्तीति तद्वर्ज्जनमिति प्रथमोभङ्गः। द्वितीयभङ्गे निह्नवाः सर्वेऽपि लिङ्गेन साधर्मिकास्तेषामेव लिङ्गत्वात् प्रवचनस्याभावो वैसदृश्याच्च। ते हि लोके निह्नवत्वेन ज्ञाता अज्ञाताश्च स्युरिह तु ज्ञाता ग्राह्या, इतरे तु साधूनां मध्ये व्यवहारतः प्रवचनान्तर्वर्त्तित्वात्तेषामिति द्वितीयः। नवरं निह्नवास्तीर्थकृद्वचनं स्वाग्रहवशान्निराकुर्व्वन्तीति, निह्नवा जमालिप्रभृतयो ज्ञेयाः। तृतीयभङ्गे साधूनां साधर्म्मिकाः, साध्वेकादशप्रतिमास्थश्रावकाः। चतुर्थे तु तीर्थकरप्रत्येकबुद्धाः। इह च साधूनां प्रायः साधर्म्मिकद्वारेण कल्पाकल्पविधिर्गवेषणीयस्ते च तीर्थकरप्रत्येकबुद्धस्वयंबुद्धादयः सर्वेऽपि साधवो लभ्यन्ते। केवलं सर्वेषां साधुशब्दवाच्यत्वेऽपि येषां प्रवचनलिङ्गयोरन्यतरत् द्वयं वाऽस्ति ते सङ्घांतर्वर्त्तिन एव प्रायः प्रकान्ताः साधवो ज्ञेयास्तीर्थकरप्रत्येकबुद्धास्तु साधुत्वेऽपि प्रवचनलिङ्गातीतत्वेन सङ्घोत्तीर्णा इति तान् विवर्ज्य शेषाः स्वयम्बुद्धादयः सर्वेऽपि साधवः प्रकान्ता ज्ञेया यैः सह साधर्म्मिकत्वं गवेषणीयम्।

---

એક પ્રવચનપણું રહેલું છે. પરન્તુ તેઓમાં લિંગનો અભાવ હોવાથી લિંગથી સાધર્મિક નથી. અને ૧૧મી પ્રતિમામાં રહેલ શ્રાવકને માથે વાળ ન હોવાથી અને ઓઘો વગેરે સાધુલિંગથી યુક્ત હોવાથી તે લિંગથી પણ સાધર્મિક બને છે. માટે તે આમાં (પ્રથમ ભાંગામાં) લેવાના નથી.

૨) બીજા ભાંગામાં, નિહ્નવો બધા લિંગથી સાધર્મિક હોય છે. કારણ કે તેઓનું લિંગ પણ સાધુ તુલ્ય જ હોય છે. પરન્તુ જુદી માન્યતા ધરાવતા હોવાથી પ્રવચનથી નથી. જોકે લોકોમાં નિહ્નવો બે પ્રકારે છે - ૧) જણાયેલ. ૨) નહિ જણાયેલ. અહીં જણાયેલ લેવાના છે. કારણ કે નહિ જણાયેલાનો પ્રવચનમાં સમાવેશ થાય છે.

નિહ્નવ = તીર્થંકર પ્રભુના વચનને સ્વઆગ્રહવશથી માને નહિ. તે નિહ્નવો જમાલી વગેરે જાણવા.

૩) ત્રીજા ભાંગામાં, સાધુઓ પરસ્પર એક બીજાના બન્નેથી સાધર્મિક બને. તેમજ શ્રાવકની ૧૧ મી પ્રતિમામાં રહેલા શ્રાવક પણ સાધર્મિક બને છે.

(૪) ચોથા ભાંગામાં, તીર્થંકર અને પ્રત્યેકબુદ્ધ જેઓ બન્નેથી સાધર્મિક નથી.

સાધુ માટે કરેલું એ આધાકર્મ હોવાથી સાધુને ન કલ્પે એ વાત બરાબર છે, પણ સાધુના તો સામાન્યકેવલિ, સ્વયંબુદ્ધ, સામાન્યયતિ = સાધુ વગેરે અનેક ભેદો પડે છે. પરન્તુ આ ભેદોમાંથી કયા સાધુ કોના સાધર્મિક થાય ? અને કોનું આધાકર્મ કોને કલ્પ્ય બને ? કે અકલ્પ્ય બને ? એની વિધિ અહીં સાધર્મિકના દ્વારથી જાણવાની છે. એમાં તીર્થંકર, પ્રત્યેકબુદ્ધ-સ્વયંબુદ્ધ આદિ બધાજ સાધુ છે જ, પરન્તુ આટલું વિશેષ છે કે બધાયમાં 'સાધુ' તરીકેનો ઉલ્લેખ હોવા છતાં જેઓ પ્રવચન અને લિંગથી અથવા બીજા ભાંગાની અપેક્ષાએ માત્ર લિંગથી સાધર્મિક હોય એવા, સંઘમાં રહેનારા સાધુઓજ પ્રસ્તુતમાં લેવા. એટલે કે સામાન્યકેવલિ, સ્વયંબુદ્ધ અને સામાન્યસાધુને જ પ્રસ્તુતમાં સાધુ તરીકે લેવા. કારણ કે તીર્થંકર અને પ્રત્યેકબુદ્ધ તેઓ સાધુ હોવા છતાં પ્રવચન અને લિંગથી અતીત છે. માટે તે બેને છોડીને સ્વયંબુદ્ધાદિ બાકી બધાને પ્રસ્તુતમાં સાધુ તરીકે લેવા કે જેઓની સાથે સાધર્મિકપણું જોવાનું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### 卐 प्रत्येकबुद्धाः कथम् संघातीताः 卐

अथ प्रवचनलिङ्गातीतत्वं शास्तुरस्तु प्रत्येकबुद्धानां च शेषयतितुल्यानां तत्कथमिति चेदुच्यते। तेऽपि सङ्घसमक्षमाचार्यादिसन्निधौ न लिङ्गप्रतिपत्तिं व्रतग्रहणं वा विदधति, नापि द्विविधां शिक्षां शेषां वा सामाचारीमपरपार्श्वे शिक्षंते किन्तु पूर्व्वाधीतश्रुतबलेन सर्व्वं स्वयं ज्ञात्वा कुर्व्वन्त्यनुष्ठानं लिङ्गं च देवता प्रयच्छति, अतः सम्पद्येत तेषां लिङ्गस्य प्रदान(नं)सङ्घांतर्वर्त्तित्वाभावात्(भावः), प्रवचनलिङ्गातीतत्वं तेषामेतावतोच्यते तत्त्वं तु बहुश्रुता विदन्ति। तत्र तीर्थकरः शास्ता स्वयंबुद्ध-प्रत्येकबुद्धयोश्च बोध्यु-पधिश्रुतलिङ्गकृतो विशेषस्तथाहि स्वयंबुद्धा बाह्यवृषभादिप्रत्ययमन्तरेणैव बुद्ध्यन्ते, प्रत्येकबुद्धास्तु न तद्विरहेण। उपधिस्तु स्वयंबुद्धानां द्वादशविधस्तत्र पात्रादीनि सप्त, कल्पत्रयम्, रजोहरणम् मुखवस्त्रिका च। प्रत्येकबुद्धानां नवविधोऽयमेव कल्पत्रयवर्ज्जः। श्रुते तु पूर्व्वभवाधीते स्वयंबुद्धा-नामनियमः, प्रत्येकबुद्धानां तु नियमः तच्चोभयोरपि जघन्यत एकादशाङ्गानि, उत्कृष्टस्तु भिन्नदशपूर्व्वाणीति, लिङ्गग्रहणं स्वयंबुद्धानामाचार्यसन्निधावपि। प्रत्येकबुद्धानां तु देवता समर्पयति।

### ● પ્રત્યેકબુદ્ધ સંઘથી અતીત કેમ ? ●

**પ્રશ્ન** :- તીર્થંકર સંઘથી-અતીત છે એ વાત બરાબર પણ, પ્રત્યેકબુદ્ધ તો શેષયતિતુલ્ય છે ને ? તો પણ તેઓને કેમ પ્રવચન-લિંગથી અતીત કહ્યાં ?

**ઉત્તર** :- કારણ કે તીર્થંકરની જેમ તેઓ પણ સંઘ સમક્ષ આચાર્યાદિની નિશ્રામાં લિંગ કે વ્રત લેતા નથી, બન્ને પ્રકારની શિક્ષા = ગ્રહણ શિક્ષા, આસેવન શિક્ષા કે સામાચારી બીજા પાસે શીખતા નથી, પરન્તુ પૂર્વે ભણેલ શ્રુતના બળે બધુંજ જાતે જાણીને અનુષ્ઠાન કરે છે અને લિંગ તો તેઓને દેવતા આપે છે.

આથી તેઓના લિંગનો પ્રદાનને આશ્રયીને સંઘાંતર્વર્તિત્વાભાવ થાય છે અર્થાત્ તેઓને લિંગ દેવો દ્વારા અપાતું હોવાથી તેઓ સંઘાંતર્વર્તિ ન ગણાય, આટલાથી તેઓનું પ્રવચન અને લિંગથી અતીતત્વ કહેવાય છે, તત્ત્વ તો બહુશ્રુતો જાણે.

તીર્થંકરપ્રભુ તો શાસનના નાયક છે, તીર્થ સ્થાપક છે. એટલે એમની વાત ન્યારી છે, પણ સ્વયંબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધનો [1]બોધિ-[2]ઉપધિ-[3]શ્રુત અને [4]લિંગથી ફરક પડે છે. તે આ પ્રમાણે –

**સ્વયંબુદ્ધ** → (૧) બાહ્ય બળદાદિના નિમિત્ત વિનાજ બોધ પામે.

(૨) ૧૨ પ્રકારની ઉપધિ હોય છે. તેમાં પાત્રાદિ-૭ + કલ્પ-૩ (બે સુતરાઉ કપડા + ઉનનો કપડો = કામળી) + ઓઘો મુહપત્તી-૨ = ૧૨. (સ્વયંબુદ્ધ ગચ્છમાં રહે તો બધા જ વ્યવહારો પાળે, પણ એકાકી વિચરે તો એમના માટે કોઈજ વ્યવહાર નથી. इति पूज्य-जयघोषसूरयः)

(૩) પૂર્વભવમાં શ્રુત ભણ્યા જ હોય એવો નિયમ નથી. (જઘન્યથી ૧૧ અંગ અને ઉત્કૃષ્ટથી ૧૦ પૂર્વ પૂર્ણ નહિ)

(૪) લિંગગ્રહણ આચાર્યાદિની નિશ્રામાં હોય કે ન પણ હોય.

**પ્રત્યેક બુદ્ધ** :- (૧) બાહ્ય નિમિત્તથી બોધ પામે. (૨) કલ્પ-૩ છોડીને ૯ પ્રકારની ઉપધિ રાખે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इदानीं प्रवचनलिङ्गचतुर्भङ्ग्या भङ्गकेषु कल्पाकल्पविधिरुच्यते। तत्र तृतीयभङ्गवर्त्तियत्यर्थं यत्कृतं तदकल्पम् प्रकान्तसाधूनां सर्व्वयतीनां तृतीयभङ्गत्वात्। चतुर्थभङ्गवर्त्तिसाध्वर्थं च कृतं कल्पमेव। अत एव सूत्रकारोऽपि तृतीयभङ्गेऽकल्पतां प्रदर्श्य एतद्वर्जशेषभङ्गत्रये कल्पाकल्पविभागं दर्शयितु-माह। 'पत्तेयबुद्ध'त्ति, प्रत्येकबुद्धनिह्नवतीर्थकराणामर्थाय प्रत्येकबुद्धादिनिमित्तं कृतमशनादि। पुनः शब्दः प्रथमद्वितीयभङ्गयोर्भजनया कल्पाकल्पविभागसूचनार्थः। अत एव द्वितीयभङ्गे भजनां प्रतीत्य सूत्रकृता निह्नवार्थाय कृतं कल्पमुक्तम्। 'कप्पे'त्ति कल्पते ग्राह्यं स्यादित्यर्थः। तथा च तीर्थकरार्थाय यत्कृतं देवैः समवसरणं देशनाश्रवणार्थमुपवेशनादिना यथा यतीनां परिभोगोचितं स्यादेवं तदर्थं कृतमशनाद्यपि कल्पते प्रक्रान्तसर्व्वयतीनामिति एतेन प्रत्येकबुद्धतीर्थकरार्थं कृतस्य कल्पताभणनाच्च-तुर्यभङ्गे कल्पता दर्शिता। ननु यदि तीर्थकरार्थं कृतमाधाकर्म्म न स्यात्तदा यद्भक्त्या तदर्थं निष्पादितमनिश्राकृतं भवनं तत्र किमिति न निवासादि क्रियते ? उच्यते, महाशातनादोषभावात्।

उक्तं च- **'जइ वि, न आहाकम्मं, भत्तिकयं तहवि वज्जयंते हि।**

**भत्ती खलु होइ कया, इहरा आसायणा परमा'**।।१।।

---

(સામાન્યથી પ્રત્યેકબુદ્ધમુનિ સમુદાયના સાધુ રસ્તામાં મળે તો ય 'मत्थएण वंदामि' ન કહે, ગચ્છમાં રહેલા વિશિષ્ટ આચાર્ય કરતા પણ તેઓનું સ્થાન મોટું છે. इति पूज्य-जयघोषसूरयः)

(૩) પૂર્વભવે શ્રુત નિયમા ભણ્યા હોય છે. (જઘન્યથી ૧૧ અંગ અને ઉત્કૃષ્ટથી ૧૦ પૂર્વ પૂર્ણ નહિ) (૪) લિંગ સમર્પણ દેવતા કરે.

હવે પ્રવચન અને લિંગથી બનેલ ચતુર્ભંગી વિષયક કલ્પ્ય-અકલ્પ્ય વિધિને કહે છે.

ત્રીજા ભાંગામાં આવતા યતિ માટે કરેલ હોય તે અકલ્પ્ય છે કારણ કે ઉપરોક્ત સ્વયંબુદ્ધ વગેરે બધા સાધુઓ આ ત્રીજા ભાંગામાં આવી જાય છે.

ચોથા ભાંગામાં સાધુઓ માટે કરેલું અર્થાત્ તીર્થંકર, પ્રત્યેકબુદ્ધ આદિ માટે કરેલું સ્વયંબુદ્ધાદિ સાધુઓને કલ્પ્ય જ છે. આથી જ, સૂત્રકાર = મૂળકારશ્રીએ પણ ત્રીજા ભાંગામાં અકલ્પતા દર્શાવીને આ ત્રીજા ભાંગા સિવાય શેષ ત્રણ ભાંગામાં કલ્પ-અકલ્પ વિભાગને બતાવતા કહે છે.

'पत्तेयबुद्ध-निण्हय-तित्थयरट्ठाए' = 'प्रत्येकबुद्ध-निह्नव-तीर्थकराणामर्थाय' = પ્રત્યેકબુદ્ધ, નિહ્નવ, તીર્થંકર આદિ નિમિત્તે કરેલા અશનાદિ, 'पुण' = 'पुनः' = આ 'પુનઃ' શબ્દ એ પ્રથમ અને દ્વિતીય ભાંગાની ભજના = વિકલ્પપૂર્વકના કલ્પ-અકલ્પના વિભાગને સૂચવનાર છે. આથી જ, બીજા ભાંગાની ભજનાને લઈને સૂત્રકાર = મૂળકારશ્રીએ નિહ્નવ માટે કરેલું કલ્પે છે એમ કહ્યું છે. **'कप्पे'** = **'कल्पते'** = કલ્પ્ય છે.

તીર્થંકર માટે દેવો દ્વારા જે સમવસરણ રચાય છે તે દેશનાશ્રવણ માટે બેસવા વગેરે દ્વારા સાધુઓને પરિભોગને ઉચિત બને છે. એજ રીતે તેઓ માટે કરેલ અશનાદિ પણ સ્વયંબુદ્ધાદિ સર્વ સાધુઓને કલ્પે છે.. આમ કહેવા દ્વારા પ્રત્યકબુદ્ધ-તીર્થંકર માટે કરેલાને કલ્પ્ય કહીને ચોથા ભાંગામાં કલ્પતા બતાવી છે.

**પ્રશ્ન** :- જો તીર્થંકર માટે બનાવેલું આધાકર્મ થતું નથી, તો જે ભક્તિપૂર્વક તેઓ માટે બનાવેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ स्वयंबुद्धाद्यर्थं कृतम् तीर्थकरादीनां कल्पते, तद्विषयक-भगवतीसूत्रपाठः ॥

शेषयतीनामर्थाय च कृतं तीर्थकरादीनां कल्पते प्रवचनलिंगोत्तीर्णत्वात्तेषामिति। तीर्थकराद्यर्थं च कृतं तीर्थकरादीनामकल्पमेवेत्यनुक्तमपि दृश्यम्। तथा च **व्याख्याप्रज्ञप्त्यां** श्रूयते। गोशालकमुक्त-तेजोलेश्याव्यथाजातातीसारस्य भगवतस्तद्व्यथोपशमनाय रेवतीश्राविकया वैद्यवचनेन स्वार्थं भगव-दर्थाय च निष्पादिते औषधद्वये भगवद्व्यथावलोकनेनाधृतिं कुर्व्वाणस्य सिंहानगारस्य गृहार्थ-निष्पन्नौषधानयनाय प्रेषितस्य तन्मुख्येन स्वार्थनिष्पन्नस्य तस्य भगवते च क्रियमाणस्यानयननिषेधः। यदि च तत्तस्य कल्पं स्यात्तदा किमिति निषेधमकार्षीदसाविति एवं प्रत्येकबुद्धार्थं कृतं तेषामेवतद-कल्पं। यद्येवं तीर्थकरार्थं देवैः समवसरणादि कृतं कथमसावुपभुङ्क्ते ? उच्यते, तीर्थकरनामकर्म्मवि-पाकस्येत्थं तेन वेद्यमानत्वाददोषः। नन्वत्रैकादशप्रतिमास्थश्रावकाणामपि तृतीयभङ्गावतारितत्वात्तदर्थं कृतमशनादि साधूनां कल्पमकल्पं वा ? उच्यते, गृहस्थत्वादयावज्जीविकलिङ्गत्वाच्च तेषां तदर्थं

---

અનિશ્રાકૃતભવન = સકલશ્રીસંઘના દેરાસરજીમાં રહેવાનું વગેરે કેમ કરાતું નથી ?

**ઉત્તર** :- એમાં મહાઆશાતના દોષ લાગવાથી એ વર્જવાનું છે, કહ્યું છે કે, જો કે (શ્રાવકોએ તીર્થંકરો પ્રત્યેની) ભક્તિથી જિનાલય બનાવેલું હોય, તો એ બીજા સાધુઓ માટે આધાકર્મી નથી. તો પણ તે જિનાલયનો ત્યાગ કરતા (એમાં નહિ રહેતા) સાધુઓ વડે પ્રભુની ભક્તિ કરાયેલી થાય. પણ જો સાધુઓ એમાં રહે તો મોટી આશાતના થાય.

## • સ્વયંબુદ્ધાદિ માટે કરેલું તીર્થંકરાદિને કલ્પે તે વિષયક ભગવતીનો પાઠ •

સ્વયંબુદ્ધાદિ એટલે કે સ્વયંબુદ્ધ-સામાન્યકેવલી-સામાન્યસાધુ માટે કરેલું એ તીર્થંકરાદિને કલ્પે છે કારણ કે તેઓ પ્રવચન અને લિંગથી ઉત્તીર્ણ છે અને તેજ રીતે, તીર્થંકરાદિ માટે કરેલું એ તીર્થંકરાદિ માટે અકલ્પ્ય જ છે. આ વાત ન કહેલી હોવા છતાં પણ સમજી લેવી. **શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (શ્રી ભગવતી) આગમ**માં આ પ્રમાણેના શબ્દો સંભળાય છે "ગૌશાળાએ પ્રભુવીર પર તેજોલેશ્યા છોડ્યા બાદ એની વ્યથાથી પ્રભુને અતિસાર થયો. પ્રભુની તે વ્યથાના ઉપશમન માટે વૈદ્યના વચનથી રેવતી શ્રાવિકાએ પોતાના માટે અને પ્રભુ માટે એમ બે ઔષધ તૈયાર કર્યા. પ્રભુની વેદનાને જોવાને અસમર્થ બનેલા મુનિ સિંહઅણગારને પ્રભુએ રેવતિ શ્રાવિકાએ ઘર માટે બનાવેલ ઔષધ લાવવા મોકલ્યા." એટલે કે પ્રભુ માટે કરેલ ઔષધ લાવવાનો નિષેધ કરાયો હતો. તેથી આ વાત સિદ્ધ થાય છે કે તીર્થંકર માટે બનાવેલું તીર્થંકરને ન કલ્પે. જો એ કલ્પ્ય હોત તો પ્રભુએ કેમ તેનો નિષેધ કર્યો હતો ?

આ જ રીતે પ્રત્યેકબુદ્ધ માટે કરેલું પ્રત્યેકબુદ્ધ માટે જ અકલ્પ્ય છે. (પણ તીર્થંકરને કલ્પે છે, એજ રીતે તીર્થંકર માટે બનાવેલું તીર્થંકરનેજ ન કલ્પે પણ પ્રત્યેકબુદ્ધાદિને કલ્પે આટલી વાત અધ્યાહારથી જાણવી.)

**પ્રશ્ન** :- જો તીર્થંકર માટે કરેલું તીર્થંકરને ન કલ્પે તો તીર્થંકર માટે રચેલા સમવસરણમાં તેઓ = તીર્થંકર કેમ બેસે છે ?

**ઉત્તર** :- તીર્થંકર નામકર્મનો વિપાક એજ રીતે વેદાય છે માટે એમાં દોષ નથી.

**પ્રશ્ન** :- અગ્યારમી પ્રતિમામાં રહેલા શ્રાવકો પણ ત્રીજા ભાંગામાં અવતાર પામે છે. તો તેઓ માટે કરેલ અશનાદિ સાધુઓને કલ્પે કે ન કલ્પે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कृतमशनादि साधूनां कल्पत एवेति वृद्धाः। केचित्साधुकल्पत्वादेतेषामपि ग्रहणं न कुर्व्वन्ति। तन्मतेनैते सर्वसाधुग्रहणग्राह्याः।

### 卐 प्रथमद्वितीयभङ्गे भजना 卐

प्रथमद्वितीयभङ्गभजना त्वेवं ज्ञेया। यथैकादशप्रतिमास्थवर्जश्रावकार्थं कृतमशनादिकं प्रक्रान्तसाधूनां कल्पं गृहस्थत्वाल्लिंगरहितत्वाच्च तेषां। चौरादिमुषितलिंगसाध्वर्थं कृतं त्वकल्पं भावतो लिङ्गयुत-साधुत्वात्तेषामिति प्रथमभङ्गे भजना। द्वितीये त्वेवं, यथा लोके निह्नवा निह्नवत्वेन यदि ज्ञाता स्युस्तदा तदर्थं कृतं कल्पं सङ्घबाह्यत्वात् तेषां, यदि त्वज्ञातास्तदा अकल्पम्, तेषां व्यवहारेण सङ्घान्तर्वर्त्तित्वात्। अथ यथा कश्चित् स्नेहान्निजपित्रादेः साधोर्जीवतो मृतस्य वा काष्ठमयीं पाषाणादिमयीं प्रतिमां वा कारयति, तस्याश्चाग्रतो ढौकनाय बल्यादिकं निष्पादयति, तदा तस्याः अन्येषां तत्समानधर्म्माणां जीवतां स्थापनासाधर्मिकत्वात् तत्पुरतो ढौकितमढौकितं वा तद्बल्यादिकं साधूनां कल्पमकल्पं वा ? अत्रोच्यते, रजोहरणादियुक्ताकारेण पितृतुल्यस्यैवेदं दातव्यमिति कर्तुः सङ्कल्पेन कृतत्वात् तु तत्साधूनामकल्पम् पितृतुल्यसाधवे दास्यामीति साधुसङ्कल्पेन कृतत्वात्।

---

**ઉત્તર** :- તેઓમાં ગૃહસ્થપણું હોવાથી અને આજીવન લિંગપણું ન હોવાથી, તેઓ માટે કરેલું સાધુને કલ્પે જ છે. એ પ્રમાણે વૃદ્ધવાદ છે. કેટલાકના મતે અગ્યારમી પ્રતિમાવાળા સાધુ તુલ્ય હોવાથી એમને માટે બનાવેલ ગ્રહણ કરાતું નથી.

### ● પ્રથમ તથા બીજા ભાંગાની ભજના ●

પ્રથમ ભાંગાની ભજના આ પ્રમાણે જાણવી. ૧૧ મી પ્રતિમાના શ્રાવકને છોડીને શેષ શ્રાવકો માટે કરેલ અશનાદિ સાધુને કલ્પે છે કેમકે, તેઓમાં શ્રાવકપણું છે અને લિંગરહિતપણું છે.

ચોર વગેરેએ જેમના લિંગની ચોરી કરી હોય એવા સાધુ માટે કરેલું અકલ્પ્ય છે, કારણ કે તે સાધુમાં ભાવથી લિંગપણું હોય છે.

બીજા ભાંગાની ભજના આ પ્રમાણે કે નિહ્નવ જો નિહ્નવ તરીકે જાહેર થયા હોય તો એમના માટે કરેલું સાધુને કલ્પે છે કારણ કે તેઓ સંઘની બહાર છે. પણ જો નિહ્નવ જાહેર ન થયા હોય તો ન કલ્પે કારણ કે વ્યવહારથી તેઓ સંઘમાં છે.

**પ્રશ્ન** :- કોક ગૃહસ્થ સ્નેહથી પોતાના પિતામુનિ વગેરેની મૂર્તિ, એમની હયાતીમાં જ કે કાળ કરી ગયા બાદ લાકડાની કે પાષાણની બનાવે અને તેની આગળ ધરવા માટે બલિ વગેરે તૈયાર કરે, ત્યારે તે મૂર્તિ, શેષ સાધર્મિક જીવતા સાધુ માટે સ્થાપના સાધર્મિક હોવાથી, તેની આગળ ધરેલ કે નહીં ધરેલ બલિ વગેરે સાધુઓને કલ્પે કે ન કલ્પે ?

**ઉત્તર** :- 'રજોહરણાદિથી યુક્ત આકારવાળા પિતાતુલ્ય સાધુને જ આ આપવું' એવા સંકલ્પ પૂર્વક કરાયેલ હોય તો તે અકલ્પ્ય છે. પણ જો સાધુનો સંકલ્પ ન કર્યો હોય અને માત્ર ભક્તિથી કરે તો તે કલ્પ્ય છે. પરન્તુ એમાં યતિપ્રસંગ દોષ આવી જવાથી એટલે કે, સાધુ જો એ ગ્રહણ કરતા રહે તો પછી સંકલ્પપૂર્વક પણ બનાવતા થઈ જાય, માટે એ કલ્પે નહિં. (**યતિપ્રસંગ દોષ** :- ૨-૪ વાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भक्तिमात्रकृतं तु साधुसङ्कल्परहितं कल्प्यं (परं) यतिप्रसङ्गदोषात् (कल्प्यं)न स्यात्। एवं तत्कालं मृतस्य साधोर्निर्ज्जीवशरीरस्य तत्पुत्रादिना पुरतो ढौकनाय कृतमशनादि ढौकितमढौकितं वा साधुसङ्कल्परहितमपि तदकल्प्यं अहो निःशूकाः सितपटा ये मृतकभक्तमपि न त्यजन्तीत्यादि-जुगुप्सासद्भावादित्यलं विस्तरेण इति गाथार्थः।।१२।।

**अवतरणिका**— उक्तं यस्येतिद्वारमथ यथेति द्वारं व्याचिख्यासुः यैः प्रकारैस्तत् स्यात्तान् प्रकारान् प्रतिषेवादीन् सदृष्टान्तानभिधातुमाह।

**मूलगाथा— पडिसेवण१ पडिसुणणा२ संवास३ णुमोयणेहिं४ तं होइ।**
**इह तेण१ रायसुय२ पल्लि३ रायदुट्ठेहिं दिट्ठंता।।१३।।**

संस्कृतछाया— प्रतिषेवणा-प्रतिश्रवणा-संवासाऽ-नुमोदनादिभिः तद् भवति ।
आसु स्तेन-राजसुत-पल्ली-राजदुष्टैः दृष्टांताः ।।१३।।

卐 **प्रतिषेवणादिचतुष्प्रकारै आधाकर्म्म** 卐

**व्याख्या**— प्रतिषेवणं प्रतिषेवणा प्रतिषेवेत्येकोऽर्थः, आसेवेति तत्त्वं। प्रतिश्रवणं प्रतिश्रवणा

---

યતિના સંકલ્પ વિના બનાવ્યું હોય પણ તેને જો યતિ ગ્રહણ કરે તો પછી યતિના સંકલ્પ પૂર્વક બનાવતા થઈ જાય. इति पूज्य-जयघोषसूरयः)

તે જ રીતે, તાજેતરમાં જ કાલ પામેલ નિર્જીવ સાધુશરીરની આગળ ધરવા માટે પુત્રાદિએ કરેલ આહારાદિને ધર્યું હોય કે ન ધર્યું હોય તે, સાધુસંકલ્પરહિત હોય તો પણ ન કલ્પે, કારણ કે એ લેવામાં જુગુપ્સા થવાની શક્યતા છે કે 'આ શ્વેતાંબર સાધુઓ નિષ્ઠુર છે કે જેઓ મરેલા માટે બનાવેલાને પણ છોડતા નથી.' હવે આગળ વધારે વિસ્તાર કરવાથી સર્યું.॥૧૨॥

**અવતરણિકા** :- આ પ્રમાણે **'यस्य'** દ્વાર પુરું થયું. હવે **'यथा'** દ્વારનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાવાળા જે પ્રકારો વડે આધાકર્મ થાય છે, તે પ્રતિસેવનાદિ પ્રકારોને દૃષ્ટાંતપૂર્વક કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **पडिसेवण** = પ્રતિષેવણા, **पडिसुणणा** = પ્રતિશ્રવણા, **संवास** = સાથે રહેવું, **अणुमोयणेहिं** = અનુમોદના વડે, **तं** = તે આધાકર્મ, **होइ** = થાય છે, **इह** = આ વિષયમાં, **तेण** = ચોર, **राजसुय** = રાજપુત્ર, **पल्लि** = ચોરની પલ્લી, **रायदुट्ठेहिं** = રાજદુષ્ટ વડે, **दिट्ठंता** = દૃષ્ટાંતો.॥૧૩॥

**મૂળગાથા-ગાથાર્થ** :- ૧) પ્રતિષેવણા (એટલે આધાકર્મ દોષવાળા આહારાદિનું ભક્ષણ, ૨) પ્રતિશ્રવણા એટલે આધાકર્મ દોષવાળા આહારાદિના નિમંત્રણનો સ્વીકાર, ૩) સંવાસ એટલે આધાકર્મ દોષવાળા આહારાદિ વાપરનારની સાથે રહેવું અને ૪) અનુમોદના એટલે આધાકર્મ દોષવાળા આહારાદિ વાપરનારની પ્રશંસા. આ ચારે પ્રકારના વર્તનથી આધાકર્મ દોષનો કર્મબંધ લાગે છે. તે દરેક પ્રકાર ૧) ચોર ૨) રાજપુત્ર ૩) પલ્લી અને ૪) રાજદુષ્ટના દૃષ્ટાંત દ્વારા ત્યાજ્ય જાણવા.॥૧૩॥

**• પ્રતિષેવાના આદિ ચારે પ્રકારો વડે આધાકર્મ થાય છે •**

**વ્યાખ્યાર્થ** :- 'पडिसेवण' = 'प्रतिषेवणं-प्रतिषेवणा-प्रतिषेवा' આ બધા એકાર્થ શબ્દો છે એટલે કે, આસેવા કરવી અર્થાત્ વાપરવું, 'पडिसुणणा' = 'प्रतिश्रवणं-प्रतिश्रवणा-अभ्युपगमाः' આ એકાર્થ શબ્દો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अभ्युपगमाः। संवसनं संवासः एकत्रावस्थानम्। अनुमोदनमनुमोदना अनुमतिः। प्रतिषेवणा च प्रतिश्रवणा चेत्यादि द्वन्द्वस्ताभिः प्रतिषेवणादिभिरासेवाप्रभृतिभिश्चतुर्भिः प्रकारैस्तदित्याधाकर्म्म तद्भोगादिजन्यः कर्म्मबन्ध इति तत्त्वं, भवति जायते। एतासां स्वरूपं सूत्रकार एव वक्ष्यति। अधुनैतद्विषयान् दृष्टान्तानाह। इहेति आस्वेतासु प्रतिषेवणादिषु यथाक्रमं स्तेनराजसुतपल्लीराज-दुष्टैर्दृष्टान्ता उदाहरणानि वाच्यानि। तत्र प्रतिषेवणायां स्तेनाश्चौरा दृष्टान्त इति सर्वत्र योज्यम्। प्रतिश्रवणायां राजसुतो नृपपुत्रः। संवासे पल्ली, भिल्लसन्निवेशः। अनुमोदनायां राजदुष्टो नृपावरोधा-पराधकारीति। एतांश्च प्रतिषेवणादिस्वरूपाभिधायकं गाथाद्वयं व्याख्याय ग्रन्थविस्तरलाघवार्थं विनेया-संमोहार्थं च पश्चाद् वक्ष्याम इति गाथार्थः।।१३।।

**अवतरणिका**— अधुना प्रतिषेवणादिस्वरूपाभिधानायाह।

**मूलगाथा— सयमन्नेण च दिन्नं, कम्मियमसणाइ खाइ पडिसेवा।**
**दक्खिन्नादुवओगे, भणिओ लाभो त्ति पडिसुणणा।।१४।।**

---

છે. એટલે કે સ્વીકાર કરવો, 'संवास' = 'संवसनम्-संवासः-एकत्रावस्थानम्' આ એકાર્થ શબ્દો છે એટલે કે, એક જગ્યાએ સાથે રહેવું, 'अणुमोयणेहिं' = 'अनुमोदनम्-अनुमोदना-अनुमतिः' આ એકાર્થ શબ્દો છે એટલે કે, પ્રશંસા-અનુમોદના કરવી.

'प्रतिषेवणा च प्रतिश्रवणा च संवासश्च अनुमोदना च' આમ દ્વન્દ્વ સમાસ કર્યાથી 'प्रतिषेवणा-प्रतिश्रवणा-संवास-अनुमोदनाभिः' થાય છે. 'तं होइ' = 'तद् भवति' = પ્રતિષેવણા આદિ ચાર પ્રકારો વડે આધાકર્મ થાય છે એટલે કે તેના ભોગથી જન્ય કર્મબંધ થાય છે. આ ચારેયનું સ્વરૂપ મૂળકારશ્રી પોતેજ આગળ કહેશે.

હાલમાં, આ ચાર વિષયક દૃષ્ટાંતોને કહે છે 'इह' = 'आसु' = આ પ્રતિષેવણાદિને વિષે, ક્રમ પ્રમાણે, 'तेण-रायसुय-पल्लि-रायदुट्ठेहिं दिट्ठंता' = 'स्तेन-राजसुत-पल्ली-राजदुष्टैः दृष्टान्ताः' = ચોર, રાજપુત્ર, પલ્લી અને રાજદુષ્ટના દૃષ્ટાંતો જાણવા, 'प्रतिषेवणा' માં ચોરનું દૃષ્ટાંત, 'प्रतिश्रवणा' માં રાજપુત્રનું દૃષ્ટાંત, 'संवास' માં પલ્લી = ભીલની પલ્લીનું દૃષ્ટાંત અને અનુમોદનામાં રાજાના અન્તઃપુરના અપરાધીનું દૃષ્ટાંત જાણવું.

આ દૃષ્ટાંતોને પ્રતિષેવણા, પ્રતિશ્રવણાદિના સ્વરૂપને કહેનાર બે ગાથાઓ કહીને ગ્રન્થવિસ્તારના લાઘવ માટે તથા વિનેય = શિષ્યોને સંમોહ ન થાય માટે પાછળથી કહીશું.।।૧૩।।

**અવતરણિકા** :- હવે પ્રતિષેવણા આદિના સ્વરૂપને કહે છે.—

**મૂળગાથા-શબ્દાર્થ** :- **सयं** = પોતે લાવેલ, **अन्नेण** = બીજા એ, **च** = અને, **दिन्नं** = લાવી આપેલ, **कम्मियम्** = આધાકર્મિક, **असणाइ** = અશનાદિ, **खाइ** = વાપરે, **पडिसेवा** = પ્રતિષેવણા, **दक्खिन्नात्** = દાક્ષિણ્યતાથી, **उवओगे** = ઉપયોગનાં આદેશમાં, **भणिओ** = કહ્યો, **लाभोत्ति** = લાભએ, **पडिसुणणा** = પ્રતિશ્રવણા.।।૧૪।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**संवासो सहवासो, कम्मियभोइहिं तप्पसंसाउ।**
**अणुमोयणत्ति तो ते, तं च चए तिविहतिविहेण।।१५।।**

**संस्कृतछाया-** **स्वयमन्येन वा दत्तं कार्म्मिक-अशनादि खादति प्रतिषेवा।**
**दाक्षिण्यादुपयोगे भणितो लाभ इति प्रतिश्रवणा ।।१४।।**
**संवासः सहवासः कार्म्मिकभोक्तृभिस्तत् प्रशंसा तु।**
**अनुमोदनेति ततस्तांस्तं च त्यजेत्त्रिविधत्रिविधेन ।।१५।।**

**卐 प्रतिषेवणायाः स्वरूपम् 卐**

**व्याख्या**- स्वयमात्मना गृहादानीयान्येन वा अपरसाधुना, वा विकल्पे, दत्तं गृहादानीयान्यस्य साधोः समर्प्पितमाधाकर्म्मिकं पूर्वोक्तमशनादि भक्तादिकं खादत्यश्नाति यः साधुस्तस्य प्रतिषेवा भवति। अयमभिप्रायः- इहाकृत्यमाधाकर्म्मासेवनमेतदिति केनापि निवार्यमाणोऽपि रसगृद्ध्या तद्वचोऽवगणय्य कूटोपमां च तदग्रतोऽभिधाय यथा परहस्तेनाङ्गारानाकर्षयन् यथासौ न दह्यते किन्तु परहस्त एव दह्यते, यथा वा मृगादेर्ग्रहणाय यो व्याधः कूटं रचयति तस्यैवापराधो न तु तत्र

---

**મૂળગાથા-ગાથાર્થ** :- આધાકર્મિક આહારાદિ સાધુ પોતે લાવીને વાપરે અથવા બીજા સાધુએ લાવીને આપેલો વાપરે તે **પ્રતિષેવણા** ૧), આધાકર્મિક આહારાદિ વાપરનાર શિષ્ય જ્યારે ઉપયોગનો કાઉસ્સગ્ગ કર્યા પછી દાક્ષિણ્યતા વગેરે કારણથી ગુરુ 'લાભ' એ પ્રકારનો ઉત્તર આપે. તે **પ્રતિશ્રવણા** ૨).॥૧૪॥

**મૂળગાથા-શબ્દાર્થ** :- **संवासो** = સંવાસ, **सहवासो** = સાથે રહેવું તે, **कम्मियभोइहिं** = આધાકર્મી વાપરનારની સાથે, **तप्पसंसाउ** = આધાકર્મ વાપરનારના પ્રશંસાથી, **अणुमोयणति** = અનુમોદના, **तो** = તે કારણથી, **ते** = તે ચારે પ્રકાર, **तं** = સાધુને માટે બનાવેલ અશનાદિ, **च** = અને, **चए** = ત્યાગ કરે, **तिविहतिविहेण** = ત્રિવિધત્રિવિધે.॥૧૫॥

**મૂળગાથા-ગાથાર્થ** :- આધાકર્મિક આહારાદિ વાપરનાર સાધુઓની સાથે એક સ્થાનમાં વસવું તે સંવાસ ૩), આધાકર્મ વાપરનારની પ્રશંસા કરવી તે અનુમોદના ૪). પ્રતિષેવણાદિ ચારે પ્રકારો (દુર્ગતિમાં લઈ જનારા આધાકર્મિકભોગજન્ય પાપના કારણભૂત છે માટે તે ચારે પ્રકારો) તથા આધાકર્મિક અશનાદિને મન, વચન અને કાયાથી કરવા, કરાવવા અને અનુમોદનાએ કરીને છોડવા.॥૧૫॥

**• પ્રતિષેવણાનું સ્વરૂપ •**

**વ્યાખ્યાર્થ** :- 'प्रतिषेवा' :- 'सयमन्नेण च' = 'स्वयमन्येन वा' = પોતે ગૃહસ્થના ઘરમાંથી લાવીને, 'च' = 'वा' = વિકલ્પના અર્થમાં છે. અથવા બીજા સાધુ વડે લાવીને, 'दिन्नं' = 'दत्तं' = આપેલું, 'कम्मियम्' = 'आधाकर्म्मिकं' = આધાકર્મી, 'असणाइ' = 'अशनादि' = પૂર્વોક્ત અશન વગેરેને જે સાધુ, 'खाइ' = 'अश्नाति' = ખાય તે તેની = તે સાધુની પ્રતિષેવા થાય છે. કહેવાનો અભિપ્રાય આ છે કે 'આધાકર્મનું સેવન એ અકૃત્ય છે' એમ કોક સાધુ વડે નિવાર્યા છતાં પણ રસની ગૃદ્ધિથી તેમના વચનને અવગણીને ખોટી ઉપમા = દૃષ્ટાંત બતાવીને તેમને સામો જવાબ આપે કે, 'બીજાના હાથે અંગારાને મંગાવનાર જેમ દાઝે નહિ પણ લાવનારના જ હાથ દાઝે છે અથવા જેમ હરણને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पततोऽपि मृगादेरित्येवमत्राप्याधाकर्म्मिकाहारं ददत एव साधोर्गृहस्थस्य वा कर्म्मबन्धो नतु मम तद्भुंजानस्येत्येवमभिप्रायवतो लाम्पट्यान्निःशूकत्वाच्च तद्भक्षयतः साधोः प्रतिषेवा स्यात्।

卐 प्रतिश्रवणायाः स्वरूपम् 卐

तथा दाक्षिण्यं प्रतीतं आदिग्रहणाद्भयस्नेहसम्बन्धादिग्रहः। ततो दाक्षिण्यमादिर्यस्य तत्तथा विभक्तिलोपात्तेन दाक्षिण्यादिना, मनसोऽन्यथाभावपरिहारायाधाकर्म्मादायकस्य शिष्यस्य संमुखमुपयोगे भक्तादिग्रहणमुत्कलनादिकारकेऽनुष्ठानविशेषे लाभ इति लाभं यो गुरुर्भणति इतिशब्दाच्च श्राविकया करोटिकयेदं दत्तमित्याकारेण प्रकान्ते आधाकर्म्माहारे निवेदिते सति शोभनं जातं यत्त्वयेदं लब्धमिति वा, यो भणतीति गृह्यते। तदित्थं तस्य गुरोर्भणतो जल्पतः प्रतिश्रवणा भवतीति गाथार्थः।।१४।।

卐 सहवासाऽनुमोदनयोः स्वरूपम् 卐

'संवासो'त्ति आधाकर्मिकभोजिभिराधाकर्म्मिकभोक्तृभिः साधुभिः सह यः सहवास एकत्रस्थानं स संवासोऽभिधीयते। अनुमोदना पूर्वोक्तार्था भवति। केत्याह तप्पसंसाउ त्ति तत्प्रशंसा आधाकर्म्मिभोक्तृप्रशंसा यथा सुखपारणकसुखदेवसिके भवताम्। यद्वा शोभना एते ये मिष्टाहारेण

---

પકડવા માટે શિકારી જાળને પાથરે તો તેમાં એનોજ અપરાધ છે નહિ કે તેમાં પડતા હરણોનો, એજ રીતે આધાકર્મ લાવી આપનારને અથવા વહોરાવનાર ગૃહસ્થને જ કર્મબંધ થાય. પણ ખાનાર એવા મને નહિ" આવા અભિપ્રાયથી, રસ લંપટતા અને નિષ્ઠૂરતાપૂર્વક આધાકર્મ ખાનાર સાધુની આ પ્રતિષેવા થાય છે.

## • પ્રતિશ્રવણાનું સ્વરૂપ •

'प्रतिश्रवणा' :- 'दक्खिन्नादुवओगे' = 'दाक्षिण्यादिना उपयोगे' = દાક્ષિણ્યનો અર્થ તો પ્રતીત છે. 'आदि' પદથી ભય-સ્નેહ-સંબંધ વગેરેનું ગ્રહણ કરવું. દાક્ષિણ્ય છે આદિમાં જેને તે દાક્ષિણ્યાદિ કહેવાય છે..અહીં તૃતીય વિભક્તિનો લોપ થયો હોવાથી 'दाक्षिण्यादिना' એવો અર્થ કરવો એટલે કે, દાક્ષિણ્યઆદિના કારણે, જે ગુરુ, આધાકર્મી લાવનાર શિષ્યના મનને ખોટું ન લાગી જાય એના ભાવને જાળવી રાખવા માટે, 'उवओगे' = 'उपयोगे' = ઉપયોગની ક્રિયામાં = ગોચરી વગેરે લેવા જતી વખતે ગુરુ પાસે રજા લેવા જવાના અનુષ્ઠાન વિશેષમાં 'भणिओ लाभो त्ति' = 'भणति लाभः इति' = 'લાભ' એ પ્રમાણે શબ્દ બોલે એટલે કે, તમને ગોચરીનો લાભ થજો એમ કહે, અથવા 'इति' શબ્દનો આ અર્થ જાણવો કે 'આ શ્રાવિકા વડે આ રીતે કટોરી = વાટકી (કડછી) વડે અપાયેલું આ આધાકર્મ છે' એ પ્રમાણે સ્પષ્ટપણે આધાકર્મનું નિવેદન કરે ત્યારે, 'સારું થયું આ તમને મળી ગયું.' એમ જે બોલે તે ગુરુની, 'पडिसुणणा' = 'प्रतिश्रवणा' = સ્વીકાર થાય છે.

## • સહવાસ અને અનુમોદનાનું સ્વરૂપ •

૧૫મી ગાથાનો વ્યાખ્યાર્થ :- 'संवासो सहवासो' = 'संवासः सहवासः कर्म्मिकभोक्तृभिः' = આધાકર્મ ખાનાર સાધુઓ સાથે જે સહવાસ એટલે કે તેઓની સાથે એક સ્થાનમાં રહેવું તેને સંવાસ કહેવાય છે. 'अणुमोयण त्ति' = 'अनुमोदना इति' = અનુમોદના. અનુમોદનાનો અર્થ પૂર્વોક્ત પ્રમાણે જાણવો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जीवन्तीति। यद्वा तस्याधाकर्म्मिकभक्तादेर्गुणानाश्रित्य प्रशंसतः प्रशंसा अनुमोदना भवति। यथा कश्चित् साधुराधाकर्मिकं भुञ्जानं साधुं दृष्ट्वा वक्ति यथा मिष्टमिदं त्वया लब्धं, परिपूर्णं भक्त्या बुभुक्षाप्रस्तावे वसन्तादिकर्तुयोग्यं सघृतादीत्येवं तद्गुणविकत्थनं कुर्वतस्तस्याभुञ्जानस्यानुमोदना भवति। तु शब्दश्चैतासामेव गुरुलघुत्वादिविशेषसूचनार्थः। तद्यथा प्रतिषेवा आधाकर्म्मदोषासेवनाद् गुर्वी। ततः प्रतिश्रवणा लघ्वी प्रतिषेवायाः कारणत्वात्। ततोऽपि लघुतरः संवासः त्रिविधाया अनुमोदनाया एव प्रायः कारकत्वात्। ततोऽपि लघुतमा अनुमोदना वाचनिकानुमतेरेव विषयत्वात्। इतिशब्दश्चतसृणामपि स्वरूपपरिसमाप्त्यर्थः। चतुर्थपादं तु दृष्टान्तभणनादुपरिष्टाद् व्याख्यास्यामः। इदानीं त एव कथ्यन्ते। तांश्च वस्तुविचारग्रन्थत्वात् संक्षेपेण भणिष्यामः। एवं शेषाख्यानकान्यपि। तत्र प्रतिषेवायां चौरदृष्टांतो यथा-

**卐 प्रतिषेवा विषयकः चौरदृष्टांतः 卐**

एगंमि गामे अणेगे चोरा वसन्ति ते य अन्नया कुओवि संनिवेसाउ गावीउ हरिऊण नियगामाभिमुहं चलिया। तत्थ केवि पहिया मिलिया, जाहे सदेसे पविट्ठा, तउ नियमंडलो त्ति

---

તે અનુમોદના એટલે શું ? તે કહે છે, 'तत्प्रशंसा तु' = આધાકર્મ ખાનારની પ્રશંસા એ અનુમોદના છે જેમ કે, તમારું પારણું સુખેથી થયું ? અને તમારો દિવસ સુખેથી પસાર થયો ? અથવા 'આ લોકોને મજા છે કે જેઓ મિષ્ટઆહારથી જીવે છે' અથવા આધાકર્મ ગોચરીને આશ્રયીને પ્રશંસા કરે, જેમકે કોઈ સાધુ આધાકર્મ ખાતો હોય તેને કહે 'આ મિષ્ટ ગોચરી તમને મળી. એક બાજુ ભૂખ લાગેલી અને ત્યાં જ બીજી બાજુ ભક્તિથી પરિપૂર્ણ વસન્તાદિ ઋતુને યોગ્ય ઘીથી લથપથ ગોચરી મળી ગઈ." આ પ્રમાણે આધાકર્મ ન ખાવા છતાં પણ એની અનુમોદના કરે.

'उ' = 'तु' શબ્દ એ, આ પ્રતિષેવા વગેરે ચારેયના ગુરુ-લઘુ વગેરે અર્થનો સૂચક છે. તે આ પ્રમાણે કે - આધાકર્મ ખાવાથી પ્રતિષેવા એ મોટો દોષ છે, પ્રતિષેવાના કારણભૂત હોવાથી પ્રતિશ્રવણા એ પ્રતિષેવા કરતા નાનો દોષ છે, મન-વચન અને કાયા પ્રાયઃ એ ત્રણે પ્રકારની અનુમોદનાને કરનાર હોવાથી સંવાસએ એનાથી ય નાનો દોષ છે. માત્ર વાચિક અનુમતિ હોવાથી અનુમોદના એ એનાથી ય નાનો દોષ છે. 'इति' શબ્દ એ પ્રતિષેવા વગેરે ચારેયના સ્વરૂપની પરિસમાપ્તિના અર્થમાં છે.

ગાથાના ચોથા પદની વ્યાખ્યા અમે દૃષ્ટાંત કહી ગયા બાદ કહીશું. હવે તે જ દૃષ્ટાંતો કહેવાય છે. આમ તો આ ગ્રન્થ વસ્તુનો (=તત્ત્વનો) વિચાર કરવા માટેનો છે. દૃષ્ટાંતોનો આ ગ્રન્થ નથી, તો પણ ઉપયોગી = જરૂરી હોવાથી અમે સંક્ષેપથી કહીશું. આ જ વાત આગળ આવનારા દૃષ્ટાંતો અંગે પણ જાણવી.

**• પ્રતિષેવા વિષયે ચોરોનું દૃષ્ટાંત •**

એક ગામમાં અનેક ચોરો વસે છે. એકવાર તે ચોરો કોક જગ્યાએથી ગાયોને ચોરીને પોતાના ગામ બાજુ ચાલ્યા. રસ્તામાં કેટલાક પથિકો સાથે જોડાયાં. જ્યારે પોતાના દેશમાં પ્રવેશ્યાં ત્યારે 'પોતાનો દેશ છે' એ પ્રમાણે નિર્ભય થયેલા ભોજનવેળાએ ગાયોમાંથી કેટલીક ગાયો મારીને પકાવવા લાગ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

काउं निब्भया भोयणवेलाए, तेसिं गोणीणं मज्झाउ कत्तियाउ विणासिऊण भोयणत्थं पएउं लग्गा तंमि पत्थावे के वि पहिआ अन्नेवि मिलिया, भोयणकरणत्थं सव्वेवि चोरेहिं भोत्तुकामेहिं निमंतिया ततो केइ भुंजिउं पयट्टा, केहिं वि गोमंसभक्खणं बहु पावं ति काउं सयं भक्खणं न कयं किंतु परिवेसणाइ पारद्धं। एत्थन्तरे कूविया आगया, तेहिं सव्वे ते गहिया तत्थ जे पहिआ आसि ते पहिया अम्हे त्ति भणन्ता वि गोमंसभक्खणपरिवेसणादिदोसेण ते वि इयरे वि तेहिं वहियत्ति। एवमिहापि ये आधाकर्म्मानीय स्वयं भुञ्जते भुङ्ग्ध्वं यूयमिति निमन्त्रिता वा ये भुञ्जते ये च तत्परिवेषयन्ति ये च तद्ग्रहणाय पात्राणि धरन्ति ते एवं कुर्व्वन्तस्सर्व्वेऽपीह जन्मनि तीव्रं कर्म्म बद्ध्वा दुर्गतौ पर्यटन्तीति। दृष्टान्तदार्ष्टान्तिकयोजनात्वेवम्, यथा-

**卐 चौरदृष्टान्ते उपनयः 卐**

चौरस्थानीया आधाकर्म्मनिमन्त्रकाः साधवः, गोमांसभक्षकपथिकस्थानीया निमन्त्रिताधाकर्म्मभोजिसाधवो, गोमांसपरिवेषकपथिकादिस्थानीया आधाकर्म्मपरिवेषकादिसाधवो, गोमांसाभ्यवहारस्थानीयमाधाकर्म्माभ्यवहरणम्। पथस्थानीयं मनुष्जन्म, कूजिकस्थानीयानि कर्म्माणि, मरणादिस्थानीयो नरकादि-

---

એટલામાં બીજા પણ કેટલાક પથિકો મળ્યા. ભોજન કરવા માટે ચોરોએ બધાને આમંત્ર્યા. એટલે કેટલાક પથિકો ચોરોની સાથે ગોમાંસ ખાવા બેસી ગયા. પણ કેટલાક તો ગોમાંસ ભક્ષણ એ મોટું પાપ છે એમ કહી પોતે વાપરવા ન બેસતા પીરસવાનું કામ કર્યું.. એટલામાં નગરરક્ષકો ત્યાં આવી પહોંચ્યા. બધાને પકડી લીધા. એમાં જે પથિકો હતા તેઓએ કીધું કે "અમે તો પથિક છીએ (ચોર નથી)" છતાં પણ ગોમાંસ જાતે ખાવું અથવા ચોરોને પીરસવાનું વગેરે કામ કર્યુ હોવાથી ચોરોની સાથે તેઓનો પણ વધ કરાયો. એજ રીતે અહીં પણ જેઓ આધાકર્મ લાવી સ્વયં વાપરે અથવા "તમે ખાઓ" એમ નિમન્ત્રિત કરાયેલા જેઓ ખાય છે અને જેઓ પીરસે છે તથા તેને ગ્રહણ કરવા જે પાત્રા ધરે છે. આ પ્રમાણે કરતાં તેઓ બધાજ આ જન્મમાં તીવ્ર કર્મોને બાંધીને દુર્ગતિમાં ભટકે છે.

**• ચોરના દૃષ્ટાંતનો ઉપનય •**

અહિં દૃષ્ટાંતમાં ચોરો અને ગોમાંસભક્ષકો પથિકો વડે અને દાષ્ટાર્ન્તિકમાં આધાકર્મ ખાનાર સાધુઓ તથા નિમન્ત્રણ પામીને આધાકર્મ ખાનાર સાધુઓ વડે મુખ્યતયા વિચારણા કરવાની છે.

ચોરના સ્થાને – આધાકર્મની નિમન્ત્રણ કરનારા સાધુઓ.

ગોમાંસ ખાનારા પથિકોના સ્થાને – નિમન્ત્રણ આપ્યા બાદ આધાકર્મ ખાનારા સાધુઓ.

ગોમાંસ પીરસનાર પથિકોના સ્થાને – આધાકર્મી આહારને પીરસનાર સાધુઓ.

ગોમાંસ ખાવાના સ્થાને – આધાકર્મનું ભોજન.

પંથ = ગામ બાજુના રસ્તાના સ્થાને – મનુષ્ય જન્મ.

નગરરક્ષકોના સ્થાને – કર્મો.

મરણ = વધઆદિના સ્થાને – નરકાદિમાં પતન.

ઉપરોક્ત દૃષ્ટાંતમાં ચારેય દોષોની સંભાવના જાણવી. તે આ પ્રમાણે-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पातः। इह दृष्टान्ते चौरैर्गोभक्षकपथिकैश्च दार्ष्टान्तिके त्वाधाकर्म्मभोक्तृसाधुभिस्तन्निमन्त्रिताधाकर्म्म-भोक्तृसाधुभिश्च प्रकृतं तत्र दृष्टान्ते गोभक्षकपथिकानां दार्ष्टान्तिके त्वाधाकर्म्मानीय स्वयं भोक्तृसाधूनां च निमन्त्रितभोक्तृसाधूनां च प्रतिषेवादयश्चत्वारोऽपि वाच्यास्तत्र पथिकानां गोमांसभक्षणं प्रतिषेवणा। तेषामेव भोजनार्थं चौरैर्निमन्त्रितानां गोमांसभक्षण-परिषेवणादिक्रियाप्रवृत्त्या निषेवणेन तत्परिभोगं प्रतिप्रवर्त्तकत्वात् प्रतिश्रवणा। चौरैः सार्द्धमेकत्र निवसनेन संवासः। तेष्वेव बहुमानादनुमोदना स्यात्। यतिजनेष्वाधाकर्म्मानीय भक्षणेन प्रायः परिभोगकरणपरिणतत्वेन च द्रव्यतो भावतश्च प्रतिषेवणा, आधाकर्म्मणैवान्येषां परिभोगं प्रति प्रयोजकतया प्रतिश्रवणा, यस्मै तदानीय ददाति तेन सार्द्धमेकत्र संवसनेन संवासस्तत्रैव बहुमानादनुमोदनेति, अकल्पमेतदिति न ग्रहीष्ये इत्यानायकं निवारयतां प्रतिषेवणा न भवतीति। प्रतिश्रवणायां राजसुतो दृष्टान्तः, तद्यथा-

### 卐 प्रतिश्रवणा-विषयको राजसुतदृष्टांतः 卐

एगंमि नयरे थेरो राया रज्जधुरं परिपालेइ इउ य तस्सेगो (ग्रंथाग्रं ५००) कुमारो रज्जगहणुस्सुओ चिन्तेइ जहा एसो मम पिया थेरो वि न मरइ त्ति नियभडे सहाए काऊण एयं मारेऊण रज्जं गिण्हामि। तओ नियभडेहिं सह एयं मंतियं। तत्थ केहिं वि वुत्तं अम्हे तुह सहाया भविस्सामो, केहिं वि वुत्तं एवं करेहि, केहिं वि तुसिणीकया, केहिं वि तं सव्वं रन्नो निवेइयं। तत्थ पढमा तिन्नि वि कुमारो य रन्ना वावाइया, चउत्थो पूइयत्ति। एवमत्रापि त्रयः

૧) પથિકો વડે ગોમાંસનું ભક્ષણ – આધાકર્મ લાવીને ખાવામાં પ્રાયઃ કરીને એનો પરિભોગ કરવાની પરિણતિ હોવાથી તે દ્રવ્યથી અને ભાવથી પ્રતિષેવણા.

૨) ચોરોનું નિમન્ત્રણ સ્વીકારી ગોમાંસ ભક્ષણ કરનાર અને પીરસનાર પથિકો – આધાકર્મ લાવીને નિમન્ત્રણ કરે અને જે નિમન્ત્રણ સાંભળે અને જ્યાં સુધી ખાય નહિ તે પ્રતિશ્રવણા.

૩) ચોરોની સાથે એકજ જગ્યાએ રહેવું – આધાકર્મ ખાનાર સાધુઓ સાથે રહેવું તે સંવાસ.

૪) અરસ પરસના બહુમાન થી પ્રશંસા કરે – એકબીજાના બહુમાનથી પ્રશંસા કરે = અનુમોદના.

પરન્તુ "આ અકલ્પ્ય છે હું ગ્રહણ નહિં કરું" એમ કહી જે લાવનારને નિવારે. તો તેની પ્રતિષેવણા ન થાય.

### • પ્રતિશ્રવણાને વિષે રાજપુત્રનું દૃષ્ટાંત •

એક નગરમાં વૃદ્ધ રાજા રાજ્યને સંભાળે છે. તેનો પુત્ર રાજ્યગ્રહણ કરવાને ઉત્સુકતાથી સૈનિકોને પોતાની સહાયમાં રાખીને રાજાને મારવાનો કિમિયો ઘડ્યો. તેણે એ વાત સૈનિકોને કરી. તો કેટલાક સૈનિકોએ સહાય કરવાની મંજુરી આપી, કેટલાકે કહ્યું 'આ પ્રમાણે કરો.' કેટલાક મૌન રહ્યાં. પણ કેટલાકે રાજાને જઈને વાત કરી. રાજાએ રાજપુત્ર અને પ્રથમ ત્રણ પ્રકારના સૈનિકોને મરાવ્યા. અને ચોથા પ્રકારના સૈનિકોની પૂજા = સત્કાર-સન્માન કરી.

એજ રીતે અહિ પણ જે આધાકર્મ લાવીને બીજાને ખાવા નિમન્ત્રે. તો તે પણ ખાવા આવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

साधवः स्युस्तत्र केनापि साधुनाऽऽधाकर्म्मानीय कश्चित्साधुर्निमन्त्रितो यदुत भुंक्ष्व त्वमेनमाहारमहमपि भोक्ष्य इत्युक्ते प्रयच्छ मह्यं येन भुञ्जे इति यस्तदभ्युपगच्छति स एकः साधुः, अपरश्च निमन्त्रितो वक्ति न भोक्ष्येऽहं किन्तु त्वमेनं भुंक्ष्वेति यद्वा आधाकर्म्मभोजिचित्तरक्षणार्थमुपयोगे लाभशब्दं जल्पन् आलोचिते सुलब्धमिति वा भाषमाण इति द्वितीयः। अन्यश्च तूष्णीभावमादाय आस्त इति मौनभाक् तृतीय इत्येते त्रयः साधवः प्रतिश्रवणाविषयाः। अपरश्चाकल्प्यमेतदिति न ग्रहीष्ये इत्यानायकनिवारयिता चतुर्थो यतिः। स च निषेधकत्वात् शुद्धः।

### 卐 राजसुतदृष्टान्ते उपनयः 卐

इह दृष्टान्ते पदातिवर्गैर्दार्ष्टान्तिके तु साधुभिः प्रदर्शितरूपैस्त्रिभिः प्रकृतं। अत्र दृष्टान्तदार्ष्टान्तिकयोजना यथा- कुमारस्थानीय आधाकर्म्मणा निमन्त्रयिता साधुः, पितृवधस्थानीय आधाकर्म्मानिषेधः। क्रमेण प्रस्थिताद्यपदातिराशित्रयस्थानीयमाद्यं साधुत्रयम्। राजकथकपदातिस्थानीयश्चतुर्थः साधुः। तथा दृष्टान्ते कुमारस्य दार्ष्टान्तिके त्वाधाकर्म्मानायकसाधोः प्रतिषेवणादयश्चत्वारोऽपि विषयविभागेन वाच्यास्तत्र पितृमारणाय प्रवृत्तत्वेन प्रतिषेवणा। वयं नृपमारणे सहाया भविष्याम इत्यादीनां वचनानिषेधकत्वादिना प्रवर्त्तकत्वेन प्रतिश्रवणा, शेषं प्रतिषेवणावदनुमोदना यावद्वाच्यमिति। संवासे पल्लीदृष्टान्तो यथा-

---

તે એક પ્રકારનો સાધુ, "હું નહિં ખાઉં પણ તમે ખાઓ" એમ કહેનાર બીજા પ્રકારનો સાધુ અથવા ઉપયોગની ક્રિયામાં 'લાભ' શબ્દ બોલનાર અને ગોચરી આલોવતી વખતે "તમને સારું મળી ગયું." એ પ્રમાણે કહેનાર બીજા પ્રકારનો સાધુ, જે મૌન રહે તે ત્રીજા પ્રકારનો સાધુ. આ ત્રણે પ્રકારના સાધુઓ પ્રતિશ્રવણાના વિષય બને છે અને "આ અકલ્પ્ય છે માટે નહિ લઉં" એમ લાવનાર બધાને નિવારે તે ચોથા પ્રકારનો સાધુ તે નિષેધક હોવાથી શુદ્ધ છે. અહીં દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિક ભાવ કહે છે.

અહિં દૃષ્ટાંતમાં સૈનિકોનો સમુદાય અને દાર્ષ્ટાન્તિકમાં મુખ્યતયા ઉપર બતાવેલ ત્રણ પ્રકારના સાધુની વિચારણા કરવાની છે. તે દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકની યોજના આપ્રમાણે—

### • રાજસુત દૃષ્ટાંતનો ઉપનય •

રાજકુમારના સ્થાને – આધાકર્મ ખાવામાટે નિમન્ત્રતો સાધુ.

પિતૃવધના સ્થાને – આધાકર્મનો નિષેધ ન કરવો.

કાર્ય કરવાને ક્રમે કરીને તૈયાર થયેલ ત્રણે પ્રકારના સૈનિકોના સ્થાને – પ્રથમ ત્રણ પ્રકારના સાધુ.

રાજાને કહેનાર સૈનિકના સ્થાને – ચોથા પ્રકારના સાધુઓ જાણવા તથા દૃષ્ટાંતમાં રાજકુમાર અને દાર્ષ્ટાન્તિકમાં આધાકર્મલાવનાર સાધુની પ્રતિષેવા વગેરે ચારે પ્રકારના દોષો જાણવા. તે આપ્રમાણે. પિતાજીને મારવા પ્રવૃત્ત થવા વડે પ્રતિષેવા. રાજાને મારવામાં અમે સહાયક થઈશું એમ (અનિષેધના) વચનો દ્વારા વધમાં પ્રવર્તક હોવાથી પ્રતિશ્રવણા સ્વીકાર. તેઓની સાથે જ મૌનપણે રહેવાથી સંવાસ અને પ્રશંસાઆદિથી અનુમોદના. (દાર્ષ્ટાન્તિકમાં પણ આ રીતે ચારેય દોષ ઘટાવવા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 सहवास-विषयको पल्लीद्रष्टांतः 卐

वसंतउरं नयरं आसि। तत्थ य अरिमद्दणो नाम राया। इउ य तस्स राइणो देसस्स पच्चासन्ना विसगिरिसंनिविट्ठा अत्थि एगा भिल्लपल्ली। तत्थय बहवे चोरा वणियबंभणाइणो वसन्ति। ते य चोरा सयावि तस्स राइणो मंडले चोरियं काउं पल्लीए पविसन्ति। सा य न केणइ राइणो सामन्ताइणो जेत्तुं सक्किज्जइ। अन्नया अमरिस्साझरियहिययेण महासमग्गियं काऊण सयमेव गंतूण राइणा पल्ली गहिया। तीए गिज्झमाणीए चोरा केवि हया, केवि नट्ठा। वणियबंभणाइएहिं चिन्तियं जहा अम्हं अचोराणं राया न किंचि करेहि त्ति ते न नट्ठा। राइणा ते वि गहाविया। तेहिं भणियं जहा देव ! अम्हे वणियबंभणाइणो न चोरा। राइणा वुत्तं तुब्भे चोरेहिंतो वि अवराहिणो, जे अम्हाणं अवराहकारीहिं चोरेहिं सह एगत्थ वसह। तउ निग्गहिय त्ति। एवमिहाप्याधाकर्म्मिकभोक्तृभिस्सह संयमवता साधुना न वस्तव्यम्। संयमभ्रंशादिदोषसद्भावात्, तथाहि ते आधाकर्म्मणो अवलोकनेन गंधेन गुणवर्णनेन चाधाकर्म्मवर्जकमभिष्वङ्गविकृत्यादिपरिभोगरहितमपि साधुमाधाकर्मपरिभोगवाञ्छाकारिणं कुर्वन्तीत्येतैः सह संवासो दूरतस्त्याज्यः। अत्र दृष्टान्तदार्ष्टान्तिक-योजना यथा–

## 卐 पल्ली-दृष्टान्ते उपनयः 卐

नृपस्थानीयानि कर्म्माणि, पल्लीस्थानीया वसतिश्चौरस्थानीया आधाकर्म्मभोजिसाधवो, वणिगादि-

## • સંવાસને વિશે પલ્લીનું દૃષ્ટાંત •

વસંતપુર નામનું નગર. ત્યાંનો રાજા અરિમર્દન હતો. રાજ્યની નજીક વિષગિરિનામનું સન્નિવેષ હતું. ત્યાં એક ભિલ્લપલ્લી રહેતી. ત્યાં ઘણા ચોરો અને વાણિયા તથા બ્રાહ્મણો રહેતા હતા. તે ચોરો હંમેશા તે રાજ્યમાં ચોરી કરી પાછા પલ્લીમાં વળતા. મન્ત્રી વગેરે કોઈ તેમને જીતી ન શક્યા. એક વાર ગુસ્સામાં આવીને મોટું સૈન્ય લઈ જવા પૂર્વક રાજાએ તેઓ પર ચઢાઈ કરીને તેઓને પકડતા કેટલાક પંકડાયા અને કેટલાક ભાગી ગયા. એવે વખતે વાણિયા અને બ્રાહ્મણાદિએ વિચાર્યું કે “અમે ચોર નથી એટલે અમોને ગ્રહણ કરશે નહિ” એમ કરી ત્યાંથી ભાગ્યા નહિ. પરન્તુ રાજાએ તો તે બધાનેય પકડ્યા. તેઓએ રાજાને કહ્યું “દેવ ! અમે ચોર નથી. અમે તો વાણિયા અને બ્રાહ્મણો છીએ.” રાજાએ કીધું “તમે ચોર કરતા પણ વધારે અપરાધી છો કારણ કે અમારા અપરાધી એવા ચોરોની સાથે તમે એક જગ્યાએ રહ્યા.” એમ કરી તેઓનો પણ નિગ્રહ કર્યો.

એજ રીતે અહિં પણ આધાકર્મ ખાનાર સાધુઓની સાથે રહેવું ન જોઈએ. કારણ કે એમાં સંયમ નષ્ટ થવું વગેરે દોષો થવાનો સંભવ છે. આધાકર્મ ખાનાર સાધુઓ આધાકર્મના જોવાથી, ગંધથી, ગુણવર્ણન વડે આધાકર્મને ન ખાનાર, એના પર રાગને ન કરનાર, વિગઈ વગેરે ન ખાનાર એવા પણ મુનિને આધાકર્મ ખાવાની ઈચ્છા ઉત્પન્ન કરી દે છે. માટે તેઓની સાથે સંવાસ દૂરથી જ ત્યજી દેવો.

## • પલ્લી દૃષ્ટાંતનો ઉપનય •

હવે દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિક ભાવને કહે છે. આમાં વાણિયા-બ્રાહ્મણ તથા દુષ્ટ સાધુની સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्थानीया आधाकर्म्मभोक्तृभिस्सहवासिसाधवः उपालम्भमरणस्थानीया दुर्ग्गतिः। इह वणिग्ब्राह्मणादिभिः सहवासदुष्टसाधुभिश्च प्रकृतं। तत्र चौराणामाधाकर्म्मभोक्तृसाधूनां च पूर्ववत् प्रतिषेवणादयश्चत्वारोऽपि भावनीयाः। अनुमोदनायां राजदुष्टदृष्टान्तो यथा–

**卐 अनुमोदनाविषयको राजदुष्टदृष्टांतः 卐**

एगंमि नयरे एगो वणियकुमारो अतीव सुरूवो अत्थि सो य अतीव परमहिलाभिलासी। अन्नया अंतेउरसमीवं गच्छन्तो अंतेउरियाहिं दिट्ठो। तेण य ताउ दिट्ठाउ। परोप्परं अणुराओ जाओ। ततो दिव्वजोएणं कहवि संपत्ती। एसो पइदिणं ताउ आसेविउं पयट्टो। पच्छा रन्ना नाओ। तउ आहरिय विभूसिय अन्तेउरे पविट्ठो समाणो, हरावेऊण मारावेऊण य नयरमज्झे पक्खिवाविओ। तत्थ य कप्पडियवेसेण हेरिया मुक्का, भणिया य जहा जे एयं पसंसंति निंदन्ति य ते दो वि तुब्भेहिं मम सगासे आणेयव्वा। सो य लोगेण वेढिओ, वुत्तंतं जाणिऊण एगेण भणियं 'जाएण जीवलोए सयलेण वि नरेण मरियव्वं' परं जाउ अंतेउरियाउ अम्हारिसेहिं अहन्नेहिं नयणेहिं वि न दीसन्ति ता भुज्जमाणिऊण मओ ताए स धन्नो। अन्नेहिं भणियं अधन्नो एसो उभयलोगविरुद्धकारी, जो जणणीतुल्लाणं नियसामियंतेउरियाणं चुक्को। एयं सोउं हेरिएहिं

---

સહવાસની વાત મુખ્ય છે.

રાજાને સ્થાને કર્મો, પલ્લીના સ્થાને વસતિ, ચોરના સ્થાને આધાકર્મખાનાર સાધુઓ, વાણિયા અને બ્રાહ્મણઆદિના સ્થાને આધાકર્મખાનાર સાધુઓની સાથે સહવાસકરનારા સાધુઓ અને ઠપકો તથા મરણના સ્થાને દુર્ગતિ. અહિં પણ ૪ દોષોની ભાવના આ પ્રમાણે જાણવી. જે ચોરો ચોરી કરવા ગયા તેઓની પ્રતિસેવા થઈ, ચોરી કરવા ન ગયેલા જેઓ પલ્લીમાં રહે-રક્ષણ કરે તેઓની પ્રતિશ્રવણા થઈ. આ અધ્યાહારથી લેવું. ચોરોની પલ્લીની સાથે રહેનાર બ્રાહ્મણાદિનો સંવાસ જાણવો અને જે રસોઈયા વગેરે હોય તેઓની અનુમોદના જાણવી. આ પણ અધ્યાહારથી લેવું. (દાર્ષ્ટાન્તિકમાં પણ આ રીતે ચારેય દોષો ઘટાવવા)

**• અનુમોદના વિશે રાજદુષ્ટનું દૃષ્ટાંત •**

એક નગરનો એક અતિરૂપવાળો વણિકકુમાર ખૂબજ પરસ્ત્રીકામી હતો. એક વાર અન્તેપુરની બાજુમાં જતો રાણીઓ વડે જોવાયો. તેણે ય તેને જોઈ. પરસ્પર અનુરાગ થયો અને ભાગ્યયોગે ક્યાંક ભેટો થઈ ગયો. એ રોજ તેની સાથે ભોગ કરવા લાગ્યો. રાજાને ખબર પડી. એટલે બીજા દિવસે એ યુવાન જ્યાં અન્તેપુરમાં પ્રવેશે છે ત્યાંજ એને પકડાવીને અને મારીને નગરની મધ્યે ફેંકાવડાવ્યો. અને રાજાએ પરદેશીના વેશે ગુપ્તચરોને મૂક્યા અને કીધું "જે આને નિંદે અથવા પ્રશંસા કરે, તે બન્નેને મારી પાસે લાવવા." તે યુવાન લોકો વડે વીંટાડાયો. ત્યાં આ યુવાનના વૃતાંતને જાણીને લોકોમાંથી કેટલાકે કીધું "જોકે બધાયને મરવાનું તો છે જ પણ આ ધન્યવાદને પાત્ર છે કે જેને રાજરાણિઓ સાથે રમવા મળ્યું. અમારા જેવાઓને તો એના દર્શનેય દુર્લભ છે." બીજા કેટલાક બોલ્યા "આ અધન્ય છે કે જેણે ઉભયલોક વિરુદ્ધ કાર્ય કર્યું. માતાતુલ્ય પોતાના રાજાની રાણીને પણ ન છોડી." ગુપ્તચરોએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पच्चक्खेहिं होऊण रन्नो समप्पिया। राइणा उ, जेहिं सो पसंसिओ ते वावाइया इयरे मुक्का पूइया य त्ति। एवमिहाप्येके साधव आधाकर्म्म भुञ्जते, अपरे च जल्पन्ति धन्या एते सुखं जीवन्ति, अन्ये तु ब्रुवते धिगेतान् ये आगमनिषिद्धमाहारं भुञ्जते। अत्रोपनयः,

### 卐 अनुमोदनविषयक-राजदृष्टदृष्टांतस्योपनयः 卐

अन्तःपुरस्थानीयमाधाकर्म्म, तत्सेवकवणिक्सुतस्थानीयास्तत्सेवकाः साधवः। धन्योऽयमिति जल्पकपुरुषस्थानीयास्तत्सेवकसाधुवर्णकाः साधवः। अधन्योऽयमिति जल्पकपुरुषस्थानीयास्तत्सेवकसाधुनिन्दकाः साधवः। नृपस्थानीयानि कर्म्माणि। मरणस्थानीयः संसारः। इह दृष्टान्ते यैर्युवा धन्य उक्तो दार्ष्टान्तिके तु यैराधाकर्म्मभोजिनः श्लाघितास्तैः प्रक्रान्तं। तत्र दृष्टान्ते यूनो दार्ष्टान्तिके तु यैराधाकर्म्मभोजिनां प्रतिषेवादयश्चत्वारोऽपि पूर्ववद् भावनीयाः। उक्ताः प्रतिषेवणादयश्चत्वारोऽपि सप्रपञ्चं प्रकाराः। साम्प्रतमेतेषां प्रदर्शितन्यायेन बहुदोषदुष्टत्वादाधाकर्म्मिकहेतुत्वाच्च परिहार्यतां दर्शयन्नाह।

### 卐 प्रतिषेवणादि त्रिविधत्रिविधेन त्याज्यम् 卐

तो ते तं च चए त्ति। यतः पूर्वोक्ता दुर्गतिपातादिदोषनिबन्धनाः प्रतिषेवणादयस्ततः कारणात्तान्

---

પ્રત્યક્ષ થઈને બન્ને પ્રકારના લોકોને પકડી રાજા પાસે હાજર કર્યા. રાજાએ યુવાનની પ્રશંસા કરનારને મારી નંખાવ્યા, તેમજ બીજાઓનું માન-સન્માન કરી છોડી મૂક્યા.

એજ રીતે અહિં પણ કેટલાક સાધુ આધાકર્મ ખાય. કેટલાક કહે "ધન્ય છે એઓને મજેથી જીવે છે." વળી કેટલાક કહે "એઓને ધિક્કાર છે કે આગમ નિષિદ્ધ આહાર કરે છે."

### • અનુમોદના વિષયક રાજદુષ્ટ - દૃષ્ટાંતનો ઉપનય •

દષ્ટાંત-દાર્ષ્ટાન્તિક ભાવ કહે છે. આમાં જેઓ વડે યુવાન ધન્ય કહેવાયો તેઓની અને આધાકર્મ ખાનારની પ્રશંસા કરનારની મુખ્યતા છે. અન્તેપુરના સ્થાને આધાકર્મ છે, તેણી સાથે ભોગ ભોગવનાર યુવાન(વણિકકુમાર)ના સ્થાને આધાકર્મખાનાર સાધુઓ, "આ ધન્ય છે" એમ બોલનારના સ્થાને આધાકર્મખાનારની પ્રશંસાકરનાર સાધુઓ, "આ અધન્ય છે" એમ બોલનારના સ્થાને આધાકર્મખાનારને નિન્દનાર સાધુઓ, રાજાના સ્થાને કર્મો, મરણના સ્થાને સંસાર છે. અહિં પણ ૪ દોષોની ભાવના આમ જાણવી.

જે યુવાને દુરાચાર કર્યો એ પ્રતિસેવા, જે દ્વારપાલાદિએ એને અંદર જવા માર્ગ આપ્યો તે પ્રતિશ્રવણા. જે લોકોએ "આ યુવાનને ધન્ય છે એવું બોલ્યા" તે અનુમોદના જાણવી અને જે અન્તેપુરરક્ષકો મૌનપણે રહ્યાં તે સંવાસ જાણવો. આ અધ્યાહારથી જાણવું. (દાષ્ટાર્ન્તિકમાં પણ આ રીતે ચારેય દોષો ઘટાવવા)

આ પ્રમાણે પ્રતિષેવણા વગેરે ચારેય પ્રકારો વિસ્તાર પૂર્વક કહ્યા. હવે, ઉપર બતાવ્યા પ્રમાણે આધાકર્મના હેતુ હોવાથી અને બહુ દોષોથી દુષ્ટ હોવાથી આ પ્રતિષેવા વગેરે ચારેની પરિહાર્યતાને બતાવતા કહે છે.

### • પ્રતિષેવણાદિ ત્રિવિધ-ત્રિવિધે ત્યાજ્ય છે •

'तो ते तं च चए' = 'ततः तान् तम् च त्यजेत्', 'ततः' – તેથી એટલે કે પૂર્વોક્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रतिषेवादींश्चतुरः प्रकारान् (आधाकर्म्मभोजिसाधुत्वात्) तमिति साध्वाद्यर्थं कृतमशनाद्याहारं चः समुच्चये त्यजेत् परिहरेत् साधुः, कथमित्याह। 'तिविहतिविहेण' त्ति त्रयो विधा भेदा यस्य मनःप्रभृतिकस्य योगसमुदायस्य स त्रिविधः। तथा त्रयो विधा यस्य करणादिरूपसमुदायस्य स त्रिविधः। ततस्त्रिविधश्च त्रिविधश्चेति समाहारद्वन्द्वो नपुंसकत्वादेकवचनम् तेन, यद्वा त्रिविधस्य त्रिविध इति विग्रहस्तेन, अयमर्थः– मनोवाक्कायैः प्रत्येकं करणकारणानुमतिविशिष्टस्त्यजेदिति गाथार्थः।।१५।।

**अवतरणिका–** उक्तं तृतीयं सप्रपञ्चं यथेतिद्वारमिदानीं यादृशमिति चतुर्थं द्वारं व्याचिख्यासुराह।

**मूलगाथा– वंतुच्चारसुरागोमंससममिमंति तेण तज्जुत्तं।**
**पत्तं पि कयतिकप्पं कप्पइ पुव्वं करिसघट्टं।।१६।।**

**संस्कृतछाया–** वान्तोच्चार-सुरा-गोमांससममिदमिति तेन तद्युक्तं।
पात्रमपि कृतत्रिकल्पं कल्पते पूर्वं करीषघृष्टम् ।।१६।।

પ્રમાણે પ્રતિષેવણા વગેરે દુર્ગતિમાં પડવું વગેરે દોષોના કારણભૂત હોવાથી, 'तान्' = તે પ્રતિષેવણા વગેરે ચાર પ્રકારોને, 'च' = અને, જે સમુચ્ચયના અર્થ માં છે, 'तम्' = તેને. એટલે કે, આધાકર્મને ખાનાર સાધુ હોવાથી, સાધુ માટે કરેલ તે અશનાદિ આહારને, 'त्यजेत्' = ત્યાગ કરે. એટલે કે સાધુ ત્યાગ કરે એમ અધ્યાહારથી લેવું.

કેવી રીતે ત્યાગ કરે ? તો કહે છે, 'तिविह-तिविहेण' = 'त्रिविध-त्रिविधेन' = જે મન વગેરે યોગસમુદાયના ત્રણ પ્રકારો છે તે ત્રિવિધઃ. અને, જે કરણ વગેરે રૂપ સમુદાયના ત્રણ પ્રકારો છે. તે ત્રિવિધઃ આમ 'त्रिविधः त्रिविधः' નો સમાહાર દ્વન્દ્વ થાય. સમાહાર દ્વન્દ્વ એ નપુંસકલિંગમાં હોવાથી 'त्रिविधत्रिविधं' થાય.. પછી તૃતીયા વિભક્તિ લાગવાથી 'त्रिविधत्रिविधेन' થયું. એટલે કે ત્રિવિધ ત્રિવિધપૂર્વક ત્યાગવું જોઈએ.

અથવા 'त्रिविधस्य त्रिविधः' એમ ષષ્ઠીતત્પુરુષ સમાસથી વિગ્રહ કરવો. પછી તૃતીયા વિભક્તિ લાગવાથી 'त्रिविधत्रिविधेन' થયું એટલે કે, મન-વચન-કાયા આ ત્રણેયના પ્રત્યેકના કરણ-કરાવણ અને અનુમતિ = અનુમોદના. આ ત્રણ પ્રકારે ત્યાગવું જોઈએ.॥૧૫॥

**અવતરણિકા** :- આ પ્રમાણે સવિસ્તાર 'यथा' દ્વાર કહ્યું.

હવે 'यादृशम्' નામક ચોથા દ્વારની વ્યાખ્યા કરવાની ઈચ્છાથી કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **वंत** = વમેલું, **उच्चार** = વિષ્ટા, **सुरा** = દારુ, **गोमंस** = ગાયનું માંસ, **समं** = સરખું, **इमंति** = આ આધાકર્મ, **तेण** = તે કારણથી, **तज्जुत्तं** = આધાકર્મ અશનાદિથી ખરડાયેલ, **पत्तंपि** = પાત્ર પણ, **कयतिकप्पं** = ત્રણ વખત ધોઈને સાફ કરેલું, **कप्पइ** = કલ્પે છે, **पुव्वं** = પહેલા, **करिसघट्टं** = છાણ વગેરેથી ઘસીને સાફ કરેલું.॥૧૬॥

**મૂળગાથા-ગાથાર્થ** :- આધાકર્મિક અશનાદિ વમેલું ભોજન, વિષ્ટા, દારુ અને ગાયના માંસ તુલ્ય છે, માટે તે અશનાદિથી ખરડાયેલ પાતરું પણ પ્રથમ છાણ તથા રાખ વગેરેથી ઘસીને સાફ કર્યા પછી ત્રણ વખત પાણીથી ધોયા બાદ કલ્પે છે.॥૧૬॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 आधाकर्म्म केनोपमियते ? 卐

**व्याख्या**– वान्तं-भुक्तोद्गिलितं, उच्चारः-पुरिषं, सुरा-मद्यम्, गोमांसं-सुरभिपिषितं उपलक्षणत्वात् काकमांसगड्डरिकोष्ट्रीक्षीरलशुनादिग्रहः। वान्तं चोच्चारश्चेत्यादिद्वन्द्वस्तैः समं सदृशं तुल्यमिति यावत्। इदं प्रक्रान्तमाधाकर्म्मिकभक्तादि वर्त्तत इति शेषः। अत्रायं भावार्थः-यथा राजिकादिभिः कृतातिसौरभ्यादिकमपि वान्तमभक्ष्यम्, उच्चारो यथा अभोज्यः, सुरोष्ट्रीगड्डरिकाक्षीरादि यथा शिष्टानामपेयम्, गोमांसादि च यथा तेषामभक्ष्यम्, जघन्यजनैश्च सुरागोमांसादेर्यद्यपि पानं भक्षणं चाचर्यते तथापि तत्र प्रमाणं शिष्टानाम्, अन्यथा वान्तोच्चारादीनामपि सारमेयादिभिर्भोजने आचरितत्वात्तेषामपि भक्ष्यत्वे प्रसङ्गः। एवं जिनशासनभावितानां साधूनां सावद्यत्वेन निन्द्यत्वादाधाकर्मिकमपि वान्तादिकल्पमभक्ष्यमपेयमग्राह्यं चेति। तथा यत इदं वान्तादिसदृशमित्यतः कारणात्, तेनेति आधाकर्म्मणाऽशनादिना तच्छुद्धमशनादिकं युक्तं स्पृष्टं मिलितं सदित्यर्थः। तच्च तद्युक्तं च तद्युक्तं, पूतिकर्म्मीभूतमिति तत्त्वं, साधूनां भोक्तुं न कल्पते इति शेषः।

## ● આધાકર્મને અપાયેલી ઉપમા ●

**વ્યાખ્યાર્થ** :- 'वंत' = 'वान्तं' = ઉલ્ટી, 'उच्चारः' = 'पुरीषं' = વિષ્ઠા, 'सुरा' = 'मद्यम्' = દારું, 'गोमंस' = 'गोमांसं' = ગાયનું માંસ. આના ઉપલક્ષણથી કાગડાનું માંસ, ગાડરી = ઘેટીનું દૂધ-ઊંટડીનું દૂધ અને લસન-ડુંગળી વગેરે લેવું. આ બધાનો દ્વન્દ્વ સમાસથી 'वान्तोच्चारसुरागोमांसैः' થાય, 'समं' = 'सदृशं' = સમાન, 'इमं-ति' = 'इदं इति' = આ પૂર્વે જણાયેલ આધાકર્મ ભક્તાદિ છે અર્થાત્ 'वर्तते' = વર્તે છે. એ અધ્યાહારથી લેવું.

અહીં આ ભાવાર્થ છે કે જેમ, રાઈ વગેરે દ્વારા અતિસુગંધીદાર કરેલી ઉલ્ટી પણ અભક્ષ્ય છે. વિષ્ઠા જેમ અભોજ્ય છે, દારું, ઊંટડી-ઘેટીનું દૂધ વગેરે જેમ શિષ્ટપુરુષોને અપેય છે, ગોમાંસ વગેરે પણ જેમ તેઓને અભક્ષ્ય છે. જોકે, હલકા-નીચ લોકો વડે સુરા અને ગોમાંસઆદિનું પાન અને ભક્ષણ કરાય છે, તો પણ તે શિષ્ટપુરુષોમાટે પ્રમાણ બની જતું નથી. જો એમ ન હોય તો, ઊલ્ટી અને ઉચ્ચાર વગેરેને ખાવાનું કામ કૂતરા વગેરે કરતા હોય છે. તો સજ્જનોને પણ તે ખાવાનો પ્રસંગ આવી પડશે.

એજ પ્રમાણે જિનશાસનથી ભાવિત થયેલ સાધુઓ માટે, સાવદ્ય અને નિન્દ્ય હોવાથી ઊલ્ટી વગેરે જેવું આધાકર્મ પણ અભક્ષ્ય-અપેય અને અગ્રાહ્ય છે.

'तेण' = 'तेन' = તે કારણથી એટલે કે, જેથી આધાકર્મને ઉલ્ટી વગેરે સદશ કહેવાયું છે તેથી, 'तज्जुत्तं' = 'तद्युक्तं' આધાકર્મઅશનાદિથી, શુદ્ધ એવું અશનાદિ સ્પર્શ્યું- મળેલું હોય એટલે કે પૂતિકર્મ વાળું થયું હોય. 'तच्च तद्युक्तं च तद्युक्तं', 'ते' = આધાકર્મવાળું અને તેનાથી યુક્ત શુદ્ધ અશનાદિ એમનો એકશેષ સમાસ થવાથી 'तद्युक्तं' રૂપ થયું. તે સાધુને ખાવું કલ્પતું નથી. એમ અધ્યાહારથી લેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॐ आधाकर्म्मभाजनमपि कृतत्रिकल्पं कल्पते ॐ

यथाऽशुचिसम्बन्धिना लवेनापि स्पृष्टं भक्तादि शुचीभूतमप्यभोज्यं भवति, एवं निर्दोषतया भोज्योऽप्याहारः आधाकर्म्मिकाहारस्य लवेनापि स्पृष्टोऽभोज्यः स्यात् पूतिरूपत्वात् तथा पात्रमपि भाजनमपि यत्राधाकर्म्मिकं केवलं पतितं, शुद्धाशनादिमध्येऽशुद्धं वा, तद्द्वयोरप्युज्झितयोरधावितया, पूतिखरण्टितं सदित्यर्थः, न कल्पते परिभोक्तुं साधूनामिति शेषः। न केवलं साक्षादाधाकर्म्म पूतिकर्म्म वा भोक्तुं न कल्पते इत्यपेरर्थः। तर्हि कीदृशं सत्तद्भाजनं कल्पते इत्याह-पूर्वं कल्पत्रयदानात्, प्रथमं, करीषं शुष्कगोमयं तेन घृष्टं निमार्ज्जितमशुद्धवर्तितमिति यावत् करीषघृष्टम्। भूयोऽपि कीदृशमित्याह- कृता विहितास्त्रयस्त्रिसंख्याः कल्पा जलप्रक्षालनानि यस्य तत् त्रिकल्पम्। एवंभूतं सत् कल्पते शुद्धाशनादिग्रहणाय, यतिजनपरिभोग्यं स्याद्, इतरथा यथा क्वापि भाजनेऽशनादिकं क्षिप्तं तदुपर्यशुचिः पतिता द्वे अप्यपनीते ततोऽधाविते तस्मिन्नपरमशनादिकं क्षिप्तमभोज्यं स्याद्, एवं शुद्धमप्यशनाद्यधावितया, पूतिखरण्टिते तस्मिन् गृहीतं साधोरकल्पमेवेति गाथार्थः।।१६।।

**अवतरणिका**— इदानीमशने च तस्य ये दोषा इति पञ्चमद्वारं व्याख्यातुमाह।

## • આધાકર્મનું ભાજન પણ ત્રણ કલ્પ કરેલું જ કલ્પે છે •

જેમ થોડી પણ અશુચિથી સ્પર્શેલ શુચિ પણ પદાર્થો જેમ અભોજ્ય બને છે. તેમ થોડા પણ આધાકર્મના આહારથી સ્પર્શાયેલ નિર્દોષ ભોજ્ય પણ આહાર પૂતિરૂપ હોવાથી અભોજ્ય બને છે. તે જ રીતે, 'पत्तं पि' = 'पात्रमपि' = જ્યાં માત્ર આધાકર્મ પડ્યું હોય કે શુદ્ધઅશનાદિની મધ્યમાં અશુદ્ધ પડ્યું હોય, તે પાત્ર પણ, એટલે કે માત્ર આધાકર્મ કે શુદ્ધમાં પડેલ અશુદ્ધઆહારાદિ એ બન્નેને પરઠવ્યા-બાદ, પૂતિથી ખરડાયેલ એવું તે પાત્ર પણ, સાધુઓને પરિભોગમાટે કલ્પતું નથી. એમ અધ્યાહારથી લેવું.

'માત્ર, સાક્ષાત્ આધાકર્મ કે પૂતિકર્મ ખાવું ન કલ્પે એવું નથી.' એમ 'अपि' શબ્દનો અર્થ જાણવો. તો તે પાત્રું શું કરવાથી કલ્પે ? તે કહે છે, **'पुव्वं करिसघट्टं'** = **'कल्पत्रयदानात् पूर्वं प्रथमं करीषघृष्टम्'** = પાણીથી ત્રણ વાર ધોવાના પહેલા, **'करीष'** = સૂકુંછાણ. તે અશુદ્ધ પાત્રને સૂકા છાણથી માંજે = ઘસે, એ પાત્ર કેવું ? તે કહે છે **'कयतिकप्पं'** = **'कृतत्रिकल्पम्'** = કર્યા છે ત્રણ કલ્પ = પાણીના ત્રણ પ્રક્ષાલન જેના. તે ત્રિકલ્પ કહેવાય છે એટલે કે ૩ વાર પાણીથી ધોયેલ, **कप्पइ** = **कल्पते** = તે પાત્ર કલ્પે છે. એટલે કે, શુદ્ધ અશનાદિના ગ્રહણ માટે યતિજન = સાધુઓને ઉપયોગમાં કલ્પે છે.

અન્યથા, જો કલ્પત્રય વગેરે ન કરવામાં આવે તો, જેમ કોક ભાજનમાં અશનાદિ મુક્યું હોય, તેની પર અશુચિ પડી હોય, તે બન્નેને દૂર કર્યા બાદ તેને ધોયા વિના જ બીજા અશનાદિ એમાં નાખવામાં આવે તો એ જેમ અભોજ્ય થઈ જાય છે. એમ, ધોવાયું નહીં હોવાથી પૂતિથી ખરડાયેલ તે પાત્રમાં ગ્રહણ કરાયેલ શુદ્ધ અશનાદિ પણ સાધુને અકલ્પ્ય જ બને.

**અવતરણિકા** :- આ પ્રમાણે ચોથું દ્વાર પૂર્ણ થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मूलगाथा–** **कम्मग्गहणे अइक्कमवइक्कमा तह इयारणायारा।**
**आणाभंगणवत्था मिच्छत्तविराहणा य भवे।।१७।।**

**संस्कृतछाया–** कर्म्मग्रहणेऽतिक्रम-व्यतिक्रमौ तथाऽतिचाराऽनाचारौ ।
आज्ञाभङ्गाऽनवस्था-मिथ्यात्वविराधनाश्च भवेयुः ।।१७।।

**卐 आधाकर्म्मग्रहणेऽतिक्रमादयो दोषाः 卐**

**व्याख्या–** सूचनात् कर्म्मग्रहणे आधाकर्म्मादानविषये उपलक्षणत्वादाधाकर्म्मादानं तद्भक्षणं चाश्रित्येत्यर्थः, अन्यथा ग्रहणमात्र एव वक्ष्यमाणदोषसम्भवः प्रस्तुतद्वारविरोधश्च स्यात्। तस्मिन् किमित्याह-अतिक्रमव्यतिक्रमौ तथाशब्दश्चातिक्रमादीनां सम्भवसूचनार्थः। तथा अतिचारानाचारावित्येते चत्वारो दोषाः स्युः। स्वरूपं चैतेषां चतुर्णामपि सूत्रकार एवावेदयिष्यति। कथं पुनराधाकर्म्मादान-विषयेऽतिक्रमादीनां सम्भवः ? उच्यते-यदा कश्चिदभिनवश्रावकः शालिघृतगुडगोरसामृतवल्लीकूष्माण्ड-

---

હવે 'अशने च तस्य ये दोषाः' નામક પાંચમા દ્વારની વ્યાખ્યા કરવા કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **कम्मग्गहणे** = આધાકર્મિક ગ્રહણ કરવામાં, **अइकम्म** = અતિક્રમ, **वइकम्मा** = વ્યતિક્રમ, **तह** = તથા, **अइयार** = અતિચાર, **आणायारा** = અનાચાર, **आणाभंग** = આજ્ઞાભંગ, **अणवत्था** = અનવસ્થા, **मिच्छत्त** = મિથ્યાત્વ, **विराहणा** = વિરાધના, **य** = અને, **भवे** = થાય.।।૧૭।।

**મૂળગાથા-ગાથાર્થ** :- આધાકર્મ અશનાદિને ગ્રહણ કરવામાં (એટલે તેને વાપરવામાં પણ કેવળ ગ્રહણ કરવામાં નહિ) અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચર, આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના એ દોષો થાય છે.।।૧૭।।

## • આધાકર્મના ગ્રહણમાં અતિક્રમણઆદિ દોષો •

**વ્યાખ્યાર્થ** :- 'कम्मग्गहणे' = આધાકર્મ લેવા વિષયે, ઉપલક્ષણથી 'આધાકર્મ ગ્રહણ અને તેના ભક્ષણને આશ્રયીને' એમ લેવું. કારણ કે જો એમ ન લેવામાં આવે તો, માત્ર ગ્રહણમાં જ **वक्ष्यमाण** = હવે કહેવામાં આવનાર દોષોનો સંભવ આવશે તથા પ્રસ્તુત દ્વાર વિષયક વિરોધ આવશે.

આધાકર્મગ્રહણ અને તેના ભક્ષણમાં કયા દોષ છે ? તે કહે છે - 'अइक्कम-वइकम्मा' = 'अतिक्रम-व्यतिक्रमौ' = અતિક્રમ અને વ્યતિક્રમ, 'तह' = 'तथा' = એ અતિક્રમ આદિના સંભવનો સૂચક છે, તેમજ 'अइयार-णायारा' = 'अतिचार-अनाचारौ' = અતિચાર અને અનાચાર આ ચાર દોષો છે. આ ચારેયના સ્વરૂપ સૂત્રકાર પોતેજ કહેવાના છે.

આધાકર્મ ગ્રહણ વિષયે અતિક્રમ વગેરેનો સંભવ શી રીતે છે ? તે જણાવે છે.

જ્યારે કોક નવો શ્રાવક શાલિ, ઘી, ગોળ, ગોરસ, અમૃતવલ્લી = અમૃતવેલ = એક જાતની ઔષધિ, કૂષ્માંડ = તુંબડું = કોળું, ખાંડ = ખડી સાકર વગેરે નવા ઉત્પન્ન થયેલ 'નવી વસ્તુ જ્યાં સુધી સાધુને વહોરાવાય નહિ ત્યાં સુધી ખવાય નહિં' એવા આશયવાળો ભોળપણને લીધે કોઈપણ રીતે નવા શાલિ-કૂર વગેરે આધાકર્મ કરીને 'મારા ઘરે આવીને અશનાદિ ગ્રહણ કરો' એમ સાધુના ઉપાશ્રયે.(વસતીમાં) જઈને સાધુને વિનંતિ કરે. હવે અહીં સાધુએ પહેલા બધી તપાસ કરવી જોઈએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

खण्डादिष्वभिनवोत्पन्नेषु नवं वस्तु यावत् साधूनां न दत्तं तावन्न भुज्यते इत्याशयवान् प्रायेण तस्याव्युत्पन्नबुद्धित्वाद्यथाकथञ्चिदपि नवं शालिकूरादिकमाधाकर्म्म कृत्वा वसतौ गत्वा गृह्यतामागत्य मदीये गृहेऽशनादिकमिति साधुमभ्यर्थयते। ततश्चासौ निमन्त्रितोऽनाभोगादुपेत्यकरणादिना वा आधाकर्म्मग्रहणाय यदि प्रवर्त्तते तदा तस्य साधोश्चत्वारोऽतिक्रमादयस्सम्भवन्ति। एतेषां च लघु-गुरु-गुरुतर-गुरुतमदोषत्वं क्रमेण ज्ञेयम्। तथाहि-कश्चित् साधुरतिक्रमाख्यं दोषं प्राप्तः सन् स्तोकेनापि शुभाध्यवसायेन तं दोषं विशोध्य आत्मानं संयमे व्यवस्थापयति। व्यतिक्रमदोषं तु प्राप्तः सन् गुरुणा शुभाध्यवसायेन, अतिचारदोषं तु गुरुतरेण शुभाध्यवसायेन विशोधयितुं शक्नोति। अनाचार-दोषे तु यद्विषयोऽनाचारस्सेवितस्तं संयमगुणं गुरुतमेनापि शुभाध्यवसायेनाखण्डं साधुर्न प्राप्नोतीति। इह च क्रमशश्चतुर्ष्वप्यतिक्रमादिषु जातेषु प्राय आधाकर्म्माहाराभ्यवहाराः सम्भवन्ति। ततो यदा तद्ग्रहणायातिक्रमादिषु वर्त्तते, तदैवाज्ञाभङ्गादिष्वपि चतुर्षु वर्त्तते इत्यधुना तानाह- 'आणाभङ्गे'त्यादि, आज्ञाभङ्गः सर्वज्ञोपदेशखण्डना, अनवस्थाऽऽधाकर्मिकपरिहारेऽन्येषामनास्था, मिथ्यात्वं विपर्य-स्ताध्यवसायरूपं, विराधना संयमादेर्विघातस्तत आज्ञाभङ्गश्चेत्यादिद्वन्द्वस्ताश्च, चः समुच्चये,

કે 'કેમ બોલાવા આવ્યા છે ?' 'કોના માટે બનાવ્યું છે' વગેરે. પણ એ વિના અનાભોગથી અથવા જાણી જોઈને જો વહોરવા જવા તૈયારી કરવા માંડે અથવા વહોરવા જાય ત્યારે તે સાધુને અતિક્રમ વગેરે ચારેય પ્રકારના દોષો સંભવે છે.

આ ચારેય લઘુ-ગુરુ-ગુરુતર અને ગુરુતમ દોષ ક્રમશઃ જાણવા. તે આ રીતે કે, કોક સાધુને અતિક્રમ દોષ લાગ્યો હોય તો થોડાજ શુભઅધ્યવસાય વડે તેની શુદ્ધિ કરીને આત્માને સંયમમાં સ્થાપે, વ્યતિક્રમ દોષ લાગ્યો હોય તો વધારે શુભઅધ્યવસાય વડે અને અતિચારમાં અત્યંત વધારે શુભ અધ્યવસાય વડે દોષની શુદ્ધિ શક્ય છે. જ્યારે અનાચાર દોષમાં તો જે વિષયક અનાચાર સેવ્યો હોય તે સંયમગુણની અખંડતાને અત્યંત શુભઅધ્યવસાય વડે પણ પ્રાપ્ત કરતો નથી.

અહીં ક્રમશઃ અતિક્રમાદિ ચારેય ઉત્પન્ન થયે છતે પ્રાયઃ આધાકર્મઆહાર વાપરનારા સંભવે છે. તેથી જ્યારે આધાકર્મના ગ્રહણ માટે અતિક્રમાદિમાં સાધુ વર્તે છે, ત્યારે જ આજ્ઞાભંગ વગેરે ચાર દોષમાં પણ વર્તે છે. તે બતાવે છે. 'आणाभंग-णवत्था मिच्छत्त विराहणा' = 'आज्ञाभंग, अनवस्था, मिथ्यात्व, विराधना' = આનો દ્વન્દ્વ થાય એટલે 'आज्ञाभंगान्वस्थामिथ्यात्वविराधनाः' થાય છે. 'आज्ञाभंग', એટલે કે સર્વજ્ઞના ઉપદેશનું ખંડન, 'अनवस्था' એટલે કે આધાકર્મત્યાગ વિષયમાં બીજાને અનાસ્થા થાય, એટલે કે, એકે સેવ્યું, તેનું આલંબન લઈ બીજો સેવે, તેને જોઈને ત્રીજો સેવે, એવી રીતે પરંપરા ચાલે. પછી તો 'આધાકર્મ ન ખવાય એવી' બીજાની આસ્થા ન રહે. 'मिथ्यात्व' એટલે કે વિપરિત અધ્યવસાય. એટલે કે વિપરિત માન્યતા અને 'विराधना' એટલે કે સંયમાદિનો વિઘાત, य = च = એ સમુચ્ચયના અર્થમાં છે, 'भवे' = 'भवेयुः' = થાય છે એટલે કે ઉપરોક્ત આજ્ઞાભંગઆદિ ચારેય થાય છે.

આ આજ્ઞાભંગઆદિનું સ્વરૂપ સૂત્રકાર = મૂળકારશ્રી દ્વારા કહેવાયેલ અતિક્રમાદિના સ્વરૂપ કથન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भवेयुर्जायेरन्। एतेषां च स्वरूपं सूत्रकृदुक्तातिक्रमादिस्वरूपादुपरिष्ठाद्वयं वक्ष्याम इति गाथार्थः।।१७।।

**अवतरणिका**– इदानीं अतिक्रमादीनां स्वरूपं निरुपयितुमाह।

**मूलगाथा– आहाकम्मामंतण पडिसुणमाणे अइक्कमो होइ।**
**पयभेयाइ वइक्कम गहिए तइएयरो गिलिए।।१८।।**

संस्कृतछाया– आधाकर्म्मामन्त्रण-प्रतिश्रुण्वत्यतिक्रमो भवेत्।
पदभेदादौ व्यतिक्रमो गुहिते तृतीय इतरो गिलिते ।।१८।।

**卐 अतिक्रमादि कथं भवति ? 卐**

**व्याख्या**– विभक्तिलोपादाधाकर्म्मणि पूर्वोक्ते आमन्त्रणे गृहाणेदमिति गृहस्थाभ्यर्थने सति प्रतिश्रुण्वति गृहीष्यामीति जल्पत्यनिषेधेन मौनावलम्बिनि वा सति साधौ यावन्नाद्यापि तद्ग्रहणाय चलति तावदतिक्रमो मनाक् चारित्रधर्म्मोल्लङ्घनं भवति। ततः पदस्य चरणस्य भेदस्तद्ग्रहणार्थं गमनायोत्पाटनं पदभेदः, स आदिर्यस्य तद्गृहगमनादेस्तत् पदभेदादि विभक्तिलोपात्तस्मिन् विहिते सति यावत् तन्न गृह्णाति तावद् व्यतिक्रमः, पूर्व्वस्माद्गुरुश्चरणेऽपराधो भवति। ततो गृहीते पात्रकादौ स्वीकृते सत्याधाकर्म्मणि

પછી અમે કહીશું.॥૧૭॥

**અવતરણિકા** :- હવે અતિક્રમાદિના સ્વરૂપની નિરૂપણા કરવા કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **आहाकम्म** = આધાકર્મનું, **आमंतण** = નિમંત્રણ, **पडिसुणमाणे** = સાંભળવામાં, **अइकम्मो** = અતિક્રમ, **होइ** = થાય છે, **पयभेयाइ** = પગ ઉપાડવામાં, **वइक्कम** = વ્યતિક્રમ, **गहिए** = ગ્રહણ કરવામાં, **तइअ** = ત્રીજો, **इयरो** = ચોથો, **गिलिए** = ગળે ઉતારવામાં.॥૧૮॥

**મૂળગાથા-ગાથાર્થ** :- આધાકર્મ અશનાદિનું ગૃહસ્થ નિમન્ત્રણ કરે ત્યારે ગ્રહણ કરવાની ઈચ્છા જણાવે અથવા મૌન રહે પણ નિષેધ ન કરે અને ત્યારપછી તે લેવા જવા માટે જ્યાં સુધી પગ ન ઉપાડે ત્યાં સુધી અતિક્રમ દોષ લાગે. તે લેવા માટે પગઉપાડી મકાનમાંથી નીકળી ગૃહસ્થને ત્યાંથી જ્યાં સુધી ગ્રહણ ન કરે ત્યાં સુધી વ્યતિક્રમ દોષ લાગે. તે ગ્રહણ કરીને જ્યાં સુધી મકાનમાં આવી વાપરવા બેસીને મોઢામાં ન નાંખે ત્યાં સુધી અતિચાર દોષ લાગે, અને છેવટે મોઢામાં નાંખીને ગળામાં ઉતારે ત્યારે અનાચાર દોષ લાગે.॥૧૮॥

**• અતિક્રમાદિ કેવી રીતે થાય ? •**

**વ્યાખ્યાર્થ** :- 'आहाकम्मामंतण' = 'आधाकर्म्मामन्त्रण' અહીં વિભક્તિ લોપ થયો હોવાથી, 'आधाकर्म्मामन्त्रणे' = આધાકર્મના આમંત્રણમાં, એમ સપ્તમી વિભક્તિ જાણવી. એટલે કે, 'આ ગ્રહણ કરો' આ પ્રમાણેના ગૃહસ્થના આમન્ત્રણ = અભ્યર્થના થવાથી, 'पडिसुणमाणे' = 'प्रतिश्रुण्वति' = સાંભળવામાં. એટલે કે 'હું ગ્રહણ કરીશ' એમ બોલવામાં કે એનો નિષેધ કર્યા વિના મૌન રહેવામાં, જ્યાં સુધી વહોરવા જાય નહિં.. અર્થાત્ કપડો ઓઢે, પાત્રાદિ તૈયાર કરે, ત્યાં સુધી 'अइक्कमो होइ' = 'अतिक्रमो भवति' = અતિક્રમ = થોડા ચારિત્રના ઉલ્લંઘનનો દોષ લાગે, 'पयभेयाइ वइकम्म' = 'पदभेददि व्यतिक्रमः' = વહોરવા જવા પગ ઉપાડે, ચાલીને એના ઘરે જાય અને જ્યાં સુધી આધાકર્મ ગ્રહણ ન કરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यावत् मुखे न प्रक्षिपति तावत् सत्यागमनादावपि कृते तृतीयोऽतिचारो गुरुतरश्चरणापराधः। ततो इतरोऽनाचारो गुरुतमश्चारित्रदोषो गिलिते गलादधः क्षिप्ते सति भवति। केचिद् ग्रहणं कवलोद्धरणं यावद् गिलनं तु मुखे प्रक्षेप इति व्याख्यान्तीति। इह च उत्तरगुणगोचराणामतिक्रमादीनां सूत्रे सर्वथा चरणाभावसम्पादकत्वानभिधानादाधाकर्मादिविषयाणामेतेषां चरणदोषकारित्वमेव व्याख्यातुं युक्तं न तु सर्वथा चरणाभावरूपतेति, न च 'पिंडं असोहयन्तो अचरित्ती एत्थ संसओ नत्थि', इत्याद्यागमवचनात् सर्वथा चरणाभावकारित्वं व्याख्येयम्। यतो निश्चयनयाभिप्रायतया उत्सर्गदेशना-विषयतया अभीक्ष्णसेवागोचरतया वा इदं सूत्रं ज्ञेयमिति गाथार्थः।।१८।।

अधुना प्रागतिदिष्टमाज्ञाभङ्गादिदोषस्वरूपमभिधीयते।

### 卐 आज्ञाभङ्गादिदोषस्वरूपम् 卐

यथा निष्कारणे लुब्धस्सन्नाधाकर्म्मादिदान आज्ञाभङ्गं कुरुते तद्ग्रहणस्य सर्वज्ञैर्निषिद्धत्वादिति

---

ત્યાં સુધી વ્યતિક્રમ લાગે. અહીં 'पयभेयाइ' માં સપ્તમી વિભક્તિનો લોપ થયો હોવાથી. 'पदभेदादौ' એમ સપ્તમી વિભક્તિ જાણવી. એટલે કે 'વહોરવા જવા પગભેદાદિ કરાયે છતે' એવો અર્થ જાણવો. અતિક્રમ કરતાં ય આ વ્યતિક્રમમાં ચારિત્રનો મોટો દોષ લાગે છે. 'गहिए तइ' = 'गृहिते तृतीयोऽतिचारः' = આધાકર્મનું ગ્રહણ કરે છતે અતિચાર નામક ત્રીજો દોષ લાગે. એટલે કે, આધાકર્મ પાત્રાદિમાં લઈને પાછા ઉપાશ્રયે આવે. વાપરવા બેસતા જ્યાં સુધી મોઢામાં ન નાંખે ત્યાં સુધી અતિચાર લાગે.. આમાં ગુરુતર ચરણનો અપરાધ છે, 'इयरो गिलिए' = 'इतरो गिलिते' = ગળાની નીચે ઉતારે એટલે ચોથો અનાચાર દોષ લાગે છે. આમાં ગુરુતમ ચરણનો અપરાધ છે. બીજા કેટલાકના મતે 'ग्रहणं' कवलोद्धरणं यावद् = આધાકર્મી વહોરવાથી માંડી વાપરવા માટે હાથ ઉપાડે ત્યાં સુધી અતિચાર 'गिलनं' तु मुखे प्रक्षेप इति = મોઢામાં નાંખે (પૂર્વમત પ્રમાણે ગળાથી ઉતારવાનું નહિ) તે અનાચાર એ પ્રમાણે વ્યાખ્યા કરે છે. આ વિષયમાં કહે છે કે -

ઉત્તરગુણના વિષયભૂત બનતા અતિક્રમાદિ ચારેયને સૂત્રમાં = આગમ-શાસ્ત્રોમાં સર્વથા ચારિત્રનો અભાવ કહ્યા નથી. માટે આધાકર્મવગેરે વિષયક આ અતિક્રમાદિની ચરણદોષકારી તરીકેની વ્યાખ્યા કરવી જ યોગ્ય છે પરન્તુ સર્વથા ચરણાભાવ તરીકે નહિ.

'पिंडं असोहयन्तो अचरित्ती एत्थ संसओ नत्थि' – અર્થાત્ આધાકર્મને વાપરતો, એ અચારિત્રી છે. આમાં સંશય નથી' ઈત્યાદિ આગમ વચનથી આધાકર્મ એ સર્વથા ચરણાભાવને કરનાર છે એવી વ્યાખ્યા ન કરવી. કારણ કે, એ સૂત્ર ઉત્સર્ગદેશનાવિષયક અથવા નિશ્ચયનયના અભિપ્રાયથી છે. અથવા તો, વારંવાર આધાકર્મને ખાનાર માટે આ સૂત્ર છે.॥૧૮॥

હવે, પહેલા (મૂળ ગાથા ૧૭ની ટીકાના અંતે) કહ્યા પ્રમાણે, આજ્ઞાભંગાદિ દોષોના સ્વરૂપને કહેવાય છે. (ટીકાકાર કહે છે)

### • આજ્ઞાભંગાદિ દોષોનું સ્વરૂપ •

**૧) આજ્ઞાભંગ** :- નિષ્કારણે આસક્ત થઈને આધાકર્મગ્રહણાદિથી આજ્ઞાભંગ કરે છે.. કારણ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सर्वज्ञाज्ञालोप आज्ञाभङ्गः। एकेनापि साधुना आधाकर्म्मसेवादिकृतं दृष्ट्वा तत्साध्वालम्बनेनापरोऽपि साधुस्तत् सेवनं कुरुते, तं दृष्ट्वा अन्योऽपीत्येवं यावत् सर्व्वेऽप्यकार्ये प्रवर्त्तन्ते, सर्वप्राणिनां सुखाभिलाषित्वात्, एवं च संयमस्य तेषां सर्वथा छेदः स्यादित्यनवस्था। तथा साधुना प्रव्रज्याग्रहणकाले सर्व्वं सावद्यं योगं प्रत्याख्यामीत्युक्तम्। तदुक्तौ च प्राणिवधानुमतिजनकत्वादाधाकर्म्म न भोज्यं इति परमार्थत उक्तं स्यादतस्तद् भुञ्जानेन तेन यथावादो भग्नः स्यात्ततोऽयथावादित्वादहो एते अन्यथावादिनोऽन्यथाकारिण इत्यादि गृहस्थाशङ्कोत्पादकत्वाच्च मिथ्यात्वं।

### 卐 विराधना-आत्मादित्रिप्रकारा 卐

विराधना चात्मसंयमप्रवचनभेदेन, तत्त्रिविधा। तत्राधाकर्म्म, साधोः प्रायः प्राघूर्णकस्येव गौरवेण गृहिणा क्रियते इति स्वादु स्निग्धं च तत् स्यात्ततः स्वादुतया तस्मिन् प्रचूरे स्निग्धे च भक्षिते ज्वरविसूचिकादिव्याधयस्तस्य कदाचित् स्युः, ततश्च ज्ञानादीनां विराधकः स्यात्, तथाहि-तस्य सूत्रार्थपौरुष्यकरणात् सूत्रार्थहानेर्ज्ञानस्य नाशः, शरीरविह्वलादितया चारित्रादिश्रद्धानत्रुटेर्दर्शनस्य, प्रत्युपेक्षणाद्यभावाच्च चारित्रस्य नाशः स्यादित्यात्मविराधना। वैद्येन च विचिकित्सायां क्रियमाणायां

---

તેનું ગ્રહણ સર્વજ્ઞો વડે નિષિદ્ધ કરાયેલ છે.

૨) **અનવસ્થા** :- એક પણ સાધુને આધાકર્મ ખાતો જોઈને તેનું આલંબન લઈને બીજો પણ સાધુ તેનું સેવન કરે. બીજાને જોઈને ત્રીજો - એમ આગળ વધતા બધાજ પ્રાણીઓ સુખાભિલાષી હોવાથી બધાજ અકાર્યમાં પ્રવર્તે. એમ કરતા તેઓના સંયમનો સર્વથા ઉચ્છેદ = નાશ થઈ જાય.

૩) **મિથ્યાત્વ** :- સાધુ વડે દીક્ષા વખતે "સર્વ સાવદ્ય યોગને ત્યાગુ છું." એમ બોલાયું છે. એટલે કે એ બોલવા દ્વારા પ્રાણીનો વધ જેમાં થાય એવું આધાકર્મ ન ખવાય એમ પરમાર્થથી કહેવાયું હોય છે. હવે જો તેને ખાય તો બોલેલું ખોટું થઈ જાય. અને બોલ્યા પ્રમાણે કરનાર ન હોવાથી "અહો, આ લોકો બોલે બીજું અને કરે બીજું" ઈત્યાદિ ગૃહસ્થોને આશંકા કરાવનાર બને છે. 'શંકાથી સમકિત જાય' એ ન્યાયે મિથ્યાત્વ પમાડે અને પામે.

### • વિરાધનાના "આત્મ" વગેરે ત્રણ પ્રકાર •

૪) **વિરાધના** :- ૩ પ્રકારે. (૧) આત્મ (૨) સંયમ (૩) પ્રવચન.

(૧) **આત્મવિરાધના** :- આધાકર્મ પ્રાયઃ કરીને મહેમાનની જેમ સાધુના ગૌરવથી કરાય છે. માટે તે સ્વાદિષ્ટ અને સ્નિગ્ધ હોય છે. સ્વાદિષ્ટપણાથી એ વધારે અને સ્નિગ્ધ ખાવાથી ક્યારેક તાવ-અજીર્ણાદિ રોગો થાય..અને તેનાથી જ્ઞાનાદિનો વિરાધક થાય.

જ્ઞાન વિરાધના :- (તાવાદિમાં) તે સૂત્ર-અર્થ પોરસી ન કરી શકે અને તે ન કરે તો સૂત્ર-અર્થની હાનિથી જ્ઞાનનો નાશ થાય.

દર્શન વિરાધના :- શરીરની વિહ્વલતાદિથી ચારિત્રાદિની શ્રદ્ધા તૂટી જવાથી દર્શનનો નાશ થાય.

ચારિત્ર વિરાધના :- પડિલેહણાદિ ન કરી શકવાથી, ચારિત્રનો નાશ થાય. આ રીતે આત્મવિરાધના થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पृथिव्यादयः काया व्यापाद्यन्ते, प्रतिपालकसाधूनां च सूत्रार्थहानिः स्यादिति संयमविराधना। दीर्घरोगित्वे पीडां चानुभवत्याह बहुभक्षका एते, ये स्वोदरमपि न जानन्ति इत्यादि प्रवचनमालिन्यसद्भावरूपा प्रवचनविराधना इत्येवं यतो दोषा आधाकर्मणि आग्रहणे भवन्ति तस्मात्तन्न ग्राह्यम्।।१८।।

**अवतरणिका**— अधुनाधाकर्म्मपरिभोगेन आज्ञाभङ्गस्य विपाकं दर्शयन्नाह—

**मूलगाथा— भुंजइ आहाकम्मं सम्मं जो न य पडिक्कमति लुद्धो।**
**सव्वजिणाणाविमुहस्स तस्स आराहणा नत्थि।।१९।।**

**संस्कृतछाया— भुङ्क्ते आधाकर्म्म सम्यग् यो न च प्रतिक्रामति लुब्धः।**
**सर्वजिनाज्ञाविमुखस्य तस्याऽऽराधना नास्ति ।।१९।।**

**卐 आधाकर्म्मभोजित्वाऽप्रतिक्रमणेऽनाराधना 卐**

**व्याख्या**— भुङ्क्तेऽभ्यवहरत्याधाकर्म्म पूर्व्वोक्तं यः साधुरिति प्रक्रमः, कीदृशः सन्नित्याह- 'लुद्धो' गृद्धोऽनेन ग्लानादिकारणेन यस्तद् गृह्णाति स आज्ञां न लङ्घयतीत्यावेदयति। भुक्त्वा च 'सम्मं'ति सम्यगपुनरावृत्त्या भावशुद्ध्या वा यो 'न' नैव, चः स्थाप्यः, प्रतिक्रामत्याधाकर्मिकपरिभोगात् प्रायश्चित्तग्रहणपूर्वकं व्यावर्त्तते। स्थापितचकाराद् गृहीत्वा तन्न करोति इति गृह्यते, स

(૨) **સંયમવિરાધના** :- વૈદ્ય પાસે દવા કરાવતા ઉકાળા પીવા વગેરેથી પૃથ્વીકાયાદિનો નાશ થાય અને સેવાકરનાર સાધુઓની સૂત્ર-અર્થહાનિ થાય. એટલે સંયમવિરાધના.

(૩) **પ્રવચનવિરાધના** :- લાંબા ગાળાના રોગમાં પીડાય ત્યારે "એઓ ખૂબ ખાનારાઓ છે. પોતાના પેટની ક્ષમતા પણ નથી જાણતા" વગેરે લોકો બોલે. આ પ્રવચનમાલિન્યકરનાર સ્વરૂપ પ્રવચનવિરાધના થાય છે. આધાકર્મના ગ્રહણમાં આ બધા દોષો થાય છે તેથી તે ગ્રાહ્ય નથી.

**અવતરણિકા** :- હવે આધાકર્મના પરિભોગદ્વારા આજ્ઞાભંગના વિપાકને બતાવતા કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **भुंजइ** = વાપરે છે, **आहाकम्मं** = આધાકર્મ, **सम्मं** = સમ્યક્પ્રકારે, **जो** = જે, **न पडिक्कमति** = પ્રાયશ્ચિત ગ્રહણપૂર્વક પાછો ફરતો નથી, **च** = પ્રાયશ્ચિત લઈને કરતો નથી, **लुद्धो** = આધાકર્મ વાપરવાથી લુબ્ધ બનેલો, **सव्वजिणाणाविमुहस्स** = સર્વ જિનેશ્વરોની આજ્ઞાથી પરાङ्मુખ થયેલો, **तस्स** = તેની, **आराहणा** = આરાધના, **नत्थि** = નથી.॥૧૯॥

**મૂળગાથા-ગાથાર્થ** :- જે સાધુ આધાકર્મ વાપરે છે તે આધાકર્મમાં લુબ્ધ બની, પછી સમ્યક્ પ્રકારે તે દોષ ગુરુને જણાવી તેનું પ્રાયશ્ચિત્ત સ્વીકારી ફરીથી આધાકર્મ નહિ કરવાની ભાવનાવાળો બનતો નથી અને તેથી સર્વ જિનેશ્વરની આજ્ઞાથી પરાઙ્ગમુખ થયેલા તે દ્રવ્યસાધુને સદ્ગતિ પ્રાપ્ત કરાવનાર અનુષ્ઠાનરૂપ સંયમની આરાધના નથી.॥૧૯॥

**• આધાકર્મ વાપર્યા બાદ પ્રાયશ્ચિત ન કરનાર અનારાધક છે •**

**વ્યાખ્યાર્થ** :- **'भुजंइ'** = **'भुङ्क्ते'**, **'आहाकम्मं'** = **'आधाकर्म्म'** = પૂર્વોક્ત એવા આધાકર્મને જે સાધુ ખાય, કેવો થઈને ? તે કહે છે – **'लुद्धो'** = **'गृद्धो'** = ગૃદ્ધ થઈને, અહીં આ વાત છતી થાય છે કે જો ગ્લાનાદિના કારણે જે ગ્રહણ કરે તે આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી. આધાકર્મ ખાઈને, **'सम्मं**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आज्ञाभङ्गदोषकारीति प्रक्रमः। तस्य फलमाह-

### 卐 आज्ञाभङ्गदोषस्य फलम् 卐

सर्वजिनानां समस्ततीर्थकराणामाज्ञा उपदेशस्तस्या विमुखः पराङ्मुखो भ्रष्ट इति भावस्तस्य। तस्येति साधुसङ्कल्पिताहारभोजित्वादाज्ञाभङ्गकारिणो यतेराराधना सुगतिनिबन्धनसदनुष्ठाननिष्पादना, यद्वा आराधना मरणकाले भाविनि पर्यन्तक्रिया सा अशुद्धाहारभोक्तृत्वेन संयमादिविघातकारित्वात् तस्य नरकादिकुगतिगमनसम्भवान्नास्ति न विद्यते। अथवाऽखण्डितसंयमानुष्ठानपरिपालनस्यांते पण्डितमरणेनैव सुगतिप्राप्तिकारकं श्रेयस्करमुपवर्ण्यते तच्च तस्य न स्यात्, युज्यते चैतत् फलं परममहाराजतीर्थकराज्ञाभङ्गकारिणाम्। यत इह लोकेऽपि राजादेरप्याज्ञाभङ्गकारिणोऽनर्थपरम्परां प्राप्नुवन्तो दृश्यन्ते, किं पुनस्तीर्थकराज्ञाभङ्गकारिणांस्ता(तेषा)मिति । अत्र राजाज्ञाभङ्गे आख्यानकम्-

### 卐 राजाऽऽज्ञाभङ्गविषयको दृष्टांतः 卐

एगाए नयरीए निज्जियासेससत्तुवग्गस्स एगस्स बहलपत्तलच्छाया सरससपक्वफलपब्भारोण्णामि-

---

जो' = 'सम्यग् यः' = ફરી ન વાપરવું એ પૂર્વક અથવા ભાવશુદ્ધિપૂર્વક સમ્યગ્ રીતે જે 'न च पडिक्कमति' = 'न च प्रतिक्रामति' = 'च' શબ્દને ઉભો રાખી પ્રથમ 'प्रतिक्रामति' નો અર્થ કરવો કે, તે પાપથી પાછો ફરતો નથી. અર્થાત્ પ્રાયશ્ચિતના ગ્રહણપૂર્વક આધાકર્મના પરિભોગથી પાછો ફરતો નથી, હવે 'च' શબ્દથી, પ્રાયશ્ચિત ગ્રહણકરીને જેઓ તેને કરતા નથી એટલે કે પ્રાયશ્ચિત્તને પાળતા નથી. તે આજ્ઞાભંગદોષકારી છે. આજ્ઞાભંગના ફળને બતાવે છે.

### • આજ્ઞાભંગ દોષનું ફળ •

'सव्वजिणाणा-विमुहस्स' = 'सर्वजिनाज्ञाविमुखस्य' = સર્વ તીર્થંકરોની આજ્ઞાથી વિમુખ થયેલ- ભ્રષ્ટ થયેલ એવા, 'तस्स' = 'तस्य' = સાધુનાસંકલ્પ પૂર્વકના આહારને ખાવા દ્વારા આજ્ઞાભંગકરનાર તે સાધુની, 'आराहणा नत्थि' = 'आराधना नास्ति' = સુગતિના કારણભૂત સદ્અનુષ્ઠાનને પ્રાપ્ત કરાવનારી આરાધના નથી. અથવા અશુદ્ધઆહારનું ભોજન એ સંયમાદિ વિઘાતને કરાવનાર બને છે, તેનાથી તે સાધુને નરકાદિ કુગતિ ગમનનો સંભવ હોવાથી મરણકાળવિષયક આરાધના હોતી નથી. અથવા, અખંડિત સંયમઅનુષ્ઠાનનું પાલન અંતકાળે પંડિતમરણથી જ સુગતિપ્રાપ્તિકારક અને કલ્યાણકારી કહેવાય છે તે પંડિતમરણ તેને = આજ્ઞાભંગ કરનારને ન થાય. અર્થાત્ તેને પણ્ડિતમરણના અભાવે દુર્ગતિની સંભાવના રહે છે.

તેવા મુનિને આવું ફળ મળવું ઘટી શકે છે. કારણ કે એણે પરમ-મહારાજ એવા તીર્થંકરની આજ્ઞાનો ભંગ કર્યો છે. અહીં લોકોના ચાલુ વ્યવહારમાં પણ જોવા મળે છે કે રાજાદિની આજ્ઞાભંગ- કરનાર, અનર્થની પરંપરા પામે છે. તો પછી તીર્થંકરની આજ્ઞાભંગ કરનાર તેઓની તો વાતજ શી કરવી ?

### • રાજાની આજ્ઞાભંગ અંગે કથાનક •

એક નગરમાં જીત્યો છે અશેષશત્રુવર્ગને જેણે એવા એક રાજાના ઘનઘટપત્રના છાયાવાળા, સુંદર પક્વફળના ભારથી નમેલ વૃક્ષના સમૂહથી રમણીય બે સુંદર ઉદ્યાનો હતા. નામે ચન્દ્રોદય પશ્ચિમ- દિશામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यदुमगणरमणिज्जाणि दोण्णि उज्जाणाणि होत्था। चन्दोदयं सूरोदयं च। तत्थ नयरीए पच्छिमदिसाए चंदोदयं, बीयं तु पुव्वदिसाए सूरोदयं। तेसु तणकट्ठहारगा वि गच्छन्ति। अह चेत्तमासे अन्तेउर-कीलाकोउयत्थिणा पत्थिवेण पडहगदायगा भणिया, जहा भो भो पभाते अहं सूरोदये उज्जाणे नियअंतेउरीहिं सद्धिं कीलं करिस्सामि त्ति, तणकट्ठहारयाइणो चन्दोदये गच्छन्तु। इय संझाए पडहगं वाएउ लोगं जाणेवेज्जह। तेहिं तहेव कयं। सूरोदये पभाए गच्छन्ताणं मज्झन्ने उण तओ वलंताणं आइच्चो संमुहो भविस्सइ, सो य दुहावहोत्ति चिंतिय सेज्जवालमज्झठियाहिं अंतेउरियाहिं सद्धिं पभाए राया चन्दोदयं गओ। इओ य पडहगसवणाणंतरं एत्थ अम्हे न को वि पेच्छिस्सह अम्हे पुण अउव्वदंसणाउ रायंतेउरियाउ पेच्छिस्सामो त्ति कोऊहल्लिणो दुविता पच्छिमराइए सूरोदये उज्जाणे बहलपत्तवंताणं रुक्खाणं साहासु लग्गिउ ठिया। ते य उज्जाणरक्खएहिं लक्खिऊण रायाणाभङ्गकारगत्ति हत्थेहिं गहिया, डंडाईहिं हया, रज्जुयाईहिं बद्धा य। जे य तणकट्ठहार-गाइणो पडहगसवणेण पभाए चन्दोदगं गया, तेहिं सहसा पविट्ठेहिं दिट्ठा उ ताउ वरनेवत्थवि-भूसियाउ पीणुण्णयघणथणवक्खोण्णामियाहेकाउ पुन्नचंदवयणाउ रायअंतेउरियाउ। इमेहिं दिट्ठाउत्ति उज्जाणपालएहिं ते वि बद्धा। तओ नयराभिमुहं वलियस्स निवस्स मज्झन्नवेलाए उज्जाणपालएहिं वुत्तंतकहणपूव्वं दोवि वग्गा दंसिया, राइणा आणाभंगकारिणोत्ति सूरोदयगामिणो अदिट्ठोवरोहावि दुविता वहाविया। इयरे आणाकारिणोत्ति दिट्ठोवरोहावि विसज्जियत्ति। एवं एत्थवि तित्थयराणा-

---

અને સૂર્યોદય પૂર્વદિશામાં. તે બન્નેમાં ઘાસ લેનારા અને લાકડા લેનારા જતાં હતાં. એક દિવસે ચૈત્ર માસમાં રાજાએ પડહવાદકોને કહ્યું કે “આવતીકાલે સવારે હું રાણીઓ સાથે ક્રીડા કરવા સૂર્યોદય ઉદ્યાનમાં જઈશ. તેથી કઠીયારા વગેરે ચન્દ્રોદયમાં જાય.” આ પ્રમાણે સાંજે પડહ વગાડી લોકોને જણાવો. તેઓએ તે પ્રમાણે કર્યું. સુર્યોદય ઉદ્યાનમાં સવારે જતાં અને મધ્યાહને પાછા વળતાં સૂર્ય સંમુખ થશે, તે દુઃખકારી થશે એ પ્રમાણે વિચારીને શય્યાપાલની મધ્યમાં રહેલી રાણીઓ સાથે સવારે ચંદ્રોદયમાં ગયો. આ બાજુ પડહ સાંભળીને કેટલાક કુતૂહલી ખરાબઆચરણવાળા લોકોએ - “અમને કોણ જોનાર છે ? અમે તો ક્યારેય ન જોયેલી રાજાની અન્તેપુરીઓને જોઈશું.” એમ કરી પાછળની રાત્રિએ ઘણા પત્રોવાળા ઝાડની શાખામાં સંતાઈ ગયા. તેઓ ઉદ્યાનરક્ષકો વડે જોવાયા અને રાજાજ્ઞાભંગકારી છે એ પ્રમાણે હાથ વડે ગ્રહણ કરાયાં, દંડ વડે હણાયા અને દોરડાં વડે બંધાયા. જે કઠીયારા વગેરે પડહના શ્રવણથી સવારે ચન્દ્રોદય ઉદ્યાનમાં ગયા હતા. સહસાપ્રવેશેલા તેઓ વડે સુંદર નૈપત્થ્યથીભૂષિત, ....., પૂર્ણચંદ્રજેવા મુખવાળી રાજાની અન્તેપુરીઓ = સ્ત્રીઓ જોવાઈ. “આ લોકો વડે રાજાની સ્ત્રીઓ જોવાઈ” એમ ઉદ્યાનપાલકોવડે તેઓ પણ બંધાયા. ત્યારપછી મધ્યાહ્ને નગરી તરફ પાછા ફરેલા રાજાને ઉદ્યાનપાલકોવડે વૃત્તાંત કહેવાપૂર્વક બંને વર્ગો બતાડાયા. રાજાએ આ દુષ્ટ આચરણવાળા સૂર્યોદયમાં જનારા છે એમ કરીને જેમણે અન્તેપૂરીને જોવાનો અપરાધ નહોતો કર્યો છતાંય આજ્ઞાભંગ કર્યો હતો માટે મરાવી નાંખ્યા. જ્યારે અન્તેપૂરીને જોનાર અપરાધી એવા ચંદ્રોદયમાં જનારા આજ્ઞાને માનનારા છે એમ છોડી દીધા.

એજ પ્રમાણે અહિં પણ તીર્થંકરની આજ્ઞાને ભાંગનાર જન્મ જરા, મરણ, રોગ, શોક વગેરે ઘણાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भंगकारिणो जम्मजरामरणरोगसोगाइदुक्खपउरं भवजलहिपरियडणमहाणत्थं पावेंतित्ति गाथार्थः।।१९।।

**अवतरणिका**– उक्तमशनेन तस्य ये दोषा इति द्वारमधुना दाने च तस्य ये दोषा इति षष्ठं द्वारं व्याचिख्यासुराह।

**मूलगाथा– जइणो चरणविघाइत्ति दाणमेयस्स नत्थि ओहेण।**
**बीयपए जइ कत्थवि पत्तविसेसे व होज्ज जउ।।२०।।**

**संस्कृतछाया– यतेश्चरणविघातीति दानमेतस्य नास्त्योघेन।**
**द्वितीयपदे यदि कुत्रचित् पात्रविशेषे वा भवेद्यतः।।२०।।**

### 卐 सामान्यत आधाकर्म्मणो दानं नास्ति 卐

**व्याख्या**– यतः संयमोद्योगवतः साधोः, किमित्याह चरणं विहन्तुं शीलमस्येति चरणविघाति चारित्रविनाशकृदाधाकर्मिकाशनादि वर्त्तते इत्यनेन कारणेन दानं वितरणमेतस्याशनादेराधाकर्म्मणो नास्ति न विद्यते गृहिण ओघेन सामान्येन कारणं विनेतियावत्। उपलक्षणत्वात्तद्दायक-शुभाल्पायुर्बन्धनिबन्धनं चेदमिति दृश्यम्।

### 卐 सुपात्रेऽशुद्धदानफलविषये श्रीभगवतीसूत्रपाठः 卐

---

દુઃખોથીવ્યાપ્ત ભવસાગરમાં ભમવાસ્વરૂપ મહા અનર્થોને પામે છે.।।૧૯।।

**અવતરણિકા** :- આ પ્રમાણે 'अशनेन तस्य ये दोषाः' દ્વાર કહેવાયું, હવે 'तस्य दाने ये दोषा' એમ છટ્ઠું દ્વાર કહેવાની ઈચ્છાવાળા કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **जइणो** = સાધુના, **चरणविधाइति** = ચારિત્રનો ઘાતક હોવાથી, **दाणं** = આપવાનું, **एयस्स** = આધાકર્મ, **नत्थि** = નથી, **ओहेण** = ઓઘ એટલે ઉત્સર્ગમાર્ગે, **बीयपए** = અપવાદથી, **जइ** = જો કે, **कत्थवि** = કોઈ વખતે, **पत्तविसेसे** = પાત્ર વિશેષમાં, **वा** = અથવા, **होज्ज** = હોય, **जओ** = કારણ કે.।।૨૦।।

**મૂળગાથા-ગાથાર્થ** :- આધાકર્મ અશનાદિ ચારિત્રને નાશ કરનાર છે માટે ગૃહસ્થોને તેનું દાન ઉત્સર્ગ-માર્ગથી નથી, પરન્તુ અપવાદથી કોઈ પુષ્ટાલંબને પાત્રવિશેષે તેનું દાન હોય છે.।।૨૦।।

### • સામાન્યથી આધાકર્મનું દાન હોતું નથી •

**વ્યાખ્યાર્થ** :- 'जइणो' = 'संयमोद्योगवतः साधोः' = સંયમમાં ઉદ્યમવન્ત સાધુના, 'चरणविघाइ त्ति' = 'चरणविघाति इति' = ચરણ-ચારિત્રને વિનાશકરનાર આધાકર્મ અશનાદિ છે, આ કારણે 'दाणमेयस्स' = 'दानम् एतस्य' = આ આધાકર્મ અશનાદિનું દાન, 'नत्थि ओहेण' = 'नास्ति ओघेन' = કારણ વિના સામાન્યથી = ઓઘથી નથી હોતું. આના ઉપલક્ષણથી, આધાકર્મના દાયકને એ = આધાકર્મનું દાન શુભ એવા અલ્પઆયુષ્યબન્ધનું કારણ બને છે. એમ જાણવું.

### • સુપાત્રમાં અશુદ્ધદાનફળ વિષયે શ્રીભગવતીસૂત્રનો પાઠ •

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ = ભગવતીજી સૂત્રમાં સુપાત્રને કરેલ અશુદ્ધદાનનું ફળ આપ્રમાણે કહેવાયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथा च **प्रज्ञप्त्यां** सुपात्रमाश्रित्याशुद्धदानस्य फलमभिहितम्। यथा- 'कहं णं भंते ! जीवा अप्पाउयत्ताए, कम्मं पकरेंति। गोयमा ! पाणे अइवाइत्ता मुसं वइत्ता तहारूवं समणं वा माहणं वा अफासुएणं अणेसणिज्जेणं असणपाणखाइमसाइमेणं पडिलाभित्ता। एवं खलु जीवा अप्पाउयत्ताए कम्मं पकरेंति'। अस्यार्थः, तत्र प्रश्नः सुगमः । उत्तरे तु 'पाणे अइवाइत्त'त्ति प्राणानतिपात्य आधाकर्मादिकरणतो विनाश्य, मृषोक्त्वा यथाहो ! साधो ! स्वार्थसिद्धमिदं भक्तादि, कल्पनीयं वो, न शङ्का कार्या इत्याद्यनृतमभिधायाऽप्रासुकानेषणीयेनाशनादिना चतुर्विधाहारेण। 'तहारूवंत्ति' तथाविधस्वभावं भक्तिदानोचितपात्रमित्यर्थः। श्रमणं तपःखिन्नदेहं, 'माहणं व'त्ति मा हनेत्येवं योऽन्यं प्रति वक्ति, स्वयं हननिवृत्तः सन्नसौ माहनः, (पचाद्यचि) तं माहनं, यद्वा ब्रह्मचर्यं कुशलानुष्ठानं वा तदस्यास्तीति ब्राह्मणः अस्त्यर्थेऽण्, एवमादित्वात् तं ब्राह्मणं ब्रह्मचर्यादिगुण-गणोपेतमित्यर्थः। वा शब्दपरस्परापेक्षया समुच्चये। प्रतिलभ्योपष्टभ्य लाभवन्तं कृत्वेत्यर्थः। यद्वा ये जीवा जिनसाधुगुण-पक्षपातितया पूजाद्यर्थं पृथिव्याद्यारम्भेण वर्त्तमानाः प्राणानतिपात्य पूजाद्यर्थमेव न्यासापहारादिना च वर्त्तमाना, मृषोक्त्वा श्रमणस्य संस्तरणे सत्यपि निष्कारणतो भक्तिमात्रेणाप्रासुकानेषणीयाशनादि-

---

**कहं णं भंते ! जीवा अप्पाउयत्ताए, कम्मं पकरेंति ?**

**गोयमा ! पाणे अइवाइत्ता, मुसं वइत्ता, तहारूवं समणं वा माहणं वा अफासुएणं अणेसणिज्जेणं असणपाणखाइमसाइमेणं पडिलाभित्ता। एवं खलु जीवा अप्पाउयत्ताए कम्मं पकरेंति।'**

**ભાવાર્થ** :- ગણધર શ્રીગૌતમસ્વામીજી પ્રભુવીરને પ્રશ્ન પૂછે છે કે,

**પ્રશ્ન** :- હે ભગવાન ! જીવો અલ્પાયુષ્યકર્મને શી રીતે બાંધે છે ?

**પ્રભુનો જવાબ** :- હે ગૌતમ ! '**पाणे अइवाइत्ता**' = આધાકર્માદિ કરવાપૂર્વક જીવોને-પૃથ્વીકાયાદિ જીવોને વિનાશ કરીને, '**मुसं वइत्ता**' = જૂઠું બોલીને, અર્થાત્ "અહો સાધુ ! આ તો અમારા માટે કરેલું છે. તમારે કલ્પે એવું છે, એમાં શંકા ના કરશો" ઈત્યાદિ જૂઠું બોલીને, '**अफासुएणं अणेसणिज्जेणं असण-पाण-खाइम-साइमेणं**' = અપ્રાસુક-અનેષણીય અશનાદિથી એટલે કે ચતુર્વિધ આહારથી, '**तहारूवं**' = તેવાપ્રકારના સ્વભાવવાળા એટલે કે, ભક્તિ દાનને ઉચિત-પાત્ર એવા, '**समणं वा**' = તપથી ખિન્ન દેહાવાળા શ્રમણને, અથવા '**माहणं**' = '**मा हन**' એ પ્રમાણે જે અન્યને કહે છે. અને સ્વયં હનનવૃત્તિથી નિવૃત્ત, અથવા બ્રહ્મચર્ય કે કુશલઅનુષ્ઠાન જેને છે તે બ્રાહ્મણને '**वा**' શબ્દ પરસ્પરની અપેક્ષાએ સમુચ્ચયના અર્થમાં છે, '**पडिलाभित्ता**' = '**प्रतिलभ्य**' = લાભવાળા કરીને એટલે કે વહોરાવીને, અથવા બીજી રીતે વ્યાખ્યા કરે છે.

જે જીવો જિનના સાધુના ગુણપક્ષપાતી હોવાથી તેઓની પૂજાઆદિ માટે પૃથ્વીકાયાદિ જીવોનો વિનાશ કરીને કે બીજાની થાપણ પચાવી પાડીને જૂઠું બોલવાપૂર્વક, સાધુને નિર્દોષ ગોચરીથી નિર્વાહ થઈ શકતો હોવા છતાં પણ વિના કારણે ભક્તિ માત્રથી અપ્રાસુક-અનેષણીય એવા ચતુર્વિધ આહારાદિ શ્રવણને વહોરાવીને, '**अप्पाउयत्ताए कम्मं पकरेंति**' = સરાગસંયમીને નિરવદ્ય દાનથી બંધાતા આયુષ્યની અપેક્ષાએ અલ્પ આયુષ્ય કર્મ બાંધે છે, આ કારણથી જ જિનાગમથી ભાવિત મતિવાળા સાધુઓ, નાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चतुर्विधाहारेण श्रमणं च प्रतिलभ्येति व्याख्या। ततः सरागसंयम-निरवद्यदाननिमित्तायुष्कापेक्षया-ऽल्पायुष्कतयाऽल्पजीवितव्यहेतुतया जीवा आयुःकर्म्म बध्नन्ति। तथा च जिनागमाभिसंस्कृतमतयो यतयः प्रथमवयःसंभोगिनं कंचन मृतं दृष्ट्वा वक्तारो भवन्ति। नूनमनेन भवान्तरे किञ्चिदशुभं प्राणिघातादिकमासेवितमकल्प्यं वा मुनिभ्यो दत्तं येनायं भोगयल्पवयाः संवृत्त इति, न पुनः क्षुल्लक-भवग्रहणादितयाऽल्पायुक्तया ज्ञेयम्। दाननिरतस्य प्राणिनो दानेन भोगानाप्नोतीति वचनात्सांसारिक-राज्यादिप्राप्तिनिबन्धनत्वेन तस्य क्षुल्लकभवग्रहणेषूत्पत्त्यसम्भवात्। तस्मादो घत आधाकर्म्मिकस्य दानं नास्तीति। कदाचित्तर्हि तद्दानं भवेदुत सर्व्वथा न ? इत्याह–

### 卐 अपवादेन पात्रविशेषेऽशुद्धदानं भवत्यपि 卐

'बीयपए' त्ति उत्सर्गप्रथमपदापेक्षया द्वितीयस्थानमपवादस्तत्र यदीति सम्भावने यदि परमित्यर्थः। कुत्रचित् कस्मिन् महति पुष्टे ग्लाननिर्वाहादौ कारणे, तथा पात्रविशेषे विशिष्टतपोज्ञानादिसमग्रगुणगणाधारो यतिः तद्विषये वा। वाशब्दोऽशुद्धदानसम्भवस्य द्वितीयप्रकारसमुच्चयार्थः। भवेत्स्याद्यदि परं तद्दानमिति प्रक्रमः। अथ किमिति द्वितीयपदमेवाश्रित्याशुद्धाशनादि गृही दद्यान्नोत्सर्गतोऽपीत्याह– 'जउ'त्ति यतो यस्मात् कारणात्, तत्रार्थे इदमुक्तमागमे इति गाथार्थः।।२०।।

---

ઉંમરેજ ભોગ ભોગવતા કોઈક મરેલાને જોઈને આવું બોલતા હોય છે કે, 'આણે જરૂર ભવાંતરમાં કોક અશુભ પ્રાણિઘાત વગેરે કર્યો હશે અથવા અકલ્પ્યદાન મુનિને વહોરાવ્યું હશે. જેથી આને અલ્પ ભોગ મળ્યા'.

અલ્પાયુષ્ય તરીકે ક્ષુલ્લકભવગ્રહણાદિ ન લેવું કારણ કે, 'દાન-નિરત પ્રાણીઓને દાનથી ભોગની પ્રાપ્તિ થાય છે' આવા વચનથી, સુપાત્ર દાન એ સાંસારિક રાજ્યાદિની પ્રાપ્તિ કરાવનાર હોવાથી સુપાત્રદાન આપનારની ક્ષુલ્લકભવોમાં ઉત્પત્તિનો સંભવ નથી હોતો અર્થાત્ અહીં અલ્પાયુષ્યનો અર્થ ક્ષુલ્લકભવ ન લેતાં અલ્પભોગવાળો, ઓછા આયુષ્યવાળો ભવ લેવો. તેથી જ, સામાન્યથી આધાકર્મનું દાન હોતું નથી.

### • અપવાદે પાત્રવિશેષમાં અશુદ્ધદાન પણ સંભવે •

**પ્રશ્ન** :- તો શું, ક્યારેક આધાકર્મનું દાન હોય ખરું ? કે સર્વથા ન હોય ?

**ઉત્તર** :- 'बीयपए जइ' = 'द्वितीयपदे यदि' = ઉત્સર્ગ એ પ્રથમપદ તેની અપેક્ષાએ બીજું સ્થાન = અપવાદપદ તેમાં, જો 'कत्थवि' = 'कुत्रचित्' = ગ્લાનનિર્વાહ વગેરે કોક મહાન પુષ્ટકારણમાં, તથા, 'पत्तविसेसे' = 'पात्रविशेषे' = વિશિષ્ટ તપ-જ્ઞાનાદિ સમગ્ર ગુણગણના આધાર એવા સાધુ વિશે, 'व' = 'वा' = એ, અશુદ્ધદાનની સંભાવનાના દ્વિતીયપ્રકારના સમુચ્ચયના અર્થમાં છે, 'होज्ज' = 'भवेत्' = હોય છે. અર્થાત્ દ્વિતીયપદે આધાકર્મનું દાન હોય છે.

**પ્રશ્ન** :- ગૃહસ્થ કેમ દ્વિતીયપદથી જ અશુદ્ધ અશનાદિ આપે, પણ ઉત્સર્ગથી કેમ નહિ ?

**ઉત્તર** :- 'जओ' = 'यतः' = કારણ કે, આગમમાં આ પ્રમાણે કહેવાયું છે. ॥૨૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अवतरणिका**— यदुक्तं तदेवाह—

**मूलगाथा— संथरणंमि असुद्धं दोण्हवि गेण्हत्तदेंतयाणऽहियं।**
**आउरदिट्टुंतेणं तं चेव हियं असंथरणे।।२१।।**

**संस्कृतछाया— संस्तरणेऽशुद्धं द्वयोरपि गृह्णद्ददतो अहितम्।**
**आतुरदृष्टांतेन तच्चैव हितमसंस्तरणे ।।२१।।**

**卐 संस्तरणेऽशुद्धग्राहकदायकयोरहितम् 卐**

**व्याख्या**– संस्तरणं प्रासुकैषणीयाहारादिप्राप्त्यैव साधूनां निर्व्वाहस्तस्मिन् सत्यशुद्धमनेषणीयादितया सदोषमशनादि द्वयोरपि गृह्णद्ददतोर्ग्राहकदायकयोर्यतिगृहस्थयोर्न केवलमेकस्य कस्यचिदित्यपेरर्थः। अहितमपथ्यं संयमविघातशुभाल्पायुर्बन्धहेतुत्वेन अनिष्टफलकृदित्यर्थः। उत्सर्गतस्तावदेवं, अपवादतस्तु तमप्यनेषणीयमशनाद्याहारं न केवलमेषणीयं हितमेवेत्यपेरर्थः चेवशब्दस्याप्यर्थत्वात्। हितं पथ्यमिष्ट-फलकृत् दातुर्गृहीतुश्च क्वेत्याह-असंस्तरणेऽनिर्व्वाहे दुर्भिक्षग्लानादौ प्रयोजने इत्यर्थः। केन हितमित्याह-

---

**અવતરણિકા** :- આગમમાં જે કહેવાયું છે તે કહે છે,

**મૂળગાથા-શબ્દાર્થ** :- **संथरणंमि** = નિર્વાહ થતો હોય છતાં, **असुद्धं** = અશુદ્ધ આહારાદિનું દાન, **दोण्हवि** = બન્નેનું, **गेण्हंतदेंतयाण** = ગ્રહણકરનાર અને આપનારનું, **अहियं** = અહિતકારી છે, **आउरदिट्टुंतेण** = રોગીના દૃષ્ટાંતથી, **तं चेव** = તે જ અશુદ્ધ આહારાદિનું દાન, **हियं** = હિતકારી છે, **असंथरणे** = નિર્વાહ ન થાય તે વખતે.II૨૧II

**મૂળગાથા-ગાથાર્થ** :- પ્રાસુક અને એષણીય આહારાદિથી જ્યારે સાધુનો નિર્વાહ થઈ શકતો હોય તેવા અવસરે પણ આધાકર્મ અશનાદિનું દાન આપનાર અને લેનાર બન્નેને અહિતકારી છે. અને તે જ દોષવાળું અશનાદિ નિર્વાહ ન થતો હોય ત્યારે આપવામાં આપનારનું અને લેનારનું હિત સમાયેલું છે.II૨૧II

**• નિર્વાહ થતો હોય ત્યારે અશુદ્ધ દેનાર અને લેનાર - બન્નેનું અહિત •**

**વ્યાખ્યાર્થ** :- 'संथरणंमि' = 'संस्तरणे' = નિર્વાહ થતો હોય ત્યારે, એટલે કે, પ્રાસુક એષણીય આહારાદિની પ્રાપ્તિદ્વારા જ સાધુઓનો નિર્વાહ થઈ જતો હોય ત્યારે, 'असुद्धं' = 'अशुद्धं' = અનેષણીય આહારાદિ, 'दोण्ह वि गेण्हत्तदेंतयाणऽहियं' = 'द्वयोरपि गृह्णद्-ददतोः' = આપનાર અને લેનાર = વહોરાવનાર ગૃહસ્થ અને વહોરનાર સાધુ, બન્નેનું પણ, માત્ર કોક એકનું નહિ પણ બન્નેનું, એમ 'अपि' નો અર્થ જાણવો. अहियं = अहितं = અહિત કરનાર છે એટલે કે, સાધુપક્ષે સંયમનો વિઘાત અને ગૃહસ્થપક્ષે અલ્પાયુષ્યના બંધનો હેતુ હોવાથી અનિષ્ટફળને કરનાર છે.

આ વાત ઉત્સર્ગની થઈ, અપવાદથી તો, 'तं चेव' = 'तम् अपि' અહીં 'चेव' શબ્દ એ 'अपि' = 'પણ' ના અર્થમાં છે એમ જાણવું. તે અનેષણીય અશનાદિ આહાર પણ, 'માત્ર એષણીય જ હિતકર છે' એવું નથી, એમ 'अपि' શબ્દથી સૂચિત થાય છે, 'हियं' = 'हितं' = દાતા અને ગ્રાહકને 'हियं' = 'हितं' = હિતકર = ઈષ્ટફળને કરનાર છે, ક્યારે ? તે કહે છે, 'असंथरणे' = 'असंस्तरणे'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आतुरो रोगी तस्य दृष्टान्तो निदर्शनमातुरदृष्टान्तस्तेन, स चायं यथा-

卐 आतुरदृष्टांतः 卐

आमवाताद्युद्भवज्वररोगाभिभूतः कश्चिद् रोगी घृतपूर्णमोदकादिकं भोक्तुमभिलषति, वैद्यादिकं च याचते, तच्च तस्य गृह्णतोऽन्यस्य ददतश्च तत्प्रस्तावे यथा द्वयोरप्यनर्थकृत् तथा तदेव भस्मकवाताद्युपहतस्य निरामयवाताद्युद्भवज्वरिणो गृह्णत इतरस्य ददतश्च गुणकृत् तदुक्तं वैद्यशास्त्रे- 'उत्पद्येत हि सावस्था, देशकालामयान् प्रति। यस्यामकार्यं कार्यं स्यात् कर्म्मकार्यं च वर्जयेत्'।।१।। अकार्यमकर्त्तव्यं यत्तदपि कार्यं कर्त्तव्यं स्यात्, कर्म्मकार्यं कर्त्तव्यक्रियामित्यर्थः। एवं अशुद्धाशनादिदानमपि सति निर्वाहे द्वयोरप्यनिष्टकार्यऽसति तस्मिंस्तदेवाभीष्टार्थलाभकारीति। तदयं परमार्थोयद्यप्याधाकर्माज्ञा-भङ्गाद्यनेकदोषहेतुकं वर्णितम्, तथापि 'सव्वत्थ संजमं संजमाउ अप्पाणमेव रक्खेज्जे'त्यादि 'अप्पेण बहुमेसेज्जा। एयं पंडियलक्खणं सव्वासु पडिसेवासु एयमत्थपयं विऊ।' तथा 'न वि किंचि अणुण्णायं पडिसिद्धं वावी'त्याद्यागमाभिज्ञैर्यथावसरं बहुतरगुणलाभाकाङ्क्षया गृह्यमाणं दीयमानं च न दोषाय इति गाथार्थः।।२१।।

= દુર્ભિક્ષ કે ગ્લાનાદિના પ્રયોજનમાં નિર્વાહ ન થતો હોય ત્યારે, શી રીતે હિતકર બને છે ? તે કહે છે, 'आउरदिट्ठंतेणं' = 'आतुरदृष्टान्तेन' = આતુર = રોગીના દૃષ્ટાંતથી.

**• આતુરનું દૃષ્ટાંત •**

રોગીનું દૃષ્ટાંત આ પ્રમાણે છે :- આમવાત (મરડો) વગેરેથી ઉત્પન્ન થયેલ તાવવાળો કોક રોગી ઘીથી લથપથ લાડુ વગેરે ખાવાને ઈચ્છે.. અને વૈદ્ય પાસે એ માંગે.. એ વખતે એના આપનાર અને લેનાર બન્નેને જેમ એ અનર્થકારી બને છે..પરન્તુ તે જ, ભસ્મકવાયુથી ઘેરાયેલ અથવા આમ સિવાયના વાયુથી ઉત્પન્ન થયેલ તાવવાળાને એ ગ્રહણ કરતાં અને એના આપનાર બન્નેને એ ગુણકારી બને છે..

વૈદ્ય શાસ્ત્રમાં કહેવાયું છે કે 'દેશ-કાળ અને રોગને લીધે તેવી અવસ્થા ઉભી થાય છે કે જેમાં અકાર્ય = અકર્તવ્ય તે કાર્ય એટલે કર્તવ્ય બને છે અને કરવાયોગ્ય એવી ક્રિયાને છોડી દેવી પડે છે.'

આ રીતે, નિર્વાહ થતો હોય ત્યારે અશુદ્ધ અશનાદિનું દાન પણ બન્નેને અનિષ્ટકારી બને છે અને નિર્વાહ ન થતો હોય ત્યારે તે જ ઈચ્છિતઅર્થ માટે લાભકારી બને છે.

અહીં આ પરમાર્થ છે કે, જો કે આધાકર્મને આજ્ઞાભંગઆદિ અનેક દોષના હેતુરૂપ બતાવ્યો છે. છતાં પણ **'सव्वत्थ संजमं, संजमाउ अप्पाणमेव रक्खेज्जा'** = સર્વત્ર સંયમની રક્ષા કરવી. પણ જ્યારે સંયમ અને આત્માની વાત આવે ત્યારે આત્માની જ રક્ષા કરવી' ઈત્યાદિ તથા

**'अप्पेण बहुमेसेज्जा। एयं पंडियलक्खणं सव्वासु पडिसेवासु एयमत्थपयं विऊ'**। તથા, **'न वि किंचि अणुण्णायं पडिसिद्धं वावि।**

**અર્થ** :- 'અલ્પ વ્યયથી ઘણો લાભ થાય તેમ કરવું.' એમ બધીજ સકારણિક પ્રતિસેવા = અપવાદોમાં આ ઐદંપર્યાર્થ જાણવો એ પંડિતનું લક્ષણ છે. તથા 'ક્યાંય એકાંતે અનુજ્ઞા અપાઈ નથી કે નિષેધ પણ કરાયો નથી.' ઈત્યાદિ આગમવચનના જ્ઞાનીપુરુષો વડે અવસર પ્રમાણે, ઘણાં ગુણના લાભની આકાંક્ષા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अवतरणिका**– अधुना यदुक्तं 'पत्तविसेसे व होज्ज'त्ति, तत्र सुपात्रमाश्रित्य गृहिणस्तद्दान-सम्भवमावेदयन्नाह।

**मूलगाथा– भणियं च पंचमङ्गे सुपत्तसुद्धन्नदाणचउभङ्गे।**
**पढमो सुद्धो बीए भयणा सेसा अणिट्ठफला।।२२।।**

**संस्कृतछाया– भणितं च पञ्चमाङ्गे, सुपात्र-शुद्धाऽन्नदानचतुर्भङ्गे।**
**प्रथमस्शुद्धं द्वितीये भजना, शेषावनिष्टफलौ ।।२२।।**

**卐 पञ्चमाङ्गभणितस्सुपात्र-शुद्धान्नदानचतुर्भङ्गः 卐**

**व्याख्या**– भणितं च उक्तं च **पञ्चमाङ्गे व्याख्याप्रज्ञप्त्यां** क्वस्थाने इत्याह-सुपात्रशुद्धान्नदान-चतुर्भङ्ग इति। तत्र सुपात्रं पूर्वोक्तं, शुद्धमेषणीयं यदन्नमशनमुपलक्षणत्वात् पानादिग्रहः। तस्य दानं गृहिणा वितरणं शुद्धान्नदानं ततः सुपात्रं च शुद्धान्नदानं चेति विग्रहः, ताभ्यां पदाभ्यां चतुर्भङ्गो भङ्गचतुष्टयम्। यथा सुपात्रं सुदानं १। सुपात्रमशुद्धदानं २। कुपात्रं शुद्धदानं ३। कुपात्रं कुदानं ४ इत्येवंरूपः सुपात्रशुद्धान्नदानचतुर्भङ्गस्तस्मिन्, यद्वा सुपात्रे सुपात्राय वा शुद्धान्न-

---

પૂર્વક ગ્રહણ કરાતું કે દાતાવડે અપાતું આધાકર્મ દોષ માટે થતું નથી.।।૨૧।।

**અવતરણિકા** :- હવે, હમણાં જ ૨૦ મી ગાથામાં જે કહ્યું - 'पत्तविसेसे व होज्ज' તેમાં સુપાત્રને આશ્રયીને ગૃહસ્થને તે આધાકર્મના દાનનો સંભવ કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **भणियं** = કહ્યું છે, **पंचमङ्गे** = ભગવતીજીસૂત્રમાં, **सुपत्तसुद्धन्नदाण चउभङ्गे** = સુપાત્ર અને શુદ્ધઅન્નના દાનની ચતુર્ભંગીમાં, **पढमो** = પહેલો ભાંગો, **सुद्धो** = શુદ્ધ, **बीए** = બીજા ભાંગામાં, **भयणा** = ભજના, **सेसा** = બાકીના, **अणिट्ठफला** = અનર્થફળવાળા.।।૨૨।।

**મૂળગાથા-ગાથાર્થ** :- શ્રી ભગવતીજી નામના પાંચમા અંગના આઠમા શતકના છઠ્ઠા ઉદ્દેશામાં સુપાત્ર અને શુદ્ધ દાન એ બે પદની ચુતર્ભંગી બતાવી છે. તેમાં, પ્રથમ ભાંગો શુદ્ધ છે, બીજા ભાંગામાં ભજના છે, છેલ્લા બે ભાંગા અનિષ્ટ ફળને આપનારા છે.।।૨૨।।

## • સુપાત્ર-શુદ્ધ દાનવિષયક ચતુર્ભંગી : ભગવતીસૂત્ર •

**વ્યાખ્યાર્થ** :- 'भणियं च' = 'भणितं च' = કહેવાયું છે, 'पंचमङ्गे' = 'पञ्चमाङ्गे' = પાંચમું અંગ ભગવતીજીમાં, ભગવતીજીના કયા સ્થાને કહેવાયું છે ? તે કહે છે, 'सुपत्त-सुद्धदाण-चउभङ्गे' = 'सुपात्र-शुद्धदान-चतुर्भङ्गे' સુપાત્ર અને શુદ્ધઅન્ન દાન વિષયક ચતુર્ભંગીમાં. ત્યાં સુપાત્ર = પૂર્વોક્ત પ્રમાણે જાણવું એટલે કે, ૨૦ મી ગાથામાં ભગવતીજીના પાઠમાં જે 'समणं वा माहणं वा' આવ્યું. તેની વ્યાખ્યા પ્રમાણેના સુપાત્ર જાણવા, 'शुद्धन्नदान' = એટલે કે એષણીય એવા અશન. ઉપલક્ષણથી પાનાદિને પણ લેવા, તેનું દાન એટલે કે ગૃહસ્થ દ્વારા અપાંતું દાન. 'સુપાત્ર અને 'શુદ્ધઅન્નદાન' આ બે પદોની ચતુર્ભંગી થાય છે, તે આ પ્રમાણે –

(૧) સુપાત્ર-સુદાન (૨) સુપાત્ર-અશુદ્ધદાન (૩) કુપાત્ર-શુદ્ધદાન અને (૪) કુપાત્ર-કુદાન.. આ પ્રમાણે સુપાત્ર-શુદ્ધઅન્નદાનની ચતુર્ભંગીમાં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दानमेषणीयाहारवितरणं तद्विषयश्चतुर्भङ्गस्तस्मिन्निति व्याख्येयम्। अधुना यदुक्तं पञ्चमाङ्गे तद्दर्शयितुमाह-प्रथम आद्यो भङ्गः शुद्धः, सुपात्रसद्भावात् साध्वर्थपाकादिक्रियाजनितकर्मबन्धलक्षणदोषरहितत्वेन सुदानत्वाच्च अशुभकर्मनिर्ज्जराहेतुतया निर्द्दोषः, तदनुपुण्यानुबन्धिपुण्यकारणत्वात्, प्राग्जन्मनि वितीर्णसुपात्रशुद्धदानयोः कृतपुण्यकशालिभद्रयोरिवापेक्षयैवोक्तम्, तेनाभीष्टमोक्षादिफलप्राप्तिजनकत्वात् सर्व्वोत्तम इति। अन्यत्रापि चोक्तं विधिविशेषाद् द्रव्यविशेषाद्दातृविशेषात् पात्रविशेषाच्च फलविशेषः। तथा द्वितीयभङ्गके, शुद्धेर्भजना विकल्पना। तथाह्यत्र यावता सुपात्रदानं तावता प्रभूतकर्मनिर्ज्जरासद्भावाच्छुद्धिर्यावता दानमशुद्धं तावता पापकर्मलेशसद्भावादशुद्धिरिति भजना। तथा शेषावुद्धरितौ तृतीयचतुर्थभङ्गकावनिष्टं फलमनभिमतं साध्यं दानप्रयुक्तेर्ययोस्तावनिष्टफलौ। इतेर्गम्यमानत्वादित्येतद् भणितमिति। इदं च मोक्षसाधकदानापेक्षयाऽन्त्यभङ्गद्वये कुपात्रविषयायाः शुद्धाशुद्धदानप्रयुक्तेः पापानुबन्धिपुण्योपार्ज्जकत्वेन सांसारिकराज्यादिभोगमात्रकारणत्वादनिष्टफलत्वमुच्यते।

અથવા, સુપાત્રમાં કે સુપાત્રમાટે, શુદ્ધઅન્નદાન એટલે કે એષણીયઆહારનું દાન, તે વિષયક ચતુર્ભંગીમાં, એમ વ્યાખ્યા કરવી.

હવે, પાંચમા અંગ ભગવતીજીમાં જે કહેવાયું છે તે જણાવે છે –

(૧) **'पढमो सुद्धो'** = **'प्रथमः शुद्धः'** પ્રથમ ભાંગો = સુપાત્રમાં શુદ્ધદાન. આ ભાંગો શુદ્ધ છે. અર્થાત્ એક તો સુપાત્ર છે, અને બીજું આધાકર્મથી ઉત્પન્ન થતા કર્મબંધના દોષથી રહિત હોવાથી સુદાન છે, અને અશુભકર્મની નિર્જરાનો હેતુ હોવાથી નિર્દોષ છે. કારણકે, ભવિષ્યમાં પુણ્યાનુબંધીપુણ્યનું કારણ છે. પૂર્વભવે સુપાત્રમાં શુદ્ધદાનને કરનાર કયવન્ના શેઠ અને શાલિભદ્રજીની અપેક્ષાએ જ આ વાત જાણવી. તેથી ઈચ્છિત મોક્ષાદિ ફળને પ્રાપ્ત કરાવનાર હોવાથી પ્રથમ ભાંગો સર્વોત્તમ છે એમ જાણવું.

બીજે પણ કહેવાયું છે કે **'विधिविशेषाद् द्रव्यविशेषाद्दातृविशेषात् पात्रविशेषाच्च फलविशेषः'** = વિધિ, દ્રવ્ય, દાતા અને પાત્ર વિશેષથી ફળ વિશેષ બને છે. (તત્ત્વાર્થ સૂત્ર :- **विधि-द्रव्य-पात्रविशेषात् तद्विशेषः**).

(૨) **बीए भयणा = द्वितीये भजना** =સુપાત્રમાં અશુદ્ધદાન - બીજા ભાંગામાં ભજના-વિકલ્પ જાણવો. જેટલા પ્રમાણમાં સુપાત્રદાન છે તેટલી પ્રચૂર કર્મનિર્જરા હોવાથી શુદ્ધિ પણ તેટલીજ છે અને જેટલું અશુદ્ધ દાન છે, તેટલો પાપકર્મનો બંધ હોવાથી તેટલી અશુદ્ધિ છે. આમ ભજના જાણવી.

(૩)-(૪) **'सेसा अणिट्ठफला' = शेषौ भङ्गौ अनिष्टफलौ** = શેષ બે ભાંગા કુપાત્રમાં શુદ્ધદાન અને કુપાત્રમાં અશુદ્ધદાન એ અનિષ્ટ ફળને આપનાર છે અર્થાત્ દાનપ્રયોગના એ બન્ને ભાંગાઓનું અનિષ્ટ ફળ છે. આમાં **'इति'** શબ્દ અધ્યાહારથી લેવો. **'इति'** = 'આ પ્રમાણે કહેવાયું છે.' એવો અર્થ છેલ્લે લેવો.

મોક્ષ-સાધક દાનની અપેક્ષાએ છેલ્લા બે ભાંગાઓ કુપાત્રમાં શુદ્ધ કે અશુદ્ધદાનનો પ્રયોગ પાપાનુબન્ધિપુણ્ય ઉપાર્જન કરાવીને માત્ર સાંસારિક રાજ્ય આદિ ભોગોનું કારણ બને છે. માટે એમાં અનિષ્ટફળપણું કહેવાયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ सुपात्रे शुद्धाऽशुद्धदानविषये श्रीभगवतीसूत्रपाठः ॥

तथा च तत्सूत्रं यथा 'समणोवासगस्स णं भंते ! तहारूवं समणं वा माहणं वा फासुएणं एसिणिज्जेणं असणपाणखाइमसाइमेणं पडिलाभेमाणस्स किं कज्जइ ? गोयमा ! एगंत सो निज्जरा कज्जइ नत्थि से पावे कम्मे। 'समणोवासगस्स णं भंते ! तहारूवं समणं वा माहणं वा अफासुएणं अणेसणिज्जेणं असणपाणखाइमसाइमेणं पडिलाभेमाणस्स किं कज्जइ ? गोयमा ! बहुयतरियासे निज्जरा, अप्पयरे से पावे कम्मे'। अनेन द्वितीयदण्डकेनात्र प्रकृतम्। अस्यार्थः श्रमणोपासकस्य श्रावकस्य श्रमणं यतिं ब्राह्मणं ब्रह्मचर्यादिगुणोपेतं वन्दित्वा नमंसित्वा सत्कारयित्वा सन्मानयित्वा वन्दनादिव्यतिरेकेण वा अप्रासुकेनानेषणीयेनाशनादिना चतुर्विधाहारेण प्रतिलम्भयतः लाभवन्तम् कुर्व्वतः किं क्रियते, किं फलं भवति तस्य ? उच्यते, निर्ज्जरापेक्षया चारित्रसाधककायोपष्टम्भात् प्रभूततरा निर्ज्जरा अशुभ-कर्म्मपुद्गलपरिशाटरूपा बह्वी सञ्जायते, पापकर्मापेक्षया जीवादिघातेन व्यवहार-तस्तच्चारित्रबाधया च शुभाल्पायुःकर्मबन्धकत्वं च भवति। शुभमपि चायुरल्पमहिततया पापरूपमेवेह विवक्षितम्।

---

## • સુપાત્રમાં શુદ્ધ-અશુદ્ધ દાનવિષયક શ્રી ભગવતીસૂત્રનો પાઠ •

ભગવતીજી સૂત્રમાં ૧લા અને ૨જા ભાંગા અંગે આ પ્રમાણે કહ્યું છે. ગૌતમ સ્વામીજીનો પ્રભુ વીરને પ્રશ્ન :- 'समणोवासगस्स णं भंते ! तहारूवं समणं वा माहणं वा फासुएणं एसिणिज्जेणं असणपाणखाइमसाइमेणं पडिलाभेमाणस्स किं कज्जइ ?

**પ્રભુ વીરનો ઉત્તર** :- गोयमा ! एगंत सो निज्जरा कज्जइ नत्थि से पावे कम्मे।

**પ્રશ્ન** :- समणोवासगस्स णं भंते ! तहारूवं समणं वा माहणं वा अफासुएणं अणेसणिज्जेणं असणपाणखाइमसाइमेणं पडिलाभेमाणस्स किं कज्जइ ?

**ઉત્તર** :- गोयमा ! बहुयतरियासे निज्जरा, अप्पयरे से पावे कम्मे।

અહીં, બીજા પ્રશ્નનો વિચાર કરવાનો છે. એનો અર્થ આ પ્રમાણે છે.

**પ્રશ્ન** :- હે ભગવાન ! શ્રમણોપાસક-શ્રાવક, બ્રહ્મચર્યાદિગુણોથી યુક્ત શ્રમણ-યતિ-બ્રાહ્મણને, વંદન કરીને, નમન કરીને, સત્કાર કરીને, સન્માન કરીને અથવા વંદનાદિ કર્યા વિના અપ્રાસુક-અનેષણીય અશનાદિ ચાર પ્રકારના આહાર વહોરાવે તો તેને શું ફળ મળે છે ?

**ઉત્તર** :- હે ગૌતમ ! નિર્જરાની અપેક્ષાએ, ચારિત્ર-સાધક કાયાને ટકાવનાર હોવાથી અશુભકર્મ-પુદ્‌ગલના પરિશાટ રૂપ પ્રભુતતરા = ઘણીબધી નિર્જરા કરે છે અને કર્મબંધની અપેક્ષાએ, જીવાદિના ઘાતના કારણે વ્યવહારથી સાધુ વિ.ના ચારિત્રને બાધા પહોંચાડનાર હોવાથી અલ્પઆયુષ્યવાળું શુભકર્મ બંધાય છે. અહીં 'व्यवहारतः' = વ્યવહારથી' એમ કહેવા પાછળ કારણ આ જણાય છે કે - જો સાધુ પ્રતિ દુષ્ટભાવ હોય તો એમાં નિશ્ચયથી ચારિત્રને બાધા પહોંચાડવાનું થાય. પણ અહીં તો ભક્તિવિશેષ કે પ્રયોજનવિશેષની વાત છે. શુભ એવું પણ અલ્પાયુષ્ય અહિતપણાવડે પાપરૂપજ છે. માટે પાપરૂપે વિવક્ષા કરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 सुपात्रेऽनेषणीयदानमपि कदाचिन्न तथाविधबहुदोषकृत् 卐

अत्र च गुणवत्पात्रमाश्रित्याकारणेऽपि भावप्रकर्षविशेषादप्रासुकानेषणीयादेरपीदं फलं न विरुध्यते, अचिंत्यत्वाच्चित्तपरिणतेरिति सम्भाव्यते, अत एतद् भगवतीवचनाद् ज्ञायते। सुपात्रमाश्रित्यानेषणीय-दानमपि भक्तितरलितचित्तत्वेन ददतः कदाचिन्न तथाविधबहुदोषकारीति सुपात्रे तदपि कदाचिद् गृहिणः सम्भवतीत्यावेदितम्।

卐 भगवतीसूत्रोक्ततृतीयचतुर्थभङ्गे यत्कथितं तत्कथ्यते 卐

तथा 'समणोवासगस्स णं भंते ! तहारूवं असंजयअविरयअपडिहयपचक्खायपावकम्मं फासुएण वा अफांसुएण वा एसणिज्जेण वा असण ४ पडिलाभेमाणस्स किं कज्जइ ? हंता गोयमा ! एगंत सो पावे कम्मे कज्जइ नत्थि से कावि णिज्जरा'। सुगमं चैतत्, नवरं असंयतः सप्तदशप्रकारसंयमाद् बहिर्भूतः। तथा विविधमनेकधा द्वादशविधे तपसि रतो विरतस्तन्निषेधादविरतः, तथा प्रतिहता निर्ग्रन्थभेदेन स्थितिह्रासात्, प्रत्याख्यातानि हेत्वभावतः पुनर्वृद्धिनिरोधात् पापकर्म्माणि ज्ञानावरणादीनि

---

**• ક્યારેક સુપાત્રમાં અનેષણીયદાન પણ તેવાપ્રકારના બહુદોષને કરનાર બનતું નથી •**

ગુણિયલ-સુપાત્રને આશ્રયીને, કારણ વિના પણ ઉત્કૃષ્ટ ભાવ-વિશેષથી અપ્રાસુક અનેષણીયાદિ વહોરાવે તો પણ આ ઉપરોક્ત ફળ વિરોધ પામતું નથી. અર્થાત્, તેમાં પણ એકાંતે નિર્જરા થાય છે. કારણ કે 'મનની પરિણતિ અચિંત્ય હોય છે' તેથી આવી સંભાવના છે. આમ, ભગવતીના વચનથી જણાય છે.

તેમજ, આ વાત પણ છતી થાય છે કે, સુપાત્રને આશ્રયીને ભક્તિસભર ચિત્તથી અપ્રાસુક-અનેષણીય દાન આપનારને ક્યારેક એ બહુ દોષકારી બનતું નથી એટલે સુપાત્રને વિષે તેવા પ્રકારનું દાન ક્યારેક ગૃહસ્થને સંભવે છે. હવે, ભગવતીજીમાં ૩જા અને ૪થા ભાંગા અંગે જે કહ્યું છે તે કહે છે.

**• ભગવતીસૂત્રમાં કહેવાયેલ ત્રીજા-ચોથા ભાંગામાં જે કહેવાયું છે, તે કહેવાય છે. •**

તથા, **प्रश्न** :- समणोवासगस्स णं भंते ! तहारूवं असंजय-अविरयअपडिहयपच्चक्खायपावकम्मं फासुएण वा अफासुएण वा एसणिज्जेण वा असणपाणखाइमसाइमेणं पडिलाभेमाणस्स किं कज्जइ ?

**ઉત્તર** :- हंता गोयमा ! एगंत सो पावे कम्मे कज्जइ नत्थि से कावि णिज्जरा।

**પ્રશ્ન** :- હે ભગવાન ! શ્રમણોપાસક તેવાપ્રકારના અસંયત-અવિરત-અપ્રતિહતપ્રત્યાખ્યાત પાપકર્મવાળાને પ્રાસુક કે અપ્રાસુક કે એષણીય વહોરાવે તો તે શું ફળ પામે ?

**ઉત્તર** :- હે ગૌતમ ! તે એકાંતે પાપકર્મ બાંધે છે પણ કોઈપણ પ્રકારની તેને નિર્જરા નથી.

'असंयत' = ૧૭ પ્રકારના સંયમથી બહાર થયેલ, 'अविरत' = ૧૨ પ્રકારના તપમાં જે રત રહે તે વિરત છે. એ જેમાં નથી તે અવિરત છે, 'अप्रतिहतप्रत्याख्यात पापकर्मा' = અપ્રતિહત એટલે કે, સામાયિક-છેદોપસ્થાનીય આદિ નિર્ગ્રન્થના ૫ ભેદથી સ્થિતિનો હ્રાસ નથી થયો તેવા. આમાં, નિર્ગ્રન્થ કક્ષાની અપેક્ષાએ અધ્યવસાયની વિશુદ્ધિથી સ્થિતિનો હ્રાસ સમજવો. અપ્રત્યાખ્યાતપાપકર્મ્મા એટલે અવિરતિસ્વરૂપ હેતુના અભાવથી ફરી જ્ઞાનાવરણીયાદિ કર્મોની સ્થિતિ ન વધે એ રીતે જેણે પાપકર્મોનું પચ્ચક્ખાણ કર્યું છે તેને પ્રત્યાખ્યાતપાપકર્મ્મા કહેવાય છે. તેનો નિષેધ હોવાથી, એટલે કે અવિરતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

येन स तथा तन्निषेधादप्रतिहतप्रत्याख्यातपापकर्म्मा तम्। एवं चासंजयेत्यादिना निर्गुणः पात्रविशेष उक्तो। अनेन च तृतीयचतुर्भङ्गावनेनैव दण्डकेन तुल्यफलत्वादुक्तौ। तृतीयभङ्गे सुदानस्यापि कुपात्राश्रितत्वादुभयाशुद्धभङ्गफलवद्यथोक्तफलत्वमेव। असंयमोपष्टम्भस्योभयत्रापि तुल्यत्वात् पश्चात्प्रासुकादौ जीवघाताभावेन अप्रासुकादौ च जीवघातसद्भावेन विशेषः। सोऽत्र न विवक्षितः पापकर्म्मणो निर्ज्जराया अभावस्यैव चेह विवक्षितत्वादित्यलं प्रसङ्गेनेति गाथार्थः।।२२।।

**अवतरणिका**— इदानीं यथापृच्छेति सप्तमं द्वारं व्याचिख्यासुराह।

**मूलगाथा— देसाणुचियं बहुदव्वमप्पकुलमायरो य तो पुच्छे।**
**कस्स कए केण कयं लक्खिज्जइ बज्झलिंगेहिं।।२३।।**

**संस्कृतछाया**— देशानुचितं बहुद्रव्यमल्पकुलमादरो च ततः पृच्छेत् ।
कस्य कृते केन कृतं, लक्ष्यते बाह्यलिङ्गैः ।।२३।।

**卐 देशानुचितादि दृष्ट्वा 'कस्यकृते ?' आदि प्रश्नयेत् 卐**

**व्याख्या**– देशः सुराष्ट्रमालवकप्रभृतिको मण्डलः। सोऽनुचितोऽयोग्यस्तस्मिन्, तस्याभावाद् यस्य

---

સ્વરૂપ હેતુ ચાલુ હોવાથી કર્મની સ્થિતિ વધવાથી અપ્રત્યાખ્યાતપાપકર્મા. આમ અસંયતાદિ કુપાત્રના લક્ષણો કહ્યા. આ કારણે જ, ભગવતીજીના બીજા દંડક દ્વારા ત્રીજો અને ચોથો ભાંગો તુલ્યફળવાળો કહેવાયો છે કેમ કે, ત્રીજા ભાંગામાં સુદાન હોતે છતે પણ સામે કુપાત્ર હોવાથી ૪ થા ભાંગાના ફળ જેટલું ફળ હોવાથી તેને પણ અશુદ્ધ ભાંગો કહ્યો. જો કે, એ બન્ને ભાંગામાં અસંયમનું પોષણ તો તુલ્ય છે, પણ સામે રહેલ કુપાત્ર માટે આધાકર્મ કરેલ ન હોવાથી પ્રાસુકાદિમાં જીવઘાતાદિનો અભાવ અને અપ્રાસુકાદિમાં એ આધાકર્મ કરેલ હોવાથી જીવઘાતાદિનો સંભવ હોવાથી બંન્નેમા થોડો ફરક ખરો પણ અહીં તેની વિવક્ષા કરવામાં આવી નથી કારણ કે પાપકર્મોની અને નિર્જરાના અભાવનીજ અહીં વિવક્ષા કરવામાં આવી છે. આ રીતે ટૂંકાણમાં કહ્યું, વધુ વિસ્તારથી સર્યું.॥૨૨॥

**અવતરણિકા** :- હવે, 'यथापृच्छा' નામક સાતમા દ્વારની વ્યાખ્યા કરવાની ઈચ્છાવાળા કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **देसाणुचियं** = જે દેશમાં અસંભવતી, **बहुदव्वं** = દેવાની વસ્તુ વધારે પ્રમાણમાં હોય તો, **अप्पकुलं** = થોડી વસ્તીવાળું ઘર હોય, **आयरो** = અત્યંત આગ્રહ હોય તો, **य** = અને, **तो** = તે વખતે, **पुच्छे** = પૂછે, **कस्स कए** = કોને માટે, **केण** = ક્યા કારણથી, **कयं** = બનાવેલું છે, **लिक्खज्जई** = જણાય છે, **बज्झलिंगेहिं** = બાહ્ય ચિહ્નોથી.॥૨૩॥

**મૂળગાથા-ગાથાર્થ** :- જે દેશને અનુચિત દ્રવ્ય જોવામાં આવે, માણસો થોડા અને રસોઈ વધારે પ્રમાણમાં દેખાય અને દાતાનો અત્યંત આદર હોય તો ત્યાં તે વસ્તુ માટે આધાકર્મની શંકા હોવાથી સાધુએ પૂછવું જોઈએ- આ કોના માટે ? ક્યા નિમિત્તે બનાવી છે ?કદાચ માયાવીપણાથી દાતાર સાચું ન બોલે. તો પણ તે વખતે શરીરના બાહ્યચિહ્નોથી જણાઈ આવે છે.॥૨૩॥

**• દેશને અનુચિત વગેરે જોઈને 'આ કોના માટે કર્યું' વગેરે પ્રશ્નો પૂછે •**

**વ્યાખ્યાર્થ** :- 'देसाणुचियं' = 'देशानुचितम्' = સૌરાષ્ટ્ર-માલવા વગેરે મંડળોને દેશ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

देयवस्तुनस्तद्देशानुचितम् आहिताग्न्यादेराकृतिगणत्वान्निष्ठान्तस्य पूर्व्वनिपाताभावो, यद्वा देशस्यानुचितं तत्र तस्यासम्भवाद् अयोग्यं, देशानुचितमिति विग्रहः। बहु प्रचुरं द्रव्यं शाल्योदनमण्डकसक्तु-कुल्माषमुद्गादिकं, बहु च तद् द्रव्यं चेति विग्रहः। अल्पमेकद्विमानुषं कुलं गृहं ततोऽल्पं च तत् कुलं चेति विग्रहः। आदरो दातुर्भक्तिकृतः सम्भ्रमः चः समुच्चये। यदि स्यादिति शेषः। 'तो'त्ति ततस्तदनन्तरं तदा वा तस्मिन् काले आधाकर्म्मशङ्कासम्भवात् पृच्छेत्, प्रश्नयेत् कथमित्याह-कस्य कृते कस्य पुरुषादेर्निमित्तम्। केन वा प्रयोजनेन कृतं विहितमेतदितेर्गम्यमानत्वादित्येवंरूपतया किं निमित्तोऽयमारम्भ इत्यादि प्रश्नं कुर्यादिति यावत्। तत्र तु प्रचुरमपि द्रव्यं लभ्यते केवलं तत्तत्र देशे प्रभूतमुत्पद्यते यथा-मालवके मण्डकादि अनादरवांश्च दाता तत् प्रयच्छति। तत्र स्वदेशोचिते प्रचुरेऽपि लभ्यमाने द्रव्येऽनादरवति दातरि त्र्यादिमानुषे गृहे आधाकर्म्मशङ्काया अभावान्नापृच्छेदेवं वा, यत्र पदे शङ्का स्यात् तत्र प्रश्नं विधाय निःशङ्कितं कृत्वा तद्ग्राह्यमित्यावेदितं भवति।

તે દેશમાં, અનુચિત-અયોગ્ય જે દેય દ્રવ્ય હોય. તેને 'देशानुचितम्' કહેવાય. કારણ કે તે દ્રવ્યનો ત્યાં અભાવ હોય છે.

'आहिताग्नि' આદિ 'आकृतिगण' હોવાના કારણે અહીં નિષ્ઠાન્ત પ્રત્યયવાળો અનુચિત શબ્દ પૂર્વમાં આવ્યો નથી. તેથી 'देशानुचितम्' થયું. અથવા તો, દેશને અનુચિત-અયોગ્ય જે દ્રવ્ય હોય. કારણકે તે દ્રવ્યનો ત્યાં સંભવ ન હોવાથી અયોગ્ય હોય છે. તે 'देशानुचितम्' એમ વિગ્રહ કરવો. ટુંકમાં, દેશાનુચિત એટલે દેશને ઉચિત દ્રવ્ય ન હોય. 'बहुदव्वम्' = 'बहुद्रव्यम्' એટલે કે ઘણું દ્રવ્ય. અર્થાત્ 'शालिओदन' = ઉંચીજાતના ભાત, 'मंडक' = વિશિષ્ટ દ્રવ્ય-માંડા, 'सक्तु' = સાથવો, 'कुल्माष' = અડદ, મગ વગેરેને પ્રચુર માત્રામાં જોઈને, 'बहु च तद् द्रव्यं च' એમ વિગ્રહ કરવો. 'अप्पकुलम्' = 'अल्पकुलम्' = એક કે બે મનુષ્યવાળું ઘર હોય. 'अल्पं च तत् कुलं च' એમ વિગ્રહ કરવો. 'आयरो' = આદર હોય. આદર = ભક્તિથી ઉત્પન્ન થતો સંભ્રમ. સંભ્રમ = બેબાકળા-ઉતાવળા થવું. 'य' = 'च' = એ સમુચ્ચયના અર્થમાં છે. અહીં બધે 'જો હોય' એ અધ્યાહારથી લેવું. જેમકે દેશને અનુચિત દ્રવ્ય જો હોય વગેરે. 'तो' = 'ततः' = તો પછી, અથવા તે સમયે. અર્થાત્ તે સમયે આધાકર્મની શંકાનો સંભવ હોવાથી, 'पुच्छे' = 'पृच्छेत्' = પ્રશ્ન કરે.

પ્રશ્ન શી રીતે કરે ? તે કહે છે, 'कस्स कए' = 'कस्य कृते' = કયા પુરુષાદિ નિમિત્તે, અથવા, 'केण कयं' = 'केन कृतं' = કયા પ્રયોજનસર કર્યું છે. 'एतद्' = આ. 'इति' અધ્યાહારથી લેવું. અર્થાત્ 'આ દેયદ્રવ્ય કોના નિમિત્તે કર્યું છે,' અથવા 'આ દેયદ્રવ્ય કયા પ્રયોજનસર કર્યું છે ?' આ જ પ્રમાણે, 'કયા નિમિત્તે આ આરંભ છે.' ઈત્યાદિ પ્રશ્ન કરે.

"દેશાનુચિત દ્રવ્ય' વગેરે જોઈને પ્રશ્ન કરે" એવી વાતથી આ વાત ફલિત થાય છે કે, જ્યાં દેશને ઉચિત એવું પ્રચુર દ્રવ્ય મળતું હોય. એવા દેશમાં એ દ્રવ્ય ઘણું પાકતું હોય છે. જેમકે, માલવા દેશમાં મંડક = કણિકાવડે બનાવેલ એક પ્રકારની રોટલીનો વિશેષ અને દાતા અનાદરપૂર્વક એ આપે. અહીં અનાદરનો અર્થ તિરસ્કાર રૂપ ન કરવો પણ જે વસ્તુ જ્યાં ખૂબ હોય એ વિશે દાતાને એટલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कथं पुनः प्रश्निते ऽपि परेण कृतमाधाकर्म्म विज्ञायते परभावस्य दुर्ज्ञेयत्वादिति, आह-लक्ष्यते विज्ञायते यदुत शुद्धमिदमिति। कैरित्याह बाह्यलिङ्गैरिति।

**卐 प्रश्निते बाह्यलिङ्गैश्शुद्धाऽशुद्धं ज्ञायते 卐**

तत्र बाह्यानि बहिर्भवानि सर्वजनप्रत्यक्षाणि लिङ्गानि चिह्नानि वचनविन्यासपरस्परावलोकन-सविलक्षहसनादीनि, तेषां निपुणान् प्रत्याऽऽन्तरपरभावप्रकाशकत्वे गमकत्वाल्लिङ्गत्वं ततो बाह्यानि च तानि लिङ्गानि चेति विग्रहस्तैरित्ययमर्थः। ऋज्व्यो नार्यः कृताधाकर्मिकाः पृष्टाः सत्यः तव निमित्तमिदं विहितमिति वदन्ति। मायाविन्यस्तु मुखेन गृहार्थं कृतमिदमिति जल्पन्ति, चेष्टया तु ज्ञातास्स्म इति सलज्जं परस्परं वीक्षन्ते किञ्चिद्वदन्ति च। तत आधाकर्मिकमेतदिति विज्ञाय न गृह्णन्ति साधवः। अथ कदाचित् प्रश्नानन्तरं गाढं दातारो रोषं कुर्यात्। यद्वा केयं मदीयाशनादिविषया भवतां तत्तिरित्यवज्ञावचनं ब्रूयाः ततस्तद्भावमलीकसत्यकोपादिकं विज्ञायाशनादि ग्राह्यमिति। तदेव-

---

બધો ભાવ ન હોય એટલે તે વસ્તુ એમજ સહેજે સહેજે આપી દે. આ પ્રમાણે સ્વદેશને ઉચિત દ્રવ્ય પ્રચુર પણ મળતું હોય અને અનાદરપૂર્વક દાતા એને આપતો હોય અને ત્રણ વગેરે સભ્યોવાળું ઘર હોય ત્યારે આધાકર્મની શંકાનો અભાવ હોવાથી ઉપરોક્ત પ્રમાણેના પ્રશ્નો ન પૂછે. અથવા, જેટલા અંશે શંકા થાય, તેમાં પ્રશ્ન પૂછીને દ્રવ્યને નિઃશંકિત કરીને ગ્રહણ કરે.

**• પ્રશ્ન કર્યાબાદ બાહ્ય હાવભાવ દ્વારા શુદ્ધ કે અશુદ્ધ જાણી શકાય •**

**પ્રશ્ન** :- પ્રશ્ન કરવા છતાં પણ બીજાએ આધાકર્મ કર્યું છે ? કે નહિ ? એની જાણ શી રીતે થાય ? કારણ કે, બીજાના ભાવો જાણવા મુશ્કેલ હોય છે ને ?

**ઉત્તર** :- 'लक्खिज्जइ' = 'लक्ष्यते' = આ શુદ્ધ છે કે નહિ ? તે કોના દ્વારા જણાય ? તે કહે છે, 'बज्झलिंगेहिं' = 'बाह्य लिङ्गैः' = બહારના ચિહ્નો દ્વારા. ચિહ્નો એટલે કે બહારમાં પ્રગટ થતાં સર્વજનપ્રત્યક્ષ એવા વચનવિન્યાસ-બોલવાનો ઢંગ, પરસ્પરાવલોકન-પરસ્પર એક બીજાને જોવું, 'सविलक्षहसन' વિચિત્ર હાસ્ય વગેરે. નિપુણોને = બુદ્ધિશાળીઓને આ બાહ્ય ભાવો એ દાતાના આન્તરિક ભાવોને પ્રકાશિત કરનાર હોય છે. માટે લિંગ કહેવાય છે. बाह्यानि च तानि लिङ्गानि च (तैः) એમ વિગ્રહ કરવો.

ભાવાર્થ આ જાણવો કે, સરલ સ્ત્રીઓ હોય, તો એમને આધાકર્મ સંબંધી પ્રશ્ન પૂછવામાં આવે તો 'આ આપના માટે કરેલ છે' એમ કહી દે પરન્તુ માયાવી હોય તો મોઢાથી કહે કે 'આ અમારા ઘર માટે કરેલ છે' પણ ચેષ્ટાથી તો 'અમે જણાઈ ગયા છીએ' એમ લજ્જાપૂર્વક પરસ્પર જોવા માંડે અને કાંઈક ધીરેથી વાતો કરે ત્યારે આ આધાકર્મ છે એવું જાણીને સાધુઓ ગ્રહણ ન કરે.

ક્યારેક પ્રશ્ન પૂછે ત્યારે, દાતા ખૂબ ગુસ્સે ભરાય, અથવા તો 'અમારા આ ભોજનાદિમાં આપને શી પંચાત' એમ અવજ્ઞાવચન બોલે ત્યારે તેનો ક્રોધ વગેરે સાચો છે કે જૂઠો એ જાણીને અશનાદિ ગ્રહણ કરવા. આ પ્રમાણે ગાથાના ચોથા પાદ વડે આધાકર્મને જાણવાના ઉપાય બતાવ્યા. આ જ પ્રમાણે, આગળના ઔદ્દેશિકાદિ દોષોમાં પણ જ્યાં સૂત્રકારે વિશેષથી ન કહ્યું હોય ત્યાં જાતે દોષને જાણવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मनेन गाथाचतुर्थपादेन आधाकर्म्मिकपरिज्ञानोपाय उक्तः। एवमौद्देशिकादिष्वपि यत्र विशेषतः सूत्रकारो न भणति तत्र स्वयमसावभ्यूह्यो वयं च किञ्चिद्दर्शयिष्यामः। किं च सर्वदोषविषयशुद्ध्यशुद्धिपरिज्ञानकारणमुपयुक्ततैव। ततः संयमविघातकारिषु शुभेष्वशुभेषु वा शब्दादिष्विन्द्रियपथं स्वंस्वमवतीर्णेषु रागद्वेषाकरणतः तेषु अदत्तमना भिक्षाचर्यायां प्रविष्टो मुनिः भिक्षाविषयैषणायामेव दत्तमना भवेत् मण्डितालंकृतवधूष्वदत्तावधानो नीरनीरणयोरेव कृतावधानो गोवत्सक इवेत्यत्राख्यानकं यथा।

**卐 भिक्षाग्रहणे गोवत्सकदृष्टांतः 卐**

'एगंमि नयरे एगो समिद्धो सेट्ठी आसि तेण पहाणमन्दिरं कारियम्। तस्स बहवे पुत्ता, बहुयाउ य वहुयाउ, कालेण सेट्ठिणीए पञ्चत्तमुवगयाए गिहतत्ति कारियाउ जायाउ, तेसिं तु एगा गावी पउरदुद्धा सवच्छा आसि। सा य दिवसे बाहिं चरणत्थं पट्ठविज्जइ। वच्छो उ गिहे धरिज्जइ। तस्स य सव्वा वहुयाउ नीरणं पाणियं च ढोइंति। अन्नया तग्गिहे नियपुत्तस्स विवाहो उवट्ठिओ तत्थ ताउ सविसेसं आहरियविभूसियाउ ताणं सपरेसि मण्डणवाववाडाणं वीसरिओ वच्छो न य तस्स एगाए नीरणं वा पाणियं वा ढोइयं। जाव मज्झन्न सेट्ठी समागओ तं दट्ठुं वच्छओ रंजिउं लग्गो तेन नायं जहा अज्ज भुक्खिओ एस चिट्ठइ। वहुयाउ निब्भच्छियाउ ततो जेट्ठा वहू ससंभमंता नीरणपाणियं गहाय वच्छाभिमुहं चलिया। तओ वच्छो न तारिसं ताहिं समलंकियं भवणं (वयणं) जोएइ किंतु नीरणपाणियं एगाए दिट्ठीए झायमाणो अवलोयइ जाव लद्धंति'।

---

રીત જાણી લેવી. અમે તો સંક્ષેપમાં થોડુંજ જણાવીશું.

બધા દોષ વિષયક શુદ્ધિ-અશુદ્ધિ જાણવામાં કારણભૂત તો ઉપયોગપણુંજ છે તેથી, ભિક્ષાર્થે નીકળેલ મુનિ સંયમ-વિઘાતકારી શુભ કે અશુભ શબ્દાદિ વિષયો ઈન્દ્રિયપથમાં આવે ત્યારે તેમાં મનને લઈ ગયા વિના રાગ-દ્વેષ કર્યા વિના મુનિ માત્ર ભિક્ષાવિષયકએષણામાં જ દત્તમના થાય. કોની જેમ ? તે કહે છે, શણગાર સજેલ વધૂઓમાં મનને નહિં લઈ જતાં, માત્ર ચારો-પાણીમાંજ ઉપયોગવાળા ગાયના વાછરડાની જેમ. તે વાછરડાનું કથાનક આ પ્રમાણે છે.

**• ભિક્ષાગ્રહણમાં વાછરડાનું દૃષ્ટાંત •**

એક નગરમાં એક સમૃદ્ધશાલી શ્રેષ્ઠી હતા. સમૃદ્ધિ હોવાથી તેમણે એક મોટી હવેલી કરાવી. તેના ઘણાં પુત્રો અને પુત્રવધુઓ હતી. કાળક્રમે શેઠાણી કાળ કરી ગયા બાદ ઘરનું કાર્ય વધુઓએ સંભાળી લીધું. આ ઘરમાં વાછરડાવાળી દૂધાળી ગાય હતી. ગાય તો દિવસે બહાર ચરવા મોકલાતી જ્યારે વાછરડું ઘરે રહેતું હતું અને બધીજ વધૂઓ 'એને કાળજીપૂર્વક ચારો-પાણી આપતી હતી.

એકવાર ઘરમાં લગ્નનો પ્રસંગ આવવાથી બધીજ વહૂઓ પોતાને અને બીજાને સજાવવા લાગી હતી અને એમાં આ વાછરડાને ચારો-પાણી આપવાનું ભૂલાઈ ગયું. બપોરના શ્રેષ્ઠી જ્યારે ઘરે આવ્યા ત્યારે વાછરડું શ્રેષ્ઠીને જોઈ ગેલમાં આવી ગયું. આ જોતા શ્રેષ્ઠી સમજી ગયા કે આજે વાછરડું ભૂખ્યું છે. તેમણે તરત વહૂઓને ઠપકારી એટલે મોટી વહૂ ઉતાવળે પગે ચારોપાણી લઈને વાછરડા તરફ ચાલી. ત્યારે વાછરડું વધૂના અલંકૃત મુખને ન જોતા માત્ર ચારાપાણીને જ એકનજરે વિચારતો દેખે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 गोवत्सकदृष्टांते उपनयः 卐

अत्रोपनयो यथासौ गोवत्सो निजाहारे मूर्च्छितो गृद्धश्च दत्तावधानो न पूर्वोक्तस्वरूपं गृहं नापि कृतशृङ्गारालङ्कारा वधूः पश्यति। किं तर्हि गोभक्तमेवावलोकयतीत्येवं साधुरपि चारित्रे मूर्च्छितो गृद्धश्चोपयुक्तो न विषयभिक्षादात्रीषु मूर्च्छां करोति। कि तर्हि चारित्रोपष्टम्भिकायां भिक्षायामेवोपयोगं ददातीत्येवं उपयुक्त आधाकर्मिकतां शेषैषणादोषांश्च श्रमणः श्रवणचक्षुःप्रभृति-करणोपयोगवान् दात्र्याः साधवे भिक्षादानाय गमनागमनादिं कुर्वन्त्याः सत्कारश्रवणादिप्रकारेण जानातीत्येवं संशोध्य भिक्षा ग्राह्येति गाथार्थः।।२३।।

**अवतरणिका**— अधुना छलनाख्यमष्टमं द्वारं व्याचिख्यासुराह।

**मूलगाथा— थोवंति न पुट्ठं न कहियं व गूढेहिं नायरो व कओ।**
**इय छलिओ न लग्गइ सुउवउत्तो असढभावो।।२४।।**

**संस्कृतछाया—** स्तोकमिति न पृष्टं, न कथितं वा गूढैर्नादरो वा कृतः।
इति छलितो नैव लगति, श्रुतोपयुक्तोऽशठभावः ।।२४।।

卐 स्तोकाशनदानादिना छलितोऽपि शुद्धः 卐

---

**• વાછરડાના દૃષ્ટાંતનો ઉપનય •**

**ઉપનય** :- જેમ આ વાછરડું પોતાના આહારમાંજ મૂર્ચ્છાવાળું-ગૃદ્ધ (આસક્ત) અને ઉપયોગવાળું બનીને શણગારેલ ઘરને કે શ્રૃંગાર અને અલંકારવાળી વધૂને ન જોતા માત્ર ચારાપાણીને જુવે છે. તેમ સાધુ પણ ચારિત્રમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ = આસક્ત અને ઉપયોગવાળો થઈને ઈન્દ્રિયના વિષયો કે ભિક્ષા આપનાર દાત્રીમાં મૂર્ચ્છા કરતો નથી. એ તો માત્ર ચારિત્રને ટકાવનાર ભિક્ષામાં જ ઉપયોગવાળો હોય છે.

આ રીતે પાંચે ઈન્દ્રિયમાં ઉપયોગવાળો સાધુ વહોરાવવા માટે આવ-જાવ કરતી દાત્રીના સત્કાર-શ્રવણાદિ પ્રકારો વડે આધાકર્મ અને બાકીના દોષોને જાણે છે. આ પ્રમાણે દોષોને ટાળીને ગોચરી વહોરવી.॥૨૩॥

**અવતરણિકા** :- હવે 'છલના' નામક આઠમું દ્વાર કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **थोवंति** = થોડું હોવાથી, **न पुट्ठं** = પૂછ્યું નહિ, **न कहियं** = કહ્યું નહિ, **वा** = અથવા, **गूढेहिं** = ગૂઢહૃદયવાળા દાતારે, **न** = નહિ, **आयरो** = આદર, **वा** = અથવા, **कओ** = કર્યો, **इय** = આ પ્રકારે, **छलिओ** = ઠગાયેલાને, **न लग्गइ** = દોષ લાગતો નથી, **सुउवउत्तो** = શ્રુતમાં ઉપયોગવાળો, **असढभावो** = અશઠ ભાવવાળો.॥૨૪॥

**મૂળગાથા-ગાથાર્થ** :- વસ્તુ થોડી હોવાથી પૂછ્યું નહિ, અથવા દાતાએ માયાવીપણાથી સાચુ કહ્યું નહિ, અથવા ગૂઢહૃદયવાળા દાતારે આદર કર્યો નહિ. આ રીતે છેતરાયા છતાં મુનિને કર્મબંધ નથી કારણકે શ્રુતનો ઉપયોગ છે અને અશઠભાવ છે.॥૨૪॥

**• ઓછું અશનદાન વગેરેથી છેતરાય છતાં મુનિ શુદ્ધ છે •**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**व्याख्या**– स्तोकं स्वल्पं एतदशनादिकं दृश्यते दात्र्या दीयमानमित्येतत् सम्प्रधार्य उपलक्षणत्वाद् बह्वपि देशोचितमिति कारणाद्वा, 'न' नैव पृष्टं कस्यार्थायेदमित्यादिपूर्वोक्तप्रकारेण प्रश्नितं दातुः पार्श्वादेवं वस्त्विति शेषः। तथा पृष्टैः किमर्थमिदं राद्धमित्यादिप्रश्नितैः सद्भिर्दातृभिर्न नैव कथितं वा प्रतिपादितं वा मायावित्वात्, यथा भवदर्थं कृतमिदमिति। तथा गूढैरलक्ष्याशुद्धाहारदानादिभावैर्दातृभिर्न नैव आदरोऽभ्युत्थानप्रसन्नवदनवन्दनादिप्रतिपत्तिरूपो, वा विकल्पे, कृतो विहितः। तत एवं यतमानस्यापि यतेः कदाचिदशुद्धाहारादेर्ग्रहणं स्यादिति।

### 卐 श्रुतोपयुक्तोऽशठो नाऽऽश्लिष्यते कर्म्मणा 卐

ननु तर्हि तद्ग्रहणे आधाकर्म्मजनितकर्म्मबन्धदोषवानसौ स्यादित्याह– 'इय'त्ति किल पूर्वोक्तप्रकारेण सम्पृच्छ्य आहारग्रहणे छलनैव प्रायो न सम्भवति, परमित्येवं स्तोकाशनदानादिना प्रदर्शितप्रकारेण छलितोऽप्यशुद्धाशनादिग्रहणवानच्छलितोऽशुद्धाशनादिग्रहणजनितकर्म्मणा नाश्लिष्यत एवेत्यपि सूचयति। 'न' नैव लगत्यशुद्धाशनादिग्रहणजनितकर्म्मणा आश्लिष्यते। हेतुद्वारेण विशेषणद्वयमाह-श्रुतोपयुक्तो, लुप्तसमुच्चयार्थचकारस्य दर्शनादशठभावश्चेति दृश्यं। तत्र श्रुते पिण्डैषणानिरूपक आगमे उपयुक्त

**व्याख्यार्थ** :- 'थोवंति' = 'स्तोकं इति' = 'દાત્રી વડે અપાતું આ અશનાદિ ઓછું દેખાય છે એટલે લેવામાં વાંધો નથી' એમ ધારીને, ઉપલક્ષણથી 'અપાતું દ્રવ્ય ઘણું છે પણ દેશને ઉચિત છે' એવા કારણથી, 'न पुट्ठं' = 'नैव पृष्टं' = 'આ કોના માટે બનાવ્યું છે ?' ઇત્યાદિ પ્રશ્નો દાતાને ન પૂછ્યા, 'न कहियं' = 'न कथितं' = 'કોના માટે આ રાંધ્યું છે ?' ઈત્યાદિ પ્રશ્નો કરાયેલ દાતાઓએ 'આ આપના માટે કર્યું છે' એમ માયાના કારણે કહ્યું જ નહિ, તથા, '**गूढेहिं नायरो व कओ**' = '**गूढैः न आदरः कृतः**' = ગૂઢ દાતાઓવડે આદર ન કરાયો અર્થાત્ અશુદ્ધ આહારદાનાદિના ભાવોની ખબર પણ ન પડે એવા ગૂઢ દાતાઓવડે ઉભા થવું, મોઢું પ્રસન્ન થવું, વન્દનાદિ કરવા સ્વરૂપ આદર ન કરાયો, 'वा' = એ વિકલ્પના અર્થમાં છે. આ કારણોસર શુદ્ધ આહાર લેવા પ્રયત્નશીલ એવા પણ સાધુને ક્યારેક અશુદ્ધઆહારાદિનું ગ્રહણ થઈ જાય.

### • શ્રુતોપયોગી અને અશઠ હોય એ કર્મથી લેપાતા નથી •

**પ્રશ્ન** :- તો શું, તેના ગ્રહણે આધાકર્મજનિત કર્મબન્ધનો દોષ એ સાધુને લાગે ?

**ઉત્તર** :- 'इय छलिओ' = 'इत्येवं छलितः' = એ પ્રમાણે છલિત થયેલ = છેતરાયેલા મુનિ. અર્થાત્ પૂર્વોક્ત પ્રમાણે સારીરીતે પ્રશ્ન પૂછવાપૂર્વક આહાર ગ્રહણમાં પ્રાયઃ છલના સંભવતી નથી પરન્તુ ઉપર બતાવેલ ઓછા પ્રમાણવાળા અશનાદિના દાનના કારણે છલિત થયેલ સાધુને અશુદ્ધ અશનાદિ ગ્રહણ કર્યું હોવા છતાં પણ અશુદ્ધઅશનાદિ ગ્રહણજનિત કર્મ બંધાતા નથી જ. તે જ વાતને જણાવે છે- 'न लग्गइ' = 'न = नैव लगति' = અશુદ્ધઅશનાદિગ્રહણજનિત કર્મ એને લાગતા નથી જ અર્થાત્ એ કર્મથી એ બંધાતો નથી જ.

હવે, કર્મ કેમ નથી બંધાતું એના કારણ તરીકે બે વિશેષણો કહે છે. 'सुउवउत्तो असढभावो' = '**श्रुतोपयुक्तो अशठभावश्च**' = આમાં, સમુચ્ચયના અર્થને જણાવનાર 'च' શબ્દનો લોપ થયો હોવાથી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आहारादिशुद्ध्यशुद्धिविषये दत्तावधानो यथा अमुकेन सूत्रेण शुद्धोऽयमाहारो लक्ष्यत इत्यादि स श्रुतोपयुक्तः। स हि श्रुतोक्तप्रकारेणाशुद्धमप्यशनादि शोधितं गृह्णन्नदोषवानेव श्रुतप्रमाण्यात्तथा अशुद्धमपि छद्मस्थपरीक्षया निःशङ्कीकृतं गृहीतं शुद्धमेव मत्वाऽऽनीय दत्तं, श्रुतं प्रमाणीकुर्व्वन् केवल्यप्युपभुङ्क्ते।

**'अहो सुउवउत्तो सुयनाणी जइवि गिण्हइ अशुद्धं तं केवली वि भुंजइ अपमाणं सुयं भवे इयरा'।।१।।**

तथा आहारग्रहणं प्रति गाद्ध्याभावादशठोऽमायावान् भावोऽध्यवसायविशेषो यस्य स अशठभावो मायारहितभावोपेतो, मायी ह्याहारादिगाद्ध्यपरिणामसद्भावाद् बहिर्वृत्त्यैव गवेषयति न प्रयत्नेन अतोऽसावशुद्धमाददानः कर्मणा वर्धते। तदिह परिणामशुद्धिरेव प्रकर्मबन्धाभावे कर्मक्षये वा कारणं नापरं किञ्चिदिति गाथार्थः।।२४।।

**अवतरणिका**– इदानीं लिङ्गिक्षपकज्ञातेन तस्याग्रहणेऽपि च परिणामविशेष एव शुद्ध्य-शुद्धिकारणमित्यावेदयन् शुद्धिद्वारं नवमं व्याख्यातुमाह।

**मूलगाथा– आहाकम्मपरिणओ बज्झइ लिंगिव्व सुद्धभोई वि।**
**सुद्धं गवेसमाणो सुज्झइ खवगव्व कम्मे वि।।२५।।**

---

'च' શબ્દનો ઉલ્લેખ કરવો એટલે કે, એ સાધુ શ્રુતના ઉપયોગવાળો અને અશઠભાવવાળો હોવાથી કર્મથી બંધાતો નથી એમ જાણવું.

'**श्रुतोपयुक्त**' = પિણ્ડૈષણાનિરૂપક આગમમાં ઉપયોગવાળો. એટલે કે, આહારાદિની શુદ્ધિ-અશુદ્ધિ વિષયે ઉપયોગ-કાળજીવાળો. જેમકે અમુક સૂત્ર પ્રમાણે આ આહાર શુદ્ધ જણાય છે વગેરે.

ઉપર બતાવ્યા પ્રમાણે શ્રુતોપયુક્ત મુનિ ગવેષણાપૂર્વક અશુદ્ધ પણ અશનાદિ ગ્રહણ કરે તો પણ શ્રુત એ પ્રમાણ હોવાથી દોષવાળો બનતો નથી. તેમજ, અશુદ્ધને પણ છદ્મસ્થ પરીક્ષાપૂર્વક શંકા રહિત કરીને ગ્રહણ કરે અને શુદ્ધ જ છે એમ માનીને લાવી આપેલ ગોચરીને કેવલીભગવંત પણ શ્રુતને પ્રમાણ કરીને વાપરે છે.

કહેવાયું છે કે, 'અહો ! શ્રુતમાં ઉપયુક્ત શ્રુતજ્ઞાની પણ જો અશુદ્ધ ગ્રહણ કરે તો તેને કેવલી પણ વાપરે છે. અન્યથા શ્રુત અપ્રમાણ થઈ જાય.'

'**अशठभाव**' = આહારગ્રહણ વિષે ગૃદ્ધિના અભાવે '**अशठ**' = માયા રહિત, '**भाव**' = અધ્યવસાય વિશેષ. એ છે જેને તેને અશઠભાવ = માયારહિત-ભાવવાળા કહેવાય છે. માયાવી તો આહારાદિની ગૃદ્ધિ હોવાથી માત્ર ઉપલકદૃષ્ટિથી = બાહ્ય વૃત્તિથી ગવેષણા કરે પણ પ્રયત્નપૂર્વક નહિ માટેજ, એ અશુદ્ધને ગ્રહણ કરતા કર્મથી વધે છે અર્થાત્ કર્મને બાંધે છે = કર્મથી ભારે બને છે.

આનો સાર એ છે કે, કર્મબંધ-અભાવ કે કર્મનિર્જરામાં પરિણામની શુદ્ધિ જ કારણભૂત છે, બીજું કોઈ નથી.॥૨૪॥

**અવતરણિકા** :- હવે, લિંગિ અને ક્ષપકના દૃષ્ટાંતથી આધાકર્મના અગ્રહણ અને ગ્રહણમાં પણ પરિણામવિશેષ જ શુદ્ધિ અને અશુદ્ધિનું કારણ છે એમ કહેવા દ્વારા 'શુદ્ધિ' નામનું નવમું દ્વાર કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संस्कृतछाया- आधाकर्म्मपरिणतो बध्यते लिङ्गीव शुद्धभोज्यपि।
शुद्धं गवेणयन् शुद्ध्यति क्षपक इव कर्म्मण्यपि ।।२५।।

卐 शुद्धभोज्यप्याऽऽधाकर्म्मपरिणतो बध्यते कर्म्मणा 卐

**व्याख्या**- आधाकर्म्मैतदित्येतस्मिन्नध्यवसाये परिणतः स्थितः साधुराधाकर्म्मपरिणतः, तत् किमित्याह- बध्यते आधाकर्म्मपरिभोगितया कर्म्मणाऽऽश्लिष्यते, क इवेत्याह-लिङ्गीव सङ्घभोज्यपरिकल्पिताशुद्धाहारभोजकसाधुरिवेति दृष्टान्तः शुद्धभोज्यप्युद्गमादिदोषरहिताहाराभ्यवहारकोऽप्युपलक्षणत्वात् प्रासुकभोजिग्रहे न केवलमेतद्, विपरीतभोजीत्यपेरर्थः। इह च प्रासुकैषणीययोर्द्वयोर्भोज्यत्वेऽपि क्वापि ग्लानादिप्रयोजने एषणीयाभावेऽनेषणीयमपि युज्यते न तु प्रासुकाभावेऽप्रासुकमपि। किं तर्हि, श्राविकादिना तदभावे स्वयं प्रासुकीकृतमेव भोक्तव्यमित्येवमागमव्यवस्था विज्ञेया। ततो युगपत् द्वयोरूपादानं दृश्यते। लिङ्गिदृष्टान्तोऽयं-

---

**મૂળગાથા-શબ્દાર્થ** :- **आहाकम्मपरिणओ** = આધાકર્મ વડે પરિણત, **बज्झइ** = બાંધે છે, **लिंगिव्व** = લિંગીની જેમ, **सुद्धभोई वि** = શુદ્ધભોજી પણ, **सुद्धं** = શુદ્ધને, **गवेसमाणो** = ગવેષણા કરતો, **सुज्झइ** = શુદ્ધ છે, **खवगव्व** = ક્ષપકની જેમ, **कम्मे वि** = આધાકર્મમાં પણ.॥૨૫॥

**મૂળગાથા-ગાથાર્થ** :- આધાકર્મ્મની પરિણતિવાળો મુનિ શુદ્ધ આહાર વાપરે તો પણ સંઘ જમણમાં આધાકર્મની કલ્પના કરીને વાપરનાર લિંગી = સાધુની જેમ કર્મથી બંધાય છે. શુદ્ધઆહારની ગવેષણા કરવા છતાં છલનાથી આધાકર્મ વાપરે તો પણ ક્ષપકની જેમ શુદ્ધ છે.॥૨૫॥

## ● શુદ્ધભોજી પણ આધાકર્મથી પરિણત હોય તો કર્મથી બંધાય છે ●

**વ્યાખ્યાર્થ** :- 'आहाकम्मपरिणओ' = 'आधाकर्म्मपरिणतः' = 'આ આધાકર્મ છે' તે પ્રકારના અધ્યવસાય વાળો = અધ્યવસાયમાં રહેલો સાધુ, 'बज्झइ' = 'बध्यते' = આધાકર્મના પરિભોગના કર્મથી બંધાય છે, કોની જેમ ? તે કહે છે, 'लिंगिव्व सुद्धभोइ वि' = 'लिङ्गीव शुद्धभोज्यपि'. 'लिंगी' = વેષધારી સાધુ, સંઘભોજનમાં આધાકર્મની કલ્પના કરીને ખાનાર સાધુની જેમ, એનું દૃષ્ટાંત જાણવું. ઉદ્ગમાદિ દોષોથી રહિત એવી ગોચરીવાપરનાર પણ સાધુ આધાકર્મથી પરિણત હોય તો કર્મથી બંધાય છે. અહીં શુદ્ધભોજી એ ઉપલક્ષણથી છે. અર્થાત્ અહીં ફક્ત શુદ્ધભોજીનું જ ગ્રહણ ન કરવું પરન્તુ વિપરીતભોજી = 'દોષિત ગોચરી વાપરનાર સાધુ'નું પણ ગ્રહણ કરી લેવું. આ પ્રમાણે મૂળ ગાથામાં રહેલ 'अपि' શબ્દનો અર્થ જાણવો.

અહીં આ વાત જાણવી કે, પ્રાસુક અને એષણીય.. આ બન્ને ભોજ્ય હોવા છતાં પણ કોક ગ્લાનાદિના પ્રયોજને એષણીયના અભાવે અનેષણીય પણ લેવું યોગ્ય છે પરન્તુ પ્રાસુકના અભાવે અપ્રાસુક ન લેવાય. તો શું કરવું ? શ્રાવિકાઆદિ પાસે એને પ્રાસુક કરાવે, અને તેઓના અભાવે જાતે પ્રાસુક કરીને જ વાપરે.. જેમકે ગીતાર્થ ક્યારેક જાતે પાણીમાં ચૂનો નાખીને અચિત્ત કરી વાપરે વગેરે. આવી આગમ વ્યવસ્થા જાણવી. આ પ્રમાણે (કારણે) અનેષણીય અને પ્રાસુક એમ બન્નેનું એકસાથે ગ્રહણ કરવાનું જણાય છે.

હવે લિંગી અને ક્ષપકનું દૃષ્ટાંત બતાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 आधाकर्म्मपरिणतविषयक-लिङ्गिदृष्टांतः 卐

'यथा एगंमि नयरे एगो महाविभूतिकलिओ सावगो सेट्ठी होत्था, तेण य रहजत्तपइट्ठाइ-कम्मिइपओयणे संघभोज्यं दवावियं। इओय पच्चासन्नगामवत्तिणा एगेण साहुणा सुयं, जहा तंमि नयरे अमुगो सावगो सेट्ठी संघभत्तं देइ। तओ सो तग्गहणत्थं सिग्घमागओ। तं सव्वमन्नेसिं दिन्नं। तेण सेट्ठी मग्गिओ। सेट्ठिणा भज्जा भणिया, तीए कहियं जहा सव्वं दिन्नं, सेट्ठिणा भणियं मम रसोईए मज्झाउ देहि तओ तीए सालिकूरपक्वान्नप्पभिइसव्वं दोससुन्नं पडिपुन्नं भोयणं दिन्नं। तेण य संघयत्तं ति काउं भुत्तं। सो सुद्धं पि भुंजतो परिणामवसेणाहाकम्मदोसजणियकम्मणा बद्धोत्ति।

卐 शुद्धाहारगवेषयन् शुद्ध्यत्यशुद्धभोजनेऽपि 卐

तथा शुद्धमुद्गमादिदोषरहितमाहारं गवेषयन् मार्ग्गयन् साधुः शुद्ध्यत्याधाकर्म्माप्रतिषेधजनित-कर्म्मबन्धापत्तिरूपदुषणरहितः स्यात्। क इवेति आह-क्षपक इव मासोपवासपारणकभोक्तृयतिरिवेति दृष्टान्तः। 'कम्मे वि'त्ति सूचनादाधाकर्म्मण्यपि पूर्वोक्ते भुक्ते इति शेषः। शुद्धोऽशनादौ शुद्ध एवेत्यर्थः। क्षपकदृष्टान्तो यथा–

卐 शुद्धाऽऽहारगवेषणविषयक-क्षपकदृष्टांतः 卐

## • આધાકર્મથી પરિણત વિષયક લિંગીનું દૃષ્ટાંત •

**લિંગીનું દષ્ટાંત** :- એક નગરમાં મહાવિભૂતિવાળો શ્રાવક શ્રેષ્ઠી હતો. તેણે રથયાત્રા-પ્રતિષ્ઠા આદિ કોઈ પ્રયોજને સંઘજમણ કર્યું. જેમાં સાધુના ઉદ્દેશથી પણ બનાવેલું હતું. આ વાત બાજુના ગામમાં રહેતા એક મુનિને ખબર પડી. આ સંઘજમણની ગોચરી લેવામાં દોષ લાગશે એમ જાણવા છતાં તરત ગોચરી વહોરવા આવ્યા અને શ્રેષ્ઠિને ગોચરી માટે પૂછ્યું. ત્યારે શ્રેષ્ઠિએ પોતાની પત્નીને વહોરાવવા કહ્યું. પત્નીએ જવાબ આપ્યો કે "બધું જ અપાઈ ગયું છે" શ્રેષ્ઠિએ કહ્યું " મારી રસોઈમાંથી વહોરાવ." પત્નીએ શાલિ = સુગંધીદાર ચોખાનો કૂર = ભાત, સાથવો વગેરે ખોરાક અને પકવાન્ન (મિષ્ઠાન્ન) વગેરે પૂર્ણભોજન દોષશૂન્ય = દોષવિનાનું વહોરાવ્યું. પણ મુનિએ તો એ બધું સંઘજમણનું છે એમ માનીને વાપર્યું. આ રીતે આ મુનિ નિર્દોષગોચરી વાપરવા છતાં પણ દોષ પ્રત્યે બેદરકારીના પરિણામના કારણે આધાકર્મ ખાવાના દોષના પાપથી બંધાયા.

## • શુદ્ધઆહાર ગવેષતા કદાચ અશુદ્ધ વાપરે તો પણ શુદ્ધ છે •

તથા, 'सुद्धं' = 'शुद्धं' =ઉદ્‌ગમાદિ દોષરહિત શુદ્ધઆહારને, 'गवेसमाणो' = 'गवेषयन्' = ગવેષણાકરતો સાધુ, 'सुज्झइ' = 'शुद्ध्यति' = શુદ્ધ બને છે અર્થાત્ આધાકર્મનો નિષેધ નહિં કરવાથી ઉત્પન્ન થયેલ કર્મબન્ધની આપત્તિ રૂપ દુષણ-દોષથી રહિત હોય છે. કોની જેમ ? તે કહે છે, 'खवगव्व' = 'क्षपक इव' = માસક્ષમણના પારણે ગોચરી વાપરનાર, 'यति' = સાધુની જેમ = એ સાધુના દષ્ટાંતની જેમ, 'कम्मे वि' = 'कर्म्मणि अपि' = પૂર્વોક્ત આધાકર્મ અશનાદિ વાપરવા છતાં પણ શુદ્ધ જ છે.

## • શુદ્ધઆહારગવેષણાવિષયક ક્ષપકનું દૃષ્ટાંત •

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'एगंमि नयरे गुणरयणनिहिणो सुसिस्सगणपरियरिया के वि सूरिणो विहरंता समागया, तेसिं मज्झे इहपरलोएनिप्पिवासो विन्नायसमयसब्भावो विगिट्ठतवोकम्मकारी सज्झायज्झाणनिरओ एगो खवगसाहू होत्था। अन्नया स खवगो मासपारणगस्स पज्जन्ते मा एत्थ कोइ पारणगं नाउं आहाकम्माइ करिस्सइ, ता पच्चासन्ने कंमि गामे गंतूण अनाओ चेव पारेमि त्ति चिन्तिऊण गओ पच्चासन्नगामं, तत्थय एगाए सावियाए खवगो खवणे उवविट्ठो पारणदिणं च सुयं। तओ तीए भत्तीए कयाइ खवगो इत्थ एहि त्ति चिंतिउं घयगुलसंजुत्ता खीरी निम्मविया आहाकम्मिय त्ति नाउं मा सो परिहरिस्सइ त्ति माइठाणं कयं। जहा पत्तलाउ सरावाणि य खीरीखरंटियाणि काउ ठाणाठाणेसु खित्ताणि। तहा डिंभाणि सिक्खवियाणि जहा जया एरिसो तारिसो साहू एत्थागच्छइ तया तुब्भे भणिज्जह। अम्मो बहुया खीरी अम्हाणं परिवेसिया न रुच्चइ, अहं तुब्भे निब्भच्छिस्सामि, तुब्भे भणिज्जह किं दिणे दिणे खीरी रंधेज्जइ। एत्थंतरे सो खवओ हिंडंतो भवियव्वयावसेणं पढममेव तीसे गिहे संपत्तो, अंतो समुट्ठियमहाभत्ती बाहिं अवन्नावंभी (दंसी) मोणेण ठिया ताणि य सिक्खावियडिंभाणि तहेव काउं पयट्टाणि। तीए व ताणि तहेव निब्भच्छिऊण थुडंकियमुहीए खवगो भणिओ। जहा एयाणि ताव मम डिंभाणि मत्ताणि, जइ तुज्झ रोयइ ता गिण्ह इमं खीरी

**'ક્ષપક'નું દૃષ્ટાંત** :- એક ગામમાં ઘણાં સુશિષ્યોથી પરિવરેલા, ગુણરૂપી રત્નોના નિધાન સમા આચાર્યભગવંત પધાર્યા. તેમાં આલોક અને પરલોકને વિષે નિઃસ્પૃહ = હું સાવધ છું તો મને સદ્ગતિ મળવાની જ છે એમ આલોક અને પરલોકમાં નિઃસ્પૃહ, આગમના ગહન અભ્યાસી, વિકૃષ્ટ તપને આદરનાર, સ્વાધ્યાયરૂપી ધ્યાનમાં મગ્ન એક ક્ષપક-તપસ્વી સાધુ હતા. એકદા તે ક્ષપક માસક્ષમણના અન્તે 'રખેને અહીં કોક મારા પારણાને જાણીને આધાકર્મ કરશે. એટલે બાજુના કોક ગામમાં જઈને અજાણતાં પારણુ કરું' એમ વિચારી બાજુના કોક ગામમાં ગયા. હવે તે જ ગામમાં કોક શ્રાવિકાએ ઉપવાસમાં રહેલા ક્ષપક અને તેના પારણાના દિવસને જાણ્યો અને 'કદાચ તેઓ અહીં તો ન આવી જાય?' એમ વિચારીને શ્રાવિકાએ ઘી-ખાંડથી યુક્ત ખીર બનાવી. પણ 'આ આધાકર્મ છે એમ કરી તેઓ ન વહોરે તો ?' એમ વિચારી શ્રાવિકાએ માયાજળ રચી. ખીરથી ખરડાયેલ પતરાવળી અને સરાવલા = વાસણ અને વાટકાઓ અહીં તહીં મુક્યા અને પોતાના બાળકોને શીખવાડ્યું કે "જ્યારે આવા પ્રકારના સાધુ આવે ત્યારે તમારે મને કહેવું કે 'માતા ! અમને ઘણી ખીર પીરસી દીધી તે ભાવતી નથી' ત્યારે હું તમને ઠપકારીશ, ત્યારે તમારે મને કહેવું 'શું રોજે રોજ ખીર જ રાંધવાની ?' હવે ભવિતવ્યતાના યોગે તે ક્ષપકમુનિ ફરતાં ફરતાં પ્રથમ એજ ઘરે ગયા. મુનિને જોતાવેંત અંદરખાને અત્યંતભક્તિવાળી તે શ્રાવિકા બાહરથી અનાદરપૂર્વક મૌનપણે ઉભી રહી, અને તેના બાળકોએ પૂર્વે શીખવાડેલ પ્રમાણે બોલવાનું શરું કર્યુ. શ્રાવિકાએ પણ બાળકોને તે જ પ્રમાણે ઠપકારતી છતી ગુસ્સાયુક્ત મોઢાથી ક્ષપકમુનિને કહ્યું 'જુઓ, આ મારા બાળકો ખીરથી કંટાળ્યા છે, જો તમોને રૂચે તો એ ખીરને તમે ગ્રહણ કરો. એમ કહીને મુનિને વિશ્વાસ બેસે માટે ખીરનું મોટું ભાજન લાવી. એષણામાં ઉપયુક્ત મુનિએ આ શુદ્ધ છે એમ જાણીને વહોર્યું. પુરતું આવી ગયું એમ કરીને પાછા વળી ગયા અને વાપરવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

त्ति भणमाणीए खवगस्स जावणानिमित्तं घयगुलसंजुत्ताए खीरीए गरुयं भायणं भरेऊण आणियं। साहुणा य एसणोवउत्तेण सुद्ध त्ति कट्टु गहिया पज्जत्तं ति काउं नियत्तो गोयराओ। भोयणट्ठो रुक्खस्स कस्स वि हेट्ठा गओ तत्थ य आलोइय पडिक्कन्तो विहियतक्कालकरणिज्जसज्झायाइजोगो चिंतिउं पयत्तो जहा एरिसं दव्वं उक्किट्ठं च सुद्धं मए लद्धं तो जइ कोइ साहू अद्धाणाइ पडिवन्नो होइ तो संविभागिय भुंजेमि, तेणाहं संसारसमुद्दाओ उत्तरेमि त्ति तस्स धम्मचिंता जाया न उण खीरस्सोवरि मुच्छा, जहा एयाए मम सरीरं लट्ठं मट्ठं बलिट्ठं भविस्सइ तओ पंचनमोक्कार-पुव्वयं विहीए भुञ्जिउ पयत्तो ताहे सुहज्झवसायस्स भुत्ते भोयणे केवलनाणं जायं। कालेण मोक्खगमणं ति।

इति परमार्थतोऽध्यवसायोऽत्र कारणं तेन गूढाचारादीनां सत्कमाधाकर्म्मापि शोधितं भुंजानः साधुरबन्धक एवेति गाथार्थः।।२५।।

**अवतरणिका**— इदानीं द्वारगाथोपात्तचशब्दसूचितमाधाकर्म्मग्रहणं प्रतीत्याक्षेपपरिहारद्वारं व्याचिख्यासुराक्षेपं तावदाह।

**मूलगाथा— नणु मुणिणा जं न कयं, न कारियं नाणुमोइयं तं से।**
**गिहिणा कडमाययओ, तिगरणसुद्धस्स को दोसो।।२६।।**

માટે કોક ઝાડની નીચે બેઠા. ખીરને આલોવી. તે કાળે કરવા યોગ્ય સ્વાધ્યાયાદિ યોગ પૂર્ણ કરીને વિચારમાં ચઢ્યા. "આ મળેલું દ્રવ્ય શ્રેષ્ઠ છે અને શુદ્ધ છે જો કોઈ અટવી = માર્ગ ને પ્રાપ્ત થયેલા સાધુ મળી જાય તો તેમને વપરાવી = અતિથિસંવિભાગ કરીને વાપરૂં. તો, તેનાથી હું સંસારસાગરને પાર ઉતરી જઈશ. એમ ધર્મધ્યાન ઉત્પન્ન થયું. પરન્તુ ખીર પર મૂર્ચ્છા ન થઈ કે "આ ખીર વડે મારું શરીર લષ્ટ-પુષ્ટ-બળવાન બનશે' અને નવકારસ્મરણપૂર્વક વાપરવાનું શરૂ કર્યું. ત્યારે શુભઅધ્યવાસાયવાળા તેમને ભોજન વપરાયે છતે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને કાળક્રમે મોક્ષે ગયા.

આ પ્રમાણે પરમાર્થથી તો અધ્યવસાય એ કર્મબન્ધનું કારણ છે, તેથી ગૂઢ આચારવાળા = માયાપૂર્વક વહોરાવનાર ગૃહસ્થોના આધાકર્મને પણ ગવેષણાપૂર્વક નિર્દોષ જાણીને વાપરે તો સાધુને કર્મબન્ધ નથી એમ જાણવું.।।૨૫।।

**અવતરણિકા** :- હવે દ્વારગાથા = મૂળગાથા ૮ માં 'च' શબ્દથી સૂચિત આધાકર્મગ્રહણવિષયક 'આક્ષેપ' = પ્રશ્ન, 'પરિહાર' = જવાબ. આ 'આક્ષેપ-પરિહાર' સ્વરૂપ દ્વારની વ્યાખ્યા કરવાની ઈચ્છાથી પ્રથમ આક્ષેપ = પ્રશ્નને જણાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **नणु** = જ્યારે, **मुणिणा** = સાધુવડે, **जं** = જે આહારાદિ, **न कयं** = કરાયું નથી, **नकारियं** = કરાવાયું નથી, **नाणुमोइयं** = અનુમોદાયું નથી, **तं** = તે આહારાદિ, **से** = તે સાધુને, **गिहिणा** = ગૃહસ્થવડે, **कडं** = કરાયેલા, **आययओ** = ગ્રહણ કરતાં, **तिगरणसुद्धस्स** = મન, વચન અને કાયથી શુદ્ધ **को दोसो** = શો દોષ ?।।૨૬।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संस्कृतछाया- ननु मुनिना यन्न कृतं, न कारितं नाऽनुमोदितं तत्तस्य।
गृहिणा कृतमाददानस्य त्रिकरणशुद्धस्य को दोषः ।।२६।।

卐 त्रिकरणशुद्धमुनेस्साध्वाद्यर्थं कृतस्याऽशनादेर्ग्रहणविषयकः - पूर्वपक्षः 卐

**व्याख्या**- नन्वित्यक्षमायां मुनिना यतिना यदशनादि न कृतं न राद्धं स्वयं न नैव कारितं रंधितमन्येन न नैवानुमोदितं परेण क्रियमाणं कृतं वा श्लाघितं ततश्च तदशनादि से तस्य साधोर्गृहिणा गृहस्थेन कृतं साध्वाद्यर्थं विहितमाददानस्य गृह्णतः त्रीणि करणानि मनोवाक्कायलक्षण-योगत्रयरूपाणि शुद्धानि करणकारणानुमतिप्रवृत्त्यभावेन पाकादिक्रियाजनितकर्म्मबन्धलक्षणरहितत्वान्निर्मलानि यस्य स तथा। यद्वा त्रिभिः करणैर्मनःप्रभृतिभिः शुद्धो निर्द्दोषस्तस्येति। अत्र पाकादिक्रियायां यतिसत्कमनःप्रभृतीनामव्यापृतत्वात्तज्जनितकर्म्मबन्धाभावेनास्य शुद्धता ज्ञेया। कः कीदृशो दोषः

**મૂળગાથા-ગાથાર્થ :- પ્રશ્ન :-** સાધુએ જે આહારાદિ પોતે બનાવ્યો નથી, બનાવડાવ્યો નથી, અનુમોદ્યો નથી. તે આહારાદિ ગ્રહણ કરવામાં મન, વચન અને કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવાથી રહિત એવા સાધુને શો દોષ ?॥૨૬॥

**• સાધુ માટે કરેલ અશનાદિના ગ્રહણમાં ત્રિકરણશુદ્ધ મુનિ વિષયક પૂર્વપક્ષ •**

**વ્યાખ્યાર્થ :- શંકા :-** 'नणु' = 'ननु' = પૂર્વોક્ત આધાકર્મમાં કર્મબન્ધને ન સ્વીકારનારના પ્રશ્ન સૂચક આ શબ્દ છે, 'मुणिणा जं न कयं' = 'मुनिना यद् न कृतं' = સ્વયં મુનિવડે જે અશનાદિ કરાયું-રંધાયું નથી, 'न कारियं' = 'नैव कारितं' = બીજા પાસે કરાવ્યું પણ નથી, 'नाणुमोइयं' = 'नैव अनुमोदितं' = બીજા દ્વારા કરાતાની કે કરેલાની અનુમોદના પણ નથી કરી, 'तं' = 'तत्', = તે અશનાદિ, 'से' = 'तस्य' = તે સાધુનો, કેવા સાધુનો ? તે કહે છે. 'गिहिणा कडमाययओ' = 'गृहिणा कृतम् आददानस्य' = સાધુઆદિ માટે ગૃહસ્થવડે કરાયેલ અવિહિતને ગ્રહણ કરતા એવા સાધુનો, 'अविहित' એટલે કે શાસ્ત્રમાં જેનું વિધાન ન કરાયું હોય તે. વળી એ કેવા સાધુનો ? તે કહે છે, 'तिगरणसुद्धस्स' = 'त्रिकरणशुद्धस्य' = મન, વચન, કાયા રૂપ ત્રણેય યોગ શુદ્ધ છે જેના એવા સાધુનો એટલે કે, કરણ-કરાવણ અને અનુમોદનની પ્રવૃત્તિના અભાવે રાંધવા વગેરે ક્રિયાથી ઉત્પન્ન થતા કર્મબન્ધના લક્ષણથી રહિત હોવાથી નિર્મળ છે ત્રણકરણ જેમના, અથવા મન વગેરે ત્રણે કરણથી શુદ્ધ-નિર્દોષ એવા તે સાધુનો, અહીં, રાંધવા વગેરે ક્રિયામાં સાધુના મન વગેરેનો વ્યાપાર ન હોવાથી, તેના કારણે ઉત્પન્ન થતા કર્મબન્ધના અભાવે મુનિની શુદ્ધતા જાણવી. 'को दोसो' = 'कः दोषः' = શું દોષ છે ? અર્થાત્ તે સાધુને રાંધવાવગેરે ક્રિયાજનિત કર્મબન્ધ રૂપ શું દોષ લાગે ? એટલે કે, કોઈપણ પ્રકારનો દોષ લાગતો નથી.

આમાં ભાવાર્થ આ જાણવો કે જે કર્મ જેનાવડે કરાયું હોય તે તેનાવડે જ ભોગવાય છે પણ બીજાવડે કરાયેલું કર્મ બીજાવડે ભોગવાય એવું નથી બનતું. આ પ્રમાણે વસ્તુસ્થિતિ = વાસ્તવિકતા હોવાથી આહાર-પાક આદિથી ઉત્પન્ન થયેલ, પકાવનાર સંબંધી જ્ઞાનાવરણીયાદિ કર્મ પકાવનારને જ લાગે છે પરન્તુ ગ્રહણકરનારને ન લાગે. હવે શંકાકાર જ પોતાની વાતની પુષ્ટિ માટે પ્રશ્ન અને ઉત્તર કરીને પોતાની માન્યતાને સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पाकादिक्रियाजनितकर्म्मबन्धरूपो न कश्चिदित्यर्थः। अयमत्र भावार्थो-यत्कर्म येन कृतं तत्तेनैव भोक्तव्यं, नान्येन कृतमन्येनेति वस्तुस्थितिरत आहारपाकादिजनितं पाचकादिसत्कं ज्ञानावरणादिकर्म्म पाचकस्यैव लगति नासौ तद्ग्राह्यपि परकर्मणा श्लिष्यते। अथान्यकृतेऽपि व्यापारे बन्धोऽन्यस्य स्यात् यथाहि- व्याधेनापि कूटे स्थापिते मृगस्यैव बन्धो न व्याधस्य इह व्याधकृता बन्धक्रिया मृगे संक्रान्ता, एवं गृहस्थेनापि यत्यर्थं कृते पाके पाकादिक्रियाजनितकर्म्मबन्धस्तद्ग्राहकादेः स्यान्न तस्य गृहस्थस्येति चेत्, तदसत् यतो नान्यकृते व्यापारेऽन्यो बध्यते किन्तु स्वयं कृतया चलनक्रियया कूटे मृगस्यापि बन्धो जातः। तथाहि-असौ कूटपातविषयमनपहरन् कूटे रज्ज्वादिना बध्यते तथा कथमपि कूटपातविषयमागतोपि बन्धं पतन्तं दृष्ट्वा झटिति तद्विषयान्निःसर्तुमशक्नुवंश्चेति स्वव्यापारेणैव तस्य बन्ध इति। एवं यतिरप्यशुद्धाहारदानरूपे पाचककृते यन्त्रविशेषे कर्म्मणा बध्यते। यद्वाधाकर्म्म गृह्णनशुभाध्यवसायवांस्तद्गृह्णीयात्तदिहाशुभभाव एव परिहर्तव्यो। यच्च गृहिणा कृतं तदकृतं न स्यात् ततश्च तद्ग्रहणेऽपि साधोर्न दोष इति पराशय इति गाथार्थः।।२६।।

**अवतरणिका**— गुरुः परिहारमाह।

**मूलगाथा— सच्चं तहवि मुणंतो गिण्हंतो वड्ढए पसंगं से।**
**निद्धंधसो य गिद्धो, न मुयइ सजियं पि सो पच्छा।।२७।।**

**પ્રશ્ન** :- જો તમે એમ કહેવા માંગતા હો કે એકે કરેલ વ્યાપારમાં પણ બીજાને બંધ થાય છે જેમકે શિકારીએ પાથરેલી જાળમાં બંધાવાનું = ફસાવાનું તો હરણનું જ થાય છે. અહીં શિકારીવડે કરાયેલ બંધ = જાળની ક્રિયા હરણમાં સંક્રાન્ત થઈ. એજ રીતે ગૃહસ્થવડે પણ મુનિ માટે પાક કરાય તો પાકાદિક્રિયાજનિત કર્મબન્ધ તેના ગ્રાહકાદિને લાગે છે, પણ તે ગૃહસ્થને નહિ. હવે આગળ શંકાકાર જ આનો ઉત્તર આપે છે.

**ઉત્તર** :- તમારી વાત ખોટી છે. આમાં બીજાવડે કરાયેલ ક્રિયામાં બીજાનો બંધ નથી પણ પોતે જ ચાલવાની ક્રિયાથી જ હરણનું જાળમાં બંધાવાનું થાય છે. તે આરીતે કે, હરણ જ્યારે જાળમાં પડવાના દેશ = ક્ષેત્રને છોડે નહિ ત્યારેજ જાળમાં દોરડા આદિથી બંધાય છે, તથા.. કોક કારણસર જાળ પથરાયેલ દેશમાં આવેલ હરણ પોતાના પર જાળને પડતી જોઈને પણ જલ્દીથી તે જાળવાળા દેશમાંથી ન ભાગતા પોતાના જ વ્યાપારથી તે બંધાય છે. એજ રીતે, યતિ પણ અશુદ્ધ આહારદાન સ્વરૂપ પાચક = આધાકર્મબનાવનારે પાથરેલ યન્ત્રવિશેષમાં કર્મથી બંધાય છે.

અથવા તો, અશુભઅધ્યવસાયવાળો સાધુજ આધાકર્મને ગ્રહણ કરે છે. માટે અહીં અશુભભાવનો જ પરિહાર કરવા જેવો છે. કારણ કે ગૃહસ્થે જે બનાવી દીધું છે, તે બની તો ગયું જ છે. હવે તે કાંઈ ન બનેલું થવાનું તો નથી. માટે તેના ગ્રહણમાં પણ સાધુને કોઈ દોષ લાગતો નથી.' આ પ્રમાણે શંકાકારે પોતાનો આશય રજુ કર્યો છે.॥૨૬॥

**અવતરણિકા** :- હવે ગુરુદેવ સમાધાન = જવાબ આપે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **सच्चं** = સાચું, **तहवि** = તો પણ, **मुणंतो** = જાણતો, **गिण्हंतो** = ગ્રહણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**संस्कृतछाया-** **सत्यं तथाऽपि जानन्गृहणन्वर्द्धयति प्रसंगं तस्य।**

**निर्द्धर्म्मा च गृद्धो न मुञ्चति सजीवमपि सः पश्चात्।।२७।।**

**卐 पूर्वप्रश्नितस्य समाधानम्-जानन्गृह्णन् वर्द्धते कारणग्रहणयोः प्रसङ्गः 卐**

**व्याख्या-** सत्यमवितथमेवमेतत् स्वयमकृतादिस्वरूपं तत् तथापीति परेणाभ्युपगतार्थस्य दूषणद्योतकं, 'मुणंतो'त्ति साध्वर्थमिदमिति जानन्, अजानतो ग्रहणेऽपि न तथाविधो दोष इत्यनेनाचष्टे, 'गिण्हंतो'त्ति गृह्णनाऽऽधाकर्म्मिकमाददानः वर्द्धयति प्रतिक्षणं वृद्धिं नयति, प्रसङ्गः प्रवृत्तिस्तं कारणग्रहणयोरिति प्रस्तावाद् दृश्यन्ते। कस्येत्याह स इति प्रक्रमात् स्वपरस्य गृहस्थस्य आत्मनश्च, स्वस्य तत्राधा-कर्मकारणप्रसङ्गं, परस्य ग्रहणप्रसङ्गं च वर्द्धयति। तथाहि- यदैकां वारां गृहस्थ्या दत्तं तत् स गृह्णाति ततः सा वान्या च तदर्थमन्यसाध्वर्थं च पुनः पुनस्तत्करोति तथैकां वारां तद्ग्रहणप्रवृत्तस्सन् भिन्नदंष्ट्रत्वादिना सोऽपि तदाचरितं प्रमाणीकुर्व्वन्तोऽपरेऽपि साधवः पुनः पुनस्तद्गृह्णन्ति ततश्च निद्धंधसो = निर्द्धर्म्मा चकाराद् भिन्नदंष्ट्राश्च ते दृश्याः। तत्र भिन्नाः तद्रसेन व्याप्ता दंष्ट्रा

---

કરતો, **वड्ढए** = વધારે છે, **पसंगं** = આધાકર્મ બનાવવાના પ્રસંગને, **से** = પોતાના અને પરના, **निद्धंधसो** = નિર્દય, **य** = રસમાં લુબ્ધ, **गिद्धो** = આધાકર્મની અત્યંત અભિલાષાવાળો, **न मुयइ** = છોડતો નથી, **सजियंति** = સચિત્તને પણ, **सो** = તે, **पच्छा** = પછીથી.।।૨૭।।

**મૂળગાથા-ગાથાર્થ :- ઉત્તર :-** તમારી વાત સાચી છે. છતાં પોતાને માટે કરેલ આરંભથી બનેલ આહારાદિ જાણવા છતાં જો સાધુ લે તો ગૃહસ્થને તે આહારાદિ વારંવાર બનાવવાનો પ્રસંગ વધારે છે અને પોતે પણ વારંવાર આધાકર્મ વાપરવાથી લોલુપી અને નિર્દય બનેલો પછી તે સજીવને પણ છોડતો નથી.।।૨૭।।

## • કરેલ પ્રશ્નનું સમાધાન, જાણવા છતાં ગ્રહણ કરે તો કારણ • અને ગ્રહણના પ્રસંગને વધારે છે

**વ્યાખ્યાર્થ :-** 'सच्चं' = 'सत्यं' = 'स्वयम् अकृत' આદિસ્વરૂપ તે તમારી વાત સાચી છે આ સ્વીકાર અધકચરો છે માટે કહે છે. 'तहवि' = 'तथापि' = તો પણ. બીજા વડે સ્વીકારાયેલ વાતમાં દૂષણને બતાડનાર આ 'तथापि' શબ્દ છે એમ જાણવું, 'मुणंतो' = 'जानन्' = આ સાધુ માટે કરેલું છે એવું જાણતા હોવા છતાં પણ, અજાણતા જો ગ્રહણ કરે તો તેવા પ્રકારના દોષ લાગતો નથી. એમ આ 'जानन्' શબ્દથી સૂચવાયું છે એમ જાણવું. 'गिण्हंतो' = 'गृह्णन्' = આધાકર્મને ગ્રહણ કરે, તો, 'वड्ढए' = 'वर्द्धयति' = પ્રતિક્ષણે વધારે છે, 'पसंगं' = 'प्रसंगं' = પ્રસંગ-પ્રવૃત્તિને. એટલે કે, 'कारण' = આધાકર્મ બનાવવું, અને 'ग्रहण' = તેને ગ્રહણ કરવું. આ બન્ને પ્રસંગ = પ્રવૃત્તિને વધારે છે. એમ પ્રસ્તાવથી જણાઈ આવે છે. કોના પ્રસંગને વધારે છે ? તે કહે છે, 'से' = 'सः', 'प्रक्रमात् स्वपरस्य' = અનુસંધાનથી સ્વ અને પરના પ્રસંગને વધારે છે. 'स्व' = 'गृहस्थ' અને 'पर' = સાધુ જાણવા. તેમાં, ગૃહસ્થના પક્ષે આધાકર્મ બનાવવા રૂપ પ્રસંગ અને 'पर' પક્ષે તેનું ગ્રહણ રૂપ પ્રસંગ વધારે છે એમ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दन्तविशेषा यस्य स तथा लब्धतदास्वाद इति हृदयं। गृद्धः शोभनतयाधाकर्म्माभिलाषातिरेकवान् न मुञ्चति न त्यजति सजीवमपि सचेतनमपि बीजपूरादि न केवलमचेतनमित्यपेरर्थः स आधाकर्मिकग्राही यतिः, पश्चादात्मनस्तत् प्रसङ्गवृद्ध्यनन्तरमिति। यदा च तन्न गृह्णाति तदा स एव कारणग्रहणप्रसङ्गं निवारयति परं पूर्वोक्तैव व्यत्ययेन तत्प्रसङ्गनिषेधभावना कार्या निःशूकता चैवं परिहृता भवतीति सामर्थ्यादुक्तं भवतीति गाथार्थः।।२७।।

**अवतरणिका–** व्याख्याता 'तं पुण जं जस्स जहे'त्यादिद्वारगाथा, तद्व्याख्यानाच्च व्याख्यातं सप्रपञ्चमाहाकम्मुद्देसिएत्यादिगाथोपात्तमाधाकर्मिकद्वारम्, इदानीं तद्गाथोल्लिखितमेवौद्देशिकद्वारं व्याचिख्यासुस्तद्भेदनिरूपणं तन्मध्यादेकस्य स्वरूपं चाह।

સ્વ અને પર પ્રસંગની વૃદ્ધિ આ પ્રમાણે જાણવી. એક વાર ગૃહસ્થી = કોઈ સ્ત્રી દાત્રી આધાકર્મને આપે અને તેને સાધુ ગ્રહણ કરે તો તેજ ગૃહસ્થી અથવા બીજી કોઈ ગૃહસ્થી તેજ સાધુ માટે અથવા બીજા સાધુ માટે વારંવાર આધાકર્મ કરતી થાય. તથા એકવાર તે આધાકર્મને લેવા પ્રવૃત્ત થયેલ સાધુ **भिन्नदंष्ट्र** = જીભ-દાઢને ગમી જાય-જેને બીજા શબ્દોમાં કહેવત રૂપે 'ખીચડી દાઢે વળગી' કહેવાય છે, ઈત્યાદિના કારણે વારંવાર તે લેતા થઈ જાય. તે સાધુના આચરિતને પ્રમાણ કરીને બીજા પણ સાધુઓ ફરી ફરી-વારંવાર તે આધાકર્મને લેતા થઈ જાય. એમ કરતા તેઓ કેવા થઈ જાય ? તે કહે છે - '**निद्धंधसो**' = '**निर्द्धर्म्मा**' = ધીઠ = પરિણામશૂન્ય નિષ્ઠૂર થઈ જાય. '**य**' = '**च**' = એ '**भिन्नदंष्ट्रत्व**' ને સૂચવે છે એમ જાણવું. '**भिन्नदंष्ट्रत्व**' એટલે કે તે આધાકર્મના રસથી વ્યાપ્ત થયા છે દન્ત વિશેષ જેમના અર્થાત્ તેના આસ્વાદને પામેલા, '**गिद्धो**' = '**गृद्धः**' = સ્વાદ સારો હોવાથી આધાકર્મની અભિલાષામાં અતિરેકવાળા તે સાધુ, '**न मुयइ**' = '**न मुञ्चति**' = છોડતા નથી, '**सजियंपि**' = '**सजीवमपि**' = બીજોરું વગેરે સચિત્તને પણ, 'માત્ર અચિત્તને નહિ પણ સચિત્તને પણ છોડતા નથી' એમ '**अपि**' નો અર્થ જાણવો. '**सो**' = '**सः**' = આધાકર્મને ગ્રહણ કરનાર તે સાધુ, '**पच्छा**' = '**पश्चात्**' = પછી. એટલે કે, પોતાની તે આધાકર્મ ગ્રહણ કરવા સ્વરૂપ પ્રસંગ વૃદ્ધિ પછી તે સાધુ સચિત્તને પણ છોડતો નથી.

જ્યારે તે સાધુ આધાકર્મને ગ્રહણ કરતો નથી ત્યારેજ એ ગૃહસ્થ દ્વારા કારણ અને સ્વયં ગ્રહણના પ્રસંગને = પ્રવૃત્તિને નિવારી શકે છે. પરંતુ માત્ર પૂર્વોક્ત કારણ-ગ્રહણ પ્રસંગની વૃદ્ધિ કરતાં વિપરીત રૂપે તે પ્રસંગના નિષેધની ભાવના કરવી. અર્થાત્ તે આધાકર્મ ગ્રહણ ન કરવું. કદાચ ભૂલમાં ગ્રહણ થઈ ગયું હોય તો એને ન વાપરતાં પરઠવી દેવું. ગૃહસ્થને આધાકર્મ બનાવવામાં નિમિત્તભૂત ન બનવું વગેરે. આમ કરવાથી ખરેખર તો નિઃશુકતા = ધીઠપણું = પરિણામશૂન્યતાનો પરિહાર થાય છે. એ પણ સામર્થ્યથી સમજી લેવું.॥૨૭॥

**અવતરણિકા :-** આ પ્રમાણે '**तं पुण जं जस्स**' ઈત્યાદિ દ્વારગાથાની વ્યાખ્યા કરાઈ અને તે વ્યાખ્યા કરવા દ્વારા '**आहाकम्मुद्देसिय**' ઈત્યાદિ દ્વારગાથામાં કહેલ આધાકર્મદ્વારની સવિસ્તાર વ્યાખ્યા પૂર્ણ થઈ. હવે, એજ દ્વારગાથામાં લખેલ ઉદ્દેશિકદ્વારની વ્યાખ્યાકરવાની ઈચ્છાવાળા તેના ભેદોનું નિરુપણ અને તે ભેદોમાંથી એક = પ્રથમભેદના સ્વરૂપને કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलगाथा– **उद्देसियमोहविभागओ य, ओहे सए जमारंभे।**
**भिक्खाउ कइवि कप्पइ, जो एही तस्स दाणट्ठा।।२८।।**

संस्कृत छाया- **औद्देशिकमोघविभागाभ्यां चोघे स्वके यदारंभे।**
**भिक्षास्तु कियतीरपि कल्पयति, य एष्यति तस्य दानार्थम् ।।२८।।**

**卐 औद्देशिकस्य द्वौ मूलविभागौ 卐**

**व्याख्या**- औद्देशिकमुक्तशब्दार्थं द्विधा भवति इति शेषः। कथमित्याह-ओघविभागतस्तत्रौघ उद्देशादिभेदानामविवक्षया सामान्यं। तथा विभजनं विभागः, तेषामेव विवक्षया विशेषस्तत ओघश्च विभागश्चेति विग्रहे तौ तथा, ताभ्यां। ततः चः समुच्चये ओघौद्देशिकं विभागौद्देशिकं चेत्यर्थः। तत्रौघे ओघौद्देशिकं तत् स्यादिति शेषः। अयं किमित्याह-

**卐 ओघौद्देशिकस्य स्वरूपम् 卐**

'सए जमारंभे'त्यादि स्वके आत्मविषये आत्मार्थमिति यावत् आरम्भे व्यापारे कृते सति यदशनादि निष्पन्नं तन्मध्यात् भिक्षा भक्तादिविभागात् कत्यपि कियतीरपि, अपिः परिपूर्णभोजनदानस्य

---

**મૂળગાથા-શબ્દાર્થ** :- **उद्देसियं** = ઔદ્દેશિક, **ओह** = ઓઘ, **विभागओ** = વિભાગથી, **य** = અને, **ओहे** = ઓઘમાં, **सए** = પોતાને માટે, **जमारंभे** = જે આરંભ, **भिक्खाउ** = ભિક્ષા, **कइवि** = કેટલીક, **कप्पइ** = નિશ્ચિત કરે, **जो** = જે કોઈ, **एही** = આવે, **तस्स** = તેને, **दाणट्ठा** = આપવા માટે.॥૨૮॥

**મૂળગાથા-ગાથાર્થ** :- ઔદ્દેશિકના મુખ્ય બે પ્રકાર છે. ઓઘ ઔદ્દેશિક અને વિભાગ ઔદ્દેશિક. ગૃહસ્થે પોતાને માટે તૈયાર કરેલ આહારાદિમાંથી જે કોઈ ગૃહસ્થ, પાખંડી શાક્યાદિ વિગેરે યાચક આવે તેને આપવા માટે કેટલીક વસ્તુ કલ્પીરાખે = નિશ્ચિત કરે તે ઓઘ ઔદ્દેશિક કહેવાય છે.॥૨૮॥

**• ઔદ્દેશિકના મૂળ બે વિભાગ •**

**વ્યાખ્યાર્થ** :- **'उद्देसियम्' = 'औद्देशिकम्'** = પૂર્વોક્ત પ્રમાણે એનો અર્થ જાણવો. એટલે કે ઉદ્દેશથી બનાવેલું એ ઔદ્દેશિક કહેવાય છે. તેના બે પ્રકારો છે. કયા તે બે પ્રકાર ? તે કહે છે, **'ओह-विभागओ'** = 'ओघ-विभागौ' = (i) ઓઘ = ઉદ્દેશાદિ ભેદ વિના સામાન્યની વિવક્ષા અને (ii) વિભાગ = ઉદ્દેશાદિની વિવક્ષાથી વિશેષની વિવક્ષા, એટલે કે ઓઘૌદ્દેશિક અને વિભાગૌદ્દેશિક. આમ ઔદ્દેશિકના બે ભેદ થાય છે. 'य' = 'च' = એ સમુચ્ચયના અર્થમાં છે.

(૧) 'ओहे' = 'ओघे' = ઓઘમાં તે ઓઘૌદ્દેશિક થાય છે. એ અધ્યાહારથી લેવું આ દોષ શું છે ? તે કહે છે,

**• ઓઘૌદ્દેશિકનું સ્વરૂપ •**

'सए जमारंभे' = 'स्वके आरंभे यत्' = પોતાના માટે કરેલ આરંભમાં, જે અશનાદિ તૈયાર થયા હોય, તેમાંથી 'भिक्खाउ' = ભિક્ષા, 'कइवि' = 'कत्यपि' = 'कियतीरपि' = કેટલીક પણ. અહીં 'अपि' શબ્દ એ પરિપૂર્ણ ભોજનદાન અને સંપૂર્ણ ભિક્ષાના દાન આપવાની શક્તિના અભાવને સૂચવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सम्पूर्णभिक्षाणां च दानशक्त्यभावं सूचयति, कल्पयति सम्प्रधारयति कश्चिद् गृहीति गम्यते। किमर्थमित्याह-यः कश्चित् पाखण्डिकः शाक्यादिगृहस्था वा एष्यति गमिष्यति तस्य पाखण्डिकादेर्दानार्थं वितरणनिमित्तं गृहयोग्यराद्धमध्याद्दानार्थं भिक्षां व्यवस्थापयतीति तत्त्वमिति स्वरूपमस्येति।

卐 कथमोघौद्देशिकस्य संभवः 卐

कथं पुनरस्य सम्भव इति चेदुच्यते। इहानुभूतदुर्भिक्षबुभुक्ष आसादितसुभिक्षः कश्चिद् गृहस्थो गृहस्थी वा चिन्तयति यथा जीविता वयं कथमपि महाकष्टेन दुर्भिक्षे अतः किञ्चित् सञ्जातवृत्तिकस्य प्रतिदिनमर्थिजनसम्पूर्णभोजनदानशक्त्यभावे मम भिक्षा अपि तावत् कियत्यो दातुं युक्ता यतो नादत्तमिह जन्मन्यपरत्र स्वर्गाद्यवाप्त्यादिसु भुज्यते दत्तस्यैव भोगात्। नाप्यकृतं पुण्यं स्वर्गगमनाद्यवाप्तये भवति कृतस्यैव फलदानसमर्थत्वादिति। पुण्योपार्जनाभिप्रायवान् यदा गृही गृहयोग्यराद्धमध्यादेव तावतीभिक्षां (देवावतीभिक्षां) अर्थिभ्यो दास्यामीति सामान्यसङ्कल्पेन कल्पयति तदा तत्तथाभूतं भक्तमोघौद्देशिकं स्यादितीत्थमिदं भवतीति[१]।

છે એમ જાણવું, '**कप्पइ**' = '**कल्पयति**' = કલ્પીને રાખે-ધારી રાખે, કોણ ધારે ? તે કહે છે, કોક ગૃહસ્થ. એમ અધ્યાહારથી લેવું.

કોના માટે આવું કરે ? તે કહે છે, '**जो**' = '**यः**' = જે કોઈ પાખંડી, શાક્યાદિ અથવા ગૃહસ્થો, '**एही**' = '**एष्यति**' = આવશે, '**तस्स**' = '**तस्य**' = તે પાખંડી વગેરેના, '**दानट्ठा**' = '**दानार्थम्**' = દાન માટે. અહીં આ સ્વરૂપ જાણવું કે, ઘરને યોગ્ય રાંધેલમાંથી દાન માટે કલ્પીને રાખે-ધારી રાખે. આ ઓઘૌદ્દેશિકનું સ્વરૂપ થયું.

ઓઘૌદ્દેશિકદાન કેવી રીતે સંભવે ? તે જણાવે છે.

## ● ઓઘૌદ્દેશિકનો સંભવ કેવી રીતે ? ●

દુકાળ અનુભવ્યા બાદ સુકાળ થયે છતે કોક ગૃહસ્થ વિચારે કે "આ દુકાળમાં ઘણા કષ્ટ વેઠીને ગમે તેમ અમે જીવી ગયા. હવે જ્યારે કાંઈક સારા દિવસો આવ્યા છે તો, રોજે રોજ યાચકોને સંપૂર્ણ ભોજનદાનની શક્તિ કદાચ મારામાં નથી તોય મારી રસોઈમાંથી થોડી પણ આપું. કારણ કે ન આપેલું આલોક અને પરલોકે સ્વર્ગાદિમાં ભોગવાતું નથી, આપેલું જ ભોગવાય છે. તથા દાન એ પુણ્યનું કારણ છે અને પુણ્ય વિના સ્વર્ગાદિની પ્રાપ્તિ થતી નથી કારણ કે કરેલું પુણ્ય જ સ્વર્ગાદિનું ફળ આપવા સમર્થ છે."

આ રીતે, પુણ્યોપાર્જનના આશયથી ઘરના માટે રાંધેલમાંથી "આટલી ભિક્ષા યાચકોને આપીશ" એમ, સામાન્ય સંકલ્પથી ધારી રાખે, ત્યારે તે તેવાપ્રકારનું ભોજન ઓઘૌદ્દેશિક બને છે. આ રીતે ઓઘૌદ્દેશિકનો સંભવ થાય છે.

પિણ્ડનિર્યુક્તિમાં આ પ્રમાણે કહ્યું છે કે - 'આપ્યા વિના અહીં કશું ય મળતું નથી તેથી થોડી

१. नादत्तमिह किमपि लभ्यते ततः कतिपया भिक्षा देया इति बुद्ध्या कतिपयाधिकतण्डुलादिप्रक्षेपेण यन्निर्वृत्तमशनादि तदोघौद्देशिकमिति पिण्डनिर्युक्तौ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 ओघौद्देशिकं छद्मस्थेन ज्ञायते कथम् ? 卐

कथं पुनरिदमपरचेतोवृत्तिकल्पितं छद्मस्थेन ज्ञायते ? उच्यते, उपयुक्तो गृहस्थभाषितादिविचेष्टितेन जानाति। तथाहि– क्वचिद् गृहे भिक्षार्थं प्रविष्टः साधुः स्वामिना भार्याया भिक्षादापितायाः सत्या अन्यभिक्षाचरेभ्यस्ताः प्रतिदिनदेयतया सङ्कल्पिता भिक्षा दत्ताः पञ्चापीति प्रत्युत्तरश्रवणतो जानाति, पञ्चभिक्षा दत्त्वा गृहिणा भोक्तव्यमिति लोकरूढ्या पञ्चेति सङ्ख्यानमुच्यते, भित्यादिषु दत्तभिक्षापरिगणना खटिकादिना रेखाकरणतो वा दत्तसंख्याविस्मृतिरक्षणार्थं, प्रथमेयं भिक्षेत्यादिना रेखाकरणतो वा दत्तसंख्याविस्मृतिरक्षणार्थं प्रथमेयं भिक्षेत्यादिना मुखेन परिगणनश्रवणाद्वा। उद्दिष्टदत्तिसत्कपिटकादेर्मध्याद् भिक्षां प्रयच्छ, मा उद्देशरहिताद् भाजनादेरित्येवं कस्यापि संमुखं भणनसंशब्दनाद्वा। एतस्याः स्थाल्या मध्यादर्थिभ्यो दानायैतावतीर्भिक्षाः पृथक्कुरु इति वचनाकर्णनाद्वा इत्येवं कायिकवाचिकचेष्टाविशेषैरौद्देशिकं जानाति ज्ञात्वा चैषणायामुपयुक्तो निःसन्देहोऽनापृच्छ्य सन्देशिकमेतदिति परिहरति। इदं तु सङ्कल्पितदत्तिषूद्धृतासु दत्तासु वा, शेषं कल्पते शुद्धत्वात्। पात्रकं तु तत्परित्यागेऽकृतत्रिकल्पमपि शेषग्रहणाय शुद्ध्यतीति गाथार्थः।।२८।।

---

ભિક્ષા આપીએ' એવી બુદ્ધિથી જો કુટુંબ મોટું હોય તો, પોતાના માટે કરેલમાંથી થોડું ધારી રાખે, પણ જો નાનું કુટુંબ (૨-૩ માણસો) હોય ત્યારે અધિક તણ્ડુલ (ચોખા) આદિનો પ્રક્ષેપ કરવાપૂર્વક જે અશનાદિ તૈયાર થાય તે ઓઘૌદ્દેશિક છે.

● છદ્મસ્થ ઓઘૌદ્દેશિકને શી રીતે જાણે ? ●

**પ્રશ્ન** :- બીજાના મનના પરિણામ (વિચાર)થી નિશ્ચિત કરાયેલ છદ્મસ્થ સાધુ શી રીતે જાણી શકે?

**ઉત્તર** :- ગૃહસ્થના બોલવાઆદિ ચેષ્ટા વડે ઉપયોગવાળા સાધુને એની ખબર પડે છે. જેમ કે, સાધુ વહોરવા ગયા અને ઘરના માલિકે પોતાની પત્ની પાસે દાન અપાવડાવ્યા બાદ પત્ની બોલે કે "રોજે દાન માટે ધારી રાખેલ પાંચેય ભિક્ષા અન્યભિક્ષાચરો સહિત પૂરી થઈ." (લોકોમાં 'પાંચ ભિક્ષા આપ્યા બાદ વાપરવું' આવો સામાન્યથી રીવાજ હોવાથી અહિં પાંચ ભિક્ષાની વાત કરી)

અથવા ભીંતાદિમાં અપાયેલ ભિક્ષાને યાદ રાખવા માટે ખડી વડે રેખા કરે, અથવા "આ પ્રથમ ભિક્ષા" એ પ્રમાણે મોટેથી બોલે, અથવા એમ બોલે કે 'જો, ઉદ્દેશીને રાખેલ ભિક્ષાના ભાજનમાંથી આપજે", અથવા "જોજે, ઉદ્દેશરહિતના ભાજનમાંથી આપતી નહિ" એમ બોલે, અથવા તો કહે કે "આ ભાજનમાંથી દાન માટે આટલી ભિક્ષા અલગ કરો." આ પ્રમાણેના વાચિક અને કાયિક ચેષ્ટાઓ દ્વારા ઔદ્દેશિક ભિક્ષાને જાણે છે.

આ રીતે એષણામાં ઉપયોગવાળા સાધુ પૂછ્યા વિના "આ ઉદ્દેશિક છે" એમ ચોક્કસપણે જાણીને તેને છોડી દે છે.

જોકે, સંકલ્પપૂર્વક ધારી રાખેલ ભિક્ષા અલગ મૂક્યા પછી અથવા અપાઈ ગયા બાદ બાકીની ભિક્ષા શુદ્ધ હોવાથી કલ્પે છે અને જો ઉદ્દેશવાળી ગોચરી આવી ગઈ હોય તો તેને પરઠવ્યા બાદ ત્રણ કલ્પ કર્યા વિના પણ તે પાત્ર બીજી શેષભિક્ષાગ્રહણમાટે કલ્પે છે.॥૨૮॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अवतरणिका–** उक्तमोघौद्देशिकं, विभागौद्देशिकं बिभणिषुस्तावत्तस्य भेदानाह।

**मूलगाथा– बारसविहं विभागे चउहुद्दिठं १कडं च २ कम्मं च ३।**
**उद्देससमुद्देसादेससमाएस ४ भेएण।।२९।।**

**संस्कृतछाया–** द्वादशविधं विभागे, चतुर्द्धोद्दिष्टं कृतं च कर्म्म च।
उद्देश-समुद्देशाऽऽदेशसमादेशभेदेन ।।२९।।

**卐 विभागौद्देशिकस्य द्वादश प्रकाराः 卐**

**व्याख्या–** द्वादशविधं-द्वादशभेदं 'विभागे'त्ति विभागौद्देशिकं भवतीति शेषः। यथा चतुर्द्धा चतुष्प्रकारं ज्ञेयं। किं तदित्याह 'उद्दिट्ठं'ति तत्रोद्देशनमुद्दिष्टं, स्वार्थं निष्पन्नस्याशनादेर्द्रव्यभेदादिना भिक्षाचराणां दानाय कल्पनं (मत्वर्थीयेऽति) उद्दिष्टं भक्ताद्युच्यते। 'कडं चे'ति कूरादिकं सत् करंबकादिलक्षणपर्यायान्तरेण क्रिया तस्येति कृतं चः चतुर्द्धेत्यस्यात्राप्यनुकर्षणार्थः। 'कम्मं चे'ति स्वार्थनिष्पन्नं लड्डूकचूर्णादिकं सद्गुडपाकादिना क्रिया लड्डूकादिना क्रियते स्मेति कर्म्म चः

---

**અવતરણિકા :-** આ પ્રમાણે ઓઘૌદ્દેશકની વાત થઈ. હવે વિભાગૌદ્દેશકને કહેવાની ઈચ્છાથી તેના ભેદોને જણાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ :- बारसविहं** = બારપ્રકારનું, **विभागे** = વિભાગ ઔદ્દેશિક, **चउहा** = ચાર પ્રકારનું, **उद्दिट्ठं** = ઉદ્દિષ્ટ, **कडं** = કૃત, **कम्मं** = કર્મ, **उद्देस** = ઉદ્દેશ, **समुद्देश** = સમુદ્દેશ, **आदेश** = આદેશ, **समाएसा** = સમોદેશ, **भेएण** = ભેદ વડે.।।૨૯।।

**મૂળગાથા-ગાથાર્થ :-** વિભાગ ઔદ્દેશિકના બાર પ્રકાર છે. પ્રથમ તેના ત્રણ ભેદ - ઉદ્દિષ્ટ, કૃત અને કર્મ અને તે દરેકના ઉદ્દેશ, સમુદ્દેશ, આદેશ અને સમાદેશ. એમ ચાર ચાર ભેદો ગણવાથી બારપ્રકાર છે.।।૨૯।।

**• વિભાગ ઔદ્દેશિકના ૧૨ પ્રકાર •**

**વ્યાખ્યાર્થ :-** 'बारसविहं' = 'द्वादशविधं' = બારપ્રકારે, 'विभागे' = 'विभागौद्देशिक' બને છે. તે આ રીતે, 'चउह' = 'चतुर्द्धा' = ચારપ્રકાર જાણવા. કોના ચારપ્રકાર જાણવા ? તે કહે છે, (૧) 'उद्दिठं' = 'उद्दिष्टौद्देशिक' = ઉદ્દેશપૂર્વક જે હોય તેને 'उद्दिष्टौद्देशिक' કહેવાય છે. એટલે કે, પોતાના માટે બનેલ અશનાદિના દ્રવ્યભેદ = છૂટુ પાડવું વગેરેથી ભિક્ષાચરોના દાન માટે કલ્પવું એટલે કે અમુક રસોઈ ભિક્ષાચરોને આપવી. તેને 'उद्दिष्टौद्देशिक-भक्तादि' કહેવાય છે. આ ઉદ્દિષ્ટના ૪ પ્રકાર જાણવા.

(૨) 'कडं च' = 'कृतौद्देशिकं च' = કૂર આદિનો 'करंब' = કરંબો = દહીં મિશ્રિતભાત આદિ રૂપ બીજો પર્યાય કરવો. 'च' = અહીં આ કૃતૌદ્દેશિકના પણ ચારપ્રકારને સૂચવનાર છે.

(૩) 'कम्मं च' = 'कर्मौद्देशिकं च' = પોતાના માટે બનાવેલ લાડવા ના ચૂર્ણ વગેરેમાં ગોળનો માંડો = પાયો વગેરે નાંખીને લાડુ રૂપે બનાવે. 'च' = એ ઉપરોક્ત પ્રમાણે ચારપ્રકારને સૂચવનારો જાણવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पूर्व्ववत्। इह त्वौद्देशिकस्य साध्यत्वादुद्दिष्टौद्देशिकं, कृतौद्देशिकं, कर्म्मौद्देशिकं चेति ज्ञेयम्। कथं पुनरुद्दिष्टादीनां चतुर्द्धात्वमित्याह-'उद्देसे'त्यादि उद्देशं च समुद्देशं च आदेशं च समादेशं च तानि तथा। एतल्लक्षणो वक्ष्यमाणो भेदो विभागो भेदप्रभेदादिकथनमिति यावद् उद्देशादिभेदास्तानिति। इह विभागौद्देशिकमुद्दिष्टकृतकर्म्मस्वरूपमूलभेदात् त्रिविधं। पुनः प्रत्येकमुद्देशसमुद्देशादेशसमादेशलक्षणोत्तरभेदाच्चतुर्विधमित्येवं विभागौद्देशिके सर्व्वे द्वादशभेदा इति गाथार्थः।।२९।।

**अवतरणिका**– उद्देशादिभेदचतुष्कस्य स्वरूपनिरूपणायाह।

**मूलगाथा– जावतियमुद्देसं, पासंडीणं भवे समुद्देसं।**
**समणाणं आएसं, निग्गंथाणं समाएसं।।३०।।**

**संस्कृतछाया– यावदर्थिकमुद्देशं, पाखण्डिकानां भवेत् समुद्देशं।**
**श्रमणानामाऽऽदेशं, निर्ग्रन्थानां समादेशम् ।।३०।।**

**卐 उद्देशादीनां स्वरूपम् 卐**

**व्याख्या**– 'जावतिय'त्ति सूचनाद्यावदर्थिकानां समस्तार्थिनामर्थाय कल्पितमशनादीति सर्वत्र प्रक्रमः

---

આમાં, ઔદ્દેશિકની વાત કરવાની હોવાથી **'उद्दिठं कडं-कम्मं'** શબ્દથી **'उद्दिष्टौद्देशिक-कृतौद्देशिक-कर्म्मौद्देशिक'** તરીકે જાણવા.

ઉદ્દિષ્ટ આદિના ચાર પ્રકાર કયા છે ? તે કહે છે- **'उद्देस-समुद्देसा-देस-समाएसा'** = **'उद्देश-समुद्देश-आदेश-समादेशानि'** = (૧) ઉદ્દેશ (૨) સમુદ્દેશ (૩) આદેશ અને (૪) સમાદેશ. આનું સ્વરૂપ હવે આવનારી આગળની ગાથામાં કહેવામાં આવશે. **'भेएण'** = **'भेदेन'** = ભેદ દ્વારા એટલે કે ઉદ્દેશઆદિ ભેદ દ્વારા ૪ પ્રકારો છે, **'भेद'** એટલે કે વિભાગ-અર્થાત્ ઉદ્દેશાદિના ભેદ-પ્રભેદાદિનું કથન કરવું તે.

ભાવાર્થ આ છે કે, વિભાગ ઔદ્દેશિક ના મૂળ ત્રણ ભેદો છે (૧) ઉદ્દિષ્ટ (૨) કૃત અને (૩) કર્મ. આ ત્રણેયના વળી ચાર-ચાર ભેદો છે. (૧) ઉદ્દેશ (૨) સમુદ્દેશ (૩) આદેશ અને (૪) સમાદેશ. આ પ્રમાણે ૩ x ૪ = ૧૨ ભેદ વિભાગૌદ્દેશિકના થયા.॥૨૯॥

**અવતરણિકા** :- હવે ઉદ્દેશઆદિ ચાર ભેદોના સ્વરૂપનિરૂપણ માટે કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **जावतियं** = સમસ્તઅર્થીઓને માટે, **उद्देशं** = ઉદ્દેશ, **पासंडीण** = પાખંડીઓમાટે, **भवे** = થાય, **समुद्देश** = સમુદ્દેશ, **समणाणं** = શ્રમણોને માટે, **आएसं** = આદેશ, **निग्गंथाणं** = નિગ્રંથોને માટે, **समाएसं** = સમાદેશ.॥૩૦॥

**મૂળગાથા-ગાથાર્થ** :- સમસ્તઅર્થીઓનેમાટે સંકલ્પેલું ઉદ્દેશ, પાખંડીઓમાટે સંકલ્પેલું સમુદ્દેશ, શ્રમણોમાટે સંકલ્પેલું આદેશ અને નિર્ગ્રન્થોનેમાટે સંકલ્પેલું સમાદેશ થાય.॥૩૦॥

**• ઉદ્દેશવગેરેનું સ્વરૂપ •**

**વ્યાખ્યાર્થ** :- (૧) **'जावतिय'** = **'जावतियं'** શબ્દથી **'यावदर्थिकं'** લેવું. એટલે કે જે પણ ગૃહસ્થ પાખંડી વગેરે બધાજ યાચક માટે કલ્પેલ અશનાદિને, **'उद्देशं-उद्देशिकं'** કહેવાય છે. આ જ રીતે આગળ પણ સમજી લેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उद्देशमुद्देशिकाख्यं। तथा पाखण्डिकानां चरकादीनां भवेत् स्यादिति सर्व्वत्र योगः समुद्देशं समुद्देशसंज्ञं एवं श्रमणानां निर्ग्रन्थानां आदेशमादेशिकनामानम्। तथा निर्ग्रन्थानां श्वेताम्बराणां समादेशमिति गाथार्थः।।३०।। (१०००)

**अवतरणिका**– अधुनोद्दिष्टकृतकर्मसु त्रिष्वप्युद्देशशब्दस्य सामान्यस्य प्रवृत्तेरुद्दिष्टोद्देशकृतोद्देश-कर्मोद्देशाख्यानां विभागौद्देशिकमूलभेदानां त्रयाणां संक्षेपतः स्वरूपनिरूपणायाह।

**मूलगाथा**– **संखडि भुत्तुव्वरियं, चउण्हमुद्दिसइ जं तमुद्दिट्ठं।**
**वंजणमीसाइ कडं, तमग्गितवियाइ पुण कम्मं।।३१।।**

**संस्कृतछाया**– **संङ्खडीभुक्तोद्धरितं, चतुर्णामुद्दिशति यत् तदुद्दिष्टं।**
**व्यंजनमिश्रादिकं कृतं, तदग्नितापितादि पुनः कर्म्म ।।३१।।**

**卐 विभागौद्देशिकस्योद्दिष्टादीनां संक्षेपस्वरूपं तत्राद्योद्दिष्टौद्देशिकनिरूपणम् च 卐**

(२) 'पासंडीणं भवे समुद्देसं' = 'पाखण्डिकानां भवेत् समुद्देशं' भवेत् = स्यात्, એ સર્વત્ર સમજી લેવું. સંસારના ત્યાગી એવા જૈન અને અન્ય પાખંડી - ચરક વગેરે બધામાટે કલ્પેલું સમુદ્દેશ કહેવાય છે.

(૩) 'समणाणं आएसं' = 'श्रमणानां आदेशम्' = श्रमण એટલે આજીવક = ગોશાળાના અનુયાયી શાક્ય = બૌદ્ધ, નિર્ગ્રન્થ = જૈન-તાપસ અને પરિવ્રાજક = ગેરુઆ = ભગવાધારી સંન્યાસી. તેઓ માટે કલ્પેલું આદેશ કહેવાય છે, અને

(૪) 'निग्गंथाणं समाएसं' = 'निर्ग्रन्थानां समादेशम्' = નિર્ગ્રન્થ એટલે શ્વેતાંબર સાધુઓ. તેઓ માટે કલ્પેલું સમાદેશ કહેવાય છે.॥૩૦॥

**અવતરણિકા** :- હવે, ઉદ્દિષ્ટ-કૃત અને કર્મ આ ત્રણેયમાં ઉદ્દેશ શબ્દ સામાન્ય હોવાથી, ઉદ્દિષ્ટૌદ્દેશિક-કૃતૌદ્દેશિક-કર્મોદ્દેશિક નામક વિભાગૌદ્દેશિકના મૂળ ત્રણભેદોનું સંક્ષેપથી સ્વરૂપનિરુપણ કરે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **संखडी** = વિવાહાદિ કાર્યમાં, **भुत्तवरियं** = વપરાયા પછી વધેલું, **चउण्हं** = સમસ્ત અર્થીઆદિને, **उद्दिसइ** = ઉદ્દેશીને રાખવામાં આવે, **जं** = જે, **तं** = તે, **उद्दिट्ठं** = ઉદ્દિષ્ટ, **वंजणमीसाइ** = દહીં, છાશવિગેરેથી મિશ્રિત કરેલું, **कडं** = કૃત, **तं** = તે, **अग्गितवियाइ** = અગ્નિથી તપાવેલા ઘી ગોળમાં ભેગું કરેલું, **पुण** = વળી, **कम्मं** = કર્મ.॥૩૧॥

**મૂળગાથા-ગાથાર્થ** :- સંખડીમાં = વિવાહાદિમાં જમણવાર કર્યા પછી વધેલ લાડવા આદિ પકવાન્નને તેની તે સ્થિતિમાં સમસ્ત અર્થી આદિ ચારે પ્રકારના અર્થીઓને આપવાના ઉદ્દેશથી જે જુદા રાખી મુકવામાં આવે તેને 'ઉદ્દિષ્ટ' કહેવામાં આવે છે. બીજે દિવસે બગડી જાય તેવા વધેલ ભાત વગેરેને દહીં છાશ વગેરેથી છકાય જીવના આરંભ વગર મિશ્ર કરીને ઉપર પ્રમાણેના ઉદ્દેશથી જે જુદા રાખી મુકવામાં આવે તેને કૃત કહેવામાં આવે છે. વધેલ લાડવા, પકવાન્ન વગેરે ભુકાને અગ્નિથી તપાવેલ ઘીની અંદર નાખી ફરીથી લાડવા વગેરે બનાવવામાં આવે તેને 'કર્મ' કહેવામાં આવે છે.॥૩૧॥

**• વિભાગૌદ્દેશિકના ઉદ્દિષ્ટ વગેરેનું સંક્ષેપ સ્વરૂપ અને**
**તેમાં પ્રથમ ઉદ્દિષ્ટૌદ્દેશિકનું નિરુપણ •**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**व्याख्या**– 'संखडि'त्ति विभक्तिलोपात् सङ्खड्यां, विवाहादिप्रकरणे भुक्ते स्वजनादिभिरभ्यवहृते उद्धरितं शेषीभूतं भुक्तोद्धरितं यदोदनतीमनदधिलड्डूकचूर्ण्यादिकं भक्तं प्रचूरं दृष्ट्वा भर्तादिर्भार्यादेः संमुखमुद्दिशति- वक्ति यथा धर्माय देहीदं तदवस्थमेव चतुर्णां यावदर्थिकपाखण्डिकश्रमणनिर्ग्रन्थानां मध्यादन्यतरस्मै इति तद्भक्तादि उद्दिष्टमिति उद्दिष्टौद्देशिकं भण्यते। प्रायः सङ्खड्यामेव भुक्तोद्धरितं बहु स्यादिति संखडीग्रहणं। स्तोकमुद्धरितमपि प्रायो गृहेऽप्युपयोगं यातीति प्रचूरविशेषणं तदपि द्रष्टव्यं सामर्थ्यात्। एवं च वदता सूत्रकृता विभागौद्देशिकस्य सम्भवः प्रदर्शितो भवति।

## 卐 कृतौद्देशिकनिरूपणम् 卐

तथा 'वंजणमीसाइ कडं'ति इहापि 'संखडिभुत्तुव्वरियं चउण्हमुद्दिसइ जमि'त्यनुवर्त्तते। ततश्च व्यज्यते म्रक्ष्यते कूरादिकमेभिरिति व्यञ्जनानि गोरसतक्रतीमनादीनि तैर्मिश्रितं करम्बितं यत्सङ्खडीभुक्तोद्धरितं कूरादि तद्व्यञ्जनमिश्रं करम्बीकृतमित्यर्थः। तदादिर्यस्य, निर्भञ्जनादिना पिण्डीकृतलड्डूकचूर्ण्यादेः पर्यायान्तरस्य, तद्व्यञ्जनमिश्रादिकमित्यर्थः। करंबकादिलक्षणपर्यायान्तरापन्नं कृत्वा इत्यर्थः। यदोदनादि संखडीभुक्तोद्धरितं चतुर्णामन्यतरस्मै दानायोद्दिशति गृही यथेदममुकेभ्यो दातव्यमिति।

---

**व्याख्यार्थ** :- **'संखडि'** = આમાં સપ્તમી એકવચનનો લોપ થયો હોવાથી, **'सङ्खड्यां'** = સંખડીમાં એવો અર્થ કરવો, **'भुत्तुव्वरियं'** = **'भुक्तोद्धरितं'** = વિવાહ વગેરે પ્રસંગે સ્વજનાદિ જમી લીધા બાદ જે કોઈ ઓદન, તીમન = કઢી, દાલ, દહીં, લાડુનો ભૂક્કો વગેરે પ્રચૂર ભોજન વધેલા જોઈને **'चउण्हमुद्दिसइ जं'** = **'चतुर्णामुद्दिशति यत्'** પતિ વગેરે પત્ની વગેરેને કહે - 'આ જે વધેલું છે તે ભૂક્કા ઈત્યાદિ જે સ્વરૂપે રહેલું છે. એજ સ્વરૂપે તેને ધર્મ-પુણ્ય માટે યાવદર્થિક, પાખંડી, શ્રમણ, નિર્ગ્રન્થ આ ચારમાંથી કોઈને પણ દાનમાં આપજે. આ પ્રમાણે જે ઉદ્દેશ કરે. **'तमुद्दिट्ठं'** = **'तदुद्दिष्टम्'** = તે ભક્તાદિ ઉદ્દિષ્ટ છે માટે એને **'उद्दिष्टौद्देशिकं'** કહેવાય છે.

પ્રાયઃ કરીને સંખડીમાં જ જમ્યાપછી વધારે વધવાનું થાય છે માટે અહીં **'संखडि'** શબ્દ ગ્રહણ કરાયો છે અને, થોડું વધેલું તો લગભગ ઘરના ઉપયોગમાં આવી જતું હોય છે. માટે **'प्रचूर'** શબ્દ ગ્રહણ કરાયો છે. એમ અધ્યાહારથી જાણી લેવું. આમ કહેવા દ્વારા સૂત્રકારે વિભાગૌદ્દેશિકની સંભાવના બતાવી છે. એમ જાણવું.

## • કૃતૌદ્દેશિકનું નિરુપણ •

તથા, **'वंजणमीसाइकडं'** = **'व्यंजनमिश्रादिकं कृतं'** = આમાં પણ અને આગળના, કર્મોદ્દેશિકમાં પણ **'संखडिभुत्तुव्वरियं चउण्हमुद्दिसइ जम्'** સમજી લેવું. જેની સાથે કૂર વગેરે મસળીને મિશ્ર કરાય તે ગોરસ = દહીં-દૂધ વગેરે, છાશ, તીમન વગેરેને વ્યંજન કહેવાય છે. તે વ્યંજનથી મિશ્રિત જે સંખડીમાં ભોજનબાદ વધેલા કૂર વગેરે હોય છે તેને વ્યંજનમિશ્ર કહેવાય છે. **'निर्भञ्जनादि'** = બળેલા ઘી વગેરેની સાથે લાડુના ચૂર્ણ આદિને મસળી એના સ્વરૂપને બદલવું વગેરે છે આદિમાં જેને, તેને 'વ્યંજનમિશ્રાદિકં'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'कडं'ति उद्देशिकस्य प्रस्तुतत्वात् कृतं करंबकादिपर्यायान्तरेण विहितमुद्देशिकं कृतौद्देशिकं तदोदनादि भण्यते। इह व्यञ्जनकूरोऽन्यो वा कश्चिद्यथासम्भवं यावदर्थिकादीनामन्यतरस्मै दानाय कल्पितो ज्ञेय इत्युद्देशिकता।

**卐 कर्म्मौद्देशिकनिरूपणम् 卐**

तथा 'तमग्गितवियाइ पुण कम्मं'त्ति तत्सङ्खडीभुक्तोद्धरितं लड्डूकचूर्णिमुद्गादिकं अग्निना-वह्निना तापितमुष्णीकृतमग्नितापितं गुडादीति गम्यते। तदादिर्यस्य तदग्नितापितादि आदिग्रहणात् सचित्तजलहिंगुलवणराजिकासन्मिश्रदध्यादिग्रहो विभक्तिलोपात्तेनाग्नितापितादिना गुडादिद्रव्येण किमित्याह– 'पुण'त्ति पुनः प्रथमस्वाभाविककरणापेक्षया भूयोऽपि लड्डूकादिपर्यायान्तरापादितं कृत्वा यदा चतुर्णामन्यतरस्मै दानायोद्दिशति तदा तन्मोदकचूर्ण्यादिकं तथाविहितं 'कम्मं' ति कर्म्मोद्देशिकं भण्यते। यद्वेत्थं व्याख्यायते-अग्नितापितादिगुडादिद्रव्ययोगाद् भूयो मोदकादिपर्यायान्तरापादितं

---

કહેવાય છે. એટલે કે 'करंब' વગેરે રૂપ બીજો પર્યાય કરીને, જે સંખડીમાં વધેલ ભોજનાદિને, યાવદર્થિક વગેરે ચારમાંથી કોઈને પણ દાન આપવા માટે ઉદ્દેશ રાખે.

જેમકે 'આ મારે અમુકોને આપવું' એ રીતે જે ધારી રાખે તેને કૃત કહેવાય છે. અર્થાત્. અત્રે ઉદ્દેશિકની વાત ચાલતી હોવાથી, ઉદ્દેશપૂર્વક કરંબક વગેરે બીજા પર્યાય રૂપે કરેલ તે ઓદનાદિને કૃતૌદ્દેશિક કહેવાય છે. આમાં અગ્નિ પર ચઢવારૂપ આરંભ થતો નથી.

આમાં, વ્યંજનથી મિશ્રિત કૂર કે બીજું જે કાંઈ તેવા પ્રકારનું, યાવદર્થિકાદિમાંથી કોઈને પણ દાન આપવા કલ્પ્યું હોય તેને કૃતૌદ્દેશિક જાણવું.

**● કર્મૌદ્દેશિકનું નિરુપણ ●**

તથા, 'तमग्गितवियाइ पुण कम्मं' = 'तद् अग्नितापितादि पुनः कर्म्म' = તે સંખડીમાં વધેલ લાડુનું ચૂર્ણ અને મગ આદિને અગ્નિના તાપથી ગરમ કરેલ ગોળ-ઘી સ્વરૂપ માંડા = પાયો વગેરેને 'अग्नितापित' કહેવાય છે. તે છે આદિમાં જેને તેને 'अग्नितापितादि' કહેવાય છે. 'आदि' પદથી સચિત્તપાણી, હિંગુ = હિંગ, લવણ = મીઠું, રાઈથી મિશ્રિત દહીં વગેરે લેવું. આમાં તૃતીયા વિભક્તિનો લોપ થયો હોવાથી 'अग्नितापितादिना गुडादिद्रव्येण' 'અગ્નિવડે તાપિત ગોળ વગેરે દ્રવ્યો વડે,' એમ લેવું. તે દ્રવ્યથી શું કરીને ? તે કહે- 'पुण' = 'पुनः' = પ્રથમ સ્વાભાવિક રીતે કરેલાની અપેક્ષાએ ફરી વાર લાડુ વગેરે રૂપે બાંધીને, એટલેકે એને બીજા પર્યાય રૂપે કરીને, જ્યારે યાવદર્થિકાદિ ચારમાંથી કોઈને પણ દાન આપવા ઉદ્દેશ કરે. ત્યારે તે લાડુચૂર્ણ વગેરેને તેવા પ્રકારે લાડુ વગેરે રૂપ ફરી કરે. તેને કર્મૌદ્દેશિક કહેવાય છે.

અથવા આ પ્રમાણે વ્યાખ્યા કરવી - અગ્નિતાપિતાદિ ગુડાદિ દ્રવ્યના મિશ્રણથી લાડુ વગેરે બીજાપર્યાયરૂપે કરેલ તે સંખડીમાં વધેલ લાડુચૂર્ણ વગેરેને અગ્નિતાપિતાદિ કહેવાય છે. પુનઃ = વ્યતિરેકના અર્થમાં છે. એટલે કે, કૃતમાં તો માત્ર વ્યંજનમિશ્રિત ઓદનની વાત છે જ્યારે અહીં તો એનાથી વિપરિત અગ્નિતાપથી તાપિતની વાત છે. એમ વ્યતિરેક અર્થ જાણવો. તેવા પ્રકારના આહારાદિને યાવદર્થિકાદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्संखडीभुक्तोद्वरितं मोदकचूर्ण्याद्यग्नितापिताद्युच्यते। तत् पुनः, पुनः शब्दो व्यतिरेकार्थः तथाभूतं चतुर्णां दानायोद्दिष्टं, 'कम्मं' ति कर्म्मोद्देशिकं भण्यते। तथाहि-'अचित्तमेव पच्चइ आहाकम्मं तयं भणियमि'त्येतल्लक्षणेनाधाकर्म्मणा, देशतो युक्तं कर्म गुडपाकादि मोदकचूर्ण्यादिकं वा किञ्चिद्यथासम्भवं यावदर्थिकादीनां चतुर्णामन्यतरस्मै दानाय कल्पितमित्यौद्देशिकमिति। कथं पुनरनयोः कृतकर्म्मौद्देशिकयोः सम्भवः ? उच्यते-

卐 **कृतकर्म्मौद्देशिकयोः सम्भवः कथम्** 卐

यथा कश्चिद् गृहस्थः सङ्खड्यां निवृत्तायां दध्यादिसत्कस्थाल्यादिभाजनस्य ग्रहणाय, मा वा केवलः कूरो विगन्धितां ग्रहीष्यति, द्वयोरपि वा दध्यादिकूरयोरेकेनैव गमनागमनादिना दानाय निष्पत्स्यमानत्वान्निष्कष्टमेव दानं स्यादेवं वा कृतमिष्टं स्यात्तेन च दत्तेन महापुण्यं भवतीत्येवं कारणैर्यदा स्थाल्यादिस्थगोरसतीमनतक्रादिभिः कूरादिकमुद्वरितं स्वार्थनिष्पन्नं संमिश्रं कृत्वा निर्भञ्जनादिना सह लड्डूकचूर्ण्यादि वा पिण्डकतया बद्ध्वा चतुर्णामन्यतरस्मै दानाय कल्पित तदा कृतौद्देशिकस्य सम्भवो यदा च गुडपाकादियुतभाजनरिक्तीकरणादिकारणैरेव सङ्खड्यां निवृत्तायां

---

ચારમાંથી કોઈને પણ દાન આપવાનો ઉદ્દેશ કરે તે '**कर्म्मौद्देशिक**' કહેવાય છે. તે આ પ્રમાણે છે.

'**अचित्तमेव पच्चइ आहाकम्मं तयं भणियम्**' - અચિત્તને જ રાંધે તે આધાકર્મ કહેવાય છે અને આવા સ્વરૂપવાળા આધાકર્મવડે દેશથી = અંશથી યુક્ત તે કર્મઔદ્દેશિક કહેવાય છે. એટલે કે, જેનો એક દેશ ગોળનો પાયો તે આધાકર્મી અને બીજો દેશ મોદકચૂર્ણ તે શુદ્ધ હોય, તે કર્મૌદ્દેશિક કહેવાય છે.

અર્થાત્ - રાંધેલાને સંસ્કાર કરે તે કર્મૌદ્દેશિક છે. એટલે કે, જે વસ્તુ રંધાઈ ગઈ છે એને સંસ્કાર-પરિષ્કાર કરવા માટે લાડુઆદિના ચૂર્ણાદિને ગોળનો પાયો વગેરે કરીને, અથવા તો એ ભૂક્કો વગેરેને જ અગ્નિમાં તપાવીને ફરી લાડુઆદિ બાંધે, અથવા તો છાસ વગેરે વ્યંજનની સાથે ભાત વગેરેનું મિશ્રણ કરીને કરંબ વગેરે કરવામાં આવે કે જેમાં પાણી-વનસ્પતિઆદિની વિરાધના થાય કે પછી અગ્નિની વિરાધના થાય, તો તે વસ્તુને પણ કર્મ કહેવાય, અને પછી વિશેષ ઉદ્દેશ વિના યાવદર્થિકાદિ ચારમાંથી કોઈને પણ આપવા ચિંતવી રાખે તેને કર્મૌદ્દેશિક કહેવાય છે.

## ● કૃતૌદ્દેશિક અને કર્મૌદ્દેશિક શી રીતે સંભવે ? ●

**પ્રશ્ન** :- કૃતૌદ્દેશિક અને કર્મૌદ્દેશિક નો સંભવ શી રીતે થાય ?

**ઉત્તર** :- (૧) **કૃતૌદ્દેશિક** :- જમણવાર-સંખડી પૂર્ણ થયાબાદ કોક ગૃહસ્થ દહીં વગેરેના તપેલી આદિ ભાજનને ખાલી કરી લેવા માટે અથવા તો રખેને એકલા ભાત કોહવાઈ જાય ! અથવા તો દહીં વગેરે વ્યંજન અને કૂરના દાનનું કાર્ય એકજ ગમનાગમન ફેરાથી સરી જવાથી કષ્ટ વિના દાન અપાશે, જે ઈષ્ટ છે અને તે આપવા દ્વારા મોટું પુણ્ય થશે, ઈત્યાદિ કારણોસર જ્યારે તપેલામાં રહેલ ગોરસ-તીમન-તક્ર-છાસઆદિ સાથે પોતાના માટે બનાવેલા અને પાછળથી વધી પડેલા ભાત વગેરેને મિશ્ર કરીને અથવા બળેલ ઘી આદિની સાથે લાડુના ચૂર્ણાદિને પિણ્ડ રૂપે બાંધીને યાવદર્થિકાદિ ચારમાંથી કોઈના પણ દાન માટે કલ્પે ત્યારે કૃતૌદ્દેશિકનો સંભવ થઈ શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भूयोऽपि लड्डूकचूर्ण्यादिकमग्नितापितगुडादिना मोदकदिरूपपर्यायान्तरेण कृत्वा प्रकरणोपयुक्तावशेषान् मुद्गादीन् वा पुनः संस्कृत्य, सचित्तजललवणप्रभृतिद्रव्यसम्मिश्रदध्यादिना कूरं करंबकतया वा कृत्वा चतुर्णामन्यतरस्मै दानाय सङ्कल्पयति, तदा कर्म्मौद्देशिकस्य सम्भवः।

**卐 उद्दिष्टौद्देशिकादीनां कल्प्याऽकल्प्यविधिस्स्थापनादोषभिन्नत्वं च 卐**

अत्र चोद्दिष्टौद्देशिकादित्रये कल्प्याकल्प्यविधिरुच्यते। तत्र यावदर्थिकादीनां दातव्यमित्येवं दातुरविशिष्टे निर्देशे यतीनामपि मध्ये ग्रहणादुद्दिष्टौद्देशिकाख्यं प्रकरणोपयुक्तावशेषं यथास्थितमेव कूरादि दानायोद्दिष्टं गृहाद्बहिर्व्यवस्थाप्य दीयमानं यतीनामकल्प्यं स्वोचितारम्भाद् विभिन्नीकृत्य देयस्य दातुमभिप्रेतत्वात्तत्र च यत्यर्थमपि कीटकादिसत्त्वव्याघातसम्भवात् न तु स्थापनादोषात्तस्य भिन्नदोषत्वात्। अन्ये त्वाहुरुद्देशो(द्दिष्टो)द्देशदोषनिवर्त्तनात् स्थापनैव तेषां मतेन साध्वयाच्ञायामपि सा स्यादितीष्यते। एवं चोद्देशौ(द्दिष्टौ)द्देशिकस्य स्थापनायाश्चायं भेदो यथेदं साधुनाऽयाचिते, स्थापना तु याचिते स्यात्। तथा सर्व्वस्मिन्नत्र यावदर्थिकादीनां चतुर्णामप्यर्थाय सङ्कल्पः स्यात् स्थापनायां तु निर्ग्रन्थार्थमेव सङ्कल्पयति।

**卐 उद्दिष्टौद्देशिकादि कदा कल्पते ? 卐**

नवरमुद्देशौ(द्दिष्टौ)द्देशिकमिदं दातुर्दानभावे निवृत्ते कल्पते आत्मार्थत्वात्। यदा च गृहस्थानां

---

(૨) **કર્મૌદ્દેશિક** :- જ્યારે ગુડપાકાદિથી યુક્ત ભાજનને ખાલી કરવા આદિ કારણે જ જમણવાર પત્યા બાદ ફરી વાર લાડવાના ચૂર્ણાદિને અગ્નિથી તપાવેલગોળઆદિથી લાડવાઆદિરૂપ પર્યાયાન્તર કરીને અથવા વધેલા મગઆદિને ફરી સંસ્કાર કરીને અથવા સચિત્ત પાણી, લૂણ વગેરે દ્રવ્યથી મિશ્રિત દહીં આદિની સાથે કૂર ભેળવી કરંબ રૂપે કરીને યાવદર્થિકાદિ ચારમાંથી કોઈના પણ દાન માટે સંકલ્પે ત્યારે કર્મૌદ્દેશિકનો સંભવ છે.

**• ઉદ્દિષ્ટૌદેશિક વગેરેની કલ્પ્ય-અકલ્પ્યવિધિ •**

હવે ઉદ્દિષ્ટૌદ્દેશિકઆદિ ત્રણેયને વિષે કલ્પ્ય-અકલ્પ્યવિધિ કહે છે.

લગ્નાદિ પ્રસંગે જમણવાર પૂર્ણ થયાબાદ ભાત વગેરે દ્રવ્ય જે રીતે વધ્યા હોય = જે સ્વરૂપે વધ્યા હોય એજ રીતે = એજ સ્વરૂપે યાવદર્થિકાદિ ચારમાંથી કોઈને પણ દાન આપવાનો દાતા ઉદ્દેશ કરીને, એટલે કે 'આ અમુકને જ આપવું' એવો વિશેષ નિર્દેશ ન કરીને તે ભાત વગેરેના દાન માટે ઘરની બહાર તેને ગોઠવીને આપે, ત્યારે યાવદર્થિકાદિ ચારમાં સાધુઓનો પણ સમાવેશ થઈ જવાથી એ ઉદ્દિષ્ટૌદ્દેશિક બને છે. જે સાધુઓને અકલ્પ્ય છે. કારણ કે ગૃહસ્થે દેયવસ્તુને સ્વોચિત આરંભથી અલગ કરીને યાવદર્થિકાદિ ચારેમાંથી કોઈના પણ દાન માટે અલગ કાઢી હોવાથી તે વસ્તુને બહાર કાઢીને ઘરની બહાર ગોઠવવા નિમિત્તક કીટકાદિ = નાના-નાના જીવજંતુઓની હિંસા સ્વરૂપ આરંભના ભાગી તે વસ્તુના લેનાર સાધુ પણ બનશે.

**• ઉદ્દિષ્ટૌદ્દેશિક અને સ્થાપના વચ્ચે તફાવત •**

ઉપરોક્ત કીટકાદિવધના કારણે ઉદ્દિષ્ટૌદેશકની અકલ્પ્યતા બતાવી છે, નહીં કે સ્થાપનાદોષના કારણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चरकादीनां वा निर्ग्रन्थरहितानां दातव्यमिति विशिष्टनिर्देशं कुरुते तदा साधूनामसङ्कल्पितत्वात्तेषां कल्पत एव। तथा कृतकर्म्मौद्देशिकयोरकल्पता मूलत एव हस्तधावनाद्यारम्भादिदोषात्, नवरं चतुर्विध-कृतौद्देशिक-यावदर्थिकाख्यकर्म्मौद्देशिकाद्यभेदविषयमशनादि यद्वा(त्स्था)पितं यावदर्थिकादीनामन्यतरस्मै तदपीदं मा दास्यसि, तथा गृहादेरन्तर्बहिर्वा स्थितं मा दास्यसि, तथा यत् प्रहरद्वयान्तं कालं यावद्दातुमिष्टं तदर्वागपि मा दास्यसीति यदि गृही भार्यादेः सम्मुखं वक्ति तदा तत्करंबकादि कल्पते, दानपरिणामापगमे स्वगृह एवैतदुपकरिष्यतीति दात्र्याऽऽत्मार्थित्वात्। कर्म्मौद्देशिकान्त्यभेदत्रयं दानपरिणामापगमादात्मार्थी-कृतमप्यकल्प्यं साधूनामविशुद्धिकोटिकत्वात्। तथा भिक्षार्थं प्रविष्टं साधुं दृष्ट्वा यदा गृहस्थी भणति यथा अग्रेतनेषु विहृत्य व्यावर्त्तमानेन त्वया मद्गेहे आगन्तव्यं येन भवदर्थं वकुलादे(वल्लकादे)रस्य संधूय(प)नं कृत्वेदं तुभ्यं प्रयच्छामीति, तदा यदि तद्यथाभणितं दात्र्या, तथाकृत्वा ददाति तदा तदकल्पं कर्म्मौद्देशिकत्वात्। यदि च तथाकृत्वा दातुमभिलषितं

કેમકે સ્થાપનાદોષ એ અલગ દોષ છે. અર્થાત્ વિશેષ ઉદ્દેશવિના ચાર માંથી કોઈના પણ દાન માટે સંકલ્પેલું એ ઉદ્દિષ્ટૌદ્દેશિક કહેવાય અને વિશેષે કરી સાધુ માટે જ સ્થાપે એ સ્થાપના કહેવાય છે.

અહીં, કેટલાકનો મત એવો છે કે- ઉદ્દેશોદ્દિષ્ટ એ સ્થાપનાદોષ જ છે. તેઓના મતે તો સાધુએ કહ્યું નથી માંગણી કરી નથી છતાંય આપમેળે ગૃહસ્થ સ્થાપે તો પણ એ સ્થાપનાદોષ બને છે.

આ મત સિવાય વિચારવામાં આવે તો ઉદ્દેશોદ્દિષ્ટ અને સ્થાપના વચ્ચે ભેદ આટલો કે – સાધુઓના કહ્યા વગર ગૃહસ્થ આપમેળે રાખે-સ્થાપે = ઉદ્દિષ્ટૌદ્દેશિક અને સાધુના કહેવાથી રાખે = સ્થાપે = સ્થાપના. તેમજ ઉદ્દિષ્ટૌદ્દેશિકમાં બધીજ વસ્તુમાં યાવદર્થિકાદિ ચારેય માટે સંકલ્પ હોય છે. જ્યારે સ્થાપનામાં તો માત્ર નિર્ગ્રન્થનો જ સંકલ્પ હોય છે.

### • ઉદ્દિષ્ટૌદ્દેશિકવગેરે ક્યારે કલ્પ્ય બને ? •

આં ઉદ્દિષ્ટૌદ્દેશિકમાંથી દાતાનો દાનનો ભાવ નીકળી ગયા બાદ એ કલ્પ્ય છે. કારણ કે એ વખતે એ વસ્તુ ગૃહસ્થ માટે બની જાય છે, અને જ્યારે ગૃહસ્થ 'મહેમાનાદિ કે ચરકાદિ કે નિર્ગ્રન્થ સિવાયને દાન આપવું છે' એમ વિશિષ્ટનિર્દેશ કરે ત્યારે તેમાં સાધુનો સંકલ્પ ન હોવાથી એ કલ્પ્ય છે.

તથા, કૃત અને કર્મ ઔદ્દેશિક તો મૂળથી જ અકલ્પ્ય છે કારણ કે એમાં હાથ ધોવા વગેરે આરંભ આદિ દોષ રહેલો છે.. પરન્તુ તેમાં પણ આટલું વિશેષ જાણવું કે - ચારેય પ્રકારના કૃતૌદ્દેશિક અને યાવદર્થિકનામક કર્મૌદ્દેશિકના પ્રથમ ભેદના વિષયભૂત બનતા જે કરંબઆદિ અશનાદિ દાન માટે સ્થાપ્યા હોય અને સાધુઓ વહોરવા આવે ત્યારે, ઘરપતિ પત્ની આદિને કહે - 'જો યાવદર્થિકાદિ કોઈને પણ આપવા માટેનું પણ આ અશનાદિ આપીશ નહિ, તથા ઘરની અંદર કે બહાર જે રહેલું છે તે આપીશ નહિ, તથા જે બે પહોર માટે આપવા ઈચ્છેલું હતું, તે સમય પૂરો ન થયો હોવા છતાં આપીશ નહિ' તો તે કરંબાદિ સાધુને કલ્પે છે કારણ કે એમાં દાનનો પરિણામ ચાલ્યો ગયો હોવાથી એ વસ્તુ પોતાના ઘર માટેજ ઉપયોગી બનશે એમ દાતાએ પોતાના માટે ધાર્યું હોય છે.

પણ, કર્મૌદ્દેશિકના છેલ્લા ત્રણ ભેદમાં તો દાનના પરિણામ નીકળી ગયા બાદ ગૃહસ્થે પોતાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दात्र्या, तथैवाकृतमेव ददाति तदा कल्पं साध्वर्थं क्रियाविशेषस्याकरणात् सङ्कल्पमात्रस्य च क्रियाशुन्यस्यादुष्टत्वात्, यदुक्तं-

'न खलु परिणाममेत्तं पयाणकाले असक्किियारहियम्। गिहिणयं(यंतं) तु जयं दूसइ आणाए पडिबद्धम्'।।१।।

इत्यलं प्रसङ्गेनेति गाथार्थः।।३१।।

**अवतरणिका**– उक्तमौद्देशिकद्वारं, साम्प्रतं पूतिकर्म्मद्वारं व्याचिख्यासुस्तस्याः स्वरूपं भेदप्ररूपणं च वक्तुमाह।

**मूलगाथा**– **उग्गमकोडिकणेण वि असुइलवेणं व जुत्तमसणाई।**
**सुद्धं पि होइ पूई, तं सुहुमं बायरं ति दुहा।।३२।।**

**संस्कृतछाया**– **उद्गमकोटिकणेनाऽप्यशुचिलवेनेव युक्तमशनादि।**
**शुद्धमपि भवति पूति, तत्सूक्ष्मं बादरमिति द्विधा।।३२।।**

સંબંધિ તે અશનાદિ કર્યુ હોય તો પણ એ અકલ્પ્ય છે કારણ કે સાધુઓ માટે એ અવિશુદ્ધિકોટિવાળું હોય છે.

તથા, ભિક્ષા માટે પ્રવેશેલ સાધુને જોઈને જ્યારે ગૃહસ્થ એમ કહે કે- આગળના ઘરોમાં વહોરીને પાછા વળતા આપે મારા ઘરે આવવું, જેથી આપના માટે વાલાદિ વઘારીને આપને આપી શકાય.' આમ કહ્યા પ્રમાણે દાતા વડે તેજ રીતે કરાય અને વહોરાવે તો એ અકલ્પ્ય છે, કારણ કે એમાં કર્મૌદ્દેશિકનો દોષ લાગે. પરન્તુ જો કહ્યા પ્રમાણે કરીને આપવા ઈચ્છ્યું હોય પણ તે પ્રમાણે કર્યું ન હોય અને આપે તો એ કલ્પે કારણ કે એમાં વિશેષ કોઈ ક્રિયા સાધુ માટે કરાઈ નથી. અને માત્ર જે સંકલ્પ કરાયો છે તે તો ક્રિયા શૂન્ય હોવાથી અદુષ્ટ છે. કહેવાયું છે કે :-

**અર્થ** :- સંકલ્પ માત્ર હોવા છતાં આપતી વખતે અસત્ક્રિયા કરી ન હોવાથી જયણાવાળા આજ્ઞા પ્રતિબદ્ધ મુનિને તે ગ્રહણ કરતા દોષ લાગતો નથી કારણ કે જો ગૃહસ્થ 'આ ગોચરી સાધુને આપવી' એમ માત્ર ચિંતવી રાખે પણ સંસ્કારાદિ કશુંય ન કરે, ત્યારે તેમાં સ્થાપનાનો દોષ સંભવે પણ આમાં તો માત્ર સંસ્કારનો સંકલ્પ છે, પરન્તુ રાખવાનો સંકલ્પ નથી અને સંકલ્પ પ્રમાણે સંસ્કાર પણ કર્યો નથી માટે એના ગ્રહણમાં દોષ લાગતો નથી.।।૩૧।।

**અવતરણિકા** :- આ પ્રમાણે ઔદ્દેશિકદ્વાર કહ્યું. હવે, પૂતિકર્મદ્વારની વ્યાખ્યા કરવાની ઈચ્છાવાળા તેના સ્વરૂપ અને ભેદ કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **उग्गमकोडिकणेण वि** = અવિશોધિકોટિના ઉદ્ગમદોષના સૂક્ષ્મઅંશવડે પણ, **असुइलवेणं व** = અશુચિના અંશની જેમ, **जुत्तम** = યુક્ત, **असणाइ** = અશનાદિ, **सुद्धं पि** = શુદ્ધ હોય તો પણ, **होइ** = થાય છે, **पूई** = પૂતિદોષવાળું, **तं** = તે પૂતિદોષ, **सुहमं** = સૂક્ષ્મ, **बायरं** = બાદર, **इति** = એમ, **दुहा** = બે પ્રકારે.।।૨૩।।

**મૂળગાથા-ગાથાર્થ** :- જેમ સારીવસ્તુમાં અશુચિનો છાંટો પડવાથી અપવિત્ર બને છે તેમ અવિશોધિ-કોટિના ઉદ્ગમદોષના ઝીણા કણીયાથી મિશ્રિત બીજું સર્વ અશનાદિ શુદ્ધ હોવા છતાં પણ પૂતિદોષવાળું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 उद्गमकोटिकणेनापि शुद्धमप्युशुद्धं भवति 卐

**व्याख्या**– उद्गमः- उत्पत्तिः। 'कुट् कौटिल्ये'इत्यस्यानेकार्थत्वात् कुट्यते छिद्यते इति कोटिराहारादिविषयविवक्षितदोषवृन्दस्य विवक्षितोऽंशः। सा च वक्ष्यमाणविशुद्धिकोट्यविशोधिकोटिभेदाद् द्विधा। तदत्राविशुद्धिकोटिर्ग्राह्येत्युद्गमविषया कोटिरविशुद्धिकोटिलक्षणा वक्ष्यमाणोद्गमकोटिस्तस्या उद्गमकोटेरुपचारादुद्गमकोटिदोषयुक्ताहारस्य कणेनापि सूक्ष्मलेशेनापि आस्तां प्राचुर्येणेत्यपेरर्थः। 'असुइलवेणं व' त्ति वा शब्दस्येवार्थत्वादशुचिलवेनेव विष्टालेशेन यथा। अशुचिश्च कुथितद्रव्यस्यान्यस्याप्युपलक्षणं द्रष्टव्या। युक्तं मिश्रितं मिलितं, अशनादि अशनपानाद्याहारचतुष्टयविषयं द्रव्यम्। तत्किमित्याह– पूर्वावस्थायां शुद्धमप्युद्गमादिदोषरहितमपि सत्, आस्तामशुद्धमित्यपेरर्थो, भवति जायते, पूत्यपवित्रम्। अयमर्थो यथा सौरभ्यादिगुणैर्विशिष्टमपि शाल्यादिभोजनद्रव्यं कुथितघ्राण्यशुच्यादिद्रव्यलवेनापि युक्तमपवित्रं स्याच्छिष्टजनपरिहार्यं च तथा निरतिचारचारिणो(त्रिणो) यतेर्निरतिचार-

---

બને છે. તે પૂતિદોષ સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારનો છે.॥૩૨॥

**● ઉદ્‌ગમકોટિના એક પણ કણિયાથી શુદ્ધ પણ અશુદ્ધ બને છે ●**

**વ્યાખ્યાર્થ** :- **'उग्गम'** = **'उद्गमः'** = ઉત્પત્તિ, **'कोडि'** = **'कोटिः'** = **'कुट् कौटिल्ये'** આ સૂત્રથી કોટિના અનેક અર્થો થાય છે. અહીં **'कुट्यते'** - **'छिद्यते'** એવો અર્થ લેવો એટલે કે, આહારાદિ વિષયક વિવક્ષિત દોષોમાંથી વિવક્ષિત એક છેદેલો = બુદ્ધિથી જુદો પાડેલ અંશ. તે કોટિ વક્ષ્યમાણ વિશુદ્ધિ કોટિ અને અવિશુદ્ધિકોટિ એમ બે પ્રકારે છે.

ઉદ્‌ગમદોષના વિષયભૂત બનતી જે કોટિ તે અત્રે અવિશુદ્ધિકોટિસ્વરૂપ સમજવી કારણ કે વિશુદ્ધિ કે અવિશુદ્ધિકોટિના ભેદ માત્ર ઉદ્‌ગમદોષમાં જ પડે છે. એવી તે ઉદ્‌ગમકોટિના, ઉપચારથી ઉદ્‌ગમકોટિના દોષથી યુક્ત એવા આહારના, **'कणेणवि'** = **'कणेनाऽपि'** = કણિયાવડે પણ, શુદ્ધ આહાર પણ **'पूति'** = અપવિત્ર થઈ જાય છે. વધુ માત્રાની વાત તો દૂર રહી, પરંતુ કણિયાવડે પણ, એમ **'अपि'** શબ્દનો અર્થ જાણવો.

**'असुइलवेणं व'** = **'अशुचिलवेनेव'** = અહીં **'वा'** શબ્દ એ **'इव'** ના અર્થમાં છે. અશુચિ = વિષ્ટાના કણિયાની જેમ, અશુચિ શબ્દથી કહેવાયેલ દ્રવ્ય કે તેવા પ્રકારના બીજા દ્રવ્ય પણ ઉપલક્ષણથી લેવા, **'जुत्तम्'** = **'युक्तम्'** = મિશ્રિત થયેલ, **'असणाई'** = **'अशनादि'** = અશન-પાન આદિ ચાર આહાર વિષયક દ્રવ્ય, **'सुद्धंपि'** = **'शुद्धमपि'** = શુદ્ધપણ એટલે કે, પૂર્વાવસ્થામાં ઉદ્‌ગમાદિદોષરહિત શુદ્ધ પણ, 'જે પૂર્વાવસ્થામાં અશુદ્ધ જ હોય એની વાત તો દૂર રહો' એમ **'अपि'** નો અર્થ જાણવો, **'होई पूई'** = **'भवति पूति'** = અપવિત્ર બને છે.

ભાવાર્થ આ જાણવો, જેમ સુગન્ધિદારઆદિ અનેક ગુણોથી વિશિષ્ટ એવા પણ ચોખા વગેરે ભોજન દ્રવ્ય, જો કોહવાયેલ ગંધવાળા અશુચિ વગેરે દ્રવ્યના લેશથી પણ યુક્ત હોય તો એ અપવિત્ર બને છે અને શિષ્ટપુરુષો માટે ત્યાજ્ય બને છે. તેમ નિરતિચાર ચારિત્રધારી યતિ માટે પણ પૂતિવાળું અશનાદિ ત્યાજ્ય છે. કારણ કે એ નિરતિચાર ચારિત્રને સાતિચાર કરવા દ્વારા અપવિત્ર કરનાર છે. માટેજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चारित्रस्य सातिचारतयाऽपवित्रत्वकरणेनोद्गमादिदोषलेशेनापि संयुक्तः शुद्धोप्याहार उपभुज्यमानो भावपूतेः कारणत्वात् सोऽपि पूतिरित्युच्यते। ततः पूतिकरणात् पूतिकर्मेत्यभिधीयते। अत्र च विशिष्टमपि भोजनमशुच्यादिकुथितद्रव्ययोगाद्यथापूतिभावमापन्नं शिष्टजनपरिहार्यं च जातं तथाऽऽख्यानकेनोच्यते।

### 卐 पूतिविषयकदृष्टांतः 卐

'एगंमि नयरे पत्तपुप्फफलोववेयदुमनियररमणिज्जे बाहिरुज्जाणे सभाकलियदेउलियाए एगो जक्खो अहेसि। अन्नया तन्नयरनिवासिएहिं कइवयजणेहिं विप्फाडगरूवे असिवे उट्ठियए तस्स उवाइयं इच्छियम्। जहा इमाउ असिवाउ अम्ह सकुडुंबा वुडि(छुट्टि)ज्जामो(तहा) एगं वरिसं जाव अट्ठमिसुं व चउद्दसिसुं उज्जाणिआउ तुह भुवणे करिस्सामो। तहेव वुड्डा (छुट्टा) तहिं तहेव पुजाकारओ भाडगदाणेण भणिओ जहा एगं वरिसं जाव अट्ठमिचउद्दसिसुं पभाए चेव तुमं जक्खसभं छगणेण सारवेज्जह जेणम्हे तीए अवोट्टाए आगन्तुं उज्जाणि(आउ) करेमो सो तहेव करेइ। जाव एगाए अट्ठमीए भोयणवेलाए उज्जाणिया भविस्सन्ति। सभाए उवलिप्पणत्थं अणुग्गए सूरे एगस्स वणियस्स गोवाडए छगणनिमित्तं पविट्ठो। इओ तस्स कम्मकरो पउरं तीए चेव राइए

ઉદ્ગમાદિદોષલેશથી પણ યુક્ત શુદ્ધ પણ આહારને પૂતિ = અશુદ્ધ કહેવાય છે કારણ કે દ્રવ્યપૂતિ (અશુદ્ધ આહારાદિ) એ ભાવપૂતિનું કારણ છે.

જેમ વ્યવહારશુદ્ધિ એ દ્રવ્યચારિત્ર છે અને ભાવની શુદ્ધિ એ ભાવચારિત્ર છે. દ્રવ્યચારિત્ર એ ભાવચારિત્રનું કારણ છે. અને દ્રવ્યની અશુદ્ધિ એ ભાવની અશુદ્ધિનું કારણ છે. એજ રીતે, પૂતિ = અશુદ્ધઆહાર લેવો એ દ્રવ્યપૂતિ છે અને હૃદયથી દોષ પ્રત્યે નિરપેક્ષ બની પૂતિ આહાર લેવો એ ભાવપૂતિ છે. આ દ્રવ્યપૂતિ એ ભાવપૂતિનું કારણ છે. એટલે કે ભાવ પણ દોષયુક્ત બને છે.

હવે, જે રીતે - વિશિષ્ટ પણ ભોજન અશુચિ વગેરે કોહવાયેલ દ્રવ્યના યોગથી પૂતિભાવને પ્રાપ્ત થાય છે અને શિષ્ટજનોને ત્યાજ્ય બને છે, તે રીતે કથાનક દ્વારા કહેવાય છે.

### • પૂતિવિષયક દૃષ્ટાંત •

એક નગરમાં પત્ર-પુષ્પ-ફળથી યુક્ત વૃક્ષનાસમૂહથી રમણીય એવા બાહ્યઉદ્યાનમાં સભામંડપથી યુક્ત દેવકુલિકામાં એક યક્ષનો વાસ હતો. એકવાર નગરમાં ભયંકર ઉપદ્રવ થયો એટલે તે નગરવાસી કેટલાક લોકોએ તે યક્ષની માનતા કરી કે - "આ ઉપદ્રવમાંથી અમારું કુટુંબ છૂટશે તો અમે એક વર્ષ સુધી આઠમ અને ચૌદશના આપના ભવનમાં ઉજાણી કરીશું." ઉજાણી = રસોઈ રાંધી પ્રથમ દેવને ચઢાવે પછી બધા ઉદ્યાનમાં જમે. યક્ષે તે પ્રમાણે કર્યું. એટલે લોકોએ પણ પૂજારીને પૈસા આપી કહ્યું - 'તારે વર્ષ સુધી અષ્ટમી અને ચતુર્દશીએ પ્રભાતે જ યક્ષના સભા મંડપમાં છાણનું લીંપણ કરવું જેથી પવિત્ર સ્થાનમાં આવીને જુહાર કરીએ'. પૂજારી તે જ પ્રમાણે કરે છે.

હવે એક અષ્ટમીએ ભોજનવેળાએ ઉજાણી થશે એમ વિચારી તે પૂજારીએ સભાના લીંપણ માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मंडगवल्लसुरं भोत्तुं बाहिं सुत्तो। अजिन्नं जायं। पच्छिमराईए तेण तंमि गोवाडए अजिन्नं दुग्गंधपुरीसं वोसिरियम्। तस्स उवरिं एगाए महिसीए पोहो मुक्को। तेण तं पुरीसं ढक्कियं, तेण पुरीसं न लक्खियम्। तं पोहं सपुरीसं गाहेऊण सभा सारविया। गोठिया (गोट्ठिला य) णाणाविहभोयणं आणिऊण भोयणत्थं या(जा)व तत्थ उवविट्ठा, ताव तेसिं अतीव दुग्गंधो आगओ धम्मिओ पुट्ठो। जहा कओ असुइगंधो आगच्छइ तेण भणियं न याणामि। तओ तेहिं लिंपणमज्झे मंडगवल्लगखंडाणि दिट्ठाणि। सुरागंधो य अग्घाइओ य नायं, जहा लिंपणमज्झे असुइ चिट्ठइ। तओ तं सव्वं भोयणं असुइ त्ति काउं छडावियं, तं लिंपणं उक्खणावियं। अन्नेण छगणेण सभा सारविया अन्नरसोईए भुत्तं ति।

स्वरूपमभिधायाधुना एतदेव भेदत आह– 'तं'ति तत्पूति, पूतिशब्दः संस्कृतेऽपि स्त्रीलिङ्गो नपुंसकलिङ्गश्च दृश्यते क्वचित्। सूक्ष्मं स्वल्पशेषत्वेन श्लक्ष्णं, बादरमारंभतया बहुदोषवत्त्वेन स्थूलं, चः समुच्चयार्थो लुप्तो दृश्यः, इति स्वरूपप्रदर्शने, इत्येवं द्विधा द्विविधः स्यादिति शेष इति गाथार्थः।।३२।।

**अवतरणिका–** अधुना यथोद्देशं निर्देश इति न्यायमाश्रित्य सूक्ष्मस्वरूपं द्वितीयभेदप्ररूपणं चाह।

સૂર્યોદય પહેલાં કોક એક વાણિયાના ગોકુલમાં છાણ લેવા ગયો. આ બાજુ તે વાણિયાના કોક નોકરે તે જ રાત્રિએ મંડક = કણિકાનિષ્પન્ન રોટી અને વાલ ખૂબ ખાધા અને તેની ઉપર દારુ પીને ગોકુલ બહાર સુતો..રાતે અજીર્ણ થવાથી તે જ ગોકુલમાં તેણે દુર્ગંધવાળી વિષ્ટા કરી અને કુદરતી રીતે તેની ઉપરજ એક ભેંસે પોદરો મૂક્યો જેનાથી તે વિષ્ટા ઢંકાઈ ગઈ. પૂજારીને વિષ્ટાની ખબર ન પડી અને વિષ્ટાસહિત તે પોદરાને લઈ આવી લીંપણ કરી દીધું. સમય થતાં લોકો વિવિધભોજન લાવી યક્ષને જુહાર કરી ત્યાં ઉજાણી માટે જમવા બેઠા.

જમતી વખતે અત્યંત દુર્ગંધ આવવા માંડી તેથી તેઓએ પૂજારીને પૂછ્યું - 'આ અશુચિની ગંધ ક્યાંથી આવે છે ?', તેણે કહ્યું - 'મને ખબર નથી'. તેઓએ તપાસ કરવા માંડી. એમાં લીંપણની મધ્યમાં કણિકાનિષ્પન્ન રોટી અને વાલના ટૂકડા જોવા મળ્યા. દારુની વાસ પણ અનુભવી. એટલે ખ્યાલ આવ્યો કે લીંપણની મધ્યમાં અશુચિ પડેલી છે. તરત તેઓએ આ બધુંજ અશુચિમય છે એમ કરીને રસોઈ ફેંકાવી દીધી, લીંપણ ઉખેડાવ્યું. બીજા નવા છાણથી લીંપણ કરાવી. નવી રસોઈ જમ્યા.

આમ પૂતિનું સ્વરૂપ કહીને હવે તેના ભેદ જણાવે છે.

'तं' = 'तत्पूति' = તે પૂતિ શબ્દ સંસ્કૃતમાં પણ સ્ત્રીલિંગ અને નપુંસકલિંગમાં દેખાય છે માટે અત્રે 'तं' શબ્દથી નપુંસકલિંગવાળું પૂતિ શબ્દ લીધો છે એમ જાણવું, **'सुहुमं'** = **'सूक्ष्मं'** = અત્યંત થોડો અંશ હોવાથી સૂક્ષ્મ, **'बायरं'** = **'बादरम्'** = આરંભના કારણે બહુદોષવાળું હોવાથી બાદર-મોટું. સમુચ્ચયવાચક **'च'** શબ્દ અહીં લોપ થયેલો જાણવો, **'ति'** = **'इति'** = એ પૂતિના સ્વરૂપ બતાવવાના અર્થમાં છે એમ જાણવું. આમ પૂતિ **'दुहा'** = **'द्विधा'** = બે પ્રકારે થાય છે.।।૩૨।।

**અવતરણિકા** :- હવે 'જે પ્રમાણે ઉદ્દેશ કર્યો હોય એજ પ્રમાણે નિર્દેશ કરવો' એ ન્યાય અનુસારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलगाथा— सुहुमं कम्मियगंधग्गि, धूमबप्फेहिं तं पुण न दुट्ठं।
दुविहं बायरमुवगरणभत्तपाणे तहिं पढमं।।३३।।

संस्कृतछाया— सूक्ष्मं कार्म्मिकगन्धऽग्निधूमबाष्पैः तत्पुनर्न दुष्टं।
द्विविधं बादरमुपकरणभक्तपाने तयोः प्रथमम् ।।३३।।

卐 सूक्ष्मपूतिस्वरूपं, तत्र दुष्टम् 卐

**व्याख्या**– सूक्ष्मं बादरविलक्षणं पूति भवति। कैरित्याह, कार्म्मिकंगन्धाग्निधूमबाष्पैस्तत्र 'कम्मिय'त्ति आधाकर्मिका इह चात्रोत्तरत्र च कार्म्मिकग्रहणेन सर्व्वेषामविशुद्धिकोटिदोषाणां ग्राहो द्रष्टव्यः। गन्ध आधाकर्मान्नस्य घ्राणिरग्निराधाकर्मणो राध्यमानस्य सत्क इंगाररूपो वैश्वानरो नवरमत्र तदवयवास्तापादिरूपा अंशा ग्राह्या, व्याख्यानात् धूमोऽपि तस्यैव राध्यमानस्याग्निकाष्टाद्युत्पन्नः प्रतीतो, बाष्पस्त्वाधाकर्म्मान्नस्यैवोष्मा, ततो गन्धश्चाग्निश्च धूमश्च बाष्पश्चेति द्वन्द्वे, कार्मिकाश्च ते गन्धाग्निधूमबाष्पाश्च

---

પ્રથમ સૂક્ષ્મપૂતિ અને પછી બાદરપૂતિના ભેદની પ્રરૂપણા કરે છે.

**ભૂળગાથા-શબ્દાર્થ** :- **सुहुमं** = સૂક્ષ્મપૂતિ, **कम्मियगंधग्गिधूमबप्फेहिं** = આધાકર્મિકની ગંધ, અગ્નિ અને બાફ વડે, **तं** = તે સૂક્ષ્મપૂતિ, **पुण** = વિશેષ અર્થમાં, **न** = નથી, **दुट्ठं** = દુષ્ટ, **दुविहं** = બે પ્રકારનું, **बायरं** = બાદરપૂતિ, **उवगरणभत्तपाणेहिं** = ઉપકરણ અને ભક્તપાનવડે, **तहिं** = તે ઉપકરણ અને ભક્તપાનની પૂતિમાં, **पढमं** = ઉપકરણપૂતિ.॥૩૩॥

**ભૂળગાથા-ગાથાર્થ** :- આધાકર્મી આહારાદિની ગંધ, આધાકર્મ જેનાવડે પકાવવામાં આવે તે અગ્નિ અને તેનો ધૂમાડો, તથા પકાવેલ આધાકર્મની બાફ, એ દરેકથી સ્પર્શિત શુદ્ધઅશનાદિ સૂક્ષ્મપૂતિ દોષવાળું બને છે. પરન્તુ તેનો ત્યાગ અશક્ય હોવાથી સૂક્ષ્મપૂતિવાળા અશનાદિના ગ્રહણમાં દોષ નથી. બાદર પૂતિ બે પ્રકારની છે. (૧) ઉપકરણપૂતિ (૨) ભક્તપાનપૂતિ. તે બન્નેમાંથી પ્રથમને = ઉપકરણપૂતિને (જણાવે છે.)॥૩૩॥

## • સૂક્ષ્મપૂતિનું સ્વરૂપ, જેમાં કોઈ દોષ નથી •

**વ્યાખ્યાર્થ** :- 'सुहुमं' = 'सूक्ष्मं' = બાદરથી જુદું તે સૂક્ષ્મપૂતિ બને છે, કોના વડે ? તે કહે છે, 'कम्मिय-गंध-ग्गि-धूम-बप्फेहिं' = 'कार्म्मिकगन्ध-अग्नि-धूम-बाष्पैः' = આધાકર્મી એવા ગન્ધ, અગ્નિ, ધૂમાડો અને બાફ વડે. 'कम्मिय' = 'कार्मिक' શબ્દથી આધાકર્મિક એવો શબ્દ લેવો. તથા અહીં અને આગળ પર પણ જ્યાં ક્યાંય પણ 'कार्म्मिक' શબ્દ આવે ત્યાં બધાજ અવિશુદ્ધિકોટિવાળા દોષોનો ગ્રહણ જાણવો. 'गन्ध' = આધાકર્મ-અન્નની ગંધ, 'अग्नि' = આમ તો 'अग्नि' નો અર્થ રંધાતા આધાકર્મનો અંગાર રૂપ અગ્નિ એવો અર્થ થાય છે પરન્તુ અહીં તે અગ્નિના અવયવો અર્થાત્ તેના તાપાદિ રૂપ અંશો લેવા. 'धूम' = રંધાતા આધાકર્મના અગ્નિ અને કાષ્ટ વગેરે બળતણથી ઉત્પન્ન થયેલ ધૂમાડો કે જે લોકામાં પ્રતીત છે, 'बाष्प' = આધાકર્મઅન્નની જ બાફ = વરાળ આ બધાનો 'गन्धश्चाग्निश्च धूमश्च बाष्पश्च' એમ દ્વન્દ્વ સમાસ કરવો અને પછી 'कार्मिकश्च ते गन्धाग्निधूमबाष्पश्च' એમ 'कर्मधारय' સમાસ કરવાથી 'कार्मिकगन्धाग्निधूमबाष्पाः (तैः)' = 'कार्मिकगन्धाग्निधूमबाष्पैः' થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कार्मिकगन्धाग्निधूमबाष्पास्तैः। यद्वा 'कम्मिय'त्ति आधाकर्म्मिकसम्बन्धिनो गन्धाग्निधूमबाष्पा इति समसनीयं। अयमर्थ आधाकर्म्मिकभक्तादिगन्धबाष्पाग्निधूमैः सह मिलितं शुद्धमप्यशनादिकं सूक्ष्मं पूतिकर्म्म भवतीति। यद्येवं तर्ह्यपूति किञ्चिन्नास्त्येतैः सर्व्वव्यापि व्यापनादित्याह-तत् पुनः सूक्ष्मं पूतिकर्म्म, पुनः शब्दो विशेषणे न नैव दुष्टं दोषकृत् स्यात् साधोश्चारित्रस्येति शेषः। पूतितया परिहार्यरूपं तन्न भवतीति तत्त्वमशक्यपरिहारत्वेनाचीर्णत्वात्। तथाहि लोके द्विधा प्रयोजनं दृष्टं साध्यमसाध्यं च। तत्र यत् साध्यं तदेतत्साधयितुं शक्यते, नासाध्यं, तद्धि साधयन् क्लेशमेवासादयति, तदत्र बादरपूतेः परिहारः साध्यं कार्यं सूक्ष्मपूतेस्त्वसाध्यं। यतोऽग्नेस्तापादिरूपा अंशा धूमश्च तथा आधाकर्म्मिकान्नगन्धबाष्पावित्येते चत्वारोऽप्याधाकर्मिका विशीर्येतश्चेतश्च गमनेन सर्व्वं जगद् व्याप्नुवन्ति ततस्तत्स्थं शुद्धमशनादिकं सर्व्वं तैरस्पृष्टं पूतिः स्यात्तद्ग्रहणे च चारित्रनैर्म्मल्याभावस्तस्मादेतैः स्पृष्टमपि शुद्धमशनादि न पूतिरिति। किञ्चिल्लोकेऽपि न सूक्ष्मावयवं वस्तु दोषकृद् दृष्टं यथा अशुच्यादिकुथितद्रव्यावयवानामशुचिगन्धिनामप्यल्पगन्धीभूतानां दूरदेशादागत्य नासिकायां प्रविष्टो गन्धो

---

અથવા તો '**कम्मिय**' = '**आधाकर्म्मिकसम्बन्धिनो**' '**गन्धाग्निधूमबाष्पाः (तैः)**' એમ સમાસ કરવો. ભાવાર્થ આ થયો કે, આધાકર્મિક ભોજનાદિના ગંધ-બાફ-અગ્નિ અને ધૂમાડાથી મિશ્રિત એવા શુદ્ધ પણ અશનાદિ સૂક્ષ્મપૂતિકર્મવાળા બને છે.

**પ્રશ્ન** :- જો એમ હોય તો અપૂતિ કંઈપણ રહેજ નહિ, કારણ કે આ ઉપરોક્ત ગંધાદિ તો સર્વત્ર વ્યાપેલા છે ને ?

**ઉત્તર** :- '**तं पुण न दुट्ठं**' = '**तत् पुनः न दुष्टं**' = અહીં 'પુનઃ' શબ્દ એ વિશેષણમાં છે એમ જાણવું, વળી તે સૂક્ષ્મપૂતિકર્મ સાધુના ચારિત્રને દોષ કરનાર બનતું નથી. પૂતિપણાથી એ ત્યાજ્યરૂપ નથી બનતું એમ ભાવાર્થ જાણવો કારણ કે, એનો પરિહાર = ત્યાગ અશક્ય હોવાથી એ '**आचीर्ण**' = પૂર્વજોએ આચરેલું છે.

તથાહિ, લોકોમાં પ્રયોજન બે પ્રકારના જોવા મળે છે, (૧) સાધ્ય. (૨) અસાધ્ય. તેમાં જે સાધ્ય હોય એજ સાધી શકાય છે, અસાધ્ય ક્યારેય સાધી શકાતું નથી. અસાધ્યને જો સાધવા જાઓ તો માત્ર ક્લેશ જ મેળવવાનું થાય છે. તેથી અહીં બાદરપૂતિનો પરિહાર એ સાધ્ય છે પરન્તુ સૂક્ષ્મપૂતિનો પરિહાર અસાધ્ય છે. કારણ કે, કાર્મિક અગ્નિ-તાપાદિ રૂપ અંશો, ગન્ધ, ધૂમ અને બાષ્પ, આધાકર્મી એવા આ ચારેય પણ બધેજ ફેલાતા જાય અને અહીં-તહીં, આમ-તેમ જવા દ્વારા આખાય જગતમાં વ્યાપી જાય છે અને જગતમાં રહેલ સર્વ શુદ્ધઅશનાદિને તેઓ સ્પર્શવાથી બધુંજ પૂતિ થઈ જશે. તેના ગ્રહણમાં ચારિત્રની નિર્મળતાનો અભાવ થઈ જશે. તે કારણે, તેઓવડે સ્પર્શાયેલ પણ શુદ્ધઅશનાદિ પૂતિ થતા નથી. અર્થાત્ તે શુદ્ધઅશનાદિ અપરિભોગ્ય થતાં નથી.

જોકે લોકમાં પણ સૂક્ષ્મઅવયવવાળી વસ્તુ દોષકર્તા તરીકે જોવાઈ નથી. જેમકે, અલ્પગંધવાળી બનેલી અશુચિ વગેરે કોહવાયેલ દ્રવ્યના અવયવોની અશુચિવાળી ગંધ પણ દૂર દેશથી આવીને નાકમાં પ્રવેશે તો એ દોષકારક બનતી નથી, અથવા જેમ ગંધરૂપે વિષના અંશો દૂરથી આવીને જઠરમાં પ્રવેશે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न दुष्यति। यथा वा दूरादागत्य गन्धितया जठरांतःप्रविष्टा विषांशा अपि नष्टमौलसामर्थ्यत्वेनाल्प-विषीभूता मरणं न जनयन्तीति। यद्येवं तर्हि किमर्थमियं प्ररूप्यते ? उच्यते, न परिहार्यतया अस्या उपन्यासः किन्तु भेदप्ररूपणतयैव। तदिह बादरपूतिमाश्रित्य प्रतिषेधो ज्ञेयः। प्रज्ञापनामात्रमाश्रित्य च सूक्ष्मपूतेरुपन्यास इति स्थितं।

**卐 बादरपूतिद्वैविध्यमाद्योपकरणपूतिस्वरूपं च 卐**

द्विविधं द्विधा बादरपूतिकर्म्म पूर्वोक्तं स्यादिति शेषः। किं विषयं द्वैविध्यमित्याह। उपकरण-भक्तपान इति उपकरणविषयं भक्तपानविषयं चेत्यर्थः। तत्र यद्द्रव्यं चुल्लीस्थालीदर्वीचटुककह-दुछकोदूखलिकाप्रभृतिकं राध्यतोऽशनादेर्दात्र्या साध्वादिभ्यो दीयमानस्य वा तस्यैवोपकाराय वर्त्तते तदुपकरणं इदं च प्रक्रमादाधाकर्मिकमत्र ग्राह्यं। तस्मिंश्च रन्धनादिकरणतो गृहयोग्यशुद्धाशनादि-कमप्यशुद्धोपकरणमिलितत्वात् पूत्युपकरणपूति यद्वोपकरणमेव पूत्यविशुद्धिकोटिदोषयुक्तत्वादुपकरणपूति।

**卐 उपकरणपूतिसंभवः 卐**

તો પણ એના મૂળસામર્થ્યનો નાશ થયો હોવાથી ઓછા વિષવાળા બનવાથી મરણને લાવતા નથી.

**પ્રશ્ન** :- જો એમ હોય તો શા માટે એની પ્રરુપણા કરવી ?

**ઉત્તર** :- માત્ર ભેદની પ્રરુપણા કરવા પૂરતી જ પ્રરુપણા કરી છે. પરન્તુ એના પરિહારરૂપે વાત કરી નથી. તેથી અહીં માત્ર બાદરપૂતિનો પ્રતિષેધ જાણવો. અર્થાત્ માત્ર જાણકારી માટે જ સૂક્ષ્મપૂતિની વાત કરી છે એમ જાણવું.

## • બાદરપૂતિના બે પ્રકારો તથા પ્રથમ ઉપકરણપૂતિનું સ્વરૂપ •

'दुविहं' = 'द्विविधं' = બે પ્રકારો, 'बायरम्' = 'बादरम्' = પૂર્વોક્ત બાદરપૂતિના થાય છે, કયા વિષયક બે પ્રકારો ? તે કહે છે, 'उवगरण-भत्तपाणे' = 'उपकरण-भक्तपाने' = ઉપકરણવિષયક અને ભાતપાણીવિષયક.

'चुल्ली' = ચૂલો, 'स्थाली' = તપેલી, 'दर्वी' = ડોયો-લાકડા વગેરેની દાંડીવાળો, દાળ-ખીચું-લેમટું વગેરે હલાવવાનું સાધન વિશેષ, 'चटुक' = ચમચો(?), 'कहदुछक' = કડછી-દાલાદિ વધારવાનું સાધન વિશેષ-વધારતી વખતે 'છક્' એવો અવાજ થાય છે માટે જ 'છક્' કરે તેને કડછી કહેવાય છે, 'उदूखलिका' = નાનું ઉખલ-મજબૂત પત્થરમાં ખાડો કરેલો હોય જેમાં વસ્તુ નાખી શાંબેલા અથવા પત્થર વગેરે વડે ખાંડવામાં આવે છે, આ ચૂલો વગેરે જે દ્રવ્યો દાત્રીવડે રંધાતા અશનાદિના અથવા સાધુવિગેરેને અપાતા તેના (અશનાદિની) જ ઉપકારમાટે વર્તે તે ઉપકરણ કહેવાય. ચાલુપ્રકરણથી તે આધાકર્મી ઉપકરણ લેવું.

આધાકર્મી એવા તે ઉપકરણમાં રાંધવાનું વગેરે કરવાથી ઘરને યોગ્ય-ગૃહસ્થે પોતાના માટે બનાવેલું શુંદ્ધઅશનાદિ પણ અશુદ્ધઉપકરણ સાથે ભેગું થવાથી એ ઉપકરણપૂતિ બને છે. અથવા તો, અવિશુદ્ધિ કોટિદોષથી યુક્ત હોવાથી તે ઉપકરણ જ પૂતિ થાય છે. તે ઉપકરણપૂતિ કહેવાય છે.

## • ઉપકરણપૂતિનો સંભવ •

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यथा कियताऽऽधाकर्म्मिकेण कियता च शुद्धेन कर्दमेन मिश्रिता चुल्ली थिग्गलिकाद्यर्थमाधाकर्म्मिकर्दमस्तवकयुक्ता स्थाली चटुकस्याप्यधस्त्ये चटुके उपरितने गंडे वा एकतरस्मिन् कस्मिंश्चिदाधाकर्मिके एकतरस्मिंश्च शुद्धे सति द्वयोर्योजनकृते उपकरणपूतितेति। एवमन्यस्याप्युपकरणस्य पूतित्वं ज्ञेयं। तस्मिन् पूत्युपकरणे शुद्धं यदशनादि राद्धं तदपि पूत्युपकरणयोगादुपकरणपूति ज्ञेयम्। तथा अविशुद्धकोटिभिरशनादिभिर्द्रव्यैर्मिश्रं शुद्धमप्यशनादिकं यद्रन्धनादिक्रियाविषयीकृतं तैः स्पृष्टं वा तद्भक्तपानपूति ज्ञेयम्। 'तहिं'ति तयोर्बादरपूतिकर्मभेदयोरुपकरणभक्तपानविषययोर्मध्ये प्रथममाद्यमुपकरणपूतिलक्षणं भेदमाश्रित्य स्वरूपं कल्प्याकल्प्यविधिं च वक्ष्ये इति शेष इति गाथार्थः।।३३।।

**अवतरणिका**— अधुना पूर्व्वार्धेन प्रस्तुतमेवार्थमुत्तरार्द्धेन तु भक्तपानपूतिद्वितीयभेदस्वरूपं किञ्चिदाह।

**मूलगाथा— कम्मियचुल्लियभायण-डोवठियं पूइ कप्पइ पुढो तं।**
**बीयं कम्मियवग्घारहिंगुलोणाइ जत्थ छुहे।।३४।।**

ઉપકરણપૂતિ આ રીતે બની શકે- કેટલાક આધાકર્મી અને કેટલાક શુદ્ધકાદવથી બનાવેલ માટીની ચુલ્લી-સગડી હોય, ક્યાંક તો થીગડું લગાડવા માટેના આધાકર્મીકકાદવથી યુક્ત હાંડલી હોય, અથવા ચમચાનો નીચેનો ગોળ ભાગ કે ઉપરનો દાંડીનો ભાગ-બન્નેમાંથી એકભાગ આધાકર્મી હોય અને બીજો ભાગ શુદ્ધ હોય અને એ બન્નેનો સંયોગ કરે એટલે ઉપકરણપૂતિ થાય. આ પ્રમાણે બીજા ઉપકરણમાં પણ પૂતિપણું જાણવું. 'कर्दम' = કાદવ = દેશીસગડી બનાવવા કે તેની ઉપર લેપ-થીગડું લગાડવા માટીનો પાણીમાં પલાળેલો લોંદો.

ઉપરોક્તપૂતિ ઉપકરણમાં રાંધેલ શુદ્ધ પણ જે અશનાદિ છે તે પણ પૂતિ ઉપકરણના યોગથી ઉપકરણ પૂતિ છે એમ જાણવું.

તથા, અવિશુદ્ધિકોટિવાળા અશનાદિ દ્રવ્યો સાથે મળેલું રાંધવા વગેરે ક્રિયાના વિષયભૂત બનેલું શુદ્ધ પણ અશનાદિ ભક્તપાનપૂતિ કહેવાય છે. અથવા તો તે દ્વારા સ્પર્શાયેલ આહારાદિને પણ ભક્તપાન પૂતિ કહેવાય છે.

'तहिं' = 'तयोः' = તે બાદરપૂતિકર્મના ઉપકરણ અને ભક્તપાન આ બે ભેદમાંથી, 'पढमं' = 'प्रथमम्'. = પહેલું જે ઉપકરણપૂતિ છે, 'તેના સ્વરૂપ અને કલ્પ્ય-અકલ્પ્યવિધિને કહીશ.' આટલું અધ્યાહારથી લેવું.।।૩૩।।

**અવતરણિકા** :- હવે, ગાથાના પૂર્વાર્ધમાં પ્રસ્તુતઅર્થ = ઉપકરણપૂતિનું સ્વરૂપ અને કલ્પ્ય- અકલ્પ્ય વિધિને, અને ગાથાના ઉત્તરાર્ધમાં બીજા ભક્તપાનપૂતિ ભેદનું કાંઈક સ્વરૂપ કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **कम्मियं** = આધાકર્મિક, **चूल्लियं** = ચૂલો, **भायणं** = ભાજન, **डोव** = કડછી, **ठियं** = રહેલું, **पूइ** = પૂતિ, **कप्पइ** = કલ્પે, **पूढो** = જુદું કરેલું, **तं** = તે, **बीयं** = ભક્તપાનપૂતિ, **कम्मिय** = આધાકર્મિક, **वग्घारहिंगुलोणाइ** = વઘાર, હિંગ તથા લવણાદિ, **जत्थ** = જેમાં, **छुहे** = નાખવામાં આવે.।।૩૪।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संस्कृतछाया- कार्म्मिकचुल्लीभाजनडोवस्थितं पूति कल्पते पृथक् तत्।
द्वितीयं कार्म्मिकवाघार-हिङ्गु-लवणादि यत्र क्षिपति।।३४।।

卐 उपकरणपूतिलक्षणं, चुल्ल्युखे आश्रित्य चतुर्भङ्गाः, तत्राद्यभङ्गत्रये कल्प्याऽकल्प्यविधिश्च 卐

**व्याख्या**- सूचनादाधाकर्म्मिका एव चुल्लीभाजनडोवाः-अधिश्रयणीस्थालीबृहच्चट्टुकास्तेषु स्थितं रन्धनेन स्थापनेन वा विहिताश्रयं कार्म्मिकचुल्लीभाजनडोवस्थितं। इह डोवग्रहणेन दर्व्या अपि लघुचट्टुकरूपाया ग्रहणं ज्ञेयम्। शुद्धमशनादीति सामर्थ्यगम्यम्। 'पूइ'त्ति उपकरणपूतिः स्यात् अत्र च चुल्ल्युखे आधाकर्म्मणी आश्रित्य चत्वारो भङ्गाः स्युः। यथा चुल्ल्याधाकर्म्मिक्युखा च, चुल्ल्याधाकर्मिका नोखा, उखाऽऽधाकर्मिकी न चुल्ली, न चुल्ल्याधाकर्म्मिकी नोखेति। तत्राद्ये भङ्गत्रये तावन्न कल्पते चतुर्थस्तु पूतिमाश्रित्य शून्यः। परं भङ्गत्रये चुल्ल्युखयोराधाकर्म्मिकयोः स्थितस्याशनादेरकल्प्यस्यापि विषयविभागेन कल्प्यतामाह। कल्पते ग्राह्यं स्यात्। 'पुढो'त्ति पृथक् कृतं स्वयोगेन चुल्ल्युखयोरपनीतं सत् तत् यत्तत्रैवराद्धमन्यत आनीय मुक्तं वा अशनादि। सामर्थ्याच्चुल्ल्यादिस्थितं न कल्पते उपकरणपूतिदोषादाज्ञैवात्र प्रमाणमिति, न युक्तेरन्वेषणं कार्यं।

---

**મૂળગાથા-ગાથાર્થ** :- આધાકર્મી ચૂલો, ભાજન અથવા ડોયા-ચમચાદિમાં રહેલું શુદ્ધઅશનાદિએ ઉપકરણપૂતિદોષવાળું બને છે. પરન્તુ જો એ શુદ્ધ આહારાદિને જુદા કરી લેવામાં આવે તો એ કલ્પે છે. હવે જે શુદ્ધઅશનાદિને આધાકર્મી હિંગ, રાઈ વગેરેના વઘારથી સંસ્કારિત કરવામાં આવે તે ભક્તિપાનપૂતિદોષવાળું બને છે.॥૩૪॥

## • ઉપકરણપૂતિનું લક્ષણ તથા ચૂલો અને ઉખાને આશ્રયીને ચાર ભાંગા અને તેમાં પ્રથમ ત્રણ ભાંગામાં કલ્પ્ય-અકલ્પ્ય વિધિ •

**વ્યાખ્યાર્થ** :- 'कम्मियचुल्लियभायणडोवठियं' = અહીં 'कम्मिय' શબ્દથી આધાકર્મિક જાણવા = 'आधाकर्म्मिक-चुल्ली-भाजन-डोवस्थितं' અહીં 'डोव' શબ્દથી 'दर्वी' = નાનો ચમચો પણ લેવો. આધાકર્મીચૂલો કે તપેલી વગેરે ભાજન કે ડોયામાં રહેલ એટલે કે તેમાં રાંધ્યું હોય અથવા તેમાં મૂક્યું હોય. તેવા 'શુદ્ધઅશનાદિ' આ અધ્યાહારથી લેવું. અર્થાત્ આધાકર્મી એવા ચૂલા વગેરે પર સ્થિત શુદ્ધઅશનાદિ, 'पूइ' = 'पूति' = ઉપકરણપૂતિવાળા બને છે.

અહીં ચૂલો અને ઉખાને આશ્રયીને ચાર ભાંગા થાય છે. (૧) ચૂલો અને ઉખા બન્ને આધાકર્મી હોય, (૨) ચૂલો આધાકર્મી હોય પણ ઉખા નહિ, (૩) ઉખા આધાકર્મી હોય પણ ચૂલો નહિ (૪) ચૂલો અને ઉખા બન્ને આધાકર્મી ન હોય. પ્રથમના ત્રણ ભાંગા અકલ્પ્ય છે. પણ ચોથો ભાંગો તો પૂતિને આશ્રયીને શૂન્ય છે અર્થાત્ એમાં પૂતિપણું છેજ નહિં. 'उखा' = ચૂલાની બાજુમાં રહે તે નાનો ચૂલો. ગુજરાતીમાં જે 'ઉલમાંથી ચૂલમાં પડ્યા' ની કહેવત છે તેમાં 'ઉલ' એટલે આ નાનો ચૂલો લેવો. મૂળમોટા ચૂલાની ગરમી આમાં આવે. મોટા ચૂલામાં રાંધ્યાબાદ રાંધેલ વસ્તુને ગરમ રાખવા આ ઉખા પર મૂકવામાં આવે છે.

પ્રથમના ત્રણ ભાંગામાં આધાકર્મી ચૂલો અને ઉખા પર રહેલ અશનાદિ અકલ્પ્ય હોવા છતાં પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं तावच्चुल्ल्युखयोराधाकर्मिकयोः पूतिस्वरूपयोर्वा स्थितस्तस्याः कल्प्याकल्प्यत्वं प्रोक्तं। तथा आधाकर्मणा पूतिस्वरूपेण वा डोवेन तथाभूतया दर्व्या वा यच्छुद्धमशनादिकं दात्री साधुभ्यो ददाति तदशनादि तत्रस्थमुपकरणपूतित्वादकल्प्यं। यदि च ताभ्यां यच्छुद्धमशनादिकं सञ्चाल्य राद्धं तदा ताभ्यां तन्मध्यस्थिताभ्यां तदकल्प्यम्। स्थाल्या बहिर्निष्कासिताभ्यां च ताभ्यां स्थालीभक्तं शुद्ध्यति।

**卐 द्वितीयं भक्तपानपूतिस्वरूपम् 卐**

'बीयं'त्ति द्वितीयं भक्तपानविषयं पूति भवति किं तदित्याह। 'कम्मिये'त्यादि कर्म्मिकमाधाकर्म्मिकं वाघारो हिंग्वादिदहनोत्थो धूमो हिङ्गुलवणे प्रतीते, आदि शब्दाद्राजिकाजीरकतंदुलीयकप्रभृति-शाकादेराधाकर्म्मिकस्य वस्तुनो ग्रहः ततो वाघारश्च हिङ्गुलवणादि चेति विगृह्य कर्मधारये कार्मिकवाघारहिङ्गुलवणाद्ये तद्यत्र शुद्धेऽपि मुद्गाद्यशनादौ स्वनिमित्तविहिताद्रहणे वा तक्रादिक्वथनरूपे क्षिपति संस्कारार्थं मध्ये निदधाति तन्मुद्गाद्यशनाद्याऽऽधाकर्मिकवाघारादियोगात् द्वितीयं बादरं भक्तपानपूति स्यान्नवरमाधाकर्मिकत्वं हिङ्गुद्रव्यस्य स्वार्थं निष्पन्नमुद्गादिभक्तसंस्कारार्थं सचित्तोदकेन

---

વિષયવિભાગથી- એટલે કે અમુક સ્થિતિ વિશેષથી એની કલ્પ્યતાને કહે છે **'कप्पइ'** = **'कल्पते'** = કલ્પ્ય બને છે, **'पुढो'** = **'पृथक् कृतं'** = ગૃહસ્થે પોતાના કારણે ચૂલો કે ઉખા પરથી દૂર કરે છતે, શું દૂર કરે છતે ? તે કહે છે, **'तं'** = **'तत्'** = જે ત્યાં રાંધ્યું હોય અથવા બીજેથી લાવીને ત્યાં મૂકેલ તે અશનાદિ.

અધ્યાહારથી આ વાત સમજી લેવી કે ચૂલા વગેરે પર રહેલ અશનાદિ કલ્પતા નથી કારણ કે એમાં ઉપકરણપૂતિ દોષ રહેલો છે. આમાં જિનાજ્ઞા જ પ્રમાણ કરવી પણ યુક્તિ-તર્ક શોધવાનો પ્રયત્ન ન કરવો.

આ પ્રમાણે આધાકર્મી ચૂલો અને ઉખા અથવા પૂતિસ્વરૂપવાળા ચૂલો અને ઉખા પર રહેલ આહારાદિનું કલ્પ્ય-અકલ્પ્યપણું કહ્યું. તથા, આધાકર્મી કે પૂતિસ્વરૂપવાળા ડોયો કે નાના ચમચા દ્વારા દાત્રી જે શુદ્ધઅશનાદિ સાધુને આપે. તે ડોયાઆદિ માં રહેલ અશનાદિ ઉપકરણપૂતિના કારણે અકલ્પ્ય છે. તથા, જ્યારે ડોયો કે ચમચાદ્વારા હલાવીને શુદ્ધઅશનાદિ તપેલી વગેરે ભાજનમાં રાંધ્યા હોય ત્યારે જ્યાંસુધી એ બન્ને અંદર રહ્યા હોય ત્યાંસુધી એ અકલ્પ્ય છે. પરન્તુ તેમાંથી બહાર કાઢી લીધા બાદ એમાં રહેલ ભોજનાદિ શુદ્ધ બને છે = કલ્પ્ય બને છે.

**• બીજું ભક્તપાનપૂતિનું સ્વરૂપ •**

**'बीयं'** = **'द्वितीयं'** = બીજું ભાત-પાણીવિષયક પૂતિ બને છે. કેવી રીતે ? તે કહે છે, **'कम्मिय-वग्घार-हिंगुलोणाइ'** = **'कार्मिक-वाघार-हिङ्गु-लवणादि'** = આધાકર્મી વઘાર-હિંગ આદિના બળવાથી ઉત્પન્ન થતો ધૂમાડો, હિંગ અને લવણ = લૂણ તો પ્રસિદ્ધ જ છે. **'आदि'** શબ્દથી આધાકર્મી રાઈ, જીરું, તાંદલજાની ભાજી વગેરે શાકાદિ લેવા. **'वाघारश्च हिङ्गुलवणादि च'** - એમ દ્વન્દ્વસમાસ કરીને પછી કર્મધારયસમાસ કરવાથી **'कार्मिक-वाघार-हिङ्गु-लवणाद्ये'** બને છે. **'जत्थ'** = **'यत्र'** = જેમાં. એટલે કે, શુદ્ધ એવા પણ મગવગેરે અશનાદિમાં અથવા છાશવગેરેને ઉકાળવા સ્વરૂપ પોતાના માટે મૂકેલ આંધણમાં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

साधुनिमित्तं द्रवीकृतस्य लवणस्य तु तदर्थित(दर्थ)मेव चूर्णितपरिणामितस्येत्यादि भावनीयमिति गाथार्थः।।३४।। तथा–

**मूलगाथा– कम्मियवेसणधूमियमहवकयं कम्मखरडिए भाणे।**
**आहारपूइय तं कम्मलित्तहत्थाइछिक्कं च।।३५।।**

**संस्कृतछाया– कार्म्मिकवेसनधूमितमथवा कृतं कर्म्मखरण्टिते भाजने।**
**आहारपूति तत्कर्मलिप्तहस्तादिस्पृष्टं च ।।३५।।**

**卐 भक्तपानपूतिनिरूपणम् 卐**

**व्याख्या**– आधाकर्मिकवेसनेन तप्तघृतादिक्षिप्तस्फुटितकुस्तुम्बर्या उपलक्षणत्वादाधाकर्मिकराजिकादिभिश्च। 'धूमियं'ति संधूपितं यच्छुद्धपेयातीमनादि तदपि भक्तपानपूतिः स्यात् यद्वा वेसनस्योपलक्षणत्वादेव कार्मिकवेसनादेः सत्को निर्धूमाग्निरूपाङ्गारोपरिन्यस्तवेसनजीरकहिङ्ग्वादिदाहोत्थधूमो लोकप्रसिद्धः

---

'छूहे' = 'क्षिपति' = નાંખે. એટલે કે, સંસ્કાર કરવા એમાં નાખે, ત્યારે તે મગઆદિ અશનાદિ, આધાકર્મી એવા વઘારાદિના યોગે બીજા પ્રકારના બાદર ભક્તપાનપૂતિદોષવાળા બને છે.

પોતાના માટે બનાવેલ મગાદિ ભોજનને સંસ્કાર કરવા માટે નંખાતા હિંગને સચિત્તપાણીમાં પલાળીને પ્રવાહીરૂપે કરે તથા કાચા મીઠાનો ભૂક્કો કરે આવા હિંગ અને લવણમાં પણ આધાકર્મીપણું જાણવું.॥૩૪॥

**મૂળગાથા-શબ્દાર્થ** :- **कम्मिय** = આધાકર્મિક, **वेसण** = નિર્ધુમ અંગારા ઉપર નાંખેલ જીરૂ, હિંગ, રાઈ વિગેરેથી, **धूमियं** = ધૂમાડો દીધેલ, **अहव** = અથવા, **कयं** = પોતાને માટે રાંધેલુ અથવા સ્થાપેલું, **कम्मखरडिए** = આધાકર્મથી ખરંટિત, **भाणे** = વાસણમાં, **आहारपूइय** = ભક્તપાનપૂતિ, **तं** = તે, **कम्मलित्तहत्थाइछिल्लं** = આધાકર્મ વસ્તુથી ખરંટિત હાથ વિગેરેથી સ્પર્શિત, **च** = અને.॥૩૫॥

**મૂળગાથા-ગાથાર્થ** :- આધાકર્મિક વેસન એટલે નિર્ધૂમ અંગારા ઉપર જીરૂ, હિંગ, રાઈ વગેરે નાંખીને બાળવાથી ઉત્પન્ન થતો ધૂમાડો. તે લેવા માટે તેના ઉપર ઊંધું વાસણ મૂકી વાસિત કરીને વાસણમાં નાંખેલું શુદ્ધઅશનાદિ તથા આધાકર્મ અશનાદિથી ખરડાયેલા ભાજનમાં નાંખેલું બીજું શુદ્ધઅશનાદિ તથા આધાકર્મઅશનાદિથી ખરડાયેલ હાથ અથવા કડછી, ચમચા વગેરેથી અપાતું શુદ્ધ પણ અશનાદિ ભક્તપાનપૂતિદોષવાળું થાય છે.॥૩૫॥

## • ભક્તપાનપૂતિનું નિરુપણ •

**વ્યાખ્યાર્થ** :- 'कम्मियवेसणधूमियम्' = 'कार्मिकवेसनधूमितम्' = આધાકર્મી વેસનથી, ગરમ ઘી વગેરેમાં નાંખેલા ફૂટેલા ધાણાથી, ઉપલક્ષણથી આધાકર્મીરાઈ વગેરેથી વઘાર કરેલ જે શુદ્ધ પેયા = પાનવિશેષ = રાબડી, તીમનાદિ છે તે પણ ભક્તપાનપૂતિ બને છે.

અથવા તો, વેસનના ઉપલક્ષણથી જ આધાકર્મી જીરુ, હિંગ વિગેરે વેસનાદિ સંબંધી નિર્ધૂમ અગ્નિરૂપ દેવતા પર નાંખેલ વેસન = જીરુ-હિંગ વગેરે મસાલાના દાહથી ઉત્પન્ન થયેલ ધુમાડો, જે ફુલવઘારના નામે લોક પ્રસિદ્ધ છે, તે આધાકર્મિક વેસનના ધુમાડાને ગ્રહણ કરવા માટે ઊંધી વાળેલી તપેલી વગેરે ભાજનમાં એટલે કે આધાકર્મિક વેસનના ધુમાડાથી વાસિત કરેલ ભાજનમાં નાંખેલ શુદ્ધ એવા તીમન-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कार्मिकवेसनधूमः स सञ्जातो यत्र स्थाल्यादिभाजनेऽधोमुखीकृते धूमग्रहणाय भून्यस्तवदने तत्कार्मिक-वेसनधूमितं कृतधूमं भाजनं तद्योगात्तत्र शुद्धं यत्तीमनतक्रपूरणादिकमशनादि क्षिप्तं तदपि तथोच्यते तदपि भक्तपानपूतिः स्यात्, नवरं वेसनादीन् प्रति कार्मिकविशेषणस्याप्युपलक्षणत्वादिहाङ्गार-वेसनादिस्थालीनामेकं द्वे त्रीणि वाऽऽधाकर्मिकानि ज्ञेयानि। अथवा शब्दः पूर्वोक्तप्रकारापेक्षया विकल्पार्थः। कृतमात्मार्थं राद्धं स्थापितं वा यदशनादि। क्वेत्याह कर्म्मखरण्टिते भाजने इति। अयमर्थो यस्मिन् स्थाल्यादिभाजने आधाकर्मिकं राद्धं तदन्यस्मिन् प्रक्षिप्य तस्मिन्नेव च क्षीणी(रिक्ती)भूते कर्मखरण्टिते आधाकर्मिकभक्ताद्यवयवोपलक्षिते भाजने स्थाल्यादावकृतकल्पत्रये यदशनाद्यात्मार्थं राद्धं, यद्वा पूर्वोक्त एवाकृतकल्पत्रये भाजने यच्छुद्धमेवाशनाद्यन्यतो भाजनान्न्यस्तं व्यवस्थापितमिति यावत्तदशनाद्याहारपूति भक्तपानपूति स्यादिति शेषः। तथा कर्मलिप्तहस्तादिस्पृष्टं चेति तत्र हस्तः करः स आदिर्यस्य वस्तुनस्तद् हस्तादि आदिशब्दाच्छुद्धडोवदर्व्वीकरोटिकादिपरिग्रहस्तत आधाकर्म्मणा विलिप्तं खरण्टितं यद्धस्तादिवस्तु तेन 'छिक्कं'ति छुप्तं स्पृष्टमिति। अयमर्थ आधाकर्म्मभक्तादिखरण्टितेन

---

तक्र-પૂરણ = ખાદ્ય વિશેષ વગેરે અશનાદિ પણ ભક્તપાનપૂતિ બને છે.

આટલું વિશેષ સમજવું કે વેસનાદિમાં કાર્મિક વિશેષણ ઉપલક્ષણ હોવાથી ૧-અંગારો કે પછી ૨-વેસનાદિ કે પછી ૩-તપેલી. એમ એક-બે-કે ત્રણેય આધાકર્મી હોઈ શકે છે. અર્થાત્ એક જ આધાકર્મી હોય એવું નહિ પણ બે અથવા ત્રણેય હોઈ શકે છે.

**'अहव'** = **'अथवा'** = જે પૂર્વોક્ત પ્રકારની અપેક્ષાએ વિકલ્પના અર્થમાં છે તે વિકલ્પ જણાવે છે. **'कयं'** = **'कृतं'** = જે અશનાદિ પોતાના માટે રાંધ્યું હોય કે સ્થાપ્યું હોય, કયા સ્થાને ? તે કહે છે, **'कम्मखरडिए भाणे'** = **'कर्म्मखरण्टिते भाजने'** = આધાકર્મથી ખરડાયેલ ભાજનમાં.

ભાવાર્થ આ છે કે, જે તપેલી વગેરે ભાજનમાં આધાકર્મ રાંધ્યું, તેને બીજામાં ખાલીકરીને તે જ ખાલી થયેલા આધાકર્મથી ખરડાયેલ-એટલે કે આધાકર્મ જે ભક્તાદિ કર્યા એના અવયવોથી યુક્ત તપેલી વગેરે ભાજનમાં કલ્પત્રય-ત્રણવાર પાણીથી ધોવાનું, કર્યા વિના જે અશનાદિ પોતાના માટે રાંધ્યા હોય. અથવા તો, ઉપરોક્ત પ્રમાણેના જ આધાકર્મ ભક્તાદિના અવયવોથી યુક્ત તપેલી વગેરે ભાજનમાં બીજા ભાજનના શુદ્ધઅશનાદિ મૂકે, તે અશનાદિને **'आहारपूइय'** = **'आहारपूति'** = આહારપૂતિ-ભક્તપાનપૂતિ કહેવાય છે.

તથા, **'तं कम्मलित्तहत्थाइछिक्कं च'** = **'तत् कर्मलिप्तहस्तादिस्पृष्टं च'** = જે વસ્તુની આદિમાં હસ્ત છે તે **'हस्तादि'** કહેવાય છે. અત્રે **'आदि'** શબ્દથી શુદ્ધડોયો, ચમચો, વાટકો વગેરે લેવા. આધાકર્મથી ખરડાયેલ તે હસ્તાદિ વસ્તુવડે સ્પૃષ્ટ-સ્પર્શાયેલ પણ આહાર પૂતિ બને છે. ભાવાર્થ આ જાણવો કે આધાકર્મભક્તાદિથી ખરડાયેલ હાથવડે કે વાટકાઆદિવડે, તપેલીવગેરે ભાજનમાં રહેલ જે શુદ્ધ આહારાદિ સ્પર્શાય, તે પણ આહારપૂતિ બને છે. આ ત્રણેય પ્રકારની પૂતિ સાધુઓને અકલ્પ્ય છે. **'च'** એ સમુચ્ચયાર્થમાં છે.

**પ્રશ્ન** :- અશુદ્ધઅન્ન વગેરેનું શુદ્ધઅન્નમાં શું પરિણમ્યું છે ? શું ભળ્યું છે ? કે જેના કારણે પૂતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हस्तेन करोटिकादिना वा स्थाल्यादौ स्थितं शुद्धमशनादि यत्संस्पृष्टं तदप्याहारपूति स्यादिति। चः समुच्चये। इयं च सर्व्वाऽप्यकल्प्यैव यतीनामिति। अथाशुद्धाशनादिना(नां) शुद्धाशनादेः पूतित्वकरणे किं परिणतमिति चेदुच्यते राद्धमुद्गादिछविखरण्टितोखिकादेरारभ्य सिक्थकवलादिकं यावदिति।

**卐 उपधिवसत्योरपि पूति भवति 卐**

एवं यथाऽऽहारविषयमाधाकर्म्म दर्शितं स्वस्थाने पूतिश्च शुद्धाधाकर्म्मिकयोरशनादिकयोर्मिलितयोर्यथाऽत्र दर्शितो तथोपधिवसत्योरपि ते द्वे अपि स्यातामतः शिष्योपकाराय ते अपि दृश्येते। अत्र पिण्डेनैव प्रकृतं, तत्र यत्यर्थं यौ मुखवस्त्रिकाद्युपकरणोपाश्रयौ विहितौ गृहिणा तावाधाकर्म्मिकौ, स्वार्थयत्यर्थनिष्पन्नयोः शुद्धाधाकर्मिकयोरर्द्धफलयोः सीविता प्रच्छादिका, तथाभूतयोः कर्दमादिकयोर्निष्पन्ना वसतिश्च पूतिरित्यादि, इयमपि साधूनामकल्प्यैव। एवं सर्व्वानविशुद्धिकोटिदोषानाश्रित्य पूतित्वं ज्ञेयमिति गाथार्थः।।३५।।

**अवतरणिका**– अधुना दातृगृहं दातृस्थाल्यादिभाजनं साधुपात्रकं पूतिपरिहारविषयं कल्प्याकल्प्यविधिमाह।

---

થાય છે ? અર્થાત્ પૂતિ કરવાનું સામર્થ્ય શેમાં રહેલું છે ?

**ઉત્તર** :- આધાકર્મિક રાંધેલા મગ વગેરેના ફોતરારૂપી અંશથી ખરડાયેલ ઉખા વગેરેથી માંડીને દાણો કે કોળીયા વગેરેથી શુદ્ધઅન્ન પરિણત થવાથી = ભેગું થવાથી પૂતિ થાય છે.

**• ઉપધિ અને વસતિ પણ પૂતિ બને છે •**

આ પ્રમાણે આહાર સંબંધી આધાકર્મની વાત અને સ્વસ્થાને - એટલે કે હાલ પૂતિની વાત ચાલતી હોવાથી સ્વસ્થાનથી પ્રસ્તુત પૂતિની વાતમાં શુદ્ધ અને આધાકર્મ અશનાદિનું મિલન = ભેગા થવા રૂપ પૂતિની વાત દર્શાવી. આ અશનાદિવિષયક પૂતિ પ્રમાણે ઉપધિ અને વસતિવિષયક પણ આધાકર્મ અને પૂતિ બને છે. જો કે પ્રસ્તુતમાં પિણ્ડવિષયક આધાકર્મ અને પૂતિની વાત જ લેવાની છે.. છતાંય શિષ્યના ઉપકાર માટે તે વાત પણ અહીં દર્શાવાય છે.

ગૃહસ્થો જે મુહપત્તીઆદિ ઉપકરણ કે ઉપાશ્રય સાધુમાટે કરે. તે ઉપકરણ = ઉપધિ અને વસતિ આધાકર્મી કહેવાય છે. ગૃહસ્થે પોતાનામાટે બનાવેલું શુદ્ધ અને સાધુમાટે બનાવેલું અશુદ્ધ એ બન્નેને જોડી દીધું હોય. જેમકે, ઉત્તરપટ્ટાનો અડધોભાગ શુદ્ધ હોય અને એનો બીજોભાગ અશુદ્ધ સીવી દીધો હોય. ઉપલક્ષણથી નાનુંથીગડું પણ અશુદ્ધ સીવ્યું હોય તો એ ઉત્તરપટ્ટો વગેરે ઉપધિ પૂતિ કહેવાય છે.

તથા, શુદ્ધ અને આધાકર્મી ગારાથી બનાવેલ વસતિને વસતિપૂતિ કહેવાય છે. ઉપલક્ષણથી, મકાન પર જે આધાકર્મી માટીના લેપાદિ કર્યા હોય, અમુક ભાગ જીર્ણ થયો હોય કે ક્યાંક ગાબડું પડ્યું હોય ત્યાં આધાકર્મી માટી-ગારો લગાડી દે વગેરે પણ વસતિપૂતિ કહેવાય છે.

આ ઉપધિપૂતિ અને વસતિપૂતિ પણ સાધુઓને અકલ્પ્ય જ છે.

આ પ્રમાણે સર્વપ્રકારના અવિશુદ્ધિકોટિદોષોને આશ્રયીને પૂતિત્વ જાણવું.

**અવતરણિકા** :- હવે [1]દાતૃગૃહ, [2]દાતૃના તપેલાવગેરે ભાજન, [3]સાધુના પાત્ર. આ ત્રણેય સંબંધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मूलगाथा–** **पढमे दिणम्मि कम्मं तिन्निउ पूइ कयकम्मपायघरं।**
**पूइ तिलेवं पिढरं कप्पइ पायं कयतिकप्पं।।३६।।**

**संस्कृतछाया–** **प्रथम दिने कर्म्म त्रीणि पूति कृतकर्म्मपाकगृहं।**
**पूति त्रिलेपं पिठरं कल्पते पात्रं कृतत्रिकल्पं ।।३६।।**

**卐 कृतकर्म्मपाकगृहं त्रिदिनानि त्याज्यमपगमे वा तस्य तदूर्ध्वं दिनत्रयं त्याज्यमिति बहून्यपि दिनानि पूतिसम्भवः 卐**

**व्याख्या–** प्रथमे दिने आद्यवासरे यत्र दिने आधाकर्मणः पाकः कृतः। 'कम्मं'त्ति आधाकर्म्म पूर्वोक्तं। 'तिन्निउ' त्ति त्रीणि पुनस्त्रिसङ्ख्यानि दिनानि। 'पूइ'त्ति, पूतिदोषस्तदाधाकर्म्मस्य(णः) संभवाद्भवतीति शेषः किं तदित्याह, कृतो विहितः कर्म आधाकर्म्मणः पाकः पचनक्रिया यत्र तच्च तद्गृहं तद्वेश्म, कृतकर्म्मपाकगृहमिति। एवं चाधाकर्मदिने पूतिदिनेषु च त्रिषु न किञ्चित्तत्र

---

પૂતિનો પરિહાર તેમજ કલ્પ્ય-અકલ્પ્ય વિધિ જણાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **पढमे** = પહેલે, **दिणम्मि** = દિવસે, **कम्म** = આધાકર્મ, **तन्निउ** = ત્રણદિવસ, **पूइ** = પૂતિદોષ, **कयकम्मपायघरं** = આધાકર્મ રસોઈ બનાવવામાં આવી હોય તે ઘર, **पूइ** = પૂતિ દોષવાળું, **तिलेवं** = ત્રણ લેપવાળું, **पिढरं** = ભાજન, **कप्पइ** = કલ્પે, **पायं** = પાત્ર, **कयतिकप्पं** = ત્રણ વખત ધોયેલું.

**મૂળગાથા-ગાથાર્થ** :- જે ઘરમાં આધાકર્મઅશનાદિ બનાવવામાં આવ્યું હોય ત્યાં પ્રથમદિવસે આધાકર્મ બનેલ હોવાથી બીજા ત્રણદિવસસુધી પૂતિદોષનો સંભવ હોવાથી તે ઘરનો ચારદિવસ સુધી ત્યાગ કરવો. પાંચમાદિવસે ત્યાં ગોચરી જવું કલ્પે. આધાકર્મઅશનાદિ જે ભાજનમાં પકાવવામાં આવ્યું હોય અથવા જે ભાજનમાં આધાકર્મઅશનાદિ નાંખવામાં આવ્યું હોય તે ભાજનમાંથી તે ખાલી કર્યા પછી તેમાં જો ગૃહસ્થે પોતાને માટે ત્રણવખત રાંધે અગર પાણીથી સાફ કરે તો ત્યારપછી ચોથીવખત ગૃહસ્થે પોતાને માટે રાંધેલ અથવા ત્રણવખત ધોયેલા ભાજનમાં નાંખેલ શુદ્ધઅશનાદિ મુનિને લેવું કલ્પી શકે.

તેવી રીતિએ સાધુએ પાત્રામાં આધાકર્મિકઅશનાદિ લીધું હોય તે પાતરું પહેલા આંગળીવડે બરોબર સાફ કર્યા પછી ત્રણવખત પાણીથી સાફ કર્યાબાદ સુકાઈ જાય ત્યારે તેમાં બીજું શુધ્ધ અશનાદિ લેવું કલ્પી શકે.

**• જ્યાં આધાકર્મ રંધાયું તે ઘર ત્રણદિવસસુધી ત્યાગવું અથવા તે આધાકર્મ દૂર થયા બાદ તેની ઉપર ત્રણદિવસ ત્યાગવું. એમ ઘણાં દિવસોસુધી પણ પૂતિનો સંભવ હોય છે. •**

વ્યાખ્યાર્થ :- 'पढमे दिणम्मि' = 'प्रथमे दिने' = જ્યાં પ્રથમદિવસે આધાકર્મનો પાક થયો. 'कम्मं' = 'कर्म्म' પૂર્વે કહેલ આધાકર્મ = સાધુમાટે બનાવેલ આહારાદિ. 'तिन्निउ' = 'त्रीणि (दिनानि)' = વળી ત્રણદિવસ એટલે કે આધાકર્મ બન્યું તે ઉપરાંત ૩ દિવસ. 'पूइ' = 'पूति' પૂતિદોષ બને છે. તે સ્થાનવિશેષ આધાકર્મના સંભવથી પૂતિવાળું બને છે એમ જાણવું. તે સ્થાન વિશેષ કયું ? તે કહે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ग्रहीतुं कल्पते इति प्रथमदिनेन सह चत्वारि दिनानि तद्गृहं परिहार्यमित्युक्तं भवति परं,

**'अतरंताइ जोग्गासईए गिण्हंति तत्थ पविसेउं। अन्नगहाणसुवखडजं. वासान्नीमयं भुंजे'।।१।।**

यदा तु कश्चिद् गृही कतिचिद्दिनेषु सङ्खडी भविष्यति सङ्घभोज्यं वा दास्यामीत्यग्रत एव लड्डूकादीनाधाकर्म्मिकान् कृत्वा धारयति तदा यावत्ते तिष्ठंति, तदपगमेऽपि तदूर्ध्वं दिनत्रयं यावत्तद्गृहस्थितं शेषं भक्तादि स्पर्शसम्भवात् पूतिः स्यादित्येवं बहून्यपि दिनानि पूतिसम्भवः। तथा 'पूइ'त्ति पूतिदोषवत् स्यादिति शेषः। किं तदित्याह त्रयस्त्रिसङ्ख्या लेपाः शेषखरण्टयो(टीनाम्)र्यत्र तत्त्रिलेपं पिठरं स्थाल्यादिभाजनं। अयमर्थः स्थाल्यादिभाजने किल आधाकर्म राद्धमपनीतं च, शेषा खरण्टिरित्येको लेपस्तस्यामेवाकृतकल्पत्रयायां शुद्धं राद्धं पूतिरेवं वारद्वयमन्यदपि, चतुर्थलेपे तु न पूतिः। तदिहाधाकर्म्मपाकानन्तरं स्वार्थं वारत्रयं भक्तरन्धनेन यत्स्थालिकायाः खरण्टनत्रयं

---

છે, **'कयकम्मपायघरं'** = **'कृतकर्म्मपाकगृहं'** = જ્યાં આધાકર્મનો પાક થયો હોય તે ઘર.

અર્થાત્ આધાકર્મ બન્યું એ દિવસ અને પૂતિના બીજા ત્રણ દિવસ ત્યાંથી કાંઈપણ ગ્રહણકરવું કલ્પતું નથી. એટલે કે પહેલાદિવસની સાથે પૂતિના ૩ દિવસ, એમ ચારદિવસ સુધી તે ઘરનો પરિહાર = ત્યાગ કરવો એમ કહેવાયું છે. પરન્તુ,

**'अतरंताइ जोग्गासईए गिण्हंति तत्थ पविसेउं। अन्नगहाण-सुवखडज्जं वासान्नीमयं भुंजे'।।१।।**

**અર્થ** :- **'अतरंताइ'** = જ્યારે નિર્વાહ ન થતો હોય, **'जोग्गासईए'** = બીજે પ્રાયોગ્ય ન મળતું હોય = બીજે યોગ ન હોય. **'अन्नगहाण-सुवखडजं'** = બીજા ઘરમાં રાંધેલું વાટકી વ્યવહારથી આવેલું હોય. **'वासान्नीमयं'** = જે દિવસે આધાકર્મી કર્યું હોય એના પૂર્વના દિવસોમાં રંધાયેલું સૂકું-પાકું.

જ્યારે નિર્વાહ ન થતો હોય. બીજે ન મળતું હોય = બીજે યોગ ન હોય ત્યારે તેવા ઘરમાં સાધુ પ્રવેશીને, બીજા ઘરોમાં રાંધેલું એટલે કે વાટકી વ્યવહારથી આવેલું હોય. કાં તો આધાકર્મી કર્યું હોય એના પૂર્વના દિવસોમાં રંધાયેલું જે કાંઈ સૂકું-પાકું હોય. તે પણ ચોમાસાદિ કાળની મર્યાદાપૂર્વકનું ઘણાં દિવસનું હોય, તેવું લાડવા-સુખડીવગેરે ગ્રહણ કરે. અહીં, 'વાસી' નો અર્થ, રોટલી વગેરે જે રાતવાસી બને તે નથી લેવાના પરન્તુ ઉપર જણાવ્યા પ્રમાણે 'ચોમાસા આદિ કાળની મર્યાદા પૂર્વકનું ઘણા દિવસનું' એવો અર્થ અભિપ્રેત = ઈષ્ટ છે.

જ્યારે કોક ગૃહસ્થ, કેટલાકદિવસો પછી સંખડી = સામુહિકભોજન અથવા તો સંઘજમણ સાધુ-સાધ્વીમાટે કરાવીશ એમ, આગળથી જ લાડુ વગેરે આધાકર્મી કરીને તૈયાર રાખે. ત્યારે, જ્યાં સુધી તે લાડુ વગેરે રહે ત્યાંસુધી તો આધાકર્મદોષ ખરોજ પણ તે દૂર થયા પછી પણ બીજા ત્રણદિવસ સુધી, તે ઘરમાં રહેલ બીજાઆહારાદિસાથે તે આધાકર્મના સ્પર્શનો સંભવ હોવાથી પૂતિ બને છે. આમ, ઘણાંદિવસોસુધી પણ પૂતિનો સંભવ છે એ જાણવું. આ 'दातृगृह' સબંધી પૂતિ તેમજ કલ્પ્ય-અકલ્પ્યવિધિની વાત થઈ.

તથા 'पूइ' = 'पूतिदोषवत् स्यात्' = પૂતિદોષવાળું બને છે. તે પૂતિદોષવાળું શું બને છે ? તે કહે છે, 'तिलेवं पिढरं' = 'त्रिलेपं पिठरं'. આધાકર્મ આહાર દૂર કરાયા બાદ ત્રણલેપ જ્યાં થયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सम्पद्यते तल्लेपत्रितयान्विता स्थालिका तदुपस्कृतभक्तं च पूति भवतीति भावार्थः। यदि चात्मयोगेन गृहस्थ्या निरवयवीकृत्य तस्य भाजनस्य तस्मिन्नेव दिने अपरापरेषु वा दिनेषु वारत्रयं जलेन प्रक्षालनं कृत्वा तत्र शुद्धमशनादि राद्धं तदा तत्कल्प्यमेव, तथा कल्पतेऽपूतीभूतं सच्छुद्धाशनादि-ग्रहणायोचितं स्यात्।

**卐 पूतिपात्रमपि कृतत्रिकल्पं कल्पते 卐**

पात्रं पतद्गृहरूपं यतिभोजनोपकरणविशेषः। कीदृशं सदित्याह कृता निवर्तितास्त्रयः कल्पाः जलप्रक्षालनानि यस्य तत् कृतत्रिकल्पं। अङ्गुल्यादिना सम्प्रोच्छ्य वारत्रयं जलेन प्रक्षालितं सदित्यर्थोऽयं च पात्रकाश्रितः पूतिन्यायो यथारूपं सर्वेष्वप्यविशोधिकोटिभेदेषु ज्ञेयस्तथा सर्वोऽप्यविशोधिकोट्या-हारोऽकल्प्य एव विशोधिकोट्याहारस्त्वात्मार्थितः कल्पत इति च ज्ञेयमिति गाथार्थः।।३६।।

---

હોય તે 'पिठर' = તપેલી. તેને ૩ વાર ધોયાવિના એમાં જ રાંધ્યું તેને એક લેપ કહેવાય. તે એક લેપવાળા ભાજનમાં જ ૩ વાર ધોયાવિના તેમાં જ બીજીવાર શુદ્ધ = સાધુના ઉદ્દેશવિના પોતાનામાટે ભોજન રાંધ્યું. આ બીજો લેપ થયો, એજ પ્રમાણે ત્રીજીવાર રાંધે એટલે ત્રીજો લેપ થાય અર્થાત્ બીજીવારના પણ એ શુદ્ધભોજનને ખાલી કરીને = ખાવા વગેરે ઉપયોગમાં લઈને, એજ ભાજનમાં પાછું શુદ્ધ ભોજન રાંધે એ ત્રીજો લેપ. તે પછીના ચોથા લેપમાં પૂતિ ન થાય. એટલે કે ત્રણ લેપવાળા ભાજનમાંજ ફરી ચોથીવાર રાંધે ત્યારે પૂતિ ન થાય. (**યાદ રહે** :- '**शेष**' = પ્રથમ વાર આધાકર્મીના લેપથી ખરડાયેલ અને '**खरण्टि**' = બાકીના બેવાર પૂતિથી ખરડાયેલ)

ભાવાર્થ આ થયો કે, આધાકર્મના પાક પછી, આધાકર્મ જેમાં રાંધ્યું હોય તેમાંજ પોતાના માટે ત્રણવાર ભોજન રાંધે, એટલે કે ત્રણવાર ખરડાયેલ = લેપવાળી બને છે. તેવાપ્રકારના ત્રણ લેપથી યુક્ત તપેલી અને તેમાં રાંધેલું ભોજન એ પૂતિ બને છે.

હવે જો ગૃહસ્થ પોતાના માટે, નિરવયવી કરેલ = દાણા વગર બિલકુલ સાફ કરેલ તે ભાજનને તે જ દિવસે અથવા બીજા-ત્રીજા દેવસે ત્રણવાર પાણીથી સાફ કરીને તેમાં શુદ્ધઅશનાદિ રાંધે, તો તે '**कप्पइ**' = '**कल्पते**' = કલ્પ્ય જ છે. એટલે કે પૂતિદોષ નીકળી જવાથી = અપૂતિરૂપ બનેલ તે શુદ્ધઅશનાદિ ગ્રહણમાટે ઉચિત બને છે.

**• પૂતિવાળું પાત્ર પણ ત્રણકલ્પ થયાબાદ કલ્પે છે •**

આમ દાતૃના ભાજનસંબંધી પૂતિ અને કલ્પ્ય-અકલ્પ્ય-વિધિની વાત થઈ.

'**पायं**' = '**पात्रं**' = સાધુને વાપરવામાટે ઉપકરણવિશેષ, એટલે કે પાત્રુ. તે પાત્રુ કેવું ? તે કહે છે, '**कयतिकप्पं**' = '**कृतत्रिकल्पं**' = ત્રણવાર પાણીથી ધોવાયેલું પાત્રુ. એટલે કે આંગળી વગેરે દ્વારા ઘસીને ૩ વાર પાણીથી ધોવાયેલું પાત્રુ. આવું પાત્રુ પૂતિરહિત કહેવાય છે. સારાંશ જે પાત્રમાં આધાકર્મગ્રહણ કર્યું હોય, એ પાત્રુ પૂતિદોષવાળું બન્યું. તેને આંગળી વગેરેથી ઘસીને ૩ વાર પાણીથી સાફ કરાય એટલે એ પાત્રુ પૂતિરહિત બને છે. આવુ પૂતિરહિત પાત્રુ વાપરવું કલ્પે છે એમ જાણવું.

આ પાત્રાસંબંધી પૂતિન્યાય યથાયોગ્ય સર્વ અવિશોધિકોટિભેદોમાં જાણવો. તેમજ બધાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अवतरणिका–** उक्तं पूतिद्वारमथ मिश्रजातद्वारमाह।

**मूलगाथा– जं पढमं जावंतिय पासंडजईण अप्पणो य कए।**
**आरभइ तं तिमीसं ति मीसजायं भवे तिविहं।।३७।।**

संस्कृतछाया– यत्प्रथमं यावदर्थिक-पाखण्ड-यतीनामाऽऽत्मनश्च कृते।
आरभते तत् त्रिमिश्रमिति मिश्रजातं भवेत्त्रिविधं ।।३७।।

**卐 प्रथममेव यावदर्थिकादीनां यत्कृतं तन्मिश्रजातम् 卐**

**व्याख्या–** स्वगृहयोग्यजलकणादीनां मध्य अधिकतरजलकणादीन् मिश्रितान् कृत्वा 'जं'ति, यदशनादि प्रथममादावग्निज्वालनाद्रहणकणदानादिप्रस्ताव एव आरभते तन्मिश्रजातं भवेदिति योगः। किमर्थमित्याह 'जावंतिय'त्ति सूचनाद्यावदर्थिकाः कार्पटिकादयः समस्तार्थिनः, पाखण्डं व्रतं तद्योगात् पाखण्डाः सामान्यदर्शनिनो, यतयो निर्ग्रन्था एतेषां द्वन्द्वस्तेषां कृते इति योगो द्वन्द्वोत्थपरं पदं श्रूयमाणं (द्वन्द्वान्ते श्रूयमाणं पदं) सर्व्वत्र सम्बध्यते तेन यावदर्थिककृते इत्यादि दृश्यं। तथाऽऽत्मनः स्वस्य, चः समुच्चये, कृते– अर्थाय स्वगृहार्थमिति यावत् आरभते प्रारभयत्युपस्कर्तुमिति शेषो,

---

અવિશોધિકોટિવાળા આહારો અકલ્પ્ય જ છે. પરન્તુ વિશોધિકોટિવાળો આહાર ગૃહસ્થ પોતાનામાટે કલ્પી લે તો કલ્પ્ય છે એમ જાણવું.॥૩૬॥

**અવતરણિકા** :- 'उक्तं पूतिद्वारम्' આ પ્રમાણે પૂતિદ્વાર પુરું થયું. હવે 'મિશ્રજાત' દ્વાર કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- जं = જે અશનાદિ, **पढमं** = પહેલેથી, **जावंतिय** = સમસ્તઅર્થીઓ, **पासंड** = સામાન્ય દર્શનીઓ, **जईण** = નિર્ગ્રન્થોને, **अप्पणो** = પોતાને = ગૃહસ્થને, **य** = અને, **कए** = માટે, **आरभइ** = શરૂઆત કરે, तं = તે, **तिमीसंति** = ત્રણપ્રકારનું મિશ્ર, **मीसजायं** = મિશ્રજાત, **भवे तिविहं** = ત્રણપ્રકારનું થાય.

**મૂળગાથા-ગાથાર્થ** :- ગૃહસ્થ પોતાને માટે રસોઈ કરવાની શરૂઆત કરતાં પહેલાં જ પોતાને માટે જોઈતા ધાન્યાદિમાં બીજા સમસ્તઅર્થીઓ અથવા સામાન્યદર્શનીયો અથવા જૈનસાધુઓને આપવા માટે જે કાંઈ વધારે ધાન્યાદિકનું મિશ્રણ કરી પકાવી તૈયાર કરે તેને મિશ્રજાત કહેવામાં આવે છે.તે મિશ્રજાતના ત્રણ પ્રકાર છે. (i) યાવદર્થિક મિશ્રજાત (ii) પાખંડી મિશ્રજાત (iii) યતિ મિશ્રજાત.

**• પહેલેથી જ યાવદર્થિકઆદિમાટે કરેલું મિશ્રજાત છે •**

**વ્યાખ્યાંર્થ** :- પોતાના ઘરને યોગ્ય જળ અને ધાન્યવગેરેની અંદર સાધુ વગેરેને ઉદ્દેશીને 'अधिकतर' = વધારે, જળ-ધાન્ય વગેરેને મેળવીને, 'जं' = 'यत्' = જે અશનાદિ, 'पढमं' = 'प्रथमं' = પહેલેથી જ, એટલે કે અગ્નિપેટાવવો, આંધણમૂકવું, દાણાનાંખવા વગેરે અવસરે જ આરંભ કરાય તે મિશ્રજાત બને છે. આવું શું કામ કરે ? તે જણાવે છે. 'जावंतिय' = 'यावदर्थिक' = એટલે કે કાર્પટિકાદિ સમસ્તયાચકો. 'पासंड' = 'पाखण्ड' = એટલે વ્રત = પાખંડ વ્રતવાળા = સામાન્યથી બધા દર્શનવાળા સાધુ, 'जईण' = 'यतयः' = યતિઓ = નિર્ગ્રન્થો = જૈનસાધુઓ એઓનો દ્વન્દ્વ સમાસ કરવો. એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यावन्तोऽर्थिन आगमिष्यन्ति पाखण्डा यतयो वा तेषां दास्यामि गृहे च भविष्यन्तीति सङ्कल्पेन यद्राद्धुमारभत इत्यर्थः।

## 卐 मिश्रजातस्य त्रिप्रकाराः 卐

तदशनादि तदा निष्पन्नं सत्त्रिभिर्यावदर्थिकपाखण्डयतिभिस्सह मिश्रं साधारणं त्रिमिश्रमित्यनेन कारणेन मिश्रजातं पूर्वोक्तशब्दार्थं भवेत् त्रिविधं यावदर्थिकमिश्रजातं यतिमिश्रजातं पाखण्डमिश्रजातं चेत्यर्थः। क्वापि तृतीयभेदस्य स्वगृहमिश्रजातमिति संज्ञान्तरं दृश्यते। तत्राप्ययमेवार्थ इति। श्रमणानां च पाखण्डिष्वन्तर्भावाच्छ्रमणमिश्रं पृथग् नोक्तम्। इह च यावदर्थिकाद्यर्थमधिकतरतंदुलादिप्रक्षेपदोषेण सर्व्वोऽप्याहारोऽशुद्धः स्यात्। (तथेति) प्रथममिति विशेषणेनाध्यवपूरकदोषादस्य विशेषमुक्तवान्, तथाहि-अत्र सूपतंदुलजलफलादिवस्तुनो गृहयोग्यस्य माणकादिस्वस्वपरिमाणेन नियतमध्ये यावदर्थिकाद्यर्थमग्निप्रज्वालनादेरादावेवाधिकतरतंदुलजलादेर्मिश्रणं विधाय पाकः प्रारभ्यते, अध्यवपूरके च

---

કે યાચકવગેરેમાટે કરેલું. એમ જાણવું.

'द्वन्द्वोत्थपरं पदं श्रूयमाणं (द्वन्द्वान्ते श्रूयमाणं पदं)' એટલે કે દ્વન્દ્વસમાસવાળા પદ પછી મૂકેલ પદનો સંબંધ દ્વન્દ્વસમાસમાં રહેલ દરેક શબ્દ સાથે કરવો. આ ન્યાયના હિસાબે 'यावदर्थिक-कृते' - 'पाखण्ड-कृते' વગેરે. એમ જાણવું. તથા, 'अप्पणो य कए' = 'आत्मनः (स्वस्य) कृते' = પોતાના ઘર માટે ય રાંધવાનો પ્રારંભ કરે.

ભાવાર્થ આ થયો કે, જેટલા ય યાચકો, પાખંડીઓ કે યતિઓ આવશે, તેઓને આપીશ. અને ઘરમાટે પણ થઈ રહેશે. આવા સંકલ્પપૂર્વક જે રાંધવાનો, 'आरभइ' = 'आरभते' પ્રારંભ કરે તે મિશ્રજાત બને છે.

## • મિશ્રજાતના ત્રણ પ્રકારો •

'तं तिमीसं ति' = 'तत् त्रिमिश्रं इति' = સંકલ્પપૂર્વક નિષ્પન્ન થયેલું તે અશનાદિ ત્યારે, ત્રણની સાથે એટલે કે યાવદર્થિક, પાખંડ અને યતિ એમ ત્રણની સાથે મિશ્ર અર્થાત્ ત્રિમિશ્રવાળું એટલે કે સાધારણ મિશ્ર બને છે. આ કારણે, પૂર્વે કહેલ શબ્દાર્થવાળું, 'मीसजायं' = 'मिश्रजातं' = 'મિશ્રજાત', અલગ અલગ રીતે, 'भवे तिविहं' = 'भवेत्त्रिविधं' = ત્રણ પ્રકારે બને છે.

તે આ પ્રમાણે [1]યાવદર્થિકમિશ્રજાત, [2]પાખંડમિશ્રજાત, [3]યતિમિશ્રજાત.

કહેવાનો તાત્પર્ય આ થયો કે ત્રણેના સંકલ્પપૂર્વક જે અશનાદિ નિષ્પન્ન થાય તે સાધારણમિશ્ર. પરન્તુ માત્ર યાવદર્થિકના સંકલ્પપૂર્વક અધિકદાણા વગેરેનો પ્રક્ષેપ કરે તે યાવદર્થિકમિશ્રજાત બને છે. આ જ રીતે પાખંડ અને યતિ માટે પણ સમજવું.

ક્યાંક ત્રીજાભેદ તરીકે "સ્વગૃહમિશ્રજાત" પણ બીજું નામ જોવા મળે છે. તેમાં પણ અર્થ તો આ જ થાય છે. તથા-શ્રમણોનો પાખંડીઓમાં અન્તર્ભાવ થવાથી 'શ્રમણ-મિશ્રજાત' અલગ નથી કહ્યું.

અહીં = આ દોષમાં, યાવદર્થિકાદિમાટે અધિકતર તુંદલાદિનો પ્રક્ષેપ-દોષ હોવાથી બધોજ આહાર અશુદ્ધ બને છે. તેમજ "पढमं" = શરૂઆતમાં જ આવું વિશેષણ મૂકવા દ્વારા 'અધ્યવપૂરક' દોષથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गृहिणा स्वार्थमग्निज्वालनाद्याद्रहणदानान्ते आरम्भे कृते सति पश्चात् कार्प्पटिकाद्यर्थं स्वार्थकल्पित-तंदुलादीनां मध्येऽपरं तंदुलादीनां माणकादिकं प्रक्षिप्य राध्यत इत्येतावता भेदोऽस्योक्तः।

## 卐 कदा मिश्रजातस्य संभवः 卐

कदा पुनरिदं सम्भवतीति चेत् (उच्यते), इह कश्चिद् गृही स्वयं बुभुक्षाकष्टानुभवनेन दुर्भिक्षमतिक्रान्तः किञ्चित् सञ्जातवृत्तिको धर्म्मश्रद्धालुः दुर्भिक्षेण बुभुक्षापीडितप्रभूतसत्त्वान् दृष्ट्वा नैतावन्मानेन राध्यमानेनैतेषां सरिष्यतीति दानसत्त्वालम्बनेन कान्तारादिनिर्गमप्रवेशयोः खिन्नभिक्षाचरालम्बनेन वा तीर्थबहुमानेनोज्जयन्तादिपर्वतयात्रायां श्रद्धावान्, संवलितः प्रभूतार्थिनो दृष्ट्वौदार्यालम्बनेन मिश्रजातं करोतीत्येवमस्य सम्भवः। साधवः पुनः कथमिदं जानन्तीति चेदुच्येत्, कदाचिद् भिक्षार्थं गृहे प्रविष्टान् साधून् दृष्ट्वा गृहस्थो भार्यादेः संमुखं वक्ति यथा यैः सह(येभ्यः) मिश्रमिदं राद्धं तैः क्वाप्यन्यत्र लब्धं भविष्यतीति नागतास्ते, अत इदं परिपूर्णं यतिभ्यो देहि। यद्वा साधून्

આની વિશેષતા બતાવાઈ. તે આ પ્રમાણે, મિશ્રજાત = ઘરને યોગ્ય દાળ, ચોખા, પાણી, ફળાદિ વસ્તુઓનો માણકાદિ = ભાણું, પાયલી, પવાલુંવગેરે પોતાના આખા કુટુંબના એક ચોક્કસ = નિયત માપમાં અગ્નિ-પેટાવવાવગેરેના પૂર્વેજ યાવદર્થિકાદિમાટે અધિકતર ચોખાવગેરેનું મિશ્રણ કરીને રાંધવાનો પ્રારંભ કરે. જ્યારે, અધ્યવપૂરકમાં ગૃહસ્થે પોતાના માટે અગ્નિજ્વાલનાદિ કરીને, આંધણ મૂકીને, અંદર ચોખાવગેરે નાંખીને રાંધવાનું ચાલુ કર્યાબાદ, પાછળથી કાર્પટિકાદિ માટે પોતાના માટે રાંધવા મૂકેલ ચોખાવગેરેમાં બીજાચોખાવગેરેના માણકાદિ = અમુકમાપ નાંખીને રાંધે. આમ, બન્ને દોષ વચ્ચેનો તફાવત જણાવ્યો.

## • મિશ્રજાતનો સંભવ ક્યારે ? •

આ દોષનો સંભવ ક્યારે થાય ? તે કહે છે.

કો'ક ગૃહસ્થ દુષ્કાળમાં સ્વયં ભૂખનું કષ્ટ અનુભવ્યાબાદ સુકાળ થયે છતે કાંઈક સારી કમાણી થયાબાદ ધર્મશ્રદ્ધાળુ એવો તે દુષ્કાળમાં ભૂખથી પીડાતા ઘણાં જીવોને જોઈને વિચારે કે આટલા માત્રથી = પોતાના પરિવારમાટે રંધાતા ભોજનની માત્રા = પ્રમાણથી આ બધા ભૂખપીડિતોનું સરસે નહિં = પેટ નહિં ભરાય. એમ, દાન આપવાના સત્વને ફોરવીને અથવા જંગલાદિના નિર્ગમ કે પ્રવેશમાં અર્થાત્ જંગલાદિ પસાર કરીને આવેલા કે પસાર કરવાની શરૂઆત કરનારા એવા થાક્યા-પાક્યા ભિખારીઓને જોઈને દયાથી અથવા તીર્થ-બહુમાનથી = ગિરનારાદિ તીર્થોની યાત્રામાં શ્રદ્ધાવાન્ યાત્રાથી પાછો ફરેલો ઘણાં યાચકોને જોઈને ઉદારતાના કારણે મિશ્રજાત કરે. આ રીતે મિશ્રજાતનો સંભવ થઈ શકે છે.

**પ્રશ્ન** :- સાધુઓ મિશ્રજાતને શી રીતે ઓળખી શકે ?

**જવાબ** :- ક્યારેક ભિક્ષામાટે ઘરમાં પ્રવેશેલા સાધુઓને જોઈને ગૃહસ્થ પોતાની પત્નીવગેરેની સન્મુખ આવું કાંઈક બોલે.. જેમ કે, "જેઓના સંકલ્પપૂર્વક આ મિશ્ર રાંધવામાં આવ્યું છે. તેઓને લાગે છે કે બીજે ક્યાંકથી ભિક્ષા મળી ગઈ હશે એટલે જ અહીં આવ્યા નથી. આથી, આ બધુંજ આ આવેલા યતિઓને આપ." અથવા, ઘણાં સાધુઓ અને ઘણાં ભિક્ષાચરોને ભિક્ષામાટે આવેલા જોઈને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रचुरान् भिक्षाचरांश्चागतान् दृष्ट्वा गृही यावदर्थिकेनाशनादिना नैतेषां परिपूर्णं स्यादित्यन्यदपि राध्नुहि येनैतेभ्यो दीयते इति गृहस्थमेवं ब्रुवाणं श्रुत्वा गृहं यावदर्थिकमिश्रमिदमिति जानन्तीति गाथार्थः।।३७।।

**अवतरणिका**– उक्तं मिश्रजातद्वारमथ स्थापनाद्वारं व्याचिख्यासुस्तस्या एव भेदानभिधातुमाह।

**मूलगाथा**– **सट्ठाणपरट्ठाणे परंपराणंतरं चिरित्तरियं।**
**दुविहतिविहा वि ठवणाऽसणाइ जं ठवइ साहुकए।।३८।।**

**संस्कृतछाया**– **स्वस्थानपरस्थाने परंपरानंतरं चिरेत्वरम्।**
**द्विविधत्रिविधाऽपि स्थापनाऽशनादि यत्स्थापयति साधुकृते ।।३८।।**

**卐 स्थापनास्वरूपं तद्गतभेदाश्च 卐**

**व्याख्या**– स्वस्थानं च चुल्ल्युखादि, परस्थानं च सुस्थितछव्वकादि, स्वस्थानपरस्थानं तस्मिन्नाधारे 'असणाइ जं ठवइ साहुकए ठवण'त्ति योगः। तत्राशनाद्यशनपानप्रभृतिकं वस्तु यदित्यनिर्दिष्टस्वरूपं स्थापयति न्यस्यति धारयतीत्यर्थो दात्री (त्रीति)गम्यते साधुकृते यतेरर्थाय यत्तदोर्नित्यायोगात्तदशनादि

ગૃહસ્થ (પતિ) એમ બોલે કે 'યાવદર્થિકઅશનાદિ તો આમને પુરું નહિ થાય. તેથી બીજું પણ રાન્ધ જેથી આમને આપી શકાય.' આવું બોલતા સાંભળીને 'આ ઘર યાવદર્થિકમિશ્ર' છે, એમ સાધુઓ મિશ્રજાતને જાણી શકે.।।૩૭।।

**અવતરણિકા** :- આ પ્રમાણે મિશ્રજાતદ્વાર પુરું થયું. હવે સ્થાપનાદ્વારને કહેવાની ઈચ્છાથી તેના ભેદો જણાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **सट्ठाणपरट्ठाणे** = સ્વસ્થાન અને પરસ્થાન, **परंपराणंतरं** = પરંપર અને અનંતર, **चिरित्तरियं** = થોડાકાળનું અને લાંબાકાળનું , **दुविहतिविहावि** = આધાર, દ્રવ્ય અને કાલે કરીને ત્રણ પ્રકારના બબ્બે ભેદો, **ठवणा** = સ્થાપના, **असणाइ जं** = અશનાદિ જે, **ठवइ** = જુદા મૂકી રાખે, **साहुकए** = સાધુને માટે.।।૩૮।।

**મૂળગાથા-ગાથાર્થ** :- ગૃહસ્થ સાધુને આપવામાટે જે અશનાદિ જુદા રાખી મુકે તે અશનાદિ સ્થાપનાદોષવાળા કહેવાય છે. તે સ્થાપના આધાર, દ્રવ્ય અને કાલભેદે કરીને ત્રણ પ્રકારની બને છે અને તે દરેકના પાછા બે બે ભેદો છે એટલે સ્વસ્થાનસ્થાપના, પરસ્થાનસ્થાપના, પરંપરસ્થાપના, અનંતરસ્થાપના, ચિરકાલસ્થાપના અને ઈત્વરકાલસ્થાપના એમ સ્થાપનાનાં કુલ છ ભેદો છે.।।૩૮।।

**● સ્થાપનાનું સ્વરૂપ અને તેના ભેદો ●**

**વ્યાખ્યાર્થ** :- 'सट्ठाण-परट्ठाणे' = સ્વસ્થાન-પરસ્થાને. સ્વસ્થાન એટલે 'चुल्ली' = ચૂલો અને 'उखा' = ચૂલાની બાજુમાંનો નાનોચૂલો વગેરે. પરસ્થાન એટલે 'सुस्थित' = ગોખલો વગેરે સ્થાનવિશેષ અને 'छव्वक' = શીંકુ વગેરે. આ પ્રમાણે સ્વસ્થાન અને પરસ્થાન સ્વરૂપ આધારમાં. આનો અન્વય ગાથાના ચોથાપાદ સાથે કરવો. તે જ બતાવતા કહે છે, 'असणाइ जं ठवइ साहुकाए ठवणा' = તે સ્થાનવિશેષમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्थापनोच्यते। तत्र साधवे इदं दास्यामीत्येवं विचिन्त्य कञ्चित्कालं यावत् स्थापितत्वात्, स्थाप्यत इति स्थापना स्थापनं वा न्यसनं स्थापना, तद्योगादशनाद्यपि, कीदृशं सदशनादीत्याह। 'परंपराणंतरं'ति अपरापरदध्यादिपर्यायसंतानः परंपरस्तत्संबन्धात् परंपरं क्षीराद्युच्यते। तथा न विद्यते अन्तरं पर्यायान्तर-लक्षणो विशेषो यस्य तदनन्तरं घृताद्यभिधीयते अनयोः समाहारद्वन्द्वस्तत् परम्परस्वरूपमनन्तर स्वरूपं चेत्यर्थः। भावार्थो वक्ष्यमाणः। पुनः किं विशिष्टं स्थापयतीत्याह 'चिरित्तरियं' ति, चिरं च दीर्घकालं इत्वरं चाचिरं स्तोककालमित्यर्थश्चिरेत्वरम्, ततश्चिरकालमचिरकालं च यावद्दानाय दात्री यत् स्थापयति तच्चिराचिरकालावस्थापितत्वयोगादशनाद्यपि चिरेत्वरमिति। भावार्थस्तु वक्ष्यमाणः। इत्येवं 'दुविहतिविहा वि ठवण'त्ति, त्रिधाप्याधारद्रव्यकालोपाधिभेदात् त्रिप्रकारापि, न केवलमेकधा द्विधा वेत्यपेरर्थः। किमित्याह द्विविधा प्रदर्शितस्वस्थानादिभेदेन द्विप्रकारा स्थापना भवति। 'असणाइ जं ठवइ साहुकए'त्ति, पुनरेकैका स्वस्थानपरस्थानपरम्परानन्तरचिरेत्वरभेदा(द्) द्विधा। तत्र 'सट्ठाण परट्ठाणे असणाइ जं ठवइ साहुकए' इत्यनेनाऽऽधारमात्रे सामान्याशनादेः स्थापितत्वमाश्रित्य

---

દાત્રી જે કાંઈપણ અનિર્દિષ્ટસ્વરૂપ = એટલે કે રોટલી કે ભાતવગેરે કોઈપણ અશનાદિ = અશન-પાન વગેરે સાધુમાટે સ્થાપી રાખે = ધારી રાખે. યત્-તદ્ નો નિત્ય યોગ = સંબંધ હોવાથી, જે સ્થાપી રાખે તે અશનાદિ સ્થાપના કહેવાય એમ જાણવું.

તે સ્થાન વિશેષમાં, 'આ હું સાધુને આપીશ' એમ ચિંતવીને કેટલાક સમય સુધી સ્થાપ્યું હોવાથી તેને સ્થાપના = ન્યસન કહેવાય છે. તે સ્થાપનાનો સંબંધ અશનાદિની સાથે હોવાથી એ આહારાદિ પણ સ્થાપના કહેવાય છે. તે આહારાદિ કેવાપ્રકારના હોય ત્યારે સ્થાપના બને છે ? તે કહે છે.

'परंपराणंतर' = 'परंपरानन्तरं' = બીજા-ત્રીજા દિવસે દૂધ દહીં વગેરેમાં જે પર્યાય = ફેરફારની પરંપરા ચાલવી તેને પરંપરા કહેવાય એટલે કે દૂધમાંથી દહીં, દહીંમાંથી માખણ-છાશ, માખણ-છાશમાંથી ઘી ઈત્યાદિ. પરંપરાના સંબંધથી દૂધવગેરેને પરંપર સ્થાપન કહેવાય છે. તેમજ, જેમાં ફેરફાર થતો નથી તે અનંતર કહેવાય છે. તે ઘી વગેરે હોય છે. આ બન્નેના સમાહારદ્વન્દ્વથી 'પરંપરાનંતર' શબ્દ બને છે. એટલે પરંપરસ્વરૂપવાળું અને અનંતરસ્વરૂપવાળું અશનાદિ થયું. આનો ભાવાર્થ હવે આગળ કહેવાશે.

વળી, કેવા પ્રકારના આહારાદિ સ્થાપે તે કહે છે- 'चिरित्तरियं' 'चिरेत्वरम्'. 'चिरं' = લાંબોસમય, 'इत्वरं' = ટૂંકોસમય. દાત્રી દાનમાટે લાંબાસમયમાટે કે થોડાસમયમાટે જે સ્થાપી રાખે તેને ચિરકાળ-અચિરકાળ = ઈત્વરસ્થાપના કહેવાય છે. અને એવી સ્થાપનાપણાના યોગે આહાર પણ ચિરકાળ કે અચિરકાળસ્થાપના કહેવામાં આવે છે. આનો ભાવાર્થ હવે આગળ કહેવાશે.

'दुविह-तिविहा वि ठवणां' = 'द्विविध-त्रिविधाऽपि स्थापना' આધાર, દ્રવ્ય અને કાળની ઉપાધિ ભેદથી ત્રણપ્રકારની પણ સ્થાપના સંભવે છે. કેવલ એકપ્રકાર કે બેપ્રકારના જ ભેદ સંભવે છે એવું નથી. આમ, 'अपि' શબ્દનો અર્થ જાણવો. કયા તે બે પ્રકાર ? તે જણાવે છે, ઉપર બતાવેલ સ્વસ્થાનાદિ ભેદથી બે પ્રકારે સ્થાપના થાય છે. હવે ત્રણ પ્રકાર બતાવે છે. 'असणाइ जं ठवइ साहुकाए' =

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वस्थानस्थापना परस्थानस्थापनेत्याधारोपाधिकं भेदद्वयमुक्तम्। तथा परम्परानन्तरमित्यनेन परम्परस्थापनाऽनन्तरस्थापनेति परम्परानन्तररूपद्रव्योपाधिकं तदुक्तम्। चिरेत्वरमित्यनेन च चिरस्थापना इत्वरस्थापना चेति कालोपाधिकमित्येवं प्रकारत्रयेण द्वैविध्यं सकलस्थापितभेदसंग्राहकं स्थापनाया भवति। नवरमित्वरस्थापना प्रज्ञापनामात्रमेव न तु परिहार्येति वक्ष्यति। चिरस्थापना तु परम्परानन्तरस्थापनाभेदान्तर्वर्त्तिनी (न) पृथग्भवतीति तेन परम्परानन्तरस्थापनयोश्चिरस्थापनात्वमेव ज्ञातव्यमिति गाथार्थः।।३८।।

**अवतरणिका**— अथ स्वस्थानादिस्वरूपं व्याख्यातुमाह।

**मूलगाथा— चुल्लुक्खाइ सट्ठाणं, खीराइ परंपरं घयाइयरं।**
**दव्वट्ठिइं जाव चिरं, अचिरं तिघरंतरं कप्पं।।३९।।**

**संस्कृतछाया— चुल्ल्युखादि स्वस्थानं, क्षीरादि परंपरं घृतादीतरत्।**
**द्रव्यस्थितिं यावच्चिरमचिरं त्रिगृहान्तरं कल्प्यम् ।।३९।।**

'अशनादि यत्स्थापयति साधुकृते' = ઉપર બતાવેલ આધારાદિ જે ત્રણ ભેદ છે. તે દરેકના સ્વસ્થાન-પરસ્થાન, પરમ્પરા-અનન્તર, ચિર-ઈત્વર ભેદથી બે-પ્રકારે થાય છે. એટલે કે બે ના જોડકાવાળા ત્રણ પ્રકારો થાય છે. તેને વિસ્તારથી બતાવે છે. 'सट्ठाणपरट्ठाणे असणाइ जं ठवइ साहुकए' = 'स्वस्थान-परस्थानेऽशनादि यत्स्थापयति साधुकृते' = માત્ર આધાર ચૂલાવગેરેને વિશે સામાન્યઅશનાદિની સામાન્ય એટલે વિશેષ વિવક્ષાવગરનું કોઈપણ અશન સ્થાપનાને આશ્રયીને [1]સ્વસ્થાન-સ્થાપના અને [2]પરસ્થાન-સ્થાપના. એમ આધારસંબંધી બે ભેદ પ્રથમજોડકાના બતાવ્યા, તથા 'परम्परानन्तर' = [1]પરંપર-સ્થાપના અને [2]અનન્તર-સ્થાપના. એમ પરમ્પરાન્તરરૂપ દ્રવ્યસંબંધી બે ભેદ બીજાજોડકાના બતાવ્યા, તેમજ 'चिरेत्वरं' = [1]ચિર-સ્થાપના અને [2]ઈત્વર-સ્થાપના. એમ કાળસંબંધી બે ભેદ ત્રીજાજોડકાના બતાવ્યા. આ રીતે ત્રણે પ્રકારોના બધાજ સ્થાપના ભેદોને સંગ્રહ કરતા બે-બેના જોડકાઓ સ્થાપનાના બને છે.

આટલું વિશેષ સમજવું કે જે ઈત્વરસ્થાપના છે તે તો જણાવવા પુરતી જ છે. પણ એ પરિહાર = ત્યાગ કરવામાટે નથી. ચિર-સ્થાપના તો પરંપર-અનન્તરસ્થાપનાના ભેદમાં જ રહેલી છે. છતાંય એ અલગ નથી. માટે પરમ્પરસ્થાપના અને અનન્તર-સ્થાપના એ ચિરસ્થાપના જ જાણવી. આમ સ્થાપનાના દ્વારો જાણવા.।।૩૮।।

**અવતરણિકા** :- હવે સ્વસ્થાન-સ્થાપનાવગેરેના સ્વરૂપની વ્યાખ્યા કરે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **चुल्लुक्खाइ** = ચૂલો તથા વાસણ વિગેરે, **सट्ठाणं** = સ્વસ્થાનસ્થાપના, **खीराइ** = દૂધવિગેરે, **परंपरं** = પરંપરસ્થાપના, **घयाइ** = ઘી વિગેરે, **इयरं** = ઈતર એટલે અનંતરસ્થાપના, **दव्वठिइ** = દ્રવ્યની સ્થિતિ એટલે કાળ, **जाव** = જ્યાંસુધી, **चिरं** = ચિરકાલસ્થાપના, **अचिरं** = અચિર એટલે ઈત્વરકાલસ્થાપના, **तिघरंतरं** = ત્રણઘરસંબંધી, **कप्पं** = કલ્પ્ય થાય.।।૩૯।।

**મૂળગાથા-ગાથાર્થ** :- અશનાદિનું ચુલો વગેરે તથા ભાજન વગેરે સ્વસ્થાન છે. કારણ તેને ચૂલા ઉપર ભાજનમાં પકાવવામાં આવે છે. ઉપર જણાવ્યાથી વિપરીત શીકુંવગેરે પરસ્થાન કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 स्वस्थान-परस्थानस्थापनास्वरूपम् 卐

**व्याख्या-** चुल्ल्युखे अधिश्रयणीस्थालीरूपे आदिर्यस्य आधारभूतवस्तुनः तच्चुल्ल्युखादि चुल्ल्यादि उखादीति दृश्यं। तत्र प्रथमादिशब्देनावल्हको ग्राह्यः द्वितीयेन चरुकपिठरादीनि तदिदं चुल्ल्युखादि, किमित्याह स्वस्थानं निजाश्रयो भण्यते। अयमत्रभावार्थोऽशनादेः स्वस्थानं द्विधा भवति। स्थानस्वस्थानं भाजनस्वस्थानं च तत्र चुल्ल्यवल्हकादिकम् तिष्ठत्यस्मिन् स्थालीति स्थानमाधारस्तद्रूपं स्वं निजमाहार-पाकस्य स्थानं स्थानस्वस्थानमुच्यते। स्थाली चरुकपिठरादिकं च भाजनस्वस्थानमिति। तथा स्वस्थान-विलक्षणाश्रयश्च परस्थानमिति सामर्थ्यादनुक्तमपि दृश्यम्। तत्र स्वस्थानात्परमन्यद्विलक्षणं स्थानमा-

---

તેથી ચૂલાઉપર તથા ભાજનમાં જે અશનાદિ રાખી મૂકવામાં આવે તેને સ્વસ્થાનસ્થાપના અને જે અશનાદિને શીંકુવગેરેમાં મૂકવામાં આવે તેને પરસ્થાનસ્થાપના કહેવામાં આવે છે.

જે દ્રવ્યો વિકારી છે તે સાધુને આપવા માટે ગૃહસ્થ જો રાખી મૂકે તો તેને પરંપરસ્થાપના કહેવામાં આવે છે અને અવિકારી ઘી, ગોળ, સાકર વગેરે દ્રવ્યો રાખી મૂકે તો તેને અનંતરસ્થાપના કહેવામાં આવે છે.

સાધુને આપવા માટે ગૃહસ્થ જે દ્રવ્ય, ઘી વગેરે તેના સ્વરૂપમાં ફેરફાર થયા વગર જ્યાંસુધી રહી શકે ત્યાંસુધી તેને રાખી મૂકે તે ચિરકાલસ્થાપના કહેવાય છે. હારબંધ રહેલા ઘરોમાંથી સાધુ જ્યારે એક ઘરેથી ભિક્ષા લેતો હોય ત્યારે તે સાધુની સાથેનો બીજો સંઘાટક સાધુ પાસેના બે ઘરોમાં દોષનો ઉપયોગ રાખી શકે તેવા ઘરોમાં ગૃહસ્થ જે અશનાદિ લઈને ઊભો રહે તે ઈત્વર-સ્થાપના કહેવાય. અને ત્યાંસુધીનો ઘરમાં સાધુ ઉપયોગ રાખી શકવાથી ત્યાંરહેલ વસ્તુ સાધુને લેવી કલ્પી શકે. પરન્તુ તેથી આગળના ચોથાઘરમાં જો ગૃહસ્થ લઈને ઉભો રહ્યો હોય તો કલ્પી શકે નહિ.

## • સ્વસ્થાન-પરસ્થાનસ્થાપનાનું સ્વરૂપ •

**વ્યાખ્યાર્થ** :- 'चुल्ली' = 'अधिश्रयणी' = ચૂલો, 'उखा' = 'स्थाली' = તપેલી, જે આધારભૂત વસ્તુઓની આદિમાં ચૂલો-તપેલી વગેરે છે તે 'चुल्ल्युखादि' કહેવાય. એટલે કે 'चुल्ल्यादि' = ચૂલોવગેરે. અને 'उखादि' = તપેલીવગેરે, એમ સમજવું. તેમાં પ્રથમ (चुल्ल) 'आदि' શબ્દથી સગડી-સ્ટવ (Stove-Gas) વગેરે લેવા તેમજ બીજા (उखा) 'आदि' શબ્દથી 'चरुक-पिठरादि' લેવા. તે આ 'चुल्लयुखादि' કહેવાય. ચરૂ એટલે આહાર કે પાણી રાંધવાનું કે રાખવાનું એક ધાતુનું સાધનવિશેષ અને 'પિઠર' એટલે પણ એક આહાર કે પાણી રાંધવાનું કે રાખવાનું માટીનું સાધનવિશેષ. 'चुल्ल्युखादि' શું છે? તો કહે છે કે 'सट्ठाणं' = 'स्वस्थानं' = એ સ્વસ્થાન = પોતાના = આહારનો આશ્રય કહેવાય છે.

અહીં ભાવાર્થ આ જાણવો, અશનાદિનું સ્વસ્થાન બે પ્રકારે થાય છે. (૧) સ્થાન-સ્વસ્થાન અને (૨) ભાજન-સ્વસ્થાન (૧) જ્યાં તપેલીવગેરે રાંધવાનું કોઈપણ સાધન રહે તેને સ્થાન કહેવાય છે = આધાર કહેવાય છે. તે આધારરૂપ પોતાનું જે સ્થાન એટલે કે આહાર પકાવવાનું જે સ્થાન ચૂલો-સગડી-વર્તમાનમાં ગૅસનો ચૂલો વગેરે, તેને સ્થાન-સ્વસ્થાન કહેવાય છે. અહીં ધ્યાન રહે કે સ્થાન એટલે આધાર, સ્થાન-સ્વસ્થાન કહો કે આધારસ્વસ્થાન કહો બન્ને એકાર્થક છે. (૨) મૂળ જેમાં રાંધ્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्रयः परस्थानम्। तच्च सुस्थितादिप्रदेशान्तराश्रयरूपं छप्पकपडलिकावारकादिरूपं च ज्ञेयमेतदप्याधार-भाजनभेदाद् द्विविधमिति। स्थापनायोजना तु प्रागेव दर्शिता।

卐 परम्पराऽनन्तरस्थापनायाः स्वरूपम् 卐

अधुना परम्परस्थापनाऽनन्तरस्थापनाख्यं भेदद्वयं व्याख्यातुकामः परम्परानन्तरशब्दवाच्यमाह 'खीराइ परंपरं घयाइयरं'ति, इह स्थापनाविषयाण्यशनादीनि द्रव्याणि द्विधा भवन्ति विकारीण्यविकारीणि च, विकारोऽपि केवलानां सतां स्यात् द्व्यादिद्रव्यसंयोगे सति वा। तत्र केवलविकारिद्रव्यं खीरं दधिनवनीतमस्तुतक्रादिविकारयोग्यत्वात्। तथेक्षुरसश्च विकारिद्रव्यं द्रवगुडपिण्डगुडखण्डशर्करा-

---

હોય તે તપેલી, ચરુ, પિઠર વગેરે ભાજન-સ્વસ્થાન કહેવાય છે.

હવે (૧) સ્થાન-પરસ્થાનને તથા (૨) આધાર-પરસ્થાનને જણાવે છે. સ્વસ્થાન કરતા જે જુદું-વિલક્ષણઆશ્રય હોય તે સ્થાન-પરસ્થાન છે. આમ તો મૂળસૂત્રમાં સ્થાન-પરસ્થાન કે આધાર-પરસ્થાનની વાત કરી નથી છતાં પણ સામર્થ્યથી આગળ પાછળના સંદર્ભથી જાણી લેવી.

(૧) સ્થાન-પરસ્થાન એટલે ગોખલો વગેરે જાણવા. (એટલે કે જ્યાં રાંધ્યું હોય તેનાથી બીજું કોઈસ્થાને ગોખલો વગેરે) (૨) ભાજન-પરસ્થાન-જેમાં રાંધ્યું હોય તેનાથી બીજુંકોઈ આશ્રયરૂપ છપ્પક, પડલિકા, વારકવગેરે ભાજનવિશેષ. 'छप्पक' ઉપર છતમાં લટકાડાતું ૩-૪ ડબ્બા-ડબ્બી રહી શકે એવું ત્રિકોણ કે ચોરસ, ત્રણ કે ચાર સળિયાથી યુક્ત એવું શીંકુ. 'पडलिका' = રોટલી, રોટલા વગેરેને કપડામાં વીંટાળી રાખે તે રાખવાનો ડબ્બો (ગરમો). 'वारक' = નાનીઘડી-લોટો વગેરે.)

ટૂંકમાં (૧) સ્થાન-સ્વસ્થાન – જે ચૂલાદિ પર તપેલીઆદિ મૂકીને રાંધ્યું હોય તે.

(૨) ભાજ-સ્વસ્થાન – જે તપેલી વગેરેમાં રાંધ્યું તે તપેલી વગેરે.

(૩) સ્થાન-પરસ્થાન – જે ચૂલાઆદિ પર રાંધ્યું ત્યાંથી ઉઠાવી બીજે ગોખલાવગેરે પર મૂકે તે.

(૪) ભાજન-પરસ્થાન – જે તપેલીવગેરેમાં રાંધવામાં આવ્યું તેમાંથી કાઢી બીજા ભાજન = છપ્પક, પડલિકા, વારકાદિમાં મૂકે તે.

ઉપરના ચારેય પ્રકારોમાંથી કોઈપણ પ્રકારે સાધુમાટે જે રાખે તેને સ્થાપના કહેવાય છે. સ્થાપનાના બધાજ પ્રકારોમાં આ પ્રમાણેની સ્થાન-સ્વસ્થાનાદિની વ્યાખ્યા સમજી લેવી.

**● પરંપર-અનન્તર સ્થાપનાનું સ્વરૂપ ●**

હવે, પરંપરસ્થાપના અને અનન્તરસ્થાપનાનામક બે ભેદોને જણાવવાની ઈચ્છાવાળા ટીકાકાર શ્રી પરંપર અને અનંતર શબ્દથી જે વાચ્ય છે = જે પદાર્થ કહેવાયોગ્ય છે તે કહે છે. 'खीराई परंपरं घयाइयरं ' = 'क्षीरादि-परंपरं'.. આમાં સ્થાપનાના વિષય બનતા અશનાદિ દ્રવ્યો બે પ્રકારે છે.. (૧) વિકારી દ્રવ્યો (૨) અવિકારી દ્રવ્યો.

(૧) વિકારી દ્રવ્યોમાં થતો વિકાર પણ બે રીતે થાય છે. (અ) 'केवलविकारी द्रव्य' = માત્ર મૂળદ્રવ્યોનો વિકાર થાય. (બ) બેવગેરે દ્રવ્યોના સંયોગે વિકાર થાય.

(અ) કેવલવિકારી દ્રવ્યમાં દૂધ અને ઈક્ષુરસ આવે. કારણ કે દૂધમાંથી દહીં, માખણ, મસ્તુ =

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दिविकारयोग्यत्वात्। द्व्यादिद्रव्यसंयोगविकारिद्रव्यं करम्बादिकं, करंबको हि प्रथमे दिने मधुरः सन् द्वितीयादिदिनेषु कोथाम्लादिकं विकारं भजते। तथा द्वित्र्यादिदिनसत्कानि नवनीतमस्तुतक्रादीन्यपि कोथाम्लादिरूपविकारभाजित्वाद्विकारीणि। अविकारिद्रव्यं च घृतगुडादिकं प्रकृतेरन्यथाभावरूपस्य विकारस्याभावात्। तद्धि दुग्धेक्षुरसादिकं सत्कर्त्रा स्वयोगेन दधिकक्कबादिविकारैस्तावद्विकारं चानीतं यावद्घृतगुडादि स्थित्वा स्थितं, परतोऽपि विकारो नास्तीत्यविकार्युच्यते। तदत्र परम्परशब्दवाच्यं सर्व्वं विकारिद्रव्यं क्षीरादिकमनन्तरशब्दवाच्यं चाविकारिद्रव्यं घृतादिकं विज्ञेयम्। अत एवोक्तम् 'खीराइ परंपरं घयाइयरं' ति। तत्र खीरं दुग्धं तदादिर्यस्यादिशब्दादिक्षुरसादिद्रव्यग्रहस्तत् क्षीरादि 'परम्परं'ति दधिम्रक्षणकक्कबादिघृतगुडान्तपर्यायरूपावस्था परम्परा परम्परः स च यस्यास्ति क्षीरादेस्त-द्दध्यादिपर्यायपरम्परान्वितत्वात् परम्परं भण्यते। इह च स्थापनया प्रस्तुतं ततः क्षीरादिविकारिद्रव्येषु

ખાટીમલાઈ - માખણવાળી છાશ, કોરી છાશવગેરે વિકારો થઈ શકે છે, અને ઈક્ષુરસમાં દ્રવગુડ = ઢીલોગોળ, **'पिण्डगुड'** = પાકોગોળ, **'खण्ड'** = ખડીસાકર, **'शर्करा'** = ઝીણીસાકર વગેરે વિકાર થઈ શકે છે.

(બ) બે વગેરે દ્રવ્યના સંયોગથી વિકાર પામતા વિકારી દ્રવ્યમાં **'करंबादिक'** = કરંબો વગેરે આવે. કરંબો એટલે છાશમાં મેળવેલ ભાત વગેરે દ્રવ્યનું મિશ્રણ. કરંબો એ પહેલા દિવસે મધુર હોય છે, પછી બીજા-ત્રીજા દિવસે **'कोथाम्लादिकं'** = કહોવાઈ જવું અથવા ખાટું પડી જવું વગેરે રૂપ વિકારને પામતા હોવાથી તે પણ વિકારી દ્રવ્ય છે.

તથા બે-ત્રણ દિવસ થયા હોય તેવા માખણ, ખાટી મલાઈ, તક્ર વિગેરે પણ કહોવાવું કે ખાટું પડીજવું વિગેરે સ્વરૂપ વિકારો પામનારા છે તેથી તે દ્રવ્યોપણ વિકારી છે.. (આ દ્રવ્યના વિકારો અન્ય દ્રવ્યના સંયોગથી થતાં નથી તેથી કેવલવિકારીદ્રવ્ય ગણી શકાય એમ લાગે છે.)

(૨) ઘી અને ગોળ વગેરે એ અવિકારી દ્રવ્યો છે. એટલે કે **'प्रकृति'** = મૂળસ્વરૂપથી અન્યથાભાવ-બીજાસ્વરૂપે વિકાર થઈ શકે નહિ. **'सत्कर्ता'** = જાણકાર કર્તા, પોતાને માટે દૂધ-શેરડીરસ વગેરેને દહીં - **'कक्कब'** = ઈક્ષુરસની ચાસણી જેવો કાચોગોળ વગેરે વિકારો દ્વારા ત્યાંસુધી એમાં વિકાર પમાડે કે જ્યાંસુધી એ ઘી અને ગોળરૂપે બની જાય. હવે આગળ એનો વિકાર થતો નથી. એવા આ દ્રવ્યોને અવિકારી દ્રવ્ય કહેવાય છે. અહીં પરમ્પરશબ્દથી દૂધવગેરે તમામ વિકારીદ્રવ્યો જાણવા અને અનન્તરશબ્દથી ઘીવગેરે તમામ અવિકારીદ્રવ્યો જાણવા. આ કારણથીજ મૂળગાથામાં કહ્યું કે **"खीराइ परंपरं घयाइयरं"** એટલે કે દૂધ વગેરે છે આદિમાં જેને, તે દૂધ વગેરે પરંપર છે. **'आदि'** શબ્દથી ઈક્ષુરસ વગેરનું ગ્રહણ કરવું. તથા, દહીં, મ્રક્ષણ = માખણ, ઈક્ષુરસની ચાસણી જેવો કાચોગોળ વગેરેની વચ્ચેના પર્યાયરૂપ અવસ્થાને પરંપરા કહેવાય છે. દૂધાદિ એ દહીંવગેરે પર્યાયની પરંપરાથી યુક્ત હોય છે. તેથી દૂધ વગેરેને પરમ્પરદ્રવ્યો કહેવાય છે.

અહીં, સ્થાપનાની વાત ચાલતી હોવાથી ખીર = દૂધવગેરે વિકારી દ્રવ્યોને વિષે પરમ્પર સ્થાપના થાય છે એમ જાણવું. જો કે અહીં માખણ-કાચોગોળની અવસ્થા છે જેમાં એવા દૂધ-ઈક્ષુરસ દ્રવ્યોની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परम्परस्थापना स्यादित्यर्थः। इह म्रक्षणकक्कबावस्थाद्रव्ययोः स्थापनाय घृतगुडत्वेन क्रियमाणयोस्ते-जस्कायादिविराधनादाधाकर्म्मदोषोऽपि स्यात् परमत्र नासौ विवक्षितः। एवमुत्तरत्रापि। 'घयाइयरं'ति घृतं सर्प्पिस्तदादिर्यस्य गुडादेस्तद्घृतादि, किमित्याह 'इयरं'ति द्वयोरुपात्तयोरेकस्यापेक्षया द्वितीयं प्रतियोगिवस्त्वितरदुच्यते। ततः परम्परानन्तरमित्युपात्तत्वात् परम्परवस्त्वपेक्षया इतरदनन्तरमनन्तर-शब्दवाच्यं भवतीत्यर्थः। तत्र न विद्यतेऽन्तरं विशेषो विशिष्टावस्थानं विकारापादनेन ततोऽपि परतो यस्य घृतगुडादेस्तदनन्तरम्। ततः स्थापनायाः प्रस्तुतत्वात् घृत्तगुडादिष्वविकारिद्रव्येष्व-नन्तरस्थापनाऽपि स्यादित्यर्थः। इह च घृतगुडादेः सर्वस्य सामान्येनानन्तरशब्दवाच्यत्वेऽपि घृतगुडा-दिकमत्र यत् प्रथमादिदिनेषु प्रभूतेष्वप्येकस्वरूपमेव स्थापितं तदेव ग्राह्यम्। यत्तु दुग्धेक्षुरसादि-

---

સ્થાપના માટે એ દૂધ અને ઈક્ષુરસને ઘી અને ગોળરૂપે કરવા જતા તેજસ્કાયાદિની વિરાધનાથી એમાં આધાકર્મનો દોષ પણ સંભવી શકે છે. પરન્તુ અહીં મુખ્યપણે સ્થાપનાની વાત ચાલતી હોવાથી સ્થાપના દોષની જ મુખ્યવાત કરવામાં આવી છે. આ વાત આગળ પણ સમજી લેવી. અર્થાત્ જે તે દોષ વખતે જે તે દોષની જ મુખ્યતા હશે. એમાં અન્તર્ગત આવતા અન્યદોષોની ગૌણતા હશે.

'घयाइयरं' = 'घृतादि-इतरत्' = 'घृत' = ઘી, ગોળ વગેરેની આદિમાં ઘી છે જેને તે 'घृतादि' છે. તે 'घृतादि' શું છે ? તે કહે છે, 'इयरं' = 'इतरत्' છે. 'ઇતરત્' શબ્દની વ્યાખ્યા જણાવે છે. ગ્રહણકરેલ બે વસ્તુમાંથી એકની અપેક્ષાએ બીજું જે પ્રતિયોગી = વિરુદ્ધવસ્તુ હોય તેને 'इतरत्' = 'अन्य' = જુદું = બીજું, કહેવાય છે. તેથી, પરંપર અને અનન્તર આમ, ગ્રહણકરેલ આ બે વસ્તુમાંથી પરંપરવસ્તુની અપેક્ષાએ જુદું જે અનન્તર છે, તે અનન્તર એ 'इतरत्' શબ્દથી વાચ્ય છે એટલે કે 'इतरत्' શબ્દ એ અનન્તર સ્થાપનાને બતાવનારું છે.

'अनन्तर' શબ્દની વ્યાખ્યા :- હવે આગળ ઘી-ગોળ વગેરેનું 'अनन्तर' એટલે કે વિશેષ = જુદારૂપે પરિણમવા સ્વરૂપે વિશિષ્ટાવસ્થાન જેમાં નથી તેને અનન્તર કહેવાય છે.

પ્રસ્તુતમાં સ્થાપનાની વાત હોવાથી ઘી-ગોળ વગેરે અવિકારીદ્રવ્યોને વિશે **'अनन्तरस्थापना'** પણ થાય છે એમ જાણવું. અહીં ટીકાકારે - 'घृतगुडादिष्वविकारिद्रव्येष्वनन्तरस्थापनाऽपि स्याद्' આ પંક્તિમાં 'अपि' શબ્દ એટલા માટે મૂક્યો કે, અવિકારીદ્રવ્યોમાં અનન્તર અને પરંપર એમ બન્ને સ્થાપના થઈ શકે છે. પ્રસ્તુતમાં અનન્તરની વાત કરી દીધી છે. આગળ પરમ્પરની વાત પણ કરશે, એવું જાણવું.

અહીં ઘી-ગોળવગેરે બધાનું સામાન્યથી અનન્તરશબ્દથી વાચ્યપણું હોવા છતાંય જે ઘી-ગોળ વગેરે પહેલાવગેરે દિવસથી માંડીને ઘણાં દિવસોસુધી એકસ્વરૂપે જ સ્થાપેલા હોય તેને જ ગ્રહણ કરવા એટલે કે ઘણાંદિવસોસુધી ઘી-ગોળવગેરે તે તે સ્વરૂપે જ સ્થાપ્યા હોય તેને જ અનન્તર તરીકે સમજવા. વળી, દૂધ ઈક્ષુરસાદિની સ્થાપનાબાદ પરંપરાના વિકારથી જે ઘી-ગોળઆદિ પ્રાપ્ત થયા તે પણ પરંપર જાણવા. 'अजातावस्थानन्तर' પદ લઈને અર્થ કરવો કારણ કે આગળની પંક્તિ તેવીજ રીતે બેસે છે.

**પ્રશ્ન** :- ઘી-ગોળ સ્વરૂપ છેલ્લા પર્યાયને યોગ્ય અર્થાત્ ઘી-ગોળ એજ છે છેલ્લો પર્યાય જેનો એવા દૂધ અને ઈક્ષુરસ વગેરે, જે દિવસે સ્થાપ્યા હોય તે જ દિવસે બીજારૂપે એટલે કે છાશ-કાચોગોળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्थापनपरम्पराविकारेणागतं तद् घृतगुडाद्यपि तं ज्ञेयम्। ननु घृतगुडयोः सम्बन्धिनां पाश्चात्यपर्यायान्तराणां योग्यं यद् दुग्धेक्षुरसादि यस्मिन् दिने स्थापितं तस्मिन्नेव जातावस्थान्तरं साधुना गृहीतं तस्य का वार्त्तेत्युच्यते। परम्परस्थापितयोग्यत्वात्तदपि परम्परस्थापितमेव। तदेवं घृतगुडादेर्द्वेऽपि स्थापने दुग्धेक्षुरसादीनां तु परम्परस्थापनैव।

**卐 परम्परस्थापनायाः संभवः 卐**

कथं पुनः क्षीरादिद्रव्यपरम्परस्थापना सम्भवतीति चेदुच्यते। केनचित् साधुना कस्याश्चिद् गृहस्थ्याः पार्श्वे याचितं दुग्धं। तया च क्षणान्तरे दास्यामीति प्रतिज्ञातम्। साधुना त्वन्यत्र लब्धम्। ततो दुग्धसम्पत्तौ स तयोक्तो, यथा गृहाणेदं दुग्धं तेनोक्तं अन्यस्मिन् गृहे मयाऽन्यल्लब्धम्। किन्तु ग्लानादिकार्ये त्वदीयं दुग्धं ग्रहीष्ये एवमाकर्ण्य च सा ऋणभीतेव चिन्तयति यथा अद्य तावत् साधुर्न गृह्णाति दातव्यं चैतदस्मै अन्यथा साधुऋणं दुर्मोक्षमिह परत्र च भविष्यतीतश्च विनश्वरत्वादित्थमेव धर्त्तुं न शक्यते दुग्धं तत इदं दधि कृत्वा श्वो दास्यामीत्येवं विचिन्त्य स्थापयति क्षीरम्। ततो

---

વગેરે રૂપે પરિણામ પામ્યા, અને સાધુએ ગ્રહણ કર્યા. તે અંગે શી વાત કરવી ? એટલે કે એને કઈ સ્થાપના કહેવી ?

**જવાબ** :- એમાં પરમ્પરસ્થાપનાની યોગ્યતા હોવાથી એને પણ પરમ્પરસ્થાપના કહેવાય છે. એટલે કે આમાં પર્યાયની પરંપરા થવાથી આને પણ પરમ્પરસ્થાપના જ કહેવાય. તેથી ઘી-ગોળની અનંતર-પરંપર બંનેય સ્થાપના ઘટશે. જ્યારે દૂધ-ઈક્ષુરસવિગેરેની પરંપરસ્થાપના જ ઘટશે.

**● પરંપરસ્થાપનાનો સંભવ ●**

**પ્રશ્ન** :- દૂધવગેરે દ્રવ્યોની પરમ્પરસ્થાપના શી રીતે સંભવે ?

**જવાબ** :- કોઈક સાધુએ કોઈક ગૃહીણી પાસે દૂધની યાચના કરી. તેણે થોડીવાર પછી આપવાનું કબુલ્યું.. એટલામાં સાધુને બીજે ક્યાંકથી દૂધ મળી ગયું. પછી તે ગૃહીણીએ સાધુને કહ્યું કે 'લ્યો આ દૂધ.' સાધુએ કહ્યું 'બીજાઘરેથી મને મળી ગયું છે, પરન્તુ ગ્લાન વગરેને માટે તમારું દૂધ ખપ હશે તો હું લઈ જઈશ.' આવું સાંભળીને તે ગૃહીણી આ દૂધ મેં સાધુને આપવાનું કબુલ્યું હોવાથી હું દેવાદાર બની છું એવી ગભરામણથી વિચારે છે કે 'આજે તો સાધુ આ દૂધ ગ્રહણ કરતા નથી, પણ મારે તો આ દૂધ આમને = સાધુને આપવું જ પડશે. અન્યથા સાધુનું ઋણ આભવમાં કે પરભવમાં ફેડવું ભારે પડશે. વળી, આ બાજું આ દૂધ જલ્દી બગડીજવાના સ્વભાવવાળું-વિનશ્વર હોવાથી, જ્યાંસુધી સાધુ ન આવે ત્યાં સુધીલાંબા કાળસુધી દૂધ રૂપેજ ધરી રાખી ન શકાય. માટે આનું દહીં કરીને આવતીકાલે આપી દઈશ.' આમ દૂધને સ્થાપી રાખે. પછી બીજે દિવસે સાધુને એ દહીં આપવા જતા સાધુએ ના લીધું. એટલે એ દહીંને છાશ-માખણ-ઘી રૂપે કરીને સ્થાપી રાખે. આ રીતે પરમ્પર સ્થાપના થઈ શકે છે. ઈક્ષુરસ વગેરે દ્રવ્યોમાં પણ આ જ પ્રમાણે પરમ્પરસ્થાપના જાણવી.

તે ગૃહીણીએ દહીં પછીના જે કાંઈપણ પર્યાયો કર્યા જેમકે છાશ-માખણ-ઘી કે એ ઘીથી બનેલ મીઠાઈ વગેરે તેને જો ગૃહસ્થ આત્માર્થિત = પોતાનામાટે કલ્પી લે તો સાધુ માટે એ શુદ્ધ = કલ્પ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

द्वितीये दिने दधि दीयमानं साधुना नेष्टम्। ततो म्रक्षणतक्रादितया कृत्वा स्थापयतीत्येवं परम्परस्थापनासम्भवः। एवमिक्षुरसादिष्वपि वाच्यम्। इदं चात्मार्थितं सत् सर्वपर्यायापन्नमपि शुद्ध्यतीत्याज्ञा। नवरं म्रक्षणघृते क्रियमाणेऽग्निविराधनाकृत आधाकर्म्मदोषोऽपि स्यात्तेन चात्मार्थितमपि तन्न शुद्ध्यतीति। एतदनुसारेण घृताद्यनन्तरस्थापनासम्भवोऽपि वाच्यः।

**卐 चिराऽचिरस्थापनायाः स्वरूपम् 卐**

तथा 'दव्वट्ठिइं जाव चिरं'ति द्रव्यस्य घृतगुडादेः साधुदानबुद्ध्या स्थापितस्य स्थितिर्विवक्षित-पर्यायेणावस्थानं स्वरूपाप्रच्युतिर्द्रव्यस्थितिस्तां यावन्मर्यादीकृत्य चिरस्थापितं स्यादेतच्चोत्कृष्टतो देशोनामपि पूर्वकोटिं यावत् सम्भवतीति। तथाहि किल पूर्वकोट्यायुषा अष्टवार्षिकेण साधुना पूर्वकोट्यायुष्का

---

છે.[1] આવી પરમાત્માની આજ્ઞા છે. પરન્તુ સાધુને ઉદ્દેશીને માખણનું ઘી કરતી વખતે અગ્નિ વિરાધનાના લીધે આધાકર્મદોષ, આરંભદોષ અને જીવહિંસાદોષ હોવાથી તે ઘી 'आत्मार्थ' હોવા છતાં શુદ્ધ નથી = અકલ્પ્ય છે.

આનો ભાવાર્થ આ છે કે સાધુએ જ્યારે દહીંની ના પાડી એટલે ગૃહિણીએ હવે સમજી ગઈ કે સાધુ વહોરવાના નથી. એટલે "આ સાધુને આપવું છે." એ રૂપે જે સ્થાપનાનો ભાવ હતો તે ઉડી ગયો = જતો રહ્યો. એટલે દહીં પછીના જે કાંઈ પણ માખણ-ઘી વગેરે પર્યાયો થયા. એ બધું 'આત્માર્થ' હોવાથી સાધુ માટે કલ્પ્ય છે. કારણ કે એમાં સામાન્યથી સ્થાપનાનો દોષ નીકળી ગયેલો હોય છે. એવી જિનાજ્ઞા છે. છતાં પણ સાધુને ઉદ્દેશીને માખણનું ઘી વગેરે કરીને સ્થાપી રાખવામાં અગ્નિ વિરાધનાના લીધે આધાકર્મનો દોષ પણ સંભવી શકે છે. માટે ઘી વગેરે સાધુને અકલ્પ્ય છે.

આજ રીતે ઘીવગેરેની અનન્તર-સ્થાપનાનો સંભવ પણ કહેવા યોગ્ય છે.

**• ચિર-અચિરસ્થાપનાનું સ્વરૂપ •**

આ રીતે પરંપર-અનંતરની વાત પૂરી થઈ. હવે ચિર અને ઈત્વર = અચિરસ્થાપનાની વાત કહે છે.

**ચિરસ્થાપના** :- 'दव्वट्ठिइं जाव चिरं' = 'द्रव्यस्थितिम् यावच्चिरं' = સાધુને દાનઆપવાની બુદ્ધિથી સ્થાપેલું ઘી-ગોળવગેરે દ્રવ્યની મર્યાદાયુક્ત કાળની સ્થિતિ એટલે કે જે રૂપે રાખ્યું હોય એજ રૂપે દ્રવ્યની જે સ્થિતિ જેમકે ગોળરૂપે સ્થાપ્યું હોય તો ગોળરૂપે જ રહે પણ એનું રૂપાંતર ન થયેલું હોય તેને ચિરસ્થાપના કહેવાય છે. આ ચિરસ્થાપના ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વકોટીવર્ષ સુધી પણ સંભવે છે. તે આ રીતે કે.

હાલ જેમની ઉંમર ૮ વર્ષની છે એવા પૂર્વકોટી આયુષ્યવાળા કોક બાળમુનિએ પૂર્વકોટી વર્ષ

---

૧. 'म्रक्षणं च घृतंच' = 'म्रक्षणघृते' કરવાથી અર્થ બેસતો નથી માટે 'म्रक्षनेन घृतं क्रियमाणं सति' એ પ્રયોગ લેવો વધુ ઉચિત લાગે છે. કારણ કે માખણ બનાવવા માટે અગ્નિનો ઉપયોગ થતો નથી તો 'માખણ અને ઘી કરતી વખતે એ કરતા માખણનું ઘી કરતી વખતે' એમ અર્થ કરવો વધારે યોગ્ય લાગે છે અને તેથી અર્થ સંગતિ બરાબર સમજી શકાય એમ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

काचिद् गृहस्थी घृतं याचिता। तयोक्तं क्षणान्तरे दास्यामीत्यादिपूर्वोक्तप्रकारेण यावत्साधोरायुस्तावत्तत्स्थापयित्वा घृतं मृते त्वन्यत्रोपयुक्तमिति गता स्थापना। तथा दधितक्रकरंबकादेश्च विनश्वरस्यैकद्व्यादिदिनमाना स्थितिस्तावच्च चिरस्थापनात्वं तदूर्ध्वं कोथाद्यापत्तौ बहिरुज्झनादिना स्थापनाया एवाभाव इति। अधुना अचिरस्थापनामाह 'अचिरकं तिघरंतरं'ति, इह पङ्क्तिस्थानां भिक्षाग्रहणविषयाणां त्रयाणां मध्याद्यस्य गृहद्वारे भिक्षार्थं साधुसङ्घाटक आस्ते तस्य भिक्षागृहद्वयस्य च द्वितीयसाधोर्दृष्टिगोचरस्य यदन्तरं व्यवधानं तत्त्रिगृहान्तरं, तत्र यदशनादि तदपि तथा, ततस्त्रिगृहान्तरं यदशनादि तद् 'अचिरं'ति अचिरस्थापितं स्यादिति। अयमर्थो यावता कालेन गृहत्रयान्तराद्दायको हस्तव्यवस्थितभक्तो ग्राहकसाधुसमीपमागच्छति तावन्तं कालं यदशनादि साधुदानाय दायककरव्यवस्थितं

---

આયુષ્યવાળી ગૃહસ્થી પાસે ઘીની યાચના કરી. તેણે કહ્યું 'થોડીવાર પછી આપું છું' અને પૂર્વોક્ત પ્રમાણે સાધુનું જ્યાંસુધી આયુષ્ય હતું ત્યાંસુધી ઘીને સ્થાપી રાખ્યું સાધુને બીજેથી ઘી મળી ગયું અને ગૃહિણીએ સાધુનું ઋણ છે એમ સમજીને ઘીને સ્થાપી રાખ્યું. એ સાધુના કાળધર્મબાદ એ ઘી બીજા કોક કાર્યના ઉપયોગમાં આવી ગયું. એટલે પછી એ સ્થાપના જતી રહી. આમ ૮ વર્ષ ન્યૂન = દેશોનપૂર્વકોટીવર્ષ સુધી સ્થાપના થઈ શકે છે.

આ પ્રમાણે ચિરસ્થાપનામાં ઘી-ગોળ વગેરે અનન્તરસ્થાપનાને વિશે ઉત્કૃષ્ટકાલની વાત ઉપર કરી દીધી છે. હવે ચિરસ્થાપનામાં દૂધ-વગેરે પરમ્પર સ્થાપનાને વિશે ઉત્કૃષ્ટકાલને બતાવે છે.

દહીં, છાશ, કરંબોવગેરે વિનશ્વર પદાર્થોની, જે સ્વરૂપે છે તે જ સ્વરૂપે રહેવાની ઉત્કૃષ્ટસ્થિતિ માત્ર એક કે બે દિવસની જ હોય છે. માટે તેની ચિરસ્થાપના ૧ કે ૨ દિવસ પૂરતીજ રહે છે. તે પછી તો એમાં કોહવાઈ કે બગડીજવું વગેરે આપત્તિઓ આવી પડતા અને બહાર ફેંકી દે વગેરે દ્વારા સ્થાપનાનો જ અભાવ થઈ જાય છે.

આમ ચિરસ્થાપનાની વાત કહી. હવે અચિરસ્થાપનાની વાત જણાવે છે.

**અચિરસ્થાપના** :- 'अचिरं तिघरंतरं' = 'अचिरम् त्रिगृहान्तरम्' = ભિક્ષાગ્રહણને વિષય બનતા એટલે કે ગોચરીમાટે ઉપયોગી બનતા એકજ પંક્તિમાં રહેલ ત્રણ ઘરમાંથી જે ઘરના દ્વારે ભિક્ષા માટે સાધુસંઘાટક રહેલ છે. તે સંઘાટકમાંથી એકસાધુ તો ગોચરી લેવામાં લાગેલા છે. પરન્તુ બીજા સાધુને દૃષ્ટિનો વિષય બનતા = સ્પષ્ટરૂપે દેખાતા તે ઘર અને આજુબાજુના શેષ બે ઘર વચ્ચેનું જે અન્તર, તેને 'ત્રિગૃહાન્તર' એટલે કે "ત્રણ ઘર વચ્ચેનું અન્તર" કહેવાય છે. અથવા ગોચરીને વિષયભૂત બનતા ત્રણ ઘરના આન્તરામાંથી ગ્રહણકરેલ અશનાદિ(ગોચરી)ને પણ "त्रिगृहान्तर अशनादि" કહેવાય છે. આ ત્રિગૃહાન્તરના અશનાદિની અચિરસ્થાપના થાય છે. "ત્રિગૃહાન્તર" નો ભાવાર્થ આ છે કે - દાયક જેટલા કાળવડે ત્રણઘરની અંદરથી હાથમાંભોજનવાળો દાયક ગ્રહણકરનાર સાધુપાસે આવે તેટલા કાળ સુધી જે અશનાદિ સાધુના દાનમાટે દાતાના હાથમાં સ્થાપીને રહેલું હોય છે તે (આહારાદિ) સાધુ લે તો ત્યારે એ ઓછાસમયનો વિષય બનવાથી એ અચિરસ્થાપનાવાળું થાય છે.

જો કે આ અચિરસ્થાપના તો જણાવવા (પ્રજ્ઞાપના) પૂરતીજ છે પરન્તુ પરિહાર = ત્યાગરૂપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वर्त्तते तद्यदि तदा लब्धं तदा इति स्तोककालविषयत्वादचिरस्थापनावत्तत्स्यादेतच्च प्रज्ञापनामात्रेणै-वाचिरस्थापनोच्यते न तु परिहार्यतया अत एवाह 'कप्पं'ति कल्प्यं ग्राह्यं स्यादाचरितत्वाद् गृहत्रय-विषयाचीर्णाभ्याहृतवत्।

## 卐 अचिरस्थापना-गृहत्रयविषयाऽभ्याहृतयोर्भेदः 卐

अथास्येत्वरस्थापितस्य गृहत्रयविषयाभ्याहृतस्य च वक्ष्यमाणस्य तुल्यलक्षणत्वात् कः प्रतिविशेषः? उच्यते, इह कालविवक्षा तत्र तु गृहत्रयापान्तराललक्षणक्षेत्रविवक्षेति विशेषः अनेन च त्रिगृहान्तर-स्याशनादेरचिरस्थापनात्वभणनेन गृहत्रयात् परतश्चतुर्थगृहादिषु यदुत्क्षिप्य दात्र्या हस्ते व्यवस्थापितं साधुदानायाशनादि तच्चिरकालं दायककरव्यवस्थितत्वाच्चिरस्थापना स्यादिति सामर्थ्यादुक्तं भवति। चतुर्थादिषु हि गृहेषु युगपदुपयोगो दातुं न शक्यते, किं तर्हि ? क्रमेण, तेन चिरः कालो लगति इति चिरस्थापना भवतीति गाथार्थः।।३९।।

**अवतरणिका**— उक्तं स्थापनाद्वारमथ प्राभृतिकाद्वारमाह।

---

નથી કહી. માટે જ એને 'कप्पं' = 'कल्प्यम्' = ગ્રાહ્ય તરીકે જણાવી છે. કારણ કે ત્રણ ઘરથી સામે લાવેલ = અભ્યાહૃત ગોચરી જેમ આચીર્ણ છે તેમ આ પણ અલ્પસમયની સ્થાપના હોવાથી આચીર્ણ છે. ('आचीर्ण' = પૂર્વ પુરુષોએ આચરેલું. એ આચરવામાં દોષ લાગતો નથી એમ જાણવું.)

## ● અચિરસ્થાપના અને ત્રણ ઘરનો વિષય બનતા અભ્યાહૃત, બન્ને વચ્ચેનો તફાવત ●

**પ્રશ્ન** :- આ ઈત્વર = અચિરસ્થાપના અને હવે કહેવામાં આવશે એવો જે ત્રણ ઘરને વિષય બનતો અભ્યાહૃતદોષ છે. એ બન્નેના લક્ષણ તો એક સરખા છે. તો પછી આ બન્ને દોષ વચ્ચે તફાવત શું ?

**જવાબ** :- આ બન્નેમાં ફેર આ છે કે - આ અચિરસ્થાપનામાં કાળની વિવક્ષા = સમયને આગળ કરીને વાત કરવામાં આવી છે. ત્યારે અભ્યાહૃતમાં તો ત્રણ ઘરનો જે વચલોભાગ છે. તે વચલાભાગના લક્ષણરૂપ ક્ષેત્રની વિવક્ષા = ક્ષેત્ર - જગ્યાને આગળ કરીને વાત કરવામાં આવી છે. અર્થાત્ કાળ અને ક્ષેત્રને લઈને બન્ને જુદા પડે છે.

'ત્રિગૃહાન્તર અશનાદિ' ને અચિરસ્થાપના કહેવા દ્વારા સામર્થ્યથી - "આગળ-પાછળના સંદર્ભથી" આ વાત સ્પષ્ટ થાય છે કે, દાત્રી દ્વારા ત્રણ ઘરથી આગળના ચોથા વગેરે ઘરેથી સાધુદાનમાટે જે અશનાદિને ઉપાડીને હાથમાં રખાયું હોય. તે આહારાદિ ત્રણ ઘર કરતા વધારેસમયસુધી દાયકના હાથમાં રહ્યું હોવાથી એને ચિરસ્થાપના તરીકે ઓળખવામાં આવે છે. અથવા ચોથાવગેરે ઘરોને વિષે યુગપત્ = એકીસાથે સાધુથી ઉપયોગ આપી શકાતો નથી, પરન્તુ ક્રમસર જ આપી શકાય છે. તેથી લાંબો (= ચિર) સમય લાગે છે. માટે એ ચિરસ્થાપના થાય છે.॥૩૯॥

**અવતરણિકા** :- આમ, સ્થાપનાદ્વાર કહ્યું. હવે પ્રાભૃતિકાદ્વાર કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मूलगाथा–** **बायरसुहुमुस्सक्कणमोसक्कणमिइ दुहेह पाहुडिया।**
**परओकरणुस्सक्कणमोसक्कणमारओ करणं।।४०।।**

संस्कृतछाया- बादरसूक्ष्मोत्ष्वष्कणमवष्वष्कणमिति द्विधेह प्राभृतिका।
परतःकरणुत्ष्वष्कणमवष्वष्कणमाऽऽरतः करणं ।।४०।।

**卐 प्राभृतिकायार्द्विभेदं, तयोः पुनः सूक्ष्मबादरता च 卐**

**व्याख्या-** बादरं बादरारम्भविषयतया स्थूलं तथा सूक्ष्मं सूक्ष्मारम्भविषयतया श्लक्ष्णं अनयोः समाहारद्वन्द्वे विभक्तिलोपाद् बादरसूक्ष्ममिति दृश्यं। किं तदित्याह उत्ष्वष्कणं वक्ष्यमाणशब्दार्थं तथा अवष्वष्कणं वक्ष्यमाणार्थमेव चः समुच्चयार्थो लुप्तो दृश्यः। बादरसूक्ष्ममित्यनुवृत्तिरितिरूपप्रदर्शने। इत्येवं बादरोत्ष्वष्कणावष्वष्कणयोगाद्बादरा। सूक्ष्मोत्ष्वष्कणावष्वष्कणयोगाच्च सूक्ष्मेति, द्विधा द्विभेदा, इह-प्रवचने। उद्गमादिषु मध्ये प्राभृतिका उक्तशब्दार्था भवतीति शेषः।

---

**ભૂળગાથા-શબ્દાર્થ** :- **बायर** = બાદર, **सुहुम** = સૂક્ષ્મ, **उस्सक्कणं** = ઉત્ષ્વષ્કણ, **ओसक्कणं** = અવષ્વષ્કણ, **इइ** = આ પ્રમાણે, **दुहा** = બે પ્રકારના, **इह** = આગમમાં, **पाहुडिया** = પ્રાભૃતિકા, **परओकरण** = આગળ કરવું, **उस्सकणं** = ઉત્ષ્વષ્કણ, **ओसक्कणं** = અવષ્વષ્કણ, **आरओ** = પહેલાં, **करणं** = કરવું.॥૪૦॥

**ભૂળગાથા-ગાથાર્થ** :- પ્રાભૃતિકાના ઉત્ષ્વષ્કણ અને અવષ્વષ્કણ એમ બે ભેદો છે. ગૃહસ્થ પોતાને ત્યાં નજીકના દિવસમાં થનારા લગ્નાદિના દિવસને ફેરવીને તે પછીના દિવસમાં કરે તે ઉત્ષ્વષ્કણ અને થોડાવખત પછી થનારા વિવાહાદિ-કાર્યને પહેલાકરવું તે અવષ્વષ્કણ. તે ઉત્ષ્વષ્કણ અને અવષ્વષ્કણના દરેકના બાદર અને સૂક્ષ્મ એમ બે પ્રકાર છે. એટલે પ્રાભૃતિકાના એકંદર બાદરઉત્ષ્વષ્કણ, સૂક્ષ્મઉત્ષ્વષ્કણ, બાદરઅવષ્વષ્કણ અને સૂક્ષ્મઅવષ્વષ્કણ એમ ચાર પ્રકાર છે.॥૪૦॥

## • પ્રાભૃતિકાના બે ભેદ, તે બન્નેનું સૂક્ષ્મ અને બાદરપણું •

**વ્યાખ્યાર્થ** :- 'बायर' = 'बादर' = મોટાઆરંભના વિષયપણાને લીધે સ્થૂલ, તથા 'सुहुम' = 'सूक्ष्मम्' = નાનાઆરંભના વિષયપણાને લીધે સૂક્ષ્મ, આનો સમાહારદ્વન્દ્વમાં 'बादरसूक्ष्मम्' બન્યું છે એમ જાણવું. બાદર અને સૂક્ષ્મ તે શું ? ઉત્ષ્વષ્કણ કે જેનો શબ્દાર્થ કહેવાશે તથા અવષ્વષ્કણ કે જેનો અર્થ કહેવાશે. 'च' સમુચ્ચય અર્થવાળો લોપાયેલો જાણવો. તેમજ આ 'બાદર' અને 'સૂક્ષ્મ' ની અનુવૃત્તિ જાણવી. 'इइ' = 'इति' આ પ્રમાણે 'उस्सक्कणम्-ओसक्कणम्' = 'उत्ष्वष्कणम्'- 'अवष्वष्कणम्' = ઉત્ષ્વષ્કણ-અવષ્વષ્કણને બાદરનો યોગ થવાથી એ બાદરઉત્ષ્વષ્કણ - અવષ્વષ્કણ કહેવાય છે. અને ઉત્ષ્વષ્કણ-અવષ્વષ્કણને સૂક્ષ્મનો યોગ થવાથી એ સૂક્ષ્મઉત્ષ્વષ્કણ - અવષ્વષ્કણ કહેવાય છે. અર્થાત્ સૂક્ષ્મ અને બાદર ઉત્ષ્વષ્કણ તથા, સૂક્ષ્મ અને બાદર અવષ્વષ્કણ એમ ૨-૨ ભેદો થયા. આ બન્ને ભેદો કયાં કહેવાયા છે ? તે કહે છે, 'दुहेह' = 'द्विधा इह' = આ બન્ને પ્રકારો અહીં = પ્રવચનમાં = જિનશાસનમાં કહેલા છે. આ બે ભેદો કયા દોષના છે ? તે કહે છે, 'पाहुडिया' = 'प्राभृतिका' = ઉદ્ગમાદિદોષો પૈકી જે પ્રાભૃતિકાદોષ છે તે કહેવાયેલા શબ્દાર્થવાળો થાય છે. પ્રાભૃતિકા એટલે, સમયનું આગળ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 उत्ष्वष्कणाऽवष्वष्कणयोः स्वरूपम्, बादरोत्ष्वष्कणाऽवष्वष्कणयोः संभवश्च 卐

अधुनोत्ष्वष्कणं व्याख्यातुमाह– 'परओ' इत्यादि, तत्रोदिति परतोऽग्रतः स्वयोगप्रवृत्तिकालावधेः, ष्वष्कणमित्यारम्भस्य करणं नयनमुत्ष्वष्कणमुच्यते उत्सर्पणमित्यर्थ। तथा अव इति आरतोऽर्वाक् स्वयोगप्रवृत्तिकालावधेः ष्वष्कणमित्यारम्भस्य करणं नयनं साध्वर्थमवष्वष्कणमुच्यते अवसर्पणमित्यर्थः। तत्र गृही यथोत्ष्वष्कणरूपां बादरप्राभृतिकां करोति तथोच्यते। इह केनापि गृहिणा पुत्रपुत्रिकादेः परिणयनलग्नदिनं ज्योतिष्काद्व्यवस्थापितं तच्च यतिजने तद्दिनसमयेऽनायात एव भवति अथ च कियद्भिर्दिनैः साधवोऽप्याजिगमिषवः स्वविहारक्रमेण तत्र स्थाने वर्त्तन्ते। स च गृही चिन्तयति विवाहदिनं यत्यागमादर्वाक्, निवृत्ते च विवाहे समागतानां किं मया करिष्यते। तदेवाशनादिकं सफलं यत्सुपात्रेषु विनियोगं च यात्येवं च पुण्यमुपार्जितं च स्यात् कल्याणं च सम्पद्यते। इत्येवं विचिन्त्य लग्नदिनं परतो यत्यागमनप्रस्तावेऽपराज्ज्योतिषिकान्नियमयति ततः समागतैः सद्भिः सङ्खडीं

પાછળ કરવું તે.

## ● ઉત્ષ્વષ્કણ અને અવષ્વષ્કણનું સ્વરૂપ તેમજ બાદરઉત્ષ્વષ્કણ અને બાદર અવષ્વષ્કણનો સંભવ ●

'ઉત્ષ્વષ્કણ' ની વ્યાખ્યા કહે છે. 'परओकरणुस्सक्कणम्' = 'परतःकरणम्-उत्ष्वष्कणम्' = અહીં બે શબ્દ છે (૧) ઉત્ અને (૨) ષ્વષ્કણ. 'उत्' એટલે કે 'परतोऽग्रतः' = પછી = આગળ એટલે કે પોતાને યોગ્ય પ્રવૃત્તિકાળની અવધિથી પછીના દિવસો પર, (પોતે જે સમયે પ્રવૃત્તિ કરવાના હતા તે સમયની મર્યાદાથી પછી = આગળ) 'ष्वष्कणम्' = આરંભ લઈજવો. એટલે કે 'उत्सर्पणम्' = સાધુમાટે આરંભને પાછળ લઈ જવો. ટૂંકમાં, ગૃહસ્થ પોતાના લગ્નાદિ પ્રયોજનનો આરંભ જે સમયે કરવાના હતા. તે લગ્નાદિ પ્રયોજનના આરંભને સાધુમાટે પછીના દિવસો પર ઠેલી દે. તેનું નામ ઉત્ષ્વષ્કણ છે.

'અવષ્વષ્કણ'ની વ્યાખ્યાને કહે છે. 'आरओ करणं ओसक्कणम्' = 'आरतःकरणम् अवष्वष्कणम्', 'अव' = 'आरतोऽर्वाक्' = પહેલાં એટલે કે પોતાને યોગ્ય પ્રવૃત્તિકાળની અવધિથી અગાઉના દિવસો પર, 'ष्वंष्कणम्' = આરંભને લઈજવો. એટલે કે 'अवसर्पणम्' = સાધુમાટે આરંભને પહેલા લઈ આવવું. ટૂંકમાં, સાધુમાટે ગૃહસ્થ પોતાના લગ્નાદિના આરંભને નિર્ધારિતકાળથી પૂર્વે કરે. તેનું નામ અવષ્વષ્કણ છે.

ગૃહસ્થ, ઉત્ષ્વષ્કણરૂપ બાદરપ્રાભૃતિકાને શી રીતે કરી શકે ? તે બતાવે છે.

કોક ગૃહસ્થે જ્યોતિષી પાસેથી પોતાના પુત્ર-પુત્રીવગેરેનો લગ્નદિવસ નક્કી કર્યો. પરન્તુ તે દિવસોમાં સાધુઓનું આવવાનું થવાનું જ નહોતું. પરન્તુ થોડાદિવસો પછી પોતાના વિહારના ક્રમે કરીને અહીં આવી જવાના હતા. એ વખતે જો લગ્ન લેવાય તો બંધ બેસી જાય અર્થાત્ લગ્નના લગ્ન થઈ જાય અને સાધુઓને ભાત-પાણી વહોરાવવાનો લાભ પણ મળી જાય. આમ બરાબર બંધ બેસી જાય.

આ પ્રમાણે પરિસ્થિતિ હોવાથી જેણે લગ્ન ઠેરવેલા છે એવો તે ગૃહસ્થ વિચાર કરે છે "આપણો લગ્નનો દિવસ તો સાધુઓ આપણા ગામમાં આવે તે પૂર્વે છે - લગ્ન થયાબાદ સાધુઓ આવે તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कर्त्तुमारभते, येन भक्तपानादिकं प्रयच्छामीति। अत्र च विवाहलग्नदिनस्यार्वाक्वर्त्तिनो यत् परतो नयनं तत्र यदशनादिप्राभृतिकाभिक्षा सोत्ष्वष्कणबादरप्राभृतिका। द्वितीयबादरप्राभृतिका त्वेवं सम्भवति। यथा केनापि श्रावकेण स्वपुत्रादेर्विवाहदिनं निश्चितमतश्च तदारतोऽपि यतिजनास्तत्रायातास्ततोऽसौ मयाऽस्मै विपुलं विशिष्टं च भक्तपानं पुण्यार्थं कल्याणार्थं च दातव्यं तच्च प्रायो विवाहादावेव स्यात्। मत्पुत्रविवाहस्तु यतिजनेऽन्यत्र विहृते भविष्यतीति विचिन्त्य यतिजने तत्रस्थे एव विवाहं व्यवस्थापयति। अत्र विवाहलग्नदिनस्य भविष्यत्कालभाविनो यदर्व्वाक् यतिजनावस्थाप्रस्ताव एवानयनं, तत्र या प्राभृतिका साऽवष्वष्कणबादरप्रभृतिकेति। एतां च द्विरूपामपि ऋजुरजानानः साधूनामपि विदिततत्त्वेन प्रकटामेव करोति, स हि न जानाति यदित्थं कृतं ज्ञाते साधवो न गृहीष्यन्तीति। अनृजुस्त्विदं न कल्पते यतीनामिति जानाति परं मायया तथाकरोति पूर्वोक्तकारणाभ्यां यथा ते न जानन्ति। तत्र साधुभिरन्यतः कुतोऽपि ज्ञाते ऋजुना वा पृष्टेन यथावस्थिते

---

તેઓની ભક્તિવગેરે હું શું કરી શકીશ ? તે જ અશનાદિ સફલ છે કે જે સુપાત્રમાં જતું હોય. સુપાત્રમાં વિનિયોગથી પુણ્યનું ઉપાર્જન થાય છે અને જીવનું કલ્યાણ થાય છે. માટે હું એવું કાંઈક કરું કે જેથી સાધુઓને ભાત-પાણી આપી શકું. આમ વિચારી, બીજા જ્યોતિષ પાસેથી બીજું મોડું મુહૂર્ત કઢાવીને સાધુઓનું આગમન થાય એ દિવસોમાં લગ્નને ઠેરવે. પછી સાધુઓ આવ્યે સંખડીનો = લગ્નસંબંધી મીઠાઈઆદિ કરવાનો આરંભ કરે છે.

અહીં, ઠેરવેલ લગ્નદિવસને જે આગળ=પછી લઈ જવાયો. તેમાં પ્રાભૃતિકાસંબંધી અશનાદિની જે ભિક્ષા છે તે **'उत्ष्वष्कण-बादर-प्राभृतिका'** છે.

બીજી બાદરપ્રાભૃતિકા = અવષ્વષ્કણપ્રાભૃતિકા દોષ શી રીતે સંભવે ? તે જણાવે છે.

કોક શ્રાવકે પોતાના પુત્રવગેરેના લગ્ન નક્કી કર્યા. પરન્તુ લગ્નના થોડાદિવસો પૂર્વે જ સાધુ મહાત્માઓ ગામમાં આવી પહોંચ્યા. શ્રાવકે 'આમારા પુણ્ય અને કલ્યાણમાટે મારે આ મહાત્માઓને ઘણું અને વિશિષ્ટ ભક્તપાન આપવું જોઈએ. જો કે એવું આપવાનું તો પ્રાયઃ લગ્નવગેરેમાંજ બની શકે. પણ, મારા પુત્રના લગ્ન તો સાધુમહાત્માઓ બીજે વિહાર કરી ગયા બાદ થશે.' આમ વિચારીને સાધુમહાત્માઓ ગામમાં રહ્યા હોય ત્યારેજ પછી થનારા લગ્ન પહેલાં નક્કી કરી લીધા.

અહીં, ભવિષ્યકાળમાં થનારા લગ્નદિવસને સાધુ-મહાત્માઓ ગામમાં રહ્યા ત્યારે જ લઈ લેવો. તેમાં પ્રાભૃતિકાસંબંધી અશનાદિની જે ભિક્ષા છે, તે **'अवष्वष्कण-बादर-प्राभृतिका'** છે.

આ બન્ને પ્રકારની પણ પ્રાભૃતિકાને નહિ જાણતા એવા ઋજુ = સરલ શ્રાવકો, પોતે લગ્ન વ્હેલા કે મોડા લીધાના કારણને સાધુને પણ પ્રગટપણે કહી દે. કારણ કે એ જાણતા નથી કે આવું કરવાથી કે કહેવાથી સાધુ ગ્રહણ નહિ કરે. (આમ પ્રગટપણે પ્રાભૃતિકા દોષની ખબર પડી જવાથી એ ભિક્ષાનો પરિહાર કરવો.) પણ જે માણસો અઋજુ = ચાલાક છે, તેઓ તો જાણે છે કે આ સાધુઓને કલ્પતું નથી. એટલે ઉપર કહેલ બન્ને = લગ્ન આગળના પાછલ કરવા અને પાછળના આગળ કરવાના કારણોને માયાપૂર્વક એવી રીતના કરે કે જેથી સાધુઓને એનો ખ્યાલ જ ન આવે. ત્યાં સાધુઓએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कथितेऽनेषणीयमिति ज्ञात्वा परिहरणीयमिति।

### ॥ सूक्ष्मोत्ष्वष्कणाऽवष्वष्कणयोः संभवः ॥

सूक्ष्मोत्ष्वष्कणरूपा प्राभृतिका, यथा किल काचिद्गृहस्थी सूत्रकर्त्तनादिव्यापारवती जनन्यादिका बालकेन रुदता भोजनं याच्यते यथा हे मातर्मह्यं भोजनं प्रयच्छेति। तत्र च प्रस्तावे पर्यासन्नगृहेषु पर्यटन् यतिस्तया दृष्टः। सा च तं दृष्ट्वा सूत्रकर्त्तनादिलोभेन बालकं झङ्खन्तं प्रत्यवादीत् मा पुत्र प्रलप, मा रोदीश्च त्वमिह मद्गेहे गेहानुगेहक्रमेण विचरन् यतिराऽऽगमिष्यति तद्भिक्षादाना-योत्थिता सती तवापि तत्समकालमेव भोजनं दास्यामीत्यतः प्रतीक्षस्व त्वं कञ्चित्कालं यावद्यतिरा-गच्छति। ततः सा साधावागते धर्म्मार्द्यर्थमुत्थाय बालकभोजनदानसमं यतेर्भिक्षादानं करोति। इह च यत्र क्षणे याचितं भोजनं तत्रैव तया कर्त्तुमुचितस्य पुत्रभोजनदानस्य तदुल्लङ्घ्य भविष्यत्कालभाविना साधुभिक्षाकालदानेन समं यत्करणं तदुत्ष्वष्कणम्। तत्र या प्राभृतिका सा सूक्ष्मोत्ष्वष्कणप्राभृतिका। तथा रूतप्रोणिकाकर्त्तनक्रियायां समाप्तायां जनन्या कर्त्तुमीहितस्य पुत्रभोजनदानस्य साधावागते

---

બીજે ક્યાંકથી જાણી લઈને કાંતો ઋજુ કોકને પૂછ્યાથી સાચીવાત મળ્યે આ પ્રાભૃતિકાદોષ યુક્ત હોવાથી અનેષણીય ભિક્ષા છે એમ જાણીને એનો પરિહાર કરવો = ત્યાગ કરવો.

### • સૂક્ષ્મઉત્ષ્વષ્કણ અને અવષ્વષ્કણનો સંભવ •

હવે 'सूक्ष्म-उत्ष्वष्कण-प्राभृतिका' નો સંભવ જણાવે છે.

સૂતરકાંતવાવગેરેમાં પરોવાયેલી કોક માતાવગેરે પાસે રડતો બાળક ભોજનને યાચે છે કે "હે માતા ! મને ભોજન આપ." આ વખતે, બાજુના ઘરોમાં ગોચરીમાટે ફરતા સાધુઓને તેણે જોયા અને વિચાર્યું કે 'બે વાર ઉઠવું પડે એમાં સમય બગડશે.' એમ સૂતરકાંતવાના લોભમાં રડતા બાળકને માતાએ કહ્યું "હે પુત્ર, તું બોલીશ મા, તું રડીશ મા, ક્રમેકરીને સાધુભગવંત આપણા ઘરમાં આવશે. તેઓને ભિક્ષા આપવા ઉઠું એજ વખતે તને પણ ભોજન આપીશ. માટે, મુનિ આવી જાય ત્યાંસુધી થોડી રાહ જો." પછી સાધુ આવ્યા ત્યારે આ મહાત્માઓના પાત્રામાં જશે. એનાથી પુણ્ય બંધાશે, કલ્યાણ થશે વગેરે સ્વરૂપ ધર્મઆદિ માટે તેણે ઉઠીને બાળકને ભોજન આપવાની સાથે યતિને દાન આપ્યું.

અહીં, જે ક્ષણે બાળકે ભોજન યાચ્યું. એજ ક્ષણે માતાએ પુત્રને ભોજન આપવું ઉચિત હતું. તે સમયને ઓળંગીને **ભવિષ્યના સમયમાં** થનાર સાધુભિક્ષાદાનના સમયે જે ભોજન આપવાનું થયું. તેમાં જે પ્રાભૃતિકા છે. તે 'सूक्ष्मोत्ष्वष्कण-प्राभृतिका' કહેવાય છે.

હવે 'सूक्ष्मावष्वष्कण-प्राभृतिका' નો સંભવ કહે છે.

સૂતરકાંતવામાં બેસેલી માતાવગેરેએ ધાર્યું હોય કે આ કાંતવાની ક્રિયા પૂરી થયાબાદ બાળકને ભોજન આપવું, પરન્તુ ક્રિયા પૂરી ન થઈ અને, ગોચરી ફરતા સાધુ આવીગયા. તો સાધુદાનની સાથેજ બાળકને જે ભોજનદાન કરી દેવું = વ્હેલું ભોજન આપી દેવું. તેને "अवसर्प्पणम्" કહેવાય છે. તેમાં જે પ્રાભૃતિકા છે, તેને 'सूक्ष्मावष्वष्कण-प्राभृतिका' કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यदसमाप्तायामपि तस्यामर्वाक् साधुभिक्षादानसममेव करणं तदवसर्प्पणम्। तत्र या प्राभृतिका सा सूक्ष्मावष्वष्कणप्राभृतिकेति। इयमपि द्विविधाप्यकल्प्या आरम्भदोषात्। तथाहि साध्वर्थमुत्थिता सती बालकस्यापि भोजनं दास्यति। तत्र च हस्तधावनादिनाऽप्कायाद्युपमर्दः स्यात्।

### 卐 कथं पुनः साधुना सूक्ष्मप्राभृतिका ज्ञायते 卐

कथं पुनरियं साधुना विज्ञायते, उच्यते, साधावागते तवापि दास्यामीति जननीं जल्पन्तीं श्रुणोति, साधावागते डिम्भो वा जननीं प्रति ब्रुवन् श्रुणोति किं नाद्याप्युत्तिष्ठस्यागतोऽसौ यतिर्यन्माहात्म्येनाहं भोजनं शीघ्रतरं लप्स्य इति। यद्वान्यः कश्चिद्बालकोऽस्मै साधवे भिक्षादानेन सह मह्यं जननी भोजनं दास्यतीति विचिन्त्य समीपे गत्वाऽङ्गुलिकायां गृहीत्वा स्वहस्तेन साधुं गृहाभिमुखमाकर्षति ततो यतिना किमिति मामाकर्षणादिना नयसीति पृष्टेऽसावज्ञतया कथयति भवद्भिक्षादानार्थ-

---

આ બન્ને પ્રકારની પ્રાભૃતિકા અકલ્પ્ય છે. કારણ કે, ગૃહસ્થી સાધુને દાન માટે ઉભી થઈ અને બાળકને પણ જે ભોજન આપશે, તેમાં હાથધોવાવગેરે દ્વારા અપ્કાયાદિની હિંસા = વિરાધના થાય. બાળકને જે ભોજન માતા અડધોકલાક પહેલા કે પછી આપવાની હતી.. પરન્તુ સાધુ નિમિત્તે એમાં ફેરફાર કર્યો. એટલે બાળકને સાધુદાન સાથે ભોજન પીરસ્યાબાદ એ માતા હાથધુવે, એમાં અપ્કાયની વિરાધના સાધુનિમિત્તક થઈ. તેમજ, 'अप्कायादि' અહીં 'आदि' શબ્દથી વનસ્પતિવગેરેની વિરાધના પણ લઈ લેવી. તે આ રીતે કે, સાધુને કાકડીવગેરે સમારી ન વહોરાવે. પણ પોતાના બાળકને ભોજન આપવાની સાથે કાકડીવગેરે સમારી આપે. એમાં વનસ્પતિની વિરાધના થઈ. એ વિરાધના સાધુ નિમિત્તે વ્હેલી કે મોડી થઈ. માટે એની વિરાધનાનો દોષ સાધુને લાગે. આ રીતે યથાસંભવ ષટ્કાય માટે સમજી લેવું.

ઉપરોક્ત વાતનો ભાવાર્થ આ થયો કે સાધુએ શ્રાવકોનો જે જમવાનો સમય હોય. એજ સમયે ગોચરી વહોરી લેવાની હોય. પરન્તુ ઉપર દર્શાવેલા કોઈપણ કારણે ગૃહસ્થ સાધુમાટે રસોઈ આઘી-પાછી બનાવે.. કે પોતાનો રોજીંદો સમય ફેરવીને સાધુના સમયે માતા બાળકોને ભોજનદાન કરે. તેમાં હાથધોવે વગેરે જે કાંઈ પણ વિરાધના થાય. એ સાધુનિમિત્તક બની જવાથી, એ દોષ સાધુને લાગે છે. તથા, બાળકને ભોજન વ્હેલું મોડું મળવાના લીધે એટલો સમય ભૂખ્યા રહેવું પડવાથી કે વગર ભૂખે ખાઈ લેવું પડવાથી બાળકને સાધુ પ્રતિ પ્રદ્વેષ થાય વગેરે દોષો પણ જાણી લેવા.

### ● સાધુને સૂક્ષ્મપ્રાભૃતિકાનો ખ્યાલ શી રીતે આવે ? ●

**પ્રશ્ન** :- સૂક્ષ્મઉત્ષ્વષ્કણ-અવષ્વષ્કણ પ્રાભૃતિકાની જાણ સાધુને શી રીતે થાય ?

**ઉત્તર** :- 'સાધુ આવે એટલે તને પણ આપીશ' એમ માતાને બોલતી સાંભળે. અથવા સાધુ આવે એટલે બાળક માતાને બોલે કે 'શું હવે પણ ઊભી નહિ થાય ? આ જો સાધુ આવી ગયા છે. જેમના પ્રતાપે હું એકદમ જલ્દી ભોજન પ્રાપ્ત કરીશ.' આવું સાંભળીને, અથવા તો કોક બાળક, 'આ સાધુને ભિક્ષા આપવાની સાથે જ માતા મને ભોજન આપશે' એમ વિચારીને સાધુ પાસે જઈને સાધુને પોતાની આંગળીથી પકડીને એમને પોતાના ઘર તરફ આકર્ષે છે (ઘર બાજુ ખેંચે છે) ત્યારે મુનિ પૂછે કે 'કેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मुत्थिता सती मह्यं जननी भोजनं दास्यतीति। एवं श्रुत्वा सूक्ष्मप्राभृतिकां विज्ञाय तद्गृहं यतिर्न व्रजतीति गाथार्थः।।४०।।

**अवतरणिका–** उक्तं प्राभृतिकाद्वारमथ प्रादुष्करणद्वारं व्याख्यातुमाह।

**मूलगाथा– पाउयरणं दुविहं पायडकरणं पयासकरणं च।**
**सतिमिरघरे पयडणं समणट्ठा जमसणाईणं।।४१।।**

**संस्कृतछाया– प्रादुष्करणं द्विविधं प्रकटकरणं प्रकाशकरणं च।**
**सतिमिरगृहे प्रकटनं, श्रमणार्थं यदशनादिकं।।४१।।**

**卐 प्रादुष्करणस्य द्वौ भेदौ 卐**

**व्याख्या–** प्रादुष्करणमुक्तशब्दार्थं द्विविधं द्विधा स्यादिति शेषः। यथा प्रकटकरणं वक्ष्यमाणं, इह 'पायडं'ति प्राकृतत्वात् प्रशब्दस्य दीर्घता, तथा प्रकाशकरणं वक्ष्यमाणम्। चः समुच्चये भेदतया निरूप्य अधुना विषयकथनपुरस्सरं प्रादुष्करणस्य द्विरूपस्यापि सामान्येन लक्षणमाह। 'सतिमिरघरे'

---

મને ખેંચી લઈ જાય છે ?' ત્યારે આ અજ્ઞ બાળક કહે છે કે 'તમોને દાન આપવા મારી માતા ઉઠશે ત્યારે મને ભોજન આપશે'. આપ્રમાણે સાંભળીને 'આ સૂક્ષ્મપ્રાભૃતિકા છે' એમ જાણીને સાધુ તે ઘરને છોડી દે.।।૪૦।।

**અવતરણિકા** :- આ પ્રમાણે પ્રાભૃતિકાદ્વાર કહ્યું. હવે 'प्रादुष्करण' દ્વારની વ્યાખ્યા કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **पाउयरणं** = પ્રાદુષ્કરણ, **दुविहं** = બે પ્રકારનું, **पायडकरणं** = પ્રગટ કરવું તે, **पयासकरणं** = પ્રકાશ કરવો તે, **च** = અને, **सतिमिरघरे** = અંધકારવાળા મકાનમાં, **पयडणं** = અજવાળું કરવું, **समणट्ठा** = સાધુઓને માટે, **जं** = જે, **असणाईणं** = અશનાદિનું.।।૪૧।।

**● પ્રાદુષ્કરણના બે પ્રકાર ●**

**મૂળગાથા-ગાથાર્થ** :- સાધુને અશનાદિ આપવા માટે અંધકારવાળા મકાનને ગૃહસ્થ પ્રકાશવાળું બનાવે તે પ્રાદુષ્કરણ દોષ કહેવાય છે.તે પ્રાદુષ્કરણના પ્રગટકરણ અને પ્રકાશકરણ એમ બે ભેદો છે.।।૪૧।।

**વ્યાખ્યાર્થ** :- 'पाउयरणं दुविहं' = 'प्रादुष्करणं द्विविधं' = પ્રાદુષ્કરણના બે પ્રકાર છે. 'पायडकरणं पयासकरणं च' = 'प्रकटकरणं प्रकाशकरणं च' = (૧) પ્રકટકરણ અને (૨) પ્રકાશકરણ. 'पायडकरण' અહીં જે 'प्र' નું દીર્ઘપણું છે અર્થાત્ જે 'प्र' ના બદલે 'प्रा' છે તે પ્રાકૃતભાષાના લીધે છે એમ જાણવું. 'च' શબ્દ સમુચ્ચયઅર્થમાં છે.

'विषयकथनपुरस्सरं' = પ્રાદુષ્કરણના ભેદોનું નિરુપણ કરીને હવે વિષયવાર બતાવવા માટે પ્રાદુષ્કરણના બન્ને પ્રકારોનું સામાન્યપણે લક્ષણ જણાવે છે.

'सतिमिरघरे पयडणं' = 'सतिमिरगृहे प्रकटनं' = અંધકારયુક્ત ઘરમાં, હવે કહેવામાં આવશે એ ન્યાયદ્વારા પ્રાદુષ્કરણના બન્ને પ્રકારો વડે, 'समणट्ठा' = 'श्रमणार्थं' = સાધુ માટે, 'जमसणाईणं' = 'यदशनादिकम्' = જે અશનાદિને પ્રગટ કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इत्यादि सतिमिरगृहेऽन्धकारोपेते वेश्मनि वक्ष्यमाणन्यायेन द्वाभ्यामपि प्रादुष्करणप्रकाराभ्यां श्रमणार्थं यतिनिमित्तं। साधवो हि सान्धकारे गृहेऽचक्षुर्विषयत्वाद्भिक्षां न गृह्णन्तीत्यतस्तेषां भिक्षाग्रहणनिमित्तमित्यर्थो यदशनादीनां भक्तपानप्रभृतिकानां वस्तूनां प्रकटनं प्रकाशनं सप्रकाशतया विधानमिति यावत् गृहिणा क्रियते तत्प्रादुष्करणं भण्यते प्रादुःशब्दस्य प्रकाशार्थत्वादिति गाथार्थः।।४१।।

**अवतरणिका**– अथ प्रकटकरणप्रकाशकरणे व्याख्यानयन्नाह।

**मूलगाथा**– **पायडकरणं बहियाकरणं, देयस्य अहव चुल्लीए।**
**बीयं मणिदीवगवक्ख कुड्डुच्छिड्डाइकरणेण।।४२।।**

**संस्कृतछाया**– **प्रकटकरणं बहिस्तात्करणं देयस्याऽथवा चुल्ल्याः ।**
**द्वितीयं मणिदीप-गवाक्ष-कुड्यछिद्रादिकरणेण ।।४२।।**

**卐 प्रकटकरणस्य स्वरूपं तस्य संभवश्च 卐**

**व्याख्या**– प्रच्छन्नस्य सतः प्रकटस्य सप्रकाशस्य करणं विधानं प्रकटकरणं तदभिधीयते। तत् किमित्याह। बहिस्तात्करणं पूर्व्वनिष्पन्नस्य मोचनेन अभिनवस्योत्पादनेन वा, गृहाभ्यन्तराद्बहि-

---

ભાવાર્થ આ જાણવો કે સાધુઓ ચક્ષુનો વિષય ન બનવાથી = આંખેથી સ્પષ્ટપણે દેખી શકાય તેમ ન હોવાથી અંધકારવાળા ઘરમાં ભિક્ષાને ગ્રહણ કરતા નથી. એટલે તેઓ ભિક્ષા ગ્રહણ કરે એ નિમિત્તે ગૃહસ્થવડે જે અશનાદિ વસ્તુઓનું પ્રકાશન કરવું = પ્રગટ કરવું. અર્થાત્ જે અશનાદિ પ્રકાશથી યુક્ત કરાય તેને પ્રાદુષ્કરણ કહેવાય છે. કારણ કે 'प्रादुः' શબ્દ પ્રકટકરવાના અર્થમાં આવે છે.॥૪૧॥

**અવતરણિકા** :- હવે પ્રકટકરણ અને પ્રકાશકરણની વ્યાખ્યા કરતા કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **पायडकरणं** = પ્રગટકરણ, **बहियाकरणं** = બહાર લાવવું, **देयस्स** = આપવાની વસ્તુનું, **अहवा** = અથવા, **चूल्लीए** = ચૂલાનું, **बीयं** = બીજું પ્રકાશકરણ, **मणि** = મણિ, **दीव** = દીવો, **गवक्ख** = ભીંતની જાળી, **कुड्ड छिड्डाइ** = ભીંતમાં છિદ્રો વગેરે, **करणेण** = કરવાવડે.॥૪૨॥

**મૂળગાથા-ભાવાર્થ** :- અંધકારવાળા સ્થાનમાં અશનાદિ તૈયાર કરીને સાધુને વહોરાવવા માટે પ્રકાશવાળા સ્થાનમાં લાવવું અથવા અંધકારવાળા સ્થાનમાંથી છૂટો ચૂલો, સગડી વગેરે પ્રકાશવાળા સ્થાનમાં લઈ જઈને અથવા બીજા નવા ચૂલા તથા સગડી ઉપર પોતાના માટે જે અશનાદિ તૈયાર કરવામાં આવે તેનું નામ પ્રગટકરણ.

અંધકારવાળા સ્થાનમાં સાધુ ગોચરી લઈ શકે તે માટે મણિ, દીવો વગેરે મૂકવો અથવા ભીંતમાં જાળી મૂકવી અથવા છિદ્ર કરવાદ્વારા જે પ્રકાશ કરવો તેનું નામ પ્રકાશકરણ.॥૪૨॥

**● પ્રકટકરણનું સ્વરૂપ અને તેનો સંભવ ●**

**વ્યાખ્યાર્થ** :- 'प्रच्छन्नस्य' = ગુપ્તરહેલાને, અહીં 'प्रच्छन्न' એટલે અન્ધકારમાં રહેલ એવો અર્થ અભિપ્રેત છે, 'पायडकरणं' = 'प्रकटकरणं' = પ્રકટકરવું એટલે કે સપ્રકાશ - પ્રકાશસહિત કરવું તેને 'प्रकटकरण' કહેવાય છે. આ 'प्रकटकरण' કેવી રીતે બને ? તે કહે છે, 'बहियाकरणं' = 'बहिस्तात्करणं'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

र्विधानमित्यर्थः। कस्येत्याह। देयस्य दातव्यस्य अशनादेर्वस्तुनः। अथवेति विकल्पे चुल्ल्या अधिश्रयण्याः। अयमत्र भावार्थः। इहान्धकारव्यवस्थितं भक्तादि यतयोऽचक्षुर्विषयत्वान्न गृहीष्यन्तीति विचिन्त्य यद्गृहमध्यवर्त्तिन्यां चुल्ल्यां स्वगृहार्थं राद्धं भक्तादि वर्तते तद्बहिवर्त्तिन्यां पूर्वमेव स्वार्थनिष्पन्नायां चुल्ल्यां चुल्लिव्यतिरिक्तान्यप्रदेशे वा सप्रकाशे आनीय मुञ्चति येन गृह्णन्ति। यद्वा तद्बहिस्थचुल्लिद्वयसद्भावे गृहान्तवर्त्तिनीं परित्यज्य गृहाद्बहिर्वर्त्तिन्यामेव शुद्धायां चुल्ल्यां साधूपकृतये आहारस्य प्रकटनाय प्रथमत एव स्वार्थं राध्नोति, इत्येवं देयस्य पूर्व्वनिष्पन्नमोचनेनाभिनवस्योत्पादनेन वा बहिस्तात्करणमिति। एवं चुल्ल्या अपि द्विधा बहिस्तात्करणसम्भवो वाच्यः, यथा धर्मश्रद्धान्विता दानप्रियत्वेन काचिद् गृहस्थी चिन्तयति यदुत यद् यस्यां चुल्ल्यां राध्यते भक्तं प्रासु तस्या एव पार्श्वे मुच्यते तच्च गृहमध्यवर्त्तिन्यां चुल्ल्यां राद्धं तत्पार्श्व एव स्यात्। तस्मिंश्च साधुभ्यो दीय-

---

= બહાર કરવાદ્વારા. આ 'बहिस्तात्करण' કોનું ? કઈ વસ્તુનું ? તે કહે છે, 'देयस्स' = 'देयस्य' = આપવા યોગ્ય વસ્તુનું. 'अहव' = 'अथवा' = વિકલ્પે, 'चुल्लीए' = 'चुल्ल्याः' = ચૂલાનું એટલે કે પહેલા અંધકારયુક્ત અંદરના રસોડામાં રસોઈ બની ગઈ હોય તેને = પૂર્વનિષ્પન્નને અજવાળાવાળા બહારના સ્થાને મૂકવાવડે અથવા તો અજવાળાવાળા બહારના સ્થાને જ નવું રાંધવાવડે = અભિનવ ઉત્પાદનકરવાવડે 'प्रकटकरण' બને છે. (એ રીતે ચૂલામાં પણ પ્રકટકરણ વિચારવું)

ભાવાર્થ આ જાણવો કે, 'અહીં અંધકારમાં રહેલ અશનાદિ આંખનો વિષય ન બનવાથી સાધુઓ ગ્રહણ કરશે નહિ' એમ વિચારીને, ઘરના મધ્યમાં = અંધકારમય રસોડામાં રહેલ ચૂલાપર પોતાના માટે રાંધેલ આહારાદિ રહેલું છે. આ રસોડાની બહાર = અજવાળાવાળા સ્થાનમાં પોતાના માટેજ પૂર્વે બનાવેલો બીજો એક ચૂલો રહેલો છે. આ બહારના ચૂલા પર અન્દરના ચૂલાના આહારાદિ લાવીને મૂકી દે અથવા તો આ બહારના ચૂલા સિવાય બીજા કોક પ્રકાશવાળા સ્થાનમાં લાવીને મૂકી દે અથવા ચૂલાને જ પ્રકાશવાળા સ્થાનમાં લાવી મૂકી દે, કે જેથી સાધુ આહારાદિ ગ્રહણ કરે. અહીં ધ્યાન રહે કે 'ચૂલા કરતા અન્ય સ્થાન' જે કીધું તે પણ પોતાના માટે બનાવેલું = સ્વાર્થનિષ્પન્ન જાણવું. અથવા તો, 'गृहान्तरवर्ती' = 'गृहमध्यवर्ती' = ઘરની અંદર (= ઘરના મધ્યમાં) = રસોડામાં અને 'गृहबहिर्वर्ती' = ઘરની બહાર. આ બન્ને ચૂલા હોવાથી, गृहान्तरवर्ती = गृहमध्यवर्ती = ઘરની અંદરનો એટલે કે (= ઘરની મધ્યનો) ચૂલો અને गृहबहिर्वत्ती = ઘરની બહારનો આ બન્ને ચૂલા હોતે છતે 'गृहान्तर्वर्ती' ચૂલાને છોડીને 'गृहबहिर्वर्ती' शुद्ध = સ્વાર્થનિષ્પન્ન ચૂલા પરજ, સાધુના ઉપકારમાટે પ્રકાશસહિતનું સ્થાન હોવાથી સાધુઓને ગોચરી વહોરવા યોગ્ય બને એ રૂપ ઉપકારમાટે આહારાદિને પ્રગટકરવામાટે = પ્રકાશના લીધે સ્પષ્ટપણે દેખાય તે માટે, પહેલેથી જ પોતાનામાટે રાંધે = એટલે કે પોતાના માટે રોજીંદી રસોઈ જે કરવાની હતી, તે રસોઈ રાંધે.

(યાદ રહે :- 'गृहान्तरवर्ती' કહો કે 'गृहमध्यवर्ती' કહો, બન્ને એકાર્થક છે.)

આ રીતે, આપવા યોગ્ય પૂર્વનિષ્પન્નને બહાર લઈ આવવું અથવા તો નવું ઉત્પાદનકરવું. તેને 'बहिस्तात्करणं' કહેવાય છે. આ રીતે ચૂલાનો પણ બે પ્રકારે 'बहिस्तात्करण' નો સંભવ જાણવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मानेऽन्तरालेऽन्धकारः स्यात्तत्र च व्यवस्थितं भक्ताद्येते न गृहीष्यन्तीति सा स्वार्थनिष्पन्नां चुल्लीं सञ्चारिणीं गृहान्तर्वर्त्तिनीं साध्वर्थमाहारस्य प्रकटनाय बहिरानीय मुञ्चति। नूतना वा स्वार्थं साध्वर्थं वा बहिः करोति। तत्रैव च प्रतिदिनं स्वार्थं रन्धयति। इह च बहिष्कृतचुल्ल्यः शुद्धा आधाकर्मिक्यश्च स्युः। तत्र यदि शुद्धास्तदा प्रकटकरणसंज्ञितप्रादुष्करणलक्षण एव दोषः स्यान्न पूतित्वं, यदा त्वभिनवाऽऽधाकर्म्मचुल्ल्यां राध्नोति तदोपकरणपूतिदोषः प्रकटनदोषश्चेति दोषद्वयं स्यात् नवरं चुल्ल्याः पृथक्कृते भक्ते पूतित्वमुत्तरति परं प्रकटनदोषेण न कल्पते। इह पूतित्वं प्रासङ्गिक-मेवोक्तम्। प्रकटनदोषेनैवात्र प्रकृतमिति। अथ किमित्यसावाहारो न कल्पते, उच्यते, स्वयोगेन प्रवृत्तोऽप्याऽऽहारपाकः साध्वर्थं बहिष्कृतस्तत्र च पृथिव्याद्युपमर्द्दारम्भदोष इति। कथं पुनरसौ दोषः साधुना ज्ञायते, उच्यते क्वचिद्धार्म्मिकगृहेऽन्धकारे एव राध्यमानं पूर्व्वं दृष्ट्वा पश्चात्तेनैव बहिस्ता-

ચૂલાવિષયક બે પ્રકારના '**बहिस्तात्करण**'ના સંભવને જણાવે છે.

ધર્મની શ્રદ્ધાવાળી કોક ગૃહિણી દાનના પ્રેમથી વિચારે કે 'જે રસોઈ જે ચૂલા પર રંધાય છે તે, રંધાયાબાદ તરત ચૂલાપરથી ઉતારી લઈને એ ચૂલાની આસપાસ જ મૂકવામાં આવે છે. એટલે કે જે રસોઈ જે ગૃહના અંદરના ભાગવાળા રસોડામાં રાંધવામાં આવી હોય, તેને તે જ રસોડામાં ચૂલાની આજુબાજુ મૂકવામાં આવતી હોય છે. તેથી, ગૃહમધ્યવર્તી ચૂલામાં મેં રાંધેલું ભોજન પણ તે ચૂલાની બાજુમાં મારાથી મૂકાય છે અને એ રીતે મૂકેલું તે ભોજન સાધુઓને આપવા જતા વચ્ચેના ભાગમાં અંધારું થાય છે અને અંધારામાં રહેલ ભક્તાદિ સાધુઓ ગ્રહણ કરશે નહિ." આમ વિચારીને તેણે, '**स्वार्थनिष्पन्ना संचारिणी**' = આગળ પાછળ લઈ શકાય તેવા જંગમ ચૂલાને સાધુમાટે આહાર પ્રકાશમાં રાખવા બહાર = સપ્રકાશસ્થાનમાં લાવી મૂકે.

(અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે, સાધુમાટે તો માત્ર આહારનેજ સપ્રકાશ સ્થાનમાં પ્રગટ કરવાનો હોય છે. પરન્તુ આહારની સાથે ચૂલાને પણ શું કામ સપ્રકાશ સ્થાનમાં લઈ જવાયો ? એનું સમાધાન આ છે કે સાધુઓને આ વાતની ખબર હોય છે કે ચૂલાની બાજુમાં જ આહારઆદિ મૂકવામાં આવે છે. હવે જો ગોચરી વહોરનાર સાધુ આ જુએ કે માત્ર આહારાદિ સપ્રકાશ સ્થાને છે અને આજુબાજુ ચૂલો તો છે નહિ. તો તરત શંકા થઈ આવે કે 'આ આહારાદિ અમારા માટે અહીં સપ્રકાશ સ્થાને લાવવામાં આવ્યા છે.' એટલે પછી વહોર્યાવિના જ નીકળી જાય. સાધુને એવી કાંઈ ખબર ન પડે માટે ચૂલાને પણ આહારની સાથે બહાર લઈ આવે.)

અથવા તો, અન્દરથી બહાર ચૂલો લઈ આવવાનું ન કરે પણ બહાર જ પ્રકાશવાળા ક્ષેત્રમાં નવો ચૂલો પોતાનામાટે અથવા સાધુમાટે કરે. (અથવા જંગમચૂલો બહાર લાવે પછી) ત્યાંજ પોતાના માટેની દરરોજ રસોઈ રાંધે.

આમાં, ઉપર જણાવ્યા પ્રમાણે બહાર કરેલો નવો અથવા અંદરથી બહાર લાવેલ ચૂલો શુદ્ધ અને આધાકર્મી હોઈ શકે છે. તેમાં જો ચૂલો શુદ્ધ હોય તો '**प्रकटकरण**' નામક પ્રાદુષ્કરણ દોષ જ લાગે છે. પરન્તુ પૂતિદોષ લાગતો નથી. પરન્તુ જો નવા આધાકર્મી ચૂલા પર રાંધેલું હોય તો એમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दिति किञ्चित्सञ्जाताशङ्केन किमर्थमयमाहारोऽद्य गृहस्य बहिस्ताद्राद्ध इत्यादि प्रश्ने कृते ऋजुतया भवदर्थमिति यथाकथनतः पूर्वमन्धकारेऽकल्प्यमासीदधुना सप्रकाशे राद्धं कल्प्यम् गृह्यतामिति दात्रीवचनश्रवणतो वा विज्ञाय दोषं तदशनादि न गृह्णाति। यदा तु साध्वर्थमभ्यन्तरादबहिश्चुल्लीं मुक्त्वा राद्ध्वा चैवंविधोऽभिप्रायो दात्र्या विस्फुरति यथा गृहान्तर्मक्षिका घर्मो वाऽन्धकारो वा पाकस्थानाद्भोजनस्थानं वा दूरवर्त्ति, गृहस्य बहिस्ताच्च शीतलं सप्रकाशं पाकस्थानाद्भोजनस्थानं चासन्नमत इदं स्वयमत्रैव भोक्ष्यत इति। तदित्थमात्मार्थितं कल्पत इति।

**卐 प्रकाशकरणस्य स्वरूपं तस्य संभवश्च 卐**

ઉપકરણપૂતિદોષ અને પ્રકટનદોષ, આ બન્ને દોષ લાગે છે. આટલું વિશેષ જાણવું કે આધાકર્મી ચૂલા પરથી ભોજન જુદું કરે છતે = એ ચૂલા પરથી ઉતારી લીધા બાદ એમાં પૂતિપણું ઉતરી (નીકળી) જાય છે પરન્તુ પ્રકટનદોષના લીધે એ કલ્પતું નથી. અહીં પ્રકરણ તો પ્રકટનદોષનું જ ચાલે છે. પૂતિદોષ તો પ્રસંગથીજ કહ્યો છે.

**પ્રશ્ન** :- પ્રકટનદોષવાળો આહાર કેમ અકલ્પ્ય છે ?

**ઉત્તર** :- ગૃહસ્થ પોતાનામાટે આહારપાક = રસોઈ કરવા પ્રવૃત્ત થયો હોય તો પણ સાધુને દાન આપવા એ આહારાદિને જે બહાર પ્રકાશસ્થાનમાં લઈ આવવાનું કર્યું. તેમાં દાતા વડે થયેલ પૃથ્વીકાયાદિના ઉપમર્દન રૂપ આરંભદોષ રહેલો છે. ઉપમર્દન = મરણ અથવા પીડા-ત્રાસ-કીલામણા વગેરે, માટે એ અકલ્પ્ય છે.

**પ્રશ્ન** :- આ પ્રકટકરણદોષ સાધુ શી રીતે જાણે ?

**ઉત્તર** :- નીચે જણાવેલ કારણદ્વારા સાધુ એને જાણી શકે છે.

કોક ધાર્મિકઘરમાં, પૂર્વે અંધકારમય રસોડામાં જ રસોઈ બનતી જોઈ હોય અને પછી બહાર રસોઈ બનતી જોઈને કાંઈક શંકા થવાથી સાધુ, પૂછે કે "કેમ આજે આ રસોઈ ઘરની બહાર રાંધવામાં આવી છે ?" ત્યારે ગૃહસ્થના યથાકથનથી = જેવું હોય તેવું સરળતાથી જવાબ આપી દે કે, 'આ તો આપનામાટે આવું કર્યું, કારણ કે પૂર્વે આપને અંધારું હોવાથી અકલ્પ્ય હતું. હાલમાં સપ્રકાશ સ્થાનમાં રાંધ્યું હોવાથી આપને કલ્પશે. માટે ગ્રહણ કરો.' આવા દાત્રીના વચનો સાંભળીને આ પ્રકટકરણ દોષ છે એમ જાણીને તે અશનાદિ ગ્રહણ ન કરે.

પરન્તુ જ્યારે સાધુમાટે અન્દરના બદલે બહાર ચૂલો મૂકે અને એની પર રાંધ્યુ હોય. ત્યારે દાત્રીના આવાપ્રકારના અમુક અભિપ્રાયો જો જણાઈ આવે કે - "ઘરની અન્દરના ભાગમાં માખીઓ છે, બફારો છે, અંધકાર છે. અથવા પાકસ્થાન કરતા ભોજનસ્થાન દૂર છે. પણ, ઘરના બહારના ભાગમાં તો (માખીઓ ખાસ નથી) ઠંડક છે, પ્રકાશ છે, અથવા પાકસ્થાન કરતા ભોજનસ્થાન નજીક છે, તેથી અમે અહીંજ ભોજન કરીશું." તે આ રીતે 'आत्मार्थित' = ગૃહસ્થ પોતાનામાટે કલ્પી લે તો, એ 'પાયડકરણ' તે ગૃહસ્થે પોતાના માટે કરી દીધું હોવાથી, સાધુને એ આહારાદિ કલ્પ્ય બને છે.

**• પ્રકાશકરણનું સ્વરૂપ અને તેનો સંભવ •**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथा 'बीयं' ति द्वितीयं प्रकाशकरणलक्षणं प्रादुष्करणं स्यादिति शेषः। केनेत्याह मणिर्माणिक्यं तेजस्विरत्नविशेषः, दीपो-ऽग्निकलिकारूपः प्रदीपः। गवाक्षो भित्त्यां जालिकारूपः प्रतीतः। तथा कुड्यस्य भित्तेः छिद्रं रन्ध्रं तदादिर्यस्य वस्तुनः, आदिशब्दाद् गृहाच्छादनापनयनापरद्वारकरणं पूर्व-कृतद्वारबृहत्करणादेः परिग्रहस्ततः कुड्यछिद्रादि, ततो मणिश्च दीपश्च गवाक्षश्च कुड्यछिद्रादि च मणिदीपगवाक्षकुड्यछिद्रादि तेषां करणं केनापि रूपेण विधानं तेन। अयमर्थः कश्चिद्विवेकिदायको मन्दप्रकाशगृहमध्यस्थस्थानस्थितस्यैव देयद्रव्यस्य प्रकटनाय, तमिश्रादेशे साधुभिक्षाशुद्ध्यर्थं मणिं भास्वरं व्यवस्थापयति, अग्निप्रदीपो वा प्रकाशाय कुरुते, गवाक्षं वा विधत्ते, कुड्यछिद्रादि वा विदधातीत्थं यत्प्रकाशकरणं करोति, तत्प्रकाशकरणलक्षणं प्रादुष्करणं भण्यते। तदित्थमपि लब्ध आहारो न कल्पते, प्रवृत्त्या दोषात्। अयमपि च स्थानस्थ आत्मार्थितस्सन् स्वयोगेन बहिर्निष्कासितो वा कल्पते। नवरं अग्निप्रदीप-प्रकाशकरणदोषाशुद्धो न कल्पत एव तेजस्कायद्युतिस्पर्शसम्भवात्।

હવે બીજું જે 'प्रकाशकरण' છે તેની વાત કહે છે = ગાથાનો ઉત્તરાર્ધ બતાવે છે. તથા, 'बीयं' = 'द्वितीयं' = પ્રકાશકરણસ્વરૂપ બીજું પ્રાદુષ્કરણ થાય છે, એમ અધ્યાહાર જાણવો. શેનાથી એ થાય છે ? તે કહે છે, 'मणि-दीव-गवक्ख-कुड्डुच्छिड्डाइकरणेण' = 'मणि-दीप-गवाक्ष-कुड्यछिद्रादिकरणेण' A 'मणिः' માણેક, જે તેજસ્વી એક રત્નવિશેષ. તેના દ્વારા, B 'दीप' = દીવાદ્વારા જે અગ્નિની જ્યોતિ સ્વરૂપ છે. તે દ્વારા, C 'गवाक्ष' = ગોખલા = ભીંતમાં જાલિકાસ્વરૂપ હોય છે જે લોકોમાં પ્રસિદ્ધ છે તે કરવા દ્વારા. D 'कुड्यछिद्र' = ભીંતમાં કાણું કરવું વગેરે દ્વારા, અહીં 'आदि' પદથી ઘરને ઢાંકવું અર્થાત્ પૂર્વથીજ ઘરને પ્રકાશ આવે તે પ્રમાણે છાપરું કરવું, છાપરાને દૂર કરવું, બીજું બારણું કરવું, પૂર્વકૃત બારણાને વિશાળ કરવું વગેરે લેવું. મણિ દીવો, ગોખલો અને ભીંતમાં કાણું વગેરે, આ બધાનો દ્વન્દ્વ કરીએ એટલે 'मणिदीपगवाक्षकुड्यछिद्रादि' એવો સમાસ બને છે. આ બધામાંથી કોઈપણ રૂપે જે કરવું તે પ્રકાશકરણસ્વરૂપ પ્રાદુષ્કરણ છે.

અહીં અર્થ આ જાણવો કે, કોક વિવેકી દાતા, ઓછા પ્રકાશવાળા ઘરના મધ્યભાગમાં જ રહેલ દેય = દાનમાં આપવાયોગ્ય દ્રવ્યને પ્રગટ કરવામાટે, પ્રકાશયુક્ત કરવામાટે એટલે કે અંધારીયા સ્થાને પ્રકાશ આવવાથી સાધુને ભિક્ષા કલ્પીશકે તે માટે ઝળહળતો સૂર્યકાંતમણિવગેરે મૂકી દે. અથવા તો પ્રકાશમાટે અગ્નિનો દીવો કરે, અથવા તો ગોખલો કરે અથવા તો ભીંતમાં કાણું કરી દે જે થકી પ્રકાશ આવે. આમ જે પ્રકાશ કરવાનું કરે છે, તેને પ્રકાશકરણ સ્વરૂપ પ્રાદુષ્કરણ કહે છે.

આ પ્રકાશકરણદોષવાળો આહાર પણ કલ્પતો નથી. કારણકે એમાં સાધુને ઉદ્દેશી પ્રવૃત્તિદોષ લાગે છે. પરન્તુ આમાં પણ સ્થાનમાં રહેલો આહારાદિ ગૃહસ્થે પોતાનામાટે કલ્પ્યો હોય અથવા પોતાના માટે બહાર સપ્રકાશસ્થાનમાં કાઢ્યો હોય તો કલ્પ્ય છે.

આટલુ વિશેષ જાણવું કે, અગ્નિના દીવાદ્વારા જે પ્રકાશકરણ થયું, એ દોષથી અશુદ્ધઆહાર ગૃહસ્થે પોતાનામાટે દીવો કર્યો હોય તો પણ એમાંથી દોષપણું નીકળી જતું નથી કારણ કે એમાં તેઉકાયની ઉજેહીના સ્પર્શનો સંભવ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परिज्ञानोपायादिकं चापि ऋजुगृहस्थकथनादिना जानातीत्यादिकं पूर्ववद्वाच्यमिति गाथार्थः।।४२।।

**अवतरणिका–** उक्तं प्रादुष्करणद्वारमथ क्रीतद्वारं व्याचिख्यासुस्तत्स्वरूपं यथा तद्यावद्भेदं च स्यादित्येतदाह।

**मूलगाथा– किणणं कीयं मुल्लेणं चउह तं सपरदव्वभावेहिं।**
**चुन्नाइकहाइधणाइभत्तमंखाइरूवेहि।।४३।।**

**संस्कृतछाया– क्रयणं क्रीतम्मूल्येन, चतुर्द्धा तत्स्व-पर-द्रव्य-भावैः।**
**चूर्णादि-कथादि-धनादि-भक्तमंखादिरूपैः।।४३।।**

**卐 क्रीतशब्दस्य व्युत्पत्तिः 卐**

**व्याख्या–** क्रीयते यत्तत्क्रयणं, कर्मणि युट्, क्रेयं वस्त्वित्यर्थस्तत् किमित्याह क्रीतमिति क्रीयतेस्माशनादि साध्वर्थमिति क्रीतं क्रीताख्यं तदुच्यते इत्यर्थो यद्वा भावे युट् निष्ठा प्रत्ययः, ततः क्रयणमन्यजनपार्श्वादशनादेर्ग्रहणं क्रीतं। ततः क्रयणयोगादशनाद्यपि क्रीतं, क्रीतार्थमुच्यत इत्यर्थः।

---

આમાં પણ, આ પ્રકાશકરણ દોષને સાધુ શી રીતે જાણી શકે ? વગેરેની વાત પણ, ઋજુ ગૃહસ્થના કથનાદિ દ્વારા જાણે વગેરે પૂર્વવત્ જાણવું.।।૪૨।।

**અવતરણિકા** :- આમ પ્રાદુષ્કરણદ્વાર કહ્યું. હવે 'क्रीत' દ્વારની વ્યાખ્યા કરવાની ઈચ્છાવાળા મૂળકારશ્રી ક્રીતદ્વારના ભેદ અને એનું સ્વરૂપ બતાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **किणणं** = બીજા પાસેથી જે ખરીદવું, **कीयं** = ક્રીત, **मुल्लेणं** = મૂલ્યવડે, **चउह** = ચાર પ્રકારનું, **तं** = તે ક્રીત, **सपरदव्वभावेहिं** = સ્વ અને પર દ્રવ્ય અને ભાવવડે, **चुन्नाइ** = ચૂર્ણ વિગેરે, **कहाइ** = કથા વિગેરે, **भत्तमंखाइ** = ભક્ત-મંખ વિગેરે, **रूवेहि** = સ્વરુપવડે.।।૪૩।।

**મૂળગાથા-ગાથાર્થ** :- મૂલ્ય આપીને બીજાની પાસેથી જે અશનાદિ પ્રાપ્ત કરવું તે ક્રીત દોષવાળું કહેવાય. તેના ચાર પ્રકાર છે. (૧) સ્વદ્રવ્યક્રીત = મિષ્ટ અશનાદિનો લોલુપી સાધુ ગૃહસ્થને વાસક્ષેપ ઔષધાદિ દ્રવ્ય આપીને ભક્ત બનાવી તેની પાસેથી જે અશનાદિ મેળવે તે. (૨) સારી સારી કથા કરી, લાંબી લાંબી તપશ્ચર્યા કરી તથા આતાપનાવગેરે લઈ ગૃહસ્થને ભક્ત બનાવી જે અશનાદિ મેળવે તે સ્વભાવક્રીત. (૩) ગૃહસ્થ સાધુને આપવામાટે જે અશનાદિ પૈસાદિ કિંમત આપી ખરીદ કરે તે પરદ્રવ્યક્રીત અને (૪) સાધુનો ભકત બનેલ મંખવગેરે સાધુને આપવામાટે પોતાની કળાથી બીજાને ખુશકરી જે અશનાદિ મેળવે તે પરભાવક્રીત.।।૪૩।।

**• ક્રીત શબ્દની વ્યુત્પત્તિ •**

**વ્યાખ્યાર્થ** :- 'किणणं कीयं' = 'क्रयणं क्रीतम्' = એટલે ખરીદવા યોગ્ય વસ્તુ. જે વસ્તુ ખરીદાય તેને, 'क्रयणं' કહેવાય છે. આમાં કર્મણિમાં 'युट्' પ્રત્યય લાગ્યો છે. તે વસ્તુ શું ? તે કહે છે, ક્રીત, એટલે કે સાધુમાટે ખરીદાયેલ જે અશનાદિ છે તે ક્રીત અશનાદિ કહેવાય છે, અથવા તો ભાવમાં યુટ્ નિષ્ઠા પ્રત્યય લાગ્યો છે એમ જાણવું. એમાં 'क्रयणम्' એટલે કે અન્યજન પાસેથી અશનાદિનું જે ગ્રહણ કરવું, તે 'क्रीत' કહેવાય છે. આમ, 'क्रयण' = ગ્રહણનો યોગ થવાથી એ અશનાદિને પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 क्रीतस्य चतुष्प्रकारं चूर्णादिरूपैः स्व-पर-द्रव्य-भावैः 卐

केन क्रीयत इत्याह मूल्येन क्रेतव्यवस्तुनो लाभकारकवस्तुना लोकप्रतीतेन, चतुर्द्धा चतुःप्रकारं, तत् क्रीतं स्यादिति शेषः यद्वा तदिति मूल्यं चतुर्द्धा चतुर्भिः प्रकारैर्वक्ष्यमाणैः स्यात्तद्योगात् भक्ताद्यपि चतुर्द्धेति व्याख्येयं। कथं पुनरिदं चतुर्द्धेत्याह 'सपरदव्वभावेहिं' ति तत्र स आत्मा यतिसत्को देहः परः साध्वपेक्षयाऽन्यो गृहस्थादिः ततः स्वश्च परश्च स्वपरौ ततः स्वपरयोर्द्रव्यभावौ ताभ्यां स्वपरद्रव्यभावाभ्यामिति। एतेन द्वन्द्वात्परस्य पदस्य श्रूयमाणस्य प्रत्येकं व्याख्यानतः सम्बन्धात् स्वद्रव्यक्रीतं स्वभावक्रीतं परद्रव्यक्रीतं परभावक्रीतमिति क्रीतभेदचतुष्टयं वक्ष्यमाणार्थमुक्तं। किंस्वरूपाभ्यामित्याह, 'चुन्नाइ' इत्यादि, इह चूर्णशब्देन निर्माल्यमुज्जयन्तादिप्रतिमारोपितं चूर्णरूपं पुष्पादिकमभिप्रेतं चूर्ण आदिर्यस्य स्वकीयद्रव्यसमूहस्य स चूर्णादिः। आदिशब्दात् पुटपाकादिगन्धमुखप्रक्षिप्तमनुजरूपपरावर्त्तादिकारिगुटिका, कर्पूरादिमिश्रितचन्दन, वालपोतकवस्त्रादिपरिग्रहः। 'कहाइ'

---

ક્રીત કહેવાય છે.

## • ચૂર્ણવગેરેસ્વરૂપ સ્વ-પર અને દ્રવ્ય-ભાવદ્વારા ક્રીતના ચારપ્રકાર •

કોના દ્વારા ખરીદાય છે ? તે કહે છે, 'मुल्लेण' = 'मूल्येन' = મુલ્યદ્વારા, એટલે કે ખરીદવા યોગ્ય વસ્તુનો લાભ કરાવી આપનાર લોકમાં પ્રસિદ્ધ એવી વસ્તુદ્વારા. 'चउह तं' = 'तम् (क्रीतं) चतुर्द्धा' = તે ક્રીત ચારપ્રકારે થાય છે.. અથવા તો, 'तं' = 'तत्' = એટલે કે તે મૂલ્ય, હવે કહેવામાં આવનાર ચારપ્રકારે થાય છે. મૂલ્યના પ્રકારો ચાર હોવાથી તે સંબંધી અશનાદિ પણ ચાર પ્રકારના બને છે, એમ જાણવું.

આ ચાર પ્રકાર શી રીતે બને છે ? તે કહે છે 'सपर-दव्वभावेहिं' = 'स्व-पर, द्रव्य-भावैः' = સ્વ અને પર તથા દ્રવ્ય અને ભાવદ્વારા ચાર પ્રકારો પડે છે. અહીં 'स' = 'स्व' = આત્મા, એટલે કે યતિ સંબંધી દેહ જાણવો. 'पर' = બીજા, એટલે કે સાધુની અપેક્ષાએ બીજા જે ગૃહસ્થાદિ છે તે લેવા. આમ 'स्वश्च परश्च' = 'स्वपरौ' થયું. પછી 'स्वपरयो द्रव्यभावौ स्वपरद्रव्यभावौ ताभ्यां' આ સમાસ કરવો.'દ્વન્દ્વ સમાસના અન્તે જે સંભળાતુ પદ = શબ્દ આવે તે પૂર્વના દરેક શબ્દ સાથે જોડવો' આવી વ્યાખ્યાના સંબંધથી (૧) स्वद्रव्यकीतं (૨) स्वभावक्रीतं (૩) परद्रव्यक्रीतं અને (૪) परभावक्रीतं એમ ક્રીતના ચાર ભેદ થાય છે. જે હવે કહેવામાં આવશે.

કયા સ્વરૂપવાળા આ સ્વ અને પર તથા દ્રવ્ય અને ભાવદ્વારા ક્રીત થાય છે ? તે કહે છે, 'चुन्नाइ-कहाइ-धणाइ-भत्तमंखाइरूवेहि' = 'चूर्णादि-कथादि-धनादि-भक्तमंखादिरूपैः' = ચૂર્ણવગેરે, કથા વગેરે, ધનવગેરે અને ભક્તમંખાદિ સ્વરૂપ મૂલ્ય દ્વારા ક્રીત થાય છે.

(૧) 'चूर्णादि' = અહીં ચૂર્ણ શબ્દથી નિર્માલ્ય લેવું. અર્થાત્ ગિરનારવગેરે તીર્થોની પ્રતિમાઓ પર ચઢાવ્યાબાદ ઉતરેલું વાસક્ષેપ - પુષ્પાદિ જાણવું. જેના પોતાના દ્રવ્યસમૂહની આદિમાં ચૂર્ણ આદિ હોય તે 'चूर्णादि' કહેવાય છે. આમાં 'आदि' શબ્દથી પુટપાકઆદિ ગન્ધ, (પુટપાક = બે પડની વચ્ચે રાખીને પકાવેલી સુગંધી વસ્તુ) મુખમાં નાખ્યાથી મનુષ્યનું રૂપપરાવર્તનઆદિ કરનારી ગુટિકા, કપૂરઆદિથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

त्ति कथा धर्मकथाकथनं धर्मदेशनाकरणमित्यर्थः। सा आदिर्यस्यात्मीयभावसमूहस्य स कथादिः। आदिशब्दात् पिण्डादिलोभेन प्रमाणोपन्यासकरणमासादिक्षपणविधानपरोपश्लोकनार्थकाव्यविरचनशीतोष्णाद्यातापनाऽऽदानादिपरिग्रहः। 'धणाइ' त्ति धनमिह घटिताघटितरूपसुवर्णद्रम्मरूपकर्द(पर्दि)कादिकमचेतनं ग्राह्यं, तदादिर्यस्य परद्रव्यसमुदायस्य स धनादिः। आदिशब्दात् सचित्तमिश्रद्रव्यग्रहः। 'मंखाइ' त्ति भक्तो भक्तिमान् मंखः केदारपट्टिकसुकृतदुष्कृतफलसूचकचित्रफलकोपजीवी भिक्षुविशेष इति यावत्। भक्तश्चासौ मंखश्च स आदिर्यस्य भक्तिमत्तथाविधजननिवहस्य स भक्तमंखादिः। इह परभावस्य प्रस्तुतत्वात्, साध्वर्थमाहाराद्युपमार्जनां(र्गणां) संवलितो मंखादिसत्कविज्ञानरूपो भावोऽपि भक्तमंखशब्देनात्रोपचारादुक्तः। ततश्चूर्णादिश्च कथादिश्च धनादिश्च भक्तमंखादिश्चेति ते तथा तै रूपं स्वरूपमात्मीयलक्षणं ययोः स्वपरसत्कयोर्द्रव्यभावयोस्तौ तथोक्तौ ताभ्यां चूर्णादिकथादिधनादिभक्तमंखादिरूपाभ्यां। केचित्तु बहुवचनान्ततया व्याचक्षते। यथा द्रव्ये च भावौ च द्रव्यभावाः स्वपरयोर्द्रव्यभावाः

---

મિશ્રિત ચન્દન, વાળ = કેશ, પ્રોતક પરોવવાની વસ્તુ = નંગવગેરે અને વસ્ત્રવગેરેનો સમાવેશ જાણવો.

(૨) 'कहाइ' = એટલે કે ધર્મકથાનું કથનકરવું = દેશના કરવી. જે આત્મીય = પોતાના ભાવ સમૂહની આદિમાં કથા છે, તે 'कथादि' કહેવાય છે. આમાં 'आदि' શબ્દથી પિણ્ડ = ભોજનઆદિના લોભે આત્મીયભાવસમૂહ એટલે કે પ્રમાણઉપન્યાસકરણ કરવું = પ્રમાણ બતાવવાપૂર્વક જ્યોતિષકથન કરવું, માસક્ષમણવગેરે કરવા, બીજાનું ઉપશ્લોકન = પ્રશંસાદિ કરવા કાવ્યની રચના કરવી, ઠંડી સહન કરવી, ગરમીમાં આતાપના લેવી વગેરેનો સમાવેશ જાણવો.

(૩) 'धणाई' = ધન એટલે કે પૈસો. પૈસો એટલે કે ધન શબ્દથી ઘટિત (વ્યવસ્થિત આકારે ઘડેલું) કે અઘટિત (ચોક્કસ આકાર રૂપે નહિ પણ માત્ર તે તે મૂળસ્વરૂપે રહેલું) એવું સોનું, દ્રમ્મ (નાણું વિશેષ), રૂપુ, 'कपर्दि' એટલે કોડી = નાણુંવિશેષવગેરે અચેતન રૂપ ધન લેવું. જે પરદ્રવ્યસમુદાયની આદિમાં ધન છે તેને 'ધનાદિ' કહેવાય છે. 'आदि' શબ્દથી પરદ્રવ્યસમુદાય = અચિત્ત, મિશ્ર દ્રવ્યનું ગ્રહણ કરવું.

(૪) 'भक्त-मंखादि' = ભક્તિવાળો મંખ વગેરે. મંખ એટલે કે, કેદારપટ્ટિક કે સુકૃત-દુષ્કૃતના ફળને સૂચવનાર ચિત્રના પાટીયા પર જીવવાવાળો = એના દ્વારા પોતાનું ગુજરાન ચલાવનારો ભિક્ષુ વિશેષ જાણવો. 'भक्तश्चासौ मंखश्च' કર્મધારય સમાસથી 'भक्तमंख' બને છે. જે ભક્તિવાળા તેવા-પ્રકારના જનસમુદાયની આદિમાં ભક્તમંખ છે, તેને 'भक्तमंखादि' કહેવાય છે. અહીં પરભાવ સંબંધી વાત હોવાથી, સાધુમાટે આહારઆદિ મેળવી આપવાના આશયવાળા મંખાદિવિષયક વિજ્ઞાનસ્વરૂપ જે ભાવ છે તે પણ અહીં ઉપચારથી 'भक्तमंख' શબ્દથી જણાવાયો છે.

આમ (૧) ચૂર્ણાદિ, (૨) કથાદિ, (૩) ધનાદિ અને (૪) ભક્તમંખાદિ- આ ચાર સ્વરૂપ છે જેનું એવા સ્વ-પરસંબંધી દ્રવ્ય અને ભાવદ્વારા મેળવાયેલું, ક્રીત કહેવાય છે.

કેટલાક આચાર્યભગવંતો આ વાતને બહુવચનાન્ત તરીકે જણાવે છે. અર્થાત્ આગળ જે "द्रव्यभावौ" એમ દ્વિવચનાન્ત બતાવ્યા, તેના બદલે બહુવચનાન્ત તરીકે જણાવે છે. તે આ પ્રમાણે, 'स्व' સંબંધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वपरद्रव्यभावास्तैः। किं स्वरूपैरित्याह। चूर्णादिकथादिधनादिभक्तमंखादयो रूपं येषां स्वपरद्रव्यभावानां ते तथा तैः, शेषं प्राग्वत्। (१५००) अनेन च गाथोत्तरार्द्धेन क्रीतभेदचतुष्टयसत्का मूल्यरूपा द्रव्यभावा विशेषणतया अभिहिताः। तत्रात्मद्रव्यं 'चूर्णादि, आत्मभावः कथादि परद्रव्यं धनादिः परभावो भक्तमंखत्वादिरिति। तदयं प्रागुपात्तक्रितभेदचतुष्टयस्यार्थो, यथा(दा) आहारादिलिप्सया स्वकीयेनात्मद्रव्येण चूर्णादिरूपेण गृहीणः (हिणः) प्रदत्तेन यदशनादि साधुना लभ्यते तदा द्रव्यक्रीतमात्मनोऽर्थायात्मद्रव्येण चूर्णादिना क्रीतं साधुनोपार्जितं भक्तादीति कृत्वा।

**卐 क्रीतदोषे दोषाः 卐**

अत्र चामी दोषा, यथा निर्म्माल्यादिग्रहणानन्तरं तस्य दैवयोगेन मांद्ये जाते साधुना अहं ग्लानीकृत इत्यादिग्लानजल्पनादिना शासनमालिन्यं स्यादथाग्रतो मन्दस्सन् निर्माल्यादि(ना)नीरोगः सम्पद्यते तथा चाटुकारित्वं कृतं स्यात्तथा मन्दस्यौषधादिदानेन प्रगुणस्य तु व्यापारादिप्रयोजकतया

---

દ્રવ્ય અને ભાવ અને 'પર' સંબંધી દ્રવ્ય અને ભાવ, એટલે કે બે દ્રવ્યો અને બે ભાવો. 'द्रव्ये च भावौ च' = 'द्रव्यभावाः' = સ્વ-પરના દ્રવ્યભાવો. કયા સ્વરૂપવાળા દ્રવ્યભાવો ? તે કહે છે, ચૂર્ણાદિ - કથાદિ-ધનાદિ અને ભક્તમંખાદિસ્વરૂપ અને આના દ્વારા મેળવાયેલું તે ક્રીત કહેવાય છે.

આ રીતે, મૂળગાથાના ઉત્તરાર્ધમાં ક્રીતના ૪ ભેદો સંબંધી મૂલ્ય સ્વરૂપવાળા દ્રવ્ય અને ભાવને ક્રીતના વિશેષણ તરીકે જણાવાયા છે. તેમાં 'आत्मद्रव्य' = ચૂર્ણાદિ, 'आत्मभाव' = કથાદિ, 'परद्रव्य' = ધનાદિ અને 'परभाव' = ભક્તમંખપણું વગેરે. હવે પૂર્વે જણાવેલા ક્રીતના ૪ ભેદોના અર્થ જણાવે છે.

પ્રથમ દ્રવ્યક્રીતને બતાવે છે,

જ્યારે આહારાદિની લાલસાદ્વારા ગૃહસ્થને અપાયેલ ચૂર્ણાદિરૂપ પોતાના = આત્મદ્રવ્યથી, જે અશનાદિ સાધુવડે મેળવાય છે, ત્યારે એ દ્રવ્યક્રીત બને છે. કારણ કે, પોતાનામાટે પોતાના જ ચૂર્ણાદિ દ્રવ્યદ્વારા અશનાદિનું ઉપાર્જન કરાયું છે.

**● ક્રીતમાં દોષો ●**

દ્રવ્યક્રીતમાં રહેલા દોષો આ પ્રમાણે છે. જેમકે ગૃહસ્થે નિર્માલ્યવગેરે ગ્રહણ કર્યું અને ભાગ્ય વશથી તે ગૃહસ્થને કોઈ માંદગી આવી તો એ ગૃહસ્થ 'સાધુ વડે હું ગ્લાન કરાયો' વગેરે બોલે એટલે શાસનમાલિન્ય થાય, અથવા તો, અગાઉ માંદો હતો અને નિર્માલ્યાદિદ્વારા નિરોગી બની જાય તો એ ગૃહસ્થની ચાપલૂસી કર્યા જેવું થાય. તેમજ માંદાને ઔષધ આપવાથી એ તગડો બનીને વ્યાપારાદિમાં લાગીજવાદ્વારા જીવઘાતઆદિ કરશે કે જે મોટી આપત્તિરૂપ છે, એનાથી સાધુને કર્મબંધ થાય છે.

હવે સ્વ-ભાવક્રીત બતાવે છે,

આહારાદિ પ્રાપ્ત કરવા માટેજ, ધર્મકથા કરવી, વાદી બનીને વાદ કરવો, માસક્ષમણાદિ તપ કરવા, આતાપના લેવી, કવિતાઓ રચવી વગેરે આવડતો પૈકી પોત-પોતાના ધર્મકથા કરવી વગેરે સ્વરૂપ આત્મભાવ = આવડત બતાવવાદ્વારા, ધર્મકથાવગેરેથી ખેંચાયેલા લોકો પાસેથી જે અશનાદિ પ્રાપ્ત કરે છે, તે 'आत्मभावक्रीत' કહેવાય છે. ટૂંકમાં, પોતાનામાટે ધર્મકથા વગેરેભાવકળા દ્વારા જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जीवघातापत्तेः कर्म्मबन्धः स्यात्। तथाहाराद्यर्थमेव धर्मकथावादिक्षपकातापककविभिः स्वस्वधर्मकथादिलक्षणेनात्मभावेन विधायमानेन धर्म्मकथाद्याक्षिप्तचित्तेभ्यो लोकेभ्यो यदशनादिकं लभ्यते तदात्मभावक्रीतं आत्मनोऽर्थाय भावेन धर्म्मकथादिना क्रीतमिति कृत्वा। अत्र च दोषाः स्वानुष्ठानफल्गुताकरणप्रभृतयो वाच्याः। तथा गृही सचित्तादिभेदेन द्रव्येण साध्वर्थं यदशनादि क्रीणाति तत्परद्रव्यक्रीतं साध्वर्थं परेण गृहस्थादिना द्रव्येण धनादिसचित्तादित्रिप्रकारान्यतरेण क्रीतमिति कृत्वा। षट्कायविराधनादयो दोषाः प्रतीता एव। तथा परभावेन साधुभक्तमंखादिभिक्षुसत्कविज्ञानलक्षणेन पर्यायेण क्रीतं यद्भक्ताद्युपार्जितं साध्वर्थं तत्परभावक्रीतं। अत्र वृद्धदृष्टान्तो यथा–

卐 **साधुभक्तमङ्खस्य दृष्टांतः** 卐

एगंमि गामे एगो धम्मपिओ मंखो होत्था, अन्नया तस्स गिहेगदेसे साहुपरिवारसंयु(जु)या सुट्ठियायरिया तत्थ वासारत्ते ठिया। मंखो दाणरुई पइदिणं साहूणो भत्ताइच्छं(यं) देइ ते य

મેળવ્યું, તેને '**आत्मभावक्रीत**' કહેવાય છે.

'**आत्मभावक्रीत**' સંબંધી દોષ બતાવે છે. 'સ્વ' = પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનારૂપ અનુષ્ઠાનને ફોગટ = નિષ્ફળ બનાવવા વગેરે. (અહીં, જો દાતા જૈનેતર હોય, ત્યારે એ જૈનેતરના ભગવાનની કથા કરવામાં મિથ્યાત્વ પણ આવે. પરન્તુ, અહીં મુખ્યતયા ગોચરી સંબંધી વાત જ કરવાની છે. માટે મુખ્યતયા જીવોપમર્દ વગેરેની વાતો આવે. બાકી અન્યદોષોનો વ્યવચ્છેદ ન જાણવો અર્થાત્ બીજા દોષો પણ લાગે જ છે.)

હવે '**परद्रव्यक्रीत**' બતાવે છે. ગૃહસ્થ સચિત્તાદિ = સચિત-અચિત-મિશ્રભેદવાળા દ્રવ્યથી સાધુમાટે જે અશનાદિ ખરીદે તેને '**परद्रव्यक्रीत**' કહેવાય છે. કારણકે, સાધુમાટે બીજા ગૃહસ્થવગેરેદ્વારા સચિત્તાદિ ત્રણ ભેદમાંથી કોઈપણ પ્રકારના ધનથી ખરીદાયું છે.

આમાં ષટ્કાયવિરાધના વગેરે દોષો તો પ્રતીત જ છે. જો દ્રવ્ય સચિત્ત હોય તો પૃથ્વીકાયાદિ વિરાધના થાય અને ધનદ્વારા વસ્તુ લેવા જવામાં અને લઈને આવવામાં એ ગૃહસ્થદ્વારા ત્રસકાયની વિરાધના થાય. અથવા એકાદવાર ક્રીતદ્વારા સાધુને પ્રતિલાભે, પછી સાધુમાટે ખાસ ખરીદકરીને વારંવાર પ્રતિલાભેવગેરે સ્વરૂપ ષટ્કાયવિરાધના જાણવી.

હવે '**परभावक्रीत**' બતાવે છે - સાધુના ભક્ત એવા મંખાદિભિક્ષુ સંબંધી વિજ્ઞાન = વિશિષ્ટ કળાસ્વરૂપ પર્યાય = પ્રકારવડે જે આહારાદિ સાધુમાટે મેળવાય તેને '**परभावक्रीत**' કહેવાય છે.

આમાં કયા દોષની સંભાવના છે ? અથવા '**परभावक्रीत**' શી રીતે સંભવે છે ? તે અંગે વૃદ્ધોનું = પૂર્વાચાર્યોનું દૃષ્ટાંત જણાવે છે.

## • સાધુભક્ત મંખનું દૃષ્ટાંત •

એક ગામમાં એક ધર્મપ્રિય મંખ હતો. તે મંખના એક ઘરપ્રદેશમાં સાધુથી પરિવરેલા સુસ્થિત નામક આચાર્યભગવંત ચોમાસું રહ્યા. મંખ દાનરૂચિવાળો હોવાથી રોજ સાધુને અશનાદિમાટે વિનવે છે. પરન્તુ મુનિઓ "આ શય્યાન્તર છે, એનું પિંડ ન કલ્પે" એમ કરીને જે તે ઉપાય વડે = તમારું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सेज्जातरपिंडो त्ति काउं जेण तेण उवाएण पडिसेहंति। तेण चिंतियं जहा मम गेहे एए भत्ताइ न गेण्हंति अन्नेसिं पि गेहे जइ एत्थ दवाविस्सामि तओ लक्खिस्सन्ति, ता वासारत्ते वित्ते जत्थ गच्छिस्सन्ति तत्थ गन्तूण केणइ उवाएण दवावेमि त्ति। बहु वासारत्ते गए ते पुट्ठा। जहा भयवं वासारत्ते वित्ते कयरीए दिसाए तुब्भे विहरिस्सह। तेहिं अविगप्पेहिं कहियं जहा अमुगाए। तेण य वित्ते चेव वासारत्ते तीए दिसाए एगंमि गोउले गन्तूण केदारपडिविन्नाणे लोगो आवज्जिओ। घयदुद्धाइयं दाउं पयट्टो, तेण भणिओ जहा जया याएमि तया देज्जसु त्ति। ते य साहुणो वासारत्ते वित्ते विहरन्ता तत्थेवागया तेण अलक्खाविंतेण पुव्वपडिसेहियं घयाइयं जाइउं एगंमि गेहे मेलिऊण मुक्कं। ते साहुणो निमंतिऊण सुद्धंति पच्चयं उप्पाइय पडिलाहिया।

इत्थमूर्ज्जितमन्यदपि यदशनादि साधुना लभ्यते तत्परभावक्रीतमुच्यते। अत्र च परभावक्रीताख्योऽन्यतो गृहादानीतत्वादभ्याहृताख्यः, अवभाष्यावभाष्यैकत्रमुक्तत्वात् स्थापनाख्यश्च दोषः स्यादिति गाथार्थः।।४३।।

---

અમને ન કલ્પે એમ સ્પષ્ટ બોલી શકાય તેમ ન હોવાથી કોઈને કોઈ બહાનું કાઢીને તેનો પ્રતિષેધ કરે છે. એટલે પેલા મંખે વિચાર્યું કે "એ ઓ મારા ઘરે આહારાદિ ગ્રહણ કરતા નથી અને અહીંજ = આ જ ગામમાં બીજાઓ પાસે અપાવીશ તો પણ સાધુઓ જાણી જશે. તેથી એક કામ કરું કે, ચોમાસા પછી તેઓ જ્યાં જવાના છે ત્યાં જઈને કોઈક ઉપાયદ્વારા અપાવું જેથી આ રીતે પરંપરાએ પણ દાન અપાવી કૃતાર્થ થઈશ." આમ વિચારી ચોમાસાના ઘણા ખરા દિવસો પસાર થયાબાદ = ચોમાસું પૂર્ણતાને આરે આવતા મંખે સાધુઓને પૂછ્યું "હે ભગવંતો ! આપ ચોમાસાબાદ કઈ દિશામાં વિહાર કરશો ? મુનિઓએ કોઈપણ જાતના વિકલ્પ વિના = મંખની ગૂઢ નીતિને વિશે કે બીજીકોઈ કલ્પના ન કરતા કહ્યું કે "અમુક દિશામાં જવાની ભાવના છે." હવે મંખે ચોમાસુ પૂર્ણ થયે સાધુઓએ બતાવેલ દિશામાં એક ગોકુલમાં જઈને "કેદારપટ્ટિક" વિજ્ઞાનથી લોકોને આવર્જિત કર્યા. આવર્જિત થયેલા લોકો મંખને ઘી-દૂધ વગેરે આપવા લાગ્યા. એટલે તેણે કહ્યું "હમણાં નહિ, પણ જ્યારે માંગુ ત્યારે આપજો."

આ બાજુ, ચોમાસું પૂર્ણ થયું એટલે મુનિઓ ત્યાંજ આવી પહોંચ્યા. એટલે મંખે સાધુઓને ખબર ન પડે એ રીતે પૂર્વે ના પાડેલી ઘી-દૂધાદિની યાચના કરીને એક ઘરમાં લાવીને મુક્યું. જે ઘરમાં મૂક્યું હતું તે ઘરવાળાઓએ સાધુઓને નિમન્ત્રણ આપીને, સાધુઓને "આ શુદ્ધ છે" એવો વિશ્વાસ આપીને વહોરાવ્યું.

આ રીતે મંખાદિવડે મેળવેલું = પેદાકરાયેલું બીજું પણ અશનાદિ જે સાધુવડે પ્રાપ્ત કરાય છે. તેને '**परभावक्रीत**' કહેવાય છે.

આમાં '**परभावक्रीत**'નામક દોષ તો લાગે જ પરન્તુ સાથોસાથ મંખે બીજા ઘરોથી યાચના કરી કરીને લાવ્યું હોવાથી અભ્યાહૃતનામક દોષ અને મંખે એક જગ્યાએ લાવી મૂક્યું હોવાથી સ્થાપના નામક દોષ પણ લાગે અને અધ્યાહારથી આ સિવાયના પણ મંખનું એ ગામમાં જવું-આવવું વગેરે જીવવિરાધનારૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अवतरणिका**– उक्तं क्रितद्वारमथापमित्यकद्वारमाह।

**मूलगाथा– समणठा उच्छिंदिय, जं देयं देइ तमिह पामिच्चं।**
**तं दुट्ठं जइभइणी, उद्धारियतेल्लनाएण।।४४।।**

संस्कृतछाया– श्रमणार्थमुच्छिद्य यद्देयं ददाति तदिह प्रामित्यकं ।
तद्दुष्टं यतिभगिन्युद्धारिततेलज्ञातेन ।।४४।।

**卐 अपमित्यदोषस्वरूपं तस्य द्विभेदं च 卐**

**व्याख्या**– श्रमणार्थं साधुनिमित्तमुच्छिद्य पुनर्दास्याम्येतत्तवेत्यभिधाय कस्यापि पार्श्वादुद्धारे गृहीत्वा यद्देयं दातव्यं वस्तु, एतेनाहारोपधिशय्यालक्षणं वस्तु सर्व्वं सूचितम्। नवरमत्राहारेणैव प्रकृतं, शेषं तु प्रसङ्गेनोपयोगित्वात् किञ्चिद्वक्ष्यते। ददाति प्रयच्छति गृही श्रमणेभ्यस्तद्वस्त्वाहारादि। 'इह' प्रवचने, एषु वोद्गमादिदोषेषु मध्ये, 'पामिच्चं'ति अपमित्यकं प्रामित्यकं वोक्तशब्दार्थं भण्यत इति शेषः। एतच्च लौकिकलोकोत्तरभेदाद् द्विभेदं स्यात्। तत्र लौकिकं पृथग्जनभवमितरच्च जिन-शासनोद्भवं। तदिह लौकिकेन प्रकृतं। तत्रानालापराटिदासत्वप्रभृतिसर्व्वजनप्रत्यक्षदोषसम्भवात्।

---

દોષો લાગી શકે એમ જાણવું.॥૪૩॥

**અવતરણિકા** :- આ પ્રમાણે 'क्रीतद्वार' કહ્યું. હવે 'अपमित्यकद्वार' કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **समणठा** = સાધુમાટે, **उच्छिंदिय** = ઉછીનું લાવીને, जं = જે, **देयं** = આપવાલાયક વસ્તુ, **देइ** = આપે, तं = તે, **इह** = આ પ્રવચનમાં, **पामिच्चं** = પ્રામિત્યનામનો દોષ, तं **दुट्ठं** = તે દુષ્ટ છે, **जइभइणी** = યતિની બહેનવડે, **उद्धारिय** = ઉધાર લવાયેલ, **तेल्लनाएण** = તેલના દૃષ્ટાંતવડે.॥૪૪॥

**મૂળગાથા-ગાથાર્થ** :- સાધુને આપવામાટે ગૃહસ્થ બીજાને ત્યાંથી તે વસ્તુ ફરીથી પાછી આપવાની કહી જે અશનાદિ વસ્તુ ઉછીની લાવે તે પ્રામિત્યદોષવાળી બને છે. આવી રીતે ઉછીની લાવેલ વસ્તુ ઉધારથી તેલ લાવનાર સાધુની બહેનની જેમ દાસપણાની પ્રાપ્તિઆદિ દોષવાળી હોવાથી સાધુને અકલ્પ્ય છે.॥૪૪॥

**● અપમિત્યદોષનું સ્વરૂપ અને તેના બે ભેદ ●**

**વ્યાખ્યાર્થ** :- 'समणट्ठा उच्छिंदिय' = 'श्रमणार्थं उच्छिद्य' સાધુમાટે "આ હું તમને પછીથી પાછું આપીશ" એમ કહીને કોઈકની પાસેથી ઉધાર લઈને, 'जं देयं' = 'यद् देयम्', 'देइ' = 'ददाति' જે આપવાયોગ્ય વસ્તુ આપે છે. અહીં, 'देयं' પદથી આહાર-ઉપધિ-શય્યાસ્વરૂપ બધીજ વસ્તુઓ સૂચવી છે તે જાણવું. જો કે અહીં તો આહારથી જ પ્રયોજન છે. શેષ ઉપધિઆદિની વાત તો ઉપયોગી હોવાથી પ્રસંગથી = અપમિત્યકઆહારની વાતસાથે કંઈક કહીશું.

આ રીતે ઉછીનું લઈને ગૃહસ્થ સાધુને આપે છે. 'तं' = 'तत्' = તે આહારાદિ, 'इह' = 'अस्मिन्' = 'जैन प्रवचने' = આ જૈન પ્રવચનમાં અથવા ઉદ્ગમાદિદોષોની મધ્યમાં 'पामिच्चं' =

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इतरदुपरिष्टादुपयोगित्वादेव वयं दर्शयिष्यामोऽतो लौकिकमाश्रित्य सूत्रकारो निषेधं दर्शयन्नाह। तदपमित्यकाशनादि दुष्टं दात्र्यादेर्दासत्वभवनादिदोषकृत्। दुष्टत्वाच्च यतीनामकल्प्यं। केन दुष्टत्वमस्य ज्ञातमित्याह यतः साधोर्भगिनी स्वसा, तया उद्धारितं मूल्याभावादुद्धारके गृहीतं यद्वणिकतैलं तस्य ज्ञातं दृष्टान्तस्तेनेति। तच्चेदं–

**卐 लौकिकाऽपमित्यके साधुभगिन्योद्धारिततैलदृष्टांतः 卐**

एगंमि गामे एगो कुडुंबिओ होत्था, तस्स य बहवे पुत्ता। बहुयाओ धूयाओ भविंसु। अण्णया तत्थ समुद्दघोसो णाम सूरिणो समागया। तेसिं सगासे धम्मं सोउं एगो तस्स कोडुबिंयस्स पुत्तो संजायतिव्वचरणपरिणामो पडिवन्नो दिक्खं। कालेण य विन्नायासेसकिरियाकलावो अहिज्जियसयलसुत्तत्थो विन्नायपरमत्थो गीयत्थो संजाओ। सो य अन्नया कोइ पव्वज्जं गिण्हिहित्ति गुरुणो आपुच्छिऊण सयणदंसणत्थं नियसन्नायगगामे गओ। तत्थ बाहिं कोइ पुट्ठो जहा अमुगस्स कोडुंबियस्स पुत्तो हं, ता कोइ एत्थ अत्थि मम सयणो, तेण भणियं एगा तुज्झ भगिणी विहवा

---

'प्रामित्यकम्-आपमित्यकम्' = પ્રામિત્યક કે અપમિત્યકનામનો દોષ કહેવાય છે.

આ પ્રામિત્યકદોષ લૌકિક અને લોકોત્તરભેદથી બે પ્રકારે છે. તેમાં લૌકિક એટલે સાધુ સિવાય = જિનશાસન સિવાયના લોકમાં ઉદ્‌ભવેલું તથા બીજું જિનશાસનમાં ઉદ્‌ભવેલું જાણવું. આ બન્નેમાંથી અહીં લૌકિક ઉપયોગી છે. લોકોત્તરભેદની વાત પણ ઉપયોગી હોવાથી તે આગળ કહીશું. એમ ટીકાકાર જણાવી રહ્યા છે. માટે પ્રથમભેદ અંગે જણાવી રહ્યા છે કે આ લૌકિકભેદમાં અનાલાપ = અબોલા, રાટિ = ઝગડો અને દાસપણું વગેરે દોષો સર્વજનને પ્રત્યક્ષ હોવાથી તે લૌકિકભેદના નિષેધને આશ્રયીને સૂત્રકાર = મૂળકાર ઉત્તરાર્ધ ગાથામાં લખે છે કે, 'तदुट्ठं' = 'तद् दुष्टं' = તે અપમિત્યક કે પ્રામિત્યક અશનાદિ દુષ્ટ છે. કારણ કે એ દાત્રી વગેરેને દાસપણું પ્રાપ્ત થવું વગેરે દોષને કરાવનાર છે. અને તેથીજ = દોષને કરાવનાર હોવાથી જ સાધુઓને એ અકલ્પ્ય છે.

કોના દ્વારા = કયા દૃષ્ટાંત દ્વારા આનું દુષ્ટપણું જણાયું ? તે કહે છે, 'जइभइणी' = 'यतिभगिनी' = પોતાની પાસે પૈસા ન્હોતા અને પોતાના ભાઈસાધુને દાન આપવામાટે સાધુની બહેને, 'उद्धारियतेल्लनाएण' = 'उद्धारित-तेल-ज्ञातेन' = વણિકપાસે ઉછીનું જે તેલ લીધેલું તેના દૃષ્ટાંતથી દુષ્ટપણું જણાયું છે. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે.

**• લૌકિક અપમિત્યકમાં સાધુની બહેને ઉછીનું તેલ લેવા વિષયક દૃષ્ટાંત •**

એક ગામમાં એક કૌટુમ્બિક પુરુષ હતો. તેણે ઘણા પુત્રો અને ઘણી દીકરીઓ થઈ. એકવાર તે ગામમાં સમુદ્રઘોષ નામના સૂરિ ભગવંત પધાર્યા. તેઓ પાસે ધર્મ સાંભળીને તે કૌટુંબિક પુરુષના એક દીકરાએ તીવ્રસંયમની પરિણતિ જાગવાથી દીક્ષા લીધી. દીક્ષાના અમુક સમયબાદ તેઓ સંપૂર્ણ ક્રિયા કલાપના જાણકાર, બધા સૂત્રાર્થના જ્ઞાતા, પરમાર્થના જાણકાર એવા ગીતાર્થ બન્યા. એકવાર તેઓએ "મારા કુટુંબમાંથી કોઈક દીક્ષા ગ્રહણ કરશે" એમ વિચારીને ગુરુની આજ્ઞા મેળવીને સ્વજનોને દર્શનાર્થે = સ્વજનોને દર્શન આપવામાટે પોતાના સ્વજનોના ગામમાં ગયા. ગામની બહાર કોકને પૂછ્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जीवइ, सेसं सव्वं कालेण कवलियं। तउ तीसे गिहे पविट्ठो, सा य तं सहोयराणगारं निज्जियदुज्जयवइरिमारं विहिउग्गछट्ठइमाइतवोदारं विसिट्ठणाणाइगुणगणागारं दट्ठूण अतीव हरिसिया। भत्तिबहुमाणपुव्वं वंदिऊण पज्जुवासिऊण य तन्निमित्तं किंचि आहारपागं काउं पयट्टा। साहुणा य वारिया जहा पागे कए अम्हाणं न कप्पइ। तीए चिन्तियं पागं विणा घयतेल्लाइयं होइ। तं च मम गेहे नत्थि त्ति मासे मासे दुगुणवुड्ढीए एगस्स सेट्ठिस्स सयासाउ उच्छिन्नो एगो करिसो तेल्लस्स गहेऊण साहुणो ढोइओ। तेण सुद्धो त्ति गहिउं जीमिओ। तीसे नियमाइयं दाउं विहारो कओ। तीसे तेल्लस्स असंपत्तीए अणेगे घडया रिणे जाया। सेट्ठिणा सा भणिया जहा मे तेल्लं देहि उदाहु गीहदासी भवसुत्ति, तेल्लस्स अभावाउ तस्स गिहे दासी जाया। कइवयवरिसेहिं पुणो वि सो साहू तत्थागओ गामपरिसाए कोइ पुट्ठो जहा अमुगस्स कोडुबिंयस्स अमुगा तणया आसि सा किं चिट्ठइ नवा, तेण भणियं चिट्ठइ परं अमुगस्स सेट्ठिणो गिहदासी जाया रोवन्ती चिट्ठइ, सव्वो तिल्लवइयरो कहिओ। तेण चिन्तियं हा दुट्ठु जायं मम दोसेण सा वराही(ई) दासत्तं पत्ता। इण्हिं मोयामिति। सो भणिओ जहा तीसे तं कहेज्जसु जह सो तव भाया साहू समागओ चिट्ठइ भणइ य मा रोवसु अचिरकालेण मेल्लावेस्सामि, तेण य तहेव तीए कहियं। साहू य एसो चेव

કે "અમુક કૌટુમ્બિકપુરુષનો હું પુત્ર છું. અહીં કોઈ મારા સ્વજન છે ?" તેણે જવાબ આપ્યો "માત્ર એક આપની વિધવા બહેન જીવે છે. બાકી બધા તો કાળના કોળિયા થઈ ગયા." સાધુ તેના ઘરે પહોંચ્યા. દુર્જય એવા શત્રુસમૂહ = કામને જીતનારા, છટ્ઠ-અટ્ઠમાદિ ઉગ્રતપને આચરનારા, વિશિષ્ટજ્ઞાનાદિ ગુણગણના સમુદ્ર એવા પોતાના ભાઈમહારાજને જોઈને તેને અતીવ હર્ષ થયો, ભક્તિબહુમાન પૂર્વક વંદન કરીને, પર્યુપાસના કરીને = બધી રીતે ઔચિત્યપૂર્ણ સેવા કરીને ભાઈમહારાજ માટે કાંઈક રસોઈ બનાવવા પ્રવૃત્ત થઈ. 'સાધુમાટે કરેલો પાક અમને કલ્પતો નથી' એમ કહી સાધુએ તેને પાક કરતી અટકાવી. તેણે વિચાર્યું કે પાકવિનાની = રાંધ્યાવિનાની વસ્તુ તો ઘી-તેલાદિ હોય છે. પરન્તુ તે તો મારી પાસે છે નહિ. એટલે, "પ્રત્યેક મહિને બમણું તમને આપીશ" એમ નક્કી કરીને એક શ્રેષ્ઠી પાસેથી ઉછીનું એક કારિષ = એક માપ અથવા વજનવિશેષ પ્રમાણ તેલ લઈને મુનિને વહોરાવ્યું. મુનિએ શુદ્ધ છે એમ સમજી ગ્રહણ કર્યું, વાપર્યું. મુનિરાજે બહેનને નિયમાદિ આપીને અન્યત્ર વિહાર કર્યો. પાછળથી તે બહેન કિંમત ભરપાઈ ન કરી શકવાથી દેણમાં તેલના અનેક ઘડાઓ થઈ ગયા. શ્રેષ્ઠીએ તેને કહ્યું કે "કા તો મારું તેલ આપ નહિ તો ઘરદાસી બન" તેલના અભાવે તે બહેન શ્રેષ્ઠીના ઘરમાં દાસી બની ગઈ.

કેટલાક વર્ષોબાદ ફરી પણ તે સાધુ ત્યાં આવ્યા. ગામની બહાર કોઈકને પૂછ્યું કે "અમુક કૌટુમ્બિક પુરુષની અમુક દીકરી હતી તે રહે છે કે નહિ ?" તેણે કહ્યું "તે રહે છે તો ખરી પણ અમુક શ્રેષ્ઠિની ઘરદાસી થઈ છે. બિચારી રડતી રડતી રહે છે." એમ કહીને તેલની આખી ઘટના કહી. મુનિએ વિચાર્યું કે "હાય ! આ ખોટું થયું કે મારા અપરાધથી તે બિચારી દાસત્વને પામી. હવે હું તેને છોડાવું." એમ વિચારી સાધુએ પેલાને કહ્યું "તમે જઈ તેને કહો કે તે તારો ભાઈ આવેલો છે, ને કહેવડાવ્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तीए मेल्लावणोवाओ चिन्तिऊण पढमं चेव भिक्खायरियाए तस्सेव सेट्ठिस्स गिहे पविट्ठो। सेट्ठिणी भिक्खादाणट्ठा हत्थे जलेण धोइउं लग्गा। साहुणा भणियं एवं अम्हं भिक्खा न सुज्झइ। समीवठिएण सेट्ठिणा साहू पुट्ठो जहा को एत्थ दोसो, साहुणा य जलविराहणाइदोसा कहिया सो य आउट्टो भण्णइ, जहा कत्थ तुम्हाणं वसही जेणाहं आगन्तुं धम्मं सुणेमि। साहुणा भणियं नत्थि। तओ तेण नियगेहे दिन्ना, पइदिणं धम्मं सुणेति, सम्मत्तमणुव्वयाणि य सेट्ठिणा गहियाणि। तओ सो साहू अमुगेण एरिसो अभिग्गहो गहिओ जहा मए जावज्जीवं पव्वज्जं गिण्हन्तो नियपुत्तो वि न य धरियव्वो त्ति। एरिसयाइं कहाणयाइ सेट्ठिणो कहेइ। सेट्ठिणा य एसो अभिग्गहो गहिओ। एत्थंतरे सेट्ठिपुत्तो सा य साहुभगिणी पव्वज्जाए उवट्ठिया। सेट्ठिणा विसज्जियत्ति।

**卐 नन्वपमित्यं प्रव्रज्यायाः कारणं जातमिति विशेषतस्तद्ग्राह्यम् ? नेति 卐**

ननु तस्या निर्वाणसाधिकायाः प्रव्रज्यायाः कारणमेतज्जातमिति विशेषतः साधुना तद्ग्राह्यमित्यायातं, नैवं, स्तोका एवंविधविज्ञानवन्तो भविष्यन्ति, तस्मादेतन्न ग्राह्यम्। एवं तावद्घृततैलाद्याहार-

---

છે કે 'તું રોઈશ નહીં, હું થોડા જ કાળમાં તને છોડાવીશ = દાસીપણાથી મુક્ત કરાવીશ." પેલાએ તેને તે જ પ્રમાણે કહ્યું.

આ બાજુ સાધુએ 'તેને છોડવાનો આ જ ઉપાય છે' એમ વિચારીને, સૌપ્રથમ ભિક્ષા લેવામાટે તે શ્રેષ્ઠીના ઘરેજ પ્રવેશ કર્યો. શેઠાણી ભિક્ષાદાન આપવા પાણીથી હાથને ધોવા લાગી. સાધુએ કહ્યું "આવી રીતે હાથ ધોઈને અપાતી ભિક્ષા અમોને કલ્પતી નથી." સમીપમાં રહેલ શ્રેષ્ઠીએ સાધુને પૂછ્યું "આમાં શો દોષ છે ?" સાધુએ જળવિરાધનાઆદિ દોષો કહ્યાં. એટલે આ સાંભળી આવર્જિત થયેલ શ્રેષ્ઠીએ કહ્યું "તમારી વસતિ = ઉતારો ક્યાં છે ? જેથી હું ત્યાં આપની પાસે આવીને ધર્મ સાંભળુ." સાધુએ કહ્યું "મારી કોઈ વસતિ હજુ થઈ નથી." તેથી શ્રેષ્ઠીએ પોતાના ઘરમાં વસતિ આપી. પછી રોજ સાધુપાસે ધર્મ સાંભળે છે. શ્રેષ્ઠીએ સમ્યકત્વ અને અણુવ્રતો ગ્રહણ કર્યા. એકવાર સાધુએ 'અમુકે એવો અભિગ્રહ ગ્રહણ કર્યો કે જાવજ્જીવ પર્યંત દીક્ષા લેતા એવા મારા પુત્રને પણ અટકાવવો નહિ." એવા કથાનકઆદિ શ્રેષ્ઠીને કહ્યાં. શ્રેષ્ઠીએ પણ એ પ્રમાણેનો અભિગ્રહ કર્યો. એટલામાં શ્રેષ્ઠીનો એક પુત્ર અને તે સાધુભગિની પ્રવ્રજ્યા માટે ઉભા થયા. શ્રેષ્ઠીએ પોતાના નિયમ પ્રમાણે બન્નેને દીક્ષા માટે વિસર્જ્યા. અર્થાત્ આ રીતે સાધુએ પોતાની બહેનને દાસીપણામાંથી મુક્ત કરી.

**પ્રશ્ન** :- સાધુ ભગિનીએ ઉછીનું લીધું અને સાધુએ વહોર્યું, એ તો નિર્વાણને સાધીઆપનાર પ્રવ્રજ્યાનું કારણ બન્યું. તેથી તો સાધુએ ખાસ=ચાહીને તે અપમિત્યક લેવું જોઈએ. એવી વાત આવીને ઉભી રહી ને ?

**• અપિમત્ય એ પ્રવ્રજ્યાનું કારણ બન્યું માટે તે વિશેષથી ગ્રાહ્ય છે ? ના •**

**ઉત્તર** :- એમ નથી, કારણ કે એવા પ્રકારના વિજ્ઞાનવાળા સાધુઓ બહુથોડા હોય છે તેથી આ ગ્રહણ ન કરવું.

આ પ્રમાણે ઘી, તેલ વગેરે વિષયક અપમિત્યકમાં પણ દાસપણું વગેરેની પ્રાપ્તિના દોષો છે. પણ જ્યારે દાતા વસ્ત્ર-પાત્રવગેરે ઉપકરણ અને વસતિવગેરે વિષયક અપમિત્યક = ઉછીનું ગ્રહણ કરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विषयापमित्यके दोषा दासत्वप्राप्त्यादयः स्युः। यदा तु वस्त्रपात्राद्युपकरणवसत्यादिविषयमपमित्यकं दाता कुर्यात्तदाऽऽहारापेक्षया वस्त्रादीनां बहुतममूल्यलभ्यत्वात् दातुर्निगडादिनियन्त्रणयुतदासत्वभवनादयो गाढतरा विशेषतस्ते स्युः अतस्तदपि वर्ज्यमिति।

**卐 लोकोत्तराऽपमित्यक-स्वरूपं तस्य दोषाश्च 卐**

लोकोत्तरापमित्यकं चतुर्धा(द्विधा)। तत्रैकं कश्चित् साधुः कुतोऽपि साधोः सकाशात् कियद्दिनानि व्यापार्य पुनरिदमेव ते समर्प्पयिष्यामीत्युक्त्वा वस्त्रादि गृह्णाति। द्वितीयं तु कश्चिदिदं निर्जरयिष्यामि तत्त्वेतावद्दिनानामुपर्येतत्सदृशमपरं समर्प्पयिष्यामीत्युक्त्वा तद्गृह्णाति तद् द्विरूपमपि परुषजल्पनेन राटिरूषणाक(णादि)दोषसम्भवादकल्प्यम्। तथाह्याद्ये वस्त्राद्यापमित्यके यदा मलिनीकृतं पाटितं वा जीर्णप्रायं वा कृतं समर्प्पयति चौरादिना यद्गृहीतं क्वचित् पतितं वा स्यात्तदा कलहादिसम्भवो द्वितीयवस्त्राद्यापमित्यके तु यदा स्वकीयवस्त्राद्यपेक्षयाऽन्यवस्त्रादि तद्ग्राहकसाधोः सकाशात् साधुर्मार्गयति,

---

ત્યારે આહારાદિની અપેક્ષાએ આ વસ્ત્રાદિ તો ઘણાવધારે મૂલ્યથી મેળવાય તેવા હોવાથી, દાતાને બેડી વગેરે નિયન્ત્રણથી યુક્ત દાસપણું થવું વગેરે અત્યંતગાઢ દોષોનો વિશેષરીતે સંભવ છે.. માટે વસ્ત્રાદિ સંબંધી અપમિત્યકનો પણ ત્યાગ કરવો.

## ● લોકોત્તર અપમિત્યકનું સ્વરૂપ અને તેના દોષો ●

હવે લોકોત્તર અપમિત્યકની વાત કરે છે.

હવે લોકોત્તર અપમિત્યક બે પ્રકારે છે. કોક સાધુ બીજાસાધુ પાસેથી (૧) 'કેટલાક દિવસો વાપરીને આ જ વસ્ત્ર તમને પાછું આપીશ' એમ કહીને ઉછીનું માંગે. (૨) 'આ મારું કપડું જીર્ણ પ્રાયઃ થયું હોવાથી એને હું ફાડી દઉં છું એટલે તમારું કપડું મને વાપરવા આપો, અમુક દિવસો બાદ આના જેવુંજ તમોને પાછું આપીશ.' એમ કહીને ઉછીનું માંગે.

આ બન્ને પ્રકારોમાં કઠોરવચનો બોલવા-ઝઘડો થવો-રીસાઈ જવું વગેરે દોષોનો સંભવ છે. માટે આ ઉછીનું બન્ને પ્રકારોવડે લેવું તે સાધુને અકલ્પ્ય છે. તેનું કારણ આ છે કે, પ્રથમ પ્રકારના અપમિત્યકમાં થોડાદિવસોમાટે વાપરવા લીધેલું વસ્ત્ર જો મેલું થઈ જાય, ફાટી જાય અથવા જીર્ણ પ્રાયઃ થઈ જાય, અને પાછું આપવા જાય. અથવા તો, ચોરાદિદ્વારા તે ચોરાય જાય કાંતો ક્યારેક ભૂલમાં ક્યાંક પડી પણ જાય અને પાછું ન અપાય ઈત્યાદિ કારણે કલહવગેરેનો સંભવ થાય.

બીજા પ્રકારમાં, પોતાના વસ્ત્રવગેરેની અપેક્ષાએ ગ્રાહકસાધુ પાસેથી જુદું કપડું વગેરે માંગે છે, પછી નિયત ઠેરવેલ સમય પર જેવું લીધેલું એનાથી પણ સુંદરવસ્ત્ર વગેરેને ગ્રાહકસાધુ પાછું આપવા જતા એવું બને કે ઉછીનું આપનાર ગ્રાહકસાધુને એ ગમે નહિ કારણ કે હવે જે અપાઈ રહ્યું છે એ વસ્ત્રપર રૂચિ થવી દુષ્કર છે. કારણ કે પોતાનું મૂળ વસ્ત્ર અધિકગમતું હોય છે. બીજાએ આપેલ પર જલ્દી વિશ્વાસ બેસવો મુશ્કેલ હોય છે. તેના લીધે ઉછીનું આપનાર સાધુ ઝઘડો કરે, અબોલાવગેરે કરે.

જ્યારે, વસ્ત્ર દુષ્પ્રાપ્ય હોય અને હવે એવું બને કે કોક એક સાધુ પાસે વસ્ત્ર ન હોય અને એ ન હોવાથી એ સીદાતો હોય પણ બીજા સાધુ પાસે પોતાના વપરાશ સિવાય અધિક = વધારાનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तदा तेन साधुना गृहीतवस्त्रादेः (साधोः)सकाशात् सुन्दरेऽपि तस्य समर्प्यमाने दुष्कररुचित्वात्तेन सहासौ कलहानालापादिकं कुर्यादिति। यदा तु दुष्प्रापं वस्त्रादिकं स्यादथ च कश्चित् साधुः सीदति तदा तस्यापरसाधुनाऽधिकतत्सद्भावे मुधिकया सामान्येन तद्दानं कर्त्तव्यं न तु विवक्षया यदा तु खग्गूडो वा कुटिलयतिः स्यादलसो वा याञ्चाकष्टभयेन न प्रयच्छति मुधिकया तदाऽपमित्यकं क्रियते। नवरं तदपि वस्त्राद्यपमित्यकं साधुना न स्वैरितया विधेयं किन्तु गुरोरग्रतस्तत् स्थाप्यते। ततोऽसौ गुरुस्तदर्थिनः साधोरर्पयतीति। एवं च कृते दायकग्राहकयोः कालान्तरेऽपि परस्परं कलहानालापादिकं न भवतीति गाथार्थः।।४४।।

**अवतरणिका**— उक्तमाद्यद्वारगाथान्तवर्त्त्यापमित्यकद्वारं, अथ 'परियट्टिए अभिहडे'त्यादि द्वितीयद्वारगाथोपात्तं दशमं परिवर्त्तितद्वारमाह।

**मूलगाथा— पल्लटियं जं दव्वं, तदन्नदव्वेहिं देइ साहूणं।**
**तं परियट्टियमेत्थं, वणिदुगभइणीहि दिट्ठंतो।।४५।।**

હોય. ત્યારે બીજા સાધુએ મફતમાં = સામાન્યથી આપવું પણ કોઈ પણ પ્રકારની શરત કરવી નહિ. જેમ કે 'અમુક સમયબાદ પાછું આપવું પડશે' અથવા 'ભવિષ્યમાં તમને આવું જ બીજું પ્રાપ્ત થાય એટલે એ નવું મને આપવું પડશે' વગેરે શરત સ્વરૂપ નીતિ-નિયમો ન બાંધવા.

અથવા તો, જેણે વસ્ત્રાદિ આપવાનું છે એ સાધુ જો 'खग्गूडो' = સંગ્રહશીલ હોય તેથી વસ્ત્રાદિ મફત આપવામાં જો આનાકાની કરે (આપે નહિ પણ હા ના, હા ના કર્યા કરે) અથવા તો કુટિલતાવાળો હોય કે કપડાઆદિ પર મમત્વાદિના લીધે કપડાવગેરે આપવામાં આળસુ હોય. અથવા તો "આ આપી દઈશ તો પછી મારે ફરી માગતા = જે સાધુને કપડું વગેરે દીધું છે એની પાસે જ માગતા અથવા તો ગૃહસ્થો પાસે એવી જ વસ્તુની માગણી કરતા શરમાવું પડશે." એમ યાંચાકષ્ટના ભયથી જેની પાસે અધિક છે તે મફત આપવા તૈયાર ન થતા હોય ત્યારે અપમિત્યક કરવું.

એ આપમિત્યક કરવામાં પણ આટલું વિશેષ જાણવું કે, કદાચ અપમિત્યક કરવું પડે તેમ હોય તો પણ સાધુઓએ અરસ-પરસ = અંદરોઅંદર ન કરવું, પરન્તુ ગુરુની આગળ તે વસ્ત્રાદિ મૂકી દેવું = ગુરુને સમર્પણ કરવું. ગુરુ જાતે એના અર્થી સાધુને અર્પણ કરે. આ રીતે ગુરુને વચ્ચે રાખીને અપમિત્યક કરવાથી ભવિષ્યમાં પણ વસ્ત્રઆદિના લેનાર અને દેનાર સાધુ વચ્ચે કલહ, અબોલા વગેરે ન થાય.।।૪૪।।

**અવતરણિકા** :- આમ, સૌ પ્રથમ દ્વારગાથા કે જેમાં ગોચરી સંબંધી બેતાલીશ દોષોનું નામવર્ણન કરવામાં આવ્યું છે તેમાં જે 'आपमित्यक' દ્વાર કહેલું, તેનું સ્વરૂપ કહેવાઈ ગયું.

હવે 'परियट्टिए अभिहडे' વગેરેની જે બીજી દ્વારગાથા છે, તેમાં કહેલ 'પરિવર્તિત' નામનું ૧૦ મું દ્વાર કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **पल्लटियं** = અદલો બદલો કરીને, **जं दव्वं** = જે દ્રવ્ય, **तदन्नदव्वेहिं** = તેનાથી બીજા દ્રવ્યવડે, **देइ** = આપે, **साहूणं** = સાધુને, **तं** = તે, **परियट्टियं** = પરિવર્તિત, **एत्थं** =

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**संस्कृतछाया-** **पर्यस्तं (परिवर्तितं) यद्द्रव्यं, तदन्यद्रव्येण ददाति साधुभ्यः।**
**तत्परिवर्त्तितमत्र वणिग्द्विकभगिनीभ्यां दृष्टांतः ॥४५॥**

**卐 परिवर्तितदोषस्वरूपम् 卐**

**व्याख्या-** परिवर्त्त्य विनिमयं विधाय यद्द्रव्यं भक्तादिकं परकीयं, काभ्यां परिवर्त्येत्याह, 'तदण्णदव्वेहिं'ति तच्चान्यच्च तदन्ये, ते च तद् (?ते) द्रव्ये च तदन्यद्रव्ये, ताभ्यां तद्द्रव्येणान्यद्रव्येण चात्मीयेनेत्यर्थः। तत्र तत्परिवर्त्तनीयद्रव्यापेक्षया तज्जातीयं द्रव्यवस्तु तद्द्रव्यं, तेन परिवर्त्तितम्। यथा साधुगौरवनिमित्तमात्मलाघवपरिहारार्थं वा कुथितघृतेन सुगन्धितघृतस्य ग्रहणमित्यादि। अन्यद्रव्यं तद्विपरीतं तेन परिवर्त्तितं यथा तैलेन घृतस्य ग्रहणमित्यादि। पूर्व्वकालस्य चोत्तरक्रियासव्यपेक्षया तदुत्तरक्रियामाह, ददाति प्रयच्छति, 'साहूणं' ति साधुभ्यस्तदशनादि। साध्वर्थाय कृतपरावर्त्तं परिवर्तितमुच्यत इति शेषः। इदमपि लौकिकलोकोत्तरिकभेदात् द्विधा भवति। तत्र पूर्व्ववत् लोकोत्तरं पश्चाद्वक्ष्यते लौकिकं च सद्यः प्रभूतापायहेतुत्वाद्विशेषतो मुमुक्षुणा परिहार्यमिति सूत्रकारस्तदाश्रित्य

---

એ સંબંધમાં, **वणिदुगभइणीहिं** = બે વાણિયાની બહેનોનું, **दिट्ठंतो** = દૃષ્ટાંત.॥૪૫॥

**મૂળગાથા-ગાથાર્થ** :- ગૃહસ્થ પોતાને ત્યાં બનાવેલ વસ્તુ સામાન્ય હોવાથી સાધુને વહોરાવવાથી લઘુતા થાય તે માટે પોતાની સામાન્યવસ્તુ બીજાને આપી તેના બદલામાં સારીવસ્તુ લાવે અથવા સાધુને યોગ્ય વસ્તુ પોતાને ત્યાં ન હોવાથી પોતાને ત્યાંની બીજીવસ્તુ બીજાને આપી તેના બદલામાં સાધુને પ્રાયોગ્ય વસ્તુ લાવે તે પરિવર્તિત દોષ કહેવાય. આવા પરિવર્તિતદોષવાળા અશનાદિ બે વાણીયાની બહેનોની જેમ ક્લેશાદિ દોષોને કરાવનારા હોવાથી સાધુને કલ્પ્ય નથી.॥૪૫॥

**• પરિવર્તિતદોષનું સ્વરૂપ •**

**વ્યાખ્યાર્થ** :- **'पल्लटियं'** = **'परिवर्त्त्य'** = બદલીને, **'जं दव्वं'** = **'यद् द्रव्यं'** = જે દ્રવ્ય. એટલે કે બીજાનું જે ભોજનાદિ દ્રવ્ય બદલીને. કયા બે દ્રવ્યોથી પરિવર્તન કરીને ? તે કહે છે, **'तदन्नदव्वेहिं'** = **'तद्रव्येणान्यद्रव्येण च'** = સરખું અને તેનાથી અન્ય = જુદા દ્રવ્યદ્વારા. એટલે કે બદલી કરાતાં ને સમાન દ્રવ્ય અને અસમાન દ્રવ્ય.

ટૂંકમાં, જે દ્રવ્યનું પરિવર્તન કરવું છે, એના જેવું જ સામે બીજું દ્રવ્ય હોય તેને **'तद्द्रव्यं'** કહેવાય છે. એનાદ્વારા પરિવર્તન કરવું. તેને **'तद्द्रव्य परिवर्तन'** કહેવામાં આવે છે. જેમકે, સાધુને તો ઉત્તમ દ્રવ્ય જ અપાય એ રૂપે સાધુનું ગૌરવ કરવામાટે, અથવા તો હલકીવસ્તુ આપું તો મારી લઘુતા - હલકાઈ થાય, એ રૂપે પોતાની લઘુતા નિવારવામાટે બગડેલા ઘી દ્વારા સુગન્ધિદાર ઘી લેવું. તથા, જે દ્રવ્યનું પરિવર્તન કરવું છે, એની અપેક્ષાએ સામેવાળું એનાથી વિપરીતદ્રવ્ય હોય, તેને 'તદન્યદ્રવ્ય' કહેવાય છે. એનાથી જે પરિવર્તન કરવું, તેને તદન્યદ્રવ્ય પરિવર્તન કહેવામાં આવે છે. જેમ કે, ઉપરોક્ત કારણોસર અથવા બીજા કોક કારણસર તેલ આપીને ઘી ગ્રહણ કરે.

પૂર્વકાળમાં લખાયેલી વાત એ ઉત્તરકાળને સાપેક્ષ હોય છે. અર્થાત્ પાછળ લખેલી વાતનો આગળ સાથે સંબંધ હોય છે. માટે હવે ઉત્તરક્રિયા = આગળની વાત કરે છે. **'देइ'** = **'ददाति'** = આપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रत्यपायदर्शनार्थं दृष्टान्तमाह। 'एत्थं' ति अत्रैतस्मिन् परिवर्त्तिताशनादौ वणिग्द्विकस्य परस्परं ये भगिन्यौ स्वसारौ ताभ्यां दृष्टान्तो निदर्शनं भणनीय इति शेषः। स चायं–

卐 **लौकिकपरिवर्तितविषयक - वणिग्द्विकभगिन्यौ दृष्टांतः** 卐

वसंतपुरं नाम नयरं आसि। तत्थ एगस्स सेट्ठिस्स खेमंकरो देवदत्तो य दुवे पुत्ता लच्छी दुहिया य। तत्थेव अन्नस्स सेट्ठिस्स धणदत्तो बंधुमती य दुवे डिंभाणि। सव्वाणि जोव्वणं पत्ताणि। तत्थ खेमंकरो समियायरियाण सगासे पव्वइओ। देवदत्तेण बन्धुमती, धणदत्तेण लच्छी परिणीया। इओ य धणदत्तो लच्छी य दरिद्दाणि जायाणि। तेसिं घरे कोद्दवकूरो, इयराणि ईसराणि, तेसिं तु सालिकूरो विज्जइ। अन्नया सो खेमंकरसाहू नियविहारेण विहरंतो तत्थागओ। तेण चिंतियं य(ज)इ देवदत्तभाउणो गिहे पविसिस्सामि ता लच्छी भगिणी अहं दालिद्दिणि त्ति खेमंकरेणवि परिभूयत्ति अद्धिइं काहिंति, अणुकंपाए तीए चेव गिहे पविट्ठो। भिक्खावेलाए लच्छीए चिंतियं एक्कं भाया तहा साहू, अन्नं पाहुणओ सो, ममं घरे पुण कोद्दवकूरो रद्धो, ता कहं सो एयस्स

---

છે. કોને આપે છે ? તે કહે છે, 'साहूणं' = 'साधुभ्यः' = સાધુઓને આપે. શું આપે? તે કહે છે, અશનાદિ. આ પ્રમાણે સાધુમાટે દ્રવ્યની અદલાબદલી કરીને સાધુને જે આપવામાં આવે, 'तं **परियट्टियम्**' = 'तत्परिवर्तितम्' તેને 'પરિવર્તિત' કહેવાય છે.

આ પણ લૌકિક અને લોકોત્તર, એમ બે પ્રકારે છે. તેમાં પૂર્વે કહ્યા પ્રમાણે એટલે કે ગાથા ૪૪ અપમિત્યકદોષની ટીકામાં લૌકિક અને લોકોત્તર ભેદમાં કહ્યાં પ્રમાણે લોકોત્તરની વાત આગળ કહેવાશે અને લૌકિક તો 'ઘણા અપાયોનો હેતુભૂત છે, માટે મુમુક્ષુઓવડે એ જલ્દી છોડવા યોગ્ય છે' એ વાતને આશ્રયીને સૂત્રકાર તેના અપાયને બતાવવા દૃષ્ટાંત કહે છે કે, '**एत्थं**' = '**अत्र**' = આમાં એટલે કે લૌકિકપરિવર્તિત અશનાદિમાં '**वणिदुगभइणीहिं**' = **वणिग्-द्विकभगिन्यौ** = બે વાણિયાઓની પોતાની બે પત્નીઓ કે જે અરસ પરસ બન્ને વાણિયાઓની બે બહેનો છે, તે બે બહેનો વડે જે પરિવર્તિત કરાયું તે, '**दिट्ठंतो**' = 'दृष्टांतः भणनीयः' = દાખલો કહેવો = જાણવો.

## • લૌકિક પરિવર્તિત વિષયક બે વણિકની બહેનોનું દૃષ્ટાંત •

**દૃષ્ટાંત** :- વસંતપુર નામનું નગર હતું. ત્યાં એક શ્રેષ્ઠીને ક્ષેમંકર અને દેવદત્ત નામના બે પુત્રો અને લક્ષ્મી નામની પુત્રી હતી. તે જ નગરમાં બીજા પણ એક શ્રેષ્ઠીને ધનદત્ત નામે પુત્ર અને બંધુમતિ નામની પુત્રી હતી. (૩ + ૨ = ૫) આ બધા યૌવન વયને પામ્યા. તેમાંથી ક્ષેમંકરે સમિતનામક આચાર્ય ભગવંત પાસે દીક્ષા લીધી. દેવદત્ત સાથે બન્ધુમતીનો અને ધનદત્ત સાથે લક્ષ્મીનો વિવાહ થયો.

કાળાંતરે ધનદત્ત અને લક્ષ્મી દરિદ્ર બની ગયા. તેથી એમના ઘરે 'કોદ્રવ' નામક હલ્કા ચોખા હતા. જ્યારે દેવદત્ત અને બન્ધુમતિ ઐશ્વર્યવાળા હતા એટલે એમને ત્યાં 'શાલિ' નામક શ્રેષ્ઠ ચોખા હતા. એકવાર તે ક્ષેમંકર સાધુ વિહાર કરતા તે ગામમાં = પોતાના ગામમાં આવ્યા. સાધુએ વિચાર કર્યો કે 'જો હું દેવદત્ત ભાઈના ઘરે જઈશ તો ઘનદત્તની પત્ની લક્ષ્મી જે મારી બહેન છે તે "હું દરિદ્ર છું એટલે ક્ષેમંકરસાધુએ પણ મારો પરિભવ કર્યો = પહેલા મારે ઘરે ન આવતા દેવદત્તના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दिज्जइ। सालिकूरो उण नत्थि ता नियभाउजाइयाए बंधुमतीए सयासाउ कोद्दवकूरेण पल्लट्टिय सालिकूरं आणिय देमि तहेव कयं। इओ य तंमि पत्थावे देवदत्तो भोयणत्थं गिहे आगओ बंधुमतीए पुट्ठो। जहा कोद्दवकूरं जेमिसि तेण य अविन्नायपरियट्टणवुत्तंतेण चिंतियं, जहा किवणत्तणेण अणाए कोद्दवकूरो रद्धो त्ति कुविएण सा पिट्टिया। तीए भणियं, किं मं पिट्टेसि ? तुह चेव भगिणी कोद्दवकूरपरियट्टेण सालिकूरो नीउत्ति। धणदत्तो वि सगिहे भोयणत्थमुवविट्ठो, लच्छीए खेमंकरस्स दिज्जमाणो जो सालिकूरो उव्वरिओ सो गउरवेण तस्स दिन्नो तेण सा पुट्ठा। कुओ अज्ज एसो ? तीए खेमंकरआगमणाइसव्वो वुत्तंतो कहियो। तओ तेण कुविएण पावे ! अप्पणयं पक्कमाणयं कुरस्स रंधियं तु कीस न दिन्नं ? जं परघराउ आणयणेण मम लहुत्त उप्पाइयं ति भणमाणेण सा वि पिट्टिया। साहुणा य सव्वं नायं। निसाए पडिबोहियाणि पत्थावे पव्वावियाणि त्ति।

इह हि देवदत्तस्य भगिनी लक्ष्मी धनदत्तेन परिणीता दरिद्रा चासौ। धनदत्तस्य भगिनी बन्धुमती देवदत्तेन यतिभ्रात्रा परिणीता इति। परस्परं वणिग्द्वयस्य भगिन्यौ वर्त्तेते। दृष्टान्तेन

ઘરે જવા સ્વરૂપ પક્ષપાત કર્યો." એમ અધૃતિ કરશે = ખોટા વિચારો કરશે, એમ વિચારી લક્ષ્મીની અનુકંપાથી તેના ઘરેજ પ્રથમ પ્રવેશ્યા. લક્ષ્મીએ ભાઈની આગતા-સ્વાગતા વગેરે કરી. પછી ભિક્ષા સમયે લક્ષ્મીએ વિચાર્યું કે "એક તો મારા ભાઈ છે તેમજ સાધુ છે અને બીજું કે પ્રાઘુર્ણક = મહેમાન છે. પણ મારા ઘરે તો કોદ્રવચોખા રંધાયા છે. એ હલ્કાભાત એમને શી રીતે અપાય? મારી પાસે શાલિચોખા તો છે નહિ, તેથી મારા ભાઈની પત્ની બંધુમતિ પાસેથી કોદ્રવભાત આપીને એમની પાસેથી શાલિભાતની અદલાબદલી કરીને, એ શાલિભાત વહોરાવું." આમ વિચારીને એજ પ્રમાણે કર્યું.

હવે બન્યું એવું કે અદલાબદલી થયાને થોડા જ સમયબાદ દેવદત્ત ભોજન માટે ઘરે આવ્યો. એટલે બંધુમતિએ પૂછ્યું કે કોદ્રવભાત જમશો ? = તમને એ ચાલશે ? પરિવર્તનની વાત ન જાણતાં દેવદત્તે વિચાર્યું કે "કૃપણતાના ભોગ બનીને એણે કોદ્રવ રાંધ્યા છે." એમ વિચારીને બંધુમતિને પીટી નાખી = માર માર્યો. બંધુમતીએ કહ્યું 'કેમ મને મારો છો ? તમારી જ બહેન લક્ષ્મી કોદ્રવભાતનું પરિવર્તન કરીને શાલિભાત લઈ ગઈ છે.'

આ બાજુ ધનદત્ત પણ ભોજનમાટે પોતાના ઘરે આવ્યો. લક્ષ્મીએ ક્ષેમંકરમુનિને દાન આપતા જે વધ્યું, તે શાલિભાત ગૌરવપૂર્વક ધનદત્તને આપ્યું. તેણે પૂછ્યું "કેમ આજે આ શાલિભાત ?" લક્ષ્મીએ ક્ષેમંકરમુનિનું આગમનથી માંડીને બધીજ હકીકત કહી. ક્રોધે ભરાઈ તેણે 'હે પાપીણી ! આપણા રંધાતા કોદ્રવભાત કેમ ન આપ્યા ? જેથી બીજા ઘરેથી શાલિભાત લાવીને મારી લઘુતા ઉત્પન્ન કરી' એમ કહીને લક્ષ્મીની પીટાઈ કરી. આમ બન્નેની પોતપોતાના પતિએ પીટાઈ કરી. સાધુને એ પીટાઈની વાતની જાણ થઈ. સાંજે બધાયને પ્રતિબોધ આપીને અવસરે ચારે ચારને દીક્ષા અપાવી. અહીં દેવદત્તની બહેન લક્ષ્મી, ધનદત્તસાથે પરણી કે જે દરિદ્ર બની તથા સાધુના ભાઈ ધનદત્તની સાથે બન્ધુમતિ પરણી. આમ બન્ને બે વાણીયાઓની બહેનો હતી.

આ દષ્ટાંત દ્વારા 'પરિવર્તિત' એ દોષવાળું છે એમ જાણીને સાધુઓએ તે ગ્રહણ કરવું નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सदोषत्वात् परिवर्त्तितं यतिभिर्न ग्राह्यं।

## 卐 लोकोत्तरपरिवर्तितस्वरूपं तत्र दोषाश्च 卐

य(त)था यच्छ्रमणः श्रमणेन सह वस्त्रादिपरिवर्त्तनं करोति तल्लोकोत्तरपरिवर्त्तनं। तदपि तद्द्रव्यान्यद्रव्यविषयं दृष्टव्यमेतदपि दुष्टं कलहादिसम्भवात्। तथाहि लघ्विदं त्वदीयं वस्त्रादि, मदीयं तु मानयुक्तमभूत्तथाऽतिप्रलम्बमिदं जीर्णप्रायं वा कर्कशस्पर्शं वा स्थूलसूत्रनिष्पन्नत्वेन भारिकं वा, निष्पुष्फदन्तं (निपुष्पकं-छिन्नं) वा, मलिनं वा, शीतरक्षणाक्षमं वा एतन्मदीयं तु नैवमासीदिति स्वयं ज्ञात्वाऽन्येन वैतद्दोषजालं सत्यमसत्यं वा ज्ञापितो घृ(धृ)ष्टोऽहमिति विचिन्त्य कलहादि कुर्यात्। अपि च तद्वस्त्रादि यस्य सत्कं तन्न स्यात् तस्य प्रावरणादि कुर्व्वतो मानयुक्तं स्यात्। द्वितीयसाधोश्च यत्सत्कं तत्तस्य न्यूनाधिकमानं, यद्वा यस्य दुर्बलमस्ति स बलिकं, यस्य तु बलिकमस्ति स

## • લોકોત્તરપરિવર્તિતનું સ્વરૂપ અને તેમાં દોષો •

સાધુનું સાધુ સાથે = એક બીજા સાથે જે વસ્ત્રાદિ પરિવર્તન કરે, તેને લોકોત્તરપરિવર્તન કહેવાય છે. આમાં પણ તદ્દ્રવ્ય અને તદ્અન્યદ્રવ્યવિષયક પરિવર્તન જાણવું. તેમજ કલહ વગેરેનો સંભવ હોવાથી આ પણ દુષ્ટ છે એમ જાણવું.

કલહ આદિનો સંભવ આ રીતે કે, ‘આ તારું વસ્ત્રઆદિ તો લઘુ = નાનું છે, મારું તો બરાબર માપસરનું હતું, અથવા તો “આ તારું તો ઘણું લાંબુ છે, જીર્ણ પ્રાયઃ છે, અથવા કધોણું છે. કર્કશસ્પર્શવાળું છે, જાડા તાંતણાથી બન્યું હોવાથી વજનમાં ભારે છે, દશી વગરનું છે કે દશી છેદાયેલું છે, મેલું છે, ઠંડી રોકનારું નથી, જ્યારે મારું તો આવું ન્હોતું અર્થાત્ નવું હતું, સુવાળા સ્પર્શવાળું વગેરે હતું.” આવું બધું પોતે જાણીને અથવા તો બીજા વડે આવું બધું સાચું કે ખોટું દોષવાળાપણું જણાવાયાથી ‘હું ઠગાયો’ એમ વિચારીને કલહ વગેરે કરે.

કયા વખતે પરિવર્તન કરી શકાય છે ? તે જણાવે છે કે, તે વસ્ત્રાદિ જે સંબંધી હોય એટલે કે કામળીના કપડાઆદિ રૂપે હોય અને તે તેને = કામળીના કપડાઆદિ રૂપે યોગ્ય ન થતું હોય = માપસર ન થતું હોય. પરન્તુ તેને જો પ્રાવરણ = ઓઢવાનું વગેરે રૂપે કરતા માપસર થતું હોય, બીજાસાધુ પાસે પ્રાવરણવગેરે માટે જે વસ્ત્ર હોય તે ન્યૂનાધિક થતું હોય. અર્થાત્ પ્રાવરણને યોગ્ય ન હોય પણ તે પ્રાવરણાદિ, પેલા સાધુમાટે કામળીનો કપડો વગેરે માટે માપસર થતું હોય. અર્થાત્ પહેલાસાધુને કામળીનો કપડો વગેરે માપસર જોઈએ છે જે બીજાસાધુ પાસે હોય અને બીજા સાધુ પાસે પ્રાવરણાદિ માટેનું કપડું માપસર ન હોય જે આ પહેલાસાધુ પાસે હોય. ત્યારે પરિવર્તન કરાય છે એટલે કે આવી પરિસ્થિતિમાં પરિવર્તન કરી શકાય છે.

અથવા તો જેની પાસે દુર્બળકપડુંવગેરે છે, એને એના બદલે બળવાન જોઈતું હોય જેમકે કોકને વાયુ વગેરે લાગી જવાથી સર્દી થવા વગેરેની તકલીફ હોય. પણ પોતાની પાસે થોડું ઘસાયેલું કપડું હોય તો એ સાધુ નવું-બળવાન કપડું ઈચ્છતો હોય. તથા જેની પાસે નવું બળવાન કપડું છે એ સાધુ દુર્બળ-ઘસાયેલુંકપડું ઈચ્છતો હોય. જેમકે, શરીરના સ્થૂલતાદિના લીધે પવન જોઈતો હોય, વારંવાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दुर्ब्बलमिच्छति तदा परिवर्त्तनं क्रियते, परं तदा तद्वस्त्रादि साधुभ्यां स्वं स्वं गुरोरग्रतो मोक्तव्यं, मुक्ते च स गुरुर्विनिमयेन द्वयोः साध्वोस्तत्समर्प्पयत्यन्यथा साधुभ्यामेव परिवर्त्तने कृते परस्परमनालापकलहादिकं स्यादिति गाथार्थः।।४५।।

**अवतरणिका**— उक्तं परिवर्त्तितद्वारमथाभ्याहृतद्वारं व्याचिख्यासुराह।

**मूलगाथा— गिहिणा सपरग्गामाइ-आणियं अभिहडं जईणट्ठा।**
**तं बहुदोसं नेयं, पायडछन्नाइबहुभेयं।।४६।।**

**संस्कृतछाया— गृहिणा स्वपरग्रामाद्यानीतमऽभ्याहृतं श्रमणार्थम्।**
**तद्बहुदोषं ज्ञातव्यं प्रकटछन्नादिबहुभेदम् ।।४६।।**

**卐 स्व-परग्रामाद्यानीताऽभ्याहृतस्वरूपं तत्र बहुदोषश्च 卐**

**व्याख्या**- गृहिणा गृहस्थेन, स्वश्च परश्च स्वपरौ, तौ च तौ तथा, स्वग्रामः परग्रामश्चेत्यर्थः। तत्र साधोर्निवासः संनिवेशः स्वग्रामः। एतद्विपरीतः परग्रामः तावादिर्यस्य स्वपरदेशकपाटकगृहादि-

---

પરસેવોવગેરે થતો હોય, એવા સાધુ પાસે નવું-બળવાન કપડું હોય. તેથી એ ઘસાયેલું - જુનું કપડું ઈચ્છતો હોય કે જે પરસેવો બરાબર ચૂસી શકે વગેરે ગુણવાળું હોય, ત્યારે પરિવર્તન કરી શકાય છે.

આ પરિવર્તન વખતે પણ તે તે વસ્ત્રોનું પરિવર્તન સાધુઓ પોતાની મેળે અરસ પરસ ન કરવું, પરન્તુ ગુરુની આગળ મૂકી દેવું. ગુરૂદેવ જાતે વિચાર વિનિમય કરીને = કોને શું યોગ્ય છે? વગેરેને જાણીને તેના અર્થી સાધુઓને આપે. પણ જો સાધુઓએ જાતે અરસ-પરસ પરિવર્તન કરી દે તો પછી પાછળથી પરસ્પર અબોલા, ઝઘડાવગેરે થઈ શકે છે.।।૪૫।।

**અવતરણિકા** :- આ પ્રમાણે પરિવર્તિતદ્વાર પૂર્ણ થયું. હવે 'अभ्याहृतद्वार' ની વ્યાખ્યા કરવાની ઈચ્છાથી કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **गिहिणा** = ગૃહસ્થવડે, **सपरग्गामाइ** = સ્વ અને પરગ્રામાદિથી, **आणियं** = લવાયેલું, **अभिहडं** = અભ્યાહ્રત, **जईणट्ठा** = સાધુને માટે, **तं** = તે, **बहुदोसं** = ઘણા દોષવાળું, **नेयं** = જાણવું, **पायड** = પ્રગટ, **छन्नाइ** = ગુપ્ત વગેરે, **बहुभेयं** = બહુ ભેદવાળું.।।૪૬।।

**મૂળગાથા-ગાથાર્થ** :- સાધુને વહોરાવવા માટે ગૃહસ્થ જે અશનાદિ પોતાના ગામથી બીજે ગામ લઈ જાય અથવા પોતાના જ ગામમાં પોતાના ઘરથી બીજાને ત્યાં અથવા ઉપાશ્રયમાં લઈ જાય તે અભ્યાહ્રત દોષવાળું બને છે. અને તે પ્રગટ અને ગુપ્ત તથા આદિશબ્દથી આચીર્ણ અને અનાચીર્ણ વગેરે બહુ ભેદવાળું છે.।।૪૬।।

**• સ્વ-પરગ્રામવગેરેથી લાવેલા અભ્યાહ્રતનું સ્વરૂપ અને તેમાં ઘણાં દોષો •**

વ્યાખ્યાર્થ :- 'गिहिणा' = 'गृहिणा' = ગૃહસ્થવડે, 'सपरग्गामाई' = 'स्वपरग्रामादि' સ્વ અને પર એટલે સ્વપર, 'तौ च तौ(च) तथा' એ પ્રમાણે ટીકામાં લખ્યું છે તેનો અર્થ → तौ = स्वपरौ च तौ = गामौ च એ પ્રમાણે કર્મધારય સમાસ જાણવો એટલે 'तथा = स्वपरग्रामौ' સ્વ એટલે

स्थानविशेषरूपस्य तद्‌गतभेदसमूहस्य स तथा तस्मात्, प्राकृतत्वादत्र पञ्चम्येकवचनलोपात् स्वपरग्रामादेरिति दृश्यं। 'आदिशब्दः प्रत्येकं सम्बध्यते' (इति) व्याख्यानात् स्वग्रामादेः परग्रामादेश्चेत्यर्थः। आदिशब्द उभयथापि स्वगतानेकभेदसूचको द्रष्टव्यः। ते च भेदाः प्रकटछन्नादयो गाथाचतुर्थपादेन सूत्रकृतैव विशेषणतया सूचिता इति तत्रैवाभिधास्यन्ते। आनीतमिति किञ्चित्स्थानं प्रापितं यदशनादीति प्रक्रमः। यतीनामर्थाय साधूनां प्रतिलम्भनानिमित्तं। यत्तदोर्नित्ययोगात्तदशनाद्यभिहृतं पूर्वोक्तशब्दार्थं भण्यत इति शेषः। तत् स्वपरग्रामाद्यभिहृतं अशनादि, बहवः प्रचुरा दोषाः संयमात्मविराधनादयो दूषणानि वक्ष्यमाणा यत्र तद्‌बहुदोषं ज्ञातव्यं।

---

સાધુની સ્થિરતાની અપેક્ષાએ પોતાનું અને પર એટલે તેનાથી જુદું-બીજું. આ પ્રમાણે સ્વગ્રામ અને પરગ્રામ છે એમ જાણવું. અહીં, સાધુનો નિવાસ જે સન્નિવેશ = ગામ-નગરવગેરેમાં હોય તેને સ્વગ્રામ કહેવાય છે. એનાથી વિપરીત હોય તેને પરગામ કહેવાય છે. એટલે કે સાધુના સન્નિવેષ કરતા જુદું જે સ્થાન તે પરગ્રામ કહેવાય છે. આ સ્વ-પરગ્રામ છે આદિ જેની તે 'स्वपरग्रामादि' કહેવાય છે. અહીં 'आदि' શબ્દથી સ્વ-પરદેશક, 'पाटक' = પાડો-મોટીશેરી, ગૃહવગેરે સ્થાન વિશેષ લેવા.

પ્રાકૃતપણાને લીધે મૂળગાથામાં પંચમી વિભક્તિનો લોપ થયો હોવાથી 'स्वपरग्रामादेः' એમ પંચમી વિભક્તિનો અર્થ કરવો. એટલે કે 'સ્વ-પરગ્રામ વગેરે અનેકપ્રકારના સ્થાનોથી લાવેલ' એમ જાણવું.

'आदिशब्दः प्रत्येकं सम्बध्यते' એવી વ્યાખ્યા હોવાથી 'स्वग्रामादेः' અને 'परग्रामादेः' એમ 'स्व' અને 'पर' બન્નેમાં 'आदि' લગાડવો. બન્નેમાં 'आदि'શબ્દ સ્વગત અનેકભેદોને સૂચવનારો છે અર્થાત્ 'स्वग्राम' અને 'परग्राम' ના અનેકભેદોને સૂચવનારો છે. તે અનેકભેદોને 'पायडछन्न' એટલે 'प्रकट-छन्न' વગેરે દ્વારા સૂત્રકાર = મૂળકારશ્રીએ જાતે ગાથાના ચોથાપાદમાં વિશેષણપૂર્વક સૂચિત કરેલા છે. માટે ચોથાપાદની વ્યાખ્યાના અવસરે એનું વિવરણ કરવામાં આવશે.

(યાદ રહે :- દેશ કે દેશક એક વસ્તુ છે)

આ સ્વપરગ્રામાદિથી, શું કરેલું ? તે કહે છે, 'आणियं' = 'आनीतम्' = લાવેલું. એટલે કે કોક સ્થાનને પ્રાપ્ત કરાયેલું = કોક સ્થાનવિશેષમાં ગૃહસ્થ દ્વારા લવાયેલ જે અશનાદિ, કોનામાટે લાવેલું ? તે કહે છે, 'जईणट्ठा' = 'यतीनामार्थाय' = સાધુમાટે = સાધુને વહોરાવવા માટે, 'यत्तदो नित्य-योगात्' = 'यद्' = 'જે' અને 'तद्' = 'તે' નો નિત્ય યોગ = સંબંધી હોવાથી. તે અશનાદિને, 'अभिहडं' = 'अभिहृतं' = અભ્યાહૃત કહેવાય છે.

ટૂંકમાં, સાધુને વહોરાવવા માટે સ્વ અને પરગ્રામાદિથી જે અશનાદિ લાવવામાં આવ્યું. તે અશનાદિને અભ્યાહૃત કહેવાય છે. 'तं बहुदोसं नेयं' = 'तद्‌बहुदोषं ज्ञातव्यं' તે સ્વ-પરગ્રામાદિથી લાવેલું અશનાદિ, સંયમવિરાધના, આત્મવિરાધના વગેરે ઘણાં દોષોવાળું જાણવું. તે દોષો હવે કહેવાશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 स्व-परग्रामादीनामनाचीर्ण-प्रकटछन्नादिबहुभेदं 卐

तथा तत् प्रकटं तद्ग्राहकसाधुशेषजनाभ्यां विदितस्वरूपं, तथा बहिरन्यथा जल्पितत्त्वेन तद्-ग्राहकसाधुना लोकेन च यदलक्षितदातृदानपरिणामं वस्तु तच्छन्नं। कोऽर्थो यथाऽन्यो न कश्चिज्जानाति तथा यदाऽऽनीतं तच्छन्नमिति। ततः प्रकटं च छन्नं च प्रकटछन्ने, ते आदिर्येषां अनाचीर्णाचीर्णादि-भेदानां ते प्रकटछन्नादयस्ते बहवो भेदा विशेषा यस्याभ्याहृतस्य तत्तथा। अयमत्र भावार्थः। इहा-दावनाचीर्णाचीर्णभेदात् सामान्येन द्विधाऽभ्याहृतं। तत्रानाचीर्णं, तस्य ग्रहणं गीतार्थैर्नाऽऽचरितं तदपि द्विधा स्वग्रामपरग्रामभेदात्। स्वग्रामाभ्याहृतमपि वाटकसाहिनिवेशनगृहादिभ्यः पङ्क्तिस्थितगृहत्रयात् परतश्चतुर्थगृहादेर्वा आनीतं स्यात्। तत्र वाटको ग्रामादेर्व्यवच्छिन्नः संनिवेशः। साही ग्रामगृहाणामे-कपाटी। निवेशनमेकनिष्क्रमणप्रवेशानि द्व्यादीनि गृहाणि। गृहं केवलमन्दिरमिति। एतच्च प्रकट-

## ● સ્વ-પરગ્રામવગેરેના અનાચીર્ણ પ્રકટ-છન્નવગેરે ઘણાં ભેદો ●

'पायड' = 'प्रकट' = 'प्रगट' = તે અભ્યાહૃતના ગ્રાહક સાધુ તથા શેષ લોકોએ જાણેલું. 'छन्नं' = છુપું. દાતા મનમાં જુદું અને બહારથી જુદું બોલતો હોય, એવી દાતાની જુદી બોલી દ્વારા, ગ્રાહકસાધુને અને શેષલોકોને દાતાના દાનના પરિણામનો ખ્યાલ જ ન આવે. ટૂંકમાં, બીજો કોઈ, કાંઈ પણ જાણી ન શકે એવી રીતના લાવેલું. આ પ્રકટ અને છન્ન. દ્વન્દ્વ સમાસથી 'प्रकटछन्ने' થયું. જે અભ્યાહૃતના અનાચીર્ણ અને આચીર્ણ વગેરે ભેદોની આદિમાં પ્રકટ અને છન્ન છે, તે 'प्रकटछन्नादयः' કહેવાય છે. તે ઘણા ભેદ = વિશેષો વાળું છે. એમ સંબંધ જોડવો.

અહીં આ ભાવાર્થ છે કે, સહુ પ્રથમ (૧) અનાચીર્ણ અને (૨) આચીર્ણ ભેદથી સામાન્યપણે અભ્યાહૃત ના ૨ ભેદો છે. (૧) અનાચીર્ણ એટલે, જેને લેવાની આચરણા ગીતાર્થોએ કરી નથી અને (૨) આચીર્ણ એટલે, જેને લેવાની આચરણા ગીતાર્થોએ કરી છે..

આ અનાચીર્ણ પણ બે પ્રકારે છે. (૧) સ્વગ્રામ અને (૨) પરગ્રામ. સ્વગ્રામ અભ્યાહૃત પણ વાટક, સાહિ, નિવેશન કે ઘરાદિથી, અથવા તો પંક્તિમાં રહેલા ત્રણ ઘરથી આગળ ચોથા વગેરે ઘરથી આંણેલું હોય. 'वाटक' = ગ્રામ વગેરેથી છુટું પડી ગયેલું. 'संनिवेश' = વસવાટ = સ્થાન વિશેષ.

'साही' = ગામના ઘરોની એક શ્રેણી = ગલીમાં પંક્તિબદ્ધ એક પછી એક ઘરો આવે તે.

'निवेशन' = આવવા જવાના એકજ માર્ગવાળા બે થી વધુ ઘરો. એકજ કમ્પાઉન્ડમાં ૩ વગેરે ઘરો હોય. તે લેવાય.

'गृहं' = 'केवलमन्दिरम्' = ઘર = માત્ર એક ઘર સ્વરૂપે હોય.

આ વાટકાદિથી આણેલાના બે ભેદ પડે છે.

(૧) પ્રકટ (૨) છન્ન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

छन्नतया द्विधा स्यात्।

卐 प्रकट-स्वग्रामाभ्याहृतस्य संभवः 卐

तत्र प्रकटं स्वग्रामाभ्याहृतमित्थं स्यात्। यथा कश्चित् साधुर्भिक्षामटन् क्वापि गृहे प्रविष्टस्तच्च तदा बहिनि(र्नि)र्गतमानुषत्वेन शून्यं दात्री वा तदा सुप्ताऽभूत्, साधुभिक्षाप्रस्तावे राद्धं वा नासीत्, साधोर्वा तत्र विहृत्य निर्ग्गतात् (गतस्य पश्चात्) प्राघूर्णकस्वजनादिभोज्यं जातं लाहणकं वाऽऽयातमित्येतैः कारणैः काचिद् गृहस्थी स्थालीतलिकाकरोटकादिभाजने कृत्वा भक्तादि साधोरूपाश्रयमानयति। ततः किं त्वयेदमत्रानीतमिति साधुना पृष्टे सोपाश्रये भक्ताद्यानयनप्रयोजनं कथयति। यथा यदा त्वं मदीये गृहे भिक्षार्थं गतस्तत्तदा शून्यं गृहमासीदित्यादीति। तस्मादिदं मयाऽऽनीतं त्वं गृहाणेति जल्पति। तदिदं प्रकटं स्वग्रामाभ्याहृतं।

卐 प्रच्छन्न-स्वग्रामाभ्याहृतस्य संभवः 卐

प्रच्छन्नं च तदित्थं स्याद्यथा काचित्साधोः प्रतिलाभनाय प्रहेणकमिषेणोपाश्रये लड्डुकाद्यानीय तत्संमुखमेवं वदति यथा मया भ्रातृगृहादौ संखड्यां वा गतया प्रहेलकमिदं लड्डुकादि लब्धं। यद्वा स्वगृहानीतं प्रहेणकं स्वजनानां गृहे मया तैश्चेदं रोषादिना न गृहीतं। संप्रति तु भवद्वन्दनार्थमिहायाताऽस्मि

---

પ્રકટપણે સ્વગ્રામઅભ્યાહૃત આ પ્રમાણે થઈ શકે છે.

**● પ્રકટ સ્વગ્રામઅભ્યાહૃતનો સંભવ ●**

કોક સાધુ ભિક્ષામાટે ફરતા કોકના ઘરે પ્રવેશ્યા. બધાજ ઘરના લોકો બહાર ગયા હોવાથી ઘર શૂન્ય હતું. અથવા તો દાત્રી તે વખતે સુતેલી હતી, અથવા તો સાધુ ભિક્ષા વહોરવા આવ્યા એ વખતે રસોઈ થઈ ન હતી અથવા તો સાધુ ત્યાંથી વહોરીગયાબાદ મહેમાન કે સ્વજનાદિ માટે ભોજન થયું, અથવા તો 'लाहणक' = લાહણું = ભેટણું આવેલું હોય. આ કારણોસર કોક ગૃહિણી, થાલી, 'तलिका' = છીબું, વાટકીવગેરે ભાજનમાં આહારાદિ સાધુના ઉપાશ્રયમાં લઈ આવે. ત્યારે સાધુ પૂછે કે 'કેમ તમે આ અત્રે લઈ આવ્યા ?' ત્યારે તે અશનાદિ લાવાનું પ્રયોજન કહે કે, જ્યારે તમો મારા ઘરે ભિક્ષામાટે આવેલા ત્યારે ઘર શૂન્ય હતું અથવા હું સૂતેલી હતી (વગેરે). તેથી આ આપને માટે લાવી છું. તે ગ્રહણ કરો.' આમ બધું માયા = જૂઠવિના ચોક્ખે ચોક્ખું કહી દે. તે આ પ્રગટ સ્વગ્રામઅભ્યાહૃત કહેવાય છે.

**● પ્રચ્છન્ન સ્વ-ગ્રામઅભ્યાહૃતનો સંભવ ●**

હવે પ્રછન્ન સ્વગ્રામઅભ્યાહૃત શી રીતે સંભવે ? તે જણાવે છે.

કોક વાર સાધુને વહોરાવવામાટે ગૃહિણી લાહણુંના બહાના દ્વારા ઉપાશ્રયમાં આવીને સાધુની સન્મુખ જ બોલે કે, 'ભાઈવગેરેના ઘરે અથવા સામુદાયિક જમણવારમાં હું ગઈ હતી અને ત્યાં મને આ લાડુ વગેરે મળ્યા છે.' અથવા તો એમ કહે કે, મારા ઘરેથી સ્વજનોના ઘરે આપવામાટે આ લાહણું લઈ ગઈ હતી. પણ તેઓએ રીસ-રોષાદિના કારણે ગ્રહણ કર્યું નહિ. હાલમાં હું આપના દર્શનાર્થે આવી છું. હવે આ લાહણું ઘરે લઈ જવાથી સર્યું. તેથી તમેજ આ ગ્રહણ કરોને ?, આમ કહેવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ततः किमनेन गृहं नीतेन त्वमेवेदं गृहाणेत्येवं भणनपूर्वकं, तथाभ्याहृतशङ्कारक्षणार्थं स्वगृहाभिमुखं दत्तकतिचित्क्रमा, तद्‌गृहीतहस्ता, भूयोऽपि तद्दानाय साध्वभिमुखमागता सती तत् साधवे ददाति। यद्वा मायया काचिदभ्याहृतमानीय साधोः श्रुण्वतो वसतिप्रत्यासन्नां शय्यातरीं प्रति साधुसमीपगृहवर्त्तिनीं प्रतिवेशिनीं वा प्रति गृहाणेदमिति वदति। तया च पूर्वगृहीतसङ्केतया मातृस्थानेन सा निषिध्यते, यथा त्वयाप्यमुकत्र दिने मदीयं प्रहेणकं न गृहीतमित्यहमपि त्वदीयं न गृहीष्ये इति। ततो लाहणकनेत्री किञ्चित् परुषं प्रत्युत्तरं ददाति, ततो द्वितीयाऽपि पुनः किञ्चिज्जल्पतीत्येवं परस्परमलीककलहे सति रोषवतीसम्भूय तद्‌गृहीत्वा स्वस्थानाभिमुखं चलति। ततो भूयोऽपि परावृत्य साधूपाश्रयं प्रविशत्यभिवन्द्य च साधुं वदति। यथेदं नानया गृहीतं तथा त्वयापि श्रुतमिति त्वमेवेदं गृहाण इत्युक्त्वा साधवे तत्प्रयच्छति, इत्येवं प्रच्छन्नं स्वग्रामाभ्याहृतं भवति।

**卐 स्वदेशादीनां स्वरूपमभ्याहृतस्य जलपथादिभेदं च तत्र दोषाश्च 卐**

तत्र स्वदेशः साधोर्निवासमण्डलस्तस्मिन्। परग्रामः साधोरनिवाससंनिवेशस्तस्मादभ्याहृतमानीतं

પૂર્વક, તેમજ રખે ને અભ્યાહૃતની શંકા થઈ જાય ? માટે લાહણકના બહાનાવાળા લાડુ વગેરેને હાથમાં ધરનારી તે બાઈ પોતાના ઘર તરફ થોડા પગલા ચાલીને, પછી ઉપાશ્રય તરફ પાછી ફરીને અર્થાત્ ઉપર કહ્યા પ્રમાણે ઉપાશ્રયમાં આવવા પૂર્વે જ આવું નાટક કરીને, પછી ઉપાશ્રયમાં આવીને લાહણક = લાડું વગેરેના દાનમાટે સાધુની પાસે આવીને સાધુને આપે.

અથવા તો, માયાપૂર્વક કાંઈક અભ્યાહૃત લાવીને સાધુ સાંભળી શકે એ રીતે ઉપાશ્રયની બાજુમાં રહેલી શય્યાતરીને, કાંતો સાધુના સમીપ ઘરવાળી પાડોશણને કહે કે "આ લાહણું લ્યો !" પહેલાજ સંકેત કર્યા પ્રમાણે તે શય્યાતરી અથવા પાડોશણ પણ માયાવડે લાહણું લેવાનો નિષેધ કરતા કહે કે, "અમુક દિવસે તે પણ મારું લાહણું ન્હોતું લીધું એટલે હું પણ હવે લેવાની નથી" ! એટલે લહાણકનેત્રી = લહાણું લઈ આવેલી બાઈ કાંઈક કઠોર જવાબ આપે. એટલે પેલી પણ ફરી કાંઈક બોલે. આમ પરસ્પર ખોટો ઝઘડો કરીને લહાણકનેત્રી રોષવાળી થઈને પોતાના ઘર તરફ ચાલવા માંડે, અને પાછી ફરીને સાધુના ઉપાશ્રયમાં પ્રવેશ કરે. વંદન કરીને સાધુને કહે કે, "જુઓ, આને મારું આ લાહણું લીધું નથી જે તમોએ પણ સાંભળ્યું છે. તો હવે તમેજ આને ગ્રહણ કરો." એમ કહીને વહોરાવે.

આ રીતે પ્રચ્છન્ન સ્વગ્રામઅભ્યાહૃત થાય છે -

(હવે પરગ્રામ અભ્યાહૃતની વાત કહે છે. (મંડળ શબ્દ દેશનો પર્યાયવાચી છે. સંનિવેશ શબ્દ ગામનો પર્યાયવાચી છે.)

સ્વગ્રામની = પાટકવગેરેની વાત આગળ આવી ગઈ છે. માટે હવે પરગ્રામ વગેરેની વાત કરે છે. પરદેશમાં બે વિભાગ પડે છે (૧) પરગ્રામ અને (૨) પરદેશ. એમાં પરદેશ તો પરગ્રામ રૂપ જ હોય છે, પરન્તુ સ્વદેશ સ્વગ્રામ અને પરગ્રામ એમ બે ભેદ પડે છે. સ્વગ્રામમાં તો સ્વદેશ જ હોય.)

**● સ્વદેશવગેરેનું સ્વરૂપ, અભ્યાહૃતના જળપથવગેરે ભેદો અને તેમાં દોષો ●**

અહીં ધ્યાનમાં રાખવું કે 'સ્વ' શબ્દથી સાધુનો ઉપાશ્રયવગેરે લેવા, પછી એ સ્વગ્રામ હોય કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत् तथा। परदेशः साधोरनिवासमंडलस्तस्मात्। परग्रामः पूर्वोक्तस्तस्मादभ्याहृतमानीतं तत्तथा। एतत्सर्वमप्यभ्याहृतं सामान्यतो द्विधा, नद्यादिमार्गरूपेण जलपथेन, पृथ्वीमार्गरूपेण स्थलपथेन च। जलपथेनापि नौत्रप्यक(तप्रक)तुम्बकबाह्वादिभिर्जङ्घाभ्यां वाऽभ्याहृतं स्यात्। स्थलपथेनापि स्कन्धेन कापोत्या मस्तकेन करादिना स्थाल्यादिना वा भाजनेन गन्त्रीगर्दभादिना वाहनेनाभ्याहृतं स्यादत्र च जलपथस्थलपथाभ्याहृते द्विविधेऽपि संयमात्मप्रवचनविराधनास्तिस्रः स्युः। तत्राद्या, द्विविधेऽपि चंक्रमणादिना पृथ्वीकायादिव्यापादना स्यात्। आत्मविराधना त्वाद्य(त्वस्ताधे) पादादिभिरलभ्यमानाधोऽभूभागे नद्यादिजले प्रभूतपङ्के निमज्जनभावात्, ग्राहमकरमत्स्यकच्छपपादबंधकतन्तुकादिभ्यस्तद्दंशा-

સ્વદેશ હોય. 'પર' શબ્દથી સાધુ જે ગામ વગેરેમાં ન રહેતા હોય તે સ્થાન લેવાનું, પછી એ પરગ્રામ કે પરદેશ હોય.

'સ્વ' અને 'પર' અંગેનું ચિત્રમય દર્શન.




સાધુઓનો નિવાસ જે દેશના ગામ = સ્વગ્રામમાં હોય તે સ્વદેશમાં, સાધુઓનો નિવાસ જ્યાં ન હોય તે સ્વદેશ અન્તર્ગત સ્વગ્રામ ભિન્ન એવા પરગ્રામથી આણેલું, તથા સાધુઓનો નિવાસ જ્યાં ન હોય તે દેશથી આણેલું અને પરદેશનું ગ્રામ = પરગ્રામથી આણેલું હોય. આ બધાયને પરગ્રામ અભ્યાહૃત કહેવાય છે.

(દેશ = અનેક ગામોનો સમૂહ. એવાજ બીજા ગામોના સમૂહને પરદેશ કહેવાય. જેમકે અનેક ગામોનો સમૂહ એવા ગુજરાતદેશમાટે, એવા જ અનેક ગામોના સમૂહવાળો મહારાષ્ટ્રદેશ એ પરદેશ કહેવાય.)

આ પરગ્રામ સંબંધી બધાજ પ્રકારના અભ્યાહૃતના સામાન્યથી બે પ્રકારો છે.

(A) નદીવગેરે માર્ગરુપ જળપથદ્વારા અભ્યાહૃત. આમાં નૌકા, ત્રાપો = નાની નૌકા, તુંબડી, બે બાહુ કે બે જંઘા વગેરેદ્વારા અભ્યાહૃત પણ આવી જાય છે.

(B) પૃથ્વીમાર્ગરુપ સ્થલપથદ્વારા અભ્યાહૃત. આમાં ખભો, કાવડ = ખભાપર એક વાંસ હોય, એના બન્ને છેડે ઘડા વગેરે બાંધી ઊંચકવામાં આવે તે, માથું, હાથવગેરે, કે થાળી વગેરે ભાજન કે ગાડું, પોઠ = બળદ, ગધેડું વગેરે વાહનદ્વારા અભ્યાહૃત પણ આવી જાય છે.

આ બન્ને ય પ્રકારના જળપથ કે સ્થલપથના અભ્યાહૃતમાં (૧) સંયમ (૨) આત્મ (૩) પ્રવચન. આ ત્રણેય વિરાધનાઓ થાય. (થઈ શકે.)

(૧) **સંયમવિરાધના** :- બન્ને પ્રકારોમાં ચાલવું, નાવવગેરેમાં બેસવું વગેરે દ્વારા પૃથ્વીકાય, અપ્કાય વગેરેની વિરાધના થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

द्यपायसद्भावाच्च स्यात्। स्थलपथाभ्याहृते च कण्टकाहिस्तेनव्याघ्रादिश्वापदेभ्यो वधादिरूपापायसद्भावात्, ज्वराद्युत्पादकपरिश्रमादिभावाच्च स्यात्। प्रवचनविराधना तु प्रवचनमालिन्यजनकजनभाषणादिना स्वयमभ्युह्या इति।

**卐 प्रछन्नपरग्रामाभ्याहृतस्य संभवः दृष्टांतश्च 卐**

एवं भेदविशिष्टं प्रकटपरग्रामाभ्याहृतं भवति तथा(हि) यदा यतिजनरहिते ग्रामे श्रावकः कश्चिद् विवाहादौ जाते प्रभूतमशनाद्युद्वरितं दृष्ट्वा विचिन्त्य च यद्येतद्यतिभ्यो दीयते तदा महते पुण्याय स्यादिति भक्तिवशतो यत्र यतयस्तत्र तन्नीत्वा तथा कथञ्चिद् गोपनं विधाय तेभ्यो दद्या-

---

(૨) **આત્મવિરાધના** :- **જળપથ** :- નદીવગેરેના પાણીમાં પગમૂકવા જતાં પાણીની ઊંડાઈના લીધે નીચલોભાગ ન મળવાથી (અથવા પથરાવગેરે પર પગમૂકવા જતાં એ ખસીજતાં) પાણીમાં ડૂબી જાય. અથવા નીચલોભાગ ઘણાં કાદવવાળો હોવાથી એમાં ખૂપી જાય (= એક એવો ચીકણી માટીનો કાદવવાળો પ્રદેશ કે જેમાં એકવાર પગ મૂકવામાં આવે એટલે ધીરે ધીરે આખો માણસ અંદર ગરકાવ થઈ જાય. જેને 'કાંપ' કહેવામાં આવે છે.) અથવા ગ્રાહ = જળહસ્તી, મકર = મગરમચ્છ, મત્સ્ય (નાનું-મોટું માછલું), કાચબો (એનો ખોરાક જીવ-જંતુઓ હોવાથી આગળ બતાવવામાં આવનાર અપાયો ઘટી શકે છે), પાદબંધકતન્તુકા = એક ઝુંડનામનું જળચર પ્રાણીવિશેષ કે જેના શરીરના આગલા કે પાછલા ભાગમાં દોરડા જેવા લાંબા અવયવ હોય. એનાથી એ મનુષ્યવગેરેના પગવગેરેને વીંટળાઈને ભરડો લઈ લે અને એટલો તાકાતવાળો હોય કે એનાથી અલમસ્ત હાથી પણ ન છૂટી શકે, વગેરેના દંશવગેરે = બચકુંભરે, મારીનાખેવગેરે અપાયોનો સંભવ હોય છે.

**આત્મવિરાધના - સ્થલપથ** :- આ અભ્યાહૃતમાં કાંટો લાગી જવો, સાપ દંશી જાય, ચોર પકડી જાય, વાઘવગેરે ફાડી ખાય ઈત્યાદિ અપાયોનો સંભવ છે. તથા તાવવગેરે લાવે એવા પરિશ્રમ દ્વારા આત્મવિરાધના થઈજાય. (ખૂબશ્રમ કરે એટલે તાવઆવે, હવા પાણીનો ફેર થઈજતા કદાચ કોક બિમારી લાગીજાય, ચેપીરોગ પેસીજાય વગેરે બની શકે છે.)

(૩) **પ્રવચનવિરાધના** :- પ્રવચનહીલના થાય એવા શબ્દો લોકો બોલે વગેરે સ્વયં જાણી લેવું.

આ રીતે પ્રકટ પરગ્રામઅભ્યાહૃત કેવી રીતે થાય તે જણાવ્યું.

**• પ્રછન્ન પરગ્રામઅભ્યાહૃતનો સંભવ અને દૃષ્ટાંત •**

આ પ્રમાણે ભેદથી વિશિષ્ટ પ્રકટપરગ્રામ-અભ્યાહૃત થાય છે.

હવે છન્ન = પ્રછન્ન પરગ્રામઅભ્યાહૃત કહે છે.

યતિજનરહિત એવા ગામમાં કોક શ્રાવકને ત્યાં લગ્નાદિ પ્રસંગ થયા. એમાં બનાવેલ અશનાદિ ઘણાં પ્રમાણમાં વધેલું જોઈને શ્રાવક વિચારે છે કે 'જો આ યતિજનોને આપવામાં આવે તો તે મોટા પુણ્ય માટે થશે.' આમ વિચારી ભક્તિને વશ થઈને જ્યાં સાધુ રહેતા હોય ત્યાં એ આહારાદિ લઈ જઈને આ અભ્યાહૃત છે એ વાતને ખાનગી રાખવાપૂર્વક = સાધુને અભ્યાહૃતની ખબર ન પડે એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

द्यथा ते न जानन्त्यभ्याहृतमिदमिति। तदा तस्य(त्) छन्नपरग्रामाभ्याहृतं भवति। अत्राख्यानकं यथा-

धन्नउरं नाम गामो आसि। तत्थ य एगंमि कुडुंबे बहवे सावया बहुयाओ य सावियाओ चिट्ठंति, अन्नया य तेसिं गिहे विवाहो जाओ वित्तो य। तत्थ पउरं कूरलड्डुगाइयं उव्वरियं। तेहिं चिन्तियं, जहा जइ एयं साहू दिज्जइ ता महापुन्नं भवइ। तत्तो य साहूणो दूरे चिट्ठंति अहवा पच्चासन्ना परं अंतरे नई तो आउकायविराहणाभयेण नागमिस्सन्ति, आगया वि पउरकूराइ अवलोयणेण आहाकम्मसंकाए न गिण्हिस्सन्ति त्ति, पच्छन्नं जत्थ गामे साहुणो चिट्ठन्ति तत्थ कूरलड्डुगाइयं गहिऊण सव्वे सावया सावियाओ य आगया। तेहिं चिन्तियं जइ साहूणं चेव हक्कारिऊण देमो तो असुद्ध त्ति आसंकिय ते न गिण्हिस्सन्ति, ता बंभणाइणं किंपि दिज्जउ तं पुण जइ अन्नत्थ देमो तो साहुणो न पेच्छिस्सन्ति त्ति चिन्तिय जंमि साहुणो उच्चाराइकज्जेण निगच्छन्ता पेच्छन्ति तंमि ठाणे एगस्स जक्खदेवउल्लस्स बाहिं बंभणाईणं थोवं दाणं दाउमारद्धं। तओ उच्चाराइकज्जे निग्गया केइ साहुणो तं दिज्जमाणं दट्ठूण सुद्धं ति काउं तत्थागया पउरं

---

રીતે વહોરાવી દે. ત્યારે છન્નપરગ્રામઅભ્યાહૃત બને છે.

**દૃષ્ટાંત** :- ધન્યપુર નામનું ગામ હતું. ત્યાં એક કુટુંબમાં ઘણાં શ્રાવકો અને ઘણી શ્રાવિકાઓ હતી. એકવાર તેઓના ઘરમાં લગ્નનો પ્રસંગ ઉજવાયો. પ્રસંગ પત્યાબાદ કૂર = રાંધેલાભાત અને લાડુ વગેરે ઘણું વધ્યું. ત્યારે તેઓએ વિચાર્યું કે "જો આ સાધુને આપવામાં આવે તો ઘણું પુણ્ય થાય. પરન્તુ સાધુમહાત્માઓ તો દૂર = પરગ્રામમાં રહે છે, અથવા તો રહે છે બાજુમાં જ પરન્તુ વચ્ચે નદી આવે છે, એને ઓળંગીને આવવામાં અપ્કાયવિરાધનાના ભયથી તેઓ આવશે નહિ, અથવા તો વચ્ચે નદીવગેરે આવતી ન હોય અને કાંતો નદીને સેતુ વગેરેથી ઓળંગીને આવે તો પણ પ્રચુરમાત્રામાં ભાતવગેરેને જોઈને આધાકર્મની શંકાથી તેઓ ગ્રહણ કરશે નહિ.' એટલે ગુપ્તપણે જે ગામમાં સાધુઓ હતા તે ગામમાં એ કુટુંબના બધાજ શ્રાવક-શ્રાવિકાઓ કૂર-લાડુવગેરે લઈને આવી ગયા.

હવે તેઓ વિચારે છે કે "જો સાધુઓને વિનંતિપૂર્વક લાવવામાં આવશે અને વહોરાવીશું તો અશુદ્ધ છે એમ આશંકા કરીને તેઓ ગ્રહણ કરશે નહિ. માટે થોડું દાન બ્રાહ્મણોને આપીએ. એ પણ પાછું બીજે ક્યાંક આપવામાં આવશે તો સાધુઓ જોઈ-જાણી નહિ શકે" આમ વિચારીને, જે ભૂમિમાં સાધુઓ ઉચ્ચારાદિ = ઠલ્લેવગેરેમાટે આવ જાવ કરતી વખતે જોઈ શકે એવી ભૂમિમાં એક યક્ષના મંદિરની બહાર બ્રાહ્મણાદિને થોડું થોડું દાન આપવાનું ચાલુ કર્યું. ઉચ્ચારાદિ કાર્યમાટે બહાર ગયેલા સાધુઓએ અપાતા તે દાનને જોઈ લીધું, અને શુદ્ધ છે એમ જાણીને ત્યાં ગોચરી લેવા આવ્યા. પ્રચુરમાત્રામાં ગોચરી મળી. ગોચરી વહોરનાર આ સાધુઓએ બીજા સાધુઓને પણ વાત કરી એટલે તેઓ = બીજા સાધુઓ પણ આવ્યા. એક બાજુ અમુક શ્રાવક - શ્રાવિકાઓ પ્રચુરમાત્રામાં કૂર વગેરે આપતા હતા. અને અમુક તો અભ્યાહૃતની શંકા ટાળવા માટે માયાપૂર્વક પોતાના નોકરોને દાન આપતા વારતા હતા. આમ, ગોચરી વહોરીને બધાજ મહાત્માઓ પોત-પોતાના સ્થાને ગયા.

નવકારશીના પચ્ચક્ખાણવાળા (ઘરડા-ગ્લાનવગેરે) સાધુઓએ એ ગોચરી વાપરી લીધી. તથા જેમને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लद्धं। तेहिं सेससाहूण कहियं ते वि गया तेसिं एगे पउरं कूराइयं देति, अन्ने आहडसंकारक्खणत्थं माइट्ठाणेण कम्मकरं वारिंति, जाव ते तं गहिऊण नियट्ठाणे गया। तत्थ नवकारसहिया भुत्ता, अजिन्नवंता पुरिमड्ढियाइणो य पडिवालंति पोरिसिया भुंजन्ता चिट्ठिन्ति। एत्थंतरे तेहिं सावगाईहिं चिंतियं। एण्हिं साहूणो भत्तं भुत्ता भविस्सन्ति त्ति, वंदिय नियट्ठाणे गच्छामोत्ति समहीए पहरे साहुवसहीए आगया। निसीहियाइसव्वा सावयकिरिया कया, साहूहि पच्चभिन्नाया, नायं च जहा सावएहिं हुन्तेहिं एएहिं महेसररूवट्ठिएहिं अम्हं दाणं दिन्नं। ता आहडं एयं। तत्थ जेहिं भुत्तं तेहिं भुत्तं जे भुंजिउकामा आसि तेहिं न भुत्तं भुंजंतेहिं पुण जे कवला उक्खिता ते भायणे चेव निक्खित्ता। मुहपक्खितं तु पासट्ठियखेलए पक्खितं तओ सव्वं परिट्ठवियं। सावया सावियाओ य खामिउं गया। साहुणो य जेहिं पडिपुन्नं थोवं वा भुत्तं ते वि सुद्धा असढभावत्ति काउं ति। तदेवमभ्याहृतं यतीनां ग्रहीतुं भोक्तुं वा जिनैर्निषिद्धमिति तत् परिहार्यमिति गाथार्थः।।४६।।

---

પૂર્વનું ભોજન જીર્ણ થયું = પચ્યું નથી તેવા અને પુરિમઢ્ઢઆદિના પચ્ચક્ખાણવાળા સાધુઓ એ ભોજન = ગોચરીનું રક્ષણ કરી રહ્યા છે. પોરિસી પચ્ચક્ખાણવાળા ભોજન કરી રહ્યા હતા. એ વખતે, પેલા શ્રાવકોએ વિચાર્યું કે "હવે તો સાધુઓએ ગોચરી કરી લીધી હશે. તો, વંદન કરીને પછી પોતાના સ્થાને જઈએ." આમ વિચારી, એક પ્રહરથી વધુ સમય થયા બાદ તેઓ સાધુની વસતિમાં આવ્યા. 'નિસીહિ' બોલવાપૂર્વક ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો અને શ્રાવકસંબંધી વંદનાદિ ક્રિયાઓ કરી. સાધુઓએ આ બધાયને ઓળખી લીધા. જાણી લીધું, કે શ્રાવક હોવા છતાં મહેશ્વરના ઉચ્ચ ખાનદાન-ઐશ્વર્યવાળાના રુપમાં એઓએ આપણને દાન આપ્યું છે, જે ચોક્કસ અભ્યાહૃત છે. માટે, જે સાધુઓએ વાપરી લીધું છે તેઓવડે તો વપરાઈ જ ગયું છે. પરન્તુ જેઓ વાપરવાની ભાવનાવાળા હતા પણ હજુ વપરાયું નથી, તેઓએ વાપર્યું જ નહિ. અને કેટલાકને વાપરવાનું ચાલું હતું. તેઓએ વાપરતાં જે કોળિયા મોઢામાં મૂકવા ઉઠાવ્યા હતા. તે કોળિયાઓને ભોજન = પાત્રામાં જ પાછા મૂકી દીધા. તથા જે કોળિયા મોઢામાં મૂકી દીધા હતા, તે બાજુમાં રહેલ રખ્યાની કૂંડીમાં કાઢી નાખ્યા = વમી કાઢ્યા. પછી, બધુંય પરઠવી દીધું. ભક્તિવશ કપટકરનારા તે શ્રાવક-શ્રાવિકાઓ સાધુઓને ખમાવીને પોતાના સ્થાને ગયા.

અહીં, જે સાધુઓએ સંપૂર્ણ વાપરી લીધું હતું, અથવા તો થોડું વાપર્યું હતું, તેઓએ પણ અશઠભાવે આ ગોચરી વાપરી હતી એટલે તેઓ શુદ્ધ છે એમ જાણવું.

(અત્રે ખાસ એક જાણવા જેવી વાત એ છે કે જ્યાંસુધી દોષની ખબર નહોતી ત્યાંસુધી ભલે વપરાઈ ગયું હોય. પણ જેવી દોષની ખબર પડે કે તરત ન વપરાયેલું બીજું બધું તો પરઠવી જ દેવું જોઈએ. યાવત્ મોઢામાં રહેલ કોળિયો પણ ગળા નીચે જવા દેવાય નહિ. એને પણ કથાનકમાં જણાવ્યા પ્રમાણે રખ્યાવગેરેમાં પરઠવવાનું હોય. આનું કારણ આ હોઈ શકે કે દોષ પ્રત્યે તીવ્ર જુગુપ્સા આપણા આત્મામાં ઉભી રહે. તેમજ દોષલેશ પણ ચલાવી લેવાની વૃત્તિના ભોગ આપણે બની ન જઈએ.)

આ રીતે યતીઓ માટે અભ્યાહૃત ગ્રહણ કરવું કે ગ્રહણકરતી વખતે ઉપરના દૃષ્ટાંતના અનુસારે ખબર ન પડી અને પાછળથી ખબર પડવા છતાં વાપરવું. એનો જિનેશ્વર ભગવંતોએ નિષેધ કરેલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अवतरणिका**— उक्तमनाचीर्णाभ्याहृतं सभेदमधुना आचीर्णाभ्याहृतमाह।

**मूलगाथा— आइन्नं तुक्कोसं हत्थसयंतो घरेउ तिन्नि तहिं।**
**एगत्थ भिक्खगाही बीओ दुसु कुणइ उवओगं।।४७।।**

**संस्कृतछाया— आचीर्णंतूत्कृष्टं हस्तशतान्तं (हस्तशतान्तः) गृहाणि तु त्रीणि तत्र।**
**एकोऽत्र भिक्षाग्राही द्वितीयो द्वयोः करोत्युपयोगम्। ।।४७।।**

**卐 आचीर्णाभ्याहृतस्य क्षेत्र-गृहापेक्षया द्वि प्रकारं, तत्र क्षेत्राऽपेक्षया उत्कृष्टादि स्वरूपं च 卐**

**व्याख्या**— आचीर्णं गीतार्थसाधुभिर्ग्रहणे आचरितं अभ्याहृतं पुनः क्षेत्रापेक्षया गृहापेक्षया च द्विधा स्यात्। क्षेत्रापेक्षयाप्युत्कृष्टमध्यमजघन्यभेदात्त्रिविधम्। तत्रोत्कृष्टभणनेन जघन्यमप्युक्तप्रायमिति विचिन्त्योत्कृष्टं मध्यमं चैकवाक्येन। तत्र क्षेत्रापेक्षया तावदाह 'उक्कोसं हत्थसयंतो' त्ति इह

---

છે. તેથી તેનો પરિહાર કરવો જોઈએ.।।૪૬।।

**અવતરણિકા** :- આમ અનાચીર્ણઅભ્યાહૃતદ્વાર સભેદ = પ્રકારપૂર્વક કહ્યું. હવે આચીર્ણઅભ્યાહૃતને કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **आइन्नं** = આચીર્ણ, **तु** = તો, **उक्कोसं** = ઉત્કૃષ્ટથી, **हत्थसयंतो** = સો હાથની અંદરથી, **घरेउ** = ઘરસંબંધી તો, **तिन्नि** = ત્રણ, **तहिं** = તેમાં, **एगत्थ** = એકઘર, **भिक्खगाही** = ભિક્ષા લેનાર સાધુ, **बीओ** = બીજો, **दुसु** = બે ઘરમાં, **उवओगं** = ઉપયોગ, **कुणइ** = રાખે.।।૪૭।।

**મૂળગાથા-ગાથાર્થ** :- પૂર્વાચાર્યોએ ગ્રહણકરવામાટે આચરિત અભ્યાહૃત ક્ષેત્ર અને ઘરની અપેક્ષાએ બે પ્રકારનું છે. ક્ષેત્રની અપેક્ષાએ જ્યાં આગળના ભાગમાં જમનારની પંગત બેઠી હોય અને બીજા છેડે અશનાદિ હોય અને ત્યાં લેવામાટે સ્ત્રીસંઘટ્ટાઆદિના ભયથી સાધુથી જવાય તેમ ન હોય ત્યારે, અથવા લાંબી છીંડી (લાંબી પરસાળ) હોય ત્યારે સો હાથની અંદરથી લાવેલ કલ્પી શકે.

ઘરની અપેક્ષાએ સંઘાટક બે સાધુમાંથી એક સાધુ જે ઘરથી ભિક્ષા લેતો હોય તે સિવાયના પાસેના બીજા બે ઘરમાં દાતારની સાધુને ભિક્ષા આપવામાટે તૈયાર થવા સંબંધી ક્રિયામાં બીજોસાધુ ઉપયોગ રાખી શકતો હોવાથી ત્રણ ઘર સુધીનું અભ્યાહૃત કલ્પી શકે. તેથી આગળના ઘરનું ન કલ્પે.।।૪૭।।

## • આચીર્ણઅભ્યાહૃતના ક્ષેત્ર અને ઘરની અપેક્ષાએ બે પ્રકારો, તેમાં ક્ષેત્રની અપેક્ષાએ ઉત્કૃષ્ટવગેરેનું સ્વરૂપ •

**વ્યાખ્યાર્થ** :- 'आइन्नंउ' = 'आचीर्णम् तु' = ગીતાર્થપુરુષોએ જેને ગ્રહણ કરવાની આચરણા કરી છે તે આચીર્ણ કહેવાય છે. એ આચીર્ણઅભ્યાહૃત (૧) ક્ષેત્ર અને (૨) ઘરની અપેક્ષાએ બે પ્રકારે થાય છે. તેમાં (૧) ક્ષેત્રની અપેક્ષાએ પણ (૧) ઉત્કૃષ્ટ (૨) મધ્યમ અને (૩) જઘન્યભેદથી ત્રણ પ્રકારે થાય છે.

અહીં, ક્ષેત્રની અપેક્ષાએ 'ઉત્કૃષ્ટની વાત કરવાદ્વારા જઘન્યની વાત તો પ્રાયઃ કરીને આવી જ ગઈ' એમ વિચારીને મૂળ ગ્રન્થકારશ્રીએ ઉત્કૃષ્ટ અને મધ્યમની વાત એક વાક્યમાં કરી દીધી છે. અર્થાત્ 'हत्थसयंतो' આ એકજ વાક્ય દ્વારા ઉત્કૃષ્ટ અને મધ્યમની વાત કરી દીધી છે. તે આ રીતે કે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

च प्राकृतत्वादन्तशब्दस्य अन्तःशब्दस्य च, निर्देशस्य च समानत्वात्, उत्कृष्टं प्रत्यन्तशब्दो, मध्यमं चाश्रित्यान्तःशब्दो दृश्यः। ततश्चोत्कृष्टं महत् क्षेत्रविषयमभ्याहृतमाचीर्णं वर्त्तते। कियदित्याह हस्तशतान्त इति। हस्तशतं प्रतीतमन्तः पर्यन्तो यस्य भूभागस्य स हस्तशतान्तः एतावद्दूरादागतमशनादीति तत्त्वं। अथ कदा पुनर्हस्तशतादेः सम्भवः ? उच्यते, यदा प्रचुरभोजकजनपङ्क्तिरुपविष्टा भवति तदा तस्या एकस्मिन् पर्यन्ते साधुसङ्घाटको द्वितीये तु देयं तिष्ठति। स च स्पृष्टास्पृष्टभयादिना देयस्य समीपे गन्तुं न शक्नोत्यतोऽस्य सम्भवः। तथा प्रलम्बगमनमार्गे छिण्डिकादौ घंघशालारूपे

---

'उक्कोसं हत्थसयंतो' = 'उत्कृष्टं हस्तशतान्तम्' (हस्तशतान्तः) = પ્રાકૃતભાષામાં 'अन्त' અને 'अन्तः'. આ બન્ને શબ્દોનો નિર્દેશ સમાન રીતે = એક સરખો થાય છે. અર્થાત્, પ્રાકૃતભાષામાં એ બન્ને શબ્દો માટે 'अन्त' શબ્દ જ વપરાય છે. એટલે કે ઉત્કૃષ્ટ અને મધ્યમ, બન્નેની વાત 'अन्त' શબ્દથી કરી દીધી છે એમ જાણવું. ટૂંકમાં, 'अन्त' એ ઉત્કૃષ્ટવાચી શબ્દ જાણવો તથા 'अन्तः' એ મધ્યમ વાચી શબ્દ જાણવો.

ક્ષેત્રને આશ્રયીને ઉત્કૃષ્ટઅભ્યાહૃત એ આચીર્ણ છે. તે ઉત્કૃષ્ટઅભ્યાહૃત કેટલું ? તે કહે છે, ૧૦૦ હાથના પ્રમાણવાળું. (કોણીના ભાગથી માંડીને મધ્યમા આંગળીના છેડા સુધીનો ભાગ, એને એક હાથ કહેવાય છે. આ આટલી સમજણ અહીં ખ્યાલમાં રાખવી).

જે ભૂભાગનો છેડો ૧૦૦ હાથ સુધીનો હોય તે 'હસ્તશતાન્ત' કહેવાય છે. આટલા = ૧૦૦ હાથ દૂરથી આવેલ અશનાદિ એ આચીર્ણઅભ્યાહૃત છે એમ તત્ત્વ જાણવું.

આ ૧૦૦ હાથનું અભ્યાહૃત શી રીતે સંભવે છે ? તે કહે છે.

જ્યારે ભોજનકરવાવાળા ઘણાં લોકો એક લાંબી પંગતમાં બેઠા હોય. ત્યારે પંગતના છેડાપર સાધુસંઘાટક હોય અને બીજી બાજુના છેડા પર દેય = વહોરવવાની વસ્તુ પડી હોય. (સ્ત્રી વિગેરેનો)સંઘટ્ટો થવો. આદિ ભયથી સાધુ દેયવસ્તુ સુધી જઈ ન શકતા હોય ત્યારે આનો સંભવ થાય છે. તેમજ, 'छिण्डिका' = બે ઘરની વચ્ચે લાંબી નાની ગલી હોય કે જેમાં જવા આવવાનો લાંબો માર્ગ હોય, અથવા ઘંઘશાળા = ધર્મશાળાસ્વરૂપ કુંભારશાળાવગેરે લાંબાવિસ્તારવાળું ભવન હોય, તેમાં ૧૦૦ હાથથી આવેલ અશનાદિ સાધુઓમાટે આચીર્ણઅભ્યાહૃત છે.

૧૦૦ હાથથી વધુ અભ્યાહૃતનો જિનેશ્વરોએ નિષેધ કર્યો છે.

આ ૧૦૦ હાથની વાત પણ અપવાદ રુપે છે. જે માત્ર સ્થવિરકલ્પી મુનિઓમાટે જ જાણવી. પરન્તુ જિનકલ્પીવગેરેમાટે ન જાણવી, કારણ કે તેઓ નિરપવાદ હોય છે.

આ રીતે ઉત્કૃષ્ટઅભ્યાહૃતની વાત કરી. હવે મધ્યમઅભ્યાહૃતની વાત કહે છે.

મધ્યમક્ષેત્રઆચીર્ણઅભ્યાહૃતને આશ્રયીને પણ આ જ ઉત્કૃષ્ટને જણાવનારું ૧૦૦ હાથના પ્રમાણવાળું ક્ષેત્રનું વાક્ય જાણવું. અર્થાત્ મધ્યમક્ષેત્રઅભ્યાહૃતને જાણવામાટે પણ 'हत्थसंयतो' વાક્યને જ જાણવું. પરન્તુ એનો વિગ્રહ 'अन्तर' શબ્દ લગાડીને કરવો. એટલે કે '૧૦૦ હાથની અંદરનું' તે 'हस्तशतान्त' છે એમ વ્યાખ્યા કરવી.

આ મધ્યમઅભ્યાહૃતનું ક્ષેત્ર કેટલું છે ? તે જણાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दीर्घप्रवेशभवने वा हस्तशतादागतस्य भक्तादेः साधुभिराचीर्णं ग्रहणम्। समधिकहस्तशतादारभ्य पुनर्जिनैर्निषिद्धं। अयं चापवादः। स च स्थविरकल्पिकानामेव ज्ञेयो न तु जिनकल्पिकादीनां तेषां निरपवादित्वात्। तथा मध्यमक्षेत्राचीर्णाभ्याहृतं त्वाश्रित्येदमेव वाक्यमुत्कृष्टाभिधायकं हस्तशतेन प्रमितं क्षेत्रमपि तथा। ततो हस्तशतस्यान्तर्मध्ये हस्तशतान्त इति व्याख्येयम्। करपरिवर्त्तादुपरि यावद्धस्तशतं किञ्चिन्न्यूनं तावन्मध्यमं स्यादित्यर्थः। सामर्थ्यात्करपरिवर्त्तो जघन्यक्षेत्राचीर्णमभ्याहृतमित्युक्तं भवति। तत्र करपरिवर्त्तो नाम हस्तस्य किञ्चिच्चलनं यथा काचिद् दात्री ऊर्ध्वोपविष्टा स्वयोगेन मुष्टि-गृहीतमण्डकेन प्रसारितेन चाटुना वा तिष्ठत्यात्रान्तरे साधुरागच्छति सा च तथैव स्थिता करस्थ-

'कर' = હાથનું પરિવર્તનથી માંડીને, અર્થાત્ દાતાનો હાથ લંબાય ત્યાંસુધીનું જે જઘન્ય અભ્યાહૃત છે, ત્યાંથી માંડીને ૧૦૦ હાથ સુધીના અન્તરથી કાંઈક ઓછું. એને મધ્યમઅભ્યાહૃતક્ષેત્ર કહેવાય છે. મૂળગાથામાં જઘન્યક્ષેત્રની વાત કરી નથી પરન્તુ સામર્થ્યથી આ 'करपरिवर्तन' ને જઘન્યઅભ્યાહૃત ક્ષેત્ર જાણવું.

ટૂંકમાં :- કરપરિવર્તન = હાથનું લંબાવું = જઘન્યઅભ્યાહૃતક્ષેત્ર.

કરપરિવર્તન પછીનું અને ૧૦૦ હાથથી કાંઈક ઓછું = મધ્યમઅભ્યાહૃતક્ષેત્ર.

૧૦૦ હાથ પૂરા = ઉત્કૃષ્ટક્ષેત્ર.

૧૦૦ હાથથી આગળ = અનાચીર્ણ.

'करपरिवर्तनः' એટલે શું ? તે કહે છે કે, હાથનું કાંઈક ચાલવું - હલવું તેને કરપરિવર્તન કહેવાય છે. તે આ પ્રમાણે કે કોક દાત્રી ઉંચે બેઠેલી છે, અને પોતાના કોક કારણસર હાથની મુઠ્ઠિમાં મંડક = ખાખરા કે એક જાતનો પતલો પૂડલો રાખીને રહેલી છે અથવા દાળ વગેરેથી ભરેલા ડોયાવાળો હાથ કોકને આપવા-પીરસવા લાંબો કર્યો હોય. એટલામાં જ ત્યાં સાધુ આવે છે ત્યારે તેવી મંડક હાથવાળી અવસ્થામાં જ રહેલી હાથમાં રહેલ મંડકો વડે નિમંત્રણ કરે. તે(સાધુ) મુઠીની નીચે પાત્રુ ધારણ કરે અને તે ભૂજાને હલાવ્યા વિનાજ મુષ્ટિને કાંઈક ઢીલી કરે છે, અથવા ડોયાને વાળે છે તેથી મણ્ડક કે ડોયાની દાળ વગેરે પાત્રામાં પડે છે. આ જે મુષ્ટિને કાંઈક ઢીલી કરી અથવા ડોયાને વાળ્યો તે જઘન્યક્ષેત્રઅભ્યાહૃત છે એમ જાણવું. ઉપલક્ષણથી મુઠ્ઠિ ઢીલી કરવાથી માંડીને છેક એક હાથ સુધીનું અન્તર એ જઘન્ય ક્ષેત્ર અભ્યાહૃત છે એમ જાણવું.

આમ, ક્ષેત્રવિષયક અભ્યાહૃતની વાત કરી.

(**प्रश्न** :- અહીં એક પ્રશ્ન ઉદ્ભવે કે માત્ર મુઠ્ઠી ઢીલીકરે કે ડોયો વાળે, એ પણ જો જઘન્ય આચીર્ણઅભ્યાહૃત હોય, તો પછી અનભ્યાહૃત ગોચરી ક્યારે સંભવે ?

**उत्तर** :- એનું સમાધાન આ જાણવું કે, જ્યારે ગૃહસ્થને ગોચરી વહોરાવવાની પૂરી ભાવના હોય પણ અનિવાર્ય કોક કારણસર જાતે વહોરાવી શકે એવી સ્થિતિ ન હોય. બીજા વહોરાવનાર ન હોય. ત્યારે એ ગૃહસ્થ સાધુને કહે કે, 'મહારાજ સાહેબ ! આપને ખપ પ્રમાણે આમાંથી લઈને મને ઉપકૃત કરો.' અને સાધુમહારાજ જાતે ખપ પૂરતું લે. ત્યારે અનભ્યાહૃત ગોચરીનો સંભવ બને.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मण्डकैस्तन्निमन्त्रयते, स मुष्टेरधः पात्रकं धारयति सा च भुजमचालयंती किञ्चिन्मुष्टिं शिथिलयति, ततो मण्डकाः पात्रके पतन्तीति। उक्तं क्षेत्रविषयमधुना गृहविषयं तदाह।

卐 गृहापेक्षयाऽऽचीर्णाभ्याहृतं 卐

'घरेउ तिन्नि' त्ति गृहाणि तु भवनानि पुनः पङ्क्तिस्थितानीति दृश्यं। त्रीणि त्रिसङ्ख्यानि यावत् गृहविषयाभ्याहृतमुत्कृष्टमाचीर्णमिति प्रक्रमः। तत्राप्येषणाविषयदत्तावधानस्य गृहत्रयाभ्याहृतमनुज्ञातमिति। तद्भिक्षाग्रहणविधिमाह 'तहिं एगत्थे' त्ति तस्मिन् पङ्क्तिव्यवस्थितगृहत्रये यदा साधु सङ्घाटको भिक्षां गृह्णाति तदा तयोः साध्वोर्मध्यादेकस्तु धर्म्मलाभिते गृह्यमाणभिक्षागृहे भिक्षाग्रही समुदान-प्रतीक्षकसङ्घाटकाग्रेतनसाधुरुपयोगं करोतीति योगः। 'बीओ' त्ति पुनरर्थचकारलोपात् द्वितीयश्च भिक्षाग्राहकादपरः पुनर्द्वयोरानीयमानभिक्षयोर्धर्म्मलाभितगृहादितरयोर्गृहयोर्विषये करोति विधत्ते

[આનો અર્થ આ થયો કે કોકવાર કારણસર શ્રાવકના ઉપરોધથી આ રીતના સાધુને જાતે લેવાનો પ્રસંગ આવે ત્યારે લેવામાં કાંઈ વાંધો નથી. હા, આટલું ધ્યાન જરૂર રાખવું કે સામેવાળો ભક્તિપૂર્વક સાધુને જાતે લેવાની વિનંતિ કરતો હોય અને સાધુને અન્યત્ર ભિક્ષા પૂરતી ન મળી હોય. અથવા દુર્લભ દ્રવ્ય હોય. ત્યારેજ સાધુએ જાતે લેવું. બીજું, અનભ્યાહૃત એટલે, હાથપરાવર્તનવગરનું એટલે કે આપ્યા વગરનું જાતે લેવું, એ સામાન્યથી ગૃહસ્થ કહેતો હોવા છતાં વર્જ્ય છે. માટે અનભ્યાહૃત એટલે આપ્યાવગરનું લેવું નહિ. માટે અભ્યાહૃતમાં આચીર્ણ અને અનાચીર્ણ એમ બે ભેદ પાડ્યા. इति श्री जयघोषसूरयः]

## • ગૃહની અપેક્ષાએ આચીર્ણઅભ્યાહૃત •

હવે, ઘરવિષયક અભ્યાહૃતની વાત કરે છે.

'घरे उ तिन्नि' = 'गृहाणि तु त्रीणि' = એકજ પંક્તિમાં રહેલા ભવનો કે ઘરોમાંથી ત્રણની સંખ્યા. એટલે કે, 'ત્રણ ઘર સુધી' એ ગૃહવિષયક ઉત્કૃષ્ટ અભ્યાહૃત-આચીર્ણ છે. તેમાં પણ ગોચરીની ગવેષણા વખતે સાધુનો પૂરો ઉપયોગ હોય. અર્થાત્ સાધુને બધું પ્રત્યક્ષ દેખાતું હોય ત્યારે ઉત્કૃષ્ટથી ત્રણ ઘરથી લાવેલું અભ્યાહૃત અનુજ્ઞાત છે. એમ જાણવું.

હવે, ત્રણ ઘર સંબંધી અભ્યાહૃતની ભિક્ષાગ્રહણ વિધિ બતાવે છે. 'तहिं एगत्थे भिक्खगाही' = 'तस्मिन् एकोऽत्र भिक्षाग्राही' = તે પંક્તિબદ્ધ રહેલા ઘરોમાં જ્યારે સાધુસંઘાટક ગોચરી જાય છે, ત્યારે ગોચરીની ગવેષણા કરનારા તે સંઘાટક સાધુમાંથી એક ભિક્ષા ગ્રાહી = ભિક્ષાગ્રહણકરનાર સાધુ, આગળ જઈને ધર્મલાભ આપવાપૂર્વક જે ઘરે ભિક્ષા લેવાનું કરે છે, એ સાધુ, એ ઘરમાં ઉપયોગ રાખે છે = ગોચરીમાં દોષ તો નથી ને ? વગેરે ઉપયોગ રાખે છે. 'बीओ दुसु कुणई उवओगं' = 'द्वितीय(श्च) द्वयोः (गृहयोः) करोति उपयोगं', અહીં 'पुनः' = 'વળી' અર્થને સૂચવનાર 'चकार' નો લોપ થયો છે. એટલે 'द्वितीयश्च' = 'વળી બીજો સાધુ' એમ અર્થ જાણવો.

આ ભિક્ષાગ્રાહી સાધુથી બીજો જે સંઘાટક સાધુ છે. એ સાધુ, જે ઘરમાં ગોચરી વહોરવાની ક્રિયા ચાલુ છે, તે સિવાયના આજુબાજુના બીજા બે ઘરોથી લવાતી ગોચરીમાં ઉપયોગ રાખે છે. એટલે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उपयोगं दायकहस्तादिव्यापारविषयमवधानमित्येवमुपयोगपूर्वकं गृहत्रयाशनादिदीयमानमाचीर्णमिति। गृहत्रयात्परतोऽनाचीर्णमिति प्रागेवोक्तं इति गाथार्थः।।४७।।

**अवतरणिका**– उक्तमभ्याहृतद्वारमथोद्भिन्नद्वारमाह।

**मूलगाथा– जउछगणाइविलित्तं, उब्भिंदिय देइ जं तमुब्भिन्नं।**
**समणट्ठमपरिभोगं, कवाडमुग्घाडियं वा वि।।४८।।**

**संस्कृतछाया–** जतुगोमयादिविलिप्तमुद्भिद्य ददाति यत्तदुद्भिन्नं।
श्रमणार्थमपरिभोगं कपाटमुद्घाटितं वाऽपि ।।४८।।

**卐 उद्भिन्नस्य द्विभेदं, तत्राद्य पिहितोद्भिन्नस्य स्वरूपम् 卐**

**व्याख्या**– इहोद्भिन्नं द्विधा-पिहितोद्भिन्नं कपाटोद्भिन्नं च तत्र पिहितोद्भिन्नमाश्रित्याह। 'जउ'त्ति, जत्वग्नितापोत्पन्नं श्लेषद्रव्यं लाक्षाकिट्ट इति लोकप्रतीतं। छगणं गोमयं। ततः छगणमादिर्यस्य द्रव्यस्य तच्छगणादि आदिशब्दाद्भस्मदर्दरकसंज्ञितकुतपादिमुखबन्धकवस्त्रखण्डमृत्तिकालक्षणास्यगतोपलेपनकारिद्रव्यग्रहस्ततो जतुछगणादि चेति विग्रहे तत्तथोक्तं, तेन विलिप्तमुपदिग्धं पिहितं जतुछगणादिविलिप्तं। तथा डमरुकमणिन्यायेन 'समणट्ठमपरिभोगमि'ति, गाथातृतीयपादोऽत्रोत्तरत्र च सम्बन्धनीयः।

---

દાયકના હાથવગેરેના વ્યાપાર પર-હલનચલન પર ઉપયોગ રાખે છે. આ રીતે ઉપયોગપૂર્વક ત્રણ ઘર સંબંધી અપાતા અશનાદિ આચીર્ણ છે. ત્રણ ઘરથી આગળનું અભ્યાહૃત એ અનાચીર્ણ છે. જે વાત પહેલા જ કહેવાઈ ગઈ છે.।।૪૭।।

**અવતરણિકા** :- આમ અભ્યાહૃતદ્વાર પૂર્ણ થયું. હવે 'ઉદ્ભિન્ન' દ્વાર કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **जउ** = લાખ, **छगणाइ** = છાણવગેરેથી, **विलित्तं** = ઢંકાયેલું, **उब्भिंदिय** = ઉખેડીને, **देइ** = આપે, **जं** = જે, **तं** = તે, **उब्भिन्नं** = ઉદ્ભિન્ન, **समणट्ठम्** = સાધુને માટે, **अपरिभोगम्** = દરરોજ નહિ વપરાતા, **कवाडं** = કમાડ, **उग्घाडियं** = ઉઘાડીને, **वा** = અથવા, **अवि** = પણ.।।૪૮।।

**મૂળગાથા-ગાથાર્થ** :- લાખ, છાણ, માટીવગેરેથી છાંદેલ = લિંપેલ ઘી, તેલ, અથાણા વગેરેની બરણીવગેરે ઉઘાડીને ગૃહસ્થ જે ઘી, તેલ આદિ આપેતે ઉદ્ભિન્ન દોષવાળું બને છે. તથા દરરોજ ઉઘાડવાસ = ખોલ બંધ નહિ કરાતા એવા કબાટ વગેરેના કમાડવગેરે ઉઘાડીને તેની અંદરની વસ્તુ સાધુને આપવામાં આવે તો તે પણ ઉદ્ભિન્નદોષવાળી બને છે.।।૪૮।।

**• ઉદ્ભિન્નના બે પ્રકાર, તેમાં પ્રથમ પિહિતઉદ્ભિન્નનું સ્વરૂપ •**

**વ્યાખ્યાર્થ** :- ઉદ્ભિન્નના બે પ્રકારો છે. (૧) 'पिहितोद्भिन्न' (૨) 'कपाटोद्भिन्न'. તેમાંથી પિહિતોદ્ભિન્ન ની વાત કહે છે. 'जउ-छगणाइविलित्तं' = 'जतु-गोमयादिविलिप्तम्' = જતુ એટલે એક જાતનું ચીકણું દ્રવ્ય જે અગ્નિના તાપથી ઓગળી જાય છે, જે 'लाक्षाकिट्ट' = લાક્ષા = લાખ તરીકે લોકોમાં પ્રસિદ્ધ છે. 'छगण' = 'गोमयम्' એટલે કે છાણ. જે દ્રવ્યની આદિમાં લાખ-છાણ વગેરે છે, તેને 'जउछगणादि' કહેવાય છે. અહીં 'आदि' શબ્દથી ભસ્મ, 'दर्दरक' = બરણીવગેરે પર કપડું બાંધી ઉપર દોરો વીંટાળે

ततः परिभुज्यते, प्रतिदिनं बन्धनच्छोटनादिना यद् व्यापार्यते तत्परिभोगं, न तथाऽपरिभोगं प्रतिदिनमव्यापारमित्यर्थो यत् कोष्ठिकादि खण्डतैलादिभृतघटादिकं चोद्भिद्योद्भिद्य श्रमणनिमित्तं ददाति प्रयच्छति साधुभ्यस्तन्मध्यादशनादिकमिति शेषः। तत्कोष्ठिकातैलादिभृतघटादिकमुद्भिद्यत इत्युद्भिन्नं स्यात् ततो घटाद्युद्भिन्नभाजनसम्बन्धात्तन्मध्यस्थितं देयमपि तैलखंडादिकमुद्भिन्नाख्यमुच्यते। यद्वा जतुछगणमृत्तिकादिविलिप्तं कोष्ठिकाघटादिकमव्यापारं साध्वर्थमुद्घाट्य यदशनादि तन्मध्यस्थितं साधुभ्यो गृही ददाति तदशनाद्युद्भिन्नतायोगादुद्भिन्नाख्यमुच्यते इत्यक्षरघटना कार्या।

**卐 द्वितीयकपाटोद्भिन्नस्य स्वरूपम् 卐**

द्वितीयं कपाटोद्भिन्नमाह 'समणट्ठमि'त्यादि श्रमणार्थं साध्वर्थमपरिभोगमपरिवहत् प्रतिदिनमुद्घा-

---

તે, માટી રૂપ વાસણને મોઢું બંધ કરવા કામે લાગતા ઉપલેપકારિ દ્રવ્યો લેવા. આમ, જતુ-છગણાદિથી લેપાયેલું - ઢાંકેલુ, તે 'जउछगणाइविलित्तं' કહેવાય છે.

'डमरुक-मणि' ન્યાયથી મૂળગાથાનો જે ત્રીજો પાદ 'समणट्ठमपरिभोगम्' છે. તે અહીં પિહિતોદ્ભિન્ન અને આગળ આવનાર 'कपाटोद्भिन्न' બન્નેમાં લગાડવો અર્થાત્ એ ત્રીજા પાદનો અન્વય બન્ને પ્રકારના ઉદ્ભિન્નમાં કરવો.

'डमरुक' = ડમરું નામનું એક નાનું ચામડાનું વાદ્ય = વાજિંત્ર આવે છે. એના મધ્યમાં વિરુદ્ધ દિશામાં લટકતા દોરા સાથે મણિ બાંધવામાં આવે છે. જ્યારે એને વગાડવામાં આવે ત્યારે એ મણિ બન્ને બાજુ ચામડાને વાગી ધ્વનિ ઉત્પન્ન કરે છે.

જેમ ડમરુકનો મણિ, બન્ને બાજુ પોતાનું કાર્ય કરનારો છે. એજ રીતે જ્યારે એકની એક વાત બે બાજુ લગાડવાની હોય ત્યારે એ 'डमरुकमणिन्याय' કહેવાય છે.

'समणट्ठमपरिभोगं उब्भिंदिय देइ जं, तमुब्भिन्नं' = 'श्रमणार्थमपरिभोगम् उद्भिद्य यत् ददाति, तद् उद्भिन्नं' = રોજે રોજે બાંધવું અને છોડવુંવગેરેરૂપ વ્યાપાર જેમાં કરાય છે તેને પરિભોગ કહેવાય છે. આવું જેમાં ન હોય અર્થાત્ વારંવાર બાંધ-છોડવગેરે ન થતું હોય પરન્તુ સાચવીરાખેલ વસ્તુ કોઈ ખાસ કારણસર વાપરવા કઢાય તેને અપરિભોગ કહેવાય છે. સાધુમાટે અપરિભોગવાળા ખાંડ-તેલવગેરેથી ભરેલા ઘડાવગેરે અથવા કોઠીને ખોલીને તેની અંદર રહેલ જે અશનાદિ સાધુને આપે, તેને ઉદ્ભિન્ન કહેવાય છે કારણ કે આમાં તેલાદિથી ભરેલા ઘડાવગેરેને ખોલીને આપવામાં આવ્યું છે તેથી, ઘડોવગેરે ખોલેલ ભાજનના સંબંધથી તે ઘડાવગેરેમાં રહેલ દેયવસ્તુ તેલ-ખાંડ વગેરેને પણ ઉદ્ભિન્ન કહેવાય છે. અથવા તો, જતુ-છાણ-માટીવગેરેથી લેપાયેલ = સીલ કરેલ અવ્યાપાર = અપરિભોગવાળા કોઠી-ઘડા વગેરેને સાધુમાટે ખોલીને તેમાં રહેલ જે અશનાદિ, સાધુને ગૃહસ્થ આપે છે. તેમાં ઉદ્ભિન્નતા-ખોલવાપણાનો યોગ અશનાદિને પણ થવાથી તે અશનાદિને ઉદ્ભિન્ન કહેવાય છે.

**• બીજા કપાટઉદ્ભિન્નનું સ્વરૂપ •**

હવે બીજા 'कपाटोद्भिन्न' ની વાત કરે છે –

'कवाडमुग्घाडियं वा वि' = 'कपाटमुद्घाटितम् वाऽपि' = જેનો પરિભોગ ન થતો હોય એવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

टयन्(टन)स्थगनादिना कपाटं लोकप्रतीतं। इह कपाटस्योपलक्षणत्वाच्छेषस्यापि प्रभूतप्राण्युपमर्द्दकारिणो द्वारपिधायकवस्तुनः कपाटार्गलादर्द्दरकादिग्रहस्य ग्रहो द्रष्टव्यः। उद्घाट्य पश्चान्मुखं प्रेर्य सञ्चाल्येत्यर्थः। वापीति विकल्पे। यदशनादि ददाति तत्कपाटादीनां प्रेरणकस्वभावोद्भिन्नतायोगात् कपाटोद्भिन्नमुच्यते। तदिदं द्विविधमपि यतीनामकल्प्यं षट्कायोपमर्द्देन संयमविराधनादिदोषदुष्टत्वात्।

**卐 पिहितोद्भिन्ने दोषाः 卐**

इह हि कोष्ठिकादौ पिहितोद्भिन्ने तावत् पिधानं सचेतनाचेतनभेदात् द्विधा स्यात् तत्राविध्वस्तमृत्तिकादिकं सचेतनं। तत्र सचेतनेन पिहितस्योद्भेदकाले पृथ्वीकायादयो विराध्यन्ते। तथाहि-वस्त्र(खण्ड)मयदर्द्दरकोपरि पाषाणखण्डमिष्टकाखण्डं वा दत्त्वा तैलादिभृतघटादिकं कोष्ठिकादि वा गृहस्थेन तन्मध्यवर्त्तितैलादिरक्षणार्थं साधुदानकालापेक्षयाऽग्रतोऽपि कदाचित् सचित्तजलार्द्रीकृत-

---

બારણાવગેરે સાધનોને સાધુમાટે ઉઘાડી જે અશનાદિ આપે તે બારણાવગેરેના ખોલવાના કારણે ઉઘાડું થતું હોવાથી તે કપાટોદ્ભિન્ન કહેવાય છે. કપાટ કોને કહેવાય ? એ તો રોજ બંધ-ખોલ કરવામાં આવતી વસ્તુ વિશેષ છે જે લોકમાં પ્રસિદ્ધ જ છે. કપાટ એટલે દરવાજો. અહીં કપાટના ઉપલક્ષણથી, ઘણા જીવોનો સંહારકરનારા, દરવાજા ને ઢાંકવામાં કામ લાગતા વસ્તુઓનું પણ ગ્રહણ કરવું. જેમકે, આગળો, દર્દરક વગેરે. દર્દરકનો મુખ્ય ઉલ્લેખ 'जउछगणाइ' માં થયેલો જાણવો. અહીં ફરી જે દર્દરક શબ્દ આવ્યો એનાથી કપાટ વગેરેને મજબૂતાઈથી બંધકરવામાટે સ્ટોપર, સાંકળ, તાળું વગેરે લગાવે તે લેવું યોગ્ય જણાય છે. અહીં ઉદ્ઘાટ્ય = ઉઘાડીને એનો અર્થ બારણાવગેરેને પાછલી બાજુએ ખસેડવા-ઠેલવા એવો અર્થ જાણવો. ઉપલક્ષણથી આપણી = પોતાની સન્મુખ ખસેડવા વગેરે જાણવા. 'वाऽपि'શબ્દ વિકલ્પને સૂચવનારો છે.

આ બન્ને 'जउछगणाइविलित्तं उब्भिंदिय અને कवाडमुग्घाडियं' પ્રકારના દોષોવાળું અશનાદિ સાધુઓને અકલ્પ્ય છે. કારણ કે એ ષટ્કાયના નાશરૂપ સંયમવિરાધનાદિ દોષોથી દુષ્ટ છે.

**• પિહિત-ઉદ્ભિન્નના દોષો •**

ષટ્કાયની વિરાધના શી રીતે સંભવે ? તે જણાવે છે. (**कोष्ठिक** = જેના પર કપડું, દોરી બાંધીને લેપ કરી શકાય એવા કોઠી, બરણીવગેરે સાધનવિશેષ)

માટીના લેપવગેરેથી પિહિત = ઢાંકેલ, કોઠી-બરણીવગેરેને ઉઘાડવામાં એ પિહિત, સચેતન અને અચેતન એમ બે પ્રકારે હોય છે. તેમાં, જો ઢાંકવા માટે ઉપયોગમાં લેવાયેલ માટીનો લેપ સચિત્ત હોય, તો એને ઉઘાડવામાં પૃથ્વીકાયાદિની વિરાધના થાય. તે આ રીતે કે, તેલાદિથી ભરેલ કોઠી, બરણીવગેરેમાં રહેલ તેલાદિની રક્ષામાટે ગૃહસ્થે વસ્ત્રનો ટૂકડો અને દોરો બાંધીને એની ઉપર પાષાણનો કે ઈંટનો ટૂકડો મૂક્યો હોય. હવે જો, સાધુને દાન આપવાના થોડાં સમય પૂર્વે પણ (આ વાત માત્ર અપ્કાય પુરતી જાણવી) ક્યારેક સચિત્તપાણીથી ભીની કરેલ માટીનો લેપ કરેલો હોય છે. તેમાં પૃથ્વી વગેરે ચારકાયના જીવો હોઈ શકે છે. જેમકે, સચિત્ત એવો તે પૃથ્વીનો (માટીનો) લેપ તો લાંબા સમય સુધી પણ સચિત્તપણે હોઈ શકે છે. પરન્તુ પૃથ્વીના લેપમાં મિશ્રણ કરેલું પાણીનું સચિત્તપણું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सचित्तमृत्तिकयाऽवलिप्तं स्यात्। तत्र च पृथिव्यादयः कायाश्चत्वारः स्युस्तथाहि सचित्तपृथिवीलेपः सचित्तश्चिरमपि तत्र प्राप्यते। तल्लेपमिश्रणजलं च सचित्तं तत्कालमेव लिप्ते तस्मिन्नवाप्यते, शुष्कप्राये तस्मिन्नुदकमपि न स्यात् किं पुनः सचित्ततेति तत्कालमेवेत्युक्तं। तथा पृथिव्यादिमध्ये वनस्पतिर्मुद्गादिः स्यात्। त्रसस्तु कीटिकादिरन्यत आगत्य चटतीति । ते चत्वारोऽपि साध्वर्थं पुनस्तत्क्षण एव तस्मिन्नुद्भिद्यमाने विराध्यन्ते इति संयमविराधना। तथा कदाचिद्भस्मादिमिश्रछगणादिना वा लिप्तं शुष्कं च स्यात्। तथा साधुदानकालात् पूर्वमपि केनाप्यपरिभोगस्य खण्डादिभृतघटादिकस्य स्थगनिकां दत्त्वा जतुना सन्धिपूरणं विहितं स्यात् वस्त्रखण्डमयदर्द्दरकोपरि बन्धनरूपदवरकग्रन्थिपर्यन्ते मनुजेन निजसाभिज्ञानेनाङ्कितो जतुस्तबको वा विहितः स्यादत्र पक्षे

---

તો ઉપર કહ્યા પ્રમાણે સાધુને વહોરાવવાના સમય પૂર્વે કરેલું હોય અને સુકાયું ન હોય ત્યારે હોય છે. કારણ કે લગભગ લાંબા ગાળે તો લગભગ માટી સૂકાઈ જાય એટલે તેમાં પાણી પણ નથી રહેતું તો પછી એમાં પાણીની સચિત્તપણાની વાતજ ક્યાંથી આવે ? આ કારણસર જ 'સાધુ વહોરવા આવે તેના થોડા સમય પૂર્વેજ કરેલા લેપમાં' એવું વિધાન કરવામાં આવેલું છે તે જાણવું.

[પ્રસ્તુતમાં એક વાત ખ્યાલમાં રાખવી કે - ખરેખર તો પાણી અને માટી પરસ્પર શસ્ત્ર બનવાથી બન્ને કદાચ અચિત્ત થાય.. પણ અમુક કાળે પાછા સચિત્ત થાય છે.. અથવા પાણી સૂકાય પણ જાય તોય પાછી માટી સચિત્ત થઈ શકે. જેમ ઉકાળેલું વગેરે અચિત્તપાણી ૩ કે ૪ કે ૫ પહોરે પાછું સચિત્ત થઈ જાય છે તેમ. इति पूज्य जयघोषसूरयः]

આ રીતે સચિત્તપૃથ્વી અને અપ્કાયની સંભાવના જણાવી.

હવે, તે માટીના લેપ સ્વરૂપ પૃથ્વીમાં મગવગેરે વનસ્પતિ હોઈ શકે છે. (અથવા 'जत्थजलं तत्थवणं' = 'જ્યાં જ્યાં પાણી ત્યાં ત્યાં વનસ્પતિ' એવા શાસ્ત્રવચનથી પાણીની સાથે વનસ્પતિની વિરાધના આવી જાય.) તેમજ કીડીવગેરે નાના જીવ-જંતુઓ તેમાં આવી ચઢે અને ચોંટી જાય. આ રીતે, સાધુ આવે તે પૂર્વે જ કરેલ લેપમાં, સાધુમાટે એ લેપ ઉખેડતા ચારે પ્રકારના જીવોની વિરાધના થાય, અથવા, લેપ કર્યાબાદ ઘણાં વખતે સાધુમાટે લેપ ઉખેડતા પાણી સિવાય ત્રણ પ્રકારના જીવોની વિરાધના થાય અથવા દાન આપ્યા પછી ફરી માટીનો લેપ કરે તો પૂર્વે કહ્યા પ્રમાણે ચારકાયવગેરે યથાસંભવ જીવોની વિરાધના જાણવી.

આ રીતે સંયમવિરાધના થઈ શકે છે એમ જાણવું.

જોકે, કોક વાર ભસ્મવગેરેથી મિશ્રણ કરેલ છાણવગેરેનો લેપ સુક્કો પણ હોય, એવું બને. ત્યારે પ્રાયઃ પૃથ્વી-અપ્ કે વનસ્પતિની વિરાધનાની સંભાવના નથી હોતી પણ ત્રસકાયની વિરાધનાનો સંભવ હોય છે. તેમજ દાન આપ્યા બાદ ફરી લેપ કરતા કદાચ ભીની માટી વગેરેનો લેપ કરે. અથવા ફરીવાર ભસ્મ-છાણ લેપ કરે ત્યારે છાણવગેરે લેવા જતાં એમાં પૃથ્વીઆદિની વિરાધના સંભવિત છે. જે આગળ ટીકાકાર કહેવાના જ છે.

ટીકાકારે 'जउछगणाई' = જતુ-છાણવગેરેના લેપમાં, આદિપદથી દર્દરકવગેરે પણ લીધું છે. પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

घटाद्यभ्यन्तरवर्त्तिद्रव्यरक्षणादिसाम्यादिदमपि जतूपलेपनमुच्यते। ततस्तथोपलिप्तं घटादिकमुद्भिद्य तन्मध्यात् खण्डादिकं साधवे दत्त्वा शेषस्य तस्य रक्षणार्थं भूयोऽपि तस्मिन्नुपलेपनतः स्थग्यमाने तत्र पृथिवीलेपतीमनजलमुद्गादिबीजकीटिकादित्रसरूपकायानामुपमर्द्दः सम्भाव्यते। तथाऽग्निना सेकयित्वा भूयोऽपि च जतुना सन्धिपूरणादौ क्रियमाणेऽग्निविराधना वायोस्त्वग्निप्रज्वालनार्थं फुत्करणेन। यद्वा यत्राग्निस्तत्र वायुरित्येवं षट्कायविराधनातः संयमविराधना। तत्स्थगनाय जतुमृत्तिकादिकं गवेषयन् दाता वृश्चिकादिना दश्यते। ततो भक्तादिलुब्धा एते दातुरनर्थं न गणयन्तीत्यादिप्रवचनमालिन्योत्पादकवचनभाषणेन रोषवशतो यतिहननादिना च प्रवचनात्मविराधने अपि स्यातामिति। तथा साध्वर्थमुद्घाटितद्वारे तस्मिन्, घटादिमध्यवर्त्तितैलखण्डादिकं पुत्रादिभ्यो दद्याच्छेषयाचकादिभ्यो वा। तथा स्वद्रव्यं मूल्येन गृहीत्वा तन्मध्ये क्षिपेत्तन्मध्यान्मूल्येनान्येभ्यो वा दद्यात् तन्मध्यवर्त्तितैलादिनाऽन्यद्वा

એમાં તો લેપ જેવું કાંઈ આવતું નથી. તો પછી લેપવાળી ચીજો = જતુ-છાણવગેરેમાં એનો સમાવેશ શી રીતે સંભવે ? એનું સમાધાન આપતા ટીકાકાર જણાવે છે.

સાધુને દાન આપતા પૂર્વે કોકે સાકરવગેરેથી ભરેલ અપરિભોગવાળા ઘડાવગેરે પર ઢાંકણું લગાડીને એની સંધિને = ઘડાવગેરે અને ઢાંકણા વગેરેના જોડાણ સ્થાનને જતુથી પૂરી દે. અથવા તો તે ઘડાવગેરે પર કપડું લગાડી દોરાથી બાંધીને કોક વ્યક્તિને એ દોરાની ગાંઠ પર જતુ = લાખ લગાડીને પોતાના નામની મહોરછાપ લગાડી દે. આ બીજાપક્ષમાં = નામની મહોરછાપમાં ઘડાવગેરેની અંદરરહેલ દ્રવ્યની રક્ષાકરવીવગેરે ઉદ્દેશોની સામ્યતા હોવાથી આને પણ **'जतूपलेप'** = જતુલેપ જ કહેવાય છે. એટલે કે **'जउछगणाइविलित्तं'** નામક પ્રથમ **'ઉદ્ભિન્न'** ના પ્રકારમાં આવે એમ જાણવું.

આ રીતે લેપવાળા ઘટાદિને ઉઘાડીને તેમાંથી ખાંડવગેરે સાધુને આપે અને બાકીનાનું રક્ષણ માટે એની ઉપર ફરીવાર પણ લેપ આદિથી ઢાંકે તો તેમાં પૃથ્વીનો લેપ = પૃથ્વીકાય, લેપને પલાડવા ઉપયોગમાં લેવાતું પાણી = અપ્કાય, મગવગેરે બીજ = વનસ્પતિકાય અને કીડીવગેરે ત્રસજંતુ = ત્રસકાય. આ ચારેય પ્રકારના જીવોના નાશનો સંભવ છે. તેમજ ફરીથી જતુ લગાડવાપૂર્વક ઢાંકણાને બેસાડતા સાંધા પૂરવામાં આગદ્વારા જતુને તપાવતા અગ્નિની વિરાધના થાય અને એ અગ્નિને ફૂંકવામાં = ફૂંકીને પ્રગટકરવામાં વાઉકાયની વિરાધના થાય છે. અથવા તો **'यत्राग्निस्तत्र वायुः'** જ્યાં આગ હોય છે. ત્યાં વાયુ હોય છે, એ ન્યાયથી અગ્નિની સાથે વાઉકાયની પણ વિરાધના થાય છે. આમ ષટ્કાયની વિરાધનાથી સંયમવિરાધના સંભવે છે.

સાધુને દાન આપ્યાબાદ ફરી એને ઢાંકવામાટે દાતાને જતુ અને માટીની ગવેષણા કરવા જતાં વીંછી આદિ વડે ડંખ લાગે. ત્યારે 'આહારાદિમાં લુબ્ધ આ સાધુઓ દાતાના સંભવિત અનર્થને પણ ગણતા નથી', એવા શાસનમાલિન્યને ઉત્પન્નકરનાર વચનો બોલવા દ્વારા, અને રોષથી સાધુને મારવાવગેરેદ્વારા પ્રવચન અને આત્મવિરાધના પણ સંભવી શકે છે.

તથા, સાધુમાટે તે ઘડાવગેરે ઉઘાડે ત્યારે, ઘડાદિની અંદર રહેલ તેલ-ખાંડવગેરેને પુત્રાદિને કે યતિ સિવાય શેષ યાચકોને આપે ત્યારે સૂક્ષ્મપ્રાભૃતિકાનો દોષ લાગે, અથવા તો તે જ દ્રવ્ય પૈસાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क्रीणीयादेवं च गृहस्थव्यापारजनितः कर्म्मबन्धः साधोः स्यात्। तथोद्घाटितघटादौ कदाचित् कीटिकामूषिकादेर्जीवस्यान्यत आगत्य तन्मध्ये प्रविष्टस्य मरणे तद्वधजनितं पापं चेति।

卐 कपाटोद्भिन्ने दोषाः 卐

एवं कपाटोद्भिन्नमाश्रित्य कपाटेऽपि पूर्व्वदत्ते साध्वर्थमुद्घाट्यमाने गृहमध्यात् साधवे देयम् दत्त्वा भूयोऽपि तस्मिन् दीयमाने वा भूमिकाया अध उपरि भागे वा गिरोलिकाकीटिकामूषिकादिर्जन्तुः प्रविष्टस्तया चलन्त्या विराध्यते इति जीववधः स्यात् सा संयमविराधना। तथा साध्वर्थमुद्घाटिते तस्मिन् गृहमध्यवर्त्तिभ्यः पुत्रादिभ्यो दानादिना क्रयविक्रयादिना च यतेरधिकरणमिति। यदा तु यन्त्ररूपाणि कपाटानि पायूद्घाट्यमानानि भित्तिपिट्टणिकादीनां मध्ये प्रविशन्ति। तानि तु प्रायो दर्द्दरकोपरि पिट्टणिकाया एकदेशवर्त्तिनि मालप्रवेशरुपद्वारे स्युस्तेषु चाव्यापारेषूद्घाट्यमानेषु भित्त्या-

બીજું ખરીદીને એમાં નાખે, અથવા એ માલને પૈસાથી બીજાને આપે = વેંચે, કાંતો તે તેલાદિના માલદ્વારા બીજું પણ કાંઈક ખરીદે. આવા પ્રકારના ગૃહસ્થના વ્યાપારથી ઉત્પન્ન થયેલ કર્મબન્ધ સાધુને લાગે છે. કારણ કે એ બધું સાધુથી શરૂ થયું માટે.

આ રીતે ઉઘાડેલા ઘડાવગેરેમાં ક્યારેક જીવજંતુ કે ઉંદરવગેરે બીજેથી આવીને એમાં પડી જાય અને મરે, તો એ મરણનું પાપ પણ સાધુને લાગે.

આમ, 'जउछगणाइलित्तं उब्भिंदिय' સંબંધી વિરાધનાની વાત કરી.

**• કપાટ-ઉદ્ભિન્નમાં દોષો •**

હવે 'कवाडउग्घाडियं' સંબંધી વિરાધનાની વાત કરે છે.

પૂર્વે બંધકરેલ કપાટાદિને ખોલીને એની અંદરથી સાધુને દેય = આપવા યોગ્ય વસ્તુ આપીને ફરીવાર બંધ કરવા જાય એટલીવારમાં બારણાની ઉપર કે નીચે કે આજુબાજુમાં ગિરોળી, કીડી, ઉંદરઆદિ, આદિ શબ્દથી વાંદાઆદિ ત્રસજીવ બારણાના સંધિસ્થાનોમાં પ્રવેશી જાય = મિજાગરા વગેરેમાં ગોઠવાઈ જાય વગેરે લેવું. એમાં બારણું બંધ થતાં તે જીવો મરી જાય. આ સંયમવિરાધના થઈ. અથવા તો સાધુમાટે એ કપાટવગેરે ઉઘાડે ત્યારે ઘરના પુત્રાદિ સભ્યોને આપવા યોગ્ય વસ્તુ આપે. કાંતો વેચવું-નવું લેવું વગેરે થાય તો સાધુમાટે એ એક અધિકરણ રૂપ બની જાય છે. 'अधिकरण' એટલે 'પાપસ્થાન'. સાધુમાટે ઉઘાડે ત્યારે ઘરના સભ્યોને આપે એમાં પ્રાભૃતિકાદોષ લાગી શકે. અથવા કપાટાદિમાં રહેલ લાડુવગેરે ને બમણા-ત્રણ ગણા ભાવે દીકરો વેચે, અને બાપને એવી કમાણી ગમી ગઈ, એટલે નિત્ય લાડુ બનાવી વેચવાનું ચાલુ કરી દે. આ બધા પાપસ્થાન થયા કહેવાય.

આ તો કપાટાદિ (હાથથી ઉઘાડવાના સાધનો)ની વાત થઈ. પરન્તુ જ્યારે પગથી ઉઘાડાતા યન્ત્ર સ્વરૂપ કપાટો હોય, તે કપાટ તો ભીંતની પિટ્ટણિકામાં પોલાણવાળા ભાગમાં પ્રવેશી જતું હોય છે. જેમ આજના જમાનામાં દુકાનાદિમાં શટર - Shutter હોય છે, તેમ પૂર્વે પણ યાંત્રિક શટર હતા. જેમાં એક Button-Switch = યંત્રને કામે લગાડવા દબાવાની એક વસ્તુ હોય, એને પગથી દબાવે એટલે આખું બારણું ઉઘડીને પિટ્ટણિકામાં જતું રહે. જેમ Shutter આખું ઉપરના ભાગમાં ગોળાકારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दिमध्येऽप्रत्युपेक्षिताप्रमार्ज्जिते क्षेत्रे घर्षणेन कुन्थुपिपीलिकाद्यधिकतरजीवघातसम्भव इत्येवमुद्भिन्नं वर्ज्जनीयमेवेति ।

**卐 सर्वत्रपिहिताद्युद्भिन्नभावाद्भिक्षाप्राप्तिरेव न स्यात्तत्र किं कर्तव्यम् ? 卐**

यद्येवं तर्हि यतीनां भिक्षासम्प्राप्तिरेव न स्यात् सर्वत्र प्रायेण कपाटपिहितोद्भिन्नत्वादेर्भावात् । उच्यते, अविद्यमानोल्लालकछिद्रे क्रेंकारशब्दरहिते वा प्रतिदिनं प्रतिवहति च कपाटे उद्घाटिते गृहमध्यवर्त्तिभक्तादेर्ग्रहणमनुज्ञातं एवं ह्युल्लालकप्रघर्षणे ऊर्ध्वादिभागघर्षणजश्च गिरोलिकाकुंथ्वादिवधः

---

વીંટળાઈ જાય છે. પ્રાયઃ કરીને આ યાંત્રિક દ્વારો દાદરાની ઉપર, પિટ્ટણિકાના એક ભાગ પર, ઉપરના માળ પર પ્રવેશ કરવા રૂપ દ્વારમાં હોય છે.

આવા અવ્યાપારવાળા યાંત્રિક બારણાને ખોલવામાં અપ્રત્યુપેક્ષિત અને અપ્રમાર્જિત એવા ભીંતના મધ્યભાગોમાં ઘર્ષણ થવાથી કુંથુઆ, કીડી વગેરે ઘણાં જીવોના ઘાતનો સંભવ હોવાથી આવું 'उद्भिन्न' = ઉઘાડવાનું વર્જવું જોઈએ.

**યાંત્રિક દ્વારના સ્થાન વિશે ચિત્રમય દર્શન.**




ટીકામાં 'पायूद्घाट्यमानानि' શબ્દ છે. એમાં 'पायु' = ગુદા થાય. એટલે પાછળના ભાગનો ધક્કો મારીને દરવાજા ખોલાય તે લેવાના છે. એવા ઘણા ઠેકાણે દરવાજા જોવામાં આવે છે જે પીઠના ભાગથી ધકેલવાથી ભીંતની અંદર જતા રહે છે. તેવા શટરના પ્રકારના દરવાજા લેવાના.

**• બધે જ પિહિતાદિ-ઉદ્‌ભિન્ન તો રહેવાનું જ. એ વિના ભિક્ષાની પ્રાપ્તિ જ નહિ થાય. તો શું કરવું ? •**

**પ્રશ્ન** :- જો આમ ઉપરોક્ત પ્રમાણેનું બધું વર્જવાનું કહેતા હો તો પછી સાધુઓને ભિક્ષા મળશે શી રીતે ? કારણ કે બધેજ પ્રાયઃ કરીને માલ-સામાન તો કપાટાદિમાંજ રાખવામાં આવે છે ને ? એને ખોલ્યાવિના દાન શી રીતે સંભવે ?

**ઉત્તર** :- જે ઉલ્લાલકછિદ્ર વિનાનું હોય. જૂના જમાનામાં બારણાની ઉપર નીચે ખીલા હોય. આ બે ખીલાને જ્યાં બેસાડવાના હોય ત્યાં બે છિદ્રો હોય. આ બે ખીલાને 'ઉલ્લાલક' કહેવાય અને જ્યાં એ બેસાડવામાં આવે તેને ઉલ્લાલકછિદ્ર કહેવાય છે. આવા ઉલ્લાલકછિદ્રો વિનાનું હોય, અથવા તો જેમાં ક્રેંકારશબ્દ = ઘર્ષણથી થતો કર્કશ અવાજ થતો ન હોય, અથવા તો જે રોજે રોજ ખોલ-બંધ થતા હોય એવા કપાટાદિ ઉઘાડીને એમાંથી અપાતા અશનાદિનું ગ્રહણ કરવું એ અનુજ્ઞાત છે..

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परिहृतो भवति। तथा पिहितोद्भिन्नमाश्रित्य जतुसन्धिपूरणवर्जिते दवरकग्रन्थिप्रान्ते जतुस्तबकरहिते वा श्लथदवरकमयपाशनिबद्धे घटादावुद्घाटिते घटादिमुखबन्धनवस्त्रादिखण्डं वा यत्र प्रतिदिनं बध्यते छोट्यते वा तस्मिंश्चापनीते साध्वर्थं तन्मध्यवर्त्तिनोऽशनादेर्ग्रहणमनुज्ञातमेतेन कायषट्कवधे यतना कृता स्यादिति गाथार्थः।।४८।।

**अवतरणिका**– उक्तमुद्भिन्नद्वारं, अथ मालापहृतद्वारं व्याख्यातुमाह।

**मूलगाथा– उड्ढमहोभयतिरिएसु, मालभूमिहरकुंभीधरणिठियं।**
**करदुग्गेज्झं दलयइ जं, तं मालोहडं चउहा।।४९।।**

**संस्कृतछाया– उर्ध्वाऽधोभय-तिर्यक्षु मालभूमिगृहकुम्भीधरणिस्थितम्।**
**करदुर्ग्राह्यम् ददाति यत्तन्मालापहृतम् चतुर्द्धा।।४९।।**

**卐 मालापहृतद्वारं तद्गतोर्ध्वादिभेदस्वरूपं च 卐**

**व्याख्या**– ऊर्ध्वं चाधश्चोभयं च तिर्यक्च तानि तथा तेषूर्ध्वाधोभयतिर्यक्षु ऊर्ध्वादिभेदस्वरूपे-

કારણ કે એમાં ઉલ્લાલકના ઘર્ષણમાં ઉપરવગેરે ભાગોમાં થતા ઘર્ષણના લીધે ગિરોળી-કુંથુઆવગેરે નાના-મોટા જીવોના વધનો પરિહાર થાય છે.

તથા, 'पिहितोद्भिन्न' લેપાદિ ઉખેડવા બાબતમાં પણ જતુથી જેના સન્ધિસ્થાનો પૂરાયા ન હોય એવા, અથવા તો દર્દરક (કપડું) ની ઉપર બાંધેલ દોરીના છેડે બાંધેલી ગાંઠ પર જતુની મહોરછાપ ન હોય એવા ઢીલી દોરી બાંધવામાં લાવેલ ઘડા વગેરેને ઉઘાડીને આપે અથવા ઘડાદિની ઉપર બાંધેલ કપડું રોજ ખોલાતું હોય અને બંધાતું હોય. તેવું કપડું સાધુમાટે ખોલે, તેમાંથી અપાતા અશનાદિના દાનનું ગ્રહણ અનુજ્ઞાત છે. કારણ કે આમ કરવામાં ષટ્કાયના વધની યતના થાય છે (ષટ્કાયનો વધ થતો નથી.)।।૪૮।।

**અવતરણિકા** :- આ પ્રમાણે ઉદ્ભિન્નદ્વાર કહ્યું. હવે 'मालापहृत' દ્વાર કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **उड्ढं** = ઊંચે, **अहो** = નીચે, **उभय** = ઉપર-નીચે, **तिरिएसु** = તિર્છુ, **माल** = મેડો, **भूमिहर** = ભોંયરું, **कुम्भी** = મોટીકોઠી, **धरणिठियं** = જમીનઉપર રહેલું, **करदुग्गेज्झं** = હાથથી દુઃખે કરીને ગ્રહણ કરી શકાય તેવું, **दलयइ** = આપે, **जं** = જે, **तं** = તે, **मालोहडं** = માલાપહૃત, **चउहा** = ચાર પ્રકારનું.।।૪૯।।

**મૂળગાથા-ગાથાર્થ** :- માલાપહૃત ઊંચે, નીચે, ઉભય અને તિર્છુ એ ચાર પ્રકારનું છે. (૧) સાધુને આપવામાટે શીંકુ, છાજલી તથા માળવગેરે ઉપરથી લાવેલું ઉર્ધ્વમાલાપહૃત. (૨) ભોંયરા વગેરે નીચેના સ્થાનમાંથી લાવેલું અધોમાલાપહૃત. (૩) કોઠી, કોઠાર વગેરેમાંથી લાવેલું તેમાંથી લેતા પ્રથમ ઊંચા અને પછી નીચા થવાનું હોવાથી ઉભયમાલાપહૃત. (૪) જમીન ઉપર બેઠાં બેઠાં ગોખલા વગેરેમાંથી કષ્ટપૂર્વક હાથ લાંબોકરીને લીધેલું તિર્યક્માલાપહૃત દોષવાળું બને છે.

**● માલાપહૃતદ્વાર અને તેના ઉર્ધ્વવગેરે ભેદોનું સ્વરૂપ ●**

**વ્યાખ્યાર્થ** :- 'उड्ढमहोभय-तिरिएसु' = 'उर्ध्वाधोभय-तिर्यक्षु' = ઉપર, નીચે, ઉભય = ઉપર અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ष्वित्यर्थः। केषु पुनस्तेष्वित्याह 'माले'त्ति मालं सीक्ककप्रासादोपरितलादिकमभिप्रेतं। भूमिगृहं गृहाधोभागवर्ति शुषिरभूप्रदेशरूपं। 'कुम्भी' उष्ट्रिका बृहत्कलशादेरुपलक्षणमेतत्। भूमिस्थितपृथुलभित्त्याद्याश्रितदीर्घगवाक्षादिकं वस्तु धरणिशब्देनाभिप्रेतं ततो मालं च भूमिगृहं च कुम्भी च धरणि च तानि तथोक्तानि सप्तमीबहुवचनस्य लुप्तत्वात्तेषु स्थितमित्याश्रितं। अत एव मालादिस्थितं सत्, करो हस्तः तस्य दुर्ग्राह्यं दुष्प्रापं करदुर्ग्राह्यं, कष्टेन हस्तप्राप्यमित्यर्थो ददाति दात्री यद्देयमशनादि तदशनादि मालादूर्ध्वादिभेदस्वरूपादपहृतं साध्वर्थमानीतं मालापहृतमुच्यते इति शेषः। एतच्च व्याख्यातमुपाधिभेदाच्चतुर्द्धा चतुष्प्रकारं यथोर्ध्वमालापहृतमधोमालापहृतमुभयमालापहृतं तिर्यङ्मालापहृतमिति। ननु मालान्मञ्चादेर्यदपहृतं तदेव मालापहृतमुच्यते भूमिगृहाद्यानीतं तु यत्तत्कथं तदभिधेयमुक्त-

---

નીચે, આ બન્ને અને તિર્છું. આ ઉર્ધ્વાદિભેદસ્વરૂપોને વિશે, કયા ઉર્ધ્વાદિભેદસ્વરૂપોને વિશે? તે કહે છે કે, **'माल-भूमिहर-कुंभी-धरणिहियं'** = **'माल-भूमिगृह-कुम्भी-भूमिस्थितं'**, **'माल'** શબ્દથી ઉપરના સ્થાનસ્વરૂપ શીંકુ, **'प्रासाद'** = ઘરના ઉપરનો મજલો વગેરે અભિપ્રેત છે. **'भूमिगृह'** શબ્દથી ઘરની નીચેનો પ્રદેશ એટલે કે ભોયરું લેવું. **'कुम्भी'** = **'उष्ट्रिका'** = ઉંટના પાછળના અવયવના આકારવાળું માટીનું એક વાસણવિશેષ, ઉપલક્ષણથી મોટાકળશવગેરે લેવા. **'धरणि'** શબ્દથી ભોંયપર જાડી-પહોળી દીવાલોના આશ્રયે રહેલ મોટા-લાંબા ગવાક્ષ-અટારી-ઝરુખોવગેરે લેવા. આ બધાંનો દ્વન્દ્વસમાસ કરીએ એટલે **'मालं च भूमिगृहं च कुम्भी च धरणि च तेषु स्थितम्'** = **'मालभूमिगृहकुम्भीधरणिस्थितम्'** થાય છે. **'मालभूमिगृहकुम्भीधरणिषु स्थितम्'** ની જગ્યાએ મૂળગાથામાં **'मालभूमिगृहकुम्भीधरणिस्थितम्'** છે. તેથી સપ્તમીબહુવચન લોપાયેલી જાણવી.

**પ્રશ્ન** :- સપ્તમી તત્પુરુષ .....**धरणिषु स्थितम्** વચ્ચે થઈ શકે. જેથી સપ્તમીબહુચન લોપાયેલ છે તેવું કહેવું જરૂરી નથી.

**ઉત્તર** :- **'उड्ढमहोभयतिरिएसु'** ના વિશેષ્ય તરીકે ....**धरणिषु** હોવાથી તે સમાસ ન લઈ શકાય.

ટૂંકમાં, મજલોવગેરે ઉપરને વિશે, ભોયરુંવગેરે નીચેને વિશે, કુંભીવગેરે ઉભયને વિશે અને ગોખલોવગેરે તીર્છાને વિશે રહેલી દેયવસ્તુ, **'मालभूमिगृह'** વગેરેમાં રહેલી દેયવસ્તુ કેવી કહેવાય ? તે કહે છે, **'करदुग्गेज्झं'** = **'कर-दुर्ग्राह्यम्'** કહેવાય છે. એટલે કે હાથથી મુશ્કેલીથી લઈ શકાય એવી હોય છે. તે કહે છે, **'करदुर्ग्राह्यम्'** ને શું કરે ? તે કહે છે, **'दलयइ जं'** = **'ददाति यत्'** = જે અશનાદિ દેય આપે. એટલે કે માલ-ભૂમિગૃહવગેરેમાં રહેલ કરદુર્ગ્રાહ્ય એવું જે દેયઅશનાદિ દાત્રી આપે છે તેને શું કહેવાય છે ?' તે કહે છે, **'तं मालोहडं'** = **'तत् मालापहृतं'** = તેને માલાપહૃત કહેવાય છે. એટલે કે ઉર્ધ્વવગેરે ભેદસ્વરૂપ માળવગેરેથી સાધુમાટે લાવેલું હોવાથી તે અશનાદિને માલાપહૃત કહેવાય છે.

**'चउहा'** = **'चतुर्धा'** = ઉપર કહ્યા પ્રમાણે આ અપહૃત માળવગેરે ચાર સ્થાનેથી થયું હોવાથી એના ૪ ભેદ પડે છે. (૧) **उर्ध्वमालापहृत** (૨) **अधोमालापहृत** (૩) **उभयमालापहृत** (૪) **तिर्यङ्मालापहृत.**

**પ્રશ્ન** :- **'मालात् अपहृतं'** = માળથી લાવેલું. એટલે કે માંચડાવગેરે ઉપર રહેલા સ્થાનવિશેષથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मिति ? उच्यते, व्युत्पत्तिमात्रमेतत्, प्रवृत्तिनिमित्तं त्वस्य शब्दस्य भूमिगृहाद्यानीतमप्यागमे रूढमित्य-दोषः। अयमत्र भावार्थः।

### ॐ ऊर्ध्वमालापहृतस्य जघन्यादित्रिप्रकाराः ॐ

इहोर्ध्वमालापहृतं जघन्योत्कृष्टमध्यमभेदात् त्रिधा स्यात्। तत्रोच्चसीक्ककादेर्ग्रहीतुमशक्तेनोत्पाटिताभ्यां पार्ष्णिभ्यां पादाधोभागरूपाग्रेतनफणाभ्यां च भून्यस्ताभ्यां दात्र्या दृष्ट्या दृष्टं गृहीतं यद्-भक्तादि तत्पार्ष्णिउत्पाटनमात्रस्तोकक्रियागृहीतत्वाज्जघन्यं लघु। ऊर्ध्वरूपाच्च मालादुच्चनिबद्धसिक्क-कादेराहृतं साधुदानाय तत्रस्थमशनाद्यानीतमिति कृत्वा जघन्योर्ध्वमालापहृतमिति। यच्च निश्रेण्यादि-कमारुह्य प्रासादोपरितलाद् दात्र्या गृहीतं तन्निश्रेण्यारोहणादिगुरुक्रियागृहीतत्वादुत्कृष्टं महदूर्ध्वमाला-पहृतमिति। अनयोर्मध्यवर्ति मध्यमं ज्ञेयं। तच्च साध्वर्थमुच्चतरसीक्ककादेर्लड्डुकादेर्ग्रहणाय मुडकाख्य-मासनं ज्ञेयं गोमयमयाद्यासनरूपं पीठं वा, मञ्चोदूखले वा व्रीह्यादिदलकं यन्त्रं वा सीक्ककादेरधो दत्त्वा तदारुह्य च सीक्ककादिस्थितमशनादि यदा ददाति दात्री तदा भवति। इदं च सामान्येन

લવાયેલું હોય, તેનેજ માલાપહૃત કહેવાય છે. તો, ભૂમિગૃહવગેરેથી લાવેલાને કેમ માલાપહૃત કહો છો ?

**ઉત્તર** :- 'मालात् अपहृतं' આ તો માત્ર વ્યુત્પત્તિઅર્થ જ છે. પરન્તુ પ્રવૃત્તિમાં તો આ 'માલ' શબ્દનો અર્થ 'ભૂમિગૃહ વગેરેથી લાવેલું' વગેરે પણ આગમમાં રૂઢ છે = પ્રસિદ્ધ છે. માટે એમાં કાંઈ દોષ નથી.

### • ઉર્ધ્વમાલાપહૃતના જઘન્યવગેરે ત્રણ પ્રકારો •

ભાવાર્થ આ જાણવો કે, અહીં 'उर्ध्व-मालापहृत' ના (૧) જઘન્ય (૨) ઉત્કૃષ્ટ (૩) મધ્યમ, એમ ત્રણ ભેદ જાણવા.

(૧) **જઘન્ય** :- દાત્રી, શીંકુ વગેરે પર રહેલ અશનાદિને ગ્રહણ કરવા સમર્થ ન હોય. માટે બન્ને પગનો આગળનો ભાગ કે જે ફણા આકારે હોય છે = પગના પંજા તરીકે જે ઓળખાય છે. તેને જમીન પર ટેકવીને બન્ને પાનીઓને ઉંચી કરીને, આંખથી બરાબર જોઈને એ શીંકામાંથી જે લે છે, એમાં માત્ર પાની ઊંચી કરવા સ્વરૂપ નાની ક્રિયા કરીને ગ્રહણ કર્યું હોવાથી તેને જઘન્ય - લઘુ ઉર્ધ્વમાલાપહૃત કહેવાય છે. ઉપર રહેલ માલ = ઉંચે બાંધેલ શીકામાંથી સાધુદાનમાટે શીકામાં રહેલ અશનાદિ 'आहृतं' = ઉતારે છે. માટે જઘન્યમાલપહૃત છે.

(૨) **ઉત્કૃષ્ટ** :- નિસરણીવગેરેપર ચઢીને ઘરની ઉપર રહેલ માળ પરથી દાત્રી જે ગ્રહણ કરે. તેમાં નિસરણીવગેરે પર ચઢવાસ્વરૂપ મોટીક્રિયાપૂર્વક ગ્રહણ કર્યું હોવાથી તેને ઉત્કૃષ્ટમાલાપહૃત કહેવાય છે.

(૩) **મધ્યમ** :- ઉત્કૃષ્ટની વચલાને મધ્યમમાલાપહૃત કહેવાય છે. તે આ રીતે કે, સાધુને દાન આપવામાટે એકદમ ઉપર રહેલ = પગની પાની પર ઉભા રહી ન ગ્રહણ કરી શકાય તેવું શીંકામાંથી લાડુવગેરે ગ્રહણ કરવામાટે, શીંકાની નીચે જમીન પર મુડક નામનું આસન જેને ગામડામાં મુડો તરીકે ઓળખાય છે. જે વનસ્પતિવિશેષની સળીઓની ગુંથણીથી બનાવવામાં આવે છે. અથવા છાણનું લીંપણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मालापहृतं यतीनामकल्प्यं संयमविराधनादिदोषदुष्टत्वात्।

### ऊर्ध्वमालापहृते दोषाः

तथाहि सीक्ककादेरधोदत्तेभ्यो मुडकादिभ्यः पार्ष्ण्युत्पाटनादिना वा दात्र्या अस्थिराधारस्थिततया भ्रश्यमानाया हस्तपादादिभङ्गः स्यात्, तया पतन्त्या भूम्यादिस्थितपृथ्वीकायादेश्च विनाशः स्यादिति संयमविराधना तथा तद्द्रव्यान्य-द्रव्यलाभनिषेधश्च स्यात्। यद्द्रव्यं हि गृह्णती पतति तदेवान्यदपि न ददातीति तद्द्रव्यव्यवच्छेदः, अपरं न ददातीति इतरः। अनेन यतिनाऽहं परमार्थतः पातितेति विचिन्त्य साधूपरि द्वेषं कलहादिकं घातादिकं वा विदध्यादित्यात्मविराधना। जैना दात्र्या अनर्थ-कारणमप्याहारं न परिहरन्तीत्यादिजनखिंसासद्भावादेवंविधमपि दात्र्यनर्थं नैते जानन्ति इति लोके अज्ञानिप्रवादाच्च प्रवचनविराधनेत्येवं त्रिविधा विराधना भवतीति। विशेषतश्च सीक्ककादौ दृष्ट्याऽदृष्टे दीयमाने दात्र्या अहिदशनादयो दोषाः स्युः। अत्राख्यानकं।

---

વગેરેવાળું આસન સ્વરૂપ પીઠ રાખે, અથવા 'मञ्चोदूखले' = 'मञ्च उदूखल' ખાટલો કે ખાંડણી રાખે, અથવા અનાજદળવાની ઘંટી રાખીને એના પર ચઢીને શીંકાદિપર રહેલ અશનાદિને દાત્રી ગ્રહણ કરે.

### ● ઉર્ધ્વ માલાપહૃતમાં દોષો ●

આ માલાપહૃત આમ તો સામાન્યથી યતિઓને અકલ્પ્ય છે. કારણ કે એમાં સંયમવિરાધના વગેરે દોષોની દુષ્ટતા રહેલી છે. તે આ રીતે.

(૧) **સંયમવિરાધના** :- દાત્રી શીંકાની નીચે ભોય પર મૂકેલ મુડકવગેરે પરથી પગની પાની ઊંચી કરવા જતા, ડગમગતા આધાર પર ઉભી રહી હોય અને જો ચૂકે અને પડે તો હાથ-પગવગેરે ભાંગી જાય અને આ રીતે પડે ત્યારે ભોંય પર રહેલ પૃથ્વીકાયાદિનો વિનાશ થાય. આ રીતે સંયમવિરાધના થાય.

વળી, જે દ્રવ્ય લેતા નીચે પડાયું તે દ્રવ્ય તો ન આપે પણ તે સિવાય બીજાદ્રવ્યો પણ ન આપે. આ રીતે તે દ્રવ્ય અને બીજા પણ દ્રવ્યના લાભનો નિષેધ થઈ જાય. અથવા ઉપલક્ષણથી, પડવાનું થવાથી કાયમમાટે કોઈપણ સાધુને વહોરાવવાનું જ બંધ કરી દે. અથવા દાત્રીને પડતી જોઈને ઘરના બીજાસભ્યો કે પડોશીવગેરે પણ સાધુને વહોરાવવાનું બંધ કરી દે.

(૨) **આત્મવિરાધના** :- આહારાદિ લેવા જતા પડવાનું થાય એટલે દાત્રી વિચારે કે "પરમાર્થથી આ સાધુએ જ મને પાડી છે." એમ વિચારી સાધુ પર ગુસ્સે ભરાઈને ઝઘડો કરવા માંડે, અથવા તો રોષમાં સાધુનો ઘાત પણ કરી દે. આ રીતે આત્મવિરાધના થાય.

(૩) **પ્રવચનવિરાધના** :- "આ તે જૈનો (જિન સંબંધી સાધુઓ) કેવા ? દાત્રી પાસેથી અનર્થકારી આહાર લેવાનું પણ ટાળતા નથી" આથી લોકોમાં નિંદા થવાથી, અને 'આહારાદિ લેતા દાત્રીને આવું અનર્થ થાય' આવું પણ આ લોકો જાણતા નથી. એમ લોકમાં અજ્ઞાનીઓનું બોલવાનું થાય. આ રીતે આત્મવિરાધના થાય. આમ ત્રણેય વિરાધના થાય છે.

વળી બીજું વિશેષ આ પણ કે - દાત્રી શીંકાવગેરે પરથી દૃષ્ટિ ન પડતી હોય તેવા આહારાદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 ऊर्ध्वमालापहृतेऽहिदशन-दृष्टांतः 卐

जयपुरं नाम पुरं आसी। तत्थ य जक्खदिन्नो नाम गिहवई। तस्स य वसुमई नाम भारिया। अन्नया य भिक्खायरियाए हिंडंतो गुणरयणनिही एगो साहू तेसिं गिहे पविट्ठो। जक्खदिन्नेण वसुमईए सयासाउ तस्स भिक्खा दवाविया। सोय उच्चसिक्कगठियघडगमज्झनिहित्तं न गिण्हिस्सामित्ति ताऊ घराउ निग्गओ। तीए चेव वेलाए तत्थेव भिक्खठाणे एगो तच्चणिओ आगओ जक्खदिन्नेण पुट्ठो जहा भो भो किमणेण भिक्खा न गहिया। तेण मच्छरित्तेण भणियं जहा अदिन्नदाणा एए वराया तुम्हारिसाणं ईसराणं गिहेसु निद्धं महुरं भोयणं दइवाउ सयासाउ भुंजिउं न लहन्ति किन्तु दालिद्दियगिहेसु अंतपंता चेव भिक्खा लद्धा इमेहिं खाइयव्व त्ति। किं च सत्थयारेण एएसिं गलउ चेव न मोडिउत्ति। तओ गिहवइणो असंबद्धपलावी एसोत्ति किमणेण संलत्तेण त्ति चिन्तिऊण तस्स

लઈને આપે એમાં સર્પદંશ વગેરે દોષો થઈ શકે છે. અર્થાત્ એ શીંકાવગેરેમાં કોક સાપ વગેરે ભરાઈ ગયો હોય અને જોયા વિના એમાંથી આહારાદિ લેવા જતા સાપવગેરે દંશ આપે.

**● ઉર્ધ્વમાલાપહૃતમાં સર્પદંશનું દૃષ્ટાંત ●**

સર્પદંશ અંગે વાર્તા આ પ્રમાણે છે.

જયપુર નામનું એક નગર હતું. ત્યાં યક્ષદિન્ન નામનો ગૃહપતિ રહેતો હતો. એની વસુમતી નામની પત્ની હતી. એકવાર ગોચરીમાં ફરતાં ફરતાં ગુણરત્નની ખાણ સમા એક સાધુએ તેમના ઘરમાં પ્રવેશ કર્યો. યક્ષદિન્ને વસુમતિને ભિક્ષા આપવાનું કહ્યું. વસુમતી ઉપર શીંકામાં રહેલ ઘડામાંથી આહારાદિ લેવા ગઈ. એટલે સાધુએ "આવું હું ગ્રહણ કરીશ નહિ, આવું અમને કલ્પે નહિ" એમ વિચારી ઘરથી નીકળી ગયા. તે જ સમયે એજ ઘરમાં ભિક્ષા માટે એક તચ્ચણિક = બૌદ્ધભિક્ષુ આવ્યા. યક્ષદિન્ને એમને પૂછ્યું કે "અરે, આ મુનિએ ભિક્ષા કેમ ગ્રહણ ન કરી ?". ભિક્ષુએ માત્સર્યથી કહ્યું કે "આ બિચારા અદિન્નદાના છે = પૂર્વભવમાં દાન નહિ આપનારા છે. માટે તમારા જેવા વૈભવી ઘરોમાંથી મળતી સ્નિગ્ધ = ઘીથી લથપથ અને મધુર = મીઠાઈવગેરે ગોચરી દુર્ભાગ્યના લીધે વાપરી શકતા નથી. પરન્તુ દરિદ્ર ઘરોમાંથી મળતી અંત-પ્રાંત = ઘી-ગોળવિનાની લૂખી-સૂકી ગોચરી જ ખાવી પડે છે. વળી, એમના શાસ્ત્રકારોએ એમનું ગળું મરોડવાનું જ બાકી રાખ્યું છે. એટલે કે, સ્નિગ્ધ ન ખવાય. ઉણોદરી પૂર્વક જ ખવાય, છઠ-અઠ્ઠમ કરવાના, આવું બધુ લખીને આ સાધુઓને હવે માત્ર મોતના ઘાટે ઉતારવાવાના જ બાકી રાખ્યા છે." ગૃહપતિએ ભિક્ષુની વાતો સાંભળી વિચાર્યું કે "આ તો અસંબદ્ધ પ્રલાપી છે = એલફેલ બોલનાર છે. એમની સાથે વધુ બોલવાથી શું ફાયદો ? એમનાથી સર્યું." એમ સમજીને ભિક્ષુને ગોચરી આપવા પત્નીને કહ્યું. વસુમતીએ 'શીંકા પર રહેલ ઘડામાંથી જ લાડુ લઉં' એમ વિચારી પગની પાની પર ઉભી રહીને ઘડામાં હાથ નાંખ્યો. હવે બન્યું એવું કે લાડુઓની સુગંધથી ખેંચાયેલો સાપ રાતે એ ઘડામાં પેઠો હતો. એ સાપે એના હાથે ડંસ આપ્યો. 'અરે, હું ડંસાઈ" એમ વસુમતીએ પોક મૂકી. યક્ષદિન્ને તરત જ ગમે તેમ ગારૂડિકદ્વારા એને બચાવી લીધી.

બીજા કોક દિવસે તે જ સાધુ મહારાજ ભિક્ષામાટે ફરતા ફરતા આ જ ઘરે આવ્યા. યક્ષદિન્ને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वि भिक्खा दवाविया। तओ वसुमईए तंमि चेव घडए लड्डुए गिण्हिस्सामित्ति फणेहिं ठाउं करो वूढो तत्थ य तेसिं सुगन्धेण राइए सप्पो पविठो आसि तेण य सा करे डक्का, डक्काडक्कत्ति पोक्करन्ती जक्खदिन्नेण कहवि गारुडिएहिंतो उठाविया। अन्नंमि दिणे सो चेव साहू भिक्खं अडन्तो तत्थागओ। जक्खदिन्नेण उवालद्धो। जहा भयवं निद्दओ तुमं जेण तंमि दिणे सिक्क-गठियघडयमज्झनिहियलड्डुयाणं मज्झे सप्पं पविट्ठं नाउं विसभएण सयं भिक्खा न गहिया। अम्हाणं पुण सप्पपवेसो न कहिओ। तओ मे भज्जा वन्दग(तच्चणिअ)भिक्खठाए ताउ घडयाउ लड्डुए गेण्हन्ती सप्पेण दट्ठा, साहुणा भणियं न मए सप्पपवेसो नाओ किन्तु अम्हाणमागमे जहन्नमालोहडं एसा भिक्खा वुच्चइ। सा य साहूण गहणाय निवारियत्ति मए परिहरिया इच्चाइकहाए निउणो एसो धम्मो, भाविताणि दोवि संबुद्धाणि। गओ य साहू सट्ठाणं ति। अत्र देयवस्तु न दृष्टमिति। तत्रस्थसर्प्पेण भिक्षार्थं व्यापृता दष्टेत्यदर्शनमाश्रित्य कथानकमिदं।

**卐 उर्ध्वमालापहृते 'निःश्रेण्यादिकाऽऽरोहणे मरणोऽपि स्यात्' तस्य दृष्टांतः 卐**

तथा निःश्रेण्यादिकमारुह्य प्रासादोपरितलमशनाऽऽदानाय चटत्या दात्र्याः पतनादुदरस्फोटादिना मरणादिकमपि स्यादत्राख्यानकं-

यथा एगाए नयरीए एगस्स गिहवइस्स गिहे एगो साहू भिक्खट्ठं पविट्ठो। तस्स य गिहव-

---

ઠપકો આપ્યો કે- 'તમે તે કેવા નિર્દય કે પેલા દિવસે શીંકા પર રાખેલ ઘડાના લાડુઓની મધ્યમાં છુપાયેલ સાપને જાણીને વિષના ભયથી = રખે ને સાપના ઝેરથી મિશ્રિત લાડુ હોય ? એવા ભયથી, સ્વયં ગ્રહણ ન કર્યા. પણ અમોને સાપના પ્રવેશની વાત ન કરી ? મારી પત્ની તો પેલા બૌદ્ધભિક્ષુને ભિક્ષા આપવા તે ઘડામાંથી લાડુઓ કાઢવા ગઈ અને સર્પ વડે ડંસાઈ.' સાધુએ એનો ખુલાસો આપતા કહ્યું કે "મેં કાંઈ સાપનો પ્રવેશ જાણ્યો નહોતો પરંતુ અમારા આગમમાં આને "જઘન્યમાલાપહૃત ભિક્ષા" કહેવાય છે. આવી ભિક્ષા સાધુને ગ્રહણ કરવાનો નિષેધ કરાયો છે. એટલે મેં એ ભિક્ષા લેવાનું નિવાર્યું હતું."

આવી સાધુની વાતો દ્વારા "આ જૈનધર્મ તો ખૂબજ નિપુણ છે." એમ બન્ને પતિ-પત્ની જૈન ધર્મથી પ્રભાવિત થઈને બોધ પામ્યા. સાધુ પોતાના સ્થાને ગયા.

અહીં, દેયવસ્તુ જોવાઈ ન્હોતી તેથી તે ઘડામાં રહેલ સર્પે, ભિક્ષા માટે પ્રવૃત્ત થયેલી તેને ડંસ આપ્યો હતો. આમ, અદર્શનને આશ્રયીને 'જઘન્યમાલાપહૃત' નું આ દૃષ્ટાંત છે.

**● ઉર્ધ્વમાલાપહૃતમાં 'નિઃસરણીવગેરે પર ચઢવામાં મરણ પણ થાય' તેનું દૃષ્ટાંત ●**

પ્રાસાદની ઉપરની પાલી પરથી = ઉપરના માળ પરથી અશનાદિને લેવામાટે નિઃસરણીવગેરે પર ચઢતી દાત્રી જો ચૂકથી પડી જાય તો પેટ ફૂટી જાયવગેરેદ્વારા દાત્રીનું મરણ પણ નીપજે. તે વિશે કથા આ પ્રમાણે છે.

એક નગરના એક ગૃહપતિના ઘરે એકસાધુએ ગોચરીમાટે પ્રવેશ કર્યો. ગૃહપતિએ પોતાની પત્નીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इणा नियभज्जासयासाउ लड्डुया दवाविया। सा य आपन्नसत्ता मोयगाणमाणणट्ठा कयनिस्सेणिया-रोहणाभिप्पाया मालाभिमुही चलिया। साहू पुण एयं भिक्खं न गिण्हिस्सामि त्ति वारिऊण निग्गओ। तीए चेव वेलाए भिक्खट्ठं तत्थ उवागओ एगो परिव्वायगो, सो य गिहवइणा पुट्ठो। जहा भो किमणेण भिक्खा न गहिया। तेण मच्छरित्तेण भणियं जहा अन्नजम्मे एएहिं वराएहिं धम्मो न कओ तेण एसणगवेसणमिसेण विहिणा एरिसाउ सुभाउ सुभाउ आहाराउ वंचिउण अंत-पंतभिक्खां भुंजाविया। तस्स वि तेण भज्जासयासाउ, लड्डुया दवाविया। सा य मालट्ठियलड्डु-याणणत्थं निस्सेणीं दुरुहमाणीं झडत्ति पडिया, हेठा वीहियदलणजन्तयं हुन्तं। तस्स कीलएण तीसे कुच्छी फोडिया। गब्भो य फुरुफुरन्तो पडिओ मओ य सा य मया। अन्नम्मि दीयहे (दिवहे) सो चेव साहू भिक्खं अडंतो तत्थेवागओ। गिहवइणा उवालद्धो। जहा भयवं अमुगम्मि दिणे मालाउ आणिज्जन्तीए भिक्खाए दायारीए पडणं नाउं जहा सयं भिक्खा न गहिया तया कीस अम्ह न कहियं। जेण तं माले ण चडावेन्तो तो सा न मरंती। साहुणा भणियं न मए तीसे पडणं नायं, किन्तु अम्हाणं आगमे उक्कोसमालोहडं एरिसा भिक्खा वुच्चइ। सा य साहुणा गहणाय वारियत्ति मए परिहरिया। इच्चाइ कहणं कयं। अहो सुहुमो एसो धम्मोत्ति पडिबुद्धो

લાડુ આપવા કહ્યું. ગર્ભવતી તે પત્ની લાડુઓને લાવવામાટે નિઃસરણી મૂકીને ઉપર ચઢવાના અભિપ્રાયથી ઉપર માળાના સન્મુખ ચાલી. સાધુએ એની ચેષ્ટા જોઈને 'આ ગોચરી હું ગ્રહણ નહિ કરું' એમ કહીને તેને એમ કરતા અટકાવી, અને સાધુ તે ઘરેથી નીકળી ગયા. તે જ સમયે ભિક્ષામાટે એક પરિવ્રાજક = સંન્યાસી આવ્યો. ગૃહપતિએ તેને પૂછ્યું "કેમ આ સાધુએ ગોચરી ન લીધી ?" તેણે માત્સર્યથી કહ્યું "આ બિચારાએ પૂર્વભવમાં ધર્મ નથી કર્યો. તેથી, આ ભવે એવો ધર્મ પામ્યા કે જે ધર્મે ગોચરીગવેષણાની વિધિના બહાનાદ્વારા આવા સારા સારા ભોજનથી વંચિત કર્યા અને અંત-પ્રાંત ભિક્ષા ખવડાવે છે" ગૃહપતિએ માત્સર્યવાળી આવી પરિવ્રાજકની ભાષા સાંભળીને આંખ આડા કાન કરીને તે પરિવ્રાજકને પણ ભિક્ષા આપવા પત્નીને કહ્યું. તે માળ પર રહેલ લાડુ લાવવા માટે નિઃસરણી પર દુઃખેથી ચઢવા જતાં ચૂકથી નીચે પડી. નિસરણીની બરાબર નીચે અનાજ પીસવાની ઘંટી હતી, તે ઘંટીના ખીલાએ એની કૂક્ષીને વીંધી નાંખી. તરફડતો ગર્ભ બહાર નીકળી ગયો. પત્ની અને ગર્ભ બન્ને મર્યા.

બીજા કોક દિવસે તે જ સાધુ ગોચરીમાટે ફરતા તે જ ઘરે આવ્યા. ગૃહપતિએ ઠપકો આપ્યો કે 'પેલા દિવસે માળપરથી ભિક્ષામાટે લાડુ લાવતી મારી પત્નીનું પતન જાણીને સ્વયં ભિક્ષાગ્રહણ ન કર્યુ એ તો ઠીક પણ અમોને એ અંગેની વાત પણ કેમ ન કરી ? જો વાત કરી હોત તો તે માળ પર ચઢત નહિ અને મરત નહિ.' સાધુએ ખૂલાસો કર્યો કે 'તે દિવસે મને તેના પડવાની વાતની ખબર ન્હોતી. પરન્તુ અમારા આગમોમાં એને ઉત્કૃષ્ટમાલાપહૃત ભિક્ષા કહી છે. તે લેવાની અમોને = સાધુઓને મનાઈ છે. માટે મેં તેનો પરિહાર કર્યો હતો.' આવી બધી વાતો કરી. "અહો, આ ધર્મતો ઘણો જ સૂક્ષ્મ છે" એમ પ્રતિબોધ પામીને તે ગૃહપતિએ દીક્ષા લીધી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पव्व-इउत्ति। अत्र गुर्व्विण्या वृत्तांतवशेन दोषदर्शनं कृतमित्यगुर्विण्या अप्यतद्दूषणजातं सम्भवतीति।

**卐 अध-उभय-तिर्यग्मालापहृतस्य स्वरूपम् 卐**

उक्तं सीक्ककप्रासादारोहणविषयमूर्ध्वमालापहृतं तथा साध्वर्थं भूमिगृहादौ प्रविश्य तत्स्थितमानीय यद्ददाति तदधोरूपभूमिगृहादेरपहृतमिति कृत्वाऽधोमालापहृतं। तथोष्ट्रिकाकलशमञ्जुषाकोष्ठिकादिस्थितं किञ्चित्सकष्टं यद्दात्री ददाति तदूभयादूर्ध्वाधो गतव्यापारात् कुम्भादेरपहृतमिति कृत्वा उभयमालापहृतं। तथाहि-उच्चकुम्भादिकमध्ये स्थितस्य देयस्य ग्रहणाय येन दाता पार्ष्ण्युत्पाटनं करोति तेनोर्ध्वाश्रितव्यापारता, येन त्वधोमुखं बाहुं व्यापारयति तेनोधोगतव्यापारता, इत्युभयाश्रितव्यापारत्वं कुम्भादिषु, यदा च पृथुलभित्त्यादिस्थितं स्कन्धसमोच्चप्रदेशप्राये दीर्घगवाक्षादौ तिर्यक्प्रसारितबाहुना क्षिप्तेन हस्तेन गृहीत्वा यद्देयं प्रायो दृष्ट्याऽदृष्टं कष्टेन च दात्री ददाति तथा तत्तिर्यग्मालापहृतं स्यात्तिर्यग्मालाद्भित्त्यादिस्थितगवाक्षादिरूपादपहृतमिति कृत्वा।

**卐 मालापहृतं कदा न स्यात् ? 卐**

यदा च भित्त्यादौ तथाविधादुच्चप्रदेशस्थाद्गवाक्षादेर्भूलग्नपार्ष्णिफणा सती गृहीत्वा ददाति

---

અહીં તો ગર્ભવતી સ્ત્રીના વૃત્તાંતથી દોષદર્શન બતાવ્યું. આવી રીતે અગર્ભવતી સ્ત્રી અંગે પણ દોષ સંભવી શકે છે. આ રીતે, શીંકુ અથવા માળવિષયક ઉર્ધ્વમાલાપહૃતની વાત કરી.. હવે અધોવિષયક માલાપહૃત ની વાત કરે છે.

**• અધઃ, ઉભય અને તિર્યગ્માલાપહૃતનું સ્વરૂપ •**

સાધુને દાન આપવામાટે, ઘરના ભોંયતળીએ = ભોંયરામાં પ્રવેશીને ત્યાં રહેલ અશનાદિ લાવી જે આપે તેને અધો = નીચેસ્વરૂપભૂમિગૃહવગેરેથી લાવેલું હોવાથી અધોમાલાપહૃત કહેવાય છે.

ઉષ્ટ્રિકા, કળશ, મંજૂષા = પેટી અને કોઠીવગેરેમાં રહેલ અશનાદિને કાંઈક કષ્ટપૂર્વક દાત્રી જે દાનમાં આપે. તેમાં, ઉપર અને નીચેની બન્ને પ્રવૃત્તિ જેમાં હોય એવા કળશઆદિથી અપહૃત થતું હોવાથી એને ઉભયમાલાપહૃત કહેવાય છે. ઉપર-નીચેની બન્ને પ્રવૃત્તિ આ રીતે થાય કે, ઊંચા કુંભવગેરમાં રહેલ દેયવસ્તુ ગ્રહણ કરવામાટે દાતા જે પાની ઉંચી કરે તે ઉર્ધ્વસંબંધી વ્યાપાર થયો. તેમજ શરીરને નીચે નમાવીને એમાં નીચે જે હાથ નાંખે તે નીચે સંબંધી વ્યાપાર થયો. આમ, કુંભાદિમાં બન્નેને આશ્રયીને વ્યાપાર થાય છે.

હવે 'तिर्यग्मालापहृत' કહે છે.

પહોળી ભીંતમાં ખભાસુધીના ઊંચા લાંબા ગોખલાઓમાં રહેલ દેયવસ્તુને લેવામાટે દાત્રી તિર્છી દિશામાં હાથ લાંબો કરે. આમાં પ્રાયઃ કરીને એ દેયવસ્તુ પર નજર ન પહોંચે અને કષ્ટ પૂર્વક જે આહારાદિને ગ્રહણ કરે, તેને તિર્યગ્માલાપહૃત કહેવાય છે. કારણકે એમાં ભીંત વગેરેમાં રહેલ ગવાક્ષઆદિરૂપ તિર્છા માલામાંથી આહારાદિનું લેવાનું થાય છે.

**• માલાપહૃત ક્યારે ન બને ? •**

પરન્તુ તેવા પ્રકારના ભીંતવગેરેમાં રહેલ ઊંચા ગોખલાવગેરેમાંથી દેયવસ્તુ કાઢતા પગની પાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तदा देयमपि गृह्णती प्रायो दृष्ट्या पश्यति, तेन पूर्वोक्तदोषाभावात्तत्तिर्यग्मालापहृतं न भवति। दृष्ट्या अदृष्टदेयदाने सर्प्पभक्षणादितया विराधनादित्रयरूपा दोषा अधोमालापहृतादिष्वपि भावनीयाः। तथेह निरन्तरकाष्ठमयनिःश्रेणीविशेषरूपेण दर्द्दरेण इष्टकादिमयावतरणरूपसोपानैर्वा निश्चलमहाशिलया वा निरन्तरशिलानिचयघटितनिश्रेणीविशेषेण वा प्रासादोपरितले समारुह्य यद्दाता ददाति, प्रासादारूढस्य साधोरपवादेन भूस्थस्य आनीय, तन्मालापहृतं न स्यात्। यदा वा साध्वागमनादग्रतः स्वयोगे(गेन) निश्रेण्यादिना तथाविधप्रमाणोच्चस्य स्वयोगेन स्थापितं स्यात्। यदा स वरण्डिकादावुपविश्यानुत्पाटितपार्ष्णिकोऽधोमुखं प्रलम्बमानेन हस्तेन साधुपात्रके क्षिपति, साधुरपि तद्ग्रहणाय तथाविधप्रदेशे भूमौ स्थितो यदि तिरश्चीनप्रसारितबाहुना हस्तेन धृते पात्रके स्वमस्तकसमप्रदेशादधो न तु स्वदृष्टिपथमतिक्रम्य मस्तकस्य सममुपरि वा ऊर्ध्वमुत्पाटिते, देयमपीदं न समर्घादियुतं (?) भविष्यतीति ज्ञानार्थं दृष्ट्या पश्यन्यत् तत्र गृह्णाति तदिदमपवादविषयं

અને પગના ફણ = પંજા બન્ને જમીનને લાગેલા હોય. એ રીતે જો દાન આપે.. ત્યારે પ્રાયઃ કરીને દેયવસ્તુ ગ્રહણ કરતી વખતે એની પર નજર પડતી હોવાથી ઉપરોક્ત દોષના અભાવે એ તિર્યગ્માલાપહૃત દોષરૂપ થતું નથી.

નજરે ન દેખાય એવા દેયદાનમાં સાપનો ડંસ વગેરે ત્રણેય પ્રકારની વિરાધનાસ્વરૂપ દોષો, અધોમાલાપહૃતવગેરેમાં પણ જાણવા.

વળી અહીં આટલું વિશેષ જાણવું કે અંતરરહિત કાષ્ટથી બનેલી નિસરણીવિશેષ રૂપ દાદરાથી, અથવા ઈંટાદિથી બનેલા ચડવા-ઉતરવાના પગથીયાથી, અથવા નિશ્ચલ મહાશીલાથી અથવા નિરન્તર શીલાઓના સમૂહથી બનેલી નિસરણી વિશેષથી પ્રાસાદના ઉપરના ભાગમાં ચઢીને ત્યાં રહેલ દેયવસ્તુ લાવીને અથવા પ્રાસાદના ઉપરના ભાગમાં ચઢેલ વ્યક્તિ સાધુને ઉપરોક્ત પ્રમાણેના દાદરાવગેરેથી ઊતરીને નીચે ભૂમિપર રહેલ દેયને લાવીને દાતા જે આપે, તે અપવાદે માલાપહૃત થતું નથી.

અથવા તો સાધુના આગમનથી પૂર્વે પોતાના પ્રયોજને નિસરણીવગેરે ગોઠવીને તેવા પ્રકારના પ્રમાણની ઉંચાઈવાળા સ્થાને = વરંડા-કઠેડાવગેરે ઉપર પોતાનામાટે = આહારાદિ સ્થાપેલું હોય, અને જ્યારે સાધુ આવે ત્યારે તે દાતા વરંડિકાવગેરે પર ઉભડક પગે બેસીને પગની પાનીને ઊંચી કર્યા વગર, હાથને નીચે લાંબો કરીને સાધુના પાત્રમાં દેયવસ્તુ આપે અને સાધુ પણ તેને ગ્રહણ કરવા માટે નીચે ભૂમિપર બરાબર ઉભા રહીને હાથને કાંઈક તીર્છી દિશામાં લાંબો કરીને પાત્રુ ધરે, તે પણ પોતાના મસ્તકથી સહેજ નીચે લાંબો કરે પણ પોતાની નજર ન પડે એ રીતે મસ્તકની સમાન કે એનાથી ઊંચું પાત્રુ ન કરે. આ રીતનું જો ગ્રહણ કરે તો એમાં માલાપહૃતની છાયા = માલાપહૃત સંબંધી થોડી તુલ્યતા હોવા છતાં પણ આ અપવાદનો વિષય હોવાથી માલાપહૃત થતું નથી કારણ કે એમાં ઉપરોક્ત દોષોનો અભાવ છે.

અહીં, સાધુ પોતાના મસ્તકથી ઉપર પાત્રાને એટલા માટે ન ધરે કે, પાત્રામાં પડતી વસ્તુ કીંમતી તો નથી ને ? હલ્કી તો નથી ને ? ઉપલક્ષણથી જીવાતવગેરેથી યુક્તવગેરે દોષવાળી તો નથી ને?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

किञ्चिन्मालापहृतच्छायमपि मालापहृतं न भवति दोषाभावादिति गाथार्थः।।४९।।

**अवतरणिका**– उक्तं मालापहृतद्वारमथाच्छेद्यद्वारमाह।

**मूलगाथा– अच्छिंदिअ अन्नेसिं बलावि जं देंति सामिपहुतेणा।**
**तं अच्छिज्जं तिविहं न कप्पए नणुमयं तेहिं।।५०।।**

**संस्कृतछाया– आच्छिद्याऽन्येषां बलादपि यद्ददति स्वामिप्रभुस्तेनाः।**
**तदाच्छेद्यम् त्रिविधं, न कल्पते अननुमतस्तैः ।।५०।।**

**卐 आच्छेद्यस्वरूपं, तद्दातारश्च त्रयः 卐**

**व्याख्या**– आच्छिद्योद्दाल्य अन्येषां परेषां दरिद्रकौटुम्बिकानां गोपालादीनां दरिद्रसार्थिकादीनां च सम्बन्धि, ईश्वरादीनां च सम्बन्धि प्रायो बलादाच्छेत्तुं न शक्यते, इत्येतेषां प्रदर्शनं क्रियते, बलादपि दातुमनीप्सतामपि तेषां प्राणेनापि बलात्कारेणैवेति यावत् यद्देयं दुग्धादि, सार्प्पिकपाथेयादि च ददति प्रयच्छन्ति साधुभ्यो भद्रकादितया दानश्रद्धालवः के इत्याह स्वामिप्रभुस्तेनाः, तत्र स्वामी

---

એ દૃષ્ટિથી જોઈને ગ્રહણ કરી શકે. અન્યથા કોકવાર ભલતીજ વસ્તુ પડી જવાનો સંભવ રહે.।।૪૯।।

**અવતરણિકા** :- આમ, માલાપહૃતદ્વાર કહ્યું. હવે, 'आच्छेद्य' દ્વારને જણાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **अच्छिंदिअ** = ઝુંટવીને, **अन्नेसिं** = બીજાનું, **बलावि** = બલાત્કારે પણ, **जं** = જે અશનાદિ, **देंति** = આપે, **सामि** = ગામવિગેરેનો માલિક, **पहु** = કુટુંબનો સ્વામી, **तेणा** = ચોરો, **तं** = તે અશનાદિ, **अच्छिज्जं** = આચ્છેદ્ય, **तिविहं** = ત્રણ પ્રકારનું, **न कप्पए** = કલ્પે નહિ, **नणुमयं** = અનુમતિ આપી નથી, **तेहिं** = જેની પાસેથી બલાત્કારે ઝુંટવી લેવામાં આવે તેઓએ.।।૫૦।।

**મૂળગાથા-ગાથાર્થ** :- બીજાની પાસેથી અનુમતિવિના બલાત્કારે ઝુંટવીને જે અશનાદિ સાધુને આપવામાં આવે તે આચ્છેદ્યદોષવાળું કહેવાય છે. તે આચ્છેદ્ય રાજાદિ, કુટુંબના સ્વામી અને ચોર એ ત્રણના યોગે ત્રણ પ્રકારનું બને છે અને તે ત્રણે પ્રકારનું આચ્છેદ્ય સાધુને કલ્પી શકે નહિ.।।૫૦।।

**● આચ્છેદ્યનું સ્વરૂપ અને તેના ત્રણ દાતાર ●**

**વ્યાખ્યાર્થ** :- 'आच्छिद्य' = 'उद्दाल्य' = આંચકીને, 'अन्नेसिं' = 'अन्येषां' = બીજાઓનું. અર્થાત્ દરિદ્રકૌટુંબિક, ગોવાળીઆ, દરિદ્રસાર્થિકવગેરેનું આંચકીને. શ્રીમંતવગેરેનું પ્રાયઃ કરીને આંચકીને લેવું અશક્ય હોય છે માટે અહીં દરિદ્રવગેરેનો ઉલ્લેખ કરાયો છે એમ જાણવું. કેવી રીતે આંચકીને? તે કહે છે, 'बलावि' = 'बलादपि' = આપવા ન ઈચ્છતા એવા તે દરિદ્રવગેરે પાસેથી પ્રાણથી પણ, અહીં 'પ્રાણ' એટલે કે બળ-શક્તિ. અર્થાત્ પોતાની પાસે રહેલ હથિયાર વગેરે સાધન વિશેષ રૂપ બળ-શક્તિદ્વારા પણ = બલાત્કારદ્વારા જ, 'जं' = 'यत्' = જે દેયવસ્તુ. એટલે કે દૂધવગેરે અથવા ઘીથી નિષ્પન્ન ભાથું વગેરે ભદ્રકતાઆદિ ગુણના લીધે દાનની શ્રદ્ધાવાળા જેઓ 'देंति' = 'ददति' = સાધુને આપે. તેઓ કોણ ? તે કહે છે, 'सामिपहुत्तेणा' = 'स्वामि-प्रभु-स्तेनाः'.

(૧) 'स्वामी' = ગામાદિના નાયક. અથવા સ્વામી એટલે પ્રાયઃ કરીને જે રાજાના વલ્લભ હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ग्रामादिनायकः स्वामिप्रायराजवल्लभादिश्च, प्रभुर्गृहादिनायकः स्तेनाश्चौरास्तद्देयमाच्छेद्यमुक्तशब्दार्थं स्यात्तच्च त्रिविधं त्रिप्रकारं त्रिविधदायकभेदाद् ज्ञेयमिति ।

卐 स्वाम्याच्छेद्यादिस्वरूपम् 卐

अयमत्र भावार्थो यदा ग्रामादिस्वामी साधून् दृष्ट्वा तन्निमित्तं भद्रकादितया कलहेनाकलहेन वा बलादपि दरिद्रकौटुम्बिकेभ्यः सकाशादशनाद्युद्दाल्य यतिभ्यो दद्यात् तदा तदशनादि स्वामिविषयाच्छेद्यं । यदा सुरभीरक्षककर्म्मकरअङ्कितदासपुत्रपुत्रिकावधूभार्यादिसत्कमेतेभ्योऽनीप्सद्भ्योपि सकाशाद् गृहीत्वा, गृही गृहनायकः साधुभ्यो दुग्धादिकं दद्यात् तदा प्रभुविषयमाच्छेद्यं स्यात् । यदा च चौराः साधुषु प्रीतिमन्तः स्वग्रामाभिमुखं मार्गे आगच्छन्तः कदाचित्तत्र दरिद्रसार्थिकसार्द्धमागतान् साधून् भोजनार्थं कृतावस्थिति(तीन्)सार्थमध्ये भिक्षामटतः परिपूर्णां तां अप्राप्नुवतश्च दृष्ट्वा साधुनिमित्तमात्मनोऽर्थाय वा सार्थिकेभ्यो बलादाच्छेद्य यत्पाथेयादि साधुभ्यो दद्युस्तत् स्तेनविषयाच्छेद्यं, त्रिविधस्याप्येतस्य कल्पाकल्पविधिमाह ।

卐 स्वाम्याच्छेद्यादीनामकल्प्यता तत्र दोषाश्च 卐

---

એવા નગરશેઠ-કોટવાળવગેરે જાણવા. (૨) 'प्रभु' = ઘરવગેરેના માલિક. (૩) 'स्तेन' = ચોર.

ટૂંકમાં, સ્વામીવગેરે ગરીબવગેરે પાસેથી બળાત્કારે આંચકીને સાધુને જે આહારાદિ આપે તે આચ્છેદ્ય કહેવાય છે.

'तं अच्छिज्जं तिविहं' = 'तत् आच्छेद्यम् त्रिविद्यम्' = તે આચ્છેદ્ય દાયકના ભેદે ત્રણ પ્રકારે જાણવું. તે આ રીતે.

**● સ્વામી - આચ્છેદ્યવગેરેનું સ્વરૂપ ●**

(૧) જ્યારે ગામવગેરેના માલિક, સાધુને જોઈને ભદ્રકતાઆદિના લીધે સાધુને દાન આપવા માટે ઝઘડો કરીને કે ઝઘડા વગર દરિદ્રકુટુંબિઓ પાસેથી જે અશનાદિને બલાત્કારે આંચકીને પણ સાધુને આપે, તે અશનાદિ સ્વામીસંબંધિ આચ્છેદ્ય કહેવાય છે.

(૨) જ્યારે, દાનમાટે પોતાના આહારાદિને આપવા નહિ ઈચ્છતા એવા ગાયનો રક્ષક ગોવાળીઓ, નોકર સારા ઘરનો માણસ હોય પણ દેવા વગેરેમાં આવી જવાથી લેણદારના ઘરે નોકર તરીકે રહ્યો હોય તે અંકિતદાસ, પોતાના પુત્ર, પુત્રી, પુત્રવધુ, પત્ની વગેરે નહિ ઈચ્છતા એવા તેમની પાસેથી લઈને, ઘરનો માલિક સાધુને આપે, ત્યારે એ પ્રભુસંબંધી આચ્છેદ્ય કહેવાય છે.

(૩) જ્યારે, સાધુઓ પર પ્રીતિવાળા એવા ચોરો પોતાના ગામ તરફ આવતા હોય અને એજ રસ્તામાં, ક્યારેક દરિદ્રસાર્થની સાથે સાધુઓ આવતા હોય. સાર્થનો પડાવ નંખાયો હોય, સાધુઓ ભિક્ષામાટે સાર્થના માણસો પાસે ફરતા હોય પણ સંપૂર્ણ ગોચરી મળી ન હોય. આવું જોઈને, સાધુને સંપૂર્ણ ગોચરી મળે તે માટે, અથવા તો પોતાનામાટે સાર્થ પાસેથી બન્દૂકઆદિના જોરે જે ભાથું વગેરે આંચકીને સાધુને આપે. તેને સ્તેન = ચોરસંબંધી આચ્છેદ્ય કહેવાય છે.

**● સ્વામીવગેરે આચ્છેદ્યની અકલ્પ્યતા અને તેમાં દોષો ●**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न नैव कल्पते ग्रहीतुमुचितं स्यात् यतीनां त्रिविधमप्याच्छेद्यमाहारादि, इह पिण्डस्य प्रकृतत्वान्मुख्यत आहारादीत्युच्यते। तेन मुखवस्त्रिकाद्युपकरणोपाश्रयादेरप्याच्छेद्यस्य वर्ज्जनं द्रष्टव्यं। कीदृशं सदित्याह अननुमतमननुज्ञातं यतिभ्यो दातुमनभिप्रेतं सदित्यर्थः। 'तेहिं' ति प्रस्तावाद्येभ्यस्तदुद्दालितं तैः कौटुम्बिकादिभिरित्यर्थः, कलहप्रद्वेषादिदोषसद्भावेन जिनैर्निषिद्धत्वात्। तथाहि प्रस्तुतकौटुम्बिकाः स्तेनलुण्टितसार्थिका वा साधोरुपरि प्रद्वेषं गालीप्रदानं च कुर्युः। तथा तेषामेवाहारादिलाभहानेः साधोरन्तरायदोषः, स्तेनाहृतं च गृह्णतोऽदत्तादानं स्यात्, एकानेकद्रव्यव्यवच्छेदं वा रुष्टास्सन्तस्ते विदध्युस्तत्र यद् द्रव्यं गृहीतं तदेव ते रोषेणान्यदपि यतेर्न दद्युरित्येकद्रव्यव्यवच्छेदः। एवमनेकेषां तेषां ग्रहणे एकस्य वा तस्य ग्रहणे सर्वनिषेधेनाऽनेकद्रव्यव्यवच्छेद इति। तथा पूर्वप्राप्तोपाश्रयात्तद्गोस्वामिनः प्रद्विष्टापत्तेर्निःसारणं कुर्युस्ततोऽन्योपाश्रयालाभे कष्टेन लाभे वा साधुः सूत्रार्थहान्यादिकं मानसिकदुःखं वा प्राप्नुयात्। तथा प्रभुविषयाच्छेद्येऽमी दोषा, यथा गोपालादीनां पूर्वोक्तानामप्रीति-

હવે આ ત્રણેય પ્રકારના આચ્છેદ્ય સંબંધી કલ્પ્ય-અકલ્પ્યવિધિને જણાવે છે.

**'न कप्पए'** = **'न कल्पते'** = આ ત્રણેય પ્રકારનું આચ્છેદ્ય સાધુને ગ્રહણકરવું કલ્પતું જ નથી. અહીં પિણ્ડ સંબંધી વાતો ચાલતી હોવાથી મુખ્યતયા આહારાદિની જ વાત કરી છે. પરન્તુ તેનાથી મુહપત્તીવગેરે ઉપકરણો તેમજ ઉપાશ્રયઆદિ પણ જે આચ્છેદ્ય હોય તેનું પણ વર્જન જાણવું. કેવા પ્રકારનું તે કલ્પતું નથી ? તે કહે છે, **'णणुमयं'** = **'अननुमतम्'** = **'अननुज्ञातम्'** = યતિને આપવા ઈચ્છાયું ન થવાયું હોય. કોના દ્વારા ઈચ્છાયું ન હોય? તે કહે છે, **'तेहिं'** = **'तैः'** = ઉપરોક્ત જે કૌટુમ્બિકવગેરે પાસેથી આંચકીને લીધું હોય તેઓ દ્વારા, અર્થાત્ ઉપર કહેવાયેલ કૌટુમ્બિકવગેરે પાસેથી તેઓની ઈચ્છાવિના બળાત્કારે આંચકીને અપાતા આહારાદિ સાધુઓને ન કલ્પે. કારણ કે એમાં કલહ, પ્રદ્વેષ થવો વગેરે દોષોનો સદ્ભાવ હોવાથી શ્રી જિનેશ્વરોએ એનો નિષેધ કરેલો છે.

દોષોનો સદ્ભાવ આ રીતે કે,

સ્વામી અને ચોરસંબંધી આચ્છેદ્યમાં જે કૌટુમ્બિક પાસેથી આંચકીને લીધું હોય એ કૌટુમ્બિકો અથવા ચોરોએ જે સાર્થને લૂંટ્યો હોય. એ સાર્થ સાધુઉપર ગુસ્સે ભરાઈને ગાળો આપે. તથા તે કૌટુમ્બિઓ અને સાર્થને આહારાદિનો પૂરતો લાભ ન થાય એટલે તેઓને અન્તરાય કરવાનો દોષ સાધુને લાગે. તેમજ ચોરો પાસેથી લેતા અદત્તાદાનનું પાપ પણ લાગે. અથવા તો રોષે ભરાયેલા તેઓ સાધુને એક દ્રવ્યનું કે અનેક દ્રવ્યોનું દાન આપવાનું કાયમનું બન્ધ કરી દે. તે આ રીતે કે, જે દ્રવ્ય આંચકાયું હોય તે જ દ્રવ્ય કે બીજું પણ દ્રવ્ય સાધુને આપવાનું બંધ કરે. આ એક દ્રવ્ય અંગે વાત થઈ, અને જો અનેક દ્રવ્યો આંચકાયા હોય તો, અથવા આંચકાયેલા એક દ્રવ્યના ગ્રહણમાં બધાનો જ નિષેધ થઈ જાય. આમ અનેક દ્રવ્યનું દાન બંધ થઈ જાય.

અથવા તો સ્વામીઆચ્છેદ્યમાં જે ગોકુલવગેરે સ્વરૂપ ઉપાશ્રયમાં સાધુઓ ઉતર્યા હોય એ ઉપાશ્રયમાંથી રોષે ભરાયેલ ગોવાળીઓ તેઓને બહાર કાઢી મૂકે. ત્યારે જો બીજો ઉપાશ્રય ન મળે અથવા તો કષ્ટપૂર્વક મળે તો સાધુઓને સૂત્ર-અર્થ ભણવા આદિની હાનિ થાય, માનસિક દુઃખ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्तेषामेव प्रभुप्रभृतिकेन सह कलहोऽभिमानादात्मघातं च ते कुर्युः, गोपभार्यादेः दुग्धादिलाभहानेरन्तरायदोषश्च यतः स्यात्। गोपालादिमध्यात् केचन साधोरुपरि रोषं च गच्छेयुः। यद्वा दुग्धग्रहणेन गोपालः प्रद्वेषं गतः। अत्राख्यानकं यथा।

**卐 प्रभुराच्छेद्यविषयको गोपालद्रष्टांतः 卐**

एगंमि गोउले एगो सावगो आसि। तस्स य एगो गोवो गाविउ चारेइ। सो य अट्ठमे अट्ठमे दिणे सव्वासिं गावीणं दुद्धं वित्तीए लब्भइ। अन्नया भिक्खट्ठं एगो साहू तत्थागओ। इओ य तम्मि दिणे गोवस्स दुद्धगहणवारओ। तओ तेण सव्वाउ गाविउ दुहेऊण गरुइ पारिया दुद्धस्स भरिया। सावएण साहुनिमित्तं सो दुद्धं मग्गिओ। तेण अणिच्छंतेणावि भयाइणा दिन्नं। पारिया ऊणिया जाया। गोवो य किंचि साहुस्सुवरिं रोसमुवगओ। सावएण तेण दुद्धेण साहू पडिलाभिओ। गोवो य तं पारियं गहिऊण् नियगेहे गओ। तब्भज्जा य तं ऊणपारियं दट्ठूण हयासा किं अज्ज थेवं दुद्धमाणियं इच्चाइ अकोसियु लग्गा चेडरूवाणि रोवन्ताणि किं अम्हं एएण दुद्धेण भविस्सइ त्ति भणिउं लग्गाणि। तओ सो, एगं सयं चेव साहुणा उवरिं पउडो आसि। अन्नं तेहिं उत्ताविओ तउल्लसियबहलकोवानलरत्तच्छो तं साहुं मारणत्थं गवेसिउं लग्गो। जाव साहू तेण दिट्ठो पिट्ठओ

---

પ્રભુસંબંધી આચ્છેદ્યમાં આવા દોષો સંભવી શકે. જેમકે, ઉપરોક્ત ગોવાળીઆવગેરેને અપ્રીતિ થાય, પ્રભુ (માલિક) વગેરેની સાથે ઝઘડો કરી બેસે. અથવા અભિમાનથી = માનભંગથી આત્મઘાત કરી લે. અથવા ગોવાળીઆની પત્ની વગેરેને દૂધઆદિ લાભમાં હાનિ થાય, એના અન્તરાયનો દોષ મુનિને લાગે. અથવા તો ગોવાળીઆવગેરેમાંથી કેટલાક સાધુઓ ઉપર રોષે ભરાય.

**● પ્રભુ - આચ્છેદ્યવિષયક ગોવાળનું દૃષ્ટાંત ●**

'આંચકેલા દૂધના ગ્રહણથી ગોવાળીઓ રોષે ભરાયો' તે વિશે અહીં કથાનક કહેવાય છે.

એક ગોકુળમાં એક શ્રાવક રહેતો હતો. એનો એક ગોવાળીઓ ગાયોને ચરાવતો હતો. તે ગોવાળીઓ દર આઠમા દિવસે બધીજ ગાયોનું દૂધ પગાર તરીકે = આજીવિકા તરીકે મેળવતો હતો. એકવાર ભિક્ષામાટે સાધુ ત્યાં આવ્યા. તે જ દિવસે એનો દૂધ ગ્રહણ કરવાનો વારો હતો. એટલે તેણે બધીજ ગાયોને દોહીને દૂધ મોટી કોઠીમાં ભર્યું હતું. શ્રાવકે સાધુદાનમાટે તે દૂધ માંગ્યું. તેણે અનિચ્છાએ પણ ભયવગેરેથી આપ્યું. શ્રાવકે તે દૂધ સાધુને વહોરાવ્યું, એટલે કોઠીમાંથી દૂધ ઓછુ થયું. ગોવાળીઓ સાધુ પ્રત્યે કાંઈક ગુસ્સાવાળો થયો. તે કોઠી લઈને ઘરે ગયો. તેની પત્નીએ ઉણી કોઠીને જોઈ હતાશાથી કહેવા લાગી કે, 'કેમ આજે ઓછું જ દૂધ લાવ્યા ? રડતા બાળકો પણ 'આટલા દૂધથી અમારે શું થશે' એમ કહેવા લાગ્યા. એક તો પોતેજ સાધુ પર ગુસ્સાવાળો હતો જ અને આ બાજુ પત્ની, બાળકો દ્વારા ગુસ્સો વધુ પ્રજ્વલિત કરાયો. તેના લીધે તીવ્ર ક્રોધાનલથી લાલ આંખ વાળો બનેલો તે, પેલા સાધુને મારવામાટે શોધવા લાગ્યો. અને જ્યાં સાધુ દેખાયા કે એમની પાછળ દોડ્યો. ક્રોધાનલથી લાલચોળ આંખવાળા તેને આવતો જોઈને સાધુને પણ એનો ભાવ સમજાઈ ગયો કે 'જરૂર આની પાસેથી આંચકીને શ્રાવકે દૂધ આપ્યું લાગે છે, તેથી આ મને મારવા આવી રહ્યો છે.' સાધુ તેની સન્મુખ જ ચાલવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

धाविओ। साहुणा वि कोवारुणलोयणो सो एन्तो दिट्ठो नाओ तस्स भावो जहा णूणमेयस्स सयासाउ अच्छिंदिऊण सावएण दुद्धं दिन्नं, तेण एस कुविओ मम मारणत्थमागतो। तओ साहू तस्सेव सम्मुहो चलिओ जाव समासन्नी भूओ। सो ताव साहुणा भणिओ। भो भो खीरहरिय तुह पहुनिबन्धेण एयं दुद्धं मए गहियं सम्पयं तुज्झ समप्पणत्थं चलिओहं, न य तुज्झ घरं जाणामि, ता गिण्ह तुमं। तओ तव्वयणेणोवसन्तकोवेण गोवेण भणियं तुह मारणत्थमुवगओहं। परमणेण वयणेणोवसन्तो कोवो ता गिण्ह तुमं चेव एयं एण्हिं मुक्कोसि, मए। परं पुणो मा, एरिसं आच्छिंदियं किंचि गिण्हिहिसित्ति नियत्तो गोवो त्ति।

तदित्थमनेकदोषनिबन्धनमाच्छेद्यं न कल्पते। अत्र चाननुमतं तैर्न कल्पत इति भणनात् सामर्थ्यात्तैरनुज्ञातं सत्तदेवादातुं कल्पत इति व्यतिरेको गम्यत एव।

**卐 स्तेनाच्छेद्यविषयं विशेषविधिः 卐**

नवरं स्तेनाच्छेद्ये इयं विशेषतो विधिः यथा यदा चौराः सार्थिकेभ्यः पाथेयाद्याच्छिंद्य ददति यतिभ्यस्तदा तद्यतिभिर्निषेध्यं पूर्वोक्तदोषभावात्। यदि च तैस्तेभ्यस्तद्दीयमानं दृष्ट्वा पथिका घृतसक्तु-कदृष्टान्तेन सुन्दरतामनुमन्यंते यथा घृतं सक्तुकानां मध्ये पतितं तथा, तथासंयोगवशाद्युक्तं स्यात्तथेदं पाथेयाद्यपि तथैव तथैव साधुभ्यो दत्तं युक्तं सञ्जातमिति। गृह्णीध्वमिति वचनेन वा मुत्कलयन्ति,

---

માંડ્યો અને જ્યારે પેલો નજીક થયો એટલે કહ્યું 'હે હરાયેલ ખીરવાળા ! તમારી પાસેથી આંચકીને લીધેલું આ દૂધ તારા માલિકના આગ્રહના લીધે મારે લેવું પડ્યું. હવે આ તમને આપવા માટે આવ્યો છું, હું તમારું ઘર જાણતો નથી તો હવે આ ગ્રહણ કરો.' સાધુના આવા વચનો સાંભળીને પેલાનો ક્રોધ શાંત થઈ ગયો એટલે એણે કહ્યું 'હું આવ્યો તો હતો તમોને મારવા જ પણ તમારા આ વચનોથી મારો ક્રોધ શાંત પડી ગયો. એટલે હવે આ તમેજ રાખો, અને હું તમોને છોડી દઉં છું. પરન્તુ, આવું આંચકેલું ફરી ક્યારેય ગ્રહણ ના કરશો.' આમ કહીને એ પાછો ફર્યો.

આ રીતે અનેકદોષોનું કારણભૂત એવું આચ્છેદ્ય કલ્પતું નથી. અહીં, તે ગોવાળઆદિદ્વારા અનુમતિ ન અપાયેલ ગોચરી ન કલ્પે એવું કહેવાના સામર્થ્યથી તેઓ અનુજ્ઞા આપે તો લેવું કલ્પે છે એમ વ્યતિરેક જાણવો.

**• સ્તેન - આચ્છેદ્યવિષયમાં વિશેષવિધિ •**

ચોરવિષયક આચ્છેદ્યમાં આટલી વિધિ વિશેષ જાણવી કે, સાર્થવગેરે પાસેથી ચોરો જ્યારે પાથેય = ભાથુંવગેરે આંચકીને સાધુને આપે ત્યારે તો ઉપરોક્ત દોષનો સંભવ હોવાથી સાધુઓ એને ગ્રહણ કરે નહિ. પરન્તુ સાર્થપાસેથી આંચકીને જ્યારે ચોરો સાધુને પાથેયાદિ આપવા જાય, ત્યારે જો સાર્થ વગેરે 'घृतसक्तुकद्रष्टांत' = ઘી ખીચડીમાં ઢળ્યાના દૃષ્ટાંતથી સારું માને. જેમકે તેવા તેવા સંયોગના વશથી ઘી જો સાથવામાં પડે તો એ જેમ યોગ્ય બને છે. તે જ રીતે આ પાથેયાદિ પણ તેવા તેવા સંયોગાનુસારે સાધુને અપાયેલું યોગ્ય જ થયું. અથવા તો "ભલે ગ્રહણ કરો" એમ બોલવા દ્વારા રજા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथाविधभयविह्वलतया जल्पनशक्त्यभावादनुज्ञातत्वमाकारतो वा दर्शयन्ति तदाऽनुमतमिदममीषामिति कृत्वा तदभिगृह्य चौरापगमानंतरं भूयोऽपि तदप्रीत्यादिपरिहारार्थमस्माभिश्चौरभयादिना गृहीतमिदं साम्प्रतं स्वकीयं गृह्णीतेति जल्पनपूर्वकं पथिकेभ्य एव पुरतस्तच्चौरादत्तं मुञ्चत्येवं कृते यदि ते तद्गृह्णन्ति तदा समर्प्यते परमार्थतस्तदीयमेव, यदि च न गृह्णन्ति वदन्ति च भवन्त एवैतदुपभुञ्जतामिति तदा तैर्मुत्कलितास्तद्गृहीत्वोपभुञ्जते यतय इति गाथार्थः।।५०।।

**अवतरणिका–** उक्तमाच्छेद्यद्वारमथानिसृष्टद्वारमाह।

**मूलगाथा– अणिसिट्ठमदिन्नमणणुमयं च बहुतुल्लमेगु जं दिज्जा।**
**तं च तिहा साहारणचोल्लगजड्डानिसट्ठंति।।५१।।**

**संस्कृतछाया– अनिसृष्टमऽदत्तमऽननुज्ञातं च बहुतुल्यमेको यद्दद्यात्।**
**तच्च त्रिधा साधारणचोल्लकजड्डाऽनिसृष्टमिति।।५१।।**

### 卐 अनिसृष्टस्वरूपम् 卐

**व्याख्या–** अनिसृष्टं पूर्वोक्तशब्दार्थानिसृष्टदोषसंज्ञं तन्मोदकाद्यशनादि भवेदिति शेषः। यत्कि-

આપે. અથવા તો તેવા પ્રકારના ભયથી વિહ્વલતાના લીધે બોલી શકે તેમ ન હોય તો પણ ઈશારાથી પોતાની અનુજ્ઞા દર્શાવે, ત્યારે એઓએ રજા આપી છે એમ સમજીને ચોરોવડે અપાતું પાથેયાદિ લઈને ચોરો ગયાબાદ ફરીવાર સાર્થાદિની અપ્રીતિના પરિહારમાટે સાધુ સાર્થ પાસે જાય અને કહે "ચોરોના ભયથી અમોએ આ ગ્રહણ કર્યું છે. હવે તમો આ તમારું પાછું લઈ લ્યો." એમ બોલવાપૂર્વક પથિક-સાર્થની સામે ચોરો પાસેથી લીધેલું મૂકી દે. હવે જો તેઓ તે લઈ લે તો સાધુ તેને સમર્પિત કરી દે કારણ કે પરમાર્થથી તે તેઓનું જ છે = તેઓએ જાતે આપ્યું નથી અને આપવાની અનુજ્ઞા પણ મૌખિક આપી નથી. જો ગ્રહણ કરે નહિ અને કહે કે "આપ જ આને વાપરો." ત્યારે તેઓવડે એ અનુજ્ઞાત હોવાથી સાધુ તેને ગ્રહણકરીને વાપરે.॥૫૦॥

**અવતરણિકા** :- આ પ્રમાણે આચ્છેદ્યદ્વાર કહ્યું. હવે, અનિસૃષ્ટદ્વાર કહે છે.

**શબ્દાર્થ** :- **अणिसिट्ठं** = અનિસૃષ્ટ, **अदिन्नं** = નહિ આપેલું, **अणणुमयं** = અનુમતિ નહિ આપેલું, **च** = અને, **बहुतुल्लं** = ઘણા માણસોની માલિકીનું, **एगु** = એક જણ, **जं** = જે, **दिज्जा** = આપે, **तं** = તે અનિસૃષ્ટ, **च** = અને, **तिहा** = ત્રણ પ્રકારનું, **साहारण** = ઘણા માણસોની માલિકીનું, **चोल्लग** = માલિકવડે પોતાના નોકરને બક્ષીસ અપાયેલું અથવા ખેતરમાં કામ કરનાર માણસોને અપાતો ભાત, **जड्ड** = હાથીવડે, **अनिसंट्ठति** = અનુજ્ઞા નહિ અપાયેલું.॥૫૧॥

**મૂળગાથા-ગાથાર્થ** :- જે અશનાદિના અનેક માલિક હોય તે અશનાદિ સાધુને આપવામાટે બધાએ કોઈ એકને કહ્યું ન હોય છતાં કોઈ એક આપે તે અનિસૃષ્ટ દોષવાળું કહેવાય અને તે (૧) સાધારણ (૨) ચોલ્લક અને (૩) જડ્ડ રૂપ ઉપાધિભેદે કરીને ત્રણ પ્રકારનું છે.॥૫૧॥

### • અનિસૃષ્ટનું સ્વરૂપ •

**વ્યાખ્યાર્થ** :- 'अणिसिट्ठम्' = 'अनिसृष्टं' = રજા ન દીધેલું. પૂર્વે દ્વારગાથા ૪ માં કહેવાયેલ શબ્દના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मित्याह 'अदिन्नं'ति अदत्तं देयवस्तुस्वामिसमुदायेनाऽवितीर्णं, वचनेन साधुदानायामुत्कलितमित्यर्थस्तथाऽननुमतं स्वोपभोगादिना स्वामिसमुदायस्य दातुमनभिप्रेतं। वा विकल्पे, तथा बहुतुल्यं बहुभिः साधारणं बहुजनसत्कमित्यर्थः। एकः केवलो बहुजनसाहिकाऽस्वामी दाता यल्लड्डुकक्षीरादिकं दद्यात् साधवे प्रयच्छेदिति स्वरूपमभिधाय भेदानाह–

**卐 अनिसृष्टस्य साधारणादित्रिप्रकारं तत्राद्यसाधारणाऽनिसृष्टस्य स्वरूपम् 卐**

तच्च तत्पुनः सामान्येनानिसृष्टं त्रिधा, उपाधिभेदात् त्रिविधं स्यात् केनोल्लेखेनेत्याह साधारणचोल्लकजड्डानिसृष्टमिति, तत्र साधारणं बहुजनसामान्यं, चोल्लकः स्वामिना पदातिभ्यः प्रसादीक्रियमाणं, कौटुम्बिकेन वा क्षेत्रादिस्थितकर्म्मकरेभ्यो दीयमानं, देशीभाषया भक्तमुच्यते, जड्डो हस्ती, अमीषां द्वन्द्वस्तद्विषयमनिसृष्टमिति विग्रहः। इहाऽनिसृष्टशब्दस्य प्रत्येकं सम्बन्धात् साधारणानिसृष्टं चोल्लकानिसृष्टं जड्डानिसृष्टमित्येवं त्रिभेदं भवतीत्यर्थः। इह च साधारणानिसृष्टं यंत्रहट्टगृहाद्याधारमध्यस्थिततैलवस्त्र-

---

અર્થ પ્રમાણે, તે અનિસૃષ્ટ મોદકવગેરે અશનાદિ બને છે. કે, 'जं' = 'यद्' = જે, 'अदिन्नं' = 'अदत्तं' = ન આપેલું. એટલે કે દેયવસ્તુના બધા સ્વામીઓદ્વારા ન અપાયેલ. એટલે કે સાધુદાનમાટે 'હા, આપો' ઈત્યાદિ બોલવાપૂર્વક રજા ન અપાયેલ. તથા, 'अणणुमयं' = 'अननुज्ञातम्' = અનિચ્છા. એટલેકે સ્વોપભોગ = પોતાના ઉપયોગમાં લેવું વગેરે કારણોસર, દેય વસ્તુના બધા સ્વામીઓની આપવાની અનિચ્છા, 'च' = 'वा' = વિકલ્પના અર્થમાં છે. તથા, 'बहुतुल्लम्' = 'बहुतुल्यं' = 'बहुभिः साधारणं' = 'बहुजनसत्कम्' = ઘણાનું ભેગું હોય. એમાંથી 'एगु' = 'एकः' = માત્ર એક વ્યક્તિ. અર્થાત્ ઘણા જનનું ભેગું હોય, એનો માલિક કોઈ એક ન હોય પરન્તુ બધાનીજ માલિકી હોય. પરન્તુ એ બધામાંથી માત્ર કોક એકજ દાતા 'जं दिज्जा' = 'यद्दद्यात्' = જે લાડું કે ખીરવગેરે સાધુને આપે.

આનો ભાવાર્થ આ થયો કે જે દેયવસ્તુના માલિક ઘણા હોય. પરન્તુ એ બધામાંથી કોક એક દાતા સાધુને આપવા તૈયાર છે પરન્તુ બાકીના બધાની અનુમતિ નથી. અથવા તો એ દેયવસ્તુના તમામ માલિક હાજર નથી પરન્તુ કોક એક માલિક બધાને પૂછ્યા વિના જ આપી દે, એને અનિસૃષ્ટ કહેવાય છે. આ પ્રમાણે અનિસૃષ્ટનું સ્વરૂપ કહીને ગાથાના ઉત્તરાર્ધ ભાગમાં એના ભેદોની વાત કહે છે.

**● અનિસૃષ્ટના સાધારણ - અનિસૃષ્ટ વગેરે ત્રણ પ્રકારો,**
**તેમાં પહેલા સાધારણ - અનિસૃષ્ટનું સ્વરૂપ ●**

'तं च तिहा साहारण-चोल्लग-जड्डानिसट्ठंति' = 'तच्च त्रिधा साधारण-चोल्लक-जड्डानिसृष्टमिति' = સામાન્યતયા અનિસૃષ્ટના ૩ ભેદ છે.

(૧) 'साधारण' (૨) 'चोल्लक' (૩) 'जड्ड'. આમાં, (૧) સાધારણ એટલે ઘણા જનોનું ભેગું હોય. (૨) ચોલ્લક એટલે કે સ્વામીવડે = રાજા અથવા એના અધિકૃત અધિકારી સેનાપતિવગેરેવડે, પદાતિને = હાથી-ઘોડાવગેરે પર ન બેઠેલા ભૂમિ પર લડતા પગપાળા સૈનિકોને પ્રસાદી રૂપે જે આપે તે. અથવા કૌટુમ્બિક ઘરના વડેરાવડે ખેતીવાડીવગેરેમાં કામ કરતા હાલિક નોકરોને જે અપાતું હોય છે તે. દેશી ભાષામાં જેને 'भक्त' = ભોજન = ભાથું કહેવાય છે તે. (૩) જડ્ડ એટલે હાથી. હાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लड्डुकक्षीरादिदेयवस्तुभेदेनानेकवस्तुविषयं भवति तत्र घणकादियन्त्रे तिलकुट्टितैलादिकं हट्टे वस्त्रादिकं क्वचिद्गृहे विभवाद्युपेते सङ्खड्यां वाऽशनादिचतुर्विधाहारादिकं बहुजनसाहिकं स्वाम्यननुज्ञातं यद्येको दद्यात्तत्साधारणानिसृष्टं। अत्र च लड्डुकद्रव्यं प्रतीत्य साधारणानिसृष्टमाख्यानकेनोच्यते।(ग्रं० २०००)

**卐 साधारणाऽनिसृष्टविषये दृष्टांतः 卐**

खिइयपइट्ठिय नामं नयरं आसि। तत्थ य माणिभद्दस्सालिभद्दपमुहा बत्तीसं तरुणा य अवरोप्परं मित्ता चिठिंसु तेहिं अन्नया कयाइ उज्जाणियानिमित्तं बहवे लड्डुया साहियामोल्लेण काराविऊण उज्जाणे नीया। तओ ते तत्थेगं रक्खवालं जुवाणं तेस्सिं रक्खणट्ठा मोत्तुं सेसा णईए ण्हाणनिमित्तं गया। एत्थन्तरे भिक्खानिमित्तं एगो साहू तत्थागओ। तेण दिट्ठा मोयगा धम्मलाभं काऊण मग्गिओ जुवाणो तेण भणिय भट्टारया ! अन्नेसिंपि एगतीसं जणाणं सामन्ना एए, कहमेगागीहं देमि, साहुणा भणियं ते कत्थ गया तेण भणियं नईए ण्हाणनिमित्तं, साहुणा वुत्तं भो भो महाणुभाव ! मूढोऽसि तुमं जो परसंतिए लड्डुए मे दाउं अप्पणा एक्कल्लओ पुन्नं न

---

માટે રાજભંડારમાંથી મહાવતને અપાતું ભોજન = મોદકવગેરે. આ બધાનો દ્વન્દ્વ કરવો. એટલે કે આ બધા સંબંધી અનિસૃષ્ટદોષ જાણવો. અહીં અનિસૃષ્ટ શબ્દ બધાને લગાડવો.. અર્થાત્ (૧) સાધારણ = બધાનું ભેગું અનિસૃષ્ટ (૨) ચોલ્લક = ભોજનઅનિસૃષ્ટ (૩) જડ્ડ = હાથીઅનિસૃષ્ટ.

(૧) અહીં સાધારણ અનિસૃષ્ટ યંત્ર, હાટ, ઘરવગેરે રૂપ આધારની મધ્યમાં રહેલ તેલ-વસ્ત્ર-લાડુ-ખીરવગેરે દેયવસ્તુના ભેદવડે અનેક વસ્તુઓના વિષયવાળું બને છે. તે આ રીતે કે, ઘાણીવગેરે યંત્રમાં તલસાંકળી, તેલ વગેરે, હાટ = દુકાનમાં વસ્ત્ર, અને કોક વૈભવશાળી ઘરની સંખડીમાં અશનાદિ ૪ પ્રકારો ઘણા લોકો સંબંધિ હોય. આ બધામાં, એ દેયવસ્તુના બધા સ્વામી જો અનુજ્ઞા ન આપે, પરન્તુ માત્ર કોક એક આપે. તેને સાધારણઅનિસૃષ્ટ કહેવાય.

**• સાધારણ અનિસૃષ્ટ વિષયમાં દૃષ્ટાંત •**

લાડુ દ્રવ્યને અનુલક્ષીને સાધારણઅનિસૃષ્ટ કથાનકવડે કહેવાય છે.

ક્ષિતિપ્રતિષ્ઠિત નામના એક નગરમાં માણિભદ્ર - શાલિભદ્રવગેરે બત્રીશ જુવાનિયાઓ અરસ-પરસ મિત્રો હતા. તેઓ બધા ભેગા મળીને એકવાર ઉજાણી મનાવવા પૈસાની ટીપ કરીને એમાંથી ઘણાં લાડુઓ કરાવીને ઉજાણીમાં લઈ ગયા. ત્યાં જઈને લાડવાની રક્ષામાટે તેઓમાંથી જ એકને રખેવાળ તરીકે ગોઠવીને બાકી બધા નદીએ ન્હાવા ગયા. તે દરમ્યાનમાં એક સાધુ ભિક્ષા માટે ત્યાં આવ્યા. સાધુએ લાડુ જોયા એટલે 'ધર્મલાભ' કહીને લાડુઓ માંગ્યા. તે રખેવાળે કહ્યું "હે ભટ્ટારક ! આમાં બીજા પણ ૩૧ લોકો ભાગીદાર છે, તેથી એકલો જ શી રીતે આપું ?" સાધુએ કહ્યું, "તેઓ ક્યાં ગયા ?." રખેવાળે કહ્યું "નદીએ ન્હાવા ગયા." સાધુએ કહ્યું "ઓ મહાનુભાવ ! તમો મૂઢ છો કે બીજા સંબંધી લાડુઓ મને આપીને તમો પોતે પુણ્ય કમાતા નથી, વળી બત્રીશ લાડુ બધા આપશે તો તેમાં તમારા ભાગે તો માત્ર એકજ લાડુ આવશે. માટે આ તો ઓછું નુકસાન અને ઘણો લાભ છે. આવું ગણિત જો સમજતા હો તો મને લાડવા આપી દો." આમ વારંવાર કહ્યું એટલે પેલા રખેવાળે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गिण्हसि। किंचि बत्तीसेहिं वि दिन्नेहिं तुह भाए एक्को चेवागच्छिस्सइ। ता एयं अप्पवयं बहुआयं दाणं जइ जाणसि तो मज्झ मोयगे देहि एवं पुणो पुणो भणिए तेण दिन्ना। सो य भायणं भरिऊण जाव तओ ठाणओ निग्गच्छइ ताव माणिभद्दाइणो संमुहा आगच्छन्ति। तेहिं पुट्ठो भट्टारया ! किं एत्थ लद्धं। साहुणा नायं जहा एते लड्डुयाणं सामिया तो जइ लड्डुए लद्धे कहिस्सं, ता एए नियगेत्ति काउं उद्दालिस्संति त्ति चिन्तिय भणियं न किंचि। तेहिं तं भारक्कंतं दट्ठुं संकिएहिं वुत्तं पेच्छिमो भायणं दवेहि, साहू न दवेइ। बलावि पलोइयं जाव नियगा लड्डुगा दिट्ठा। तओ तेहिं कोवारुणलोयणेहिं सो जुव्वणो पुट्ठो। जहा किं तए एए लड्डुया एयस्स दिन्ना तेण भीएण भणियं न मए दिन्ना। तओ तेहिं वुत्तं पावसाहुवेसेण चोरोसि तुमं एण्हिं सलोत्तो लद्धोसि कहिं गच्छिहिसि गहिओ वत्थंचले। कड्ढिओ नाहए भणिओ य, आगच्छेहि धम्माहिगरणे रहोहरणपत्ताइयं उड्डालिऊण नीओ धम्माहिगरणे, कहिओ तेहिं धम्माहिगरणियाणं वुत्तन्तो, साहू वि तेहिं पुट्ठो लज्जाइणा न किंचि जंपेइ। तेहिं वि पारंतेहिं चोरो त्ति साहू ठाविओ परं लिंगिउ त्ति काउं निविसओ काराविओ राइणा। तहेव कयंति।

तदेवं यस्मादनायकाद्भक्तादेर्ग्रहणे ग्रहणाकर्षणधर्माधिकरणनयनरजोहरणाद्युद्दालनगृहस्थीकरणदेश-

લાડવા આપી દીધા. સાધુ પોતાના પાત્રા ભરીને જ્યાં એ સ્થાનેથી નીકળવા જાય, ત્યાંજ માણિભદ્ર વગેરે સન્મુખ આવે છે. તેઓએ પૂછ્યું "ઓ ભટ્ટારક ! તમોએ આ શું મેળવ્યું ?" સાધુને ખ્યાલ આવી ગયો કે 'આ તો લાડુઓના સ્વામી છે. જો એમને લાડુ ક્યાંથી મેળવ્યા એ કહી દઈશ તો 'આ લાડુઓ પોતાના છે' એમ જાણીને પડાવી લેશે.' એમ વિચારીને સાધુએ કહ્યું, "કાંઈ નહિ." પરન્તુ તેઓએ સાધુના ભારીખમ પાત્રા જોઈને શંકા પડવાથી કહ્યું "આપના પાત્રા બતાવો." સાધુએ બતાવ્યા નહિ. એટલે બળાત્કારે પણ તેઓએ પાત્રા જોયા અને જાણ્યું કે આ તો પોતાના જ લાડવા છે. ભયંકર ગુસ્સે ભરાઈ તેઓએ પેલા રખેવાળ મિત્રને પૂછ્યું, "કેમ ? તેં આમને આપણા લાડવા આપ્યા?" પેલાએ ભયથી કહ્યું "મે નથી આપ્યા." તેઓએ સાધુને કહ્યું, "પાપી ! સાધુના વેશમાં તું ચોર છે. આ માલસહિત પકડાયો છો ! હવે ક્યાં જશે ?" એમ કહીને કપડાના છેડાથી સાધુને પકડ્યો અને "ચાલ ન્યાયાલયમાં" એમ કહીને રજોહરણ-પાત્રાવગેરે ઝુંટવીલઈને સાધુને ન્યાયાલયમાં ઢસડી ગયા. ત્યાંના ન્યાયાધીશોને બધી વાત કરી. તેઓએ પણ સત્ય હકીકત જાણવા સાધુને પૂછ્યું. પણ લજ્જાઆદિ કારણે સાધુ કાંઈ બોલ્યો નહિ. એટલે ન્યાયાધીશોએ ચોર છે એમ માની લીધું. પરંતુ, ગમે તેમ તો આ લિંગી = સાધુ વેષધારી છે. એને બીજી આકરી સજા ન કરાય રાજાએ સાધુને દેશત્યાગ કરવા કહ્યું. એ પ્રમાણે સાધુનો દેશનિકાલ થયો.

આ પ્રમાણે નાયકની અનુજ્ઞાવિના ભક્તાદિના ગ્રહણમાં પકડાવવું - ખેંચાવવું - ન્યાયાલયમાં લઈ જવું. રજોહરણ વગેરે ઝૂંટવું, ગૃહસ્થ રૂપે કરાવવું, દેશનિકાલ થવો, પ્રવચનહીલના થવી વગેરે સ્વરૂપ દોષો સંભવે છે. તેથી સાધારણઅનિસૃષ્ટ ગ્રહણ કરવું નહિ.

પરન્તુ આટલું જાણી લેવું કે, ગમે તે કારણે પૂર્વે અનનુજ્ઞાત ગ્રહણ કરાયું હોય પરન્તુ પાછળથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निष्कासनप्रवचनमालिन्यापादानादिलक्षणा एते दोषाः स्युः तस्मात्साधारणानिसृष्टं न ग्राह्यमिति। यदि च तत्कथञ्चित् पूर्वमननुज्ञातं गृहीतं पश्चाद्भद्रकादितया सर्वस्वामिभिर्मुत्कलितं तदा गृहीतं तु कल्पते।

**卐 चोल्लकाऽनिसृष्टस्य छिन्नाऽच्छिन्नद्विप्रकारौ, तयोः स्वरूपं च 卐**

तथा चोल्लको द्विधा। छिन्नाच्छिन्नभेदात्। तत्र गृहादिसाधारणस्थाल्याः पृथक्कृतश्छिन्नः। पृथगकृतश्चाच्छिन्नः। तथा किल कश्चित् कौटुम्बिको भक्ताहारकहस्तेन गृहात् क्षेत्रे हालिकानां भोजनाय चोल्लकं स्थापयति। तत्र गृहादिसाधारणाया गृहे स्थितायाः क्षेत्रे नीताया वा स्थाल्या मध्याद्धालिकभोजनाय पृथक् पृथक् भाजनेषु परिवेषितश्छिन्नः स्यात्। तथा गृहस्थितः क्षेत्रे चानीयमानः क्षेत्रे नीतो वा हालिकभुक्तशेषो वा क्षेत्राद्भक्ताहारकहस्ते व्यावर्त्तमानो वा स्थालीस्थितोऽच्छिन्नः स्यात्। तत्राप्यच्छिन्नो गृहसाधारणस्तेन कौटुम्बिकेन साधुभ्यो दानाय मुत्कलितोऽमुत्कलितश्च स्यात्।

**卐 छिन्नाऽच्छिन्नचोल्लकौ कदा कल्पेते ? तत्र दोषाश्च 卐**

तत्र च्छिन्नचोल्लके यदर्थं छिन्नः स यदि हालिकस्तन्मध्यात् किञ्चित् साधवे ददाति, तदा स

---

ભદ્રકતાઆદિ ગુણોને લીધે એના બધા જ માલિકો જો રજા આપી દે, તો એ કલ્પ્ય છે.

**• ચોલ્લક - અનિસૃષ્ટના છિન્ન અને અચ્છિન્ન એ બે પ્રકારો અને તેઓનું સ્વરૂપ •**

(૨) હવે ચોલ્લક અનિસૃષ્ટની વાત કરે છે.

ચોલ્લક અનિસૃષ્ટના બે પ્રકારો છે. (૧) છિન્ન. (૨) અછિન્ન.

(૧) છિન્ન = ઘરવગેરેમાં બધાની ભેગી એક તપેલીમાંથી અલગ કરાયું હોય તે છિન્ન, તેમજ (૨) જે અલગ ન કરાયું હોય તે અછિન્ન કહેવાય છે. જેમકે, કોક કૌટુમ્બિકપુરુષ, ઘરથી ખેતરમાં ભોજન સામગ્રી લઈજનાર માણસપાસે ખેડુતો = હાલિક આદિનું ભોજન રખાવે. તેમાં, ગૃહવગેરે સંબંધી બધાની ભેગી એ ભક્તાદિસામગ્રી, તપેલી વગેરેમાં ઘરે હોય અથવા તો ખેતરમાં લઈ જવાઈ હોય. તે તપેલીવગેરેમાંથી ખેડૂતોના ભોજનમાટે અલગ અલગ ભાજનોમાં પીરસી દીધું હોય. તો આ "છિન્ન ચોલ્લક" = ભાગ પાડેલું થયું.

બધાની ભેગી ભક્તાદિ યુક્ત તપેલી ઘરમાં રહી હોય કે 'भक्ताहारक' વડે = ભક્તાદિ ખેતરમાં લઈજનાર માણસવડે, ખેતરમાં લઈ જવાતી હોય કે ખેતરમાં લઈ જવાઈ હોય. અથવા તો ખેડુતોએ જમી લીધા બાદ વધેલું પાછું ઘરે લઈ જવાતું હોય. એ વખતે જે તપેલીમાં હોય તે "અછિન્નચોલ્લક" કહેવાય છે.

આ બન્ને ભેદોમાંથી પણ જે અછિન્ન છે, તે ગૃહસાધારણ છે = ઘરના બધાનું ભેગું છે. એ ગૃહસાધારણ ભક્તાદિ તે કૌટુમ્બિક પુરુષવડે સાધુદાનમાટે અનુજ્ઞાત હોય અને અનનુજ્ઞાત હોય. એમ બન્ને પ્રકારે હોઈ શકે છે.

**• છિન્ન અને અચ્છિન્ન ચોલ્લક કલ્પે ક્યારે ? તેમાં દોષો •**

છિન્ન ચોલ્લકમાં જે ખેડૂત = હાલિકમાટે અલગ કરાયું હોય. તે ખેડુત જો પોતાના એ ભાગમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हालिकेन दीयमानः कौटुम्बिकेन पार्श्ववर्तित्वावर्तित्वाभ्यां दृश्यमानोऽदृश्यमानश्च ग्रहीतुं कल्पते तेन छेदेन तस्य स्वकीयीकृतस्य दत्तत्वात्। अच्छिन्नचोल्लके च भक्ताहारकहालिकयोर्मध्याद्यः कौटुम्बिकेन साधवे दानायाऽनुज्ञातः, स यदि ददाति तदाऽसौ कल्पते तथा छिन्नोऽपि कौटुम्बिकेनापि निसृष्टः कल्पते ग्रहीतुं नवरं यदर्थं छिन्नस्तस्य यद्यप्रीतिरन्तरायकरणं वा न स्यात्तदा, नान्यथा। अच्छिन्ननि-सृष्टश्च चोल्लकः कौटुम्बिकेन दृष्टोऽदृष्टो वा भक्ताहारकेण हालिकेन वा साधवे दीयमानस्तस्य ग्रहीतुं न कल्पते अदत्तादानदोषात् कौटुम्बिकस्य मत्सरादिसम्भवाच्च। प्रायः क्षेत्र एव हालिको भुञ्जते इति क्षेत्रे चोल्लक उक्तः। यदि कश्चिद्गृहेऽपि भुङ्क्ते तदा सोऽप्येतदनुसारतो भावनीयः। एवं तडागखननादिके उड्डादिष्वपि (?) भावनीयं।

થોડું ઘણું સાધુને આપી દે, ત્યારે તે ખેડુત = હાલિક દાન આપી રહ્યો છે તે વખતે કૌટુમ્બિક પુરુષ બાજુમાં હોવાથી અપાતું અશન જોવાતું હોય કે બાજુમાં ન હોવાથી ન જોવાતું હોય છતાંય ગ્રહણ કરવું કલ્પે. કારણ કે તે ભક્તાદિનો ભાગ થયો એટલે એ ભાગ એ ખેડુત = હાલિકઆદિની માલિકીનો થઈ ગયો. એટલે પોતાનું = પોતાના ભાગમાં આવેલું = માલિકીનું આપે છે. પણ આ વાત ગૌણ રૂપે જાણવી. વિશેષમાં તો, છિન્ન ભક્તાદિ પણ જો કૌટુમ્બિકપુરુષવડે પણ અનુજ્ઞા અપાઈ હોય તો એ ગ્રહણ કરવું કલ્પે છે, નહીંતર કૌટુમ્બિકપુરુષ નારાજ થાય-ગુસ્સે થાયવગેરે દોષોનો સંભવ છે. પરન્તુ એટલું ધ્યાન રાખવું કે, જેના માટે છિન્ન થયું હોય તેને અપ્રીતિ ન થતી હોય કે અન્તરાય ન થતો હોય = એના ભાગનું અપાયાબાદ એને ભૂખ્યા રહેવાનું થાય વગેરે સ્વરૂપ અન્તરાય ન થતો હોય તો જ કલ્પે, અન્યથા કલ્પતું નથી.

'અછિન્નચોલ્લક'માં, ભક્તાહારક = ભોજન લઈને જનાર અને ખેડુત = હાલિક એ બન્નેમાંથી જે કોઈને સાધુને દાન આપવાની કૌટુમ્બિકે = માલિકે પોતાની અનુમતિ દર્શાવી હોય. તે વ્યક્તિ આપે તો એ ભક્તાદિ કલ્પે છે.

અહીં એક વાત આ ધ્યાનમાં રાખવી કે અગાઉ જે 'છિન્નચોલ્લક' ની વાત આવી. એમાં, ખેડુત = હાલિકને પોતાનો ભાગ અપાઈ ગયો અને પોતાનો એ માલ સાધુને વહોરાવે તો કલ્પે એમ કહ્યું છે. જ્યારે અહીં ખેડુત = હાલિકમાટે ભાગ પાડ્યો ખરો પણ હજુ ખેડુતને આપવામાં આવ્યો નથી, અને જો એમાં પણ કૌટુમ્બિક = માલિકની અનુજ્ઞા હોય તેમજ ખેડુતને = હાલિક ને અપ્રીતિ ન થતી હોય કે અન્તરાય ન થતો હોય તો એ કલ્પ્ય છે. અન્યથા નહિ.

અચ્છિન્નનિસૃષ્ટ ચોલ્લકમાં તો ભક્તાહારક = ભોજન લઈજનાર કે ખેડુત = હાલિક વડે અપાતું દાન કૌટુમ્બિક જુવે કે ન જુવે એ કલ્પે નહિં. કારણ કે એમાં કૌટુમ્બિક = માલિક પુરુષે આજ્ઞા આપી નથી માટે અદત્તાદાન નો દોષ લાગે છે. જેના લીધે એ કૌટુમ્બિક = માલિક મત્સરાદિ = ક્રોધાદિ કરી બેસે.

પ્રાયઃ કરીને ક્ષેત્ર = ખેતરમાં જ ખેડુત = હાલિક જમતો હોય છે માટે ખેતરને વિશે ચોલ્લક કહેવાયું છે. બાકી તો, જો કોક ઘરમાં પણ જમે તો તેમાં પણ ઉપર કહ્યા અનુસાર સમજી લેવું. એજ પ્રમાણે તળાવ ખોદાવાના વિશે કે કૂવોઆદિ ખોદાવાના વિશે પણ જાણી લેવું. અર્થાત્ તળાવ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ जड्डाऽनिसृष्टस्य स्वरूपं तत्र दोषाश्च ॥

तथा जड्डस्य हस्तिनः सम्बन्धि पिण्डरूपं वस्तु राज्ञा गजेन चाननुज्ञातत्वादनिसृष्टं जड्डानिसृष्टमुच्यते। इह कश्चिन्मेण्ठः साधुभक्तो हस्तिसत्कस्याहारस्य मध्यादाहारं साधवे यदि ददाति, तदा स गजस्य पश्यतोऽपश्यतो ग्रहीतुं न कल्पते तस्य गजपिण्डत्वात् स च साधूनां न कल्पते राजगजाभ्यां साधवेऽननुज्ञातत्वादसावदत्तादानत्वेन चाकल्प्यः। तथा तं पिण्डकं दीयमानेन असौ गजो दातुमिच्छति नवेति न ज्ञायते। ततो यदि नेच्छति तदा तद्गृह्णाने तस्य मनोबाधा कृता स्यात् सा च साधूनां परिहार्या। तथा तत् पिण्डं गृह्णन् साधुः प्रत्यासन्नतया हस्तिना शुण्ड्या गृह्यते कदर्थ्यते वा। यदासौ केनापि मदीयगजस्य वैरिणा राज्ञा हस्तिनां(नं) कवलनायानेन वेषेण प्रस्थापितोऽन्यथा कथं पिण्डग्रहणव्याजेन हस्तिनः प्रत्यासन्नः समागच्छतीति विचिन्त्य हस्तिरक्षकपुरुषैर्गृह्येत, ततो मरणाद्यपि प्राप्नुयात्। तथा हस्तिनस्तत्प्रमाणाहारस्य लाभच्छेदेनान्तरायिकं कृतं स्यादित्येतद्दोषदुष्टत्वादसौ न ग्राह्य इति।

## ॥ जड्डाऽनिसृष्टं कदा कल्पते ॥

नवरमिह प्रथमैको गजभक्तपिण्डको राज्ञा गजेन चानुज्ञातः प्रतिदिनं मेंठो लभते। तं

---

ખનનઆદિ કાર્યોમાં લાગેલા નોકરોના ભક્તાદિના વિષે પણ ઉપર પ્રમાણેની સઘળી વાત જાણવી.

## • જડ્ડ - અનિસૃષ્ટનું સ્વરૂપ અને તેમાં દોષો •

(૩) હવે જડ્ડઅનિસૃષ્ટની વાત કરે છે. હાથી સંબંધી પિણ્ડરૂપ વસ્તુ કે જે રાજાવડે કે હાથી વડે અનુજ્ઞા અપાઈ ન હોવાથી અનિસૃષ્ટ છે. આ જડ્ડઅનિસૃષ્ટ કહેવાય. તે આ રીતે કે, કોક સાધુનો ભક્ત મહાવત, હાથી સંબંધી આહારમાંથી સાધુને જો આપે, ત્યારે તે હાથી જોતો હોય કે ન જોતો હોય, એ ગ્રહણ કરવું કલ્પતું નથી, કારણ કે એ હાથીનો પિણ્ડ છે. તેમજ રાજા અને હાથીવડે સાધુને આપવામાટેની અનુજ્ઞા અપાઈ ન હોવાથી આ અદત્તાદાન રૂપે થતું હોવાથી કલ્પતું નથી. કારણ કે તે પિણ્ડ આપતી વખતે 'આ હાથી આપવા ઈચ્છે છે કે નહિ ?' એવું જાણી શકાય નહિ. તેથી જો એ ઈચ્છતો ન હોય ત્યારે તે ગ્રહણ કરવામાં તે હાથીને મનોબાધા = મનદુઃખ થાય, જે મનોબાધા સાધુએ વર્જવી જોઈએ. અથવા તો આવું પણ થાય કે પિણ્ડ ગ્રહણકરતો સાધુ નજીક હોવાથી હાથી પોતાની સૂંઢવડે સાધુને ગ્રહણ કરે કે કદર્થના પણ કરે. અથવા, 'આ તો મારા આ હાથીના કોક વૈરી રાજાએ હાથીને મારવા માટે સાધુના વેષે આને મોકલ્યો છે, નહીંતર પિણ્ડ લેવાના બહાને હાથીની નજીક શી રીતે આવી શકે ?" આમ વિચારીને હાથીના રક્ષકપુરુષો એ સાધુને પકડે. એમાં સાધુ કદાચ મોતવગેરેને પણ પામે. અથવા તો જેટલા પ્રમાણમાં આહાર સાધુએ ગ્રહણ કર્યો હોય એટલા પ્રમાણનો લાભ હાથીનો હણાઈ જવાથી હાથીને અન્તરાય કરવાનું થાય છે. આ બધા ઉપરોક્ત સંભવિત દોષોના લીધે પણ હસ્તિપિણ્ડ લેવો ન જોઈએ.

## • જડ્ડ - અનિસૃષ્ટ ક્યારે કલ્પે ? •

અહીં આટલી વાત વિશેષ જાણવી કે હાથીને જે આહાર આપવામાં આવતો હોય તેમાંથી મહાવતને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भक्तपिण्डकं मेंठेन स्वं दीयमानं गजेनादृष्टं यदि ददाति तदास्मै कल्पते। यदि च स्वपिण्डकमपि गजस्य पश्यतः प्रतिदिनमभीक्ष्णमसौ ददाति साधुश्च गृह्णाति तदा यदयं मुण्डो मेंठात्सकाशात् पिण्डं गृह्णाति तं च मेंठो मदीयपिण्डमध्यात् स्वलभ्यं पिण्डोलकं स्थूलतरं गृह्णातीत्यादि विचिन्त्य प्रद्वेषेणासौ गजः साधूपाश्रयस्य यतेर्वा विनाशमपि कुर्यात्, सकृद् ग्रहणे च न तथाविधो दोष इत्यनवरतमसौ न ग्राह्य इति गाथार्थः।।५१।।

**अवतरणिका**– उक्तमनिसृष्टद्वारमथाध्यवपूरकद्वारमाह।

**मूलगाथा– जावंतियजइपासंडियत्थमोयरइ तंदुले पच्छा।**
**सद्धा(ड्ढा) मूलारंभे जमेस अज्झोयरो तिविहो।।५२।।**

**संस्कृतछाया– यावदर्थिक-यति-पाखण्डाऽर्थमऽवतारयति तंदुलान्पश्चात्।**
**स्वार्थं मूलारंभे यदेषोऽध्यवपूरकः त्रिविधः ।।५२।।**

**卐 अध्यवपूरकस्वरूपम् 卐**

**व्याख्या**– सूचनाद्यावदर्थिकाश्च समस्तार्थिनः, यतयश्च निर्ग्रन्थाः, पाखण्डिकाश्चरकादयस्ते

---

પ્રથમ એક ભાગ આપવો એવી અનુજ્ઞા રાજા અને હાથી બન્ને દ્વારા અપાઈ હોય. એ જ પ્રમાણે રોજે રોજ મહાવત પોતાનો ભાગ મેળવતો હોય. તે ભાગમાંથી જો મહાવત હાથી ન જુએ એ રીતના સાધુને વહોરાવે ત્યારે તે કલ્પે છે. પરન્તુ, મહાવત જો એ પોતાના ભાગમાંથી હાથીની નજર સામે વારંવાર સાધુને આપે અને સાધુ ગ્રહણ કરે. તો, "આ સાધુ મારા આ મહાવત પાસેથી પિંડ ગ્રહણ કરે છે. એટલે ચોક્કસ મને અપાતા આહારમાંથી મોટો ભાગ મહાવત લઈ લેતો હશે" ઈત્યાદિ વિચારીને રોષે ભરાયેલ એ હાથી સાધુના ઉપાશ્રયનો અથવા સાધુનો વિનાશ પણ કરી દે.

જોકે એકાદવાર હાથીના દેખતા લેવામાં વાંધો નથી. માટે જ, વારંવાર લેવાનો નિષેધ કરાયો છે.।।૫૧।।

**અવતરણિકા** :- આમ અનિસૃષ્ટદ્વાર કહ્યું. હવે, 'अध्यवपूरक' દ્વાર કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **जावंतिय** = સમસ્તઅર્થીઓ, **जइ** = નિર્ગ્રંથો, **पासंडियत्थ** = ચરકાદિઓમાટે, **ओयरइ** = વધારે નાંખે, **तंदुले** = ચોખાવિગેરે, **पच्छा** = પાછળથી, **सड्ढा** = પોતાનામાટે, **मूलारंभे** = અગ્નિ સળગાવવો તથા આંધણવિગેરેના આરંભ કર્યા પછી, **जं** = જે કારણથી, **एस** = આ, **अज्झोयरो** = અધ્યવપૂરક નામનો દોષ, **तिविहो** = ત્રણ પ્રકારનો.।।૫૨।।

**મૂળગાથા-ગાથાર્થ** :- ગૃહસ્થે પોતાના માટે રસોઈની શરૂઆત કર્યા પછી સમસ્તઅર્થીઆદિને માટે તેની અંદર ચોખાવગેરે વધારે નાંખવા તેનું નામ અધ્યવપૂરક. આ અધ્યવપૂરકના મિશ્રજાતની માફક (૧) યાવદર્થિક (૨) પાખંડી અને (૩) યતિ. અમે ત્રણને ઉદ્દેશીને બનતું હોવાથી તેના ત્રણ પ્રકાર છે.।।૫૨।।

## ● અધ્યવપૂરકનું સ્વરૂપ ●

**વ્યાખ્યાર્થ** :- 'जावंतिय' = 'यावदर्थिकाः' = 'समस्तार्थिनः' = તમામ યાચકો, 'जइ' = 'यतयः'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथोक्तास्तेभ्य इदं तदर्थमेतन्निमित्तमित्यर्थः। यद्यस्मात्कारणादवतारयति स्वगृहयोग्यकगो(कङ्ग्वा)दीनां मध्ये मिश्रितान् कृत्वा गृही स्थाल्यां प्रतिक्षिपति। 'तंदुले'ति धान्यकणान्। उपलक्षणत्वादधिकतरजलकणादीनीत्यर्थः कथमित्याह पश्चान्मूलारम्भोत्तरकालं, यद्वा पश्चादुपरि(श्च) मानोलङ्घनेनेत्यर्थः। पश्चाच्छब्दस्य सम्बन्धिशब्दत्वात्पूर्वत्वमपेक्षते, अतोऽनुक्तमिति(मपि) पूर्व्वमिति विशेषणं दृश्यं। ततः किमपेक्षं पश्चादित्याह स्वार्थं गृहार्थं पूर्व्वं कर्प्पटिकाद्यागमनापेक्षयाऽग्रतो विहिते सतीति विशेषः। कस्मिन्नित्याह। मूलं प्रथमोऽग्निज्वालनाद्रहणदानादिरूपारम्भादिकर्त्तव्यव्यापारो मूलारम्भस्तस्मिन्। एतेन च मिश्रजातादध्यवपूरकस्य नानात्वं दर्शित्वं।

**卐 मिश्रजाताऽध्यवपूरकयोर्नानात्वं 卐**

मिश्रे ह्यादितोऽग्निज्वालनादिप्रस्ताव एव स्वगृहयावदर्थिकाद्यर्थमुपस्कर्त्तुमारभते, अध्यवपूरके च गृहीणा स्वार्थमग्निज्वालनाद्याद्रहणदानान्तं आरम्भे कृते सति पश्चात्स्वार्थकल्पिततन्दुलानां मध्ये कार्पटिकाद्यर्थं तन्दुलादीनां माणकादिकं सङ्कल्पितं प्रक्षिप्य राध्यते इत्युभयोर्भेदः। यत्तदोर्नित्य-

---

= निर्ग्रन्थो, तथा 'पासंडिय' = 'पाखण्डिकाः' = ચરકાદિ ઈતર સંન્યાસી-જોગી-બાવા વગેરેને, 'अत्थं' = 'अर्थम्' = માટે. એટલે કે યાવદર્થિકવગેરે બધા માટે, 'जम्' = 'यत्' = જે કારણસર, 'ओयरइ' = 'अवतारयति' = ઉમેરે = નાંખે. એટલે કે ગૃહસ્થ, સ્વ-ગૃહને યોગ્ય કંગુવગેરેમાં ચોખા મિશ્ર કરીને તપેલીમાં નાંખે. (કંગુ = કાંગ = જેમ મગ-મેથી આવે છે, તેમ આ પણ એક જાતનું ધાન્ય છે. કાંગની દાળ પણ બને છે.) શું નાંખે ? તે જણાવે છે, 'तंदुले' = 'तंदुलान्' = 'धान्यकणान्' = ધાન્ય એટલે કે અનાજના દાણાઓને ઉપલક્ષણથી વધારે પાણી નાંખવાનું વગેરે પણ જાણી લેવું. કેવી રીતે નાંખે? તે જણાવે છે, 'पच्छा' = 'पश्चात्' = પાછળથી, એટલે કે મૂળઆરંભના ઉત્તરકાળમાં (मूळारंभ = ઘરમાટે જે રાંધવા મૂક્યું હોય તે). અથવા 'पश्चात्' = 'उपरि' = ઉપરથી. એટલે કે માનને (પ્રમાણને) ઓળંગીને નાંખે. ('पश्चात्'નો પ્રથમ અર્થ કાળની પછીના અર્થમાં છે અને અથવામાં = બીજો અર્થ દ્રવ્યની અધિકતા સૂચક છે.) અહીં 'पच्छा' = 'पश्चात्' શબ્દ એ સંબંધબોધક છે. એટલે કે 'पश्चात्' શબ્દ એ 'पूर्वत्वम्' = પૂર્વપણાની અપેક્ષા રાખે છે. આથી 'पूर्व' શબ્દ મૂળમાં ન આવ્યો હોવા છતાં જાણી લેવો. આ 'પશ્ચાત્' શબ્દ કઈ અપેક્ષાએ છે ? તે હવે જણાવે છે કે, 'सट्ठा' = 'स्वार्थे' = કાર્પટિકવગેરે આવવા **પૂર્વે** જ સ્વાર્થ-ઘરમાટે કર્યું હોય. શું કર્યું હોય ? તો કહે છે, 'मूलारंभे' = મૂળમાં = પ્રારંભમાં જ આરંભ કર્યો હોય. એટલે કે પહેલી વખત જે અગ્નિ સળગાવવો, આંધણમૂકવુંવગેરેરૂપ આરંભઆદિ કર્તવ્યવ્યાપાર કર્યા હોય.

**• મિશ્રજાતથી અધ્યવપૂરક એ જુદું છે •**

અહીં 'मूलारंभ' ની આવી વ્યાખ્યા કરવા દ્વારા મિશ્રજાત કરતા આ અધ્યવપૂરકનું જુદાપણું છતું કર્યું છે એમ જાણવું. કારણ કે મિશ્રજાતમાં તો પ્રથમથી જ દેવતા પેટાવવોવગેરેમાં સ્વગૃહ અને યાવદર્થિકાદિમાટે રાંધવાની શરૂઆત કરે. જ્યારે અહીં અધ્યવપૂરકમાં તો ગૃહસ્થે સ્વાર્થમાટે દેવતા પેટાવવાથી માંડી આંધણ મૂકવા સુધીનો બધો આરંભ કર્યાબાદ પાછળથી સ્વાર્થ માટે જેટલા ચોખા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

योगाद्यदिति व्याख्यातं तत्तस्मात्कारणाद् एषोऽनन्तरोक्तः स्वार्थदत्ताद्रहणे प्रथमं कृते प्रभूतभिक्षाचरसंदर्शनतस्तदर्थमपि पश्चादधिकतरं तंदुलादिप्रक्षेपकरणलक्षणोऽध्यवपूरक उक्तशब्दार्थस्त्रिविधो यावदर्थिकादिविघटितभेदात्त्रिप्रकारः स्याद्यथा स्वगृहमिश्रशब्दयोः प्रस्तावादगम्यमानत्वात् स्वगृहयावदर्थिकमिश्रो निजवेश्मकार्प्पटिकादिसाहिक इत्यर्थः। तथा स्वगृहसाधुमिश्रो निजगृहसाधुसाधारण इत्यर्थः। स्वगृहपाखण्डिमिश्रो निजवेश्मशाक्यादिसाहिक इति। इह स्वगृहश्रमणमिश्राध्यवपूरकोऽपि घटते परं श्रमणाः पाखण्डिनां मध्ये विवक्षिता इत्येवं त्रैविध्यं ज्ञेयं। इह यावदर्थिकाद्यर्थमधिकतरतंदुलादिप्रक्षेपदोषेण सर्व्वोऽप्याहारोऽशुद्धः स्यात् तथा स्वगृहयावदर्थिकमिश्राध्यवपूरके यावन्तः कणाः कार्प्पटिकाद्यर्थं पश्चात् क्षिप्तास्तत्प्रमाणै राद्धैर्यावत् स्यादेतावत् प्रमाणं भक्तं यदि गृहस्थेन स्थाल्या उद्देशेन स्थगनिकादौ क्षिप्त्वा पृथक् कृतं स्यादुद्देशेन स्वगृहादौ वितीर्णं वा नतु सिक्थादिगणनेन

---

વગેરે કલ્પેલા હતા, એમાં કાર્પટિકાદિને માટે માણવક વિગેરે જે પ્રમાણ નક્કી કર્યું હોય એટલું ઉમેરીને રાંધે. આમ બન્ને વચ્ચે ભેદ જાણવો.

આ બધાનો ભાવાર્થ આ થયો કે, મૂળમાં પોતાનામાટે અગ્નિ પેટાવવા વગેરેથી માંડીને આંધણ મૂકવા સુધીના આરંભ કર્યા બાદ, પાછળથી યાવદર્થિકાદિમાટે જે વધારે ચોખાવગેરે નાંખવાનું થાય, તેને અધ્યવપૂરક કહેવાય છે.

યદ્ અને તદ્ નો નિત્ય સંબંધ હોવાથી, મૂળ ગાથામાં 'जम्' = 'यद्' લખેલું છે કે જે ટીકાની શરૂઆતમાં જ 'यत् = यस्मात् कारणात्' થી વ્યાખ્યાન કરાઈ ગયું છે. પણ 'तद्' નથી આવ્યું, છતાં પણ 'तद्' નો ઉલ્લેખ સમજી લેવો. એટલે કે, तत् = तस्मात् कारणात् = તે કારણથી एषः = अनन्तरोक्तः = હમણાંજ કહેવાઈ ગયેલ 'પોતાના માટે મૂકેલ રાંધણ તે પહેલા કરાયે છતે ઘણાંબધા ભિક્ષાચરો દેખાવાથી તેઓ માટે પણ પાછળથી અધિકતર ચોખા વિગેરે નાંખવા' સ્વરૂપ અધ્યયપૂરક યાવદર્થિકાદિ જુદાંજુદાં ભેદથી ત્રણ પ્રકારનો છે.

અહીં સ્વગૃહ અને મિશ્ર, આ બે શબ્દો પ્રસ્તુતમાં અધ્યાહાર રૂપે જણાતા હોવાથી બધા ભેદોને આ બન્ને શબ્દો જોડવા. તે આ રીતે,

(૧) स्वगृह-यावदर्थिकमिश्रः = निजवेश्म-कर्प्पटिकादिसाहिकः = પોતાનું ઘર અને યાવદર્થિકાદિનું ભેગું.
(૨) स्वगृह-यतिमिश्रः = निजगृह-साधुसाधारणः = પોતાનું ઘર અને સાધુનું ભેગું.
(૩) स्वगृह-पाखण्डिमिश्रः = निजगृह-शाक्यादिसाहिकः = પોતાનું ઘર અને શાક્યાદિનું ભેગું.

જો કે અહીં તો સ્વગૃહ-શ્રમણમિશ્ર અધ્યવપૂરક પણ ઘટે છે. પરન્તુ શ્રમણોનો સમાવેશ પાખંડિઓમાં થઈ જાય છે. માટે ત્રણજ ભેદો કહ્યા છે.

અહીં, પ્રથમભેદમાં યાવદર્થિકાદિને માટે અધિકતર તંદુલાદિ પ્રક્ષેપદોષથી સર્વ પણ આહાર અશુદ્ધ થઈ જાય છે. પરન્તુ, સ્વગૃહ-યાવદર્થિકમિશ્ર અધ્યવપૂરકમાં જેટલા દાણા કાર્પ્પટિકાદિ માટે પાછળથી નાંખ્યા હોય. તેટલા પ્રમાણના દાણાઓને ગૃહસ્થ જો ઉદ્દેશપૂર્વક = આ યાવદર્થિકો માટે છે એ પ્રમાણેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पलिमन्थादिदोषात्तदा शेषं स्थालीभक्तं ग्रहीतुं कल्पते विशोधिकोटि-कत्वादेवं मिश्रजाताद्यभेदेऽपि ज्ञेयं किञ्चित्तुल्यत्वादनयोरिति। अन्त्यभेदद्वयं चाविशोधिकोटिकतया वक्ष्यतीति तद्भक्तमकल्प्यमिति गाथार्थः।।५२।।

**अवतरणिका**– उक्तमध्यवपूरकद्वारं तत्प्रतिपादनाच्च षोडशाप्युद्गमदोषाः प्रोक्ताः अथैतेष्वेव कल्पाकल्पव्यवस्थार्थं विषयविभागमाह।

**मूलगाथा– इय कम्मं उद्देसियतियमीसज्झोयरंतिमदुगं च।**
**आहारपूइबायरपाहुडि अविसोहिकोडित्ति।।५३।।**

**संस्कृतछाया–** इति **कर्म्मोद्देशिकत्रिक-मिश्रजाताऽध्यवपूरकाऽन्त्यद्विकं** च।
आहारपूति **बादरप्राभृतिकाऽविशोधिकोटीति**।।५३।।

---

ઉદ્દેશપૂર્વક આહારને ઢાંકણા વગેરેમાં અલગ કરી દે, અથવા તો પોતાના ઘરમાટે અલગ અલગ વહેંચણી કરી દીધી હોય, તો ગૃહસ્થે પોતાનામાટે અલગ કરેલા આહારાદિમાંથી ગ્રહણ કરેલું સાધુને કલ્પે છે. કારણ કે એ વિશોધિકોટિનો દોષ છે.

આટલું ધ્યાન જરૂર રાખવું કે જેટલા પ્રમાણમાં અધ્યવપૂરક થયું હોય, એ પ્રમાણેના દાણાઓને ગણવા ન બેસાય પણ આશરે જે કાઢ્યું હોય તેને માન્ય રાખવું. નહીંતર પલિમન્થાદિ દોષોનો સંભવ રહે છે.. 'पलिमन्थ' = ગૃહકાર્ય-સ્વાધ્યાયાદિનો વ્યાઘાત. અર્થાત્ જેટલા પ્રમાણમાં રાંધવાથી જેટલું થાય. એટલે કે જેમ ૧ વાટકી ચોખા રાંધવા મૂકે તો તે ફૂલી જાય અને ૨ વાટકી થાય તેટલું = ૨ વાટકી કાઢ્યા બાદ બાકીનું કલ્પ્ય બને તે જાણવું.

આ પ્રમાણે મિશ્રજાતના આદ્યભેદમાં પણ જાણી લેવું. કારણ કે આ અધ્યવપૂરકના આદ્યભેદની સાથે મિશ્રજાતના આદ્યભેદની ઘણી ખરી તુલ્યતા છે. જો કે, અન્ત્ય બે ભેદો તો અવિશોધિકોટિ તરીકે આગળ કહેવાશે તેથી તે આહારાદિ અકલ્પ્ય છે.।।૫૨।।

**અવતરણિકા** :- આમ, '**अध्यवपूरकं**' દ્વાર કહ્યું. એના પ્રતિપાદનથી ૧૬ ઉદ્ગમદોષો પણ કહેવાઈ ગયા છે. હવે ૧૬ દોષોમાં કલ્પ્ય-અકલ્પ્યની વ્યવસ્થામાટે વિષયવિભાગને જણાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **इय** = આ ઉદ્ગમદોષોમાં, **कम्मं** = આધાકર્મિક, **उदेसियतिय** = વિભાગઔદેશિકના છેલ્લા ત્રણભેદ, **मीस** = મિશ્રજાતના, **अज्झोयर** = અધ્યવપૂરકના, **अंतिमदुगं** = છેલ્લા બે ભેદ, **आहारपूइ** = બાદરભક્તપાનપૂતિ, **बायरपाहुडि** = બાદર પ્રાભૃતિકા, **अविसोहिकोडित्ति** = અવિશોધિ કોટિના છે.।।૫૩।।

**મૂળગાથા-ગાથાર્થ** :- આધાકર્મ, વિભાગઔદ્દેશિકના છેલ્લા ત્રણ ભેદ કર્મસમુદ્દેશ, કર્મઆદેશ અને કર્મસમાદેશ, મિશ્રજાત અને અધ્યપૂરકના છેલ્લા બે ભેદ પાખંડીમિશ્રજાત, યતિમિશ્રજાત, પાખંડીઅધ્યવપૂરક અને યતિઅધ્યવપૂરક, બાદરભક્તપાનપૂતિ અને બાદરપ્રાભૃતિકા. એમ છ મૂળ દોષમાંથી દશ ભેદો અવિશોધિકોટિના છે.।।૫૩।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 उद्‌गमदोषेषु के दोषा अविशोधिकोटाववतरन्ति ? 卐

**व्याख्या-** अत्रोद्‌गमदोषसमूहोऽविशोधिकोटिविशोधिकोटिभेदेन द्विधा भिद्यते। तत्र 'इय'त्ति इत्येतेष्वाधाकर्म्मादिषु षोडशोद्‌गमदोषभेदेषु मध्ये। 'कम्मं'त्ति सूचनाद् कर्माधाकर्म्मपरिपूर्णं। तथोद्देशिकत्रिकमितिकिलौघौद्देशिकविभागौद्देशिकभेदाद्द्विधौद्देशिकमुक्तं। तत्रेह व्याख्यानाद् वक्ष्यमाणान्त्यशब्दस्य सिंहावलोकनन्यायेनात्रापि योजनात् द्वादशविधस्य विभागोद्देशिकस्य कर्म्मभेदसत्कमन्त्यमेव त्रिकं ग्राह्यं। तथा सूचनान्मिश्रजाताध्यवपूरकयोरन्त्यद्विकं चरमभेदद्वयं। किल, मिश्रमध्यवपूरकश्च यावदर्थिकपाखण्डिनिग्रन्थार्थिभेदात्त्रिधा। अत्र च पाखण्डिगृहमिश्रसाधुगृहमिश्ररूपं भेदद्वयं ग्राह्यं। क्वापि ग्रन्थे मिश्रं समस्तमध्यवपूरकश्च सर्व्वोप्यविशोधिकोटितयोक्त इति चकारेण सूच्यते। तथाहारपूतिर्भक्तपानपूतिरित्यर्थः। किल पूतिः उपकरणपूतिभक्तपानपूतिभेदाद्द्विधोक्ता इत्यत्र बादर(भक्तपान)भेदो ग्राह्यतयोक्तः। तथा बादरप्राभृतिका पूर्वोक्तरूपा, किल प्राभृतिका दोषाः सूक्ष्मबादरभेदाद् द्विधोक्ता इत्यत्र बादरभेदो ग्राह्यतयोक्तः। एतत् किमित्याह अविशोधिरूपदूर(दूरकर)णादिनाप्यकल्पनीयता-

## • ઉદ્‌ગમ દોષોમાં કયા કયા દોષો અવિશોધિકોટિ છે ? •

**વ્યાખ્યાર્થ** :- ઉદ્‌ગમદોષનો સમૂહ બે પ્રકારે છે. (૧) અવિશોધિકોટિ (૨) વિશોધિકોટિ.

'इय' = 'इति' = આ પ્રમાણે આધાકર્માદિ ૧૬ ઉદ્‌ગમદોષોના ભેદોમાં, 'कम्मं' = 'कर्म्म' = સંપૂર્ણ આધાકર્મ, 'उद्देसियतियम्' = 'उद्देशिक-त्रिकम्' = ઉદ્દેશિકના ૧) ઓઘઉદ્દેશિક અને વિભાગઉદ્દેશિક એમ જે બે ભેદો કહ્યા. તેમાં, અહીં સિંહાવલોકનન્યાયથી વ્યાખ્યાન દ્વારા આગળ કહેવાતા અન્ત્ય શબ્દનું જોડાણ કરતાં, એટલે કે જે 'अंतिम' = 'अन्त्य' શબ્દ છે એ શબ્દને 'उद्देसिय' સાથે જોડવાથી ૧૨ પ્રકારના વિભાગૌદ્દેશિકના કર્મભેદ સંબંધી યાવદર્થિક સિવાયના છેલ્લા ત્રણભેદો જ લેવા. તથા, 'मीस-ज्झोयरंतिमदुगं' = 'मिश्र-जाताध्यवपूरकयोरन्त्यद्विकं' = મિશ્રજાત અને અધ્યવપૂરકના પણ યાવદર્થિક સિવાયના અન્તિમ બે ભેદો લેવા. અહીં આટલું જાણવું કે મિશ્રજાત અને અધ્યવપૂરકમાં [1]યાવદર્થિક - [2]પાખંડિ અને [3]નિર્ગ્રન્થ, એમ ભિક્ષાની ઈચ્છાવાળાના લીધે ત્રણભેદો બતાવ્યા છે. અહીં પાખણ્ડિગૃહમિશ્ર અને સાધુગૃહમિશ્ર રૂપ બે ભેદો લેવા.

કોક ગ્રન્થમાં સમસ્ત મિશ્રજાત અને સમસ્ત અધ્યવપૂરકને અવિશોધિકોટિ તરીકે કહ્યા છે. તે વાતને મૂળગાથામાં મૂકેલ 'च' શબ્દથી દર્શાવ્યું છે. એમ જાણવું.

'आहारपूइ' = 'आहारपूति' એટલે કે 'भक्तपानपूति' એમ અર્થ લેવો. અગાઉ પૂતિના બે ભેદ બતાવ્યા 'उपकरणपूति' અને 'भक्तपानपूति' એમાંથી બાદરભક્તપાનપૂતિ લેવું.

તથા, 'बायरपाहुडि' = 'बादरप्राभृतिका'. પૂર્વે વર્ણન કરાયા પ્રમાણે પ્રાભૃતિકા દોષના સૂક્ષ્મ અને બાદર એમ બે ભેદ છે. તેમાંથી અત્રે બાદરપ્રાભૃતિકા લેવી.

ઉપરોક્ત કહેલા બધા દોષો શું જાણવા ? તે જણાવતાં કહે છે કે એ બધા, 'अविसोहिकोडिति' = 'अविशोधिकोटि इति भण्यते' = અવિશોધિકોટિવાળાદોષ કહેવાય છે. એટલે કે અવિશોધિરૂપ દૂર કરવા છતાં પણ જે શેષ શુદ્ધ આહારની અકલ્પનીયતાની બુદ્ધિને કરે છે માટે આવી જે મલિન કોટિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जनकत्वेन मलिना कोटिरुद्‌गमदोषलेशोऽविशोधिकोटिरित्येवमनन्तरमेवोपवर्णितरूपा भण्यते इति शेषः। यद्वा इति शब्दः परिमाणार्थस्तत इत्येतावती उत्तरभेदाविवक्षणे मूलभेदापेक्षया भेदषट्कप्रमाणा स्यादिति शेषोऽपरनाम्ना उद्‌गमकोटिरपीयमेवोच्यते। अत एव पूतिदोषस्वरूपनिरूपणायां 'उग्गम-कोडिकणेण वी'त्याद्युक्तं। तेन सर्व्वैरविशोधिकोटिदोषैर्युक्तस्याहारस्यावयवेनापि स्पृष्टस्य शुद्धस्याप्य-शनादेः पूतित्वं भवतीति तत्र व्याख्यातमिति गाथार्थः।।५३।।

**अवतरणिका**— अधुना अविशोधिकोटेरेव इति दुष्टताख्यापनार्थतया स्पृष्टस्य पात्रकस्य विधिमाह।

**मूलगाथा— तीए जुयं पत्तं पि हु, करीसनिच्छोडियं कयतिकप्पं।**
**कप्पइ जं तदवयवो सहस्सघाईविसलवो व्व।।५४।।**

**संस्कृतछाया- तयायुक्तं पात्रमपि तु करीषनिश्छोटितं कृतत्रिकल्पं।**
**कल्पते यत्तदवयवस्सहस्रघाती विषलव इव ।।३४।।**

---

= કક્ષા, અર્થાત્ ઉદ્‌ગમદોષનો લેશ, તેને અવિશોધિકોટિ કહેવાય છે. જેનું સ્વરૂપ હમણાં જ ઉપર વર્ણન કરાયું છે.

અહીં, કોટિનો ટૂંકો અર્થ ભેદ-પ્રકાર સમજવો. એટલે કે અવિશોધિકોટિ કહો કે અવિશોધિપ્રકાર કહો કે અવિશોધિ ભેદ કહો, બધાનો અર્થ સમાન છે.

અથવા તો 'इति' શબ્દ એ 'પરિમાણ'વાચક છે. એટલે કે ઉત્તરભેદોની વિવક્ષા કર્યા વિના માત્ર મૂળભેદોની વિવક્ષા કરતાં આ અવિશોધિકોટિના દોષો માત્ર ૬ છે. જેને બીજા નામે 'ઉદ્‌ગમકોટિ' પણ કહેવાય છે.

આ કારણથી જ પૂતિદોષના સ્વરૂપના નિરૂપણમાં 'उग्गमकोडिकणेण वि' ઈત્યાદિ કહેવાયું હતું. તેથી, બધા અવિશોધિકોટિ દોષથી યુક્ત આહારના અવયવથી પણ = માત્ર એક દાણાથી પણ સ્પૃષ્ટ એવા શુદ્ધ પણ અશનાદિનું પૂતિપણું થાય છે. એમ ત્યાં = પૂતિદોષના વ્યાખ્યાનમાં કહેવાયેલું છે.॥૫૩॥

**અવતરણિકા** :- હવે 'અવિશોધિકોટિની દુષ્ટતા છે જ' એ બતાવવા તેનાથી ખરડાયેલ પાત્રાની પણ વિધિ બતાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **तिए** = અવિશોધિકોટિઅશનાદિવડે, **जुयं** = ખરડાયેલું, **पत्तंपि** = પાત્ર પણ, **हु** = વાક્યાલંકારાર્થમાં, **करिसनिच्छोडियं** = છાણાવિગેરેની રાખથી ઘસેલું, **कयतिकप्पं** = ત્રણ વખત ધોયેલું, **कप्पइ** = બીજું લેવા કલ્પે, **जं** = કારણ કે, **तदवयवो** = તેનો અવયવ, **सहस्सघाई** = હજારઠેકાણે શુદ્ધઅશનાદિને દોષિતકરનાર છે **विषलवोव्व** = વિષના કણીયાની પેઠે.॥૫૪॥

**મૂળગાથા-ગાથાર્થ** :- અવિશોધિકોટી-અશનાદિ વડે ખરડાયેલુ પાત્ર પણ છાણ વગેરેની રાખથી ઘસીને ત્રણ વખત ધોયા પછી સુકાઈ ગયેલું હોય અથવા ચોથી વખત ધોયા પછી ભીનું હોય તો પણ બીજા આહારાદિ લેવા માટે કલ્પે છે. કારણકે તેનો અવયવ પણ હજારનો ઘાતકરનાર વિષની જેમ હજારઠેકાણે શુદ્ધઅશનાદિને દોષિતકરનાર છે.॥૫૪॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 अविशोधिकोटिना स्पृष्टं पात्रमपि करीषनिश्च्छोटितं कृतत्रिकल्पं चैव कल्पते 卐

**व्याख्या**– इहाविशोधिकोटिद्रव्यं लेपकृदलेपकृच्चेति द्विधा पात्रके निपतितं स्यात्। तत्र तक्र-तीमनजगार्यादिकं खरण्टकत्वाल्लेपकृत्। वल्लचणकादिकं तद्विपरीतत्वादलेपकृत्। ततश्च 'तीए जुयं'ति तया प्रदर्शितरूपयाऽविशोधिकोट्या उपाचारादविशोधिकोटिदोषयुक्तलेपालेपकृदाहारेणेत्यर्थः, युतं खरण्टितं स्पृष्टं वा, किञ्चि(किं त)दित्याह पात्रमपि साधुभाजनमपि। अपिः पात्रकस्याकल्पनीयता-भणनेनातिशयद्योतकः। हुर्वाक्यालङ्कारे, शेषशुद्धाशनादेर्ग्रहणाय न कल्पते इति शेषः। यद्येवं तर्हि कीदृशं सत्पात्रकं कल्प्यं स्यादित्याह-' करीसनिच्छोडियं'ति करीषेण शुष्कगोमयचूर्णेनोप-लक्षणत्वाद्भस्मादिना च निश्च्छोटितं घृष्टमुद्वर्त्तितमित्यर्थः। करीषनिश्च्छोटितं सत् उपलक्षणत्वाल्ले-पकृदशुद्धाहारावयवापनोदाय करीषघर्षणात्पूर्वमङ्गुल्यादिप्रोञ्छितं चेत्यपि दृश्यं। पुनरपि किं विशिष्टं सदित्याह, 'कयतिकप्पं'ति कृता दत्ता त्रयस्त्रिसङ्ख्याः कल्पा जलप्रक्षालनरूपा यत्र तत्कृतत्रिकल्पं। इत्थं कृतं सत्, किमित्याह कल्पते साधूनां परिभोक्तुं युज्यते। इतरथा पूत्य(ति)दोषत्वादकल्प्यमिति

**● અવિશોધિકોટિથી સ્પર્શાયેલ પાત્ર પણ કરીષથી ઘસાયેલું અને ત્રણવાર ધોવાયેલું જ કલ્પે છે. ●**

**વ્યાખ્યાર્થ** :- પાત્રામાં પડેલું અવિશોધિકોટિવાળું દ્રવ્ય બે પ્રકારનું હોય છે. (૧) 'लेपकृत्' = લેપવાળું. છાશ, ઓસામણ, રાબડી = પેયદ્રવ્યવિશેષ વગેરેમાં ખરડાવવાપણું હોવાથી એ બધાને 'लेपकृत्' કહેવાય છે. (૨) 'अलेपकृत्' = લેપ વિનાનું. વાલ, ચણા વગેરેમાં તેનાથી = લેપથી વિપરીત હોવાથી 'अलेपकृत्' કહેવાય છે.

'तीए जुयं' = 'तया युक्तं' = ઉપરોક્ત પ્રમાણે અવિશોધિકોટિથી યુક્ત ઉપલક્ષણથી અવિશોધિકોટિ દોષયુક્ત એવા લેપકૃત્ કે અલેપકૃત્ આહારથી યુક્ત = ખરડાયેલ = સ્પર્શકરાયેલ, શું ખરડાયેલ = સ્પર્શાયેલ ? તે કહે છે, 'पत्तंपि' = 'पात्रमपि' = સાધુનું ભાજન = પાત્ર પણ. અહીં 'अपि' = 'પણ' શબ્દથી પાત્રાની પણ અકલ્પનીયતાનો અતિશય બતાવાયો છે. અર્થાત્ એ પાત્રામાં બીજો શુદ્ધઆહાર પણ ગ્રહણકરવો કલ્પે નહિ, એમ જાણવું. 'हु' = 'तु' = વાક્યાલંકારમાં છે.

જો આમ હોય તો પછી કેવા પ્રકારનું પાત્ર કલ્પ્ય બને ? તે જણાવતાં કહે છે "करीस-निच्छोडियं" = 'करीष-निश्च्छोटितं'. 'करीष' = બકરીની લીંડીવગેરે કે સુક્કાછાણનાં ભૂક્કાવડે, ઉપલક્ષણથી રાખ = ભસ્મઆદિ વડે, 'निश्च्छोटितं' = માંજેલુ. અર્થાત્ ઘસેલું, ધોયેલું. ઉપલક્ષણથી લેપકૃત્ અશુદ્ધઆહારના અવયવ દૂરકરવા માટે રાખ વિગેરેથી ઘસવાની પૂર્વે આંગળી વગેરે નાંખીને અશુદ્ધ આહારના નાનામાં નાના પણ કણિયાઓ કાઢવા એ પણ જાણવું. વળી શું કરવું ? તે જણાવે છે - 'कयतिकप्पं' = 'कृतत्रिकल्पं' = ત્રણવાર પાણીથી પખાળવું. આવી બધી વિધિ કરીએ એટલે શું થાય ? તે જણાવે છે, 'कप्पइ' = 'कल्पते' = સાધુને એ પાત્ર વાપરવા યોગ્ય = કલ્પ્ય બને છે, અન્યથા ન કલ્પે અર્થાત્ પૂતિદોષથી દુષ્ટ હોવાથી એ પાત્ર ન કલ્પે એમ કહેવાનો ભાવ છે.

આ રીતે કરીષવગેરેથી માંજ્યાબાદ છેલ્લે ત્રણવાર પાણીથી ધોયેલુ પાત્ર પણ તડકા વગેરેથી સૂકાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भावः। तथा कृतत्रिकल्पमप्यातपादिना शुष्कं कल्प्यं स्यान्नान्यथा। चतुर्थकल्पे दत्ते जलाद्रमपि पात्रकं शेषग्रहणाय कल्पत इत्याद्युपलक्षणत्वाद् दृश्यं। तदुक्तं वृद्धैः,

'निच्छोडिए करीसेण वावि उव्वट्टिए तए कप्पा। सुक्खावित्ता गिण्हइ अन्ने चउत्थे असुक्खे वि'।।१।।

तदेतेन एतस्या अतिपरिहार्यतां दर्शितवान्। तथाह्यविशोधिकोट्याहारे ग्रहीत्वोज्झितेऽपि तया छुप्तमकृतत्रिकल्पं तं पात्रकमपि तावन्न कल्पते। किं पुनः साक्षादविशोधिकोट्याहारोपभोगः कर्त्तुमिति सामर्थ्यादुक्तं भवति।

**卐 अविशोधिकोटेरवयवोऽपि सहस्रघातिविषलव इव भवति 卐**

अथ किमेत्येवं महता यत्नेन एतस्या निषेधोऽपदिश्यते इत्याह यद्यस्मादपेर्गम्यमानत्वात्तस्याऽविशोधिकोटिदुष्टाशनादेः सम्बन्धी अवयवोऽपि सिक्थाद्यपि आस्तां कवलादिरित्यपेरर्थः। किमित्याह सहस्राणि हन्तुं शीलमस्येति सहस्रघाती, क इवेत्याह विषलव इव प्रधानगरलेशो यथा। इदमुक्तं भवति। किल तीव्रविषलवोपभोगात् कश्चिन्मृतस्ततो विषत्वपरिणततत्पिशिताशनादन्यो मृतस्तत्पि-

જાય પછી જ કલ્પે, અન્યથા નહિ. પણ જો એ પાત્ર ચારવાર પાણીથી ધોઈ લીધું હોય પછી એ પાત્ર ભીનું હોય તો પણ બીજો આહાર એમાં ગ્રહણ કરવો કલ્પે છે. એમ આ વાત અધ્યાહારથી જાણવી.

વૃદ્ધોએ = પૂર્વમહાપુરુષોએ આ અંગે આ વાત કરી છે કે,

'निच्छोडिए करीसेण वावि उव्वट्टिए तए कप्पा । सुक्खावित्ता गिण्हइ अन्ने चउत्थे असुक्खे वि।।

**અર્થ** :- રાખ વગેરેથી ઘસીને પછી ત્રણવાર પાણીથી ધોયું હોય તો એ પાત્ર તડકાદિથી સુકાયા બાદ કલ્પે છે. અથવા જો ચારવાર પાણીથી ધોયું હોય તો એ પાત્ર ભીનું પણ કલ્પે છે.

અહીં આ તડકાદિથી સુકાઈ જવાની વાત જણાવીને અવિશોધિકોટિદોષવાળો આહાર એ અત્યંતત્યાજ્ય છે એ દર્શાવ્યું છે. તે આપ્રમાણે- જો અવિશોધિકોટિઆહાર ગ્રહણ કરીને દૂરકરાયે છતે તેનાથી લેપાયેલ પાત્ર રાખાદિથી ન મંજાય અને ત્રણ પાણીએ ન ધોવાય ત્યાંસુધી એ પાત્ર પણ કલ્પતું નથી, તો પછી સાક્ષાત્ એ અવિશોધિકોટિદોષવાળો આહાર વાપરવો એ કઈ રીતે કલ્પી શકે ? અર્થાત્ એ અંગેનો વાપરવાનો વિચાર પણ શી રીતે કરી શકાય ?

**● અવિશોધિકોટિનો કણિયો પણ સહસ્રઘાતીવિષ જેવો બને છે ●**

**પ્રશ્ન** :- આ અવિશોધિકોટિ આહારનો આટલા બધા પ્રયત્નો દ્વારા નિષેધ શું કામ બતાવ્યો છે?

**ઉત્તર** :- 'जं' = 'यद्' = 'यस्मात्' = કારણ કે, 'तदवयवोऽपि' મૂળગાથામાં 'अपि' શબ્દ અધ્યાહારથી જાણવો એટલે કે, કોળિયો વગેરેની વાત તો દૂર રહો પણ તે અવિશોધિકોટિથી દુષ્ટ આહારાદિ સંબંધી અવયવ પણ = કણિયો પણ, 'सहस्सघाई' = 'सहस्राणि हन्तु शीलमस्येति सहस्रघाती' = હજારોને મારવાના સ્વભાવવાળું હોય છે. કોની જેમ ? તે કહે છે, 'विसलवोव्व' = 'विषलव' = 'प्रधानगरलेश इव' = અત્યંતમારક તાલપુટઝેરના કણીયાની જેમ.

ભાવાર્થ આ છે કે, તીવ્ર ઝેરના એક અંશ માત્રનો ઉપભોગ કરવાથી કોક એક વ્યક્તિ મરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शिताशनादन्यो यावत्सहस्रसङ्ख्याः प्राणिन इत्यन्यान्यविधिना परंपरया, यथाऽतिप्रधानविषलवोऽपि प्राणिसहस्राणि भक्ष्यसहस्राणि वा विनाशयत्येवं येन कृतोऽविशोधिकोट्यशनाद्याहारस्तेन पाककार-केणान्यस्मै गृहस्थाय दत्तस्तेनाप्यन्यस्मायित्याद्यन्यान्यगृहसंवरणेन परम्परया गृहसहस्रमपि गतो-ऽविशोधिकोटिलवोऽपि गृहसहस्रसत्कशुद्धभक्तसहस्राण्यपि पूतित्वकरणेन दूषयति। स चैवं भुज्यमानो निर्मलमपि चरणात्मकं भावजीवं साधोर्हन्तीति विषलवत्वेनोपमित इति। तथाऽविशोधिकोटिप्रस्तावं प्रतीत्य मुग्धशिष्यः कश्चिदाचष्टे, ननु साधुसङ्कल्पेन यत् क्रियते तदेवाधाकर्म्म स्यादतः कूर एव केवल आधाकर्म्म भवति तस्यैव साध्वर्थं सङ्कल्पितत्वान्न तु तन्निष्पन्नान्यपि सौवीरावश्रावणतंदुलो-दकानि, तेषां साधुसङ्कल्पं विनाप्युपजायमानत्वादतस्तद्ग्रहणं कर्तुं यतेर्युज्यते नवा ? नैवं, तान्यप्या-धाकर्म्मिकाण्येव। **तत्रा**धाकर्मिककूरावयवरूपावश्रावणादिनिष्पन्नत्वेन **सौवीरे**, कूरावयवरूपत्वे**नावश्रावणे**

ગઈ. ઝેરથી પરિણત બનેલ એ મૃત વ્યક્તિનું માંસ કોક બીજાએ ખાધું અને એ પણ મર્યો. આ બીજાનું માંસ ખાવાથી ત્રીજો પણ મર્યો. એમ એક બીજા એક બીજાનું માંસ ખાતા ખાતા પરંપરાએ એક હજાર પ્રાણીઓ મરી ગયા.

જેમ અત્યંત મારકણાવિષનું એક ટીપું પણ હજારો પ્રાણીઓનો અથવા હજારો ભક્ષ્યનો = ખાવા યોગ્ય હજારો વસ્તુઓનો વિનાશ કરે છે. અર્થાત્ હજારો વ્યક્તિઓને મારી નાંખે છે અને તેઓના શરીરોને-મૃતકોને વિષયુક્ત બનાવી કાઢે છે. તેમ, જે ગૃહસ્થદ્વારા અવિશોધિકોટિવાળો આહાર કરાયો. તે ગૃહસ્થે બીજા ગૃહસ્થને એ આપ્યો. બીજાએ પણ ત્રીજાને આપ્યો. આ પ્રમાણે એક બીજા-એક બીજા ઘરમાં આપવાથી પરંપરાએ એક હજાર ઘરો સુધી ગયો. આ રીતે હજાર ઘરો સુધી ગયેલ તે આહારાદિ એ હજાર ઘરોના શુદ્ધઆહારાદિને પણ પૂતિ કરવાવડે દૂષિત કરી દે છે.

તે અવિશોધિકોટિવાળા આહારને ખાતો એવો મુનિ, પોતાના નિર્મળચારિત્રરૂપી ભાવજીવને હણે છે. માટે એ આહારને **'विषलव'** ની ઉપમા અપાઈ છે.

આ અવિશોધિકોટિની વાત સાંભળીને કોઈ ભોળો **શિષ્ય પૂછે છે કે**, "સાધુના સંકલ્પથી જે કરાય છે તે જ આધાકર્મી બને છે. જેમકે, સાધુના સંકલ્પથી કરેલ ચોખા જ = ભાત માત્ર આધાકર્મી થાય છે. કારણકે તેજ સાધુમાટે સંકલ્પિત છે. પરન્તુ એમાંથી બનતી કાંજી = સૌવીર = ઓસામણ ઉકાળી જાડું પ્રવાહી બનાવે તે અથવા પાણીમાં ચોખાનો લોટ નાંખી ઉકાળી જાડું પ્રવાહી બનાવે તે, **'अवस्रावण'** = ઓસામણ = ભાતનું ઓસામણ, **'तंदुलोदक'** = રાંધ્યા વિનાના ભાતનું = ચોખાનું ધોવણ વગેરે તો સાધુના સંકલ્પ વિના પણ થતાં હોવાથી તેનું ગ્રહણ કરવું યોગ્ય છે કે નહિ ?'

આનું **સમાધાન** આપતા **ગુરુ જણાવે છે કે**, 'ના. એ પણ કલ્પતું નથી કારણ કે એ બધુંય આધાકર્મી છે. અર્થાત્ સાધુમાટે નિષ્ઠિત = બનાવેલ આધાકર્મિક કૂરના અવયવ રૂપ ઓસામણથી ઉત્પન્ન થયેલ સૌવીર = કાંજીમાં અને સાધુમાટે નિષ્ઠિત = બનાવેલ આધાકર્મિક કૂરના અવયવરૂપ ઓસામણમાં, ભાત બનાવવા માટે ધોવામાં આવેલ તંદુલના અવયવથી મિશ્રિત તંદુલનું ધોવણ હોવાથી અથવા સાધુમાટે ભાત બનાવવાના આશયથી(કાચાપાણીથી) થયેલ ચોખાના ધોવણ વગેરે બધામાં આધાકર્મપણું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तदर्थधौततंदुलावयवमिश्रितत्वेन साध्वर्थं निष्ठितत्वेन वा **धावने** आधाकर्मता भवति। तस्यां वसत्यां उद्गमकोटिरूपैः काञ्जिकादिभिरपि छुप्तं शुद्धमप्यशनादिकं पूतिरपि भवतीति ज्ञेयमिति गाथार्थः ॥५४॥

**अवतरणिका–** अविशोधिकोटिरुक्ताऽथ विशोधिकोटिं तद्गतं विधिं चाह।

**मूलगाथा– सेसा विसोहिकोडी, तदवयवं जं जहिं जया पडियं।**
**असढो पासइ तं चिय तओ तया उद्धरे सम्मं॥५५॥**

**संस्कृत छाया- शेषा विशोधिकोटिस्तदवयवं यत्-यत्र-यथा-पतितं।**
**अशठः पश्यति तं चैव ततः तदोद्धरेत् सम्यक् ॥५५॥**

**卐 विशोधिकोटौ के दोषा अवतरन्ति ? 卐**

**व्याख्या–** शेषाऽविशोधिकोटेरन्याऽविशोधिरूपोद्धरणादिना कल्पनीयताजनकत्वेन निर्मला कोटिः पूर्वोक्ता विशोधिकोटिर्विशुद्ध्य(द्ध)कोटिरित्यर्थः, स्यादिति शेषः। सा चानेकविधोद्देशिकादिभेदेन

---

જ્યાં આધાકર્મી આહારાદિ થયો હોય તે વસતિમાં = ઘરમાં, ઉદ્ગમકોટિના દોષવાળા કાञ्जिકા = કાંજી વગેરે દ્વારા પણ સ્પર્શાયેલ જે શુદ્ધઅશનાદિ હોય છે, એ પણ પૂતિ બને છે. એમ જાણવું.'

**काञ्जिकादिभिरपि**, અહીં 'अपि' શબ્દથી એ જાણવું કે, આધાકર્મના કણિયાવડે પણ જેમ શુદ્ધ આહાર અશુદ્ધ બને છે તેમ એની કાંજીઆદિવડે પણ શુદ્ધઆહાર અશુદ્ધ બને છે.॥૫૪॥

**અવતરણિકા** :- આ પ્રમાણે અવિશોધિકોટિની વાત કરી.. હવે વિશોધિકોટિ તથા તદ્ગત વિધિ = તેની વિશેષ વાત બતાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **सेसा** = બાકીના, **विसोहिकोडी** = વિશોધિકોટિદોષવાળા, **तदवयवं** = તે દોષવાળું દ્રવ્ય, **जं** = જે વિશોધિકોટિદોષવાળું કૂરાદિ દ્રવ્ય, **जहिं** = પાત્રમાં જે ઠેકાણે, **जया** = જે વખતે, **पडियं** = પડેલું, **असढो** = સરળ, **पासइ** = જુવે, **तं चिय** = તે જ દ્રવ્ય, **तओ** = તેમાંથી, **तया** = તે જ વખતે, **उद्धरे** = બહાર કાઢે, **सम्मं** = સમ્યક્ પ્રકારે.॥૫૫॥

**મૂળગાથા-ગાથાર્થ** :- ઉદ્ગમદોષોમાંથી જે અવિશોધિકોટિના દોષો ઉપર જણાવ્યા તે સિવાયના બાકીના તથા આગળ જે ઉત્પાદનના અને ગ્રહણૈષણાના દોષો કહેવામાં આવશે, તે બધા વિશોધિકોટિના જાણવા.આ દોષવાળું જેટલું અશનાદિ શુદ્ધ અશનાદિવાળા પાત્રમાં જે વખતે પડેલું જાણે તે જ વખતે સરળ = રસની ગૃદ્ધિ વગરનો સાધુ પાત્રમાંથી તેટલું જ દોષવાળું અશનાદિ કાઢી નાંખે તો બાકીનું અશનાદિ કલ્પ્ય બને છે.॥૫૫॥

## • વિશોધિકોટિ દોષો કયા છે ? •

**વ્યાખ્યાર્થ** :- 'सेसा' = 'शेषा' = અવિશોધિકોટિ કરતા જુદું જે વિશોધિકોટિ. એટલે કે અવિશોધિ સ્વરૂપને કાઢી નાંખવા વગેરે દ્વારા જે કલ્પનીય બને છે, એને પૂર્વે કહ્યા પ્રમાણે, 'विसोहिकोडी' = 'विशोधिकोटिः' = નિર્મળકોટિ કે વિશોધિકોટિ કે વિશુદ્ધકોટિ કહેવાય છે. (ત્રણે એકાર્થક શબ્દો છે) અથવા તો એવો અર્થ કરી શકાય કે, સોળપ્રકારના ઉદ્ગમદોષોમાંથી અવિશોધિકોટિથી ગ્રહણકરાયેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भवति। यद्वा शेषाः षोडशानामुद्गमदोषाणां मध्यादविशोधिकोट्या गृहीतेभ्य उद्धरिता उद्गमदोषास्ते विशोधिकोटिशब्दवाच्याः स्युः यथौघौद्देशिकं, विभागौद्देशिकस्याद्यं भेदनवकमुपकरणपूतिर्मिश्रस्याद्यो भेदः, स्थापना, सूक्ष्मप्राभृतिका, प्रादुष्करणं, क्रीतमापमित्यकं, परिवर्त्तितमभ्याहृतमुद्भिन्नं, मालोपहृत-माच्छेद्यमनिसृष्टमध्यवपूरकस्याद्यो भेदश्चेति। उपलक्षणत्वाद्वक्ष्यमाणोत्पादनैषणदोषाश्चेति व्याख्येयं। तत्र शुद्धस्य मध्ये विशोधिकोटिदोषवतो भक्तादेः पतितस्योद्धृत्य त्यागः कार्यो अकल्प्यत्वात् स च यद्विषयो भवतीत्येतदाह।

**卐 विशोधिकोट्यवयवं यत्पतितमशठः तच्चैव द्रव्यक्षेत्रादिना सम्यगुद्धरेत् 卐**

'तदवयवमि'त्यादि इह द्रव्यक्षेत्रकालभावानाश्रित्य तत्त्यागो भवति तत्र तदवयवं यत्पतितं पश्यतीति योगः। इह चातिशयोक्त्या एतस्याः परिहारख्यापनार्थमवयवशब्द उपात्तस्ततोऽत्रावयवशब्देन द्रव्यं ग्राह्यं ततो यत्किमपि तदवयवं विशोधिकोटिदोषात् कूरादिद्रव्यं पतितं दात्र्या क्षिप्तं पश्यत्यवलोकते

---

દોષો સિવાયના શેષરહેલા ઉદ્ગમ દોષો વિશોધિકોટિ શબ્દ વડે જાણવા. આ વિશોધિકોટિના ઓઘઉદ્દેશિકાદિ અનેક પ્રકારો છે. તે પ્રકારો કયા કયા છે ? તે કહે છે.

(૧) ઓઘઉદ્દેશિક (૨) વિભાગૌદ્દેશિકના પ્રથમના નવ ભેદ (૩) ઉપકરણપૂતિ (૪) મિશ્રજાતનો પ્રથમભેદ (૫) સ્થાપના (૬) સૂક્ષ્મપ્રાભૃતિકા (૭) પ્રાદુષ્કરણ (૮) ક્રીત (૯) આપમિત્યક (૧૦) પરિવર્તિત (૧૧) અભ્યાહૃત (૧૨) ઉદ્ભિન્ન (૧૩) માલાપહૃત (૧૪) આચ્છેદ્ય (૧૫) અનિસૃષ્ટ (૧૬) અધ્યવપૂરકનો પ્રથમભેદ. ઉપલક્ષણથી હવે કહેવામાં આવશે તે ઉત્પાદન અને એષણાના દોષો. આ બધા વિશોધિકોટિ કહેવાય છે.

**• અવિશોધિકોટિનો અવયવ જે પડ્યો હોય તેને જ અશઠ સાધુ દ્રવ્યક્ષેત્ર વગેરેને આશ્રયીને સમ્યક્ રીતે કાઢી નાંખે •**

શુદ્ધગોચરીમાં વિશોધિકોટિદોષવાળા આહારાદિ પડ્યા હોય તો તેને કાઢીને એનો ત્યાગ કરવો કારણ કે એ અકલ્પ્ય છે. હવે આ ત્યાગ જે જે વિષયક બને છે અર્થાત્ કેટ-કેટલા પ્રકારે એ વિશોધિકોટિનો ત્યાગ કરવો જોઈએ તે બતાવે છે.

અહીં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રયીને વિશોધિકોટિનો ત્યાગ થાય છે. તેમાં

'तदवयवं जं पडियं पासइ' = 'तदवयवं यत्पतितं पश्यति' આ પ્રમાણે મૂળગાથાનો અન્વય જાણવો. વિશોધિકોટિનો દોષ એ અત્યંતપરિહાર્ય = ત્યાગ કરવા યોગ્ય છે એવો ભાવ બતાવવા માટે 'અવયવ' શબ્દ મૂકાયો છે એટલે કે એક પણ અવયવ-કણિયો કાઢી નાખવો જ જોઈએ એ વાતને જણાવવા 'અવયવ' શબ્દ મૂકાયો છે. અહીં અવયવ શબ્દથી દ્રવ્ય ગ્રહણ કરવું.

'तदवयवं जं पडियं' = 'तदवयवं यत्पतितम्' = વિશોધિકોટિદોષથી જે કાંઈપણ કૂરાદિ દ્રવ્ય પાત્રમાં પડ્યું. અર્થાત્ દાતાવડે પાત્રમાં જે નંખાયેલું સાધુ જુએ. પછી શું કરે ? તે જણાવે છે. 'तं चिय उद्धरे' = 'तम् चेव उद्धरेत्' = અહીં 'चिय' = 'चेव' શબ્દ એ 'एवकार' = જકાર વાચક છે. એટલે કે જે દ્રવ્ય પડ્યું હોય તેને જ અર્થાત્ તે અશુદ્ધદ્રવ્યને જ, અલગ કરી કાઢે - પરઠવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'तं चिय उद्धरे' इति वक्ष्यमाणेन योगस्तत्र चिय शब्दस्यैवकारार्थत्वात्तदेवाऽशुद्धद्रव्यमुद्धरेत् पृथक् कुर्यात् परिष्ठापयेदिति यावत्। अनेन द्रव्यविषयत्याग उक्तः। तथा यच्छब्दस्यावृत्त्या योजनात् यत्कूरादिद्रव्यं, 'जहिं'ति, यत्र पात्रकैकदेशे शुद्धभक्तमध्ये वा पतितं तत्ततस्तस्मात् पात्रकाच्छुद्धभक्तमध्याद्वा उद्धरेदिति क्षेत्रविषयः स उक्तः। तथा यद्यदा यस्मिन् क्षणे पतितं प्रक्षिप्तं दात्र्या तत्तदैव शीघ्रमुद्धरेत्। बृहद्वेलया हि शुद्धं भक्तमितरेण व्याप्यते। ततस्तदप्यशुद्धप्रायं स्यादिति कालविषयः स उक्तः। तथाऽशठस्तस्मिन् मनोज्ञेऽरक्तोऽमनोज्ञेत्वद्विष्टश्च (मास्य विकल्पः स्यात् ?) यदोदनादिकं द्रव्यं पश्यति विशोधिकोटिदोषवदिदमिति प्रत्यभिजानाति। ज्ञात्वा च 'सम्मं'ति सम्यक् निर्वाह-विषयविज्ञानविषयनिजशक्त्यनुरूपयतमानतानैपुण्येन शुद्धभक्तादि, धृतपतद्ग्रहात्तदुद्धरेदित्यनेन च भाव-विषयस्स उक्तः। तथाऽप्रोज्झिते शुद्धाहारे सति के(पात्रके) तस्मिन्नशुद्धावयवेषु सत्स्वप्यऽकृत-

---

દે. આનાથી દ્રવ્યને આશ્રયી ત્યાગ કહેવાયો.

ક્ષેત્રથી પરિહાર કહે છે, 'जहिं' = 'यत्र' 'पतितं' = 'यत्कूरादिद्रव्यं यत्र पतितम्' 'यत्' શબ્દ ફરીથી જોડવાથી આવો અન્વય થશે. એટલે કે જે આ કૂરાદિદ્રવ્ય પાત્રના જે એકાદ ભાગમાં, અથવા શુદ્ધઆહારની વચ્ચે જ્યાં પડ્યું હોય, પાત્રના તે ભાગમાંથી અથવા શુદ્ધઆહારમાંથી, તે અશુદ્ધકૂરાદિ દ્રવ્યને કાઢી નાંખે = પરઠવી દે. આ રીતે ક્ષેત્રસંબધી ત્યાગ દર્શાવ્યો.

કાળથી પરિહાર બતાવે છે, અહીં, 'जं जया पडियं तं तया उद्धरे' = 'यद् यदा पतितं तद् तदा उद्धरेत्' આમ અન્વય કરવો. જે કૂરાદિ દ્રવ્ય જે સમયે પાત્રમાં પડ્યું = દાતાએ નાખ્યું તે જ વખતે તેને કાઢી નાંખે. કારણ કે જો ઘણો સમય થઈ જાય તો એ અશુદ્ધદ્રવ્ય દ્વારા શુદ્ધ આહાર પણ વ્યાપ્ત થઈ જતા શુદ્ધ અને અશુદ્ધપ્રાયઃ એક મેક બની જાય પછી મોરેથી બન્નેનો વિભાગ કરવો અશક્યપ્રાયઃ થઈ જાય છે. આ કાળવિષયક પરિહાર જણાવ્યો.

ભાવથી પરિહાર બતાવે છે, 'असढो तं उद्धरे' = 'अशठः सन् तम् उद्धरेत्' = કોઈપણ પ્રકારના શઠ-કપટભાવ વિના, આત્મસાક્ષીએ તેને કાઢી નાખે = પરઠવી દે. જોકે જુદું તારવી શકાતું નથી છતાં શુદ્ધઆહારના પરિણામ ટકાવવા જેટલાપ્રમાણમાં અશુદ્ધ ગ્રહણ કરેલ છે તેટલાપ્રમાણમાં તે મિશ્રમાંથી પરઠવી દે.

'अशठभाव'કોને કહેવાય ? તે જણાવે છે, જે ભાત વગેરે વિશોધિકોટિ દોષવાળું દ્રવ્ય પાત્રમાં પડ્યું. તે જો મનોજ્ઞ = મનને ગમે તેવું સ્વાદિષ્ટ-સુંદર હોય તો એના પ્રતિ રાગ કર્યા વિના તથા તે જો અમનોજ્ઞ = મનને ન ગમતું - અસ્વાદિષ્ટ = અસુંદર હોય તો એના પ્રતિ દ્વેષ કર્યા વિના તે ભાત વગેરેને જુવે એટલે કે સાધુને એ વસ્તુમાં રાગ કે દ્વેષ રૂપ કોઈ વિકલ્પ ન થાય... અને તેનેજ વિશોધિકોટિદોષવાળું છે એમ બરાબર ઓળખે.

ઓળખીને શું કરે ? તે જણાવે છે, 'सम्मं' = 'सम्यग्' સારી રીતે ચારે બાજુનો વિચાર કરીને, એટલે કે નિર્વાહ વગેરેનો વિષય વિચારીને. જેમકે, આ વિશોધિકોટિને નહીં કાઢું અને બધો આહાર પરઠવીશ તો નિર્વાહ થશે કે નહિ થાય. અથવા વિજ્ઞાનનો વિષય વિચારીને. જેમ કે, હવે સમય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कल्पेऽपि शेषं गृह्णन्न दोषभागस्य शुद्धकोटिकत्वात् निजभक्तैस्तौलितत्वात्तदवयवपरिभोगाय तं(तत्) प्रायश्चित्तमपि न स्यादिह चाशुद्धं यद्यत्र यदा पतितं पश्यति तत्ततस्तदा सम्यगुद्धरेदशठः सन्नित्युक्तम्। अधुनाऽशठ एव विशोधिकोटिदोषवत आहारस्य समुद्धरणविधिरुच्यते। तत्र च यत्पात्रकेऽग्रगृहीतं तच्छुद्धं यत्तु पश्चात्तन्मध्ये पतितं तद्विशोधिकोटिदोषवद्द्रव्यं, ततश्च निर्व्वाहे सति शुद्धं विशोधिकोटिदोषवच्च सर्व्वं त्याज्यमनिर्व्वाहे तु चतुर्भङ्गिकया कल्पनीयता वक्तव्या।

**卐 शुष्कार्द्रयोः चतुर्भङ्गिकया कल्पनीयता 卐**

यथा शुष्के शुष्कं १ शुष्के आर्द्रं २ आर्द्रे शुष्कं ३ आर्द्रे आर्द्रं ४ पतितमिति। तत्र शुष्कं वल्लचणकादि रूक्षद्रव्यं। आर्द्रं तु तक्रतीमनस्नेहादिकं। ततश्च यदि शुष्कस्य पुरागृहीतस्य शुद्धस्य मध्ये शुष्कं वल्लादिकमेव विशुद्धिकोटिदोषवत्पतितं तदा तद्वल्लकादिकमशुद्धं वक्ष्यमाणन्यायोक्तजलप्रक्षेपादिकष्टं विनापि विविक्तुं शक्यत्वादुद्धृत्य तत्त्यज्यते। उद्धृते च शेषं वल्लकादिकं कल्प्यं स्यादिति प्रथमभङ्गः। यदा च पतद्ग्रहे शुद्धस्य शुष्कप्रायवल्लादेर्मध्ये यदि विशोधिकोटिदोष-

ઓછો છે અને જરૂરી કાર્યસર વાપરીને તરત વિહાર કરવો પડે તેમ છે. કાં તો વધારે ફરવા જતા મોડું થઈ જાય તો ગ્લાનાદિ ક્લેશ પામશે વગેરે. અથવા, **'निजशक्ति-अनुरूप-यतमानता-नैपुण्येन'** = પોતાની શક્તિને અનુરુપ કાર્યક્ષમતાની નિપુણતા = બુદ્ધિમત્તાનો વિષય વિચારીને જેમકે, હવે મારાથી વધારે ચલાશે નહિ, હવે જો વધારે ચાલીશ તો પડી જવાનો ભય છે વગેરે.

આમ વિચારીને, જે શુદ્ધભક્તાદિયુક્ત પાત્રમાં અશુદ્ધનું ગ્રહણ કરાયું છે, તેમાંથી તે અશુદ્ધને કાઢીને પરઠવી દે. આ રીતે ભાવસંબધી ત્યાગ બતાવ્યો.

તથા, અશઠભાવે વિશોધિકોટિવાળું બહાર કાઢ્યા બાદ પાત્રામાં રહેલ શુદ્ધઆહાર = જેને કાઢવામાં આવ્યો નથી એમાં પણ જો અશુદ્ધ કણિયાઓ કદાચ રહી ગયા હોય તો પણ ત્રણવાર ધોવાનો કલ્પ કર્યા વિના પણ જો એમાં બીજો આહાર ગ્રહણ કરે અથવા એ આહાર વાપરે તો પણ એ બધું શુદ્ધકોટિ ગણાતું હોવાથી દોષ લાગતો નથી, કારણ કે 'આના વિના હવે ચાલે એમ નથી' વગેરે સ્વરૂપ પોતાના ભાતપાણી સાથે સાધુએ બરાબર તુલના કરી છે. અને એમ તુલના કરીને વાપરે છે માટે એને પ્રાયશ્ચિત પણ નથી હોતું. કારણ કે પહેલા જ કહેવાઈ ગયું છે કે અશુદ્ધઆહાર જે કાંઈ, જ્યાં, જ્યારે પડ્યું, તેને, ત્યારે જ અશઠભાવે સારી રીતે તેને દૂર કરી દે છે.

હવે, અશઠભાવને ઉભો રાખીને જ વિશોધિકોટિદોષવાળો આહાર કાઢવાની વિધિ બતાવે છે.

**• શુષ્ક અને આર્દ્રની ચતુર્ભંગી દ્વારા કલ્પનીયતા •**

પાત્રામાં જે પહેલા ગ્રહણ કર્યું હોય તે શુદ્ધ હોય અને પછીથી એમાં વિશોધિકોટિદોષવાળું અશુદ્ધ પડ્યું હોય, ત્યારે જો નિર્વાહ થતો હોય તો શુદ્ધ અને વિશોધિકોટિવાળું અશુદ્ધ, બધું જ ત્યાગી દેવાનું હોય છે. પરન્તુ જો નિર્વાહ થતો ન હોય ત્યારે એ અંગેની ચતુર્ભંગી વડે કલ્પનીયતા જાણવી. તે આ પ્રમાણે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वत्तीमनाद्यर्द्रं पतितं तदा तन्मध्ये काञ्जिकादिजलं प्रक्षिप्य धूल्ल्यादेरुपरि नामितस्य पात्रकस्य भूप्रत्यासन्नकर्णैकदेशे लग्नं शुद्धभक्तस्य पातरक्षणार्थं तिर्यग् स्वहस्तं विधाय तत् क्षिप्तजलं विविक्तप्रदेशे गत्वा निष्काशयन्ति। येन तज्जलेन सह तदशुद्धतीमनादिकं निस्सरति। ततः शेषं वल्लादिकं कल्प्यं स्यादिति द्वितीयभङ्गविधिः। यदि चार्द्रस्य शुद्धस्य तीमनादेर्मध्ये शुष्कप्रायं कूरमुद्गादिकं विशोधिकोटिदोषवत्पतितं, तदा तदाधारपात्रकमध्ये स्वहस्तं प्रक्षिप्य तीमनादेर्मध्याद् यच्छक्नोति निष्कासयितुं हस्तेन तन्निस्सारयति। ततः शेषं तीमनादि कल्प्यं स्यादिति तृतीयभङ्गविधिः। यदि च दुर्ल्लभद्रव्यस्यार्द्रस्य मध्ये आर्द्रमेवाशुद्धं पतितं तदस्मिन् तावत् प्रमाणे उद्धृते शेषं कल्प्यमिति चतुर्थभङ्गविधिः अयं च सूत्रकारेणाप्यभिधास्यते इति गाथार्थः।।५५।।

**अवतरणिका**– अधुना प्रदर्शितमेवार्थं सूत्रकारः संक्षेपतोऽभिधित्सुराह।

---

(१) **शुष्के-शुष्कम् पतितम्** = સૂક્કામાં સૂક્કું પડેલું. (२) **शुष्के आर्द्रम् पतितम्** = સૂક્કામાં ભીનું પડેલું. (૩) **आर्द्रे शुष्कम् पतितम्** = ભીનામાં સૂક્કું પડેલું અને (૪) **आर्द्रे आर्द्रम् पतितम्** = ભીનામાં ભીનું પડેલું.

અહીં, '**शुष्क**' થી વાલ-ચણા વગેરે લુખ્ખા દ્રવ્યો સમજવા અને '**आर्द्र**' થી દૂધ-દહીં-છાશ-તીમન = દાલ કે કઢી-સ્નેહ = ચીકાશવાળી વસ્તુ જેમકે ઘી-તેલ વગેરે સમજવા.

(૧) પહેલાં ગ્રહણકરેલ શુષ્ક એવા વાલ-ચણા વગેરે શુદ્ધઆહારમાં જો વિશુદ્ધિકોટિદોષવાળા વાલ-ચણા જ પડ્યા હોય ત્યારે હવે કહેવામાં આવશે એવા જળપ્રક્ષાલન વગેરે કષ્ટ વિનાજ એ બન્નેને અલગ કરી શકાતા હોવાથી તેમાંથી અશુદ્ધને કાઢી નાંખે. એમ કર્યાબાદ વધેલા શુદ્ધવાલ વગેરે કલ્પ્ય બને છે. આ પ્રથમભાંગો થયો.

(૨) પાત્રામાં પ્રથમ ગ્રહણકરેલ શુદ્ધ એવા શુષ્ક પ્રાયઃ વાલ વગેરેની મધ્યમાં વિશોધિકોટિદોષવાળા તીમન = દાલ કે કઢી વગેરે આર્દ્રદ્રવ્ય પડ્યું. ત્યારે, તેમાં કાંજી વગેરેનું પાણી નાંખીને, વિવિક્ત પ્રદેશ = જીવ ન હોય એવી એકાંત જગ્યાએ જઈને ધૂળ વગેરેની ઉપર પાત્રને સ્હેજ નમાવીને, ધૂળની લગભગ નજીક રાખીને, પોતાનો હાથ પાત્રામાં રહેલ દ્રવ્યની રક્ષામાટે તીર્છો રાખીને એ બધુંય પાણી કાઢી નાંખે કે જેથી એ પાણીની સાથે પેલું અશુદ્ધ તીમનાદિ પણ નીકળી જાય. પછી શેષ વાલાદિ કલ્પ્ય બને છે. આ બીજાભાંગાની વિધિ થઈ.

(૩) જ્યારે આર્દ્ર શુદ્ધતીમનાદિની મધ્યમાં વિશોધિકોટિદોષ વાળા શુષ્કપ્રાયઃ કૂર, મગ વગેરે પડ્યા હોય. ત્યારે તે પાત્રામાં પોતાનો હાથ નાંખીને જેટલા કાઢી શકાય તેમ હોય તે બધા કાઢીને પરઠવી દે. શેષ તીમનાદિ કલ્પ્ય બને છે. આ ત્રીજાભાંગાની વિધિ થઈ.

(૪) દુર્લભ ઘી-દૂધ એવા આર્દ્રદ્રવ્યની મધ્યમાં અશુદ્ધ એવું આર્દ્રદ્રવ્ય જ પડ્યું. ત્યારે, જેટલું પડ્યું હોય તેટલું પ્રમાણ કાઢી નાંખ્યાબાદ બાકીનું કલ્પ્ય બને છે. આ ચોથાભાંગાની વિધિ થઈ

આ. ભાંગાની વિધિસૂત્રકાર દ્વારા પણ અનન્તર કહેવામાં આવશે.॥૫૫॥

**અવતરણિકા** :- હવે એજ ઉપરોક્ત ભાંગાની વાત સંક્ષેપથી સૂત્રકાર જણાવે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मूलगाथा– तं चेव असंथरणे, संथरणे सव्वमवि विगिंचंति।**

**दुल्लहदव्वे असढा, तत्तियमेत्तं चिय चयंति।।५६।।**

**संस्कृतछाया-** तं चैवाऽसंस्तरणे, संस्तरणे सर्वमपि परित्यजन्ति।

दुर्लभद्रव्येऽशठास्तावन्मात्रमेव त्यजन्ति।।५६।।

**卐 अनन्तरोक्तविधिस्त्वसंस्तरणे, संस्तरणे पुनः सर्वं त्याज्यम् 卐**

**व्याख्या**– 'तं चेव'त्ति। चः पुनरर्थः भिन्नक्रमश्च तदेव विशोधिकोटिदोषदुष्टमेव, असंस्तरणे तद्विनाऽनिर्वाहे विगिंचंतीति योगः। संस्तरणे पुनस्तद्विनापि निर्व्वाहे सत्यपेरेवकारार्थत्वात् सर्वमपि समस्तमेव सर्व्वं विशोधिकोटिदोषवच्च वल्लादिकं विगिंचन्ति परित्यजन्ति परिष्ठापयन्तीति यावत्। अयमत्र भावार्थः। साधुना हि भिक्षामटता पूर्व्वं पात्रके शुद्धं भक्तादि गृहीतं ततस्तत्राप्यनाभोगादि-नाऽज्ञातं विशोधिकोटिदोषदुष्टं गृहीतं। पश्चादज्ञातं ततो यदि तेन विनापि निर्व्वहति तदा

**મૂળગાથા-શબ્દાર્થ :- तं चेव** = વિશોધિકોટિદોષવાળું જ, **असंथरणे** = નિર્વાહ ન થતો હોય ત્યારે, **संथरणे** = નિર્વાહ થતો હોય ત્યારે, **सव्वमवि** = વિશોધિકોટીદોષવાળું તથા શુદ્ધ પણ, **विगिंचंति** = પરઠવે, **दुल्लहदव्वे** = તે દ્રવ્ય દુષ્પ્રાપ્ય હોય તો., **असढा** = અમાયાવી, **तत्तियमेत्तं चिय** = વિશોધિકોટિ દોષવાળું જેટલું હોય તેટલું જ, **चयंति** = કાઢી નાખે.॥૫૬॥

**મૂળગાથા-ગાથાર્થ :-** આગળ (૫૫મી ગાથામાં) જે વિશોધિકોટિદોષવાળા અશનાદિની ત્યાગવિધિ બતાવી છે તે તો નિર્વાહ ન થતો હોય ત્યારે જ ગણવી. બાકી જો નિર્વાહ થતો હોય ત્યારે બધું જ પરઠવી દે. કોઈ ગ્લાનાદિ માટે મળેલા શુદ્ધ ઘી વગેરે દુષ્પ્રાપ્ય દ્રવ્યમાં બીજું વિશોધિકોટિદોષવાળું ઘી વગેરે પડ્યું હોય અને જો અશઠભાવે તેમાંથી તેટલું પ્રમાણસર કાઢી નાંખે (પરઠવી દે) તો બાકીનું મિશ્રિત હોવા છતાં પણ તે પ્રકારની સર્વજ્ઞોની આજ્ઞા હોવાથી કલ્પ્ય થઈ શકે છે.॥૫૬॥

**• અનન્તર બતાવેલી વિધિ તો નિર્વાહ થતો ન હોય ત્યારે છે,**
**નિર્વાહ થતો હોય ત્યારે બધું જ ત્યાગવું •**

**વ્યાખ્યાર્થ :-** ગાથામાં 'च' ભિન્નક્રમે છે તે 'पुनः' ના અર્થમાં વપરાયો છે, એમ જાણવું. એટલે કે 'च' 'संथरणे' પછી આવે. એટલે કે 'संस्तरणे च' = 'संस्तरणे पुनः' એમ અન્વય કરવો, तं = તે જ, એટલે કે વિશોધિકોટિદોષદુષ્ટ દ્રવ્યને જ, 'असंथरणे' = 'असंस्तरणे' = તે દ્રવ્યવિના નિર્વાહ થતો ન હોય ત્યારે, 'विगिंचंति' = 'परित्यजंति' = પરઠવી દે. અર્થાત્ નિર્વાહ ન થતો હોય ત્યારે જેટલું અશુદ્ધ દ્રવ્ય હોય તેટલું કાઢીને પરઠવી દે. અને શેષદ્રવ્યનો ઉપયોગ કરે. પરન્તુ, 'संथरणे' = 'संस्तरणे' = તે દ્રવ્ય વિના પણ નિર્વાહ થઈ જતો હોય ત્યારે, 'अवि' = 'अपि' = અહીં 'અપિ' એ 'એવકાર' અર્થમાં છે. એટલે કે 'सव्वमवि' = 'सर्वमपि' = વિશોધિકોટિવાળું બધુંજ વાલાદિ દ્રવ્ય, 'विगिंचंति' = 'परित्यजन्ति' = 'परिष्ठापयनति' = ત્યજી દે-પરઠવી દે.

અહીં કહેવાનો ભાવાર્થ આ પ્રમાણે છે કે ગોચરીએ ફરતા સાધુએ સૌપ્રથમ પાત્રામાં શુદ્ધભક્તાદિ ગ્રહણ કર્યું અને તે જ પાત્રામાં અનાભોગઆદિદ્વારા અજ્ઞાત એવું વિશોધિકોટિદોષદુષ્ટ દ્રવ્ય ગ્રહણ કર્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्सर्वमपि विधिना त्याज्यं। अथ न निर्व्वहति तदा प्रत्यभिज्ञाय निजविज्ञानेन तदेव दोषदुष्टं त्याज्यं न शेषम्। यदि च श्लथद्रवरूपस्य विशोधिकोटिदोषवतस्तक्रतीमनादेः शुद्धतज्जातीयमिलितस्य व्यक्त्या परस्परं मिलितत्वेन शुद्धाशुद्धविभागो न लक्ष्यते, तदापि समस्तत्यागः कार्यः। चतुर्थभङ्गकाश्रितं विधिविशेषमाह।

**卐 दुर्लभद्रव्येऽशठा यावन्मात्रमशुद्धं पतितं तावन्मात्रमेव त्यजन्ति 卐**

'दुल्लहेत्यादि' दुर्लभमन्यत्र दुष्प्रापद्रवं श्लथरूपं घृतादिकं द्रव्यं तस्मिंस्तु पुनः शुद्धे यद्यपरं विशोधिकोटिदोषवत्पतितमथ ग्लानाद्यर्थं अवश्यं दुर्ल्लभत्वाद्य(द्यद)र्थं (ग्राह्यं ? - परिभोग्यं ?) तत्तदा **तावन्मात्रमेव** यावन्मात्रं विशोधिकोटिदोषवद् घृतादिकं पतितं तत्प्रमाणमेव कलय्य सर्व्वस्यापि मिलितस्य मध्यात्त्यजन्ति उद्धरन्ति साधवः। कीदृशाः सन्तः? इत्याह। अशठा निजशक्त्यनवगूहनेन यतमानतयाऽमायाविनस्ततः शेषः किञ्चिच्छुद्धं किञ्चिद्विशोधिकोटिदोषवच्च भवति। परं तत् सर्व्वज्ञाज्ञाकरणात् कल्प्यं स्यात्। इह दुर्ल्लभशब्दोपादानात् सुलभे द्रव्ये सति सर्व्वमपि त्यजन्तीति

---

પછીથી ખ્યાલ આવ્યો કે આ તો અશુદ્ધ લેવાઈ ગયું છે. તો હવે જો તે લીધેલ દ્રવ્ય વિના પણ નિર્વાહ થઈ જતો હોય તો બધુંજ દ્રવ્ય વિધિપૂર્વક પરઠવી દે. પણ જો નિર્વાહ થતો ન હોય તો પોતાના જ્ઞાનથી દોષિતદ્રવ્યને જાણીને તે દોષદુષ્ટ દ્રવ્યને જ પરઠવી દે પણ શેષ શુદ્ધઆહારાદિને પરઠવે નહિ.

જ્યારે વિશોધિકોટિદોષવાળા શ્લથ = ઢીલા દ્રવ્યરૂપ તક્ર-તીમન = દાલ, કઢી આદિ, તેના જેવા જ બીજા શુદ્ધ ઢીલા દ્રવ્ય સાથે મળી ગયા હોય, કે જે વ્યક્ત = પ્રગટરૂપે 'આ શુદ્ધ છે, આ અશુદ્ધ છે' એમ તારવી શકાતા નથી ત્યારે બધાનો ત્યાગ કરવાનો હોય છે.

હવે ચોથા ભાંગાને આશ્રયીને વિશેષવિધિને જણાવે છે.

**● દુર્લભદ્રવ્યમાં અશઠસાધુઓ જેટલું અશુદ્ધ પડ્યું તેટલા પ્રમાણનો જ ત્યાગ કરે ●**

'दुल्लह-दव्वे' = 'दुर्लभद्रव्ये' = બીજે ક્યાંય મળતું ન હોય એવું ઘી વગેરે રૂપ શ્લથદ્રવ્ય શુદ્ધ હોય, અને એમાં તેના જેવું જ બીજું દ્રવ્ય વિશોધિકોટિદોષવાળું પડ્યું. હવે ગ્લાનાદિમાટે એ દુર્લભ દ્રવ્યની અત્યંત અનિવાર્યતા છે. તો ત્યારે જેટલું અવિશોધિકોટિવાળું ઘી વગેરે દ્રવ્ય પડ્યું, તેનું પ્રમાણ જાણીને, જે બધું ભેગું થઈ ગયું છે તેમાંથી સાધુઓ, 'तत्तियमेत्तं चिय चयंति' = 'तावन्मात्रमेव त्यजन्ति' = તેટલું જ પ્રમાણ કાઢી નાંખે. કેવા સાધુઓ એ રીતે કાઢી નાંખે ? તે જણાવે છે, 'असढाः' = 'अशठाः' = ચોક્ખા હૃદયવાળા, અર્થાત્ પોતાની શક્તિને છૂપાવ્યા વિના, એટલે કે પ્રયત્ન કરવાવડે માયા વિનાના સાધુઓ જ એ વિધિ આચરી શકે. જો કે, તેટલું પ્રમાણ કાઢી લીધા બાદ શેષ દ્રવ્ય તો અમુક અંશે શુદ્ધ અને અમુક અંશે વિશોધિકોટિદોષથી યુક્ત અશુદ્ધ હોય છે, તો પણ એમ કરવામાં પરમાત્માની આજ્ઞાનું પાલન કરાતું હોવાથી એ કલ્પ્ય છે.

આમાં, 'दुल्लह' = 'दुर्लभः' શબ્દનું ગ્રહણ કર્યુ છે એનાથી આ પણ અર્થ જાણવો કે જો દ્રવ્ય સુલભ હોય તો બધુંય પરઠવી દેવું જોઈએ. તેમજ, સાધુ અશઠપણે જે આચરણ કરે તે જ તેના ચારિત્રની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दृश्यम्। तथाऽशठः सन् यदेवाचरति तदेव तस्य चारित्रनैर्म्मल्यहेतुतया कर्म्मबन्धाभावाय स्यात्। शठस्तु तदप्याचरन् चारित्रमालिन्योत्पादनेन कर्म्मणा श्लिष्यते इत्यावेदयतीति गाथार्थः।।५६।।

**अवतरणिका**— सांप्रतमुद्गमदोषनिगमनमुत्पादनादोषप्रस्तावनां चाह।

**मूलगाथा— भणिया उग्गमदोसा, संपइ उप्पायणाए ते वोच्छं।**
**जे णज्जकज्जसज्जो, करेज्ज पिंडट्ठमवि ते य।।५७।।**

**संस्कृतछाया— भणिता उद्गमदोषाः सम्प्रत्युत्पादनायास्तान् वक्ष्ये।**
**याननार्यकार्यसज्जः करोति पिण्डार्थमपि ते च ।।५७।।**

**卐 उद्गमदोषनिगमनोत्पादनादोषप्रस्तावनाऽऽर्याऽनाऽऽर्यकार्यस्वरूपं 卐**

**व्याख्या**— भणिता भेदप्रभेदादिकथनेनादित आरभ्यैतावता ग्रन्थेन प्रतिपादिता उद्गमदोषा आहारोत्पत्तिदूषणानि इतिनिगमनं। सम्प्रति साम्प्रतमधुनेत्यर्थः। 'उप्पायणाए' त्ति तत्र धात्र्यादिप्रकारैर्वक्ष्यमाणैर्याञ्चया आहारोत्पादनमुत्पादना तस्यास्तस्यां वा विषये तान् दोषान् वक्ष्येअभिधास्ये। यान् दोषान् अनार्यं जघन्यजनोचितं यत्कार्यं प्रयोजनमाहारादिलौल्येन तदुपार्ज्जन्या(न)करणरूपम्

---

નિર્મળતાનું કારણ બનતું હોવાથી કર્મબન્ધના અભાવ માટે થાય છે. અર્થાત્ એને કર્મનો બન્ધ થતો નથી. પરન્તુ શઠભાવવાળો આવું આચરણ કરે તો એ આચરણ એના ચારિત્રમાં મલિનતા ઉત્પન્ન કરવાવડે કર્મબંધ કરાવે છે એમ સ્પષ્ટ થાય છે. ॥૫૬॥

**અવતરણિકા** :- હવે, ઉદ્‌ગમકોટિ દોષનું નિગમન = ઉપસંહાર અને ઉત્પાદના દોષની પ્રસ્તાવના કરતાં કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **भणिया** = કહ્યા, **उग्गमदोसा** = ઉદ્‌ગમદોષો, **संपइ** = હવે, **उप्पायणाए** = ઉત્પાદનાના, **ते** = દોષો, **वोच्छं** = કહીશ, **जं** = જે દોષો, **णज्जकज्जसज्जो** = અનાર્ય કાર્યમાં રક્ત, **करेज्ज** = કરે, **पिण्डट्ठमवि** = આહારાદિને માટે પણ, **ते** = તે દોષો, **य** = અને.॥૫૭॥

**મૂળગાથા-ગાથાર્થ** :- ગૃહસ્થથી ઉત્પન્ન થતાં ઉદ્‌ગમના દોષો કહ્યા. હવે સાધુથી ઉત્પન્ન થતાં ઉત્પાદનાના દોષો કહીશું કે જે દોષો સાધુપણાને ઉચિત નહિ એવા અનાર્ય વ્યાપાર = સાવદ્યવ્યાપારમાં તત્પર, પરમાર્થથી સાધુ નહિ પણ સાધુવેશમાં રહેલો એવો અશનાદિ મેળવવા માટે સેવે.॥૫૭॥

## • ઉદ્‌ગમદોષોનું નિગમન અને ઉત્પાદનાદોષોની પ્રસ્તાવના તથા આર્ય-અનાર્યકાર્યનું સ્વરૂપ •

**વ્યાખ્યાર્થ** :- '**भणिया उग्गमदोसा**' = '**भणिताः उद्गमदोषाः**' = આ પ્રમાણે ઉદ્‌ગમદોષો કહેવાયા. અર્થાત્ ભેદ-પેટાભેદ વગેરે કહેવાપૂર્વક, શરૂઆતથી માંડીને અહીં સુધી મૂળગ્રન્થકાર આચાર્ય શ્રી જિનવલ્લભસૂરિજી મહારાજે પોતાના પ્રસ્તુતગ્રન્થમાં આહારની ઉત્પત્તિના દૂષણ સ્વરૂપ જે ઉદ્‌ગમદોષોનું પ્રતિપાદન કર્યું, તે ઉત્પાદનાદોષોના ૧૬ પ્રકારો કહેવાઈ ગયા. આ ઉપસંહાર થયો.

'संपई' = 'सम्प्रति' = 'साम्प्रतम्' = 'अधुना' = હવે, 'उप्पायणाए' = 'उत्पादनायाः' = ધાત્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(तदुपार्ज्जनान्यायकरणरूपम् ?)अथवोत्तमजनाचरणीयं धर्म्मलक्षणमेव कार्यं नाहारादिकं। तदुक्तं, "नाहारं चिन्तयेत् प्राज्ञो धर्म्ममेकं हि चिन्तयेत्, आहारो हि मनुष्याणां जन्मना सह जायते"।।१।।

इति तत्र सज्जः प्रगुणस्तदुपायनिरतः (न) कुर्व्वीत विदधीत। लौल्ययुक्तः कश्चित् साध्वाभासः यदर्थमसौ तान् कुर्व्वते तद्दर्शयितुमाह। पिण्डार्थमपीति आहारनिमित्तमपि न केवलं दुर्लभवस्तुन उत्पादनादेरर्थायेत्यपेरर्थोऽनेना(ना)र्यकार्यमेव व्यक्तीकृतं परमिह पिण्डेनैव प्रकृतमिति मुख्यतस्तदुपादानं। यद्वा अनार्यकार्यं क्रोधादियुतस्य साधोर्धात्रीत्वादिकरणम्। अथ च क्षमाद्यन्वितत्वमेव यतेः प्रशस्यं कार्यं। तत्र सज्जः प्रगुणः, शेषं प्राग्वत् तत्र क्रोधयुतो धात्रीत्वं करोति। यथा केनापि साधुना क्वापि गृहे भिक्षार्थं गतेन लड्डुकादीन् दृष्ट्वा गृहस्थी याचिता एतान् मह्यं देहीति तयोदरिको

---

વિગેરે કહેવાતા પ્રકારોવડે માંગણીપૂર્વક આહારની ઉત્પત્તિ સ્વરૂપ ઉત્પાદના, 'ते' = 'तान्' = તે દોષોને = ઉત્પાદનાના તે દોષોને, **'वोच्छम्' = 'वक्ष्ये' = 'अभिधास्ये'** = કહીશ. આ પ્રમાણે પૂર્વાર્ધ ગાથાની વ્યાખ્યા થઈ.

ઉત્તરાર્ધ ગાથા :- **'जे' = 'यान् दोषान्'** = જે દોષોને, શા માટે સેવે ? તે જણાવે છે. **'अणज्जकज्ज' = 'अनार्यकार्य'** = અનાર્યકાર્ય = હલકાં લોકોને ઉચિત જે કાર્ય છે તે કાર્યને, એટલે કે લોલુપતાથી આહારાદિને ઉપાર્જન કરવા સ્વરૂપ તે અનાર્યકાર્યને કરવામાં, **'सज्जः' = 'प्रगुणः' = 'तदुपायनिरतः'** = ગમે તે રીતે ઇચ્છિત આહારાદિને પ્રાપ્ત કરવાના ઉપાયમાં લાગી ગયેલો કોક લોલુપતાયુક્ત સાધ્વાભાસ = શિથિલાચારી સાધુ, **'करेज्ज = करोति'** કરે છે.

ભાવાર્થ આ છે કે, લોલુપતાથી આહારાદિને ઉપાર્જન કરવા માટે અનાર્યલોકોને ઉચિત એવું ઉત્પાદનાદોષો લગાડવાનું પણ કાર્ય લોલુપતાયુક્ત શિથિલ સાધુ જ કરે.

**પ્રશ્ન** :- લોલુપતાથી આહારાદિને મેળવવા કરાતું કાર્યને અનાર્યકાર્ય કેમ કહો છો ?

**ઉત્તર** :- ઉત્તમલોકોએ તો ધર્મ સ્વરૂપ કાર્યજ કરવું જોઈએ. પરન્તુ આહારાદિ મેળવવાનું કાર્ય કરવું જોઈએ નહિ કારણ કે, કહેવાયું છે કે,

**"नाहारं चिन्तयेत् प्राज्ञो धर्म्ममेकं हि चिन्तयेत्। आहारो हि मनुष्याणां जन्मना सह जायते।"**

**અર્થ** :- બુદ્ધિશાળી ઉત્તમજને આહારની ચિંતા કરવી ન જોઈએ. પરન્તુ એક માત્ર ધર્મનીજ ચિંતા કરવી જોઈએ. કારણ કે આહાર તો મનુષ્યોને જન્મથી જ સાથે જન્મેલો = વળગેલો છે. એની શી ચિંતા કરવી જોઈએ ?

અનાર્યજનને ઉચિત તે દોષોને શા માટે આ શિથિલ સાધુ કરે ? તે જણાવે છે, **'पिंडट्ठमवि' = 'पिण्डार्थमपि'** = પિંડ-આહારમાટે પણ કરે છે. અહીં **'अपि'** શબ્દથી આ અર્થ જાણવો કે માત્ર દુર્લભવસ્તુને મેળવવા માટે જ દોષોને લગાડે છે એવું નથી પણ સુલભદ્રવ્ય માટે પણ માત્ર જીભની લોલુપતાથી દોષોને લગાડે છે.

આમાં આ એક વાત ખ્યાલમાં રાખવી કે દુર્લભવસ્તુ માટે કદાચ કોકવાર દોષો લગાડે તો એ આર્યકાર્ય છે = ઉચિત કાર્ય છે, પરન્તુ દુર્લભવસ્તુમાં તો ઘણી ઘણી વાતો આવે જેમ કે દુર્લભ કાપડ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भवानित्यादिवचनैर्निर्भर्त्सितो यतिः ततः कुपितश्चिन्तयति यथा इयं पापा तथा कार्या, यथा मदायत्ता स्यादिति। मानयुतस्त्वभ्युत्थानाद्यर्चया, मायायुतस्त्वेकस्या धात्र्याश्च्यावनायान्यस्याः स्थापनाय बालस्य गृहे गत्वा कूटश्लोकपाठकरणादिना, लोभयुतस्त्वाहारलोभादिना धात्रीत्वं करोतीति। 'ते य' त्ति ते दोषा पुनरमी भवन्तीति गम्यते इति गाथार्थः।।५७।।

**अवतरणिका**– अथ तानेव प्रस्तावितोत्पादनादोषान् नामतः सङ्ख्यातश्च गाथाद्वयेनाह।

**मूलगाथा– धाइ दूइनिमित्ते, आजीववणीमगे तिगिच्छाय।**
**कोहे माणे माया लोभे अ हवंति दस एए।।५८।।**
**पुव्विं पच्छा संथव विज्जा मंते य चुन्नजोगे य।**
**उप्पायणाए दोसा, सोलसमे मूलकम्मे य।।५९।।**

---

દુર્લભ પાત્રા વગેરે. પણ અહીં પિણ્ડ-આહાર-ભાતપાણીની જ વાત ચાલતી હોવાથી મુખ્યતયા એ અંગેની જ વાત સમજવી.

અથવા, અનાર્યકાર્યની બીજી વ્યાખ્યા જણાવે છે,

ક્રોધાદિથી યુક્ત સાધુ જે ધાત્રીત્વ = ધાવમાતા બનવું વગેરે કાર્ય કરે, તે અનાર્યકાર્ય છે. કારણ કે ક્ષમા વગેરેથી રહેવાપણું એજ સાધુનું પ્રશસ્ય કાર્ય છે.. એનાથી વિપરીત તે અનાર્યકાર્ય છે. એવા અનાર્યકાર્યમાં 'सज्जः' = 'प्रगुणः' = પ્રવૃત્ત થયેલો સાધુ શું કરે ? વગેરે બધી વાતો ઉપર કહ્યા પ્રમાણે સમજી લેવી.

ક્રોધથી યુક્ત સાધુ ધાત્રીપણું શી રીતે કરે ? તે જણાવે છે.

જેમકે કોક ક્રોધી સાધુ કોક ગૃહસ્થના ઘરે ગોચરી ગયા. લાડુ વગેરે જોઈને ગૃહસ્થીને એની યાચના કરી કે "આ મને આપ." ત્યારે દાત્રી 'તમે પેટભરા છો, ખાઉધરા છો' ઇત્યાદિ વચનોવડે તિરસ્કાર કરે છે. તેથી ક્રોધે ભરાયેલ સાધુ વિચારે છે કે "આ પાપીણીને તેવું કરવું કે જેથી મારે વશ થાય."

સાધુ જો માનયુક્ત = અભિમાની હોય તો તે અભ્યુત્થાન = ઊભા થવું, સામે જવું વગેરે સ્વરૂપ અર્ચા-પૂજા-બહુમાન દ્વારા, જો સાધુ માયાયુક્ત હોય તો એક ધાત્રીને કઢાવી નાંખીને બીજીને સ્થાપવા માટે બાળકના ઘરે = જે બાળકની ધાત્રીને કાઢવી છે એ બાળકના ઘરે જઈને ખોટાશ્લોક બોલવા = નિંદા કરવી વગેરે કાર્ય દ્વારા ધાત્રીપણું બજાવે. જો સાધુ લોભયુક્ત હોય તો આહારઆદિના લોભથી ધાત્રીપણું બજાવે. ક્યા તે દોષો છે ? તે જણાવતા કહે છે, 'ते य' = 'ते च' = વળી તે દોષો આ છે. જે હવે પછીની ગાથામાં કહેવાય છે.।।૫૭।।

**અવતરણિકા** :- હવે, જેની પ્રસ્તાવના કરી ગયા તે જ ઉત્પાદના દોષોને નામથી તેમજ સંખ્યાથી બે ગાથામાં બતાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **धाइ** = ધાત્રી, **दूइ** = દૂતી, **निमित्ते** = નિમિત્ત, **आजीव** = આજીવન, **वणीमगे** = વનીપક, **तिगिच्छा** = ચિકિત્સા, **य** = અને, **कोहे** = ક્રોધ, **माणे** = માન, **माया** = માયા, **लोभे** = લોભ, **अ** = અને, **हवंति** = હોય છે, **दस** = દશ, **एए** = આ.।।૫૮।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संस्कृतछाया- धात्रीदूतीनिमित्तान्याजीववनीपकौ चिकित्सा च।
क्रोधो मानो माया लोभश्च भवन्ति दशैते ।।५८।।
पूर्वं पश्चात्संस्तवो विद्यामन्त्रे च चूर्णयोगौ च।
उत्पादनाया दोषाष्षोडशं मूलकर्म्म च।।५९।।

**卐 धात्री-दूत्याद्युत्पादनादोषकथनं संक्षेपेण 卐**

**व्याख्या**- धात्री बालपालिका स्त्री। इह च धात्रीति निर्देशेऽपि दोषशब्दसामान्याधिकरण्यात् सूचनाच्च धात्रीत्वकरणमिति दृश्यं। एवं यथासम्भवमन्यत्रापि।१। तथा दूती परस्परसन्दिष्टार्थ-कथिका स्त्री, दूतीत्वकरणमित्यर्थः।२। 'निमित्ते'त्ति निमित्तकरणमतीताद्यर्थसूचनं।३। तथा आजीवो जात्यादीनां गृहस्थात्मसमानां कथनादिना आजीवनं।४। 'वणीमगे' त्ति वनीपकत्वकरणं। तत्र वनुते

**पूव्विं** = પહેલા, **पच्छा** = પછી, **संथव** = પ્રશંસા, **विज्जा** = વિદ્યા, **मंते** = મંત્ર, **य** = અને, **चुन्नजोगे** = ચૂર્ણ અને યોગ, **य** = અને, **उप्पायणाए** = ઉત્પાદનાના, **दोसा** = દોષો, **सोलसमे** = સોળમો, **मूलकम्मे** = મૂલ કર્મ, **य** = અને.।।૫૯।।

**મૂળગાથા-ગાથાર્થ** :- (૧) ધાત્રી એટલે બાળકનું પાલન કરનાર સ્ત્રી. અહીં ધાત્રી શબ્દ એકલો હોવા છતાં પણ દોષનો પ્રસ્તાવ હોવાથી ધાત્રીપણું કરવું તે ધાત્રીદોષ, એવી રીતે બીજા દોષોમાં પણ યથાસંભવ જાણી લેવું. (૨) દૂતી એટલે પરસ્પર સંદેશો કહેનાર સ્ત્રી, તે કરવાપણું. (૩) નિમિત્ત એટલે અતીત અનાગતાદિ ભાવોનું કહેવું. (૪) આજીવન એટલે દાયકની આગળ તેની સમાન પોતાની જાત્યાદિ જણાવવી. (૫) વનીપક એટલે દાયકને પૂજ્ય હોય તેનો પોતે ભક્ત છે એમ બતાવવું. (૬) રોગીની ચિકિત્સા કરવી, કરાવવી. (૭-૧૦) ક્રોધ-માન-માયા અને લોભ કરવા દ્વારા અશનાદિની પ્રાપ્તિ.।।૫૮।।

(૧૧) પૂર્વ-પશ્ચાત્સંસ્તવ એટલે દાનની પૂર્વે અથવા પછી દાતારની પ્રશંસા. (૧૨-૧૫) વિદ્યા, મંત્ર, ચૂર્ણ અને યોગના પ્રયોગ દ્વારા અશનાદિની પ્રાપ્તિ. (૧૬) અને મૂલ નામના પ્રાયશ્ચિતને યોગ્ય ગર્ભઘાતાદિની ક્રિયા તેનું નામ મૂલકર્મ. આ પ્રમાણે ઉત્પાદનાના સોળ દોષો છે.।।૫૯।।

## • ધાત્રી, દૂતી વગેરે ઉત્પાદના દોષોનું સંક્ષેપમાં કથન •

**વ્યાખ્યાર્થ** :- (૧) 'धाइ' = 'धात्री' એટલે કે બાળકને પાલનારી સ્ત્રી. અહીં 'ધાત્રી' શબ્દનો નિર્દેશ કર્યો છે છતાંય 'દોષ' શબ્દના સાહચર્યથી અને ધાત્રી શબ્દ 'ધાત્રીત્વકરણ' નો સૂચક છે એવા સૂચન દ્વારા 'धात्रीत्वकरण' એમ સમજવું. એજ રીતે આગળ પણ 'દોષ' શબ્દ યથાયોગ્ય સમજી લેવો.

(૨) 'दूइ' = 'दूतीकरण' એટલે કે પરસ્પર કહેલા સંદેશાને કહેનારી સ્ત્રી. દૂતીપણું કરવા સ્વરૂપ આ દોષ છે.

(૩) 'निमित्ते' = 'निमित्तकरणं' = અતીત આદિના અર્થ જણાવવા.

(૪) 'आजीव' = 'आजीवकरणं' = ગૃહસ્થની અને પોતાની સરખી જાતિવિગેરેના કથનવડે આજીવિકા કરવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दायकाभिमतेषु श्रमणादिष्वात्मनो भक्तस्य दर्शनात् पिण्डं याचते उत्पादयतीत्यर्थः। वनयति वा पिण्डार्थमात्मानं दायिकाभिमतेषु श्रमणादिषु संभक्तं दर्शयतीति निरुक्तिवशाद्वनीपकः। यद्वा वनीं दायकाभिमतजनप्रशंसोपायतो लब्धार्थरूपां पाति पालयतीति वनीपः। स एव वनीपकः। तस्य भावस्तत्त्वं तस्य करणं विधानं तत्।५। तथा चिकित्सनं चिकित्सा रोगप्रतीकारः चः समुच्चये।६। तथा कोपः क्रोधः।७। मानो गर्व्वः।८। माया वञ्चना।९। लोभो लुब्धता।१०। चः पूर्ववत् भवन्ति जायन्ते दश प्रतीताः। एते अनन्तरोक्ता इति।।५८।।

*पूर्वं दानाद्दातुः प्रशंसनं तत्पूर्वसंस्तवः। एवं दानात्पश्चाद्दातुः प्रशंसा सा पश्चात्संस्तव इति।११।* 'विद्या' सूचनाद्विद्याप्रयोग इति। तत्र विद्या स्त्रीस्वरूपदेवताधिष्ठिता ससाधना वा ओमित्याद्यक्षरपद्धतिस्तस्याः प्रयोगो व्यापारणं सः।१२। एवं मन्त्र इति मन्त्रप्रयोगः किन्तु मन्त्रः

(५) 'वणीमगे' = 'वनीपकत्वकरणं' = વનીપકપણું કરવું. એટલે કે 'वनुते इति वनीपकः' દાયક જે શ્રમણાદિના અનુયાયી હોય તેના ભક્ત તરીકે પોતાને દર્શાવીને પિણ્ડને યાચે = આહારાદિનું ઉત્પાદન કરે. અથવા તો 'वनयति इति वनीपकः' પિણ્ડ મેળવવા માટે દાયકને ગમતા શ્રમણાદિને વિશે પોતાની જાતને તેના સંભક્ત તરીકે દર્શાવે. તે વનીપક કહેવાય છે. આમ નિરુક્તિના લીધે વનીપક થયું. અથવા તો દાયકને અભિમત જનપ્રશંસાના ઉપાય દ્વારા પ્રાપ્ત થયેલ અર્થ = ભિક્ષાને 'वनी' કહેવાય છે. એવી વનીનું જે પાલન કરે તે વનીપક. વનીપકનો ભાવ તે વનીપકતા અને એનું કરવું તે જ 'वनीपकत्वकरणं'.

(૬) 'तिगिच्छा' = 'चिकित्साकरणं' = ઔષધ કરવું. એટલે કે રોગનો પ્રતિકાર કરવો.

(૭) 'कोह' = 'क्रोधकरणं' = ગુસ્સો કરવો તે.

(૮) 'मान' = 'गर्व्वकरणं' = અભિમાન કરવું તે.

(૯) 'माया' = 'वञ्चनाकरणं' = છળ-કપટ કરવા તે.

(૧૦) 'लोभ' = 'लुब्धताकरणं' = લોભ કરવો તે. અહી 'च' पूर्ववत् = એટલે કે પૂર્વે દર્શાવ્યા પ્રમાણે સમુચ્ચયાર્થમાં છે. એમ જાણવું.

'हवन्ति दस एए' = 'भवन्ति दश एते' = ઉપરોક્ત પ્રમાણે આ ૧૦ ભેદો થાય છે.॥૫૮॥

(૧૧) 'पुव्विं पच्छा संथव' = 'पूर्वं पश्चात्संस्तवः' = દાનની પૂર્વે દાતારની પ્રશંસા કરે તે પૂર્વસંસ્તવ અને દાનની પછી દાતારની પ્રશંસા કરે તે પશ્ચાત્સંસ્તવ.

(૧૨) 'विज्जा' = 'विद्याप्रयोगकरणं'. જે સ્ત્રીદેવતાથી અધિષ્ઠિત હોય અથવા જે સાધના દ્વારા સિદ્ધ થાય તેને વિદ્યા કહેવાય છે. અને જેમાં 'ઓમ્' વગેરે અક્ષરપદ્ધતિ = અક્ષરનો વ્યાપાર = રટણ હોય તેને વિદ્યાપ્રયોગ કહેવાય છે.

(૧૩) 'मंत' = 'मन्त्रप्रयोगकरणं' આમાં પણ મન્ત્ર પ્રયોગની વ્યાખ્યા વિદ્યા પ્રયોગની જેમ જાણવી. ફક્ત વિશેષ આટલું કે આના અધિષ્ઠાતા પુરુષ હોય છે અને જેની સાધના કરવી પડતી નથી. 'च'

१. अत्र *......* इति चिह्नमध्ये लिखितं "पूर्वं दानात्" इति शब्दद्वयपश्चाद्भावि सर्वमपि मूलप्रत्यां मुद्रणादिदोषवशान्न परिदृश्यते। तदस्माकं यथोचितं भासितं तथा लिखितमस्माभिः पाठपूरणाय।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुरुषरूपदेवताऽधिष्ठितोऽसाधनो वा। चः समुच्चये।१३। तथा चूर्णस्तिरोधानादिफलो नयनाञ्जनादियोग्यो द्रव्यक्षोदः।१४। योगः आकाशगमनसौभाग्यादिफलो द्रव्यसमूहः। चः पूर्व्ववत् ।१५। एते किमित्यांह उत्पादनाया दोषाः पिण्डोपार्जनस्य दूषणानि एते पञ्चदश। तथा षड्भिरधिका दशपरिमाणमस्येति षोडशं मूलकर्म्म चेति मिलिताः षोडश भवन्ति तत्र मूलमालोचनादीनां दशानां प्रायश्चित्तानां मध्येऽष्टममेतत्प्राप्तिनिबन्धनं कर्मव्यापारो गर्भघातादि, मूलानां वा वनस्पत्यवयवानां कर्मौषध्याद्यर्थ छेदादिक्रिया मूलकर्म्म चः समुच्चये।१६। एतेषां मध्याद्येन कृतेन य आहारो लभ्यते स तद्दोषवानिति द्वारगाथाद्वयार्थः।।५९।।

**अवतरणिका**— अधुनाद्यं धात्रीद्वारं व्याख्यानयन्नाह।

**मूलगाथा— बालस्स खीर मज्जण, मंडणकीलावणंकधाइत्तं।**
**करिय कराविय वा जं, लहइ जइ धाइपिंडो सो।।६०।।**

**संस्कृतछाया— बालस्य क्षीरमज्जनमण्डनक्रीडापनांकधात्रीत्वं।**
**कृत्वा कारयित्वा वा यं लभते यति धात्रीपिण्डः सः ।।६०।।**

શબ્દ એ સમુચ્ચયના અર્થમાં છે એમ જાણવું.

(૧૪) 'चुन्न' = 'चूर्णप्रयोगकरणं' = ચૂર્ણનો પ્રયોગ. એટલે કે અદૃશ્ય થવું વગેરે ફળવાળા આંખોમાં આંજવા યોગ્ય દ્રવ્યનો ભૂક્કો.

(૧૫) 'जोग' = 'योगप्रयोगकरणं' = યોગનો પ્રયોગ. એટલે કે આકાશમાં ઉડવું, સૌભાગ્ય વગેરે ફળવાળા દ્રવ્યનો સમૂહ. 'च' એ પૂર્વની જેમ સમુચ્ચયના અર્થમાં જાણવો.

'उप्पायणाए दोसा' = 'उत्पादनायाः दोषाः' = ઉપરોક્ત ૧૫ ભેદો ઉત્પાદનાના દોષો છે. એટલે કે પિણ્ડને ઉપાર્જન કરવા વિશે આ ૧૫ દોષો છે. તેમજ,

(૧૬) 'सोलसमे मूलकम्मे य' = षोडशं मूलकर्म्म च' = છ વધારે એવા દસના પરિમાણ વાળો સોળમો દોષ મૂલકર્મ મળીને ૧૬ દોષો થાય છે. મૂલકર્મ્મની વ્યાખ્યા જણાવે છે - આલોચનાદિ દસ પ્રાયશ્ચિત્તની મધ્યમાં જે આઠમું 'મૂળ' નામનું પ્રાયશ્ચિત્ત છે, તેની પ્રાપ્તિનું કારણભૂત એવું જે ગર્ભઘાત વગેરેનું કર્મ, તે મૂલકર્મ કહેવાય છે. અથવા મૂળ એટલે વનસ્પતિના અવયવો, તેનું કર્મ એટલે ઔષધાદિને માટે એ મૂળાદિનો છેદ કરવા વગેરેરૂપ ક્રિયા તે મૂલકર્મ કહેવાય છે. અહીં પણ 'च' શબ્દ સમુચ્ચયાર્થમાં જાણવો.

મૂળ એટલે વનસ્પતિના અવયવો, તેનું કર્મ એટલે ઔષધાદિને માટે એ મૂળાદિને છેદ કરવા વગેરે રૂપ ક્રિયા તે મૂળકર્મ કહેવાય.

આ ૧૬ ભેદોમાંથી જે કોઈ દોષ લગાડવા દ્વારા જે આહાર મેળવાય તે આહાર, તે તે દોષવાળો જાણવો.॥૫૯॥

**અવતરણિકા** :- હવે પ્રથમ ધાત્રીદ્વારની વ્યાખ્યા કરતા કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **बालस्स** = બાળકને, **खीर** = દૂધપાન અથવા સ્તનપાન, **मज्जण** = સ્નાન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 धात्रीदोषस्वरूपम् 卐

**व्याख्या**– बालस्य शिशोः सम्बन्धि किमित्याह। क्षीरं च स्तन्यं मज्जनं च स्नानं मण्डणं च भूषा क्रीडापनं च रमणं, अङ्कश्चोत्सङ्गः। उपलक्षणत्वात् कट्यादिग्रहस्ते तथा तद्विषयं धात्रीत्वं क्षीरमज्जनमण्डनक्रीडापनांकधात्रीत्वमिति। तत्र धारयति क्षीरपानादिनाऽवष्टंभयति बालकमिति धात्री निपातनात्। धयन्ति दुग्धपानादिना पिबन्ति बालकास्तामिति वा धात्री बालपालिका स्त्री। सा च रूढ्या क्षीरादिभेदाद् पञ्चविधाः, तस्या भावो धात्रीत्वम्। एताश्च क्षीरादिविषयाः पञ्चधात्र्यश्चिरन्तनकाले बालपितृविभवानुसारत आसन्। साम्प्रतं तु दुःषमानुभावान्नैतास्तादृश्यो दृश्यन्ते इति। तदेकैकं क्षीरादिधात्रीत्वं कर्म्मतायत्तं, 'करिय'त्ति कृत्वा स्वयं विधाय। 'काराविय'त्ति कारयित्वा अन्यसकाशाद्विधाप्य, वाशब्द एकां प्रच्याव्यान्यस्यास्तत्स्थाने व्यवस्थानरूपं वा क्षीरादिधात्रीत्वं कृत्वेति

---

**मंडण** = વસ્ત્રાલંકાર પહેરાવવા, **कीलावण** = રમાડવું, **अंक** = ખોળા વિગેરેમાં બેસાડવું, **धाइत्तं** = ધાત્રીપણું, **करिय** = કરીને, **काराविय** = કરાવીને, **वा** = અથવા, **जं** = જે અશનાદિ, **लहइ** = મેળવે, **जइ** = સાધુ, **धाइपिंडो** = ધાત્રીપિંડ, **सो** = તે અશનાદિ.॥૬૦॥

**મૂળગાથા-ગાથાર્થ** :- બાળકને દૂધ પાનારી અથવા સ્તનપાન કરાવનારી, સ્નાન કરાવનારી, વસ્ત્રાલંકાર પહેરાવનારી, રમાડનારી અને ખોળા વિગેરેમાં બેસાડનારી એમ પાંચ પ્રકારની ધાવમાતાઓમાંથી કોઈપણ પ્રકારની ધાવમાતાનું આચરણ પોતે કરી અથવા બીજા પાસે કરાવીને સાધુ જે અશનાદિ મેળવે તે ધાત્રીપિંડ કહેવાય.॥૬૦॥

## • ધાત્રીદોષનું સ્વરૂપ •

**વ્યાખ્યાર્થ** :- 'बालस्स' = 'बालस्य' = બાળકનું. 'खीरं' = 'क्षीरं' = 'स्तन्यं' = સ્તનપાન, 'मज्जण' = 'मज्जनं' = સ્નાન, 'मंडणं' = 'मण्डनं' = 'भूषा' = વેશભૂષા, 'कीलावणं' = 'क्रीडापनं' = રમાડવું, 'अङ्कः' = ખોળો. ઉપલક્ષણથી કેડે ઊંચકવું વગેરે સમજી લેવું. આ બધા સંબંધી 'धाइत्तं' = 'धात्रीत्वं' = ધાત્રીપણું અર્થાત્ બાળકને સ્તનપાન કરાવવું, સ્નાન કરાવવું, પહેરણ પહેરાવવું, રમાડવું અને ખોળામાં લેવું. ઉપલક્ષણથી કેડે ઊંચકવું વગેરે સ્વરૂપ ધાત્રીપણું.

ધાત્રી એટલે શું ? તે જણાવે છે, બાળકને સ્તનપાન કરાવવા આદિ દ્વારા ટેકો આપે એટલે કે ધારી રાખે તેને ધાત્રી કહેવાય છે. અથવા તો દૂગ્ધપાન આદિ દ્વારા બાળકો જેને ધાવે તે. ટૂંકમાં, બાળકને પાલનારી સ્ત્રીને ધાત્રી કહેવાય છે. જે લોકવ્યવહારમાં ક્ષીર = દૂધ વગેરેના ભેદથી પાંચ પ્રકારે છે. ધાત્રીનો જે ભાવ તે ધાત્રીત્વમ્ = ધાત્રીપણું જાણવું.

આ ક્ષીરાદિ સંબંધી ધાત્રીઓ જૂનાકાળમાં બાળકના પિતાના વૈભવને અનુસારે હતી. પરન્તુ હાલના દુઃષમકાળના પ્રભાવે આ ધાત્રીઓ તે પ્રકારે દેખાતી નથી.

તે એક-એક ક્ષીરાદિ = ધવરાવવું વગેરે ધાત્રીપણું કર્મને = કાર્યને આધીન છે. તેને 'करिय' = 'कृत्वा' = 'स्वयं विधाय' = જાતે કરીને, 'काराविय' = 'कारयित्वा' = બીજા પાસે કરાવીને. 'वा' શબ્દ એક ધાત્રીને હટાવીને = કોઈ એક ધાત્રીનું ધાત્રીપણું છોડાવીને તેના સ્થાને બીજી ધાત્રીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

समुच्चयार्थः। यं पिण्डं लभते-प्राप्नोति यतिः साधुः धात्रीत्वकरणाल्लब्धः पिण्डो मध्यपदलोपाद्धात्रीपिण्डः। सोऽनन्तरोक्त उच्यते इति शेषः।

**卐 क्षीरधात्रीत्वं यथा स्वयं करोति कारयति वा 卐**

तत्र यथा क्षीरधात्रीत्वं कारयति करोति वा स्वयं तथोच्यते। किल कश्चित्साधुर्भिक्षार्थं पूर्व्वपरिचितगृहे प्रविष्टो रुदन्तं बालकं दृष्ट्वा तज्जननीं प्रत्याह, यथा मह्यं शीघ्रं भिक्षां प्रयच्छ तेऽसौ बालको रोदिति पश्चादेनं स्तनं धापय। अहो ते अतिप्रमादिता, किं सुलभानि पुत्रभाण्डानि ? यद्वा पर्याप्तं मम भिक्षया तावदेनमेव तर्प्पय। भूयोऽपि वाऽहं भिक्षार्थमागमिष्यामि। तथा मतिमानऽरोगी दीर्घायुश्च स्तनं पायितो बालः स्यादिति क्षीरधात्रीत्वं कारयति। यद्वा वक्ति तिष्ठ त्वं निराकुलाऽहमेवास्मै कुतोऽप्यानीय क्षीरं दास्यामीति वचनतः स्वयं धात्रीत्वं करोति।

**卐 धात्रीत्वकरणे दोषाः 卐**

अत्र च प्रभूता दोषाः स्युर्यथाऽसौ बालकमाता भद्रकतयाऽऽवर्ज्जितचित्ता सत्याधाकर्म्मादिपाकं

---

નિયુક્ત કરાવવા સ્વરૂપ ક્ષીરાદિ ધાત્રીપણું કરીને, એ અર્થના સમુચ્ચયમાં સમજવો. 'जइ जं लहइ' = 'यतिः यं पिण्डं लभते' = યતિ = સાધુ જે પિણ્ડને મેળવે. એટલે કે સાધુએ ધાત્રીપણું કરવા દ્વારા મેળવેલ જે પિણ્ડ. અહીં 'करणाल्लब्धं' આ મધ્યમપદનો લોપ થવાથી 'धात्रीपिण्ड' શબ્દ બન્યો છે. 'सो' = 'सः' આ જે અમો ઉપર કહી ગયા તે, 'धाइपिंडो' = 'धात्रीपिण्डः' = ધાત્રીપિણ્ડ નામક કહેવાય છે. 'उच्यते' અધ્યાહારથી લેવું.

**● ક્ષીરધાત્રીત્વ જે રીતે સ્વયં કરે કે કરાવે ●**

હવે ક્ષીરધાત્રીપણું જે રીતે કરાવે અથવા જાતે કરે. તે જણાવે છે.

કોકં સાધુ ભિક્ષામાટે પૂર્વ પરિચિત ઘરમાં પ્રવેશ કરે છે. ત્યાં રોતા બાળકને જોઈને તેની માતાને કહે છે. 'તમારો આ બાળક રડે છે માટે મને જલ્દી ભિક્ષા આપી દો. પછી એને ધવરાવો. અરે, આ તો તમારો અતિપ્રમાદ છે કે બાળકને રોતો રાખ્યો. શું પુત્રો કાંઈ સુલભ છે ?' અર્થાત્ તે દુર્લભ છે માટે આ રીતે રડતા ન મૂકાય. અથવા તો એમ કહે કે 'મને ભિક્ષા આપવાથી સર્યું પણ આ બાળકને જ આપો.' કાંતો એમ કહે કે 'હું ફરીવાર પણ ભિક્ષા માટે આવી જઈશ પણ પ્રથમ આ બાળકને ધવરાવો'. તેમજ, આ રીતે પણ કહે કે 'સ્તનપાન કરાવાયેલ બાળક મતિમાન્, અરોગી અને દીર્ઘાયુષ્યવાળો બને છે.' અર્થાત્ આ રીતે કહીને બાળકને સ્તનપાન કરાવવા આડકતરી રીતે સૂચન કરે. આ પ્રમાણે ક્ષીરધાત્રીપણું કરાવે. અથવા તો 'તમે ઉભા રહો, હું જ બાળક માટે ક્યાંકથી દૂધ લાવીને આપીશ.' આવા વચન કહીને જાતે ધાત્રીપણું કરે.

**● ધાત્રીકરણમાં દોષો ●**

ધાત્રીપણું કરવામાં ઘણાં દોષો રહેલા છે. જેમ કે,

- બાળકની માતા ભદ્રકતાથી લાગણીવાળી બનીને આધાકર્માદિ રસોઈ બનાવે.
- સાધુનું ધાત્રીપણું કરવા સ્વરૂપ ખુશામતપણું દેખીને બાળકના સ્વજનો અથવા બીજા કોક પાડોશી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कुर्यात्तथा बालकस्वजना अन्यो वा प्रातिवेश्यादिर्बालकमात्रादिना सह सम्बन्धं भावयेच्चाटुकरणदर्शनात्। यदि च प्रान्ताऽसौ तदा प्रद्वेषं विदध्यात्तथा वेदनीयकर्म्मविपाकवशाद् बालस्य मान्द्ये जाते त्वया मत्पुत्रो ग्लानीकृत इत्यादि साधुना सह कलहादि भवनात् प्रवचनमालिन्यं स्यात्। चाटुकारिण एते इति जनेऽश्लाघा स्यादेवं शेषास्वपि धात्रीष्वमी द्रष्टव्याः।

**卐 (१) क्षीरधात्रीत्वे केन प्रकारेणेकां प्रच्याव्याऽन्यां स्थापयति ? 卐**

अधुनैकां प्रच्याव्यान्यस्याः स्थापनेन यथाऽसौ तत् करोति तथोच्यते। भिक्षाचर्यायां प्रविष्टेन साधुना महिलां सशोकां दृष्ट्वा किन्त्वमद्याधृतिपरा दृश्यसे ? इत्यादि पृच्छ्यते, तया चोच्यते। धार्मिक-यते ! दुःखं दुःखसहायस्यैव कथ्यते, साधुः प्राह को दुःखसहायो भण्यते, सा प्राह यः कथितो दुःखविषयं प्रतिकारं करोति। साधुनोक्तं मां मुक्त्वा कोऽन्यस्तथाभूतः, सा प्राह तर्ह्युद्दालितमपरधात्र्या मम धात्रीत्वमिति। ततः साधुरुत्पन्नाभिमानो यावन्न त्वं तत्रैव स्थापिता

---

વગેરે બાળકની માતાની સાથે સાધુમાટે જારપુરુષ તરીકેની કલ્પના કરે.

● બાળકની માતા જો હલ્કા સ્વભાવવાળી હોય = નીચકક્ષાની હોય, તો એ રોષે ભરાય. તેમજ બાળકના અશાતાવેદનીયકર્મના ઉદયથી કુદરતી રીતે જો બાળક માંદો પડી જાય તો "તમે મારા આ બાળકને માંદો કર્યો" ઇત્યાદિ કહેવા દ્વારા સાધુની સાથે ઝઘડો વગેરે કરે, અને એ થકી શાસન = પ્રવચનનું માલિન્ય થાય. તથા, 'આ સાધુઓ તો ખુશામતખોર છે' એમ લોકોમાં નિંદા થાય.

આ પ્રમાણેના દોષોનો સંભવ શેષ ચારધાત્રીઓમાં પણ જાણવો.

**● ક્ષીરધાત્રીત્વમાં કયા પ્રકારે એકને દૂર કરી બીજાને સ્થાપે ? ●**

હવે એક ધાત્રીને ખસેડીને બીજીને સ્થાપવા માટે સાધુ જે રીતનું કરે. તે જણાવે છે.

ભિક્ષાચર્યામાટે ગયેલ સાધુ શોકવાળી મહિલાને જોઈને પ્રશ્ન પૂછે કે "કેમ તમે આજે અધીરા દેખાવ છો ?" વગેરે. તે મહિલા જવાબ આપે કે "હે ધાર્મિકયતિ ! દુઃખમાં જે સહાય કરી શકે એને જ દુઃખની વાત કહી શકાય છે". સાધુ પૂછે છે, "કોને દુઃખમાં સહાય કરનાર કહેવાય ?" મહિલા જવાબ આપે, "જેને કહેવાથી દુઃખનો પ્રતિકાર કરે." સાધુ કહે છે, "મને છોડીને બીજો કોણ દુઃખમાં સહાયક હોઈ શકે ?" મહિલા કહે છે, "બીજી ધાત્રીવડે મારું ધાત્રીપણું ઝૂંટવી લેવાયું છે." ત્યારે, સાધુને અભિમાન ઉત્પન્ન થવાથી "તમને તે જ સ્થાને જ્યાંસુધી હું સ્થાપીશ નહિ ત્યાંસુધી તમારી ભિક્ષા હું ગ્રહણ કરીશ નહિ" એમ કહે છે. ત્યારબાદ જેને ખસેડવાની છે, તે ધાત્રીને જોયેલી ન હોવાથી તેનું સ્વરૂપ જાણવામાટે એને જ પૂછે છે, "તે ધાત્રી શું તરુણ છે કે મધ્યમવયની છે ? નાના સ્તનવાળી છે કે મોટા સ્તનવાળી છે ? શરીર વડે ભરાવદાર છે કે પાતળી છે ? વર્ણથી કાળી છે કે ગોરી છે ?" ઈત્યાદિ. આમ તેનું સ્વરૂપ જાણીને જો ખસેડવાની ઈચ્છાવાળી ધાત્રી સ્થવિર હોય કે પાતળા શરીરવાળી હોય કે જાડા સ્તનવાળી હોય કે કૂર્પર = હાથની કોણીના આકારના સ્તનવાળી હોય તો, જેને ખસેડવાની છે તે ધાત્રી જેને આશ્રયીને રહેલી હોય તે ઘરમાં જઈને જેને ખસેડવાની છે એ ધાત્રીની સામેજ, ઘરના સ્વામી સાંભળે એ રીતે બાળક પર દૃષ્ટિ કરીને કહે છે. "વૃદ્ધા ધાત્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तावन्नाहं त्वदीयां भिक्षां ग्रहीष्यामीत्यभिधाय च्यावयितुमिष्टाया धात्र्या अदृष्टत्वात् स्वरूपं जानाय (तत्स्वरूपज्ञानाय ?) तस्या एव पार्श्वे पृच्छति यथा सा किं तरुणी मध्यादिवयस्का वा, प्रतनुस्तनी स्थूलस्तनी वा, शरीरेण वा मांसला कृशा वा कृष्णा गौरा वेत्यादि। ततो ज्ञाते तत्स्वरूपे यदि च्यावयितुमिष्टा धात्री स्थविरा, कृशशरीरा, स्थूलस्तनी कूर्पराकारस्तनी वा स्यात्ततस्तत्तत्स्वरूपधात्रीसमक्षं तदाश्रिते गृहे गतः संस्तद्गृहस्वामिनः श्रृण्वतो बाले दृष्टिं निवेश्य वदति यथा वृद्धा धात्र्यऽबलस्तन्या स्यात्तां धयन्बालोप्यबलः सम्पद्येत, कृशा च धात्री स्तोकस्तन्या स्यात्तां च धयन्बालोपि कृशो भवेत्। स्थूलस्तन्यास्स्तनौ धयन्बालः कोमलाङ्गत्वात् कुचचम्पितवक्त्रघ्राणः सन् चिपिटनासिकः स्यात् कूर्पराकारस्तनीं च धयन्बालः स्तनाभिमुखमुखप्रसारणतो दीर्घीकृतमुखतया सूचीसदृशवदनः स्यात् कोमलाङ्गत्वादिति। अत्रार्थे स्वकृतश्लोकान् पठति। यथा,

निस्थामां स्थविरां धात्रीं सूच्यास्यः कूर्परस्तनीं। चिपिटः स्थूलवक्षोजां धयंस्तन्वीं कृशो भवेत्।।१।।

इत्यादि। यद्वा च्यावयितुमिष्टाया वर्णमाश्रित्य तत्समक्षं स्वामिनः श्रृण्वतः स्वकृतश्लोकपठनेन दोषान् वक्ति यथा,

'कृष्णा भ्रंशयते वर्णं, गौरी तु बलवर्जिता । तस्माच्छस्या भवेत् धात्री बलवर्णैः प्रशंसिता'।।१।।

---

એ દુર્બળ સ્તનવાળી હોય છે તેને ધવરાવવાથી બાળક પણ દુર્બળ બને છે." અથવા ધાત્રી પાતળા શરીરવાળી હોય તો કહે કે "તે થોડા દૂધવાળી હોવાથી એને ધાવતો બાળક પણ પાતળો બને છે." અગર એ જો જાડા સ્તનવાળી હોય તો કહે કે "એને ધાવતા બાળકનું અંગ કોમળ હોવાથી ધાવતી વેળાએ સ્તન સાથે એનું મોઢું અને નાક દબાવાથી બાળકનું નાક ચપટું થઈ જાય છે." અથવા એ જો કૂર્પરાકારના સ્તનવાળી હોય તો કહે કે "ધાવતા બાળકના અંગ કોમળ હોવાથી સ્તનની દિશામાં પોતાનું મોઢું પહોળું થવાના લીધે સૂચી = સોય જેવા લાંબા મોઢાવાળો બને છે." આ બધી વાતો માટે પોતેજ રચેલા શ્લોકો બોલે. જેમકે,

**निस्थामां स्थविरां धात्रीं, सूच्यास्यः कूर्परस्तनीं। चिपिटः स्थूलवक्षोजां धयंस्तन्वीं कृशो भवेत्।।१।।** ઇત્યાદિ.

**अर्थ** :- સ્થવિરધાત્રીને ધાવતો બાળક નિસ્થામ = દુર્બળ બને છે, કૂર્પરસ્તનવાળીને ધાવતો સૂચી મોઢાવાળો બને છે, જાડાસ્તનવાળીને ધાવતો ચપટા નાકવાળો બને છે અને પાતળાસ્તનવાળીને ધાવતો પાતળો બને છે.

અથવા, જેને ખસેડવી છે એ ધાત્રીના વર્ણ = રંગને આશ્રયીને તે ધાત્રી સામે જ ઘરના માલિકના સાંભળતાંજ, પોતે બનાવેલ શ્લોક બોલવા દ્વારા તે ધાત્રીસંબંધી દોષોને કહે . જેમકે,

**कृष्णा भ्रंशयते वर्णं, गौरी तु बलवर्जिता। तस्माच्छस्या भवेत् धात्री बलवर्णैः प्रशंसिता।।** ઈત્યાદિ.

**अर्थ** :- કાળા રંગવાળી ધાત્રીને ધાવવાથી બાળકનો વર્ણ = રંગ ખરાબ થઈ જાય છે. ગોરી રંગવાળી ધાત્રી બળ વિનાની હોય છે. એને ધાવવાથી બાળક પણ નબળો પાકે છે. તેથી બળ-વર્ણથી સુંદર ધાત્રી પ્રશંસાયેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इत्यादि। इह यश्च्यावयितुमिष्टाया वर्णः कृष्णादिरुत्कटोऽस्ति तेन तां दूषयति। यदि च स्थापयितुमिष्टापि च्यावयितुमिष्टसदृशवर्णा स्यात्तदा तां विशेषतः श्लाघ्यवर्णामपरगुणसम्पर्कादिना वक्ति। च्यावयितुमिष्टां च निन्द्यवर्णामिति। तदिह च्यावयितुमिष्टा स्थविरादिवयस्त्वेन स्थूलस्तनादित्वेन कृष्णादिवर्णत्वेन वा युक्ता वर्त्तते इति न सम्यग् योगः। स्थापयितुमिष्टा च तरुणीत्वेन लक्षणयुक्त-स्तनतया नातिकृष्णागौरवर्णतया च सम्पन्नेत्यतस्तद्गृहस्वामी साध्वभिप्रेतां धात्रीं पुनरप्यङ्गीकरोतीतरां मुञ्चतीति।

### 卐 क्षीरधात्रीत्वे दोषाः 卐

अत्र चैवं विधानेऽमी दोषाः स्युः। यथा या क्षीरधात्रीत्वच्याविता सा साधूपरि विद्वेषं कुर्यात्। प्रद्विष्टा च सती चौरोऽयमित्यादिकमनृतं छोभकं दद्यात्। यद्वा अनया धात्र्या सह तिष्ठतीति ब्रूयात्। वधादिकं वा तस्य कुर्यादधिकरणं चेत्थं महत्साधोः स्यात् तथा या स्थापिता सापीदृशं व्यतिकरं दृष्ट्वा ममापि धात्रीत्वविघ्नमित्थमसौ करिष्यतीति विचिन्त्य विषादि तन्मरणाय

---

જેને ખસેડવી છે એ ધાત્રીનો જે વર્ણ ઉત્કટ = અત્યંતકાળો વગેરે હોય તો તે ઉત્કટ વર્ણ દ્વારા તેને દોષિત ઠરાવે છે, હવે જેને સ્થાપવાની ઈચ્છા છે અને જેને ખસેડવાની ઈચ્છા છે, એ બન્ને જો સમાન વર્ણવાળી હોય, ત્યારે સ્થાપવાની ઈચ્છાવાળીના વિશેષ પ્રશંસનીય વર્ણ અને બીજા પણ ગુણોનો સંપર્ક = બીજા પણ ગુણોનો સુમેળ વગેરેને કહે, અને ખસેડવાની ઈચ્છાવાળી ધાત્રીના વર્ણને વિશેષ નિન્દ્ય રૂપે કહે.

આ રીતે, જેને ખસેડવી છે એ માટે કહે કે ' ધાત્રી તો સ્થવિરાદિ ઉંમરવાળી છે કે જાડાસ્તનવાળી આદિ છે કે કાળા વગેરે વર્ણવાળી છે. માટે એનો યોગ સારો નથી, એમ કહે. જ્યારે, જેને સ્થાપવી છે, એ માટે કહે છે 'ફલાણી ધાત્રી તો તરુણ છે કે લક્ષણયુક્ત સ્તનવાળી છે કે ન અતિકાળી-ન અતિગોરી એવા વર્ણથી સંપન્ન છે એમ કહે. આવું બધું સાંભળીને તે ઘરધણી સાધુને અભિપ્રેત ધાત્રીને ફરીવાર સ્થાપે અને હાલ કામ કરતીને છોડી દે.

### • ક્ષીરધાત્રીપણામાં દોષો •

અહીં, આવું ધાત્રીપણું કરવામાં આ પ્રમાણેના દોષો રહેલા છે.

જેમકે, જે ક્ષીરધાત્રીને ખસેડાઈ, એ ધાત્રી સાધુ પર રોષે ભરાય અને રોષે ભરાયેલી તે 'આ ચોર છે' ઈત્યાદિ ખોટું આળ આપે. અથવા 'આ નવી ધાત્રી સાથે આ સાધુનો સંબંધ છે' એવું કહે. અથવા તો સાધુનો વધ વગેરે કરે. આમ સાધુમાટે એ ધાત્રીપણું મોટું અધિકરણ રૂપ થઈ જાય છે.

તેમજ, જેને સ્થાપવામાં આવી છે, તે પણ સાધુનું આ બધું સ્વરૂપ જોઈને વિચારે કે "મારા ધાત્રીપણામાં પણ આ સાધુ આ રીતે વિઘ્ન લાવી શકે છે" માટે તે સાધુને મારવા માટે, વિષ વગેરે ભિક્ષામાં ભેળવીને આપે. કારણ કે એ ધાત્રી વિચારે કે, 'જેમ મારી વિનંતિથી આ સાધુએ બીજીને ખસેડી નાંખી એમ બીજી કોઈની વિનંતિથી મને પણ રખેને ખસેડી નાંખે ?'

(ટૂંકમાં – અહીં ત્રણેય પ્રકારની વિરાધનાનો સંભવ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दद्यात्। मा कदाचिद्यथा मया अभ्यर्थितेनेतरा च्याविता तथाऽन्ययाऽभ्यर्थितो मां च्यावयिष्यतीत्येवं शेषास्वपि। उक्तं क्षीरधात्रीत्वमाश्रित्यकरणकारणादिस्वरूपम्, अथ मज्जनधात्रीत्वमाश्रित्य तदुच्यते।

**卐 (२) मज्जनधात्रीत्वं येन प्रकारेण स्वयं करोति कारयति वा 卐**

यथा भिक्षार्थं गृहं गतो यती रममाणं बालं दृष्ट्वा तज्जननीं प्रत्याह। तथा (?) मह्यामसौ बालो लुठति धूल्या वा अवगुण्ठितशरीरस्तिष्ठत्यतः स्नापयैनमिति। जलं ग्राहयित्वा बालमातुः पार्श्वात्तस्य मज्जनविधापनं कारयति। यद्वा अहमेनं मज्जयामीत्यभिधाय स्वयं जल गृहीत्वा बालस्य मज्जनविधानं करोति।

**卐 मज्जनधात्रीत्वे केन प्रकारेणेकां प्रच्याव्याऽन्यां स्थापयति ? 卐**

तथाऽत्राप्यनी(भिम)तधात्र्याः स्थापनाय सुतजनन्याः पुरतो जल्पति। यथा भवदभिमता धात्री सर्वथा न मज्जति। अतिबहुजलेन वा मज्जति तत्र सर्वथा अस्नपितो बालो दुर्बलदृष्टिरेव स्यादतिशयबह्वम्बुक्षेपणेन स्नप्यमानोऽसावबलनयनो रक्ताक्षो जलभीरुश्च स्यात्। स हि बालत्वे-

---

(१) संयमविराधना – साधुनी मर्यादा - आचारने नेवे मूकी धात्रीपणुं करवा जतां संयमथी हाथ धोवानुं थाय.

(२) आत्मविराधना – खसेडायेली गुस्से भरायेली धात्री वधादि करे, विष वगेरे आपी दे.

(३) प्रवचनविराधना – 'आ चोर छे.' 'आ धात्रीनो आ जार छे' वगेरे कहे. जेमां प्रवचन लाघव थाय.) आ रीते शेष धात्रीपणामां पण दोषो लागे.

आ प्रमाणे क्षीरधात्रीपणाने आश्रयीने 'करण = करवुं' अने 'करावण = कराववुं' आदिनुं स्वरूप बताव्युं.

**• मज्जनधात्रीपणुं जे प्रकारे स्वयं करे अथवा करावे •**

हवे 'मज्जन-धात्रीत्व' = 'स्नानधात्रीपणा' ने आश्रयीने तेनुं स्वरूप जणावे छे.

भिक्षामाटे कोक घरे गयेल साधु रमता बाळकने जोईने तेनी माताने कहे - "आ बाळक धूळमां आळोटे छे." अथवा एम कहे के "आनुं शरीर धूळथी खरडायेलुं छे माटे एने स्नान करावो." बाळकनी माता पासे पाणी लेवडावीने पछी ते बाळकनुं स्नान करावरावे अथवा तो "हुं आने न्हवरावुं" एम कहीने जाते पाणी ग्रहणकरीने बाळकने न्हवरावे.

**प्रश्न** :- साधु जाते न्हवरावे एमां अप्कायनी केटली बधी विराधना थाय ? ए अंगेनो साधुने विचार नहि ? **समाधान** :- जे साधु एकवार संयमनी मर्यादा ओळंगी जाय. ए पछी शुं न करे एज प्रश्न छे. [इति श्री जयघोषसूरयः]

**• मज्जनधात्रीत्वमां कया प्रकारे एकने खसेडीने बीजीने स्थापे •**

क्षीरधात्रीनी जेम अहीं पण पोताने ईच्छित धात्रीने स्थापवामाटे बाळकनी माता समक्ष आवुं बोले के, 'तमने गमती आ धात्री बाळकने सर्वांगे बराबर न्हवरावती नथी.' अथवा तो एम कहे के, 'ए तो आने घणां पाणीथी न्हवरावे छे.' तेमां वधुपाणीना लीधे बराबर सर्वांगे न न्हवरावेलो बाळक

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ऽसहितजलप्लावनतया श्वासनिरोधाद्व्याकुलीभवतस्तस्य यज्जलभयं समुत्पद्यते, तेन गुरुरपि जातो नद्यादिषु प्रविष्टः पूर्वभयाऽभ्यासेन जलाद् बिभेदिति। भवदभिष्टा च धात्री प्रचुरजलेनैव स्नपयतीति न सम्यग् योगः।

### 卐 (३) मण्डनधात्रीत्वं, प्रच्यावनादिस्वरूपं च 卐

अथ मण्डनधात्रीत्वं करणादिभेदत उच्यते। गृहे गतो बालजननीं प्रत्याह। खेलाक्षुरिकादिरूपैस्तिलककटककुण्डालादिभिश्चाभरणैरेनं मण्डयेति कारणम्। यद्वा अहमेनं मण्डयामीति प्राहेति स्वयं करणं। च्यावयितुमिष्टायाः सत्यानि असत्यानि वा दूषणानि वदति। यथासौ भवत्स्थापितमण्डनधात्री बालस्य हस्ताभरणानि कटकादीनि कण्ठसत्कानि च नक्षत्रमालादीन्यपि पादयोः परिदधाति चरणसत्कानि च घुर्घुरादीनि कण्ठादाविति। इदं च श्रुत्वा बालजनकेन तामशोभनामिति विचिन्त्यापनीय च, पूर्व्वधात्र्येव क्रियते।

### 卐 (४) क्रीडनधात्रीत्वं, प्रच्यावनादिस्वरूपं च 卐

क्रीडनधात्रीत्वं करणादिभेदतो यथा, भिक्षार्थं प्रविष्टः साधुर्बालं रुदन्तं दृष्ट्वा तज्जननीं

---

દુર્બળદષ્ટિવાળો જ બનવાનો. વધારે પાણીવડે ન્હવરાવાતો આ બાળક અબળનયનવાળો = લાલઆંખવાળો અને પાણીથી ભીરૂ બનવાનો. તેમજ તે બાળકને નાનપણમાંજ '**असहितजल**' = સહન ન થઈ શકે તે પ્રમાણે અતિજળથી ન્હવરાવતા એનો શ્વાસ રુંધાવાથી એ વ્યાકુળ બની જાય છે. તેથી એને જે જળનો ભય ઉત્પન્ન થાય છે, તે ભયના લીધે મોટો થયા બાદ પણ પૂર્વે નાનપણમાં અનુભવેલ પાણીના ભયથી એ નદી વગેરેમાં ઉતર્યાબાદ પાણીથી ડરે છે. તમારી માનીતી ધાત્રી તો પ્રચુર પાણીથી જ ન્હવરાવે છે. જે ઉપર પ્રમાણેના દોષને કરનારું છે. એ સારું નથી." આ રીતે મજ્જનધાત્રીનો ભેદ જણાવ્યો.

### ● મંડનધાત્રીપણું અને એકને ખસેડવા વગેરેનું સ્વરૂપ ●

હવે મણ્ડનધાત્રીપણું કરવું વગેરેને ભેદદ્વારા જણાવે છે,

ભિક્ષામાટે કોક ઘરે ગયેલ સાધુ, બાળકની માતાને કહે, "આ બાળકને છરીના આકારના આભરણ વિશેષથી અને તિલક, કડા, કુણ્ડલ આદિ અલંકારોવડે મઢી દો = એના શરીરે પહેરાવો" વગેરે સ્વરૂપ મણ્ડન કરાવે. ('**खेलक्षुरिका**' = આભરણવિશેષ છે. જુઓ **પિંડનિર્યુક્તિ** ગા.૪૫૭) અથવા, 'લાવો, હું એને શણગારું.' એમ કહી જાતે શણગાર કરે. તેમજ, જે ધાત્રીને ખસેડવાની ઈચ્છા છે, તેના સાચા કે ખોટા દુષણોને કહે કે, 'તમે સ્થાપેલી આ મણ્ડનધાત્રી તો બાળકના હાથના આભૂષણો કડા વગેરે અને ગળા સંબંધી નક્ષત્રમાળા = નક્ષત્ર પ્રમાણે પહેરાવાતી માળા વગેરેને પણ પગમાં બાંધે છે. અને પગ સંબંધી ઝાંઝર વગેરેને કણ્ઠ વગેરેમાં પહેરાવે છે.' આવું સાંભળીને બાળકના પિતા, 'આ ધાત્રી સારી નથી' એવું વિચારીને એને કાઢી મૂકે અને પહેલાની જ ધાત્રીને ફરી ગોઠવે કે જેને ગોઠવવાની સાધુની ઈચ્છા હતી. આ રીતે મણ્ડનધાત્રીપણું 'કરવા અને કરાવવા'ની વાત કરી.

### ● ક્રીડનધાત્રીત્વ અને એકને ખસેડવા વગેરેનું સ્વરૂપ ●

હવે ક્રીડન = રમાડવાનું ધાત્રીપણું કરવા અને કરાવવાવડે કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रत्याह यथैनं बालं क्रीडनककार्युल्लापनकवाक्यैर्मृन्मयहस्त्यादिभिर्वा क्रीडां कारय। अहं वा एनं रमयामीत्येवं मातुः सकाशात् स्वयं वा क्रीडनकधात्रीत्वं कारयति करोति वा। अभिप्रेतायाः स्थापनार्थं तन्मातुरग्रतश्च्यावयितुमिष्टधात्र्या दोषोद्घट्टनं च करोति यथा-कठिनध्वनयुतधात्र्या रमितो बालोऽपि कर्क्कशध्वनः स्यात्। मृदुस्वरया च रमितो बालो मृदुस्वरोऽव्यक्तस्वरो वा स्यात् इति स्वमत्या दोषान् घटयति। एतद्दोषान्यतरस्मिंश्च भवद्धात्री वर्त्तते।

**卐 (५) अङ्कधात्रीत्वं, प्रच्यावनादिस्वरूपं च 卐**

अङ्कधात्रीत्वकरणादिकं यथा, भिक्षार्थं गृहे गतो बालं भूमौ रुदन्तं दृष्ट्वा अङ्के गृहाणैनमहं वा गृह्णामि इति तज्जननीं जल्पतीत्यङ्कधात्रीत्वं कारयति करोति वा। च्यावयितुमिष्टधात्र्या दोषोद्घट्टनं च कुरुते। यथा स्थूलशरीरया धात्र्या कट्यां बालको गृह्यमाणोऽन्योऽन्यं विस्तीर्णान्तर-पादः स्यात्। वक्रीभूतकट्या निर्मांसत्वेन शुष्कशरीरया धात्र्या कट्यां ध्रियमाणः कष्टेन तिष्ठति। निर्मांसकठिनहस्ताभ्यां च धात्र्या गृह्यमाणो भयवान् भवति। भवदभिप्रेता चैतेषामन्यतरस्मिन् वर्त्तते।

ભિક્ષાઆદિમાટે કોક ઘરમાં પ્રવેશેલ સાધુ, રડતાં બાળકને જોઈને બાળકની માતાને કહે છે "આ બાળકને રમત થાય એવા વચનયુક્ત વાક્યોથી કે માટીના હાથી વગેરે દ્વારા રમાડો" એમ કહે અથવા 'હું એને રમાડું' એ પ્રમાણે માતા પાસે કરાવે અથવા જાતે ક્રીડન ધાત્રીત્વ કરે. તેમજ પોતાની માનીતી ક્રીડનધાત્રીને ગોઠવવાની ઈચ્છાથી તે બાળકની માતાની સામે ખસેડવાની ઈચ્છાવાળી ધાત્રીના દોષોને પ્રગટ કરે. જેમકે,

કઠોરવાણીવાળી ધાત્રીથી રમાડાયેલો બાળક પણ કર્કશઅવાજવાળો બને છે અને મૃદુસ્વરથી રમાડાયેલો બાળક પણ મૃદુસ્વરવાળો કે પછી અવ્યક્તસ્વરવાળો બને છે. અર્થાત્ અત્યંત = એકાંતે મૃદુતા પણ દોષકારી છે. આ પ્રમાણે પોતાની મતિથી દોષોને ઘટાવી આપે. પછી કહે કે "આ દોષોમાંથી કોઈ એક દોષવાળી તમારી ધાત્રી છે."

આમ ક્રીડનધાત્રીત્વનું કરવું અને કરાવવું કહ્યું.

**• અંકધાત્રીત્વ અને એકને ખસેડવા વગેરેનું સ્વરૂપ •**

હવે 'અંકધાત્રીત્વનું કરવું અને કરાવવું' જણાવે છે.

ભિક્ષામાટે કોક ઘરમાં ગયેલ સાધુ ભોંય પર રડતાં બાળકને જોઈને એની માતાને કહે છે, "આને ખોળામાં લો." અથવા "હું આને ખોળામાં લઉં" આ પ્રમાણે બાળકની માતાને કહેતે છતે તેની પાસે અંકધાત્રીત્વ કરાવે અથવા જાતે કરે. **'अङ्क'** = ખોળો, બાળકને ખોળામાં લેનારી ધાત્રી, ઉપલક્ષણથી કેડે બાળકને લેવો વગેરેવાળીને **'अङ्कधात्री'** કહેવાય છે. તેમજ, ગોઠવાયેલ ધાત્રીને ખસેડવાની ઈચ્છાથી એના દોષોને આ રીતે જણાવે કે, "ભરાવદારશરીરવાળી ધાત્રીવડે કેડે ગ્રહણકરાતો બાળક બે પગ વચ્ચે લાંબા અંતરવાળો બને છે. અથવા "માંસની ઓછાશના લીધે પાતળાશરીરવાળી કે વાંકા કમરવાળી ધાત્રીવડે પોતાની કમરમાં ધરાતો બાળક મુશ્કેલીથી ઉભો રહી શકે છે અર્થાત્ વાંકી કમરના કારણે બાળકના પગ વાંકા થઈ જવાથી તે ધરતી પર મુશ્કેલીથી ઉભો રહી શકે છે. વળી "જો માંસ વિનાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इह कटीधरणादिकमप्यंसकठिनहस्ताभ्यां च (निर्मांसकठिनहस्ताभ्यां च ग्रहणं ?) धात्रीत्वं ज्ञेयं। इह सर्वास्वपि च्यावयितुमिष्टासु धात्रीषूद्भावितदोषाणां मध्याद् घटमानोऽघटमानश्च दोषः स्यात्। परमसौ स्वमतिविकल्पितत्वात् दुष्टाभिसन्धित्वात् सर्व्वज्ञनिषिद्धत्वाच्चासत्य एव ज्ञेय इति गाथार्थः।।६०।।

**अवतरणिका**– उक्तं धात्रीद्वारमथ दूतीद्वारमाह।

**मूलगाथा– कहियमिहो संदेसं, पयडं छन्नं च (व) सपरगामेसु।**
**जं लहइ लिंगजीवी, स दूइपिंडो अणहा(ट्ठ)फलो।।६१।।**

**संस्कृतछाया– कथयित्वा मिथःसंदेशं प्रकटं छन्नं च स्वपरग्रामयोः।**
**यं लभते लिंगजीवी स दूतीपिण्डोऽनिष्टफलः ।।६१।।**

**卐 दूतीदोषस्वरूपं, स्व-परग्रामेषु प्रकटछन्नभेदेन दूतीत्वकरणम् 卐**

**व्याख्या**– कथयित्वा निवेद्य मिथो मात्रादिसम्बन्धिनं पुत्र्यादेरग्रतः पुत्रादिसत्कं च मात्रादेरित्येवं

---

કઠીનહાથવાળી ધાત્રી પોતાના હાથવડે બાળકને ગ્રહણ કરે તો એ બાળક ભયવાળો બને છે." પછી જણાવે કે "તમને જે ઈષ્ટ છે તે ધાત્રી તો આમાંથી કોઈક દોષથી યુક્ત છે." આવું સાંભળીને બાળકના માતા કે પિતા સાધુને ઇચ્છિત = સાધુની માનીતી ધાત્રીને ગોઠવી દે અને જુનીધાત્રીને કાઢી મુકે.

અહીં, અંકધાત્રીપણું એટલે તો 'ખોળામાં બાળકને લેવો' એવો અર્થ થાય છે. પરન્તુ 'કેડે બાળકને લેવું.' તેમજ, 'કઠિન હાથવડે બાળકને ગ્રહણ કરવું.' આ બન્નેની વાત જે કરવામાં આવી છે, તે પણ ઉપલક્ષણથી 'અંકધાત્રીપણું' જાણવું.

આ બધા પ્રકારના ધાત્રીઓમાં, સાધુએ જે ધાત્રીને ખસેડવાની ભાવનાથી એના જે દોષો બતાવ્યા, એ દોષો ખરેખર ઘટતા પણ હોય અને ન પણ ઘટતા હોય. પરન્તુ એ બધું સ્વમતિકલ્પિત હોવાથી અને ખરાબ અભિપ્રાયવાળું હોવાથી તેમજ સર્વજ્ઞ ભગવંતે એનો નિષેધ કર્યો હોવાથી એ બધું અસત્ય જ જાણવું. એટલે કે કદાચ કોકવાર પોતે બોલેલું ખરેખર સાચું હોય તો પણ જિનાજ્ઞાનિરપેક્ષ વગેરે હોવાથી - તે અસત્યજ છે એમ જાણવું.॥૬૦॥

**અવતરણિકા** :- આ પ્રમાણે ધાત્રીદ્વાર પુરું થયું. હવે 'दूती' દ્વારને કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **कहिय** = જણાવીને, **मिहो** = પરસ્પર, **संदेसं** = સંદેશો, **पयडं** = પ્રગટ, **छन्नं** = ગુપ્તપણે, **वा** = અથવા, **सपरगामेसु** = સ્વ અને પરગામમાં, **जं** = જે અશનાદિ, **लहइ** = મેળવે, **लिंगजीवी** = વેશમાત્ર ધારણ કરીને જીવન વિતાવનાર, **स** = તે અશનાદિ **दूइपिंडो** = દૂતીપિંડ, **अणहाफलो** = અનર્થ ફળને આપનારો.॥૬૧॥

**મૂળગાથા-ગાથાર્થ** :- પોતે રહેલા ગામની અંદર અથવા બીજા ગામમાં ગૃહસ્થનો પરસ્પર સંદેશો પ્રગટ અથવા ગુપ્ત રીતેએ એકબીજાને કહીને જે વેશધારી સાધુ અશનાદિ મેળવે તે દૂતીપિંડ કહેવાય અને તે આ લોક અને પરલોકમાં અનર્થફળને આપનારું છે.॥૬૧॥

**● દૂતીદોષનું સ્વરૂપ, સ્વ-પર ગામોમાં પ્રકટ અને છન્ન ભેદદ્વારા દૂતીત્વકરણ ●**

વ્યાખ્યાર્થ :- 'कहिय' = 'कथयित्वा' = કહીને એટલે કે નિવેદન કરીને, 'मिहो' = 'मिथः'

परस्परमुभयोरपीत्यर्थः। कं कथयित्वेत्याह 'संदेशं'ति सन्देशकं अभीप्सितार्थाभिधायकनिवेदितवचनकथनरूपं प्रतीतं। किं विशिष्टं तमित्याह। प्रकटमन्येषामगुप्तं सर्व्वजनविदितमित्यर्थः। तथा छन्नं बाह्यजनालक्षिततया गुप्तं बाह्यजनश्च लोकलोकोत्तरभेदाद् द्विधा। तत्र लोकः पार्श्ववर्ती पृथग्जनः। लोकोत्तरः सङ्घाटीयसाधुः। तत्र कदाचिदुभयोरपि प्रच्छन्नः। कदाचित्सङ्घाटीयसाधोरेव गुप्तो ज्ञेयो यस्याश्च सन्देशको नीयते तस्याश्च्छन्नो न भवत्येव। तदित्थं छन्नो द्विधा भवति। एतत्स्वरूपं च गाथार्थादुपरि वक्ष्यामः। वा विकल्पे क्व कथयित्वेत्याह स्वपरग्रामयोः स्वग्रामे परग्रामे च। तत्र स्वग्रामः स्वनिवासग्रामस्तद्विपरीतः परग्रामः। कोऽर्थः ? स्वनिवासग्रामस्यैव सत्केऽन्यस्मिन् पाटकादौ परग्रामे वा सन्देशकं नीत्वेति। ततः किमित्याह यं पिण्डमाहारादिलक्षणं लभते प्राप्नोति क इत्याह लिङ्गं रजोहरणादि साधुवेषरूपं चिह्नं तेन जीवति निर्वहतीत्येवंशीलस्स तथा इत्थं निर्व्वाहं

= અરસ-પરસ એટલે કે માતા વગેરેનું પુત્રને અને પુત્ર વગેરેનું માતા વગેરેને, આમ અરસ- -પરસ એક બીજાનું એક બીજાને કહીને. શું કહીને ? તે કહે છે, 'संदेसं' = 'संदेशं' = સંદેશો કહીને. 'સંદેશો' એટલે શું ? તે કહે છે, ઇચ્છિતવસ્તુ જણાવવા બોલાયેલા વચનને કહેવારૂપ, જે લોકમાં પ્રતીત છે. એ સંદેશો કેવા પ્રકારનો ? તે કહે છે, 'पयडं' = 'प्रकटं' = પ્રગટ = જાહેર = બધા લોકોને ખબર પડે એવો અર્થાત્ બીજા લોકોમાટે અગુપ્ત એવો સંદેશો. તેમજ, 'छन्नं' = બીજા બાહ્ય લોકોને ખબર ન પડે એવો ગુપ્ત સંદેશો. 'બાહ્ય લોકો' બે પ્રકારના છે. (૧) લૌકિક અને (૨) લોકોત્તર. તેમાં લૌકિક એટલે બાજુમાં રહેનારા જુદા પાડોશીલોકો અને લોકોત્તર એટલે સંઘાટક સાધુ. ક્યારેક લોક અને લોકોત્તર બન્નેપ્રકારે ગુપ્ત હોય છે. ક્યારેક સંઘાટકસાધુ પુરતું જ ગુપ્ત હોય છે કારણ કે જે સ્ત્રીનો સંદેશ લઈ જવાય છે તેને એ ગુપ્ત ન હોઈ શકે. અર્થાત્ જેના માટે સન્દેશ લઈ જવાતો હોય એને એ સન્દેશો પહોંચવાનો હોવાથી એ ગુપ્ત ન હોઈ શકે. અહીં 'यस्याः' = સ્ત્રીલિંગનો પ્રયોગ એટલા માટે થયો છે ઘણું કરીને વહોરાવનાર સ્ત્રી જ હોય છે અથવા પ્રાયઃ કરીને સ્ત્રીને ભોળપણાના લીધે 'સાધુ દ્વારા સન્દેશો ન મોકલાવાય, સાધુને દૂત ન બનાવાય' એવું જ્ઞાન હોતું નથી. આ પ્રમાણે 'ગુપ્ત સંદેશા' ના બે પ્રકારો ઉપરોક્ત પ્રમાણે થાય છે, એનું સ્વરૂપ ગાથાનો અર્થ કર્યાબાદ કહીશું. 'च' = 'वा' = વિકલ્પાર્થમાં છે. સંદેશો ક્યાં કહીને ? તે કહે છે, 'सपरगामेसु' = 'स्व-परग्रामयोः' = સ્વગતી અને પરગામમાં સંદેશો કહીને, તેમાં સ્વગામ એટલે કે પોતે જ્યાં રહેતા હોય તે સ્વગામ અને તેનાથી વિપરિત = પોતે જ્યાં ન રહેતા હોય એ પરગામ. આ સ્વ અને પરગામથી શું કહેવા માગો છો ? તે કહે છે, સ્વગામ એટલે કે પોતે જ્યાં રહેતા હોય એજ ગામનો સંદેશો એજ ગામના બીજા પાડા-શેરી-પોળ-મોહલ્લામાં લઈ જવો અને પરગામ એટલે કે પોતે જ્યાં રહેતા હોય એ ગામનો સંદેશો બીજા ગામમાં લઈ જવો.

આમ સંદેશો કહીને શું કરે ? તે કહે છે, 'जं लहइ' = 'यदाहारादि लभते' = જે આહારાદિ રૂપ પિંડને પ્રાપ્ત કરે. કોણ પ્રાપ્ત કરે ? તે કહે છે, 'लिंगजीवी' = 'लिङ्गमात्रोपजीवक' = 'लिंगजीवी' = રજોહરણઆદિ સાધુવેશ સ્વરૂપ જે ચિહ્ન, તેના ઉપર જીવવાના સ્વભાવવાળો અર્થાત્ સાધુ નહિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रवर्त्तयन् लिङ्गमात्रोपजीवक एव भवतीति विशेषणं स इत्थम्भूतो दूतीत्वकरणोपायेन लब्धः पिण्डो मध्यपदलोपे दूतीपिण्ड इत्युच्यते। स च किंविशिष्ट इत्याह अनर्थाः प्रभूता ऐहिकामुष्मिका अपायाः फलं कार्यं यस्यासौ अनर्थफलो अनेकदोषव्रातहेतुरित्यर्थः।

**卐 प्रकटं, लोकोत्तरप्रच्छन्नं, उभयच्छन्नं दूतीत्वं कथं करोति ? 卐**

अयमत्र भावार्थः किल कश्चिद् व्रती भिक्षावस्त्राद्यर्थं व्रजन् विशेषतस्तल्लाभार्थं तस्यापि ग्रामस्य सत्कं पाटकांतरे ग्रामान्तरे वा जनन्यादेः सत्कं पुत्र्यादेरग्रतस्तद्वचनं नीत्वा कथयति। यथा 'सा तव माता स तव पिता च त्वयाऽद्यात्रागन्तव्यमित्यादि त्वत्संमुखं वक्तीत्येवं' स्वपक्षपरपक्षयोः शृण्वतोर्निःशङ्कं कथनात् प्रकटः सन्देशः। तथा कश्चिद् व्रती दुहित्रा मात्रादिकं प्रति स्वग्रामे परग्रामे वा सन्देशकनयनायाभ्यर्थितस्ततस्तत्सन्देशकमवधार्य तज्जनन्यादिपार्श्वे गतः सन् द्वितीयसङ्घाट-कीयसाधोः दुहितुः सत्कमवलम्भकमसौ तन्मातुर्ददाति इत्यध्यवसायोत्पत्त्यर्थमित्थं तज्जननी संमुखं

---

પણ સાધ્વાભાસવાળો = વેશમાત્રધારી સાધુ. કારણ કે આ રીતે અરસ પરસ સંદેશો કહીને પોતાનું ગુજરાન ચલાવતો 'લિંગમાત્રોપજીવક' જ થાય છે. માટે આ **'लिङ्गमात्रोपजीवक'** નું વિશેષણ મૂક્યું છે. જેમ ગૃહસ્થ દુકાન દ્વારા પોતાની આજીવિકાનો નિર્વાહ કરે, એ રીતે મુનિ પણ સાધુવેશ દ્વારા પોતાની આજીવિકા ચલાવે છે એટલે એને પણ 'માત્ર લિંગ પર જીવનારો' એમ કહેવાય છે.

આ રીતે તે **'लिङ्गमात्रोपजीवक'** સાધુએ, દૂતીપણું કરવાના ઉપાયદ્વારા મેળવેલો, **'स दूइपिंडो'** = **'स दूतीपिण्डः'** = તે પિણ્ડ **'दूतीपिण्ड'** કહેવાય છે. અહીં **'त्व-करण'** આ મધ્યમપદનો લોપ થવાથી. એટલે કે **'दूतीत्वकरण-पिण्ड'** માંથી **'त्व'** અને **'करण'** નો લોપ થવાથી દૂતીપિણ્ડ કહેવાય છે. અર્થાત્ દૂતીપણું કરીને મેળવેલ પિંડ = દૂતીપિણ્ડ. આ 'દૂતિપિણ્ડ' કેવો છે ? તે કહે છે, **'अणह(ट्ठ)फलो'** = **'अनर्थफलः'** = આ લોક અને પરલોક સંબધી ઘણાં = અનેકદોષોના સમૂહનું કારણ છે.

**• પ્રકટ, લોકોત્તરપ્રચ્છન્ન, ઉભયછન્ન-દૂતીત્વ કેવી રીતે કરે ? •**

ભાવાર્થ આ છે, પ્રગટ સંદેશો કોને કહેવાય ? તે કહે છે, કોક સાધુ ભિક્ષા-કપડાં આદિ મેળવવા માટે જતો, વિશેષ ભિક્ષા-કપડાંનો લાભ થાય તે માટે, પોતે રહ્યો હોય એજ ગામના બીજા કોક પાડામાં અથવા બીજા કોક ગામમાં, માતા આદિનો સંદેશો તેની પુત્રી આદિની પાસે લઈ જઈને કહે. જેમકે, તે તમારી માતા અથવા તે તમારા પિતા કહે છે કે 'તમે આજે અત્રે આવજો' વગેરે. આ પ્રમાણે સ્વપક્ષ અને પરપક્ષના સાંભળતાં જ નિઃશંકપણે જે કહે, તે પ્રગટ સંદેશો કહેવાય છે.

'સ્વપક્ષે ગુપ્ત અને પરપક્ષે પ્રગટ સંદેશો' શી રીતે કહે છે તે જણાવે છે.

પુત્રીએ સ્વગામ કે પરગામમાં પોતાની માતા વગેરે માટે સંદેશો પાઠવવા સાધુને વિનંતી કરી. સાધુએ તેનો સંદેશો યાદ રાખીને તેની માતા વગેરેની પાસે જાય છે. પરન્તુ 'આ તો પુત્રી સંબંધી ઠપકો એની માતાને આપે છે' એવો ભાવ બીજા સંઘાટકના મનમાં ઉપસાવવા માટે આડકતરી રીતિએ સંદેશો આ રીતે કહે કે, તે તમારી પુત્રી ઘણી ભોળી છે કે જે અમોને આવું કહે છે કે 'મારું આવવું વગેરેનું આ પ્રયોજન મારી માતાને તમો કહેજો' આ સાંભળનારી હોંશિયાર તે માતા પણ તે મુનિના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ब्रूते। यथा 'अतिमुग्धा सा तव दुहिता, यैवमस्मान्प्रतिवदति यथेदं प्रयोजनं मदीयागमनादिकं मम मात्रे त्वया निवेद्यमिति'। सापि दक्षा तदभिप्रायं ज्ञात्वा तत्सङ्घाटकीयसाधुप्रत्यायनाय प्रतिभणति। यथा 'वारयिष्याम्यहं तां तवाभिमुखं पुनरेवं जल्पन्तीमित्येवं' सङ्घाटकीयसाधोरसौ गोपयितुमिष्टो न लोकस्येति लोकोत्तरप्रच्छन्नसन्देशक इति। तथा कस्याश्चित् पिता व्रती समभवन् माता तु तस्यापि ग्रामस्य सत्केऽन्यस्मिन् पाटकादौ ग्रामान्तरे वा गृहस्थ्यभूत्ततस्तत्र भिक्षाद्यर्थं व्रजन्तं निजपितरं साधुं दृष्ट्वा मातुः सन्देशकं ददाति यथा हे तात ! मज्जनन्यास्त्वमेवं कथयेर्यथा तत्कार्यं तव प्रतीतं यथा त्वं जानासि तथैव सम्पन्नं यथा वा जानासि तथा वा तत्त्वया विधेयमित्येवमसौ साधु-सङ्घाटकस्य शेषलोकानां चार्थानवगमादुभयच्छन्नसन्देशक इति। इह च सर्व्वत्र दोषा गृहस्थव्यापारणादिना जीवोपमर्द्दादयो ज्ञेयाः। प्रकटसन्देशकं चाश्रित्य विशेषतो दोषा आख्यानकेनोच्यते। तच्चेदं।

---

અભિપ્રાયને જાણી લે અને તે મુનિના સંઘાટકસાધુને વિશ્વાસ કરાવવા માટે જવાબ આપે કે 'તમારી આગળ ફરી આવું ન બોલે એ રીતના હું તેને જણાવીશ = એમ કરતા તેને હું વારીશ.' આ રીતે સંઘાટક સાધુથી ગુપ્ત રાખવા ઈચ્છેલું હોય પણ લોકથી નહિ. તે આ '**लोकोत्तर-प्रच्छन्न**' સંદેશો છે.

હવે '**उभयच्छन्न-सन्देशकं**' જણાવે છે.

કોક પુત્રીના પિતા સાધુ થયા હોય અને તે પુત્રીની માતા પણ તે જ ગામના બીજા કોઈ પાડા વગેરેમાં અથવા બીજા ગામમાં ગૃહસ્થપણે રહી હોય. આ પુત્રી, ભિક્ષાદિમાટે પોતાના પિતામુનિને, જ્યાં પોતાની માતા છે ત્યાંજ જઈ રહેલા જોઈને સંદેશો પાઠવે છે કે "હે પિતાજી ! મારી માતાને તમો એવું કહેશો કે 'તે કાર્ય જેની તમને ખબર છે = જે જેવી રીતે તમે જાણો છો, તે તે જ રીતે થયું છે.' અથવા 'જે રીતે તમે જાણો છો એજ રીતે તમે કરશો' અર્થાત્ - 'તમારું નિયત કાર્ય જેવી રીતે તમો ઇચ્છો છો તેવીજ રીતે પૂર્ણ થયું છે' અથવા 'તમો જે કાર્ય કરવાનું ઈચ્છો છો તે તમારે તે રીતે કરવું.'

આ રીતે સંઘાટકસાધુ અને શેષલોકોને આમાં કાંઈ ખબર ન પડી શકે એવું હોવાથી આ '**उभयच्छन्न-संदशक**' છે. અહીં ઉપલક્ષણથી આ જાણવું કે, જેના દ્વારા સંદેશો મોકલાવાય છે એ સાધુને સંદેશાનો અર્થ ખબર પડે પણ સંઘાટક સાધુને નહિ. આ '**उभयच्छन्न**' થયું ખરું પણ ગાઢ રીતે નહિ. પરન્તુ એવો સંદેશો હોય કે જેમાં સંદેશો લઈજનાર સાધુને કે સંઘાટકસાધુને એનો અર્થ ખબર ન પડે, તો એ ગાઢ '**उभयच्छन्न**' સંદેશો જાણવો.

આ બધામાં ગૃહસ્થ જે ક્રિયા વગેરેમાં પ્રવૃત્ત થાય, એમાં જીવોની હિંસા વગેરે દોષો સ્વરૂપ **સંયમવિરાધના** થાય. ઉપલક્ષણથી આ પણ લઈ શકાય છે, ક્યારેક કોક વિદ્રોહજનક સંદેશો હોય અને એ જો ફૂટી જાય તો સંદેશો લઈજનાર સાધુ પ્રત્યે વિરોધીલોકો રોષે ભરાઈ એ સાધુનો વધાદિ કરે તે સ્વરૂપ **આત્મવિરાધના** અને આ સાધુલોકો દૂતીપણું કરે છે એવી લોકોમાં વાત ફેલાય તે સ્વરૂપ **પ્રવચનવિરાધના** થાય વગેરે દોષો જાણવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 प्रकटदूतीत्वकरणे दृष्टांतः 卐

एगंमि गामे उज्जुओ नाम कोडुंबिओ, तस्स य देवई नाम दुहिया। सा य- तग्गामवासिणा एगेण कोडुंबियेण परिणीया। तीये कालंतरे एगो पुत्तो दुहिया य जाया। सा धूया पच्चासन्नगोउल-गामवासिणा एगेण कोडुंबियपुत्तेण परिणीया। एत्थन्तरे उज्जुयभज्जा पंचत्तमुवगया। तओ उज्जुओ संसारभयभीओ धम्मघोसाणं थेराणं सगासे पव्वइओ। विहरमाणो तत्थेव गामे नियदुहिआए देवईए वसहीए सपरिवारनियगुरुसहिओ ठिओ। तम्मि पत्थावे ताणं दोण्हवि गामाणं परोप्परं वेरं आसि सेज्जायरिनिवासिगामेण एयस्सुवरि च्छन्ना धाडी सज्जिया। सो य उज्जुयसाहू गोउलगामे भिक्खट्ठं चलिओ। देवईए दुहियानेहेण भणिओ। जहा जणय तुमं गोउलगामे वच्चिहिसि। तत्थ मे दुहियाए णियदोहित्तियाए कहेज्जसु, जहा तुह जणणीए कहावीयं, जम्हा अम्ह गामो तुज्झ गामस्सुवरि पहाए छन्नाए धाडीए आगमिस्सइ त्ति। तुमं घरवक्खरं ठवेज्जसु त्ति। तेण तहेव कयं। तीए नियभत्तुणो, तेण य गामस्स कहियं। गामो सन्नद्धबद्धकवओ, जुज्झसज्जो जाओ। इयरो य पभाए आगओ। महाजुज्झं जायं। तत्थ देवईए भत्ता पुत्तो य धाडीए सहागया। जामाओउ

## • પ્રગટ દૂતીત્વકરણમાં દૃષ્ટાંત •

પ્રગટસંદેશાને આશ્રયીને વિશેષથી દોષોનો સંભવ પ્રસ્તુત કથાનકદ્વારા કહેવાય છે.

એક ગામમાં ઋજુક નામે એક કૌટુંબિક હતો. તેની દેવકી નામની પુત્રી હતી. તેના લગ્ન તે જ ગામના એક કૌટુંબિક સાથે થયા. સમય થતાં તેને એક પુત્ર અને એક પુત્રી થઈ. આ પુત્રીને બાજુના જ ગોકુલગામવાસી એક કૌટુંબિકપુત્ર સાથે પરણાવી. આ બાજુ ઋજુકની પત્ની મરણ પામી. સંસારના ભયથી ભયપામેલ ઋજુકે પૂ. ધર્મઘોષ સ્થવિર પાસે દીક્ષા લીધી. દીક્ષાબાદ વિહાર કરતા, તે જ ગામમાં પોતાની પુત્રી દેવકીની વસતિમાં પોતાના ગુરુ અને સકલપરિવાર સાથે રહ્યા. આ વેળાએ બન્ને ગામોની વચ્ચે અર્થાત્ જે ગામમાં પોતે ઉતર્યા છે એ ગામ અને બાજુનું ગોકુલગામ કે જ્યાં પિતા મુનિની દોહિત્રી = પુત્રીની પુત્રી પરણાવેલી હતી, આ બે ગામોને પરસ્પર વેરભાવ હતો. બાજુના ગોકુલગામ પર આ ગામે ધાડ પાડવાની તૈયારી કરી હતી.

હવે આ બાજુ ઋજુક સાધુ ભિક્ષામાટે ગોકુલગામમાં જવા તૈયાર થયા. દેવકીએ પુત્રીના સ્નેહથી પિતામુનિને કહ્યું 'હે પિતાજી ! તમો ગોકુલ ગામ જઈ રહ્યા છો. ત્યાં મારી પુત્રીને = તમારી દોહિત્રીને કહેજો કે તારી માતાએ કહેવરાવ્યું છે કે "અમારું ગામ તમારા ગામ પર આવતીકાલે પ્રભાતે ધાડ પાડવા ગુપ્તરીતે આવશે. માટે તું તારા ઘરનું બારણું બંધ રાખજે." પિતામુનિએ એજ પ્રમાણે સંદેશો આપી દીધો. મુનિની દોહિત્રીએ પોતાના પતિને વાત કરી અને પતિએ આખા ગામમાં વાત ફેલાવી. આખું ગામ હથિયારઆદિથી યુક્ત કવચ પહેરીને યુદ્ધમાટે સજ્જ થઈ ગયું. પ્રભાતે પેલા ગામવાળા આવી ચઢ્યા. બન્ને વચ્ચે મહાયુદ્ધ થયું.તે યુદ્ધમાં દેવકીનો પતિ અને પુત્ર બન્ને ધાડપાડુઓની ભેગા આવેલા. આ બાજુ જમાઈ = પિતામુનિની પુત્રીની પુત્રીનો વર ગોકુલગામના પક્ષે લડવામાં હતો. યુદ્ધમાં ત્રણેય મર્યા. ધાડ પાડવા આવેલ ધાડપાડુઓ પાછા વળી ગયા. દેવકી પોતાના જમાઈ-પતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गोउलगामेण सह हुंतो। तिन्निवि जुज्झे मया। धाडी वलिया। देवई जामाइयाणं मरणं नाउं रोइउं पयट्टा। तीसे सयासे अणुणयवहणत्थं लोगा आगया भणंति य जइ गोउलगामो धाडीं एंती न जाणन्तो तो असन्नद्धो न जुज्झंतो, तेण तुह जामाइणो न मरेंता। ता केण पावेण सो जाणाविओ, तं सोऊणं तीसे पिउणो उवरिं कोवो जाओ। जहा जइ मए अयाणंतीए तस्स सयासाउ दुहियाए कहावियं तो किं साहुवेसविडंबएण साहियंति चिंतिय रोयंतीए भणियं। जहा मे जामाइपुत्तमारएण जणएणं सिट्ठं लोगेण सो साहू खिंसिओ उड्डाहो य जाउ त्ति गाथार्थः।।६१।।

**अवतरणिका–** उक्तं दूतिद्वारं, अथ निमित्तद्वारमाह।

**मूलगाथा– जो पिंडाइनिमित्तं, कहइ निमित्तं तिकालविसयं पि।**
**लाभालाभसुहासुह–जीविअमरणाइ सो पावो।।६२।।**

**संस्कृतछाया– यः पिण्डादिनिमित्तं कथयति निमित्तं त्रिकालविषयमपि।**
**लाभाऽलाभ-शुभाऽशुभ-जीवितमरणादि स पापः ।।६२।।**

અને પુત્રનું મરણ જાણીને રોવા લાગી. લોકો તેને સમજાવવા-મનાવવા આવ્યા ને કહ્યું કે 'જો ગોકુલ ગામે ધાડને આવતી જાણી ન હોત તો બખ્તર આદિ પહેરીને ગામ તૈયાર ન થયું હોત તેથી યુદ્ધ ન થયું હોત અને તમારો જમાઈ મરાયા ન હોત. પણ એવો કોણ પાપી હતો કે જેણે આ જણાવી દીધું ?' આ સાંભળીને તેને પોતાના પિતામુનિ પર ક્રોધ આવ્યો કે 'હું તો જાણતી ન્હોતી કે આવું બધું થવાનું છે એટલે મેં તો પિતા-મુનિ દ્વારા મારી પુત્રીને સંદેશો પાઠવ્યો હતો પણ સાધુવેશને વિડંબનાર એમણે સંદેશો કહ્યો કેમ ? અર્થાત્ માત્ર સાધુવેશધારી મારા પિતાએ સંદેશો કહ્યો કેમ ? એમણે કહેવો ન્હોતો જોઈતો ને ?' એમ વિચારીને રોતા રોતા તેણે એ આવેલા લોકોને જણાવ્યું કે 'આ તો મારા જમાઈ-પુત્ર-પતિના મારક મારા પિતામુનિએ કહ્યું હતું.' લોકો આ સાંભળીને રોષે ભરાયા અને મુનિની અવહેલના કરી. જેથી પ્રવચનની અપભ્રાજના થઈ.

[જુઓ, પોતાના પ્રિયપિતાજીને પણ પુત્રીએ 'મારક' તરીકે સંબોધ્યા. એટલે સંસારનું આ એક નગ્ન સત્ય છે કે સાધુએ પોતાની આત્મસાધનામાં મસ્ત રહેવું. પણ સગા-સંબંધીઓના મોહ-માયા-પ્રેમ-લાજં-શરમમાં પડવું નહિ. કારણ કે સંસાર માત્ર સ્વાર્થનો સગો છે. પોતાનો સ્વાર્થ સધાતો દેખાય તો ગધેડાને પણ બાપ કહે અને સ્વાર્થ ઘવાતા બાપનેજ ગધેડો કહેતા વાર ન લગાડે. માટે 'દૂતીકરણ' આદિ દોષોથી તો ૧૦૦ ગજ દૂરજ રહેવું હિતાવહ છે.] ॥૬૧॥

**અવતરણિકા** :- આ પ્રમાણે દૂતીદ્વાર કહ્યું. હવે નિમિત્તદ્વારને જણાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **जो** = જે, **पिण्डाइनिमित्तं** = અશનાદિમાટે, **कहइ** = કહે, **निमित्तं** = નિમિત્ત, **तिकालविषयं पि** = ત્રણે પણ કાળ સંબંધી, **लाभालाभ** = લાભ અને નુકશાન, **सुहासुह** = સુખ અને દુઃખ, **जीविअमरणाइ** = જીવવા અને મરણાદિ સંબંધી, **सो** = તે, **पावो** = પાપી.॥૬૨॥

**મૂળગાથા-ગાથાર્થ** :- જે સાધુ અશનાદિની લાલસાથી ગૃહસ્થને અતીત, અનાગત અને વર્તમાન એમ ત્રણે પણ કાળનું ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ તથા તેનો વિયોગ, સુખ અને દુઃખ અને જીવન તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 निमित्तकथनस्वरूपं 卐

**व्याख्या**– यः कश्चिद् व्रती पिण्डादिनिमित्तमाहाराद्यर्थमादिशब्दादुपध्यादिपरिग्रहः। भक्तवस्त्रादि-लिप्सयेत्यर्थः। कथयति गृहिणां निवेदयति व्यापारयतीति यावत्। निमित्तं ज्ञानविशेषरूपं त्रिकाल-विषयमपि अतीतादिकालत्रयगोचरमपि । न त्वेककालविषयमेवेत्यपेरर्थः। यथा हे श्राद्धा ! अतीतदिने तवैतज्जातं इदं भविता, साम्प्रतं चेदं भवते वर्त्तते इत्यादीति। किं विषयं पुनस्तदित्याह 'लाभे'त्यादि तत्र लाभोऽभिलषितावाप्तिस्तद्विपरीतोऽलाभः। आल्हादरूपं सुखं, तदभावोऽसुखं दुःखमित्यर्थः। जीवितं प्राणधारणं, मरणं प्राणत्यागरूपं, अमीषां द्वन्द्वे लाभादीनि मरणान्ता(न्तान्या)दिर्यस्य तत्तथा। लाभादिविषयमित्यर्थः। आदिग्रहणाच्चिन्तालूकामुष्टिभेदबन्धुसमागमसुभिक्षदुर्भिक्षादिग्रहः। यश्चेदं कथयति सोऽनन्तरोक्तः साधुः किमित्याह पापः पापोपदेशकत्वात् पापीयान्। तदित्थं लाभादिसूचककालत्रय-गोचरनिमित्तव्यापारणाल्लब्धः पिण्डो निमित्तपिण्ड इत्युच्यते। दुष्टश्चायं यतस्त्रिविधेऽप्येतस्मिन् कथ्यमाने आत्मोभयपरविषया वधादयोऽनर्थाः सम्पद्यंते। तत्रात्मविषये साधुर्वधादिकं प्राप्नोति। उभयविषये

---

મરણાદિ સંબંધી નિમિત્ત કહે તે પાપવ્યાપારનો કહેનાર હોવાથી પાપી છે.॥૬૨॥

**• નિમિત્તકથનનું સ્વરૂપ •**

**વ્યાખ્યાર્થ** :- 'जो' = 'यः' = જે કોઈ વ્રતી = સાધુ, ભાતપાણી-કપડાદિની બાલસાથી '**पिंडाइ निमित्तं**' = આહારાદિ નિમિત્તે = અર્થે, અહીં '**आदि**' શબ્દથી ઉપધિ વગેરેનું ગ્રહણ કરવું, ભાતપાણી અને કપડાદિની લાલસાથી શું કરે ? તે કહે છે, '**कहइ**' = '**कथयति**' = કહે છે. એટલે કે ગૃહસ્થોને કહે છે = એમની પાસે ક્રિયા = વ્યાપાર કરાવે છે. શું કહે છે ? તે કહે છે, '**निमित्तं**' = નિમિત્તને કહે છે. નિમિત્ત એટલે શું ? તે કહે છે, એક પ્રકારનું વિશેષજ્ઞાન. એ વિશેષજ્ઞાન કેવું ? તે કહે છે, '**तिकालविसयंपि**' = '**त्रिकालविषयमपि**' = ત્રણેકાળ સંબંધી પણ નિમિત્ત કહે. અહીં, '**अपि**' શબ્દથી માત્ર એક કાળ વિષયક નહિ પરન્તુ ત્રણેયકાળવિષયક નિમિત્ત કહે એવો અર્થ જાણવો. તે નિમિત્ત કહેવાનું કેવા પ્રકારનું હોઈ શકે ? તે કહે છે, હે શ્રાવક ! ભૂતકાળમાં તમારે આવું થયું હતું. આવું આવું ભવિષ્યમાં થશે. વર્તમાનમાં આવું આવું તમારે ચાલી રહ્યું છે ઈત્યાદિ પ્રકારે નિમિત્તને જણાવે.

વળી, શેના સંબંધી એ નિમિત્ત જણાવે ? તે કહે છે, '**लाभालाभ-सुहासुह**' = '**लाभालाभौ**' = '**सुखासुखे**' = '**सुख-दुःखे**' = લાભ-અલાભ, સુખ અને દુઃખવિષયક. લાભ = ઈચ્છિતપ્રાપ્તિ, તેનાથી વિપરિત = ઈચ્છિતની અપ્રાપ્તિ તે અલાભ. સુખ = મનને જે આલ્હાદ આપે એટલે કે જે આલ્હાદ રૂપ હોય. એ સુખનો અભાવ તે અસુખ એટલે કે દુઃખ. તેમજ, '**जीविअ-मरणाइ**' = '**जीवितमरणादि**', જીવિત એટલે પ્રાણોને ધારણકરવા, '**मरणं**' = પ્રાણોને છોડી દેવા = પ્રાણત્યાગ સ્વરૂપ. આ બધાનો દ્વન્દ્વસમાસ કરવો. અર્થાત્ લાભથી માંડીને મરણઆદિ સુધી જેનો વિષય છે એવા નિમિત્તને કહે. અહીં '**आदि**' શબ્દથી '**चिन्तालूका**' = ચિન્તાનો નાશ કરવો, '**मुष्टिभेद**' = ગૂઢ-ગુપ્ત વાતોને પ્રગટ કરવી = ભેદને ફોડવો, બન્ધુ = પ્રિયનો સમાગમ થવો, સુભિક્ષ કે દુર્ભિક્ષ થવો વગેરેનું ગ્રહણ કરવું.

જે આ રીતે નિમિત્ત કહે, '**सो**' = '**सः**' = તે. હમણાં ઉપર કહી ગયા એવો તે સાધુ શું કહેવાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

साधुर्वधादिकमाप्नोति जीवोपमर्दश्च जायते। परविषये जीवोपमर्द एवेति। वार्त्तमानिके च सद्य इहलोकेऽपि प्रत्यपाया जायमाना दृश्यन्ते। तत्राख्यानकं यथा–

**卐 निमित्तकथने दृष्टांतः 卐**

एगंमि सन्निवेसे आसि पुरा गामभोइओ एगो। सोहग्गाइगुणजुया भज्जा से सुंदरी होत्था।।१।।
देसंतरंमिय गओ रन्नाएसेण अन्नया सो उ। भज्जं मोत्तुं गामे गओ तत्थ य नेमित्तिओ निउणो।।२।।
एगो साहू पत्तो भिक्खट्ठा सो गओ तीए गेहे। तं दट्ठूणं पुट्ठो निमित्तमिह जाणसे किं पि।।३।।
तेणुत्तं सुट्ठुत्तरं जाणामि तीए जंपियं तत्तो। कहहि मम किंचि समणग जं ते रोयइ तयं पुच्छ।।४।।
तत्तो निमित्तकहणेण सुंदरी तेण हियहिअया। पकया विउलासणपाणाइ दिन्नं तो तीए हिट्ठाए।।५।।
देसन्तराउ वलिओ अह अन्नया बहु अकालता(जाया)। जाव स चणुपत्तो, नियगाम अदूरदेसंमि।।६।।
तो तेण भोइएणं, निययग्गामस्स नियडपत्तेण। भज्जाणुरत्तएणं नियमणे चिंतियं च जहा।।७।।

છે ? તે કહે છે, 'पावो' = 'पापः' = પાપનો ઉપદેશઆપનારો હોવાથી પાપી કહેવાય છે.

આ રીતે લાભઆદિને જણાવનાર ત્રણેયકાળસંબંધી નિમિત્ત કહેવાના વ્યાપાર થકી જે પિણ્ડ મેળવાય, તેને 'નિમિત્તપિણ્ડ' કહેવાય છે. આ નિમિત્તપિણ્ડ દુષ્ટ છે કારણ કે ભૂત-ભવિષ્ય-વર્તમાન એમ ત્રણેયપ્રકારના આ નિમિત્તો કહેવા જતાં 'आत्मा' = પોતાને અને 'पर' = બીજાને, તથા 'उभय' પોતાને અને બીજાને, વધાદિ થવા વગેરે અનર્થોનો સંભવ છે. તેમાં, 'आत्मविराधना' = પોતે = સાધુ વધ વગેરેને પામે. 'परविराधना' = સાધુ વધ વગેરે ન પામે પણ માત્ર બીજા જીવોની વિરાધના થાય. તથા 'उभयविराधना' = પોતે-સાધુ વધ વગેરેને પામે અને બીજા જીવોની વિરાધના પણ થાય.

ટૂંકમાં, સંયમ, આત્મ અને પ્રવચન એમ ત્રણેય વિરાધનાઓનો સંભવ છે એમ જાણવું.

ભવિષ્યમાં પરલોકમાં નિમિત્તકથનના કટુવિપાકો ભોગવવાના આવશે એ વાત પછી પણ વર્તમાન = આ લોકમાં જ એના ઘણાં અપાયો તરત ઉત્પન્ન થતાં દેખાય છે. તે અંગે આ પ્રમાણેની કથા છે.

**• નિમિત્તકથન વિષયક દૃષ્ટાંત •**

પૂર્વે એક સન્નિવેશમાં = ગામડાનો એક પ્રકાર, તેમાં ગામભોજિક = ગામનો મુખી રહેતો હતો. તેને સૌભાગ્યઆદિ ગુણોથી યુક્ત સુંદરી નામે પત્ની હતી. એકવાર રાજાના કોક કાર્યના આદેશથી પત્નીને છોડીને તે દેશાન્તરે ગયો. તે ગામમાં જ્યાં સુંદરી રહે છે તે સન્નિવેશમાં નિમિત્તમાં નિપુણ એક સાધુ ભિક્ષામાટે તે સુંદરીના ઘરે ગયા. તે સાધુને જોઈને તેણે પૂછ્યું "શું તમો કોઈ નિમિત્ત જાણો છો ?" સાધુએ કહ્યું "સારી રીતે જાણું છું." સુંદરીએ કહ્યું, "તો તમે મારા મનનું કાંઈક કહો". સાધુએ કહ્યું "તમારી જે ઈચ્છા હોય તે પૂછો." સુંદરીએ કાંઈક પૂછ્યું અને મુનિએ એનો જવાબ આપ્યો. આમ નિમિત્ત કહેવાદ્વારા તે સાધુએ સુંદરીનું મન આકર્ષિત કર્યું. રાજી થયેલી સુંદરીએ સાધુને વિપુલપ્રમાણમાં ભાત-પાણી વગેરે આપ્યા.

હવે આ બાજુ જે વખતે સાધુ સાથે સુંદરીની નિમિત્ત સંબંધી વાત ચાલુ હતી. તે જ વખતે એનો પતિ જે દેશાન્તરે ગયો હતો. ત્યાં તેનો ઘણો સમય નીકળી ગયો હતો. તે ગામભોજિક = પતિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एगागी पच्छन्नो गत्तूणं चेट्ठियं नियघरस्स। किं सुंदरी सुसीला उय निस्सीला व जोएमि।।८।।
एत्थावसरे पुट्ठो महदइओ एइही कया इहइं। तेणुत्तं अज्जेव य बारे गामस्स आयाओ।।९।।
साहु सयासाउ तओ, तीए य तयागम मुणेऊण। संमज्जणोवलेवणचंदणमालाइ गिहिकिच्चं।।१०।।
काऊणं सव्वंचिय हरिसवसुल्लसियबहलपुलयाए। नियपरिजणो य सव्वो तदभिमुहं पेसिओ पत्तो।।११।।
तं पत्तं दट्ठूणं पुट्ठो सो तेण परियणो मज्झ। कओ नायं तुब्भेहिं आगमणं परियणो भणइ।।१२।।
पट्ठविया किल अम्हे सुंदरीए ण णायमम्हेहि। एत्थंतरंमि तो कोउगेण तीए य सो पुट्ठो।।१३।।
पुव्वाणुभूयमत्थं सद्धिं जं भोइएण संजायं। ता जाव इमं पकहइ तो पत्तो भोइउ गेहे।।१४।।
दिट्ठो सो उवविट्ठो, तीए समिवे सो वि उवविट्ठो। कयनियजणोवहारो 'सा पुट्ठा जह कहं नायं।।१५।।
मम आगमणं तुमए', तीए वुत्तं 'अणेण मम मुणिणा। पच्चयपुव्वं कहियं' भद्दे को पच्चओ कहसु।।१६।।
तीए वुत्तं निसुणसु, तुमए सह, जं मए पुरा विहियं। जं पि य हसियाईयं, सुमिणो वि य जो मए दिट्ठो।।१७।।
सव्वमणेण ममं कहियं जो गुज्झदेसतिलओ वि। सो वि य एयं सोउं, ईसावसविप्फुरियकोवो।।१८।।

દેશાન્તરેથી પાછો આવ્યો અને પોતાના ગામની નજીક પાદરે પહોંચ્યો. પોતાના ગામની નજીક પહોંચેલા, પોતાની પત્ની ઉપર પ્રેમવાળા એવા ગામમુખીવડે પોતાના મનમાં વિચારાયું કે, "હું એકલો જ, છાનીરીતે જઈને મારાઘરમાં ચેષ્ટા જોઉં કે સુંદરી સુશીલા છે કે નિઃશીલા = કુશીલા છે ?" આ રીતે ભોજિક વિચારી રહ્યો હતો ને પેલી સુંદરીએ મુનિને નિમિત્ત પૂછ્યું કે "મારા પતિ ક્યારે આવશે ?" મુનિએ ઉત્તર આપ્યો હતો કે "આજે જ એ ગામની બહાર આવેલા છે". સાધુપાસેથી પતિનું આગમન જાણીને હર્ષથી પુલકિત અંગવાળી સુંદરીએ ઘરને સાફ કર્યું. છાણવગેરેનું લીંપણ કર્યું. ચંદનનીમાળા ગોઠવી વગેરે ઘરના બધા કાર્યો કરીને પોતાના સગાં-વ્હાલા = પરિજનોને તેમની સામે મોકલ્યા. તે બધા ભોજિક પાસે ગયા. તેઓને સામે લેવા આવેલા જોઈને ભોજિકે પૂછ્યું "મારા આગમનને તમે શી રીતે જાણ્યું ?," પરિજનોએ કહ્યું "અમે તો નથી જાણ્યું પણ સુંદરીએ જ અમને મોકલ્યા છે."

આ રીતે ભોજિક ને પરિજનોની વચ્ચે વાતો ચાલતી હતી અને ઘર તરફ આવી રહ્યા હતા. એજ વખતે કૂતુહલથી સુંદરી સાધુને પોતાના પતિ ભોજિક સાથે પૂર્વ અનુભવેલ બધી વાતોને પૂછે છે. સાધુ બધી વાતો જણાવે છે. એટલામાંજ પોતાના પતિ ભોજિક ઘરે આવ્યા.

(અહીં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે, સાધુએ જ્યારે નિમિત્ત કહ્યું, ત્યારે સુંદરીએ તરત ઘરની સાફસૂફી વગેરે કરી. એમાં અપ્કાય વગેરે જીવોની પણ વિરાધના થઈ. જેમાં નિમિત્તભૂત સાધુનું કથન બન્યું. તેમજ સુંદરીના ઘરે ઘણાં સમય સુધી તે રહ્યા હશે એ વાત પણ છતી થાય છે કારણ કે હવે કહેવામાં આવશે એ પ્રમાણે સુંદરીની પાસેજ બેઠેલા સાધુને ભોજિક જુવે છે.)

ઘરમાં પ્રવેશીને ભોજિકે જોયું કે સાધુ ત્યાં બેઠા છે. ભોજિક પણ સુંદરી પાસે બેઠા. અને સગાં-વ્હાલા વગેરે બધા આવીને બેઠા. ભોજિકે સગાં-વ્હાલાઓની વધામણી વગેરેનો સ્વીકાર કર્યો. પછી જ્યારે એ લોકો ગયા અને સાધુ હજુ બેઠા હતા, ત્યારે ભોજિકે સુંદરીને પૂછ્યું "મારા આગમનની ખબર તને શી રીતે પડી ?." સુંદરીએ કહ્યું, "આ મારા સાધુ પાસેથી પારખું કરવાપૂર્વક મેં જાણ્યું."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जहा एयाए ताव वडवाए पुच्छिमो गब्भं। जइ जाणिही निमित्तेण, गुज्झतिलउ बिईयाए।।१९।।
तो नाओ तेणं चिय होही, तो हं न किंचि एयस्स। उववायं पकरिस्सं, अह नो जाणिही इयं गब्भं।।२०।।
तो तिलओ विहु नाओ अकज्जायरणओ न नाणेण। तो एयं मारिस्सं निब्भंतं भणइ तो एसो।।२१।।
रोसेण फुरफुरिंतो भो भो पव्वइयग ! मह इमीए। वडवाए जं गब्भं चिट्ठइ तं कहसु नाऊणं।।२१।।
तेण भणियं किसोरो पंचहिं पुंडेहि संजुओ अत्थि। पच्चयहेउं तीए पोट्टं फालावियं तेण ।।२२।।
दिट्ठे तारिस उच्चिय जारसिओ अक्खिओ सो किसोरो। तं दट्ठुं तस्स तओ कोवोवसमो समणुजाओ।।२३।।
भणिओ साहू तेणं जह एयं सव्वयं जइ न हुन्तं। तो तुह उदरं एयं फालाविंतो अहं नियमा।।२४।।
तम्हा जाईण(णीय)मेयं इहपरलोए अणत्थकरणखमं। नो कहवि अनुन्नायं जिणेहि काउं(?)हिएसीणं।।२५।।

ननु साधोर्वधादिकं न किञ्चिज्जातमिति तस्य करणे को दोषः ? उच्यते, वडवादि-घातादयो दोषा अंत्रापि जाता एव। तथा ये च पञ्चपुण्ड्रकिशोरकादिपरिज्ञानेन परस्य प्रत्ययमुत्पाद्य स्वस्य मारणादिकरणं पारदारिकादिदूषणमुत्तारयिष्यन्ति ते कियन्तो भविष्यन्ति, विरला एवैते स्युः। एवमतीतादिनिमित्तेऽपि भावनीयमिति गाथार्थः।।६२।।

ભોજિકે પૂછ્યું, "શું પારખું કર્યું ?." સુંદરીએ જવાબ આપ્યો, "સાંભળો, તમારી સાથે પૂર્વે જે પણ ઘટના ઘટી, જે પણ હાસ્યાદિક થયા, જે પણ સ્વપ્ન મારાવડે જોવાયા, તે બધુંય આમણે કહ્યું. એટલુંજ નહિ, મારા ગુપ્ત પ્રદેશમાં તલની વાત પણ કરી છે." આ વાત સાંભળીને ભોજિકને ઈર્ષ્યાવશ અત્યંત ક્રોધ આવ્યો. વિચાર્યું કે "તો પછી આ ઘોડીના ગર્ભ અંગે હું પુછું. જો નિમિત્તથી બીજાનો ગુપ્ત તલ પણ જાણી શકે તો, તે નિમિત્ત દ્વારા અવશ્ય આ વાત પણ એણે જાણવીજ જોઈએ અને જો એ સાચું હશે તો હું આ સાધુને કોઈ જાતની તકલીફ નહિ આપું. પણ જો એના ગર્ભને જાણશે નહિ તો હું સમજીશ કે ચોક્કસ આ સાધુએ અકાર્ય આચરણ = દુરાચાર દ્વારા જાણ્યું છે, નહિ કે નિમિત્તજ્ઞાનથી, તો હું નિઃશંકપણે આને મારી નાખીશ". આમ ક્રોધથી ધમધમતો ભોજિકે પૂછ્યું "અરે ઓ ! પ્રવ્રજિત ! મારી આ ઘોડીને જે ગર્ભ રહ્યો છે, તેને કહો = અર્થાત્ એ પુલિંગ છે કે સ્ત્રીલિંગ છે ? અને કેટલા પુંડ્ર = ચિહ્ન છે વગેરે. સાધુએ કહ્યું "એના ગર્ભમાં કિશોર = પુલિંગ છે અને પાંચ પુંડથી સંયુક્ત છે.' સાધુની આ વાતનું પારખું કરવા ભોજિકે ઘોડીનું પેટ ફાડ્યું. એમાં એણે એવો જ કિશોર પાંચ પુંડ્રવાળો જોયો કે જેવો સાધુએ કહી બતાવ્યો હતો. આ જોઈને તેનો ક્રોધ શાંત થયો અને સાધુને કહ્યું, 'જો આ સાચું ન ઠરત તો હું ચોક્કસ તમારું પેટ ફાડી નાંખત.'

આ કારણથી આલોક અને પરલોકમાં અનર્થ કરવા સમર્થ એવા આ નિમિત્તકથન દોષને જાણીને પરમાત્માએ હિતૈષીઓને કોઈપણ-રીતે તે કરવાની અનુજ્ઞા આપી નથી.

**પ્રશ્ન** :- આમાં સાધુ-વધ વગેરે તો કાંઈ થયું નથી, તો પછી નિમિત્ત કહેવામાં શું દોષ છે ?

**જવાબ** : જો કે સાધુવધ થયો નથી પરન્તુ ઘોડીનો ઘાત વગેરે થયો જ છે. તેમજ, 'પાંચ પુંડવાળો કિશોર છે' વગેરેનું સજ્જડ જ્ઞાન દ્વારા બીજાને વિશ્વાસ ઉત્પન્ન કરીને પોતાના મરણઆદિ કરનાર પરસ્ત્રી-ગમન વગેરે દૂષણો ઉતારી દે એવા સાધુઓ કેટલા હોય છે ? બહુ થોડા = વિરલા જ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अवतरणिका**– उक्तं निमित्तद्वारमथाजीवनाद्वारमाह।

**मूलगाथा– जच्चाइधणाण पुरो, तग्गुणमप्पं पि कहिय जं लहइ।**
**सो जाईकुलगणकम्म-सिप्पआजीवणापिंडो।।६३।।**

**संस्कृतछाया–** जात्यादिधनानाम् पुरतस्तद्गुणमाऽऽत्मानमपि कथयित्वा यं लभते।
स जाति-कुल-गण-कर्म्म-शिल्पाऽऽजीवनापिण्डः ।।६३।।

卐 **आजीवनाद्वारस्वरूपम्** 卐

**व्याख्या**– जात्यादीन्येव धनं स्वोत्कर्षादिहेतुतया वित्तं येषां ब्राह्मणादीनां ते जात्यादिधनास्तथा च विप्रादेर्जातिरेव ब्राह्मणत्वादिका धनं तया ह्यसौ सर्व्वजनोत्कृष्टमात्मनं प्रख्यापयति, निर्वहति च। आरक्षकादीनां कुलमेव धनं तेन तेषां निर्व्वाहादिभावात्। मल्लादीनां बाहुमुष्टियुद्धादिक्रियैव धनं। कृषीवलादीनां हलवाहनादिना कृष्यादिकर्म्मैव, चित्रकरादीनां चित्रकरणादिशिल्पमेव धनमिति तेषां जात्यादिधनानां दातॄणां ब्राह्मणानां पुरतोऽग्रतः 'तग्गुणं'ति तेषां जात्यादिधनानां सम्बन्धी गुणो

---

માટે નિમિત્તકથન ક્યારેય કરવું નહિ. આ રીતે અતિતાદિ નિમિત્તમાં પણ વિચારી લેવું.॥૬૨॥

**અવતરણિકા** :- આ પ્રમાણે 'નિમિત્ત' દ્વાર કહ્યું. હવે 'आजीवन' દ્વારને કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **जच्चाइधणाण** = જાત્યાદિ ધન છે જેનું, એવાઓની, **पुरो** = આગળ, **तग्गुणं** = તેવી જાતિવાળા, **अप्पंपि** = પોતાના આત્માને પણ, **कहिय** = કહીને, **जं** = જે અશનાદિ, **लहइ** = મેળવે, **सो** = તે અશનાદિ, **जाई** = જાતિ, **कुल** = કુલ, **गण** = ગણ, **कम्म** = કર્મ, **सिप्प** = શિલ્પ, **आजीवणापिंडो** = આજીવનપિંડ.॥૬૩॥

**મૂળગાથા-ગાથાર્થ** :- જાતિ, કુલ, ગણ, કર્મ અને શિલ્પાદિમાંથી જેના ઉત્કર્ષે કરીને જે ગૃહસ્થ પોતાને શ્રેષ્ઠ માનતો હોય તેની આગળ સાધુ તેના જેવું પોતાનું સમપણું બતાવવા માટે તે તે જાતિ, કુલ, ગણ, કર્મ, શિલ્પાદિની પ્રશંસા કરવાવડે અથવા તેને યોગ્ય કાર્યમાં પોતાનું કુશળપણું બતાવી જે અશનાદિ મેળવે તે આજીવનપિંડ કહેવાય.॥૬૩॥

**● આજીવના દ્વારનું સ્વરૂપ ●**

**વ્યાખ્યાર્થ** :- 'जच्चाइधणाण' = 'जात्यादिधनानाम्' = પોતાનો ઉત્કર્ષ = વડાઈ આદિનું કારણ એવી જાતિ વગેરે છે ધન જેઓનું એવા બ્રાહ્મણોને અર્થાત્ જાતિ આદિ ધનવાળા બ્રાહ્મણોને 'જાત્યાદિધન' કહેવાય છે. એટલે કે વિપ્ર વગેરેની જે બ્રાહ્મણત્વ વગેરે જાતિ, એજ ધન છે. તે ધનવડે આ = બ્રાહ્મણો, બધાં લોકો કરતાં પોતાની મોટાઈ પ્રગટ કરતાં હોય છે અને તે દ્વારા પોતાનો નિર્વાહ ચલાવતા હોય છે. આરક્ષક વગેરેને કુલ એજ ધન છે, એ ધન દ્વારા તેઓનો નિર્વાહ થતો હોય છે. મલ્લ વગેરેને બાહુયુદ્ધ - મુષ્ટીયુદ્ધ વગેરેની ક્રિયા એજ ધન છે. ખેડૂતોને હળ ખેંચવું વગેરે દ્વારા ખેતીકરવી અને ચિત્રકારોને ચિત્રકરવું વગેરે શિલ્પ જ ધન છે. આમ જાતિ વગેરે ધનવાળા દાતા-બ્રાહ્મણોની, 'पुरो' = 'पुरतोऽग्रतः' = આગળ, 'तग्गुणम्' = 'तद्गुणम्' = તે જાત્યાદિ-ધનવાળાઓના સંબંધી જે ગુણ છે, તે જાત્યાદિધર્મ કહેવાય છે. એ છે જેને = પોતાને = સાધુને, તેને 'तद्गुण' કહેવાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जात्यादिधर्म्मो यस्यात्मनः स तद्‌गुणस्तं दातृसमानजात्यादिधर्मकमित्यर्थः। आत्मानमपि न केवलं परमित्यपेरप्यर्थः। कथयित्वा तत्सत्कहवनादि क्रियाविज्ञातृत्वसूचनव्याजेन स्फुटवचनेन वा प्रकाश्येत्यर्थः। यं पिण्डमशनादिरूपं लभते स्वजात्यादिपक्षपातरञ्जितेभ्यो ब्राह्मणादिभ्यः सकाशात् प्राप्नोति साधुः, सोऽनन्तरोक्तः पिण्डः।

**卐 जाति-कुल-गणाऽऽद्याजीवनापिण्डस्वरूपं, जात्याजीवनापिण्डं कथं लभते ? तत्र दोषश्च 卐**

किमित्याह जातिश्च कुलं च गणश्च कर्म्म च शिल्पं च तानि यथा एतानि वक्ष्यमाणार्थानि तेषामाजीवना सा तथा, तया लब्धः पिण्डो जातिकुलगणकर्म्मशिल्पाजीवनापिण्डः। जात्याजीवनापिण्डः, कुलाजीवनापिण्ड इत्यादिनामाभिधेयाऽसौ भवतीत्यर्थः। कथं पुनरसौ तद्‌गुणमात्मानं प्रकाशयतीत्युच्यते। यथा कश्चित्साधुर्भिक्षामटन् भिक्षार्थं ब्राह्मणगृहे प्रविशति। ततस्तत्सुतं होमादिक्रियाः सम्यगकुर्वाणं (सम्यगसम्यक्कुर्वाणं) दृष्ट्वा तत्पित्रभिमुखं जल्पति, यथाऽवितथवितथहवनादिक्रियाकरणाद् ज्ञायते, यथैष विज्ञातवेदादिशास्त्ररहितस्य द्विजस्य सुत इति, वेदादिशास्त्रज्ञपार्श्वस्थितो वासाविति तत्पितुः कथयति यद्वा निजसुतं क्रियां कुर्वाणं साधुमवलोकयन्तं दृष्ट्वा द्विजः पृच्छति यथा

---

છે, એટલે કે દાતૃને સમાન જાત્યાદિધર્મ છે જેને, તેને તદ્‌ગુણ કહેવાય છે. 'अप्पंपि' = 'आत्मानमपि' = પોતાને પણ. એટલે કે દાતાને સમાન જાત્યાદિધર્મના સંબંધી તરીકે માત્ર બીજાને નહિ પણ પોતાને પણ, 'कहिय' = 'कथयित्वा' = કહીને. શું કહીને ? તે કહે છે, દાતાના ધર્મ સંબંધી હોમ-હવન આદિ ક્રિયાની જાણકારી બતાવાના બહાના દ્વારા અથવા પ્રગટવચનોવડે જણાવીને = કહીને.

(આ બધાનો ભાવાર્થ આ જાણવો કે, દાતાની જે જાતિ-કુલાદિ હોય એને અનુરૂપ પોતાની જાતિ કુલાદિ કહીને. એ કહેવાનું પછી પ્રગટવચનોદ્વારા હોય, જેમકે 'હું પણ બ્રાહ્મણ છું' વગેરે અથવા દાતાની હોમ-હવનાદિ જે ક્રિયા હોય, એ ક્રિયામાં પોતાની નિપુણતા બતાવવા દ્વારા પોતે પણ દાતાની જ જાતિ વગેરેવાળા છે એમ આડકતરી રીતે જાહેર કરીને.)

**• જાતિ, કુલ, ગણ વગેરે આજીવનાપિણ્ડનું સ્વરૂપ,**
**જાતિઆજીવનાપિણ્ડ શી રીતે મેળવે ? તેમાં દોષો •**

એ રીતનું કહીને શું કરે ? તે કહે છે, 'जं लहइ' = 'यद् पिण्डम् लभते' = અશનાદિ સ્વરૂપ જે પિણ્ડને પ્રાપ્ત કરે છે. અર્થાત્ 'આ તો આપણા જાતિના છે' ઈત્યાદિ દ્વારા પક્ષપાત થકી રંગાયેલા એવા બ્રાહ્મણો આદિ પાસેથી સાધુ જે પિણ્ડને પ્રાપ્ત કરે. આ રીતના પિણ્ડ મેળવે તે શું કહેવાય ? તે કહે છે, 'सो जाई-कुल-गण-कम्म-सिप्प-आजीवणापिंडो' = 'सो जाति-कुल-गण-कर्म्म-शिल्प-आजीवनापिण्डः' = તે જાતિ-કુલ-ગણ-કર્મ્મ-શિલ્પઆજીવનાપિણ્ડ કહેવાય છે. જાતિ-કુલ-ગણ-કર્મ-શિલ્પ, આ બધા હવે આગળ કહેવામાં આવશે. તે જાત્યાદિદ્વારા મેળવેલ પિણ્ડને જાતિ-કુલ-ગણ-કર્મ-શિલ્પઆજીવનાપિણ્ડ, એટલેકે, જાતિને છતી કરીને મેળવેલ પિણ્ડ એ જાતિ-આજીવનાપિણ્ડ કહેવાય છે. પોતાનું કુલને છતું કરીને મેળવેલ પિંડ એ કુલ-આજીવનાપિણ્ડ વિગેરે નામવાળી આ આજીવના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

साधो ! त्वया किं हवनादिक्रिया सम्यगसम्यग् वा विज्ञायते येनेत्थं निरीक्षते ततः साधुर्ब्रूते, यथा समिन्मन्त्राहुति-स्थानयागकालघोषादीनाश्रित्य सम्यगसम्यग् वा क्रिया स्यात्। तत्र समिधः पिप्पलानामार्द्रप्रतिशाखादि-खण्डस्वरूपा यत्र यथावत् प्रयुज्यन्ते, एवं मन्त्रा ओमित्याद्यक्षरच्छन्दरूपा, आहुतिरग्नौ घृतादेः प्रक्षेपाख्या, स्थानमुत्कुटादिरूपं, यागोऽश्वमेधादिकः, कालः प्रभातादिः, घोषो ध्वनिरूपो, यत्र यथा-वत् प्रयुज्यते सा सम्यक् क्रियेति। यत्र च समिधादयो न्यूनतया अधिकतया विपर्ययेण वा प्रयु-ज्यन्ते, न यथावत् सा त्रिविधा असम्यक् क्रियेति। तदित्थमाहारादिलिप्सया व्याजेन तत्समानजातिक-स्यात्मनः प्रकाशनं विधीयते। तत्र च स ब्राह्मणस्तच्छ्रुत्वा गार्हस्थ्ये ब्राह्मणोऽयमित्यध्यवस्य भद्रकः सन् स्वजातिपक्षपाताद्यदाहारादि दापयति तदाजीवनादोषवत्स्यादथ प्रांतस्तदाऽस्माकमयमुपहासं करोती-त्यादि विचिन्त्य गृहनिस्सारणादि कुर्यात्। यदि ब्राह्मणः(णोऽ)सन्

**પ્રશ્ન** :- સાધુ, દાતાના ગુણને સમાન પોતાનો ગુણ શી રીતે પ્રકાશે ?

**જવાબ** :- જેમકે, કોક સાધુ ભિક્ષામાટે ફરતા બ્રાહ્મણના ઘરે ગયા. ત્યાં તે ઘરમાં બ્રાહ્મણના છોકરાને હોમાદિની ક્રિયા સારી કે ખોટી કરતો જોઈને તેના પિતાને કહે છે - 'સાચી-ખોટી રીતે કરાતી હોમાદિની ક્રિયા પરથી ખબર પડી જાય કે "વેદાદિ શાસ્ત્રને નહિ જાણનાર એવા બ્રાહ્મણનો આ પુત્ર છે." અથવા તો "વેદાદિ શાસ્ત્રના જાણકાર પાસે આ રહેલો છે." એ પ્રમાણે તેના પિતાને કહે. અથવા, પોતાના પુત્રને ક્રિયા કરતો જોઈ રહેલા સાધુને જોઈને એના બ્રાહ્મણપિતા સાધુને પૂછે કે 'હે સાધુ ! શું તમો હવનાદિની સાચી અને ખોટી ક્રિયાને જાણો છો ? કે જેથી આ રીતનું નિરીક્ષણ કરો છો ?' સાધુ કહે "જુઓ, સમિધ = યજ્ઞમાં હોમવાના લાકડાં, મન્ત્ર, આહુતિ, સ્થાન, યાગ = અશ્વમેઘ વગેર યજ્ઞો, કાળ = સમય, ઘોષ વગેરેને આશ્રયીને ક્રિયા સાચી કે ખોટી હોય છે. તેમાં, સમિધ એટલે પીપળાના વૃક્ષની લીલી પ્રશાખાના ટૂકડાઓ કે જે જ્યાં મૂકવાના હોય તે ત્યાં મૂકવો = જેનો જ્યાં ઉપયોગ ઉચિત હોય તેને ત્યાં મૂકવો. 'मन्त्र' એટલે 'ओम्' વગેરે અક્ષરોના છન્દ સ્વરૂપ મન્ત્રો જાણવા. 'आहुति' એટલે અગ્નિમાં ઘી વગેરેના પ્રક્ષેપ રૂપ જાણવી. 'स्थान' એટલે ઉત્કટઆસન વગેરે સ્વરૂપ જાણવું, 'याग' એટલે અશ્વમેઘ વગેરે યજ્ઞ જાણવા. કાળ એટલે પ્રભાત વગેરે, 'घोष' એટલે અવાજસ્વરૂપ જાણવો. આ બધુંય જેમાં વિધિ પ્રમાણે યોજાય તે સમ્યગ્ કહેવાય છે. અને જ્યાં સમિધ વગેરે (૧) ઓછા કે (૨) વધારે કે (૩) વિપરીત રીતે યોજવામાં આવે. ટૂંકમાં, વિધિસહિત ન યોજે તે ત્રણ પ્રકારે ખોટીક્રિયા કહેવાય છે."

આ પ્રમાણે સાધુ, આહારાદિની લાલસાના બહાનાવડે દાતાને સમાન જાતિવાળા તરીકે પોતાને પ્રકાશિત કરે. તે બ્રાહ્મણને આવું સાંભળીને કલ્પના થાય કે 'ગૃહસ્થપણે આ બ્રાહ્મણ હશે." એમ વિચારીને હવે જો એ ભદ્રક હોય તો પોતાની જાતિના પક્ષપાતના લીધે જે આહારાદિ અપાવે તે આહાર આજીવના દોષ યુક્ત થાય છે. પણ જો એ પ્રાંત = હલકો હોય = નીચસ્વભાવનો હોય તો એ "આ અમારી મશ્કરી ઉડાવે છે" ઈત્યાદિ વિચારીને સાધુને ઘરની બહાર કાઢી મૂકે વગેરે કરે.

વળી, એ સાધુ ખરેખર પૂર્વે બ્રાહ્મણ હોય નહિ પરન્તુ ક્યાંકથી પણ બ્રાહ્મણ ક્રિયા વગેરેને જાણીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कुतोऽपि किञ्चिद् ब्राह्मण-क्रियादिकं ज्ञात्वेत्थं ब्राह्मणत्वं प्रकटयति तदा अपरोऽपि भावतो मृषावादः स्यादिति। यदा पृष्टोऽपृष्टो ब्राह्मणोऽहमित्यात्मानं जातिमन्तं साक्षादेव कथयति तदा स्फुटवचनेनैव तद्गुणात्मनः प्रकाशनाज्जात्युपजीवनं भवति। तत्रापि मायामृषावादादयो दोषा वाच्याः। एवं क्षत्रियादिजातेरप्युप-जीवनं ज्ञेयम्।

### 卐 कुल-गणाऽऽजीवनापिण्डं कथं लभते ? 卐

कुलोपजीवनं यथा उग्रकुलेषु भिक्षार्थं प्रविष्टः साधुरुग्रपुत्रं हडिप्रभृतीनि समारचयन्तं दृष्ट्वा तत्पितरमाह, यथा हड्यादीनामवितथकरणाद् ज्ञायते यथा सुशिक्षितोग्रक्रियस्योग्रपुत्रोऽयमित्यादि एवं भोगादिकुलेष्वपीति। गणोपजीवनं यथा मल्लादिगृहे भिक्षार्थं प्रविष्टः साधुस्तान् युद्धादिक्रियानिरतान् व्यवलोक्य कथयति। यथा मल्लानां युद्धप्रस्तावे वासुदेवादिप्रतिमाप्रणमनखड्गबाहुयोधनादिव्यवस्थाभाषणं तथा कखाड(अक्षवाट)के प्रविष्टस्यैकस्य मल्लस्य निजभूम्याक्रमणेन प्रतिद्वन्द्विमल्लघाताय पार्श्वे गमनं ग्रीवाबन्धादि च स्यात्, धरणिपातछुप्तांकयुद्धादिप्रकटनं च भवतीति। ततो मल्ल एवासौ गार्हस्थ्य आसीदिति स्वगणपक्षपातादाहारादि दापयन्तीत्यादिपूर्ववत्।

---

આ રીતે પોતાનું બ્રાહ્મણપણું પ્રકાશિત કરે, ત્યારે બીજો ભાવથી મૃષાવાદનો દોષ પણ લાગે છે. પોતે શબ્દોથી = દ્રવ્યથી હું બ્રાહ્મણ છું એમ બોલ્યા નથી પણ બ્રાહ્મણ હોવાનો ભાવ પ્રગટ કર્યો છે તેથી જ્યારે પૂછાયું હોય કે પૂછાયા વિના જ 'હું બ્રાહ્મણ છું' એ રીતે પોતાને જાતિવન્ત તરીકે સાક્ષાત્ જ કહી દે છે. ત્યારે પ્રગટવચનો દ્વારા જ દાતાના ગુણને સમાન પોતાને પ્રકાશિત કરવાના લીધે એ સ્પષ્ટપણે જાતિઉપજીવન થાય છે. **जाति-उपजीवन** = જાતિ પ્રકટ કરી જીવનાર. તેમાં પણ માયા-મૃષાવાદ વગેરે દોષો જાણવા. અહીં તો માત્ર બ્રાહ્મણજાતિની જ વાત કરી છે પણ આ જ રીતે ક્ષત્રિય વગેરે જાતિ વિશે પણ ઉપજીવન જાણવું. આ રીતે જાતિઉપજીવનની વાત કરી.

### ● કુલ, ગણ, આજીવનાપિણ્ડ શી રીતે મેળવે ? ●

હવે '**कुलोपजीवन**' ની વાત કરે છે,

સાધુ ભિક્ષામાટે ઉગ્રકુલોમાં પ્રવેશ કરે. ત્યાં ઉગ્રકુલના પુત્રને, **हडि** = કાથાની દોરી થી ખાટલો વગેરે બાંધવારૂપ રચના કરતો જોઈને તેના પિતાને કહે કે 'કાથાની દોરી વગેરેની સુંદર રીતે સાચી રીતે બાંધણી જોઈને ખ્યાલ આવે કે ઉગ્રકુલની ક્રિયા સારી રીતે શીખેલ પિતાનો આ પુત્ર છે.' ઈત્યાદિ. આ જ રીતે ભોગાદિકુલોમાં પણ જાણવું.

હવે '**गणोपजीवन**' કહે છે.

ભિક્ષામાટે મલ્લાદિના ઘરમાં પ્રવેશેલ સાધુ, યુદ્ધાદિ ક્રિયામાં લાગેલા મલ્લાદિને જોઈને કહે કે,

'મલ્લોને યુદ્ધની શરૂઆતમાં વાસુદેવાદિ પ્રતિમાને વંદન કરવું જોઈએ. તલવારથી કે બાહુથી યુદ્ધ કરવું એટલેકે યુદ્ધ શરૂ કરતાં પૂર્વે બંને મલ્લોએ તલવાર, હાથ વિ. પરસ્પર અડાડવા. વગેરે વ્યવસ્થા બોલવી. તથા અખાડામાં બન્ને પ્રવેશ કરે, પછી એમાંથી એક મલ્લ પોતાની ભૂમિને ઓલંઘીને પ્રતિપક્ષી મલ્લને પછાડવા તેની સામે જાય અને પછી **ग्रीवादिबन्धन** થાય = પોતાના બન્ને હાથથી સામેવાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 कर्म्म-शिल्पाऽऽजीवनापिण्डं कथं लभते ? 卐

कर्म्माजीवनं यथा कृषीवलस्य गृहे भिक्षार्थं प्रविष्टः कृषीवलस्य पुरतः साधुर्भणति यथा यदि प्रभूतं द्रव्यं कृषिकारापकाद्वणिगादेः कृषीवलो लभते तदा हलादीनि शुभानि करोति। अथ स्तोकं तदा अन्यथापीति। कृषिकारापकोऽपि यदि प्रभूतद्रव्यवान् स्यात् तदा तानि शुभानि कारयति। अथ स्तोकद्रव्यवान् तदा अन्यथापीति। तच्छ्रुत्वा गार्ह्यस्थ्ये कृष्यादिकर्म्म निपुणोऽसावासीदित्यादि पूर्व्ववत्। शील्पाजीवनं यथा शिल्पिनो गृहे प्रविष्टः शिल्पिनः शिलावर्त्तकादेः पुरतो जल्पति यथा यदि प्रभूतं द्रव्यं शिल्पी लभते तदा शुभानि देवकुलादीनि कारयति। अथ स्तोकं तदा इतरथा। एवं कारापकेऽपि वाच्यमिति। ततः शिल्पिकोऽसौ पूर्वमासीदिति संभाव्य स्वशिल्पित्वपक्षपातात्तस्या-सावशनादि दापयतीति। एवं च यदुपजीवनेन यः पिण्डो लभ्यते स तेन व्यपदेश्यो ज्ञेय इति गाथार्थः।।६३।।

માણસની ગ્રીવાને બંધ કરે = દબાવે, મરે નહિ એ રીતે તેનો શ્વાસોશ્વાસ રૂંધે, તથા, 'धरणिपात-छुप्तांकयुद्ध' = ધરતી પર પડવાથી સ્પર્શાયો છે પ્રતિસ્પર્ધીનો ખભો જેમાં એવું યુદ્ધ વગેરે પ્રગટ થાય છે." આવી બધી સાધુની વાણી સાંભળીને એ મલ્લ સમજે કે "દીક્ષા પૂર્વે ગૃહસ્થપણે આ સાધુ મલ્લ હશે" એટલે સ્વગણ પ્રતિ પક્ષપાત થવાથી આહારાદિ અપાવે વગેરે બધી વાતો પૂર્વવત્ જાણવી.

**• કર્મ, શિલ્પ આજીવનાપિણ્ડ શી રીતે મેળવે ? •**

હવે 'कर्म्माजीवन' બતાવે છે, 'कर्म्म' = કૃષિ વગેરે કર્મ લેવું.

ખેડૂતના ઘરે ભિક્ષામાટે ગયેલ સાધુ, ખેડૂતને એમ કહે કે, 'ખેતી કરાવનાર વાણિયા વગેરે પાસે ખેડૂત જ્યારે ઘણું દ્રવ્ય = પૈસા મેળવે છે ત્યારે હળ વગેરે સારા બનાવે છે. પણ જ્યારે ઓછું દ્રવ્ય મેળવે છે ત્યારે હળ વગેરે સારા ન પણ કરે. ખેતી કરાવનાર પણ જ્યારે ઘણાં પૈસા વાળો હોય છે ત્યારે તે પણ, તે હળાદિને સારા કરાવે છે અને જો ઓછા પૈસાવાળો હોય તો સારા ન પણ કરાવે." આવું સાંભળીને પેલો ખેડૂત વિચારે કે, 'દીક્ષા પૂર્વે જરૂર આ ખેતીમાં નિપુણ હશે' વગેરે. પછી એ ખેડૂત જે કરે તે પૂર્વવત્ સમજી લેવું, અર્થાત્ સ્વગણ પ્રતિ પક્ષપાત થવાથી આહારાદિ અપાવે વગેરે બધી વાતો પૂર્વવત્ જાણવી.

હવે 'शिल्प-आजीवन' બતાવે છે. શિલ્પીના ઘરે ગોચરીમાટે પ્રવેશેલ સાધુ 'शिला-वर्तक' = શિલાઘડનાર શિલ્પી વગેરેને કહે કે "જો શિલ્પી ઘણાં પૈસા મેળવે તો 'देवकुल' = મંદિર વગેરે સુંદર કરાવે છે. પણ જો ઓછું ધન મેળવે તો તેવું સુંદર ન કરાવે." આ જ પ્રમાણે 'कारापक' = શિલ્પી દ્વારા જે દેવકુલ કરાવે છે તે શ્રેષ્ઠી વિશે પણ જાણી લેવું. સાધુના એવા વચનો સાંભળીને શિલ્પી કે કારાપક = શ્રેષ્ઠી વગેરે સંભાવના કરે કે "પૂર્વે આ શિલ્પી હોવા જોઈએ," એમ પોતાના શિલ્પીપણાના પક્ષપાતના લીધે સાધુને અશનાદિ અપાવે.

આ પ્રમાણે જે ઉપજીવન = આજીવિકાના સાધન દ્વારા જે પિણ્ડ મેળવાય છે, તે તેવો પિણ્ડ કહેવાય છે.॥૬૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अवतरणिका– अधुना जात्यादीन्यनन्तरगाथोत्तरार्द्धोपात्तानि व्याख्यातुमाह।

**मूलगाथा– माइभवा विप्पाइ व जाइ उग्गाइ पिउभवं च कुलं।**
**मल्लाइ गणो किसिमाइ कम्म चित्ताइ सिप्पं तु।।६४।।**

संस्कृतछाया– मातृभवा विप्रादि वा जात्युग्रादि पितृभवं च कुलं।
मल्लादि गणः कृष्यादि कर्म चित्रादि शिल्पं तु।।६४।।

**卐 जाति-कुल-गण-कर्म्म-शिल्पानां भेदस्वरूपम् 卐**

**व्याख्या**– मातृभवा जननीसमुत्थेत्यर्थः। यद्वा विप्रादिका ब्राह्मणक्षत्रियवैश्यप्रभृतिका, वा विकल्पे जातिर्लोकप्रतीता ज्ञेयेतिशेषः। तथोग्रादि उग्रभोगक्षत्रेक्ष्वाक्वादिकं। तत्रोग्रभोगावादिदेवेनारक्षकत्वेन गुरुत्वेन च व्यवस्थापितौ वंशविशेषौ, क्षत्रियाः प्रतीता, इक्ष्वाकवो नाभेयवंशजा इति। यद्वा पितृभवं जनकसमुत्थमित्यर्थो, वा विकल्पे कुलं ज्ञेयमिति शेषः। तथा मल्लादिर्मल्लसारस्वतलक्षणो बाहुखड्गयोद्धप्रभृतिसमुदायो गण उच्यते इति शेषः। मल्लगणसारस्वतगणस्वरूपं तु लोकरूढितो

---

**અવતરણિકા** :- હવે, ઉપરની ગાથાના ઉત્તરાર્ધમાં કહેલ જાત્યાદિનીજ વ્યાખ્યા કરે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **माइभवा** = માતાસંબંધી, **विप्पाइ** = બ્રાહ્મણ વિગેરે, **वा** = અથવા, **जाइ** = જાતિ, **उग्गाइ** = ઉગ્રકુલાદિ, **पिउभवं** = પિતાસંબંધી, **च** = અને, **कुलं** = કુલ, **मल्लाइ** = મલ્લવિગેરે, **गणो** = ગણ, **किसिमाइ कम्म** = ખેતીવિગેરે કર્મ, **चित्ताइ** = ચિત્રકળાવિગેરે, **सिप्पं** = શિલ્પ, **तु** = કર્મ અને શિલ્પમાં લક્ષણાન્તર જણાવનાર.।।૬૪।।

**મૂળગાથા-ગાથાર્થ** :- માતા સંબંધી અથવા બ્રાહ્મણાદિ જાતિ, પિતાસંબંધી અથવા ઉગ્ર, ભોગાદિ કુલ, લોકમાં પ્રસિદ્ધ સારસ્વત અને મલ્લ તે ગણ, ખેતી, વાણિજ્યાદિ કર્મ અને ચીતરવું, તુણવું વગેરે શિલ્પ કહેવાય. અથવા અનાચાર્યોપદિષ્ટ કર્મ અને આચાર્યોપદિષ્ટ શિલ્પ કહેવાય.।।૬૪।।

## • જાતિ, કુલ, ગણ, કર્મ, શિલ્પના ભેદોનું સ્વરૂપ •

**વ્યાખ્યાર્થ** :- 'माइभवा विप्पाइ व जाइ' = 'मातृभवा विप्रादि वा जाति' = માતા થકી ઉત્પન્ન થયેલ જાતિ કહેવાય. અથવા બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય વગેરે વિપ્રાદિ જાતિ કહેવાય, જે લોકમાં પ્રસિદ્ધ છે. वा = વિકલ્પ = અથવાના અર્થમાં છે. તેમજ, 'उग्गाइ' = 'उग्रादि' = ઉગ્ર-ભોગ-ઈક્ષ્વાકુ વગેરે કુલ કહેવાય છે. ઉગ્રકુલ અને ભોગકુલ શું છે ? તે કહે છે, આદિદેવે = ઋષભદેવ પરમાત્માએ જેઓને 'आरक्षक' = રક્ષક તરીકે ગોઠવ્યા તેઓ ઉગ્રકુળના કહેવાયા અને જેઓને ગુરુ તરીકે ગોઠવ્યા તેઓ ભોગકુળના કહેવાયા. ક્ષત્રિયો તો લોકમાં પ્રતીત છે તેમજ નાભેય = આદિદેવના વંશજો એ ઈક્ષ્વાકું કહેવાયા છે. અથવા તો 'पिउभवं' = 'पितृभवं' = પિતાથી ઉત્પન્ન થયેલું હોય તે 'કુલ' કહેવાય છે એમ જાણવું. 'च' = 'वा' = વિકલ્પઅર્થમાં છે.

તથા, 'मल्लाइ' = 'मल्लादि' = મલ્લ અને સારસ્વત વગેરે. 'गणो' = 'गणः' = બાહુ અને તલવારથી યુદ્ધ કરનારા વગેરેના સમુદાયને ગણ કહેવાય છે. મલ્લગણ અને સારસ્વતગણનું સ્વરૂપ તો લોકરુઢિથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ज्ञेयं। तथा 'किसिमाइ' त्ति मकारस्यालाक्षणिकत्वात् कृष्यादिकर्षणवाणिज्ज्यप्रभृति 'कम्म'त्ति कर्म विज्ञेयम्। तथा चित्रादि आलेख्यलेपादिकं तूर्णनसीवनादिकं वा शिल्पं शिल्पशब्दवाच्यं स्यात् तु शब्दश्च कर्म्मशिल्पयोर्लक्षणान्तरद्योतको यथा अनाचार्योपदिष्टं कर्म्म आचार्योपदिष्टं शिल्पमित्यनयोर्भेद इति गाथार्थः।।६४।।

**अवतरणिका**— उक्तमाजीवनाद्वारमथ वनीपकद्वारं व्याख्यातुमाह।

**मूलगाथा— पिंडट्ठा समणातिहि-माहणकिविणसुणगाइभत्ताणं।**
**अप्पाणं तब्भत्तं दंसइ जो सो वणिमो त्ति।।६५।।**

**संस्कृतछाया— पिण्डार्थं श्रमणाऽतिथि-ब्राह्मण-कृपण-शुनकादिभक्तानाम्।**
**आत्मानं तद्भक्तं दर्शयति यो स वनीपक इति।।६५।।**

**卐 श्रमणभक्तादीनां पुरतोऽऽत्मानं तद्भक्तदर्शनस्वरूपं वनीपकत्वं 卐**

**व्याख्या**– पिण्डार्थमुपलक्षणत्वात् भोजनवस्त्रादिनिमित्तं भक्तादिलिप्सयेत्यर्थः। आत्मानं तद्भक्तं दर्शयतीति योगः। केषामित्याह श्रमणातिथिब्राह्मणकृपणशुनकादिभक्तानाम्। इह च निर्ग्रन्थशाक्यतापस-

---

જાણવું. તથા, 'किसिमाइ' = 'कृष्यादि' = મૂળ પ્રાકૃતગાથામાં 'म' એ અલાક્ષણિક છે, એનો વિશેષ કાંઇ અર્થ નથી. અર્થાત્ 'किसिआइ' શબ્દ જાણવો. કૃષિ = ખેતર વગેરેનું ખેડવું વગેરે. અહીં કૃષ્યાદિ = 'आदि' શબ્દથી વ્યાપાર-ધંધા વગેરે લેવું. એ બધું શું કહેવાય ? તે કહે છે, 'कम्म' = 'कर्म' = કાર્ય કહેવાય છે. તેમજ, 'चित्ताई' = 'चित्रादि' = આલેખવું = લેપાદિ કરવો વગેરે અને 'सिप्पं तु' = 'शिल्पम्' = શિલ્પ, એટલે કે તૂણવું, સીવવું વગેરે જાણવું. અન્તે જે 'तु' શબ્દ છે એ તો 'કર્મ' અને 'શિલ્પ' ના બીજા સ્વરૂપને જણાવનાર છે. તે આ પ્રમાણે આચાર્ય = દ્રોણાચાર્ય વગેરે લૌકિક ધનુર્વેદાદિ કળાના જાણકાર ગુરુ વિના ઉપદેશાયેલ હોય તે 'કર્મ' અને આચાર્ય દ્વારા ઉપદેશાયેલ હોય તે 'શિલ્પ'.॥૬૪॥

**અવતરણિકા** :- આ પ્રમાણે 'आजीवन' દ્વાર કહ્યું. હવે 'वनीपक' દ્વારની વ્યાખ્યા કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **पिण्डत्था** = અશનાદિ માટે, **समण** = શ્રમણ, **अतिहि** = અતિથિ, **माहण** = બ્રાહ્મણ, **किविण** = કૃપણ, **सुणगाइ** = કૂતરા વગેરેના, **भत्ताणं** = ભક્તોની આગળ, **अप्पाणं** = પોતાને, **तब्भत्तं** = તેનો ભક્ત, **दंसइ** = બતાવે, **जो** = જે, **सो** = તે, **वणिमोत्ति** = વનીપકદોષ.॥૬૫॥

**મૂળગાથા-ગાથાર્થ** :- અશનાદિની લાલસાથી સાધુ શ્રમણ એટલે નિર્ગ્રન્થ, બૌદ્ધ, તાપસ, પરિવ્રાજકાદિ, અતિથિ એટલે ગોશાળાના મતને અનુસરનારા, બ્રાહ્મણો, કૃપણો એટલે દરિદ્ર, અન્ધ તથા છિન્ન અવયવવાળા વગેરે તથા કૂતરા અને આદિ શબ્દથી ગાય, કાગડા વગેરેના જે ભક્તો હોય તેની આગળ પોતાને તેનો ભક્ત દેખાડી જે અશનાદિ મેળવે તે વનીપકપિંડ કહેવાય.॥૬૫॥

**• શ્રમણભક્ત વગેરેની આગળ પોતાને તેના ભક્ત તરીકે દેખાડવા સ્વરૂપ વનીપકત્વ •**

**વ્યાખ્યાર્થ** :- 'पिंडट्ठा' = 'पिण्डार्थम्' = પિણ્ડમાટે, ઉપલક્ષણથી ભોજન અને વસ્ત્રાદિ નિમિત્તે, એટલે કે ભોજનાદિની લાલસાથી, 'अप्पाणं तब्भतं दंसइ' = 'आत्मानं तद्भक्तं दर्शयति' = પોતાને તેના ભક્ત તરીકે દર્શાવે, એમ અન્વય કરવો. કોના ભક્ત તરીકે દર્શાવે ? તે કહે છે, 'समण-अतिहि-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गैरिकाजीवभेदात् पञ्चधा श्रमणाः स्युः। तत्र निर्ग्रन्था यतयः, शाक्या वन्दकाः, तापसा वनवासिपाखण्डिनः, गौरिकाः परिव्राजकाः, आजीवा गोशालमतानुसारिण इति। तथा अतिथयोऽध्वखिन्नप्राघूर्णकादयः, ब्राह्मणा विप्राः। उपलक्षणत्वादन्येऽपि च दुर्मनोऽबान्धवातंकवज्जुंगिताः कृपणप्राया द्रष्टव्याः। तत्र दुर्मनस इष्टवियोगादिविधुराः। अबान्धवाः स्वजनादिरहिताः। आतङ्कवन्त आकस्मिकज्वराद्युपेताः। जुङ्गिताङ्गा कर्त्तितहस्तपादाद्यवयवा इति। शुनकाः श्वान आदिर्येषां ते शुनकादयः आदिशब्दात् काकशुकयक्षप्रतिमादिग्रहः। ततः श्रमणाश्चातिथयश्चेत्यादि द्वन्द्वस्तेषां भक्ता बहुमानपरा ये गृहस्थास्तेषां पुरतः आत्मानं स्वं, किमित्याह (ग्रं० २५००) तद्भक्तं तेषु श्रमणादिषु विषयेषु भक्तं बहुमानवन्तं दर्शयति प्रकाशयति यः साध्वाभासः स 'वणिमो'त्ति प्राकृतत्वाद्वनीपक इत्युच्यते। कथं पुनरात्मा तद्भक्तो दृश्यते ? उच्यते, श्रमणादिप्रशंसाकरणत इति।

---

**माहण-किविण-सुणगाइ-भत्ताणं' = 'श्रमण-अतिथि-ब्राह्मण-कृपण-शुनकादि-भक्तानाम्'** = શ્રમણ, અતિથિ, બ્રાહ્મણ, કૃપણ, કૂતરા વગેરેના.

અહીં, શ્રમણ એ પાંચ પ્રકારે છે- નિર્ગ્રન્થ[૧], શાક્ય[૨], તાપસ[૩], ગૈરિક[૪], આજીવ[૫], તેમાં નિર્ગ્રન્થ એટલે યતિઓ = જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુઓ, શાક્ય એટલે વન્દક = બૌદ્ધભિક્ષુ. શાક્યોમાં એવો રિવાજ છે કે સામે જે કોઈ બાવા-સંન્યાસી મળે તેઓને 'જય જય' કરે, એટલે કે એક પ્રકારનું વંદન કરે, એટલે તેઓને વન્દક કહેવાય છે. અથવા તો 'વૃન્દક' એવો શબ્દ જાણવો, એટલે કે તાપસ વગેરે વૃન્દમાંજ હોય એવું નથી પરન્તુ આ શાક્યો તો વૃન્દમાંજ રહે એટલે તેઓને વૃન્દક કહેવાય છે. અથવા તો, વન્દક અને વૃન્દક એ શાક્યોના નામ વિશેષ જાણવા. તાપસ એટલે વનવાસી એવા પાખંડિઓ = સંન્યાસીઓ, ગૈરિક એટલે પરિવ્રાજકો = ભગવાધારીઓ અને આજીવ એટલે ગોશાળા મતના અનુયાયિઓ.

**'अतिहि'** = **'अतिथि'** = **'अध्वखिन्न'** = માર્ગમુસાફરીમાં થાકી ગયેલા મહેમાન વગેરે, **'माहण'** = **'ब्राह्मण'** = વિપ્રો, **'किविण'** = **'कृपण'** = અહીં કૃપણ શબ્દથી કંજૂસ અને એના ઉપલક્ષણથી બીજા પણ **'दुर्मन'** = ઈષ્ટવિયોગાદિથી વિધુર = માનસિકતાણવાળા = દિશાશૂન્ય બનેલા, **'अबान्धव'** = સ્વજનાદિ વિનાના એકલા-અટુલા પડી ગયેલા, **'आतङ्कवन्त'** = આકસ્મિક આવી પડેલ તાવ વગેરે રોગથી ઘેરાયેલા, **'जुंगिता'** = કપાઈ ગયેલ હાથ-પગ આદિ અવયવવાળા વગેરે કૃપણ પ્રાયોને જાણવા. **'सुणगाइ'** = **'शुनकादि'** = કૂતરા વગેરે, અહીં **'आदि'** શબ્દથી કાગડો, પોપટ, યક્ષની પ્રતિમા આદિ જાણવા. શ્રમણથી માંડીને શુન સુધી બધાનો દ્વન્દ્વ સમાસ થયો છે. તેઓના, **'भत्ताणं'** = **'भक्तानाम्'** = ભક્ત એટલે કે તેઓ પ્રતિ બહુમાનભાવને ધારણકરનારા જે ગૃહસ્થો હોય, તેઓની આગળ, **'अप्पाणं'** = **'आत्मानम्'** = પોતાને, **'तब्भत्तं'** = **'तद्भक्तं'** = તેઓના ભક્ત તરીકે અર્થાત્ તે શ્રમણાદિને વિશે પોતાની ભક્તિ-બહુમાનપણું દર્શાવે. કોણ દર્શાવે ? તે કહે છે, **'जो'** = **'यः'** = જે એટલે કે જે સાધ્વાભાસ = વેશમાત્રધારી સાધુ, **'सो'** = **'सः'** = તે, સાધુ **'वणिमोत्ति'** = **'वनीपकइति'** = વનીપક છે = ભિંખારી છે. અહીં પ્રાકૃતભાષાના લીધે વનીપક ને **'वणिमो'** કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 निर्ग्रन्थशाक्यादीनां प्रशंसाकरणतो वनीपकत्वं 卐

यथा कश्चित् साधुः भिक्षार्थं गृहे प्रविष्टो निर्ग्रन्थानाश्रित्य वक्ति यथा भो श्रावकतिलक ! तवैते गुरवः सातिशयश्रुतोपेताः शुद्धक्रियानुष्ठानपालनपरा अत्यन्तं मोक्षाभिलाषिण इति। तथा शाक्योपासकगृहं प्रविष्टः शाक्यांस्तत्र भुञ्जानान् दृष्ट्वा तद्भक्तानां पुरतस्तत्प्रशंसां कुरुते, यथा अहो शाक्याश्चित्रलिखिता इव निश्चला भुञ्जते। युक्तमित्थं भोक्तुं। तथा दयालवो दानशीलाश्चैते। तथा रासभवदत्यन्तं मैथुनप्रसक्तेषु द्विजेष्वप्यशनादि दत्तं न निष्फलं भवति किं पुनः शाक्यमुनिष्विति। एवं शेषानपि तापसादीनाश्रित्य तत्प्रशंसाकरणेन वनीपकत्वं ज्ञेयम्।

卐 अतिथि-द्विज-कृपण-श्वान-काक-शुकादिभक्तानां प्रशंसाकरणतो वनीपकत्वं 卐

अतिथिभक्तेषु(क्तानां) पुरतोऽतिथिदानं प्रशस्यं वदति यथा प्रायेण लोक उपकारकेषु प्रत्युपकाराय यतते, सर्व्वदा परिचित्ते वा, तन्निश्रया आश्रिते वा नतु मार्गपरिश्रान्तातिथिरूपप्राघूर्णकेष्वत-

---

ભાવાર્થ આ થયો કે શ્રમણાદિના ભક્તોની આગળ, જે સાધ્વાભાસ = વેષમાત્રધારી સાધુ, તે શ્રમણાદિ વિશે પોતાનું ભક્તપણું દર્શાવે છે, તે સાધુ 'વનીપક' છે. એટલે કે, વનીપકદોષને લગાડવા દ્વારા પોતેજ વનીપકસ્વરૂપ બને છે.

**• નિર્ગ્રન્થ, શાક્ય વગેરેની પ્રશંસા કરવા પૂર્વક વનીપકત્વ •**

આ સાધ્વાભાસ - સાધુ, કેવી રીતે તે શ્રમણાદિને વિશે પોતાનું ભક્તપણું દર્શાવે ? તે કહે છે, શ્રમણાદિની પ્રશંસાકરવાથી, જેમકે, (A) કોક સાધુ ભિક્ષામાટે શ્રમણપ્રેમી ઘરમાં પ્રવેશીને, નિર્ગ્રન્થોને આશ્રયીને કહે, 'ઓ શ્રાવક-તિલક ! તમારા આ ગુરુઓ સાતિશય = લોકમાં અત્યંત આશ્ચર્યભૂત શ્રુતજ્ઞાનવાળા છે અને શુદ્ધક્રિયાના અનુષ્ઠાનોના પાલનમાં તત્પર છે. મોક્ષના અત્યંત અભિલાષી છે.

હવે શાક્યઆદિના ભક્ત-ઘરોમાં પ્રવેશીને સાધુ શી શી પ્રશંસા કરે તે એક પછી એક બતાવે છે.

શાક્યના ઉપાસક ઘરમાં પ્રવેશેલ સાધુ, શાક્યોને જમતા જોઈને તે શાક્યના ભક્તોની આગળ તેની પ્રશંસા કરે કે, 'અહો ! આ શાક્યો તો જાણે કે ચિત્રેલા ન હોય એ રીતે નિશ્ચલપણે આરોગે છે', આ જ રીતે આરોગવું એ યોગ્ય છે. તેમજ, આ લોકો દયાળુ અને દાની હોય છે. તથા, ગધેડાની જેમ અત્યંત મૈથુન-પ્રસક્ત એવા બ્રાહ્મણોને પણ અપાયેલું અશનાદિ જો નિષ્ફળ જતું નથી, તો પછી, શાક્યમુનિઓને અપાયેલા અશનાદિની તો વાત જ શી કરવી ? અર્થાત્ એ અત્યંતસફળ જ છે.' આ પ્રમાણે શેષતાપસવગેરેને પણ આશ્રયીને તેઓની પ્રશંસા કરવાદ્વારા વનીપકપણું જાણવું.

**• અતિથિ, દ્વિજ, કૃપણ, શ્વાન, કાક, શુક વગેરેના ભક્તોની આગળ પ્રશંસા કરવાપૂર્વક વનીપકત્વ •**

(B) અતિથિના ભક્તોની આગળ અતિથિદાનને પ્રશસ્ય = પ્રશંસવા યોગ્ય, આ રીતે કહે કે, 'ઘણું કરીને લોકો, એમના પર ઉપકાર કરેલાઓને જ પ્રત્યુપકાર કરે છે. અથવા તો હંમેશા સાથે રહેનારા = સદા પરિચિત કાંતો પોતાની નિશ્રામાં રહેનારા ઉપર જ ઉપકાર કરાય છે, પરન્તુ માર્ગની મુસાફરીથી થાકેલા એવા અતિથિરૂપ મહેમાનો પર ઉપકાર કરાતો નથી, માટે તેઓને અપાયેલું અશનાદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्तेषामशनादि दत्तं महते पुण्याय, तस्यैव च दानं प्रशस्यमुच्यते इति। ब्राह्मणभक्तानामग्रतस्तत्प्रशंसाद्वारेण तद्दानमाहात्म्यं ख्यापयति। जातिमात्रोपजीवेष्वपि द्विजेषु दत्तं भक्तादि बहुलं स्यात्। किं पुनर्यजनादिषट्कर्म्मनिरतेषु धर्म्मकथादिना जननिस्तारकेषु तद्दत्तं हि प्रभूतकालवेद्यस्वर्गादिसुखफलकृदिति। कृपणभक्तानां पुरतस्तद्दानोपबृंहणां कुरुते। यथा अयं लोकः पूजितपूजकस्ततो य एवं पङ्ग्वन्धदीनहीनाङ्गेभ्योऽशनादि दद्यात् स एव दानपताकां जगति गृह्णातीति तत्प्रशंसा कुरुते। यथा किल बलीवर्द्दादीनां जगत्यकष्टलभ्यस्तावत्तृणाद्याहारः, ये च च्छित् छिदित्येवं शब्दपूर्वकं लगुडादिहताः श्वानः सर्व्वदैव वर्त्तन्ते, न तेषां सुखलभ्योऽशनाद्याहारोऽतः कष्टं सहते, तथैते यत्र कैलासे गौरीमहेश्वरौ किल त्रैलोक्यप्रधानौ निवसतस्तत्स्थाननिवासिनः परं तस्मादायाता गुह्यकदेवविशेषा एते श्वाकृत्या मह्यां चरन्ति तथा अशनादिदानेन पूजकानामीप्सितकारिणः, तददायकानामनीप्सितकारिणश्च स्युरतः पूज्याः एते इति। एवं काकशुकादिषु शुभाशुभादि-निवेदनपठनादिकं बहु तं प्रशंसति। यक्षादिभक्तेषु(क्तानां) पुरतः साधो ! कीदृशोऽयं किं गुणो वा यक्षादिरिति पृष्टो-

એ મોટાપુણ્યમાટે થાય છે અને તેઓને કરેલું દાન જ પ્રશંસવાયોગ્ય કહેવાય છે.

બ્રાહ્મણ ભક્તોની આગળ તેની પ્રશંસાદ્વારા તેઓને આપેલ દાનનું માહાત્મ્ય પ્રકાશે કે, 'જાતિમાત્ર પર જીવનારા બ્રાહ્મણોને આપેલું દાન પણ જો બહુલાભપ્રદ થાય છે, તો પછી, યજ્ઞાદિ છ કર્મમાં નિરત એવા ધર્મકથાઆદિ દ્વારા લોકોનો નિસ્તાર કરનારાઓને આપેલા દાનની વાત જ શી કરવી? એ તો ઘણાં કાળસુધી ભોગવવા યોગ્ય એવા સ્વર્ગ આદિ સુખરૂપફળોને કરનાર = આપનારા છે.

કૃપણભક્તોની આગળ તેઓને આપવામાં આવતાં દાનની ઉપબૃંહણા કરે કે, 'આ લોક તો 'पूजित पूजक' = પૂર્વે પૂર્વે પૂજાયેલા હોય તેના પૂજાકરનારા છે. માટે, આવા પ્રકારના લૂલા-લંગડા, આંધળા, દીન, હીન અંગવાળાઓને જેઓ દાન આપે છે, તેઓજ આ જગતમાં દાનની પતાકા ગ્રહણ કરે છે.' આ રીતે તેમની પ્રશંસા કરે.

શુનભક્તોની આગળ આ પ્રમાણે કહે છે, 'જગતમાં, બળદ વગેરેને ઘાસ વગેરેનો આહાર એ સહેલાઈથી મળે તેમ છે. અને જે 'छित् छित्' = હડ હડ, એ પ્રમાણેના શબ્દો દ્વારા લાકડી વગેરેથી હણાયેલા કૂતરાઓ હંમેશા રહેલા છે. તેઓને અશનાદિ આહાર સુખેથી પ્રાપ્ત થતો નથી. માટે તેઓ બિચારા કષ્ટને સહે છે. પરન્તુ હકીકતમાં આ કૂતરાઓ તો, ત્રણેયલોકમાં પ્રધાન = મુખ્ય એવા ગૌરી અને મહેશ્વર જ્યાં કૈલાશપર્વતમાં રહે છે. ત્યાંની જ ગુફાઓમાં રહેનારા ગુહ્યક દેવવિશેષ = કુબેરના નોકરદેવ છે. ત્યાંથી તેઓ અહીં આવેલા છે અને કૂતરા રૂપે પૃથ્વી પર વિચરી રહ્યા છે. તેઓને અશનાદિના દાનદ્વારા પૂજાકરનારાઓનું તેઓ ઈચ્છિતકરનારા છે, અને દાન ન આપનારાઓનું ઈચ્છિત કરતાં નથી. તેથી આ કૂતરાઓ પૂજ્ય છે. આ પ્રમાણે કાગડા-પોપટ આદિ વિશે શુભ-અશુભઆદિ ઘણાં નિવેદન (= વિશેષકથન), પઠન (= સામાન્યકથન) આદિ દ્વારા કાક-શુકાદિભક્તોની આગળ પ્રશંસા કરે.

(યક્ષાદિ-ભક્તોની આગળ, "હે સાધુ ! આ યક્ષાદિ કેવા છે ? આના શું ગુણ છે ?" આમ પોતે પૂછાયા હોય કે ન હોય તો પણ યક્ષાદિની પ્રશંસા વગેરે કરે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ऽपृष्टो वा तत्प्रशंसादिकं कुरुत इति। तदित्थं वनीपकत्वकरणेन कृपणभावदर्शनेनोत्पादितः पिण्डो वनीपकपिण्ड इत्युच्यते।

卐 वनीपकत्वे दोषाः 卐

बहुदोषदुष्टश्चायं यतोऽत्र धार्म्मिकेऽधार्म्मिके वा पात्रे दानं दत्तं निष्फलं न भवतीत्येवमप्युक्तेऽपात्रदानप्रवर्त्तनां समाश्रित्य मिथ्यात्वस्थिरीकरणदोषः स्यात्। यदा तु कुपात्रे शाक्यादिके प्रशंसारूपं वनीपकत्वं कुरुते तदा विशेषतो दोषास्तस्य स्युस्तथाहि शाक्यधर्म एव शुभ इति विपरीतबोधस्य लोके दार्ढ्यापादनान्मिथ्यात्वं स्थिरीकृतं स्यात्। तथा यदि शाक्यसत्कोपासका भद्रकाः स्युस्तदा स्वगुरुवर्णनारञ्जितास्सन्त आधाकर्म्माद्याहारं दद्युर्गृहादिसत्कपर्यालोचनं च विदध्युरिति संयमविराधना। यद्वा शाक्यप्रशंसाभावितांतःकरणस्तथाविधाहारलुब्धश्च स एव च कदाचिच्छाक्यत्वं प्रतिपद्येत। तथा मृषावादश्च तत्प्रशंसया कृतः स्यात्। तथाहि हस्तमुखादिचलनाच्चित्रलिखिता इव भुञ्जते इत्यलीकं। सचित्तजलपानादिना तु दयालव इति व्यभिचारि। तदर्थपाकनिष्पन्नाहारस्याभ्यवहारेण तु प्राणातिपातानुमतितोऽभयप्रदानाभावाद्दानरुचित्वमसत्यमिति। अथ प्रान्ताः स्युस्तदाऽन्यजन्म-

આ પ્રમાણે વનીપકપણું કરવા દ્વારા પોતાના કૃપણ = હીન-દીનભાવ દર્શાવવા દ્વારા ઉત્પન્ન કરેલ પિણ્ડને 'વનીપકપિણ્ડ' કહેવાય છે.

**● વનીપકપણામાં દોષો ●**

આ વનીપકપણું કરવું એ ઘણાં દોષોથી દુષ્ટ છે, કારણ કે આમાં,

(૧) 'ધાર્મિકપાત્ર કે અધાર્મિકપાત્રમાં પણ કરેલું દાન એ નિષ્ફળ નથી બનતું' એમ કહેવા દ્વારા 'અપાત્રમાં દાનનું પ્રવર્તન' ને આશ્રયીને મિથ્યાત્વસ્થિરીકરણનો દોષ લાગે છે. અર્થાત્ અપાત્રને સુપાત્ર સમજી દાન આપવા સ્વરૂપ મિથ્યાત્વસ્થિરીકરણનો દોષ લાગે છે.

(૨) જ્યારે, શાક્યાદિ કુપાત્રને વિશે દાનની પ્રશંસા રૂપ વનીપકપણું કરે ત્યારે તેમાં વિશેષ દોષો રહેલા છે. તે આ રીતે કે 'શાક્ય ધર્મ જ શુભ છે' એ પ્રમાણે લોકમાં વિપરીત બોધની દૃઢતા કરાવાથી મિથ્યાત્વનું સ્થિરીકરણ થાય છે. તેમજ જો શાક્યના ઉપાસકો ભદ્રક હોય તો સ્વગુરુ-વર્ણનથી ખુશથયેલા તેઓ આધાકર્માદિ આહાર આપે અને ઘર સંબંધી પર્યાલોચન કરાવે, અર્થાત્ ઘર સંભાળવાનું વગેરે કરાવે. આ પ્રમાણે સંયમવિરાધના થાય.

(૩) શાક્યપ્રશંસાથી ભાવિત અન્તઃકરણવાળો અને તેવા પ્રકારના ઈચ્છિત આહારનો લાલચુ એવો તે સાધુ પોતેજ ક્યારેક શાક્યધર્મને ગ્રહણ કરી લે એવું પણ બને. તથા, શાક્યની પ્રશંસાદ્વારા મૃષાવાદ પણ કરાયેલો થાય છે. તે આ રીતે કે, 'હાથ, મોઢું વગેરે પ્રગટપણે ચાલતાં હોવા છતાં "જાણે ચિત્રેલા ન હોય ? એ રીતે જમે છે" એ રીતે કહેવું એ જૂઠ છે. એમાંય 'દયાળુ છે' એ કહેવું તો સચિત્તપાણીના પાન આદિથી વ્યભિચાર પામે છે, કારણ કે સચિત્તપાણી પીવું વગેરેમાં જીવદયા ક્યાં રહી ? તેમજ, તેઓ માટે કરેલ આહારાદિને ખાય એમાં તો પ્રાણાતિપાતની અનુમતિ આપવાનું થાય છે અને અભયદાનના અભાવે તેઓની દાનરુચિ પણ અસત્ય છે, કારણ કે અભયપ્રદાન એજ સાચી દાનરુચિ છે. અભયદાનવિનાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न्येभिर्न दीनादिभ्य आहारादिदत्तमित्याहाराद्यर्थं श्वान इव दीनास्यं दर्शयन्तीति स्वोपासकाग्रतः शाक्या जल्पेयुरिति प्रवचनविराधना तथा प्रत्यनीका अस्माकमेते वर्त्तन्तेऽतोऽस्मदुपासकगृहेषु मैते भूयोऽप्यागच्छन्त्विति विचिन्त्य विषादि दापयेयुरिति साधोरात्मविराधना स्यात्। एवं ब्राह्मणादिष्वपि प्रशंसायां मिथ्यात्वस्थिरीकरणमृषावादादयश्च दोषाः स्युरिति गाथार्थः।।६५।।

**अवतरणिका**– उक्तं वनीपकद्वारमथ चिकित्साद्वारमाह।

**मूलगाथा**– **भेसज्जवेज्जसूयण-मुवसामणवमणमाइकिरियं वा।**
**आहारकारणेण वि दुविह, तिगिच्छं कुणइ मूढो।।६६।।**

**संस्कृतछाया**– **भैषज्य-वैद्य-सूचनमुपशमन-वमनादिक्रियां वा।**
**आहारकारणेणाऽपि द्विविध-चिकित्सां करोति मूढः।।६६।।**

**卐 चिकित्साया द्विप्रकारं तत्राद्यसूक्ष्मचिकित्सास्वरूपम् 卐**

**व्याख्या**– सूक्ष्मबादरभेदाद् द्विविधा चिकित्सा स्यात्तत्राप्याद्या द्विविधा तां वक्तुमाह 'भेसज्जवेज्ज-सूयणं'ति तत्र भैषज्यं त्रिफलाद्यौषधविशेषो, वैद्यो भिषक् तयोः सूचना उल्लिङ्गना अनभिज्ञस्य

---

દાનરુચિ એ તો નિરર્થક જ છે, અસત્ય જ છે.

(૪) હવે જો એ પ્રાન્ત = હલ્કા હોય તો "પૂર્વના ભવોમાં આ બધાએ દીન આદિને દાન દીધું નથી માટે કૂતરાની જેમ આ ભવમાં આહારાદિ માટે પોતાનું દીન મોઢું બતાવે છે" આ રીતે શાક્યો પોતાના ઉપાસક ભક્તોને કહે. એમાં પ્રવચનવિરાધના થાય. અથવા તો, તે શાક્યો, "આ તો આપણા પ્રત્યનીકો છે = દુશ્મનો છે એટલે આપણા ઉપાસકગૃહોમાં = ભક્તોના ઘરોમાં ફરીવાર એઓ ન આવે" એમ વિચારીને વિષ વગેરે પણ પોતાના ભક્તો દ્વારા અપાવી દે. આ રીતે આત્મવિરાધના થાય.

આ જ રીતે બ્રાહ્મણાદિની પ્રશંસામાં પણ મિથ્યાત્વસ્થિરિકરણ, મૃષાવાદવગેરે દોષો સંભવે છે.॥૬૫॥

**અવતરણિકા** :- આ પ્રમાણે 'વનીપક'દ્વાર કહ્યું. હવે 'चिकित्सा' દ્વારને કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **भेसज्ज** = ઔષધ, **वेज्ज** = વૈદ્ય, **सूयणं** = સૂચના, **उवसामणमाइ** = રોગની શાંતિ આદિ, **किरियं** = ક્રિયા, **वा** = અથવા, **आहारकारणेण वि** = આહારાદિનામાટે પણ, **दुविह** = બે પ્રકારે, **तिगिच्छं** = ચિકિત્સા, **कुणइ** = કરે, **मूढो** = મૂઢ.॥૬૬॥

**મૂળગાથા-ગાથાર્થ** :- રોગીને દવા-વૈદ્ય વગેરેનું સૂચન કરવું તે સૂક્ષ્મચિકિત્સા છે અને પિત્ત આદિની શાંતિ માટે ક્વાથ વગેરે પીવરાવવા દ્વારા ઉલ્ટી વગેરે કરાવવી તે બાદરચિકિત્સા છે. ઉપકરણાદિ માટે નહિ પણ તુચ્છઅશનાદિમાટે આ બે પ્રકારની ચિકિત્સાકરનાર સાધુ મૂઢ છે.॥૬૬॥

**• ચિકિત્સાના બે પ્રકાર. તેમાં પ્રથમ સૂક્ષ્મચિકિત્સાનું સ્વરૂપ •**

**વ્યાખ્યાર્થ** :- સૂક્ષ્મ અને બાદર ભેદથી ચિકિત્સા બે પ્રકારે થાય છે. સૂક્ષ્મચિકિત્સાના પણ બે ભેદ ને જણાવે છે. 'भेसज्ज-वेज्ज-सूयणं'. 'भैषज्यं' = ત્રિફળા વગેરે ઔષધવિશેષ, 'वैद्यः' = 'भिषक्'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रोगिण एतद्द्वयावबोधनेत्यर्थस्तां करोतीति योगः। यथा कश्चिद् रोगार्त्तो गृही भिक्षाद्यर्थं गृहे प्रविष्टं साधुं दृष्ट्वा भगवन् ! एतस्य मदीयव्याधेर्जानीषे कमपि प्रतिकारम् ? इति पृच्छति स प्राह भो श्रावक ! यादृक् तवेदं गंडादिकं वेदनाहेतुरस्ति तादृशं ममाप्यासीत्तच्चामुकेनौषधिना मम नष्टवेदनमभूदिति ततोऽस्य(स्यानभिज्ञस्य)सतो भैषज्यकरणाभिप्रायोत्पादनाद् भैषज्यसूचनं कृतं। यद्वा रोगिणा चिकित्सां पृष्टो वक्ति किमहं वैद्यो येन रोगप्रतीकारं जाने ? इति। एवं च वदता रोगिणोऽनभिज्ञस्य सतो वैद्यं पृच्छामीती परिणतिविधानाद् वैद्यसूचनं कृतमिति। इयं च द्विरूपापि सूक्ष्मचिकित्सेत्येको भेदोऽथ बादरचिकित्सामाह।

**卐 उपशमादिक्रियाकरण-कारणस्वरूपद्वितीयबादरचिकित्सा 卐**

'उवसामणवमणमाइकिरियं व'त्ति तत्र शर्करादिभक्षणेनोदीर्णपित्तादेरुपशम उपशमनं, पटोल्यादिकटुकौषधसंयोगनिष्पन्नक्वाथपानादिनोर्ध्वमुद्गिरणं वमनं आदिग्रहणात् क्वाथकरणस्वेदनविरेचनसिरोवेधक्षाराग्निकर्म्मादिक्रियाग्रहः। मोऽलाक्षणिकस्तत उपशमनं च वमनं च ते आदिर्यस्याः सा चासौ

---

= રોગને જાણીને દવાકરનાર. તે બન્નેનું 'सूयणं' = 'सूचनम्' = સૂચનકરવું. એટલે કે ઔષધ અને વૈદ્યને નહિજાણતાં એવા રોગીને તે બન્નેનું જ્ઞાન કરાવે. તે આ રીતે કે,

ભિક્ષાદિમાટે કોક રોગીષ્ટના ઘરમાં પ્રવેશેલ સાધુને જોઈને એ ઘરવાળા પૂછે કે "ભગવાન્ ! આ મારી વ્યાધિનું કાંઈ પ્રતિકારક ઔષધાદિ જાણો છો ?" ત્યારે સાધુ જવાબ આપે કે "ઓ શ્રાવક ! તમને વેદના કરનારું જેવા પ્રકારનું આ ગુમડું વગેરે છે એવુંજ મને પણ થયું હતું. પણ અમુક ઔષધવડે મારી એ વેદના નાશ પામીગઈ." આ રીતે દવાને ન જાણતાં રોગીને દવા કરવાનો અભિપ્રાય ઉત્પન્નકરવાથી એ ઔષધનું સૂચન કર્યું. અથવા તો રોગી ચિકિત્સા વિશે પુછે ત્યારે જવાબ આપે કે, "શું હું વૈદ્ય છું કે જેથી રોગનું પ્રતિકાર જાણું ?" આ પ્રમાણે કહેવાદ્વારા રોગીના મનમાં "હું વૈદ્યરાજને પૂછું." એવી પરિણતિ ઉભી કરાવવાદ્વારા વૈદ્યનું સૂચન કર્યું.

આ બન્ને પ્રકારો સૂક્ષ્મચિકિત્સાના છે. આ પ્રમાણે એક ભેદ પૂરો થયો.

**• ઉપશમઆદિ ક્રિયા સ્વયં કરવી અથવા કરાવવી સ્વરૂપ બાદર ચિકિત્સા •**

હવે બાદરચિકિત્સાને જણાવે છે.

'उवसामण-वमणमाइ-किरियं वा' = 'उपशमन-वमनादि क्रियां वा', 'उपशमनं' = ખાંડ વગેરેના ભક્ષણથી ઉદીર્ણ = ઉદયમાં આવેલ પીત્તરોગ વગેરેનું ઉપશમન, 'वमन' એટલે પટોલી = એક ઔષધ વિશેષ વગેરે કડવાઔષધના સંયોગથી બનેલ ક્વાથ = ઉકાળા પીવડાવવા વગેરે દ્વારા ઉલ્ટી કરાવવી. અહીં 'आदि' શબ્દથી કવાથને બનાવવો, એવા પ્રકારના તેલ વગેરેના માલિશથી પરસેવો કરાવવો = પરસેવા દ્વારા શરીરમાં પ્રવેશેલ ગયેલ રોગને બહાર કાઢવો, વિરેચન કરાવવું = ઝાડા કરાવવા, સિરોવેધ કરવો = નસમાં લોહી ગંઠાયું હોય તો નસ પર કાપો મૂકીને લોહી કાઢવું, રાખ લગાડવી અને અગ્નિકર્મ કરવું = ગરમ પાણીનો શેક કરવો, ગરમ ઈંટનો શેક કરવો વગેરે ક્રિયાઓનું ગ્રહણ કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क्रिया चोपशमनवमनादिक्रिया तां, वा विकल्पे, इत्येवं द्विविधचिकित्सां करोतीति योगः। उपलक्षणत्वादन्येन वा कारयति। किमर्थमेतां करोतीत्याह आहारस्य तुच्छग्रासमात्ररूपस्य कारणेनापि तन्निमित्तमपि न केवलमुपकरणादिकारणेनेत्यपेरर्थो द्विविधचिकित्सां सूक्ष्मबादरभेदाद् द्विप्रकारप्रतीकारं करोति सूचनाद्वारेण साक्षाद्वा विधत्ते मूढः संयमनिरपेक्षत्वान्मूढधीरिति।

**卐 द्विविधेऽपि चिकित्साकरणे दोषाः 卐**

तथाहि चिकित्साकाले चिकित्सां कुर्व्वतो यतेः कन्दमूलादिजीववधेन क्वाथक्वथनादिपापव्यापारकरणादसंयमः स्यात्। तथा नीरुक्- कृतो गृहस्थस्तप्तायोगोलकवत् प्रगुणीकृतदुर्बलान्धव्याघ्रवज्जीवघातं कुर्यात्। यथाह्यटव्यामान्ध्येनाहारग्रहणशक्तेरभावात् दुर्ब्बलः सन् व्याघ्रः केनापि वैद्येनान्ध्याप-

---

મૂળગાથામાં જે '**वमणमाइ**' શબ્દ છે, એમાં '**म**' અલાક્ષણિક છે. તેથી ઉપશમન-વમન વગેરે ક્રિયાઓ છે આદિમાં જેને, તે ઉપશમન-વમન વગેરે ક્રિયાઓ છે. '**वा**' વિકલ્પના અર્થમાં છે. આ પ્રમાણે '**दुविह तिगिच्छं कुणइ**' = '**द्विविधा चिकित्सा करोति**' = સૂક્ષ્મ-બાદર એમ બે પ્રકારની ચિકિત્સા કરે છે. એમ અનુસન્ધાન જોડવું. અહીં '**कुणइ** = કરે છે' ના ઉપલક્ષણથી 'બીજા પાસે કરાવે' એવું પણ જાણવું.

આ બન્ને પ્રકારની ચિકિત્સા શું કામ કરે ? તે કહે છે, '**आहारकारणेणवि**' = '**आहार-कारणेणाऽपि**' = તુચ્છ એવા કોળીયા માત્ર રૂપ આહારમાટે પણ કરે. અહીં '**अपि**' શબ્દથી, 'માત્ર ઉપકરણ આદિ નિમિત્તે નહિ' એમ અર્થ જાણવો. અર્થાત્ ફક્ત ઉપકરણાદિ વિશિષ્ટ વસ્તુ જે અત્યંત ઉપયોગી હોય એના માટે નહિ પણ તુચ્છ એવા આહારાદિમાટે પણ સૂક્ષ્મ અને બાદર ભેદવાળી રોગના પ્રતિકાર સ્વરૂપ બે પ્રકારની ચિકિત્સા કરે છે.. એમ અર્થ જાણવો.

'**कुणई**' = '**करोति**' = કરે છે, એના ઉપલક્ષણથી 'કરાવે છે' એવી વાત આગળ કહી ગયા. એમાં તો સાધુ જાતે ઔષધ વગેરે અંગે સૂચન '**करोति**' થયું અને બીજા દ્વારા કહેવડાવે એ '**कारयति**' થયું. આ ઉપરાંત જાતે કરવા બેસી જાય એવો પણ અર્થ સમજવાનો છે. જાતે ઔષધ બનાવવા બેસી જાય, નસ પર કાપ મૂકવા બેસી જાય વગેરે.

આવું કોણ કરે ? તે કહે છે, '**मूढो**' = '**मूढः**' = સંયમથી નિરપેક્ષ એવો મૂઢ સાધુ.

આ બધાનો ભાવાર્થ આ જાણવો કે માત્ર અતિઆવશ્યક એવા વિશિષ્ટઉપકરણાદિમાટે નહિ પણ તુચ્છ એવા કોળીયાસ્વરૂપ ભોજનમાટે પણ સંયમ-નિરપેક્ષ એવો મૂઢસાધુ બન્ને પ્રકારની ચિકિત્સા અંગે જાતે સૂચના કરે, અથવા બીજા પાસે સૂચના કરાવે, અથવા તો જાતે જ એ ચિકિત્સા કરવા બેસી જાય.

**● બન્ને પ્રકારની ચિકિત્સાકરણમાં દોષો ●**

ચિકિત્સા કરવામાં શું દોષ ? તે કહે છે, ચિકિત્સાના સમયે ગૃહસ્થની ચિકિત્સા કરવા જતાં, એમાં કન્દમૂળાદિ જીવોના વધથી અને ક્વાથને ઉકાળવા વગેરે પાપવ્યાપારથી સાધુને અસંયમ થાય છે અર્થાત્ એ સ્વરૂપ **સંયમવિરાધના** થાય છે. તેમજ નીરોગી કરેલ ગૃહસ્થ તો તપેલાલોખંડના ગોળાની જેમ અથવા તો દુબળા અને અન્ધ એવા વાઘને ફરી સબળો કરવા અને આંખે દેખતો કરવાની જેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नयनेनाहाराग्रहणशक्तेर्जननाद्‌बलीकृतो बहूनां सत्वानामुपघाते वर्त्तन्ते एवं गृही नीरोगः कृतस्सन्निति संयमविराधनोक्ता। तथा यदि दैवदुर्योगात् साधुविहितक्रियानन्तरं रोगिणो व्याधेराधिक्यं जायते तदा कुपितस्तत्पित्रादिर्बाह्वादावाकृष्य राजकुलादौ साधुं नयेदित्यात्मविराधना। एवं सति एते आहारादि-लुब्धा एवंविधानर्थपरंपरां कुर्वन्तीति जनापवादः स्यादिति प्रवचनविराधनेति। तत् चिकित्साकरणेनो-त्पादितः पिण्डश्चिकित्सापिण्ड इत्युच्यते इति गाथार्थः।।६६।।

**अवतरणिका–** उक्तं चिकित्साद्वारमथक्रोधपिण्डद्वारं व्याख्यातुमाह।

**मूलगाथा– विज्जातवप्पभावं निवाइपूयं बलं व से नाउं।**
**दट्ठूण व कोहफलं, दिंति भया कोहपिंडो सो।।६७।।**

**संस्कृतछाया– विद्या-तप-प्रभावं नृपादिपूजां बलं वा तस्य ज्ञात्वा।**
**दृष्ट्वा वा क्रोधफलं, ददति भयात्क्रोधपिंडः सः ।।६७।।**

જીવોના ઘાતમાં પ્રવૃત્ત થાય, આ પણ સંયમવિરાધના છે.

'प्रगुणीकृत-दुर्बलान्ध-व्याघ्र' નું દૃષ્ટાંત આ પ્રમાણે છે.

અટવીમાં એક વાઘ હતો. એ અન્ધ હતો. એ કારણે એ આહારગ્રહણ કરી શકતો ન હતો. એવામાં કોક વૈદ્યે એનો અન્ધાપો દૂર કર્યો તથા આહારગ્રહણ કરવા સમર્થ બનાવ્યો. એટલે શક્તિમાન એવો તે વાઘ ઘણાં જીવોનો ઘાત કરવા લાગ્યો. આ જ રીતે નીરોગી બનેલ ગૃહસ્થમાટે સમજવું.

'आत्मविराधनाः' જો ખરાબ ભાગ્યના યોગે સાધુએ ચિકિત્સાની ક્રિયા કર્યાબાદ રોગીનો રોગ વધી ગયો ત્યારે તેના પિતા વગેરે ગુસ્સે ભરાઈને એ સાધુને હાથથી ખેંચીને રાજકુલ = રાજા પાસે, કોર્ટ-કચેરીમાં ઢસડી જાય.

'प्रवचनविराधनाः' આ રીતે કોર્ટ-કચેરીમાં ઢસડી જવું વગેરે થાય એટલે "આહારાદિના લોભિયા આ સાધુઓ આવા પ્રકારની = રોગીને વધુ રોગી બનાવે એ સ્વરૂપ અનર્થપરંપરા કરે છે." આ પ્રમાણે લોકોમાં વાતો વહેતી થાય.

આ રીતે ચિકિત્સા કરવાદ્વારા ઉપાર્જેલ પિણ્ડને 'चिकित्सापिण्ड' કહેવાય છે.।।૬૬।।

**અવતરણિકા :-** આ પ્રમાણે ચિકિત્સાપિણ્ડદ્વાર કહ્યું. હવે 'क्रोधपिण्ड' દ્વારની વ્યાખ્યા કરે છે.

**મૂળગાથા-શબ્દાર્થ :-** **विज्जा** = વિદ્યા, **तवप्पभावं** = તપનો પ્રભાવ, **निवाइपूयं** = રાજાદિની પૂજા-ભક્તિ, **बलं** = શારીરિકબળ, **वा** = અથવા, **से** = સાધુનું, **नाउं** = જાણીને, **दट्ठूण** = દેખીને, **वा** = અથવા, **कोहफलं** = ક્રોધનું ફળ શ્રાપાદિ, **दिंति** = આપે, **भया** = ભયથી, **कोहपिंडो** = ક્રોધપિંડ, **सो** = તે અશનાદિ.।।૬૭।।

**મૂળગાથા-ગાથાર્થ :-** સાધુનો વિદ્યા-મંત્રાદિનો તથા તપનો પ્રભાવ જોઈ, સાધુનું રાજમાન્યપણું આદિ જોઈ અથવા સાધુનું શારીરિકબળ જોઈ તથા સાધુના ક્રોધનું ફળ શ્રાપ વગેરે જાણી સાધુ તરફથી પોતાને અનર્થ થવાના ભયથી ગૃહસ્થ સાધુને જે અશનાદિ આપે તે ક્રોધ-પિંડ કહેવાય.।।૬૭।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 **विद्यादिप्रभावमथवा प्रत्यक्षं क्रोधफलं ज्ञात्वा यद्ददाति स क्रोधपिण्डः** 卐

**व्याख्या**– विद्या च ओंकाराद्यक्षरवृन्दरूपा प्रतीता उपलक्षणत्वान्मन्त्रयोगादिग्रहः। तपश्च मासक्षपणादि तयोः प्रभावः उच्चाटनादिमाहात्म्यं विद्यातपःप्रभावस्तं। तथा नृपादिपूजां राजामात्यप्रभृतिसन्माननीयतां राजादिवल्लभत्वमित्यर्थः। बलं सहस्रयोद्धादिशरीरसामर्थ्यं। वा विकल्पे से तस्य साधोः सम्बन्धिनं ज्ञात्वा अवबुध्य तथा दृष्ट्वा साक्षादवलोक्य वा विकल्पे किं तदित्याह क्रोधस्य रोषस्य साधुसक्तस्य फलं शापदानेन कस्यचिन्मारणाद्यनर्थकरणरूपं कार्यं, यं पिण्डं गृहिणः साधवे इति शेषः। ददति यच्छन्ति कस्मात्कारणादित्याह भयात्त्रासाद्यथा किलायं यतिर्भिक्षयाऽदत्तया कोपं गतो विद्यामन्त्रयोगादिभिरुच्चाटनादि, तपसस्तु शापदानादिना राजवाल्लभ्यात्तु नगरादेर्निस्सारणदण्डादिना, शरीरसामर्थ्यान्मुष्टिप्रहारदानादिना मामनर्थं प्रापयिष्यतीति। अत्र च सर्व्वत्र कोप एव पिण्डोत्पादने मुख्यं कारणं द्रष्टव्यं कोपपिण्डस्य प्रस्तुतत्वात् विद्यातपःप्रभृतीनि तु तत्सहकारिकारणान्येवेति न विद्यापिण्डादिभिः सहास्य लक्षणसांकर्यमाशङ्कनीयमिति। स किमित्याह। क्रोधादुत्पादितः

**વ્યાખ્યાર્થ** :- 'विज्जातवप्पभावं' = 'विद्या-तप-प्रभावं' = વિદ્યા અને તપનો પ્રભાવ. 'विद्या' = 'ॐ' કાર આદિ અક્ષરોના સમુદાયસ્વરૂપ, જે જગતમાં પ્રતીત = પ્રસિદ્ધ છે. 'વિદ્યા' એ ઉપલક્ષણ છે માટે વિદ્યાની સાથે મન્ત્ર-યોગ વગેરેને ગ્રહણ કરવા. તપ = 'માસક્ષપણ આદિ તપ. વિદ્યા અને તપ એ બન્નેના પ્રભાવને. અર્થાત્ ઉચ્ચાટન = ઉઠીજવું = માણસ અથવા વસ્તુ વિવક્ષિતજગ્યાથી ઉઠીજાય અને ઉપડી પણ જાય, માણસ મરી જાય વગેરેને. તથા, 'निवाइपूजां' = 'नृपादिपूजां' = રાજા, મન્ત્રી વગેરે દ્વારા સન્માનનીયપણાંને અર્થાત્ રાજા વગેરેનાં વલ્લભપણાને, અને, 'बलं' = સહસ્રયોદ્ધા વગેરે શરીરનાં સામર્થ્યને. 'वा' = વિકલ્પાર્થે છે, આ વિદ્યા-તપ વગેરેનો પ્રભાવ કોનો જાણીને ? તે કહે છે, 'से' = 'तस्य' = તેનાં, અર્થાત્ તે સાધુ સંબંધી વિદ્યા-તપ આદિને 'नाउं' = 'ज्ञात्वा' = જાણીને. તેમજ, 'दट्ठूण' = 'दृष्ट्वा' = સાક્ષાત્ જોઈને. 'वा' = વિકલ્પાર્થે છે. તે શું સાક્ષાત્ જોઈને ? તે કહે છે, 'कोहफलं' = 'क्रोधफलं' = સાધુના ક્રોધનું ફળ. ક્રોધ ફળ શું ? તે કહે છે, શાપ આપવા દ્વારા કોકને મારી નાંખવા વગેરે અનર્થ કરવા રૂપ કાર્ય. આવું ક્રોધફળ જોઈને ગૃહસ્થ જે પિણ્ડ સાધુને, 'दिंति' = 'ददति' = આપે છે. કયા કારણથી આપે ? તે કહે છે, 'भया' = 'भयात्' 'त्रासात्' = ભયથી-ત્રાસથી. કેવા પ્રકારનો ભય ત્રાસ ? તે કહે છે, 'આ યતિને જો ભિક્ષા ન આપી તો એ ગુસ્સે ચઢીને વિદ્યા-મન્ત્ર-યોગવગેરે દ્વારા ઉચ્ચાટનાદિ કરશે, અથવા તપથી શાપ આપવો વગેરે કરે, અથવા રાજવલ્લભપણાને લીધે નગરથી જ કઢાવી મૂકે વગેરે દંડ કરે. અથવા શરીરસામર્થ્યથી મુષ્ઠિનો પ્રહાર વગેરે કરવા દ્વારા મને અનર્થ કરે" વગેરે ભય.

અહીં બધી જ જગ્યાએ પિણ્ડના ઉત્પાદનમાં ક્રોધ જ મુખ્યકારણ જાણવું. કારણ કે ક્રોધપિણ્ડની જ હાલ મુખ્યતા છે. પરન્તુ વિદ્યા-તપ વગેરે તો ક્રોધના સહકારી = ગૌણભૂત કારણો જ જાણવા. વિદ્યાપિણ્ડ વગેરેની સાથે આ ક્રોધપિણ્ડના લક્ષણમાં સાંકર્યદોષની શંકા ન કરવી. અર્થાત્ ક્રોધપિણ્ડના લક્ષણો અને વિદ્યાપિણ્ડ વગરેના લક્ષણોમાં કાંઈ ભેદ નથી, એવું ન માનવું. કારણ કે ક્રોધ મોહનીય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पिण्डः क्रोधपिण्डः, स उक्तरूपो विज्ञेयः। इह चोदाहरणं सूत्रकारो लाघवार्थं 'कोहे घेवरखवगो' इत्यग्रेतनगाथांशेनाग्रे वक्ष्यति। वयं तु स्वस्थानत्वादत्रैव ब्रूमस्तच्चेदं, क्रोधे क्षपकज्ञातं यथा–

**卐 क्रोधपिण्डे क्षपकदृष्टांतः 卐**

इह आसि भरहवासे नयरं नामेण हत्थकप्पंति। तत्थ य एगो विप्पो अ होसि सद्धम्मकम्मरओ।।१।।
तस्स य गेहे जायं अहन्नया मयगभत्तकरणं ति। तत्थ य भिक्खमडन्तो विगिट्ठतवओ महाखवओ।।२।।
मासस्स य पारणए संपत्तो तग्गिहे तओ तेण। दिज्जन्ते दट्ठूणं घयपुन्ने भूमिदेवाणं।।३।।
तेणावि जाइया तो पडिसिद्धो बंभणेहिं तो कुविओ। अन्नहिं दाहित्थेवं, भणमाणो निग्गओ स मुणी।।४।।
अह अन्नं माणुस्सं पंचम्मि दिणे चेव दिव्वजोएण। पंचत्तमुवगयं तस्स मासिए सो पुणो पत्तो।।५।।
पुणरवि तहेव तेणं दिज्जन्ते बंभणाण घयपुन्नो। दट्ठूणं तेणाविय, विमग्गिया तेहि पडिसिद्धो।।६।।
कुविओ नीसरिओ सो तहेव वयणं मुहेण पभणन्तो। अन्नंमि दिज्जह त्ति य जावन्नमाणुसमतीयं ।।७।।
तस्स वि मासियभत्ते, समागओ कहवि दिव्वजोएण। पुणरवि तहेव तेहिं पडिसिद्धो निग्गओ कुविओ।।८।।

---

કર્મનો ભેદ છે, તો વિદ્યા જ્ઞાનાવરણીયનાં ક્ષયોપશમ રૂપ છે.

આ શું કહેવાય ? તે કહે છે, 'कोहपिंडो सो' = क्रोधपिण्डः सः = ક્રોધથી ઉત્પન્ન થયેલ હોવાથી તે ક્રોધપિણ્ડ કહેવાય છે, જે ઉપર કહી ગયા તે સ્વરૂપવાળો છે.

'આ ક્રોધપિણ્ડ' સંબંધી ઉદાહરણ તો સૂત્રકાર = મૂગાથાકાર લાઘવ માટે આગળની ગાથામાં 'कोहे घेवर खवगो' તરીકે કહેવાના છે. પરન્તુ અમે તો હાલ જ ઉપયોગી હોવાથી અહીંજ એ ઉદાહરણ કહીશું એમ ટીકાકાર પોતાની વાત જણાવીને હવે 'क्रोधपिण्ड' સંબંધી 'क्षपक' નું દૃષ્ટાંત આ પ્રમાણે કહે છે.

## • ક્રોધપિણ્ડવિષયક ક્ષપકનું દૃષ્ટાંત •

અહીં આ ભરતવાસ = જંબુદ્વીપના ભરતમાં 'हत्थकप्प' (હસ્તકલ્પ) નામનું નગર હતું. તે નગરમાં સદ્ધર્મના કાર્યમાં રત એક વિપ્ર હતો. એકવાર તેના ઘરમાં મૃતક ભોજન થયું. તે વખતે માસક્ષપણાદિ વિકૃષ્ટ તપવાળા કોઈ સાધુમહારાજ માસક્ષમણના પારણે ભિક્ષામાટે ફરતાં ફરતાં તેના ઘરે આવ્યા. બ્રાહ્મણોને ભોજનમાં ઘેબર અપાતું જોઈને તે સાધુએ પણ એની યાચના કરી. પરન્તુ બ્રાહ્મણોએ આપવાનો નિષેધ કર્યો. એટલે ગુસ્સે થયેલ સાધુ "બીજીવાર = બીજા માણસ વખતે આપશો" એવું બોલતા બંહાર નીકળી ગયા.

હવે આ પ્રસંગબાદ પાંચ જ દિવસમાં દૈવયોગથી બીજા એક મનુષ્યનું મોત થયું. એનો જ્યારે 'મૃતકભોજન' નો દિવસ હતો અને ઘેબર બ્રાહ્મણોને અપાતા હતાં એજ વખતે ભાગ્યયોગે આ તપસ્વીમુનિ એ જ ઘરમાં ભિક્ષામાટે આવ્યા અને ઘેબરની યાચના કરી. તેઓએ પણ દાન આપવાનો નિષેધ કર્યો. એટલે ક્રોધે ભરાયેલ આ તપસ્વીમુનિ એ જ પ્રમાણે = "બીજા માણસ વખતે આપશો" એમ બોલતા નીકળી ગયાં. આ જ રીતે ત્રીજીવાર પણ કોકનું મરણ થયું અને એ જ રીતે મૃતકભોજનમાં બ્રાહ્મણોને ભોજન અપાતું હતું અને ભાગ્યયોગે એ જ ઘરે આ મહાતપસ્વીમુનિ ગોચરીએ આવ્યા અને ત્યાં પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दिज्जह अन्नंमि अन्नं (य तं) मुहेण वयणं भणन्तओ स मुणी। तं सोउं थेरेणं एगेण दुवारवालेण।।९।।
चिन्तियमिमेण मुणिणा, जहऽन्नहिं दाहिहत्तिवयणेण। पुरओवि दोन्निवारा साव(सो अ)दिन्नो त्ति तस्स फलं।।१०।।
दोमणुयमरणरूवं दिट्ठं संपयं तइयवारं। एसो दिन्नो निसि(सर)उ, ता मा सव्वाणि वि मरंतु।।११।।
गिहवइणो गंतूणं कहेइ तेणावि मरणभीएण। हक्कारिय खामित्ता पउरा दिन्ना य घयपुन्ना।।१२।।
एवं जो इह लब्भइ स कोहपिंडो वुच्चइ जिणेहिं। परिहरियव्वो एसो, हियमिच्छंतेहि सयकालं।।१३।।
इति गाथार्थः।।६७।।

**अवतरणिका**– उक्तं क्रोधपिण्डद्वारं, अथ मानपिण्डद्वारमाह।

**मूलगाथा– लद्धिपसंस(सउ)त्तिइउ परेण उच्छाहिओ अवमओ वा।**
**गिहिणोभिमाणकारी, जं मग्गइ माणपिंडो सो।।६८।।**

**संस्कृतछाया– लब्धिप्रशंसाभ्यामुत्तानः परेणोत्साहितोऽवमतो वा।**
**गृहिणोऽभिमानकारी, यं मार्गयति मानपिण्डः सः ।।६८।।**

યાચના કરી, પણ તેઓએ ફરી નિષેધ કર્યો. એટલે ક્રોધે ભરાઈને 'બીજીવાર = બીજા માણસ વખતે આપશો" એમ બોલતા બહાર નીકળી ગયાં. પરન્તુ આ વખતે એક વૃદ્ધ દ્વારપાળે આ મુનિના વચનો સાંભળીને વિચાર કર્યો કે, આ મુનિએ પૂર્વે પણ બેવાર 'બીજીવાર આપશો એવા વચનો દ્વારા શાપ આપ્યો હતો, એનું ફળ આ આવ્યું કે બેના મોત થયા. હાલ પાછા ત્રીજી વાર શાપ આપતા બહાર નીકળ્યા છે. રખેને આ રીતે ઘરના બધા મરી જાય !!" આમ વિચારી તરત તેણે ગૃહપતિને આ વાત જણાવી. ગૃહપતિએ પણ મરણની બીકથી સાધુને બોલાવીને ખમાવ્યા અને પ્રચુર ઘેબરની ભિક્ષા આપી.

આ પ્રમાણે જે ભિક્ષા પ્રાપ્ત કરે. તે ક્રોધપિંડ છે એમ જિનેશ્વરભગવંતોએ કહ્યું છે. આત્મહિતૈષીઓએ આવો પિણ્ડ સદાકાળમાટે છોડવો જોઈએ.॥૬૭॥

**અવતરણિકા** :- આ પ્રમાણે ક્રોધપિણ્ડદ્વાર કહ્યું. હવે '**मानपिण्ड-द्वार**' ને કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **लद्धिपसंस** = લાભ અને પ્રશંસાવડે, **उत्तिइउ** = અહંકારવાન, **परेण** = બીજા વડે, **उच्छाहिओ** = ઉત્સાહિતકરાયેલો, **अवमओ** = અપમાનિત કરાયેલો, **वा** = અથવા, **गिहिणो** = ગૃહસ્થને, **अभिमाणकारी** = અભિમાન ઉત્પન્નકરાવનારો, **जं** = જે અશનાદિ, **मग्गइ** = યાચના કરે, **माणपिंडो** = માનપિંડ, **सो** = તે.॥૬૮॥

**મૂળગાથા-ગાથાર્થ** :- પોતાનું લબ્ધિપણું અથવા પ્રશંસા બીજાપાસેથી સાંભળીને ગર્વિતબનેલો, અથવા 'તુંજ આ કાર્ય કરવા માટે સમર્થ છે' એમ બીજા સાધુના કહેવાથી ઉત્સાહિત થયેલો, અથવા 'તારાથી કોઈપણ કાર્ય સિદ્ધ થતું નથી' એમ બીજાના કહેવાથી પોતાનું અપમાન થયેલું જાણી કાર્ય કરવા માટે સજ્જથયેલો સાધુ ગૃહસ્થને 'જે બીજાવડે પ્રાર્થના કરાયેલો તેના ઈચ્છિતને પોતે સમર્થ હોવા છતાં સાધી આપતો નથી તે અધમપુરુષ છે' એ વગેરે વચનોથી ઉત્તેજિત કરી તેની પાસેથી જે અશનાદિ મેળવે તે માનપિંડ કહેવાય.॥૬૮॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 लब्धिप्रशंसादिना गृहस्थाऽभिमानकारणतो यल्लब्धं स मानपिंडः 卐

**व्याख्या**– लब्धिप्रशंसाभ्यां लाभश्लाघाभ्यां आत्मनो लब्धिमत्त्वं प्रशंसां वान्यतः श्रुत्वेत्यर्थः। 'उत्तिइउ'त्ति, उत्तानः गर्व्वितो अहङ्कारवानिति यावत्। यद्वा अयं लब्धिमानिति केनापि कश्चित्श्लाघितस्तां लब्धिविषयां प्रशंसामात्मनः श्रुत्वा, 'उत्तिइ उ'त्ति अहमेव शोभन इति तया गर्व्वितः सन्निति व्याख्येयं। यद्वा परेणान्येन साध्वादिना उत्साहितस्त्वमेवास्य कार्यस्य करणे समर्थ इत्यादिवचनेन प्रेरितः। यद्वा अवमतोऽपमानितस्त्वया न किञ्चित् सिद्ध्यतीत्यादिवचनेन परेणैव तिरस्कृतो,वा विकल्पे। तथा गृहिणो गृहस्थस्याभिमानमहमनेन साधुना याचितस्ततोऽस्मै स्वकीयकलत्रादिकमदित्सुं तिरस्कृत्यापि मया दातव्यमस्येत्येवंरूपमहंकारं करोतीति जनयतीत्येवं शीलोऽभिमानकारी यतिरिति शेषः। पुरुषाधम एवासौ योऽभ्यर्थितः प्रयोजनं न साधयितुं समर्थ इत्यादिवचनेनोत्तेजनकर्त्ता इत्यर्थः। यं पिण्डं सेवतिकादिरूपं मार्गयति गवेषयति याचत इत्यर्थः, स मानादुत्पादितः पिण्डो

## • લબ્ધિ પ્રશંસાઆદિથી ગૃહસ્થને અભિમાન કરાવવા દ્વારા જે મેળવાય તે માનપિણ્ડ છે •

વ્યાખ્યાર્થ :- 'लद्धिपसंस(सउ)' = 'लब्धिप्रशंसाभ्यां' = લબ્ધિ અને પ્રશંસા દ્વારા, એટલે કે બીજાપાસેથી પોતાનું લબ્ધિપણું, અથવા પોતાની પ્રશંસા સાંભળીને. શું થાય ? તે કહે છે, 'उत्तिइउ' = 'उत्तानः' = 'गर्व्वितः' = અહંકારવાળો બને છે. અથવા તો, 'આ લબ્ધિવાળા છે' એમ કોક વડે કોક પ્રશંસાયેલ હોય, તે લબ્ધિવિષયક પોતાની પ્રશંસા સાંભળીને, "હું જ સારો છું" એ રીતે, પ્રશંસાથી અભિમાનવાળો બનેલ. અથવા તો, 'परेण उच्छाहिओ' = 'परेण उत्साहितः' = બીજા કોક સાધુએ "આ કાર્ય કરવા તમે જ સમર્થ છો" એવા વચનોની પ્રેરણાથી ઉત્સાહિત કરાયો હોય. અથવા તો, 'अवमओ' = 'अवमतोऽपमानितः' = 'તમારાથી કાંઈ સિદ્ધ થાય નહિ.' ઈત્યાદિ વચનોદ્વારા બીજાથી તિરસ્કાર કરાયેલો હોય. 'वा' વિકલ્પાર્થે છે. તથા,

'गिहिणोभिमाणकारी' = 'गृहिणोऽभिमानकारी' = 'આ સાધુએ મારી પાસે યાચના કરી છે તો, દાન ન આપવાની ઈચ્છાવાળા પોતાના પત્ની છોકરાઓ વગેરેનો તિરસ્કાર કરીને પણ દાન આપવા યોગ્ય છે.' એમ ગૃહસ્થ અભિમાન કરે. એવા પ્રકારના અભિમાનકરાવવાના સ્વભાવવાળો સાધુ અર્થાત્ 'આ તો પુરુષાધમ જ છે કે જે માંગણી કરેલ પ્રયોજનને પણ સાધવા સમર્થ નથી' ઈત્યાદિ વચનોદ્વારા સામેવાળાને ઉત્તેજિત કરનાર = અભિમાનીબનાવનાર સાધુ. ઉપરોક્ત પ્રમાણે કરીને સાધુ શું કરે ? તે કહે છે, 'जं मग्गई = 'यं पिण्डं मार्गयति' = જે પિણ્ડને માંગે છે. 'सो माणपिण्डो' = 'सः मानपिण्डः' = તે માનપિણ્ડ છે. માનદ્વારા ઉત્પન્નકરાયેલ હોવાથી તેને 'માનપિણ્ડ' કહેવાય છે.

ભાવાર્થ આ છે કે, પોતાની લબ્ધિ કે એ લબ્ધિની પ્રશંસા સાંભળીને અથવા બીજાદ્વારા પ્રશંસાયેલ પોતાની લબ્ધિદ્વારા અભિમાનવાળો બનીને, અથવા બીજાવડે ઉત્સાહિતકરાયેલ કે પછી તિરસ્કૃત-કરાયેલ સાધુ, ગૃહસ્થને અભિમાનકરાવવાદ્વારા જે પિણ્ડને માંગે-મેળવે, તે માનપિણ્ડ કહેવાય છે.'

અહીં પણ જે 'माणे सेवइयखुड्डुओ' ની કથા છે, તે મૂળગ્રંથકારે આગળની ગાથામાં કહી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मानपिण्डः स्यात्। अत्राप्युदाहरणं 'माणे सेवइयखुड्डओ नायं'ति वक्ष्यमाणगाथावयवेन वक्ष्यति। तदपि स्वस्थानत्वादत्रैव ब्रूमस्तच्चेदम्, माने सेवतिकाक्षुल्लकज्ञातं यथा।

## 卐 मानपिण्डे सेवतिकाक्षुल्लकदृष्टांतः 卐

गिरिफुल्लिय नाम नयरं आसि। तत्थय इंददत्तो नाम इब्भो, तस्स य पियंगुमइया नाम भारिया। तत्थ य सुसाहुजणपरियरिया के वि सूरिणो समोसढा। इउ य तत्थ एगंमि पत्थावे सेवइयाऊसवो उवट्ठिओ। तत्थ पभाए चेव तरुणसमणाणं परोप्परं केलीए उल्लावा पवत्ता। तत्थ एगेण खुड्डएण भणियं। जहा भो समणा अज्ज भोयणवेलाए घरे घरे सेवइयाउ लब्भिहिंति किन्तु पभाए चेव जो ताउ अम्हं सव्वेसिं जहिच्छाए भोयणकरणजोग्गाउ आणेइ सो नाम लद्धिमंतो। तउ एगेण खुड्डएण वुत्तं जहाऽहं आणेमि। इयरेहिं भणियं आणेहिसि परं न घयगुलसहियाउ ताहिं न अम्हं कज्जं। खुड्डएण भणियं। जारिसियाउ इच्छह तारिसियाउ जइ न आणेमि ता, नियनामं पि न वहेमित्ति गरुयं नंदिभायणं गहिउं निग्गओ इंददत्तइब्भस्स गिहं पविट्ठो दिट्ठाउ य पउराउ सेवइयाउ रद्धाउ। घयगुलाणि पउणीकयाणि चिट्ठंति। बहुपयारं पियंगुमइया सयासाउ जाइयाउ।

તે કથાનો પણ અહીંજ અવસર હોવાથી એને અહીં કહીએ છીએ.

માનવિષયક 'सेवतिका-क्षुल्लक' ની કથા આ પ્રમાણે છે. 'सेवतिका' = રાંધેલી સેવ.

## • માનપિણ્ડવિષયક સેવતિકા ક્ષુલ્લકનું દૃષ્ટાંત •

'गिरिफुल्लिय' નામનું નગર હતું. ત્યાં ઈંદ્રદત્ત નામનો એક શ્રેષ્ઠી હતો. તેને પ્રિયંગુમતિકા નામની પત્ની હતી. તે ગામમાં સુસાધુજનોથી પરિવરેલા કોક આચાર્યભગવંત પધાર્યા. આ વખતે તે ગામમાં કોક એક અવસરે સેવતિકા ઉત્સવ = સેવનો ઉત્સવ ચાલુ થયો. તેવખતે સવાર સવારમાં જ તરુણ શ્રમણોની વચ્ચે પરસ્પર રમત-ગમતની વાતો ચાલી. એમાં એક ક્ષુલ્લકે કહ્યું કે 'ઓ શ્રમણો ! આજે ભોજન સમયે ઘરે ઘરે રાંધેલી સેવ મળશે. પરન્તુ જે હમણાં સવારે જ આપણા બધાં માટે જેટલી જોઈએ એટલી ભોજનને યોગ્ય = રસદાર-મજેદાર લઈ આવે, તે જ ખરો લબ્ધિમાન છે." એક ક્ષુલ્લકે કહ્યું 'હું લાવીશ.' ત્યારે બધાએ કહ્યું "તમે લાવશો ખરા પણ ગોળ-ઘી વિનાની લાવશો તો એનું અમારે કાંઈ પ્રયોજન નથી." આ વચનો દ્વારા ક્ષુલ્લકમુનિને ચઢાવ્યા. એટલે કે 'તમે તો સુકીસેવ લાવશો' આ અપમાનજનક વચનદ્વારા ક્ષુલ્લકને અભિમાનિત કર્યા. એટલે ક્ષુલ્લકે કહ્યું, 'જેવી સેવ ઈચ્છો છો એવી જો ન લાવું તો મારું નામ પણ હું વહન નહિ કરું.' એમ કહીને, એક મોટું નંદી પાત્રું લઈને નીકળ્યા. ઈંદ્રદત્ત શ્રેષ્ઠીના ઘરે પ્રવેશી જોયું તો ઘણી સેવ રાંધેલી હતી. ઘી ગોળ પણ એમાં નાંખવા માટે તૈયાર કરી રખાયા હતા. સાધુએ અનેક રીતે સમજાવીને સેવની યાચના પ્રિયંગુમતિ પાસે કરી, પણ તેણે ના પાડી દીધી. ક્ષુલ્લકસાધુને અહંકાર ચઢ્યો ને કહ્યું કે 'આ સેવને હું ચોક્કસ ગ્રહણ કરીશ જ.' તેણે પણ કહ્યું "જો તમે આ સેવને કોઈપણ પ્રકારે મેળવો તો મારી નાકની દાંડી પર મુતરજો". સાધુએ ઘરની બહાર નીકળીને કોકને પૂછ્યું કે, "આ ઘર કોનું છે ?." જવાબ મળ્યો "ઈન્દ્રદત્ત શ્રેષ્ઠીનું છે." સાધુએ ફરી વળતો પ્રશ્ન કર્યો "હમણાં એ ક્યાં છે ?" જવાબ મળ્યો "પર્ષદામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तीए बाढं पडिसिद्धो। तेण संजायाहंकारेण वुत्तमवस्सं मए एयाउ गिण्हियव्वाउ। तीए भणियं जइ तुमं किं पि लहिसि ता, मम नासउडियाए मुत्तिज्जसु त्ति। तएणं गेहाउ निग्गंतूण कोइ पुट्ठो जहा कस्स सन्तियं इमं गिहं ? तेण भणियं, इंददत्तइब्भस्स। खुड्डेण भणियं इण्हिं सो कत्थ ? तेण वुत्तं परिसाए, तत्थ गंतूण परिसाजणा पुट्ठा। जहा को एत्थ इंददत्तो इब्भो ? तेहिं भणियं, तेण किं कज्जं ? खुड्डएण वुत्तं तं किंचि जाइस्सामि, सो य तेसिं भइणिवइओ हवइ त्ति तेहिं वुत्तं अम्हे जायसु सो किविणो न किंचि दाहिसी। इंददत्तेण मम उहावणा भविस्सइ त्ति चिंतिय पुरओ ठाउं खुड्डगो वुत्तो जहा-अहं इंददत्तो इमे केलीए एवं जंपंति, जं तुमं मग्गसि तं दाहामि। खुड्डएण तस्स वभिचाररक्खणत्थं वुत्तं।

### 卐 सेवतिकाक्षुल्लकद्रष्टांताऽन्तर्गत-क्षुल्लकेन कथिता षट्पुरुषोपलक्षिता कथा, तत्राद्या 'सडंगुलि' पुरुष कथा 卐

जहा एएसि छण्हं पुरिसाहमाणं समो महिलियामुणिसो(माणसो)हवसि ता न मग्गेमि, अह न एरिसो ता इमीसे महालियाए परिसाए मज्झे किंपि तुमं मग्गेमि, तेहिं भणियं के छप्पुरिसाहमा ?।

---

= સભામાં છે." સાધુ સીધા પર્ષદામાં પહોંચ્યા અને પર્ષદાના માણસોને પૂછ્યું કે "આમાં ઈન્દ્રદત્ત કોણ છે ?" પર્ષદાના લોકોમાં ઈન્દ્રદત્તના ૨-૪ બનેવીઓ પણ હતા. બનેવીએ સામો પ્રશ્ન કર્યો 'એમનું શું કામ છે ?". સાધુએ કહ્યું "તેની પાસે હું કાંઈક યાચીશ." તેઓએ જણાવ્યું "તે તો કૃપણ છે એ કાંઈ આપશે નહિ માટે અમારી પાસે યાચો." આ બધું સાંભળતા ઈન્દ્રદત્તે વિચાર્યું કે "આ તો મારો ઉપહાસ થશે" એટલે તરત સામે આવ્યો અને સાધુને કહ્યું "હું ઈન્દ્રદત્ત છું. બોલો શું જોઈએ છે ? તમે જે યાચશો તે હું તમને આપીશ. આ લોકો તો મજાકમાં મારી કૃપણતા અંગે કહી રહ્યા છે." સાધુએ પણ ઈન્દ્રદત્તના વ્યભિચારની રક્ષામાટે = પાછળથી ફરી ન જાય એ રીતે તેને વચનાદિથી બાંધીલેવામાટે પર્ષદાની હાજરીમાં ઈન્દ્રદત્તની સામે કહ્યું કે 'જુઓ આ ૬ પ્રકારના પુરુષ-અધમો છે કે જે પત્નીના મગજવાળા = પત્નીની આજ્ઞાપ્રમાણે ચાલનારા હોય છે. એમના જેવા તમે હો તો મારે કાંઈ તમારી પાસે માંગવું નથી. અને જો તમે એવા ન હો તો આ મોટીપર્ષદામાં કાંઈક પણ તમારી પાસે માંગીશ." વાતમાં મજા પડી એટલે પર્ષદાના લોકોએ પૂછ્યું "કોણ છે એ ૬ પ્રકારના અધમપુરુષો ?"

### ● સેવતિકાક્ષુલ્લક દૃષ્ટાંત અન્તર્ગત ક્ષુલ્લકે કહેલ ૬ પુરુષોપલક્ષિત કથા, તેમાં 'સડંગુલિ' પુરુષની પ્રથમ કથા ●

ક્ષુલ્લકે કહ્યું, "સાંભળો ૧-सडंगुलि ૨-बगुडावे ૩-किंकर ૪-तत्थण्हाय ૫-गिद्धावरिंखिय ૬-हदनए. આ છ અધમપુરુષો છે. તેમાં સડંગુલિ એટલે સફેદઆંગળીવાળો. તેની વાર્તા આ પ્રમાણે છે.

(૧) **સડંગુલિ પુરુષ** :- એક ગામ હતું. તેમાં પત્નીની ઈચ્છાપ્રમાણે વર્તતો એક કૌટુમ્બિક પુત્ર હતો. તેની મનોરમા નામની પત્ની હતી. એકવાર શીયાળામાં તેના ભર્તારને વ્હેલી સવારે જ ભૂખ લાગી. તેથી તેણે પલંગ પર બેઠેલી તેણીને કહ્યું 'મને હમણાં જ ઘણી ભૂખ લાગી ગઈ છે માટે રસોઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सो भणइ निसुणह।

सडंगुलि १ बगुडावे २ किंकरे ३ तत्थण्हायए ४। गिद्धावरिङ्खिय ५ हद्दनए, य ६ पुरिसाहमा छओ।।१।।

तत्थ सडंगुलि त्ति जहा एगो गामो आसि तत्थ य भज्जा-छंदाणुवत्ती एगो कोडुंबियपुत्तो, तस्स य मणोरमा नाम पिया। अन्नया य सीयकाले भत्तारस्स पभाए चेव छुहा जाया। तेण सा पल्लंके ठिया भणिया, जहा पिए इण्हिं चेव अईव खुए, रंधेहि, तीए वुत्तं जइ एवं, ता अवणेहि चुल्लीए छारं आणसु इंधणं, पज्जालसु जलणं, देहि अद्दहणं, कोट्ठाउ कड्डिय सोहिय थालीए खिवसु तंदुले मुग्गे य जाव रंधिऊण कहिज्जासु जेणाहमुट्ठिऊण परिवेसेमि तेण पिया जं आणवेइ त्ति भणिऊण तहेव कयं। जाव तीए परिविट्ठं। एवं पइदिणं चुल्लीय(ए) छारं संवरंतस्स सडाउ अंगुलीउ पभाए लोया पेच्छंति तेहिं हेरिऊण नाओ सडंगुलित्ति विस्सुए(ओ)य।।१।।

### 卐 द्वितीया 'बगुडावे' पुरुषकथा 卐

तह बगुडावेत्ति जहा एगंमि ग्रामे भज्जामुहजोयओ, भज्जापेमपरवसो एगो कुलपुत्तओ होत्था। अन्नया भज्जाए सो भणिओ। जहा पइदिणं तलायाउ पाणियं आणेहि, सो य पिया जइ आइसइ त्ति भणिय दिवसे मा लोगा पेच्छिस्संति त्ति राईए पच्छिमपहरे पइदिणं जलं आणेइ त्ति। तत्थ तस्स गमणागमणं करेंतस्स तलायतडरुक्खेसु पसुत्ता बगा रुड(द्द)त्ति भएण उड्डुंति। गामिएहिं चिंतियं को राईपच्छिमपहरे तलाए बगे उड्डावेइ त्ति हेराविओ नाओ बगुड्डावेत्ति विस्सुओ ।।२।।

---

રાંધી આપ." મનોરમાએ જવાબ આપ્યો 'જો એમ હોયતો ચૂલામાંથી રાખને દૂર કરો અને ઈંધણ લઈ આવો, દેવતા પ્રગટાવો, આંધણ મૂકો, કોઠારમાંથી ચોખા અને મગ કાઢીને, થાળીમાં સાફ કરીને એને આંધણમાં નાંખો. જ્યારે રંધાય ત્યારે મને જણાવો જેથી હું તમને પીરસું." તેણે કહ્યું "હે પ્રિયા ! તારી જેવી આજ્ઞા" અને તે જ પ્રમાણે કર્યું. પછી મનોરમાએ પીરસ્યું. આ પ્રમાણે રોજ ચૂલામાંથી રાખને દૂર કરતો હોવાથી તેની રાખથી ખરડાયેલ સફેદઆંગળીઓ લોકો જૂવે છે પણ એનું કારણ જાણી ન શકાયું. ગુપ્તચરો દ્વારા એનું કારણ જણાઈ આવતા લોકોમાં એ 'सडंगुलि' = 'श्वेतांगुलि' = ધોળી આંગળીવાળા તરીકે પ્રસિદ્ધ થયો.

### • બગુડાવે પુરુષની બીજી કથા •

(૨) बगुडावे (बग + उडावे) = બગલાઓને ઉડાડનારાની કથા આ પ્રમાણે છે.

એક ગામમાં પત્નીના પ્રેમમાં પરવશ એવો પત્નીના મુખને જોનારો એક કુલપુત્ર હતો. એકવાર પત્નીએ પતિને કહ્યું 'રોજ મારા માટે તળાવમાંથી પાણી લાવો.' તેણે "જેવો પ્રિયાનો આદેશ" એમ કહીને 'લોકો મને જોઈ ન જાય' એ માટે રાત્રિના છેલ્લા પ્રહરમાં રોજ પાણી લાવે છે. તળાવે જતાં-આવતાં તળાવના કિનારા પર રહેલ વૃક્ષોમાં સુતેલા બગલાઓ બીકથી ઉડી જાય છે. ગામડિયાઓએ વિચાર્યું કે "આ રીતે રાત્રિના છેલ્લા પ્રહરમાં કોણ બગલાઓને ઉડાવે છે ?" પણ કાંઈ ખબર પડતી ન હતી. ગુપ્તચર દ્વારા એની જાણ થતા લોકોમાં એ 'बगुडावे' તરીકે પ્રખ્યાત થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 तृतीया 'किङ्कर' पुरुषकथा 卐

तहा किंकरे त्ति जहा किल एगंमि गामे एगो कुलपुत्तओ नियमहिलाए अच्चंतं गाढाणुरागरत्तो होत्था। सो य पइदिणं पभाए उट्ठिऊण आएसं मग्गइ। जहा दइए ! आइससु किं करोमि भणइ तलायाउ उदयं आणेहि पिया जं आइसइ त्ति भणिऊण तहेव करेइ। पुणो वि भणइ किं करोमि। सा भणइ तंदुले छडसु एवं जाव मे भोयणं देहि, उज्झसु उच्छिट्ठ सोहेहि भायणाणि ठाणे नेऊण ताणि मुयसु तहा ममं पाए पक्खालिय घएण फीणसुत्ति, जणेण नाओ किंकरो त्ति विस्सुओ ।।३।।

## 卐 चतुर्थी 'तत्थण्हायए' पुरुषकथा 卐

तहा तत्थण्हायए त्ति जहा एगो भज्जायत्तो आसि वाणियपुत्तो तेणन्नया नियभज्जा भणिया। जहा पिए अहं ण्हाउमिच्छामि तीए भणियं जइ एवं ता आमलए वट्टिऊण गहसु, ण्हाणपोत्तियं परिहसु, नियसरीरं चोप्पडसु, घडयं गेण्हसु, तलाए ण्हाइउं जहिच्छं देवच्चणं कुणसु घडयं च जलस्स भरिउं आगच्छसु त्ति। तेण पिययमा जं आइसइ त्ति भणिऊण तहेव कयं, एवं निच्चंपि। जणेण नाओ तत्थण्हायउत्ति विस्सुओ ।।४।।

---

## • 'કિંકર' પુરુષની ત્રીજી કથા •

(૩) 'किंकर' ની કથા આ પ્રમાણે છે, (किंकर = किंकरोमि-किंकरोमि इति पृष्ट्वा कार्यं कुर्वन्तम् किंकर उच्यते = શું કરું ? શું કરું ? એ પ્રમાણે પૂછી પૂછીને કાર્યકરનારને કિંકર કહેવાય છે.)

એક ગામમાં એક કુલપુત્ર પોતાની પત્ની ઉપર અત્યંત ગાઢ-રાગવાળો હતો. રોજ સવારે ઉઠીને તે આદેશ માંગે છે, "હે દયિતે ! આદેશ કરો, હું શું કરું ?" તેનો જવાબ આવે 'તળાવમાંથી પાણી લાવો." એટલે 'પ્રિયાનો જેવો આદેશ' એમ કહીને, આદેશ પ્રમાણે કરે છે. ફરી પૂછે છે 'હવે શું કરું ?' તે જવાબ આપે 'ચોખા ચઢાવો = રાંધવા મૂકો'. એ રીતે છેક 'મને ભોજન આપો' સુધી આદેશ કરે. વળી, 'એઠું ફગાવી દો = વાસણ માંજી દો, ભાજનો બધા લઈને સ્થાને ગોઠવી દો.' તેમજ, 'મારા પગ ધોઈને ઘીથી એનું માલીશ કરો.' વગેરે આદેશોનું પાલન કરતાં એવા તેને લોકોએ જોયો. એટલે 'किंकर' એ પ્રમાણે ખ્યાતિ પામ્યો.

## • ચોથી 'તત્થણ્હાયએ' પુરુષની કથા •

(૪) 'तत्थण्हायए' = પત્ની જ્યાં કહે ત્યાં સ્નાનકરનારની કથા આ પ્રમાણે છે.

પત્નીને વશ એવો એક વણિકપુત્ર હતો. તેણે એકવાર પોતાની પત્નીને કહ્યું "હે પ્રિયા ! હું ન્હાવા ઈચ્છું છું." તેણે જવાબ આપ્યો "જો એમ હોય તો આમળા વાટીને લ્યો (= સૂક્કા આમળાનો ભૂક્કો શરીર પર ચોળવામાં આવે છે. જેથી ચામડીની કાંતિ વધે અને કુણાશ આવે), ન્હાવાની પોતડી પહેરો, પોતાના શરીરે એ ચોપડો, ઘડો સાથે લઈને ન્હાવામાટે તળાવે જાઓ. ત્યાં ઈચ્છા પ્રમાણે ન્હાઈને દેવની પૂજા કરો. અને વળતા પાણીથી એ ઘડો ભરતા આવજો." તેણે પણ "પ્રિયાની જેવી આજ્ઞા" એમ કહીને તે જ પ્રમાણે કર્યુ. એ પ્રમાણે રોજ પણ થતું આવ્યું.. એટલે વાતની ખબર પડતા લોકોએ એને 'तत्थण्हायउ' તરીકે પ્રખ્યાત કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### 卐 पञ्चमी 'गिद्धव्वरिङ्खि' पुरुषकथा 卐

तहा गिद्धव्वरिङ्खित्ति। जहा एगो तरुणपुरिसो भज्जावयणनिद्देसकरो होत्था अन्नया तब्भज्जा रसोइए उवविट्ठा। तेण भोयणं जाइया। तीए भणियं थालं गहिऊण मम समीवे आगच्छसु सो पिययमा जं आइसइ त्ति भणिऊण तहेव आगओ। तीए परिविट्ठं भणिओ य जहा भोयणट्ठाणे ट्ठाउं भुञ्जसु। गओ य तओ तेण लुक्खमिणं ति काउं घयं जाइयं। तीए रंधंतीए तह ट्ठियाए चेव भणियं। मम समीवे थालं गहिऊण आगच्छसु तेण सो गिद्धोविव उक्कुडुओ रिंखति त्ति गिद्धव्वरिङ्खत्ति विस्सुओ ।।५।।

### 卐 षष्ठी 'हद्दनओ' पुरुषकथा 卐

तहा हद्दनओत्ति, जहा एगस्स कुलपुत्तयस्स नियभज्जाए समं विसयसुहमणुहवंतस्स दारो जाओ। सो य खट्टलियाए चेव ट्ठिओ मुत्तपुरीसं वोसिरइ। तउ मुत्तपुरीसेण बालओ खट्टल्लियाबालपोत्तयाइं च खरडियाइं दट्ठूण भज्जाए भण्णइ इमस्स बालस्स पुरीसं धोविऊण फेडहि। तेण पिययमा जं आणावेइ त्ति भणिऊण तहेव कयं। एवं निच्चंपि, जणेण नाओ हद्दनउ त्ति विस्सुओ ।।६।।

---

પુરુષ તળાવે કોઈ વિશેષપ્રયોજન વિના સ્નાન કરવા ન જાય. પણ પાણી ઘરે મંગાવી ઘરેજ સ્નાન કરે. પણ જે પત્નીને અનુસરનારો હોય તે પત્ની પાસે પાણી ન મંગાવે. પણ પત્નીના કહેવા પ્રમાણે તળાવમાં સ્નાન કરે. જે દોષરૂપ છે.

### ● પાંચમી 'ગિદ્ધવ્વરિંખિ' પુરુષની કથા ●

(૫) 'गिद्धव्वरिङ्खि' = ગીધની જેમ ઊભડક ચાલ્યા કરે તેની કથા આ પ્રમાણે છે, (હાથમાં થાલી લઈને કંઈક બેઠો અને કંઈક ઊભો થઈને ચાલનાર ગીધની જેમ ચાલનાર કહેવાય.)

એક તરુણ પુરુષ પત્નીના વચનનિર્દેશપ્રમાણે વર્તનારો હતો. એકવાર તેની પત્ની રસોઈ કરવા બેઠી. પુરુષે ભોજનની માંગણી કરી. પત્નીએ કહ્યું "થાળ લઈને મારી પાસે આવો." "પ્રિયાની જેવી આજ્ઞા" એમ કહેતો તે તે જ પ્રમાણે આવ્યો. એટલે પત્નીએ ભોજન પીરસ્યું અને કહ્યું "જમવાના સ્થાને જઈને જમો." તે ત્યાં ગયો દેખ્યું તો રોટલી લુખ્ખી હતી. તેણે ઘીની યાચના કરી. પત્નીએ ભોજન રાંધતા રાંધતા ત્યાંથીજ કહ્યું 'થાળી લઈ મારી પાસે આવો.' એ ગીધની જેમ ચાલતો ચાલતો આવ્યો. એટલે લોકોમાં તે 'गिद्धव्वरिङ्खि' નામે પ્રસિદ્ધ થયો.

### ● છટ્ટી 'હદ્દનઓ' પુરુષની કથા ●

(૬) 'हद्दनओ' = મળ સાફકરવાવાળાની વાર્તા આ પ્રમાણે છે.

એક કુલપુત્રને પોતાની પત્ની સાથે વિષયસુખ અનુભવતા એક પુત્ર થયો. તે પુત્ર પાલણીયામાંજ મળ-મૂત્ર કરે છે. પત્નીએ જોયું 'બાળકના મળમૂત્રથી પાલણીયું અને બાળકની લંગોટી ખરડાઈ છે. એટલે પોતાના પતિને કહ્યું 'આ બાળકના મળ-મૂત્ર ધોઈને સાફ કરો.' તેણે 'પ્રિયતમા જેમ કહે તેમ' એમ કહીને તે જ પ્રમાણે કર્યું. આ પ્રમાણે રોજે રોજ પણ કરવાનું ચાલ્યું. લોકોએ આ જાણ્યું એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ए एते छप्पुरिसाहमा कहियत्ति। तउ तेहिं एक्ककालं सअट्टट्टहासं हसन्तेहिं भणियं, एयस्स छप्पिदोसा संति। ता मा एयं महिलियामुणिसं(माणसं)जायसु। इंददत्तेण खुड्डगो भणिओ जहा जायसु जं ते रुच्चइ। न एएहिं सरिच्छोहं। खुड्डगेण भणियं जइ एवं, ता घयगुलजुत्ताउ पत्तभरणपमाणाउ सेवइयाउ इण्हिहिं देहि सो य देमित्ति भणन्तो खुड्डुगं(गहिय) गिहाभिमुहं चलिओ। जाव गिहदुवारे आगओ एत्थंतरे खुड्डएण जं भज्जाए सह जंपियं आसि तं सव्वं कहियं। तेण भणियं जइ एवं ता तुमं एत्थेव गिहदुवारे चिट्ठसु। हक्कारिओ आगच्छसु पविट्ठो इंददत्तो पुट्ठा सा जहा रद्धाउ सेवइयाउ, घयगुलाणि पउणीकयाणि ? तीए भणियं आमं तेण तीसे वंचणत्थं गुलं पलोइऊण भणियं। जहा थोवो एसो गुलो अन्नो वि मालाउ उत्तारेहि जेणं दिए भुञ्जावेमि। सा आरूढा माले, तेणावणीया निस्सेणी हक्कारिओ खुड्डगो, सेवइयाण पत्तं भरिउमाढत्तं, जाव गेहिणी मालमज्झाउ गुलं गहाय उत्तरिउं लग्गा, ता निस्सेणी नत्थि त्ति विम्हिया चिट्ठइ। ताव तं चेव चेल्लयं सेवइयाउ घयगुलजुत्ताउ लहंतं पासइ। अहो अहं अभिभूआ चेल्लएण त्ति अभिमाणा झरियहियया मा देहि २ इच्चाइ कोलाहलं काउं लग्गा। खुड्डएण तीसे सम्मुहं ट्ठिएण मए तुह नासियाए मुत्तियं त्ति कहणत्थं अंगुलियाए य नासियाउडं पसारिय दंसियं। पत्तयं भरेऊण गओ

---

"हद्दनउ" ના નામે એને ખ્યાત કર્યો.

આ પ્રમાણે ૬ પ્રકારના પુરુષાધમો હોય છે. એમ સાધુએ પોતાની વાત વિગતવાર જણાવી. આ સાંભળીને તે સભાપુરુષો એકી સાથે જોરજોરથી હસતા હસતા બોલ્યા 'આ ઈંદ્રદત્તમાં તો એ છ એ છ દોષો છે." ઈન્દ્રદત્તે 'મને રખેને સ્ત્રીમતિવાળો માની લે' એમ વિચારીને પોતાનો વટ પાડવા સાધુને કહ્યું 'તમને જે રૂચે તે માંગો. કારણ કે આ ૬ પુરુષાધમો જેવો હું નથી.' સાધુએ કહ્યું 'જો એમ જ હોય તો ઘી-ગોળથી યુક્ત એવી સેવ, પાત્રુ ભરીને હમણાં આપ.' 'ચાલો હું આપું.' એમ કહી સાધુને લઈ તે ઘરની સન્મુખ ચાલ્યો. રસ્તામાં ચાલતાં ચાલતાં સાધુએ ઘરનું બારણું ન આવે ત્યાં સુધીમાં ઈંદ્રદત્તને એના ઘરે પત્ની સાથે થયેલી બધીજ વાતો કરી દીધી. એણે કહ્યું, 'એમ છે?' તો તમો અહીંજ ઘરના બારણે ઉભા રહો હું તમોને બોલાવું ત્યારે આવજો.' એમ કહીને ઈંદ્રદત્ત ઘરમાં ગયો. પત્નીને પૂછ્યું 'સેવ રંધાઈ ? ઘી-ગોળ તૈયાર થઈ ગયા છે ?' પત્નીએ કહ્યું 'હા બધું તૈયાર છે.' હવે પત્નીને ઠગવામાટે ઈન્દ્રદત્તે ગોળને જોઈ કહ્યું 'આ ગોળ તો ઓછો છે. બીજો ગોળ માળા પરથી ઉતાર જેથી બ્રાહ્મણોને ભોજન કરાવું.' તે માળા પર ચઢી કે તરત તેનાવડે નિઃસરણી દૂર કરી દેવાઈ અને સાધુને અંદર બોલાવી સેવથી પાત્રુ ભરવાનું ચાલું કર્યું. આ બાજુ તે ગોળ લઈને માળા પરથી ઉતરવા લાગી પરન્તુ નિઃસરણીને ન જોતા વિમાસણમાં પડી. એટલામાં તે જ સાધુને ઘી-ગોળથી યુક્ત સેવ લેતાં જુવે છે. "અહો ! હું આ સાધુ દ્વારા હરાવાઈ." એ રીતે અભિમાનથી બળતાં હૃદયવાળી તેણે જોર જોરથી 'ન આપો, ન આપો' એમ કોલાહલ કરવા લાગી. સાધુએ તેની સન્મુખ ઉભા રહીને 'મારા વડે તારા નાકની દાંડી પર મુતરાયું' એ શબ્દો કહેવામાટે આંગળીને નાકની દાંડી પરથી પસાર થતી દેખાડી. પાત્રુ ભરીને સાધુ ઉપાશ્રયે ગયા અને બધાંજ સાધુઓને તેણે એ ગોચરી વપરાવી. આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चेल्लओ। ते सव्वे साहूणो भुंजावियत्ति। एवं यो लभ्यते स मानपिण्डो दोषाश्चात्र वनितादेः प्रद्वेषात्मवधादयः प्रवचनोपघातादयश्च ज्ञेया इति गाथार्थः।।६८।।

**अवतरणिका**– उक्तं मानपिण्डद्वारं अथ गाथापूर्वार्द्धेन मायापिण्डद्वारमाह।

**मूलगाथा– मायाए विविहरूवं रूवं आहारकारणे कुणइ।**

**संस्कृतछाया– मायया विविधरूपं रूपमाऽऽहारकारणे करोति।**

**卐 विविधरूपं कृत्वा यल्लभ्यते स मायापिण्डः 卐**

**व्याख्या**– मायया परवञ्चनात्मिकया बुद्ध्या मन्त्रयोगाद्युपायकुशलस्सन् रूपपरावर्त्तनेन विविधरूपं काणत्वकुब्जत्वदोषित्वाद्यनेकस्वभावमन्यान्याकारमिति यावत्। तत्र काणत्वमेकस्याऽक्ष्णो निमील्य सङ्कोचनेन, कुब्जत्वं तु शरीरनमनात्, दोषित्वं त्वङ्गुलीनां दुंदुलीकरणादाकुञ्चनादि वा ज्ञेयमितिरूपं निजशरीरसंस्थानं आहारकारणे मोदकादिनिमित्तं करोति विदधाति यः साधुस्तस्यैवं लब्धपिण्डो

---

રીતે જે પિણ્ડ મેળવાય તે માનપિણ્ડ કહેવાય છે. આમાં પણ પેલી ઈન્દ્રદત્તની પત્ની વગેરે સાધુપર દ્વેષ-ક્રોધ કરે, વધ વગેરે કરે એ સ્વરૂપ સંયમ કે આત્મવિરાધના અથવા પ્રવચન- હિલના સ્વરૂપ પ્રવચનવિરાધના આદિ અનેક દોષો જાણવા.।।૬૮।।

**અવતરણિકા** :- આમ, માનપિણ્ડ દ્વાર કહ્યું. હવે ૬૯ મી ગાથાના પૂર્વાર્ધથી 'मायापिण्ड' દ્વારને કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **मायाए** = માયાથી, **विविहरुवं** = જુદા જુદા પ્રકારના, **रुवं** = રૂપ, **आहारकारणे** = આહાર માટે, **कुणइ** = કરે.।।૬૮૧/૨।।

**મૂળગાથા-ગાથાર્થ** :- પોતાના શરીરના અવયવોમાં ફેરફાર કરવાવડે કાણાપણું, કુબડાપણું વગેરે બતાવવામાં કુશળ સાધુ ગૃહસ્થને ઠગીને અશનાદિ મેળવવામાટે પોતાના રૂપનું પરાવર્તન કરી જે અશનાદિ મેળવે તે માયાપિંડ કહેવાય.।।૬૮૧/૨।।

## • વિવિધ રૂપ કરીને મેળવાય તે માયાપિણ્ડ •

**વ્યાખ્યાર્થ** :- 'मायाए विविहरूवं रूवं' = 'मायया विविधरूपं रूपं' = મન્ત્ર-યોગાદિ ઉપાયોમાં કુશળતાવાળો બીજાને ઠગવા સ્વરૂપ બુદ્ધિથી રૂપપરાવર્તન દ્વારા, કાણા-કૂબડાપણું દોષવાળાપણું સ્વરૂપ પોતાના શરીરનું સંસ્થાન 'आहारकारणे' = 'मोदकादि आहारकारणे' = લાડુ વગેરે આહારની પ્રાપ્તિ નિમિત્તે, 'कुणइ' = 'करोति' = કરે છે. કોણ કરે છે ? તે કહે છે, સાધુ. અહીં, 'काणत्व' = કાણાપણું વગેરે શું છે ? તે કહે છે, એકજ આંખને ખોલ બંધ કરે તે અર્થાત્ એક આંખવાળો તે, 'कुब्जत्व' = કૂબડાપણું એટલે કે શરીર વાંકુ નમેલું હોય. 'दोषित्वं' = દોષવાળાપણું એટલે કે આંગળીઓને ઠૂંઠી કરવી અથવા બિડાયેલી કરવી વગેરેસ્વરૂપ જાણવું.

આ રીતે મેળવેલ પિણ્ડ શું કહેવાય ? તે કહે છે, આષાઢાભૂતિ મુનિની જેમ મેળવેલ એ પિણ્ડ 'માયાપિણ્ડ' કહેવાય છે. આ આષાઢાભૂતિ મુનિની કથા તો મૂળગ્રંથકાર આગળ 'मायाएऽऽसाढभूइ'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मायापिण्डः स्यादाषाढभूतियतेरिव यद्वक्ष्यति 'मायाए साढभूइ'त्ति। तद्ज्ञातं च स्वस्थानत्वादत्रैव ब्रूमस्तच्चेदं यथा-

### 卐 मायापिण्डेऽऽषाढाभूतिचरित्रम् 卐

इहेव जंबुदीवे दीवे दाहिणद्धभरहे धणधन्नसमाउले मगहाजणवए पमुइयंजणसंकुलं अइव रमणिज्जं रायगिहं नाम नयरं होत्था। तत्थ य पडिवक्खमयंगकुंभनिब्भेयणकेसरी पणयसामंतमणिकिरीडमसणियचलणो सीहरहो णाम राया। तत्थय विस्सकम्मो नाम नडो, तस्स य जयसुंदरीतिहुयणसुंदरी नामाउ दुवे दुहियाउ। अन्नया य गामाणुगामं विहरमाणसमणगणपरियरिया धम्मरुइणो नाम सूरिणो तत्थेव नाणादुमसंकिन्ने परमरमणिज्जे गुणशिले चेइए समोसढा, अच्छइ य तेसिं आसाढभूई नाम सीसो वेसभासाइअणेगविन्नाणकुसलो, सो य भिक्खकज्जेण वसहीउ नीहरिओ। संपत्तो भिक्खट्ठं विस्सकम्मुणो गिहं। तत्थय पहाणो एगो मोयगो लद्धो। दुवारे निग्गएण तेण चिंतियं जहा एसो आयरियाण भविस्सइ त्तो अप्पणट्ठा रूवपरावत्तं काउं अन्नं मग्गेमि त्ति काणप्परूवं काउं पुणो पविट्ठो, पुणो मोयगो लद्धो चिंतियमेस उवज्झायाणं भविस्सइ त्ति अप्पणट्ठा अन्नं मग्गेमि त्ति कुज्जप्परूवं

---

એ રીતે કહેવાના છે. પણ અહીંજ અવસર હોવાથી અમો(=ટીકાકાર) એ કથાને હમણાં જ કહીએ છીએ.

### • માયાપિણ્ડવિષયક આષાઢાભૂતિનું ચરિત્ર •

આષાઢાભૂતિ મુનિની કથા.

આ જ જંબુદ્વીપના દક્ષિણાર્ધ ભરતમાં ધન-ધાન્યથી સમૃદ્ધ મગધજનપદમાં આનન્દિત એવા જનસમુદાયથી યુક્ત અને અત્યંતરમણીય એવું રાજગૃહી નામનું નગર હતું. ત્યાં પ્રતિપક્ષી દુશ્મનરૂપ હાથીના કુંભને ભેદવામાં કેસરી-સિંહ સમાન અને નમતા એવા સામંત રાજાઓના મુગટોના મણિના કિરણોથી શોભતા ચરણવાળો સિંહરથ નામનો રાજા હતો. ત્યાં વિશ્વકર્મા નામનો એક નટ હતો. તેને જયસુંદરી અને ત્રિભુવનસુંદરી નામની બે દીકરીઓ હતી. એકવાર ગામાનુગામ વિચરતા સાધુ સમુદાયથી પરિવરેલા ધર્મરૂચિ નામક આચાર્ય ભગવંત તે જ નગરીમાં અનેક વૃક્ષોથી સંકીર્ણ પરમરમણીય એવા ગુણશીલચૈત્યમાં ઉતર્યા. તે આચાર્ય ભગવંતને વેશ-ભાષા વગેરે અનેક પ્રકારના વિજ્ઞાનમાં કુશળ એવા આષાઢાભૂતિ નામે શિષ્ય હતા. તે શિષ્ય ગોચરીના સમયે ભિક્ષામાટે વસતીની બહાર નીકળ્યા. ફરતાં ફરતાં વિશ્વકર્માના ઘરમાં ભિક્ષા મેળવવા પ્રવેશ કર્યો. ત્યાં તેમને એક પ્રધાન = કિંમતી-સુંદર વર્ણ-ગંધ-રસવાળો લાડુ મળ્યો. ઘરથી બહાર નીકળતા દરવાજા પાસે આવતા તેમને વિચાર આવ્યો કે 'આ લાડુ તો આચાર્ય ભગવંતના પાત્રે જશે. તો લાવ, પોતાના માટે = મારા માટે રૂપપરાવર્તન કરીને બીજો માગું.' એટલે કાણાનું રૂપ કરીને ફરી પ્રવેશ કર્યો. ફરી લાડુ મેળવ્યો. આ વખતે પણ વિચારે છે કે 'આ બીજો લાડવો તો ઉપાધ્યાયને જશે. તો લાવ, મારા માટે માંગુ.' એટલે કુબડાનું રૂપ કરીને ફરી પ્રવેશ કર્યો. ફરીવાર લાડુ મળ્યો. આ વખતે ફરી વિચાર કરે છે કે 'આ તો સંઘાટકસાધુને જશે કે જે આજે કારણવશ વસતિમાં જ રહ્યા છે.' ફરીવાર પણ દોષિતનું = લૂલા-લંગડા વગેરે અપંગનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

काउं पुणो पविट्ठो पुण उ मोयगो लद्धो चिंतियमेस संघाडाइल्लसाहुस्स कारणवसेण अज्जं वसहीए चेव ठियस्स भविस्सइ त्ति। तद्दोसियरूवं काउं पविट्ठो, तहेव मोयगो अप्पणट्ठं लद्धो। इउय लोयणट्ठिएण विस्सकम्मुणा सो रूवपरावत्तं कुणंतो दिट्ठो। तउ असरिसतव्विन्नाणसंतुट्ठेण अणेण चिंतियं। जहा सोहणो एस अम्हाणं मज्झ नडो होइ। परं केण उवाएण घेत्तव्वो त्ति चिंतंतेण लद्धो उवाओ जहा दुहियाहि खुहिय घेत्तव्वो त्ति हक्कारावेऊण लड्डुगपत्तभरणेण पडिलाभिओ भणिओ य तुब्भेहिं पइदिणं भत्तपाणगहणेण अम्हं अणुग्गहो विहेयव्वो त्ति। तट्ठाणाउ गओ सो नियवसहिं। तउ नडेण रूवपरावत्ताइयं जाणाविऊण भज्जा भणिया। जहा एसो तए मोयगाइदाणेण तहा उवयरियव्वो दुहियाउ य खोभणत्थं भणियव्वाउ जहा अम्ह वसे हवइत्ति। तउ दिणे दिणे विउलं दाणं तत्थ सो लहेइ। विस्सकम्मुणो भज्जाए रूवपरावत्तकहणपुव्वयं ताउ दुहियाउ भणियाउ। जहा दाणसेणेहहासाइणा तुब्भेहिं तहा कायव्वं, जहा एस तुम्हाणं वसे वट्टइ। ताहिं तहेव कयं। तउ सविलासविप्पोक्खियाईहिं सवियारचेट्ठाहिं नागदमणीहि भुयगमिव तस्स माणसं ताहिं तहा आगरिसियं जहा सो उज्झियमज्जाओ अणुरायवसओ

રૂપ કરીને ફરી પ્રવેશ કર્યો અને પોતાનામાટે લાડુ મેળવ્યો.

આ બાજુ એ જ મકાનના અવલોકનસ્થાન = બારી-ઝરુખો-ગોખલો વગેરે સ્થાન પર રહેલ વિશ્વકર્માએ રૂપપરાવર્તન કરતાં સાધુને જોયા. અસદશ = બીજામાં જોવા ન મળે એવા તે મુનિના વિજ્ઞાનથી સંતુષ્ટ થયેલા તેણે વિચાર્યું કે 'અમારી વચ્ચે જો આ નટ બને તો બહું સારું થાય! પણ કયા ઉપાયથી આને લેવો ?' વિચારણા કરતાં કરતાં ઉપાય મળી આવ્યો કે 'મારી દીકરીઓ દ્વારા ક્ષોભપમાડી આને લઈ લેવો.' તરત મુનિને બોલાવ્યા અને પાત્રુંભરીને લાડવા વહોરાવ્યા અને કહ્યું 'તમારે રોજ અમારા ઘરેથી ભાત-પાણી ગ્રહણ કરી અમારા પર અનુગ્રહ કરવો.' તે સ્થાનેથી નીકળી મુનિ પોતાની વસતિમાં ગયાબાદ નટે મુનિનું રૂપપરાવર્તન વગેરે જણાવીને પત્નીને કહ્યું કે 'તારે લાડુ વગેરે દાનથી આગતા-સ્વાગતા કરવી અને બન્ને દીકરીઓને તેવી રીતે ક્ષોભ પમાડવા કહેવું કે જેથી એ સાધુ આપણને વશ થાય.' તે દિવસથી રોજ વિપુલદાન તે ઘરથી તે મુનિ મેળવે છે. વિશ્વકર્માની પત્નીએ પણ મુનિના રૂપપરાવર્તનની વાત કહેવાપૂર્વક તે બન્ને દીકરીઓને કહ્યું 'દાન વખતે સ્નેહ, હાસ્યાદિ દ્વારા તમારે બન્નેએ એવું કરવું કે જેથી એ તમારે વશ થાય. તે બન્નેએ તે જ પ્રમાણે કર્યું. એટલે કે, વિકારવાળી ચેષ્ટાઓવડે નાગદમણીવડે સાપની જેમ મુનિનું મન તે બન્નેએ તેવી રીતે આકર્ષ્યું કે તે મુનિએ મર્યાદારહિત બનીને અનુરાગવશ બની હાંસી-ઠઠ્ઠા-મશ્કરી વગેરે કરવાનું ચાલુ કર્યું. એમાં એક દિવસ તે બન્ને છોકરીઓએ એકાંતમાં મુનિને કહ્યું 'અમે તમારા પર અનુરાગવાળી થયા છીએ અમને પરણીને ભોગવો.' આ વખતે તે મુનિનું ચારિત્રમોહનીયકર્મ ઉદીર્ણ થયું, ગુરુનો ઉપદેશ ઓસરી ગયો-વિવેક નાશપામ્યો, કુળનું અભિમાન નાસી ગયુ. મુનિએ કહ્યું 'એમ થાઓ, પરન્તુ આ સાધુપણાનું ચિહ્ન = લિંગ રજોહરણ ગુરુને સમર્પણ કરીશ.' મુનિ ગુરુ પાસે ગયા, નમન કરીને પોતાનો અભિપ્રાય જણાવ્યો. ગુરુએ આશ્ચર્ય સાથે કહ્યું "હે વત્સ ! જેના બન્ને કુલ ઉત્તમ છે, જે વિવેકના રત્નાકર = સમુદ્ર છે, બધા સૂત્રોના અર્થોને ભણેલા છે એવા તમારા જેવાને ઉભયલોકને ગર્હણીય-નિન્દનીય એવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ताहिं समं परिरंभणपरिहासाइयं काउमाढत्तो। तउ अन्नदिणे तेहिं एगंते भणिओ जहा तुज्झाणुरत्ताउ अम्हे परिणियं भुंजसु त्ति। इत्थंतरे उइन्नं तस्स चारित्तावरणिज्जं, गलिओ गुरूवएसो, पणट्ठो विवेगो, दूरिहूओ कुलाभिमाणो त्ति। भणियं एवं हवउ। परं लिगं गुरूणं समप्पेमि। गओ गुरुसगासं। पणमिऊण कहिओ निययाभिप्पाओ। गुरूहिं भणियं वच्छ ! तुम्हारिसाणं उभयकुलविसुद्धाणं विवेगरयणायराणं अवगाहियसयलसुत्तत्थाणं नहु एरिसं उभयलोगगरहणिज्जं समायरिउं जुत्तं। तहा हि-

उत्तमकुलसंभूओ उत्तमगुरुदिक्खिओ तुमं वच्छ !। उत्तमपगईय तुमं कह सहसा ववसिओ एयं।।१।।

अविय दीहरसीलं, परिवालिऊण विसएसु वच्छ मा रमसु। को गोपयंमि बुड्डइ उदहिं तरिऊण बाहाहिं।।२।।

इच्चाइ, तेण भणियं भयवं ! एवमेयं किंतु- विहुरीकयं मे हिययं ताहिं उत्तट्ठहरिणनयणाहिं। तउ गुरूहिं तन्निबंधं नाउ भणियं जहा- जिणसाहूचेइयाणं भत्तिपरो सम्मत्तनिच्चलो य हवेज्जासि त्ति। तउ रओहरणमुहपोत्तियं अग्गए मोत्तुं पाए नमिउं पुज्जाणं कहं पिट्ठी दिज्जइ त्ति पच्छिममुहेहिं पाएहिं

---

આ કાર્ય કરવું યોગ્ય નથી. તેમજ હે વત્સ ! તમે તો ઉત્તમકુળમાં જન્મેલા છો, ઉત્તમગુરુદ્વારા દીક્ષિત થયા છો, તમારી પ્રકૃતિ = સ્વભાવ પણ ઉત્તમ છે. આવું એકાએક શું બની ગયું ?. વળી, લાંબા સમય સુધી શીલને પાળ્યાબાદ હે વત્સ ! હવે વિષયોમાં ન રમીશ. અરે ! સમુદ્રને પોતાના બાહુથી તરીને કોણ ખાબોચીયામાં ડૂબી જાય ?" ઈત્યાદિ અનેક હિતોપદેશની વાતો કરીને મુનિને સમજાવ્યા. આષાઢાભૂતિએ કહ્યું "હે ભગવન્ ! આપની વાત સાચી છે. પરન્તુ ઉદ્ભટ અને હરણસમાન આંખોવાળી નટડીઓએ મારું હૃદય હરી લીધું છે." ગુરુએ એનો એ અંગેનો આગ્રહ જાણીને છેવટે કહ્યું "જિનેશ્વર પ્રભુના સાધુ અને ચૈત્યને વિશે ભક્તિવાળો બનજે. સમ્યક્ત્વમાં નિશ્ચલ બનજે." મુનિએ રજોહરણ અને મુહપત્તી ગુરુની આગળ મૂક્યા. પૂજ્યોના ચરણે પ્રણામ કરીને 'આ પૂજ્યોને પીઠ શે બતાવાય ?' એમ પાછલા પગે = પૂંઠ ન પડે એ રીતે વસતિમાંથી નીકળી વિશ્વકર્માના ભવનમાં ગયા. તે બેની સાથે પરણ્યો. વિશ્વકર્માએ તે બન્નેને ચેતવણી આપી "તમારામાં રક્ત બનીને કામચેષ્ટા કરનાર આ મુનિ સંયમ છોડી દેવા તૈયાર થયા અને તમને પરણ્યા. આવી અવસ્થા પામ્યા હોવા છતાં એમને ગુરુની યાદ આવી. એ બતાવે છે કે ઉત્તમગુણવાળા = ઉત્તમપ્રકૃતિના છે. માટે તમારે દારું વગેરે અશુચિપદાર્થોનો ત્યાગ કરી સારી રીતે = સજ્જનને શોભે એવા આચારોવડે રહેવું. નહીંતર એ ફરી વૈરાગી બની જશે."

હવે બહોંતેર કળામાં કુશળ તે આષાઢાભૂતિ અનેક પ્રકારના વિજ્ઞાનો દ્વારા બધા નટોની વચ્ચે મુખ્યનટ બન્યો. વિપુલ ધન, વસ્ત્ર, આભરણ આદિ મેળવે છે.

એકવાર રાજાએ આજ્ઞા કરી કે જેમાં એક પણ મહિલા ન હોય એવું નાટક આજે કરો. એટલે બધી સ્ત્રીઓને મૂકીને આષાઢાભૂતિ વગેરે બધાં નટો રાજાની સભામાં ગયા. 'આજે આપણા ધણીનો વિરહ છે' એમ વિચારી આષાઢાભૂતિની પત્નીઓ દારુ પીને ઉન્મત બનીને વસ્ત્ર વિનાની = અર્ધ નગ્ન = ઉપરના વસ્ત્ર વિનાની બનીને મકાનના ઉપરી માળ પર સુતેલી પડી રહી. આ બાજુ રાજસભામાં પર-રાજ્યનો દૂત આવ્યો, તેથી રાજાનું ધ્યાન ડહોળાઈ ગયું એટલે નાટકમાં ભંગાણ પડ્યું. 'આ અવસર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वसहीए निग्गंतूण गओ विस्सकम्मभवणं, परिणीयाउ ताउ, विस्सकम्मुणा भणियाउ जहा जेण एयावत्थंगएणावि गुरुणो सुमरिया सो उत्तमपगई एसो ता मज्जपाणाइ असुइपरिहारेण तुब्भेहि अच्छेयव्वं। अन्नहा विरज्जिहिई। सो य आसाढाइभूई बावत्तरीकलाकुसलो अणेगेहिं विन्नाणेहिं सव्वेसिं नडाणं मज्झे पहाणो नडो जाओ। पभूयदविणवत्थाभरणाइयाइ लहेइ। अन्नया य अज्ज निम्महिलं नाडयं नच्चियव्वं ति आइट्ठा नडा राइणा, तउ इत्थियाउ सव्वाउ गिहे मोत्तुं नडा सव्वे आसाढभूयपमुहा राउलं गया। आसाढभूइभज्जाहि अज्ज विरहोत्ति मज्जं पीयं मत्ताउ विगयवत्थाउ माले पडियाउ चिट्ठंति। इउ य राउले परराइणो दूओ आगओ त्ति राइणो विक्खेवो जाओ। अणवसरो त्ति नडा झडत्ति नियत्ता। सट्ठाणेसु आगया। आसाढाभूइ य जाव नियमाले चडिओ, ताव दिट्ठाउ ताउ विवत्थाउ बीभच्छाउ गडयडंतीउ लुट्टंतकुंतलकलावाउ य सरियदुग्गंधाउ वमियमयगंधायड्ढियभिणिभिणिंत-मच्छियछन्नसरीरदुपेच्छा विडंबियदुविक्खित्तचरणबाहाउ। तउ गरुय-संवेगमुवगओ चिंतिउं पवत्तो। जहा अहो मे मूढया ! अहो मे निव्विवेवया ! अहो मे दुव्विलसियं ! जं एयारिसाणं असुईभूयाणं नरगहेऊणं

---

नथी' એમ સમજી નટો જલ્દીથી પાછા ફર્યા અને પોત-પોતાના સ્થાનમાં આવી ગયા. આષાઢાભૂતિ પણ પોતાના માળ પર ચઢ્યો અને વસ્ત્રરહિત, બિભત્સ, નશામાં બબડતી, નીચે આલોટતા વાલવાળી, શરીરમાંથી દુર્ગંધ આવતી, દારુંની ઉલ્ટીને લીધે ખેંચાયેલી ભણભણતી માખીઓથી વ્યાપ્ત શરીરવાળી અને દુઃખે કરી જોઈ શકાય એવા અસ્તવ્યસ્ત પ્રસારેલ હાથ-પગવાળી તેણીઓ જોવાઈ. આ દૃશ્યથી અત્યંતસંવેગવાળા બનીને વિચારવા લાગ્યા કે 'અહો ! મારી મૂઢતા ! અહો ! મારું અવિચારીપણું ! અહો ! મારું ખોટુંઆચરણ ! આવી અશુચિવાળી, નરકની હેતુભૂત નટડીઓ માટે પવિત્ર અને મોક્ષસુખને આપનાર એવું ચારિત્રપણું છોડ્યું, અમૃતમય એવા શ્રુતધર્મનો નાશ કર્યો = મારા ભણતરને લેખે ન લગાડ્યું, બધાંજ સુખોના આવાસભૂત એવો ગુરુકુલવાસ મૂક્યો. વળી,

**निर्व्वाणादिसुखप्रदे नरभवे जैनेन्द्रधम्मान्विते, लब्धे स्वल्पमचारुकामजसुखं नो सेवितुं युज्यते ।**
**वैडुर्यादि-महोपलौघनिचिते प्राप्ते च रत्नाकरे, लातुं ह्रस्वमदीप्तिकाचशकलं किं सांप्रतम् साम्प्रतम् (= उचितम्) ।।१।।**

મોક્ષ વગેરે સુખને આપનાર, જૈનધર્મથી યુક્ત એવો નરભવ પામીને અત્યંતતુચ્છ અને અસુંદર એવું કામસુખ સેવવું એ યોગ્ય નથી. વૈડુર્ય વગેરે મહારત્નોનો ઢગલો પ્રાપ્તકર્યાબાદ, નાનો અને દીપ્તિ વિનાનો કાચનો કટકો ગ્રહણ કરવો હવે શું યોગ્ય = ઉચિત છે ? અર્થાત્ નથી જ.

જોકે હજુયે મારી ભવિતવ્યતા અનુકૂળ છે, હજું કાંઈ બગડી ગયું નથી. કારણ કે યુદ્ધમાં ભ્રષ્ટ થયેલો સુભટ પણ પાછો ફરીને, ફરી પણ દુશ્મનના સૈન્યને જીતે છે. તો હું હમણાંજ યોદ્ધાની જેમ ફરી એજ મારા ગુરુદેવ પાસે જઈને ચારિત્ર સેવું." એમ વિચારીને માળ પરથી નીચે ઉતરવા લાગ્યા. વિશ્વકર્માએ આષાઢાભૂતિને જોયા અને ઈંગિતઆકાર = શરીરના હાવભાવ વગેરેથી સમજી ગયો કે "આ તો વૈરાગી થયો છે." તરત શંકિતમનથી આષાઢાભૂતિના વાસભવનમાં જઈને વસ્ત્ર વિનાની પુત્રીઓને જોઈને તેમને ઉઠાડી અને ઠપકારી કે "અરે લક્ષણવિનાની તમે આ શું કર્યું ? નિધાનસમાન તમારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कए तारिसं सुईभूयं निव्वाणसुहजणयं चारित्तइयमुज्झियं, अमयभूओ सुयधम्मो पणासिओ। सयल-सोक्खावासो मुक्को गुरुकुलवासो। अविय

'निर्व्वाणादिसुखप्रदे नरभवे जैनेन्द्रधर्म्मान्विते, लब्धे स्वल्पमचारुकामजसुखं नो सेवितुं युज्यते।
वैडुर्यादिमहोपलौघनिचिते प्राप्ते च रत्नाकरे, लातुं ह्रस्वमदीप्तिकाचशकलं किं सांप्रतं साम्प्रतम्।।१।।

इत्यादि। परं अज्जवि अणुकुला मे भवियव्वया। अज्जवि न किंपि नट्ठं जउ नट्ठोवि सुहडोवि णिअत्तिऊण पुणरवि परबलं जिणइ। ता इण्हिं चेव गुरूणं सगासे गंतूण चारित्तं सेवेमित्ति चिंतिय नीहरिओ मालाउ। दिट्ठो विसकम्मुणा इंगियागारेहिं लक्खिओ। जहा विरत्तो एसो तउ आसंकियचित्तेण तव्वासभवणे गएण गयवत्थाउ ताउ दट्ठूण उट्ठविऊण निभच्छियाउ धूयाउ निल्लक्खणाउ किमेवं तुब्भेहि विलसियं। निहाणभूओ तुब्भाणं भत्ता विरतो गच्छइ त्ति। ता जइ नियत्तावेउं सक्कह ता नियत्तावेह। अह न सक्कह ता पजीवणं मग्गह त्ति। तउ ताउ ससंभंताउ परिहियनियवसणाउ गच्छंतस्स तस्स पाएसु लग्गाउ। सामिय ! एगं अवराहं खमिऊण नियत्तह मा अम्हे अणुरत्ताउ भत्ताउ अणाहाउ चयसु। जउ दोसपरे वि जणे साहुणो खंतिपरा हवंति त्ति इच्चाइ भणिउमाढत्ताउ। तेण भणियं मा

ભર્તાર વૈરાગી થઈને જઈ રહ્યા છે. જો તમે એમને વારી શકો તો વારો, જો ન વારી શકો તો આજીવિકા માંગો." સંભ્રમપૂર્વક બન્ને ઉઠી. પોતાના વસ્ત્રો પહેરીને જતા એવા પતિના પગમાં પડી. "હે સ્વામી ! આ એક અપરાધની ક્ષમા આપીને પાછા વળો. ભર્તાર પ્રતિ રક્ત એવી અમોને અનાથપણે ના છોડશો. કારણ કે દોષવાળા લોકની ઉપર પણ સજ્જનો તો ક્ષમાવાળા જ હોય છે." ઈત્યાદિ બોલવા લાગી. આષાઢાભૂતિએ કહ્યું, "હવે કાંઈ પણ બોલશો નહિ. હું વૈરાગી બન્યો છું. પ્રાણના ભોગે પણ હું અહીં રહીશ નહિ, કારણ કે, जउ **जइ सरिस-सल्लइ-दलं विंज्झगिरिं उज्झिऊण करिकलहो। अप्पत्त-ज्जुन्नघासंपि कहावि पामरगिहं पत्तो।।१।। ता किं तत्थेव रइं सो बंधइ, सुमरिऊण विंज्झं च। चलिओ किं विणियत्तइ बहुयाहिवि, पत्थणाहिं तहा।।२।।**

સારા-સુંદર-શ્રેષ્ઠ સલ્લકી નામક ઘાસના સમૂહવાળા વિંધ્યપર્વતને છોડીને મદનીયું, જ્યાં જૂનું અર્જુન ઘાસ પણ ન મળે એવા કોક પામરના ઘરે જઈ ચઢ્યું. તો શું તે ત્યાંજ રતિ પામે ? = ન જ પાંમે. તેમજ, વિંધ્યપર્વતને યાદ કરી એ તરફ ચાલે તો શું ઘણી-ઘણી પ્રાર્થનાઓ દ્વારા પણ પાછું વળે ? = ન જ વળે.

બન્ને પત્નીઓએ પતિદેવનો દઢનિર્ધાર જાણીને કહ્યું "જો એમ જ હોય તો અમારી આજીવિકા કરી આપો." "ભલે એમ થાઓ" એમ દાક્ષિણ્યથી એ બન્નેનું વચન સ્વીકારીને આષાઢાભૂતિ પાછા ફર્યા. માત્ર સાત જ રાતમાં ભરતચક્રવર્તીના ચરિત્રને પ્રકાશતું "**राष्ट्रपाल**" નામનું નાટક રચ્યું. આષાઢાભૂતિના કહેવાથી વિશ્વકર્માએ સિંહરાજાને વિનંતિ કરી કે "હે દેવ ! આષાઢાભૂતિ દ્વારા "રાષ્ટ્રપાલ" નામક અપૂર્વ નાટક રચાયું છે. તેમનું એ નાટક ભજવાવવા યોગ્ય છે." રાજાએ કહ્યું "મારી સામે તે નાટક જલ્દીથી ભજાવો." વિશ્વકર્માએ કહ્યું "હે દેવ ! એ નાટક ભજવવા માટે મોટી સામગ્રી જોઈશે." રાજાએ કહ્યું "જે કાંઈપણ જોઈશે તે હું મેળવી આપીશ." નટે કહ્યું "હે દેવ !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

किंपि भणह विरत्तो हं। न इमं पाणच्चए वि इण्हिं हवइ त्ति। जउ जइ सरिससल्लइदलं विंझगिरिं उज्झिऊण करिकलहो। अप्पत्तज्जुन्नघासं पि कहावि पामरगिहं पत्तो।।१।।

ता किं तत्थेव रइं सो बंधइ, सुमरिऊण विंझं च। चलिओ किं विणियत्तइ बहुयाहि वि, पत्थणाहिं तहा।।२।।

तउ निबंधं नाउं ताहिं एवं, जइ एवं ता, पजीवणं कुणसुत्ति दक्खन्नयाए एवं हवउ त्ति पडिवज्जिय नियत्तिऊण भरहचक्कवट्टिस्स चरियपसाह(यासगं)रट्ठवालं नाम नाडयं रइयं सत्तरत्तेण। विन्नत्तो तब्भणिएण विस्सकम्मुणा सीहराया जहा- देव! आसाढभूइणा रट्ठवालयं नाम नाडयं अपुव्वं रइयं। तं नच्चियव्वं। रन्ना वुत्तं सिग्घं तं मह पुरउ नच्चेह, नडेण वुत्तं। देव महा-सामग्गीए तं नच्चेयव्वं। रन्ना वुत्तं जं किंपि भणह तमहं संपाडेमि। नडेण भणियं देव तत्थ दढपइन्नेहि आयरियविभूसिएहिं पंचहि रायउत्तसयेहिं कज्जं ता, पसाई किज्जंतु, ताणि राइणा दिन्नाणि। ताणि आसाढभूइणा भणियाणि जहा जं अहं करेमि तं तुब्भेहिं वि कायव्वं। तहत्ति तेहिं पडिवन्नं ते सिक्खविया नट्टविहा। तउ अप्पणा इक्खागुवंसुब्भवो भरहचक्कवट्टी ठिओ रायपुत्ता पुण तस्स पाइक्का कया। तउ जहा भरहेण सट्ठीवाससहस्सेहिं छखंडभरहं साहियं। जहा चोद्दसरयणाणि नवमहानिहीउ य पत्ताउ। जहा बारहवरिसिओ महारज्जाभिसेओ। जहा

દૃઢપ્રતિજ્ઞાવાળા, આચારથી વિભૂષિત = સુંદરઆચારવાળા ૫૦૦ રાજપુત્રો જોઈશે. તેઓને મેળવી આપવા કૃપાવંત થશો." રાજાએ વચન પ્રમાણે ૫૦૦ રાજપુત્રો આપ્યા. એ ૫૦૦ રાજપુત્રોને આષાઢાભૂતિએ કહ્યું "જે હું કરું તે તમારે પણ કરવું." "આપ જેમ કહો તેમ" એમ બધાએ વાતને સ્વીકારી. આષાઢાભૂતિએ તેઓને બધીજ નાટકની વિધિ બતાવી. નાટકમાં પોતાને ઈક્ષ્વાકુકુળમાં ઉત્પન્નથયેલ ભરતચક્રવર્તી તરીકે સ્થાપીને શેષ ૫૦૦ રાજપુત્રોને પોતાના पदाति = પાયદળસેના તરીકે ગોઠવ્યા. જે રીતે ભરતચક્રવર્તીએ ૬૦,૦૦૦ વર્ષે ભરતક્ષેત્રના ૬ ખંડ સાધ્યા, જે રીતે ૧૪ રત્નો અને ૯ મહાનિધિ મેળવ્યા, જે રીતે ૧૨ વર્ષ સુધી મહારાજ્યાભિષેક ચાલ્યો, જે રીતે અનુત્તર કામભોગો ભોગવ્યા, જેવી રીતે સમૃદ્ધિથી હર્યું ભર્યું રાજ્ય પાળ્યું, તે જ રીતે બધુંય નાટકમાં બતાવ્યું. એમાં લગભગ તે બધા પ્રસંગો અભિનય કરવાદ્વારા એવા હુબહૂ રજુ કર્યા કે જેથી રાજા અને નગરના લોકોએ તે પ્રસંગોથી હરાયેલા ચિત્તવાળા બનીને = નાટકના રંગમાં રંગાઈ જઈને પોતાનું એક પહેરણ છોડીને બાકીના તમામ વસ્ત્ર-આભૂષણો રંગભૂમિ પર ઉડાડ્યા = ઉછાળ્યા = ન્યોછાવર કર્યા. એક મોટો સોનાના દાગીનાનો ઢગલો થઈ ગયો. તે બધા વસ્ત્ર આભૂષણોને જયસુંદરી અને ત્રિભૂવનસુંદરીને આજીવિકા પેટે આપ્યા. હવે, અત્યંત આકર્ષિત થયેલા ચિત્તવાળા રાજા અને પ્રેક્ષકોને જોઈને તે આષાઢાભૂતિ નટ આરિસાભવનમાં પેઠા. ત્યાં, જે રીતે ભરતચક્રી શરીરને જુએ છે, આંગળી થકી એક રત્નની વીંટી પડી, એ આંગળીને શોભા વિનાની જુએ છે, ધીરે ધીરે એક એક કરીને બધાંજ આભૂષણો કાઢવા લાગ્યા, કમળો ઉખેડી નાંખ્યા બાંદના સરોવરની જેમ પોતાની ફીકી કાયાને જોઈને સંવેગ પામેલાને કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે. વળી, જે રીતે ૫૦૦ રાજપુત્રોના સમૂહથી વીંટળાયેલા ભરતચક્રી સાધુનું દ્રવ્યલિંગ = રજોહરણાદિને ગ્રહણ કરી પંચમુષ્ટિ લોચ કરીને ઘરથી બહાર નીકળી ગયા. તે જ રીતે આષાઢાભૂતિ પણ ૫૦૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अणुत्तरा कामभोगा भुत्ता। जहा समिद्धं रज्जं परिपालियं, तहा सव्वं दरिसियं तं च कहकहवि साभिनयंतेण सच्चवियं। जहा राइणा पउरलोगेण य दढं हयहियएण परिहाणं एगं मोत्तुं सेसाणि वत्थाभरणाणि सव्वाणि वि बहुवाडए खित्ताणि। जाओ य अइमहप्पमाणो कणयस्स रासी। तं च वत्थाभरणाइयं सव्वं जयसुंदरीतिहुयणसुंदरीण पजीवणं जायं। तउ पुणो वि सो नडो अइअक्खित्तचित्तं सपरियणं रायाणं पासिय जहा भरहो आयंसगिहं पविट्ठो तत्थ सरीरं पलोयंतो जहा अंगुलीए रयणपडणेण विसोहो दीसिउं पव्वत्तो तउ सव्वाभरणविमोक्खणेण उव्विणियपउमं पउमसरं पि व विसेसउविच्छायसरीरं पासिय संवेगमुवगयस्स केवलनाणे समुप्पन्ने। जहा कयपंचमुट्ठिलोओ गहिय-दव्वलिंगो रायपुत्तविंदपरिवुडो गिहाउ निग्गओ। तहा अप्पणा पंचहि पत्तस्सएहिं सहिओ समणलिंगं घेत्तूण पंचमुट्ठियं लोय काऊण रन्नो धम्मलाभं दातुं रंगमज्झाउ निगन्तु पयट्टो। तउ किमेयं ति जंपमाणेण राइणा अच्चंतं विम्हियाहिं देवीहि य वारिउमाढत्तो। तेण भणियं किं भरहो ग(हि)यदिक्खो नियत्तो जेणाहं नियत्तामि त्ति। तउ भावं नाऊण मुक्को, गओ सपरिवारो गुरुसमीवं। ते वि पंचरायपुत्तसया लज्जाए कुलाभिमाणेण सच्चपइन्नत्तणउ गहियदिक्खा ठिया। पच्छा सव्वेसिं भावओ वि परिणया। अन्ने भणंति ते पंचसए सिस्सत्तेण काऊण सयमेव गुरुत्तेणं पडिवज्जितु अणुट्ठाणं

પાત્રો (રાજપુત્રો)ની સાથે શ્રમણલિંગ ધારણ કરીને પંચમુષ્ઠિ લોચકરીને રાજાને ધર્મલાભ આપીને રંગમંડપથી નીકળવા જાય છે. ત્યાં જ "અરે, આ શું ? આ શું ? એમ બોલતા રાજાએ અને અત્યંતવિસ્મિત-બનેલી રાણીઓએ નીકળી જતા એવા તેઓને વારવા પ્રયત્નો કર્યા. આષાઢાભૂતિએ કહ્યું "શું દીક્ષા લીધેલ ભરતચક્રી પાછા ફર્યા હતા ? તે હું પાછો ફરું ?" રાજાએ આષાઢાભૂતિના કહેવાના ભાવને સમજી જઈ રજા આપી. ૫૦૦ ના પરિવારવાળા આષાઢાભૂતિ ગુરુ પાસે ગયા અને દીક્ષા લીધી. 'હું કરું તેમ કરવું' એવી શરતની કબૂલાત પ્રમાણે તે ૫૦૦ રાજપુત્રોએ પણ લજ્જાથી અને કુળના અભિમાનથી સત્યપણે પ્રતિજ્ઞા બજાવવા દ્વારા દીક્ષા લીધી. આષાઢાભૂતિ તો ભાવથી પણ સાધુ થયાજ હતા પરન્તુ આ ૫૦૦ રાજપુત્રો હાલ દ્રવ્યથી દીક્ષા ગ્રહણકરેલી તેઓ બધા પણ પાછળથી ભાવસાધુતાથી પરિણત થઈ ગયા = ભાવસાધુ થઈ ગયા. આષાઢાભૂતિ મુનિ તીવ્રસંવેગપૂર્વક સાધુના અનુષ્ઠાનોનું પાલન કરીને સદ્ગતિ પામ્યા.

અહીં કેટલાક આચાર્યોનું કહેવું છે કે, 'આષાઢાભૂતિએ તે ૫૦૦ રાજપુત્રોને પોતાના શિષ્યો કરી જાતે ગુરુ બનીને સાધુપણાના અનુષ્ઠાનોમાં પ્રવૃત્ત થયા.'

આ બાજુ, આષાઢાભૂતિએ રચેલ ભરતચક્રીનું નાટક વિશ્વકર્માએ કુસુમપુરમાં ભજવ્યું ત્યાં પણ અનેક લોકો પ્રવ્રજિત થયા. 'અરે ! આ પ્રમાણે જો દીક્ષા લેવાનું ચાલુ રહેશે તો જતાં દિવસોમાં બધા પ્રવ્રજિત થઈ જશે તો પછી અમારા રક્ષક જ કોઈ થશે નહિ." એમ વિચારી નગરના લોકોએ તે નાટક પર પ્રતિબન્ધ મૂકી દીધો.

આ કથાનકમાં આષાઢાભૂતિએ જે રીતે લાડવા લીધા, એ માયાપિણ્ડ છે. જે યતિઓને અકલ્પ્ય છે. પરન્તુ ગ્લાન, તપસ્વી, પ્રાઘૂર્ણક, સ્થવિર આદિ સાધુ માટે, તેમજ કોક આવી પડેલ સંઘના કાર્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

काउं पयट्टो त्ति। तउ सो तिव्वसंवेगवसाउ अणुट्ठाणं काऊण सुगइं संपत्तो त्ति। तं च नाडयं विस्सकम्मुणा कुसुमपुरे नच्चियं। तत्थवि अणेगे लोगा पव्वइया। मा एवं पव्वयंता वच्चंतेहिं दिणेहिं सव्वे पव्वइस्संति त्ति। ता अम्हाणं रक्खगा न भविस्सति त्ति नागरिएहिं तं नाडयं दड्ढंतित्ति। अयं मायापिण्डो यतीनामकल्प्यो, ग्लानक्षपकप्राघूर्णकस्थविरसङ्घकार्यादिप्रयोजनोत्पत्तौ चापवादेन गृह्यते। यद्यपि चात्र लोभवशादेव मायया विविधरूपकरणाल्लोभव्यापारोप्यस्ति, तथाप्यत्र प्राधान्येन मायाया एव विवक्षितत्वात्तद्व्यपदेशेनेदं ज्ञातं दर्शितं।

**अवतरणिका**– उक्तं मायापिण्डद्वारमथ लोभपिण्डद्वारं गाथापश्चार्द्धेनाह।

**मूलगाथा– गिण्हिस्समिमं निद्धाइ, तो बहु अडइ लोभेण।।६९।।**

**संस्कृतछाया– ग्रहीष्यियिदं स्निग्धादि, ततो बह्वटति लोभेन ।।६९।।**

**卐 स्निग्धादिग्रहणार्थं बह्वटति तल्लोभपिण्डः 卐**

**व्याख्या**– अद्याहं ग्रहीष्ये आदास्ये लभ्यमानस्तु लोभधृष्टाद्यपेक्षया, इदं हृदयं कल्पनाप्रत्यक्षमपरं शोभनास्वादं तदेवाह। स्निग्धादि, सिंहकेसरमोदकघृतपूर्णप्रभृतिकमेवावधारणमध्याहार्यं, ततस्तस्मात्कारणादेतद् विचिन्त्येत्यर्थः। बहु प्रचुरं निजोदरपूर्तेर्वाधिकमटति गृहेषु भ्राम्यति केनेत्याह लोभेन रसगृद्ध्या, ततो लोभाध्यवसायवता साधुना यदीप्सितं लभ्यते तल्लोभपिण्डः स्यात् सिंहकेसरयतेरिव,

---

વગેરે પ્રયોજન ઉપસ્થિત થયે અપવાદથી માયાપિણ્ડ ગ્રહણ કરી શકાય છે.

જોકે, કથાનકમાં આષાઢાભૂતિએ લોભ વશ થઈને જ માયાપૂર્વક અલગ અલગ રૂપ કર્યા હોવાથી લોભવ્યાપાર પણ છે જ. છતાં ય અહીં માયાનું જ પ્રધાનપણું હોવાથી લોભની વાત ગૌણ કરીને આ માયાનું દૃષ્ટાંત બતાવ્યું છે.।।૬૮૧/૨।।

**અવતરણિકા** :- આ પ્રમાણે 'માયાપિણ્ડ'દ્વારા કહ્યું હવે 'લોભપિણ્ડ'દ્વારને ગાથાના પશ્ચાર્ધવડે જણાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **गिण्हिस्सं** = ગ્રહણ કરીશ, **इमं** = આ, **निद्धाइ** = સ્નિગ્ધ પદાર્થો, **तो** = તે કરણથી, **बहु** = ઘણું, **अडइ** = ફરે, **लोभेण** = લોભથી.।।૬૯।।

**મૂળગાથા-ગાથાર્થ** :- રસની ગૃદ્ધિથી સિંહકેશરીયા લાડુ, ઘેબર આદિ મિષ્ટાન્ન મળે તો લેવા એમ નિશ્ચિત કરી તે મેળવવા માટે ગોચરચર્યામાં ઘણું પર્યટન કરીને સાધુ જે મેળવે તે લોભપિંડ કહેવાય.।।૬૯।।

**• સ્નિગ્ધ વગેરેને મેળવવા ઘણું ફરે તે લોભપિણ્ડ છે •**

**વ્યાખ્યાર્થ** :- 'गिण्हिस्सम् इमम्' = 'ग्रहीष्ये इदं' = આજે હું આ સારું ગ્રહણ કરીશ. એટલે કે, જે મળતું હોય = જે હાજર હોય એના કરતાં પણ, લોભથી વ્યાપ્ત મન = ધિટ્ઠાઈ આદિના કારણે જે હાજર નથી એવું માત્ર કલ્પનાપ્રત્યક્ષવાળું (એટલે કે કેવું મજાનું હશે ? કેવો અદ્ભૂત સ્વાદ હશે ? વગેરે માત્ર કલ્પનાથી દેખાતું) આ સારું-સુંદર સ્વાદવાળું દ્રવ્ય જ ગ્રહણ કરીશ, સુંદર સ્વાદવાળું તે શું ? તે કહે છે, 'निद्धाइ' = 'स्निग्धादि' = મીઠાઈ વગેરે જ, અહીં 'સ્નિગ્ધ મીઠાઈ' શબ્દથી સિંહકેસરી લાડુ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यद्वक्ष्यति 'लोभे केसरयसाहु'त्ति। तदुदाहरणमपि स्वस्थानत्वादत्रैव ब्रूमः, तच्चेदं यथा–

**卐 लोभपिण्डे सिंहकेसरयति - दृष्टांतः 卐**

'चंपाए खवगरिसी अहन्नया मोयगूसओ जाओ। तं दट्ठुं पारणए सो साहू गिण्हइ पइन्नं।।१।।
जह अज्ज मया सव्वं सेसं असणाइयं परिहरित्ता। विउलं पि लब्भमाणं, घेत्तव्वा मोयगा चेव।।२।।
ते वि सिंहकेसर-नामा जे मोयगा इह पसिद्धा। सुबहुं पि भमिउं, ते घेत्तव्वा न उण सेसा।।३।।
हियएण संपधारियमेवं लोलयाए सिग्घयरो। भिक्खट्ठमणुपविट्ठो, पुरिमड्ढं जाव परिअडिओ।।४।।
तेसिं अट्ठाय मुणी, तहवि न लद्धा इमेण ते कहविं। तो न य नियत्तिओ सो, गिहाणुगेहं परिब्भमइ।।५।।
गेहंमि तउ पत्ते, तस्स दुवारे भणिज्जमाणस्स। ठाणे, उ धम्मलाभस्स सिंहकेसर य इइ भणइ।।६।।
सयलं पि दिणमईयं, परिभमंतस्स जाव रयणीवि। संपत्ता नो नाया, पणट्ठचित्तेण किं बहुणा।।७।।
रयणीए पहरदुगे, एवमडंतो कमेण संपत्तो। सावयगिहंमि एसोऽसत्थचित्तो (मोअग)त्ति।।८।।
मुणिणो चोयणहेउं, वुत्तं तो सावगेण जह भयवं। पुन्नो नवत्ति एसो, जो पुरिमड्ढो मए य पकओ।।९।।

ઘેબર વગેરે જ લેવા અધ્યાહારથી જકાર સમજવો. 'तो' = 'ततः' = તે કારણસર 'एतद् विचिन्त्य' = આવું વિચારીને. એટલે કે ઉપરોક્ત પ્રમાણે વિચારીને 'बहु' = 'प्रचुरं' = ખૂબ. અર્થાત્ ભાત જેવી કોક વસ્તુનો ત્યાગ કરીને, કોક ભાવતી વસ્તુ મેળવવા વધારે, અથવા તો પોતાનું પેટ ભરાય તદુપરાંત પણ વધારે, 'अडइ' = 'अटति' = ઘરોમાં ફરે. એટલે કે કોક એકાદ વસ્તુ વાપરવાનું છોડી દઈને ઈચ્છિત વસ્તુને જ વધારે મેળવવા. અથવા પોતાનું પેટ જેટલાથી ભરાય તેથી પણ વધુ મેળવવા ઘણાં ઘરોમાં ફરે. કયા કારણે ફરે ? તે કહે છે, 'लोभेण' = 'लोभेन' = લોભના કારણે, રસગૃદ્ધિથી - ખાવાની લાલસાથી.

આમ, લોભના અધ્યવસાયવાળા સાધુ દ્વારા જે ઈચ્છિતદ્રવ્ય મેળવાય, તેને લોભપિણ્ડ કહેવાય છે. કોની જેમ ? તે કહે છે, 'સિંહકેસરી-યતિ' ની જેમ. જે ગાથા ૭૦ ના ચોથા પાદમાં 'लोभे केसरयसाहु' એ પ્રમાણે કહેવામાં આવશે. પણ તે ઉદાહરણનો અવસર અહીંજ હોવાથી અમે એને અહીંજ કહીએ છીએ. તે કથા આ પ્રમાણે છે.

## • લોભપિણ્ડમાં સિંહકેસરિયા મુનિનું દૃષ્ટાંત •

ચંપાનગરીમાં ક્ષપકઋષિ હતા. તે ગામમાં એકવાર લાડવાનો મહોત્સવ થયો. તેને જોઈને ક્ષપક ઋષિએ પોતાના કોક તપના પારણામાં પ્રતિજ્ઞા કરી કે 'આજે મારે વિપુલપ્રમાણમાં પણ મળતું બીજું બધું અશનાદિ છોડીને માત્ર લાડવા જ લેવા. તેમાં પણ સિંહકેસરનામક અહીં જે પ્રસિદ્ધ છે તે લાડવા જ લેવા. ભલે એના માટે ઘણું ફરવું પડે તો ફરીને પણ તે મેળવવા પરન્તુ બીજું તો નથી જ લેવું !' આવો નિયમ સારીપેઠે હૃદયમાં ધારી રાખીને લાલસાથી જલ્દી ભિક્ષા માટે નીકળી ગયા. છેક પુરિમઢ્ઢ સુધી ભમ્યા પણ ક્યાંયથી પણ મળ્યા નહિ. તો પણ પાછા ઉપાશ્રયે ફરતાં નથી અને એક પછી એક ઘરોમાં ફર્યા જ કરે છે. 'સિંહકેસર', 'સિંહકેસર', 'સિંહકેસર' એવી સતત મનમાં ચાલતી એકધારી રટનાને લીધે જે ઘરમાં જાય છે તે ઘરના દરવાજા પર બોલાતાં 'ધર્મલાભ' ના બદલે 'સિંહકેસર' જ બોલે છે. આ પ્રમાણે ભમતા ભમતા આખો દિવસ પસાર થઈ ગયો ને રાત પડી ગઈ પણ અસ્વસ્થચિત્તવાળા તેમને ન જણાઈ. છતાં પણ હજુ એજ પ્રમાણે ભમતા ભમતા રાત્રિના બીજા પહોરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कहसु तुमं जइ पुन्नो गंठिस्सहियं करेमि तस्सुवरि। जेणाहमिइ वुत्ते, पलोइयं साहुणा गयणं।।१०।।
तो तारागणजुत्तो दिट्ठो गयणंमि निम्मलो चंदो। पच्चागयचित्तेणं तो नायं कालपरिमाणं।।११।।
जह अड्ढरत्तसमओ, वट्टइ उवढतो यत्ततो जत्त विलसियं जायं(?)। लक्खियमेयं जह मम चोयणदाणत्थमेएण ॥१२॥
मग्गियमेयं पच्चक्खाणं तो मिच्छादुक्कडं देइ। भणियं च सावया ! संतिया, उ मे चोयणा दिन्ना।।१३।।
तड्डाणाउ नियत्तिय गंतूणं सुद्धथंडिले तओ। आगमभणियविहीण परिट्ठविंतस्स समियस्स।।१४।।
सुद्धज्झवसाणपरस्स तस्स निद्दड्ढघाइकम्मस्स, सयलजगुज्जोयकरं केवलणाणं समुप्पन्नं।।१५।।
इत्येवं लोभपिण्ड इति गाथार्थः।।६९।।

**अवतरणिका**— अथ क्रोधादिपिण्डचतुष्टये उदाहरणसङ्ग्राहिणीं गाथामाह।

**मूलगाथा— कोहे घेवरखवओ, माणे सेवइय खुड्डुओ नायं।**
**मायाएऽऽसाढभूई, लोभे केसरयसाहु त्ति।।७०।।**

**संस्कृतछाया— क्रोधे घृतपूर्णक्षपको माने सेवतिकाक्षल्लको ज्ञातं।**
**मायायामाऽऽषाढाभूति र्लोभे केसरिकसाध्वेति ।।७०।।**

---

ક્રમે કરીને આ અસ્વસ્થચિત્તવાળા મુનિ એક શ્રાવકના ઘરે પહોંચ્યા. મુનિની આવી દશા જોઈને શ્રાવકે પણ મુનિનું અસ્વસ્થચિત્ત જાણીને સિંહકેસર લાડવા વહોરાવ્યા, પછી મુનિને બોધ આપવા કહ્યું "હે ભગવાન ! મેં પુરિમઢ્ઢનું પચ્ચક્ખાણ કર્યું છે તો તે પચ્ચક્ખાણ પૂરું થયું = આવી ગયું કે નહિ? તે તમે કહો. જો પૂરું થઈ ગયું હોય તો હું એની ઉપર ગંઠસીનું પચ્ચક્ખાણ કરું." આ પ્રમાણે કહેવાયે છતે પચ્ચક્ખાણનો સમય જાણવા માટે મુનિએ આકાશમાં જોયું તો તારાઓના સમુદાયથી યુક્ત એવો નિર્મળ ચંદ્ર જોયો. ચિત્ત ઠેકાણે આવી ગયું. કાળનું પરિમાણ જાણ્યું કે "અરે આ તો અર્ધરાત્રીનો સમય વર્તી રહ્યો છે." તરત, જેના લીધે = જે લોભના લીધે આ બધું બન્યું = અર્ધરાત્રિસુધી ભમવાનું બન્યું, તેનાથી પાછા ફર્યા = તે લોભને દૂર કર્યો. મુનિરાજ સમજી ગયા કે 'મને બોધ કરાવવા જ આ શ્રાવકે મારી પાસે પચ્ચક્ખાણ માંગ્યું છે.' શ્રાવકને મિચ્છામિ દુક્કડં દીધું ને કહ્યું "હે શ્રાવક ! તમે બહુ સારું કર્યું કે મને બોધ કરાવ્યો." શ્રાવકના ઘરેથી નીકળીને મુનિશ્રી શુદ્ધભૂમિએ ગયા. ત્યાં આગમવિધિ પ્રમાણે સમિતિવાળા બનીને તે લાડવા પરઠવતાં પરઠવતાં શુભઅધ્યવસાયમાં રમતા રમતા તેમના ઘાતિકર્મો બળી ગયા અને સંપૂર્ણલોકને પ્રકાશિતકરનાર કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. આ પ્રમાણે લોભપિણ્ડ કહ્યો.॥૬૯॥

**અવતરણિકા** :- હવે, ક્રોધાદિ ચારે પિણ્ડ વિશેના દૃષ્ટાંતોને સંગ્રહકરતી ગાથા કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **कोहे** = ક્રોધપિંડમાં, **घेवरखवओ** = ઘેબરમાટે ફરનાર તપસ્વીનું, **माणे** = માનપિંડમાં, **सेवइयखुड्डुओ** = રાંધેલી સેવલાવનાર નાના સાધુનું, **नायं** = દૃષ્ટાંત, **मायाए** = માયાપિંડમાં, **आसाढभूई** = અષાઢાભૂતિનું, **लोभे** = લોભપિંડમાં, **केसरयसाहुत्ति** = સિંહકેસરીયા લાડુમાટે ફરનાર મુનિનું.॥૭૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ पूर्वकथितक्रोधपिण्डादिविषयक-कथानाम् नामोल्लेखः ॥

**व्याख्या–** क्रोधे क्रोधपिण्डे, मृतकार्यकृताः घृतपूर्णाः पक्वान्नविशेषास्तैरुपलक्षितः क्षपको मासक्षपणतपोविधायी यतिर्ज्ञातमिति योगः। तेषामप्राप्तौ तस्य क्रोधभावात्। तथा माने मानपिण्डे सेवतिका राद्धाः श्लक्ष्णसेवा(वतिका)स्तदुपलक्षितः क्षुल्लको लघुव्रती ज्ञातं निदर्शनं वाच्यः। तासामलाभे तस्य मानभावात्। तथा मायायां मायापिण्डे आषाढभूतिनामा यतिर्ज्ञातं। तेन मोदकलाभमाश्रित्य मायाकरणात्। तथा लोभे लोभपिण्डे सूचनात् सिंहकेसरिकलड्डुकविशेषास्तत्र श्लक्ष्णीकृतेन गोदुग्धसिक्तेन रविकरशुष्कपिष्टेन परिशोधितखण्डसुरभिघृतयुक्तेन शृङ्गाटकफलचूर्णेन ये निष्पन्ना मोदकास्ते सिंहकेसरशब्दवाच्या इत्याम्नायस्तदुपलक्षितः साधुर्यतिर्ज्ञातं वाच्यस्तानुद्दिश्य तेन लोभविधानादिति ज्ञातचतुष्टयवक्तव्यतासमाप्त्यर्थं, इति गाथाक्षरार्थः। भावार्थस्तु कथानकगम्यस्तानि तु पूर्वं स्वस्थान एव कथितानीति गाथार्थः।।७०।।

**મૂળગાથા-ગાથાર્થ** :- ક્રોધપિંડ ઉપર ઘેબરસંબંધી મુનિનું દૃષ્ટાંત છે. માનપિંડ ઉપર રાંધેલી ઝીણી-સેવથી ઓળખાયેલ મુનિનું દૃષ્ટાંત છે. માયાપિંડ ઉપર આષાઢાભૂતિનું દૃષ્ટાંત છે અને લોભપિંડ ઉપર સિંહકેસરીયા લાડુથી ઓળખાયેલ સાધુનું દૃષ્ટાંત છે.।।૭૦।।

## • પૂર્વકથિત ક્રોધપિણ્ડવગેરે વિષયક કથાના નામોલ્લેખ •

વ્યાખ્યાર્થ :- 'कोहे' = 'क्रोधे' = ક્રોધપૂર્વક મેળવેલ પિણ્ડના વિષયમાં 'घेवरखवओ' = 'घृतपूर्णक्षपकः' = ઘેબરસંબંધી ક્ષપક = મુનિની કથા. અર્થાત્ મૃતકાર્યવિષયક કરાયેલ ઘેબર = એક પક્વાન્ન વિશેષ, તેનાથી ઓળખાયેલ માસક્ષપણતપ કરનાર મુનિને દૃષ્ટાંત જાણવું કારણ કે મુનિને ઘેબરની પ્રાપ્તિ ન થવાથી ક્રોધ થયો હતો.

તથા, 'माणे' = 'माने' = માનપૂર્વક મેળવેલ પિણ્ડના વિષયમાં, 'सेवइय खुड्डओ नायं' = 'सेवतिकाक्षुल्लक-ज्ञातं' = રાંધેલી ઝીણી સેવથી ઓળખાયેલ ક્ષુલ્લક = નાનાપર્યાયવાળા મુનિનું દૃષ્ટાંત જાણવું. કારણ કે રાંધેલસેવની પ્રાપ્તિ ન થવા પર તેમને માન થયું હતું.

તથા, 'मायाए' = 'मायायां' = માયાપૂર્વક મેળવેલ પિણ્ડના વિષયમાં, 'आसाढभूई' = 'आषाढाभूतिः' = આષાઢાભૂતિ નામક યતિનો દાખલો જાણવો. કારણ કે આષાઢાભૂતિ મુનિએ લાડવાના લોભે માયા કરી હતી.

તથા, 'लोभे' = લોભપૂર્વક મેળવેલ પિણ્ડના વિષયમાં, 'केसरयसाहु' = 'सिंहकेसरिक-लड्डुक' = સિંહકેસરીયા લાડુથી ઓળખાયેલ સાધુનું દૃષ્ટાંત જાણવું. કારણ કે તે સિંહકેસરી લાડુનો તે મુનિએ લોભ કર્યો હતો.

સિંહકેસરીયા લાડવા કોને કહેવાય ? તે કહે છે, શિંગોડાનો ઝીણો લોટ ગાયના દૂધથી પલાળીને, સૂર્યના કિરણો વડે સુકવી સારી ખાંડ અને સુગંધી ઘીથી ભેગો કરી જે લાડવા બનાવાય તેને સિંહકેસરી લાડવા કહેવાય છે. એમ આમ્નાયથી જણાય છે.

'त्ति' = 'इति' = એ ચારેય દૃષ્ટાંતોમાં જે વક્તવ્યતા છે, તેની સમાપ્તિના અર્થમાં 'इति' શબ્દ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अवतरणिका**– उक्तं क्रोधादिपिण्डचतुष्ट्यं सोदाहरणमथ संस्तवकरणद्वारमाह।

**मूलगाथा– थुणणे संबंधि संथवो दुहा सो, य पुव्व पच्छा वा।**
**दायारं दाणाउ, पुव्वं पच्छा व जं थुणइ।।७१।।**

**संस्कृतछाया– संस्तवने संबंधिनि संस्तवो द्विधा स च पूर्व्वं पश्चात्वा।**
**दातारं दानात् पूर्व्वं पश्चात्वा यत्स्तौति।।७१।।**

**卐 संस्तवकरणे पूर्व-पश्चात्संस्तवः 卐**

**व्याख्या**- इह संस्तवशब्दः श्लाघायां परिचये च वर्तते, इत्यर्थद्वयवृत्तिरपि गृह्यते, इत्याह 'थुणणे संबंधि'त्ति तत्र स्तवने गुणस्तुतौ, 'संबंधि'त्ति विभक्तिलोपात्सम्बन्धिनि मात्रादिनात्रकघटनया स्वाजन्यकरणे इत्येवं श्लाघापरिचयभेदात् संस्तवो द्विधा द्विभेदः स्यात्। गुणसंस्तवः सम्बन्धिसंस्तवश्चेत्यर्थः। स च पुनरेकैकः संस्तवो द्विभेदः स्यात्। कथमित्याह। 'पुव्वं पच्छा व'त्ति विभक्तिलोपात् पूर्व्वं पूर्वसंस्तव इत्यर्थः। तथा पश्चादिति पश्चात्संस्तव इत्यर्थः। वा विकल्पे। अथ पूर्व्वपश्चाद्भेदेन

---

છે એમ જાણવું. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ જાણવો. આ ગાથામાં કહેવાનો જે ભાવાર્થ છે તે તો કથાનકથી જ જણાઈ આવે છે. જે અગાઉના ગાથાઓમાં તે તે અવસરે કહેવાઈ ગયો છે.॥૭૦॥

**અવતરણિકા** :- આ પ્રમાણે ઉદાહરણસમેત ક્રોધ વગેરે ચારે પ્રકારના પિણ્ડની વાત કરી. હવે 'संस्तवकरण' દ્વારને કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **थुणणे** = ગુણનો, **संबंधि** = સંબંધીનો, **संथवो** = સંસ્તવ, **दुहा** = બે પ્રકારનો, **सो य** = તે બે, **पुव्वं** = પહેલાં, **पच्छा** = પછીથી, **वा** = અથવા, **दायारं** = દાતાર ગૃહસ્થને, **दाणाउ** = દાનની, **पुव्वं** = પહેલાં, **पच्छा** = પછી, **व** = અથવા, **जं** = જે, **थुणइ** = સ્તવના કરે.॥૭૧॥

**મૂળગાથા-ગાથાર્થ** :- સંસ્તવ એટલે પ્રશંસા. તે સંસ્તવ ગુણની સ્તવનારૂપ અને માતપિતા આદિના સંબંધ જોડવારૂપ બે પ્રકારનો છે, અને તે દરેક પ્રથમ અને પછી એમ બે પ્રકારનો છે. તેમાં પ્રથમ ગુણની સ્તવનારૂપ પ્રશંસાના બે પ્રકાર બતાવે છે. દાતારની પ્રશંસા કરવાથી સારી રીતે અશનાદિની પ્રાપ્તિ થાય તે માટે દાનદેનારના છતાં અથવા અછતાં ગુણની પ્રશંસા દાન આપ્યા પહેલાં અથવા દાન આપ્યા પછી કરવાથી જે અશનાદિની પ્રાપ્તિ તે ગુણસંસ્તવકરણદોષવાળો પિંડ કહેવાય. અને તેમાં પહેલાં સ્તવના કરવી તે પૂર્વગુણસંસ્તવ અને પાછળથી જે સ્તવના કરવી તે પશ્ચાત્ગુણસંસ્તવ કહેવાય.॥૭૦॥

**• સંસ્તવકરણમાં પૂર્વ અને પશ્ચાત્ સંસ્તવ •**

**વ્યાખ્યાર્થ** :- 'थुणण' = 'संस्तव' આ શબ્દ પ્રશંસા અને પરિચયના અર્થમાં છે. આ બન્ને અર્થો અત્રે અભિપ્રેત છે. थुणणे = संस्तवने = ગુણસ્તુતિમાં, 'संबंधि' = संबंधिनि = સંબંધમાં પ્રાકૃત ભાષાના કારણે 'संबंधि' શબ્દમાં સપ્તમી વિભક્તિનો લોપ થયો છે તે જાણવું. એટલે કે માતા-પિતા વગેરે સંબંધ બતાવી સ્વજનપણું કરવામાં = સ્વજનપણું બતાવવામાં. આમ પ્રશંસા અને પરિચયના ભેદથી, 'संथवो' = 'संस्तवः' = સ્તુતિના બે ભેદ થાય છે, (૧) ગુણસંસ્તવ અને (૨) સંબંધિસંસ્તવ. વળી, 'दुहा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

द्विविधमपि गुणसंस्तवं व्याख्यातुमाह। 'दायारमित्यादि' दातारं दायकं दानाद्देयवितरणात् पूर्व्वं प्रथमं देयेऽलब्धे सतीत्यर्थः तथा पच्छावत्ति दानात् पश्चाद्दानोत्तरकालं देये लब्धे सतीत्यर्थः। वा विकल्पार्थो, यत् स्तौति वर्णयति स पूर्वसंस्तवः पश्चात्संस्तवश्च।

卐 पूर्व-पश्चात्संस्तवः कथं करोति ? 卐

तत्र भिक्षायै प्रविष्टः साधुरीश्वरादिकं कमपि दातारं यद्दानात् पूर्वं सत्यासत्यैरौदार्यादिभिर्गुणैः स्तौति यथा अहो ! योऽस्माभिर्दानपतिः पूर्व्वं वार्त्तामात्रेणैव श्रुतः सोऽद्य प्रत्यक्षमवलोकितस्तथा नेदृशा औदार्यादयो गुणा अपरस्य श्रूयन्ते। तथा धन्यस्त्वं यस्येदृशा गुणाः सर्वत्राप्रतिस्खलिता दिग्वलयव्यापिनः प्रसरन्तीति स पूर्वगुणसंस्तवः। तथा दाने दत्ते यत्संस्तौति यथा निजदर्शनेन त्वयाद्यास्मल्लोचने विमलीकृते यतो गुणिदर्शने किल प्रतीतिजनकत्वेन चक्षुषी निर्म्मले स्यातामिति नेदमद्भुतं तथा तवगुणश्रवणं सत्यतया सञ्जातं। यत्त्वद्दर्शनात् पूर्व्वमेवंविधगुणः स श्रूयते तत् किं सत्यमसत्यं वेति शङ्का ममासीत्, साम्प्रतं त्वद्दर्शनाद्यथाभूतः श्रुतस्तथाभूतस्यैव दर्शनान्निःशङ्कितं

सो य' = 'द्विधा सः च' = તે બન્ને પ્રકારના સંસ્તવના બે-બે ભેદો થાય છે, 'पुव्व पच्छा वा' = 'पूर्वं पश्चात्वा' = પૂર્વે સ્તવના અને પછીથી = પાછળ સ્તવના. પ્રાકૃતપણાને લીધે પ્રથમવિભક્તિનો લોપ થયો હોવાથી 'पूर्व्वसंस्तवः' અને 'पश्चात्संस्तवः' એમ જાણવું. 'वा' એ વિકલ્પના અર્થમાં છે.

હવે પૂર્વ-પશ્ચાત્ ભેદથી બન્ને પ્રકારના 'ગુણસંસ્તવ' ની વ્યાખ્યા કહે છે.

'दायारम्' = 'दातारं' = 'दायकं' = દેયવસ્તુને આપનારને. 'दाणाउ' = 'दानात्' = દાનથી, 'पुव्वं' = 'पूर्व्वं' = 'प्रथमं' = પહેલા. એટલે કે દેયવસ્તુ મળવા પૂર્વે, पच्छा = पश्चात् = પાછળ. એટલે કે દેયવસ્તુ મળ્યાબાદ. 'व' = 'वा' = વિકલ્પાર્થમાં છે. 'जं थुणइ' = 'यत् स्तौति' = જે સ્તવના-વર્ણન કરે, તેને પૂર્વસંસ્તવ અને પશ્ચાત્સંસ્તવ કહેવાય છે.

## • પૂર્વ અને પશ્ચાત્સંસ્તવ શી રીતે કરે ? •

**પૂર્વસંસ્તવ** :- ભિક્ષાર્થે ગયેલ સાધુ, ઈશ્વર = ઋદ્ધિવાળા વગેરે કોઈપણ દાતારને, દાનની પૂર્વે, એમનામાં ઉદારતા વગેરે ગુણ હોય કે ન હોય તો પણ જે સ્તવના કરે. જેમકે, "અહો ! જે દાનપતિ પૂર્વે માત્ર વાતોમાંજ સાંભળેલા, પણ તે આજે પ્રત્યક્ષ જોવાયા. આવા ઔદાર્ય વગેરે ગુણો બીજાના સંભળાતા નથી. તમને ધન્ય છે કે જે તમારા ગુણો સર્વત્ર દિશાઓના ખૂણે ખૂણે અસ્ખલિતપણે પ્રસરી રહ્યા છે." આ બધું પૂર્વગુણસંસ્તવ છે.

**પશ્ચાત્સંસ્તવ** :- દાન આપ્યાબાદ દાનીની જે સ્તવના કરે. જેમકે, "તમારા દર્શન થકી અમારી આંખો નિર્મળ કરાઈ છે કારણ કે પ્રવૃત્તિપૂર્વકનું ગુણીનું દર્શન એ પ્રતીતિજનક હોવાથી ચક્ષુ નિર્મળ થાય છે." અર્થાત્ દાનીની વાતો ઘણી સાંભળી હોય પણ દાનમાં પ્રવૃત્ત ન હોય એ વખતે એમના દર્શન પ્રતીતિજનક = ખાતરીકરાવનાર ન બને. પરન્તુ દાન-કાર્યમાં પ્રવૃત્ત હોય એ વખતના દર્શન એ પ્રતીતિજનક = ખાતરી કરાવનાર બને છે, જેનાથી ચક્ષુ નિર્મળ થાય છે. જો કે, આ વાત કંઈ અદ્ભૂત નથી કારણ કે તમારા દર્શન કરતાં પણ તમારું ગુણશ્રવણ એ સત્યતાનો અનુભવ કરાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सम्पन्नमिति स पश्चाद्गुणसंस्तव इति। उभयरूपेऽपि चात्र मायामृषावादासंयतानुमोदनादयो दोषा वाच्या इति गाथार्थः।।७१।।

**अवतरणिका**– अथ सम्बन्धिसंस्तवं पूर्वपश्चाद्भेदेन द्विविधमिति वक्तुमाह।

**मूलगाथा– जणणिजणगाइ पुव्वं, पच्छा सासुससुरयाइ जं च जई।**
**आयपरवयं नाउं, संबंधं कुणइ तदणुगुणं।।७२।।**

**संस्कृतछाया– जननी-जनकादि पूर्व्वं पश्चात्श्वश्रूश्वसुरादि यं च यतिः।**
**आत्म-परवयो ज्ञात्वा, संबंधं करोति तदनुगुणम् ।।७२।।**

**卐 पूर्वसंस्तवो जनन्यादीनां पश्चात्संस्तवः श्वश्रू-श्वशुरादीनाम् 卐**

**व्याख्या**– जननीजनकौ मातापितरावादी प्रथमौ यस्य भगिनीभ्रात्रादिसम्बन्धस्य स सम्बन्धसम्बन्धिनोरभेदोपचाराज्जननीजनकादिसम्बन्धः स किमित्याह। 'पुव्वं'ति, पूर्व्वसंस्तवः स्यात् जनन्यादीनां पूर्व्वकालभावित्वात्। तथा 'पच्छ'त्ति, पश्चात्संस्तवः स्यात् क इत्याह श्वश्रूश्वशुरादिः इहापि सम्बन्धतद्वतोरभेदात् श्वश्रूश्वशुरौ भार्यादेर्मातापितरौ तावादिर्यस्य कलत्रपुत्रशालकादिसम्बन्धस्य स तथेति।

---

વળી, "તમારા દર્શન પૂર્વે આવા પ્રકારના ગુણો જે સંભળાય છે તે સત્ય છે કે અસત્ય છે? એવી શંકા મને હતી. પરન્તુ હાલ તમારા દર્શનથી જેવું સાંભળેલું એવુંજ જોવા મળ્યું હોવાથી શંકા દૂર થઈ ગઈ." આ પશ્ચાદ્ગુણસંસ્તવ કહેવાય છે.।।૭૧।।

આ બન્ને પ્રકારના સંસ્તવમાં માયા-મૃષાવાદ, અસંયમીની અનુમોદના વગેરે દોષો જાણવા.

**અવતરણિકા** :- હવે પૂર્વ અને પશ્ચાદ્ ભેદ દ્વારા બે પ્રકારના સંબંધિ સંસ્તવને, એટલે કે (૧) સત્યસંબંધ (૨) આરોપિતસંબંધને કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **जणणि** = માતા, **जणगाइ** = પિતા વિગેરે, **पुव्वं** = પૂર્વસંસ્તવ, **पच्छा** = પશ્ચાત્સંસ્તવ, **सासु** = સાસુ, **ससुरयाइ** = સસરો વિગેરે, **जं च** = જે કંઈ સંબંધ, **जई** = સાધુ, **आयपरवयं** = પોતાની અને બીજાની ઉંમર, **नाउं** = જાણીને, **संबंध** = સંબંધ, **कुणइ** = કરે, **तदणुगुणं** = તેને અનુરૂપ.।।૭૨।।

**મૂળગાથા-ગાથાર્થ** :- દાતાર સ્ત્રી અથવા પુરુષની અને પોતાની ઉંમર જાણીને તેને અનુરૂપ માતા-પિતા, સાસુ-સસરા વગેરેના સંબંધોને કલ્પી, દાતારને તેવા પ્રકારનો સંબંધ જણાવી જે અશનાદિ મેળવવા તેનું નામ સંબંધીસંસ્તવપિંડ. તેમાં, માતા-પિતા, ભાઈ-બહેન આદિના સંબંધને જે કહેવો તે પૂર્વસંબંધીસંસ્તવ અને સાસુ-સસરા, પુત્ર, સ્ત્રી આદિ સંબંધને જે કહેવો તે પશ્ચાત્સંબંધીસંસ્તવ કહેવાય.।।૭૨।।

**• માતા વગેરેનું પૂર્વ સંસ્તવ અને સાસુ વગેરેનું પશ્ચાત્સંસ્તવ •**

વ્યાખ્યાર્થ :- (૧) **સત્યસંબંધ** :- 'जणणि-जणगाइ' = 'जननी-जनकादि' = ભાઈ-બહેન વગેરે સંબંધની આદિમાં માતા-પિતા છે જેમાં તે, સંબંધ અને સંબંધીના અભેદઉપચારથી જનની-જનકાદિ-સંબંધ કહેવાય છે. તે જનની-જનકાદિસંબંધ શું કહેવાય છે ? તે કહે છે, 'पूव्वं' = 'पूर्व्वसंस्तवः' = પૂર્વ સંસ્તવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं पूर्वपश्चाद्भेदेन सम्बन्धिसंस्तवस्वरूपमभिधाय यथा यतिस्तं द्विविधमपि करोति तथाह- 'जं चे'त्यादि, चशब्दः सम्बन्धद्वयापेक्षया समुच्चयार्थः। ततश्च यं कञ्चन सम्बन्धं करोतीति योगः यतिः साधुः।

**卐 आत्मपरवयो ज्ञात्वा तदनुगुणं संबंधं करोति 卐**

किं कृत्वेत्याह आत्मपरौ प्रतीतौ तयोर्वयस्तारुण्यवृद्धादिलक्षणकालकृता शरीरावस्थात्मपरवयस्तज्ज्ञात्वा अवबुध्य, किमित्याह सम्बन्धपरिचयं, पूर्वकालभाविमात्रादिनात्रकघटनां पश्चात्कालभाविश्वश्र्वादिनात्रकयोजनां वा कुरुते भिक्षार्थं गृहे गतो गृहिणा सहाहारादिलिप्स्या विधत्ते। कीदृशं सम्बन्धं करोतीति आह 'तदनुगुणमि'ति तयोरात्मपरवयसोरनुगुणमनुरूपं, स जनन्यादिनात्रकघटनारूपः सम्बन्धः पूर्वसम्बन्धिसंस्तवो ज्ञेय इति प्रक्रमः। श्वश्र्वादिसम्बन्धश्च पश्चात्सम्बन्धिसंस्तव इति। क पुनरसौ स्वपरवयो ज्ञात्वा तदनुगुणं सम्बन्धं कुरुते ? उच्यते, यथा कश्चित् साधुर्भिक्षाद्यर्थं

---

કહેવાય છે. કારણ કે માતા વગેરેનો સંબંધ પૂર્વકાળે થતો હોય છે. પૂર્વકાળ એટલે કે જીંદગીની શરૂઆતથી.

તથા, 'पच्छा' = 'पश्चात्संस्तवः', 'सासु-ससुरयाइ' = 'श्वश्रू-श्वशुरादिः' = સાસુ સસરા વગેરેના સંબંધને પશ્ચાત્ સંસ્તવ કહેવાય છે. અહીં પણ સંબંધ અને સંબંધીના અભેદ ઉપચારથી પશ્ચાત્સંસ્તવ જાણવું. સાસુ-સસરા = પત્નીના માતા-પિતા, પત્ની, પુત્ર, સાળા વગેરે સંબંધોની આદિમાં છે સાસુ-સસરા જેમાં, તે સાસુ-સસરાદિ કહેવાય છે. અહીં માતા-પિતા વગેરે કે સાસુ-સસરા વગેરે કોઈપણ કારણસર પોતાના મુનિને ન ઓળખી શક્યા હોય તો મુનિ જાતે ઓળખ કાઢે. આમાં સંબંધો સાચા છે એટલે સત્યસંબંધ કહેવાય છે.

(૨) **આરોપિતસંબંધ** :- આ પ્રમાણે પૂર્વ-પશ્ચાત્ ભેદ દ્વારા સત્યસંબંધિ સંસ્તવનું સ્વરૂપ બતાવીને હવે, જે રીતે સાધુ તે બન્ને પ્રકારના સંબંધ એટલે કે આરોપિતસંબંધ કરે છે, તે જણાવે છે. 'जं च' = અહીં 'च' શબ્દ એ બન્ને પ્રકારના સંસ્તવને ભેગો કરનાર છે. 'जं' = 'यद्' = ઉપર બતાવ્યા પ્રમાણે જે કોઈપણ સંબંધ, 'जई' = 'यति' = સાધુ કરે છે. અહીં 'करोति' અધ્યાહારથી લેવું.

**● પોતાની અને સામાની ઉંમર જાણીને તેને અનુગુણ સંબંધ કરે ●**

શું કરીને આ પ્રમાણે સંસ્તવ કરે ? તે કહે છે, 'आयपरवयं नाउं' = 'आत्मपरवयः ज्ञात्वा' = પોતાની અને બીજાની = સામેવાળાની બન્નેની ઉંમર જાણીને. એટલે કે યુવાન, વૃદ્ધ વગેરે સ્વરૂપ કાળથી કરાયેલ શરીરની અવસ્થાવિશેષ જાણીને, શું કરે ? તે કહે છે, 'संबंधं कुणइ' = 'संबंधं करोति' = પરિચય કરે. અહીં સત્ય રૂપે માતા-પિતા, સાસુ-સસરા વગેરે નથી, પરન્તુ સામેવાળાને એમના જેવા તરીકે ઓળખાવે છે = સામેવાળામાં એ રીતનો આરોપ કરે છે. માટે આ આરોપિત સંબંધ કહેવાય છે. ગોચરી ગયેલ સાધુ આહારાદિની લાલસાથી ગૃહસ્થ સાથે પૂર્વકાળભાવિ માતા વગેરે કૌટુંબિક સંબંધ જોડે અથવા પશ્ચાત્કાળભાવિ સાસુ-સસરા આદિ કૌટુંબિક સંબંધ કરે. સંબંધ કેવો કરે ? તે કહે છે, 'तदणुगुणं' = 'तदनुगुणं' = પોતાની અને બીજાની ઉંમરને અનુરૂપ સંબંધ કરે. તે સંબંધ જો માતા-પિતા વગેરે સ્વજનતરીકેના સંબંધ જોડવા રૂપે હોય તો પૂર્વસંબંધિ-સંસ્તવ કહેવાય છે અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कस्मिंश्चिद् गृहे प्रविशति, ततः काञ्चिन्निजमात्रादिसमानामृज्वीं दात्रीमवेक्ष्याहारादिलम्पटतया मातृत्वादिघटनार्थं मातृस्थानेनाधृतिपूर्वकं गलदश्रूणी लोचने कर्तुमारभते ततस्तया किं त्वमीदृशो दृश्यसे इति पृष्टः सन् सम्बन्धघटनार्थं सगद्गदं वदति यथा मम त्वत्सदृशी मात्राद्याऽभूदिति। तत्र यदि स्वयं तरुणो दात्री तु मध्य(म)वया वृद्धा वा तदा ममेदृशी माता श्वश्रूर्वाऽस्ति स्मेति जल्पति यदि च स्वयं सा च समानवयास्तदा ममेदृशी स्वसा भार्या वा बभूवेति वदति, यदि च स्वयं मध्यमवयाः सा तु तरुणी तदा ममेदृशी पुत्र्यभूदिति भाषते। यदि स्वयं वृद्धः सा च तरुणी बाला वा तदा ममेदृशी दौहित्री पौत्रिकादिर्वासीदिति जल्पति। तदत्र संस्तवकरणेनोपार्ज्जितः पिण्डः संस्तवपिण्ड इत्युच्यते।

### 卐 तदनुगुणसंबंधकरणे दोषाः 卐

इहापि च मायामृषावादादयो दोषा वाच्याः। तथा परस्परं स्नेहवृद्धिवशात् मृतपुत्रस्य स्थाने अयमपि स्यादित्यभिप्रायेण मातृभावप्रतिपन्ना दात्री तस्मै विधवानिजवधूमन्यां दास्यादिकां (वा) कदाचिद्दद्यादिति भद्रकदात्रीं प्रति दोषः। यदि च प्रत्यनीका सा स्यात्तदाऽयं कार्प्पटिकप्रायोप्यस्मान्

---

જો સાસુ-સસરા વગેરે સ્વજનતરીકેના સંબંધ જોડવા રૂપે હોય તો પશ્ચાત્ સંબંધિ-સંસ્તવ કહેવાય છે. એવું અનુસંધાન જાણી લેવું. 'तदनुगुण' સંબંધ કોણ કરે? તે કહે છે, 'जई' = 'यति' = સાધુ.

'तदनुगुण' સંબંધ શી રીતે કરે ? તે જણાવે છે. જેમકે, ભિક્ષાવગેરે માટે કોક સાધુ કોક ઘરમાં પ્રવેશે છે. ત્યાં પોતાની માતા વગેરેને સમાન એવી ઋજુ કોક દાત્રીને આહારાદિની લંપટતાથી માતાપણું ઘટાવવા માટે માયાપૂર્વક અધીરતાથી પોતાની બન્ને આંખોને રડતી કરે = આંખોમાં કપટથી આંસુ લાવે. એ દેખીને પેલી દાત્રી પૂછે 'તમો કેમ આવા રડતા દેખાઓ છો ?.' એટલે સંબંધ બેસાડવા માટે ગદ્ગદ્ થઈને સાધુ કહે, 'મારે તમારા જેવીજ માતા વગેરે હતી'. તેમાં જો પોતે જુવાન હોય અને દાત્રી મધ્યમવયની હોય કે વૃદ્ધા હોય ત્યારે "મારી આવી માતા કે સાસુ હતી" એમ કહે. અથવા જો સ્વયં = પોતે અને દાત્રી સમાનવયવાળી હોય ત્યારે "મારે આવી = તમારાજેવી બહેન કે પત્ની હતી" એમ કહે. અથવા પોતે મધ્યમવયવાળા અને દાત્રી જુવાન હોય ત્યારે "મારે આવી પુત્રી હતી" એમ કહે. અથવા સ્વયં વૃદ્ધ હોય અને દાત્રી જુવાન કે બાળા હોય ત્યારે 'મારે આવી દોહિત્રી અથવા પૌત્રી વગેરે હતી' એમ કહે.

આ રીતે સંસ્તવ કરવાપૂર્વક ઉપાર્જિત પિંડ સંસ્તવપિણ્ડ કહેવાય છે.

### • તદનુગુણ સંબંધકરણમાં દોષો •

અહીં પણ માયા-મૃષાવાદ વગેરે દોષો તો જાણવા જ. વધારામાં, પરસ્પર સ્નેહવૃદ્ધિ થવાથી "મારા મરેલા પુત્રના સ્થાને આ પણ ભલે થતાં" એવા અભિપ્રાયથી પોતે માતાનું સ્થાન ગ્રહણ કરેલ દાત્રી, તે સાધુ માટે વિધવા એવી પોતાની વહૂને કે બીજી દાસી વગેરેને ક્યારેક આપી દે. આવા દોષ ભદ્રકદાત્રીને વિશે થઈ શકે. પણ જો એ દાત્રી પ્રત્યનીક = વૈરી હોય તો એ વિચારે કે "આ તો લગભગ કાર્પટિક = ભિક્ષુક જેવા છે અને છતાંય અમને માતા વગેરે તરીકે કલ્પે છે, તેથી આ આપણી હીલના કરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जनन्यादितया कल्पयतीत्यस्मदपभ्राजनाकार्यसाविति विचिन्त्य ग्रामादेर्निष्कासनादि कुर्यादिति। तथा या तेन श्वश्रूः प्रतिपन्ना सा (? यदि भद्रका तर्हि) तस्मै स्नेहवशात् मृतादिजामातृकस्थानेऽयमपि भवत्वित्यभिप्रायेण विधवा-निजपुत्रीं, ((?) यदि प्रत्यनीका तर्हि) कुरण्डां वा दद्यात्, या च तेन भार्यात्वेन कल्पिता तस्या यदि भर्त्ता समीपस्थः कथञ्चित्तद्वचः श्रुणुयात्तदा मम भार्याऽनेन स्वभार्या कल्पिता तत्तथैव भवत्विति विचिन्त्य (श्रुत्वा) तयाप्यात्मना सहासौ सम्भोगं कार्यत इति गाथार्थः।।७२।।

**अवतरणिका—** उक्तं संस्तवपिण्डद्वारमथ विद्यामन्त्रचूर्णपिण्डाख्यद्वारत्रयं तल्लक्षणकथनद्वारेण व्याचिख्यासुराह।

**मूलगाथा— साहणजुत्ता थीदेवया व विज्जा विवज्जए मंतो।**
**अंतद्धाणाइ फला चुन्ना नयणंजणाइया।।७३।।**

**संस्कृतछाया— साधनयुक्ता स्त्रीदेवता वा, विद्या विपर्यये मन्त्रः।**
**अन्तर्द्धानादिफलाश्चूर्णानां नयनाञ्जनादयः ।।७३।।**

---

છે" એમ વિચારી ગામબહાર કાઢી મૂકે વગેરે કરે.

વળી, તે સાધુએ જેને સાસુ તરીકે કલ્પી છે, (એ જો ભદ્રિક હોય તો) તે સ્નેહવશથી "મારા મરેલ જમાઈ વગેરેના સ્થાને આ પણ ભલે થતાં = આ જ મારા જમાઈ થાઓ" એવા અભિપ્રાયથી વિધવા એવી પોતાની પુત્રીને આપી દે. અથવા જો એ દાત્રી પ્રત્યનીક હોય તો કુરણ્ડાને = પતિવગરની દુરાચારિણી સ્ત્રીને આપી દે.

તથા, સાધુએ જે દાત્રીને પત્ની રૂપે કલ્પી, તે દાત્રીનો પતિ જો બાજુમાં જ ઉભો હોય અને તે મુનિના વચનો સાંભળી લે, ત્યારે "મારી પત્નીને આ સાધુએ પોતાની પત્ની તરીકે કલ્પી છે તો તેમજ થાઓ" એમ વિચારીને તે નમાલો પતિ મુનિ સાથે પોતે પોતાની પત્નીને સંભોગ કરાવે અર્થાત્ મુનિને ચારિત્રથી ભ્રષ્ટ કરે.॥૭૨॥

**અવતરણિકા :-** આ પ્રમાણે સંસ્તવપિણ્ડદ્વારને જણાવ્યું. હવે વિદ્યા[૧]-મન્ત્ર[૨]-ચૂર્ણપિણ્ડ[૩] નામક ત્રણદ્વાર અને તેના લક્ષણ કહેવા દ્વારા એની વ્યાખ્યા જણાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ :- साहणजुत्ता** = જાપ, બલિ વિગેરેથી સાધ્ય, **थीदेवया** = જેના અધિષ્ઠાતા સ્ત્રીદેવતા હોય તે, **व** = અથવા, **विज्जा** = વિદ્યા, **विवज्जए** = વિદ્યાથી વિપરીતલક્ષણવાળો, **मंतो** = મંત્ર, **अंतद्धाणाइफला** = અદૃશ્ય થવા વિગેરેના ફલવાળું, **चुन्ना** = ચૂર્ણ, **नयणंजणाइया** = આંખમાં આંજવાનું અંજન વિગેરે.॥૭૩॥

**મૂળગાથા-ગાથાર્થ :-** જાપ, બલિ અથવા અક્ષતાદિની પૂજા કરવાથી સાધ્ય થતી અથવા જેના અધિષ્ઠાતા પ્રજ્ઞપ્તિ આદિ સ્ત્રીદેવતા હોય તે વિદ્યા, અને જાપાદિ વગર સાધ્ય થતી અથવા જેના અધિષ્ઠાતા પુરુષદેવતા હોય તેનું નામ મન્ત્ર. અદૃશ્ય થવું અથવા વશીકરણકરવું એ વગેરે જેનું ફળ છે તેવું આંખમાં આંજવાનું અંજન તથા કપાળમાં તિલક કરવા વગેરેની સામગ્રી તેનું નામ ચૂર્ણ.॥૭૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 विद्या-मन्त्र-चूर्णानां स्वरूपम् 卐

**व्याख्या**- साधनयुक्ता करादिजपबल्यक्षतादिपूजोपचारान्विता यद्वा स्त्री प्रज्ञप्त्यादिका देवता-ऽधिष्ठात्री यस्याः सा स्त्रीदेवता। स्त्रीस्वरूपदेवताधिष्ठातेत्यर्थो, वा विकल्पे। ओमित्याद्यक्षरपद्धतिः। किमित्याह 'विज्जे'ति विद्याशब्दव्यपदेशादिति शेषाव्यापारणं च(?) दोषस्तेन लब्धः पिण्डो विद्यापिण्ड इति। तथा 'विवज्जए मंतो'त्ति। तत्र विपर्यये साधनस्त्रीदेवतायुक्तत्वस्वरूपविद्यालक्षणवैपरीत्ये भावे सतीति यावन्मन्त्रः स्यात् कोऽर्थोऽसाधनः पुरुषरूपदेवताधिष्ठित ऊँकारादिवर्णात्मक एव मन्त्रो भवतीति तत्प्रयोगेण लब्धः पिण्डो मन्त्रपिण्डः तथान्तर्द्धानमदृश्यभवनमादिशब्दात् वशीकरणादिग्रह-स्ततोऽन्तर्द्धानादिफलं कार्यं तेषां ते तथोक्ताः। चूर्णा द्रव्यक्षोदरूपाः। के पुनस्ते इत्याह। नयनाञ्ज-नादय इति द्रव्यसमूहनिष्पन्ननेत्रोपलेपनललाटतिलकादिक्रियाहेतवस्तद्व्यापारेण लब्धः पिण्डश्चूर्ण-पिण्डः स्यादत्र च विद्यापिण्डे भिक्षूपासकदृष्टान्तो वाच्यो यथा—

卐 विद्यापिण्डविषयक-भिक्षूपासकदृष्टांतः 卐

## • વિદ્યા-મન્ત્ર અને ચૂર્ણનું સ્વરૂપ •

**વ્યાખ્યાર્થ** :- 'साहणजुत्ता' = 'साधनयुक्ता' = જે સાધનાથી યુક્ત હોય એટલે કે હાથ, માળા વગેરેથી જાપ, બલિ-બાકળા મૂકવાં, અક્ષત વગેરે પૂજાના ઉપચાર = વિધિ વિધાનથી જેની સાધના કરાય. અથવા, 'थी-देवया वा' = 'स्त्री-देवता वा' = પ્રજ્ઞપ્તિ વગેરે સ્ત્રીદેવતા જેની અધિષ્ઠાત્રી છે. 'वा' – વિકલ્પના અર્થમાં છે.. એટલે કે જેમાં 'ओम्' વગેરે અક્ષરરચના હોય એ પણ લઈ શકાય. તેને શું કહેવાય ? તે કહે છે, 'विज्जा' = 'विद्या' કહેવાય છે. અહીં વિદ્યા શબ્દનો પ્રયોગ થયો છે છતાં પણ 'વિદ્યાનો પ્રયોગ' 'વિદ્યાનો વ્યાપાર' એમ અધ્યાહારથી જાણવું. એટલે કે વિદ્યા કાંઈ દોષ નથી પરન્તુ આહારાદિમાટે વિદ્યાનો પ્રયોગ એ દોષરૂપ છે. વિદ્યાપ્રયોગ દ્વારા મેળવેલ પિણ્ડને 'વિદ્યાપિણ્ડ' કહેવાય છે.

તથા, 'विवज्जए मंतो' = 'विपर्यये मंत्र' = વિદ્યાને વિપરિત એ મન્ત્ર છે. એટલે કે જાપાદિ સાધનાથી સાધ્ય અથવા સ્ત્રીદેવતા જેમાં અધિષ્ઠાત્રી છે વગેરે સ્વરૂપ જે વિદ્યાનું લક્ષણ છે તેનાથી વિપરિત મન્ત્રનું લક્ષણ હોય છે. મન્ત્રનું લક્ષણ :- જાપાદિ સાધનાની જરૂર ન હોય. પુરુષ રૂપ દેવતાથી અધિષ્ઠિત હોય. અને 'ऊँकार' આદિ વર્ણરચનાવાળો જ હોય. તેના પ્રયોગથી મેળવેલ પિંડને મન્ત્રપિણ્ડ કહેવાય છે.

તથા, 'अंतद्धाणाइफला' = 'अन्तदर्धानादिफलाः' = અદશ્ય થવું વગેરે ફળ = કાર્ય છે જેનું, તેને શું કહેવાય ? તે કહે છે, 'चुन्ना' = 'चूर्णाः' = ચૂર્ણ કહેવાય છે. ચૂર્ણ દ્રવ્યોના ભૂક્કા સ્વરૂપ જાણવું. 'अन्तदर्धानादि' અદશ્યથવું કે કરવું. અહીં 'आदि' શબ્દથી 'વશીકરણ કરવું' વગેરે લેવું. તે ચૂર્ણ શું છે ? તે કહે છે, 'नयणंजणाइया' = 'नयनाञ्जनादयः' દ્રવ્યોના સમૂહથી બનેલ આંખોમાં આંજવું, લલાટ પર તિલક કરવું વગેરે ક્રિયાઓનું કારણ છે. તેના ઉપયોગદ્વારા મેળવેલ પિણ્ડને ચૂર્ણપિણ્ડ કહેવાય છે.

## • વિદ્યાપિણ્ડવિષયક ભિક્ષુ-ઉપાસકનું દૃષ્ટાંત •

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गंधसमिद्धं नाम नयरं होत्था। तत्थन्नया सद्धम्मकप्पतरुणो केइ आयरिया समोसढा। तत्थ एगो भिक्खूवासओ, ईसरो सो य साहुण भिक्खट्टा गिहागयाणं न किंचि देइ। अन्नया य साहूणमेगत्थमिलियाण समुल्लाओ जाओ। जहा एसो भिक्खूवासओ ईसरो वि साहूणं न किंचि देई। ता अत्थि कोई जो एयं घयाइयं दवावेइ। तेसिं मज्झाउ एगेण साहूणा भणियं। जहामं आणह जेणाहं दव्वावेमि। अणुण्णाओ गओ तस्स गेहं अभिमंतिओ सो विज्जाए तेण घयगुलाइयं पउरं साहुणो दिन्नं, साहु वि विज्जं संहरित्ता सट्ठाणमागओ विज्जाए पडिसाहरियाए सहावत्थो जाओ गेहे घयगुलायाइ थेवाइं पासइ, जाव केण हियं मे घयाइ केण मुट्ठोमित्ति पलविउं विलग्गोत्ति।

मन्त्रपिण्डे शालिवाहनराजप्रदी(पादलि)प्तकाचार्यदृष्टान्तो वाच्यो नवरं प्रायो बहुजनप्रसिद्धाद्वि-नेयजनानुग्रहाय यथाम्नायमादितः पादलिप्ताचार्यचरितं किञ्चिदिहोच्यते। तच्चेदम्—

**卐 मन्त्रपिण्डे आचार्यपादलिप्तसूरि-वृत्तान्तः 卐**

जिणवयणरहस्सज्जणकुसला कोसलापुरी नाम नयरी होत्था। तत्थ य जिणवयणसवणजाय-

---

અહીં, વિદ્યાપિણ્ડ વિશે 'भिक्षु-उपासक' નું દષ્ટાંત છે. જે આ પ્રમાણે છે.

ગંધસમૃદ્ધ નામનું નગર હતું. ત્યાં સદ્ધર્મસ્વરૂપકલ્પવૃક્ષ એવા કોક આચાર્ય સમોસર્યા. ત્યાં એક બૌદ્ધ ઉપાસક ઈશ્વર = શેઠીયો હતો. તે ભિક્ષાર્થે ઘર આંગણે આવેલ સાધુને ભિક્ષામાં કાંઈ આપે નહિ. એટલે સાધુમાંડલીમાં વાત થઈ કે, 'આ બૌદ્ધઉપાસક સુખી છતો પણ સાધુને કંઈ આપતો નથી તો છે એવો કોઈ કે જે આ શેઠીયા પાસેથી ઘી વગેરે અપાવે.' તે સાધુઓની મધ્યમાં એક સાધુએ કહ્યું 'હા, મને આજ્ઞા આપો, જેથી હું ગોચરી અપાવું.' એ સાધુને એમ કરવા અનુજ્ઞા આપવામાં આવી. એટલે તે સાધુ તેના ઘરે ગયો. શેઠીયાને વિદ્યાથી એવો અભિમંત્રિત કરી દીધો કે તેણે ખૂબ પ્રમાણમાં ઘી-ગોળ વગેરે સાધુને આપ્યા. તે પછી સાધુએ વિદ્યાને સંહરી લીધી અને પોતાના સ્થાને આવી ગયો. આ બાજુ, વિદ્યા સંહરી લીધાબાદ શેઠીયો પોતાની વાસ્તવિક અવસ્થામાં આવ્યો. ઘરમાં ઘી-ગોળ વગેરે ઓછા થયેલા જુવે છે, એટલે "કોણે મારા ઘી વગેરે ચોર્યા ? હું કોના દ્વારા લૂંટાયો ?" એ પ્રમાણે બોલવા લાગ્યો.

મન્ત્રપિણ્ડ વિશે શાલિવાહન રાજા અને પાદલિપ્તસૂરિ મહારાજનું દષ્ટાંત છે. જો કે આ દષ્ટાંત તો બહુજનપ્રસિદ્ધ છે. છતાં પણ વિનેય = શિષ્યજનના અનુગ્રહમાટે આમ્નાય પ્રમાણે = વડિલો = પોતાના ગુરુજનો = પૂર્વાચાર્યો પાસેથી જે રીતે સાંભળવા મળ્યું છે તે પ્રમાણે પ્રારંભથીજ પાદલિપ્તસૂરિ મહારાજનું ચરિત્ર કાંઈક અહીં કહેવામાં આવે છે. તે આ પ્રમાણે છે.

**• મન્ત્રપિણ્ડમાં આચાર્ય પાદલિપ્તસૂરિની કથા •**

જિનવચનના રહસ્યને જાણવામાં કુશળ એવી કૌશલ્યા નામે નગરી હતી. ત્યાં, જિનવચનના શ્રવણથી ઉત્પન્ન થતા હર્ષથી પ્રફુલ્લિત થતા 'ફુલ્લ' નામે શ્રેષ્ઠી હતા. તેઓને અનન્ય પ્રતિમા = બીજામાં ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हरिसुप्फुल्लो फुल्लो नाम सेट्ठी। तस्स य अणण्णपडिमा पडिमा नाम भारिया इउय सव्वमत्थि तेसिं न उण पुत्तो। तदत्थं च वइरोट्टं देवयं सा पोसहसालाए गंतूण चत्तसयलवावारा पोसहेण धम्मजागरियं करेमाणी आराहिउं पयट्टा। तउ सा देवी तब्भत्तिरंजिया समागया पुत्ते देहि त्ति भणिए भणइ य वच्छे ! बहवे तुज्झ होत्थाहि त्ति परमज्जेव विग्घविग्घायणत्थं विसुद्धभावेण तए इहेव नयरे विहरमाणाणं नागहत्तिसूरीणं बहियासमागयाणं पायपक्खालणजलं पिबेयव्यं ति भणिऊण गया सट्ठाणं देवी, तउ गोसकिच्चं काऊण पडिमा पढमपहरसमए तेसिं वसहीए संपट्ठिया एगो वसहीमाणीए (मागयाए) य साहू बहियागयाणं सूरीणं पायसोयजलपरिट्ठवणत्थं निग्गओ दिट्ठो। सो तीए पुट्ठो किमेयंति। तेण य भणियं सूरीपायजलं, तीए तं से मग्गिऊण तत्थेव पीयंति। तओ वसहिमज्झे गया सूरीणं वंदणवडियाए। तत्थ य ते दसासुयखंधं परावत्तयंतो दिट्ठा वंदिया य परमभत्तीए तेहिं सा धम्मलाभेहिं वुत्ता केण निमित्तेण तुममेत्थ एगागिणी समागया ?। तीए सव्वं देवयाउवइट्ठं सुयभवणहेउयं पायसोयजलपाणाइयं कहियं। तउ सूरिहि सुओवओगं दाऊण वुत्तं भविस्सति तुज्झ बहवे पुत्ता 'परं पढमो पुत्तो दसण्हं वरिसाणमुवरिं जउणानदीए परउ चिट्ठंतो जीविही न अन्नहा। एवं निसम्म तीए वुत्त जेट्ठपुत्तमहं तुब्भं दाहामित्ति। सूरीहि वुत्तं जइ एवं तो

---

જોવા મળે એવા શીલ-સદાચારાદિની પ્રતિમા સ્વરૂપ 'પ્રતિમા' નામે પત્ની હતી. આ દંપતિને બધું હતું પણ પુત્ર ન હતો. પુત્રની પ્રાપ્તિમાટે પ્રતિમાએ બીજા બધાં કાર્યો છોડીને પૌષધશાળામાં જઈ પૌષધપૂર્વક ધર્મજાગરણ કરીને વૈરોટ્યાદેવીની આરાધના કરવા લાગી.

તેની ભક્તિથી ખુશ થયેલી દેવી પ્રગટ થઈ અને પ્રતિમાએ દેવીને કહ્યું "મને પુત્ર આપ." દેવીએ કહ્યું 'હે વત્સે ! તને ઘણાં પુત્રો થશે, પરન્તુ પુત્ર પ્રાપ્તિના વિઘ્નોનાનાશ માટે આ જ નગરની બહાર વિહાર કરતાં કરતાં આજે જ આવેલા નાગહસ્તિસૂરિ મહારાજનું પગધોયેલ પાણી તારે વિશુદ્ધભાવ-પૂર્વક પીવું." આમ કહીને દેવી સ્વસ્થાને ગઈ. પ્રતિમા સવારનું કાર્ય આટોપીને પ્રથમપ્રહર સમયે નિર્દિષ્ટ સૂરિભગવંતની વસતિમાં જવા નીકળી. વસતિમાં પ્રવેશતી વખતે જ તેણે બહાર જઈ આવેલા સૂરિજીના પગ ધોયેલાં પાણીને પરઠવવા લઈ જતાં એક સાધુને જોયા. એટલે સાધુને પૂછ્યું "આ શું છે ?." સાધુએ જવાબ આપ્યો "સૂરિજીના પગ ધોયેલું પાણી છે." પ્રતિમાએ તે પાણી માંગ્યું, અને અને ત્યાં જ પી લીધું. પછી સૂરિજીને વંદન કરવા માટે વસતિમાં ગઈ. ['वंदण-वडियाए' – 'માટે' ના અર્થમાં 'वडिया' = પ્રત્યય શબ્દપ્રયોગ થાય છે.] ત્યાં તેણે સૂરિજીને 'दशाश्रुतस्कंध' નું પરાવર્તન કરતા જોયા. પરમભક્તિથી વંદન કર્યા. સૂરિજીએ ધર્મલાભપૂર્વક પૂછ્યું 'શા કારણે તમે અહીં એકલા આવ્યા ?' તેણે 'દેવતાવડે કહેવાયેલ, પુત્ર પ્રાપ્તિનું નિમિત્ત એવું પગધોયેલ પાણી પીવું' વગેરે બધી વાતો કહી. ત્યારે સૂરિજીએ શ્રુતનો ઉપયોગ મૂકીને કહ્યું, 'તને ઘણાં પુત્રો થશે. પરન્તુ પ્રથમ જે પુત્ર થશે એ દસ વર્ષનો થયા બાદ યમુના નદીની પેલે પાર રહેશે તો જ જીવશે નહીંતર નહિ.' એમ સાંભળીને પ્રતિમાએ કહ્યું 'મોટા = પ્રથમપુત્રને હું તમોને આપીશ.' સૂરિજીએ કહ્યું 'જો એમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अम्हे चिरजीवियं करिस्सामो। ततो सा एवं होउ त्ति भणिऊण नियगेहे गया, सेट्ठिणो य तं सव्वं साहियं।

**卐 आचार्यपादलिप्तसूरिवृत्तान्ते, माताप्रतिमाया गर्भधारणं पुत्रस्य जन्म च 卐**

तउ तीए चेव रयणीए रयणमओ नागो सुमिणे पविस्संतो मुहे दिट्ठो। पडिबुद्धाए य सो सुमिणो दइयस्स साहिओ तेण वुत्तं गुणप्पवरो पिए ! तुह पुत्तो होही गब्भे य परिवड्ढमाणे इमो दोहलो तीए जाओ जहा जइ हं, ससणिद्धसेलकाणणाइट्ठाणे सुबहुं दीणाणाहाइयाणं दाणं देमि त्ति। सेट्ठिणो य तीए कहिओ, तेण य सविसेसतरो सो पुरीओ। तउ नियसमए सव्वंगलक्खणोववेयं पुत्तं पडिमा पसूया। सेट्ठिणा अ वद्धावणाइयं कारियं। तउ मासे संपुन्ने सुमिणाणुसारेण जहा एयम्मि गब्भगए सुमिणो नागो दिट्ठो तम्हा एसो नागिंदोत्ति तस्स नामं कयं। तउ सूरीवसहीए नेऊण इमं सीसं गिण्हत्ति भणिऊण सो तेसिं समप्पिओ तउ तं सव्वलक्खणगुणोववेयं दट्ठूण वुत्तं सूरीहिं। जहा एस जुगप्पहाणो पवयणपुरिसो होहित्ति। ता तुब्भेहिं एस महाजत्तेण रक्खेयव्वो जाव अट्ठवरिसो होइ त्ति। तेहिं तहेव तं सव्वं कयंति। तं च पइदिणं साहुवसहीए माया नेइ। पढंते गुणंते य साहुणो निसुणेइ अवधारेइ य। इउ य सा पडिमा अन्नेवि बहुपुत्ते सव्वलक्खणधरे

---

હોય તો અમે એને ચિર-જીવિત = લાંબોજીવનાર કરીશું.' પ્રતિમાએ 'ભલે એમ થાઓ' એમ કહીને પોતાના ઘરે ગઈ અને પોતાના શ્રેષ્ઠીને (પતિને) બધી વાત કરી.

**• આચાર્ય પાદલિપ્તસૂરિના વૃત્તાન્તમાં માતા પ્રતિમાને ગર્ભધારણ અને પુત્રજન્મ •**

પ્રતિમાએ તે જ રાત્રિએ રત્નમય નાગને પોતાના મોઢામાં પ્રવેશ કરતો સ્વપ્નમાં જોયો. સ્વપ્ન જોઈ ઉઠીને પ્રતિમાએ સ્વપ્નની વાત પોતાના સ્વામીને કરી. પતિએ કહ્યું 'હે પ્રિયા ! ગુણથી શ્રેષ્ઠ એવો તને પુત્ર થશે.' વધતાં ગર્ભના પ્રભાવે પ્રતિમાને દોહલો ઉત્પન્ન થયો કે 'એકદમ લીલાછમ પર્વત-કાનન (= જેમાં જંગલી પશુ-પક્ષીઓ વધારે હોય પણ વનસ્પતિની ઓછાશ હોય) વગેરે સ્થાનોમાં દીન-અનાથ વગેરેને હું ઘણું ઘણું દાન આપું.' આ દોહલાને તેણે શ્રેષ્ઠીને જણાવ્યો. શ્રેષ્ઠીએ તે દોહલાને સવિશેષ રૂપે પૂર્ણ કર્યો.. પછી ગર્ભકાળ પૂરો થયે પ્રતિમાએ સર્વાંગલક્ષણથી યુક્ત પુત્રને જન્મ આપ્યો. શ્રેષ્ઠીએ વર્ધાપણ = વધામણાં-પુત્રજન્મમહોત્સવ કર્યો. પુત્ર જ્યારે એકમાસનો થયો ત્યારે 'આ ગર્ભમાં આવ્યો ત્યારે સ્વપ્નમાં નાગ જોયો' આ પ્રમાણેના સ્વપ્ન-અનુસારે 'આ નાગેન્દ્ર છે' એમ એનું નામ પાડ્યું.

સૂરિજીની વસતિમાં નાના નાગેન્દ્રને લઈ જઈ 'આ શિષ્યને ગ્રહણ કરો' એમ કહીને સૂરિજીને નાગેન્દ્ર સમર્પ્યો. સર્વલક્ષણ અને ગુણોથી યુક્ત બાલુડાને જોઈને સૂરિજીએ કહ્યું 'આ યુગપ્રધાન પ્રવચન-પુરુષ થશે. એટલે ૮ વર્ષનો થાય ત્યાંસુધી તમારે એને મહાપ્રયત્નપૂર્વક = અત્યંતકાળજી પૂર્વક સાચવવો = એનું રક્ષણ કરવું. તેઓએ = ફુલ્લશ્રેષ્ઠી અને પ્રતિમાએ એજ પ્રમાણે કર્યું. તે બાલુડાને માતા પ્રતિમા રોજ સાધુવસતિમાં લઈ જાય છે. બાળક તે વખતે ભણતાં-ગણતાં સાધુઓને સાંભળે છે અને તેનું અવધારણ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

देवकुमारोवमे कुलुद्धरणे पसूया।

**卐 नागेन्द्रस्य दीक्षा, 'पालित्तो' = 'पादलिप्तः' इति नामस्थापना च 卐**

सो य नागेंदो अट्ठवरिसिओ संतो सूरीहि सोहणदिणे विहिणा पव्वाविओ। तउ सो अन्नदिणे खुड्डुओ आसन्नगिहाउ चउत्थरसियं घेत्तूं समागओ। गुरूणं पुरो ठिओ तेहिं वुत्तो इमं आलोइयं जाणसि नव त्ति। तेण वुत्तं अ(तु)ज्झपसाएण जाणामि। जइ एवं ता भणसु, ततो तेणिमं वुत्त(वुत्तं), जहा अंबं तंबत्थीए अपुप्फियं पुप्फदंतपंतीए। नवसालिकंजियं नववहूए कुडएण मे दिन्नं।।१।। इमं गाहं सुणिऊण सूरीहि वुत्तं भो भो मुणिणो पेच्छह पेच्छह अहो एसो खुड्डो सिगारग्गिणा पलित्तो त्ति। तउ खुड्डएण नमिउं वुत्तं। भयवं काणेण पसायं कुणह जेण पालित्तो होमि त्ति एवं तेण वुत्ते गुरुमइचमक्किएण गुरुणा आसणे निवेसिय सो सायरमेवं पुट्ठो, किं तुमं किंपि छंदाइयं जाणसि त्ति। तउ तेण बालभावाउ आरब्भ साहुसेवापरेण वागरणच्छंदलंकाराइयं

---

આ બાજુ પ્રતિમાએ પણ સર્વ-લક્ષણ-ધારક, દેવકુમારની ઉપમાવાળા, કુળનો ઉદ્ધાર-ઉન્નતિ કરવા સમર્થ એવા બીજા પણ અનેક પુત્રોને જન્મ આપ્યો.

**• નાગેન્દ્રની દીક્ષા, 'પાલિત્તો' = પાદલિપ્ત એ પ્રમાણે નામની સ્થાપના •**

તે નાગેન્દ્ર ૮ વર્ષનો થયે સૂરિજીપાસે સારાદિવસે વિધિપૂર્વક દીક્ષિત થયો. એકવાર આ બાળમુનિ બાજુના ઘરમાંથી 'चउत्थ-रसियं' = 'चतुर्थ-रसिकं' = [૧]તીખો-[૨]કડવો-[૩]કષાય = તૂરો-[૪]ખાટો-[૫]મધુર-[૬]લવણ = ખારો. આ ૬ પૈકી ૪ થો = ખાટોરસ, અર્થાત્ કાંજી લઈ આવ્યા. ગુરુની સન્મુખ ઉભા રહ્યા. ગુરુએ પૂછ્યું "આને આલોવવું જાણે છે કે નહિ ?." બાળમુનિએ કહ્યું "આપની કૃપાથી જાણું છું." ગુરુએ કહ્યું "જો એમ હોય તો કહે." ત્યારે બાળમુનિએ આલોવવાના સ્થાને આ ગાથા કહી –

**अंबं तंबत्थीए अपुप्फियं पुप्फदंत-पंतीए। नवसालिकंजियं नववहूए कुडएण मे दिन्नं।।**

**अर्थ** :- તાંબા જેવા વર્ણવાળી, પુષ્પસમાન દંતપંક્તિવાળી એવી નવવધૂએ નવા = બાસમતી ચોખાની તાજી ખાટીકાંજી કુડવપ્રમાણ મને આપી. (कुडव = મગધદેશપ્રસિદ્ધ લીટર-બે લીટર માપનું ભાજન વિશેષ.)

આ ગાથા સાંભળીને ગુરુએ કહ્યું, "અરે, અરે, ઓ સાધુઓ ! જુઓ, જુઓ તો ખરા. અહો ! આ બાળમુનિ શ્રૃંગારરસથી પલિતો 'प्रदीप्तः' = દાઝેલા છે.' ત્યારે બાળમુનિએ નમીને કહ્યું 'હે ભગવાન ! માત્ર એક કાનો વધારે ઉમેરવાનો પ્રસાદ કરો = મહેરબાની કરો જેથી હું પાલિતો = 'पादलिप्तः' = પગમાં લેપ કરીને ઉડનારો થાઉં". બાળમુનિની આ પ્રતિભા જોઈ ગુરુ ચોંકી ઉઠ્યા અને બાળમુનિને આસનપર બેસાડીને આદરપૂર્વક પૂછ્યું. "શું તું કોઈ છંદ વગેરેને જાણે છે ?." ત્યારે બાળમુનિએ "બાળભાવથી માંડીને સાધુસેવામાં લાગી જવા સુધીમાં વ્યાકરણ-છંદ-અલંકાર વગેરે જે બધું અવધારણ કર્યું. તે બધુંય ગુરુને જણાવ્યું = નાનપણથી જ માતા પ્રતિમા રોજ બાળ નાગેન્દ્રને સૂરિજીના વંદનાર્થે લઈ જતી. એ વખતે સાધુઓના પઠન-પાઠનના અવાજ દ્વારા એ સૂત્રો અવધારણ કરી લેતા, અને પછીથી સાધુઓની સેવા કરતાં કરતાં સાધુઓના મોઢે સૂત્રો વગેરે સાંભળતા સાંભળતા તે બધુંય અવધારણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सव्वमवधारियं गुरुणो निवेइयं।

अवि य- जं किंचि सुयं दिट्ठं, पण्हामेहागुणेण तं सयलं। साहइ सनिम्मियं पिव पालित्तो सुकयसंपुन्नो।।१।।

तउ सूरी समुदायं मेलिऊण तस्स इणमेव नामं पइट्ठियं, जेण एसो गुणपगरिसेण आलित्तो तेण होउ इमस्स नामं पालित्तो त्ति। तहा भणियं अम्हवयणाउ अज्जपभिइ तुब्भेहि सव्वायरेण उवयरियव्वो। समुदायेण वि तं सूरिवयणं तहत्ति पडिवज्जियं।

**卐 पादलिप्तमुनेराचार्यपदवी, मथुराप्रतिप्रस्थानश्च 卐**

तउ गुरुणा जोग्गो एस सयलसुत्तत्थाणं ति नाऊण भावोवहाणरूवेण उस्सारणकप्पेण सव्वाणि तस्स ताणि अणुन्नायाणि। तउ सूरीहि अट्ठवरिसो वि सो संघसंमएण महापमोएण नियपए ठाविओ कयं च से नामं पालित्तयसूरि त्ति। संघो भणिओ जहा अम्हे जंघाबलपरिहीणो अन्नत्थविहारं काउमसमत्था। एसो बालो वि पालित्तसूरी अईव संघपुरीट्ठो जउणा नईए आराया एयस्स संपयं अकुसलं। ता एयस्स विहारं अणुजाणे संघो। जेणेमं महुराए देववंदणत्थं पेसेमि। एवं च

---

કરી લેતા, એ બધી વાત ગુરુને કહી સંભળાવી.

ટીકાકાર સ્વયં નીચેનો શ્લોક મૂકીને બાળમુનિના ગુણ ગાતાં કહે છે,

**जं किंचि सुयं दिट्ठं, पण्हा-मेहागुणेण तं सयलं। साहइ सनिम्मियं पिव पालित्तो सुकय-संपुन्नो ।।१।।**

**અર્થ** :- સુકૃતથી સંપૂર્ણ પાદલિપ્ત એવા આ બાળમુનિ, જે કાંઈ પણ સાંભળે કે જુવે, તે બધુંય પ્રજ્ઞા-મેધાના બળે કહી દે છે. એટલું જ નહિ, પોતેજ તેવા શ્લોકોનું જાણે નિર્માણ કર્યું હોય એવી રીતે કહી દે છે.

એજ વખતે સૂરિજીએ સમુદાયને ભેગો કરી 'આ બાળમુનિ ગુણપ્રકર્ષથી 'आलित्तो' = 'आलिप्तः' = લેપાયેલ છે = યુક્ત છે, તેથી આનું નામ 'पालितो' = 'पादलिप्तः' થાઓ' એમ કહીને આ બાળમુનિનું નામ 'पालित्तो' રાખ્યું અને કહ્યું કે 'અમારા વચનથી આજથી તમારે એમની સાથે સર્વ આદરપૂર્વક વર્તન કરવું.' સમુદાયે પણ સૂરિજીના વચનને 'तहत्ति' કરીને સ્વીકાર્યું.

**• પાદલિપ્તમુનિની આચાર્યપદવી અને મથુરા તરફ પ્રસ્થાન •**

ગુરુએ જાણ્યું કે બધાજ સૂત્ર અને અર્થ માટે આ યોગ્ય છે. તેથી ભાવઉપધાન સ્વરૂપ [દ્રવ્ય ઉપધાન એટલે જોગાદિ વહનકરવા અને ભાવઉપધાન એટલે યોગ્યતા] 'उस्सारणकप्पेण' = નીચેનું ભણ્યા વિના કે જોગાદિ વિના જે ભણાવે તે ઉસ્સારણકલ્પદ્વારા સર્વસૂત્રોની અનુજ્ઞા આપી. પછી સૂરિજીએ સંઘની સંમતિપૂર્વક માત્ર ૮ વર્ષના આ બાળમુનિને મહાપ્રમોદથી પોતાના પદે = સૂરિ પદે સ્થાપ્યા અને 'પાદલિપ્તસૂરિ' નામ પાડ્યું.

સૂરિજીએ શ્રમણપ્રધાન શ્રીસંઘને કહ્યું કે, "અમારું જંઘાબળ પરિક્ષીણ થયું છે = પગોમાં ચાલવાની શક્તિ ખૂટી ગઈ છે, માટે અન્યત્ર વિહારકરવા અસમર્થ છીએ. પરન્તુ બાળ એવા પણ આ પાદલિપ્તસૂરિ અત્યંત સંઘપુરીષ્ટ = શ્રમણપ્રધાન શ્રીસંઘ અને આ નગરીના લોકોમાં ઈષ્ટ છે. પણ, યમુના નદીની આ બાજુ હમણાં એમનું કુશળ નથી. તેથી શ્રીસંઘ એમના વિહારમાટે અનુજ્ઞા આપે. હું એમને મથુરામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सूरिवयणं निसुणिय संघेण चिंतियं जहा न एए पवयणपुरिसा निक्कारणमन्नहा जंपंति। तउ सूरिपसिणाउ अकहियं पि किलेयं नज्जइ, जत्थेसो पालित्तसूरि विहरिस्सइ तत्थ नूणं संघस्स परा समुन्नइ भविस्सइ त्ति। ता जामोऽम्हे वि अणेण सद्धिं तत्थ जत्ताए। तउ इणमत्थं सूरीणं निवेइऊण वडतरो संघो तेण समं संपट्ठिओ। तउ सूरीहि पालित्तसूरी भणिओ जहा सयमप्पमाइणा होइयव्वं, संघकज्जेसु पुण विसेसउ वच्छल्लपरेण भवियव्वं। तउ सो संघजुओ संपत्तो महुरापुरीए। वंदेइ य देवनिम्मियं रम्मं थूभं अण्णे य चेइयं ति। तउ सूरी संघेण समं चलिओ।

**卐 चोंकारपुरे (ओंकारपुरे ?) बालसूरेः डिम्भैः सह क्रीडनं**
**तदाऽपूर्वश्रावकाणामागमनं तांश्च हितोपदेशः 卐**

पत्तो कमेण चोंकारपुरे (ओँकारपुरे?) ठिओ सूरी तत्थ कइवयदिणाणि। संघो य सट्ठाणं गओ। अह अन्नदिवसे भिक्खासरीरचिंताइकज्जे गएसु सव्वसाहूसु तव्वेलं च सावयाइविरहे य बालभावत्तणउ डिंभे दट्ठूण समुप्पन्नरमणवंछो चिलिमिलिं कडीए गोवित्तुं वसहीपच्चासन्नठिएहिं

---

દેવ-વંદન માટે = જિનાલયના દર્શનાર્થે મોકલું". સૂરિજીના વચનો સાંભળી શ્રીસંઘ વિચારવા લાગ્યો કે "નિષ્કારણ આ પ્રવચન પુરુષ = જે તે સમયે જે શાસનના શ્રેષ્ઠ નાયક હોય તે કદાપિ અન્યથા બોલે નહિ. સૂરિજી પોતેજ જ્યારે આમને અન્યત્ર મોકલવાની વાત કરી રહ્યા છે, તો કહ્યા વગર પણ આ વાત જણાઈ આવે છે કે આ પાદલિપ્ત સૂરિજી જ્યાં વિહાર કરશે ત્યાં ચોક્કસ શ્રી સંઘની પરા = શ્રેષ્ઠ = પરમ ઉન્નત્તિ થશે. એટલે આપણે પણ આ બાળ સૂરિજી સાથે ત્યાં મથુરાએ જાત્રા માટે જઈશું." વિચાર્યા પ્રમાણેની વાત શ્રી સંઘે સૂરિજીને જણાવીને ઘણો મોટો સંઘ = લગભગ ઘણા ખરા સાધુ-સાધ્વીજી અને ગામના મોટા ભાગના શ્રાવક-શ્રાવિકાઓએ તે બાળસૂરિજી સાથે પ્રસ્થાન આદર્યું.

સૂરિજીએ બાળસૂરિજીને શીખ આપી, "પોતે અપ્રમત્તપણે રહેવું અને સંઘના કાર્યોમાં વિશેષે કરી વાત્સલ્ય ભાવ રાખવો. [વાહ ! તીર્થંકરપ્રભુસ્થાપિત શ્રમણશ્રી-સંઘ કેટલો મહાન-ભવ્ય છે કે સૂરિજીએ હિતવચનોમાં બીજી હિતશિક્ષાસમેત આ મુખ્યહિતશિક્ષા આપી કે સંઘના કાર્યોમાં સવિશેષ વાત્સલ્યભાવ ધરવો. ધન્ય જિનશાસન ! ધન્ય શ્રી-સંઘ !] નૂતન બાળસૂરિજી શ્રીસંઘ સાથે મથુરાપુરીએ ગયા. ત્યાં દેવનિર્મિત રમ્ય સ્તૂપને વંદન કરી બીજા પણ ઘણાં મંદિરોનાં દર્શન કર્યા. [તે કાળે મથુરામાં દેવનિર્મિત ભવ્યસ્તૂપ હતો, એમ આ કથાનકના ઉલ્લેખથી જણાય છે.]

**• ચોંકારપુર (ઓંકારપુર ?)માં બાળકો સાથે બાળસૂરિની રમત,**
**ત્યારે અપૂર્વ શ્રાવકોનું આગમન અને તેઓને ઉપદેશ •**

ત્યારબાદ નૂતન સૂરિજી સંઘ સાથે આગળ ચાલતાં ક્રમે કરીને 'ચોંકારપુર' ('ઓંકારપુર') પધાર્યા. ત્યાં નૂતન સૂરિજીએ કેટલાક દિવસોની સ્થિરતા કરી. અહીંથી શ્રીસંઘ પોતાના સ્થાને પાછો વળ્યો.

હવે કોક એક દિવસે ભિક્ષા કે શરીરચિંતા = ઠલ્લે વગેરે કારણોસર બધા સાધુઓ વસતિમાંથી બહાર ગયા. તે વખતે શ્રાવકાદિનો પણ વિરહ હતો. એટલે વસતિની બહાર-બાજુમાં બાળકોને રમતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

डिंभेहि समं रमिउं लग्गो। एत्थन्तरं अच्चब्भुयगुणपसरं तस्स सोऊण कुओ वि ठाणाउ तस्स वंदणत्थं के वि सावया अप्पुव्वा आगया तेहिं ते डिंभा पुट्ठा जहा भो कत्थ पालित्तसूरिस्स वसहि त्ति। तेण य ते विन्नाया जहा एए सावयत्ति। तउ तेसिं सूरिणा भमाडेणं वसहीमग्गो कहिओ। जाव ते आगच्छंति तावप्पणा आसन्नमग्गेण गंतूण आयारं संवरिऊण निययासणे उवविट्ठो। तउ समागया ते सड्ढा। वंदिऊण सूरिं पूच्छिय सुहविहाराई विम्हियचित्ता विन्नाय तच्चेट्ठा तप्पुरओ उवविट्ठा। चिंतियं च तेहिं कहं तं डिम्भचरियं कहं च एरिसं पहुत्तणं ति। एयं तेसिं सूरिणा भावं नेऊण (नाऊण ?) भणिया ते भो एयं बालत्तणचेट्ठियं न कोट्ठए छोढुं पारिज्जइ। चंचलं च चित्तं जीवाणं, कीसण्णहा परिणयवयाणवि तुम्हाणं सया निक्कलंको नियओ धम्मो एसो न निव्वहइ। ता मा एयं चोज्जं मन्नह त्ति। तउ ते, उवलक्खिओ सूरीहि अम्ह भावो त्ति, हिट्ठमणा केच्चिरं कालं तं पज्जुवासिऊण सड्ढाणं गया।

---

જોઈને બાળપણનાં લીધે બાળસૂરિજીને પણ રમવાની ઈચ્છા થઈ. ઓઘાને કેડ પર છૂપાવીને વસતિની બાજુમાં રમી રહેલા બાળકો જોડે રમવા લાગ્યા. તે દરમ્યાન બાળસૂરિજીના આશ્ચર્યભૂત ગુણનો પ્રસર સાંભળીને કોક સ્થાનેથી તેઓશ્રીના વંદનાર્થે આવેલા કેટલાક અપૂર્વ-અપરિચિત શ્રાવકોએ બાળકોને પૂછ્યું "અરે, ઓ ! પાદલિપ્તસૂરિજીની વસતિ ક્યાં છે ?." બાળસૂરિજીએ જાણી લીધું કે આ શ્રાવકો છે. તેથી બાળસૂરિજીએ તે શ્રાવકોને ભમીને જવાતો લાંબોમાર્ગ બતાવ્યો. શ્રાવકો તે માર્ગે વસતિમાં પ્રવેશે તે પૂર્વે પોતે ટૂંકામાર્ગથી વસતિમાં પહોંચી ગયા. પોતાનો આકાર સંતાડી એટલે કે બાળકો સાથે રમતીવેળાએ જે કાંઈ કપડાઓની ગોઠવણ કરેલી તે બધું સંકેલીને, પૂર્વવત્ = રમવા જતાં પૂર્વે જેવું હતું તેવું સ્વરૂપ કરીને પોતાના આસને બેસી ગયા. એટલામાં તે શ્રાવકો આવ્યા. વંદન કરીને સૂરિજીને 'સુખપૂર્વક વિહારાદિ થયા ?' વગેરે સુખશાતા પૂછી. શ્રાવકો સૂરિજીની બાળચેષ્ટા ઓળખી ગયા. અર્થાત્ "પેલા છોકરાઓ સાથે રમનાર આ જ સૂરિજી હતા" એ રીતે ઓળખી ગયા. એટલે, 'અરે ! સૂરિજી બાળકો સાથે રમે છે ?' એવા કોક સંભવિત આશયથી વિસ્મિતચિત્તવાળા તેઓ બાળસૂરિજીની સન્મુખ બેઠા. વિચારવા લાગ્યા કે 'ક્યાં તે બાળકચરિત્ર ? અને ક્યાં આવું પ્રભુત્વપણું ?.' શ્રાવકોનો આવો ભાવ બાળસૂરિજીએ જાણી લીધો. તેઓને કહ્યું 'ઓ શ્રાવકો ! આ બાળપણાની ચેષ્ટા કાંઈ કોઠીમાં છૂપાવી શકાતી નથી, એ તો પોતાનો ભાવ ભજવે જ, જીવોનું ચિત્ત ચંચળ હોય છે. કારણ કે જો એમ ન હોય તો તમારા જેવા પરિણતવયવાળા પીઢશ્રાવકો પણ સદા નિષ્કલંક એવા પોતાના ધર્મનો નિર્વાહ કેમ કરી શકતા નથી ?' ભાવાર્થ આ છે કે, મોટી ઉંમરના થવા છતાં ચિત્ત ચંચળ હોવાથી ધર્મપાલનમાં સ્થિર બની શકતા નથી. તો નાનીવયે સૂરિપદ પામ્યા હોય, એટલે ક્યારેક બાળપણાને લીધે રમવામાં લાગી જાય એ બનવા જોગ છે. એટલા માત્રથી કાંઈ એઓની કિંમત ઓછી નથી થઈ જતી. પરન્તુ જીવોનું મન ચંચળ હોવાથી એ બની શકે છે. માટે, રમવાની બાબત ને કાંઈ ગુનો ન માનશો." 'બાળસૂરિજીએ આપણો ભાવ જાણી લીધો છે.' એમ શ્રાવકો સમજી ગયા. સૂરિજીની વાણીથી આનંદિતમનવાળા તેઓ કેટલોક કાળ બાળ સૂરિજીની પર્યુપાસના કરીને સ્વસ્થાને ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### ♨ बालसूरे 'यन्त्रशकटभरं' क्रीडा तदाऽपूर्वपंडितपुरुषाऽऽगमनं तेषां प्रतिबोधश्च ♨

पुणो वि कयाइ सूरी जंतसगडभरं पिच्छिऊण निव्वियणं च नाऊण उप्पन्नरमणवंछो वसहीउ निग्गंतूण डिंभेहि समं सगडपिंगेसु चडणउयरणकीलाए कीडिउमाढत्तो। एत्थंतरे केहिं वि अपुव्व-पुरिसेहिं आगंतूण ते डिंभा पुट्ठा जह कत्थ भो पालित्तयपंडीअस्स वसहि त्ति। ततो केइ एए विउसत्ति सूरिणा लक्खिऊण भमाडेण तेसिं वसहिमग्गं कहिउं पच्चासन्नमग्गेण सयं सट्ठाणमागओ। तउ निययासणे पच्छयपडयं लुलंतं पंगरिऊण अलियनिद्दाए ठिओ। एत्थंतरे ते पत्ता वसहिदुवारे, तं दट्ठूण उवलक्खिऊण य, तस्स धरिसणत्थं कुक्कुडसद्दं करेमाणा वसहीए पविसिउमारद्धा। सूरिणा वि तेसिं धरिसणत्थं तस्सद्दविरोही विरालियाए सद्दो माउंति तस्सद्दाणंतरं सिग्घं पकओ तउ नायं तेहिं दुद्धरिसो एसो। तउ सूरिचलणे पणमिय ठिया ते पंडिया, गोट्ठीए इमं च पुट्ठो, जहा-पालित्तय ! कहसु फुडं सयलं महिमंडलं भमंतेण। दिट्ठो सुओव कत्थ य, चंदणरससीयलो अग्गी? ।।१ ।।

तव्वयणाणंतरं अग्गिणो सीयलत्तं दिट्ठं सुयं च अणुहवपमाणसिद्धं, भणियं सूरिणा, जहा-

### • બાળસૂરિની 'યન્ત્રશક્ટભર'ની રમત, ત્યારે અપૂર્વ પુરુષોનું આગમન અને તેઓને પ્રતિબોધ •

વળી, ક્યારેક કોક એકવાર 'જંતસગડભર' જોઈને અને નિર્જન સ્થાન જાણીને બાળસૂરિજીને રમવાની ઈચ્છા થઈ. એટલે વસતિથી બહાર નીકળીને છોકરાઓ સાથે ગાડાની ધૂંસરીપર ઉતરવા-ચઢવાની ક્રિયા = રમત કરવા લાગ્યા.

'जंतसगडभरं' = બળદ વિનાની ધૂસરીથી યુક્ત ગાડુ. જેને લાકડીથી જમીન પર ટેકવેલું હોય છે. ધૂસરીના સામસામા બે ભાગો જ્યાં બળદ બાંધવામાં આવે છે. બળદ ન બંધાયા હોય ત્યારે એ ધૂસરીના સામસામે છોકરાઓ બેસે. જેમાં, એક નીચે આવે ત્યારે બીજો ઉપર જાય એવી રમત રમાય.

**'जंतसगडभरं'નું ચિત્રમય દર્શન :-**

A – B → *જ્યાં સામ સામે છોકરાઓ બેસે. એક નીચો આવે ત્યારે બીજો ઊંચે જાય એવી રમત રમાય.*




આ વખતે કેટલાંક અપૂર્વ-પુરુષોએ આવીને તે બાળકોને પૂછ્યું "અરે ઓ ! પાદલિપ્ત-પંડિતની વસતિ ક્યાં છે ?." ત્યારે "આ કોક વિદ્વાન લોકો છે" એમ ઓળખી લઈને બાળસૂરિજીએ તેમને ભમીને જતો લાંબોરસ્તો બતાવીને પોતે ટૂંકારસ્તાથી સ્વસ્થાને પહોંચીને પોતાના આસન પર લટકતો કપડો ઓઢીને જૂઠી નિદ્રાએ સુતા. એટલામાં તે વિદ્વાનો વસતિના દ્વારે આવ્યા. સુતેલા બાળ સૂરિજીને ઓળખી લીધા કે આ તો તે જ બાળકો સાથે રમનારા ! એટલે બાળસૂરિજીનો પરાભવ કરવા માટે કૂકડાનો અવાજ કરવાપૂર્વક વસતિમાં પેસવા લાગ્યા. બાળસૂરિજીએ પણ તેઓનો પરાભવ કરવા તેઓના કૂકડાના અવાજની સામે કૂકડાના અવાજને વિરોધી 'માઉં' = 'મિઆઉં' એવો બિલાડીનો અવાજ કર્યો. વિદ્વાનોએ જાણી લીધું કે "આ બાળસૂરિજીનો પરાભવ કરી શકાય તેમ નથી."

પછી બાળસૂરિજીના ચરણોમાં વંદન કરીને પંડિતો સૂરિજીપાસે બેઠા. વાતોમાં પંડિતોએ સૂરિજીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अयसाभिओगसंदुमियस्स पुरिसस्स सुद्धहिययस्स। होइ वहंतस्स फुडं चंदणरससीयलो अग्गी।।१।।
(ग्रं० ३०००)। तउ तेहिं वुत्तं अहो सूरिणो जे निरुवमा कीत्ती निम्मलं च जसो विप्फुरइ। जोग्गं च तेसिं नाऊण सूरिणा संसारा निव्वेइया सद्धम्मदेसणा कया, जहा-
दीहरफणिंदनाले महिहरकेसरदिसामुहदलिल्ले। उप्पियइ कालभमरो जणमयरंदं पुहइपउमे।।१।।
तउ संसाराउ निविन्ना केइ समणा जाया, केई सावयत्ति।

**卐 श्री खेडनगरे बालसूरेरागमनं, शासनोन्नत्यर्थं भृगुकच्छनगरे पादलेपेन गमनं च 卐**

एवं सो सूरी सेत्तुंजयउज्जिंताइणि तित्थाणि वंदिऊण कमेण विहरंतो सिरिमन्नयखेडनयरे पत्तो। साइसयमइप्पगरिसवसा तत्थ सो चउसु पाहुडेसु कुसलो संपत्तो ताणीमाणि, जोणीपाहुडं

---

પૂછ્યું - "**पालित्तय ! कहसु फुडं सयलं महिमंडलं भमंतेण।**
**दिट्ठो सुओ व कत्थ य, चंदणरस-सीयलो अग्गी ?"** ।।१।।

**अर्थ** :- "હે પાદલિપ્તક ! સ્પષ્ટપણે કહો, સઘળીયે પૃથ્વી પર ભમતા ચંદનના રસ જેવો શીતલ અગ્નિ ક્યાંય જોયો કે સાંભળ્યો છે ?." તેઓના પ્રશ્નનો સૂરિજીએ તરત જવાબ આપ્યો કે, અનુભવપ્રમાણથી સિદ્ધ એવો શીતલતાવાળો અગ્નિ જોયો છે અને સાંભળ્યો છે. તે આ છે.

**अयसाभिओगसंदुमियस्स पुरिसस्स सुद्ध-हिययस्स। होइ वहंतस्स फुडं चंदणरस-सीयलो अग्गी।।१।।**

**अर्थ** :- શુદ્ધહૃદયવાળો, અપયશરૂપી આભિયોગથી દુભાયેલ હોવાથી અગ્નિનું વહન અગ્નિસ્નાન કરનાર આત્મા માટે, અગ્નિ એ ચંદનરસ સમાન શીતલ હોય છે. કારણ અપયશ સાથેના જીવન કરતા મૃત્યુ મીઠું લાગે છે.

વિદ્વાનો બાળસૂરિજીના જવાબની પ્રતિભા જોઈને બોલી ઉઠ્યા, "અહો ! સૂરિજીના નિરૂપમ કીર્તિ અને નિર્મળયશ જગતમાં પ્રસરી રહ્યા છે." સૂરિજીએ તેઓમાં યોગ્યતા જોઈને સંસારથી નિર્વેદ કરાવનારી સદ્ધર્મ-દેશના આપી. તે આ રીતે.

**दीहर-फणिंदनाले महिहर-केसर-दिसामुह-दलिल्ले । उप्पियइ कालभमरो जणमयरंदं पुहइपउमे ।।१।।**

દીર્ઘ ફણીન્દ્ર = શેષનાગરૂપ નાળચાવાળા, મહિધર = પર્વતરૂપી કેસરાવાળા, દિશા-મુહ = દિશામુખ સ્વરૂપ પાંદડાવાળા પૃથ્વીરૂપી કમળને વિશે કાળ = મૃત્યુરૂપ ભમરો જીવલોકરૂપી મકરંદને = રસને પીવે છે. અર્થાત્ મૃત્યુ જીવોનો કોળીયો કરે છે.

બાળસૂરિજીની ધર્મદેશનાથી નિર્વેદ પામેલા કેટલાંક પંડિતો સાધુ થયા અને કેટલાંક શ્રાવકો બન્યા.

**• શ્રી ખેડનગરે બાળસૂરિનું આગમન, શાસનની ઉન્નતિ માટે ભરૂચનગરે પાદલેપ પૂર્વક ગમન •**

આ પ્રમાણે શાસનની ઉન્નતિ કરતાં કરતાં બાળસૂરિજી શત્રુંજય-ગિરનાર આદિ તીર્થોની વંદના કરીને ક્રમશઃ વિહાર કરતાં કરતાં શ્રી નવા ખેડાનગરે પધાર્યા.

સાતિશય મતિપ્રકર્ષના લીધે તે બાળસૂરિજીએ ચાર પ્રાભૃતોમાં કુશળતા પ્રાપ્ત કરી. તે આ પ્રમાણે,

**(૧) યોનિપ્રાભૃત** :- જેમાં અનેક પ્રકારના દ્રવ્યોના સંયોગથી જીવ-અજીવની ઉત્પત્તિનું વર્ણન કરવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निमित्तपाहुडं विज्जापाहुडं सिद्धपाहुडं। तत्थ पढमे सव्वदव्वसंयोगेण जीवाजीवुपत्ती वन्निज्जइ। बीए पुण सउणजोइस-केवललियामाइयं (?) निमित्तं सुत्तिज्जइ। तइए उ, रायविज्जाउ मंताउ य निरूविज्जंति। चउत्थे सिद्धाइवियारो त्ति। एएसु चउसु वि सुरी कुसलो जाओ, सो तद्दरिसावणं विना णिव्वुइं न लहइ। तत्थ मन्नयखेडपुरराया दुराराहो वि सूरिगुणावज्जियहियओ संघस्स अवगारं न किंपि करेइ। तउ तयनयरसंघो तेसिं अन्नत्थ विहरिउं न देइ। तउ अत्थि सोरट्ठदेसे धाउव्वायसिद्धो ढंकणगोपरि ढंकनगरनिवासी नागज्जुणो नाम वंदओ। तेन य सोरट्ठदेसवासी रायामच्चाइओ लोगो दाणसंमाणाइणा वसीकओ। सेसदरिसणाइ निप्पभावाइ सो अभिमन्नइ। तम्मिय समए भरुयच्छे महुरापुरीए जिणंदण्हवणपूयाइणं धिज्जाइया विग्घं करेंति। इमं च भरुयच्छाइसंघेण वासारत्तमज्झे गंतूण सव्वं सूरीणं निवेइयं। तउ सूरीहिं आइट्ठं, कायव्वो तुब्भेहिं दीवुस्सवदिणाउ बीए सुद्धकत्तियपडिवयदिणे भरियरियापव्वाभिहाणंमि महामहूसवो चेइयहरेसु। तम्मि दिवसे अम्हे संघं आपुच्छिऊण अमुगाए वेलाए तत्थागमिस्सामो त्ति। तउ भणियदिवसे भणियवेलाए पायलेवं काऊण कइवयजणसहिओ भरुयच्छे संपत्तो सूरी। पारद्धो वट्टइ महूसवो अ, सावयेहिं चेइहरे।

(२) **निमित्तप्राभृत** :- શુકન-જ્યોતિષ કેવલલિકા (= વિદ્યાવિશેષનું નામ છે) વગેરે નિમિત્તોની વાત કરવામાં આવી છે.

(૩) **विद्याप्राभृत** :- રાજવિદ્યા અને મંત્રોનું નિરુપણ કરવામાં આવ્યું છે.

(૪) **सिद्धप्राभृत** :- વિદ્યાસિદ્ધ પુરુષો કેવા હોય વગેરેની વિચારણા કરવામાં આવી છે.

બાળસૂરિજીને આ ચારેયના દર્શન કરાવ્યાવિના ચેન પડતું નહતું અર્થાત્ શાસનના પ્રશ્નો ઉપસ્થિત થયે. તે તે અવસર પ્રાપ્ત થયે, પૂજ્યશ્રીએ શાસનના વિઘ્નાપહરમાટે = શાસનની ઉન્નતિમાટે ચારે પ્રાભૃતોનો ઉપયોગ કર્યો હતો, બીજા શબ્દોમાં કહીએ તો, જ્યાં લોકો પોત પોતાના ધર્મ આદિના પ્રભાવ બતાવે ત્યાં પોતે પણ શાસન-ઉન્નતિ કાજે પોતાનો = જૈનધર્મનો પ્રભાવ બતાવ્યા વિના રહ્યા નથી. તે વિષયક અમુક પ્રસંગો નીચે પ્રમાણે છે.

નવાખેડાનગરનો રાજા દુરારાધ્ય હતો, છતાં પણ બાળસૂરિજીના ગુણોથી આવર્જિત હૃદયવાળો એ રાજા શ્રીસંઘ પર કોઈપણ જાતનો અપકાર કરતો નહતો. એટલે નવાખેડાનો શ્રી સંઘ પૂજ્યશ્રીને અન્યત્ર વિહાર કરવા દેતો ન હતો.

સોરઠદેશમાં ધાતુવાદમાં સિદ્ધ ઢંકપર્વતઉપર ઢંકનગરનિવાસી નાગાર્જુન નામનો વંદક = બૌદ્ધ સાધુ હતો. તેણે સોરઠદેશવાસી રાજા અને પ્રધાનમંત્રી વગેરે લોકોને દાન-સન્માન આદિ દ્વારા વશ કરી લીધેલા. બૌદ્ધ સિવાયના શેષ = જૈન વગેરે દર્શનો પ્રભાવ વગેરેથી રહિત છે એમ માનતો હતો.

આ સમયે મથુરાપુરી નામના ભૃગુકચ્છ = ભરૂચમાં જિનેન્દ્રદેવોના ચૈત્યોમાં અભિષેક, પૂજા વગેરેમાં બ્રાહ્મણો વિઘ્ન કરતાં હતા. આ બધી વાત ભરૂચ વગેરેના સંઘોએ ચોમાસામાં સૂરિજી પાસે જઈને નિવેદન કરી. સૂરિજીએ કહ્યું તમારે દીપાવલી ઉત્સવના બીજે દિવસેથી = કાર્તિક સુદ એકમથી ભરિયરિયા મહામહોત્સવ (भरितरिता = લોકો જેમાં ભરચક આવે. જેમાં કાંઈક આશ્ચર્ય થવાનું હોય એવો તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दिट्ठो य सूरी हरिसनिब्भरेणं संघेणं चेईमज्झायाओ। तउ तुट्ठेणं निस्संकं तस्सागमणे पंचमहासद्दो अप्फालिओ। विहिया सव्वा पडिवत्ती, उवविट्ठो तत्थ सूरी, तउ तस्साणुभावेण जंगमतित्थमिहागयं ति लोगप्पवाएण(सोउण)राया वि तत्थ गओ। राइणा आणंदिएण संघेण सेसलोएण य वत्थाइएहिं सूरी पूइओ, तं च सव्वं तेण अत्थीणं बंभणाइयाणं दिन्नं। उच्छलिओ साहूकारो नयरमज्झे। तउ सूरिं नमिऊण सविणयं राया जंपइ किं तुब्भे एवइयं कालं नावलोइय त्ति। सूरिणा वुत्तं महाराय! इह विहरिउकामावि मण्णयखेडसंघेण नो मुक्का। संघाइक्कमणं च अम्ह सासणे महादोषयरं वण्णिज्जइ। अज्ज पुण अम्हेहिं तित्थाणं वंदणत्थं संघो विन्नतो। तेण भणिया जइ दिवसस्स पहरदुग्गसमए पुणो वि एत्थागंतूण भोयणं तुब्भे करेह तो वच्चह नो अन्नह त्ति। तं च अम्हेहिं पडिवन्नं। तउ महाराय ! सेत्तुंजयमहुरतित्थेसु देवे अभिवंदिय पुणोवि तत्थ अम्हेहि गन्तव्वं। इमं च निसुणिय राया चलणेसु लग्गिऊण सूरीण सगग्गयं भणइ- जइवि तुम्ह निरंतर-दंसणस्स अहो(म्ह)न जोगो तहावि कल्लदिणाउ आरब्भ, एयंमि जिणमंदिरे जावपुन्निमं ताव जत्तं गुरुपसाएणाहं करिस्सामि। ता जइ तुब्भे इहागच्छह तो अहं अप्पाणं सकयत्थं मन्नेमि इहरा मे

નામે એક મહામહોત્સવ વિશેષ) દેરાસરોમાં કરવો. તે દિવસે અમે સંઘને જણાવીને અમુક સમયે ત્યાં આવીશું.'' ભરૂચના શ્રીસંઘે પૂજ્યશ્રીના આદેશ પ્રમાણે કાર્ય કર્યું. તેથી કહેલા દિવસે અને કહેલા સમયે પાદલેપ કરીને કેટલાંક લોકો સાથે સૂરિજી ભરૂચ પધાર્યા. જિનાલયોમાં શ્રાવકો દ્વારા આરંભાયેલ મહોત્સવ ચાલુ હતો. અને આનંદવિભોર શ્રીસંઘવડે દેરાસરમાં આવેલા સૂરિજી જોવાયા. તેથી સૂરિજીના આગમનમાં રાજી થઈને નિઃશંકપણે શ્રી સંઘે પંચમહાશબ્દ = શંખ વગેરે વાજિંત્રો વગાડ્યા. શ્રી સંઘે સૂરિજીની બધીજ પ્રકારની આગતા-સ્વાગતા-સેવા-ભક્તિ વગેરે કરી. ત્યાં સૂરિજી બેઠા. સૂરિજીના પ્રભાવથી 'જંગમતીર્થ અહીં આવેલ છે' એ પ્રમાણે લોક-પ્રવાહ સાંભળીને રાજા પણ સૂરિજી પાસે આવ્યો. આનંદિતથયેલ રાજા અને શ્રીસંઘ તથા શેષલોકોએ વસ્ત્ર આદિથી સૂરિજીની પૂજા કરી. તે બધું સૂરિજીએ બ્રાહ્મણાદિને આપ્યું. આખાય નગરમાં સૂરિજીનો = જૈનધર્મનો પ્રશંસા-અનુમોદના રૂપ સાધુવાદ થયો. ત્યારબાદ રાજાએ સૂરિજીને નમી વિનયપૂર્વક કહ્યું 'આટલો કાળ આપ કેમ દેખાયા નહિ ?' અર્થાત્ આજ દિવસ સુધી આપે કેમ અહીં પધારીને અમોને આપના દર્શનથી ઉપકૃત ન કર્યા ?.' સૂરિજીએ કહ્યું 'હે મહારાજ ! અહીં વિહાર કરવાની ઈચ્છા ઘણી હતી છતાંય **'मन्नय-खेड'** = નવાખેડાના સંઘે મને એમ કરવાની અનુજ્ઞા ન આપી. અમારા જૈનશાસનમાં ''સંઘનું અતિક્રમણ એ મહાદોષકર છે'' એવું વર્ણન કરાયું છે. આજે વળી અમારા વડે તીર્થોના વંદનાર્થે શ્રીસંઘને વિજ્ઞપ્તિ કરાઈ. ત્યારે શ્રીસંઘે અમોને કહ્યું, ''જો દિવસના બીજા પહોરે ફરી અત્રે આવી જઈને આપ ગોચરી કરવાના હો તો જ જઈ શકો છો. અન્યથા નહિ.'' અમે શ્રીસંઘની વાત સ્વીકારી લીધી. તેથી ''મહારાજ ! શત્રુંજય, મથુરાતીર્થોના દેવોને વંદન કરીને ફરી અમારે ત્યાં પહોંચવાનું છે.'' સૂરિજીની વાત સાંભળીને સૂરિજીના પગે પડીને ગદ્ગદ્ સ્વરે રાજા બોલ્યો, 'જોકે નિરંતર તમારા દર્શનનો યોગ અમારા નસીબમાં નથી. તો પણ આવતીકાલથી પૂનમ સુધી આ જિનમંદિરમાં ગુરુના પસાયે હું યાત્રા કરીશ. જો આપ અહીં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जीवियं निप्फलं ति। तउ सूरिणा वुत्तं भो महायस ! पवयणुन्नइ तए सयं कायव्वा। तुज्झसम्मयं एयं पकरिस्सामो एयं वुत्ते राइणा वुत्तं, परमो एस अम्हं अणुग्गहो त्ति। तउ तट्ठाणाउ सूरी दंसणसमुन्नइकरणत्थं वलहीपुरिं गओ।

## 卐 पादलिप्तसूरे ढंकपुरे गमनं तत्र नागार्जुनप्रसंगश्च 卐

तउ सेत्तुंज्जे उज्जिंतेगिरिनयरे य देवे अभिवंदिय ढंकपुरे दंसणपभावणत्थं संपत्तो। तत्थ य नागज्जुणो वंदओ सूरिं समागयं जाणिऊण केईदूरे सूरिसमीवे समागउं विणएणं सूरिं मन्नावित्ता तेण नियए आसमे नीओ। काराविय सूरीणं चलणसोयं ति। भणियं बहुमाणपुव्वयं तेण जाया अम्ह तुम्ह दंसणेण परमा चित्तनिव्वुई। ता इहासमे आगंतूण कोमुइ जाव मए सद्धिं नियए चेइहरे तुब्भेहिं गंतव्वं। तस्सेयं वयणं मन्निऊण सूरी महुराए गओ। ततो तत्थ पवयणुन्नइं काउं गओ मन्नयखेडे। एवमणुदिनं भरुयच्छाइमज्झेण कोमुई जाव आगच्छंतस्स सूरिस्स ढंकपुरे पइदिणं पायसोयजलं जिग्घंतेण मइमया नागज्जुणेण पायलेवदव्वाणं सत्तोत्तरं मूलसयं विन्नायं, न उण एक्कं तंदुलघोयणं ति। तउ तव्विरहउ कओ तेण पयलेवो। तउ तप्पभावेण सो किंचि उप्फिडित्तु

---

પધારશો તો હું જાતને કૃતાર્થ માનીશ. નહીંતર મારું જીવન નિષ્ફળ છે.'' સૂરિજીએ કહ્યું 'હે મહાયશ ! તમારે પ્રવચનની = જિનશાસનની ઉન્નતિ સદૈવ કરવી. તમારું આ ઈચ્છિત અમે કરીશું.' અર્થાત્ તમારી ઈચ્છા પ્રમાણે અહીં આવીશું. રાજાએ કહ્યું 'આ અમારા ઉપર આપનો મોટો અનુગ્રહ થયો.'

## • પાદલિપ્તસૂરિજીનું ઢંકપુરમાં ગમન, ત્યાં નાગાર્જુનનો પ્રસંગ •

સૂરિજી ભરૂચથી દર્શનની = જિનશાસનની સમુન્નતિ કરવામાટે વલ્લભીપુર ગયા. ત્યાંથી શત્રુંજય ગિરનારતીર્થે દેવને વંદન કરીને શાસનની પ્રભાવના કરવામાટે ઢંકપુર પધાર્યા. ત્યાં દૂર રહેલા નાગાર્જુન વંદકે સૂરિજીનું આગમન સાંભળીને સૂરિજી સમીપ આવીને વિનયપૂર્વક સૂરિજીને મનાવીને સૂરિજીને પોતાના આશ્રમમાં લઈ ગયો. સૂરિજીના પાદ પખાળ્યા ને સૂરિજીને બહુમાનપૂર્વક કહ્યું, 'અમારા ચિત્તને આપના દર્શનથી પરમસંતોષ થયો. કૌમુદીમહોત્સવ સુધી આપે આ આશ્રમમાં રોજે પધારીને આપના દેરાસરે મને પણ સાથે લઈ જવો.' સૂરિજીએ તેમના વચનોને માન્ય રાખીને મથુરા ગયા. ત્યાં પ્રવચનની ઉન્નતિ કરીને નવાખેડામાં ગયા.

આ પ્રમાણે રોજે-રોજ કૌમુદી સુધી ભરૂચ વગેરે તીર્થોની યાત્રા કરીને ઢંકપુરીમાં આવતા સૂરિજીના ચરણના પ્રક્ષાલ જળને સૂંઘતા સૂંઘતા બુદ્ધિશાળી નાગાર્જુને પગમાં લેપ કરવામાં આવતા ૧૦૭ દ્રવ્યોને (૧૦૭ વનસ્પતિના મૂળિયાઓને) ઓળખી લીધા. પણ એક (૧૦૮ મું) દ્રવ્ય ચોખાનું ધોવણ જાણી શકાયું નહિ. તે એક દ્રવ્યથી રહિત ૧૦૭ દ્રવ્યોનો લેપ તેણે પગે કર્યો. લેપના પ્રભાવે તે થોડે થોડે ઊંચે ઊડીને નીચે પડતો હતો. તેના લીધે એના અંગો જર્જરિત થઈ ગયા. પૂર્ણિમાના મહોત્સવમાં આવેલા સૂરિજીએ જર્જરિતશરીરવાળા નાગાર્જુનને જોયો એટલે સૂરિજીએ તેને પૂછ્યું, 'કેમ આવો દેખાય છે ?' તેણે બધીજ વાત સૂરિજીને કરી. સદ્ભાવને છૂપાવીને = અર્થાત્ પ્રગટ અર્થને છૂપાવીને ગૂઢાર્થવાળું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुणो पुणो पडंतो जज्जरियंगो जाओ। तहाविहं च दट्ठुं पुन्निममहूसवागएण सूरिणा सो पुट्ठो किमेरिसो दीससित्ति। तेणावि सव्वो वइयरो सिट्ठो। तउ सब्भावं गोवंतेण सूरिणा भणियं सोहणं तए सव्वं विन्नायं। नवरं न एत्थ एको सेयभिक्खुदरिसणयोगो मिलिउ त्ति तं सोऊण चित्ते चमक्किओ तज्जोयजाणणत्थं तेण सूरी भणिओ। धाउव्वायसिद्धिं तुमं ममाउ गिण्हसु नियजोगं च कहसु त्ति। तउ जाणिस्सामो त्ति भणिऊण सूरी चलिओ सट्ठाणसंमुहं। सूरियागमणस्स चरिमदिवसो कोमुईलक्खणो एसो त्ति कलिऊणं अणुवयणत्थं सूरिस्स सो वंदओ सूरिणा समं चलिओ। अहं ढंकपुरस्स बाहिं पच्चंतमिट्टवायं दट्ठूण सूरिणा तस्सुवरि चुन्नो खित्तो। तउ सूरिणा भणिओ वंदओ बीयदिणे तए एस जोएयव्वो त्ति। एवं भणिऊणं तं तट्ठाणाउ नियत्तिय गओ सट्ठाणं सूरी, निहालिओ गंतूण तेण बीयदिणे जाव सव्वं तं सुवण्णमयं पासइ।

### 卐 सूरिं प्रतिष्ठाननगरराजाशालिवाहणनिमन्त्रणं, नगरप्रवेशावसरे बृहस्पतिपंडितकृतसूरिपरीक्षा 卐

इउय अत्थि गोलानईतीरुपरिट्ठियं सयलपुरगुणट्ठाणं पइट्ठानं नाम नयरं। तत्थ य बलबुद्धिजुत्तो सालिवाहणो नाम राया सो य वसीकयासेसरायवग्गो सत्थकव्वाइजुज्जए य पयं विउसाणं। जउ भणियं।

वचन सूरिજીએ કહ્યું ‘તેં હોંશિયારીથી સારી રીતે બધું જાણી લીધું. પરન્તુ અહીં માત્ર એક ધોળા ભિક્ષુના દર્શનનો યોગ ન મેળવ્યો’. (આ વાક્ય દ્વિઅર્થક છે.) એક અર્થ શ્વેતભિક્ષુ એટલે સફેદ ચોખાનું ધોવણ, બીજો અર્થ શ્વેતકપડાધારી ભિક્ષુ = જૈનશ્વેતાંબરમૂર્તિપૂજકસાધુના દર્શન = સમ્યગ્ દર્શનનો યોગ ન મેળવી શક્યો. એટલે કે હોશિયારીથી ૧૦૭ દ્રવ્યો ઓળખવામાં કુશળતા પ્રાપ્ત કરી પરન્તુ ખરું જે પ્રભુશાસનનું સમ્યગ્દર્શન મેળવવાનું છે એ ન મેળવ્યું ! તે સાંભળીને ચિત્તમા ચમકીને “તે ધોળાભિક્ષુનો યોગ શું છે ?” એ જાણવા માટે નાગાર્જુને સૂરિજીને કહ્યું, “મને ધાતુવાદ સિદ્ધ છે. તે આપ મારી પાસેથી ગ્રહણ કરો અને પોતાનો યોગ = ૧૦૮ મું દ્રવ્ય = સંપૂર્ણ ઉડવાનો યોગ મને કહો”. “સારું, જોઈશું” એમ કહીને સૂરિજી પોતાના સ્થાને જવા નીકળી ગયા. “કૌમુદીપર્વમાં સૂરિજીના આગમનનો આ છેલ્લો દિવસ છે” એમ જાણીને સૂરિજીને ૧૦૮ મું દ્રવ્ય કહી દેવા માટે મનાવવા સૂરિજીની સાથે જ તે વંદક ચાલ્યો. ઢંકપુરનગરની બહાર અત્યંત નજીકના ભાગમાં ઈંટનો નિભાડો જોઈને સૂરિજીએ તે નિભાડા પર ચૂર્ણ નાંખ્યું અને વંદકને કહ્યું કે “બીજે દિવસે તમારે આ નિભાડાને જોઈ લેવો.” આમ કહીને વંદકને ત્યાંથી પાછો વાળીને સૂરિજી પોતાના સ્થાને ગયા. બીજે દિવસે વંદકે ત્યાં જઈને જોયું તો તે આખો નિભાડો સુવર્ણમય બની ગયો હતો. અર્થાત્ સૂરિજીએ આ દ્વારા જણાવી દીધું કે ‘તારા ધાતુવાદની મને કાંઈ જરૂર નથી.એ તો મને સિદ્ધ જ છે.’

### • સૂરિજીને પ્રતિષ્ઠાનનગરના રાજા શાલિવાહનનું નિમન્ત્રણ, નગરપ્રવેશઅવસરે બૃહસ્પતિ પંડિતે કરેલ સૂરિજીની પરીક્ષા •

ગોલા નદીના કાંઠા ઉપર રહેલું, સઘળા નગરોના ગુણોનું સ્થાનભૂત એવું પ્રતિષ્ઠાન નામનું નગર હતું. ત્યાં બળ-બુદ્ધિથી યુક્ત શાલિવાહન નામે રાજા હતો. અશેષરાજાઓના સમૂહને વશકરનાર તે રાજા, વિદ્વાનજનોમાટે શાસ્ત્ર-કાવ્ય વગેરેના યુદ્ધના સ્થાનભૂત હતો = તે રાજાના દરબારમાં સતત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'काव्यशास्त्रविनोदेन, कालो गच्छति धीमताम्। व्यसनेन तु मूर्खाणां निद्रया कलहेन वा'।।१।। इति। अन्नया वियड्ढविउसजणपुरियाए रायपरिसाए विउसजणपसंसावसरे दंसणपभावणाकरणत्थं राइणो समीवे उवविट्ठाए भोगवईनामियाए पिंडवारविलासिणीए जिणमयभावियत्तणउ परमसावियाए जंपियं। जहा देव ! ताव ससिव्व सव्वे विउसा अहंमाणिणो नियगुणुक्करिसविप्फुरियपयावा रेहंति जाव सूरोव्व पालित्तयसूरी निरुवमगुणकिरणो न अज्जवि विप्फुरइ, पढियं च तीए-

तत्तावदेव शशिनः स्फुरितं महो यावन्न तीक्ष्णरुचिर्मण्डलमभ्युदेति।

अभ्युद्गते सकलधामनि द्यौ तु तस्मिन्निन्दोः सिताभ्रशकलस्य च को विशेषः।।१।।

ततो सुणिऊणेमं राइणा भणियं भद्दे ! को एस सूरोवमो पालित्तयसूरी तए वन्निओ। तउ तीए सवित्थरो सव्वो सूरिवुत्तंतो तस्स कहिओ। तं च सोऊण विम्हिओ राया भणइ कत्थ सो चिट्ठइ। तीए जंपियं सिरिमन्नयखेडे नयरे, तं निसुणिय सूरिसमाणयणत्थं राइणा संकरो नाम संधिविग्गहिओ तत्थ आणत्तो जहा मन्नयखेडे गंतूण कण्हरायं मोक्कल्लावेऊण पालित्ताभिहाणं सूरिं

विद्वानोनां शास्त्र-काव्य वगेरेमां युद्धो = वाद-विवादो चालतां हता. कहेवाय छे के,

**काव्यशास्त्रविनोदेन, कालो गच्छति धीमताम्। व्यसनेन तु मूर्खाणां निद्रया कलहेन वा।।१।।**

बुद्धिशाळीओनो काळ काव्य-शास्त्रना विनोदथी पसार थाय छे. ज्यारे मूर्खाओनो समय तो व्यसन = खोटीआदतोमां अथवा निद्रा के कलहमां ज पूरो थाय छे.

एकवार ते राजा दरबारमां **'वियड्ढ'** = चतुर अने **'विउस'** = विद्वानजनोथी परिवरेल हतो. तेमां विद्वानजनोनी प्रशंसाना अवसरे राजानी समीपमां बेसेली, जिनमतथी भावित थयेली परमश्राविका भोगवती नामनी **'पिंडवार-विलासिणी'** = कायारूपी पिण्डनो वाराथी विलास करावनारी वेश्याए जैन दर्शननी प्रभावना करवामाटे राजाने कह्युं, 'हे देव ! अहंकारी एवा आ बधा विद्वानो चंद्रनी जेम पोताना गुणोना उत्कर्षथी प्रतापने फेलावता त्यांसुधी ज टकी शके छे के ज्यां सुधी निरुपमगुण-किरणोवाळा सूर्य समा पादलिप्तसूरि हजु सुधी प्रकाश्या नथी." तेणे कह्युं,

**तत्तावदेव शशिनः स्फुरितं महो यावन्न तीक्ष्णरुचिर्मण्डलमभ्युदेति।**

**अभ्युद्गते सकलधामनि द्यौ तु तस्मिन्निन्दोः सिताभ्र-शकलस्य च को विशेषः।।१।।**

**अर्थ** :- चन्द्र त्यांसुधी ज प्रकाशे छे के ज्यांसुधी सूर्यनो उदय थतो नथी. कारण के दिवसे संपूर्ण तेजवाळो ते सूर्य उदय थयेछते चन्द्रमां अने वादळ अथवा अबरखना टुकडामां शुं विशेष छे ? अर्थात् चन्द्र ते वादळ अथवा अबरखना टुकडा जेवो निस्तेज लागे छे.

आवुं सांभळीने राजाए कह्युं "हे भद्रे ! ते वर्णनकरेल सूर्यनी उपमावाळा आ पादलिप्तसूरिजी कोण छे ?" तेणे विस्तारपूर्वक सूरिजीनो आखो वृतांत = पूर्णपरिचय राजाने कही संभळाव्यो. ते सांभळीने विस्मित थयेल राजाए पूछ्युं 'तेओ क्यां रहे छे ?.' तेणे कह्युं. "श्री नवाखेडानगरमां." सूरिजीनुं सरनामुं जाणीने राजाए सूरिजीने सारीरीते लई आववा माटे शंकर नामे संधिविग्रहिकने = दूतने आज्ञा करी के "नवाखेडानगरे जईने कृष्णराजा पासेथी रजा मेळवीने पादलिप्त नामना सूरिजीने

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एत्थ सिग्घमाणेसुत्ति। तउ रन्ना पेसिओ तत्थ गंतूण कण्हरायस्स समीवे नियसामिसमाइट्ठं सव्वं निवेएइ। तउ तेणावि राइणा हरिसनिब्भरेण सूरी नियपुरसंघजुओ नियपरिवारसमिओ पट्ठविओ। पत्तो य कमेण बाहिं पइट्ठाणपुरस्स। तउ संकरेण गंतूण राइणो सूरिणमागमणं जाणावियं। तउ राया हरिसियचित्तो हट्टसोहाइयं नयरे महूसवं काराऊण सपरिवारो सूरिसंमुहं जाव किल गमिस्सइ ताव एत्थावसरे राइणो समीवे विहप्फई नाम विउसो आगंतूण मच्छरवसा भणइ। जहा देव ! अहं अज्जेवऽस्स सूरिस्स बुद्धिं परिक्खिस्स। तउ रन्ना भणिओ य परिक्खसु, ता तउ भणइ देव ! तुम्ह परिवारे अत्थि एत्थ कोवि पुरिसो जो गच्छंतो आगच्छंतो य हत्थट्ठियाउ उदगाइभरियभायणाउ बिंदुमेत्तं पि न छड्डेइ रन्ना भणियं अत्थि हीरओ नाम थिरहत्थो नरो। जइ एवं ता एत्थ तं आकारह। आकारिऊण निवेण पयंसिओ सो विहप्फइस्स। तेणावि सबहुमाणं सो पयत्तेण सम्माणिऊण भणिओ भो भद्द ! तुममिणं विलीणघयपूरियं वट्टयं सूरिस्स गंतूण दंससु, इयं च भणेज्जसु जहा तुम्ह मंगलकए इमं विउसेहिं पेसियं। एवं भणिय सो सिग्घं पेसिओ। तेण तहेव कयं ति। तउ वियड्ढत्तणउ सूरिस्स तस्स परमत्थो तेण विन्नाओ, जहा मे मइपरिक्खणत्थं

જલ્દી અહીં લઈ આવ." શાલિવાહન રાજા દ્વારા મોકલાવાયેલ તે શંકર કૃષ્ણરાજા પાસે જઈને પોતાના સ્વામીના આદેશનું નિવેદન કર્યું. કૃષ્ણરાજાએ પણ હર્ષભર હૃદયથી પોતાના ગામના સંઘથી યુક્ત અને પોતાના સૈનિકો-પ્રધાન પુરુષો વગેરે પરિવાર સહિત સૂરિજીને મોકલ્યા. સૂરિજી ક્રમે કરીને પ્રતિષ્ઠાનપુરની બહાર આવી પહોંચ્યા. તેથી શંકરે જઈને રાજાને સૂરિજીના આગમનની જાણ કરી. તેથી હર્ષિત હૃદયવાળા રાજાએ નગરના દુકાનો અને ઘરો વગેરેમાં મહોત્સવ કરાવ્યો અને સપરિવાર સૂરિજીની સન્મુખ જવા નીકળે છે. ત્યાંજ રાજાની પાસે 'विहप्फई' = બૃહસ્પતિ નામનો વિદ્વાનપુરુષ સૂરિઉપરના મત્સરને લીધે આવીને રાજાને કહે છે, 'હે દેવ ! હું આજેજ આ સૂરિજીની બુદ્ધિની પરીક્ષા કરું ?.' 'પરીક્ષા કરો' એમ રાજાએ આજ્ઞા આપી. બૃહસ્પતિ પૂછે છે 'દેવ ! આપના પરિવારમાં એવો કોઈ પુરુષ છે ? કે જે જતાં આવતાં હાથ પર રહેલ પાણી વગેરેથી ભરેલ ભાજનમાંથી એકબિંદુ પણ છલકવા દે નહિ ?.' રાજાએ કહ્યું 'હા, હીરક નામનો સ્થિરહાથવાળો પુરુષ છે.' 'જો એમ હોય તો એને બોલાવો' એમ બૃહસ્પતિએ કહ્યું. હીરકને બોલાવી રાજાએ વિદ્વાનને દેખાડ્યો. વિદ્વાને પણ બહુમાનપૂર્વક હીરકને સન્માનીને કહ્યું 'હે ભદ્ર ! ઓગળેલા ઘીથી છલોછલો ભરેલ આ વાટકો લઈ જઈને સૂરિજીને બતાવજે અને કહેજે 'આપના મંગળ માટે વિદ્વાન લોકોએ આ મોકલ્યું છે.' આમ કહીને તેને જલ્દીથી સૂરિજી પાસે મોકલ્યો. હીરકે પણ કહ્યા પ્રમાણે જ કર્યું.

વિદ્વત્તાથી સૂરિજીએ તે વાટકાનો પરમાર્થ જાણી લીધો કે "મારી મતિની પરીક્ષા માટે વિદ્વાનો વડે આવું કરાયું છે." પરમાર્થ આ છે કે 'વાટકાની જેમ ગોળ આકારવાળું આ નગર છે. તે નગર ઘી સ્વરૂપ પંડિતજનોથી પરિપૂર્ણ = છલોછલ ભરાયેલું છે. જેમ આ વાટકામાં બીજી કોઈ વસ્તુને પ્રવેશવાને અવકાશ નથી તેમ વિદ્વાનલોકોથી ભરેલ આ નગરમાં આપને પણ પ્રવેશ માટે અવકાશ નથી.'

વાટકો મોકલનાર વિદ્વાનને પ્રતિદાન = પ્રત્યુત્તર = જડબાતોડ જવાબ આપવા માટે 'છલોછલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विउसेहिं एवं कयं ति। तत्थ वट्टयवट्टलागारतुल्लं नयरमेयं। तं च घयतुल्लेण पंडियजणेण परिपुन्नं। तउ जहा एत्थ वट्टए अन्नस्स वत्थुस्स कस्सइ अवगासो नत्थि तहा विउसजणपुन्ने एयंमि नयरे तुज्झवि नो भविस्सइ, तउ दायगपडिदायणत्थं सुभरेवि एयंमि सूरितुल्लो विउसो नियमुह-संवेहगाइगुणत्तणाउ संमाइ त्ति चिंतिऊण सूरिणा साहुसयासाउ सूइं सुहुमतरिमभिगहिय तम्मज्झे धारिणिविज्जाए तं ठविऊण सो नरो वुत्तो। तेसिं विऊसाणं गंतूण एयं दंससुत्ति तेणावि तहट्ठियं नेऊण निवपुरउ तं मुक्कं, ततो मज्झे तं सूइं दट्ठुं विहप्फई नियमणे विसण्णो अहो ! महामइमं एसो त्ति। तउ रन्ना नियनयरे पमुइएण महया वित्थडेण सो सूरी पवेसिओ। सपरिजणेण य रन्ना विसिट्ठपडिवत्ति(उ) संमाणिओ।

**卐 राजसभायां सूरिकथिता 'तरङ्गवति' कथा, पञ्चालकृतचौर्याऽऽक्षेपः सूरिकृतकूटमरणोपायश्च 卐**

निसुया य बहुमाणपुव्वं पालित्तयसूरिविरइया बहुकव्वरससंकिन्ना तरंगवइया कहा, विम्हिओ य तीए सवणेण सव्वो विउसयणो राया य। एत्थंतरे मच्छरवसा अवधारमासंपन्नो मइमं पंचालनामा विउसो जंपिउमारद्धो। देव ! इयं कहा अणेण सूरिणा अन्नेहि य मम कव्वाउ य चोरिय त्ति।

ભરેલ એ વાટકામાં પણ સૂરિજીતુલ્ય વિદ્વાન, પોતાના મુખના સંવેધકપણું = હાજર જવાબીપણું વગેરે ગુણ થકી સમાઈ જશે' એમ વિચારીને = એવું જણાવવા સૂરિજીએ સાધુ પાસેથી અત્યંત ઝીણી સોંય લઈને ધારિણીવિદ્યાથી વાટકાની મધ્યમાં તેને સ્થાપિને હીરકને કહ્યું 'જઈને તે વિદ્વાનને બતાવજે.' તેણે પણ સોંયથી યુક્ત તે વાટકો તે જ રીતે લઈ જઈને રાજાની આગળ મૂક્યો. વાટકાની મધ્યમાં સોય જોઈને બૃહસ્પતિ પોતાના મનમાં વિષાદ પામ્યો કે "અહો ! આ તો મહાબુદ્ધિશાળી છે." ત્યારબાદ આનંદિત થયેલ રાજાએ મોટા આડંબરસાથે સૂરિજીનો નગરપ્રવેશ કરાવ્યો. સપરિવાર રાજાએ સૂરિજીનું વિશિષ્ટભક્તિથી સન્માન કર્યું.

**● રાજસભામાં સૂરિજીએ કહેલી તરંગવતી કથા, પંચાલપંડિતનો એ કથા ઉઠાંતર કર્યોનો આક્ષેપ, સૂરિજીએ કરેલ કૂટમરણનો ઉપાય ●**

અન્યદા રાજદરબારમાં પાદલિપ્તસૂરિ વિરચિત ઘણાં કાવ્ય-રસોથી યુક્ત 'તરંગવતી' કથા સૂરિજીના શ્રીમુખે કહેવાઈ. બહુમાનપૂર્વક તેના શ્રવણથી રાજા અને બધા વિદ્વાનજનો વિસ્મિત થયા. એ વખતે, ઈર્ષ્યાને વશ થઈ સાંભળેલું અવધારણ કરવામાં કુશળ મતિમાન પંચાલ નામનો વિદ્વાન કહેવા લાગ્યો "હે દેવ ! આ કથા તો મારા અન્ય કાવ્યમાંથી આ સૂરિજીએ ચોરી લીધેલી છે." રાજાએ પૂછ્યું "આની ખાતરી શી ?." ત્યારે પંચાલે પોતાની યુક્તિથી રાજા વગેરે લોકોનો વિશ્વાસ કરાવવા અનેક ભાવો દ્વારા તરંગવતીકથા કહી સંભળાવી. આ જોઈને શ્રીસંઘ થોડો લજ્જિત બન્યો. [પંચાલે તરંગવતી કથા કહી બતાવી ખરી પરન્તુ એટલા માત્રથી એની વાત નિશ્ચયપણે સાચી ઠરતી નથી. એટલે એ વાત અનિશ્ચિત બને છે. અને જે વાત અનિશ્ચિત હોય એમાં વધુ અપમાન થવાની વાત રહેતી નથી. માટે શ્રીસંઘ मणयं = मनकं = કાંઈક લજ્જા પામ્યો એવું કહેવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रन्ना भणियं कहमिणं नज्जइ। तउ तेण नियजुत्तीए रायाइलोयाणं पच्चयनिमित्तं अणेगभावेहिं तरंगवइया कहा कहिया ? मणयं च संघो लज्जिओ। तउ सूरिहिं संकेयं काऊण सहसा, मयगखेड्डुं विहियं। एत्थंतरे मउत्ति काऊण कुक्कुहियाए पविट्ठो जाव बहि निज्जइ ताव सव्वो वि नयरजणो बहुतरा पसंसा करेइ। ततो जणमज्झट्ठिओ पच्छायावविहुरिओ वा विहुदंडं लब्भेऊण महयासद्देणं पंचालो इमं गाहं भणइ। जहा,

'सीसं कह व न फुट्टं, जमस्स पालित्तयं हरंतस्स। जस्स मुहनिज्झराउ तरंगवइया नई छूढा'।।१।।

तउ सूरिगुणुक्कट्ठिए सयलजणे इमं तब्भणियं सोऊण एवं जंपंतो झडित्ति उत्थिओ, भो भो पंचत्तमुवगओ वि अहं अणेण पंचालविउसस्स सच्चवयणेण ओसहतुल्लेण सुइमुवगएण जीविउ त्ति। तउ सो विमणदुम्मणो संघो य अइपहिट्ठमणो जाओ त्ति। इमं च रन्ना सोऊण सो पंचालो निव्विसओ आणत्तो। सूरिणा य रायाणं भणिय उद्धरिओ। तउ सो संतारियबहुं दट्ठूण

---

સમયના જાણ સૂરિજીએ તરતજ કાંઈક સંકેત કરીને એકાએક મરણનો ડોળ કર્યો. 'સૂરિજી મરણ પામ્યા, સૂરિજી મરણ પામ્યા' એમ સૂરિજીને જૈનલોકોએ પાલખીમાં બેસાડયા.

(ટીકાકારે '**कुक्कुहियाए**' એવા શબ્દનો પ્રયોગ કર્યો છે. જેનો અર્થ 'ઠાઠડી' થાય છે. છતાં અહીં પાલખી તરીકે અર્થ લેવો એ યોગ્ય જણાય છે કારણ કે આવા ધુરંધરસૂરિજીની ઠાઠડી કદાપિ ન હોઈ શકે. અથવા તો આ તો ડોળ કર્યો છે. માટે કદાચ ઠાઠડી પણ ઘટી શકે.)

જ્યાં નગરવચ્ચેથી પાલખી બહાર લઈ જવાય છે ત્યાં નગરના બધા લોકો સૂરિજીની ઘણી ઘણી પ્રશંસા કરે છે. ત્યારે લોકોની મધ્યમાં રહેલ અને 'મારા કારણે સૂરિજીનું મોત થયું' એવા પશ્ચાતાપથી દુઃખી બનેલ તે પંચાલ પોતાની બન્ને ભૂજાઓ ઊંચી કરીને મોટા અવાજે આ ગાથા બોલે છે.

**सीसं कह व न फुट्टं, जमस्स पालित्तयं हरंतस्स।**
**जस्स मुहनिज्झराउ, तरंगवइया नई छूढा।**

**अर्थ** :- 'અરે, પાદલિપ્તસૂરિજીનું હરણ કરતાં એટલે કે એમનો નાશકરનાર યમનું માથું કેમ ન ફૂટી ગયું. કે જેમના મુખરૂપી ઝરણામાંથી તરંગવતીકથા રૂપી નદી નીકળી.'

શ્લેષઅલંકારથી આ અર્થ પણ થઈ શકે, **जं अस्स** અર્થાત્ **अस्स = अस्य = मम**. પોતાને ઉદ્દેશીને કહે છે કે જે આ મારું માથું ફૂટી કેમ ન ગયું ?!

મુક્તકંઠે લોકો સૂરિજીના ગુણો ગાઈ રહ્યા હતાં એજ વખતે પંચાલે કીધેલ શ્લોક સાંભળીને સૂરિજી આ પ્રમાણે બોલતાં બોલતાં ઉભા થયા કે 'અરે ! ઓ ! જુઓ ! સાંભળો ! મરણને પામેલો પણ હું આ પંચાલ વિદ્વાનના શ્રવણપથમાં આવેલ સત્યવચન સમાન ઔષધને પામીને જીવી ગયો છું. પંચાલ બિચારો સૂરિજીને જીવિત જોઈને વિમન-દુર્મનવાળો થયો. [વિમન = શૂન્યમનવાળો, દુર્મન = દુભાયેલ મનવાળો થયો] અને શ્રી સંઘ અત્યંતહર્ષિતહૃદયવાળો થયો. આ બધી હકીકત રાજાએ સાંભળી અને પંચાલનો દેશનિકાલ કર્યો. પણ દયાળુ સૂરિદેવે રાજાને કહીને એને ઉદ્ધર્યો. "હું સૂરિજી દ્વારા ખૂબ બચાવાયો" એમ પંચાલે જોયું-જાણ્યું અને પોતાના કર્મે બાકોરું આપ્યું એટલે પોતાના કર્મો હલવા થયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नियकम्मविवरदाणाउ तस्सेव समीवे सावगधम्मं पवन्नो।

卐 राजसभायां मदनभावितसूत्रछेदशोधने, समवर्तुलदंडमूलज्ञापने, जतुभावित-समुद्गकसंधिज्ञापने सूरेर्निपुणत्वं प्रान्ते सूरिकृततुम्बिस्यूतसंधिज्ञानार्थपरीक्षा 卐

अन्नया य केणइ वियड्ढेण सालिवाहणस्स रण्णो बीयनामेणं मुरुडनामस्स सभाए मयणोदयभावियं सुत्तं समप्पियं तस्स छेहो लहेयव्वो। न य सो केणावि लद्धो तउ रन्ना पालित्तयसूरी आहूओ, तं सुत्तं दरिसियं, तेण उण्होदगमज्झे तं पक्खित्तं। तउ निम्मयणत्तणउ तस्स सो छेओ लद्धो। तउ समवट्टुलदंडो मूलजाणणत्थं तस्स नरवइणो सम्मप्पिओ। न य मूलं तस्स केणावि णायं सूरिणा पुण सो नीरमज्झे तराविओ। मणयं एगदिसाए सो नमिओ, ततो तेण तस्संतमूलं कहियं। पुणरवि समुग्गओ जउघोलिओ तस्स समप्पिओ जस्स ढक्कणयसंतिया संधी गुव्विलत्तणउ न नज्जइ। सो उण्होदए सूरिणा छूढो। तउ वियलिया जउकूणयसंतिया संधी, या तेण नियमइमाहप्पेणं पयंसिया। तउ सूरिणा तम्मइपरिक्खणत्थं तुंबयं फाडेऊण मज्झे रयणाइं पक्खिविय मट्ठाए सीवणीए तं सीवित्ता रन्नो दंसियं। भणिओ य राया इमस्स संधिं को वि जाणेउ त्ति।

= ગ્રન્થિભેદ થવાથી સમકિત પામ્યો અને સૂરિજીની પાસે એણે શ્રાવકધર્મને = દેશવિરતિ ધર્મને સ્વીકાર્યો.

**• રાજ્યસભામાં મીણ પાયેલ હીરાનો છેદ શોધવા વિશે, સમગોળ લાકડીનું મૂળ શોધવા વિશે, લાખથી જડેલ દાબડાનો જોડાણનો ભાગ જાણવા વિશે સૂરિજીની નિપુણતા, છેલ્લે સૂરિજીએ ઝીણી સીવણીથી સીવેલ તુંબડાના જોડાણને જાણવા વિશે કરેલી પરીક્ષા •**

વળી એકવાર કોક વિદ્વાને, 'મુરુડ' એવું બીજું નામને ધરનાર સાલિવાહન રાજાની સભામાં મીણપાયેલ સૂત્ર = દોરો રાજાને આપ્યો અને કહ્યું કે "આનો છેડો ક્યાં છે ? તે શોધી આપો." દોરાનો છેડો કોઈનાવડે પણ પામી શકાયો નહિ. એટલે રાજાએ પાદલિપ્તસૂરિજીને બોલાવી તે દોરો દેખાડ્યો. સૂરિજીએ એને ગરમપાણીમાં નાંખ્યો. મીણ બધું ઓગળી જવાથી એનો છેડો મળી આવ્યો.

બીજીવાર સમગોળ લાકડીનું મૂળ જાણવા માટે પેલા વિદ્વાને કે બીજા કોકે સમગોળ લાકડી રાજાને આપી. તેનું પણ મૂળ જાણવા કોઈ સમર્થ ન બન્યું ત્યારે સૂરિજીએ એને પાણીમાં તરતી મૂકી. એક દિશા તરફ એ લાકડી થોડી નમી એટલે એનાથી તેનું મૂળ સૂરિજીએ કહી બતાવ્યું.

ત્રીજીવાર પણ લાખથી જડેલ દાબડો સૂરિજીને સમર્પ્યો કે જેના ઢાંકણાનો સંધિ = જોડાણ ભાગ ગુપ્તતાના કારણે કોઈનાવડે પણ જણાતો ન હતો. સૂરિજીએ તે દાબડાને ગરમપાણીમાં નાંખ્યો. તેનાથી લાખથી પૂરેલો ખૂણો ઓગળી ગયો. સૂરિજીએ પોતાની મતિના મહાત્મ્યથી તે સંધિનો ભાગ દર્શાવ્યો.

છેલ્લે એકવાર સૂરિજીએ તે વિદ્વાનની મતિ-પરીક્ષા કરવા માટે તુંબડાને ફાડીને તેમાં રત્નો ભરી તેને અંદરની ઝીણી સીવણીથી સીવીને કે જે દેખાય પણ નહિ. અથવા એવી કોક પદ્ધતિથી બન્ને ભાગને જોડે કે જે જોડાણ દેખાય નહિ. [પ્રાયઃ સીવવાનો અર્થ જોડવાના અર્થમાં પણ લઈ શકાય છે.] એ રાજાને બતાવ્યું અને પૂછ્યું 'આની સંધિનો ભાગ કોઈ જાણી શકે ખરો ?.' પંડિત લોકોએ એને જોયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रन्नावि य तुम्बं सिव्वियं दंसियं न उण संधी तस्स विन्नाय त्ति।

卐 मुरुडराजशिरोवेदना सूरिणाऽपाकृता 卐

अहन्नया तस्स मुरुडरन्नो सिरो वेयणा तिव्वा पाउब्भूया, सा य नो कहवि विज्जामंततंताइएहिं उवसमिया। तउ रन्ना निओ मंती वुत्तो। जहा मज्झेमं सिरोपीडं पालित्तयसूरिसयासाउ गंतुमुवसामेसु। एत्थ व बो(आ)हरसुत्ति। तउ मंतिणा गंतूण सूरी भणिओ जहा तुब्भे रायसमीवे आगच्छह रन्नो महई सिरोवेयणा न केणावि उवसामिउं तीरइ त्ति। तउ सूरिणो मंतिवयणाउ तित्थस्स पभावणा भवउ त्ति मन्नमाणा रायसमीवे गंतूणं उवविट्ठा। ते हि य तत्थ जहा लोगा न जाणन्ति तहा पाउ-रणस्स मज्झे पच्छन्नं मंतं झयंतेहिं नियदाहिणजाणुमत्थयपासेण दाहिणहत्थपएसिणीं अंगुठसमीववत्तिणीं अंगुली भामिऊण भामिऊण रायस्स सिरोवेयणा पणासिया। अण्णे भणंति सट्ठाणठिएहिं चेव जाणुवरि करंगुलिभामणेण तेहिं राया पउणीकउ त्ति। तहा य तच्चरियसूइया इमा गाहा आगमे पढिज्जइ।

'जहा जहा पएसिणिं जाणुगम्मि पालित्तउ भमाडेइ। तहा तहा से सिरवेयणा य, णस्सइ मुरुंडरायस्स'।।१।।

---

રાજાએ પણ સીવેલ તે તુંબડુ જોયું. પણ એની સંધિ રાજા કે વિદ્વાનો જાણી શક્યા નહિ. ત્યારપછી તે ભાગ સૂરિજીએ સભામાં દેખાડ્યો.

**• મુરુડ = શાલિવાહનરાજાની શિરોવેદના સૂરિજીએ દૂર કરી •**

એકવાર તે મુરુડરાજાને માથાનો તીવ્ર દુઃખાવો ઉપડ્યો. તે દુઃખાવો કોઈપણ વિદ્યા-મંત્ર-તંત્ર વગેરે દ્વારા ઉપશમ્યો નહિ. ત્યારે રાજાએ પોતાના મંત્રીને વાત જણાવી કે, 'મારી આ માથાની પીડા મને પાદલિપ્તસૂરિજી પાસે લઈ જઈને ઉપશમાવો અથવા તેઓશ્રીને અત્રે બોલાવી લાવો.' મંત્રીએ સૂરિજી પાસે જઈને વાત જણાવી કે 'આપ રાજા પાસે પધારો. કારણ કે રાજાની માથાની તીવ્રવેદના કોઈનાથી પણ ઉપશમાતી નથી.' તેથી મંત્રીના વચનોથી સૂરિજી 'તીર્થ = શાસનની પ્રભાવના થશે'એમ માનીને રાજા પાસે આવ્યા અને બેઠા. લોકો જાણી ન શકે તે રીતે સૂરિજીએ પડદાની અંદર ગુપ્તપણે મંત્ર ભણવાપૂર્વક પોતાની જમણી જાંઘનું મસ્તક એટલે કે ઢીંચણ, એ ઢીંચણ પર પોતાના જમણાં હાથની અંગુઠાની સમીપે રહેલી આંગળી એટલે કે તર્જનીને = રાજાની દિશામાં ભમાડીને રાજાની શિરોવેદના મટાડી હતી.

અહીં કેટલાંક પૂર્વાચાર્યોનું કહેવું એમ છે કે સૂરિજીએ રાજા પાસે આવ્યા વિના પોતાના જ સ્થાનમાં રહી રાજાની દિશામાં પોતાની જંઘા પર અર્થાત્ ઉપરોક્ત પ્રમાણે ઢીંચણ પર હાથની આંગળી ફેરવીને રાજાને સાજો કર્યો.

સૂરિજીના ચરિત્રથી સૂત્રિત = ગૂંથાયેલ ગાથા આગમમાં આ રીતે ભણાય છે.

जहा जहा पएसिणिं जाणुगम्मि पालित्तउ भमाडेइ। तहा तहा से सिरवेयणा य, णस्सइ मुरुंडरायस्स।।१।।

**અર્થ** :- સૂરિજી જેમ જેમ જંઘાપર = ઢીંચણપર તર્જની આંગળી ભમાડે છે, તેમ તેમ તે મુરુંડ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तउ पणट्ठियसिरोवेयणेण राइणा अहिययरं परितुट्ठेण सूरिणो विउलेणं असणाइणा पडिलाभिया। अणुदियहं च दंसणभत्तीए समुज्जुओ जाओ। एवमणेगसो राया सूरिगुणावज्जियमाणसो संवुत्तो त्ति। एत्थऽन्ने पाडलिपुत्ते नयरे मुरंडो नाम राया सालिवाहणाउ विभिन्नो होत्थ त्ति भणंति। एवं बहुहा पवयणुन्नइं विहेऊण कुन्देन्दुधवलजसेण तिहुयणं धवलीऊण दीहपज्जायं परिपालिऊण बहुविहे य सिस्से वायणाइणा निप्फाइऊण चूडामणिमाइनिमित्तसत्थाईहिं निययाउयपमाणं जाणिऊण संघसमक्खं आराहणापुव्वयं कालमासे कालं काऊण सूरि देवलोगं गउ त्ति। पसंगेण सव्वमेव भणियं। एत्थ पुणो रन्नो सिरोवेयणोवसमे भत्तपाणाइणा पडिलाभणमेत्तसरूवेण मंतपिंडेण चेव पगयं।

રાજાની શિરોવેદના નાશ થઈ.

શિરોવેદના નાશ થવાથી અધિકતર ખુશ થયેલા રાજાએ વિપુલપ્રમાણમાં અશનાદિ વહોરાવ્યા. તથા રોજે રોજ દર્શનભક્તિ, દર્શન = શાસન, એટલે કે શાસનની ભક્તિ = શાસનની પ્રભાવનામાં સમુદ્યુક્ત થયો. આરીતે રાજા અનેકપ્રકારે સૂરિના ગુણથી આવર્જિતમનવાળો થયો.

જેમ વિક્રમાદિત્યે પૂ. સિદ્ધસેનદિવાકરસૂરિજીને સુવર્ણમુદ્રાઓ ભેટ ધરી અને સૂરિજીએ તે મુદ્રાઓનો જીર્ણોદ્ધારાદિમાં ઉપયોગ કરાવ્યો. તે જ અર્થમાં અહીં પણ સમજવું કે મુરુડ રાજાએ અશનાદિ સૂરિજીને ધર્યા અને સૂરિજીએ તે અશનાદિનો યથાયોગ્ય ઉપયોગ કરાવ્યો.

મુરુંડરાજાના વિષયમાં કેટલાંક એમ કહે છે કે, પાટલીપુત્ર નગરમાં જે મુરુંડ નામે રાજા હતો, તે શાલિવાહનરાજા કરતાં જુદા હતો.

આ રીતે અનેકપ્રકારે પ્રવચનની ઉન્નતિ કરીને કુન્દપુષ્પ અને ચન્દ્રતુલ્ય ધોળા = ઉજ્જ્વલ યશથી ત્રણેલોકને ઉજ્જ્વળ કરીને, દીર્ઘ ચારિત્રપર્યાય પાળીને અનેકપ્રકારે શિષ્યોને વાચના વગેરે દ્વારા તૈયાર કરીને, ચૂડામણિ વગેરે નિમિત્તશાસ્ત્રો દ્વારા પોતાના આયુષ્યનું પ્રમાણ જાણીને સંઘ સમક્ષ આરાધનાકરવા-પૂર્વક આયુષ્ય પૂર્ણ થયે કાલ કરીને સૂરિજી દેવલોકમાં ગયા.

પ્રસંગને પામીને આ બધી સૂરિજીની વાતો = જીવનવૃતાંત સવિસ્તાર કહી.

જોકે પ્રસ્તુત પ્રકરણમાં તો શિરોવેદના દૂર થતાં રાજાએ જે ભક્ત-પાણી વગેરે વહોરાવ્યા, એ સ્વરૂપ મંત્રપિણ્ડનું જ પ્રયોજન છે. તાત્પર્યાર્થ એ છે કે, અહીં મુરુડ રાજા તો પ્રથમથી જ સૂરિજીના ભક્ત હતા. તેમજ સૂરિજીએ પિણ્ડ-લાભ માટે મંત્ર પ્રયોગ કર્યો ન્હોતો. પરન્તુ સૂરિજીએ રાજા શાસનપ્રભાવના કરશે એવા શુભ આશયથી જે ‘મન્ત્રપ્રયોગ કર્યો, એનાથી રાજા ખુશ થઈને જે રીતે સૂરિજીને ભક્તાદિ પડિલાભ્યા’ એ વાતજ અત્રે મન્ત્રપિણ્ડમાં લેવાની છે. અર્થાત્ સૂરિજી જેવા કોઈપણ જાતના શુદ્ધાશય વિના માત્ર આહાર આદિની લાલસાથી મન્ત્રપ્રયોગ દ્વારા આહારાદિ મેળવે તેને મન્ત્રપિણ્ડ કહેવાય છે.

[પ્રભુવીરના શાસનકાળના સાધુઓને રાજપિણ્ડ કલ્પે નહિ. છતાં અહીં રાજાએ સૂરિજીને અશનાદિ પડિલાભ્યાની વાત આવી છે. તેમાં સમાધાન આ જાણવું કે રાજા દ્વારા સવિશેષ શાસનપ્રભાવના કરાવવાના હેતુથી સૂરિજીએ એ અપવાદે લીધું હશે એવી કોક શક્યતા હોઈ શકે. इति पूज्य जयघोषसूरयः]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथा, चूर्णपिण्डेऽन्तर्द्धानं प्रतीत्य चाणि(ण)क्यमंत्री निदर्शनं यथा-

卐 **चूर्णपिण्डे चाणक्यमंत्री-निदर्शनं** 卐

पाडलिपुत्तं नाम नयरं आसि। तत्थ य चंदगुत्तो नरवई तस्स य चाणक्को नाम महामंती। तत्थ य जंघाबलपरिहीणा संभूइविजयाभिहाणा सूरिणो परिवसंति। अण्णया य दुब्भिक्खं जायं। आयरिएहिं चिंतियं। जहा एयं सूरिपयजोग्गं नियसीसं आयरियत्तए ठाविउं सयलगच्छसहियं सुभिक्खे देसंतरे पट्ठवेमि। सयमेत्थेव एगागी चिट्ठामि ता ताव एयं जोणिपाहुडं सिक्खवेमि त्ति रहे तं सिक्खविउं पव्वत्ता। तत्थ य पच्छन्नठिएहिं दोहिं खुड्डएहिं अंजणं कहिज्जंतं सुयं। जेण अंजियाहि अच्छीहिं न केणइ दीसिज्जइ। आयरिएहिं तहेव आयरियत्तणे सो ठाविओ सयलगच्छसहिओ पेसिओ ते खुड्डया आयरियणेहेण पुणो वि वलिया, सेसो गच्छो निद्दिट्ठठाणे संपत्तो। गुरुहिं ते भणिया। दुट्ठु तुब्भेहिं कयं जे समागया संपयं एत्थेव संतोसनिरया संता विहरह। तउ सयमेव हिंडिऊण समुद्दाणट्ठा आयरिया जंकिंचि भिक्खाए आगच्छइ तं तेहिं समं विरिंचय भुजंति त्ति

तथा, '**चूर्णपिण्ड**' ने विशे अन्तर्द्धानने अनुलक्षीने चाणक्यमंत्रीनी कथा आ प्रमाणे छे.

**● चूर्णपिण्डमां चाणक्य मंत्रीनुं दृष्टांत ●**

पाटलिपुत्रनामनुं नगर हतुं. त्यां चंद्रगुप्तराजा अने तेमना चाणक्य नामे महामंत्री हता. ते नगरमां जंघाबळनी क्षीणतावाळा संभूतिविजयसूरिजी वसता हता. कोईक समये नगरमां दुष्काळ पड्यो. आचार्यभगवंते विचार कर्यो 'सूरिपदने योग्य मारा शिष्यने आचार्यपदे स्थापीने गच्छसहित एमने सुभिक्षवाळा देशांतरप्रदेशमां मोकली आपुं. हुं पोते अहीं एकलो ज रहीश. एटले सौप्रथम आ सूरिपदने योग्य शिष्यने योनिप्राभृत वगेरे शिखवाडी दउं.' एम विचार्या प्रमाणे शिष्यने एकांतमां शीखवाडवा लाग्या. એ रीते शीखवाडती वखते गुप्तपणे रहेला बे नाना साधुओए गुरुदेव द्वारा कहेवाती अंजननी वात सांभळी लीधी. जे अंजन आंखे आंजवाथी पोताने कोई जोई शके नहि. आचार्यभगवंते पूर्वे विचार्या प्रमाणे शिष्यने आचार्यपदे स्थापीने तेमने सकलगच्छसाथे देशांतर मोकली आप्या. परन्तु आचार्यना स्नेहथी पेला बे नानामुनिओ नूतनआचार्य पासेथी छूपी रीते पाछा वळी गया अने आचार्यश्री पासे आव्या. शेष आखोय गच्छ निर्दिष्टस्थाने पहोंची गयो. गुरुदेव = आचार्यश्रीए ते बन्ने नानामुनिओने ठपकारूपे कह्युं 'तमे आ पाछा वळ्या ते खोटुं कर्युं पण हवे कांई नहि, अहीं ज संतोषथी रहो.' आचार्यश्री जाते गोचरी भमीने जे कांई भिक्षामां आवे ते बन्ने मुनिओने वहेंचीने वापरे छे. एम करवामां आचार्यश्रीने पूरतो खोराक मळतो नथी. माटे बन्ने नानामुनिओए विचारणा करी के 'आचार्यश्रीने ओछो खोराक मळे एवुं शुं काम करीए ?, पूर्वे सांभळेला अंजनने आंजीने चंद्रगुप्तराजानी साथे वापरीशुं = एना भाणामांथी उठावी वापरीशुं.' विचार्या प्रमाणे ज अंजन आंजीने वापरवानुं चालु करी दीधुं.

चंद्रगुप्तने हवे पेट पूरतुं न मळवाथी ते दुर्बळ थतां जाय छे. चाणक्ये चंद्रगुप्तने पूछ्युं 'देव ! केम आम दुबळा छो ?' चंद्रगुप्ते कह्युं 'खावानुं पूरतुं मळतुं नथी.' चाणक्ये विचार्युं के जरूर आ दुर्भिक्षमां अंजनसिद्ध कोई आनी साथे जमे छे. अन्यथा आटला = पुरता प्रमाणवाळा आहारथी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेसिं ओमोयरिया पवत्ता। दोहिवि मंतियं जहा किं आयरियाण ओमोयरियं करिमो। पुव्वसुयं अंजणं काउं चंदगुत्तेण सह भुंजामो त्ति तहेव भुंजिउमारद्धा। चंदगुत्तस्स ओमोयरियाए दुब्बलं जायं, चाणक्केण पुच्छियं, जहा देव ! किं दुब्बलो सि। तेण भणियं ओमोरिया हवइ। चाणक्केण चिंतियं जहा नूणं एयंमि दुब्भिक्खे अंजणसिद्धो कोइ अणेण सह भुंजइ। अन्नहा एवइएण आहारेण कहं ओमोयरिया। तउ तेण अंजणसिद्धगहणत्थं भोयणमंडवे इट्टगचून्नो खिवाविओ। दिट्ठाणि तत्थ मणुयपयाणि निच्छइयं जहा अंजणसिद्धा दुवे एत्थागया चिट्ठंति। दुवारं पिहाविया। मज्झे धूमो कारिओ, नीहरिउमसक्कंताणं धूमेण नयणंसुएहिं सह विगयमंजणं। दो वि दिट्ठा। चंदगुत्तेण दुगंछा कया। जहा एएहिं विट्टालिओ अहं। चाणक्केण तस्स समाहाणनिमित्तं उड्डाहरक्खणत्थं च पसंसिओत्ति। जहा धन्नो सि तुमं जो रिसिकुमारेहि पवित्तीकउत्ति। वंदिउं विसज्जिया चाणक्केण आयरियकहणपुव्वयं ते उवालद्धा। जहा किमेवमुड्डाहं कुणह। आयरिएहिं सो चेव उवालद्धो। जहा तुमं चिय दोसवंतो जो दुण्हं पि खुड्डयाणं निव्वाहं न चिंतेसि, तेण तहत्ति पडिवन्नं, निव्वाहो अ कऊत्ति। इह च विद्यादयो योगान्ता आहाराद्यर्थं न व्यापारणीया इत्युत्तरगाथायां वक्ष्यति। यतो विद्यादिषु व्यापार्य माणेष्वमी दोषा यथा यमुद्दिश्य विद्यादि प्रयुक्तं साधुना स भिक्षूपासकादि-

પણ પેટને પુરતું મળે કેમ નહિ ?' તેથી અંજનસિદ્ધ વ્યક્તિને પકડવા માટે ચાણક્યે ભોજન કક્ષમાં ઇંટનો ભૂક્કો ભભરાવ્યો. તેની ઉપર મનુષ્યના પગલાં જોયા એટલે નક્કી કર્યું કે અંજનસિદ્ધ બે માણસો અત્રે આવેલા છે. તરત બારણા બંધ કરીને અંદર ધૂમાડો કરાવ્યો. બારણા બંધ હોવાથી બહાર નીકળવા અસમર્થ બનેલા તેઓનું ધૂમાડાને લીધે આંખે આવેલા આંસુઓથી અંજન નીકળી ગયું એટલે બન્ને નાનામુનિઓ દૃશ્ય બન્યા. ચંદ્રગુપ્તે દુગંછા કરી કે 'અરે ! હું આમનાથી વટલાયો' અર્થાત્ મારું અન્ન ભિક્ષુ = સાધુઓએ લીધું હોવાથી હું વટલાયો એમ પોતાની જાતને જાણે છે. ચાણક્યે ચંદ્રગુપ્તના સમાધાન માટે તેમજ પ્રવચનહીલનાને રોકવા તેની પ્રશંસા કરી કે 'તું ધન્ય છે કે જે ઋષિકુમારો દ્વારા પવિત્ર કરાયો.' ચાણક્યે બન્ને મુનિઓને વંદન કરી જવા દીધા. પછી આચાર્યશ્રીને તે મુનિઓની વાત કરવાપૂર્વક મુનિઓને ઠપકો આપ્યો કે 'કેમ આવી પ્રવચનહીલના કરો છો ?'. આચાર્યશ્રીએ ચાણક્યને જ ઠપકો આપ્યો કે 'તું જ દોષને પાત્ર છે જે બન્ને નાનામુનિઓના નિર્વાહની ચિંતા પણ કરતો નથી.' ચાણક્યે 'तहत्ति' એમ સૂરિજીની વાત વધાવી લીધી અને નિર્વાહની વ્યવસ્થા કરી દીધી.

અહીં, 'વિદ્યાથી માંડીને યોગ સુધીના પ્રયોગ આહારાદિ માટે ન કરવા' એ વાત હવે તરત આવનારી ૭૪ મી ગાથામાં કહેવાશે, કારણ કે વિદ્યાઆદિના પ્રયોગમાં આવા દોષો ઘટી શકે છે. જેમકે,

સાધુએ જેને ઉદ્દેશીને વિદ્યાપ્રયોગ કર્યો હતો, તે અથવા તેના પક્ષપાતી બીજાકોઈ ભિક્ષુ વગેરે રાજા વગેરેની સામે જે સાધુ દ્વારા વિદ્યાનો પ્રયોગ કરાયો તે સાધુને થંભાવી = થાંભલાની જેમ જડ કરી દેવા, મારી નાંખવા વગેરે કરે. તથા, રોષે ભરાયેલ રાજા વગેરે વિદ્યાઆદિનો પ્રયોગકરનારનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्तत्पक्षपात्यन्यो वा भिक्षुकादिः साधुप्रयुक्तविद्याया नृपादिसमक्षं साधोः स्तम्भनमारणादि कुर्यात्। तथैते एवं व्यापारोपजीवनादधर्मिष्ठाः परवञ्चनाकारिणश्चेति प्रवचनोपघातः। तथा रुष्टो राजादिर्विद्यादिप्रयोक्तुः सर्वयतीनां वा वधं कुर्यादिति गाथार्थः।।७३।।

**अवतरणिका**— अथ योगपिंडद्वारं योगलक्षणकथनद्वारेण व्याख्यातुमाह।

**मूलगाथा— सोहग्गदोहग्गकरा, पायपलेवाइणो य इह जोगा।**
**पिंडट्ठमिमे दुट्ठा, जईण सुयवासिणमईण।।७४।।**

**संस्कृतछाया— सौभाग्य-दौर्भाग्यकराः, पादप्रलेपादयश्च येऽत्र योगाः।**
**पिण्डार्थमेते दुष्टा यतीनां श्रुतवासितमतीनाम्।।७४।।**

**卐 सौभाग्यादिकारकचन्दनधूपादि-पादप्रलेपाद्यौषधरूपयोगानां स्वरूपम् 卐**

**व्याख्या**– सौभाग्यदौर्भाग्यकरा जनप्रियत्वाप्रियत्वविधायकाश्चन्दनगन्धधूपादयो द्रव्यविशेषा योगाः स्युरिति योगः, तथाहि किञ्चिच्चन्दनादि जलादिना घृष्ट्वाऽभिमन्त्र्य च दुर्भगः पाय्यते, शरीरं वा

---

અથવા બધાજ સાધુઓનો = 'સૂક્કા ભેગું લીલું બળે' ના ન્યાયે વધ કરી નાંખે. ઈત્યાદિ આત્મવિરાધના થઈ શકે.

આ સાધુઓ આવા પ્રકારના પ્રયોગો દ્વારા પોતાની આજીવિકા ચલાવતા હોવાથી તેઓ અધાર્મિક છે, બીજાને ઠગનારા છે. એમ પ્રવચનહીલના થાય.।।૭૩।।

**અવતરણિકા** :- હવે યોગના લક્ષણકથનપૂર્વક 'યોગપિણ્ડ' દ્વારની વ્યાખ્યા કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **सोहग्ग** = સૌભાગ્ય, **दोहग्गकरा** = દૌર્ભાગ્યને કરનારા દ્રવ્યો, **पायलेवाइणो** = પગે લગાડવાનો લેપ વિગેરે, **इह** = આ જગતમાં, **जोगा** = યોગો, **पिण्डट्ठं** = અશનાદિમાટે, **इमे** = આ યોગો, **दुट्ठा** = દુષ્ટ છે, **जईण** = સાધુઓને માટે, **सुयवासिणमईण** = શ્રુતથી વાસિત બુદ્ધિવાળા. ।।૭૪।।

**મૂળગાથા-ગાથાર્થ** :- સૌભાગ્ય અને દૌર્ભાગ્ય કરનારા ચંદન, ધૂપાદિ દ્રવ્ય વિશેષો તથા આકાશગમન, જલસ્તમ્ભનાદિફળવાળા પગે લગાડવાના લેપ વગેરે ઔષધિઓ યોગ કહેવાય છે. આ યોગ પણ વિદ્યામન્ત્રાદિની પેઠે કેવલ અશનાદિની પ્રાપ્તિ માટે જો વાપરવામાં આવે તો તે દુષ્ટ છે, પરન્તુ ઉત્સર્ગ અને અપવાદને દર્શાવનાર આગમથી વાસિત યતિને માટે કુલ, ગણ અને સંઘાદિ કાર્યના પુષ્ટાલંબનમાં આ વિદ્યા, મંત્ર, ચૂર્ણ અને યોગનો ઉપયોગ દુષ્ટ નથી.।।૭૪।।

**• સૌભાગ્ય વગેરેને કરનાર ચન્દન, ધૂપ વગેરે તથા,**
**પાદપ્રલેપવગેરે ઔષધરુપ યોગોનું સ્વરૂપ •**

**વ્યાખ્યાર્થ** :- 'सोहग्ग-दोहग्गकरा' = 'सौभाग्य-दौर्भाग्यकराः' = સૌભાગ્ય અને દોર્ભાગ્યને કરવાવાળા.. એટલે કે જનપ્રિયત્વ-અપ્રિયત્વ કરનારા એવા ચન્દન-ગન્ધ = સુગન્ધી ચૂર્ણવિશેષ, ધૂપ વગેરે દ્રવ્ય -વિશેષ એ યોગ છે. તે આ રીતે કે કોઈપણ ચન્દનાદિને પાણી વગેરે સાથે ઘસીને = લસોટીને અભિમન્ત્રિત = મન્ત્રથી ભાવિત કરીને જે દુર્ભાગ્યવાળાને પીવરાવે. અથવા અભિમન્ત્રિત ધૂપથી એનું શરીર વાસિતકરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अभिमन्त्रितधूपेन धूप्यते, गन्धा वा शिरसि निक्षिप्यते ततः सुभगः स्यादिति, एवं दुर्भगत्वेऽपि वाच्यं। तथा पादप्रलेपादयश्चरणखरण्टनप्रभृतय आकाशगमनजलाग्निस्तम्भादिफला द्रव्यसमूहक्षोदरूपा औषधविशेषाः, चः समुच्चये। इह जगति योगा योगशब्दवाच्याः स्युः। ननु चूर्णयोगयोर्द्वयोः क्षोदरूपत्वेऽपि परस्परं को विशेषः? उच्यते, देहस्य बहिरुपयोगी चूर्णो, बहिरन्तश्च योगो, यतोऽसावाहार्यानाहार्यभेदाद् द्विविधः स्यात्तत्र जलपानादिना अभ्यवहार्य आहार्यः, (तदितरोऽनाहार्यः) पादप्रलेपादि। तत्र पादप्रलेपरूपे योगपिण्डे आख्यानकं यथा—

### 卐 योगपिण्डे - आचार्यसमितसूरेः कथा 卐

आभीरविसए अयलउरं नाम नयरं आसि। तस्स आसण्णाउ कण्हाबिन्नाभिहाणाउ दुवे नईउ। तासिं अंतरे बंभो नाम दीवो। तत्थ य पंचहिं तावससएहिं सहिओ एगो तावसकुलवई परिवसइ। सो य संकंताइपव्वेसु सतित्थुब्भावणाइनिमित्तं सव्वेहिं तावसेहिं सहिओ पायलेवेणं कन्हमुत्तरित्तु अयलउरं आगच्छइ। तत्थ लोगो आउट्टो भोयणाइसक्कारं करेइ। सावयाणं पुण खिंसं करेइ,

---

અથવા માથાપર ગન્ધ નાંખે, જેથી એ 'सुभग' = સૌભાગ્યવાળો થાય. આ રીતે સૌભાગ્યયુક્તને દૌર્ભાગ્યયુક્ત કરવામાં પણ જાણી લેવું.

તથા, 'पायलेवाइणो' = 'पादप्रलेपादयः' = પગમાં લેપ કરવો વગેરે કે જેનાથી આકાશમાં ઉડવાનું થાય. 'आदि' શબ્દથી જળ-અગ્નિ થંભાવી દેવા વગેરે થાય. એવા દ્રવ્યોના સમૂહના ભૂક્કા સ્વરૂપ ઔષધવિશેષો. 'य इह' = 'येऽत्र' = જે આ લોકમાં યોગ શબ્દથી વાચ્ય છે, ઓળખાય છે તેઓને, 'जोगो' = 'योगः' = યોગ કહેવાય છે. 'च' = ચ શબ્દ સૌભાગ્યાદિકર અને પાદપ્રલેપાદિ આ બંનેના સમુચ્ચયમાં જાણવો.

**પ્રશ્ન** :- ચૂર્ણ અને યોગ, બન્ને 'क्षोद' = ભૂક્કા રૂપે છે તો પરસ્પર બન્નેમાં ફેર શું ?

**જવાબ** :- દેહની બહાર જે ઉપયોગી છે એ ચૂર્ણ છે અને દેહની બહાર ને અંદર બન્નેમાં ઉપયોગી હોય છે એ યોગ છે. કારણ કે આ યોગ એ આહાર્ય અને અનાહાર્યના ભેદથી બે પ્રકારે છે. તેમાં જળપાન વગેરે 'अभ्यवहार्य' = આહાર્ય છે અને તેનાથી ઈતર = અન્ય 'पादप्रलेप' = પગે લેપ કરવો આદિ અનાહાર્ય છે. અહીં પાદપ્રલેપરૂપ યોગપિણ્ડવિષયક કથા આ પ્રમાણે છે.

### • યોગપિણ્ડમાં આચાર્ય સમિતસૂરિની કથા •

આભીર નામક પ્રદેશ વિશેષમાં અચલપુર નામનું નગર હતું. તેને અડીને 'कण्हा-बिन्ना' = કૃષ્ણા--બેના નામે બે નદીઓ હતી. તે બન્ને નદીના આંતરામાં બ્રહ્મ નામનો દ્વીપ હતો. તે દ્વીપ પર પાંચસો તાપસો સાથે એક તાપસકુલપતિ વસતાં હતા. તે તાપસકુલપતિ સંક્રાંતિ વગેરે પર્વદિવસોમાં પોતાના તીર્થ = ધર્મની ઉદ્ભાવના = પ્રભાવના નિમિત્તે બધા તાપસો સાથે પગે લેપ કરીને કૃષ્ણા નદીને ઉતરીને = લેપના પ્રભાવે નદી પર ચાલીને અચલપુર આવે છે. નદી પર ચાલવાના પ્રભાવથી આકર્ષાયેલા લોકો તેમનો ભોજનાદિ સત્કાર કરે છે. સાથોસાથ જૈનશ્રાવકોની ખિંસા = હીલના કરે છે કે તમારા ગુરુઓની આવી કોઈજ શક્તિ નથી. શ્રાવકોએ વજસ્વામીના મામામહારાજ આર્ય સમિતસૂરિજીને આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जहा तुम्ह गुरूणं एयारिसी सत्ती नत्थि। सावएहिं वइरसामिणो माउलगाणं अज्जसमियायरियाणं अक्खियं, तेहिं भणियं य, थेवमेयं जं माइट्ठाणेण पायलेवं किच्चा सो नइं उत्तरइ। तउ सावएहिं तस्स माइट्ठाणपयडणत्थं सपरिवारस्स भोयणेण निमन्तणं कयं। गिहे उववेसिय पायधोयणं ढोइयं। तेन(ण) भणियं न धोवावेमि सावएहिं अधोविएहिं पाएहिं भुंजावन्ताण लोए अविणओ होइ त्ति भणंतेहिं बलावि धोइया पाया। भुजांविओ य णियट्ठाण गमणाय चलिओ सावया य सरिसा चलिया। जाव कण्हं उत्तरह ता सपरिवारो बुडिउं लग्गो। एत्थंतरे बहुलोयसहियस्स पडिबोहणत्थं तत्थेवागया समियायरिया। चप्पुडियं दाउं भणियं कण्हे ! परं पारं गन्तुमिच्छामि। झडत्ति मिलियाइ दोवि कुलाइ। विम्हिओ सपरिवारो कुलवई, तउ नयरजणसहिया तावसासमे गया, सूरिणा पारद्धा तत्थ धम्मकहा, लोगो पडिबोहिओ पंचसयसहिओ कुलवई वि पव्वज्जं गहिओ। सूरी गओ नयरं ति। जाया य बंभदिवगसाह त्ति। यद्यपीदं लौकिकयोगपिण्डे उदाहरणं, तथापीत्थं कृते यो लोकोत्तरेऽपि लभ्यते स योगपिण्ड इति विवक्षायां दर्शितम्। अथैते विद्या

વાત કરી. સૂરિજીએ જણાવ્યું કે 'આમાં કાંઈ વિશેષ છે નહિ સાવ સહેલી વાત છે, કારણકે માયાથી પગે લેપ કરીને તેઓ નદી ઉતરે છે.' સૂરિજીએ તેઓની માયા ઉઘાડી પાડવાની યુક્તિ બતાવી. તેઓની માયા પ્રગટ કરવા માટે શ્રાવકોએ તેઓને સપરિવાર ભોજનમાટે આમંત્રણ આપ્યું. તેઓને ઘરમાં બેસાડી પગ ધોવાનું પાત્ર વિશેષ આગળ ધર્યું. તેઓએ કહ્યું 'અમો ધોવરાવતા નથી.' પરન્તુ શ્રાવકોએ 'પગ ધોયા વિના ભોજન કરાવે તો લોકમાં અવિનય થાય' એમ કહી બળજબરીથી તેઓના પગ ધોયા. બાદ બધાને જમાડ્યા. તે પછી તેઓ પોતાના સ્થાને જવા ચાલ્યા. શ્રાવકો પણ સાથે ચાલ્યા. જ્યાં કૃષ્ણા નદી ઉતરવા લાગ્યા કે આખો પરિવાર ડૂબવા લાગ્યો. તે જ વખતે ઘણાં લોકો સહિત એવા તાપસોને પ્રતિબોધ આપવા શ્રી સમિતસૂરિજી ત્યાં પધાર્યા.

સૂરિજીએ માત્ર ચપટી વગાડી કૃષ્ણાનદીને ઉદ્દેશી કહ્યું 'હે કૃષ્ણે ! હું પેલી પાર જવા ઈચ્છું છું.' તરત જ નદીના બન્ને કાંઠા મળી ગયા = સૂરિજી જ્યાં ઉભા હતા તેની સન્મુખ નદીના એટલા ભાગની જમીન ઊંચે આવી ગઈ. એટલે નદીનો પ્રવાહ એ ઉંચે આવેલ જમીનથી અટકી ગયો એટલે સામે જવાનો સીધો રસ્તોજ થઈ ગયો. આ રીતે બે કિનારા ભેગા થઈ ગયા. સપરિવાર કુલપતિ વિસ્મય પામ્યા, શ્રાવકો પણ આનંદિત થયા. નગરલોકોની સાથે સૂરિજી તાપસઆશ્રમમાં ગયા. ત્યાંસૂરિજી દ્વારા ધર્મદેશના આરંભાઈ. લોકો પ્રતિબોધ પામ્યા અને પાંચસોની સાથે કુલપતિએ દીક્ષા લીધી. સૂરિજી પોતાના નગરમાં ગયા. ત્યારથી બ્રહ્મદીપિકા નામની શાખા નીકળી.

આ ઉદાહરણ આમ તો લૌકિક યોગપિણ્ડવિષયક છે. છતાંય આ રીતે જે લોકોત્તર જિનશાસનમાં પણ પિણ્ડને મેળવે તે યોગપિણ્ડ છે એવી વિવક્ષાથી આ દૃષ્ટાંત બતાવ્યું છે.

**પ્રશ્ન** :- અનન્તરોક્ત આ વિદ્યા-મન્ત્ર વગેરે સર્વદા ઉપયોગમાં ન લેવા કે પછી ક્યારેક જ ઉપયોગમાં ન લેવા ?

**જવાબ** :- 'पिंडट्ठमिमे दुट्ठा' = 'पिण्डार्थमेते दुष्टाः' = આહારનિમિત્તે એમનો ઉપયોગ એ દુષ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मन्त्रादयः किं सर्वदैव न प्रयोक्तव्या उत कदाचिदेवेत्याह 'पिंडट्ठमिमे दुट्ठत्ति' पिण्डार्थमाहारनिमित्त-मुपलक्षणत्वादुपकरणादिग्रहः।

### 卐 श्रुतवासितमतिसाधुना पुष्टालंबने व्यापार्यमाणा विद्यामंत्रचूर्णयोगा न दोषाय 卐

इमे एते अनन्तरोक्ता विद्यामन्त्रचूर्णयोगा व्यापार्यमाणा इति शेषः दुष्टा दोषकारिणः स्युः सावद्यत्वेन कर्म्मबन्धहेतुत्वात्। इह पिण्डार्थमित्यनेन महति कुलगणसङ्घचैत्यादिकार्यपुष्टालम्बने व्यापार्यमाणा अपि न दोषाय स्युः प्रवचनोत्सर्प्पणाहेतुत्वेन जिनादिभिरनुज्ञातत्वादित्याचष्टे कथञ्चिद् दुष्टा (केषां) इत्याह यतीनां साधूनां कीदृशानामित्याह श्रुतवासितमतीनां उत्सर्गापवादबहुलागम-परिकर्मितबुद्धीनां। अनेन चागीतार्थ एव तुच्छत्वात् स्वल्पेऽपि कार्ये तद्व्यापारणं कुरुते न गीतार्थो गम्भीरत्वादित्यावेदयति। इह च पूर्वसंस्तवपश्चात्संस्तवाभ्यामेक एव संस्तवाख्यो दोष उक्तश्चूर्णयोगौ तु भिन्नौ द्वौ दोषावुक्तौ। क्वापि ग्रन्थे व्यत्ययो दृश्यत इति गाथार्थः।।७४।।

---

છે. ઉપલક્ષણથી ઉપકરણવગેરે નિમિત્તે પૂર્વકથિત વિદ્યા-મન્ત્ર-ચૂર્ણ-યોગનો વ્યાપાર કરવામાં આવે તો એ દુષ્ટ છે = દોષને કરનાર છે, કારણ કે એ સાવદ્યપ્રવૃત્તિ હોવાથી કર્મબન્ધનો હેતુ છે.

### ● શ્રુતવાસિતમતિવાળા સાધુ પુષ્ટાલંબને વિદ્યા-મંત્ર-યોગનો ઉપયોગ કરે તો દોષ નથી ●

અહીં 'पिण्डार्थम्' એ શબ્દથી આ વાત છતી થાય છે કે કોક મોટું કારણ ઉપસ્થિત થયે એટલે કે કુલ-ગણ-સંઘ-ચૈત્ય વગેરેના પુષ્ટઆલંબને = કારણસર વિદ્યાઆદિનો ઉપયોગ પણ દોષ માટે નથી. કારણ કે એ 'प्रवचन-उत्सर्प्पणा' = શાસનપ્રભાવના કે શાસન-રક્ષાનો હેતુ હોવાથી જિનેશ્વર ભગવંતો વગેરે દ્વારા અનુજ્ઞાત છે. (આમ તો વિદ્યાઆદિનો પ્રયોગ એ શાસન-અવસર્પ્પણા = શાસન હીલનાદિનું કારણ છે. છતાં પુષ્ટઆલંબને એનો પ્રયોગ દોષ માટે નથી.)

ઉત્સર્ગઆચરણા તો વિદ્યાઆદિનો પ્રયોગ ન કરવાની છે. છતાં કોક પુષ્ટઆલંબને અપવાદ માર્ગની આચરણા એ કથંચિદ્ દુષ્ટ છે. કથંચિદ્દુષ્ટતાવાળી પણ આપવાદિકઆચરણા કોના માટે દોષકારક નથી બનતી ? તે કહે છે, 'जईण' = 'यतीनां' = યતીઓ માટે કેવા યતીઓ માટે ? તે કહે છે, 'सुयवासियमईण' = 'श्रुतवांसितमतीनाम्' = શ્રુતથી વાસિતમતિવાળા યતીઓ માટે. અર્થાત્ ઉત્સર્ગ-અપવાદની બહુલતાવાળા આગમથી પરિકર્મિતબુદ્ધિવાળા યતીઓ માટે. એ આપવાદિક આચરણા દોષમાટે થતી નથી.

અહીં, 'सुयवासियमईण' એવું વિશેષણ મૂક્યું એટલે નક્કી થાય છે કે, તુચ્છમતિવાળા હોવાથી અગીતાર્થ જ નાના નાના કાર્યમાં પણ વિદ્યા વગેરેનો ઉપયોગ કરે છે પણ ગંભીરપણું હોવાથી ગીતાર્થ એમ ન કરે.

ટીકાકાર એક વાતનો ખુલાસો કરતાં જણાવે છે કે આ ગ્રન્થમાં પૂર્વસંસ્તવ અને પશ્ચાત્સંસ્તવનો એક જ "સંસ્તવ' નામનો દોષ કહેવાયો છે અને ચૂર્ણ તથા યોગના અલગ-અલગ બે ભેદો કહ્યા છે. પરન્તુ બીજા કોક ગ્રન્થમાં પૂર્વસંસ્તવ અને પશ્ચાત્સંસ્તવના બે જુદા જુદા ભેદો અને ચૂર્ણ તથા યોગનો એકજ ભેદ કહ્યો છે. એમ વ્યત્યય જોવામાં આવે છે.॥૭૪॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अवतरणिका**— उक्तं विद्यादिपिण्डद्वारचतुष्टयमथ मूलकर्मपिण्डद्वारमाह।

**मूलगाथा— मंगलमूलीण्हवणाइ गब्भवीवाहकरणघायाइ।**
**भववणमूलकम्मंति मूलकम्मं महापावं।।७५।।**

**संस्कृतछाया— मङ्गलमूलिस्नपनादि गर्भविवाहकरणघातादि।**
**भववणमूलकर्म्मेति मूलकर्म्म महापापं ।।७५।।**

**卐 मङ्गल्यमूलिकास्नपनादि-मूलकर्म्मस्वरूपम् 卐**

**व्याख्या**— मङ्गल्यमूलिका मङ्गलकृद्वनस्पत्यवयवस्वभावौषधयो लोकप्रतीतास्ताभिः स्नपनं, स्त्र्यादिजनस्य सौभाग्यपत्यादिनिमित्तं मूलिकाकल्कमिश्रजले स्नानविधापनं, तदादिर्यस्य धूपनक(का)ण्डकरणादेस्तन्मङ्गलमूलिस्नपनादि। तथा गर्भविवाहकरणघातादि, तत्र गर्भ उदरान्तवर्त्ती मनुष्यादिसत्त्वः, विवाहः परिणयनं, तयोः प्रत्येकं करणघातौ विधापनविनाशौ, तावादिर्यस्य तत्तथा गर्भकरणं, गर्भघातस्तत्परिशाटनरूपः तथा विवाहकरणं विवाहप्रतिघातश्चेत्यर्थः। आदिशब्दात् स्त्रीणामक्षतयोनिक्षतयोनित्वकरणग्रहः। तत्रौषधप्रयोगेण सततमवाच्यदेशरक्तक्षरणं क्षतयोनित्वं तद्विपरीतमितरत्व(त्वं

---

**અવતરણિકા** :- આ પ્રમાણે ચારેય વિદ્યાપિણ્ડ આદિ કહેવાઈ ગયા. હવે **'मूलकर्मपिण्ड'** દ્વારને કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **मंगलमूली** = મંગલને કરનારી વનસ્પતિ-ઔષધી વિગેરેથી, **ण्हवणाइ** = સ્નાન કરાવવું વિગેરે, **गब्ज** = ગર્ભ, **वीवाह** = વિવાહ લગ્ન, **करण** = કરાવવું, **घायाइ** = વિનાશ વિગેરે, **भववणमूलकम्मंति** = સંસારરૂપવનનાં મૂલરુપી કર્મ હોવાથી, **मूलकम्मं** = મૂલકર્મ નામનો દોષ, **महापावं** = મહાપાપ.||૭૫||

**મૂળગાથા-ગાથાર્થ** :- મંગલને કરનારી લોકમાં પ્રસિદ્ધ વનસ્પતિ-ઔષધિ વગેરેથી સ્ત્રીઓને સૌભાગ્યાદિની પ્રાપ્તિ માટે સ્નાન કરાવવું, રક્ષાબંધન કરવું, ધૂપ વગેરે કરવો તથા ગર્ભાધાન, ગર્ભસ્તમ્ભન અને ગર્ભાઘાત કરાવવો તથા વિવાહ-લગ્નાદિ કરાવવા અને તોડાવવા વગેરે ક્રિયા સંસારરૂપી વનના મૂલરૂપી કર્મ હોવાથી તેને મૂલકર્મ કહેવામાં આવે છે.||૭૫||

## ● મંગળમૂળીથી સ્નાન કરાવવું વગેરે મૂળકર્મનું સ્વરૂપ ●

**વ્યાખ્યાર્થ** :- 'मंगलमूलीण्हवणाइ' = 'मङ्गलमूलिस्नपनादि' = મંગલને કરનાર વનસ્પતિનાં અવયવ સ્વરૂપ સ્વાભાવિકઔષધિઓ જે લોકોમાં પ્રસિદ્ધ છે તેનાં દ્વારા સ્નાન કરાવવું. એટલે કે સ્ત્રી વગેરે લોકોના સૌભાગ્યની પ્રાપ્તિ = અભીષ્ટ પતિ વગેરેની પ્રાપ્તિમાટે જળમિશ્રિત મૂલિકા કલ્ક = ક્વાથ માં સ્નાન કરાવવું, ધૂપ કરાવવો, કાણ્ડકરણ કરવું = હાથે રક્ષાપોટલી બાંધી, ગળે માદળીયું બાંધવું વગેરે, વગેરેની આદિમાં જે આ મંગલમૂલિકા સ્નપન છે, તેને 'मङ्गलमूलिस्नपनादि' કહેવાય છે.

તથા 'गब्भवीवाहकरण-घायाइ' = 'गर्भविवाहकरण-घातादि' = ગર્ભ એટલે પેટની અંદર ઉત્પન્ન થયેલ મનુષ્ય વગેરે સત્ત્વ = જીવ (અહીં માત્ર 'ગર્ભ' શબ્દનો જ અર્થ કર્યો છે. અર્થાત્ બિલાડીના પેટે આવનાર બિલાડા કે બિલાડીને, ઘોડીના પેટે આવનાર ઘોડા કે ઘોડીને ઈત્યાદિ તિર્યંચ જાતિને વિશે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रक्त)स्यागम्यमानत्वात्। भक्ताद्यर्थं प्रति(क्रिय)माणं कार्यमाणं वा साधुना मूलकर्म्मोच्यत इति योगः। अस्य शब्दार्थनिरूपणायाह।

**卐 मूलकर्म्मणो व्युत्पत्तिः 卐**

'भववणमूलकम्मंति' भवन्ति नारकादितयोत्पद्यन्तेऽस्मिन् जन्तव इति भवः संसारः, स एव वनमतिगहनत्वात्तरुखण्डरूपं काननं तस्य मूलं कारणं प्ररोहहेतुः कर्म्म ज्ञानावरणादिकर्म्मनिचयहेतुकाऽशुभा व्यापारक्रिया इति हेतोर्मूलकर्म्मोच्यते। यद्वा सूचनाद्विभक्तिलोपाच्च 'भववन'त्ति भववनस्पत्योः मूलं कारणं कर्म्म क्रिया इतिकृत्वा मूलं च तत्कर्म च, मूलं वा प्रतीत्य कर्म्मेति विगृह्य मूलकर्म्मोच्यते। तत्र भवस्य मूलं कर्म्म तत्प्राप्तिनिबन्धना गर्भघातादिक्रिया तथा जातिविवक्षया वनस्पतेर्मूलं तत्प्ररोहकारणीभूतप्रविष्टोऽवयवस्तस्य औषधाद्यर्थं छेदादिक्रिया मूल-कर्म्मेति। इदं च कीदृशमित्याह महापापं चिरकालवेद्यक्लिष्टाशुभकर्मनिबन्धनं शिष्टजननिन्द्यम् पापबहुलजनाचरणीयं चेति। अत एव

---

અથવા સ્ત્રીના પેટે આવનાર બાળક કે બાળિકાને ગર્ભ કહેવાય છે. પ્રસ્તુતમાં મનુષ્યગર્ભની વાત લેવી.) વિવાહ એટલે પરિણયન = લગ્ન. તે બન્નેના કરણ અને ઘાત એટલેકે ગર્ભકરણ અને ગર્ભઘાત. ઉપલક્ષણથી, 'આ મારી ઘોડી વગેરેને ગર્ભ રહે તેમ કરો' અથવા 'ગર્ભઘાત કરો તો તમારું ઇચ્છિત કરું' એ સ્વરૂપ શરતમાં તિર્યંચગર્ભકરણ કે ગર્ભઘાત વગેરે પણ લેવું. તથા, લગ્નનું કરણ અને લગ્નનો પ્રતિઘાત કરવો = લગ્ન તોડીપાડવા = છૂટાછેડા કરાવવા. આ બે છે આદિમાં જેને, તેને '**गब्भविवाह-करण-घायइ**' કહેવાય છે. અહીં '**आदि**' શબ્દથી સ્ત્રીઓની અક્ષતયોનિ-ક્ષતયોનિ કરવી વગેરે લેવું.

અક્ષતયોનિ-ક્ષતયોનિ કરવાનું સ્વરૂપ જણાવે છે.

ક્ષતયોનિ આ રીતે કરે કે ઔષધના પ્રયોગદ્વારા સ્ત્રીનો અવાચ્ય દેશ = યોનિમાં સતત લોહી ઝર્યા કરે. તેનાથી વિપરિત = માત્ર ઋતુધર્મમાંજ લોહી ઝરે તે અક્ષતયોનિ છે. ભોજનાદિ માટે સાધુ દ્વારા ઉપરોક્ત જે જાતે કરાય અથવા બીજાદ્વારા કરાવાય, તે મૂલકર્મ દોષ કહેવાય છે. આ '**मूलकर्म्म**' ના શબ્દાર્થના નિરૂપણને કહે છે.

**● 'मूलकर्म्म' શબ્દની વ્યુત્પત્તિ ●**

'भववणमूलकम्मंति' = 'भववनमूलकर्म्म इति' = જેમાં નારકાદિ રૂપે જીવો ઉત્પન્ન થાય તે 'भव' = સંસાર. આ સંસાર જ ગીચઝાડી રૂપ અનેક યોનિ-કુલોથી ગહન હોવાથી એક જંગલ = કાનન રૂપ છે. તેનું મૂળ કારણ અર્થાત્ તેને ઉત્પન્ન થવાનો હેતુ કર્મ છે એટલે કે જ્ઞાનાવરણાદિ કર્મબંધના કારણરૂપ જે અશુભવ્યાપાર ક્રિયા છે, તેથી તે મૂલકર્મ કહેવાય છે. અથવા 'भववनं' શબ્દના સૂચનથી 'वन' શબ્દ વનસ્પતિનો સૂચક છે. અને ષષ્ઠીદ્વિવચન વિભક્તિનો લોપ થવાથી 'भववनस्पत्योः' ના બદલે 'भववनं' થયું છે એમ જાણવું. ભવ અને વનસ્પતિનું મૂળ = કારણ જે કર્મ = ક્રિયા એવો અર્થ થાય માટે, મૂળ એવું કર્મ એવો કર્મધારય તત્પુરુષ સમાસ કરવો. એટલે મૂળકર્મ થાય. કાંતો, મૂળને ઉદ્દેશીને જે કર્મ તે મૂળકર્મ કહેવાય છે. તેમાં, ભવનું મૂળ કર્મ એટલે તેની પ્રાપ્તિના કારણભૂત જે ગર્ભપાતાદિ ક્રિયા અને જાતિની વિવક્ષા = અપેક્ષાથી વનસ્પતિનું મૂળ એટલે તેના ઉગવામાં = વધવામાં હેતુ તરીકે રહેલ અવયવ તેનાં ઔષધાદિ માટે છેદનાદિ કરવા, તે મૂળક્રિયા = મૂળકર્મ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भववनमूलमित्युक्तं। तत्र गर्भाधानशाटरूपे मूलकर्मणि राजपत्न्यौ दृष्टान्तो यथा—

卐 गर्भधारण-गर्भशाटनविषये दृष्टांतः 卐

वसंतपुरे जियसत्तू राया। तस्स दो देवीउ। अण्णया विसयसुहमणुहवंताणं एगाए गब्भो पाउब्भूओ। इयरी इमीए पुत्तो भविस्सइ न मज्झ त्ति ईसानलेन डज्झंती अधिईए चिट्ठइ। एत्थंतरे एगो साहू भिक्खं अडंतो तीए गिहे पविट्ठो। तेण भणिया जहा भद्दे ! किं विच्छायमुही दीससि? तीए वुत्तं जहा मम सवत्ती आवन्नसत्ता, पुत्तो तीए आइट्ठो नेमित्तिएणेति। तेण भणियं भद्दे ! ओसहप्पयाणेण तुज्झवि गब्भाहाणं करिस्सामि मा अधीइं कुणसु। तीए भणियं भट्टारया ! जइवि मे सुओ होही तुम्होसहप्पभावाउ तहवि सो पच्छासमुब्भूयगब्भजायत्तणेण कणिट्ठो त्ति न जुवराया भविस्सइ। इयरीए पुण पढमसमुब्भूयगब्भजायत्तणेण जेट्ठो त्ति जुवराया भविस्सइ। तउ साहुणा तीसे एक्कं ओसहं दिन्नं, अन्नं तीसे सयासाउ चेव इयरीए गब्भपाडणं दवावियं, दिन्ने जायं गब्भसाडणं, इयरीए य सूओ जाओ। जाओ य जुवराय त्ति। विवाहकरणरूपे तस्मिन् दृष्टान्तो यथा—

卐 विवाहकरणविषये दृष्टांतौ 卐

---

આ ‘મૂળકર્મ’ કેવું છે ? તે કહે છે, ‘महापावं’ = ‘महापापं’ = મહાપાપ છે. ઘણાં લાંબા સમય સુધી ભોગવાય = વેદાય એવા અશુભકર્મનાં કારણભૂત, શિષ્ટજનોને નિન્દ્ય, અત્યંત પાપીલોકોદ્વારા આચરણીય એવું મહાપાપ છે. માટે જ એને ‘भववनमूल’ કહેવાયું છે.

તેમાં, ગર્ભનું આધાન અને ગર્ભનું શાટન સ્વરૂપ મૂળકર્મવિશે બે રાજપત્નીઓનું દૃષ્ટાંત કહેવાય છે.

**• ગર્ભધારણ અને ગર્ભશાટનવિષયક દૃષ્ટાંત •**

વસંતપુરનગરમાં જિતશત્રુરાજાને બે રાણીઓ હતી. વિષયસુખ અનુભવતા એક રાણીને ગર્ભ રહ્યો. બીજી રાણી ‘આને પુત્ર થશે પણ મને નહિ ?’ એવી ઈર્ષ્યાની આગથી દાઝતી અધીરી બની છે. એટલામાં એક સાધુ ભિક્ષામાટે ફરતો ફરતો તેના ઘરમાં પ્રવેશે છે. સાધુએ તેને પૂછ્યું ‘ભદ્રે ! કેમ આવી ઉતરીગયેલા મુખવાળી દેખાય છે ?.’ તેણીએ કહ્યું ‘મારી શોક્ય ગર્ભવાળી છે ને નૈમિત્તિકે કહ્યું છે કે એને પુત્ર થશે.’ મુનિએ કહ્યું ‘ભદ્રે ! ઔષધ આપવા દ્વારા તમને પણ ગર્ભધારણ કરાવી દઈશ ? અધીરા ના થશો.’ પેલીએ કહ્યું ‘ભટ્ટારક ! તમારા ઔષધના પ્રભાવે જોકે મને પુત્ર થશે ખરો પણ મને ગર્ભ પાછળથી રહ્યો હોવાથી તેનો જન્મ પાછળથી થશે, તેથી નાનો એવો તે યુવરાજ બની નહિ શકે. પરન્તુ શોક્યને પ્રથમ ગર્ભધારણ થયું હોવાથી એનો પુત્ર પ્રથમ જન્મ પામશે, તેથી મોટો થવાથી તે જ યુવરાજ બનશે.’ સાધુએ તેણીને પુત્ર થવાનું એક ઔષધ આપ્યું અને એના દ્વારા જ બીજું ઔષધ શોક્યને ગર્ભ પાડવાનું અપાવ્યું. તેનાથી શોક્યનો ગર્ભ પડી ગયો અને આને પુત્ર થયો. તે યુવરાજ બની ગયો.

**• વિવાહકરણવિષયક બે દૃષ્ટાંત •**

હવે વિવાહકરણનું દૃષ્ટાંત જણાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एगंमि कुले एगा वड्ढकुमारी अत्थि। तउ एगो साहू भिक्खमडंतो तम्मि गिहे पविट्ठो तं दट्ठूण पिंडलोभेण साहुदाणसीला तज्जणणी भणिया। जहा भद्दे ! एसा दुहिया जोव्वणं पत्ता अपरिणीया संती केणावि सह अकज्जं समायरिय कुलं मइलिस्सइ। किं च लोए वि सुव्वह जहा जइ कुमारी उच्चिट्ठा हवइ तो जत्तिया बिंदुणो रुहिरस्स नीहरंति तत्तियाउ वाराउ माया नरएसु वच्चइ त्ति। तदुक्तं लौकिकैः 'तावन्तो नरका घोरा, यावन्तो रुधिरबिन्दव', इति। तउ सा परिणावियत्ति।

तहा एगस्स कोडुंबियस्स पुत्तो अत्थि। पत्तो य सो जोव्वणं। इउय भिक्खापविट्ठेण एगेण साहुणा तं पुत्तं वयपत्तं पासिय तम्माया दाणप्पिया असणाइलोभेण भणिया। जहा कुलस्स गोत्तस्स कित्तीए संतईए य सुओ कारणं हवइ। तो एयं जुव्वणत्तपत्तं पि किं न परिणावेसि जेण कलत्तनेहेण थिरो थिओ चेट्ठइ। अपरिणाविओ पुण काएवि सच्छंदचारिणीए सह उट्ठिउं गच्छिहिइ। किं च पच्छावि परिणावेयव्वो (तउ संपइवि किह न परिणावेसि ? त्ति)। तउ तव्वयणाउ सो तीए परिणाविओ त्ति। अक्षतयोनित्वादिकरणरूपे तस्मिन् दृष्टान्तो यथा–

**卐 क्षताऽक्षतयोनिकरणे दृष्टांतः 卐**

एगंमि नयरे एगस्स सेट्ठिस्स धूया भिन्नयोनिया अत्थि, माया तं च जाणइ न उण पिया,

---

(૧) એક કુળમાં એક વૃદ્ધકુમારી = ન પરણેલી મોટીઉમ્મરની કન્યા હતી. ભિક્ષામાટે ફરતાં ફરતાં એક સાધુ તે ઘરમાં પ્રવેશ્યા. તે વૃદ્ધકુમારીને જોઈને પિંડ મેળવવાના લોભે દાનઆપવાનાસ્વભાવવાળી તેની જનનીને કહ્યું 'ભદ્રે ! આ તમારી છોકરી યૌવનને પામી છે. જો પરણાવવામાં નહિ આવે તો કોઈની પણ સાથે અકાર્ય કરીને કુળને મલીન કરશે. વળી લોકમાં પણ કહેવાય છે કે "જો કુમારી 'उच्चिट्ठा' = પરણી ન હોય તો જેટલા લોહીના બિન્દુઓ નીકળે, એટલીવાર એની માતા નરકમાં જાય છે." 'तावन्तो नरका घोराः यावन्तो रुधिरबिन्दवः' = જેટલા લોહીના બિન્દુઓ, તેટલીવાર એની માતાને ઘોરનરકમાં જવું પડે છે. સાધુનું આ કથન સાંભળીને માતાએ વૃદ્ધકુમારીને પરણાવી દીધી.

(૨) એક કૌટુંબિકપુરુષને એક પુત્ર હતો. તે યૌવનવયને પામ્યો. એકવાર ભિક્ષાએ નીકળેલ એક સાધુએ પરણાવવાયોગ્ય તે પુત્રને જોઈને અશનાદિ મેળવવાના લોભથી દાનપ્રિયા એવી તેની માતાને કહ્યું 'કુળ અને ગોત્રની કીર્તિ તથા સંતતિમાટે પુત્ર એ કારણ છે. માટે યૌવનને પ્રાપ્ત એવાપણ આ પુત્રને કેમ પરણાવતા નથી કે જેથી પત્નીના સ્નેહથી એ સ્થિર થઈને રહે અર્થાત્ યૌવનના લીધે એ બીજે-ત્રીજે ભટકે નહિ અને એકને બંધાયેલો સ્થિર રહે. અને જો પરણાવવામાં નહિ આવે તો કોક સ્વચ્છંદાચારીકન્યા સાથે ભાગી જશે. વળી, પાછળથી પણ એને પરણાવવાના તો છોજ, તો હમણાં કેમ ન પરણાવો ?.' આમ તે સાધુની વાણીથી માતાએ તે પુત્રને પરણાવ્યો.

**• ક્ષત કે અક્ષતયોનિ કરવા વિષયક દૃષ્ટાંત •**

અક્ષતયોનિવગેરે કરવારૂપ મૂલકર્મમાં દૃષ્ટાંત આ પ્રમાણે છે.

એક નગરમાં એક શ્રેષ્ઠીની પુત્રી ભિન્નયોનિ = ક્ષતયોનિવાળી હતી. આ વાતની જાણ માતાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सा य तन्नयरवासिइब्भपुत्तस्स परिणयणत्थं दिन्ना। आसन्नो आगओ वीवाहो। एसा मे दुहिया परिणिया समाणी भत्तुणा भिन्नयोनियत्ति जाणिय उज्झिज्जिहि त्ति चिंताए तन्माया अधिइमंता चिट्ठइ। एत्थंतरे भिक्खट्ठं भमन्तो एगो साहू भिक्खट्ठं तीसे गिहे पविट्ठो, दिट्ठा य सा, भणिया तेण जहा भद्दे ! किमेरिसी दीससि। तीए दुहियावइयरो कहिओ। साहुणा आयमणोसहं पियणोसहं च दिन्नं अक्खयजोणिया जायत्ति। तहा एगाए नयरीए एगो सत्थवाहो आसि। तस्स य अन्नया नियभज्जाए समं रइकलहो जाओ। अउ अभिनिवेसवसा सत्थवाहेण तन्नयरनिवासिणो एगस्स सेट्ठिस्स धूया परिणयणत्थं वरिया। तं वइयरं परिजाणिय भज्जाए सत्थवाहो खमाविओ। वारिओ वि न चिट्ठइ सवत्तीचिंताए विद्दाणमुही सा चिट्ठइ। महाचिंता एसा इत्थीणं, भणियं जेण–

वरि दालिद्दिउ, वरि अणाहु, वरि वरुडुन्नालिउ, वरि रोगाउरु, वरि कुरूवु, वरि निग्गुणहालिउ वरि करचरणविहीणदेहु, वरि भिक्खभमंतउ ण पुणवि सवत्तिजुत्तुथइपति(जुत्तपति)संपत्तउ।

एत्थंतरे जंघापरिजिओ एगो साहू तीसे गिहे भिक्खट्ठं पविट्ठो पुट्ठा य सा जहा भद्दे ! किं अधिइमंता दीससि। तीए वुत्तं-

'जो य न दुक्खं पत्तो, जो य न दुक्खस्स निग्गहसमत्थो। जो य न दुहिए दुहिओ न हु तस्स कहिज्जए दुक्खं' ॥१॥

---

હતી પણ પિતા અજાણ હતા. તે પુત્રીનું તે જ નગરના રહેવાસી કોક શ્રેષ્ઠીપુત્ર સાથે લગ્ન માટે નક્કી થયું. લગ્નનો દિવસ નજીક આવ્યો ત્યારે 'આ મારી દીકરીને પરણ્યાબાદ એના પતિને જ્યારે એના ક્ષતયોનિપણાની જાણ થશે ત્યારે એનો ત્યાગ કરી દેશે' એવી ચિંતાથી તેની માતા ચિંતાતુર બની છે. એટલામાં ભિક્ષા માટે ભમતો એક સાધુ તેના ઘરે પ્રવેશે છે. સાધુએ તેને જોઈને પૂછ્યું 'ભદ્રે ! કેમ આમ ચિંતામગ્ન દેખાય છે ?' તેણે પોતાની પુત્રીની વાત કરી. સાધુએ આચમનઔષધ = તેનાવડે ધોવાનું કે પાણીમાં નાંખી તેનાથી ધોવાનું કે લગાડવાનું અર્થાત્ બાહ્ય ઔષધવિશેષ અને પિયણ = કાઢા વગેરે પીવાનું ઔષધ આપ્યું. તેનાથી તે અક્ષતયોનિવાળી થઈ.

ક્ષતયોનિ અને વિવાહઘાત કરવા વિશે દૃષ્ટાંત.

એક નગરમાં એક સાર્થવાહ રહેતો હતો. એકવાર એને પોતાની પત્ની સાથે રતિકલહ થયો. તેથી અભિનિવેશ = કદાગ્રહ-દુરાગ્રહને વશથઈને સાર્થવાહે તે જ નગરની નિવાસી એક શ્રેષ્ઠીની છોકરી સાથે લગ્ન નક્કી કર્યા. આ વાતની જાણ જ્યારે પત્નીને થઈ ત્યારે તેણે સાર્થવાહની માફી માંગી અને બીજા લગ્ન ન કરવા તેને ઘણો સમજાવ્યો પણ તે ન સમજ્યો. એટલે શોક્યની ચિંતાથી તે ઉદાસ ચેહરાવાળી રહે છે. શોક્યપત્ની આવે એતો સ્ત્રીઓ માટે મોટીચિંતાનું કારણ બને છે. કારણકે કહેવાયું છે કે,

वरि दालिद्दिउ, वरि अणाहु, वरि वरुडुन्नालिउ, वरि रोगाउरु, वरि कुरूवु, वरिनिग्गुणहालिउ, वरि करचरणविहीणदेहु, वरि भिक्खभमंतउ ण पुणवि सवत्तिजुत्तुथइपति(जुत्तपति)संपत्तउ।।१।।

**अर्थ** :- દરિદ્રપણું આવે, અનાથ થઈ જવાય, 'वरुडुन्नालियः' 'वरूड' = એક અંત્યજજાતિ છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

साहुणा वुत्तं एवमेव नवरं,

'अहयं दुक्खं पत्तो, अहयं दुक्खस्स निग्गहसमत्थो। अहयं दुहिए, दुहिओ ता मज्झ कहिज्जउ दुक्खं'।।२।।

तउ तीए सवत्तीवइयरो कहिओ। साहुणा ओसहं समप्पियं। भणिया य एयं केणइ पओगेण तीसे भत्तस्स पाणस्स वा मज्झे दायव्वं जेण सा भिन्नजोणिया हवइ। तउ भिन्नजोणिया सा इह भत्तुणो कहिज्जसुत्ति सो न परिणेही। तीए तहेव कयं जाव भत्तुणा न परिणीयत्ति। विवाहघातरूपमप्यत्रैव जातमिति न पृथग् दृश्यते।

## 卐 स्नपनगर्भादानादिमूलकर्म्मणि दोषाः 卐

एतेषु च मूलकर्मरूपेषु स्नपनगर्भाधानतद्विनाशविवाहकरणतद्विघातादिषु पिण्डार्थं यतिना क्रियमाणेषु कार्यमाणेषु वा षड्जीवनिकायवधमैथुनप्रवृत्तिभोगान्तरायप्रद्वेषादयो दोषाः सञ्जायन्ते। तथाहि विवाहकरणरूपे तस्मिन् साधुना प्रवर्त्तकत्वेन पृथिव्यादयः काया विराध्यन्ते। अक्षतयोनित्वे, गर्भ-

'नालिउ' = મૂર્ખ-અજ્ઞાન અર્થાત્ નીચજાતિવાળા મૂર્ખ થવું, રોગાતુર થવું, કૂરુપવાળા થવું, 'निग्गुणहालिउ' = ગુણરહિત = અજ્ઞાની કે ગરીબ હાલિક = ખેડૂત થવું = હાથ પગ વગરના દેહવાળા થવું, ભિક્ષાર્થે ભમવું પડે = ભિક્ષાથી જીવનનિર્વાહ કરવાનો પ્રસંગ આવે, આ બધું હજુ સારું પણ શોક્યપત્નીથી યુક્ત એવો પતિ એ સારું નહિ.

તેણી ચિંતામાં હતી એ દરમ્યાન 'जंघापरिजिओ' = અન્યત્ર વિહાર કરવા અસમર્થ એવો સ્થિરવાસી એક સાધુ તેના ઘરમાં પ્રવેશ્યો ને પૂછ્યું 'ભદ્રે ! કેમ અધીરી દેખાય છે ?.' તેણે જવાબ આપ્યો 'મારા જેવા દુઃખને જે પામ્યા ન હોય, જે દુઃખનો નિગ્રહકરવા = દુઃખને દૂરકરવા સમર્થ ન હોય, જે બીજાના દુઃખમાં દુઃખી ન થાય તેને મારું દુઃખ મારે કહેવાનું નથી.' સાધુએ કહ્યું, એ બરાબર પણ, 'હું દુઃખને પામ્યો છું, હું દુઃખનો નિગ્રહકરવા સમર્થ છું, હું બીજાના દુઃખમાં દુઃખી બનું છું માટે તું મને તારા દુઃખને કહે.' એટલે તેણે શોક્યપત્નીની વાત કરી. સાધુએ ઔષધ આપીને કહ્યું કે 'કોઈપણ પ્રયોગ દ્વારા = ગમે તેમ કરીને શોક્યપત્નીના પાણીમાં કે ભોજનમાં આ ઔષધ આપીદેવું કે જેથી તે ક્ષતયોનિવાળી થશે. પછી તારે તારા પતિને કહેવું કે 'તે શોક્યપત્ની તો ક્ષતયોનિવાળી છે.' આવું જાણીને તે એને પરણશે નહિ. તેણીએ એજ પ્રમાણે કર્યું. પતિએ બીજા લગ્ન ન કર્યા.

પ્રસ્તુતકથામાં 'વિવાહઘાત' ની વાત પણ આવીજ ગઈ છે માટે તે સંબંધિ બીજીકથા કહેવામાં આવશે નહિ.

## ● સ્નાન કરાવવું, ગર્ભાધાન કરાવવા સ્વરૂપ મૂળકર્મમાં દોષો ●

સાધુ પિણ્ડ મેળવવા માટે ઉપર બતાવ્યા પ્રમાણેના સ્નપન = સ્નાનકરાવવું, ગર્ભાધાન, ગર્ભનાશ, વિવાહકરણ, વિવાહઘાત વગેરે રૂપ મૂલકર્મ જાતે કરે અથવા બીજા પાસે કરાવે તો એમાં ષડ્જીવનિકાયનો વધ, મૈથુનમાં પ્રવૃત્તિ, ભોગમાં અન્તરાય અને પ્રદ્વેષ વગેરે દોષો સંભવી શકે છે. તે આ પ્રમાણે, 'વિવાહકરણ' રૂપ મૂલકર્મમાં સાધુ દ્વારા એનું પ્રવર્તન થયું એટલે એમાં પૃથ્વીકાયાદિની વિરાધના થાય = લગ્ન થાય એટલે ૬ કાયની હિંસા આવે જ છે. અક્ષતયોનિ કે ગર્ભકરણરૂપ મૂલકર્મમાં યાવજ્જીવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

करणरूपे च तस्मिन् यावज्जीवं मैथुनप्रवृत्त्या अधिकरणं यतोऽक्षतयोनित्वे सति पुरुषस्य सततं काम्या स्यात्तथा पुत्रोत्पत्तौ प्राय इष्टा स्यात्ततः काम्येति। यत उक्तं 'रतिपुत्रफला नारिति'। अक्षतयोनित्वगर्भकरणरूपे वा भर्त्रादिना ज्ञाते सति प्रद्वेषात्मविनाशप्रवचनखिंसादिकं स्यात्तथा क्षत-योनित्वे कृते यावज्जीवं परिहार्यत्वेन कामसेवाविघातकरणाद्भोगान्तरायोपार्ज्जनमिति गाथार्थः।।७५।।

**अवतरणिका**– उक्तं मूलकर्म्मद्वारमधुनोद्गमोत्पादनादोषसङ्ख्याभणनेन समुदितगवेषणासंज्ञितदोष-वृन्दस्य निगमनं ग्रहणैषणादोषप्रस्तावनां चाह।

**मूलगाथा– इय वुत्ता सुत्ताउ, बत्तीस गवेसणेसणादोसे।**
**गहणेसणदोसे दस, लेसेण भणामि ते य इमे।।७६।।**

**संस्कृतछाया– इत्युक्ता सूत्राद् द्वात्रिंशत् गवैषणैषणादोषाः।**
**ग्रहणैषणादोषान् दश लेशेन कथयामि ते चैते ।।७६।।**

---

મૈથુન-પ્રવૃત્તિ રૂપ અધિકરણ થાય = જીવે ત્યાં સુધી મૈથુનમાં પ્રસક્ત રહે. કારણ કે સ્ત્રીનું અક્ષતયોનિપણું હોય તો પુરુષ માટે એ સતત કામ્યા = કામરાગ નું કારણ બને છે. તથા પુત્રઉત્પત્તિમાં પ્રાયઃ સ્ત્રી ઈષ્ટા હોય છે. ઈષ્ટા = મુખ્યતયા સ્નેહરાગ. અન્તર્ગત કામરાગ તો હોય. માટે અહીં 'કામ્યા' તરીકે શબ્દોલ્લેખ કર્યો છે. કહેવાયું છે કે 'रतिपुत्रफला नारीति' = મૈથુન અને પુત્રરૂપી ફળને આપનારી નારી હોય છે.

અક્ષતયોનિકરણ કે ગર્ભકરણના ઉપલક્ષણથી ક્ષતયોનિકરણ-ગર્ભઘાતકરણ-વિવાહકરણ-વિવાહઘાત-કરણ પણ લઈ લેવું. તે રૂપ મૂલકર્મની જાણ જો એ સ્ત્રીના પતિ વગેરેને થાય તો રોષે ભરાય, આત્મવિનાશ = સાધુના વધાદિ કરે અથવા સ્ત્રીના વધાદિ કરે. તથા પ્રવચનહીલના વગેરે થાય.

ક્ષતયોનિપણું કરવામાં પતિ દ્વારા એ સ્ત્રીને જાવજ્જીવ છોડી દેવાતી હોવાથી કામસેવા = મૈથુનમાં વિઘાત = અન્તરાય કરવાથી સાધુને ભોગાન્તરાય કર્મ બંધાય છે.।।૭૫।।

**અવતરણિકા** :- આ પ્રમાણે 'मूलकर्म्म' દ્વાર કહ્યું.

હવે ઉદ્ગમ અને ઉત્પાદના દોષોની સંખ્યા કહેવા પૂર્વક કહેવાઈ ગયેલા તમામ ગવેષણાના દોષોનું નિગમન = ઉપસંહાર તથા ગ્રહણૈષણા દોષની પ્રસ્તાવના કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **इय** = ઉપર જણાવ્યાપ્રમાણે, **वुत्ता** = મારાવડે કહેવાયા, **सुत्ताउ** = આગમમાંથી, **बत्तीस** = બત્રીસ, **गवेसणेसणा** = ગવેષણૈષણાના, **दोसे** = દોષો, **गहणेसणदोसे** = ગ્રહણૈષણાના, **दस** = દસ, **लेसेण** = સંક્ષેપથી, **भणामि** = હું કહુ છું, **ते** = તે દોષો, **य** = અને, **इमे** = આ છે.।।૭૬।।

**મૂળગાથા-ગાથાર્થ** :- પિંડનિર્યુક્તિઆદિ શાસ્ત્રોમાંથી ઉપર જણાવ્યામુજબ ઉદ્ગમના સોળ અને ઉત્પાદનના સોળ એમ કુલ બત્રીસ ગવેષણૈષણાના દોષો મારાવડે કહેવાયા. હવે ગ્રહણૈષણા એટલે અશનાદિ ગ્રહણકરતી વખતે શુદ્ધાશુદ્ધિની વિચારણા કે જેના દસ દોષો છે તેને હું સંક્ષેપમાં કહું છું. તે દસ દોષો આ પ્રમાણે છે.।।૭૬।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 गवेषणैषणादोषनिगमनं, ग्रहणैषणादोषप्रस्तावना 卐

**व्याख्या**- इत्यमुना प्रदर्शितप्रकारेण उक्ता अभिहिता मयेति गम्यते। कुतः स्थानादुद्धृत्येत्याह सूत्रात् पिण्डनिर्युक्त्याद्यागमात्। क इत्याह उद्गमोत्पादनादोषषोडशकद्वयेन द्वात्रिंशत्सङ्ख्या, गवेषणैषणा दोषा इति। तत्र गवेषणं गवेषणा, अन्वेषणं एषणमेषणा, ततो गवेषणायामशनादेर्मार्गणकाले एषणा उद्गमोत्पादनादिभिः सदोषत्वनिर्दोष(त्व)पर्यालोचनं गवेष(णैष)णा द्वात्रिंशद्दोषवृन्दरहिताहारान्वेषणमित्यर्थः। तद्विषया दोषा दूषणानि प्रदर्शितरूपा गवेष(णैष)णा दोषा उक्ता इति पूर्व्वेण योगः। इह किलैषणा त्रिविधोक्ता सूत्रे। यथा गवेषणा ग्रहणैषणा ग्रासैषणा चेति। तत्रोद्गमोत्पादना(दोष)शुद्धाहारविषयाऽऽद्या, शङ्कितादिदोषशुद्धाहारविषया द्वितीया, संयोजनादिदोषपञ्चकरहिताहाराभ्यवहरणविषया तृतीयेति। तथा किल क्रमोपि त्रिविधाया अप्येवमेव यतो नाऽगवेषितस्याशनादेर्ग्रहणं स्यान्नचागृहीतस्य भोजनकरणं सम्भवतीति तदियथा(ता) ग्रन्थेनाद्याऽभिहिता, सांप्रतं द्वितीया वक्तुमाह। ग्रहणेत्यादि 'ग्रहणैषणादोषानिति। तत्र ग्रहीतिर्ग्रहणं एषणमेषणा। ततो

---

## • ગવેષણાદોષોનું નિગમન અને ગ્રહણૈષણાદોષોની પ્રસ્તાવના •

**વ્યાંખ્યાર્થ** :- 'इय' = 'इति' = આ પ્રમાણે, 'वुत्ता' = 'उक्ता' = કહેવાઈ ગયા. કોના વડે કહેવાઈ ગયા ? તે કહે છે, મારા વડે. આ અધ્યાહારથી લેવું. કયાંથી લઈને ? તે કહે છે, 'सुत्ताउ' = 'सूत्रात्' = સૂત્રથી લઈને. એટલે કે પિણ્ડનિર્યુક્તિઆદિ આગમોમાંથી લઈને. શું કહેવાયું ? તે કહે છે, '**बत्तीस-गवेसणेसणा-दोसे**' = '**द्वात्रिंशत् गवेषणैषणादोषाः**' = ઉદ્ગમ અને ઉત્પાદના, આ બન્નેના ૧૬-૧૬ મળી બત્રીસ ગવેષણૈષણાદોષો કહેવાયા. '**गवेषणं**' = ગોચરી જવું = ગોચરી શોધવી, '**अन्वेषणं एषणम् एषणा**' = ઝીણવટથી તપાસવું. એટલે કે ગોચરી મેળવવા સમયે એષણા કરવી = ઉદ્ગમ કે ઉત્પાદના વગેરે દ્વારા સદોષપણાં કે નિર્દોષપણાંનું પર્યાલોચન કરવું, તેને ગવેષણા કહેવાય છે. અર્થાત્ બત્રીસદોષથી રહિત ગોચરી તપાસવી. બત્રીસપ્રકારની ગવેષણાવિષયક દોષો જે ઉપર કહેવાયેલ સ્વરૂપવાળા છે તે '**गवेषणा**' દોષો કહેવાઈ ગયા. એમ અન્વય કરવો.

અહીં, સૂત્રમાં = પિંડનિર્યુક્તિવગેરેમાં એષણા ત્રણપ્રકારે કહેવાયેલી છે. (૧) **गवेषणा** (૨) **ग्रहणैषणा** (૩) **ग्रासैषणा**.

(૧) **गवेषणा** = ઉદ્ગમ-ઉત્પાદનાદોષથી રહિત શુદ્ધઆહારવિષયક પ્રથમ એષણા છે.

(૨) **ग्रहणैषणा** = શંકિતવગેરે દોષ-રહિત શુદ્ધઆહાર વિષયક બીજી એષણા છે.

(૩) **ग्रासैषणा**. = સંયોજનાવગેરે પાંચ દોષરહિત શુદ્ધગોચરી વાપરવાવિષયક ત્રીજી એષણા છે.

તથા આ ત્રણે એષણાનો ક્રમ પણ આ જ છે. કારણ કે **ગવેષણ** વિના = ગોચરી ગયા વિના આહારાદિનું **ગ્રહણ** શક્ય નથી. અને અગૃહીતનું **ભોજન કરવું** વગેરે સંભવતું નથી.

આરીતે ગાથા ૭૫ સુધીના ગ્રન્થથી આદ્ય એષણા = ગવેષણાની વાત કરી દીધી. હવે બીજી ગ્રહણૈષણાને કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ग्रहणेऽशनादेर्ग्रहणकाले एषणा शङ्कितादिभिः प्रकारैरन्वेषणं ग्रहणैषणा तद्विषया दोषा ग्रहणैषणादोषास्तान्, दशेति दशसङ्ख्यान् लेशेन सङ्क्षेपेण भणामि कथयामि। तत्प्रस्तावनामाह, ते च ते पुनः दोषा इमे एतेऽनन्तरमेव वक्ष्यमाणस्वरूपा इति गाथार्थः।।७६।।

**अवतरणिका**— तानेव यथानामग्राहमाह।

**संकियमक्खियनिक्खित्त-पिहियसाहरियदायगुम्मीसे।**

**अपरिणयलित्तछड्डिय, एसणदोसा दस हवंति।।७७।।**

**संस्कृतछाया**— **शङ्कितं१-म्रक्षितं२-निक्षिप्तं३-पिहितं४-संहृतं५-दायक६-मुन्मिश्रम्७।**

**अपरिणतं८-लिप्तं९-छर्दितमेषणादोषा१० दश भवन्ति ।।७७।।**

**卐 शङ्कितादिग्रहणैषणादोषानाम् नामोल्लेखः 卐**

'गहणेसणदोसे दस' = 'ग्रहणैषणा-दोषान् दश' = ગ્રહણૈષણાના દોષોને. એટલે કે 'ग्रहीतिर्ग्रहणं' = લેવું-ગ્રહણકરવું. 'एषणमेषणा' = અશનાદિ ગ્રહણકરતી વખતે જે એષણા અર્થાત્ શંકિત વગેરે પ્રકારો દ્વારા જે અન્વેષણ, તે ગ્રહણૈષણા કહેવાય છે. તે સંબંધી જે દોષો છે તે ગ્રહણૈષણાના દોષો તેને, તે દોષોની સંખ્યા ૧૦ છે તે માટે દસ ગ્રહણૈષણાના દોષોને 'लेसेण भणामि' = 'लेशेन कथयामि' સંક્ષેપમાં કહીશ.

તે દસ ગ્રહણૈષણાની પ્રસ્તાવનાને કહે છે, 'ते य इमे' = 'ते च ते पुनः दोषाः एते' = તે દોષો આ પ્રમાણે છે. જેનું સ્વરૂપ હવે તરત કહેવામાં આવે છે.॥૭૬॥

**અવતરણિકા** :- હવે તે ગ્રહણૈષણાના દોષો જે પ્રમાણે છે, તે જ પ્રમાણે નામપૂર્વક તેઓને જણાવતાં કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **संकिय** = શંકિત, **मक्खिय** = મ્રક્ષિત, **निक्खित्त** = નિક્ષિપ્ત, **पिहिय** = પિહિત, **साहरिय** = સંહૃત, **दायग** = દાયક, **उम्मीसे** = ઊન્મિશ્ર, **अपरिणय** = અપરિણત, **लित्त** = લિપ્ત, **छड्डिय** = છર્દિત, **एसणदोसा** = ગ્રહણૈષણાના દોષો, **दस** = દસ, **हवंति** = થાય છે.॥૭૭॥

**મૂળગાથા-ગાથાર્થ** :- (૧) આધાકર્માદિદોષની શંકાવાળા જે અશનાદિ તે શંકિત દોષવાળા બને છે. (૨) સચિત્તાદિથી ખરંટિત અશનાદિમાં મ્રક્ષિતદોષ. (૩) સચિત્તાદિ વસ્તુઉપર મુકેલ અશનાદિમાં નિક્ષિપ્તદોષ. (૪) સચિત્તાદિથી ઢાંકેલ અશનાદિમાં પિહિતદોષ. (૫) જે ભાજનમાં સચિત્તાદિવસ્તુ રહેલી હોય તે વસ્તુ બીજામાં ખાલી કરી તે ભાજનવડે જે અશનાદિ અપાય તેમાં સંહૃતદોષ. (૬) શાસ્ત્રનિષિદ્ધ દાતાર જે અશનાદિ આપે તેમાં દાયકદોષ. (૭) સચિત્તાદિથી ભેગા થયેલ જે અશનાદિ અપાય તેમાં ઉન્મિશ્રદોષ. (૮) અચિત્ત નહિ બનેલું જે અશનાદિ અપાય તેમાં અપરિણતદોષ. (૯) લેપદ્રવ્યથી ખરડાયેલ હાથ, ભાજન વગેરેથી જે અશનાદિ અપાય તેમાં લિપ્તદોષ. (૧૦) સાધુને વહોરાવતી વખતે દાતારના હાથે જે અશનાદિનો છાંટોવગેરે ઢોળાય તે છર્દિતદોષ. આ પ્રમાણે ગ્રહણૈષણાના દસ દોષો હોય છે.॥૭૭॥

**• શંકિત વગેરે ગ્રહણૈષણાદોષોનો નામોલ્લેખ •**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**व्याख्या**– 'संकिय'त्ति विभक्तिलोपाच्छङ्कितं सम्भाविताधाकर्म्मादिदोषं भक्तादि। एवमुत्तरत्रापि। मिश्रं मुक्त्वा शेषपदेषु विभक्तिलोपो दृश्यः। तथा दोषवतो निर्देशेपि दोषदोषवतोरभेदाच्छङ्कारूप एषणादोष उक्तोऽवसेयस्तस्यैव विवक्षितत्वादेवं सर्वत्र। म्रक्षितमारुषितं। निक्षिप्तं न्यस्तं। पिहितं स्थगितं, संहृतमन्यत्र क्षिप्तं। 'दायग'त्ति सूचनाद्दायकदुष्टं। 'उम्मीसे'त्ति उन्मिश्रं पुष्पादिमिलितं, अपरिणतमप्रासुकीभूतादि। लिप्तं दुग्धादिखरण्टितं, छर्दितं परिसाटिमत्, समुच्चयार्थश्चकारो लुप्तो दृश्यः। इतेर्लोपादित्येवमेते एषणादोषाः पिण्डग्रहणदूषणानि। दशेतिसङ्ख्या भवन्ति जायन्ते इति गाथार्थः।।७७।।

**अवतरणिका**– अथ शङ्कितद्वारं व्याख्यातुमाह।

---

**વ્યાખ્યાર્થ** :- (૧) '**संकिय**' આમાં વિભક્તિનો લોપ થયો હોવાથી '**शङ्कितम्**' = શંકા કરાયેલું, એમ જાણવું. એટલે કે આધાકર્મવગેરે દોષની જેમાં સંભાવના કરી હોય તે આહારાદિ શંકિત કહેવાય છે. આ જ પ્રમાણે આગળ પણ સમજી લેવું. અર્થાત્ જે દોષની શંકા થઈ હોય. એ દોષની સંભાવનાવાળો આહાર શંકિત થયો. માત્ર '**मीसे**' = મિશ્ર શબ્દને છોડીને શેષ પદોમાં વિભક્તિલોપ થયો છે તેમ જાણવું. અહીં દોષવાળાનો નિર્દેશ કર્યો છે. છતાંય દોષ અને દોષવાળાનો અભેદ હોવાથી શંકા રૂપ જે એષણાદોષ છે, એ દોષની વાત કહેવામાં આવી છે એમ સમજી લેવું, કારણ કે એષણાદોષની જ વાત અહીં વિવક્ષિત છે. આ પ્રમાણે આગળના બધા દોષોમાં પણ જાણી લેવું.

(૨) '**मक्खिय**' = '**म्रक्षितम्**' = '**आरुषितम्**' = ચોપડવું.

(૩) '**निक्खित्त**' = '**निक्षिप्तम्**' = '**न्यस्तम्**' = મૂકેલું.

(૪) '**पिहिय**' = '**पिहितम्**' = ઢાંકેલુ.

(૫) '**साहरियं**' = '**संहृतम्**' = એક સ્થાનેથી ઉઠાવી બીજે મૂકેલું.

(૬) '**दायग**' = '**दायक**' = દાયક શબ્દથી દાયકદુષ્ટ લેવું. એટલે કે દાયકથી દુષ્ટ થયેલું અન્ન = દાયક તો ભાવવાળો હોય. પરન્તુ એ લૂલો-લંગડો વગેરે હોવાથી એનાથી લીધેલ અન્ન દુષ્ટ બને છે.

(૭) '**उम्मीसे**' = '**उन्मिश्रम्**' = પુષ્પાદિથી ભળેલું = ભેગું થયેલું.

(૮) '**अपरिणय**' = '**अपरिणतम्**' = પ્રાસુક ન થયેલું = સંપૂર્ણ જીવરહિત ન બનેલું.

(૯) '**लित्त**' = '**लिप्तम्**' = દૂધવગેરેથી ખરડાયેલું.

(૧૦) '**छड्डिय**' = '**छर्दितम्**' = ઢોળાયેલું. ઉપલક્ષણથી વધારે ભરી દેવાથી જે છલકાઈ જાય તે પણ લેવાય.

આ બધાનો સમુચ્ચય કરતાં '**च**' કારનો લોપ થયો છે તે જાણવું. તેમજ '**इति**' શબ્દનો પણ લોપ જાણવો. આ પ્રમાણેના '**एसणदोसा**' = '**एषणादोषाः**' = એષણાદોષો = પિણ્ડ ગ્રહણકરતી વેળાના દૂષણો. '**दस**' = '**दश**' = દસની સંખ્યાવાળા, '**हवंति**' = '**भवन्ति**' = થાય છે.।।૭૭।।

**અવતરણિકા** :- હવે '**शंकित**' દ્વારની વ્યાખ્યા કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मूलगाथा– संकियगहणे भोए चउभंगो तत्थ दुचरिमा सुद्धा।**
**जं संकइ तं पावइ दोसं सेसेसु कम्माई।।७८।।**

**संस्कृतछाया– शङ्कितग्रहणे भोगे चतुर्भङ्गस्तत्र द्विचरमौ शुद्धौ।**
**यं शङ्कते तं प्राप्नोति दोषं शेषयोः कर्म्मादि।।७८।।**

**卐 शङ्किते ग्रहण-भोगविषयक-चतुर्भङ्गी, एतेषां संभवश्च 卐**

**व्याख्या**– शङ्कितस्य (सं)भाविताधाकर्म्मादिदोषस्य भक्तादेर्ग्रहणे आदाने, तथा भोगो भोजनं शङ्कितस्येत्यत्रापि योज्यं। चशब्दः समुच्चयार्थो लुप्तो दृश्योऽत्र पदद्वये 'चउभंगो'त्ति चतूरूपो भङ्गः चतुर्भङ्गो भङ्गचतुष्टयं स्याद्यथा ग्रहणे भोजने च शङ्कितः भक्तादेर्ग्रहणकाले भोजनकाले च यदि पुनरमुकदोषवदिदमिति शङ्कावानित्यर्थः १। तथा ग्रहणे शङ्कितो न भोजने २ भोजने शङ्कितो न ग्रहणे ३ न ग्रहणे न भोजने च शङ्कित ४ इति। एतेषां चैवं सम्भवो यथा- किल क्वापि गृहे भिक्षार्थं प्रविष्टः साधुः प्रचुरां भिक्षां भिक्षाचरेभ्यः स्वस्मै वा गृहस्थेन दीयमानां

---

**મૂળગાથા-શબ્દાર્થ** :- **संकियगहणे** = શંકિતદોષવાળા અશનાદિ લેવામાં, **भोए** = વાપરવામાં, **चउभंगो** = ચતુર્ભંગી, **तत्थ** = તેમાં, **दुचरिमा** = બીજો અને છેલ્લો, **सुद्धा** = શુદ્ધ, **जं** = જે, **संकइ** = શંકા પડે, **तं** = તે દોષ, **पावइ** = પ્રાપ્ત થાય, **दोसं** = દોષની, **सेसेसु** = બાકીના બે ભાંગામાં, **कम्माई** = આધાકર્માદિ.।।૭૮।।

**મૂળગાથા-ગાથાર્થ** :- આધાકર્માદિ ઉદ્‌ગમના સોળદોષો તથા મ્રક્ષિતાદિ ગ્રહણૈષણાના નવ દોષોમાંથી કોઈપણ દોષની શંકા હોવાથી જે અશનાદિ ગ્રહણકરવામાં આવે અને વાપરવામાં આવે તેમાં તે દોષની પ્રાપ્તિ થાય. અહીં દોષની શંકા હોવાછતાં ગ્રહણકરવું અને વાપરવું. એ બે પદના યોગે ચાર ભાંગા થાય. આ ચાર ભાંગામાંથી બીજો અને ચોથો ભાંગો વાપરતી વખતે દોષની શંકારહિત હોવાથી શુદ્ધ છે અને પહેલાંભાંગામાં ગ્રહણકરવામાં તથા વાપરવામાં દોષની શંકા હોવાથી અને ત્રીજા ભાંગામાં વાપરતી વખતે દોષની શંકા હોવાથી તે બન્ને અશુદ્ધ છે.।।૭૮।।

**• શંકિતમાં ગ્રહણ અને ભોગવિષયક ચતુર્ભંગી, અને તેઓનો સંભવ •**

**વ્યાખ્યાર્થ** :- 'संकियगहणे' = 'शङ्कितग्रहणे' = આધાકર્મી વગેરેની જેમાં સંભાવના કરવામાં આવે તે શંકિતભક્તાદિના ગ્રહણમાં, તથા 'भोए' = 'भोगे' = જેમ ગ્રહણમાં શંકિત શબ્દ છે તેમ અહીં પણ શંકિત શબ્દ અધ્યાહારથી લેવો. એટલે કે શંકિતભક્તાદિને વાપરવામાં, 'ग्रहण' અને 'भोग' આ બન્નેનો સમુચ્ચયકરનાર 'च' કાર મૂળગાથામાં લુપ્ત થયો છે એમ જાણવું. આ 'ग्रहण' અને 'भोग' ના બે પદમાં 'चउभंगो' = 'चतुर्भङ्गः' = ચતુર્ભંગી થાય છે.

(૧) ગ્રહણ અને ભોગ બન્નેમાં શંકિત હોય. અર્થાત્ ભક્તાદિના ગ્રહણકાળમાં અને ભોજનકાળમાં જો 'આ અમુક દોષવાળો તો નથી ને ?' એવી શંકાવાળો હોય તો પ્રથમભાંગો થાય.

(૨) ગ્રહણ વખતે શંકિત પણ ભોજન વખતે નહિ. (૩) ભોજન વખતે શંકિત પણ ગ્રહણ વખતે નહિ. (૪) ગ્રહણ વખતે શંકિત નહિ અને ભોજન વખતે પણ શંકિત નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दृष्ट्वा चिन्तयति, यथेयं भिक्षा किं स्वगृहार्थं प्रचुरोपस्करतया गृहिणैतेभ्यो मह्यं वा प्रचुरा दीयते, उत भिक्षाचरादिनिमित्तराद्धतयेति चेतसि शङ्कितस्ततः केनापि लज्जासंक्षोभादिना कारणेन किं निमित्तमेतत् प्रचुरं राद्धमिति गृहिणं प्रश्नयितुमशक्नुवन् शङ्कितो गृह्णाति। गृहीत्वा च स्वस्थानमागत्य तथैव शङ्कितस्तद्भुङ्क्ते इति प्रथमः १। तथा भिक्षार्थं गृहं गतः प्रचुरां भिक्षां लभ्यमानां दृष्ट्वा चेतसि शङ्कितस्ततो लज्जादिना निषेधयितुं तां प्रश्नयितुं वा गृहस्थमशक्नुवन् गृहीत्वा स्वोपाश्रये समागतस्ततो भोजनसमये तं दोलायमानचेतसं दृष्ट्वाऽपरसाधुस्तद्भिक्षानिःशङ्कीकृतग्राही तदभिप्रायं ज्ञात्वा वदति। यथा साधो! यत्र बह्वी त्वया भिक्षा लब्धा, तत्र तद्गृहे प्रकरणं प्रवर्त्तते लाहणकं वा समायातमित्येवं तद्वचः श्रुत्वा शुद्धमेतदिति निश्चित्य विगतशङ्कापरिणामस्तद्भुङ्क्ते इति द्वितीयः २। तथा कश्चित्साधुरीश्वरगृहान्निःशङ्कितः प्रचुरां भिक्षां गृहीत्वा वसतावायातोऽन्यान् साधून् गुरोः पुनः स्वभिक्षातुल्यभिक्षामालोचयतः श्रुत्वा सञ्जातशङ्कया चिन्तयति यथा यत्स्वरूपा बह्वी मया भिक्षा लब्धा अमुकस्मिन् गृहेऽन्यैरपि साधुभिस्तत्र तत्स्वरूपैव बह्वी च

આ ચારેય ભાંગાઓનો, મુખ્યતયા પ્રથમ ત્રણભાંગાઓનો સંભવ આ પ્રમાણે થઈ શકે. જેમકે,

(૧) ગોચરીમાટે કોક ઘરે પ્રવેશેલ સાધુ, ગૃહસ્થ દ્વારા પોતાને અને ભિક્ષાચરોને પ્રચુર માત્રામાં અપાતી ભિક્ષા જોઈને વિચારે કે, 'શું ગૃહસ્થે પોતાના ઘરમાટે પ્રચુરપ્રમાણમાં રાંધ્યું છે ? કે જેથી પ્રચુરમાત્રામાં મને કે આ ભિક્ષાચરોને અપાય છે કે પછી, ભિક્ષાચરઆદિ નિમિત્તેજ આ રંધાયું છે?' આ પ્રમાણે ચિત્રમાં શંકાવાળો થયો ત્યારપછી શરમ-ક્ષોભાદિ કોઈપણ કારણે "ક્યા નિમિત્તે પ્રચુરપ્રમાણમાં રાંધ્યું છે ?" એમ ગૃહસ્થને પ્રશ્નકરવા અસમર્થ શંકાયુક્ત ગ્રહણ કરે. ગ્રહણ કર્યાબાદ પોતાના સ્થાને આવીને તે જ રીતે શંકાયુક્ત વાપરે.

(૨) ભિક્ષામાટે ઘરમાં પ્રવેશેલ સાધુ મળતી પ્રચુરભિક્ષાને જોઈને ઉપર કહ્યામુજબ મનમાં શંકાવાળો થયો અને લજ્જાઆદિથી તે ભિક્ષાનો નિષેધ કરવાને અથવા ગૃહસ્થને ઉપર મુજબ પ્રશ્ન પૂછી ન શકવાથી ગોચરી લઈને પોતાના ઉપાશ્રયે આવ્યા. પરન્તુ વાપરતીવેળાએ એમનું ડોલાયમાન મન જોઈને જેણે તે જ ભિક્ષા શંકારહિત ગ્રહણ કરેલી એવા બીજાસાધુ આ ડોલાયમાન ચિત્તવાળા સાધુનો અભિપ્રાય = આ દોષિત હશે કે કેમ ? એવી શંકારૂપી અભિપ્રાય ને જાણીને કહે "સાધુ ! જ્યાં તમને ઘણીભિક્ષા મળી ત્યાં = તે ઘરમાં પ્રકરણ = લગ્ન વગેરે પ્રસંગ ચાલે છે." અથવા તો કહે કે "તે ઘરમાં લાહણું આવેલ છે." તેમના વચન સાંભળીને "આ શુદ્ધ છે" એમ નિશ્ચય કરીને નિઃશંક બનીને તે ભિક્ષા વાપરે.

(૩) કોક સાધુ ઈશ્વર-વૈભવયુક્ત ઘરથી શંકારહિત પ્રચુરભિક્ષા લઈને વસતિમાં આવીને ગુરુ પાસે ગોચરી આલોવતી વખતે પોતાના જેવી જ ભિક્ષાને આલોવતા બીજા સાધુઓને સાંભળીને શંકા ઉત્પન્ન થવાથી વિચારે છે કે 'અમુક ઘરે જે સ્વરૂપવાળી ઘણીભિક્ષા મને મળી, તે સ્વરૂપવાળી જ ભિક્ષા બીજા સાધુઓને ત્યાંથી જ મળી છે. તો કદાચ આ અશુદ્ધ તો નહિ હોય ને ?" એવી શંકા દ્વારાજ આ સાધુ તે ભિક્ષાને વાપરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लब्धा ततो मा कदाचिदियमशुद्धा भविष्यतीति, ततस्तथैवासौ शङ्कितचित्तस्तां भुङ्क्ते इति तृतीयश्चतुर्थभङ्गस्तु सम्भवं प्रतीत्य सुगम एवेति।

### ꕥ चतुर्भङ्गीविषये कल्प्याऽकल्प्यता ꕥ

अत्र चतुर्ष्वपि शुद्ध्यशुद्धिमाह। तत्र तेषु चतुर्षु भङ्गेषु मध्ये द्वितीयश्चरमश्च तीयलोपात् द्विचरमौ द्वितीयचतुर्थौ भङ्गौ वा शुद्धावशुद्धाहारदोषायातकर्म्मबन्धदोषविकलौ। चरमस्तावदुभयथापि शङ्काया अभावाच्छुद्ध एव। द्वितीयोऽपि भङ्गो ग्रहणापेक्षयैव सदोषः परमार्थतस्तूत्तरशुभपरिणामेन शङ्कितग्रहणदोषस्य निवर्त्तित्वाच्छुद्ध एव। तृतीयो बहुतरदोषः। आद्यश्च बहुतमदोषः, उभयत्रापि भोजनस्य शङ्कितत्वेनाऽशुद्धत्वात्। अथ तृतीयप्रथमावाश्रित्याशुद्धतामाह। यं कञ्चन दोषं 'कम्माइ'त्ति सूचनादाधाकर्म्मादिकं दूषणं। भक्तादेर्ग्रहणकालेऽभ्यवहारकाले वा शङ्कते अमुकदोषदुष्टमिदमशनादीत्यारेकते सम्भावयतीत्यर्थः। तमेव दोषं, व्याख्यानादाधाकर्म्मादिपञ्चविंशतिदोषमध्यादेकतरं कञ्चन पिण्डग्राही साधुः प्राप्नोति आपद्यते शेषयोरुद्धरितयोराद्यतृतीयभङ्गयोरित्यशुद्धावेताविति। तत्राधाकर्म्मादयः षोडशोद्गमदोषाः शङ्कितस्य साध्यत्वात्तद्वर्ज्जा नवैषणादोषा म्रक्षितादयश्चेति समुचिताः

(૪) ચોથો ભાંગો તો સરલ-સુગમ હોવાથી દૃષ્ટાંત આદિ દ્વારા એને ઘટાડવાની જરૂર રહેતી નથી.

હવે આ ચારેય ભાંગાઓ વિશે શુદ્ધિ-અશુદ્ધિને કહે છે.

### ● ચતુર્ભંગીમાં કલ્પ્ય-અકલ્પ્યતા ●

'तत्थ' = 'तत्र' = તે ચારે ભાંગામાંથી, 'दुचरिमा शुद्धा' = 'द्विचरमौ शुद्धौ' = બીજો અને ચોથો ભાંગો શુદ્ધ છે અર્થાત્ અશુદ્ધઆહારના દોષથી બંધાતા કર્મના દોષથી રહિત છે. અહીં પ્રાકૃતમાં જે 'दुचरिमा' શબ્દ છે, એમાં 'तीय' શબ્દનો લોપ થયો છે. એટલે કે 'दुईय' = 'द्वितीय' = 'दुईचरिमा' શબ્દ સમજવો. છેલ્લો જે ચોથો ભાંગો છે. એમાં તો ઉભયપ્રકારે ગ્રહણ-ભોગમાં શંકાનો અભાવ હોવાથી શુદ્ધ જ છે. બીજો ભાંગો પણ ગ્રહણની અપેક્ષાએ જ સદોષ છે. બાકી, પરમાર્થથી તો પછીથી = વાપરતી વખતે શુભપરિણામ દ્વારા શંકિતગ્રહણદોષ નીકળી જવાથી શુદ્ધ જ છે. ત્રીજો ભાંગો તો ઘણાં દોષવાળો છે અને પહેલો ભાંગો તો ઘણાં-ઘણાં દોષવાળો છે કારણકે આ બન્નેમાં શંકિતપણાંના લીધે અશુદ્ધપણું રહેલું છે.

હવે, ત્રીજા અને પહેલાંભાંગાને આશ્રયીને અશુદ્ધતાને કહે છે.

'जं' = 'यम्' = જે કોઈ દોષને. તે દોષ કયો ? તે કહે છે, 'कम्माई' = 'आधाकर्म्मादि' = આધાકર્માદિદોષને. એટલે કે, ભક્તાદિ ગ્રહણકાળે કે અભ્યવહાર = ભોગકાળે, 'संकई' = 'शङ्कते' = શંકા કરે છે. એટલે કે, 'અમુકદોષથી દુષ્ટ આ અશનાદિ છે' એવી શંકા કરે છે = દોષની સંભાવના કરે છે. 'तं दोसं' = 'तम् दोषं' = તે જ દોષને. અર્થાત્ આધાકર્મઆદિ ૨૫ દોષમાંથી કોક એક દોષને 'पिण्डग्राही' = ગોચરીલેનાર સાધુ, 'पावइ' = 'प्राप्नोति' = પામે છે. કયા ભાંગામાંથી દોષને પામે છે ? તે કહે છે, 'सेसेसु' = 'शेषयोः' = દ્વિતીય અને ચોથો ભાંગો શુદ્ધ છે એ વાત કહેવાઈ ગઈ એટલે હવે તે સિવાયના શેષ રહેલા પહેલાં અને ત્રીજા અશુદ્ધભાંગામાં. ૨૫ દોષ કયા તે બતાવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पञ्चविंशतिः। अत्र हि ननु यदि शङ्काऽकल्पनीयताविधायिनी, एवं शुद्धमपि भक्ताद्यशुद्धं स्यात् शङ्काकरणात्, अशुद्धमपि शुद्धमेतदिति निश्चित्य गृहीतं शुद्धं स्यादित्यत्रोच्यते, सत्यमेव तच्छङ्कापरिणाम एव शुद्धेरशुद्धेश्च कारणम्। यदि हि शङ्कायुक्तपरिणामस्तदा शुद्धमप्यशनादिकमशुद्धं करोति। शुद्धमेतदित्येवं निश्चित्य गृह्णन् भुञ्जानो वा विशुद्धपरिणामोऽशुद्धमपि शुद्धं करोति।

**卐 छद्मस्थपरीक्षया निःशङ्कीकृतं शुद्धमेव 卐**

तदिहाशुद्धमपि छद्मस्थपरीक्षया निःशङ्कीकृतं शुद्धमेव स्यात्तथाहि श्रुतबलेनामायाविना प्रयत्नपरेण छद्मस्थेन संशोध्य यद्गृहीतं तदशुद्धमपि तेनानीतं केवल्यप्युपभुङ्क्ते इतरथा श्रुताप्रामाण्यं कृतं स्यात्तदप्रामाण्ये तद्दर्शितज्ञानादित्रयाभावस्तदभावे ज्ञानादित्रयसाध्यमोक्षाभावस्तदभावे तदर्थं गृह्यमाणाया दीक्षायाश्च नैष्फल्यमिति गाथार्थः।।७८।।

**अवतरणिका**— उक्तं शङ्कितद्वारमथ म्रक्षितद्वारमाह।

**मूलगाथा— सचित्ताचित्तमक्खियं दुहा तत्थ भूदगवणेहिं।**
**तिविहं पढमं बीयं गरहियइयरेहिं दुविहं तु।।७९।।**

---

છે, આધાકર્મ વગેરે સોળ ઉદ્‌ગમદોષ, 'શંકિત' ની તો સિદ્ધિ કરવામાં આવી રહી છે = એનીજ વાત ચાલી રહી છે એટલે આ શંકિતને છોડીને બાકીના 'મ્રક્ષિત' આદિ નવ એષણાદોષો. ૧૬ + ૯ = ૨૫ દોષ થાય છે.

**પ્રશ્ન** :- શંકા એ અકલ્પનીયતાને કરનાર છે એટલે કે શંકા કરી હોવાથી એ શંકા શુદ્ધ પણ ભક્તાદિને અશુદ્ધ કરી દે છે અને અશુદ્ધને પણ 'આ શુદ્ધ છે' એમ નિશ્ચય કરીને ગ્રહણ કરે તો એ અશુદ્ધ પણ શુદ્ધ બને છે. એવી વાત આવી ઉભી રહી ને ?

**જવાબ** :- તમારી વાત સાચી છે. શંકાનો પરિણામ જ શુદ્ધ અને અશુદ્ધનું કારણ છે. જો પરિણામ શંકાયુક્ત હોય તો એ શુદ્ધ અશનાદિને પણ અશુદ્ધ કરે છે. 'આ શુદ્ધ છે' એમ નિશ્ચય કરીને ગ્રહણ કરતાં કે વાપરતાં એ વિશુદ્ધપરિણામ અશુદ્ધને પણ શુદ્ધ કરે છે.

**• છદ્મસ્થપરીક્ષાથી નિઃશંક કરેલું શુદ્ધ જ છે •**

અહીં, અશુદ્ધને પણ છદ્મસ્થપરીક્ષાથી શંકારહિત કર્યું એ શુદ્ધ જ બને છે. કારણકે શ્રુતના બળથી અમાયાવીવડે = પ્રયત્નમાં તત્પરતાવાળા છદ્મસ્થ દ્વારા સારીરીતે શોધીને = તપાસીને જે ગ્રહણ કરાયું, તે છદ્મસ્થદ્વારા લાવેલું કદાચ અશુદ્ધ હોય તો પણ કેવલીભગવંત વાપરે છે. જો એમ ન કરે = આ અશુદ્ધ છે એમ કરી ન વાપરે તો શ્રુતને અપ્રામાણ્ય કરવાનું થાય. શ્રુતના અપ્રામાણ્યમાં શ્રુતદ્વારા બતાવાયેલ જ્ઞાન વગેરે ત્રણરત્નોનો અભાવ થશે. રત્નત્રયીના અભાવે જ્ઞાનાદિ ત્રણથી સાધ્ય એવા મોક્ષનો અભાવ થશે અને મોક્ષ માટે લેવાતી દીક્ષાની નિષ્ફળતા થશે.II૭૮II

**અવતરણિકા** :- આ પ્રમાણે 'શંકિત'દ્વાર કહેવાયું. હવે 'મ્રક્ષિત'દ્વાર કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **सच्चित्त** = સચિતદ્રવ્યથી, **अचित्त** = અચિત્તદ્રવ્યથી, **मक्खियं** = મ્રક્ષિત, **दुहा** = બે પ્રકારે, **तत्थ** = તે બે પ્રકારમાં, **भूदगवणेहिं** = પૃથ્વી, પાણી અને વનસ્પતિથી, **तिविहं**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संस्कृतछाया- सचित्ताऽचित्तम्रक्षितं द्विधा तत्र पृथिव्यब्वनस्पतिभिः।
त्रिविधं प्रथमं द्वितीयं गर्हितेतराभ्यां द्विविधं हि।।७९।।

卐 म्रक्षितस्य सचित्ताऽचित्तद्विभेदं 卐

**व्याख्या**- सह चित्तेन चैतन्येन वर्त्तत इति सचित्तः सजीवः पृथिव्यादिः, चकारस्य द्विरुक्तिः सूत्रे प्राकृतलक्षणाद्, यद्वा सद्विद्यमानं चित्तं यस्य स सच्चित्तः। तथा अचित्तो निर्जीवः पृथिव्यादिरेव। इह च पृथिव्यादिः पूर्व्वं सचित्तः स्यात्ततः स्वकायशस्त्रादिभिः प्रासुकीक्रियमाणः कियन्तमपि कालं मिश्रः, स जीवाजीवरूपस्ततोऽचित्त इत्ययं क्रमः। परमत्र मिश्रस्य भेदेनाऽविवक्षणान्न तदुपादानं।

卐 सचित्तादिस्वरूपं, पृथिव्यादिनां संक्षेपेण स्वकायशस्त्रादिकथनम् 卐

अत्र च शिष्यहितार्थं सचित्तादिस्वरूपं किञ्चिदुच्यते। तत्र स्वकायशस्त्रादिनाऽविध्वस्तरूपः पृथिव्यादिः सचित्तः। परिणतापरिणतरूपश्च मिश्रः। तथा लवणमृत्तिकादिरूपः पृथ्वीकायः

---

= ત્રણ પ્રકારનું, **पढमं** = પહેલું, **बीयं** = બીજું, **गरहिय** = નિંદિતદ્રવ્યથી, **इयरेहिं** = અનિંદિતદ્રવ્યથી, **दुविहं** = બે પ્રકારનું, **तु** = જ કારાર્થમાં.॥૭૯॥

**મૂળગાથા-ગાથાર્થ** :- સચિત્ત વસ્તુ અને અચિત્ત વસ્તુથી મ્રક્ષિત એમ મ્રક્ષિતદોષના બે ભેદો છે. સચિત્તમ્રક્ષિતના ત્રણપ્રકાર છે. (૧) સચિત્તપૃથ્વીમ્રક્ષિત (૨) સચિત્તજલમ્રક્ષિત અને (૩) સચિત્ત વનસ્પતિમ્રક્ષિત. અચિત્તમ્રક્ષિત પણ બે પ્રકારનું છે. લોકનિંદિતદ્રવ્યથી મ્રક્ષિત અને અનિંદિતદ્રવ્યથી મ્રક્ષિત. સચિત્તાદિદ્રવ્યથી મ્રક્ષિત હાથ, ભાજન અને આપવાની વસ્તુ એમ ત્રણ વસ્તુ કોઈ શકે છે, માટે હાથ, ભાજન અથવા દેયવસ્તુ એ ત્રણવસ્તુમાંથી કોઈપણ સચિત્તદ્રવ્યથી મ્રક્ષિત હોય તો તે વખતે અશનાદિ લેવું કલ્પે નહિ.॥૭૯॥

## • મ્રક્ષિતના સચિત્ત અને અચિત્ત બે પ્રકારો •

**વ્યાખ્યાર્થ** :- ચિત્ત = ચૈતન્યસહિત જે હોય તે, 'सचित्त' = પૃથ્વીવગેરે. અથવા સત્ = વિદ્યમાન છે ચિત્ત જેને તે સચિત્ત. મૂળગાથામાં 'सच्चित्त' શબ્દમાં 'च' કારની દ્વિરુક્તિ પ્રાકૃતવ્યાકરણથી થઈ છે એમ જાણવું. તથા, 'अचित्त' = નિર્જીવ = પૃથ્વી વગેરેજ. પૃથ્વી વગેરે પૂર્વે સચિત્ત હોય છે, પછીથી સ્વકાયશસ્ત્ર વગેરે દ્વારા પ્રાસુકી = જીવરહિત કરતાં કેટલાંક કાળસુધી મિશ્ર હોય, તે મિશ્ર = કાંઈક જીવ અને કાંઈક અજીવ સ્વરૂપ હોય છે અને પછી અચિત્ત થાય છે. એમ સચિત્ત, મિશ્ર અને અચિત્ત આ ક્રમ છે. પરન્તુ અહીં મિશ્રભેદની વિવક્ષા ન હોવાથી તેને લેવામાં આવ્યો નથી.

## • સચિત્તવગેરેનું સ્વરૂપ તથા સંક્ષેપમાં પૃથ્વી વગેરેના સ્વકાયશસ્ત્ર વગેરેનું કથન •

અહીં, શિષ્યના હિતમાટે સચિત્તાદિનું કાંઈક સ્વરૂપ કહેવાય છે.

(૧) **સચિત્ત** = સ્વકાયશસ્ત્ર વગેરે દ્વારા જેનું જીવત્વસ્વરૂપ નાશ ન પામ્યું હોય તે સચિત્ત.

(૨) **મિશ્ર** = જે કાંઈક પરિણત = અજીવત્વસ્વરૂપ અને કાંઈક અપરિણત = જીવત્વસ્વરૂપ હોય તે મિશ્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वकायपरकायशस्त्रोपहतोऽचेतन इति। तत्र मधुरपृथ्वीकायस्य मृत्तिकादेः क्षारलवणोषादिः स्वकायशस्त्रं, शीतोष्णाग्निकाञ्जिकसर्जिकातैलादिकं च तस्य परकायशस्त्रं। तथाऽप्काये क्षारादिरप्कायो मधुरादेः स्वकायशस्त्रं पृथ्वीकायादिषु तस्य सर्व्वस्यापि परकायशस्त्रं। वनस्पतिस्तु कन्दादिः सचित्तः स्वकाय-परकायशस्त्रेण छेदेन पचनादिना च विध्वस्तोऽचित्तस्तथा वृन्ते शुष्के कोमलाम्रादीनि फलानि व्रीहि-कादीनि हरितानि पत्रपुष्पाणि वाऽचित्तानि स्युरिति अलं प्रसङ्गेन। प्रकृतमुच्यते। तदिह सचित्त-पृथिव्यादिम्रक्षितयोगात्करं मात्रं देयमपि च सचित्तं अचित्तयोगादचित्तं ततः सचित्तं चाऽचित्तं च सचित्ताऽचित्तं। सचित्तम्रक्षितमचित्तम्रक्षितं चेत्यर्थः। इतेर्लोपादित्येवं सचित्ताचित्तभेदान्म्रक्षितं पृथिव्यादिना खरण्टितं भक्तादि द्विधा द्विविधं भवति मिश्रस्य भेदेनाविवक्षणात्।

**卐 सचित्तम्रक्षिते त्रिभेदमचित्तम्रक्षिते द्विभेदं 卐**

(૩) **અચિત્ત** = સ્વકાય-પરકાયશસ્ત્રથી હણાયેલ મીઠું, માટીરૂપ જે પૃથ્વીકાય છે તે અચિત્ત. પૃથ્વીકાયાદિનાં સ્વકાયશસ્ત્ર-પરકાયશસ્ત્ર બતાવે છે.

**પૃથ્વીકાય** :- 'स्वकायशस्त्रः' મધુરપૃથ્વીકાય એવી માટી વગેરેમાટે ક્ષાર = ખાવાનો ક્ષાર, મીઠું, 'उष' = ખારીભૂમિ પર જામેલ સફેદખારો વગેરે સ્વકાયશસ્ત્ર છે.

**પરકાયશસ્ત્ર** :- શીત, ઉષ્ણઅગ્નિ, 'कांजिका' = છાસનું પાણી, 'सर्जिका' =સાજી કે તેનું પાણી, તેલ વગેરે.

**અપ્કાય** :- 'स्वकायशस्त्रः' ક્ષારવાળું પાણી મધુર વગેરે પાણી માટે.

**પરકાયશસ્ત્ર** :- બધાજ પ્રકારના પાણીમાટે પૃથ્વીકાયાદિ.

**વનસ્પતિ** :- કન્દઆદિ સચિત્તવનસ્પતિ છે. એને 'स्वकाय' = લાકડા વગેરે અને 'परकाय' = ઘન, કૂહાડી વગેરે શસ્ત્રદ્વારા છેદવડે કે પકાવવા વગેરે દ્વારા વિધ્વસ્ત કરવામાં આવે તો એ અચિત્ત છે. તથાં, ડીંટીયું સૂકાયા બાદ કોમળ = અપક્વ આમ્ર = કેરી આદિ ફળો, ઘઉં વગેરે અને લીલા પત્ર-પુષ્પો પણ અચિત્ત થાય છે.

વિસ્તારથી સર્યું. હવે મુખ્યવાત કહેવાય છે.

સચિત્ત અને અચિત્ત મ્રક્ષિત શું છે ? તે કહે છે,

સચિત્તપૃથ્વીઆદિથી મ્રક્ષિત હોય તો તે હાથ અને માત્ર = વહોરાવવાનું સાધન વાટકી વગેરે ભાજન તથા દેયવસ્તુ = વહોરાવવાની વસ્તુ પણ સચિત્ત કહેવાય છે. અને જો અચિત્તપૃથ્વી આદિથી મ્રક્ષિત હોયતો તે કર-માત્ર-દેય અચિત્ત કહેવાય છે.

અર્થાત્ 'सच्चित्ता-चित्तमक्खियं' = 'सचित्ता-चित्तम्रक्षितम्' = સચિત્તમ્રક્ષિત અને અચિત્તમ્રક્ષિત કહેવાય છે.

અહીં 'इति' = 'આ પ્રમાણે', શબ્દનો લોપ થયો છે માટે અધ્યાહારથી એ લઈ લેવો. અર્થાત્ આ પ્રમાણે, મ્રક્ષિત = પૃથ્વીઆદિથી ખરડાયેલ ભક્તાદિ સચિત્ત-અચિત્ત ભેદથી, 'दुहा' = દ્વિધા = બે પ્રકારે છે. મિશ્રભેદની વિવક્ષા કરવામાં આવી નથી તેથી બે જ પ્રકાર બતાવ્યા છે.

**• સચિત્તમ્રક્ષિતના ત્રણ પ્રકાર અને અચિત્તમ્રક્ષિતના બે પ્રકાર •**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्र तस्मिन् द्विविधे म्रक्षिते प्रथममाद्यं सचित्तम्रक्षितं त्रिविधं त्रिधा स्यात्। कैरित्याह 'भूदग-वणेहिं'ति पृथिव्यब्वनस्पतिभिः प्रस्तावात् सचित्तैः पृथ्वीकायम्रक्षितमित्यादीनि तत्त्वं। 'बीयं'त्ति, द्वितीयमचित्तम्रक्षितं पुनर्द्विविधमेव द्विप्रकारमेव भवति। तुशब्दस्यैवकारार्थत्वात्। काभ्यामित्याह गर्हिते-तराभ्यामिति तत्र गर्हितं लोकनिन्द्यं वस्तु इतरमगर्हितं लोकानिन्द्यं ताभ्यां द्रव्याभ्यामचेतनाभ्यां गर्हितवस्तुम्रक्षितमगर्हितवस्तुम्रक्षितं चेत्यर्थ इति गाथार्थः।।७९।।

**अवतरणिका**– अधुना अचित्तम्रक्षितं चाश्रित्य कल्प्याकल्प्यविधिमाह।

**मूलगाथा– संसत्तअचित्तेहि, लोगागमगरिहिएहि य जईण।**
**सुक्कल्लसचित्तेहि य, करमत्तं मक्खियमकप्पं।।८०।।**

**संस्कृतछाया– संसक्ताऽचित्तै र्लोकाऽऽगमगर्हितैश्च यतीनाम्।**
**शुष्कार्द्रसचित्तैश्च, करमात्रं म्रक्षितमकल्प्यम्।।८०।।**

'तत्थ' = 'तत्र' = તેમાં એટલે કે તે બે પ્રકારના મ્રક્ષિતમાં પ્રથમ સચિત્તમ્રક્ષિતના ૩ પ્રકાર છે. કોના દ્વારા એ ત્રણ પ્રકારો થાય છે ? તે કહે છે, 'भूदग-वणेहिं तिविहं' = 'पृथिव्यब्वनस्पतिभिः त्रिविधं' = પૃથ્વી-પાણી અને વનસ્પતિ દ્વારા ત્રણ પ્રકારો થાય છે. પ્રસ્તુતમાં સચિત્ત અંગેની વાત ચાલતી હોવાથી 'સચિત્ત એવા પૃથ્વી-અપ્ અને વનસ્પતિ દ્વારા' એવો અર્થ જાણવો.

'बीयं' = 'द्वितीयम्' = બીજા અચિત્તમ્રક્ષિતના, 'दुविहं तु' = 'द्विविधं हि' = બે જ પ્રકાર પડે છે. 'तु' શબ્દ એ 'એવંકાર' ના અર્થમાં છે. તે બે પ્રકારો શેનાથી પડે છે ? તે કહે છે, 'गरहिय-इयरेहिं' = 'गर्हित-इतराभ्याम्' = ગર્હિત અને અગર્હિતથી બે પ્રકાર પડે છે. તેમાં, 'गर्हित' એટલે લોકોમાં નિન્દ્યવસ્તુ હોય તે મળ-મૂત્રાદિ અને 'इतर' = અગર્હિત એટલે કે લોકોમાં અનિન્દ્યવસ્તુ હોય તે દૂધ, ઘી વગેરે. અર્થાત્ ગર્હિત અને અગર્હિત એવા આ બે અચેતન દ્રવ્યોથી ગર્હિતવસ્તુમ્રક્ષિત અને અગર્હિતવસ્તુમ્રક્ષિત. આમ બે ભેદો થાય છે.॥૭૯॥

**અવતરણિકા** :- હવે અચિત્તમ્રક્ષિતને આશ્રયીને કલ્પ્ય-અકલ્પ્યવિધિને કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **संसत्तअचित्तेहि** = એકેંદ્રિયાદિ જીવવાળા અચિત્તદ્રવ્યોવડે, **लोगागमगरिहिएहि** = લોક અને શાસ્ત્રમાં નિંદિત દ્રવ્ય વડે, **य** = અને, **जईण** = સાધુઓને, **सुक्कल्ल** = શુષ્ક અને થોડાંપાણીવાળા, **सचित्तेहि** = સજીવદ્રવ્યવડે, **य** = અને, **कर** = હાથ, **मत्तं** = ભાજન, **मक्खियं** = મ્રક્ષિત = ખરડાયેલું, **अकप्पं** = અકલ્પ્ય.॥૮૦॥

**મૂળગાથા-ગાથાર્થ** :- એકેન્દ્રિયાદિ જીવો જેમાં ઉત્પન્ન થયા હોય એવા દહીં, છાશ આદિ અગર્હિત દ્રવ્યોથી ખરંટિત હાથ અથવા ભાજન હોય અથવા અપાતું અશનાદિ જેમાં એકેન્દ્રિયાદિ જીવો ઉત્પન્ન થયા હોય એવા દ્રવ્યથી ખરડાયેલ હોય તો તે જીવોના વધના દોષથી અકલ્પ્ય છે. તથા ઈતર લોક અને જિનશાસનમાં નિંદિત એવા મદ્ય, માંસ, ચરબી, લોહી અથવા મૂત્રાદિ અશુચિપદાર્થોથી ખરંટિત હાથ અથવા ભાજન હોય અથવા અપાતું અશનાદિ તેવી નિંદિત વસ્તુઓથી ખરડાયેલ હોય તો તેમાં પણ જીવવિરાધના તથા શાસનઅપભ્રાજના આદિ દોષો હોવાથી અકલ્પ્ય છે. સચિત્તમ્રક્ષિતમાં પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 अचित्तम्रक्षिते संसक्तिमदगर्हितवस्तुम्रक्षितस्याऽकल्प्यता च 卐

**व्याख्या**– इह प्रत्यासत्तिन्यायादचित्तम्रक्षितस्यैव च सर्व्वदैव मुख्यतया ग्रहणाच्च पूर्व्वं सचित्तम्रक्षितस्य क्रमपरिहारेणाऽकल्पतोक्ता। पश्चादितरस्येति। तत्र संसक्तिर्मध्योत्पन्नैकेन्द्रियादिसत्त्वयुक्तत्वं। सा विद्यते येषां द्रव्याणां तानि मत्वर्थीये संसक्तानि, तानि च अचित्तानि च दधितक्रद्राक्षापानकादीनि। एतेषु मात्रकादेः खरण्टनतयापि जातेषु कदाचित् संसक्तिः स्यात्तानि संसक्ताचित्तानि तै अगर्हितैरपीति शेषः। करमात्रं म्रक्षितमकल्प्यमित्युत्तरेण योगः। अयमर्थः संसक्तिमद्द्रव्यैर्दध्यादिभिर्लेपकृन्मध्वादिभिश्च हस्तमात्राभ्यां म्रक्षिताभ्यां देयं वा साक्षादेतैर्म्रक्षितं सद्दीयमानमकल्प्यमेकेन्द्रियादिवध-

સચિત્તદ્રવ્ય શુષ્ક અને આર્દ્ર એટલે સ્હેજપાણીવાળું એમ બે જાતના હોય છે માટે શુષ્ક અથવા આર્દ્ર એવા બે પ્રકારના સચિત્તદ્રવ્યથી ખરંટિત હાથથી અથવા ભાજનવડે અપાતું અશનાદિ અથવા તે અશનાદિ સાક્ષાત્ શુષ્ક અથવા આર્દ્ર સચિત્તદ્રવ્યથી ખરંટિત હોય તો તે અકલ્પ્ય છે.॥૮૦॥

**● અચિત્તમ્રક્ષિતમાં સંસક્તિવાળા અગર્હિતવસ્તુથી મ્રક્ષિતની અકલ્પ્યતા ●**

**વ્યાખ્યાર્થ** :- 'प्रत्यासत्तिन्याय' થી નજીકમાં = આગળ જેની વાત ચાલતી હોય તેનું ગ્રહણ કરવું એને 'પ્રત્યાસત્તિન્યાય' કહેવાય છે. અચિત્તમ્રક્ષિતનું જ હંમેશા અને મુખ્યપણે ગ્રહણ થતું હોવાથી, પ્રથમ સચિત્તમ્રક્ષિતનો ક્રમ ઓળંગીને મૂળગાથામાં અચિત્તમ્રક્ષિતની અકલ્પતા કહેવાઈ છે અને પછી ઇતર = સચિત્તમ્રક્ષિતની અકલ્પતા કહેવાઈ છે.

સંસક્તિ = જીવોત્પત્તિવાળું દ્રવ્ય જેમકે કઠોળ = કાચા દૂધ-દહીં વગેરેમાં ભેગા કરેલ મગ વગેરે આ સંસક્તિ બે પ્રકારે થાય (૧) ભાજન અને (૨) હાથ.

(૧) દધિ, તક્ર = દહીં, છાશ વગેરે જે તપેલી વગેરે સાધનથી વહોરાવે. એ તપેલી વગેરે એનાથી ખરડાયેલી હોય. અને એમાંજ મગ આદિ નાંખે તો દ્વિદલ થઈ જાય. જો કે સંસક્તથી માત્ર દહીં = કઠોળ જ નથી લેવાનું, એ તો ગૌણ છે પરન્તુ મુખ્યતયા પડ્યા પડ્યા પણ જેમાં જીવોત્પત્તિ = વિકલેન્દ્રિય થાય. જેમકે પૌઆમાં ઈયળ, ચણામાં ધનેરા વગેરે થાય તે લેવાના છે. તેમજ અત્રે 'एकेन्द्रियादिसत्त्वयुक्तत्वं' કહ્યું છે તેથી ફુગ-નિગોદ થાય તે પણ લેવાનું છે.

(૨) જે હાથથી વહોરાવ્યું હોય એ હાથ દહિં વગેરેથી ખરડાયેલ હોય અને એ હાથ મગ આદિમાં નાંખે તો ત્યાં પણ દ્વિદલ થાય.

વસ્તુ અર્ધપક્વ હોય = મિશ્ર.

વસ્તુ પક્વ હોય પણ સચિત્તસંબદ્ધ હોય જેમકે ગોટલી યુક્ત કેરી વગેરે એ સચિત્તસંબંદ્ધ કહેવાય.

વસ્તુ પક્વ હોય પણ સચિત્તસંબંદ્ધ ન હોય જેમકે કેળું, એને અચિત્ત કહેવાય.

વસ્તુ બહુતરસચિત્ત હોય એને સચિત્ત કહેવાય.

વસ્તુ અલ્પતરસચિત્ત હોય એને મિશ્ર કહેવાય.

[કેળાના ઝૂમખાને ઝાડથી અલગ કરી દીધા બાદ બે ત્રણ દિવસે અચિત્ત થઈ જાય. પણ તાજુ ઉતારેલું હોય તો સચિત્ત હોય. પછી સમય જતાં મિશ્ર થાય. પરન્તુ કેળું ઝૂમખાથી છૂટા પડતાં તરત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दोषात् मात्रकादिलग्नमक्षिकाकीटिकापतङ्गादिसत्त्ववधदोषाच्च एतेनागर्हितवस्तुम्रक्षितमुक्तमथ गर्हित-वस्तुम्रक्षितमाह ।

**卐 अचित्तम्रक्षिते लोकागमगर्हितवस्तुम्रक्षितस्याऽकल्प्यता, करमात्रयोः चतुर्भङ्गः 卐**

लोकागमगर्हितैश्चेति । तत्र लोकः पृथग्जनः 'आगमे'ति अर्हत्प्रवचनं तदध्येता वा लोकोत्तरो यतिजनस्ततो लोकश्चागमश्च तौ, तथा च तयोर्मध्ये गर्हितानि निन्द्यानि यानि सचित्तवस्तूनि मांसादीनि तैः, चः समुच्चये । यतीनां साधूनां करमात्रं म्रक्षितमकल्प्यमितीह सम्बन्धनीयं । अयमर्थः लोकलोकोत्तरागमगर्हितैर्मांसवसाशोणितसुरामूत्रोच्चारादिभिः शिष्टजनस्याभक्ष्यापेयैः साक्षान्म्रक्षितं सदे-

---

જ અચિત્ત થઈ જાય છે. આચારાંગના બીજાભાગમાં જે આ વાત છે તે પાકાકેળા માટે જાણવી તે પણ લીલા ઝુમખા સાથે હોય તો સચિત્તસંબદ્ધ કહેવાય. इति पूज्य-जयघोषसूरयः ]

**પ્રશ્ન** :- મ્રક્ષિત અને ખરણ્ટિત વચ્ચે શું ભેદ ?

**ઉત્તર** :- મ્રક્ષિત = ઘનદ્રવ્યથી ખરડાયેલ, ખરણ્ટિત = દ્રવદ્રવ્યથી ખરડાયેલ.

'संसत्त-अचित्तेहि' = 'संसक्ताचित्तैः' સંસક્તિ એટલે શું ? તે કહે છે, અંદર ઉત્પન્નથયેલ એકેન્દ્રિય આદિ સત્ત્વોથી = જીવજંતુઓથી યુક્ત દ્રવ્ય. 'मत्वर्थीय' પ્રત્યય લાગવાથી આ સંસક્તિ જે દ્રવ્યોમાં હોય તે સંસક્ત કહેવાય, તેવા દહીં, છાશ, દ્રાક્ષનું પાણી વગેરે અચિત્તદ્રવ્યો લેવા. ખરડાયેલ માત્રકાદિના સંપર્કથી પણ ક્યારેક આ દહીંવગેરે દ્રવ્યોમાં સંસક્તિ થાય છે. આમ તો દહીં આદિ દ્રવ્યો અગર્હિત છે, તો પણ 'करमत्तं मक्खियमकप्पं' = 'करमात्रं म्रक्षितमकल्प्यम्' = હાથ કે માત્રક એ અકલ્પ્ય છે અર્થાત્ સંસક્તિવાળા હાથ કે માત્રકવડે અપાતું દ્રવ્ય એ અકલ્પ્ય છે 'संसत्त-अचित्तेहि' નો આ ગાથાના છેલ્લા પાદ 'करमत्तं मक्खियमकप्पं' સાથે અન્વય કરવો તેમજ 'जईण सुक्कल्ल-सचित्ते' પછી પણ અન્વય કરવો.

કહેવાનો ભાવાર્થ આ છે કે, સંસક્તિવાળા દહીં વગેરે દ્રવ્યોથી કે લેપકરનાર ચીકાશવાળા મધ આદિ દ્રવ્યોથી અથવા ખરડાયેલ હાથ કે માત્રકવડે આપવાયોગ્ય દ્રવ્ય સાક્ષાત્ એ સંસક્તદ્રવ્યોથી ખરડાયેલ હોય અને એ દાનમાં અપાતું હોય તો એ દેયવસ્તુ અકલ્પ્ય છે. કારણ કે એમાં એકેન્દ્રિય આદિના વધનો દોષ લાગે. તેમજ માત્રક વગેરે પર લાગેલ = ચોંટેલ માખી-કીટિકા = કીડી -પતંગિયું વગેરે સત્ત્વ = જીવ-જંતુના વધનો દોષ લાગે. આ બધું કહેવા દ્વારા અગર્હિતવસ્તુ-મ્રક્ષિતની વાત થઈ.

## • અચિત્તમ્રક્ષિતમાં લોક અને આગમથી ગર્હિતવસ્તુથી મ્રક્ષિતની અકલ્પ્યતા અને હાથ તથા માત્રકની ચતુર્ભંગી •

હવે ગર્હિતવસ્તુ-મ્રક્ષિતને કહે છે, 'लोगागमगरहिएहि य' = 'लोकागमगर्हितैश्च'. 'लोक' એટલે બીજા = જિનશાસન કરતાં જુદા લોકો. 'आगम' એટલે અર્હત્પ્રવચન = અરિહંત - તીર્થંકરપ્રભુનું શાસન = જૈનધર્મ અથવા આગમશાસ્ત્રોભણનાર લોકોત્તરએવા યતિજન = સાધુ. આમ લોક અને આગમમાં જે ગર્હિત = નિન્દિત છે એવી માંસ વગેરે સચિત્તવસ્તુઓ. તેઓ દ્વારા ખરડાયેલ હાથ-માત્રક એ, 'य' = 'च' એ સમુચ્ચયાર્થમાં છે. 'जईण' = 'यतीनां' = 'साधूनां' = સાધૂઓ માટે 'अकप्पं'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तैर्म्रक्षिताभ्यां वा हस्तमात्राभ्यां दीयमानं सद्देयं यतीनामकल्प्यमुड्डाहादिदोषात् । इह चाचेतनद्रव्यैर्म्रक्षितयोर्हस्तमात्रयोश्चतुर्भङ्गः स्याद्यथा हस्तो म्रक्षितो मात्रं च, हस्तो म्रक्षितो न मात्रं, मात्रं म्रक्षितं न हस्तो, न हस्तो म्रक्षितो न मात्रमिति। तत्र गर्हितवस्तुम्रक्षितत्वे भङ्गचतुष्टयेऽपि भक्ताद्यकल्प्यं। संसक्तिमदादिद्रव्यवर्जागर्हिततक्राद्यचित्तवस्तुम्रक्षितत्वे कल्प्यमिति।

卐 शुष्कार्द्रसचित्तपृथिव्यब्वनस्पतिभिः करमात्रम्रक्षितमकल्प्यम् 卐

अधुना सचित्तपृथिव्यादिभिर्म्रक्षिते हस्तमात्रके आश्रित्य सचित्तम्रक्षितदेयस्याकल्प्यतामाह। शुष्कार्द्रसचित्तैश्चेति तत्र शुष्का अनार्द्राः आर्द्राश्चेषत्सजलाः सचित्ताः सजीवास्ततः शुष्काश्चार्द्राश्च ते सचित्ताश्चेति विग्रहस्तैः पृथिव्यब्वनस्पतिभिरिति सामर्थ्याद् दृश्यम्। चः प्रकृतवाक्यापेक्षया समुच्चये। करमात्रं दातृहस्तकरोटिकादिकं म्रक्षितमालिप्तं खरण्टितमिति यावत्। उभयमन्यतरद्वा उपलक्षणत्वात् साक्षादेव द्रव्यं वा किमित्याह। अकल्प्यं यतीनां ग्रहणायानुचितं। कोऽर्थः सचित्तैः पृथिव्यादिभिः करमात्राभ्यां म्रक्षिताभ्यां दीयमानं शुद्धमपि देयं तदेव वा तैर्म्रक्षितं सद् गृहीतुं न कल्पत इत्यर्थः।

= 'अकल्प्यं' = અકલ્પ્ય છે.

તાત્પર્યાયાર્થ આ છે કે, લોક અને લોકોત્તર આગમથી ગર્હિત એવા માંસ-વસા = ચરબી-લોહી-દારુ-પેશાબ મળ = વિષ્ટા વગેરે કે જે શિષ્ટલોકોને અભક્ષ્ય-અપેય હોય છે, તેનાથી સાક્ષાત્ ખરડાયેલ કે તેનાથી ખરડાયેલ હાથ કે માત્રકથી અપાતું દેયદ્રવ્ય સાધુઓ માટે અકલ્પ્ય છે. કારણ કે એમાં પ્રવચનહીલના વગેરે દોષોનો સંભવ છે.

અહીં અચેતનદ્રવ્યોથી ખરડાયેલ હાથ-માત્રકના ચાર ભાંગા થાય છે.

(૧) હાથ-માત્રક બન્ને ખરડાયેલા. (૨) હાથ ખરડાયેલ પણ માત્રક નહિ. (૩) માત્રક ખરડાયેલ પણ હાથ નહિ. (૪) હાથ-માત્રક બન્ને ન ખરડાયેલ.

અચેતન દ્રવ્ય પણ બે પ્રકારે છે. (૧) ગર્હિત અને (૨) અગર્હિત જે પૂર્વે કહી ગયા છીએ. ગર્હિતવસ્તુ-મ્રક્ષિતમાં ઉપરોક્ત પ્રમાણેના ચારેય ભાંગાઓમાં ભક્તાદિ અકલ્પ્ય બને છે. તેમજ સંસક્તિવાળા વગેરે દ્રવ્યોને છોડીને જે અગર્હિત એવા છાશ વગેરે અચિત્તવસ્તુમ્રક્ષિતમાં ઉપરોક્ત ચારેય ભાંગાઓમાં ભક્તાદિ કલ્પ્ય બને છે.

**● શુષ્ક અને આર્દ્ર પૃથ્વી, પાણી, વનસ્પતિથી ખરડાયેલ હાથ અને માત્રકથી મ્રક્ષિત અકલ્પ્ય છે ●**

હવે સચિત્તપૃથ્વી વગેરેથી ખરડાયેલ હાથ અને માત્રકને આશ્રયીને સચિત્તથી ખરડાયેલ દેયવસ્તુની અકલ્પ્યતાને જણાવે છે. 'सुक्कल्ल-सचित्तेहि य' = 'शुष्कार्द्र-सचित्तैश्च' = શુષ્ક અને ભીનાશ વાળા, સચિત્ત એટલે સજીવ = જીવયુક્ત, 'સચિત્ત એવા તે શુષ્ક અને આર્દ્ર દ્વારા' એમ વિગ્રહ કરવો. શુષ્ક અને આર્દ્ર એવા તે દ્રવ્યો કયા ? તે કહે છે, તે પૃથ્વી - અપ્ અને વનસ્પતિરૂપ દ્રવ્યો દ્વારા, એમ અધ્યાહારથી જાણી લેવું. 'य' = 'च' સમુચ્ચાર્થમાં છે. એવા એ દ્રવ્યોદ્વારા ખરડાયેલ 'करमत्तं मक्खियं' = 'करमात्रं म्रक्षितं' = દાતાનો હાથ અને વાટકા વગેરે ભાજન એમાં બન્ને ખરડાયેલા હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अयमत्र भावार्थः पृथिव्यब्वनस्पतिभिः सचित्तैर्म्रक्षितत्वभावात्त्रिधा सचित्तम्रक्षितमुक्तं। तत्र पृथ्वीकायः शुष्कार्द्रभेदात् द्विधा। तत्र शुष्को भस्मवत् श्लक्ष्णतया यस्तेन, यद्वाऽऽर्द्रेण सचित्तमृदा यत्करादि खरण्टितं तत्पृथ्वीकायम्रक्षितं स्यात्। तथा पुरःकर्मपश्चात्कर्मसस्निग्धोदकार्द्रभेदादप्कायम्रक्षितं चतुर्द्धा। तत्पुरो भक्तादेर्दानात्पूर्व्वं पश्चात्तस्यैव दानादुपरि तयोः कर्म्म साध्वर्थं जलेन हस्तादेर्धावनं तत्पुरःकर्म पश्चात्कर्म चेत्यर्थः। सस्निग्धमीषल्लक्ष्यमाणखरण्टनजलं हस्तादि, उदकार्द्रं जलतीमितं हस्ताद्येव। तथा प्रत्येकानन्तकायिनामाम्रादिसूरणादीनां श्लक्ष्णखण्डैरपरिणतत्वात् सचित्तैर्हस्तादि यत्खरण्टितं तद्वनस्पतिम्रक्षितं तेजोवायुत्रसैश्च म्रक्षितं न भवति। यतः श्लक्ष्णतार्द्रताभ्यां म्रक्षितत्वं स्यात्। ते च श्लक्ष्णतासजलते एतेषु न स्तः। यद्यपि तेजःकाये आर्द्रता नास्त्येव श्लक्ष्णता त्वस्ति परं तथापि सा भस्माद्यचेतनावस्थायामिति भावनीयं। इहापि सचित्तैः पृथिव्यब्वनस्पतिभिः खरण्टितयोर्हस्तकयोश्चतुर्भङ्गः स्याद्यथा हस्तो म्रक्षितो मात्रकं चेत्यादि। अत्र चाद्यभङ्गत्रये भक्ताद्यकल्प्यं चतुर्थे च निर्द्दोषत्वात् कल्पते इति गाथार्थः।।८०।।

કે કોક એક ખરડાયેલ હોય કે પછી ઉપલક્ષણથી દેયદ્રવ્ય પોતેજ સાક્ષાત્ ખરડાયેલ હોય તો એ સાધુઓને ગ્રહણ કરવું **'अकप्पं'** = **'अकल्प्यम्'** = અનુચિત છે.

અહીં ભાવાર્થ આ છે કે, સચિત્તપૃથ્વી-અપ્-વનસ્પતિ દ્વારા ખરડાયેલ હોવાથી ત્રણપ્રકારે સચિત્તમ્રક્ષિત કહેવાય છે. તેમાં, **પૃથ્વીકાયમ્રક્ષિત** :- શુષ્ક અને આર્દ્ર ભેદથી બે પ્રકારે છે. (૧) અત્યંતબારીક = ઝીણાપણું હોવાથી ભસ્મની જેવી જે સૂક્ષ્મપૃથ્વી, તેનાથી કે (૨) ભીની એવી સચિત્તમાટીથી ખરડાયેલ જે હાથ વગેરે. અહીં 'વગેરે' શબ્દથી માત્રક અને સાક્ષાત્ ખરડાયેલ દેયવસ્તુ લેવું.

**અપ્કાયમ્રક્ષિત** :- [1]પુરઃકર્મ, [2]પશ્ચાત્મકર્મ, [3]સસ્નિગ્ધ અને [4]ઉદકઆર્દ્ર ભેદથી અપ્કાયમ્રક્ષિતના ચાર ભેદ છે. અહીં ભોજનાદિદાનના પૂર્વે અથવા પશ્ચાત્ = પછીથી સાધુમાટે પાણીથી હાથ વગેરે ધોવાસ્વરૂપ કર્મ તે પુરઃકર્મ અને પશ્ચાત્કર્મ કહેવાય છે. સસ્નિગ્ધ એટલે જેમાં સહેજ પાણી લાગેલું દેખાતું હોય એ હાથ વગેરે અને 'उदकार्द्र' એટલે = 'जलतीमितं' = ભીના એવા તે હાથ વગેરેજ લેવા કે જેમાંથી પાણીના ટીપાં ટપકતાં હોય.

**વનસ્પતિમ્રક્ષિત** :- આમ્ર વગેરે પ્રત્યેક અને અનન્તકાય એવા સૂરણ વગેરેના અપરિણત એટલે જીવરહિત = અચિત્ત ન બનેલા એવા સચિત્ત ઝીણાં કણિયાઓથી ખરડાયેલ હાથ વગેરે.

તેજસ્કાય-વાયુકાય અને ત્રસનું મ્રક્ષિત થતું નથી. કારણ કે મ્રક્ષિત જે થાય છે તે શ્લક્ષ્ણતા અને આર્દ્રતાથી થાય છે. તે શ્લક્ષ્ણતા અને આર્દ્રતા તેજસ્કાયાદિમાં હોતાં નથી. જોકે, તેજસ્કાયમાં આર્દ્રતા તો નથી જ હોતી પરન્તુ શ્લક્ષ્ણતા હોય છે પણ તે ભસ્મ વગેરે અચેતનઅવસ્થામાં હોય છે. માટે એ પ્રસ્તુતમાં = સચિત્તમ્રક્ષિતમાં ઉપયોગી નથી.

અહીં પણ સચિત્ત એવાં પૃથ્વી-અપ્ અને વનસ્પતિથી ખરડાયેલ હાથ અને માત્રકના ચાર ભાંગા થાય છે. (૧) હાથ મ્રક્ષિત અને માત્રક મ્રક્ષિત. ઈત્યાદિ પૂર્વની જેમ જાણી લેવું. આ ચાર ભાંગામાં પ્રથમ ત્રણભાંગાના ભક્તાદિ અકલ્પ્ય છે અને ચોથોભાંગો તો નિર્દોષ હોવાથી કલ્પ્ય છે.॥૮૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अवतरणिका**– उक्तं म्रक्षितद्वारमथ निक्षिप्तद्वारमाह।

**मूलगाथा**– **पुढविदगअगणिपवणे परित्तणंते वणे तसेसु च।**
**निक्खित्तमचित्तं पिहु अणंतरपरंपरमगेज्झं।।८१।।**

**संस्कृतछाया**– **पृथ्व्यपऽग्निपवने प्रत्येकाऽनन्ते वने त्रसेषु च।**
**निक्षिप्तमचित्तमपि त्वनन्तरपरम्परमग्राह्यं।।८१।।**

**卐 पृथिव्यादीनां स्वरूपमग्नेः सप्तभेदं च 卐**

**व्याख्या**– इह सर्वत्र सूचनाद्विभक्तिलोपाच्च 'पुढवि'त्ति पृथ्वीकायो मृत्तिकालवणोषतूवरकादिरूपस्तस्मिन्। तथा 'दग'त्ति उदकमप्काय इत्यर्थः स चावटनद्यादिजलावश्यायहिमकरकादिरूपस्तस्मिन्। तथा 'अगणि'त्ति अग्निस्तेजस्कायः स च विध्यातमुर्मुरांगाराप्राप्तप्राप्तज्वालसमज्वालव्युत्क्रान्तभेदतया सप्तविधस्तस्मिन्। तत्र यः स्वल्पतया पूर्व्वं दृष्ट्या न दृश्यतेऽग्निः पश्चाच्छुष्कगोमयचूर्णादिके इन्धने तदुपरि क्षिप्ते वर्धमानो दृष्ट्या दृश्यते स विध्यात इत्युच्यते। ये च ईषत् पिङ्गलाग्निकणा

---

**અવતરણિકા** :- આ પ્રમાણે 'મ્રક્ષિત'દ્વાર કહ્યું. હવે 'નિક્ષિપ્ત'દ્વાર કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **पुढवि** = પૃથ્વી, **दग** = પાણી, **अगणि** = અગ્નિ, **पवणे** = વાયુમાં, **परित्त** = પ્રત્યેક, **अणंते** = અનંતકાય, **वणे** = વનસ્પતિકાયમાં, **तसेसु** = ત્રસકાયમાં, **च** = અને, **निक्खित्तं** = નાંખેલું, **अचित्तं** = અચિત્તઅશનાદિ, **पिहु** = પણ, **अणन्तर** = અનંતર, **परम्परं** = પરંપર, **अगेज्झं** = નહિ. ગ્રહણકરવાલાયક.॥૮૧॥

**મૂળગાથા-ગાથાર્થ** :- સચિત્તપૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, પ્રત્યેકવનસ્પતિ અને અનંતવનસ્પતિ તથા બેઈન્દ્રિય આદિ ત્રસજીવો ઉપર રહેલ એટલે મુકેલ અશનાદિ અચિત્ત હોવા છતાં પણ સચિત્તનો સંઘટ્ટો અને જીવવિરાધનાદિ દોષો હોવાથી અકલ્પ્ય છે. સચિત્તપૃથ્વીઆદિ ઉપર મુકેલ અશનાદિ બે પ્રકારનું હોઈ શકે છે. એક સાક્ષાત્ સચિત્તપૃથ્વી આદિ ઉપર મુકેલું તે અનન્તરનિક્ષિપ્ત કહેવાય, અને બીજું જે અશનાદિ વસ્તુ કોઈ ભાજનમાં હોય અને તે ભાજન સચિત્તપૃથ્વીઆદિ ઉપર મુકેલ હોય તે પરંપરનિક્ષિપ્ત કહેવાય. આ બન્ને પ્રકારની નિક્ષિપ્તઅશનાદિ વસ્તુ સાધુથી ગ્રહણ કરી શકાય નહિ.॥૮૧॥

**• પૃથ્વીઆદિનું સ્વરૂપ તથા, અગ્નિના સાત પ્રકાર •**

**વ્યાખ્યાર્થ** :- 'पुढवि-दग-अगणि-पवणे' = 'पृथ्वी(काये), अप्(काये), तेजस्(काये), पवने = वायु(काये)' અહીં મૂળગાથામાં પુઢવિવગેરે શબ્દોમાં 'काये' શબ્દ તેમજ સપ્તમીવિભક્તિનો લોપ થયો છે એમ જાણવું. પૃથ્વીકાય = માટી, મીઠું = લવણ, 'उष' = ખારીપૃથ્વી પર જામતો સફેદરંગનું ખારું પળ, તૂવરક-આદિરૂપ પૃથ્વીકાયને વિશે('तूवरक' = તુરા સ્વાદવાળું પાર્થિવ દ્રવ્યવિશેષ), 'दग' = 'अप्कायः' = કૂવો, નદી વગેરનું જળ, અવશ્યાય = ઝાકળ, હિમ = બરફ, કરક = કરા આદિરૂપ અપ્કાયમાં, તથા 'अगणि' = 'तेजस्कायः' = ૧ વિધ્યાત, ૨ મુર્મુર, ૩ અંગારો, ૪ અપ્રાપ્તજ્વાળા, ૫ પ્રાપ્તજ્વાળા, ૬ સમજ્વાળા અને ૭ વ્યુત્ક્રાન્ત જ્વાલા. એમ અગ્નિકાયના સાતપ્રકારને વિશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अर्द्धविध्यातभस्मोन्मिश्रास्ते मुर्मुर इत्युच्यन्ते। यश्च ज्वालारहितो निर्धूमोऽग्निः सोऽङ्गार इत्यभिधीयते। यत्र च चुल्यामग्नौ प्रज्चालिते पिठरादिके चारोपिते यावज्ज्वाला पीठरे न लगति तावदसावप्राप्तज्वाल उच्यते। यदा च पीठरे ज्वाला लग्ना तदासौ प्राप्तज्वाल उच्यते। यदा च ज्वालैवानीचोच्चत्वेन पिठरकसमा, पिठरकमुखान्ते ज्वालान्तो लग्न इत्यर्थः, तदाऽसौ समज्वाल उच्यते। यदा च पिठरमुखमुल्लङ्घ्य ज्वालोर्ध्वं प्रव्रजति तदाऽसौ व्युत्क्रान्त इत्यभिधीयते।

**卐 वायूनां प्रकारा, अचित्तमुखवातपूरित दृतिस्थवायोः कालमाश्रित्य सचित्ताऽचित्तमिश्रता च 卐**

'पवणे'ति पवनो वातो वायुकाय इत्यर्थः। स च गुञ्जावातमण्डलिकादिभेदादनेकरूपो दृतिस्थश्च तस्मिन्, तत्र तावदचित्तमुखवातपूरिते सति दवरकबद्धमुखे यस्तस्थो वायुः स कालमाश्रित्य सचित्तो मिश्रोऽचित्तश्च पौरुषीदीनैः स्यात्। तत्र वर्षाहेमन्तग्रीष्मरूपस्त्रिरूपो कालः सामान्येन स्निग्धो रूक्षश्च भवति। तत्र स्निग्धः शीतो रूक्षश्चोष्णः। अयं च स्निग्धोऽप्युत्कृष्टमध्यमजघन्यभेदात्त्रिधा। रूक्षोऽपि च त्रिधा। तथा उत्कृष्टस्निग्धोऽतिशीतः, मध्यमस्निग्धो नातिशीतः। जघन्यस्निग्धः स्तोक-

---

અહીં (૧) વિધ્યાત એટલે ઓછાપ્રમાણમાં હોવાથી પહેલાં જે અગ્નિ દેખાતો ન હોય પણ પાછળથી એમાં સુક્કાછાણનો ભૂક્કો વગેરે ઈન્ધણ નાંખતા, દૃષ્ટિથી એ અગ્નિ વધતો દેખાય. (૨) મુર્મુર એટલે કાંઈકપીળા અગ્નિના કણિયા જે અડધી ઓલવાયેલ અગ્નિની ભસ્મથી ઉન્મિશ્ર હોય છે. (૩) અંગાર એટલે જ્વાળારહિત ધુમાડાવિનાનો અગ્નિ. (૪) અપ્રાપ્તજ્વાળા અગ્નિ એટલે ચૂલામાં અગ્નિ સળગાવીને તેની ઉપર તપેલી વગેરે મૂક્યાબાદ જ્વાળા જ્યાંસુધી તપેલીને ન લાગે ત્યાંસુધીનો અગ્નિ (૫) પ્રાપ્તજ્વાલા, એટલે તપેલીને જે અડે તે અગ્નિ. (૬) જ્વાલા જ્યારે ઓછી પણ ન હોય વધારે પણ ન હોય એટલે કે તપેલીના મોઢાના ભાગને(કાનાને) જ્વાલાનો છેડો અડે એટલીજ હોય તે સમજ્વાલા. (૭) વ્યુત્ક્રાન્ત એટલે તપેલીના મોઢાના ભાગથી(કાનાથી) જ્વાલા જ્યારે ઉપર ચઢીજાય ત્યારનો અગ્નિ.

**• વાયુના પ્રકારો અને મોઢાનાં અચિત્તવાયુથી ભરેલ મશકના વાયુની કાળને આશ્રયીને સચિત્ત-અચિત્ત અને મિશ્રતા •**

'पवणे' = 'पवने' = 'वाते' = 'वायुकाये' = ગુંજાવાત, મંડલિકવાત વગેરે અનેકભેદરૂપ વાયુ અને 'दृति' = મશકમાં રહેલ વાયુમાં. અહીં મશકમાં પુરેલો કયો વાયુ કેટલા દિવસે સચિત્ત થાય વગેરેની વાતો જણાવે છે. મશકમાં અચિત્ત એવો મોઢાનો વાયુ ભરીને એનું મોઢું 'दवकरबन्ध' થી બાંધે = કડક-સજ્જડ રીતે દોરો બાંધે, ત્યારે એ મશકમાં રહેલો વાયુ, કાળને આશ્રયીને અમુકસંખ્યા પ્રમાણ પોરિસી કે દિવસો સુધી અચિત્ત રહે. પછી મિશ્ર બને કે સચિત્ત થાય છે.

વર્ષા-હેમન્ત અને ગ્રીષ્મ ઋતુ, આ ત્રણેય કાળ સામાન્યથી **સ્નિગ્ધ** અને **રુક્ષ** હોય છે. સ્નિગ્ધ એટલે શીત = ઠંડો અને રુક્ષ એટલે ઉષ્ણ = ગરમ. સ્નિગ્ધ અને રુક્ષ ના ૩ ભેદ પડે છે.

| | સ્નિગ્ધ | |
|---|---|---|
| ઉત્કૃષ્ટ | મધ્યમ | જઘન્ય |
| અતિશીત=અત્યંતઠંડો | મધ્યમ ઠંડો | સામાન્ય ઠંડો |

| | રુક્ષ | |
|---|---|---|
| ઉત્કૃષ્ટ | મધ્યમ | જઘન્ય |
| અતિ ગરમ | મધ્યમ ગરમ | કાંઈક ગરમ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शीतः। जघन्यरूक्षः किञ्चिदुष्णः, मध्यमरूक्षो नात्युष्णः, उत्कृष्टरूक्षोऽत्युष्णः। तत्र च दृतिस्थो वायुरतिस्निग्धकाले पौरुषीमेकामचेतनो, द्वितीयायां मिश्रं तृतीयायां सचित्त इति। मध्यमस्निग्धो द्वे पौरुष्यावचित्तस्तृतीयायां मिश्रश्चतुर्थ्यां सचित्तः। जघन्यस्निग्धः पौरुषीत्रिकमचित्तः चतुर्थ्यां मिश्रः, पञ्चम्यां सचित्तः। रूक्षकाले पौरुषीनां स्थाने दिनानि। पौरुषीवृद्धिस्थाने च दिनवृद्धिर्दृष्टव्या। यथोत्कृष्टरूक्षे एकं दिनमचित्तो द्वितीये तु मिश्र इत्यादि। तथा वायोरचित्तीभवने स्वकायशस्त्रादिकं निमित्तं ज्ञेयम्। तत्र मण्डलिकवातादिः खरवातादेः स्वकायशस्त्रं। पृथ्वीकायादयस्तु परकायशस्त्रमिति। द्रव्यादिपरिणतस्तु छद्मस्थस्य दुर्लक्ष्यः इति प्रासङ्गिकमेतदुक्तं। तथा 'परित्तणंते' ति प्रत्येके अनन्ते च। 'वणे'त्ति वनस्पतिकाये तत्र प्रत्येको धान्यव्रीहिकादिहरिताम्रादिफलरूपः। अनन्तः साधारणः सूरणगर्जरादिकन्दरूपोऽनन्तकायस्तस्मिन् द्विरूपेऽपि। तथा त्रसेसु कीटिकामत्कोटककुन्थुगवादिरूपेषु जीवेषु, चः समुच्चये। एते च पृथ्वीकायादयः सर्वेऽपि सचित्ता मिश्राश्चात्र ग्राह्याः।

### 卐 पृथिव्यादित्रसान्तेष्वनन्तरपरम्परनिक्षिप्तमचित्तमप्यग्राह्यम् 卐

દતિનો વાયુ અતિસ્નિગ્ધ કાળમાં એક પોરસિ સુધી અચિત્ત, બીજી પોરસિમાં મિશ્ર, ત્રીજી પોરસિમાં સચિત્ત બને છે.

મધ્યમસ્નિગ્ધ કાળમાં બે પોરસિ સુધી અચિત્ત, ત્રીજી પોરસિમાં મિશ્ર, ચોથી પોરસિમાં સચિત્ત બને છે.

જઘન્યસ્નિગ્ધકાળમાં ત્રણ પોરસિ સુધી અચિત્ત, ચોથી પોરસિમાં મિશ્ર, પાંચમી પોરસિમાં સચિત્ત બને છે.

અતિરુક્ષ કાળમાં એક દિવસ સુધી અચિત્ત, બીજા દિવસે મિશ્ર, ત્રીજા દિવસે સચિત્ત બને છે.

મધ્યમરુક્ષ કાળમાં બે દિવસ સુધી અચિત્ત, ત્રીજા દિવસે મિશ્ર, ચોથા દિવસે સચિત્ત બને છે.

જઘન્યરુક્ષ કાળમાં ત્રણ દિવસ સુધી અચિત્ત, ચોથા દિવસે મિશ્ર, પાંચમા દિવસે સચિત્ત બને છે.

તથા, વાયુકાયને અચિત્ત બનવામાં સ્વકાયશસ્ત્ર વગેરે નિમિત્તરૂપ બને છે. જેમકે, ખરવાત વગેરે માટે મણ્ડલિકવાત વગેરે સ્વકાયશસ્ત્ર બને છે અને પૃથ્વીકાય વગેરે પરકાયશસ્ત્ર બને છે.

દ્રવ્યાદિનું પરિણત થવું = પૃથ્વીકાયાદિ અચિત્ત ક્યારે બને તે છદ્મસ્થને દુર્લક્ષ્ય હોવાથી પ્રાસંગિક આ વાત કરી દીધી. હવે પ્રસ્તુતવાત કરીએ છીએ.

તથા, 'परित्तणंते वने' = 'प्रत्येके अनन्ते च वनस्पतिकाये' = પ્રત્યેક અને અનન્તવનસ્પતિકાયના વિશે પ્રત્યેક એટલે ઘઉં વગેરે ધાન્ય = અનાજ, 'व्रीहीक' = ડાંગર વગેરે અનાજ અને હરિત = લીલાધાન્ય સાથે રહેલું લીલું ઘાસ-લીલોતરી તથા આમ્રવગેરે ફળરૂપ વનસ્પતિ. 'अनन्त' એટલે સૂરણ, ગાજર વગેરે કન્દરૂપ અનન્તકાય. આ બન્ને પ્રકારના વનસ્પતિમાં. તથા, 'तसेसु च' = 'त्रसेषु च' = ત્રસ એટલે કીડી, મંકોડા, કુન્થુઆ, ગાય આદિ રૂપ ત્રસજીવોમાં. 'च' એ સમુચ્ચયાર્થમાં છે. આ બધાં પૃથ્વીકાયાદિ સચિત્ત અને મિશ્ર તરીકે અહીં ગ્રહણ કરવાં.

### • પૃથ્વીથી માંડીને ત્રસ સુધીનું અચિત્ત અનન્તર અને પરમ્પરનિક્ષિપ્ત પણ અગ્રાહ્ય •

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ततः षट्सु पृथिव्यादित्रसान्तेषु निक्षिप्तं न्यस्तं वस्त्विति गम्यते। कीदृशमित्याह अचित्तमपि निर्जीवमपि, सचित्तमिश्रं तावत्सर्वदैव यतीनामग्राह्यमित्यपेरर्थः। हुशब्दोऽचित्तनिक्षिप्तस्याग्राह्यत्वे विस्मय-द्योतकः। कथं निक्षिप्तमित्याह 'अणंतरपरंपरं'ति तत्रानुस्वारलोपादनन्तरमव्यवधानं, यथा सचित्त-मिश्रस्य (सचित्तस्य मिश्रस्य वा ?) मृत्तिकादेरुपरि सचित्तमृत्तिकादिकं मुक्तं। तथा च परम्परं स्थगनिकादिना सव्यवधानं सान्तरमित्यर्थः। यथा तस्यैवोपरि स्थगनिकादौ कृत्वा तदेव मुक्तं। चः समुच्चयार्थो लुप्तो दृश्यः। एतत् किमित्याह 'अगेज्झं'ति अवधारणयोजनादग्राह्यमेवाकल्पनीयमेव।

### 卐 सचित्तमिश्राऽचित्तपदद्वयस्य चतुर्भङ्गः 卐

इह च समुदितसचित्तमिश्रपदाऽचित्तपदरूपपदद्वयेन चतुर्भङ्गः प्ररूप्यो यथा सचित्तमिश्रे पृथ्वी-कायादौ सचित्तमिश्रं पृथ्वीकायादि निक्षिप्तमित्याद्यस्तत्र कश्चित् सचित्तः, कश्चिन्मिश्र इत्येकत्रापि भङ्गे उभयं १। तथाऽचित्ते सचित्तमिश्रं २। सचित्तमिश्रेऽचित्तं ३। अचित्ते अचित्तं निक्षिप्तमिति ४ चतुर्थः। अत्र चाऽऽद्यभङ्गद्वयेऽग्राह्यं, वस्तु निक्षिप्तं सचित्तं स्यादित्यादिदोषादकल्प्यमेव।

---

આ પૃથ્વીકાયથી માંડીને ત્રસકાય સુધીનાં ષટ્કાયની ઉપર, 'निक्खित्तम्' = 'निक्षिप्तम्' = 'न्यस्तं' = મૂકેલું, શું મૂકેલું ? તે કહે છે, અશનાદિદ્રવ્ય, આ અધ્યાહારથી લેવું. એ 'निक्षिप्तम्' કેવું ? તે કહે છે, 'अचित्तं पिहु' = 'अचित्तम् अपितु' = નિર્જીવ-અચિત્ત એવું પણ અશનાદિ દ્રવ્ય, 'अगेज्झं' = 'अग्राह्यं' = સાધુઓને ગ્રહણકરવાયોગ્ય નથી.

અહીં, 'अपि' શબ્દથી સચિત્ત કે મિશ્રદ્રવ્ય તો સર્વદા અગ્રાહ્ય છે એમ જાણવું. અને જે 'हु' = 'तु' શબ્દ છે એ અચિત્ત-નિક્ષિપ્તના અગ્રહણમાં વિસ્મયદ્યોતક = વિસ્મયને જણાવનાર છે. કેવી રીતે નિક્ષિપ્તમ્? તે કહે છે, 'अणंतर-परम्परम्' = 'अनन्तरम्-परम्परम्' = અહીં પ્રાકૃતમાં 'अणंतर' માં 'र' પરનો અનુસ્વારનો લોપ થયો છે એમ જાણવું..

'अनन्तर' એટલે 'अव्यवधानम्' = સીધુંજ અડે તે રીતનું. જેમકે સચિત્ત કે મિશ્રમાટી આદિ ઉપર સચિત્તમાટીવગેરે મૂકવામાં આવે તથા, પરમ્પર એટલે ઢાંકણાવગેરેથી સવ્યવધાન = સીધું અડતું ન હોય તે રીતનું. જેમકે સચિત્ત કે મિશ્રમાટીઆદિ ઉપર ઢાંકણું વગેરે મૂકીને તે જ સચિત્ત માટી વગેરે મૂકવામાં આવે.. અહીં 'च' શબ્દ જે સમુચ્ચયાર્થમાં હોવો જોઈતો હતો તે લોપ થયો છે એમ જાણવું.

'अनन्तर-परम्पर' વગેરેની જે વાત કરી એ બધું શું છે ? તે કહે છે, 'अगेज्झं' = 'अग्राह्यम्' = અકલ્પનીય છે. 'तु' શબ્દ એ 'एवकार' અર્થમાં હોવાથી 'અકલ્પનીય જ' છે એવો જકાર જાણવો.

અહીં કહેવાયેલ સચિત્તકેમિશ્રપદ અને અચિત્તપદ રૂપ બે પદોની ચતુર્ભંગી જાણવી.

### • સચિત્ત કે મિશ્ર અને અચિત્ત આ બે પદની ચતુર્ભંગી •

(૧) સચિત્ત કે મિશ્ર પૃથ્વીકાયઆદિ પર સચિત્ત કે મિશ્ર પૃથ્વીકાયઆદિ નિક્ષિપ્ત. આમાં પૃથ્વી આદિ કોક સચિત્ત હોય કે કોક મિશ્ર હોય, પરન્તુ બન્નેનો સમાવેશ એકજ ભાંગામાં કર્યો છે.

(૨) અચિત્ત પર સચિત્ત કે મિશ્ર નિક્ષિપ્ત. (૩) સચિત્ત કે મિશ્ર પર અચિત્ત નિક્ષિપ્ત. (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चतुर्थभङ्गे चोक्तदोषाभावात् कल्प्यं, तृतीयभङ्गे च प्रस्तुतगाथासूत्रस्य(?)अवतारसूत्रस्य (?) च (?) सामान्येनाऽशुद्धस्यापि भजनया कल्प्याकल्प्यविधिर्भवति। तत्राचित्तमपि सचित्तपृथिव्यादिष्वनन्तर-निक्षिप्तं सर्वत्राकल्प्यं, सचित्तपृथिव्याद्युपरि स्थितत्वात् सङ्घट्टनादिदोषभावात्। परम्परनिक्षिप्तं तु सचित्तसङ्घट्टादिपरि-हारेण यतनया ग्राह्यमपीति भजना।

**卐 प्रतिकायमचित्तस्यानन्तरपरम्परतया निक्षेपसंभवास्तत्रसचित्तमिश्रपृथ्व्यप्कायेऽनन्तर-परम्परनिक्षेपसंभवः 卐**

तत्र विनेयानुग्रहाय प्रतिकायमचित्तस्यानन्तरपरम्परतया निक्षेपसंभवा दर्श्यन्ते यथा-सचित्तमिश्र-पृथ्वीकाये यत् पक्वान्नमण्डकादिकं व्यवस्थापितं तदनन्तरनिक्षिप्तं यच्च पक्वान्नादिकमेव प्रावृड-क(?)च्छप्पकादावपि तं पिठरादि च सचित्तमिश्रपृथ्वीकाये तत्परम्परनिक्षिप्तं। तथा यन्नवनीतस्त्या-नीभूतघृतादिकं सचित्तमिश्रे उदके न्यस्तं तदनन्तरनिक्षिप्तं। यच्च घृतपक्वान्नादिकं तरिकात्रप्यकादौ

---

અચિત્ત પર અચિત્ત નિક્ષિપ્ત.

અહીં પ્રથમ બેભાંગામાં વસ્તુ અગ્રાહ્ય છે કારણ કે નિક્ષિપ્તવસ્તુ સચિત્ત વગેરે છે એ દોષથી અકલ્પ્ય જ છે. ચોથાભાંગામાં તો કહેવાયેલ દોષનો અભાવ હોવાથી કલ્પ્ય છે. તૃતીય ભાંગામાં, પ્રસ્તુત ગાથાસૂત્રનો અવતાર થાય છે. સૂત્રમાં સામાન્યથી અશુદ્ધની વાત કરી છે, અર્થાત્ મૂળસૂત્રમાં 'परंपर-अणंतरं अगेज्झं' એમ વાત કરી અને એની આ ટીકામાં પણ એને સામાન્યથી અકલ્પ્ય જ બતાવ્યું છે છતાં પણ ભજના = વિકલ્પે એની કલ્પ્ય-અકલ્પ્યવિધિ હોય છે. અર્થાત્ સંયોગવશાત્ એ કલ્પ્ય પણ બને છે, તે જણાવે છે. અચિત્ત એવું દેવદ્રવ્ય પણ જો સચિત્તપૃથ્વી વગેરે પર અનન્તરનિક્ષિપ્ત હોય તો એ સર્વત્ર અકલ્પ્ય છે કારણ કે એ સચિત્તપૃથ્વીઆદિ પર રહેલું હોવાથી સંઘટ્ટો વગેરેનો દોષ એમાં રહેલો છે. પરમ્પરનિક્ષિપ્ત દેવદ્રવ્ય તો સચિત્તસંઘટ્ટો વગેરેનો પરિહારકરવાપૂર્વક યતના = કાળજીપૂર્વક ગ્રાહ્ય પણ છે. એ વિકલ્પ છે.

## • પૃથ્વીવગેરે દરેક કાયને વિશે અચિત્તનો અનન્તર અને પરંપર નિક્ષેપનો સંભવ, તેમાં સચિત્ત કે મિશ્રપૃથ્વી અને અપ્કાય વિશે અનન્તર અને પરંપરનિક્ષેપનો સંભવ •

અહીં વિનેય = શિષ્યના અનુગ્રહ = ઉપકાર માટે પ્રત્યેક પૃથ્વીકાયવગેરેમાં અચિત્ત દેવદ્રવ્યનાં અનન્તર-પરંપર નિક્ષેપનો સંભવ = કેવા સંયોગોમાં કેવીરીતે તે થઈ શકે તે બતાવવામાં આવે છે.

**પૃથ્વીકાય :- અનન્તરનિક્ષિપ્ત** :- સચિત્ત કે મિશ્રપૃથ્વીકાય ઉપર પક્વાન્ન = જે ન ચોંટે એવું તલસાંકળી વગેરે મિષ્ટભોજન કે 'मण्डक' = દ્રવ્યવિશેષ = માંડાવગેરે ગોળાકાર દ્રવ્યવિશેષ વગેરે રાખવામાં આવ્યા હોય તે અનન્તરનિક્ષિપ્ત છે. **પરંપરનિક્ષિપ્ત** :- આ જ મણ્ડકાદિને ઢાંકવામાં કામે લાગતા ઢાંકણાવગેરેમાં મૂકે અને એ ઢાંકણા વગેરેને પણ સચિત્ત કે મિશ્ર પૃથ્વીકાય પર મૂકે, તે પરમ્પરનિક્ષિપ્ત કહેવાય છે.

**અપ્કાય :- અનન્તરનિક્ષિપ્ત** :- માખણ કે થીજેલું ઘી વગેરે સચિત્ત કે મિશ્ર પાણીમાં મૂકે તે અનન્તરનિક્ષિપ્ત છે. **પરંપરનિક્ષિપ્ત** :- ઘી કે પક્વાન્ન આદિને 'तरिका' = નાની હોડી જેવું તરનારું સાધનવિશેષ કે 'त्रप्यक' = તરનારું સાધનવિશેષ = મોટી હોડી જેવામાં સ્થાપવામાં આવે અને તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्थापितं नावादि च जले तत्परम्परनिक्षिप्तं। तथा विध्याताद्यन्यतरभेदेऽग्नौ मण्डकादिनिहितमनन्तरनिक्षिप्तं। तदेव यदा स्थाल्यादौ स्थाल्यादि चाग्नावुपरि तदा परम्परनिक्षिप्तम्।

**卐 तेजस्काये परम्परनिक्षिप्तग्रहणे विशेषज्ञातव्यं 卐**

अत्र च तेजस्काये परम्परनिक्षिप्तस्य ग्रहणमाश्रित्य विशेषोऽभिधीयते। यथेक्षुरसपाकस्थानेऽग्नावुपरि स्थिते पिठरकटाहादौ मृत्तिकया पार्श्वेषु लिप्ते इक्षुरसः स्थितो यदि स्यात्तदपि च यदि विस्तीर्णमुखतयाऽघट्टितकर्णं स्याद्विशालमुखाद्धि तस्माद्वारकादिना कृष्यमाणे दानाय रसादौ तत्कर्णा न घट्टन्ते, तथा बहिरिक्षुरसछर्दनाभावाद्यद्यपरिशाटिमांस्तत्स्याद्रसोऽपि च तत्क्षण एव क्षिप्तत्वान्नात्युष्ण तदा गृह्यते। एवं यत्र पिठरादौ गुडः पूर्व्वं क्वथितोऽभूत्तत्र जलं क्वथनाय क्षिप्तमीषत्तप्तमपि गुडरसेन भावितत्वाच्छीघ्रं प्रासुकीस्यात्ततो नात्युष्णमघट्टितकर्णपार्श्वावलिप्तकटाहस्थमपरिशाटिमदुष्णोदकमपि स्यात्तदपि गृह्यते। एवमन्नादिखरण्टितशेषपिठरस्तेषत्तप्तजलादेरपि ग्रहणं ज्ञेयम्। इह चेक्षुरसस्य

---

તરિકા-ત્રપ્યકસ્વરૂપ નાવાદિ જેવા સાધનને જળમાં ઉતારે તે પરમ્પરનિક્ષિપ્ત છે.

**તેજસ્કાય :- અનન્તરનિક્ષિપ્ત** :- વિધ્યાત વગેરે અગ્નિના કોઈપણ ભેદ ઉપર મણ્ડક વગેરે મૂકે તે અનન્તરનિક્ષિપ્ત છે. **પરંપરનિક્ષિપ્ત** :- તે જ મણ્ડકાદિને થાળી વગેરેમાં મૂકીને તેને અગ્નિ પર મૂકે તે પરમ્પરનિક્ષિપ્ત છે.

અહીં, તેજસ્કાયમાં પરમ્પરનિક્ષિપ્તના ગ્રહણને આશ્રયીને વિશેષવાતો કહેવાય છે.

**• તેજસ્કાય વિશે પરંપર નિક્ષિપ્તના ગ્રહણમાં વિશેષ જાણવા જેવું •**

જ્યાં ઈક્ષુરસ પકાવાય છે ત્યાં અગ્નિ ઉપર મૂકેલ 'पिठरक' = ઈક્ષુરસ પકાવવાનું વાસણવિશેષ, કઢાઈ વગેરેના બાજુના ભાગો માટીથી લેપેલા હોય = અર્થાત્ કઢાઈ અને અગ્નિવાળી સગડી = મોટા ચૂલાની વચ્ચેનો ભાગ માટીથી બરાબર લેપાયેલ હોય કે જેથી કઢાઈ વગેરે હલે નહિ અને અગ્નિ બહાર નીકળી બીજી-ત્રીજી બાજુ ફેલાય નહિ જેથી અગ્નિ બરાબર કઢાઈ વગેરેને મળતો રહે, વળી તે વિશાળમોઢાવાળો હોવાથી 'अघट्टितकर्ण' વાળો હોય = હાથના કાંડા કે જેનાથી વહોરાવવાનું છે તે ભાજન આદિનો સ્પર્શ એના કાંઠા વગેરેને થતો ન હોય કારણ કે કઢાઈ વગેરેનું મોઢું વિશાળ હોય તો જ કમંડલ-કલશ વગેરેથી દાનમાટે તેમાંથી રસ વગેરે કાઢતાં તેના કિનારા સાથે કમંડલાદિ ભાજન તથા દાતાના હાથના કાંડા વગેરે અથડાય નહિ. એમ થવાથી ઈક્ષુરસ વગેરે બહાર ઢોળાવવાનો પ્રશ્ન જ ન રહેવાથી જો 'अपरिशाटिमान्' હોય 'अपरिशाटिमान्' = જેમાં બહાર ઢોળાવવાપણું ન હોય, અને રસ પણ તેમાં તરત જ નંખાયો હોવાથી અત્યંતગરમ ન હોય ત્યારે એ કલ્પ્ય છે.

આ રીતે જે પિઠરાદિમાં પહેલાં ગોળ ઉકળેલો = પકાવેલો હોય, તેમાં જ ઉકાળવા માટે કાચાજળને નાંખવામાં આવે, તે જળ કાંઈક તપેલું = ગરમ હોય તો પણ ગોળના રસથી ભાવિત થવાથી જલ્દી અચિત્ત બને છે. તેથી 'नात्युष्ण' = અતિઉષ્ણ નહિ એવું અને 'अघटितकर्ण' તથા 'पार्श्वाऽवलिप्त' એવી કઢાઈ વગેરેમાં રહેલું અને ઢોળાતું ન હોય એ રીતે અપાતું ઉનું = ગરમપાણી પણ જો હોય તો તે ચૂલા ઉપર હોવા છતાં સાધુને ખપે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दीयमानस्य यदि कश्चिद्‌बिन्दुर्बहिर्लगति स लेप एवावर्त्तते नत्वधश्चुल्लीमध्यस्थिततेजस्काये पततीति पार्श्वावलिप्तमिति कटाहस्य विशेषणं। घट्टितकर्णाच्च तस्माद्‌ गृह्यमाणे इक्षुरसादौ मृल्लेपस्य क्षरणाच्चुल्लीस्थाग्निविराधना स्यादित्यघट्टितकर्णत्वं विशेषणं। अत्युष्णे चेक्षुरसादौ गृह्यमाणे दात्र्या स्थाल्यादेर्भाजनस्य दानायोत्पाटितस्य, साधुना तु वसतावानयनायोत्पाटितस्य पतद्‌ग्रहस्य दाहकतया डगिति भूमौ क्षेपाद्‌भङ्‌गः स्यात्तथा कष्टेन ददती दात्री साधुपतद्‌ग्रहे देयं प्रक्षिप्तुमशक्नुवती बहिरुज्झेत। एवं च पृथिव्यादिविराधना स्यादिति।

**卐 वायुवनस्पतिकायेऽनन्तरपरम्परनिक्षेपसंभवः 卐**

वातेऽनन्तरनिक्षिप्तं वातोत्पाटिताः शुष्कवल्लमुद्‌गादिकोशरूपा पर्प्पटिकाः स्युः शालिपर्प्पटादि च यद्येनोत्पाट्यते तत्तत्रनिक्षिप्तमुच्यते इति विवक्षया वाते शुष्कपर्पटिकादीनां निक्षिप्तता। वाते

---

જે રીતે, જેમ ગોળથી ખરડાયેલ પીઠર વગેરેમાં રહેલની વાત કરી, એજ રીતે અન્ન = રાંધેલઅનાજ વગેરેથી ખરડાયેલ તપેલામાં રહેલું ઈષત્તપ્ત પાણી વગેરેનું ગ્રહણ પણ કલ્પ્ય છે એ જાણી લેવું. [જેમકે કઢાઈ વગેરેમાં ભાત રાંધ્યા હોય, એમાંથી ભાત કાઢીલીધાબાદ થોડુંપાણી નાંખી દીધું હોય. ત્યારે રહી ગયેલા ભાંતના દાણાથી પાણી એકમેક = પરિણત થઈ જવાથી ઈષત્‌ગરમ પણ એ અચિત્ત થઈ જાય છે. એ ગ્રહણ કરી શકાય છે. અર્થાત્‌ આમ તો પાણી ત્રણ ઉકાળાવાળુ અતિગરમ થઈ જાય તો જ અચિત્ત બને છે છતાં અહીં બતાવ્યા પ્રમાણે ઈષત્તપ્ત પણ અચિત્ત બની જાય છે. છતાં વર્તમાનકાળે આ વ્યવહાર ચાલતો નથી અને ચલાવવો નહિ. इति श्री-जयघोषसूरयः]

અહીં કઢાઈ વિષે જે વિશેષણો મૂક્યા તેના કારણો આ પ્રમાણે જાણવા કે,

'पार्श्वावलिप्त' = કઢાઈ વગેરમાંથી ઈક્ષુરસ કાઢીને આપતા કદાચ જો એના બિન્દુ બહાર પડે તો તે બહારના ભાગમાં જે ઈક્ષુરસને ઉકાળવા માટે માટીનો લેપ લાગેલો હોય છે એની ઉપર જ પડે. પરન્તુ ચૂલાની મધ્યમાં રહેલ તેજસ્કાયમાં ન પડે તેથી તેજસ્કાયની વિરાધના થાય નહિં.

'अंघट्टितकर्ण' = ઈક્ષુરસ વગેરે તે કઢાઈ વગેરેમાંથી ગ્રહણ કરવા જતાં હાથનો કાંડો વગેરે કઢાઈના કિનારા વગેરે પર અથડાવાથી માટીનો લેપ ખરીને ચૂલાના અગ્નિ પર પડે, તેમાં અગ્નિવિરાધના થાય, એ ન થાય માટે 'अघट्टितकर्ण' વિશેષણ મૂક્યું.

'नात्युष्ण' = અત્યુષ્ણઈક્ષુરસ વગેરે લેવા જતાં દાત્રીનું તપેલી વગેરે ભાજન ગરમાશના લીધે ભૂમિ પર પડવાથી ભાંગી જાય અને વસતિ = ઉપાશ્રયમાં લાવવા માટે ઉપાડેલું પાત્રુ ગરમાશના લીધે સાધુના હાથથી નીચે પડવાથી ભાંગી જાય. અથવા તો કષ્ટપૂર્વક દાન આપતી દાત્રી, સાધુના પાત્રમાં દેયને નાંખવા અસમર્થ બનતાં પાત્રાની બહાર દેયવસ્તુ ઢોળાઈ જાય, એમ થવામાં પૃથ્વીકાયાદિની વિરાધના થાય.

**• વાયુકાય અને વનસ્પતિકાયમાં અનન્તર અને પરમ્પરનિક્ષેપનો સંભવ •**

**વાયુકાય :- અનંતરનિક્ષિપ્ત** :- વાયુથી ઊંચકાઈને રહેલા સુક્કા વાલ - મગ વગેરેના કોશ = પડ રૂપ જે પર્પ્પટિકા = પોપડી-ફળી હોય છે અને જે શાલિ-પર્પ્પટઆદિ વાયુથી ઉંચકાઈને રહ્યું હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परम्परनिक्षिप्तं वातोद्धूतवातभृतदृत्याद्युपरिस्थितं मण्डकादि वायोरुपरि बस्तिचर्म तदुपरि मण्डकादीतिकृत्वा। वनस्पत्यनन्तरनिक्षिप्तं सचित्तव्रीहिकादिहरितफलादिष्वपूपादि न्यस्तं, पिठ्ठरछप्पकादौ मण्डकापूपादि न्यस्तं पिठ्ठरादि च वनस्पताविति परम्परनिक्षिप्तं। बलीवर्दादिपृष्ठे न्यस्ता अपूपादयस्त्रसानन्तरनिक्षिप्तं। बलीवर्दपृष्ठे वस्त्रादिस्तब(क)रूपो भरकः कुतपादिर्वा न्यस्तस्तत्र च मण्डकादिकं निक्षिप्तमिति परम्परनिक्षिप्तमिति गाथार्थः।।८१।।

**अवतरणिका–** उक्तं निक्षिप्तद्वारमथ पिहितद्वारमाह।

**मूलगाथा– सचित्तचित्तपिहीए, चउभंगो तत्थ दुट्ठमाइतिगं।**
**गुरुलहुचउभंगिल्ले, चरिमे वि दुचरिमगा सुद्धा।।८२।।**

**संस्कृत छाया-** सचित्ताऽचित्तपिहिते, चतुर्भङ्गस्तत्र दुष्टमाऽऽदित्रिकम्।
गुरुलघुचतुर्भङ्गवति चरमेऽपि द्विचरमकौ शुद्धौ ।।८२।।

---

तेने विवक्षाએ અનન્તરનિક્ષિપ્ત કહેવાય છે.

**પરમ્પરનિક્ષિપ્ત** :- વાયુ ફૂંકીને વાયુથી ભરેલ મશકઆદિઉપર રહેલ મણ્ડકાદિને પરમ્પરનિક્ષિપ્ત કહેવાય છે.

**વનસ્પતિકાય :- અનન્તરનિક્ષિપ્ત** :- 'सचित्तव्रीहिक' = સચિત્તડાંગરઆદિ ધાન્ય કે લીલાફળ આદિ ઉપર 'अपूपादि' = પુરી-માલપૂડાવગેરે મૂકે તે અનન્તરનિક્ષિપ્ત છે.

**પરમ્પરનિક્ષિપ્ત** :- તપેલી કે છીબું વગેરે ઉપર મણ્ડક-પુરી વગેરે મૂકે અને તેને વનસ્પતિઉપર મૂકે તે પરમ્પરનિક્ષિપ્ત છે.

**ત્રસકાય :- અનન્તરનિક્ષિપ્ત** :- બળદવગેરેની પીઠ પર પુરી વગેરે મૂકે.

**પરમ્પરનિક્ષિપ્ત** :- બળદ વગેરેની પીઠ પર કપડા વગેરેથી બનેલો 'स्तबकरूपोभरकः' = કોથળો હોય અથવા કુતુપવિગેરે હોય અને તેમાં મણ્ડકાદિ મૂકે.॥૮૧॥

**અવતરણિકા** :- આ પ્રમાણે નિક્ષિપ્તદ્વાર કહ્યું. હવે પિહિતદ્વાર કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **सचित्त** = સચિત્તવસ્તુથી, **अचित्त** = અચિત્તવસ્તુથી, **पिहीए** = ઢાંકવામાં, **चउभंगो** = ચારભાંગા, **तत्थ** = તે ચારભાંગામાં, **दुट्ठं** = નહિગ્રહણકરવાલાયક, **आइतिगं** = પ્રથમ ત્રણભાંગા, **गुरुलहु** = ભારે અને હલકાના, **चउभंगिल्ले** = ચારભાંગાવાળા, **चरिमे** = છેલ્લાભાંગામાં, **अवि** = પણ, **दुचरिमगा** = બીજો અને છેલ્લો, **सुद्धा** = શુદ્ધ છે.॥૮૨॥

**મૂળગાથા-ગાથાર્થ** :- સાધુને આપવામાટે અશનાદિ સચિત્ત અથવા અચિત્ત એવા બે પ્રકારના દ્રવ્યથી ઢાંકેલ હોય અને આપવાનું અશનાદિ પણ સચિત્ત અથવા અચિત્ત હોય એટલે આપવાનું દ્રવ્ય અને ઢાંકવાની વસ્તુના સચિત્ત અને અચિત્ત એ બે પદના યોગે, ચારભાંગા થાય. એ ચારભાંગામાંથી પ્રથમના બે ભાંગામાં આપવાની વસ્તુ જ સચિત્ત હોવાથી અને ત્રીજી ભાંગામાં આપવાની વસ્તુ અચિત્ત હોવા છતાં સચિત્તથી ઢાંકેલ હોવાથી તેમાં સંઘટ્ટાદિની વિરાધના હોવાથી તે ત્રણે ભાંગા દુષ્ટ છે એટલે તે ત્રણભાંગાવાળી વસ્તુ લેવી કલ્પે નહિ. ચોથોભાંગો શુદ્ધ હોવા છતાં પણ તેમાં આપવાની વસ્તુ ભારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 सचित्ताऽचित्तपिहिते चतुर्भङ्गः, तृतीयभङ्गेऽनन्तरपरंपरपिहितसंभवश्च 卐

**व्याख्या**- इह पिहितस्य साध्यत्वात् परिहार्यापरिहार्यविभागं विना सामान्येन सचित्तेऽचित्ते वा पिहिते वस्तुनीति गम्यते। कीदृशे इत्याह। सचित्तं सजीवमचित्तं निर्ज्जीवं पृथिव्यादि, ततः सचित्तं चाचित्तं च ताभ्यां पिहितं स्थगितं, कस्मिन् किमित्याह-'चउभंगो'त्ति सचित्ताचित्तपदद्वयेन चतूरूपो भङ्गश्चतुर्भङ्गः भङ्गचतुष्टयं स्यादित्यर्थः। सचित्तेन सचित्तं पिहितं। तत्र सचित्तमृत्तिकादिना सचित्तं मृत्तिकादिकमवष्टब्धमित्यर्थः। तथा अचित्तेन सचित्तं, सचित्तेनाचित्तं, अचित्तेनाचित्तं पिहितमिति। अत्राप्यनन्तरपरम्परपिहितता अनुक्तापि दृश्या। (ग्रं० ३५००) तेन तृतीयभङ्गं प्रतीत्याचित्तदेयद्रव्यभावात्सचित्तेनाऽनन्तरपरम्परपिहितसम्भवो विभाव्यते। यथा सचित्तमृत्तिकादिनाऽवष्टब्धमण्डकादिकं सचित्तपृथ्वीकायानन्तरं पिहितं, सचित्तमृत्तिकागर्भछज्जिकादिनाऽवष्टब्धं तु सचित्तपृथ्वीकायपरम्परपिहितं। तथा हिमादिनाऽवष्टब्धं तदेव सचित्ताप्कायानन्तरपिहितं, हिमादिगर्भछज्जि-

---

કે હલકી હોય અથવા આપવાની વસ્તુ કે ભાજન ઉપર જે ઢાંકેલ હોય તે ભારે અથવા હલકું હોય તેથી તેના યોગે પણ ચારભાંગા બને. એ ચારભાંગામાંથી બીજા અને ચોથાભાંગામાં હલકું ઢાંકણ હોવાથી ઉપાડીને આપવામાં દાતારને અનર્થ થવાનો સંભવ નહિ હોવાથી શદ્ધ છે અને તેથી ગ્રાહ્ય છે.॥૮૨॥

**સામાન્યજ્ઞાન** :- 'निक्षिप्त' = ગ્રાહ્યવસ્તુની નીચે સચિત્ત કે અચિત્ત પૃથ્વીકાયઆદિ હોય. અર્થાત્ કોક વસ્તુની ઉપર ગ્રાહ્યવસ્તુ મૂકેલી હોય.

'पिहित' = ગ્રાહ્યવસ્તુની ઉપર સચિત્ત કે અચિત્ત પૃથ્વીકાયઆદિ હોય. અર્થાત્ પૃથ્વીકાયાદિ ગ્રાહ્યવસ્તુની ઉપર ઢાંકેલાં હોય.

**● સચિત્ત અને અચિત્તપિહિતમાં ચતુર્ભંગી અને ત્રીજાભાંગામાં અનન્તર અને પરંપરપિહિતનો સંભવ ●**

**વ્યાખ્યાર્થ** :- અહીં પિહિતની સાધના કરવાની હોવાથી, એટલે કે પિહિતની વાતજ મુખ્યપણે કરવાની હોવાથી પરિહાર્ય-અપરિહાર્યનો વિભાગ કર્યા વિના જ સામાન્યથી સચિત્ત કે અચિત્ત પિહિત વસ્તુની વાત કરવામાં આવે છે અર્થાત્ 'સચિત્તપિહિત છે માટે છોડી દેવું' વગેરે કોઈ પણ વાત શરૂઆતમાં કર્યા વિના સામાન્યથી સચિત્ત-અચિત્તપિહિતની વાત કરવામાં આવે છે એમ જાણવું.

વસ્તુ કેવા પ્રકારની છે ? તે કહે છે, 'सचित्ताचित्त पिहीए' = 'सचित्त-अचित्त पिहिते' = 'सचित्तं' = સજીવ, 'अचित्तं' = નિર્જીવ એવી પૃથ્વી વગેરે, તે સચિત્ત અને અચિત્તથી પિહિત = 'स्थगित' = ઢાંકેલું એટલે કે ગ્રાહ્યવસ્તુને સચિત્ત કે અચિત્તવસ્તુથી ઢાંકે. શેમાં, શું પિહિત થાય ? તે કહે છે, એમાં, 'चउभंगो' = 'चतुर्भङ्गः' = ચારભાંગા થાય છે.

(૧) સચિત્તવડે સચિત્તપિહિત. જેમકે, સચિત્તમાટી વગેરે દ્વારા સચિત્તમાટીઆદિ ઢાંકવામાં આવે.

(૨) અચિત્તવડે સચિત્તપિહિત (૩) સચિત્તવડે અચિત્તપિહિત અને (૪) અચિત્તવડે અચિત્તપિહિત.

અહીં અનન્તર અને પરમ્પરપિહિતપણું કહ્યું નથી છતાં પણ એને અધ્યાહરથી સમજી લેવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कादिनावष्टब्धं तु सचित्ताप्कायपरम्परपिहितं। तथा यद् इड्डरिकाद्युपरिन्यस्तदह्यमानहिङ्ग्वादिकेनाङ्गारेण वास्यते मण्डकादिकं चोपरिस्थिताङ्गारं तत्तेजस्कायानन्तरपिहितं। यन्मण्डकादि भाजनस्थमुपरिस्थिताग्निकशरावेणान्यद्वोपरिन्यस्ताङ्गारठिक्करिकादिना यत्स्थगितं तत्तेजस्कायपरम्परपिहितं। तथा यदिड्डरिकाद्युपरिन्यस्ताङ्गारं तद्वायुनाप्यनन्तरपिहितं यत्राग्निस्तत्र वायुरितिवचनादिह स्पर्शमात्रेणैव विवक्षया पिहितत्वं ज्ञेयम्। यद्भाजनस्थं मण्डकादि वायुभृतबस्तिना पिहितं तदधो मण्डकादि तदुपरि बस्तिचर्म तदुपरि वात इतिकृत्वा परम्परवायुपिहितं। तथा मण्डकादि पत्रबीजपूरकादिफलादिना स्थगितं वनस्पत्यनन्तरपिहितं। तथा मण्डकादि मध्यस्थितफलादिशरावच्छज्जिकादिना पिहितं परम्परपिहितं, तदेव मण्डकाद्युपरि सञ्चरत्कीटिकाकुन्थुयुक्तं त्रसानन्तरपिहितं। तदेवोपरिस्थितकीटिकादिकशरावादिना पिहितं परम्परपिहितं। अत्र परिहार्यापरिहार्यविधिमाह। तत्र तेषु चतुर्भङ्गेषु मध्ये

ઉપરોક્ત ચતુર્ભંગીમાં ત્રીજા ભાંગાને આશ્રયીને અચિત્ત દેયદ્રવ્ય પર સચિત્ત અનન્તર અને પરમ્પર પિહિતનો સંભવ દર્શાવાય છે.

**પૃથ્વીકાય** :- સચિત્તમાટીઆદિથી ઢાંકેલ મણ્ડકવગેરે = અનન્તરસચિત્તપૃથ્વીકાયપિહિત.

સચિત્તમાટી યુક્ત ઢાંકણાઆદિથી ઢાંકેલ મણ્ડકવગેરે = પરમ્પરસચિત્તપૃથ્વીકાયપિહિત.

**અપ્કાય** :- હિમ = બરફઆદિથી ઢાંકેલ મંડકવગેરે = અનન્તરસચિત્તઅપ્કાયપિહિત છે. હિમ = બરફઆદિ યુક્ત ઢાંકણાથી ઢંકાયેલ મંડકઆદિગ્રાહ્યવસ્તુ = પરમ્પરસચિત્તઅપ્કાયપિહિત.

**તેજસ્કાય** :- 'इड्डरिका' = હાંડવા વગેરે ઉપર હિંગ નાખેલ અંગારો મૂકીને એને એનાથી વાસિત કરે અર્થાત્ વઘાર કરે અથવા મંડકાદિઉપર અંગારો હોય = અનન્તરસચિત્તતેજસ્કાયપિહિત છે.

ભાજનમાં રહેલ મંડકાદિપર, અગ્નિવાળો શરાવ = કોડીયું જેમકે દેરાસરમાં દશાંગધૂપાદિ કરતી વખતે અંગારાથી યુક્ત જે કોડીયું હોય છે તેવું, ઢાંકવામાં આવે. અથવા તો અંગારાવાળા બીજાકોઈ ઠીકરાદિથી જે ઢાંકવામાં આવે = પરંપરસચિત્તતેજસ્કાયપિહિત છે.

**વાયુકાય** :- જે હાંડવા વગેરે ઉપર અંગારો આવે તેમાં વાયુથી પણ સચિત્તઅનન્તરપિહિત થાય છે, કારણ કે '**यत्राग्निस्तत्र वायुरिति वचनात्**' = જ્યાં અગ્નિ હોય ત્યાં વાયુ હોય છે એવું શાસ્ત્રનું વચન છે. અહીં વાયુના સ્પર્શમાત્રની વિવક્ષા દ્વારા પિહિતપણું જાણવું.

જે ભાજનમાં રહેલ મંડકાદિ વાયુથી ભરેલ મશકથી ઢંકાયેલ હોય તે સચિત્તપરંપરવાયુકાય પિહિત છે. કા.કે, વાયુ અને મંડકાદિવચ્ચે મશકનું ચામડું છે. એ રીતે પરંપર પિહિત જાણવું.

**વનસ્પતિકાય** :- મંડકાદિને પત્ર = પાંદડા - બીજોરું વગેરે ફળઆદિથી ઢાંકે તે સચિત્તઅનન્તરવનસ્પતિકાયપિહિત છે. ફળાદિયુક્ત શરાવ કે ઢાંકણાવગેરે દ્વારા મંડકાદિ ઢાંકવામાં આવે તે સચિત્તપરમ્પરવનસ્પતિકાયપિહિત છે.

**ત્રસકાય** :- મંડકાદિ ઉપર સંચરતા ફરતાં કીડી-કન્થુઆ વગેરે હોય તે સચિત્તઅનન્તરત્રસકાયપિહિત છે. મંડકાદિઉપર કીડીવગેરેવાળું શરાવવગેરે ઢાંકે તે સચિત્તપરમ્પરત્રસકાયપિહિત છે.

હવે પરિહાર્ય-અપરિહાર્યવિધિને જણાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दुष्टं दोषवदकल्प्यमित्यर्थः। किं तदित्याह आदित्रिकमाद्यं भङ्गत्रयं। (दुष्टम) ग्राह्यमेव सचित्तं स्यादिति दोषात्सचित्तसङ्घट्टादिकदोषाच्च। नवरं यद्यपि सामान्येन दुष्टमादित्रिकमित्युक्तं, तथापि तृतीयभङ्गेऽप्यनन्तरपिहितमेव, परम्परपिहितं तु यतनया ग्राह्यमिति ज्ञेयम्।

**卐 चतुर्थभङ्गेऽपि गुरुलघुपदद्वयेन चतुर्भङ्गः, तत्र द्वितीयचतुर्थौ शुद्धौ 卐**

तथा सामर्थ्याच्चतुर्थो ग्राह्यस्तत्रापि गुरुलघुपदद्वयेन चतुर्भङ्गः स्याद्यथा गुरुकं गुरुकेण, गुरुकं लघुकेन, लघुकं गुरुकेण, लघुकं लघुकेन पिहितमिति। तत्र गुरु भारिकं देयं जलार्द्रसक्तुकपिण्डादि महद्देयद्रव्यभाजनं वा गुरुणा भारिकेण प्रहेडकादिना पिहितमित्यर्थः १। तथा गुरुकमुक्तरूपं लघुकेनाल्पभारेण स्थगनिकादिना २। तथा लघुकं मण्डकादि स्तोकभारं देयद्रव्यभाजनं वा गुरुकेण पूर्वोक्तेन ३। तथा लघुकमुक्तरूपमेव लघुकेन स्थगनिकादिनैव पिहितमित्यर्थः ४। अत्र च ग्रहणं प्रति भजना। अत एवाह-गुरुलघुपदाभ्यां चतुर्भङ्गो विद्यते यत्र स गुरुलघुचतुर्भङ्गवान् प्राकृते इल्लप्रत्ययस्य मतुबर्थत्वात् तस्मिन्। चरमेऽपि अचित्तेनाचित्तं पिहितमित्येतस्मिंश्चतुर्थेऽपि भङ्गके

---

'तत्थ' = 'तत्र' = તેમાં, એટલે કે તે ચતુર્ભંગીમાં, 'दुट्ठं' = 'दुष्टं' = દોષવાળું = અકલ્પ્ય છે. તે કયા = કેટલા ભાંગા અકલ્પ્ય છે ? તે કહે છે, 'आइतिगं' = 'आदि-त्रिकम्' = પ્રથમ ત્રણભાંગા દુષ્ટ છે = અગ્રાહ્ય જ છે, કારણ કે એમાં ગ્રાહ્યવસ્તુ પોતેજ સચિત્ત છે અને એમાં સંઘટ્ટો વગેરે દોષ લાગે છે.

જોકે, સામાન્યથી પહેલા ત્રણભાંગા દુષ્ટ છે એમ કહ્યું છે તો પણ તૃતીયભાંગામાં અનન્તર પિહિત જ દુષ્ટ છે પરન્તુ પરમ્પરપિહિત તો યતનાપૂર્વક ગ્રાહ્ય છે એમ જાણવું.

**● ચોથાભાંગામાં પણ ગુરુ અને લઘુ આ બે પદોની ચતુર્ભંગી, તેમાં બીજો-ત્રીજો શુદ્ધ છે ●**

તથા, પ્રથમ ત્રણભાંગા અગ્રાહ્ય છે એમ કહેવાદ્વારા ચોથોભાંગો એ ગ્રાહ્ય છે એમ જણાઈ જાય છે. તેમાં પણ 'ગુરુ' અને 'લઘુ' એમ બે પદોથી પિહિતની ચતુર્ભંગી થાય છે.

**ચતુર્ભંગી** :- (૧) ગુરુ એવું જળાર્દ્રસક્તુક = સાથવાના પિણ્ડાદિ = પાણીમાં પલાળી ભીનો કરેલ પિણ્ડ વગેરે દેયવસ્તુ અથવા દેયવસ્તુ જેમાં છે એ ગુરુભાજન, ગુરુ = ભારેખમ એવા પત્થર કે લોખંડના ગોળા વગેરથી ઢાંકવામાં આવે.

(૨) ગુરુને લઘુ = ઓછાવજનવાળા ઢાંકણાવગેરેવડે ઢાંકવામાં આવે.

(૩) લઘુ = ઓછાવજનવાળા મંડકાદિ અથવા ઓછાવજનવાળા દેયદ્રવ્યયુક્ત ભાજનને ગુરુવડે ઢાંકવામાં આવે.

(૪) લઘુને લઘુ = ઓછાવજનવાળા ઢાંકણાવગેરેવડે ઢાંકવામાં આવે.

આં ચારેય ભાંગામાં ગ્રહણને આશ્રયીને ક્યારે - કયું ગ્રહણ થાય એમાં વિકલ્પ = ભજના છે. એટલે જ કહે છે, 'गुरुलहु-चउभंगिल्ले' = 'गुरुलघु-चतुर्भंगवति' = ગુરુ-લઘુના ચારભાંગામાં. પ્રાકૃતમાં 'इल्ल' પ્રત્યય એ 'मतुप्' ના અર્થમાં છે. અહીં તેની સપ્તમી એકવચન લેવાની છે. 'चरिमे वि' =

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इत्यर्थः। न केवलं सचित्ताचित्तपदोत्थचतुर्भङ्गे आदित्रिकं दुष्टं चतुर्थश्च शुद्ध इत्यपेरर्थः, यद्वा किल चरमः शुद्धस्ततस्तत्रापीति शुद्ध्यशुद्धिविस्मयद्योतकोऽपिशब्दः। द्वितीयश्च चरमकश्च तीयलोपात् द्विचरमकौ द्वितीयचतुर्थौ शुद्धौ भक्तादिग्रहणं प्रति निर्दोषौ। लघुपिधानोत्पादनेन दातुरनर्थाऽसम्भवात्। पारिशेष्यात्प्रथमतृतीयभङ्गावशुद्धावेतयोरग्राह्यं भक्तादीत्यर्थः, गुरुद्रव्यस्योत्पाटितस्य पातेन पादादि-भङ्गसम्भवादिति गाथार्थः।।८२।।

**अवतरणिका–** उक्तं पिहितद्वारमथ संहृतद्वारं व्याचिख्यासुः पूर्वार्द्धेन संहृतलक्षणमुत्तरार्द्धेन तद्भङ्गादिकं चाह।

**मूलगाथा–** **खिवियन्नत्थमजोग्गं, मत्ताउ तेण देइ साहरियं।**
**तत्थ सचित्ताचित्ते, चउभंगो कप्पइ उ चरमे।।८३।।**

संस्कृतछाया– क्षिप्त्वाऽन्यत्रमयोग्यं मात्रकात्तेन ददाति संहृत्य।
तत्र सचित्ताऽचित्ते चतुर्भङ्गः कल्पते तु चरमे ।।८३।।

'चरमेऽपि' = અચિત્તવડે અચિત્તપિહિત એ ચોથાભાંગામાં પણ અહીં 'अपि' = પણ શબ્દથી બે અર્થ સૂચિત થાય છે. (૧) 'न केवलं' = 'માત્ર એવું નથી' ના અર્થમાં છે. અર્થાત્ સચિત્ત અને અચિત્ત પદથી બનેલ ચતુર્ભંગીમાં પ્રથમ ત્રણભાંગા દુષ્ટ છે અને ચોથોભાંગો શુદ્ધ છે આટલું જ નથી પરન્તુ બીજું પણ છે. એવો અર્થ સૂચિત થાય છે. અથવા (૨) ચોથોભાંગો શુદ્ધ તો છે, છતાંય તેમાં પણ શુદ્ધિ અને અશુદ્ધિ છે એમ 'अपि' એ વિસ્મયદ્યોતક = વિસ્મયનાં અર્થમાં છે.

'दुचरिमगा सुद्धा' = 'द्विचरमकौ शुद्धौ' = અહીં પ્રાકૃતમાં 'तीय' પ્રત્યયનો લોપ થયો છે માટે 'द्वितीय-चरमकौ' = 'दुइयाचरिमगा' = બીજો અને ચોથોભાંગો શુદ્ધ છે. એમ અર્થ કરવો.

અર્થાત્ બીજો અને ચોથો ભાંગો ભક્તાદિ ગ્રહણને આશ્રયીને નિર્દોષ છે. કારણ કે હલ્કાવજનવાળું ઢાંકણું ઉપાડવામાં દાતાના અનર્થનો અસંભવ છે. 'पारिशेषन्याय' થી એટલે કે શેષ રહેલ પ્રથમ અને ત્રીજોભાંગો અશુદ્ધ છે = ભક્તાદિને આશ્રયીને અગ્રાહ્ય છે. કારણ કે એમાં જેનાથી ઢંકાયેલ છે તે ઢાંકણ વગેરે વજનદાર હોવાથી એને ઉપાડવા જતાં એ નીચેપડે તો પગ વગેરે ભાંગી જાય વગેરે અપાયોનો સંભવ છે.॥૮૨॥

**અવતરણિકા** :- આમ પિહિતદ્વાર કહ્યું. હવે, 'संहृतद्वार' ને કહેવાની ઈચ્છાવાળા મૂળગ્રન્થકાર, શ્લોકના પૂર્વાર્ધદ્વારા સંહૃતનું લક્ષણ અને ઉત્તરાર્ધદ્વારા તેના ભાંગા વગેરેને કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **खिविय** = નાંખીને, **अन्नत्थं** = બીજે, **अजोग्गं** = અયોગ્ય, **मत्ताउ** = ભાજનમાંથી, **तेण** = તે ભોજનવડે, **देइ** = આપે, **साहरियं** = સંહૃતનામનો દોષ, **तत्थ** = તે સંહૃતદોષમાં, **सचित्ताचित्ते** = સચિત્ત અને અચિત્તવસ્તુના યોગે, **चउभंगो** = ચારભાંગા, **कप्पइ** = કલ્પે, **उ** = તો, **चरमे** = છેલ્લાભાંગે.॥૮૩॥

**મૂળગાથા-ગાથાર્થ** :- સાધુને આપવામાટે અયોગ્ય સચિત્ત અથવા અચિત્તવસ્તુ જે ભાજનમાં રહેલ હોય તે ભાજનમાંથી તે અયોગ્યવસ્તુ બીજી સચિત્તવસ્તુમાં અથવા બીજાભાજનમાં નાંખીને તે ખાલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 संहृतस्य स्वरूपम् 卐

**व्याख्या**- येन केनचिन्मात्रकेण दात्री साधवेऽशनादिकं दास्यति, तत्र यदि साधोरयोग्यमकल्पनीयतया सचित्तं पृथिव्यादिकं दानानुचिततया तुषादिकं वा स्यात्तदयोग्यं तस्मान्मात्रात् करोटकादिस्वभाजनादन्यत्र पृथ्वीकायादौ सचितेऽचित्ते वा स्थाल्यादिभाजनादौ वा क्षिप्त्वा मध्ये निधाय यदशनाद्यन्यदवधारणयोजनात्तेनैव मात्रकेण रिक्तीकृतेन ददाति साधवे यच्छति तदशनादि संहृतं स्यान्मात्रकस्थभक्तादेरन्यत्र संहरणेन, मात्रकस्य संहृतधर्म्मयोगस्तद्योगाद्दीयमानमपि संहृतं स्यात् मात्रकस्थमयोग्यं संहृत्य तेनैव दत्तत्वादितिकृत्वा।

卐 संहृते सचित्ताऽचित्तपदद्वयस्य चतुर्भङ्गः 卐

કરેલા ભાજનવડે સાધુને બીજું જે યોગ્ય અશનાદિ આપવામાંઆવે તે અશનાદિ સંહૃતદોષવાળું બને. આ દોષમાં પણ પિહિતની જેમ સચિત્ત અને અચિત્ત વસ્તુના યોગે ચતુર્ભંગી બને. એ ચાર ભાંગામાંથી છેલ્લોભાંગો શુદ્ધ છે તો પણ તેમાં ભજના બતાવે છે.॥૮૩॥

**• સંહૃતનું સ્વરૂપ •**

**વ્યાખ્યાર્થ** :- 'खिवियन्नत्थमजोग्गं मत्ताउ' = 'क्षिप्त्वा अन्यत्रम् अयोग्यं मात्रकात्' = માત્રકમાંથી = વાટકાવગેરે ભાજનમાંથી દેય = દેવામાટે અયોગ્ય વસ્તુને બીજે ક્યાંય મૂકીને. આ વાતને વિસ્તારથી જણાવે છે.

દાત્રી તો જે કોઈ માત્રક = સાધન દ્વારા સાધુને અશનાદિ આપવાની હોય છે. તેમાં જો સાધુને અકલ્પ્ય એવું પૃથ્વીકાય વગેરે સચિત્ત હોય, અથવા દાનમાટે અનુચિત એવા તુષ = ફોતરા વગેરે હોય તો તે અયોગ્યને, તે માત્રકમાંથી = વાટકા વગેરે પોતાના ભાજનમાંથી સચિત્ત કે અચિત્ત એવી પૃથ્વીકાયાદિ ઉપર કે થાળી વગેરે ભાજનાદિમાં, 'साहरियं' = 'संहृत्य' = સંહરણ કરીને = નાખીને, 'तेण' = 'तेन' અહીં અવધારણ લગાડવો અર્થાત્ તે ખાલી કરેલ માત્રક દ્વારા જ, 'देइ' = 'ददाति' = સાધુને જે અશનાદિ આપે છે તે અશનાદિ સંહૃત બને છે. કારણ કે એ માત્રકમાં રહેલ ભક્તાદિને અન્યત્ર લઈ જવાયા છે. સંહૃત એ માત્રકનો ધર્મ બને છે. એટલે કે માત્રકનું કાર્ય આ છે કે એનાથી વસ્તુ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવાય છે. એટલે એ માત્રકમાં રહેલ દેયવસ્તુ પણ સંહૃત બને છે = કહેવાય છે. કારણ કે માત્રકમાં રહેલ અયોગ્યવસ્તુને સંહરીને = બીજે ક્યાંક મૂકીને તે જ માત્રક દ્વારા સાધુનેયોગ્ય દેયવસ્તુ અપાઈ છે.

'तत्थ' = 'तत्र' = તે સંહૃતમાં, જે ભાજન દ્વારા દાત્રી આપે છે તે ભાજનમાં રહેલ ભક્તાદિને બીજે મૂકવામાં, 'सचित्ताचित्ते' = સજીવ અને નિર્જીવવસ્તુને જણાવનારા 'सचित्त' અને 'अचित्त' આ બે પદોનેં આશ્રયીને, 'चउभंगो' = 'चतुर्भङ्गः' = ચારભાંગા થાય છે. અહીં મિશ્રનામક ત્રીજા ભાંગાનો સચિત્તમાં જ અન્તર્ભાવ થયો હોવાથી એની ગણના કરવામાં આવી નથી. અહીં 'अचित्त' એટલે અયોગ્ય એવા તુષાદિ જાણવા.

**સચિત્ત અને અચિત્તની ચતુર્ભંગી** :- (૧) સચિત્તમાં સચિત્ત સંહૃત. જેમકે-સચિત્ત એવી પૃથ્વીકાયાદિમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्र तस्मिन् संहृते येन भाजनेन दास्यति तत्रस्थस्य भक्तादेरन्यत्र क्षेपणे, सचित्ताचित्ते सजीव-निर्ज्जीववस्त्वभिधायके द्वे पदे आश्रित्य सचित्ताचित्तपदाभ्यामित्यर्थः, मिश्रस्य सचित्त एवान्तर्भा-वाच्चतुर्भङ्गो भङ्गचतुष्टयं स्याद्यथा- सचित्ते सचित्तं १ अचित्ते सचित्तं २ सचित्ते अचित्तं ३ अचित्ते अचित्तं ४ संहृतमिति। तत्र सचित्ते पृथ्वीकायादौ सचित्तं पृथ्वीकायादि संहृतमित्यर्थः, अचित्तं चायोग्यं तुषादि ज्ञेयं। इह चाद्यभङ्गत्रये ग्राह्यवस्तु सचित्तभावात्सचित्तसङ्घट्टादिदोषाच्चा-कल्पनीयतैव नवरं प्रस्तुतसंहृतदोषस्य तृतीयभङ्गेऽवतारो ज्ञेयस्तथाऽनन्तरपरम्परताऽत्र न व्याख्येया, संहरणस्य परम्परतया अघटनात्। तथा कल्पते तु, भक्तादि ग्राह्यम् पुनः स्यात्, 'चरमे' चतुर्थभङ्गे इति गाथार्थः।।८३।।

**अवतरणिका**— नवरं चतुर्भङ्गेऽपि भजनया कल्पनीयतेत्याह।

**मूलगाथा— तत्थवि य थोवबहुयं, चउभंगो पढमतईयगाइण्णा।**
**जइ तं थोवाहारं, मत्तगमुक्खिविय वियरेज्जा।।८४।।**

**संस्कृतछाया— तत्राऽपि च स्तोकबहुकं चतुर्भङ्गः प्रथमतृतीयावाऽऽचीर्णौ।**
**यदि तत्स्तोकाधारं मात्रकमुत्पाट्य वितरेत् ।।८४।।**

---

સચિત્ત એવી પૃથ્વીકાયાદિ સંહૃત થાય.

(૨) અચિત્તમાં સચિત્ત સંહૃત. જેમકે અચિત્તતુષાદિમાં સચિત્તપૃથ્વીકાયાદિ સંહૃત થાય.

(૩) સચિત્તમાં અચિત્ત સંહૃત. જેમકે સચિત્તપૃથ્વીકાયાદિમાં અચિત્તતુષાદિ સંહૃત થાય.

(૪) અચિત્તમાં અચિત્ત સંહૃત. જેમકે અચિત્તતુષાદિમાં અચિત્તતુષાદિ સંહૃત થાય.

અહીં પ્રથમના ત્રણભાંગામાં ગ્રાહ્યવસ્તુ સચિત્ત હોવાથી અને સચિત્તનો સંઘટ્ટોઆદિ દોષો સંભવતા હોવાથી અકલ્પનીય જ છે. પરન્તુ પ્રસ્તુત સંહૃતદોષ તો ત્રીજા ભાંગામાં જ લાગે છે = એમાંજ અવતાર પામે છે એમ જાણવું. તેમજ અહીં 'अनन्तर'-'परम्पर' ની વ્યાખ્યા કરવાની નથી..કારણ કે સંહરણનું પરમ્પરપણું ઘટતું નથી.

'कप्पइ' = 'कल्पते तु' = કલ્પે છે = ભક્તાદિ ગ્રાહ્ય બને છે. શેમાં ? તે કહે છે, 'चरमे' = 'चतुर्थ-भङ्गे' = ચોથાભાંગામાં અર્થાત્ ચોથાભાંગામાં દેયવસ્તુ ગ્રાહ્ય બને છે.

**અવતરણિકા** :- હવે ચોથાભાંગામાં પણ વિકલ્પદ્વારા કલ્પનીયતાને-જણાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **तत्थवि य** = તે ચારભાંગામાં પણ, **थोवबहुयं** = થોડું અને વધારે એ રીતે, **चउभंगो** = ચારભાંગા, **पढम** = પહેલો, **तईयग** = ત્રીજો, **आइण्णा** = આચીર્ણ, **जइ** = જો, **तं** = તે, **थोवाहारं** = થોડા આધારવાળું, **मत्तगं** = ભાજન, **उक्खिविय** = ઉપાડીને, **वियरेज्जा** = આપે.

**મૂળગાથા-ગાથાર્થ** :- ચોથાભાંગામાં અચિત્તવસ્તુ અચિત્તમાં નાંખવામાં પણ નાંખવાની વસ્તુ અને જેમાં નાખવાનું હોય તે થોડું અથવા વધારે હોય એટલે તેના યોગે પણ ચારભાંગા થાય. એ ચાર ભાંગામાંથી પહેલા અને ત્રીજા ભાંગાની વસ્તુ ખાલી કરીને તે ભાજનવડે બીજું અશનાદિ આપે તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 **संहृते चतुर्भङ्गमध्ये चतुर्थभङ्गे स्तोकबहुपदद्वयस्य चतुर्भङ्गस्तत्रापि प्रथमतृतीयावाऽऽचीर्णौ** 卐

**व्याख्या**- तत्रापि तस्मिन्नपि चरमभङ्गेऽचित्तेऽचित्तं संहृतमित्येवंरूपे, चः पुनरर्थे, न केवलं सामान्यसंहृते, सचित्ताचित्तपदोत्थचतुर्भङ्ग इत्यपेरर्थः। किमित्याह। स्तोकबहुलक्षणे ये पदे शब्दरूपे ताभ्यां चतुर्भङ्गो विकल्पचतुष्टयं स स्यात्। यथा स्तोके स्तोकं, स्तोके बहुलं, बहुके स्तोकं, बहुके बहुकं संहृतमिति। तत्र स्तोकं स्वल्पं, बहुकं प्रचुरमुच्यते। तथा यत् संह्रियमाणं यन्मध्ये संह्रियते च ते द्वे अपि वस्तुनि शुष्के वा स्यातामार्द्रे वा तत्र शुष्कं पर्युषितं कूरादि, आर्द्रं तीमनादि। तत्रेह स्तोकबहुत्वे शुष्कार्द्रद्रव्यविशेषणतया दृश्ये। यथा स्तोकं बहुकं वा शुष्कं तथार्द्रमपि। अधुनैतेषु कल्प्याकल्प्यभजनामाह। 'पढमतईयगाइन्न'त्ति स्तोके स्तोकं बहुके (स्तोकं)

---

સાધુને કલ્પે. તેમાં પણ તે ખાલી કરેલું ભાજન હલકું હોય અને દાતાર ઉપાડીને આપી શકે તેમ હોય તો લેવું કલ્પે.॥૮૪॥

## ● સંહૃતનાં ચોથાભાંગામાં સ્તોક અને બહુ આ બે પદોની ચતુર્ભંગી, તેમાં પ્રથમ અને ત્રીજો ભાંગો આચીર્ણ છે ●

**વ્યાખ્યાર્થ** :- 'तत्थवि य' = 'तत्रापि च' = અચિત્તમાં અચિત્તસંહૃતસ્વરૂપ ચોથા ભાંગામાં પણ, અહીં 'च' એ 'पुनः' = 'વળી' નાં અર્થમાં છે. એટલે કે માત્ર સામાન્યસંહૃતમાં નહિ પરન્તુ સચિત્ત અને અચિત્તથી બનેલ ચારભાંગામાં પણ છેલ્લા ચોથા ભાંગામાં પણ, શું છે ? તે કહે છે, 'थोवबहुयं' = 'स्तोक-बहुभ्याम्' = સ્તોક અને બહુ. આ બે શબ્દરૂપ બે પદોથી, 'चउभंगो' = 'चतुर्भङ्गः' = ચતુર્ભંગી થાય છે. તે આ પ્રમાણે.

(૧) સ્તોકમાં સ્તોક સંહૃત (૨) સ્તોકમાં બહુ સંહૃત (૩) બહુમાં સ્તોક સંહૃત (૪) બહુમાં બહુ સંહૃત. અહીં 'स्तोक' = ઓછું = પ્રમાણમાં ઓછું અને 'बहु' = પ્રમાણમાં ઘણું એમ સમજવું.

સંહૃતકરાતું દ્રવ્ય અને જેમાં એ સંહૃત કરાય છે તે બન્ને વસ્તુ સુક્કી પણ હોય કે 'आर्द्र' = ભીની પણ હોય. 'शुष्क' = વાસીભાત વગેરે. 'आर्द्र' = 'तीमन' = દાળ, કઢી વગેરે પ્રવાહી દ્રવ્ય. 'સ્તોક' અને 'બહુ' ના 'શુષ્ક' અને 'આર્દ્ર' દ્રવ્યો વિશેષણ તરીકે જાણવા. અર્થાત્ સ્તોકદ્રવ્ય એ શુષ્ક અથવા આર્દ્ર હોય. 'બહુ' દ્રવ્ય એ શુષ્ક અથવા આર્દ્ર હોય.

હવે આ ભાંગાઓમાં કલ્પ્ય-અકલ્પ્યની ભજના = વિકલ્પ ને કહે છે.

'पढमतईयगाइण्णा' = 'प्रथमतृतीयौ आचीर्णौ' = પહેલોભાંગો સ્તોકમાં સ્તોકસંહૃત અને ત્રીજો ભાંગો બહુમાં સ્તોકસંહૃત આ બે ભાંગા આચીર્ણ છે એટલે કે ભિક્ષાગ્રહણમાં શુદ્ધ તરીકે અંગીકાર કરાયા છે. તેથી શુષ્ક એવા સ્તોક કે બહુમાં સ્તોક એવું આર્દ્રસંહૃત અને સ્તોક કે બહુ એવા આર્દ્રમાં સ્તોક એવું આર્દ્રસંહૃત. આ બે ગ્રહણમાટે આચીર્ણ છે કારણ કે એમાં સંહૃતકરાતું દ્રવ્ય આર્દ્ર હોવા છતાં પણ દાત્રીને સમજાવવા દ્વારા હાથધોવા વગેરે દોષોનું રક્ષણ કરી શકાય છે. અર્થાત્ "જો જો હાથ ન બગડે", "હાથ બગાડ્યા વિના લેજો", "ઢોળાય નહીં તેનું ધ્યાન રાખજો" ઈત્યાદિ જણાવવા દ્વારા દાત્રીના હાથ ન બગડે એવું કરી શકાય છે. અથવા અલ્પ હાથ બગડે તો તેને સમજાવવા દ્વારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संहृतमित्येतौ प्रथमतृतीयौ भङ्गावाचीर्णौ भिक्षाग्रहणे शुद्धतयाऽङ्गीकृतौ। तेन स्तोके बहुके वा शुष्के स्तोकमार्द्रं संहृतं। स्तोके बहुके वार्द्रे स्तोकमार्द्रं संहृतमित्याचीर्णग्रहणं। संह्रियमाणस्यार्द्रत्वेऽपि स्तोकत्वेन दात्र्याः प्रज्ञापनया हस्तधावनादिदोषस्य रक्षयितुं शक्यत्वात्। तथा स्तोके बहुके वा शुष्के शुष्कं स्तोकं संहृतं। तथार्द्रे स्तोके बहुके वा शुष्कं स्तोकं संहृतमित्यपि कल्पते उक्तदोषाभावात्। पारिशेष्यात् स्तोके बहुकं, बहुके बहुकं संहृतमिति द्वितीयचतुर्थावशुद्धाविति दृश्यं। तेन स्तोके बहुके वा शुष्के, स्तोके बहुके वार्द्रे बहुकमार्द्रं संहृतमित्यनाचीर्णग्रहणं। संह्रियमाणस्य बहुत्वेन दात्र्याः प्रज्ञापनया हस्तधावनादिदोषस्य रक्षितुमशक्यत्वात्। अनुज्ञातप्रथमतृतीयभङ्गयोरपि विशेषमाह। 'जइ तमि'त्यादि, यदीत्यभ्युपगमे तन्मात्रकमिति योगः। ततस्तद्देयं संहृतसत्कं स्थाल्यादिभाजन-

---

હાથધોવાવગેરે દોષો નિવારી શકાય છે.

તેમજ, સ્તોક કે બહુ એવા શુષ્કમાં શુષ્ક એવું સ્તોક સંહૃત થાય. તથા સ્તોક કે બહુ એવા આર્દ્રમાં શુષ્ક એવું સ્તોક સંહૃત થાય. એમાં પણ ઉપરોક્ત દોષનો અભાવ હોવાથી એ કલ્પે છે.

શેષ બીજો-ચોથો. આ બે ભાંગા = સ્તોકમાં બહુસંહૃત અને બહુમાં બહુસંહૃત એ અશુદ્ધ છે એમ જાણવા. અર્થાત્ સ્તોક કે બહુ એવા શુષ્કમાં અથવા સ્તોક કે બહુ એવા આર્દ્રમાં બહુ એવું આર્દ્ર સંહૃત એ અનાચીર્ણ છે. કારણ કે એમાં સંહૃતકરાતું દ્રવ્ય બહુ હોવાથી હાથ વધારે બગડવાથી દાત્રીને સમજાવવા દ્વારા હાથધોવા વગેરે દોષોનું રક્ષણ અશક્ય હોય છે.

હવે અનુજ્ઞાકરાયેલ પ્રથમ અને તૃતીયભાંગામાં પણ વિશેષવાત જણાવે છે.

'जइ तं' = 'यदि तत्' = જો તે. અહીં 'यदि' એ અભ્યુપગમ = સ્વીકારના અર્થમાં છે. 'હવે ધારો કે' એવા અર્થમાં છે, અને 'तत्' નો અન્વય 'मत्तगम्' = 'मात्रकम्' સાથે કરવો. એટલે કે 'હવે જો તે માત્રક'. આ જ વાતને વિગતવાર જણાવે છે.

સંહૃતકરાયેલ ભાજનસંબંધિ = ભાજનમાં લીધેલ દેયને આપવામાટે, તે દેય જેમાં રહેલું છે તે તપેલીવગેરે ભાજનને ઉપાડીને જો ભૂમિ પર લાવે અને પછી તે ભાજનને નમાવીને, તેમાં રહેલ વસ્તુને દાત્રી આપે, તો નીચે રહેલી ભૂમિ અને ભાજનની વચ્ચે કીટિકા વગેરેની વિરાધનાનો સંભવ છે.

(ભૂમિ પર જ નમાવીને આપવામાં તપેલી વગેરે સ્વસ્થપણે ભૂમિની જે જગ્યાએ અડેલા હોય તેને નમાવતા એ અડવાનું સ્થાન સરકતું જાય, એ સરકતી વખતે ત્યાંજ જો કોઈ કીટિકાદિ રહ્યા હોય તો તેનો નાશ થાય.)

કેવું માત્રક હોય તો વિરાધનાનો અસંભવ હોય ? તે કહે છે, 'जई तं थोवाहारं मैंत्तगम्' = 'यदि तत् स्तोकाधारं मात्रकं' = જો તે માત્રક સ્તોકાધારવાળું નાનું હોય. 'स्तोकाधार' = હાથથી માંડ ગ્રહણ કરી શકાય એટલો માત્ર નાનો આધાર = ઉપાડવામાં સહાયક એવો એનો આધાર હોય. અથવા એ પોતાનામાં ઓછી વસ્તુ જ ધારી શકતો હોય, તે ભારે વજનદાર નહિ એવા ઓછાભારવાળું હોય. 'स्तोकाधारमभारिकम्' = આમ કહેવા દ્વારા પૂર્વે જે સ્તોકનો અર્થ જણાવેલો એજ અર્થ અહીં વિશેષરૂપે કહેવાયો છે. અર્થાત્ પૂર્વે ઓછાવજનવાળા માત્રકને સ્તોક શબ્દથી સૂચિત કરેલ, તેનેજ અહીં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मुत्क्षिप्योर्ध्वमुत्पाट्य, भूमौ स्थितेन हि भाजनेनावनम्य तन्मध्यस्थिते वस्तुनि दात्र्या दीयमानेऽधोभूमिभाजनयोरन्तरे कीटिकाद्युपमर्दः सम्भवति। कथंभूतं तन्मात्रकमित्याह। स्तोको हस्तग्रहणमात्र आधारः साहाय्यं यस्य, स्तोकं वा वस्त्वासमन्ताद्धारयति यस्तत्स्तोकाधारमभारिकमित्यर्थः। अनेन स्तोकमित्येतल्लब्ध एवार्थो विशेषितः। उत्पाटनानन्तरं पुनः किं कुर्यादित्याह। वितरेद्दात्री दद्यान्मात्रकमध्यस्थं, संहृतं प्रकान्तं वस्तु तदा तत्संहृतं कल्प्यमिति शेषः। एतेन स्तोकसंहृतत्त्वेप्यन्यद्वस्तुदानाय यद्यभारिकं मात्रकमुत्क्षिप्य तद्ददाति तदा कल्पते।

**卐 गुरुभाजनं गुर्वाधारभाजनं वोत्पाट्य दीयमाने (संह्रियमाणे) दोषाः 卐**

यदि च प्रचुरसंह्रियमाणद्रव्ययुक्तं गुरुस्थाल्यादिकं रिक्तीकृत्यान्यद्वस्तुदानाय तदेवोत्पाट्यावनम्य वा तत्स्थमन्यद्द्रव्यं तेनैव ददाति तदा अकल्प्यमिति दोषसम्भवात्तथाहि तस्मिन् महाभाजने उत्क्षिप्यमाणे भूमौ निक्षिप्यमाणे च दातुः पीडा, भाजनभङ्गे च मदीयमनेन साधुना परमार्थतो भग्नमित्यादि। प्रद्वेषात्तद्द्रव्यान्यद्रव्यव्यवच्छेदं कुर्यात्तथा तद्भङ्गे तन्मध्यस्थितभक्तादिविकिरणे भूमिस्थजीववधः।

---

'ઓછાઆધારવાળા' વડે સૂચિત કરેલ છે. સ્તોકાધારવાળા માત્રકને શું કરે ? તે કહે છે, 'उक्खिविय' = 'उत्पाट्य' = ઉપાડીને, ઉપાડીને શું કરે ? તે કહે છે, 'वियरेज्जा' = 'वितरेत्' = દાત્રી આપે = માત્રકના મધ્યમાં રહેલી સંહૃતકરાયેલી એવી દેયવસ્તુ આપે. એટલે જે વસ્તુ ભાજનમાંથી સંહૃત કરે છે તે થોડી ભાજનમાં રાખી આપે ત્યારે તે સંહૃત કલ્પે છે.

આમ કહેવાદ્વારા આ વાત પણ સમજી લેવી કે, સ્તોકસંહૃતમાં પણ બીજા વસ્તુના દાનમાટે જો અભારિક = ઓછાવજનવાળું ભાજન ઉપાડીને તેમાં રહેલ દ્રવ્ય આપે, ત્યારે એ કલ્પે છે. એટલે કે ઉપર જે વાત કરી, તેમાં જે વસ્તુ સંહૃત થયેલ છે, તે જ વસ્તુ આપવાની વાત આવી અને અહીં તો સ્તોકમાત્રકમાંથી સ્તોક સંહૃતકરીને = અર્થાત્ એમાં વસ્તુ ઓછી જ હતી એને કાઢી નાંખીને વહોરાવવાની બીજીવસ્તુ તેમાં ભરીને તે જ માત્રક દ્વારા બીજી વસ્તુ દાનમાં આપે એ વાત આવી.

**• વજનદાર ભાજન કે વજનદાર આધારવાળું ભાજન ઉપાડીને આપે, તેમાં દોષો •**

વળી, જો સંહરણકરાતું પ્રચુરપ્રમાણવાળા દ્રવ્યવાળી મોટીતપેલી વગેરેને ખાલી કરીને એમાંજ નાંખેલી બીજી વસ્તુના દાન માટે, તેનેજ ઉપાડીને કે નમાવીને તેમાં રહેલ બીજું દ્રવ્ય, ઉપાડેલ તે માત્રકવડે જ આપે તો એ અકલ્પ્ય છે. કારણ કે એમાં દોષો રહેલા છે. જેમકે,

**સંયમવિરાધના** :- તે મહાભાજનને ઉપાડીને ભૂમિ પર મૂકતાં દાતાને પીડા થાય. જો એમ કરતાં ભાજન ભાંગી જાય તો 'પરમાર્થથી તો મારું ભાજન સાધુ દ્વારા જ ભંગાયું' ઈત્યાદિરૂપ પ્રદ્વેષથી ગૃહસ્થ તે જ અંપાતાં દ્રવ્ય કે બીજા કોક દ્રવ્યનો વ્યવચ્છેદ કરી દે અર્થાત્ એ દ્રવ્ય કે બીજું દ્રવ્ય આપવાનું જ બંધ કરી દે. તેમજ ભાજન ભાંગીપડતા એમાં રહેલ ભક્તાદિ = આહારપાણી વિખરાય જતા ભૂમિ પર રહેલા જીવોનો વધ થાય. આ સંયમવિરાધના થઈ.

**આત્મવિરાધના** :- જો એ ભાજન ગરમભક્તાદિથી = આહારપાણીથી યુક્ત હોય અને તે ભાંગી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उष्णभक्तादिभृततद्भङ्गे च साधोर्दातुश्च तन्मध्यस्थितभक्तादिना भूमौ विकीर्यमाणेन पादादिदाहः स्यादाहारलम्पटोऽयमिति साधोर्जनापवादश्चेति त्रिविधा विराधनेति गाथार्थः ।।८४।।

**अवतरणिका**— उक्तं संहृतद्वारमथ दायकद्वारं विवरीषुर्दोषदोषवतोरभेदाद्दायकान् गाथाचतुष्केणाह ।

**मूलगाथा**— १ २ ३ ४ ५ ६ ७ ८ ९
**थेरपहुपंडवेविरजरियंधवत्तमत्तउम्मत्ते ।**
१० ११ १२ १३ १४
**करचरणछिन्नपगलिय-नियलंडु य पाउयारूढो ।।८५।।**

संस्कृतछाया— १ २ ३ ४ ५ ६ ७ ८ ९
स्थविरऽप्रभु-पण्ड-वेपमान-ज्वरितांऽधाऽव्यक्त-मत्तोन्मत्ते ।
१० ११ १२ १३ १४
करचरणछिन्न-प्रगलित-निगडहस्तान्दुकबद्ध-पादुकारूढः ।।८५।।

卐 **दायकद्वारविवरणमष्टात्रिंशद्दायकप्रकाराश्च, तत्र स्थविर[१]दायके ददत्यग्राह्यं, ग्रहणे दोषाऽपवादौ** 卐

**व्याख्या**- 'थेर'त्ति । तत्र स्थविरो वृद्धः स च सप्ततेः षष्ठेरित्यन्ये वर्षाणामुपरिवर्ती तस्मिन्, सर्वत्र विभक्तिलोपात् स्थविरे ददति मुनयो भिक्षां न गृह्णन्तीति वक्ष्यमाणचतुर्थगाथाखण्डेनात्रोत्तरत्र

---

જાય તો એમાનું દ્રવ્ય નીચે વિખરાય જતા સાધુ કે દાતાના પગ વગેરેને દાહ થઈ જાય. આ આત્મવિરાધના થઈ.

**પ્રવચનવિરાધના** :- 'આ સાધુમહારાજ આહારના લંપટ છે' એમ લોકોમાં અપવાદ = નિંદા થાય. આ પ્રવચનવિરાધના થઈ. આ રીતે ત્રણે પ્રકારની વિરાધના થાય. આમ સંહૃતદ્વાર કહ્યું.॥૮૪॥

**અવતરણિકા** :- હવે 'दायकद्वार' ને કહેવાની ઈચ્છાવાળા મૂળકારશ્રી દોષ અને દોષવાળામાં અભેદ હોવાથી, દાયકોને ચારગાથાથી જણાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **थेरपहु** = વૃદ્ધ અને અપ્રભુ, **पंडवेविर** = નપુંસક અને કંપતો, **जरियंध** = તાવવાળો અને આંધળો, **अवत्त** = અવ્યક્તબાલ, **मत्तउम्मत्ते** = મત્ત અને ઉન્મત્ત, **करचरणछिन्न** = હાથ-પગ કપાયેલો, **पगलिय** = ગળતાં કોઢવાળો, **नियलंडु** = હાથ-પગમાં બેડીવાળો, **पाउयारूढो** = પાદુકા પહેરેલો.॥૮૫॥

**મૂળગાથા-ગાથાર્થ** :- નીચે જણાવેલ દાતારો જો આહારાદિ આપતાં હોય તો ઉત્સર્ગમાર્ગે સાધુઓને તે લેવા કલ્પે નહિ. (૧) વૃદ્ધ (૨) અપ્રભુ (૩) નપુંસક (૪) વેવિર - જેનું શરીર કંપાયમાન થતું હોય. (૫) જ્વરિત - તાવવાળો હોય. (૬) અંધ (૭) અવ્યક્ત- આઠવર્ષની અંદરનો બાળક (૮) મત્ત - મદિરા વગેરે પીધેલ. (૯) ઉન્મત્ત - મહાસંગ્રામાદિમાં જય મેળવવાથી ગર્વિત બનેલો અથવા કોઈ પ્રકારના ગ્રહથી ગ્રહિત. (૧૦) કરછિન્ન - હાથકપાયેલ. (૧૧) ચરણછિન્ન - પગકપાયેલ. (૧૨) પ્રગલિત - ગળતાંકોઢવાળો. (૧૩) નિયલંડુક - જેના પગમાં બેડી હોય અથવા જેના બન્ને હાથ લાકડાની કેડમાં હોય અર્થાત્ અન્દુકબદ્ધ હોય (૧૪) પાદુકારૂઢ - પગમાં પાદુકા-જોડા વગેરે પહેર્યા હોય.॥૮૫॥

● **દાયક દ્વારનું વિવરણ, દાયકના ૩૮ પ્રકારો. તેમાં, સ્થવિર[૧]દાયકના હાથે અગ્રાહ્ય છે, ગ્રહણમાં દોષ અને અપવાદ** ●

**વ્યાખ્યાર્થ** :- (૧) 'थेर' = 'स्थविरः तस्मिन्' = વૃદ્ધ. સીત્તેરવર્ષથી ઉપર, મતાંતરે સાઠવર્ષથી ઉપર ઉંમરવાળાને વૃદ્ધ કહેવાય છે. તે વૃદ્ધ દાન આપે તે મુનિઓ ભિક્ષા ગ્રહણકરતાં નથી. અહીં 'थेर-अपहु' વગેરે બધાં શબ્દોમાં સપ્તમીવિભક્તિ જાણવી. કારણ કે પ્રાકૃતભાષાના કારણે એનો લોપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

च योगः, अनेकदोषभावात्, तथाहि स्थविरो मुखनिर्यन्निष्ठीवनलालः कम्पमानहस्तश्च स्यात्ततोऽसौ ददत् स्वयं पतेत् देयं मात्रं वा भूमौ पातयेत्, तत्र च कीटिकावधादयो दोषा ज्ञेयाः। तथाऽयमनादेयवाक्यत्वात्, देयस्यास्वामीति विचिन्त्य तस्मिन् ददति तत्पुत्रादयः साधौ वृद्धे वा उभयस्मिन् वाऽप्रीत्यादि कुर्युः। तथेह चतुर्थगाथान्तपादे ओघेन वक्ष्यति। ओघश्चोत्सर्ग उच्यते। तत उत्सर्गेण स्थविरादिदायकेष्वयं दर्श्यमाननिषेधो ज्ञेयोऽपवादेन तु यतनया केषुचिद् ग्रहणमप्यनुज्ञातमतो निषेधानन्तरं स्वे स्वे स्थानेऽपवादोऽपि दर्शयिष्यते। तत्र स्थविरमाश्रित्यायं ग्रहणविधिर्यथा स्थविरोऽपि

થયો છે. એટલે કે '**थेरे-अपहुम्मि-वेविरे**' એમ સપ્તમીવિભક્તિ લગાડીને અર્થ કરવો. અર્થાત્ બધે સતિ સપ્તમીનો પ્રયોગ જાણવો. એટલે કે '**तस्मिन् ददति**' આ પ્રમાણે અધ્યાહારથી બધે જાણી લેવું.

આ ગાથાથી માંડીને આગળની ચોથીગાથા = ક્રમશઃ ૮૫ થી આગળની ૪ થી ગાથા = ૮૮ ના છેલ્લાંપાદમાં '**मुनि न गिण्हंति**' એમ જે લખેલું છે. તેનો અન્વય આ ગાથામાં અને આગળની ત્રણેય ગાથામાં = ગાથા ૮૬-૮૭-૮૮ માં કરવો.

સ્થવિર વગેરેના હાથે મુનિ ભિક્ષા કેમ ગ્રહણ ન કરે ? તે કહે છે, એમાં અનેકદોષો સંભવે છે. તે આ રીતે કે સ્થવિરના મોઢામાંથી થુંક અને લાળ નીકળતી હોય છે, હાથ ધ્રુજતો હોય છે. દાન આપતા એ પોતે પડે કાંતો દેય = આપવાની વસ્તુ કે માત્રક-ભાજનને ભૂમિ પર પાડે. તેમાં કીટિકાનો વધ વગેરે દોષો જાણવા. આ સંયમ વિરાધનાનો સંભવ થયો.

"આ ઘરડા તો અનાદેયવાક્યવાળા = જેનું કીધેલું કોઈ માને નહિ એવા છે તેથી દેયવસ્તુના સ્વામી નથી" એમ વિચારીને તે સ્થવિર દાન આપે તો તેના પુત્રો વગેરે સાધુ ઉપર કે વૃદ્ધ ઉપર અથવા બન્ને ઉપર અપ્રીતિ વગેરે કરે. આ આત્મ-વિરાધનાનો સંભવ થયો. (અહીં પ્રવચનવિરાધનાની વાત કરી નથી. પણ તેને અધ્યાહારથી જાણી લેવી. આ અને આગળની ત્રણેય ગાથામાં જ્યાં ક્યાંક કોક એક કે બે વિરાધના અથવા ત્રણે વિરાધનાની વાત ન કરી હોય, ત્યાં અધ્યાહારથી યથાયોગ્ય ત્રણે વિરાધનાનો સંભવ જાણવો. તથા, જ્યાં ક્યાંક 'કીટિકાનો વધ કરે' વગેરે માત્ર લખ્યું હોય પણ સ્પષ્ટપણે સંયમવિરાધના વગેરેનો ઉલ્લેખ ન કર્યો હોય ત્યાં સંયમ વિરાધના વગેરે યથાયોગ્ય સમજી લેવું.)

આગળની ચોથીગાથાના છેલ્લાપાદમાં '**ओघेण**' એમ કહેવાશે.. '**ओघ**' નો અર્થ '**उत्सर्ग**' થાય છે. '**उत्सर्ग**' = '**प्रधानप्रवृत्तिः**' = '**प्रधानविधिः**' = '**प्रधानकर्तव्यः**' સ્થવિરાદિદાયકના હાથે ભિક્ષા ન લેવાનો દર્શાવેલો નિષેધ એ ઉત્સર્ગથી જાણવો. અપવાદથી તો કેટલાક સ્થવિરાદિના હાથે યતનાથી ભિક્ષા ગ્રહણકરવાની અનુજ્ઞા અપાયેલી છે. માટે નિષેધની વાત કર્યા પછી પોત-પોતાના સ્થાને અપવાદ પણ બતાવાશે.

**સ્થવિરવિષયક અપવાદ** :- સ્થવિરના હાથે ગ્રહણવિધિ આ પ્રમાણે છે.

સ્થવિર પણ પુત્રાદિમાં જો આદેયવાક્યવાળા હોય. તેમાં પણ જો એમના હાથ ધ્રુજતા હોય ત્યારે પુત્ર વગેરે બીજા વ્યક્તિના હાથથી પકડાયા હોય તો એમના હાથે ભિક્ષા ગ્રહણકરાય છે.

**દોષો** :- જો હાથ પુત્રોથી ધરાયેલા ન હોય અને કમ્પમાન હોય તો દેય વગેરે ભોંય પર પડે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुत्रादिमध्ये यद्यादेयवाक्यः स्यात्तत्रापि यद्यसौ कम्पमानदेहस्तदा अन्येन पुत्रादिना हस्ताद् गृहीतोऽन्यथा कम्पमानदेहत्वाद्भूमिपाताद्यनर्थान् लभते अवेपमानदेहश्चान्येनाधृतोऽपि पतनाद्यभावादगलल्लालो यदि ददाति तदा भिक्षा गृह्यतेऽन्यथा निषेधः।१।

卐 [२]अप्रभु-[३]पण्ड-[४]वेपमान-[५]ज्वरितां[६]ऽधाऽ[७]व्यक्त(=बाल) दायकेषु ददत्स्वग्राह्यं, ग्रहणे दोषाऽपवादौ 卐

'अपहुत्ति'। अप्रभुर्दीयमानभक्तादेरस्वामी भृतकादिस्तस्मिन्। अप्रभुत्वाद्दीयमानं तेन न कल्पत इत्यर्थः। स्वामिना तु तद्धस्तेन दाप्यमानं कल्पते एव।२। 'पंड'त्ति।। पण्डो नपुंसकस्तस्मिन् दोषाश्चाभीक्ष्णं तद्धस्ताद्भिक्षाग्रहणेऽन्योन्याभिलाषादयः। स हि अतिपरिचयात् क्षोभणेन कामोत्कटकत्वात्साधोर्ल्लिङ्गधावनादि कुर्यात्ततः कर्मबन्धः, सकृद्ग्रहणे च न तथादोषस्तथाऽहो एते नपुंसकादपि गृह्णन्ति इत्यादि लोके जुगुप्सा स्यात्। अपवादस्तु वर्द्धितचिप्पितमन्त्रोपहतौषध्युपहतऋषिशप्तदेवशप्तादिषु केषुचिदप्रतिसेविनपुंसकेषु ददत्सु भिक्षा ग्राह्या।३। 'वेविर'त्ति वेपमानः कम्पमानः

વગેરે અનર્થો થાય. પરન્તુ હાથ બીજાથી ધરાયેલો હોવાથી એવા અનર્થો ન સર્જાય. સંયમ વગેરે ત્રણે વિરાધના યથા સંભવ જાણવી.

પણ જો એમનો દેહ અકમ્પમાન હોય ત્યારે બીજાથી પકડાયા ન હોય તો પણ દેય વગેરેના પતનનો અભાવ હોવાથી એના હાથે ગ્રાહ્ય છે. તથા જો એમના મોઢામાંથી લાળ પડતી ન હોય તો એમના હાથે અપાતી ભિક્ષા ગ્રાહ્ય છે. અન્યથા નિષેધ જાણવો.

**• [२]અપ્રભુ, [३]પણ્ડ, [४]વેપમાન, [५]જ્વરિત, [६]અંધ અને [७]અવ્યક્ત = બાળ દાયકના હાથે અગ્રાહ્ય છે, ગ્રહણમાં દોષ અને અપવાદ •**

(૨) 'अपहु' = 'अप्रभुः तस्मिन्' = અપાતાં ભક્તાદિ દ્રવ્યના સ્વામી નહિ એવા નોકર-ચાકર વગેરેના હાથે અપાતું હોય તે અગ્રાહ્ય છે. એટલે કે તેઓમાં અપ્રભુપણું = સ્વામિપણાનો અભાવ હોવાથી તેઓ દ્વારા અપાતું દાન કલ્પતું નથી.

(**દોષો** :- અહીં ટીકાકારે દોષની ખાસ કોઈ વાત કરી નથી છતાંય એવું લઈ શકાય કે અસ્વામી હોવાથી એમનાથી અપાયેલું એ અદત્તાદાન થાય. એના માલિક એમની ઉપર અને સાધુ પર પણ રોષે ભરાય. સાધુ કે નોકરાદિને માર મારે. નોકરને કાઢી મૂકે. પગાર કાપી લે વગેરે.)

**અપવાદ** :- સ્વામી જો તેઓના = અપ્રભુના હાથે અપાવે તો તે કલ્પે જ છે.

(૩) 'पंड' = 'पण्डः तस्मिन्' = નપુંસકના હાથે અગ્રાહ્ય છે.

**દોષો** :- વારંવાર તેમના હાથથી ગ્રહણકરવામાં પરસ્પર કામની અભિલાષા વગેરે થાય. અતિપરિચયના કારણે નપુંસક સાધુને ક્ષોભ પમાડવા દ્વારા, ક્ષોભ = સામેવાળો અકાર્ય કરવા આવે તો શરમથી ના ન કહી શકે અને કામની ઉત્કટતાથી સાધુનું 'लिंगधावन' = હલાવવું-દબાવવું વગેરે કરે, તેથી કર્મબંધ થાય. 'અહો! આ સાધુઓ નપુંસકના હાથે પણ ગ્રહણ કરે છે' ઈત્યાદિ લોકોમાં જુગુપ્સા થાય.

**અપવાદ** :- એકવાર ગ્રહણ કરવામાં તેવા પ્રકારનો દોષ નથી.

૧. 'वर्द्धितः' = વીર્યઉત્પત્તિનું સ્થાન લિંગની નીચે રહેલ બે ગોળી છે એ ગોળીનો છેદ કરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कम्पमानकायस्तस्मिन्। स हि देयमानयन्भूमौ परिशाटयेत् तथा साधुभाजनाद्बहिर्भिक्षां क्षिपेत् देयमात्रकं वा पातनेन स्फोटयेत्तथा यद्यसौ दृढभिक्षाभाजनग्राही स्यात्, तदा ग्राह्या, इतरथा मात्रादि भूमौ पातयेत् ।४। 'जरिय'त्ति ज्वरित आगततापस्तस्मिन्, दोषाश्चात्र वेपमानसत्कास्तथा जैना आहारलम्पटा ये ज्वरिणमपि न परित्यजन्तीति जने खिंसा स्यात्तथा विस्फोटकाद्यशिवज्वरस्य संक्रमोऽपि साधौ स्यात्। यदि चासौ विस्फोटकाद्यशिवज्वरेत्वरज्वरान्वितस्तदा यतनया ग्राह्या ।५। 'अंध'त्ति अन्धो विगतदृष्टियुग्मस्तस्मिन्। अन्धो ह्यपश्यन् पादाभ्यां भूस्थकीटिकादिघातं कुर्यात्

કાઢી નાખે. અન્તેપુરીની રખેવાળી કરવાના ઉપયોગમાં લેવા વગેરે કારણોસર આવું કરાય છે..

૨. 'चिप्पितः' = નાનપણમાં જ બાળકની ગોળી દબાવી-દબાવીને ઓગાળી દેવામાં આવે એટલે એ નપુંસક બની જાય. વીર્યઉત્પત્તિનું સ્થાન જ નાશ પામી જાય.

૩. 'मन्त्रोपहतः' = મન્ત્રથી પુરુષેન્દ્રિય કામ કરતી બંધ થઈ જાય.

૪. 'औषध्युपहतः' = ઔષધથી પુરુષેન્દ્રિય કામ કરતી બંધ થઈ જાય.

૫. 'ऋषिशप्तः' = ઋષિના શાપથી પુરુષેન્દ્રિય કામ કરતી બંધ થઈ જાય.

૬. 'देवशप्तः' = દેવના શાપથી પુરુષેન્દ્રિય કામ કરતી બંધ થઈ જાય. આદિ કેટલાક અપ્રતિસેવી = મૈથુનની પ્રવૃત્તિ ન કરનારા નપુંસકો દાન આપે તો તે ગ્રાહ્ય છે.

(૪) 'वेविर' = 'वेपमानः तस्मिन्' = ધ્રુજતા શરીરવાળા આપે તો અગ્રાહ્ય છે.

**દોષો** :- વેપમાન દાનઆપવા લવાતી દેયવસ્તુને ભૂમિ પર પાડે. અથવા સાધુના પાત્રની બહાર ઢળી જાય જેથી નીચે રહેલ કીટિકા આદિનો વધ થાય. અથવા દેયનું માત્રક જ નીચે પડીને ફૂટી જાય.

**અપવાદ** :- ધ્રુજતા શરીરે પણ જો ભિક્ષાનું ભાજન દઢતાથી પકડી શકતો હોય તો એના હાથે ગ્રાહ્ય છે; નહીંતર દઢતાથી ભિક્ષાનું ભાજન ન પકડી શકવાથી માત્રકાદિ ભૂમિ પર પાડી દે, એમાં નીચે રહેલ જીવ-જંતુઓના વધાદિનો સંભવ રહે. કોઈક સશક્ત અપાવે તો ચાલે.

(૫) 'जरिय' = 'ज्वरितः तस्मिन्' = તાવવાળાના હાથે અગ્રાહ્ય છે.

**દોષો** :- વેપમાનમાં જે દોષો કહ્યા તે દોષો પણ અત્રે જાણવા. ઉપરાંતમાં "જૈન સાધુઓ આહાર લમ્પટ હોય છે. જેઓ તાવવાળાને પણ છોડતા નથી." એ રીતે લોકોમાં શાસનની હીલના થાય = પ્રવચનવિરાધના થાય. તથા, દાતાનો 'विस्फोटक' = શીતળારોગ વગેરે 'अशिवज्वर' = અશિવને ફેલાવનારી દેવી = વ્યંતરીના કારણે થયેલ હોય (વર્તમાનમાં જે વાયરસ થાય છે તેનો સમાવેશ આમાં કરવો ઉચિત જણાય છે.) એ રોગ સાધુમાં સંક્રાન્ત થઈ જાય છે. આમ, સંયમ વગેરે ત્રણે વિરાધના યથાસંભવ જાણવી.

**અપવાદ** :- જો એ વિસ્ફોટક આદિ અશિવજ્વર સિવાયના જ્વરવાળા હોય તો યતનાપૂર્વક ગ્રાહ્ય છે.

(૬) 'अंध' = 'अंधः तस्मिन्' આંધળો જેની બન્ને આંખો ચાલી ગઈ છે એવાના હાથે અગ્રાહ્ય છે.

**દોષો** :- આંધળો દેખી શકતો ન હોવાથી બન્ને પગ દ્વારા ભૂમિના કીટિકા વગેરેનો ઘાત કરે. અથવા ઢેફાં વગેરેથી એના પગ અથડાતાં ભૂમિ પર પડે અને પડતી વખતે હાથમાં ગ્રહણ કરેલ તપેલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लेष्ट्वादौ च पादाभ्यां स्खलितो भूमौ पतेत्तथा पततो हस्तगृहीतस्थाल्यादेर्भङ्ग स्यात्। साधुपात्रकाद्बहिः क्षेपणे परिशाटिर्जने उड्डाहश्च। तथा तस्यापि देयं यदाऽन्यः पुत्रादिर्हस्ते समर्प्पयेद्, अन्यथा तत्स कथं गृह्णाति, सोऽपि पुत्रादिना धृतो यदि ददाति, तदा ग्राह्या, अन्यथा सोऽपश्यन् लेष्ट्वादिस्खलितो भूमौ पतेद्देयं वा साधुभाजनाद्बहिः क्षिपेत्।६। 'अवत्त'त्ति अव्यक्तः स्पष्टज्ञानाभावाज्जन्मतो वर्षाष्टकाभ्यन्तरवर्त्ती बाल उच्यते, तस्मिन् बाले हि देयमानमजानति सति मात्राद्यसमक्षं ददति अहो ! लुण्टाका एते इत्युड्डाहो, मात्रादेः प्रद्वेषादिकं च स्यादत्राख्यानकं यथा—

**卐 अव्यक्त(=बाल) दायकदोषे बालमाताप्रद्वेषविषयकद्रष्टांतः 卐**

अणेगकोडुंबियसंकिन्ने एगंमि गामे एगा भद्दिया नाम अगारी होत्था। तीए डहरिया, एगा दुहिया अहेसि। अन्नया तत्थ समुद्दघोसो नाम सूरिणो विहरंता आगया। तेसिं च एगो सीसो अईव लोभिल्लो भद्दियाए गिहे निच्चं भिक्खट्ठा एइ, अन्नया च तुमं साहुस्स भिक्खं देज्जसु त्ति नियसुयं पन्नविय भद्दिया खेत्तं गया। आगओ सो साहू जावइओ ओयणो जणणी देंती तावइओ

---

વગેરે પણ નીચે પડી ભાંગી જાય. અથવા સાધુના પાત્રની બહાર નાંખે. આ પ્રમાણે સંયમવિરાધના અને આત્મવિરાધના થાય. તથા, 'ज्वरित' માં કહ્યા પ્રમાણે = 'આ સાધુઓ આંધળાને પણ છોડતા નથી' વગેરે સ્વરૂપ લોકોમાં પ્રવચનહીલના થાય = પ્રવચનવિરાધના થાય.

**અપવાદ** :- આંધળાને તેમના પુત્ર વગેરે જો હાથમાં દેય આપે અને એમના હાથ પુત્રાદિ દ્વારા ધરાયા હોય તો ગ્રાહ્ય છે. નહીંતર જો પુત્ર વગેરે હાથમાં ન આપે તો આંધળો દેયને ગ્રહણ કરે શી રીતે ? અને જો પુત્ર વગેરે ધારી ન રાખે તો તે દેખતાં ન હોવાથી ઢેફાં વગેરેથી અથડાઈને ભૂમિ પર પડે. અથવા દેયને સાધુના ભાજનની બહાર નાંખે.

(૭) 'अवत्त' = 'अव्यक्तः तस्मिन्' = 'अव्यक्तः' = બાળક, જન્મથી ૮ વર્ષ સુધી સ્પષ્ટજ્ઞાનનો અભાવ હોવાથી એ બાળ કહેવાય છે. એવા બાળના હાથે એ અગ્રાહ્ય છે.

**દોષ** :- કેટલું આપવું ? એનું માપ જાણતો ન હોવાથી તે બાળ માતા વગેરેની ગેરહાજરીમાં આપે તો 'અહો આ લૂંટારા છે' એ પ્રમાણે શાસનહીલના થાય = પ્રવચનવિરાધના. બાળની માતા રોષે ભરાય અને સાધુ કે બાળ પ્રતિ પ્રદ્વેષ કરે વગેરે આત્મવિરાધના.

**• બાળદાયક દોષમાં બાળકની માતાનાં પ્રદ્વેષવિષયક દૃષ્ટાંત •**

બાળની માતા રોષે ભરાય તે સંબંધી વાર્તા કહેવાય છે.

અનેકકૌટુંબિકોથી યુક્ત એક ગામમાં ભદ્રિકા નામની એક ગૃહસ્થિની = સ્ત્રી હતી. તેને નાની એક બાલિકા હતી. એકવાર ત્યાં સમુદ્રઘોષ નામના આચાર્યમહારાજ વિહારકરતાં પધાર્યા. તેઓશ્રીનો એક અત્યંતભિક્ષાલોભી શિષ્ય ભદ્રિકાના ઘરે રોજ ભિક્ષામાટે આવે છે. એકવાર ભદ્રિકા 'તું સાધુને ભિક્ષા આપી દેજે' એમ પોતાની બાલિકાને કહીને ખેતરમાં ગઈ. સાધુ ગોચરીમાટે આવ્યા. રોજ માતા જેટલા ઓદન આપતી હતી એટલા બાલિકાએ સાધુને આપ્યા. પણ લોભને વશ થઈ સાધુએ કહ્યું 'ફરી વધારે આપ'. બાલિકાએ ભોળપણમાં ફરી પણ આપ્યા. આ જ પ્રમાણે સાધુ માંગતા ગયા અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तीए तस्स दिन्नो। तेण लोभवसा भणियं, पुणो वि देहि, तीए मुद्धत्तणेण पुणो वि सो दिन्नो। एवं मुग्गकरंबाइयं दिन्नं जाव सव्वं कंजियं ति। आगया भद्दिया भोयणट्ठमुवविट्ठा य भणिया य तीए सुया। जहा पुत्ते ! ओयणं देहि ?। तीए भणियं से सव्वो साहुस्स दिन्नो। भद्दियाए भणियं सुट्ठं कयं मुग्गं आणेहि, तीए वुत्तं तेवि सव्वे साहुणो दिन्ना। एवं जाव सव्वं कंजियं दिन्नं। भद्दियाए भणियं कीस सव्वं दिन्नं ? तीए दाणवुत्तंतो कहिओ तउ भद्दिया अभद्दिया जाया। साहुस्स उवरि पउट्ठा। आगया आयरियस्स समीवं भणियमणाए जहा एसो तुम्ह सीसो अईवलोहिओ लूहिऊण, अण्णाइयं सव्वं मज्झगेहाओ आगओ। ता हिं धाडिदायगो एसो इच्चाइ, लोगो मिलिओ उड्डाओ जाओ। लुंटागा एए हवंति त्ति लोए वाओ जाओ। तउ आयरिएहिं तीए कोवोवसमणत्थं पेच्छंतीए चेव उवगरणं उड्डालिउण सकोवं सो साहू भणिओ, जहा जो तुमं एवंविहाऽनीईकारओ तेण अम्हाणं न किंचि कज्जं, नीहरह त्ति, तउ तीए उवसंतो कोवो। पच्छत्तावाऊरियहिययाए भणिया सूरिणो भयवं ! एयमवराहं मम खमह। ते खमाविऊण गया सा सगिहंति।

બાલિકા એજ પ્રમાણે પહેલાં ઓદન અને પછી મગ, '**करंज**' = કરબો વગેરે આપતી ગઈ. તે ત્યાંસુધી કે મગ વગેરે બધુંજ ખાલી થઈ ગયું. સાધુ ગયા. ભદ્રિકા ઘરે આવી. ભોજનમાટે બેસીને બાલિકાને કહ્યું 'હે પુત્રી ! ઓદન આપ.' બાલિકાએ કહ્યું 'એ તો બધા સાધુને આપી દીધા.' ભદ્રિકાએ કહ્યું 'સારું કર્યું. તો હવે મગ લાવ.' 'એ પણ બધા સાધુને આપી દીધા.' આ રીતે ભદ્રિકા જે જે દ્રવ્ય લાવવાનું કહ્યું 'તે બધુંજ સાધુને આપ્યું છે અને હવે બધુંજ ખાલી થઈ ગયું છે કાંઈજ છે નહિ' એમ બાલિકાએ કહ્યું. ભદ્રિકાએ કહ્યું 'કેમ બધું આપી દીધું ?' ત્યારે બાલિકાએ દાન વખતે મુનિએ ફરી ફરી માંગવાની બધી વાતો કહી. આ સાંભળ્યું એટલે હવે ભદ્રિકા એ અભદ્રિકા બની ગઈ. સાધુ પર રોષે ભરાઈ. આચાર્યશ્રી પાસે આવીને મોટેથી બોલવા માંડી 'આ તમારા અત્યંતલોભી શિષ્ય મારા ઘરથી અન્ન વગેરે બધુંજ લૂંટીને આવેલા છે. તો શું એ ધાડપાડું છે ?' વગેરે. આજુ બાજુથી બધા લોકો ભેગા થઈ ગયા. પ્રવચનહીલના થઈ. 'આ બધાં લૂંટારા હોય છે.' એમ લોકોમાં અપવાદ થયો. ત્યારબાદ તેનો ક્રોધ શાંત પાડવા તેના જોતા જ આચાર્યભગવંતે પેલા મુનિના ઉપકરણોને ખેંચી લઈ ક્રોધથી કહ્યું 'જો તું આવી અનીતિ કરનારો છે તો અમારે કાંઈ તારું કામ નથી. જા, નીકળી જા અહીંથી.' આ જોયું એટલે તેનો ક્રોધ શાંત થયો. પાછળથી પશ્ચાત્તાપ ભરેલ હૃદયથી તે ભદ્રિકાએ આચાર્યશ્રીને કહ્યું 'ભગવાન્ ! મારો આ અપરાધ ક્ષમા કરો.' આમ આચાર્યશ્રીને ખમાવીને ભદ્રિકા પોતાના ઘરે ગઈ.

**અપવાદ** :- બાળ પણ જો દક્ષ = હોંશિયાર હોય અને માતાની ગેરહાજરીમાં થોડું આપે તો તે ગ્રાહ્ય છે. તે વખતે "શું તારી માતાએ તને આ આપવા કહ્યું છે ?" ઈત્યાદિ પ્રશ્ન પૂછ્યા વિના તેના હાથે ગ્રાહ્ય છે. કારણ કે થોડું આપી રહ્યો હોવાથી ઉપરોક્ત દોષનો અભાવ હોય છે. પણ જો થોડોદાનમાં પણ એની માતા રોષે ભરાય વગેરે દોષનો સંભવ જણાતો હોય ત્યારે પૃચ્છા કરવી. એટલે કે 'તારી માતાએ તને આપવાનું કહ્યું છે ?' ઈત્યાદિ પ્રશ્નો પૂછવા.

જો. માતાની ગેરહાજરીમાં બાળ પ્રચુરદાન આપતો હોય ત્યારે તો ખાસ-અવશ્ય પૃચ્છા કરવી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथा बालोऽपि यद्यसौ दक्षः स्यात्, मातुः परोक्षं स्तोकं च ददाति, तदा त्वं मात्रेदं दापित इत्यादि पृच्छां विना तद्धस्ताद् गृह्यते स्तोकदेयतयोक्तदोषासम्भवात्, स्तोकदानेऽपि दोषसम्भवेऽसौ (पृच्छा) कार्या। यदि च मातुः परोक्षं प्रचुरमसौ ददाति तदाऽवश्यं सा (पृच्छा) कार्या। ततो मातृसत्का प्रचुरमुत्कलना चेत्तदा गृह्यते नान्यथा। पार्श्ववर्त्तिन्या मात्रा पुत्रि ! साधवे देहीत्युक्ते च यद्यसौ तत्समक्षं स्तोकं प्रभूतं वा ददाति (तदा) पृच्छां विनापि गृह्यते ।७।

卐 मत्तोन्मत्त-करचरणच्छिन्नदायकेषु ददत्स्वग्राह्यं, ग्रहणे दोषाऽपवादौ 卐

तथा मत्तो मदिरापानोत्थमदविह्वलस्तस्मिन्। अयं हि साधोरालिङ्गनमाहननं पात्रभेदं वा कुर्यात्। तथाऽशुचित्वात्तस्माद्भिक्षाग्रहणे जनखिंसा स्यात्। तथा यद्यसौ मनाग्मत्तोऽन्यथाऽतिविह्वलः सन् दातव्यादातव्यविभागं न जानाति, सोऽपि चेच्छ्राद्धः, इतरो ह्यस्यार्थस्य लोके प्रकाशनात्प्रवचने खिंसकः स्यात्, सोऽपि चेच्छुचिहस्तोऽसमयज्ञजनरहिते स्थाने च दद्याद्, अन्यथा प्रवचनखिंसा, तदा तद्धस्ताद् गृह्यते नान्यथा।८। उन्मत्तो महासङ्ग्रामादिजयाद्दर्प्पाध्मातो ग्रहगृहीतादिश्च तस्मिन्।

[આમાં એક વાત આ પણ જાણવી કે - માતાનો સ્વભાવ આપણે જાણતાં હોઈએ અને પછી બાળ એમ કહે કે માતાએ કહ્યું છે કે બધુંય વહોરાવવું તો સાધુ વહોરે. પણ માતાનો સ્વભાવ આપણે ન જાણતાં હોઈએ તો ન વહોરાય. इति पूज्य जयघोषसूरयः]

અથવા જો માતાએ પ્રચુર આપવામાટે કહ્યું હોય એની જાણ થઈ હોય ત્યારે ગ્રાહ્ય છે નહીંતર ગ્રાહ્ય નથી. અથવા બાજુમાં ઊભેલી માતા કહે કે 'હે પુત્રી ! સાધુને આપ' એ વખતે માતાની સાક્ષીમાં થોડું આપે કે વધારે આપે ત્યારે પૃચ્છા વિના પણ ગ્રાહ્ય છે.

**• મત્ત, ઉન્મત્ત, કર-ચરણછિન્ન દાયકના હાથે અગ્રાહ્ય છે, ગ્રહણમાં દોષ અને અપવાદ •**

(૮) 'मत्त तस्मिन्' :- મદિરાપાનનો નશો ચઢવાથી વિહ્વલ બનેલાના હાથે અગ્રાહ્ય છે.

**દોષ** :- મત્ત બનેલો સાધુને આલિંગન આપે અથવા માર મારે કે પાત્રાને તોડી નાંખે. આ પ્રમાણે સંયમવિરાધના અને આત્મવિરાધના. તથા, મોઢું ગંધાતુ હોય, દારું પીધો હોવાથી હાથ દારુંથી ખરડાયેલા હોય વગેરે સ્વરૂપ અશુચિયુક્ત ભિક્ષા તેના હાથે ગ્રહણકરવામાં લોકોમાં હીલના થાય = પ્રવચન-વિરાધના થાય.

**અપવાદ** :- એને જો નશો ઓછો ચઢ્યો હોય તેમાં પણ જો એ શ્રાવક હોય. વળી જો એના હાથ ચોખ્ખા હોય અને અસમયજ્ઞજન, સમય = શાસ્ત્ર = સાધુના શાસ્ત્ર = આચારથી અજાણ જ્યાં લોકો હોય તેવા સ્થાને = દેશમાં આપે તો ગ્રાહ્ય છે, નહીંતર નહિ. કારણ કે જાણકાર = સમજુ હોય તે જાણે કે સ્હેજ નશો છે તેના હાથથી વહોરે તો દોષ નથી. અણસમજુ હિલના કરે. [શાસ્ત્રમાં આ વાત જણાવેલી છે છતાં પણ વર્તમાનમાં આ વ્યવહાર અમને ઉચિત જણાતો નથી. इति पूज्य जयघोषसूरयः]

અહીં, 'નશો ઓછો ચઢ્યો હોય' વગેરે કહેવાનું કારણ આ છે કે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इहापि आलिङ्गनाहननभाजनभङ्गकरणगालीप्रदानादयो दोषा ज्ञेयाः। तथा यद्यसौ धर्मप्रियः शुचिश्च स्याद्, तदा ग्राह्या, अन्यथा प्रवचनखिंसकः स्यात्।९। तथा करचरणौ हस्तपादौ छिन्नौ कर्त्तितौ यस्येति विग्रहे वाऽऽहिताग्न्यादेराकृतिगणत्वान्निष्ठान्तस्य पूर्वनिपाताभावे करचरणच्छिन्न इति स्यात्। करछिन्नश्चरणछिन्नश्चेति द्वयं तस्मिन्। तत्र छिन्नकराद्भिक्षाग्रहणे मूत्राद्युत्सर्गादौ जलशौचाभावेऽशुचित्वाल्लोकनिन्द्यत्वाच्च जनखिंसा, दानासमर्थत्वाद्देयमात्रकयोः पातं च कुर्यात्। छिन्नपादश्च स्वयं पतेत् जनखिंसा च, तथा छिन्नकरोप्यपरिशाटिमदशावदसागारिकस्थाने दद्यात्।१०। छिन्नपादोऽप्युपविष्टोऽसागारिकस्थान एव वा चेत्तदा गृह्यते।११।

જ્યારે એ વધારે નશાના લીધે અતિવિહ્વલ હોય ત્યારે દાતવ્ય-અદાતવ્ય = શું આપવાયોગ્ય છે? શું આપવા યોગ્ય નથી ? તેનો ભેદ જાણી નથી શકતો. જો એ શ્રાવક ન હોય તો મહારાજને દાન આપ્યાની વાત જગજાહેર કરે, જેથી શાસનહીલના થાય, જો ચોખ્ખા હાથવાળો ન હોય અને અસમયજ્ઞજનરહિત સ્થાન ન હોય તો શાસનહીલના થાય.

(૯) 'उम्मत्ते' = 'उन्मत्ते तस्मिन्' = મહાસંગ્રામ વગેરેમાં જયપ્રાપ્તિના દર્પથી ફૂલાયેલા અથવા ભૂતાદિગ્રહથી ગ્રહીત થયેલાનાં હાથે અગ્રાહ્ય છે.

**દોષ** :- અત્રે પણ આલિંગન કરવું-માર મારવો-ભાજનનો ભંગકરવો - ગાળો આપવી વગેરે દોષો છે.

**અપવાદ** :- જો એ ધર્મપ્રિય હોય અને એમાં શુચિપણું હોય = હાથ વગેરે અશુચિ પદાર્થોથી ખરડાયેલા ન હોય તો એવાના હાથે ગ્રાહ્ય છે. એમ ન હોય અને જો ગ્રહણ કરવામાં આવે તો પ્રવચન-હીલના થાય. ગ્રહગ્રહીતના પક્ષે એના હાથ કાદવ આદિથી ખરડાયેલ હોય અને સંગ્રામાદિમાં વિજય મેળવેલના પક્ષે એના હાથ લોહી વગેરેથી ખરડાયેલા હોય. એ અશુચિપણું જાણવું.

(૧૦-૧૧) 'कर-चरणछिन्न' = 'करचरणछिन्न तस्मिन्' = કપાયેલ હાથ-પગવાળાનાં હાથે અગ્રાહ્ય છે. 'आहिताग्न्यादेराकृतिगणत्वान्निष्ठान्तस्य पूर्वनिपाताभावे करचरणच्छिन्न इति' વ્યાકરણપ્રમાણે 'आहिताग्नि' અને 'अग्न्यादित' એ બે સામાસિક રૂપ થાય છે તેમજ અત્રે પણ 'करचरणाच्छिन्न' એવું રૂપ પણ વિકલ્પે થાય છે. અર્થાત્ અત્રે બે અર્થ થાય છે, (૧) જે વ્યક્તિના હાથ અને પગ બન્ને છિન્ન થયા હોય. અથવા (૨) બે વ્યક્તિ, એક હાથ છિન્નવાળી. બીજી પગછિન્નવાળી.

**દોષ** :- કપાયેલ હાથવાળા મળ-મૂત્રવગેરે ત્યજ્યાબાદ પાણીથી શૌચના અભાવે એમનામાં અશુચિપણું હોવાથી તેઓ લોકમાં નિન્દ્ય છે. એવાના હાથે ભિક્ષા લેવામાં શાસનની હીલના થાય. તેમજ હાથના અભાવે દાન દેવા અસમર્થ હોવાથી દેયવસ્તુ અને માત્રક બન્નેને ભૂમિ પર પાડે.

કપાયેલા પગવાળા પોતે પડી જાય. એનાથી શાસનની હીલના થાય.

**અપવાદ** :- કપાયેલા હાથવાળા પણ જો નીચે ઢોળાયા વિના આપી શકવાની દશાવાળા હોય. તો તે અસાગારિક = અન્યગૃહસ્થની અનુપસ્થિતિવાળા સ્થાનમાં આપે કપાયેલા પગવાળા બેસીને અસાગારિક અન્યગૃહસ્થની અનુપસ્થિતિવાળા સ્થાને જ આપે તો ગ્રાહ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 [१२]प्रगलित(गलत्कुष्ठ)-[१३]निगडहस्तान्दुकबद्ध-[१४]पादुकारूढदायकेषु ददत्स्वग्राह्यं, ग्रहणे दोषाऽपवादौ 卐

प्रगलितो गलत्कुष्ठस्तस्मिन् अत्यर्थं गलदर्द्धपक्वरुधिरे स्फुटितदेहे च ददति साधोरपि कुष्ठसंक्रमः स्यात्। तदीयोच्छ्वासत्वक्संस्पर्शस्वेदमलमूत्रोच्चाराहारलालादिभिः शरीरान्तरे तत्संक्रमस्य शास्त्रेऽभिहितत्वात्ततो न ग्राह्या। तथाऽत्रापि त्वग्दोषिणि यदि वृत्तदद्रुरूपस्त्वग्दोषः स्यात्, सोऽप्यसागारिकस्थाने, तदा ग्राह्या।१२। तथा 'नियलंडुय' त्ति सूचनान्निगडहस्तान्दुकबद्ध इति। तत्र निगडैः पादविषयलोहमयबन्धनैर्हस्तान्दुकेन वा करविषयकाष्ठमयबन्धनेन बद्धो नियन्त्रितस्तस्मिन्, पादनियन्त्रितो हीतश्चेतश्च पर्यटन् बाध्यते पतद्वा जनखिंसा च। हस्तबद्धस्तु भिक्षां दातुमपि न शक्नोतीति तत्र प्रतिषेधः सिद्ध एव, केवलं स्वरूपविशेषणतया बद्धप्रसङ्गादेतद्ग्रहः। अत्रापि यदि निगडबद्ध इतश्चेतश्च पर्यटनसमर्थः पर्यटनाशक्तश्चोपविष्ट एव असागारिके चेद्दद्यात्तदा

## • [१२]પ્રગલિત, [१३]નિગડહસ્તાન્દુકબદ્ધ, [१४]પાદુકારૂઢ દાયકના હાથે અગ્રાહ્ય છે, ગ્રહણમાં દોષ અને અપવાદ •

(૧૨) 'पगलिय' = 'प्रगलितः तस्मिन्' = ગળતાં કોઢવાળાના હાથે અગ્રાહ્ય છે.

**દોષ** :- એના શરીરમાંથી અર્ધપાકેલું લોહી, પરું = રસી શરીરના છિદ્રોમાંથી અત્યંત ગળતું હોવાથી એનો કુષ્ઠરોગ સાધુમાં પણ સંક્રાન્ત થઈ જાય. કારણ કે, તેના શ્વાસોચ્છ્વાસ, ચામડીનો સ્પર્શ, પરસેવો, મળ = શરીર પર બાઝતો મેલ, મૂત્ર, વિષ્ટા, આહાર ને લાળ વગેરે દ્વારા બીજા શરીરમાં તે કોઢનો સંક્રમ શક્ય છે એવું શાસ્ત્રમાં કહ્યું છે.

**અપવાદ** :- ચામડીસંબંધી દોષ = રોગ હોવા છતાં પણ જો એ 'वृत्तदद्रुपरूप' ધાધર, સફેદ કોઢ વગેરે ચામડીનો દોષ હોય અને જો તે રોગી અસાગારિકસ્થાનમાં આપે તો ગ્રાહ્ય છે. 'वृत्तदद्रुपरूप' = ચામડી પર શરૂઆતમાં સફેદ ગોળડાઘ હોય. પછી આખા શરીરે વ્યાપી જાય. અહીં 'ગોળ આકાર' ના ઉપલક્ષણથી જે કોઈ પણ આકારના ડાઘ શરીર પર લાગતાં હોય તે લેવા.

(૧૩) 'नियलंडु' = 'निगड-हस्तान्दुकबद्धः तस्मिन्' = ગુજરાતીમાં 'हस्तान्दुकबद्ध' ને અન્દુકબદ્ધ કહેવામાં આવે છે. એટલે કે, નિગડ = પગે બાંધવામાં આવતી લોઢાની બેડી = સાંકળવાળાના હાથે અથવા હાથે બાંધવામાં આવતું લાકડાનું બન્ધન = અન્દુકથી બાંધેલાના હાથે અગ્રાહ્ય છે. અન્દુકબદ્ધ = હાથ બેડીમાં તો હાથ થોડા આઘા પાછા થાય પરન્તુ આ અન્દુકબદ્ધમાં તો લાકડાનું જાડુ પાટીયું હોય. એના બન્ને બાજુ ખૂણામાં કાણા હોય. એમાં હાથ પૂરી દેવામાં આવે. એટલે હાથ બિલ્કુલ આઘા-પાછા ન કરી શકાય.

**દોષો** :- પગે સાંકળ = બેડીવાળો આમતેમ ચાલવા જતાં બાધા પામે અથવા પડી જાય. એનાથી શાસનહીલના થાય.

હાથે અન્દુકબદ્ધવાળો તો ભિક્ષા જ આપી ન શકે. એટલે તેનો પ્રતિષેધ તો સિદ્ધ જ છે. માટે એનો ઉલ્લેખ કરવાની જરૂર નથી. ફક્ત અહીં બદ્ધનું પ્રકરણ ચાલે છે એટલે બદ્ધહસ્તનું સ્વરૂપ જણાવા સ્વરૂપવિશેષણતાથી એનું ગ્રહણ કરેલું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ग्राह्या ।१३। तथा पादुकयोः काष्ठमयोपानहोरारूढश्चटितः पादुकारूढः तस्मिन् ददति न गृह्णन्तीति, अयं हि दुःस्थिततया ददद् भूमौ पतेत् पतंश्च कीटिकादीन् विराधयेत्। तथा यद्यसौ स्थानस्थो ददाति, स हि चलन् कदाचित् पातयेत्, तदा ग्राह्येति गाथार्थः ।१४।।८५।।

**मूलगाथा–** **[१५] खंडइ [१६] पीसइ [१७] भुंजइ, [१८] कत्तइ [१९] लोढेइ [२०] विक्किणइ।**
**[२१] पिंजे [२२] दलइ [२३] विरोलइ, [२४] जेमइ जा [२५] गुव्विणि [२६] बालवच्छा य।।८६।**

संस्कृतछाया– [१५] कंडयति [१६] पिंनष्टि [१७] भृज्जति [१८] कर्त्तयति [१९] लौंठ्यति [२०] विकृणते।
[२१] पिंजयति [२२] दलयति [२३] विरोलयत्य[२४]भ्यवहरति [२५] गुर्व्विणी [२६] बालवत्सा च।।८६।।

**(अत्र 'कण्डती' त्यादिक्रियास्त्र्युचितत्वाद्दानप्रवृत्तौ प्रायस्तासां मुख्यत्वाच्च स्त्रीलिङ्गनिर्देशो ज्ञेयम्)**

**અપવાદ** :- પગે બેડીવાળો જો આમ તેમ ચાલવા સમર્થ હોય અથવા જે એમ કરવા અસમર્થ હોય પણ તે જો બેસીને જ અસાગારિક સ્થાને આપે તો ગ્રાહ્ય છે.

(૧૪) 'पाउयारूढो' = 'पादुकारूढः तस्मिन्' = લાકડાના ખટાઉ = પાવડી પર ચડેલાના હાથે અગ્રાહ્ય છે.

**દોષો** :- દુઃસ્થિત = દુઃખે કરી એના પર ઉભો રહ્યો હોવાથી એમાં સમતુલા બરાબર ન જળવાતી હોવાથી દાનઆપવા જતાં જમીન પર પડે. એમાં કીટિકાદિની વિરાધના કરે.

**અપવાદ** :- જો એ સારી રીતે સ્થાન પર ઉભો હોય અને આપે તો ગ્રાહ્ય છે. નહીંતર તે ચાલતા ચાલતા કદાચ પડી જાય.॥૮૫॥

**મૂળગાથા-શબ્દાર્થ** :- **खण्डइ पीसइ** = ખાંડતી અને પીસતી હોય, **भुञ्जइ कत्तइ** = ભુંજતી અને કાંતતી હોય, **लोढेइ विक्किणइ** = લોઢતી અને છૂટું કરતી હોય, **पिञ्जे दलइ** = પિંજતી અને દળતી હોય, **विरोलइ** = વલોણુંકરતી હોય, **जेमइ** = ભોજનકરતી હોય, **जा** = જે સ્ત્રી, **गुव्विणि** = ગર્ભવતી હોય, **बालवच्छा** = નાના છોકરાવાળી હોય.॥૮૬॥

**મૂળગાથા-ગાથાર્થ** :- (૧૫) જે સ્ત્રી ખાંડણી વગેરેમાં સચિત્તઅનાજ વગેરે ખાંડતી હોય. (૧૬) જે સ્ત્રી શિલા વગેરે ઉપર અથવા પત્થર વગેરેથી સચિત્તમગ દાળ વગેરે વાટતી હોય. (૧૭) જે સ્ત્રી કઢાઈ અથવા લોઢીમાં ચણા વગેરે ભુંજતી હોય. (૧૮) જે સ્ત્રી રૂ કાંતતી હોય. (૧૯) જે સ્ત્રી કપાસમાંથી રૂ જુદું કાઢતી હોય. (૨૦) જે સ્ત્રી ઉનને હાથવડે છુટું છુટું કરતી હોય. (૨૧) જે સ્ત્રી રૂને કોમળ બનાવવા પીંજતી હોય. (૨૨) જે સ્ત્રી સચિત્તઅનાજ દળતીહોય. (૨૩) જે સ્ત્રી લીલફુગ વગેરે એકેન્દ્રિયાદિ જીવ મિશ્રિત દહીં વલોવતી હોય. **ઉપર જણાવેલ ૧૫ થી ૨૩ સુધીમાં જણાવેલ ક્રિયાઓ સ્ત્રીઓને યોગ્ય હોવાથી તે તે ક્રિયા કરતી સ્ત્રીઓને ઉદ્દેશીને જણાવવામાં આવ્યું છે. તેથી તેવી ક્રિયાકરનાર પુરુષદાતારને માટે પણ તેમજ સમજી લેવું.** (૨૪) દાતાર જમતો હોય તો. (૨૫) જે ગર્ભવતી સ્ત્રીને થોડા દિવસમાં પ્રસૂતિ થવાની હોય અથવા જે ગર્ભવતી સ્ત્રીને ઉઠ-બેસ કરવાથી શ્રમ પડતો હોય. (૨૬) જે સ્ત્રીના ખોળામાં નાનું ધાવણું બાળક હોય અથવા જે સ્ત્રી સ્તનપાન કરાવતી હોય. (એવા દાતારના હાથે અગ્રાહ્ય છે.)॥૮૬॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 कण्डति[१५]-पिनष्टि[१६]-भृज्जति[१७]-कर्त्तयति[१८] (कृणत्ति वा) तस्यां ददत्यामग्राह्यं, ग्रहणे दोषाऽपवादौ 卐

**व्याख्या**- अत्र वक्ष्यमाण- 'या' शब्दः प्रत्येकमभिसम्बध्यते। ततश्च या काचित् स्त्री कंडयति उदुखले करट्यादिकं छडयति, तस्यां ददत्यां मुनयो भिक्षां न गृह्णन्तीत्युत्तरेण सर्वत्र योगः। इयं हि उदूखलक्षिप्तशाल्यादिबीजसङ्घट्टनादि करोति भिक्षादानात्पूर्वमुत्तरकालं वा जलेन हस्तधावनात् पुरःपश्चात्कर्म्मदोषं चेति। इह च कण्डनादिव्यापारस्य स्त्रिया उचितत्वाद्दानप्रवृत्तौ प्रायस्तासां मुख्यत्वाच्च कण्डतीत्यादिक्रियाः प्रतीत्य यच्छब्दे स्त्रीलिङ्गनिर्देशं कृतवानिति। एवं उत्तरत्रापि दृश्यं। तथाऽत्रापि यदा कण्डनायोत्पाटितं मुशलमत्रान्तरे साधुरायातस्तच्च यदि मुखदत्त-लोहमय-कुण्डलिकारूपायां कांच्यामलग्नकरट्यादिबीजं पाताद्यनर्थरहितगृहकोणादौ तु मुक्त्वा ददाति तदा कल्पते।१५। तथा पिनष्टि शिलायां जलार्द्रसचित्तमुद्गादिसत्कदाल्यादि तिलामलक-कुस्तुम्बुरुलवणजीरकादि वा मृद्नाति वर्त्तयतीति यावत्। तत्र च काचिन्नखिका मुद्गादिर्वा तिलादिर्वा

**(ખાંડતી વગેરે ક્રિયા સ્ત્રીને ઉચિત હોવાથી અને દાનની પ્રવૃત્તિમાં પ્રાયઃ એમની મુખ્યતા હોવાથી મૂળગાથામાં દાતારનો સ્ત્રીલિંગ નિર્દેશ થયો છે એમ જાણવું.)**

**• [૧૫]ખાંડતી, [૧૬]પીસતી, [૧૭]ભુંજતી, [૧૮]કાંતતી હોય એવા સ્ત્રીદાતારના હાથે અગ્રાહ્ય છે, ગ્રહણમાં દોષ અને અપવાદ •**

**વ્યાખ્યાર્થ** :- અહીં કહેવામાં આવનાર = ગાથાના ચોથાપાદમાં કહેવાશે તે **'या'** શબ્દને પ્રત્યેક **'खंडइ'-'पीसइ'** વગેરે શબ્દ સાથે જોડવો.

(૧૫) **'खंडइ'** = **'कंडयति'** = જો કોક સ્ત્રી ખાંડતી હોય. એટલે કે **'उदूखल'** = ખલદસ્તા અથવા ઉખલમાં ફોતરાયુક્ત ચોખા = ડાંગરને ખાંડીને ફોતરા અલગ પાડતી હોય. તેના હાથે "મુનિઓ ભિક્ષા ગ્રહણ કરતા નથી" આ વાત આગળ બધાંમાં પણ જાણવી.

**દોષ** :- ખલદસ્તામાં નાંખેલ શાલી વગેરે બીજોના સંઘટ્ટા વગેરે કરે અથવા ભિક્ષાદાનની પૂર્વે અથવા પાછળથી જળથી હાથ ધુવે. તેથી પુરઃપશ્ચાત્કર્મનો દોષ લાગે. આમ ખાંડવાનો વ્યાપાર સ્ત્રીઓને ઉચિત છે તેમજ દાન આપવામાં = વહોરાવવામાં પ્રાયઃ સ્ત્રીઓનીજ મુખ્યતા હોવાથી ગાથામાં **'खंडइ'** વગેરેને આશ્રયીને **'यत्'** શબ્દમાં સ્ત્રીલિંગ નિર્દેશ કરાયો છે. એવીજ રીતે આગળ પણ બધે સમજવું. તેમજ, **'कंडयति'** વગેરે બધામાં **'तस्यां ददत्याम्'** એ સતી સપ્તમીનો પ્રયોગ અધ્યાહારથી જાણી લેવો.

**અપવાદ** :- જો ખાંડતા ખાંડતા ખલ = ખાંડણીયામાંથી દસ્તાને ઉંચો-નીચો કરતાં અથવા ઉખલમાંથી મુશળને ખાંડવા માટે ઉંચો કર્યો હોય, એટલામાં સાધુ આવી ગયા. અને તે મુશળ = સાંબેલા પર જો કરટી = ફોતરા યુક્ત ચોખા = ડાંગર વગેરેના બીજ ચોંટેલા ન હોય. તેમજ પડી જાય વગેરે અનર્થથી રહિત = અર્થાત્ એવી રીતે મૂકે કે જ્યાં નીચે પડવા વગેરેનો ભય ન રહે. એ રીતે ઘરના કોક ખૂણા વગેરેમાં મૂકીને દાન આપે તો કલ્પ્ય છે.

(૧૬) **'पीसइ'** = **'पिनष्टि'** = શિલા પર પાણીમાં ભીંજાવેલા સચિત્તમગ વગેરેની દાળ વગેરે અથવા તલ, આમળાં, કુસ્તુંબુરુ = વનસ્પતિ વિશેષ = કોઠિમ્બડુ, લૂણ, જીરું વગેરેની ચટણી લસોટતી

सचित्तः सम्भवतीति तत्सङ्घट्टो, भिक्षाखरण्टितहस्तयोश्च जलेन प्रक्षालने पुरःकर्म्मादिदोषश्च, तथा पिंषन्त्यामपि जलार्द्रसचित्तमुद्गादिसत्कदाल्यादिपेषणसमाप्तौ यदि ददाति त्रिश्छटं तंदुलादि वा पिंषन्ती यदि स्यात्तदा ग्राह्या।१६। तथा 'भुंजइ'त्ति भृज्जति रतितुल्यं(चुल्ल्यां) कडिल्लकादौ चणकगोधूमादीन् स्फोटयति, भर्ज्जमानाया हि भिक्षां ददत्या वेलालग्ना(गनेन) कडिल्लकादि-प्रक्षिप्तचणकगोधूमादेर्दाहे-ऽप्रीत्यादिभावात्, तथैतस्यामपि यत्सचित्तं गोधूमादिकं कडिल्लके क्षिप्तं तद्भृष्ट्वोत्तारितमन्यन्नाऽद्यापि हस्ते गृहीतमेतस्मिन् प्रस्तावे साधुरायातस्ततो यद्युत्तिष्ठति तदा गृह्यते।१७। 'कर्त्तयति कृणत्ति वा' चक्रेण रूतप्रोणिकां सूत्रतया विदधाति।१८।

**卐 लोठयति[१९]-विकृणुते[२०](विकीर्णयति वा)-पिञ्जयति[२१]-दलयति[२२] तस्यां ददत्यामग्राह्यं, ग्रहणे दोषाऽपवादौ 卐**

'लोठयति' लोठिन्यां कणकेन(शलाकया) कर्प्पासं रूततया विदधाति।१९। 'विकृणुते' विकीर्ण-

---

બાઈના હાથે અગ્રાહ્ય છે.

**દોષ** :- **'नखिका'** = મગના અગ્રભાગમાં રહેલું સફેદ બીજને નખિકા = કણું કહેવાય છે. તે કણુ કે મગ વગેરે કે તલ વગેરે ક્યારેક સચિત્ત હોય એવું સંભવે. દાન આપવા જતા એનો સંઘટ્ટો કરે. દાન પૂર્વે હાથ ધુવે અથવા ભિક્ષા આપતી વખતે દેયવસ્તુથી ખરડાયેલ હાથને પાણીથી ધુવે ત્યારે પુરઃ-પશ્ચાત્કર્મ વગેરે દોષો લાગે.

**અપવાદ** :- પીસતી હોય છતાં પણ પાણીમાં પલાળેલા મગ વગેરેની દાળ વગેરેને પીસવાનું પુરું થઈ ગયું હોય અને આપે. અથવા ત્રણ વાર છડેલા = ખાંડેલા ચોખા વગેરે પીસતી હોય. ત્યારે ભિક્ષા આપે તો ગ્રાહ્ય છે. (ત્રણવાર છડેલા ચોખા અચિત્ત હોય છે.)

(૧૭) **'भुंजइ'** = **'भृज्जति'** = ભુંજતી સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે. ચૂલા પર મૂકેલ કઢાઈ વગેરેમાં ચણા-ઘઉં વગેરે ભુંજતી હોય.

**દોષ** :- ભુંજતી વખતે દાન આપવામાં આવે તો ભિક્ષા આપવામાં વાર લાગી જવાથી કઢાઈ વગેરેમાં નાંખેલ ચણા-ઘઉં વગેરે બળી જાય. તેથી સાધુ ઉપર અપ્રીતિ વગેરે થઈ જાય. 'આ સાધુ આવ્યા અને એમને દાન આપવામાં આ બધું બળી ગયું.' એવું મનમાં થવા સંભવ છે.

**અપવાદ** :- ભુંજતી વખતે પણ, જો સચિત્ત ઘઉં વગેરે કઢાઈમાં નાખીને તેને ભુંજીને ઉતારી લીધા હોય. તેમજ બીજા હજું ભુંજવા માટે હાથમાં લીધા નહોય. એટલામાં સાધુ આવે અને જો ઉઠીને આપે તો ગ્રાહ્ય છે.

(૧૮) **'कत्तइ'** = **'कर्त्तयति'** = **'कृणति, रूतप्रोणिकां'** = રૂની પૂણીમાંથી ચક્ર દ્વારા સૂતર કાંતતી સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે.

**• [૧૯]લોઠતી (રૂમાંથી કપાસીયા છૂટા પાડતી), [૨૦]રૂને ઝીણું કરતી, [૨૧]રૂમાં રહેલ ગાંઠને દૂર કરતી, [૨૨]ઘંટીમાં દળતી હોય એવી સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે, ગ્રહણમાં દોષ અને અપવાદ •**

(૧૯) **'लोढेइ'** = **'लोठयति'** = એટલે કે શલાકાયુક્ત યન્ત્રથી રૂમાંથી બીજ = કપાસીયા છૂટા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यति वा रूतं कराभ्यां पौनःपुन्येन श्लक्ष्णयति।२०। 'पिञ्जयति' पिञ्जनेन रूतं मृदु करोति। इह कर्त्तनादिकर्त्री देयलिप्तहस्ता सती हस्तधावनरूपं पुरःकर्मादि कुर्यात्। तथा लोठयन्त्या हस्ते सचित्तकर्प्पासः स्यात्कार्पासिकांश्च पादादिना सङ्घट्टयति। तथा चतसृष्वपि चायं ग्रहणविधिस्तत्र कर्त्तयत्यां यदि श्वेतताऽतिशयोत्पादनाय शङ्खचूर्णेन हस्तौ न लिप्तौ स्यातां, लिप्तौ वा चूर्णेन यदि निःशूकतया शुच्यर्थं जलेन न धावति पुरः पश्चाद्वा, तदा गृह्यते। लोठयन्त्यां च यदि हस्ते धृतः कर्प्पासो न स्यात्कार्पासिकान्वा यद्युत्तिष्ठन्ती न घट्टयति तदा गृह्यते। विकृण्वन्त्यां पिञ्जयन्त्यां च यदि हस्तधावनादिना पुरःकर्म्मादि न स्यात्तदा गृह्यते।२१। तथा 'दलयति' घरट्टे सचित्तमुद्ग-गोधूमादींश्चूर्णयति पिनष्टीति यावत्। दलयन्त्यां हि घरट्टक्षिप्तबीजसङ्घट्टादि, हस्तधावने जल-विराधना चेति। तथा दलयन्त्यामपि सचित्तमुद्गादिना दल्यमानेन सह घरट्टो मुक्त एतत्प्रस्तावे

પાડતી સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે.

(૨૦) **'विक्किणइ'** = **'विकृणुते'** = રૂને ફરી ફરી હાથથી વિસ્તારી ઝીણું કરતી સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે.

(૨૧) 'पिंजे' = 'पिंजयति' = રૂમાં રહેલ ગાંઠને દૂર કરતી એટલે મૃદુ કરતી સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે.

**દોષો** :- રૂને કાંતતી વગેરે સ્ત્રી, દાન આપતી વખતે દેયવસ્તુથી હાથ બગડતાં હાથધોવારૂપ પશ્ચાત્કર્મ અને દાન આપતાં પૂર્વે હાથધોવારૂપ પૂર્વકર્મ વગેરે કરે. તેમજ, લોઢતી = કપાસમાંથી બીજને છુટું પાડીને રૂને છુટું પાડતી વખતે હાથમાં રૂ સાથે સચિત્ત કપાસીયા હાય. તથા, દાન આપવા જતાં રૂમાંથી છુટા પડતાં કપાસિયાંનો પગવગેરેથી સંઘટ્ટો કરે.

**અપવાદ** :- ચારે પ્રકારની સ્ત્રીમાં આ પ્રમાણેની ગ્રહણ વિધિ જાણવી કે,

રૂ કાંતતી વખતે જો રૂમાં અત્યંતધોળાશ લાવવા માટે હાથ પર લગાડવામાં આવતો શંખચૂર્ણ ન લગાડ્યો હોય. અથવા સૂગ વગરની હોવાને લીધે જો તે ચૂર્ણ લાગેલા હાથને સાફ કરવા માટે દાનની પૂર્વે ધૂવે નહિ. તો ગ્રાહ્ય છે. ધોળાહાથથી વહોરાવવામાં આહારનાં કણિયા ભૂક્કો અડે તેથી શૌચવાદી હોય તો સહેજે શુદ્ધિ કરવાનું મન થાય. પણ જે શૌચવાદી ન હોય અને વહોરાવતી હોય તો એમાં હસ્તધાવનદોષનો અભાવ હોવાથી નિઃશૂકપણાનું વિશેષણ મૂક્યું છે.

લોઢતી સ્ત્રીએ હાથમાં કપાસ લીધું ન હોય. અથવા ઉભી થતી વખતે જો કપાસિયાને અડતી ન હોય તો ગ્રાહ્ય છે.

રૂને બે હાથથી વિસ્તારી સૂક્ષ્મ બનાવતી સ્ત્રી કે પિંજતી સ્ત્રી જો હાથધોવાવગેરે પુરઃકર્મ વગેરે ન કરે તો ગ્રાહ્ય છે.

(૨૨) 'दलइ' = 'दलयति', 'घरट्टे' = ઘંટીમાં સચિત્ત મગ, ઘઉં વગેરે દળતી સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે.

**દોષ** :- દળતી વખતે આવે તો ઘંટીમાં નાખેલ અનાજના બીજનો સંઘટ્ટો થાય. અને પુરઃ પશ્ચાત્-કર્મરૂપ હાથ ધોવામાં જળ વિરાધના થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

साधुरायातस्ततो यद्युत्तिष्ठति, अचेतनं वा भर्ज्जितमुद्गादिकं दलयन्ती यदि स्यात्, पुरःकर्म्मादि च न कुर्यात्तदा ग्राह्या।२२।

卐 विरोलयति[२३]-जेमन्ती[२४](अभ्यवहरति)-गुर्व्विणी[२५](आपन्नसत्त्वा) तस्यां ददत्यामग्राह्यं, ग्रहणे दोषाऽपवादौ 卐

तथा 'विरोलयति' मन्थानकरादिना दध्यादि मथ्नाति। तद्धि कदाचित् संसक्तं स्यात्ततश्च तद्विरोलने उल्लीरूपैकेन्द्रियादियुक्तलिप्तकरत्वात्तद्वधःस्यात्तथा विरोलयन्त्यामपि यदि दध्याद्येकेन्द्रियाद्यसंसक्तं मथ्नन्ती स्यात्, तद्धि क्वचिद्देशेनैव संसज्यते, तदा गृह्यते।२३। तथा 'जेमति' अभ्यवहरति, जेमन्ती हि यदि भिक्षादानार्थमुत्थाय जलेन शौचं करोति तदाऽप्कायविराधना, हस्तोत्सृष्टा ददाति तदा लोकगर्हा उत्सृष्टमप्येते न त्यजन्तीति तत्र च महादोषो, यत उक्तं-

'छक्कायदयावंतो वि संजउ दुल्लहं कुणइ बोहिं। आहारे नीहारे दुगंच्छिए पिंडगहणे य'।।१।।

---

**अपवाद** :- દળતી વખતે દળાતાં સચિત્તમગવગેરેયુક્ત ઘંટી જો પડતી મૂકી હોય અને એ જ વખતે સાધુ આવ્યા હોય અને ઉભી થાય. અથવા અચિત્ત એવા ભુંજેલા મગ વગેરે અથવા દાળનો લોટ દળતી હોય અને પુરઃકર્મવગેરે ન થાય તો ગ્રાહ્ય છે.

**● [૨૩]દહીંને મથતી, [૨૪]જમતી, [૨૫]ગર્ભિણી સ્ત્રીદાતારનાં હાથે અગ્રાહ્ય, તેના ગ્રહણમાં દોષ અને અપવાદ ●**

(૨૩) 'विरोलइ' = 'विरोलयति' = રવૈયા વગેરે દ્વારા દહીંને મથતી = વલોવતી સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે.

**દોષ** :- દહીં વલોવવા માટે કાચુંપાણી નંખાય તથા ક્યારેક એ દહીં બે રાત્રિક કે તેથી ઉપરનું સંસક્ત હોય. તેને વલોવતી વખતે, 'रसज' = બેઈન્દ્રિયજીવો તથા 'उल्ली' = લીલ સ્વરૂપ એકેન્દ્રિયાદિથી હાથ લેપાયેલા હોય છે. એવા હાથે દાન આપવા જતાં તે જીવોનો વધ થાય.

**અપવાદ** :- જો એકેન્દ્રિય ઉલ્લી વગેરેથી રહિત અને 'तदुत्थ' = બે રાત્રિક કે તેથી વધુ રાત્રિકવાળા દહીંમાં ઉત્પન્નથયેલ 'रसज' = બેઈન્દ્રિયજીવો વગેરેથી અસંસક્ત એવું દહીં વલોવતી હોય. તો ગ્રાહ્ય છે. (અર્થાત્ જે દહીંને બે રાત પસાર ન થઈ હોય એવું દહીં વલોવતી હોય. તો ગ્રાહ્ય છે.)

(૨૪) 'जेमइ' = 'अभ्यवहरति' = 'जेमन्ती' = ભોજનકરતી સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે.

**દોષ** :- જમતી વખતે દાન આપવા ઉભી થાય ત્યારે હાથ એંઠા હોવાથી જળથી હાથ ધુવે. તેમાં અપ્કાયની વિરાધના થાય. અને જો હાથ ધોયા વિના એંઠા હાથે આપે તો લોકોમાં ગર્હા થાય કે 'અર..ર...ર..! આ સાધુઓ તો એંઠા ભોજનને પણ છોડતા નથી.' લોકગર્હામાં મોટો દોષ છે. કારણ કે કહેવાયું છે કે,

छक्कायदयावंतो वि संजउ दुल्लहं कुणइ बोहिं। आहारे नीहारे दुगंच्छिए पिंडगहणे य।।

**અર્થ** :- આહાર = ગોચરી વાપરતીવખતે, નીહાર = ઠલ્લે માત્રુ જતીવખતે અને પિંડગ્રહણ = ગોચરી લેતીવખતે લોકોને દુગંછા થાય એવું કરે તો ષટ્કાયદયાવાળો અને સંયમી એવો પણ મુનિ બોધિને દુર્લભ કરી બેસે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथा अत्रापि यद्यनुत्सृष्टा सती यावन्मुखे कवलं नाद्यापि क्षिपत्येतत्प्रस्तावे साधुरायातस्तदा गृह्यते।२४। तथा या काचित्स्त्री गुर्व्विण्यापन्नसत्त्वा स्यात्तस्यां हि भिक्षादानार्थमूर्ध्वीभवत्यां भिक्षां दत्त्वाऽऽसने उपविशत्यां च गर्भस्य बाधा स्यात्। तथा गुर्व्विण्या अपि मासाष्टकवर्त्तिगर्भाया हस्ताद् गृह्यते नवमवेलामासगर्भायाश्च नेति। स्वभावस्थितया तयाऽपि दीयमानां गृह्णन्ति। स्थविरानाश्रित्येयमनुज्ञा। जिनकल्पिकादीनाश्रित्य च निरपवादत्वात् सर्वनिषेधो यतस्ते सूत्रेण ज्ञात्वा गर्भाधानदिनादारभ्य नवापि मासान् परिहरन्ति।२५।

**卐 बालवत्सा[२६](=स्तनजीविशिशुका) तस्यां ददत्यामग्राह्यं, ग्रहणे दोषाऽपवादौ, तस्या दानग्रहणे स्थविरकल्पि-जिनकल्पिनो र्विधिविशेषः 卐**

तथा बालवत्सा स्तनजीविशिशुका तस्या हि भिक्षां ददत्या बालं भूमौ मुक्त्वा शशकादिपिशित-पिण्डोऽयमिति तं भूमिस्थं श्वविरालादिर्विनाशयेत्। तथाऽऽहारेण खरण्टितौ शुष्कौ हस्तौ कर्क्कशौ स्याताम्, ततश्च भिक्षां दत्त्वा पुनर्दात्र्या गृह्यमाणस्य बालस्य पीडा स्यात्तथाऽत्रापि स्थविरकल्पिका

---

**અપવાદ** :- હાથ એંઠા ન હોય અર્થાત્ હમણાં જ પહેલો કોળીયો મોઢામાં મૂકવાની તૈયારીમાં હોય. મોઢામાં હજુ કોળીયો મૂક્યો ન હોય.. એ વખતે સાધુ આવ્યા હોય અને આપે તો ગ્રાહ્ય છે.

(૨૫) 'गुव्विणि' = 'गुर्व्विणी' = 'आपन्नसत्त्वा' = ગર્ભિણીસ્ત્રીના હાથે અગ્રાહ્ય છે.

**દોષ** :- દાન આપવામાટે ઉભાથવામાં અને દાન આપ્યાબાદ આસને બેસવા જતાં ગર્ભને બાધા પહોંચે.

**અપવાદ** :- આઠમહિના કે તેની અંદરના ગર્ભવાળી હોય તો તેના હાથે ગ્રાહ્ય છે. નવમો મહિનો ચાલતો હોય તો અગ્રાહ્ય છે. જો કે નવમા મહિનાવાળી સ્ત્રી પણ જો સ્વાભાવિક પણે જે રીતના બેઠી કે ઉભેલી હોય. એજ અવસ્થામાં રહીને આપે તો ગ્રાહ્ય છે. આ અપવાદ માત્ર સ્થવિરો = સ્થવિરકલ્પીઓને આશ્રયીને જાણવો. જિનકલ્પી વગેરેનું ચારિત્ર તો નિરપવાદ હોવાથી તેઓ માટે એનો સર્વથા નિષેધ છે. એટલે કે ગર્ભિણી સ્ત્રી માત્રનો નિષેધ છે. કારણકે, જિનકલ્પી સૂત્રથી = ગર્ભના શરૂઆતના દિવસોમાં ગર્ભ રહ્યો છે એવું બાહ્યથી સ્ત્રીમાં ન દેખાય પણ શ્રુતથી જાણીને ગર્ભાધાનના દિવસથી માંડીને નવમા માસ સુધીની પણ ગર્ભિણી સ્ત્રીના હાથે ભિક્ષા છોડી દે છે.

**• [૨૬]માત્ર માતાના દૂધ પર જીવનાર બાળકવાળી સ્ત્રીદાતારના હાથે અગ્રાહ્ય છે, તેના ગ્રહણમાં દોષ અને અપવાદ, તથા તેના દાનગ્રહણમાં અસ્થવિર કલ્પી અને જિનકલ્પીનો વિધિવિશેષ •**

(૨૬) 'बालवच्छा य' = 'बालवत्सा च', 'बालवत्सा' = 'स्तनजीवी' માત્ર સ્તનપાન કરનાર = માત્ર બાળકવાળી સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે.

**દોષ** :- બાળકને ભૂમિ પર મૂકીને ભિક્ષા આપવા જતાં "આ સસલા વગેરેના માંસનું પિણ્ડ છે' એમ માનીને ભૂમિ પર રહેલ તે બાળકને કૂતરા-બીલાડા વગેરે વિનાશ કરે. તેમજ દાન આપતાં દેય વસ્તુથી ખરડાયેલ હાથ કર્કશ બની જતાં હોય છે એટલે દાન આપ્યાબાદ બાળકને ગ્રહણ કરવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बालवत्सायाः स्तन्याशनादिजीविशिशुकाया हस्ताद् गृह्णन्ति यदि बालः स्तनं धयन्नधयन्वा तया मुक्तो न रोदिति, रुदति च तस्मिन्नेति। केवलस्तन्यजीविशिशुकया च स्तनपानाद्बाले मुक्ते रुदत्य-रुदति च तद्धस्तान्नेति। अपिबति च तया निक्षिप्ते ऽरुदति च स्तन्यजीविन्यपि तद्धस्ताद् गृह्णन्ति, रुदति च नेति। जिनकल्पिकादयश्च यावद्बालः केवलस्तन्यपायी तावत्तं मुक्त्वा ददत्या निरपवादात्तद्धस्ताद् भिक्षां न गृह्णन्ति। अयमत्र विभागः। केवलस्तन्यजीविनि पिबत्यपिबति च निक्षिप्ते रुदत्यरुदति च न गृह्णन्ति। स्तन्याशनादिजीविनि च पिबति निक्षिप्ते रुदत्यरुदति च न गृह्णन्ति। अपिबति मुक्तेऽरुदति गृह्णन्ति, रुदति च नेति।२६। चः समुच्चये इति गाथार्थः।।८६।।

**मूलगाथा—** **तह छक्काए [२७]गिण्हइ, [२८]घट्टइ [२९]आरंभइ [३०]खिवइ दट्ठु जइं।**
**[३१]साहारण[३२]चोरियगं [३३]देइ, [३४]परक्कं परट्ठं वा।।८७।।**

**संस्कृतछाया–** तथा षट्कायान्[२७]गृह्णाति [२८]घट्टयत्य[२९]ारभते [३०]क्षिपति दृष्ट्वा यतिं।
[३१]साधारण[३२]चोरितकं [३३]ददाति, [३४]पराक्यं परार्थं वा।।८७।।

---

જતાં એને પીડા થાય.

**અપવાદ** :- **સ્થવિરકલ્પી** :- સ્તનપાન અને અશનાદિ પર જીવનાર શિશુવાળી = બાલવત્સા સ્ત્રીના હાથે ગ્રાહ્ય છે. જો બાળકને સ્તન ધવરાવતી હોય કે ધવરાવવાનું પતી ગયું હોય કે ન પણ ધવરાવતી હોય. પરન્તુ વહોરાવતી વખતે નીચે મૂકેલો એ બાળ રડે નહિ તો ગ્રાહ્ય છે. પણ જો તે રડે તો અગ્રાહ્ય છે.

કેવલ સ્તનપાન પર જીવતા શિશુને ધવરાવતી માતા એને સ્તનપાનથી દૂર કરીને નીચે મૂકે. ત્યારે એ બાળ રડે કે ન રડે, તેના હાથે અગ્રાહ્ય છે.

**અપવાદ** :- કેવલ સ્તનપાન પર જીવતો બાળ જો સ્તનપાન ન કરતો હોય અને નીચે મૂકવાથી રડે નહિ તો તે બાલવત્સાના હાથે ગ્રાહ્ય છે. રડે તો અગ્રાહ્ય છે.

**જિનકલ્પીઆદિ** :- કેવલ સ્તનપાન પર જીવનાર શિશુને મૂકી એની માતા ભિક્ષા આપે તો નિરપવાદંપણે તેના હાથે ગ્રહણ ન કરે. અહીં વિશેષ ફેરફાર આ પ્રમાણે જાણવો.

કેવલ સ્તન્યજીવી બાળ સ્તનપાન કરતો હોય કે ન કરતો હોય અને એને નીચે મૂકતાં રડે કે ન રડે. તોય તેના હાથે ગ્રહણ કરતાં નથી. સ્તનપાન અને અશનાદિ પર જીવનાર બાળ સ્તનપાન કરતો હોય. એને નીચે મૂકતા તે રડે કે ન રડે. ત્યારે પણ તેના હાથે ગ્રહણ કરતાં નથી. જો એ બાળ સ્તનપાન કરતો ન હોય. અને નીચે મુકતા રડે નહિ. ત્યારે તેના હાથે ગ્રહણ કરે. પરન્તુ સ્તનપાન ન કરતાં પણ બાળને નીચે મૂકતાં જો રડે તો તેના હાથે ગ્રહણ કરતા નથી.

મૂળગાથામાં છેલ્લે જે 'य' = 'च' છે તે સમુચ્ચયના અર્થમાં છે એમ જાણવું.।।૮૬।।

**મૂળગાથા-શબ્દાર્થ** :- **तह** = તથા, **छक्काए** = છકાયજીવોને, **गिण्हइ** = ગ્રહણ કરતી હોય, **घट्टइ** = સંઘટ્ટો કરતી હોય, **आरम्भइ** = વિનાશ કરતી હોય, **खिवइ** = ફેંકતી હોય, **दट्ठु जइं** = સાધુને જોઈને, **साहारण** = ઘણાંની માલિકીનું, **चोरियगं** = ચોરી છૂપીથી, **देइ** = આપે, **परक्कं** = અથવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 षट्कायान्[27]गृहणाति-संघट्[28]टयत्यार[29]भते-क्षि[30]पति तस्यां ददत्यामग्राह्यं, ग्रहणे दोषाऽपवादौ 卐

**व्याख्या**- तथेति वाक्योत्क्षेपे 'या' इति पदं सर्वत्रेहापि सम्बध्यते। ततश्च या काचिन्महिला षट्कायान् लवणोदकाग्निवातपूरितदृतिपर्वबीजपूरादिपूतरकमत्स्यादिरूपान् षड्जीवनिकायान् गृह्णाति हस्ते धारयति, तस्यां ददत्यां न गृह्णन्ति, षट्कायस्य पीडादिदोषसद्भावादेवमुत्तरद्वारत्रयेऽप्यं हेतुर्दृश्यः।२७। तथा 'घट्टयति' प्रकान्तान् षट्कायान् शेषशरीरावयवशिरउरःकर्णादिस्थान् संघट्टयति

બીજાનું, **परट्ठं वा** = અથવા બીજામાટે સ્થાપન કરેલું.॥૮૭॥

**મૂળગાથા-ગાથાર્થ** :- (૨૭) દાતારે હાથમાં છકાયમાંથી કોઈપણ સચિત્તવસ્તુ ધારણ કરેલી હોય. (૨૮ થી ૩૦ સુધીમાં સચિત્ત = 'છકાયમાંથી કોઈપણ સચિત્ત' એવો અર્થ કરવો) (૨૮) દાતારે સચિત્તનો સંઘટ્ટો કરેલો હોય અથવા માથામાં ફુલ તથા ગળા વગેરેમાં ફુલની માળા વગેરે ધારણ કરેલી હોય. (૨૯) દાતાર સચિત્તનો આરંભ કરતો હોય એટલે જમીન ખોદવા તથા વસ્તુ ધોવા વગેરેની ક્રિયા કરતો હોય. (૩૦) દાતાર સાધુ જોઈ આહારાદિ વહોરાવવા માટે પોતાના શરીર ઉપર અથવા હાથમાં રહેલ સચિત્તપદાર્થને જમીન ઉપર મુકે અથવા ફેંકે તો. (૩૧) દાતાર ઘણાંની માલિકીવાળા આહારાદિ બધાંની રજા વગર પોતે એકલો આપતો હોય તો. (૩૨) પોતાના માલિકને ઠગીને નોકર આહારાદિ આપતો હોય અથવા કોઈ સ્ત્રી પોતાની સાસુ અથવા નણંદને પૂછ્યા વગર આપતી હોય તો. (૩૩) દાતાર જે આહારાદિ આપતો હોય તે બીજાનો છે એમ કહીને આપતો હોય તો. (૩૪) દાતાર જે આહારાદિ આપતો હોય તે બીજા કાર્પટિકાદિને માટે રાખેલો છે એમ કહીને આપતો હોય તો. (એવા દાતારના હાથે અગ્રાહ્ય છે.)॥૮૭॥

## ● [27]ષટ્કાય જીવોને ગ્રહણ કરતી, [28]એનો સંઘટ્ટો કરતી, [29]એનો આરંભ કરતી, [30]એને ભૂમિ પર મુકતી સ્ત્રી દાતારના હાથે અગ્રાહ્ય છે, તેના ગ્રહણમાં દોષ અને અપવાદ ●

**વ્યાખ્યાર્થ** :- 'तह' = 'तथा' વાક્યના 'उत्क्षेप' = વાક્યને ઉઠાવવામાં = શરૂઆત કરવામાં 'जा' = 'या' પદ જે ગાથા ૮૮ માં આવશે તે અહીં પણ બધે લગાડવો.

(૨૭) 'छक्काए' = 'षड्जीवनिकायान्' = જે કોઈ સ્ત્રી ષટ્કાયોને, લૂણ = પૃથ્વીકાય, ઉદક = અપ્કાય, અગ્નિ = તેજસ્કાય, વાતપૂરિતદતિ = હવાથી ભરેલ મશક = વાઉકાય, પર્વ સાથેની શેરડી કે બીજપૂર = બીજોરું = વનસ્પતિકાય. વગેરે એકેન્દ્રિય અને 'पुतरक' = પાણીમાં થતા પોરા કે તેના જેવા બીજા વિકલેન્દ્રિયરૂપ ત્રસકાય કે મત્સ્ય કે તેના જેવા બીજા પંચેન્દ્રિય ત્રસકાય આદિ સ્વરૂપ ષડ્જીવનિકાયોને 'गिण्हइ' = 'गृह्णाति' = ગ્રહણ કરતી હોય તે સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે.

**દોષ** :- ષટ્કાયને પીડા થાય વગેરે દોષ સંભવતો હોય છે. આગળ પણ ત્રણ દ્વારમાં આ હેતુ સમજવો.

[**પ્રશ્ન** :- અહીં મત્સ્યની વાત કેમ મૂકી ? માંસાહારી કુળ તો ગોચરી માટે વર્જ્ય છે ને ?

**સમાધાન** :- અધમકુળમાં તો ગોચરી વર્જ્ય છે જ. પણ ઉત્તમ કુળમાંય કોકવાર આવું થતું હોય છે. એ ઘર વર્જ્ય નથી. માટે અહીં 'मत्स्यादि' એવો વિકલ્પ મૂક્યો છે. इति पूज्य जयघोषसूरयः]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चालयतीति यावत्। तथा पादाभ्यां या तानेव चालयतीत्यपि दृश्यं। तत्र सिद्धार्थकतत्पुष्पाण्यार्द्र-दूर्व्वाराजिकाशतपत्रिकादिपुष्पाणि वा शिरःस्थानि, अम्लानमालतीमालादीन्युरःस्थानि, बदरकरीर-जपाकुसुमादीनि आभरणतया कर्णस्थानि, परिधानाद्यन्तर स्थापितसरसवृन्तताम्बूलपत्रादीनि शरीर-स्थानि या धारयति, तस्यां शरीरन्यस्तपुष्पादिकायां ददत्यां दात्र्यां न गृह्णन्ति।२८। तथा 'आरभते' षट्कायान् विनाशयति। तत्र पृथ्वीकायं कुश्यादिना खनन्त्यारभेत। मज्जनवस्त्रादिधावन-

(૨૮) તથા, 'घट्टइ' = 'घट्टयति' = હાથ સિવાય શરીરના શેષ માથું, છાતી, કાન આદિ અવયવો પર રહેલા ઉપરોક્ત ષડ્જીવનિકાયને ધારણ કરતી સ્ત્રી, કે હાથ-પગથી ષડ્જીવનિકાયનેજ સંઘટ્ટન દ્વારા આમતેમ કરતી સ્ત્રીના હાથે પણ અગ્રાહ્ય છે. (ઉપરોક્ત ૨૭મી દાત્રી = 'गिण्हइ' માં હાથની વાત આવી ગઈ છે એટલે અહીં મુખ્યતયા પગની વાત કહી છે એમ જાણવું.)

શેષ શરીરના અવયવો ઉપર ષડ્જીવનિકાય શી રીતે સંભવે તે જણાવે છે

'सिद्धार्थक' = ધોળા સરસવ, 'तत्पुष्पाणि' = ધોળા સરસવના પુષ્પો, 'दुर्वा' = લીલું ઘાસ, રાઈ અને શતપત્રિકા = કમલિનીવિશેષ આદિ પુષ્પો માથામાં રહેલા હોય છે. શતપત્રિકા વગેરે પુષ્પો સ્ત્રીઓ વાળમાં શોભા રૂપે રાખે છે. તથા ધોળા સરસવ અને રાઈ વગેરે માથામાં નાંખે જેથી ઉપદ્રવ દૂર થાય છે, કલ્પસૂત્રના સ્વપ્નલક્ષણ પાઠકોના સંદર્ભમાં વાત આવે છે તેમ માંગલીક પ્રસંગે પૂર્વકાળે આ બધું માથા પર ધરાતું હતું.

'अम्लान मालतीमाला' = ન કરમાયેલી તાજા માલતીના પુષ્પોની માળા વગેરે છાતીના ભાગે ધારણ કરાય છે.

'बदर' = બોરને તાંતણાથી બાંધી કાન પર લટકાવવામાં આવે છે. 'करीर' = કેરડાના ફુલ, 'जपाकुसुम' = જાસુદપુષ્પ વગેરે આભરણ રૂપે કાન પર રહેલા હોય છે.

પહેરવાના કપડાઆદિની અંદર સરસ- તાજા લીલાંછમ બીંટાવાળા 'तांबुलपत्र' = પાનના પત્તા વગેરે રાખેલા હોય છે. 'परिधानादि' અહીં 'आदि' શબ્દથી પાન વગેરેનો જથ્થો કપડાં વગેરેમાં બાંધી કમર વગેરે પર લટકાવી રાખ્યા હોય વગેરે લેવું. આ રીતે શરીરના પહેરેલા કપડાની અંદર પુષ્પાદિને ધારણ કરેલી સ્ત્રી જો આપે તો અગ્રાહ્ય છે.

[**પ્રશ્ન** :- અહીં મુખ્યતયા સિદ્ધાર્થક આદિ એકેન્દ્રિયની વાત આવી પણ ષટ્કાયની વાત લેવાની છે, તો ત્રસકાયનું સંઘટ્ટન શી રીતે સંભવે ?

**સમાધાન** :- ઉત્તમકુળોમાં પણ ગાય ભેંસાદિ હોય. એને જ્યારે ખરી કરે કે કાન-નાકાદિ વીંધાવે ત્યારે બાજુમાં હોય અને ત્યારે એ જીવના અવયવોને અડે-પકડી રાખે. ત્યારે ત્રસકાયનો ભાંગો સંભવે. इति पूज्य जयघोषसूरयः]

(૨૯) તથા, 'आरंभइ' = 'आरभते' = ષટ્કાયનો આરંભ કરતી હોય તેવી સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે.

ષટ્કાયનો આરંભ શી રીતે સંભવે ? તે બતાવે છે.

**પૃથ્વીકાય** :- કોદાળી વગેરેથી ખણતી પૃથ્વીકાયનો આરંભ કરે.

**અપ્કાય** :- સ્નાન, વસ્ત્રધાવન, ગાય વગેરે ઉપર પાણી છાંટે = તેને ન્હવરાવે વગેરે કરતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गवादिसेचनादीनि च कुर्व्वत्यप्कायं। उल्मुकघट्टनादिना अग्निं ज्वलयन्ती तेजस्कायं, चुल्ल्यां तमेव फुत्कुर्व्वाणा वायुं, चिर्भिटादिच्छेदनेन सूर्प्पादिना मुद्गादिशोधनेन च वनस्पतिकायं, पीडयोद्वेल्लतो मत्स्यादिमत्कुणादीन् व्यथयन्ती त्रसकायमारभते।२९। तथा दृष्ट्वा व्यवलोक्य यतिं साधुं, तस्मै भिक्षादि दानाय षट्कायान् शरीरस्थान् या क्षिपति भूम्यादौ मुञ्चति।३०।

卐 साधारणं[३१]-चोरितकं[३२]-पराख्यं[३३](=परकीयं)-परार्थं[३४] यद्ददाति तदग्राह्यं, ग्रहणे दोषाऽपवादौ 卐

तथा 'साधारणं' बहुजनसाहिकं या ददाति। तस्यां न गृह्णन्ति। साधोर्ग्रहणाकर्षणधर्माधिकरणनयनादिदोषभावात्। दातुर्वा स्वामी निग्रहादिकं कुर्यात्,।३१। तथा 'चोरितकं' चोरिकया ददत्यां न गृहीतं द्रव्यं लड्डुकादि या ददाति प्रयच्छति, तस्मिन् हि स्वामिवञ्चनेन कर्मकरेण अप्रभुवधूटीभ्रातृजायादिना वा श्वश्रूननान्द्रादिवञ्चनेन दीयमाने साधुना च गृह्यमाणे साधोर्दातुर्वा बन्धनादिः स्यात्।३२। तथा 'पराक्यं' परकीयमिदमिति सत्यमेव जल्पित्वा गोस्वामिकविषया-

---

અપ્કાયનો આરંભ કરે..

**તેજસ્કાય** :- ઉંબાડીયું કે કાકડા દ્વારા અગ્નિને પેટાવતા તેજસ્કાયનો આરંભ કરે. જૂનાકાળમાં સળગતા ઉંબાડીયાને કે કાકડાને ચૂલામાં મૂકે. જેથી ચૂલાનું ઈંધણ આગ પકડે.

**વાયુકાય** :- ચૂલામાં આગને ફૂંકતી વાયુકાયનો આરંભ કરે.

**વનસ્પતિકાય** :- 'चिर्भिट' ચીભડા વગેરેને છેદવા દ્વારા કે સૂપડા વગેરે દ્વારા મગ વગેરે સાફ કરતી = ફોતરા કાઢતી વનસ્પતિકાયનો આરંભ કરે.

**ત્રસકાય** :- મત્સ્ય - માંકડ વગેરેને ખસેડવાદ્વારા વ્યથા પમાડતી ત્રસકાયનો આરંભ કરે.

(૩૦) તથા, 'खिवइ दट्ठुं जइं' = આનો અન્વય આ રીતે કરવો- 'जइं दट्ठुं खिवइ' = 'यतिं द्रष्ट्वा (भूमौ) क्षिपति' = સાધુને જોઈને તેમને ભિક્ષાઆદિ દાનમાટે શરીર પર રહેલા તે ષટ્કાયજીવોને ભૂમિવગેરે ઉપર મૂકતી સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે.

**• [૩૧]સર્વસાધારણ (બધાંનું ભેગું) હોય, [૩૨]ચોરીનું હોય, [૩૩]બીજાનું હોય, [૩૪]બીજા માટે હોય - આવું આપે તો અગ્રાહ્ય છે, તેના ગ્રહણમાં દોષ અને અપવાદ. •**

(૩૧) તથા, 'साहारण' = 'साधारण' = ઘણાં જનોનું ભેગું હોય. એમાંથી આપતી સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે.

**દોષ** :- ઘણાં જનોનું ભેગું હોવાથી એ આહારાદિના જેટલા પણ માલિક હોય. એ બધાં અથવા જે કોઈ રોષે ભરાય તે, 'કયા સાધુએ એ લીધું ?' એની જાણકારી મેળવીને તે સાધુને પકડે. પંચાયતમાં ઢસડી જાય વગેરે સંભવે છે. અથવા દાતા સિવાયના અન્યસ્વામીઓ નિગ્રહ આદિ કરે. (નિગ્રહ = જેલમાં પૂરાવે.)

(૩૨) તથા, 'चोरियगं' = 'चोरितकं' = ચોરીપૂર્વક = છાની છૂપી રીતે આપતી સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે. એટલે કે, લાડુ વગેરે દ્રવ્યો જે પોતે ગ્રહણ કરેલા નથી = પોતાના માલિકીના કર્યા નથી અર્થાત્ ચોરી કરીને લાવેલું આપે. આમ ચોરીથી = છૂપી રીતે આપતી સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે. અહીં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सङ्घकेन (सत्केन?) ददाति तन्न ग्राह्यमदत्तादानान्तरायादिदोषात्।३३। तथा परस्येदं परार्थं, तत्र परोऽन्यः साधुः कार्पटिकादिकस्तन्निमित्तं यद्दानाय कल्पितं साधवे ददाति तत्परमार्थतो यदर्थं स्थापितं तत्सत्कत्वान्न गृह्णन्ति।३४। वा समुच्चये इति गाथार्थः।।८७।।

तथा–

**मूलगाथा–** **ठवइ बलिं[३५] उव्वत्तइ, पिठराइ[३६] तिहा सपच्चवाया[३७] जा।**
**देंतेसु एवमाइसु, ओघेण मुणी न गिण्हन्ति।।८८।।**

**संस्कृतछाया–** **स्थापयति[३५] बलिमुद्वर्त्तयति पिठरादि[३६] त्रिधा सप्रत्यपाया[३७] या।**
**ददत्सु एवमादिष्वोघेन मुनयो न गृह्णन्ति।।८८।।**

'देइ' = 'ददाति' શબ્દનો અન્વય 'साहारणचोरियगं, परक्कं, परट्ठं' આ ત્રણે સાથે કરવો અર્થાત્ 'देइ साहारणचोरियगं, देइ परक्कं, देइ परट्ठं.'

**દોષ** :- નોકર સ્વામીની વંચના કરીને આપે તો, અથવા અપ્રભુ એવી વધૂ, કે ભાઈની પત્ની = ભાભીવગેરે સાસુ, નણન્દ વગેરેની વંચના કરીને આપે અને સાધુ ગ્રહણ કરે તો સાધુ અથવા દાતાને બન્ધન વગેરે થાય.

(૩૩) તથા, 'परक्कं' = 'पराक्यं' = આ બીજાનું છે એમ સાચું જ બોલીને. અથવા ગોકુલમાં ભાગની વહેંચણી પછી ગોવાળીયાની માલિકીનું આપતી ગોકુલની માલિકણ સ્ત્રી 'देइ' = 'ददाति' = આપે તો તેના હાથે અપાતું અગ્રાહ્ય છે.

**દોષ** :- અદત્તાદાન અને અન્તરાય થાય વગેરે.

(૩૪) તથા, 'परट्ठं' = 'परार्थं' = બીજામાટે કરેલું આપે તો અગ્રાહ્ય છે. એટલે કે, 'पर' = અન્ય = કાર્પ્પટિક વગેરે બીજાસાધુને દાન માટે કલ્પેલું હોય. એટલે એ ભક્તાદિ ખરેખર તો કાર્પ્પટિક-વગેરેમાટે સ્થાપેલું હોવાથી તે ભક્તાદિ તેમનું જ કહેવાય છે. એવું 'परार्थ' આપતી સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે. 'वा' એ સમુચ્ચયના અર્થમાં છે એમ જાણવું.॥૮૭॥

**મૂળગાથા-શબ્દાર્થ** :- **ठवइ बलिं** = બલિને માટે જુદું કાઢે, **उव्वत्तइ** = જમીનઉપર નમાવીને આપે, **पिठराइ** = ભાજનવગેરે, **तिहा** = ત્રણપ્રકારે, **सपच्चवाया** = અનર્થની સંભાવનાવાળી, **जा** = જે સ્ત્રી, **देन्तेसु** = આપે છતે, **एवमाइसु** = ઉપર જણાવેલ દાતારો, **ओघेण** = ઉત્સર્ગથી, **मुणी** = સાધુઓ, **न गिण्हन्ति** = ગ્રહણકરતાં નથી.॥૮૮॥

**મૂળગાથા-ગાથાર્થ** :- (૩૫) દાતાર સાધુને વહોરાવતાં પહેલાં મૂળભાજનમાંથી બલિમાટે જુદું કાઢી પછી વહોરાવવા માંડે તો. (૩૬) દાતાર સાધુને વહોરાવતી વખતે આહારાદિવાળું ભાજન જમીન ઉપર નમાવીને તેમાંથી કાઢીને આપે અથવા મોટું વજનદારભાજન હોય અને તે ઉપાડીને આવે તો. (૩૭) સાધુને વહોરાવતાં દાતારને ઊર્ધ્વ, અધો અને તિર્છા એમ ત્રણમાંથી કોઈપણ સ્થાનના યોગે કષ્ટ પડે તેમ હોય તો.

ઉપરમુજબ દાતારનાં જે ૩૭ દોષો જણાવ્યા તેવા દોષવાળા દાતારના હાથે ઉત્સર્ગમાર્ગથી સાધુને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 बलिं स्थापयति[३५]-पिठराद्युद्वर्त्तयति[३६] (उत्क्षिपति वा) त्रिधा सप्रत्यपाया तस्यां ददत्यामग्राह्यं, ग्रहणे दोषाऽपवादौ, तथोपलक्षणेनाऽष्टत्रिंशत्तमदाता ज्ञायकाऽज्ञायकदातृद्वयमपि[३८] ग्राह्यं, तस्य हस्तेऽग्राह्यम् 卐

**व्याख्या**- इहापि 'या' इति पदं सम्बन्धनीयं। ततश्च या काचित्स्त्री 'ठवइ बलिं'ति बलिरग्रकूरसंज्ञित उपहारस्तं स्थापयति साधुदानाय प्रवृत्ता सतीति, मूलस्थाल्या आकृष्ट स्थगनिकादौ मुञ्चति, तत्स्थालीभक्तं ददती वर्जनीयेत्यर्थः, तत्र प्रवर्तनादिदोषभावात्।३५। तथा 'उव्वत्तइ पिठराइ'त्ति तत्र पिठरादि कांजिकिन्यादिकं(?) भाजनं। तत्तन्मध्यस्थितवस्तुदानायोद्वर्त्तयति भूमौ स्थितं नमयति। उपलक्षणत्वान्महत्पिठरादिकमुत्क्षिपति चेति दृश्यं। तत्र चोद्वर्त्त्यमाने कीटिकामत्कोटकादेर्वधः

---

આહારાદિ લેવા કલ્પે નહિ. અપવાદ માર્ગે જ્યાં જ્યાં લેવા કલ્પે તે તે અપવાદો તેના સ્થાને બતાવવામાં આવ્યા છે.॥૮૮॥

**● [૩૫]જે સ્ત્રી સ્થાપેલ બલિમાંથી આપે, [૩૬]પિઠરવગેરે ઉંચકીને કે નમાવીને આપે, [૩૭]ઉર્ધ્વવગેરે ત્રણપ્રકારના પ્રત્યપાયવાળા દાતારના હાથે અગ્રાહ્ય છે, ગ્રહણમાં દોષ અને અપવાદ. તથા, ઉપલક્ષણથી ૩૮મા દાતા તરીકે 'જ્ઞાયક-અજ્ઞાયકદાતૃ'[૩૮] લેવા, તેના હાથે અગ્રાહ્ય છે. ●**

**વ્યાખ્યાર્થ** :- અહીં પણ 'या' પદ બધે લગાડવું.

(૩૫) જે કોઈ સ્ત્રી, 'ठवइ बलिं' = 'स्थापयति बलिं' = ખેતર પાક્યાબાદ સહુથી પહેલાં જે કૂર આવે. તેની બલિ કરે = નૈવેદ્ય કરે, તે 'अग्रकूर' નામક ઉપહાર = ભેટણાને સર્વપ્રથમ કુળદેવી-વગેરેને ચઢાવવા સ્થાપ્યું હોય. એ જો સાધુને આપવા પ્રવૃત્ત થાય તો અગ્રાહ્ય છે. એટલે કે, બલિ કરી હોય પણ. તે બલિ હજુ ઉપયોગમાં લીધી ન હોય = સ્વમાન્ય દેવ-દેવી વગેરેને ચઢાવવાની બાકી હોય. એટલામાં સાધુ ગોચરીએ આવ્યા હોય. ત્યારે ચઢાવવા માટે સ્થાપેલી મૂળતપેલીમાંથી બલિનો અમુકભાગ કાઢી લઈને ઢાંકણા વગેરેમાં મૂકીને તે તપેલીમાંથી દાન આપતી સ્ત્રીનાં હાથે અગ્રાહ્ય છે.

**દોષ** :- પ્રવર્તનઆદિ દોષ લાગે.

[પ્રવર્તન દોષ = બલિમાં નિયમન છે કે ચઢાવ્યાવિના કશુંય કરાય નહિં. જ્યારે ચાલુ રસોઇ (પહેલા પાક સિવાયની)માં એવું નિયમન નથી હોતું. એટલે બલિમાં ચઢાવ્યાવિના વહોરવામાં પ્રવર્તનદોષ લાગે છે. જ્યારે રસોઈમાં એ દોષ લાગતો નથી. તથા, બલિ રાંધે ત્યારે સામાન્યતયા કાયદો એવો હોય છે કે જે બલિ કરી હોય, તે સૌપ્રથમ કુળદેવી વગેરેને ચઢાવવાની હોય. પછી જ પરિવારવાળા ભોજન કરી શકે કે સાધુ-સંતોને દાન અપાય કે લહાણું વગેરે મોકલાય. હવે જો કુળદેવી વગેરેને ચઢાવ્યા વિના જ સાધુને વહોરાવી દે તો ઘરમાં એ વાતની જાણ થતાં ક્લેશ વગેરેનો સંભવ રહે. અમંગળની બુદ્ધિ થાય. અથવા દૈવયોગે એજ દિવસે ઘરમાં કાંઈ અશુભ થાય તો ધર્મ-સાધુપ્રત્યે અપ્રીતિ થાય વગેરે. इति पूज्य जयघोषसूरयः]

(૩૬) 'उव्वत्तइ पिठराइ' = 'उद्वर्त्तयति पिठरादि', 'पिठरादि' એટલે કે 'कांजिकिन्यादिकं' = કાંજી રાખવાનું ભાજનવિશેષવગેરે ભાજન. ભૂમિ ઉપર રહેલ તે ભાજનને દાન આપવામાટે નમાવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्यादूर्ध्वोत्पाटनाच्च सत्त्ववधः, दात्र्याः पीडा, भाजनभङ्गादि च स्यात्।३६। तथा त्रिधा त्रिभिः प्रकारैरूर्ध्वाधस्तिर्यग्लक्षणैः सप्रत्यपाया सम्भाव्यमानाभिघाताद्यनर्था या काचिन्नारी स्यादयमर्थः - भिक्षां ददत्या यस्या दात्र्याः क्रमशः उत्तराङ्गकाष्ठादेः कण्टकादेर्गवादेः सकाशादूर्ध्वाधस्तिर्यग्रूपाः प्रत्यपायाः सम्भाव्यन्ते, तस्यां ददत्यां न गृह्णन्ति।।३७।।

**卐 [1]साधारणाऽनिसृष्टयोः [2]परार्थ-स्थापनयोः [3]पिठराद्युद्वर्त्तन-संहृतयोः च को भेदः ? 卐**

ननु साधारणस्यानिसृष्टदोषत्वात् परार्थं स्थापितस्य च स्थापनादोषवत्त्वात् पिठराद्युद्वर्त्तनस्य संहृतदोषवत्त्वादेतदुपादानमयुक्तं, नैवं, पूर्वं दोषप्रस्तावेन, इह दातृप्रस्तावादुक्तमिति, न चैकस्यापि वस्तुनोऽनेकदोषोपनिपातो नोपपद्यते, अस्य न्यायस्य तत्र तत्र प्रवेशत्वात्। एवमन्यत्रापि लक्षण-

---

તો અગ્રાહ્ય છે. ઉપલક્ષણથી મોટાપિઠરાદિને દાન આપવામાટે ઉંચે ઉપાડે તો પણ અગ્રાહ્ય છે એમ જાણવું.

**દોષ** :- નમાવીને આપવા જતા સંહૃતદ્વાર-ગાથા ૮૪ સ્તોક-બહુની ચતુર્ભંગીમાં બતાવ્યા પ્રમાણે, કીડી-મંકોડા વગેરેનો વધ થાય. અથવા ઉંચે ઉપાડે એમાં સત્ત્વવધ થાય. અર્થાત્ ઉંચે ઉપાડીને નીચે મૂકવા જતાં ભાજનની વિશાલતાને લીધે જગ્યાનું દષ્ટિ પડિલેહણ ન થવાથી કદાચ ત્યાં રહેલા સત્ત્વોના વધાદિ થાય. દાત્રીને પીડા થાય. ભાજન ફૂટે વગેરે થાય.

(૩૭) 'तिहा सपच्चवाया जा' = 'त्रिधा सप्रत्यपाया या' = ઉપર, નીચે અને તિર્યગ્ = તીર્છું લક્ષણવાળા ત્રણ પ્રકારના પ્રત્યપાયની સંભાવનાવાળી. અર્થાત્ અભિઘાતવગેરે અનર્થને પામીશકનારી સ્ત્રીના હાથે અગ્રાહ્ય છે.

ત્રણ પ્રકારના પ્રત્યપાયનો ભાવાર્થ આ છે કે, ભિક્ષા આપતી જે દાત્રીના ઉત્તમ, મધ્યમ અને અધોઅંગ = માથું, પેટ અને પગ વગેરે કાષ્ઠ= લાકડું વગેરેથી, ગાય વગેરેથી કે કાંટા વગેરેથી પ્રત્યપાય = નુકશાન પામવાની સંભાવનાવાળા હોય. અર્થાત્ લાકડા વગેરેથી માથું અથડાઈ જવાની શક્યતા જણાતી હોય. ગાય વગેરેથી એની કેડ કે પેટ અથડાઈ જવાની શક્યતા જણાતી હોય. અથવા ઘરમાં કારણસર લાવેલ બાવળ વગેરે નીચે વેરાયેલા હોય. એનાથી પગ વિંધાઈ જવાની શક્યતા જણાતી હોય. ત્યારે એવા પ્રત્યપાયવાળી સ્ત્રીના હાથે ભિક્ષા અગ્રાહ્ય છે.

**• [1]સાધારણ અને અનિસૃષ્ટ, [2]પરાર્થ અને સ્થાપના, [3]પિઠરવગેરેનું ઉદ્વર્તન અને સંહૃત. આ બધાં વચ્ચે શું તફાવત ? •**

**પ્રશ્ન** :- **'साधारणं'** (૩૧મી દાત્રી) દાયકદોષમાં અનિસૃષ્ટદોષપણું હોવાથી અને **'परार्थं'** (૩૪મી દાત્રી) દોષમાં બીજા માટે સ્થાપેલું હોવાથી, સ્થાપનાદોષપણું હોવાથી અને **'पिठरादि उद्वर्तयति'** (૩૬મી દાત્રી) દોષમાં સંહૃતદોષપણું હોવાથી, આ ૩૧, ૩૪ અને ૩૬ દાત્રી દોષોનું ગ્રહણ અયોગ્ય છે ને ?

**સમાધાન** :- ના એવું નથી. પૂર્વે દોષની વાત ચાલતી હતી એમાં એને દોષ રૂપે કહેલ. અહીં દાતૃની વાત ચાલતી હોવાથી દાતૃના દોષ રૂપે એ વાત કરવામાં આવી છે. 'એક જ વસ્તુના અનેક દોષો ન ઘટે એવું નથી અર્થાત્ ઘટી શકે છે.' આ ન્યાય તે તે દોષોમાં પ્રવેશ પામી શકે છે. આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

साङ्कर्ये प्रत्युत्तरं वाच्यमिति। तथा भक्त्या यतिशरीरोपष्टम्भार्थं साधुनामित्थं न कल्पते इत्येतज्जानानः कश्चिदाधाकर्म्मादिमध्याद्यथासम्भवमन्यतमं दोषं कुर्यात्, कश्चित् प्रत्यनीकतया अनेषणीयाऽग्रहणनियमभञ्जनार्थं, यतेश्चेत्थं न कल्पते इत्येतदजानानः ऋजुतयैव कुर्यादित्युपलक्षणत्वाज्ज्ञायकाऽज्ञायकदातृद्वयमपि दृश्यं।।३८।। एवं दायकानभिधाय साध्यार्थकथनायाह।

**卐 उपरोक्तस्थविरादि-सप्रत्यपायाऽन्तेषु दातृष्वौघेन मुनयो न गृह्णन्ति 卐**

'देंतेसु एवमाइसु'त्ति स्त्रीपुरुषाविवक्षया सामान्येन ददत्सु प्रयच्छत्स्वेवमादिष्वनन्तरोक्तस्थविरादिषु सप्रत्यपायान्तेषु दातृषु, विशेषविवक्षायां स्थविरादौ ददति दातरि ददत्यां वा दात्र्यामिति योज्यमोघेन सामान्येनोत्सर्गेणेत्यर्थः, मुनयो यतयो न गृह्णन्ति, नाददतेऽशनादीति शेषः। सामर्थ्यात् स्थविरादिविपरीतेषु ग्राह्यं। तत्र स्थविरस्य विपरीतो युवा। स च षोडशवर्षेभ्य उपरि यावच्चत्वारिंशद्वर्षाणि तावत्स्यादित्यादि भावनीयम्। तथेहोघेनेति वदन्नुत्सर्गेण स्थविरादिषु ददत्सु न गृह्यतेऽपवादेन तु ग्लानादिकार्ये

---

જ રીતે બીજે કોઈપણ ઠેકાણે લક્ષણસાંકર્ય દેખાય = એકદોષના લક્ષણ બીજા-ત્રીજામાં ઘૂસી જતાં દેખાય ત્યાં પણ આ જ સમાધાન જાણવું.

(૩૮) તથા, 'ज्ञायकाऽज्ञायकदातृ' 'આ રીતના દોષવાળું કરેલું સાધુને કલ્પતું નથી' એવું ન જાણતાં કોક ગૃહસ્થ ભક્તિથી યતિના શરીરના પોષણમાટે આધાકર્માદિ દોષોમાંથી યથાસંભવ કોઈપણ દોષવાળું અશનાદિ કરે. કોક વળી દુશ્મનાવટના લીધે 'સાધુને અનેષણીય ગ્રહણ ન કરાય' એવો નિયમ તોડાવવા માટે દોષવાળું અશનાદિ કરે. અથવા 'યતિને આવું કલ્પતું નથી' એવું ન જાણતાં ભોળપણથી દોષવાળું અશનાદિ કરે. આમ અહીં દાયકદોષના ઉપલક્ષણથી જ્ઞાયક અને અજ્ઞાયક = જાણ અને અજાણ દાયકના દોષનો પણ સમાવેશ જાણવો. અર્થાત્ ૩૮મો પ્રકાર તરીકે 'ज्ञायकाऽज्ञायकदातृ' દાયકદોષ જાણવો.

આ પ્રમાણે દાયકોને = દાયકોના ૩૭ પ્રકારો અને ઉપલક્ષણથી ૩૮મો પ્રકાર કહીને હવે સાધ્યાર્થ = જણાવવાયોગ્ય એટલે કે કહેવાયોગ્ય પદાર્થના કથનને જણાવે છે.

**● ઉપરોક્ત સ્થવિરથી માંડીને સપ્રત્યપાય સુધીના દાતૃઓના હાથે ઓઘથી મુનિઓ ગ્રહણકરતાં નથી ●**

'देंतेसु एवमाइसु' = 'ददत्सु एवमादिषु' = સ્ત્રી-પુરુષની કોઈ વિવક્ષા કર્યા વિના સામાન્યપણે, ઉપર કહેલા 'સ્થવિર'થી માંડીને 'સપ્રત્યપાય' સુધીના દાયકોના હાથે. 'ओघेण मुणी न गिण्हन्ति' = 'ओघेन मुनयो न गृह्णन्ति' = સામાન્યથી એટલે કે ઉત્સર્ગથી મુનિઓ અશનાદિ ગ્રહણકરતાં નથી. આ, સ્ત્રી કે પુરુષની વિવક્ષાવિના સામાન્યવાત કરી પણ વિશેષવિવક્ષામાં પુરુષ એવા સ્થવિરાદિના હાથે કે સ્ત્રી એવી સ્થવિરા આદિના હાથે અગ્રાહ્ય છે. એમ જોડીને પછી 'મુનિઓ ઉત્સર્ગથી ગ્રહણ કરતાં નથી' એમ અન્વય કરવો. અશનાદિ એ અધ્યાહારથી લેવું.

અહીં, પુરુષસ્થવિર કે સ્ત્રીસ્થવિરાઆદિના હાથે અગ્રાહ્ય છે એમ કહ્યું. એટલે એનાથી વિપરીતના હાથે અર્થાત્ સ્થવિરથી વિપરીત યુવાનઆદિના હાથે ગ્રાહ્ય છે એમ જાણવું. યુવાન કોને કહેવાય? તે કહે છે, ૧૬ વર્ષથી માંડીને ૪૦ વર્ષની વયવાળાને યુવાન કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्थविरादिदातृभ्योऽपि हस्तात् कथञ्चिद् गृह्यते, कथञ्चित्तु नेत्याचष्टे। तच्च यथास्थानं दर्शितमेवेति गाथार्थः।।८८।।

**अवतरणिका**— उक्तं दायकद्वारमथोन्मिश्रद्वारं व्याचिख्यासुस्तल्लक्षणं तद्गतं कल्प्याकल्प्यविधिं चाह।

**मूलगाथा— जोग्गमजोग्गं च दुवे वि मिसिउं देइ जं तमुम्मीसं।**
**इह पुण सचित्तमीसं, न कप्पमियरंमि उ विभासा।।८९।।**

**संस्कृतछाया-** योग्यमऽयोग्यं च द्वेऽपि मिश्रयित्वा ददाति यत्तदुन्मिश्रम्।
इह पुनस्सचित्तमिश्रं न कल्प्यमितरस्मिंस्तु विभाषा ।।८९।।

**卐 योग्याऽयोग्यद्रव्योन्मिश्रस्य स्वरूपम् 卐**

**व्याख्या**- योग्यं साधुदानायोचितं पूरणौदनकरंबकादि, तथा अयोग्यमकल्प्यतया साध्वनुचितं सचित्तं, मिश्रं दाडिमकलिकाम्रादि खण्डलवणादिदानाद्, अचित्तं तुषादि वा, चः समुच्चये। द्वे अपि

---

તથા, અહીં 'ओघेण' શબ્દ મૂક્યો છે અર્થાત્ ઉત્સર્ગથી સ્થવિરાદિના હાથે અગ્રાહ્ય છે એમ કહ્યું છે. એનાથી આ વાત છતી થાય છે કે 'ગ્લાનાદિ કાર્યવિશેષે અપવાદથી ક્યારેક ગ્રહણકરાય પણ છે અને ક્યારેક નથી પણ ગ્રહણકરાતું'. એ અપવાદોને દાયકદોષના વિવરણ વખતે જ યથાસ્થાને બતાવી દીધાં છે.।।૮૮।।

**અવતરણિકા** :- આ પ્રમાણે 'दायकद्वार' કહ્યું. હવે 'उन्मिश्रद्वार' ને કહેવાની ઈચ્છાવાળા મૂળકારશ્રી તેના લક્ષણ અને તે અંગેની કલ્પ્ય-અકલ્પ્ય વિધિને જણાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **जोग्गम्** = યોગ્ય, **अजोग्गम्** = અયોગ્ય, **च** = અને, **दुवे वि** = બન્ને પણ, **मिसिउं** = મેળવીને, **देइ** = આપે, **जं** = જે, **तं** = તે, **उम्मीसं** = ઉન્મિશ્ર, **इह पुणं** = અહીં પણ, **सचित्तमीसं** = સચિત્ત અને મિશ્ર, **न कप्पम्** = કલ્પે નહિં, **इयरंमि-उ** = બીજામાં તો, **विभासा** = ભજના.।।૮૯।।

**મૂળગાથા-ભાવાર્થ** :- દાતાર સાધુને આપવાયોગ્ય અને આપવાઅયોગ્ય એવા બન્ને દ્રવ્યો ભેગાં કરીને સાધુને જે આપે તે ઉન્મિશ્ર દોષવાળું કહેવાય. અયોગ્ય દ્રવ્ય બે પ્રકારના હોય. (૧) સચિત્ત અને (૨) અચિત્ત અને તેના યોગે ચતુર્ભંગી બને છે. એ ચારભાંગામાંથી પ્રથમ ત્રણભાંગામાં મેળવેલી વસ્તુ સચિત્ત રહેતી હોવાથી સાધુને લેવી કલ્પે નહિ. ચોથાભાંગામાં બન્ને દ્રવ્યો અચિત્ત હોવાથી કલ્પ્ય છે. તેમાં પણ સંહૃતદોષની ચતુર્ભંગીના ચોથાભાંગામાં થોડા અને ઘણાં દ્રવ્યના યોગે જે કલ્પ્યાકલ્પ્ય વિધિ જણાવી છે તે પણ જાણી લેવી.।।૮૯।।

**• યોગ્ય અને અયોગ્ય દ્રવ્યના ઉન્મિશ્રણનું સ્વરૂપ •**

**વ્યાખ્યાર્થ** :- 'जोग्गम्' = 'योग्यम्' = સાધુદાનને ઉચિત એવું પૂરણ, ઓદન, કરંબ વગેરે. તથા, 'अजोग्गं' = 'अयोग्यम्' = અકલ્પ્યતાને લીધે સાધુને અનુચિત એવું સચિત્તદ્રવ્ય, મિશ્રદ્રવ્ય, એટલે કે ખાંડ, લવણ વગેર નાંખેલ દાડમની કલિકા = દાડમની કળી = દાણા, આમ્ર = કેરી, કે અચિત્ત-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

द्विसङ्ख्ये अपि वस्तुनी नत्वेकं किञ्चिन्मिश्रणस्योभयाश्रितत्वादित्यपेरर्थः। मिश्रयित्वा एकीकृत्य ददाति साधवे प्रयच्छति। यद्यस्मात्तस्मात्तद्भक्तादि, उत्प्राबल्येन मिश्रीकृत्य दीयमानत्वादुन्मिश्रमुच्यते। उन्मिश्रणं चेहाचित्तद्रव्ययोरपि मीलनमात्रमेव ज्ञेयं न तु करंबीकरणं तस्य कृतौद्देशिकतया प्रागभिधानात्। इह च योग्ये वस्तुनि अनेन निमित्तेन किल केवलं दीयमानं स्तोकं स्यादिति लज्जया पृथग्दाने वेला लगतीत्यौत्सुक्येन, मीलितं मिष्टं स्यादिति भक्त्या, अनाभोगेन वा, सचित्ताभक्षण-नियमभङ्गो भवत्वेतेषामिति प्रत्यनीकतया चोन्मिश्रं ददाति।

**卐 सचित्ताऽचित्तोन्मिश्रितस्य चतुर्भङ्गस्तत्राऽपि चतुर्थभङ्गे स्तोकबहुकयोः चतुर्भङ्गः 卐**

इहापि च चत्वारो भङ्गा भवन्ति यथा सचितमिश्रे सचित्तमिश्रमुन्मिश्रितं। तत्र सचित्तमिश्रे नारङ्गखण्डादौ सचित्तमिश्रं दाडिमकलिकादि लवणादि वा। पूर्वोक्तकरणेनोन्मिश्रितमित्यर्थः। तथा अचित्तमिश्रे (सचित्तमिश्रं) २ सचित्तमिश्रेऽचित्तं ३ अचित्तेऽचित्तमुन्मिश्रितमिति ४। अत्र कल्प्याक-

---

द्रव्य = ફોતરાં વગેરે. 'च' = સમુચ્ચયાર્થમાં છે. 'दुवे वि' = 'द्वे अपि' = આ યોગ્ય અને અયોગ્ય બન્ને વસ્તુને પણ. કોઈપણ મિશ્રણ એ બે દ્રવ્યને આશ્રિત હોય છે એમ 'अपि' નો અર્થ જાણવો. 'मिसिउं देइ' = 'मिश्रयित्वा ददाति' = મિશ્રણ = એકઠું કરીને સાધુને આપે. 'जं' = 'यद्' = જે, 'तम्' = 'तत्' = તે. એટલે કે જેને મિશ્રણ કરીને આપે છે તે ભક્તાદિને, 'उम्मीसं' = 'उन्मिश्रम्' = ઉન્મિશ્ર કહેવાય છે. અહીં અચિત્ત બે દ્રવ્યોનું ઉન્મિશ્રણ માત્ર એક બીજાને ભેગા થવા પૂરતું જાણવું. પણ 'करंबीकरण' = એકમેક કરવાપણું ન સમજવું. કારણ કે કરંબીકરણને તો કૃતૌદ્દેશિક તરીકે પહેલાં જ કહેવાઈ ગયું છે. ત્યાં માત્ર મિશ્રણ બન્ને અચિત્ત દ્રવ્યોનું હતું. અહીં તો અચિત્ત સચિત્તનું પણ મિશ્રણ જાણવું.

યોગ્ય વસ્તુઓનું મિશ્રણ કોઈક કારણોસર સંભવી શકે છે. જેમકે,

(૧) અપાતું દ્રવ્ય ઓછું હોય એટલે 'આટલું ઓછું કેવી રીતે વહોરાવાય ?' ઈત્યાદિ લજ્જાથી,

(૨) 'અલગ અલગ રીતે દાન આપવા જતાં વાર લાગશે' આવી ઉત્સુકતાથી,

(૩) 'આનું મિશ્રણ કરવાથી દ્રવ્ય સ્વાદિષ્ટ થશે' એવા ભક્તિભાવથી, અથવા

(૪) અનાભોગથી = અજાણપણે,

(૫) 'સચિત્ત અભક્ષણના નિયમનો ભંગ થાઓ' એવી દુશ્મનાવટથી.

### • સચિત્ત અને અચિત્ત ઉન્મિશ્રની ચતુર્ભંગી, તેમાં પણ ચોથાભાંગામાં સ્તોક અને બહુકની ચતુર્ભંગી •

અહીં પણ ચતુર્ભંગી બને છે. (૧) સચિત્ત કે મિશ્રમાં સચિત્ત કે મિશ્રનું ઉન્મિશ્રણ. જેમકે સચિત્ત કે મિશ્ર એવા 'नारङ्गखण्ड' = નારંગીની ચીરીમાં સચિત્ત કે મિશ્ર એવા દાડમની કલિકા (જેમ નારંગીના ભાગને ચીરી કહેવામાં આવે છે તેમ દાડમના દાણાને કલિકા કહેવાય છે.) કે લવણાદિનું ઉન્મિશ્રણ.

(૨) અચિત્તમિશ્રમાં સચિત્તમિશ્રનું ઉન્મિશ્રણ. (૩) સચિત્તમિશ્રમાં અચિત્તમિશ્રનું ઉન્મિશ્રણ.

(૪) અચિત્તમાં અચિત્તનું ઉન્મિશ્રણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ल्प्यविधिमाह। इह पुनरित्यादि, इहोन्मिश्रिते पुनः शब्दः संहृतोऽन्मिश्रयोर्वैशिष्ट्यख्यापनार्थः। एतच्चोपरिष्टाद्दर्शयिष्यामः। सचित्तमिश्रं बीजकन्दहरितादि तन्मिश्रं देयद्रव्यं च, किमित्याह। न नैव कल्प्यं ग्रहीतुमुचितं यतीनामेतेनादिभङ्गत्रिके ग्रहणनिषेध उक्तो, ग्राह्यमेव सचित्तं स्यादित्यादिदोषात्। इतरस्मिंस्तु चरमभङ्गकाश्रितेऽचित्तमिश्रिते देये पुनर्विविधा भाषा भाषणं विभाषा। संहृतद्वारोक्त-चतुर्थभङ्गविषयस्तोकबहुपदोत्थचतुर्भङ्गकरूपा भजनारूपा च विकल्पना कार्या तेनेहापि शुष्कार्द्र-द्रव्ययोरुन्मिश्रणं द्रष्टव्यं। ततः स्तोके स्तोकं, बहुके स्तोकमचित्तमुन्मिश्रितमिति प्रथमतृतीयभङ्ग्योर्य-द्युत्क्षिप्य स्तोकाधारेण भाजनेन ददाति तदा कल्प्यता। स्तोके बहुकं, बहुके बहुकमुन्मिश्रितमित्य-नयोरकल्प्यता, दातृपीडादिपूर्वोक्तदोषात्।

卐 संहृतोन्मिश्रयोर्भेदः 卐

ननु संहृतोन्मिश्रयोः सचित्तादिवस्तुनि सचित्तादिवस्तुनो निक्षेपादन्योन्यं कः प्रतिविशेषः ?, उच्यते, संहृते भिक्षादानार्थं (द्रव्यादि) मात्रकस्थितं (च) द्रव्यमयोग्यं दाडिमकलिकादि तुषादि

---

આ ચારેય ભાંગામાં કલ્પ્યાકલ્પ્ય વિધિ બતાવે છે.

'इह पुण' = 'इह' = 'उन्मिश्रिते पुनः' = અહીં ઉન્મિશ્રિતમાં વળી, આમાં જે 'પુનઃ' શબ્દ છે. તે સંહૃતદોષ અને ઉન્મિશ્રદોષમાં વૈશિષ્ટ્ય બતાવનારો છે. જેની વાત આગળ કહેવામાં આવશે.

'सचित्तमीसं' = 'सचित्तमिश्रं' = સચિત્તમિશ્ર એટલે બીજ, કન્દ, હરિત = લીલોતરી.. તેનાથી મિશ્ર એવું દેયદ્રવ્ય. 'न कप्पम्' = 'न कल्प्य' = યતિઓને કલ્પતું નથી. આમ કહેવાદ્વારા પ્રથમના ત્રણભાંગામાં ગ્રહણનો નિષેધ કહેવાયો છે. કારણ કે ગ્રાહ્યવસ્તુ જ સચિત્ત છે ઈત્યાદિ દોષો એમાં રહેલા છે. 'इयरंमि' = 'इतरस्मिंस्तु उ' = અહીં 'उ' = 'तु' એ 'વળી' ના અર્થમાં છે. વળી, અચિત્તમાં અચિત્તનાં મિશ્રણ રૂપ ચોથાભાંગામાં 'विभासा' = 'विभाषा' = અનેક વિકલ્પો છે.

સંહૃતદ્વારમાં કહેલ ચારભાંગા પૈકી છેલ્લા ચોથાભાંગામાં સ્તોક અને બહુ પદથી બનેલા ચાર ભાંગા અને તેના વિકલ્પો અહીં પણ જાણવા. તેમજ 'शुष्क' અને 'आर्द्र' દ્રવ્યોનું ઉન્મિશ્રણ જાણવું.

સ્તોક - બહુની ચતુર્ભંગી જણાવે છે.

(૧) સ્તોકમાં સ્તોકઅચિત્તનું ઉન્મિશ્રણ, (૩) બહુમાં સ્તોકઅચિત્તનું ઉન્મિશ્રણ. આ પ્રથમ અને ત્રીજા ભાંગામાં અચિત્તનું ઉન્મિશ્રણ કરીને નાના ભાજન દ્વારા આપે તો એ કલ્પ્ય છે. પરન્તુ (૨) સ્તોકમાં બહુઅચિત્તનું ઉન્મિશ્રણ અને બહુમાં બહુઅચિત્તનું ઉન્મિશ્રણ. આ બીજો અને ત્રીજો ભાંગા અકલ્પ્ય છે. કારણ કે એમાં દાતાને પીડા થાય વગેરે પૂર્વોક્ત = સંહૃતદ્વારમાં કહેવાયા પ્રમાણે દોષોનો સંભવ છે.

## • સંહૃત અને ઉન્મિશ્ર વચ્ચે તફાવત •

**પ્રશ્ન :-** સંહૃત અને ઉન્મિશ્ર. આ બન્ને દ્વારોમાં સચિત્તાદિવસ્તુમાં સચિત્તાદિવસ્તુ નાંખવાની વાત આવી. તો બન્નેમાં ફેર શું ?

**સમાધાન :-** સંહૃતદ્વારમાં ભિક્ષાદાનમાટે માત્રકમાં રહેલ દાડિમકલિકાઆદિ અથવા તુષાદિ અયોગ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वाऽन्यत्र स्थगनिकादौ सञ्चार्य्य तेनैव रिक्तीकृतभाजनेन कूरादिकं साधवे ददाति, उन्मिश्रिते तु योग्यायोग्ये द्रव्ये यत्र भाजने ते द्वे अपि मिश्रिते तदवनामनेन तेनैवान्येन वा भाजनेन ददातीत्युभयोर्विशेषः पुनःशब्दसूचितो ज्ञेय इति गाथार्थः ।।८९।।

**अवतरणिका**— उक्तमुन्मिश्रद्वारमथापरिणतद्वारमाह।

**मूलगाथा**— **अपरिणयं दव्वं चिय, भावो वा दोण्ह दाण एगस्स।**
**जइणो वेगस्समणे, सुद्धं नन्नस्स परिणमियं।।९०।।**

**संस्कृतछाया**— **अपरिणतं द्रव्यमेव भावो वा द्वयोर्दानैकस्य।**
**यत्योर्वैकस्य मनसि शुद्धं नान्यस्य परिणमितम् ।।९०।।**

**卐 अपरिणतस्य स्वरूपं तस्य द्रव्यभावद्विभेदं तत्र भावाऽपरिणते दातृविषयं भावापरिणतं 卐**

**व्याख्या**— इहापरिणतं साध्यं वस्तु तच्च द्रव्यभावभेदाद् द्विधा, पुनर्भावापरिणतं दातृग्रहीतृयोगात्

---

દ્રવ્યને ઢાંકણા વગેરે બીજી જગ્યામાં મૂકીને = ખાલી કરીને તે જ ભાજન = માત્રક દ્વારા કૂર વગેરે સાધુને આપે છે.

ઉન્મિશ્રદ્વારમાં જે ભાજનમાં યોગ્ય કે અયોગ્ય દ્રવ્યનું મિશ્રણ કર્યું હોય તે દ્રવ્ય તે ભાજન નમાવીને અથવા ઊંચકીને આપે અથવા દાનં આપવા પુરતું બીજા ભાજનમાં તે કાઢીને આપે. આમ બન્નેમાં ભેદ જાણવો. જે ભેદ મૂળગાથામાં આવેલ 'પુનઃ' શબ્દથી સૂચવાયેલો છે. એમ જાણવું.॥૮૯॥

**અવતરણિકા** :- આ પ્રમાણે ઉન્મિશ્રદ્વાર કહ્યું. હવે 'अपरिणत' દ્વારને કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **अपरिणयं** = સચેતન, **दव्वंचिय** = આપવાયોગ્ય વસ્તુ જ, **भावो** = ભાવ, **वा** = અથવા, **दोण्ह** = બે અથવા ઘણાં દાતારમાંથી, **एगस्स** = એકનો, **जइणो वा** = અથવા સંઘાટક સાધુમાંથી, **एगस्समणे** = એકના ચિત્તમાં, **सुद्धं** = દોષરહિત, **न** = નહિ, **अन्नस्स** = બીજાના ચિત્તમાં, **परिणमियं** = સચિત્તથયેલું.॥૯૦॥

**મૂળગાથા-ભાવાર્થ** :- સાધુને વહોરાવવામાં આવતાં અશનાદિ દ્રવ્યથી અને ભાવથી અપરિણત એમ બે પ્રકારના હોય. જે અશનાદિ સચેતન હોય = અચિત્તબનેલું ન હોય તે દ્રવ્ય અપરિણત કહેવાય. ભાવ અપરિણતના દાતાર અને લેનાર એ બન્નેના યોગે બે પ્રકાર છે. જે અશનાદિના માલિક બે અથવા તેનાથી વધારે હોય અને તેમાંથી એક આપતો હોય અને બીજાની ઈચ્છા ન હોય તો તે દાતારના યોગે ગૃહસ્થભાવઅપરિણત બને છે. જે અશનાદિ લેતીવખતે સંઘાટક સાધુમાંથી એકને અચિત્ત લાગતું હોય અને બીજાને સચિત્ત લાગતું હોય તો તે લેનારના યોગે સાધુ-ભાવઅપરિણત કહેવાય છે.॥૯૦॥

**• અપરિણતનું સ્વરૂપ તેના દ્રવ્ય અને ભાવ એ બે પ્રકારો, તેમાં ભાવઅપરિણતમાં દાતૃવિષયક ભાવઅપરિણત •**

**વ્યાખ્યાર્થ** :- અહીં સાધ્યવસ્તુ છે અપરિણત. તે દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે. વળી, ભાવઅપરિણતના પણ દાતૃ અને ગૃહીતૃના યોગથી બે પ્રકારો પડે છે. એટલે કે દાતૃસંબંધી ભાવઅપરિણત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

द्विधैव। तत्र द्विधाऽपरिणतं तावदाह। 'अपरिणयं दव्वं चिय'त्ति, अपरिणतमनपगतजीवं सचेतनमित्यर्थः। द्रव्यमेव देयस्वरूपं पृथिव्यादिकं यो दाता ददाति। यश्च गृह्णाति तदपरिणतत्वधर्म्मयोगाद् द्रव्यापरिणतमुच्यते। दोषाश्च सचित्तग्रहणाज्ञाभङ्गादयो वाच्याः। दातृविषयं भावापरिणतमाह। भावोऽध्यवसायो दानपरिणाम इत्यर्थः। वा विकल्पे। द्वयोर्द्विसङ्ख्ययोर्दात्रादिस्वामिनोर्मध्यादुपलक्षणत्वाद् बहूनां च साधारणस्याशनादेर्दाने वितरणे एकेन क्रियमाणे एकस्य दात्रपेक्षया द्वितीयस्य भ्रात्रादेरित्यर्थः यत्रापरिणतोऽभवनशीलो भवतीति शेषः तद्दातृभावापरिणतं, अयमर्थः– दातुः पितृभ्रातृस्वाम्यादिभिः साधारणेऽशनादौ यद्दाता, यच्छाम्येतत्साधवे इतिदानपरिणामयुक्तो ददातीतरेषां च तद्दातुर्दानादधिकरणमनुजभ्रात्रादीनां तस्मिन् तेन दीयमानेऽपि चित्तसंक्लेशः स्यात् तद्दातृविषयभावापरिणतं। अस्य साधारणानिसृष्टस्य च दायकसमक्षासमक्षत्वकृतो विशेषः, दोषाश्चात्र साधारणांनिसृष्टोक्ता ज्ञेयाः। *वा प्रविकल्पे। तमेव प्रविकल्पं*

અને ગૃહીતૃસંબંધી ભાવઅપરિણત. તે બે પ્રકારના અપરિણતને કહે છે. **'अपरिणयं दव्वं चिय'** = **'अपरिणतम् द्रव्यमेव'**, **अपरिणतम्** એટલે કે અશનાદિદ્રવ્ય, જેમાંથી જીવ ચાલ્યો ન ગયો હોય = ચ્યવ્યો ન હોય તે સચેતન એવું દ્રવ્ય જ. અર્થાત્ દેયસ્વરૂપ સચિત્તપૃથ્વીઆદિ દ્રવ્યને જ જે દાતા આપે છે. અને જે ગ્રહણ કરે છે. તેમાં અપરિણતધર્મનો યોગ થવાથી દ્રવ્યઅપરિણત કહેવાય છે.

દ્રવ્ય અપરિણત ગ્રહણમાં દોષ :- સચિત્તગ્રહણ થાય, આજ્ઞાભંગ વગેરે.

દાતૃવિષયક ભાવઅપરિણત **'भावो वा'** = **'भाव'** એટલે કે અધ્યવસાય = દાનનો પરિણામ. **'व'** = **'वा'** વિકલ્પઅર્થમાં છે. **'दोण्ह दाण एगस्स'** = **'द्वयोः दाने एकस्य'** આનો અન્વય **'शुद्धं नन्नस्स परिणमियं'** સાથે કરવો. અશનાદિના વિતરણમાં = દાનકરવા વિશે એક જે દાન આપી રહ્યો છે એની અપેક્ષાએ બીજો જે ભાઈ વગેરે છે. તે અપરિણત = દાન ન આપવાના મનવાળો થયો હોય. અહીં બેની સંખ્યાના ઉપલક્ષણથી બેથી વધારે = ઘણાંનું જે સાધારણ = ભેગું અશનાદિ હોય. એ પણ લઈ લેવું. આ દાતૃભાવઅપરિણત કહેવાય.

ભાવાર્થ આ છે કે, પિતા-ભાઈ-પતિ-સ્વામી વગેરેનું સાધારણ જે અશનાદિ હોય. એમાં જે દાતા "આ સાધુને આપું" એવા દાનના પરિણામવાળો છે. એ દાન આપે ત્યારે તે દાતાના દાનથી બીજાઓનો એની સાથે ઝઘડો થાય = બીજાઓ એ દાતા સાથે ઝઘડો કરે. અથવા જો ભાઈ વગેરે નાના હોય અને દાતા દ્વારા તે અપાતું હોય તેમાં પણ નાના હોવાથી મોટાભાઈને કાંઈ કહેવા સમર્થ ન હોવાથી નાના ભાઈઓ વગેરેને ચિત્તસંકલેશ થાય. આ દાતૃવિષયક ભાવઅપરિણત થયું કહેવાય.

**પ્રશ્ન** :- સાધારણ અનિસૃષ્ટદ્વાર અને આ અપરિણતદ્વારમાં શું ફેર પડ્યો ?

**સમાધાન** :- અહીં = અપરિણતમાં અન્ય દાયકોની હાજરી જ્યારે સાધારણઅનિસૃષ્ટમાં અન્ય દાયકોની હાજરી હોતી નથી. બન્નેમાં આ ભેદ જાણવો. ('वा' = પૂર્વવત્ વિકલ્પના અર્થમાં છે એમ જાણવું.)

**દોષ** :- સાધારણઅનિસૃષ્ટમાં કહેવાયેલ દોષો અહીં પણ જાણી લેવા.

*...*. एतच्चिह्नद्वयमध्ये लिखितं मूलप्रत्यां न दृश्यते। तद्स्माभिः यथोचितं स्वमत्यनुगं घटितं पाठपूरणाय।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 गृहीतृविषयं भावाऽपरिणतं 卐

ग्रहीतृविषयं भावापरिणतमाह। 'जइणो' इत्यादि भिक्षार्थं सङ्घाटकरूपेण गृहे गतयोः साध्वोर्यत्तन्मध्यादेकस्य कस्यचिद्यतेः साधोरेतल्लभ्यमानमशनादि शुद्धं दोषरहितमिति मनसि चित्ते परिणमितं निर्णीतं, तदेवाशनादि, न नैवान्यस्य कस्यचिद्यतेः साधोः शङ्कायुक्ततया शुद्धत्वेन मनसि परिणतं तद् गृहीतृभावापरिणतमेतदपि न ग्राह्यमन्योन्यं कलहादिसम्भवादिति गाथार्थः।।९०।।

**अवतरणिका**– उक्तमपरिणतद्वारमथ लिप्तद्वारं विवरीषुस्तत्स्वरूपं तद्गतं विधिविशेषं चाह।

**मूलगाथा– दहिमाइलेवजुत्तं लित्तं तमगेज्झमोहओ इहयं।**
**संसट्ठमत्तकरसावसेसदव्वेहिं अडभंगा।।९१।।**

**संस्कृतछाया–** दध्यादिलेपयुक्तं लिप्तं तदग्राह्यमोघत इह।
संसृष्टमात्र-कर-सावशेषद्रव्यैरष्टभङ्गाः।।९१।।

卐 लिप्तद्वारस्वरूपं, तस्यौघतोऽग्रहणं, तत्र ग्रहणे दोषा, अपवादे ग्रहणं 卐

## • ગ્રહીતૃવિષયક ભાવઅપરિણત •

હવે ગૃહીતુવિષયક ભાવઅપરિણતને કહે છે. 'व' = 'वा'= વિકલ્પના અર્થમાં છે, તે જ જણાવતાં કહે છે, 'जइणो' = 'यत्योः' = સંઘાટકરૂપે ભિક્ષામાટે ગૃહસ્થના ઘરે ગયેલા સાધુઓમાંથી 'एगस्समणे शुद्धं' = 'एकस्य मनसि शुद्धं' = સંઘાટક એવા તે સાધુઓમાંથી કોક એક સાધુને "આ મળતું અશનાદિ શુદ્ધ છે" એવું મનમાં પરિણત થયું. અર્થાત્ એ પ્રમાણે નિર્ણય થયો. પરન્તુ, 'नन्नस्स परिणमियं' = 'नान्यस्य परिणमितम्' = તે જ અશનાદિ બીજા સાધુને શંકા થવાથી શુદ્ધ રૂપે મનમાં પરિણમ્યું નહિ. આને ગૃહીતૃવિષયક ભાવઅપરિણત કહેવાય છે. આ ભાવઅપરિણત પણ ગ્રાહ્ય નથી. કારણ કે એમાં પરસ્પર કલહાદિનો સંભવ છે.।।૯૦।।

**અવતરણિકા** :- આમ 'अपरिणतद्वार' કહ્યું. હવે 'लिप्तद्वार' નું વિવરણકરવાની ઈચ્છાથી તેનું સ્વરૂપ અને તેની વિધિવિશેષ બતાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **दहिमाइ** = દહીં વિગેરેથી, **लेवजुत्तं** = લેપવાળું દ્રવ્ય, **लित्तं** = લિપ્તદોષવાળું, **तं** = તે લિપ્તદોષવાળું, **अगेज्झं** = ગ્રહણ કરવાને અયોગ્ય, **ओहओ** = ઉત્સર્ગથી, **इहयं** = ભગવાનનાં શાસનમાં, **संसट्ठ** = ખરડાયેલ, **मत्त** = ભાજન, **कर** = હાથ, **सावसेसदव्वेहिं** = થોડું બાકી રહેલા દ્રવ્યથી, **अडीभंगा** = આઠભાંગા.।।૯૧।।

**મૂળગાથા-ગાથાર્થ** :- ભગવાનના શાસનમાં ઉત્સર્ગમાર્ગે સાધુઓને દહીં, દૂધ, ઘી વગેરે લેપવાળા દ્રવ્યો લેવા કલ્પે નહિ. પરન્તુ અપવાદથી યતનાપૂર્વક તે લેવા કલ્પી શકે. હવે તે યતના બતાવતા લેપવાળા દ્રવ્યથી પ્રથમખરડાયેલભાજન તથા ખરડાયેલહાથ અને સાવશેષદ્રવ્ય એ ત્રણ પદના યોગે આઠ ભાંગા થાય છે.

## • લિપ્તદ્વારનું સ્વરૂપ, તેનું ઓઘથી અગ્રહણ અને તેના ગ્રહણમાં દોષ, તથા અપવાદે ગ્રહણ •

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**व्याख्या**- इह लिप्तमिति साध्यं। ततो 'दहिमाइ' त्ति मकारस्यालाक्षणिकत्वाद्दध्यादिगोरस-दुग्धतीमनप्रभृति तत्खरण्टितं, कूरादि वा। कीदृशमित्याह लेपयुक्तं लेपवदित्यर्थः। तत्किमित्याह 'लित्तं' ति करमात्रकादिखरण्टनकारित्वाल्लिप्तमुच्यते। तल्लिप्तं दध्याद्यग्राह्यं साधुना नाऽऽदातव्यं। ओघतः सामान्येनोत्सर्गेनेत्यर्थः। इहास्मिन् प्रवचने, किन्तु सामर्थ्याद् ग्राह्यमलेपकृद्वल्लौदनादिकमेव। लेपकृति हि दुग्धादौ गृह्यमाणे दात्र्या तल्लिप्तहस्तादेर्धावने पश्चात्कर्म्मादिर्यते रसगादर्ध्यं च स्यादलेपकृतोऽग्रहणे तदभावो यते रसगृद्ध्यभावश्च। तथौघत इति वदता अपवादेन लेपकृदपि ग्राह्यमित्यावेदितं।

### 卐 नित्योपवासाऽऽचाम्लतपस्करणे पूर्वपक्षस्तस्य निराकरणं 卐

अत्राह परः- नन्वाहारग्रहणे पश्चात्कर्मपर्यटनाक्लेशादिदोषभावाद्यावज्जीवं भोजनं विनैव तपः कुर्वस्तिष्ठतु किमर्थमाहार एव गृह्यते ? एवं हि मूलदोषोत्थानं निषिद्धं स्यात्, नैवं, निरन्तरं यावज्जीवमुपवासान् कुर्वतस्तस्य बुभुक्षितत्वेनाशक्ततया वैयावृत्त्यसंयमपालनाऽभावात्, न वैतत्तीर्थे उत्कृष्ट-

---

**વ્યાખ્યાર્થ** :- અહીં 'लिप्त' એ સાધ્ય છે. 'दहिमाइ' = 'दध्यादि' = પ્રાકૃતમાં મકાર એ અલાક્ષણિક છે. એટલે 'दध्यादि' = દહીં વગેરે, એવો અર્થ લેવો. 'दध्यादि' 'आदि' શબ્દથી ગોરસ-દૂધ-તીમન વગેરે અથવા તે દહીં-ગોરસ વગેરેથી ખરડાયેલ ભાત વગેરે લેવા. તે કેવા હોય ? તે કહે છે, 'लेवजुत्तं' = 'लेपयुक्तं' = લેપવાળા હોય છે. તે લેપવાળાને શું કહેવાય ? તે કહે છે, 'लित्तं' = 'लिप्तम्' = હાથ, માત્રક આદિને ખરડાવનાર હોવાથી તેને લિપ્ત કહેવાય છે. અર્થાત્ જે બીજાને લેપવાળા કરે = ખરડાવે તેને લિપ્ત કહેવાય છે. 'तत्' = તે દહીં વગેરે, 'अगेज्झम्' = 'अग्राह्यम्' = સાધુને અગ્રાહ્ય છે. 'ओहओ' = 'ओघतः' = ઓઘથી અગ્રાહ્ય છે. એટલે કે સામાન્યથી = ઉત્સર્ગથી અગ્રાહ્ય છે. 'इहयं' = 'इह' = અહીં જિનશાસનમાં.

લેપકૃત લેવાની ના પાડી. તો શું લેવું ? તે કહે છે, સામર્થ્ય = ઉપલક્ષણથી અલેપકૃત એવા વાલ-ઓદનવગેરે જ ગ્રાહ્ય છે એમ સમજી લેવું.

ઓઘથી દહીંવગેરે લેવાની ના પાડી અને વાલવગેરે અલેપકૃત લેવાની હા પાડી તેનું કારણ જણાવતાં કહે છે. દૂધ વગેરે લેપકૃત દ્રવ્યો લેવામાં દાતાનો હાથ દૂધ વગેરેથી ખરડાય. એને ધોવા જતાં પશ્ચાત્કર્માદિ દોષો લાગે. તેમજ લેપકૃત્ દ્રવ્યોથી સાધુને રસ-ગૃદ્ધિ થાય. પરન્તુ અલેપકૃત લેવામાં હસ્તધાવનાદિનો અભાવ હોય છે. અને સાધુને રસગૃદ્ધિનો પણ અભાવ થાય છે.

તથા, 'ओघतः' એમ કહેવાદ્વારા અપવાદે લેપકૃતનું પણ ગ્રહણ થાય છે. એ વાત છતી થાય છે.

### • નિત્ય ઉપવાસ કે આયંબિલ કરવાવિષયક પૂર્વપક્ષ અને તેનું સમાધાન •

**પ્રશ્ન** :- આહાર ગ્રહણકરવામાં પશ્ચાત્કર્મ, ગોચરી માટે ભમવાનું, ક્લેશ વગેરે દોષો થાય. એના કરતાં તો યાવજ્જીવમાટે ભોજનવિના તપમાં જ રહો ને ? આહારને જ શું કામ ગ્રહણ કરવો ? એમ કરવાથી મૂળથી જ દોષોનું ઉત્થાન બંધ થઈ જશે ને ?

**સમાધાન** :- એમ નથી, નિરન્તર યાવજ્જીવમાટે ઉપવાસ કરવા જતાં સાધુને બુભુક્ષાના કારણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तोऽपि षण्मासाभ्यधिकतप इति क्षीयमाणसामर्थ्यात्। यद्येवं तर्हि निरन्तरं षाण्मासिकं तपो विधाय, तत्परिपूर्णकरणाशक्तौ एकद्व्यादिदिनोनं तदेव कृत्वा, यावच्चतुर्थमपि विधाय सर्वत्र पारणकदिने आचाम्लेन पारयित्वाऽऽचाम्लतपसो हि शुष्कप्रायौदनाद्युष्णोदकाभ्यामुत्कृष्टस्यागमेऽभिधानाद्विपुल-निर्जरासद्भावात्। इत्थमप्यशक्तो प्रतिदिनमाचाम्लमेव करोतु किं लेपकृत्तक्रादिद्रव्यग्रहणेन? उच्यते। कः किमित्याह। करोत्वित्थं यदि साधोस्तस्मिन्नेव दिने, भविष्यति वा द्वितीयादिदिने प्रत्युपेक्षणादि-संयमयोगहानिर्न भवति। किन्तु सम्प्रति सेवार्त्तसंहननित्वान्न शक्नोत्येवं तपः कर्त्तुमिति। ननु किमुच्यते न शक्नोत्येवं कर्तुं? किमाचाम्लमपि दुष्करं? तथाह्यधोऽवनिस्थमहाराष्ट्रादिदेशजाः कोशलदेशजाश्च साम्प्रतमपि सेवार्त्तसंहनिनो मनुजा गृहस्था अप्रत्याख्यानिनः सदैव काञ्जिकौद-नाभ्यवहारादाचाम्लतपःकारिणस्तिष्ठन्ति। ततश्च यदि तथाभवमेवंविधाहारेणापि निराकुलाः प्राणा(न्)

---

અશક્તપણું આવે. જેનાથી વૈયાવચ્ચ-સંયમપાલન વગેરેનો અભાવ થઈ જાય, વળી આ પણ વાત છે કે આ તીર્થમાં = છેલ્લા મહાવીરપ્રભુના શાસનમાં ઉત્કૃષ્ટથી પણ ૬માસી તપથી વધારે તપ છે નહિ કારણ કે અવસર્પિણીકાળના લીધે શારીરિકસામર્થ્ય ક્ષીણ થતું આવે છે.

**પ્રતિપ્રશ્ન** :- જો એમ હોય તો નિરન્તર ષટ્માસી તપ કરીને, અથવા ષટ્માસી તપના સામર્થ્ય અભાવે એક-બે દિવસ ન્યૂન ષટ્માસી તપ કરીને, અથવા છેલ્લે ચોથ-ભક્ત કરીને પણ પારણાના દિવસે આયંબિલ કરવું. તે આયંબિલ પણ આગમમાં કહેવાયેલ શુષ્કપ્રાયઃ ભક્તાદિ અને ગરમપાણી દ્વારા ઉત્કૃષ્ટ કરવા. કારણ કે એમાં વિપુલનિર્જરા થાય છે. જો આવું કરવા પણ સામર્થ્ય ન હોય તો છેવટે રોજ આયંબિલ જ કરવા. પરન્તુ લેપકૃત્ તક્ર વગેરે દ્રવ્યો શું કામ લેવા ?

**સમાધાન** :- કોણ આની ના પાડે છે ? ભલે કરો. જો સાધુનાં એજ દિવસે અથવા ભવિષ્યના બીજા-ત્રીજા વગેરે દિવસોમાં પડિલેહણ વગેરે સંયમયોગની હાનિ ન થતી હોય તો. પરન્તુ હાલમાં સેવાર્ત સંહનન હોવાથી એ પ્રમાણે કરવાની શક્તિ હોતી નથી.

**પ્રતિપ્રશ્ન** :- શું કહો છો ? આટલું પણ ન કરી શકે ? શું આયંબિલનો તપ પણ દુષ્કર છે ? અરે, નીચાણવાળી પૃથ્વીમાં આવેલ મહારાષ્ટ્ર વગેરે દેશોના અને કોશલદેશના અવિરતિધર સેવાર્ત સંહનનવાળા ગૃહસ્થ પણ હમેશા કાંજી અને ભાત ખાઈને આયંબિલતપ કરી રહ્યા છે. મહારાષ્ટ્રમાં જન્મધારી મનુષ્યો આવા પ્રકારના આહારથી પણ નિરાકુલપણે પ્રાણોનું રક્ષણ કરે છે. તો પછી, મોક્ષ મેળવવામાટે બહુકષ્ટને સહનારા સાધુઓ મહારાષ્ટ્રવાસીના આહારને તુલ્ય આયંબિલતપ દ્વારા શું સદૈવ પ્રાણોને ધારી ન શકે ? માટેજ, પશ્ચાત્કર્માદિ દોષકારી એવા લેપને કરનારા તક્ર વગેરેનું ગ્રહણ અયોગ્ય છે.

**સમાધાન** :- એમ નથી, એનું કારણ આ છે કે શીતકાળે પણ ગૃહસ્થોના આહાર-ઉપધિ અને શય્યા ગરમ હોય છે. તે આ રીતે કે આહાર રાંધ્યા પછી તરત જ ગરમાગરમ વાપરવાનું હોવાથી એમના આહાર ઉષ્ણ હોય છે. દર આઠમા દિવસે કપડા ધોવાતા હોવાથી ઉપધિ પણ ઉષ્ણ હોય છે. અને શય્યા પણ ચૂલામાં રહેલ દેવતાયુક્ત હોવાથી ઉષ્ણ હોય છે. તેથી આ આહારઆદિ ત્રણેય દ્વારા તેઓના શરીરની અંદર અને બહાર તાપ હોવાથી તક્રાદિના અભાવે પણ આહારનું પાચન થઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रक्षयन्ति, तर्हि मोक्षार्थित्वेन बहुकष्टसहा यतयस्तुल्याहारि(रे)णाऽऽचाम्लतपसा सदैव किं न धारयन्ति? तस्माल्लेपकृत्तक्रादेः पश्चात्कर्मादिदोषकारिणो ग्रहणमयुक्तं, नैवं, यतो गृहिणां शीतकालेऽप्याहारोपधिशय्याः, आहारस्य रन्धनानन्तरमेव भोजनकरणादुपधेस्त्चष्टमाष्टमाहप्रक्षालनात् शय्यायास्तु चुल्लीस्थितज्वलनयुक्तत्वाच्च, उष्णाः स्युस्तेनैताभिः शरीरस्यान्तर्बहिश्च तापभावात्तेषां तक्राद्यभावेऽप्याहारपाकभावादजीर्णादिदोषा न स्युर्यतीनां चाहारोपधिशय्याः, उष्णकालेऽप्याहारस्य भिक्षाचर्यायां बहुगृहेषु स्तोकस्तोकलाभेन बृहद्वेलालगनादुपधेस्तु वर्षान्ते एकामेव वेलां प्रक्षालनेन मलिनत्वाच्छय्यायास्त्वग्निरहितत्वेन, शीतलाः स्युस्तेनैतेषां प्रतिदिनमाचाम्लकरणेन तक्राद्यभावाज्जठराग्निनाहारपाकाभावादजीर्णादिदोषाः स्युस्ततश्च न केवलं जठराग्निनाऽऽहारः पच्यते किन्तु लेपकृता तक्रादिनाऽपीत्याहारापरिणत्यबुभुक्षापनोदार्थं यतीनां तीर्थकरादिभिस्तद्ग्रहणमनुज्ञातं। तच्च निरन्तराचाम्लतपःपरिहारेणैव स्यात्तदत्र क्वापि दिने आचाम्लं क्वापि निर्विकृतिकं कार्यमित्यायातमत्रापि स्निग्धसरसशालनकानां भोज्यं ग्लानाद्यर्थं गृह्यतेऽन्यथा नेति, प्रायो बहुलेपवत्त्वाद् गृद्ध्यादिजनकत्वाच्चेति स्थितं।

**卐 बहुलेपाऽल्पाऽलेपस्वरूपं तत्राऽलेपादिद्रव्यग्रहणविधिगतं भङ्गाष्टकं 卐**

प्रस्तावाद्बहुलेपादिस्वरूपं किञ्चिदुच्यते। इह बहुलेपाल्पलेपालेपभेदात्त्रिधा द्रव्याणि स्युरतस्तत्र

---

જતાં તેઓને વિશે અજીર્ણાદિ દોષો હોતા નથી. જ્યારે સાધુઓના આહાર-ઉપધિ-શય્યા-આ ત્રણેય ઉષ્ણકાળે પણ શીત હોય છે. તે આ રીતે કે, ભિક્ષાચર્યામાં ઘણાં ઘરોમાં થોડું થોડું લેવામાં ઘણીવાર લાગી જવાથી, ઉપાશ્રયે પહોંચતા સુધીમાં ઠંડુ થઈ જાય એટલે આહાર શીત હોય છે. એકવર્ષમાં એકજ વાર ઉપધિનું પ્રક્ષાલન કરવાનું હોવાથી કપડાની મલિનતાને લીધે ઉપધિ શીત હોય છે. અને અગ્નિનો વિરહ હોવાથી શય્યા પણ શીત હોય છે.

[સાધુની શય્યા ઠંડી હોય એ વાત માત્ર ઠંડુ વાતાવરણ હોય ત્યારે સમજવી. इति पूज्य जयघोषसूरयः]

તેથી, યતીઓને નિત્ય આયંબિલ કરવામાં તક્રાદિના અભાવમાં જઠરાગ્નિ દ્વારા આહારપાકનો અભાવ હોવાથી અજીર્ણાદિ દોષો ઉદ્ભવે છે. કારણ કે માત્ર જઠરાગ્નિથી આહાર પચે છે એવું નથી. પરન્તુ લેપકૃત એવા તક્રાદિ દ્વારા પણ આહારનું પાચન થતું હોય છે. એટલે આહારની અપરિણતિ - અબુભુક્ષા = ભૂખ ન લાગવી તે દૂર કરવા માટે તીર્થંકરોએ યતીઓને તેના ગ્રહણની અનુજ્ઞા આપેલી છે.

તે લેપકૃત્નું ગ્રહણ કરવાનું તો નિરન્તર આયંબિલતપના પરિહાર દ્વારા જ બની શકે છે. માટે કોક દિવસે આયંબિલ અને કોક દિવસે નિર્વિકૃતિ = નીવિ કરવી. અહીં પણ આ વાત તો આવીજ ગઈ કે સ્નિગ્ધ અને સરસ એવા શાલનક = અનુપાન વગેરે ગ્લાનાદિ માટે ગ્રહણ કરી શકાય છે. તે સિવાયં નહિ. કારણ કે એ શાલનક બહુલેપવાળા અને ગૃદ્ધિવગેરે કરાવનાર હોય છે.

**• બહુલેપ, અલ્પલેપ અને અલેપનું સ્વરૂપ, તેમાં અલેપ વગેરે દ્રવ્યગ્રહણવિધિ અન્તર્ગત આઠ ભાંગા •**

હવે ચાલુ વાતને અનુસરીને બહુલેપ વગેરેનું કાંઈક સ્વરૂપ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दुग्धदधिघृततैलघृताद्युन्मिश्रप्रलेहकक्कबगुडपानखर्जूरक्षीरपेयाजगार्य्यादीनि द्रव्याणि बहुलेपानि स्पर्शे हस्तादीन् प्रचुरं खरण्टयन्तीति कृत्वा, तथा वत्थुलादि(वस्तुलादि) भर्जिकायवागूकोद्रवकूरसूपतक्रतीमनकाञ्जिकादीन्यल्पलेपानि स्पर्शे हस्तादीन् स्तोकं खरण्टयन्तीति कृत्वा, कूरमण्डककुल्माषवल्लचवलकचणकाढकीमसूरमुद्गादीनि द्रव्याण्यलेपानि शुष्कप्रायत्वात् स्पर्शे हस्तादीन् न खरण्टयन्तीति कृत्वा। तदिहालेपमल्पलेपं वा साधुना ग्राह्यं पश्चात्कर्मादिदोषाभावात्। अधुना अलेपादिद्रव्यग्रहणविधिगतं भङ्गाष्टकं निरूपयन्नाह।

**卐 संसृष्टमात्र-कर-सावशेष-त्रिपदैरष्टभङ्गस्तस्य प्रमाणपरिज्ञानं रचना क्रमश्च 卐**

'संसट्ठे'त्यादि। तत्र संसृष्टावल्पलेपेन स्वयोगेन खरण्टितौ। मात्रं च करोटिकादिकं भाजनं करश्च दातृहस्तो मात्रकरौ तौ, संसृष्टौ च तौ मात्रकरौ च संसृष्टमात्रकरौ। तथा यस्य साधवे दत्तस्य मध्यात् किञ्चित्स्थाल्यादावुद्धरति तत्सावशेषं द्रव्यं कूरादि। अत्र कर्मधारयस्ततः संसृष्टमात्रकरौ च सावशेषद्रव्यं चेति विग्रहे तानि तथोक्तानि, तैः संसृष्टमात्रं संसृष्टकरः सावशेषद्रव्यं चेति त्रीणि

---

દ્રવ્યો ૩ પ્રકારે હોય છે (૧) બહુલેપ (૨) અલ્પલેપ (૩) અલેપ.

(૧) દૂધ, દહીં, ઘી, તેલ, ઘીથી મિશ્રિત પ્રલેહ = ચાસણી, '**कक्कब**' = ઇક્ષુરસ ગોળ રૂપે ન બને તે પૂર્વેની કાચાગોળની અવસ્થા, '**गुडपान**' = ગોળનું પાણી, ખજૂર, ખીર, પેયા = રાબ, '**जगारि**' = ભડકુંવગેરે બહુલેપવાળા કહેવાય છે. કારણ કે એના સ્પર્શથી હાથ વગેરે ઘણાં ખરડાય છે.

(૨) વત્થુલાવગેરેની ભાજી, '**युवागू**' = કાંજી, કોદ્રવ-કૂર = ઘી આદિથી યુક્ત શેકેલો અનાજનો લોટ અથવા ઘી આદિથી યુક્ત ઓદનવિશેષ, સૂપ, તક્ર, તીમન, કાંજિકા વગેરે અલ્પલેપવાળા કહેવાય છે. કારણ કે એના સ્પર્શથી હાથ વગેરે ઓછા ખરડાય છે.

(૩) કૂર = ઘી આદિથી રહિત શેકેલા અનાજનો લોટ અથવા ઘી આદિથી રહિત ઓદનવિશેષ, મંડક, અડદ, વાલ, ચોળા, ચણા, '**आढकी**' = કઠોળવિશેષ, મસૂર, મગ વગેરે દ્રવ્યો અલેપવાળા કહેવાય છે. કારણ કે શુષ્કપ્રાયઃ હોવાથી એના સ્પર્શથી હાથવગેરે ખરડાય નહિ.

અહીં, અલેપ કે અલ્પદોષવાળી વસ્તુ સાધુથી ગ્રાહ્ય છે. કારણ કે એમાં પશ્ચાત્કર્મ આદિ દોષનો અભાવ છે.

**• સંસૃષ્ટ એવા માત્રક, હાથ અને સાવશેષદ્રવ્ય. આ ત્રણ પદોથી બનતી અષ્ટભંગી તથા તેનાં પ્રમાણનું જ્ઞાન, રચના અને ક્રમની જાણકારી •**

હવે અલેપાદિ દ્રવ્યના ગ્રહણ વિધિમાં આઠભાંગાઓનું નિરૂપણ કરતાં જણાવે છે.

'**संसट्ठ**' = **संसृष्टौ** એટલે કે સ્વયોગથી = ગૃહસ્થના પોતાના પ્રયોજનથી અલ્પલેપ દ્વારા ખરડાયેલ. શું ખરડાયેલ ? તે કહે છે, '**मत्तकर**' = '**मात्रकरौ**' = માત્રક અને હાથ. એટલે કે ખરડાયેલ વાટકી વગેરે ભાજન એ માત્રક અને ખરડાયેલ દાતાનો હાથ, તથા, '**सावशेषदव्वं च**' = '**सावशेषद्रव्यं च**' સાધુને દાન આપ્યા બાદ જે કાંઈ તપેલી વગેરેમાં કૂરાદિ વધ્યા હોય તે સાવશેષદ્રવ્ય કહેવાય છે. અહીં, પ્રથમના બે પદોનો કર્મધારયસમાસ કરવો = '**संसक्तौ च तौ मात्रकरौ च**', અને પછી ત્રીજું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पदानीत्यर्थः। एतैश्च त्रिभिः पदैः स्वप्रतिपक्षयुक्तैरलेपादिद्रव्यग्रहणविधा(व)ष्टसङ्ख्या भङ्गा स्युरिह च भङ्गकप्रमाणपरिज्ञानं रचनाक्रमश्च दृश्यते। तत्रेह यावतां पदानां भङ्गाः कार्यास्तावन्तो द्विका अन्योऽन्यं ताडिताः सर्वभङ्गप्रमाणं। रचना तु स्वीयस्वीयसर्वभङ्गानां पर्यन्तवर्त्तिनि पदे ऊर्ध्वाध एकान्तरितौ लघुगुरू स्थाप्यौ। ततो द्विगुणा द्विगुणा लघुगुरवः क्रमशो वामेषु वामेषु स्थाप्याः। उक्तं चः।

"पयसमदुगअब्भासे माणं भंगाण तेसिमिहरयणा। एगंतरियं लहुगुरु दुगुणा दुगुणा य वामेसु" त्ति।।१।।

પદ 'सावशेषद्रव्यं' ઉમેરીને દ્વન્દ્વસમાસ કરવો. **'मत्तकरसावसेसदव्वेहिं'** = **'मात्रकरसावशेषद्रव्यैः'** = સ્વપ્રતિપક્ષથી જોડાયેલ આ ત્રણ પદો દ્વારા અલેપાદિ દ્રવ્યગ્રહણ વિધિને વિશે, **'अडभंगा'** = **'अष्टभङ्गा'** = આઠભાંગા થાય છે.

અહીં ભાંગાના પ્રમાણની જાણકારી તથા એનો રચનાક્રમ બતાવાય છે.

A) **ભાંગાના પ્રમાણની જાણકારી** :- જેટલા પદોના ભાંગા કરવાના હોય. તેટલા દ્વિકને અરસ-પરસ ગુણવા, એટલે કુલ ભાંગાની સંખ્યા આવે છે. જેમકે, અહીં, પદ ત્રણ છે. તો બે સંખ્યાને અરસપરસ ત્રણવાર ગુણવી. અર્થાત્ ૨ x ૨ x ૨ = ૮. તે જ રીતે દાખલા તરીકે ૪ પદ હોય તો બેની સંખ્યાને ૪વાર અરસ-પરસ ગુણવી. અર્થાત્ ૨ x ૨ x ૨ x ૨ = ૧૬ ભાંગા થાય. આ રીતે સર્વત્ર જાણી લેવું.

B) **રચના** :- સર્વભાંગાઓના પોત-પોતાના અન્તે રહેલ પદમાં ઉપર નીચે એકાન્તરે લઘુ-ગુરુ ચિહ્નો સ્થાપવા. **યાદ રહે** - । = લઘુ. ऽ = ગુરુ. પછી ડાબીબાજુના પદોથી ક્રમશઃ બે બે ગુણા લઘુ-ગુરુ સ્થાપવા. બે-બે ગુણા અર્થાત્ = પ્રથમ માત્ર એકાંતરે લઘુ-ગુરુ મૂક્યા પછી એનું બમણું એટલે કે બે-બે લઘુ-ગુરુ મૂકવા.. પછી એનું બમણું એટલે કે ૪-૪ લઘુ-ગુરુ મૂકવા.

**पयसम-दुग-अब्भासे माणं भंगाण तेसिमिहरयणा। एगंतरियं लहुगुरु दुगुणा दुगुणा य वामेसु।।१।।**

અર્થ :- જેટલા પદો હોય એટલા દ્વિકોને અરસ-પરસ ગુણવા જેને શાસ્ત્રીય ભાષામાં **'अभ्यास'** કહેવાય છે. એટલે ભાંગાઓની સર્વ સંખ્યા આવે. તથા તેઓની રચના આ પ્રમાણે કરવી કે ડાબી બાજુએથી પ્રથમ એકાંતરે લઘુ-ગુરુ ગોઠવવા. પછી બે-બે ગુણા લઘુ-ગુરુ ગોઠવવા.

ઉપરોક્ત પ્રમાણે ૩ પદોના ૮ ભાંગા થાય છે. જેની રચના આ પ્રમાણે છે.

।।।, ।।ऽ, ।ऽ।, ।ऽऽ, ऽ।।, ऽ।ऽ, ऽऽ।, ऽऽऽ.

| A | B | C |
|---|---|---|
| । | । | । |
| । | । | ऽ |
| । | ऽ | । |
| । | ऽ | ऽ |
| ऽ | । | । |
| ऽ | । | ऽ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तदिह त्रयाणां पदानां सर्वेऽष्टौ भङ्गाः। रचनात्त्वियं यथा ।।।, ।।ऽ, । ऽ ।, । ऽ ऽ, ऽ ।।, ऽ । ऽ, ऽऽ ।, ऽ ऽ ऽ, अत्र ऋजूणामंशानां स्थानीयानि शुद्धानि वक्राणां त्वशुद्धानि पदानि, तत्राद्ये भङ्गे त्रीण्यपि पदानि शुद्धान्यतः सर्व्वशुद्धोऽसौ अष्टमे त्वशुद्धान्यतः सर्व्वाऽशुद्धोऽसौ, मध्यवर्त्तिनां तु मध्यात्केचिदेकेन केचित्तु द्वाभ्यां पदाभ्यामशुद्धास्ते चाष्टावप्यमी यथा– संसृष्टमात्रं, संसृष्टो हस्तः, सावशेषं द्रव्यं।।१।। संसृष्टमात्रं संसृष्टो हस्तो, निरवशेषं द्रव्यं।।२।। संसृष्टमात्रमसंसृष्टो हस्तः, सावशेषं द्रव्यं।।३।। संसृष्टमात्रमसंसृष्टो हस्तः, निरवशेषं द्रव्यं।।४।। असंसृष्टं मात्रं, संसृष्टो हस्तः, सावशेषं द्रव्यं।।५।। असंसृष्टं मात्रं, संसृष्टो हस्तो, निरवशेषं द्रव्यं।।६।। असंसृष्टं मात्रमसंसृष्टो हस्तः, सावशेषं द्रव्यं।।७।। असंसृष्टं मात्रमसंसृष्टो हस्तो, निरवशेषं द्रव्यं।।८।। इति गाथार्थः।।९१।।

**अवतरणिका**– अधुना भङ्गाष्टकविधिं ग्राह्याग्राह्यविधिं छर्दितद्वारं (च) विवरीषुस्तल्लक्षणादि चाह।

**मूलगाथा– एत्थ विसमेसु घेप्पइ छड्डियमसणाइ होन्तपरिसाडिं।**
**तत्थ पडंते काया पडिए महुबिंदुदाहरणं।।९२।।**

---

ઽ ઽ ।

ઽ ઽ ઽ

ડાબી બાજુએથી C માં એકાંતરે લઘુ-ગુરુ ગોઠવાયા છે. ત્યારબાદ B માં એકનું બમણું એટલે કે બે બે ના આંતરે લઘુ-ગુરુ ગોઠવાયા છે. અન્તે - A માં બેનું બમણું એટલે કે ચાર ચાર ના આંતરે લઘુ-ગુરુ ગોઠવાયા છે. આ જ રીતે સર્વત્ર સમજી લેવું.

આ રચનામાં ઋજુ અંશોના સ્થાનો શુદ્ધ છે. અને વક્ર અંશોના સ્થાનો અશુદ્ધ છે. પ્રથમ ભાંગામાં ત્રણેય પદો શુદ્ધ છે. એટલે બીજા બધાં ભાંગા કરતાં આ ભાંગો સર્વશુદ્ધ છે. આઠમા ભાંગામાં ત્રણેય ભાંગા અશુદ્ધ છે. એટલે બીજા બધાં ભાંગા કરતાં આ આઠમો ભાંગો સર્વઅશુદ્ધ છે. વચલા ૬ ભાંગાઓમાં કોક ભાંગો એક પદથી તો કોક ભાંગો બે પદથી અશુદ્ધ છે. તે ૮ ભાંગા આ પ્રમાણે છે.

(૧) સંસૃષ્ટ માત્રક, સંસૃષ્ટ હાથ અને સાવશેષ દ્રવ્ય.
(૨) સંસૃષ્ટ માત્રક, સંસૃષ્ટ હાથ અને નિરવશેષ દ્રવ્ય.
(૩) સંસૃષ્ટ માત્રક, અસંસૃષ્ટ હાથ અને સાવશેષ દ્રવ્ય.
(૪) સંસૃષ્ટ માત્રક, અસંસૃષ્ટ હાથ અને નિરવશેષ દ્રવ્ય
(૫) અસંસૃષ્ટ માત્રક, સંસૃષ્ટ હાથ અને સાવશેષ દ્રવ્ય.
(૬) અસંસૃષ્ટ માત્રક, સંસૃષ્ટ હાથ અને નિરવશેષ દ્રવ્ય.
(૭) અસંસૃષ્ટ માત્રક, અસંસૃષ્ટ હાથ અને સાવશેષ દ્રવ્ય.
(૮) અસંસૃષ્ટ માત્રક, અસંસૃષ્ટ હાથ અને નિરવશેષ દ્રવ્ય.॥૯૧॥

**અવતરણિકા** :- આ પ્રમાણે લિપ્તદ્વાર અને તેના ભાંગાઓની વાત કરી. હવે, ભંગાષ્ટકની વિધિ, ગ્રાહ્ય-અગ્રાહ્ય વિધિ અને દશમાં 'છર્દિત દ્વાર'નું વિવરણકરવાની ઈચ્છાથી તેના લક્ષણો વગેરે કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संस्कृतछाया- अत्र विषमेषु गृह्यते छर्दितमशनादि भवत्परिशाटिं।

तत्र पतति काया पतिते मधुबिन्दूदाहरणं।।९२।।

卐 अष्टभङ्गमध्यैकत्र्यादिविषमेषु गृह्यते 卐

**व्याख्या**- अत्रैतेष्वष्टसु भङ्गकेषु मध्ये विषमेष्वसमेषु प्रथमतृतीयपञ्चमसप्तमभङ्गेषु गृह्यते भक्ताद्यादीयते। एतेषु सावशेषद्रव्यत्वेन पश्चात्कर्मादिदोषाभावात्, सामर्थ्यात्समेषु द्वितीयचतुर्थादिषु न गृह्यते। अयमर्थः, इह हस्तो मात्रं वा द्वे वा स्वयोगेन संसृष्टानि सन्ति, साध्वर्थं वा संसृष्टानि भवन्तु (परं) न तद्वशेन पश्चात्कर्म्म। किं तर्हि ? द्रव्यवशेन। यत्र हि द्रव्यं सावशेषं तत्रैतानि साध्वर्थं खरण्टितान्यपि दात्री न धावति, किं तर्हि ? तत्र द्रव्यं व्यापारयतीति साधवः(ध्वर्थं) पश्चात्कर्म न स्याद्। यत्र तु द्रव्यं निरवशेषं तत्रैतानि तद्द्रव्याधारस्थालीं च साधुदानानन्तरं सा धावतीति साधोस्तत्स्यादेवेति समेष्वकल्पता। गतं लिप्तद्वारं।

---

**મૂળગાથા-શબ્દાર્થ** :- **एत्थ** = આ આઠભાંગામાં, **विसमेसु** = એકીભાંગામાં, **धेप्पइ** = ગ્રહણ કરાય, **छड्डियं** = છર્દિત, **असणाइ** = અશનાદિ, **होन्तपरिसाडिं** = છાંટા પડતું, **तत्थ** = તેવી રીતે અશનાદિ આપવામાં, **पडंते** = છાંટા પડવાથી, **काया** = પૃથ્વીકાયાદિ, **पडिए** = છાંટા પડવાના દોષમાં, **महुबिन्दु** = મધુબિન્દુનું, **उदाहरणं** = દૃષ્ટાંત.॥૯૨॥

**મૂળગાથા-ગાથાર્થ** :- ઉપર જણાવેલ આઠભાંગામાંથી એક એટલે ૧-૩-૫-૭ ભાંગાએ અપાતું દ્રવ્ય ભાજનમાં થોડું રાખીને અપાતું હોવાથી સાધુને લેવું કલ્પી શકે. તે સિવાયના બાકીના ભાંગાએ અપાતું કલ્પી શકે નહિ.

હવે જે દાતાર સાધુને આહારાદિ વહોરાવતા જમીન ઉપર છાંટા પાડે તે આહાર છર્દિતદોષવાળો બને છે અને જમીન ઉપર છાંટા પડવાના યોગે પૃથ્વીકાયાદિ જીવની વિરાધનાનો સંભવ હોવાથી સાધુને તે છર્દિતદોષવાળા આહારાદિ લેવા કલ્પે નહિ. છર્દિતદોષમાં કેવો અનર્થનો સંભવ છે તે જણાવવા મધુબિંદુનું દૃષ્ટાંત છે.॥૯૨॥

## • આઠભાંગામાંથી એક-ત્રણ વગેરે વિષમ ભાંગામાં લેવું કલ્પે છે •

**વ્યાખ્યાર્થ** :- 'एत्थ' = 'अत्र' = અહીં ઉપરોક્ત ૮ ભાંગાઓમાંથી, 'विसमेसु' = 'विषमेषु' = અસમ-વિષમ ભાંગાઓ એટલે કે પ્રથમ, ત્રીજા, પાંચમા, સાતમા ભાંગામાં ભક્તાદિ, 'घेप्पइ' = 'गृह्यते' = ગ્રહણ કરાય છે. કારણ કે એમાં સાવશેષદ્રવ્યના લીધે પશ્ચાત્કર્મ આદિ દોષોનો અભાવ છે. ઉપલક્ષણથી આ વાત સમજી લેવી કે સમ ભાંગા એટલે કે બીજા-ચોથા વગેરે ભાંગામાં ભક્તાદિ અગ્રાહ્ય છે.

તાત્પર્યાર્થ આ છે કે, અહીં હાથ કે માત્રક કે બન્ને સ્વયોગ દ્વારા સંસૃષ્ટ હોય અથવા સાધુ માટે સંસૃષ્ટ થયા હોય. તેના લીધે કાંઈ પશ્ચાત્કર્મ નથી થતું. તો કોના લીધે થાય છે ? તે કહે છે, દ્રવ્યના લીધે થાય છે. કારણ કે જ્યાં દ્રવ્ય સાવશેષ હોય છે ત્યાં આ માત્રકાદિ સાધુ માટે ખરડાયા હોવા છતાં પણ દાત્રી હાથને ધુવે નહિ. કેમ એમ ? તે કહે છે, તે દ્રવ્યમાં દાત્રી વ્યાપારવાળી હોવાથી સાધુ માટે પશ્ચાત્કર્મ ન થાય. જ્યાં દ્રવ્ય નિરવશેષ હોય ત્યાં એ હાથ વગેરે કે તે દ્રવ્યનો આધાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 छर्दितद्वारस्वरूपं, सचित्ताऽचित्तपदद्वयेन चतुर्भङ्गश्च 卐

छर्दितद्वारमधुनोच्यते। तत्र छर्दितं साध्यं। ततो यदशनादि अशनपानप्रभृति दीयते दात्र्या, कीदृशं सदित्याह 'होंतपरिसाडिं'ति। भवती जायमाना परिशाटिश्छर्द्दनं यस्याशनादेस्तद्भवत्परिशाटि, भिक्षामध्याद् भूम्याद्युपरि तदवयवत्वेन छर्द्दनधर्म्मकं यदित्यर्थः, तच्छर्द्दितमुच्यते। अत्रापि गुरूपदेशाच्चतुर्भङ्गः स्यात्, यथा-सचित्ते सचित्तं छर्दितं, तत्र भिक्षादानाय प्रवृत्तया दात्र्या भिक्षामध्याच्छर्दितं भूम्यादिस्थसचित्तमृत्तिकादेरुपरि सचित्तलवणादिकं पातितमित्यर्थः। अचित्ते सचित्तं।२। सचित्ते अचित्तं।३। अचित्ते अचित्तं।४। छर्दितमित्यत्र भङ्गचतुष्टयेऽप्यकल्प्यं, तत्राद्यत्रये (द्वये) ग्राह्यमेव सचित्तं (तृतीये ग्राह्यमचित्तं परं सचित्ते पतितं) स्यादित्यादिदोषाश्चतुर्थे चाज्ञाभङ्गाऽनवस्थामिथ्यात्वविराधनादोषादि।

卐 छर्द्दिते संयमादिविराधनादोषाः 卐

अत्र विराधनां विशेषतः सूत्रकारः स्वयमेव दर्शयितुमाह। तत्र तस्मिन्नशनादौ साधवे दात्र्या

---

તપેલી વગેરેને સાધુને દાન આપ્યા બાદ તે દાત્રી ધોઈ નાંખે. એટલે સાધુને એમાં પશ્ચાત્કર્મ લાગે જ. એટલે સમ ભાંગાઓમાં અકલ્પ્યતા કહેવામાં આવી છે. આ રીતે લિપ્તદ્વાર પુરું થયું.

**• છર્દિતદ્વારનું સ્વરૂપ, સચિત્ત અને અચિત્ત આ બે પદની ચતુર્ભંગી •**

હવે 'छर्दित'દ્વાર કહેવાય છે.

'छड्डियम्' = 'छर्दितं' = અહીં 'छर्दित' એ સાધ્ય છે. 'असणाइ' = 'अशनादि' = જે અશન-પાનાદિ દાત્રીવડે અપાય છે. એ કેવું હોય ? તે કહે છે, 'होन्तपरिसाडिं' = 'भवत्परिशाटि' = ઢોળાતું હોય. એટલે કે ભિક્ષા = દેયઅશનાદિમાંથી ભૂમિ વગેરે પર તે અશનાદિના અવયવો પડતા હોય. તેને છર્દિત કહેવાય છે.

આમાં પણ ગુરુઉપદેશાનુસારે ચતુર્ભંગી થાય છે.

(૧) સચિત્ત પર સચિત્ત છર્દિત થાય. એટલે કે ભિક્ષાદાન માટે પ્રવૃત્ત થયેલી દાત્રીએ ભિક્ષા = દેયદ્રવ્યમાંથી સચિત્તલૂણ વગેરેને ભૂમિ પર રહેલ સચિત્તમાટી વગેરે પર ઢોળ્યું. (૨) અચિત્ત પર સચિત્ત છર્દન થાય. (૩) સચિત્ત પર અચિત્ત છર્દિત થાય. (૪) અચિત્ત પર અચિત્ત છર્દિત થાય. આ ચતુર્ભંગીના ચારેય ભાંગાઓ અકલ્પ્ય છે. તે આ પ્રમાણે કે, પ્રથમ બે ભાંગામાં તો ગ્રાહ્ય જ સચિત્ત છે એટલે એ તો સુતરાં અકલ્પ્ય છે. ત્રીજા ભાંગામાં ગ્રાહ્ય તો અચિત્ત છે પરન્તુ છર્દિત સચિત્ત પર થયું છે તેથી અકલ્પ્ય છે. ઈત્યાદિ દોષોના કારણે પ્રથમના ત્રણ ભાંગા અકલ્પ્ય છે. ચોથા ભાંગામાં પણ આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ, સંયમ-આત્મ-શાસનવિરાધના વગેરે દોષો સંભવે છે. માટે એ પણ અકલ્પ્ય છે.

**• છર્દિત-દોષમાં સંયમાદિ વિરાધનાદોષો •**

અહીં સૂત્રકાર પોતે જ વિશેષકરીને વિરાધનાને દર્શાવવા કહે છે - 'तत्थ' = 'तत्र' = તેમાં. એટલે કે ચોથાભાંગામાં અશનાદિ સાધુને આપવા જતાં દાત્રી દ્વારા, 'पडंते' = 'पतति भूमौ सति'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दीयमाने पतति भूमौ छर्द्यमाने सति कायाः पृथ्वीकायादयो विराध्यन्त इति शेषः। एतेन संयमविराधनोक्ता। अनया च शेषे द्वे अप्युपलक्षिते, तथाहि-तद्भक्ताद्युष्णं शीतलं वा स्यात्तत्र तप्तस्य भूम्यादौ छर्दने दाता ग्राहको वोभयं वा दह्येत। भूमिस्थसचित्तपृथिव्यादीनामुपरि पातेन तद्दाहः। शीतलभक्तादिपरिशाटौ च तेषामेव विनाशः, इति साधोः स्वदाहेनात्मविराधना, पृथिव्यादि-दाहादिना संयमविराधना, दातृदाहेन प्रवचन(विराधना) भावनीयेति। अथ पतितं द्रव्यमाश्रित्य दोषपरंपरासूचकं ज्ञातमाह। पतिते छर्दिते मधुबिन्दूदाहरणं। दोषानाश्रित्य माक्षिकलवेनोपलक्षितो दृष्टान्तो वाच्यस्तच्चेदं यथा–

**卐 छर्दिते मधुबिन्दूपलक्षितवारत्रक-मन्त्रिद्रष्टांतः 卐**

वारत्तपुरं नाम नयरं, तत्थ य अभयसेणो नाम राया। तस्स वारत्तओ नाम अमच्चो सयलरायकज्जचिंतणपरो आसि। अन्नया य धम्मघोसो नाम साहू भिक्खं अडंतो वारत्तगस्स घरं गओ। तस्स भिक्खादाणट्ठं घयगुलजुयपायसपडिपुन्नं थालं गहाय आगओ एगो दाणनिउत्तो अमच्चपुरिसो। एत्थंतरे तउ मज्झाउ एगो बिंदू धरणीए पडिओ। छड्डियदोसोत्ति तं मोत्तुं निग्गओ

= ભૂમિ પર પડે છતે, 'काया' = 'पृथ्वीकायादिकायाः' = પૃથ્વીકાય વગેરે ષટ્કાયની વિરાધના થઈ શકે છે. એમ અધ્યાહારથી જાણી લેવું. આમ, 'काया' શબ્દથી સંયમવિરાધના કહેવાઈ. એ થકી બાકીની બે = આત્મ + શાસનવિરાધના પણ ઉપલક્ષણથી સમજી લેવી.

ત્રણેય પ્રકારની વિરાધનાની સંભાવના આ પ્રમાણે છે. તે છર્દિતભક્તાદિ ઉષ્ણ હોય કે શીત પણ હોય. તેમાં જો ભૂમિ આદિ પર ગરમ છર્દિત થાય ત્યારે દાતા કે ગ્રાહક સાધુ કે બન્ને દાઝી જાય. ભૂમિ પર રહેલ સચિત્તપૃથ્વી વગેરે ઉપર પડે તો તે પૃથ્વીકાયાદિ દાઝી જાય. ગરમભક્તાદિની વાત કરી. હવે ઠંડાની વાત જણાવે છે. ઠંડા ભક્તાદિના છર્દિતમાં તે જ પૃથ્વીકાયાદિનો વિનાશ થાય. આમ, સાધુ પોતે દાઝે એમાં આત્મવિરાધના, પૃથ્વીઆદિના દાહાદિમાં સંયમવિરાધના અને દાતા દાઝી જાય એમાં સંભવિત પ્રવચનવિરાધના જાણવી.

હવે છર્દિતદ્રવ્યમાં દોષની પરંપરા સૂચક દૃષ્ટાંત કહે છે. 'पडिए' = 'पतिते' = 'छर्दिते' = છર્દિતમાં, 'महुबिंदूदाहरणं' = 'मधुबिन्दूदाहरणं' = દોષોને આશ્રયીને માખીથી ઉપલક્ષિત મધુબિન્દુનું ઉદાહરણ જાણવું. મધુબિન્દુનું ઉદાહરણ આ પ્રમાણે છે.

**• છર્દિતમાં મધુબિન્દુઉપલક્ષિત વારત્રક મંત્રીનું દૃષ્ટાંત •**

વારત્રપુર નામનું નગર હતું. ત્યાં અભયસેન નામે રાજા હતો. રાજાને વારત્રક નામે મંત્રી હતો જે સકલ રાજ-કાજની ચિંતાકરનાર હતો. એકવાર ધર્મઘોષ નામના સાધુ ભિક્ષા માટે ફરતાં ફરતાં વારત્રક મંત્રીના ઘરે ગયા. તેમને દાન આપવામાટે દાનાર્થે નિયુક્ત કરાયેલ મંત્રીપુરુષ ઘી-સાકરથી યુક્ત ખીરથી છલોછલ ભરેલ તપેલું ઉપાડી, સાધુ સન્મુખ આવ્યો. એટલામાં એ તપેલીમાંથી એક બિન્દુ પૃથ્વી પર પડ્યું. 'આ તો છર્દિતદોષ છે' એમ જાણીને તે ભિક્ષાને ન લેતાં સાધુ ત્યાંથી નીકળી ગયા. એજ વખતે હાથીની અંબાડી પર બેસી મંત્રી ઘરે આવતા હશે એટલે હાથીની અંબાડી પર બેસેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

साहू। वारत्तगेण मत्तवारणट्ठिएण तं दिट्ठं, किमणेण एरिसा भिक्खा न गहियत्ति जाव चित्तंतो चिट्ठइ, ताव बिंदुंमि मच्छियाउ लग्गाउ। ताणं घरकोइलिया धाविया तीसे सरडो आगओ तस्स य मज्जारो पहुत्तो तस्स य पाहुणगसुणओ पहाविओ। तस्स वत्थव्वगसुणओ समुट्ठिओ। दोण्हं पि सुणगाणं भंडणं जायं नियगणियगाणं रक्खणट्ठा दोण्हं पि ताण सामिणो समुट्ठिया। तेसिंपि सपरिवाराणं महाजुज्झं जायं। जाव अणेगाणं सुहडाणं मारामारी जाया। तं सव्वं वारत्तगेण उल्लोयणट्ठिएण दिट्ठं निच्छइयं च जहा नूणमेएण मारामा(रा)दिदोसेण साहुणा भिक्खा ण गहिया इच्चाइ भावंतस्स सुहभावे वट्टमाणस्स जायं जाईसरणं। सयंबुद्धो जाओ। देवयाए उवगरणं सव्वं समप्पियं। जाओ सो समणो अईव महादुक्कराणुट्ठाणकारओ। तउ सम्मं निरइयारं अणुट्ठाणं काऊण काले सिद्धो त्ति गाथार्थः।।९२।।

**अवतरणिका–** उक्ता दशाप्येषणादोषास्तदुक्तौ चाभिहिता द्विचत्वारिंशदपि पिण्डदोषाः, साम्प्रतमेते उद्गमोत्पादनैषणादोषाः क्रमशः स्वस्वसङ्ख्यान्विता यत्समुत्था इत्यावेदयन्नाह।

**मूलगाथा– इय सोलस सोलस दस, उग्गमउप्पायणेसणा दोसा।**
**गिहिसाहूभयपभवा, पंच गासेसणाए इमे।।९३।।**

**संस्कृतछाया– इत्येवं षोडश षोडश दश उद्गमोत्पादनैषणा दोषाः।**
**गृहिसाधूभयप्रभवाः पञ्च ग्रासैषणाया एते।।९३।।**

---

વારત્રક મંત્રીએ આ જોયું. સાધુને વહોર્યા વિના નીકળી ગયેલા જોઈને 'આ સાધુએ ભિક્ષા કેમ ન લીધી ?' એમ વિચારતા હતા. એટલામાં પેલા બિન્દુ પર માખીઓ લાગી. માખીને ખાવા ગિરોળી દોડી આવી. ગિરોળીને ભક્ષ્ય બનાવવા કાચીંડો આવી ચડ્યો. કાચીંડાને ખાવા બિલાડી દોડી આવી. બિલાડીને ખાવા પાડોસીનો કૂતરો = મહેમાન કૂતરો આવી ચડ્યો. પાડોશીના કૂતરાને પોતાના હદમાં પ્રવેશેલ જોઈને મંત્રીનો ઘરનો કૂતરો આવી ગયો. બન્ને કૂતરાઓ લડવા લાગ્યા. પોતપોતાના કૂતરાની રક્ષામાટે બન્ને કૂતરાઓના સ્વામી આવી પહોંચ્યા. તે બન્ને કૂતરાઓના સ્વામી વચ્ચે મોટુંયુદ્ધ થયું. એમાં અનેક સુભટોની મારામારી થઈ ગઈ. આ બધુંય હાથી પરથી ઉતરીને ઘરના ગવાક્ષમાં ગયા હશે તેથી વારત્રક મંત્રીએ ગવાક્ષમાં રહેતા થકા જોયું. નિશ્ચય કર્યો કે 'સાધુએ આ મારામારીવગેરે દોષના લીધે જ ભિક્ષા ગ્રહણ નથી કરી' ઈત્યાદિ વિચારતા, શુભભાવમાં વર્તતા તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. જ્ઞાનમાં પોતાનો પૂર્વભવ જોઈને સ્વયંબુદ્ધ થયા. દેવતાઓએ સર્વઉપકરણ સમર્પ્યા. તે વારત્રકશ્રમણ મહાદુષ્કર અનુષ્ઠાનકરનારા થયા. સમ્યક્પ્રકારે નિરચિતાર અનુષ્ઠાન = ચારિત્રપાલન કરીને કાળક્રમે સિદ્ધિગતિને પામ્યા.॥૯૨॥

**અવતરણિકા :-** આ પ્રમાણે દશેય પ્રકારના એષણાદોષો કહેવાયા. એ કહેવા દ્વારા ૪૨ પિણ્ડદોષો પણ કહેવાઈ ગયા. હવે આ ઉદ્ગમ-ઉત્પાદન અને એષણાદોષો ક્રમે કરીને કોના કોનાથી કેટલી સંખ્યામાં ઉત્પન્ન થાય છે. ઈત્યાદિ બતાવતાં જણાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 उद्‌गमोत्पादनैषणादोषनिगमनं, ग्रासैषणादोषप्रस्तावना च 卐

**व्याख्या**- इत्येवं प्रदर्शितप्रकारेण षोडश षोडश दश सङ्ख्या यथाक्रमं ये उद्‌गमोत्पादनैषणाविषया व्यावर्णितस्वरूपा दोषा आहारदूषणानि ते यथासङ्ख्यं गृहिसाधूभयप्रभवा भवन्तीति शेषः। अत्र षोडशाऽप्युद्‌गमदोषा गृहस्थादुत्पद्यन्ते। गृही प्रायेण तत्कर्त्तेत्यर्थः। उत्पादनादोषाः षोडशापि यतेरेव सकाशात् प्रादुर्भवन्ति, यतिरेव तान् कुरुते इत्यर्थः। उभयं गृहिसाधुलक्षणं। तस्मात्प्रभवन्ति जायन्ते एषणादोषा गृही साधुश्च तद्विधायीत्यर्थः। तत्र शंकितदोषः साधुभावापरिणतदोषश्चेति द्वौ साधुप्रभवौ शेषा म्रक्षितादयः पुनरष्टाववश्यं गृहस्थादेव स्युरिति। तदेवं विधिना गृहीतस्याप्याहारस्य विधिना

---

**મૂળગાથા-શબ્દાર્થ** :- **इय** = બતાવ્યા પ્રમાણે, **सोलस** = સોળ, **सौलस** = સોળ, **दस** = દશ, **उग्गम** = ઉદ્‌ગમ, **उप्पायणा** = ઉત્પાદના, **एसणा** = એષણા, **दोसा** = દોષો, **गिहि** = ગૃહસ્થ, **साहु** = સાધુ, **उभयपभवा** = ગૃહસ્થ અને સાધુથી થનારા, **पंच** = પાંચ, **गासेसणाए** = ગ્રાસૈષણાના, **इमे** = આ.॥૯૩॥

**મૂળગાથા-ગાથાર્થ** :- ઉપર જણાવ્યા પ્રમાણે સોળ ઉદ્‌ગમના દોષો ગૃહસ્થથી, સોળ ઉત્પાદનના સાધુથી અને દશ એષણાના દોષો ગૃહસ્થ અને સાધુ બન્નેથી ઉત્પન્ન થનારા છે. હવે ગ્રાસૈષણાના પાંચે દોષો છે, તે આ પ્રમાણે છે.॥૯૩॥

## • ઉદ્‌ગમ-ઉત્પાદન-એષણાદોષનું નિગમન અને ગ્રાસૈષણા-દોષની પ્રસ્તાવના •

**વ્યાખ્યાર્થ** :- 'इय' = 'इत्येवं' = આમ દર્શાવ્યાપ્રમાણેના, 'सोलस सोलस दस' = 'षोडश षोडश दश' = સોલ, સોલ અને દશ સંખ્યાવાળા દોષો જે યથાક્રમે, 'उग्गम-उप्पायणेसणा दोसा' = 'उद्‌गमोत्पादनैषणा विषयाः' = ઉદ્‌ગમ-ઉત્પાદન અને એષણાસંબંધી છે. જેનું વર્ણન ઉપર કરાયેલું છે તે, 'दोसा' = 'दोषाः' = આહારના દૂષણો-દોષો. ક્રમથી 'गिहि साहूभयपभवा' = 'गृहिसाधूभयप्रभवाः' = ગૃહસ્થથી, સાધુથી અને ઉભય = ગૃહસ્થ-સાધુથી ઉત્પન્નથનારા છે.

અહીં એ ૪૨ દોષોમાં સોલે-સોલ ઉદ્‌ગમદોષો ગૃહસ્થથી ઉદ્‌ભવે છે. કારણ કે તેઓના કર્તા પ્રાયઃ ગૃહસ્થ હોય છે. સોલે સોલ ઉત્પાદનાદોષો યતિથી જ ઉદ્‌ભવે છે કારણ કે યતિ જ તેઓને કરે છે. ગૃહસ્થ અને સાધુ = ઉભયથી એષણાદોષો ઉદ્‌ભવે છે. કારણ કે ગૃહસ્થ અને સાધુ તેના કરનારા હોય છે. શંકિતદોષ અને સાધુભાવઅપરિણતદોષ આ બે સાધુ થકી ઉત્પન્ન થયેલા હોય છે. શેષ મ્રક્ષિતાદિ આઠદોષો અવશ્ય ગૃહસ્થથી જ ઉદ્‌ભવે છે.

આ પ્રમાણે વિધિથી લેવાયેલ આહાર વિધિપૂર્વક વાપરવાનો હોય છે. માટે હવે ગ્રાસૈષણાનો અવસર હોવાથી તે દોષની પ્રસ્તાવના કહે છે.

'पंच' = 'पञ्च' = આગળ ૪૨ દોષોની વાત થઈ. એટલે હવે સંયોજનાઆદિ દોષોની વાત જણાવતાં કહે છે. વળી, પાંચસંખ્યા પ્રમાણ દોષો છે. તે દોષો શેના છે ? તે કહે છે, 'गासेसणाए' = 'ग्रासैषणायाः' - 'ग्रासैषणायां वा' = ગ્રાસૈષણાના છે. 'ग्रास' એટલે કે ભોજન. તે વિષયક એષણા. એટલે કે, શુદ્ધ-અશુદ્ધની પર્યાલોચના. અર્થાત્ વાપરતી વખતે શુદ્ધ અને અશુદ્ધનું પર્યાલોચન. એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ग्रासः कार्य इति ग्रासैषणाया अवसरोऽतस्तद्दोषप्रस्तावनार्थमाह। 'पंच'त्ति, पञ्चसङ्ख्याः पुनर्दोषाः। 'गासेसणाए'त्ति ग्रासो भोजनं तद्विषया एषणा शुद्धाशुद्धपर्यालोचनं ग्रासैषणा तस्यास्तस्यां वेमेऽनन्तरमेव वक्ष्यमाणाः संयोजनादयः स्युरिति गाथार्थः।।९३।।

**अवतरणिका**– अधुना तानेव प्रस्तावितान् नामतः, आद्यस्य स्वरूपं चाह।

**मूलगाथा– संजोयणा पमाणे इंगाले धूम कारणे पढमा।**
**वसहि बहिरन्तरे वा रसहेउं दव्वसंजोगा।।९४।।**

**संस्कृतछाया– संयोजना प्रमाणमङ्गारो धूमः कारणं प्रथमा।**
**वसतिबहिरन्तरे वा रसहेतो र्द्रव्यसंयोगाः।।९४।।**

**卐 संयोजनादिभोजनविषयकपञ्चदोषनामकथनम् 卐**

**व्याख्या**– संयोजनं संयोजना। गृद्ध्या रसोत्कर्षोत्पादनार्थं द्रव्याणां सुकुमारिकादीनां गुडादिद्रव्यैः सह मीलनमित्यादिरूपा सा क्रियमाणा ग्रासैषणादोषः स्यात्। 'पमाणे'त्ति, प्रमितिः प्रमाणं कवलसङ्ख्यादिना आहारमात्र(त्रा?)लक्षणं, एकारः प्रथमैकवचनार्थः। तच्चातिक्रम्यमाणं भोजनदोषो भवेत्।

---

કે વાપરતા 'ભાવ' અને 'વિધિ' બન્ને જોવાના હોય છે, 'ભાવ' = ખાતી વખતે રાગ-દ્વેષ ન કરવો. 'વિધિ' = સંયોજના ન કરવી. ષષ્ઠીવિભક્તિ લગાડીને તે ગ્રાસૈષણાના, અથવા સપ્તમીવિભક્તિ લગાડીને તે ગ્રાસૈષણાવિશે અનન્તર કહેવામાં આવનારા સંયોજના વગેરેના દોષો છે. 'इमे' = 'एते' = તે આ પ્રમાણે છે.॥૯૩॥

**અવતરણિકા** :- હવે, પ્રસ્તાવનામાં જણાવેલ તે જ ગ્રાસૈષણાના દોષોને નામથી બતાવે છે તેમજ આદ્યદોષ = સંયોજનાનું સ્વરૂપ બતાવે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **संजोयणा** = સંયોજના, **पमाणे** = પ્રમાણ, **इंगाले** = અંગાર, **धूम** = ધૂમ, **कारणे** = કારણ, **पढमा** = પહેલો દોષ, **वसहिबहिरन्तरे** = ઉપાશ્રયની બહાર અને અંદર, **वा** = અથવા, **रसहेउं** = સ્વાદને માટે, **दव्वसंजोगा** = દ્રવ્યોને ભેગાકરવા.॥૯૪॥

**મૂળગાથા-ગાથાર્થ** :- (૧) સંયોજના (૨) પ્રમાણ (૩) અંગાર (૪) ધૂમ અને (૫) કારણ. એ પાંચ ગ્રાસૈષણના દોષો છે. તેમાં સ્વાદ માટે ઉપાશ્રયની બહાર અને અંદર બે દ્રવ્યો ભેગા કરવા તેને સંયોજના કહેવામાં આવે છે.

**• સંયોજનાવગેરે ભોજનવિષયક પાંચ દોષોનું નામકથન •**

**વ્યાખ્યાર્થ** :- (૧) 'संयोजना' = ભેગુકરવું તેને સંયોજના કહેવાય છે. ગૃદ્ધિના કારણે રસમાં ઉત્કર્ષ = વધારોકરવામાટે સુકુમારિકા = તળેલી રોટલી - પોચીપૂરી વગેરે દ્રવ્યોને ગોળ વગેરે દ્રવ્યો સાથે મેળવવું. ઇત્યાદિ સ્વરૂપ જે કરવામાં આવે છે. તે પ્રથમ સંયોજનાનામક ગ્રાસૈષણા દોષ છે.

(૨) 'पमाणे' = 'प्रमितिः' = 'प्रमाणं' = પ્રમાણ. કોળીયાની સંખ્યાઆદિથી આહારની માત્રા એ છે સ્વરૂપ જેમાં એવું જે પ્રમાણ. તેનુ અતિક્રમણ કરવામાં આવે ત્યારે બીજો પ્રમાણનામનો ભોજન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'इंगाले'त्ति चारित्रेन्धनस्याङ्गाराणामिव करणमिति कारिते अन्त्यस्वरादिलोपे, पुंसि 'संज्ञायां घः' इति घे चाङ्गारश्चारित्रेन्धनदहनसमर्थो रागपरिणामः। एकारः पूर्ववत्। 'धूमे'ति चारित्रेन्धनस्य धूमकरणमिति कारिते, 'मंतुवंतुविना लुक् चे'ति वंतुलोपे अन्त्यस्वरादिलोपे पूर्ववद् घे च धूमश्चारित्रेन्धनस्य धूमायमानताकरणसमर्थो द्वेषपरिणामः। प्रथमैकवचनलोपः छन्दोऽर्थं। 'कारणे'त्ति कार्यते प्राणी कार्यं भोजनाख्यमनेन निमित्तेनेति कारणं निमित्तमेकारः पूर्ववत्। रूपबलाद्यर्थमशनाद्युपभोगः कारणाख्यो दोषः च समुच्चयार्थो लुप्तो दृश्यते। पञ्च भोजनदोषा भवन्तीति शेषः। तत्रैतेष्वाद्यं व्याख्यातुमाह।

卐 **संयोजनास्वरूपं, तस्या द्रव्यभावद्विप्रकारता** 卐

'पढमि'ति, दोषपञ्चकापेक्षया प्रथमाऽऽद्या प्रक्रमात् संयोजना भवति। कथमित्याह वसतेरुपाश्रयाद्बहिर्बहिष्टाद् भिक्षाटनं(ने?) इत्यर्थो यद्वाऽन्तरे वसतेर्मध्यो, वा विकल्पे। रसहेतो रसोत्कर्षार्थं

---

દોષ થાય છે. મૂળગાથામાં 'पमाणे' એમ જે છેલ્લે 'एकार' છે તે પ્રથમવિભક્તિ એકવચનનું સૂચન છે એમ જાણવું.

(૩) 'इंगाले' = 'इंगालकरणं' = અહીં પણ છેલ્લે જે 'एकार' છે તે પૂર્વવત્ જાણવો. ચારિત્રરૂપી ઈન્ધનને અંગારા જેવું કરે. તે ઈંગાલ નામનો દોષ છે. અહીં અન્ત્યસ્વરાદિનો લોપ થયો છે પછી 'संज्ञायां घः' આ વ્યાકરણના નિયમપ્રમાણે 'घ' પ્રત્યય લાગ્યો. અર્થાત્ મૂળ 'इंगालकरण' શબ્દ છે. પરન્તુ વ્યાંકરણના નિયમ પ્રમાણે 'करण' શબ્દનો લોપ થવાથી 'इंगाल' શબ્દ બન્યો છે.

ભાવાર્થ આ છે કે ચારિત્રરૂપી ઈંધનને બાળવામાટે સમર્થ એવો જે રાગનો પરિણામ છે તેને ઈંગાલ કહેવાય છે.

(૪) 'धूम' = 'धूमकरणं' = અહીં પ્રથમવિભક્તિ એકવચનનો લોપ થયો છે તે છન્દના લીધે થયો છે એમ જાણવું. ચારિત્રરૂપી ઈન્ધનનો ધૂમાડોકરનાર તે ધૂમદોષ છે. 'मंतुवंतुविना लुक्' આ વ્યાકરણના નિયમાનુસારે અન્ત્યસ્વરાદિનો = 'वं' = 'वत्' નો લોપ થવાથી 'धूम' શબ્દ બન્યો છે.

ભાવાર્થ આ છે કે જે દ્વેષનો પરિણામ ચારિત્રરૂપી ઈંધનને ધૂમાડારૂપે કરવા સમર્થ છે તે 'ધૂમ' નામનો ભોજનદોષ છે.

(પં) कारणे = જે કારણદ્વારા પ્રાણીવડે ભોજનનામનું કાર્ય કરાય તેને 'કારણ' કહેવાય છે. અહીં પણ જે 'एकार' છે એ પૂર્વવત્ જાણી લેવો. સંયમઆદિ કારણ વિના જ રૂપ, બળવગેરેમાટે અશનાદિનો ઉપભોગ કરવો એ કારણનામનો દોષ છે. મૂળગાથામાં 'च' જે સમુચ્ચયના અર્થમાં હોવો જોઈએ તે લોપ થયેલ છે એમ જાણવું. આ પ્રમાણે પાંચ ભોજનના દોષો થાય છે.

**● સંયોજનાનું સ્વરૂપ, તેના દ્રવ્ય અને ભાવ બેપ્રકારો ●**

હવે આદ્ય સંયોજનાનામક દોષની વ્યાખ્યાકરવાની ઈચ્છાથી કહે છે.

'पढमा' = 'प्रथमा' = પાંચદોષોની અપેક્ષાએ ક્રમસર આવતો આદ્ય = પ્રથમદોષ સંયોજના છે. એ સંયોજના કેવી રીતે થાય છે ? તે કહે છે, 'वसहि बहिरन्तरे वा' = 'वसतिबहिरन्तरे' = વસતિ

शोभना-स्वादनिमित्तमिति यावत्। द्रव्याणां क्रूरादीनां लाभे संयोगो रसगृद्ध्या दध्यादीनां संयोजनं मीलनं द्रव्यसंयोगस्तस्मिन् साधुना क्रियमाणे सति प्रथमा भवतीति पूर्व्वेण योगः। अयमत्र भावार्थः- द्विधा संयोजना, भावसंयोजना द्रव्यसंयोजना च। द्रव्यसंयोजना(नया) चेह प्रकृतं। तत्र क्षीरादीनि द्रव्याणि गाद्र्ध्यपरिणामेन संयोजयन्नात्मनि यया ज्ञानावरणादिकं कर्म्म संयोजयति बध्नाति, सा भावेन द्रव्यगृद्धिरूपाध्यवसायेनात्मना सह कर्म्मणां संयोजना मीलनं तैश्च संसारस्य, तेनैव दुःखस्येति भावसंयोजनेति।

**卐 द्रव्यसंयोजनाया बाह्याऽभ्यान्तरा द्विप्रकारता, बाह्यसंयोजनाया द्विप्रकारता च 卐**

द्रव्यसंयोजना तु द्विधा बाह्याभ्यन्तरभेदात्। तत्र बाह्याभ्यन्तरत्वे भोजनक्रियायाः क्रमशोऽ-प्रत्यासन्नताऽऽसन्नते आश्रित्य द्रष्टव्ये। तत्र च रसहेतुकद्रव्यार्थं पर्यटनं १ तेषां पृथक् पात्रे ग्रहण २ मिति द्विधा बाह्या द्रव्यसंयोजना। तां च द्विधामपि वसतेर्बहिर्भिक्षामटन् करोति। यथा कश्चि-त्साधुर्भिक्षामटन् शाल्यादिकूरं क्षीरं वा प्राप्तवांस्तत्प्राप्तौ च रसगृद्धिनिमित्तं दधिगुडयोर्गवेषणाय

= ઉપાશ્રયની બહાર ભિક્ષાટનમાં અથવા વસતિ = ઉપાશ્રયની અંદર. 'वा' એ વિકલ્પને સૂચવનાર છે. 'रसहेउं' = 'रसहेतोः' = રસના ઉત્કર્ષ માટે. એટલે કે સારાસ્વાદમાટે, 'दव्वसंजोगा' = 'द्रव्यसंयोगः' = ભિક્ષામાં કૂરાદિદ્રવ્યોના લાભમાં રસની ગૃદ્ધિના લીધે દધિવગેરેને મેળવે = ભેળવે. તેને દ્રવ્યસંયોગ કહેવાય છે.

આવીરીતે સાધુ જે કરે એ પ્રથમસંયોજનાનામનો દોષ થાય છે.

અહીં ભાવાર્થ આ છે કે સંયોજના બે રીતે થાય છે. (૧) ભાવસંયોજના. (૨) દ્રવ્યસંયોજના. અહીં દ્રવ્યસંયોજનાની વાત લેવાની છે.

(૧) **ભાવસંયોજના** :- ગૃદ્ધિના પરિણામથી ક્ષીરાદિદ્રવ્યોનું સંયોજન કરવામાં આત્મામાં જ્ઞાનાવરણીયાદિ કર્મોનું સંયોજન થાય છે. અર્થાત્ જ્ઞાનાવરણીયાદિ કર્મ બંધાય છે. એટલે કે, ભાવથી = દ્રવ્યની ગૃદ્ધિરૂપ અધ્યવસાયથી આત્માની સાથે કર્મોનું મીલન થાય છે. તે કર્મોદ્વારા સંસારનું મીલન થાય છે અને તે સંસારદ્વારા જ દુઃખનું મીલન થાય છે. માટે તે ભાવસંયોજના કહેવાય છે.

**• દ્રવ્યસંયોજનાના બાહ્ય અને અભ્યંતર બે પ્રકારો,**
**તેમાં પણ બાહ્યસંયોજનાના બે પ્રકારો •**

(૨) **દ્રવ્યસંયોજના** :- બે પ્રકારે છે (i) બાહ્ય (ii) અભ્યંતર. અહીં બાહ્ય-અભ્યંતરપણું ક્રમશઃ ભોજનક્રિયાના અપ્રત્યાસન્નતા અને આસન્નતાને આશ્રયીને જાણવું. (અર્થાત્ દ્રવ્યસંયોજનાનું બાહ્ય-અભ્યંતરપણું આમ તો વાપરતી વખતે હોય છે. વાપરતાં પૂર્વે પાત્રાદિમાં જે વસ્તુનું મીલન કરે તે બાહ્યસંયોજના થાય, અને મોઢામાં જે મીલન કરે અથવા પાત્રમાં કે મુખમાં મીલન કરે તે અભ્યંતર સંયોજના થાય. ટીકાકારે અહીં બાહ્ય આભ્યંતરનો ખુલાસો આ પ્રમાણે કર્યો છે કે જે ભોજનક્રિયાને અપ્રત્યાસન્ને હોય એટલે કે વસતિની બહાર જે કરવામાં આવે તે 'બાહ્ય' તરીકે જાણવું અને જે આસન્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पर्यटति मण्डकमुद्गशाल्यादिप्राप्तौ च सर्प्पिर्दधिस्निग्धपत्रशाकादिशालनकाद्यर्थं पर्यटतीत्येका १, द्वे वा लभ्यमाने भिन्नभिन्नपात्रकेषु स्थापयेत् साधुर्यतोऽधुनैव मीलितानि भोजनवेलायां यावद्धृतानि विरूपरसानि भविष्यन्तीति भोजनं कुर्व्वन् मीलयिष्यामीति विचिन्त्य क्षीरादीनि लभ्यमानानि बहिरेव पृथक् पृथक् भाजनेषु गृह्णातीति द्वितीया २।

**卐 अभ्यंतरद्रव्यसंयोजनाया त्रिप्रकारता 卐**

अभ्यन्तरा पुनर्द्रव्यसंयोजना त्रिधा पात्रकविषया, कवलविषया, मुखविषया चेति त्रिविधामभ्यन्तरां वसतावायातः करोति। तत्र भोजनसमये यत्सुकुमारिकादि येन खण्डादिना सह रोचते तद्रसगृद्ध्या तेनैव सहैकस्मिन्नेव पात्रे संयोज्य स्थापयतीत्याद्या १। यदा तु तत्र तथाभूतं तेनैव

---

હોય. એટલે કે વસતિની અન્દર જે કરવામાં આવે તે 'અભ્યંતર' તરીકે જાણવું.) આ જ વાતને સ્પષ્ટ રીતે કહે છે કે,

(i) **બાહ્યદ્રવ્યસંયોજના** :- (A) રસના હેતુથી દ્રવ્યમાટે ફરવું. અને (B) તે દ્રવ્યોનું અલગ-અલગ પાત્રોમાં ગ્રહણ કરવું.. એમ બે પ્રકારની બાહ્ય દ્રવ્યસંયોજના છે. બન્ને પ્રકારની પણ સંયોજનાને ભિક્ષામાં ફરતાં વસતિની બહાર કરે છે. તે આ પ્રમાણે કે,

(A) કોઈ સાધુએ ભિક્ષામાં ફરતાં શાલ્યાદિ કૂર કે ક્ષીર પ્રાપ્ત કરી. તેની પ્રાપ્તિ પછી રસગૃદ્ધિથી દહીં, સાકર, ગોળની ગવેષણા માટે ફરે. અથવા મણ્ડક, મગ, શાલ્યાદિની પ્રાપ્તિમાં ઘી, દહીં, '**स्निग्धपत्रशाक**' = વઘારેલું લીલુંશાક, ભાજી વગેરે શાલનકાદિ માટે ફરે. એ પ્રથમપ્રકારની બાહ્ય દ્રવ્યસંયોજના થઈ.

(B) જો બન્નેની પ્રાપ્તિ થતી હોય. અર્થાત્ કૂર કે ક્ષીર અને દહીં, ગોળની પણ પ્રાપ્તિ થતી હોય. અથવા મણ્ડકાદિ અને ઘી આદિની પણ પ્રાપ્તિ થતી હોય. ત્યારે અલગ અલગ પાત્રોમાં એ સાધુ સ્થાપે. 'હમણાં જ સંયોજન કરાયેલા દ્રવ્યો જો ભોજનવેળા સુધી ધારી રાખવામાં આવશે તો એ વિરુપ = વિરસ થઈ જશે' એટલે ભોજન કરતી વેળાએજ સંયોજન કરીશ' એમ વિચારીને મેળવેલ ક્ષીરાદિને વસતિની બહાર જ અલગ અલગ ભાજનોમાં = પાત્રોમાં ગ્રહણ કરે. આ બીજા પ્રકારની બાહ્ય દ્રવ્ય સંયોજના થઈ.

**● અભ્યંતરદ્રવ્યસંયોજનાના ત્રણ પ્રકારો ●**

હવે અભ્યંતરદ્રવ્યસંયોજનાની વાત જણાવતાં કહે છે.

અભ્યંતરદ્રવ્યસંયોજના ત્રણ પ્રકારે છે (૧) પાત્રકસંબંધી (૨) કવલ = કોળીયાસંબંધી. (૩) મુખસંબંધી.

આ ત્રણે પ્રકારની સંયોજના વસતિમાં આવ્યાબાદ કરે છે માટે 'અભ્યંતર' કહેવાય છે.

(૧) ભોજન સમયે જે '**सुकुमारिकादि**' સુકુમારિકાદિ = રોટલીવિશેષ જે ખંડ = ખાણ્ડ આદિ સાથે રૂચે. તે સુકુમારિકાદિને તે જ ખણ્ડકાદિની સાથે એક જ પાત્રામાં રસની ગૃદ્ધિથી સંયોજીને સ્થાપે. આ પ્રથમપ્રકારની અભ્યંતર સંયોજના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सह कवलतया करोति तदा द्वितीया २। यदा तत्तथाभूतमेकं मुखे प्रक्षिप्यान्यत्तथाभूतं तदुपरि प्रक्षिपति तदा तृतीया ३। तदिह वसतेर्बहि द्रव्यसंयोजने बाह्या। वसतावागतेन रसनिमित्तं तस्मिन् क्रियमाणे अभ्यन्तरेति स्थितं।

### 卐 बहिरान्तरोपकरणसंयोजना, संयोजना कदाऽनुज्ञाता ? च 卐

पिण्डप्रस्तावादियं पिण्डविषया दर्शिता। इतरथोपकरणं गवेषयतः साधोश्चोलपट्टकावाप्तौ विभूषाप्रत्ययमन्तरकल्पं याचित्वा परिभुञ्जानस्य बहिरुपकरणसंयोजना। वसतौ चागत्य परिभुञ्जानस्यान्तरुपकरणसंयोजनेत्याद्यपि द्रष्टव्यमिति। इह च रसहेतोरिति विशेषेणेन कारणतः संयोजनाऽप्यनुज्ञातेत्यावेदयति, तथाहि-रोगिणः साधोर्यस्य वाऽऽहारेऽरुचिः स्यात्तस्य, तथा प्रधानाहारोचितराजपुत्रादेस्तथा साधूचितेन संयोगरहिताहारेण नाद्यापि सम्यग्भावितस्य शैक्षकादेर्वा इयमनुज्ञाता। एतेषां हि शालनकादि विना नैवाहारो रोचत इति गाथार्थः।।९४।।

**अवतरणिका**— उक्ता संयोजना, अथ प्रमाणातिक्रमदोषमभिधित्सुराह।

---

(२) જ્યારે, 'तथाभूत' = તે જ સુકુમારિકાદિને તે જ ખણ્ડકાદિની સાથે કોળીયા રૂપે કરે. આ બીજા પ્રકારની સંયોજના છે.

(૩) જ્યારે, તે સુકુમારિકાદિને મોઢામાં નાંખીને, તે ઉપર બીજું કાંઈક = તે પ્રકારનું જ ખણ્ડ વગેરે તેની ઉપર નાંખે. આ ત્રીજા પ્રકારની અભ્યંતર સંયોજના છે.

સાર આ થયો કે, વસતિની બહાર દ્રવ્યસંયોજનમાં બાહ્યદ્રવ્યસંયોજન કહેવાય છે. તથા, વસતિમાં આવીને રસમાટે તે સંયોજના કરાયે છતે અભ્યંતરસંયોજન કહેવાય છે.

### ● બહાર અને અન્દર ઉપકરણની સંયોજના, તથા સંયોજનાની અનુજ્ઞા ક્યારે ? ●

અહીં પિણ્ડનો પ્રસ્તાવ હોવાથી પિણ્ડસંબંધી સંયોજના બતાવી છે. પરન્તુ બીજા પ્રકારની સંયોજના પણ સંભવે છે. તે આ રીતે કે,

ઉપકરણની ગવેષણાકરતો સાધુ, ચોલપટ્ટાની પ્રાપ્તિમાં વિભૂષા = નીચે અને ઉપરનાં કપડાની સરખામણી = સમાનતા માટે બીજું કપડું માંગીને પહેરે = પરિભોગ કરે ત્યારે બાહ્યઉપકરણસંયોજના થાય છે. વસતિમાં આવીને પરિભોગ કરે. ત્યારે અભ્યંતરઉપકરણસંયોજના થાય છે. ઈત્યાદિ પણ અધ્યાહારથી સમજી લેવું.

અહીં મૂળગાથામાં જે 'रसहेतु' એવું વિશેષણ મૂક્યું, એનાથી આ અર્થ ફલિત થાય છે કે, કારણસર = રસગૃદ્ધિના અભાવે સંયોજના અનુજ્ઞાત પણ છે. તે આ રીતે કે,

રોગી સાધુને અથવા જે સાધુને આહાર ઉપર અરૂચી થઈ હોય એને તથા 'प्रधानाऽऽहार' = શ્રેષ્ઠ આહારને ઉચિત એવા રાજપુત્રાદિ સાધુને, તથા સાધુને ઉચિત એવા સંયોગરહિત આહારથી હજુ પણ સમ્યગ્રીતે ભાવિત ન થયેલ હોય એવા શૈક્ષકસાધુને, આ સંયોજના અનુજ્ઞાત છે. કારણ કે તેઓને શાલનકાદિ વિના આહાર રૂચતો જ નથી.।।૯૪।।

**અવતરણિકા** :- આ પ્રમાણે સંયોજનાની વાત કરી. હવે 'प्रमाण-अतिक्रम' દોષને કહેવાની ઈચ્છાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मूलगाथा– धिइबलसंजमजोगा, जेण ण हायंति संपइ पए वा।**
**तं आहारपमाणं जइस्स सेसं किलेसफलं।।९५।।**

संस्कृतछाया– धृति-बल-संयमयोगा येन न हीयन्ते संप्रति प्रगे वा।
तदाऽऽहारप्रमाणं यतेश्शेषं क्लेशफलम्।।९५।।

**卐 धृति-बल-संयमयोगा येन न हीयन्ते तत्प्रमाणभोजनं कर्तव्यम् 卐**

**व्याख्या**– धृतिश्च चेतसः स्वास्थ्यमुपलक्षणत्वाज्ज्ञानादिवृद्धिश्च। बलं च वैयावृत्त्यादिकरणक्षमं शरीरसामर्थ्यं। संयमयोगाश्च चारित्रसाधकाः प्रत्युपेक्षणाप्रमार्जनादयः साधुव्यापाराः, धृतिबलसंयमयोगास्ते येन यावन्मात्रेणाशनादिना उपभुक्तेन न हीयन्ते न हानिं यान्ति किन्त्वनवरतमुत्सर्प्पन्त एवेति तत्त्वं। कदा न हीयन्ते इत्याह सम्प्रति भोजनादूर्ध्वं तस्मिन्नेव दिने इत्यर्थः। यद्वा प्रगे प्राप्तद्वितीये आगामिदिने इत्यर्थः। वा विकल्पे। कोऽर्थो येनोपभुक्तेन न्यूनतया अधिकतया वा तदैव श्वो वा क्षुधाऽजीर्णादिव्यथाऽसद्भावान्न संयमज्ञानादिहानिर्भवतीति। तत्किमित्याह-तावन्मात्रं

કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **धिइबल** = ચિત્તનું સ્વાસ્થ અને શારીરિકબળ, **संजमजोगा** = સંયમનાં વ્યાપારો, **जेण** = જેટલો આહારકરવાવડે, **ण हायंति** = ઓછા ન થાય, **संपइ** = તે દિવસે, **पए वा** = અથવા બીજે દિવસે, **तं** = તેટલું, **आहारपमाणं** = આહારનું પ્રમાણ, **जइस्स** = સાધુનું, **सेसं** = તેથી વધારે, **किलेसफलं** = દોષવાળું.॥૯૫॥

**મૂળગાથા-ભાવાર્થ** :- જે આહારકરવાવડે સાધુના જ્ઞાનાભ્યાસમાં, વૈયાવૃત્ત્યાદિ કરવામાટે શારીરિક બળમાં અને પડિલેહણ-પ્રમાર્જના વગેરે સંયમના યોગોમાં તે દિવસે અથવા બીજા દિવસે આહાર કરતાં સુધીમાં હાનિ ન પહોંચે તે સાધુના આહારનું પ્રમાણ કહેવાય અને તેનાથી જે અધિક વાપરવામાં આવે તે ક્લેશફળવાળો અર્થાત્ પ્રમાણાતિરિક્ત દોષવાળો તે આહાર શરીરને પીડાકરનારો બને છે.॥૯૫॥

**• ધૃતિ, બળ, સંયમયોગો જેનાથી હાનિ ન પામે તેટલું પ્રમાણસર ભોજન કરવું •**

**વ્યાખ્યાર્થ** :- 'धिइ' = 'धृति' = ચિત્તની સ્વસ્થતા. ઉપલક્ષણથી જ્ઞાનાદિની વૃદ્ધિ જાણવી. 'बलं' = બળ = વૈયાવચ્ચવગેરે કરી શકે એવું શરીરનું સામર્થ્ય. 'संजमजोगा' = 'संयमयोगाः' = સંયમના યોગો. અર્થાત્ ચારિત્રનાં સાધક પડિલેહણ, પ્રમાર્જના વગેરે સાધુના વ્યાપારો = ક્રિયાઓ આ બધાનો દ્વન્દ્વસમાસ કરવાથી 'धृतिबलसंयमयोगाः' થાય છે. તે યોગો, 'जेण' = 'येन' = જેનાદ્વારા. એટલે કે જેટલા પ્રમાણમાં અશનાદિના ઉપભોગદ્વારા, 'णं हायंति' = 'न हीयन्ते' = હાનિ ન પામે. પરન્તુ 'अनवरत' = સતત ઊંચે જ ચઢે એમ અધ્યાહારથી લેવું. 'હાનિ ન પામે' એવું ક્યારે બને ? તે કહે છે, 'संपइ' = 'संप्रति' = ભોજન લીધાબાદ તે જ દિવસે. 'वा' = અથવા, 'पए' = 'प्रगे' = આગામીદિવસે = બીજાદિવસે, શું કહેવા માંગો છો ? તે કહે છે, ન્યૂન કે અધિકપ્રમાણના જેટલા આહારના ઉપભોગદ્વારા તે જ દિવસે કે બીજાદિવસે ભૂખ લાગે, અજીર્ણ થાય આદિ વ્યથા ન થવા દ્વારા સંયમ, જ્ઞાન વગેરેની હાનિ ન થાય. તેને શું કહેવાય ? તે કહે છે, 'आहारपमाणं' = 'आहारप्रमाणं'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संयमधृत्याद्युत्सर्पणकारिणि आहारे, आहारस्य भक्तपानरूपस्य भोजनस्य, प्रमाणं मानं यतेः साधोरुपलक्षणत्वात्साध्व्याश्च ज्ञेयमिति शेषः।

### 卐 पुरुष-महिला-नपुंसकाहारप्रमाणम् 卐

तच्च किल द्वात्रिंशत्कवलरूपमेक(व?)तृप्तिकारकतया एकस्मिन् दिने पुरुषं प्रति द्रष्टव्यं। मध्यमप्रमाणमेतत्। तस्माच्च द्वात्रिंशत्कवलप्रमाणादेकेन कवलेन द्व्यादिभिर्वा हीयमानं तावत् मध्यमं यावदष्टौ, अष्टौ कवलास्तु जघन्यमिति। उत्कृष्टतस्तु बहवोऽपि कवला भवन्तीति। अष्टाविंशतिः कवला महिलाया आहारमानं। नपुंसकस्य तु ते चतुर्विंशतिः स्युः। परं तस्य प्रायोऽप्रव्राजनीयत्वाद्, 'बत्तीसं किर कवला आहारो कुच्छिपूरओ भणिओ। पुरिसस्स महिलियाए अट्ठावीसं भवे कवला'।।१।। इत्यस्यां गाथायामाहारमानं तं प्रति नोक्तं।

### 卐 कवलमानं किं ? द्रव्यकुक्कुटी भावकुक्कुटी स्वरूपम् 卐

अथ कवलानां किं प्रमाणम् ? उच्यते, कुक्कुट्यण्डमात्राः कवला भवन्तीति। तत्र कुक्कुटी द्विविधा द्रव्यकुक्कुटी, भावकुक्कुटी च। तत्र साधोः शरीरं द्रव्यकुक्कुटी तस्य मुखमण्डकं, तत्रा-

---

= સંયમ ધૃતિ આદિને ઉંચે ચઢાવનારો તેટલા પ્રમાણનો ખોરાક = ભક્તપાનરૂપ ભોજનનું પ્રમાણ, 'जईस्स' = 'यतेः' = સાધુનું જાણવું. ઉપલક્ષણથી સાધ્વીજીઓનું પણ જાણવું.

### • પુરુષ, મહિલા અને નપુંસકનું આહારપ્રમાણ •

હવે આહારના પ્રમાણવિશે વિસ્તૃતમાહિતી આપતાં ટીકાકાર કહે છે.

એક પુરુષનું એક દિવસ તૃપ્તિને કરનાર આહારનું પ્રમાણ બત્રીશ (૩૨) કોળીયા છે. આ મધ્યમ પ્રમાણ જાણવું. એટલે કે ૩૨ કોળીયાથી એક-બે વગેરેથી હીન કરતાં કરતાં નવ કોળીયા સુધીનો આહાર તે મધ્યમપ્રમાણ છે. ૧ થી ૮ કોળીયાનો આહાર એ જઘન્યપ્રમાણ છે. ઉત્કૃષ્ટ તો ઘણાં કોળીયા થાય છે. અર્થાત્ ૩૨ કોળીયાથી ઉપર ઉત્કૃષ્ટપ્રમાણ કહેવાય છે.

મહિલાના આહારનું પ્રમાણ ૨૮ કોળીયા છે. અને નપુંસકનું પ્રમાણ ૨૪ કોળીયા છે. જોકે નપુંસકોની પ્રવ્રજ્યા લગભગ નથી હોતી એટલે શાસ્ત્રોમાં આ કહેવાતા શ્લોક પ્રમાણે માત્ર પુરુષ અને મહિલાના આહારનાં પ્રમાણની વાત બતાવવામાં આવી છે.

बत्तीसं किर कवला आहारो कुच्छिपूरओ भणिओ। पुरिसस्स महिलियाए अट्ठावीसं भवे कवला।।

**અર્થ** :- કુક્ષિને પૂરક પુરુષનો આહાર ૩૨ કોળીયા કહેવાયો છે. તેમજ મહિલાનો ૨૮ કોળીયા કહેવાયો છે. આમ, આ ગાથામાં નપુંસકની વાત કહેવાઈ નથી.

### • કોળીયાનું પ્રમાણ અને દ્રવ્યકુકડી અને ભાવકુકડીનું સ્વરૂપ •

હવે કોળીયાનું પ્રમાણ શું ? તે કહે છે, કૂકડીના ઈંડાના માપનો કોળીયો બને છે. તેમાં કૂકડી બે પ્રકારની છે (૧) દ્રવ્યકૂકડી. (૨) ભાવકૂકડી.

(૧) **દ્રવ્યકૂકડી** - આના પણ ૨ પ્રકારો પડે છે. (A) સાધુનું શરીર દ્રવ્યકૂકડી. સાધુનું મુખતે ઈંડુ. એટલે કે ઉઘાડેલા મોઢામાં કોળીયો મૂકતાં મોઢું, આંખ, કપાલ, હોઠ, ભ્રમર વિકૃત ન થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ऽविष्कृते मुखेऽक्षिकपालौष्ठभ्रूभिरविकृताभिर्यः प्रविशति तत्प्रमाणं कवलस्य। अथवा कुक्कुटी तस्या अण्डकं तत्प्रमाणः कवलो ग्राह्यः। (ग्रं.४०००) भावकुक्कुटी पुनर्यावन्मात्रेणाहारेण भुक्तेन नातिन्यूनं नात्याध्मातं चोदरं भवति, धृतिज्ञानादिवृद्धिश्च भवति, अस्याहारस्य द्वात्रिंशोभागोऽण्डकं तत्प्रमाणं कवलस्य। तथा द्वात्रिंशत्कवलादिकं पुरुषाद्याश्रित्य कवलाहारस्यैव मानमिदं।

**卐 उदरमाश्रित्य कालापेक्षया भागतो भक्तपानप्रमाणम् 卐**

सपानस्य च तस्योदरमाश्रित्य कालापेक्षया भागतः प्रमाणं वक्तव्यं। तत्र कालस्त्रिधा शीत उष्णः साधारणश्च। तदिह यत्र काले शीतमधिकं स शीतः। यत्र घर्मोऽधिकः स उष्णः, यत्र द्वयोः साम्यं स साधारणः कालः। तथा सर्वमपि भोजकोदरविवरं षड्भिर्भागैः कल्प्यते। ततश्च साधारणकाले भक्तपानयोरभ्यवहारे इदं प्रमाणं यथा-उदरभागत्रयं तक्रादिव्यञ्जनयुक्तेनाशनेन पूरयेत्, द्वौ च भागौ काञ्जिकपानकेनेति। षष्ठश्चांशो न्यूनो धरणीय इतश्चेतश्च वायोः सञ्चरणायान्यथा हि वातः पीडां कुर्यादिति पञ्चैव भागाः सदोपयोगिनः। तदुक्तं-

---

અને મોઢામાં પ્રવેશી જાય. તે કવલ = કોળીયાનું પ્રમાણ જાણવું. અથવા, (B) કૂકડીનુંઈંડુ, તે પ્રમાણવાળો કોળીયો લેવો.

(૨) **ભાવકૂકડી** - જેટલા પ્રમાણનો આહાર લીધા પછી પેટ અતિખાલી ન રહે કે અતિભરેલું ન રહે અને ધૃતિ, જ્ઞાનવગેરેની વૃદ્ધિ થાય. તેટલા પ્રમાણવાળા આહારના બત્રીસમા ભાગને 'अण्डक' કહેવાય છે. તેટલા પ્રમાણવાળો એક કોળીયો બને છે.

**• પેટને આશ્રયીને કાળની અપેક્ષાએ ભાગ પાડીને ભોજન અને પાણીનું પ્રમાણ •**

પુરુષ વગેરને આશ્રયીને બત્રીશ કવલ વગેરેનું માન તો પાણી વિના માત્ર કવલાહારનું છે. પાણી સાથે તો કાળની અપેક્ષાએ અલગ અલગ વિભાગથી તે કવલનું પ્રમાણ જાણવું. તે આ રીતે કે, કાળના ત્રણ પ્રકારો છે. (૧) શીત (૨) ઉષ્ણ -(૩) સાધારણ.

(૧) જે કાળે ઠંડી ઘણી હોય તે શીતકાળ (૨) જે કાળે ઘામ-બફારો અધિક હોય તે ઉષ્ણકાળ અને (૩) જેમાં ઠંડી-ગરમી બન્ને સમાન હોય તે સાધારણકાળ છે.

'भोजक' = ભોજનને પચાવનાર ઉદર = પેટના બધાં જ વિવર = પોલાણના ૬ ભાગો કલ્પવા. તેમાં, સાધારણકાળે ભક્ત અને પાનને વાપરવાનું પ્રમાણ આ પ્રમાણે જાણવું. પેટના ત્રણ ભાગોને તક્ર વગેરે. વ્યંજનથી યુક્ત કૂરાદિ અશનથી પૂરવા અને બે ભાગો કાંજીકા પાનથી = કાંજીનું પાણી, શુદ્ધપાણીવગેરે પ્રવાહીથી ભરવા તથા ૬ ઠ્ઠો ભાગ ખાલી રાખવો જેથી વાયુ આમથી તેમ ફરી શકે. જો એમ. ન કરવામાં આવે તો વાયુ પીડા કરે. તેથી પેટમાટે પાંચજ ભાગ સદા ઉપયોગી બને છે. કહેવાયું છે કે,

अद्धमसणस्स सवंजणस्स कुज्जा, दव्वस्स दो भाए। वाउवियारणट्ठा छब्भायं उणयं कुज्जा।।

**अर्थ** :- પેટના કલ્પેલા ૬ ભાગમાંથી ૩ ભાગ વ્યંજનયુક્ત આહારથી ભરવા. બે ભાગ કાંજીકાદિ દ્રવથી = પ્રવાહીથી ભરવા અને વાયુના પ્રવિચાર માટે ૬ઠ્ઠો ભાગ ખાલી રાખવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'अद्धमसणस्स सवंजणस्स कुज्जा, दव्वस्स दो भाए। वाउपवियारणट्ठा छब्भायं ऊणयं कुज्जा'।।१।। इति। तथा शीते पानस्येकः, भक्तस्य चत्वारो भागा इति पञ्च। उष्णे त्रयः पानस्य, भक्तस्य द्वाविति पञ्च। इह बुभुक्षावृद्ध्या भक्तभागवृद्धिः, पिपासाहान्या तु जलहानिरित्यादि भावनीयं।

**卐 उक्ताऽऽहारप्रमाणादन्यत् क्लेशफलं, विरुद्धद्रव्याऽऽहारोऽपि क्लेशफलं च 卐**

तदिदमाहारप्रमाणमेतद्व्यतिरिक्ते च प्रमाणदोषोऽत एव आह-शेषं संयमादिनिर्वाहहेतोः स्वदेहानुगुणादाहारमानादन्यत् न्यूनमधिकं वा प्रकामातिबहुकादिवक्ष्यमाणदोषयुक्तं वाहार्यमाणमशनादि, किमित्याह, क्लेशः शरीरपीडा स एव फलं प्रयोजनं यस्य तत्क्लेशफलमक्षुधाऽजीर्णादिजनकतया शरीरव्यथोत्पादकमित्यर्थः। एतेन ज्ञानादिवृद्धिजनकादन्यत्प्रमाणदोषदुष्टं ज्ञेयमित्युक्तं भवति।

**卐 प्रकामादि षट् प्रमाणदोषाः 卐**

ते च प्रमाणदोषभेदाः षड् भवन्ति। यथा प्रकामं, निकामं, प्रणीतं, अतिबहुकं, अतिबहुशः, अतिप्रमाणमतृप्यमानं वेति। तत्र त्रयस्त्रिंशदादिभिः कवलैः भोजनमेकस्मिन्नेव दिने कृतं प्रकाममि-

---

શીતકાળમાં પાનથી એકભાગ ભરવો. ચારભાગ આહારથી ભરવા અને ૧ભાગ વાયુના સંચારમાટે ખાલી રાખવો. આ વાત બધેજ સમજી લેવી.

ઉષ્ણકાળમાં ૩ ભાગ પાણીથી ભરવા ૨ ભાગ આહારથી ભરવા. અહીં આહારપાણીના વિષયમાં ભૂખની વૃદ્ધિમાં આહારની વૃદ્ધિ અને તરસની હાનિમાં પાણીની હાનિ કરવી વગેરે સમજી લેવું.

**● ઉપરોક્ત આહારપ્રમાણ સિવાયનું પ્રમાણ ક્લેશફળ છે અને વિરુદ્ધ દ્રવ્યનો આહાર પણ ક્લેશફળ છે. ●**

ઉપર બતાવ્યા પ્રમાણે આહારનું પ્રમાણ છે. આનાથી વ્યતિરિક્ત = ન્યૂન કે અધિક આહાર લેવામાં પ્રમાણદોષ છે. એટલે જ કહે છે કે, 'सेसं' = 'शेषं' = સંયમાદિના નિર્વાહનાં કારણભૂત, પોતાના દેહને ગુણકારી એવા આહારના માનથી જુદો. એટલે કે ન્યૂન કે અધિક આહાર. અથવા પ્રકામ કે અતિબહુ વગેરે દોષયુક્ત આહારાદિ. પ્રકામ - અતિબહુક વગેરેનું સ્વરૂપ હવે આગળ કહેવામાં આવશે, તે દોષયુક્ત આહાર શેનું કારણ બને છે ? તે કહે છે, 'किलेसफलं' = 'क्लेशफलं' = ક્લેશ એટલે કે શરીરપીડા એ છે ફળ = પ્રયોજન જેનું એ ક્લેશફળ કહેવાય છે. અર્થાત્ એ ક્લેશ ફળનું કારણ બને છે. કારણ કે, દોષયુક્ત આહાર, એ અક્ષુધા - અજીર્ણાદિને ઉત્પન્ન કરવા દ્વારા શરીરવ્યથાને ઉત્પન્ન કરે છે. (કહ્યું છે કે, અતિરિક્ત આહાર પીડા ઉપજાવે છે અને તે વમન અને ઝાડાનું કારણ બને છે.)

આ બધાનો ભાવાર્થ આ થયો કે, જ્ઞાનાદિવૃદ્ધિને ઉત્પન્નકરનારથી જુદું જે પણ છે તે પ્રમાણદોષથી દુષ્ટ જાણવું. તે પ્રમાણ દોષના ૬ ભેદો છે.

**● પ્રકામ વગેરે ૬ પ્રમાણ દોષો ●**

(૧) प्रकामं (૨) निकामं (૩) प्रणीतं (૪) अतिबहुकं (૫) अतिबहुशः અને (૬) अतिप्रमाणं. જેનું બીજું નામ 'अतृप्यमानं' છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

त्युच्यते। तच्च केवलप्रकामत्वेनैतैरगलत्स्नेहबिन्दुभिर्ज्ञेयम्। यदि तु गलत्स्नेहबिन्दुभिः स्यात्तदा प्रकामः प्रणीतश्च दोषौ स्यातामेवं शेषदोष(षेषु)दोषसङ्करत्वमपि भावनीयं १। तथा प्रकामभोजनमेव द्व्यादिदिनेषु क्रियमाणं निकाममुच्यते २। उत्पाट्यमानकवलेभ्यो गलद्घृतादिकं भोजनं प्रणीतमुच्यते ३। एकस्मिन् दिने न्यूनोदरतारहितत्वेन परिपूर्णभोजनं बहुकमुच्यते तद्बहुकमतिक्रान्तमतिशयेन स्वप्रमाणाधिकं यदशनादिकं वारद्वयं भुङ्क्ते तदतिबहुकमिति ४। तिस्रो वारा यदशनादिकं भुङ्क्ते तदतिबहुश उच्यते ५। तिसृभ्यो वाराभ्यः परतश्चतस्रादिवारा अतिलौल्यात्तृप्तिममन्यमानः साधुर्यदशनादिकं भुङ्क्ते तदतिप्रमाणमतृप्यमानं वोच्यते ६। तदिदं प्रमाणदोषदुष्टं षड्विधमप्याहारं साधुर्न भुञ्जीत। तथा विरुद्धद्रव्याहारोऽपि देहसंयमक्षतिकारित्वेन क्लेशफल एव ज्ञेयोऽतः सोऽपि न भोक्तव्यो यथा दधितैलयोः क्षीरतैलयोर्वा संयोगः कुष्ठविकारकारी, समभागयोश्च तैलघृतयोर्मिलितयोः संयोगः कियताऽपि कालेन विषत्वभाजी भवेच्चेति गाथार्थः।।९५।।

(१) 'प्रकामं' = બત્રીશકોળીયાથી વધારે. એટલે કે તેત્રીશ વગેરે કોળીયાનું ભોજન એકજ દિવસમાં કરે તો એ પ્રકામ કહેવાય છે. અહીં આટલું ધ્યાન રહે કે જે આહારાદિમાંથી સ્નેહ = ઘી વગેરે ચીકણાં પદાર્થોના બિન્દુઓ ટપકતાં ન હોય. એવા કોળીયાઓમાં પ્રકામપણું જાણવું. જો એજ પ્રકામઆહારમાં સ્નેહના બિન્દુઓ ટપકતાં હોય = ઘી વગેરેથી લથપથ હોય તો એમાં પ્રકામ અને પ્રણીત બન્ને દોષો સંભવે છે. આ જ પ્રમાણે છએ છ દોષોમાં દોષોનું સંકરપણું જાણવું.

(२) 'निकामं' = પ્રકામ ભોજન જ જો એકથી વધુ દિવસો કરવામાં આવે. અર્થાત્ બીજા-ત્રીજા વગેરે દિવસોમાં કરવામાં આવે તો એને નિકામ કહેવાય છે.

(૩) 'प्रणीतं' = કોળીયારૂપે ઉપાડવામાં આવતાં આહારાદિમાંથી જો ઘી વગેરે ગળતું હોય = ટપકતું હોય તો એ ભોજન પ્રણીત = લથપથતું કહેવાય છે.

(४) 'अतिबहुकं' = એક દિવસે ન્યૂનોદરતાવિના = ઉણોદરીવિના પેટ ભરીને પરિપૂર્ણભોજન વાપરે એ 'बहुकम्' કહેવાય છે. તે બહુકમ્‌ને ઓળંઘીને અતિશય. એટલે કે પોતાના પેટ માટે પર્યાપ્ત આહારના પ્રમાણ કરતાં વધારે અશનાદિ જે બેવાર વાપરે. તે અતિબહુકમ્ કહેવાય છે.

(५) 'अतिबहुशः' = ત્રીજીવાર જે અતિબહુકમ્ અશનાદિ વાપરે તે.

(६) 'अतिप्रमाणं' = 'अतृप्यमानं' = અતિલોલુપતાથી ત્રણવારથી વધારે ચોથીવગેરેવાર અતિ બહુકમ્ વાપરે.

આ પ્રમાણદોષથી દુષ્ટ છ એ પ્રકારના આહાર સાધુ વાપરે નહિ. તથા,

દેહ અને સંયમનો ક્ષયકરનાર એવા વિરુદ્ધદ્રવ્યનો આહાર પણ ક્લેશફળ જ છે. માટે તેવા ભોજન પણ ન કરવા. વિરુદ્ધદ્રવ્ય કોને કહેવાય ? તે જણાવતાં કહે છે.

જેમકે દહીંનો તેલસાથે સંયોગ અથવા ક્ષીરનો તેલસાથેનો સંયોગ એ કુષ્ટવિકારને કરનાર છે.

તેમજ, સમાનભાગે મેળવેલ ઘી અને તેલનો સંયોગ એ કેટલાંક કાળ પછી વિષને કરે છે. આ પ્રમાણે ૯૫મી ગાથાની વ્યાખ્યા કરી.॥૯૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अवतरणिका**— शेषं क्लेशफलमिति प्रागुक्तं ततश्च कुतः पुनः शेषं क्लेशफलमित्याह।

**मूलगाथा— जेणइबहु अइबहुसो, अइप्पमाणेण भोयणं भुत्तं।**
**हादेज्ज व वामेज्ज व, मारेज्ज व तं अजीरंतं।।९६।।**

संस्कृतछाया— येनाऽतिबह्वाऽतिबहुशोऽतिप्रमाणेन भोजनं भुक्तम्।
हदयेद्वा वमयेद्वा मारयेद्वा तमजीर्यत्।।९६।।

**卐 अतिबह्वादिभोजनं किं कुर्यात् ? पुरीषाधिक्यमादि कारयेत् 卐**

**व्याख्या**- येन कारणेन 'अतिबहु' अतिबहुकाख्यं वारद्वयमित्यर्थस्तथा 'अतिबहुसो' अतिबहुशोऽभिधं वारत्रयमित्यर्थः। अतिप्रमाणेन वारत्रयोल्लङ्घनेन करणभूतेन अतृप्यमानेन वा तृप्तिममन्यमानेन साधुना कर्त्रा भोजनमशनादिकं भुक्तमभ्यवहृतं। किं कुर्यात् इत्याह। हदयेद्वा पुरीषाधिक्यं कारयेत्, वमयेद्वा छर्दि कारयेत्, मारयेद्वा प्राणत्यागं कारयेत्। वाशब्दाः स्वस्थाने विकल्पार्थाः। तदतिबहुकादिभोजनं कीदृशं सदित्याह-अजीर्यदपरिणमत्। इह च सूत्रकृता दोषदर्शनद्वारेणातिबहुकादित्रयस्य

---

**અવતરણિકા** :- હવે જે કહેવામાં આવ્યું કે 'શેષ ક્લેશફળ છે' તે શી રીતે બને છે ? તે જણાવતા કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **जेण** = જે કારણથી, **अइबहु** = બેવાર, **अइबहुसो** = ત્રણવાર, **अइप्पमाणेण** = ત્રણવારથી વધારે, **भोयणं** = આહાર, **भुत्तं** = વાપરેલો, **हादेज्जव** = અધિકસ્થંડિલ કરાવે, **वामेज्जव** = અથવા ઉલ્ટીકરાવે, **मारेज्जव** = અથવા પ્રાણનો ત્યાગ કરાવે, **तं** = તે અધિકઆહાર, **अजीरंतं** = પાચન નહિથતો.।।૯૬।।

**મૂળગાથા-ભાવાર્થ** :- બે વખત, ત્રણ વખત અને તેથી વધુ વખત કરાયેલો આહાર પાચન નહિ થવાના યોગે તેવા આહારકરનારને અધિકસ્થંડિલ કરાવે અથવા ઉલ્ટી કરાવે અથવા તેના પ્રાણનો પણ ત્યાગ કરાવે છે.।।૯૬।।

## • અતિબહુવગેરે ભોજન શું કરે ? ઝાડા-ઉલ્ટી વગેરે કરાવે •

**વ્યાખ્યાર્થ** :- 'जेण' = 'येन कारणेन' = જે લોલુપતાઆદિ કારણસર, 'अइबहु' = 'अतिबहु' = બેવાર લેવામાં આવતાં અતિબહુકમ્ નામનાં આહારથી 'अइबहुसो' = 'अतिबहुशः' = ત્રણવાર લેવામાં આવતો અતિબહુકમ્ નામનાં આહારથી તથા, 'अइप्पमाणेण' = 'अतिप्रमाणेन' = ત્રણવારને ઓળંઘીને લેવામાં આવતા અતિપ્રમાણમ્ નામક આહારથી, બધામાં તૃતીયવિભક્તિ કરણ રૂપે લેવામાં આવી છે. અથવા તો અતિપ્રમાણમ્ જેનું બીજું નામ 'અતૃપ્યમાન' છે. તેની વ્યાખ્યા બતાવતાં કહે છે. તૃપ્તિને ન માનતા એવા સાધુથી જે અશનાદિ 'भोयणं भुत्तं' = 'भोजनम् भुक्तम्' = ભોજન વાપરવામાં આવ્યું. ઉપરોક્ત વાપરવામાં આવેલ અતિબહુકમ્ વગેરે આહાર શું કરે ? તે કહે છે, 'हादेज्ज व' = 'हृदयेद्वा' = ઝાડા કરાવે, 'वामेज्ज व' = 'वमयेद्वा' = ઉલ્ટી કરાવે, 'मारेज्जव' = 'मारयेद्वा' = પ્રાણત્યાગ કરાવે. મૂળગાથામાં 'वा' શબ્દો સ્વસ્થાને છે અને વિકલ્પને સૂચવનાર છે. 'तं' =

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दर्शनेन प्रकामादिदोषत्रयमप्युपलक्षितं द्रष्टव्यं। केवलं प्रकामादित्रयाभणनेन यदतिबहुकादित्रयस्योपादानं तदस्यात्मविराधनादिजनकत्त्वेनातिपरिहारताख्यापनार्थं।

卐 **प्रमाणाऽतिरिक्तभोजने दोषाः, प्रमाणोपेतभोजने गुणाश्च** 卐

तत्रांत्मविराधना मरणादेः, संयमविराधना तु तापनार्थं तेजस्कायादिविराधनातः, प्रवचनविराधना तु औदरिका एते इत्यादि जनापवादात्। उपलक्षणत्वादेतदनुसारतः प्रकामादिभोजनत्रयेऽप्येतेऽन्ये च ब्रह्मचर्यविराधनादयो दोषा वाच्याः। तस्माद्गुणकारित्वात् प्रमाणोपेतमेव भोक्तव्यं। किं च ये नरा अपथ्यपरिहारिणः, द्वात्रिंशत्कवलभोजिनो वा, द्वात्रिंशतः स्तोकतरभोजिनो वा स्युस्तेऽपरवैद्यचिकित्स्या न स्युः किन्तु ते स्वत एवोक्ताहारनिषेवणादात्मनो वैद्यकल्पा इति प्रमाणयुक्तभोजने विशेषगुणस्ततो

---

'तम्' = તે અતિબહુકાદિ ભોજન કેવું હોય ત્યારે ઝાડા વગેરે કરાવે ? તે કહે છે, 'अजीरंतं' = 'अजीर्यत्' = અજીર્ણ થતું. પરિણમન ન પામતું અર્થાત્ નહિંપચતું ભોજન.

અહીં, મૂળકારશ્રીએ દોષદર્શન કરાવવાદ્વારા અર્થાત્ અતિબહુકાદિ ત્રણદોષના દર્શન કરાવવા દ્વારા પ્રકામાદિ બાકીના ત્રણેય દોષની વાત ઉપલક્ષણથી કરી દીધી છે એમ સમજી લેવું. પ્રકામાદિ ત્રણ દોષોનો ઉલ્લેખ કર્યાવિના માત્ર જે અતિબહુકાદિ ત્રણદોષોને લીધા છે તેનું કારણ આ છે કે અતિબહુકાદિ ત્રણદોષો એ આત્મવિરાધના વગેરે ઉત્પન્નકરનાર હોવાથી એનો અત્યંતપરિહાર = ત્યાગ કરવો એમ બતાવ્યું છે.

**● પ્રમાણથી વધારે ભોજનમાં દોષો અને પ્રમાણસર ભોજનમાં ગુણો ●**

આંત્મવિરાધનાઆદિની સંભાવના જણાવતાં કહે છે કે, અજીર્ણ પામતાં આહારાદિથી મરણ વગેરે થાય એ આત્મવિરાધના. અજીર્ણથી શરીર અત્યંતઠંડુ પડી જાય વગેરે કારણે શરીરમાં પ્રાણનો સંચાર કરવા તાપણાં વગેરે કરાય કે જેમાં તેજસ્કાયાદિની વિરાધના થાય. એ સંયમવિરાધના.

[અહીં પ્રાસંગિક થોડી વાત જાણવી કે પૂર્વકાળમાં જ્યારે છાતી અચાનક અટકી જાય. કે શરીર એકદમઠંડુ પડી જાય ત્યારે ચારેબાજુ મોટા તાપણાં કરવામાં આવતાં કે જેથી ગરમીના લીધે છાતી પાછી ધડકતી થઈ જાય. અથવા શરીરમાં ગરમી પેદા થતાં શરીરમાં પ્રાણનો સંચાર ચાલુ થઈ જાય. વર્તમાનમાં પણ તીવ્રહૃદયરોગના હુમલાદિમાં ડૉક્ટરો કરન્ટના શોક આપે છે. જેથી છાતીનો ધબકાર ચાલુ થઈ જાય. એ કરંટ એટલે એક જાતનું તાપણું જ છે ને ? અસ્તુ.]

તથા, "આ લોકો ખાઉધરા છે" એ પ્રમાણે લોકોમાં અપવાદ થાય. એરીતે પ્રવચનવિરાધના થાય.

અતિબહુકાદિઆહારમાં જેમ આત્મવિરાધનાદિ ત્રણ દોષો બતાવ્યા. એજ રીતે ઉપલક્ષણથી પ્રકામાદિ ભોજનમાં પણ આ ત્રણેય અને બીજા પણ બ્રહ્મચર્યવિરાધનાઆદિ દોષો જાણવા.

ઉપરોક્તદોષોથી બચવામાટે પ્રમાણસર જ ભોજન લેવું જોઈએ. કારણ કે, તે ગુણકારી છે.

વળી જે લોકો અપથ્યને છોડનારા હોય છે. ૩૨કોળીયા કે તેથી પણ ઓછું વાપરનારા હોય છે. તેઓને બીજા ત્રીજા વૈદ્ય પાસે ચિકિત્સા કરાવવાની જરૂર નથી પડતી. કારણ કે ઉપરોક્ત પ્રમાણસર ભોજન લેનારા તેઓ જાતે જ વૈદ્ય જેવા છે. આમ, પ્રમાણયુક્ત ભોજન કરવામાં વિશેષ ગુણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ज्ञानादिवृद्धिरिति गाथार्थः।।९६।।

**अवतरणिका–** उक्तः प्रमाणदोषः, साम्प्रतमङ्गारधूमाख्यं दोषद्वयं युगपद्व्याख्यातुमाह।

**मूलगाथा– अंगारसधूमोवम, चरणिंधणकरण भावओ जमिह।**
**रत्तो दुट्ठो भुंजइ, तं अंगारं च धूमं च।।९७।।**

**संस्कृतछाया–** अङ्गारसधूमोपमचरणेन्धनकरणभावतो यदिह।
रक्तो द्विष्टो भुंक्ते, तदङ्गारं च धूमं च।।९७।।

**卐 अङ्गार-सधूमौपम्यं चरणेन्धनस्य 卐**

**व्याख्या–** इह काष्ठादिकमिन्धनम्, अग्निदग्धं निर्धूमं ज्वलदग्निरूपमङ्गार इत्यभिधीयते। तथा सह धूमेन सधूमं, तदेवेन्धनमङ्गारभावमप्राप्तं दाहक्रियामनुभवद्यावदर्द्धदग्धं तावद्धूमसद्भावात्सधूम-मुच्यते। ततोऽङ्गारश्च सधूमं च अङ्गारसधूमं द्रव्येन्धनं तेन उपमा औपम्यं सादृश्यं यस्य तच्चरणेन्धनं च। तत्र चरणं चारित्रं तदेवेन्धनं बालनं दाह्यत्वाच्चरणेन्धनं, तस्य करणं विधानं, तस्य भावः सद्भावस्तस्माच्चारित्रेन्धनस्याङ्गारसधूमसदृशकरणतयेत्यर्थः। अयमर्थो यथाहि द्रव्येन्धने,

---

તેનાથી જ્ઞાનાદિની વૃદ્ધિ થાય છે.II૯૬II

**અવતરણિકા** :- આ પ્રમાણે 'પ્રમાણદોષ' કહ્યો. હવે અંગાર અને ધૂમ નામના બન્ને દોષોની એક સાથે વ્યાખ્યા કરવાની ઈચ્છાથી કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **अंगार** = ધૂમાડા વગરનો બળતો અંગારો, **सधूम** = ધૂમાડાવાળું અડધું બળતું લાકડું, **उवम** = સરખો, **चरणिंधणकरण** = ચારિત્રને બાળવાના, **भावओ** = સ્વભાવથી, **जं** = જે અશનાદિ, **इह** = આ ગ્રાસૈષણાના દોષમાં, **तं** = તે અશનાદિ, **रत्तो** = રાગવાન, **दुट्ठो** = દ્વેષવાન, **भुंजइ** = વાપરે, **अंगारं** = અંગારદોષવાળું, **च** = અને, **धूमं** = ધૂમદોષવાળું, **च** = અને.II૯૭II

**મૂળગાથા-ભાવાર્થ** :- જેમ લાકડાને અગ્નિ સર્વથા બાળીને ધૂમાડા વગરના અંગાર જેવો બનાવે છે અને અડધું બાળીને ધૂમાડાવાળું બનાવે છે તેવી રીતે જે સાધુ આહાર વાપરતી વખતે પ્રશંસાપૂર્વક વાપરે તે પોતાના ચારિત્રને સર્વથા બાળીને અંગારા જેવું બનાવે છે અને જે સાધુ વિરસઆહારની નિંદા કરીને વાપરે તે પોતાના ચારિત્રને અડધા બળેલા ધૂમાડાવાળા લાકડા જેવું મલિન બનાવે છે.II૯૭II

**● અંગાર અને ધૂમાડાની ઉપમા ચારિત્રરૂપી ઈન્ધન સાથે ●**

**વ્યાખ્યાર્થ** :- 'अङ्गारः' = અહીં કાષ્ટાદિને ઈન્ધન કહેવાય છે. અગ્નિથી બળેલા, ધૂમાડા વિનાના બળતાઅગ્નિ = સળગતાં કોલસાસ્વરૂપ કાષ્ટાદિને અંગાર કહેવાય છે. તથા, 'सधूमः' = ધૂમાડા સાથે હોય તે સધૂમ, સધૂમ એવું ઈન્ધન કે જે અંગારભાવને પામ્યું ન હોય. અર્થાત્ દાહક્રિયાને અનુભવતું ઈન્ધન જ્યારે અડધું બળી જાય છે. ત્યારે તેમાં ધૂમાડાનો સદ્ભાવ હોવાથી તે ઈન્ધન સધૂમ કહેવાય છે.

ધૂમાડા સાથેનો અંગાર તે દ્રવ્યઈન્ધન, એની સાથે ઉપમા = સદશતા જેની કરાઈ છે તે '**चरणेन्धन**' કહેવાય છે, '**चरणेन्धन**'ની વ્યાખ્યા કરતા કહે છે કે, '**चरणं**' એટલે કે ચારિત્ર. તે ચારિત્રજ ઈન્ધન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दाह्यं दाहकस्तत्साध्यं कार्यं चेति त्रितयं भवति। तथा भावेन्धनेऽपि दाह्यं दाहकस्तज्जन्यं कार्यं च वाच्यं, तत्र द्रव्येन्धने काष्टादिबालनं दाह्यं दाहकोऽग्निस्तत्साध्यं च धू(मा)यमानताऽङ्गारतालक्षणं, भावेन्धने चारित्राख्यं दाह्यं, रागद्वेषपरिणामश्च साधोरशनादिगोचरोऽग्निर्दाहकः, तत्साध्यं च कार्यं धूमायमानतारूपं रूक्षोऽयमाहार इत्यादिवचनोच्चारणेन तस्यैव मलिनत्वकरणं अङ्गारताकरणरूपं च। मिष्टोऽयमाहार इत्यादिवचनोच्चारणेन सर्व्वथा निर्दग्धत्वेन तस्यैवासारताकरणं मोक्षकार्यं प्रति। यथाह्यङ्गारैः काष्ठादिकार्यं न सिध्यति। तथा तेन चारित्रेण कृतदुःखमोक्षो मोक्षो न शीघ्रं लभ्यत इत्येवं च चरणेन्धनस्य द्रव्येन्धनौपम्यम्। ततश्च यत्प्रासुकमेषणीयमप्यशनादि, 'इह' तु स्थाप्यं, रक्तो मिष्टमेतदिति तत्प्रशंसया रागवान् सन्, द्विष्टो रूक्षमेतदित्यादिदोषग्रहणतो द्वेषमान् भुङ्क्ते अभ्यवहरति तदशनादि, यथाक्रमं भवति।

---

બને છે. કારણ કે એમાં બળવાપણું રહેલું છે..એ બળવાપણાનું જે કરવું, તે '**चरणिंधणकरण**' કહેવાય છે. '**चरणिंधणकरणभावओ**' = '**चरणेन्धनकरणभावः**' = ચારિત્રરૂપી ઈન્ધનને અંગાર કે સધૂમ સમાન કરવાપણું.

અહીં ભાવાર્થ આ છે કે જેમ દ્રવ્યઈન્ધનમાં દાહ્યપણું = બળવાપણું, દાહક = બાળવાપણું અને તેનાથી સાધ્યકાર્ય ધૂમ-દાહ-પાચનવગેરે આ ત્રણેય હોય છે.. તે જ પ્રમાણે ભાવઈન્ધનમાં પણ દાહ્ય, દાહક અને તેનાથી ઉત્પન્નથતું કાર્ય ધૂમ-દાહ-પાચન વગેરે આ ત્રણેય હોય છે. જેમકે, દ્રવ્યઈન્ધનમાં કાષ્ટવગેરેને બાળવું તે દાહ્ય, દાહક તે અગ્નિ અને તેનાથી સાધ્ય એવું કાર્ય તે ધૂમાડા કરવાપણું અને અંગારાપણાંસ્વરૂપ રહેલું છે. તે જ રીતે, ભાવઈન્ધનમાં ચારિત્ર એ દાહ્ય છે. અશનાદિનો વિષય બનતો સાધુનો રાગ-દ્વેષનો પરિણામ એ દાહક-અગ્નિ છે. અને તેનાથી સાધ્યકાર્ય એ છે કે, 'આ આહાર રૂક્ષ છે' ઈત્યાદિ વચનો ઉચ્ચારવાદ્વારા ચારિત્રને ધૂમાડારૂપે મલિનકરવાપણું અને, 'આ આહાર મિષ્ટ છે' ઈત્યાદિ વચનો ઉચ્ચારવાદ્વારા ચારિત્રને અંગારરૂપે કરવાપણું એટલે કે સર્વથા બાળી નાંખવા દ્વારા ચારિત્રને મોક્ષરૂપી કાર્યમાટે અસાર બનાવે.

જેમ અંગારાદ્વારા લાકડા વગેરેનું કાર્ય સધાય નહિ અર્થાત્ જેમ રમવામાટે ગિલી-દાંડા કે મકાન કે લખવાનાસાધન, બાજોઠવગેરે બનાવવા લાકડા ઉપયોગમાં લેવાય પણ અંગારા નહિ. એટલે કે અંગારાથી કાંઈ એ બધી વસ્તુઓ બની શકતી નથી. તે જ રીતે ધૂમાડારૂપ કે અંગારારૂપ ચારિત્ર દ્વારા દુ:ખ-પાપમુક્તિસ્વરૂપ મોક્ષ જલ્દી મેળવી શકાતો નથી.

આમ ચારિત્રઈન્ધન સાથે દ્રવ્યઈન્ધનની ઉપમા કરાઈ છે.

'जम्' = 'यद्' = પ્રાસુક અને એષણીય એવું પણ જે અશનાદિ, મૂળગાથામાં 'जम्' પછી જે '**इह**' શબ્દ છે. એ હાલ સ્થાપી રાખવો. અર્થાત્ હાલમાં એનો ઉપયોગ નથી. આગળ જ્યાં એનો ઉપયોગ જણાશે ત્યાં અન્વય કરીશું. '**रत्तो**' = '**रक्तः**' = 'આ મિષ્ટ છે' એમ તેની પ્રશંસા દ્વારા રાગવાળો થઈને, 'दुट्ठो' = '**द्विष्टः**' = 'આ રુક્ષ છે' એમ તેના દોષગ્રહણથી દ્વેષવાળો થઈને, '**भुंजइ**' = '**भुंक्ते**' = વાપરે છે 'तम्' = 'तद्' = તે અશનાદિ, યથાક્રમે આ પ્રમાણે થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**卐 अङ्गारो रागपरिणामो धूमश्च द्वेषपरिणामः 卐**

'इह' एषु ग्रासैषणादोषेषु मध्ये, अस्मिन् प्रवचने वा, किमित्याह-'अङ्गारं च धूमं' चेति, तत्राङ्गारः पूर्वोक्तशब्दार्थश्चारित्रेन्धनदहनसमर्थो रागपरिणामो, धूमश्च पूर्वोक्तशब्दार्थश्चारित्रेन्धनस्य धूमायमानताकरणसमर्थो द्वेषपरिणामस्तद्योगादशनाद्यप्यङ्गारदोषवद्धूमदोषवच्च भवति। रागवानेषणीयमपि भुञ्जानोऽङ्गारदोषवत्करोति द्वेषवांश्च तदेव भुञ्जानो धूमितं करोति। चशब्दौ परस्परापेक्षया समुच्चयार्थौ। इह यद्यपि पूर्व्वं काष्ठादिदह्यमानमर्द्धदग्धोल्मुकस्वभावं सधूमं स्यात्ततः सर्वथा ज्वलनरूपामङ्गारतां भजते इति सधूमाङ्गारयोरुत्पत्तिक्रमस्तथाप्यनयोर्भावरूपयोर्गुरुलघुदोषतामाश्रित्येत्थं निर्द्देशस्तथाहि-रागेण सर्व्वथा दग्धेन्धनसमं चारित्रं करोतीति स गुरुर्दोषो, द्वेषेण त्वर्द्धदग्धेन्धनसममिति स लघुरिति। तथा शेषेषूद्गमादिदोषेषु जगत्त्रयकदर्थकरागद्वेषस्वरूपत्वाद्गुरुतमाविमाविति ख्यापनाक्रमभणनं त्यक्त्वैतौ दोषौ विसदृशावुक्ताविति गाथार्थः।।९७।।

**• રાગનો પરિણામ અંગાર છે અને દ્વેષનો પરિણામ ધૂમાડો છે •**

હવે જે 'इह' પૂર્વે સ્થાપેલો તેનો અન્વય અહીં કરવો. 'इह' = આ કહેવાઈ ગયેલા ગ્રાસૈષણાદોષોની મધ્યમાં અથવા તીર્થંકરપ્રણીત આ જિનશાસનરૂપી પ્રવચનમાં તે અશનાદિ યથાક્રમે શું કહેવાય? તે કહે છે, 'अंगारं च धूमं च' = અંગાર અને ધૂમાડો કહેવાય છે. તેમાં, અંગાર એટલે કે પૂર્વે કહેવાયેલ શબ્દાર્થવાળો અર્થાત્ ચારિત્રરૂપી ઈન્ધનને બાળી નાંખવા સમર્થ એવો રાગનો પરિણામ અને ધૂમ એટલે પણ પૂર્વે કહેવાયેલ શબ્દાર્થવાળો એટલે કે ચારિત્રરૂપી ઈન્ધનને ધૂમાડાવાળું = મલિન = શ્યામ કરનાર દ્વેષનો પરિણામ. તે પરિણામના યોગે અશનાદિ પણ અંગાર કે ધૂમ દોષવાળા થાય છે.

સાર આ થયો કે એષણીય પણ આહારાદિને જો રાગવાળો થઈને વાપરે તો તે આહારને અંગાર દોષવાળો કરે છે. અને જો દ્વેષવાળો થઈને વાપરે તો ધૂમદોષવાળો કરે છે. બન્ને 'च' શબ્દ એ પરસ્પરની અપેક્ષાએ સમુચ્ચયના અર્થમાં છે.

જોકે, અહીં બળતાં કાષ્ઠાદિ પહેલાં તો અર્ધ બળેલા ઉલ્મુકસ્વભાવવાળા ધૂમાડાસહિત હોય છે. પછી સર્વથા જ્વલનરૂપ અંગારપણાને પામે છે. આ રીતે પ્રથમ સધૂમ અને પછી અંગારો. એવો ઉત્પત્તિક્રમ છે. છતાં પણ ભાવસ્વરૂપ આ બન્નેનો વિચાર કરવાનો હોવાથી ગુરુ અને લઘુ દોષને આશ્રયીને એટલે કે પ્રથમ ગુરુ-મોટોદોષ, અને પછી લઘુ = નાનોદોષ આ ક્રમને આશ્રયીને આવો નિર્દેશ કરવામાં આવ્યો કે, રાગ કરવાદ્વારા સર્વથા બળીગયેલ ઈન્ધનસમાન ચારિત્રને કરી દે છે માટે તે ગુરુદોષ છે. અને દ્વેષ દ્વારા અર્ધ બળીગયેલ ઈન્ધનસમાન કરે છે. તે લઘુદોષ છે.

તથા, શેષ ઉદ્ગમાદિદોષોમાં ત્રણે જગતની કદર્થના કરનાર રાગ-દ્વેષસ્વરૂપ આ બંને દોષો હોવાથી એ બન્ને ગુરુતમદોષો છે = અત્યંતમોટાખતરનાક દોષો છે એ વાત પર ધ્યાન દોરવા માટે ખ્યાપના ક્રમને = કાષ્ટાદિમાં પ્રથમ સધૂમ અને પછી અંગારો, એ ક્રમને છોડીને પ્રથમ રાગ અને પછી દ્વેષ એમ વિસદશ = વિપરિતક્રમ કહ્યો છે.॥૯૭॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अवतरणिका**– उक्तमङ्गारधूमाख्यं दोषद्वयं साम्प्रतं कारणाख्यमभिधित्सुर्यन्निमित्तमाहारयति, यन्निमित्तं च नेत्येतदाह।

**मूलगाथा**– **छुहवेयणवेयावच्च-संजमसुज्झाणपाणरक्खट्ठा।**
**इरियं च विसोहेउं, भुंजइ न उ रूवरसहेऊ।।९८।।**

**संस्कृतछाया**– क्षुद्वेदना-वैयावृत्य-संयम-सुध्यान-प्राणरक्षार्थम्।
ईर्यां च विशोधयितुं भुञ्जीत न तु रूपरसहेतुः ।।९८।।

**卐 क्षुद्वेदनादि षट्कारणैस्साधुराहारं भुञ्जीत 卐**

**व्याख्या**– इह क्षुद्वेदनादिपदानां कृतद्वन्द्वानां रक्षार्थमिति पदेन प्रत्येकं सम्बन्धो भवति। ततश्च क्षुद्वेदनारक्षार्थं बुभुक्षालक्षणपीडापगमाय। "बुभुक्षासदृशी हि नास्त्यन्या पीडा", अतस्तद्विनाशाय भुञ्जीतेति सर्वत्र योगः साधुराहारमिति शेषः। तथा वैयावृत्त्यमाचार्यादीनां भक्तपानादिना प्रतिचरण-रूपं। तद्धि बुभुक्षितेन कर्तुं न पार्यते, अतः तद्रक्षार्थं तस्य हानिनिवारणार्थं। तथा संयमः प्रत्यु-

---

**અવતરણિકા** :- આ પ્રમાણે અંગાર અને ધૂમનામક બે દોષો કહેવાયા. હવે, **'कारण'** નામના દોષને કહેવાની ઈચ્છાથી, જે નિમિત્તે ભોજન કરે અને જે નિમિત્તે ન કરે તે કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **छुहवेयण** = ક્ષુધાવેદના શમાવવા, **वेयावच्च** = વૈયાવચ્ચ માટે, **संजम** = ચારિત્રના પાલનમાટે, **सुज्झाण** = સૂત્રાર્થના ચિંતવન માટે, **पाणरक्खट्ठा** = પોતાના પ્રાણના રક્ષણ માટે, **इरियं** = ઈર્યાસમિતિ, **च** = અને, **विसोहेउं** = વિશુદ્ધિમાટે, **भुंजइ** = વાપરે, **न** = નહિ, **उ** = પણ, **रुवरसहेऊ** = રૂપ અને સ્વાદને માટે.।।૯૮।।

**મૂળગાથા-ભાવાર્થ** :- સાધુને છ કારણથી આહાર વાપરવાનું તીર્થંકરોએ કહ્યું છે, (૧) ક્ષુધાવેદના શમાવવા માટે. (૨) આચાર્યોદિની ભક્તિ-વૈયાવચ્ચ કરી શકાય તે માટે. (૩) પડિલેહણા વગેરે ચારિત્રની ક્રિયા સમ્યક્પ્રકારે કરી શકાય તે માટે. (૪) સૂત્રાર્થના અભ્યાસ અને ચિંતવન માટે. (૫) પોતાના પ્રાણ ટકાવવા માટે અને (૬) ઈર્યાસમિતિનું સારીરીતે પાલન થઈ શકે તે માટે. પરન્તુ શરીરને બળવાન-રૂપવાન બનાવવા તથા સ્વાદવગેરે માટે આહારાદિને ન વાપરે.।।૯૮।।

**● ભૂખની વેદના વગેરે ૬ કારણોસર સાધુ આહાર વાપરે ●**

**વ્યાખ્યાર્થ** :- અહીં દ્વન્દ્વસમાસ કરેલ ક્ષુધાવેદના વગેરે પદોનો **'रक्षार्थम्'** પદ સાથે પ્રત્યેકનો સંબંધ થાય છે. તે આ રીતે કે (૧) **'छुहवेयणरक्खट्ठा भुंजइ'** = **'क्षुद्वेदनारक्षार्थं भुञ्जीत'** = ક્ષદ્વેદનાની રક્ષામાટે અર્થાત્ બુભુક્ષા = ભુખરૂપ પીડાને દૂર કરવામાટે વાપરે. કારણ કે કહેવાયું છે કે **'बुभुक्षा सदृशी हि नास्त्यन्या पीडा'** = ભુખ જેવી બીજી કોઈ પીડા નથી. માટે તેના નાશ માટે વાપરે. એમ બધે જોડવું., તથા, 'સાધુ આહારને' એ અધ્યાહારથી લેવું.

(૨) **'वेयावच्चरक्खट्ठा भुंजइ'** = **'वैयावृत्त्यरक्षार्थम् भुञ्जीत'** = આચાર્ય વગેરેની વૈયાવચ્ચ એટલે કે ભાત-પાણીઆદિ દ્વારા આચાર્યઆદિની સેવા ભૂખ્યો ન કરી શકે માટે તેની રક્ષા માટે. અર્થાત્ વૈયાવચ્ચની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पेक्षणाप्रमार्ज्जनादिकः साधुव्यापारस्तं बुभुक्षितः कर्त्तुं न शक्नोत्यतस्तत्पालनार्थं। तथा शोभनं ध्यानं सुध्यानं सूत्रार्थानुचिन्तनादिलक्षणं धर्मध्यानं, तदपि बुभुक्षितस्य परिक्षीयते। यतो बुभुक्षितः पूर्व्वाधीत-श्रुतपरावर्त्तनेऽर्थचिन्तनिकायां चासमर्थः स्यादतस्तद्रक्षार्थं सुध्यानहानिनिवारणार्थमित्यर्थः। तथा प्राण-रक्षार्थं, तत्र प्राणा इन्द्रियादयो दश तेषां रक्षार्थं तत्संधारणाय, बुभुक्षितस्य ह्यायुर्बलादि हीयते। तथेर्यां च विशोधयितुमीर्यासमितिपालनाय, बुभुक्षितो हीर्यासमितिं ध्यामललोचनानि(नत्वेन) विशोधयितुं न शक्नोति। चः समुच्चये। एतैः षड्भिः कारणैस्साधुराहारं भुञ्जीताश्नीयात्। न तु न पुनर्भुञ्जीत रूपरसहेतुः। तत्र रूपं शरीरस्य विशिष्टवर्णाद्याकृतिः 'रस शब्दे' इति वचनाद्रसः शब्दस्तयोर्हेतुर्निमित्तं शरीरोपचितत्वकण्ठमाधुर्यापादनायेत्यर्थः। आहारविषयो वा रसो मधुरादिकस्तन्निमित्तं स्वादुरसो-पेतमिदं वर्त्तते, अतोऽवश्यं भोक्तव्यमिति गाद्ध्र्येन न भुञ्जीतेत्यर्थः। अनेन रूपाद्यर्थमाहारमाहारयन् धर्म्मप्रयोजनाभावात् कारणाख्यदोषदुष्टं तत्स्यादित्यावेदितं। यतः कारणाभावः कारणदोषोऽत्राभिप्रेत इति गाथार्थः।।९८।।

હાનિના નિવારણ માટે = વૈયાવચ્ચમાં ઓછાશ ન આવે તે માટે સાધુ આહાર વાપરે.

(૩) 'संजम' = 'संयमः' = પડિલેહણ-પ્રમાર્જનાદિસ્વરૂપ સાધુનો વ્યાપાર. તે વ્યાપાર ભૂખ્યો કરી ન શકે. માટે, તેનું પાલન કરવામાટે સાધુ આહાર વાપરે.

(૪) 'सुज्झाण' = 'शोभन-ध्यानं' = 'सुध्यानं', સૂત્રના અર્થોનું અનુચિન્તન = વારંવાર ઊંડાચિંતન સ્વરૂપ ધર્મધ્યાન. તે પણ ભૂખ્યાનું ક્ષીણ થતું જાય છે. કારણ કે ભૂખ્યા થયેલા, પૂર્વે ભણેલ શ્રુતના પરાવર્તનમાં અને અર્થચિન્તનિકામાં અસમર્થ હોય છે. તેથી, તેની રક્ષામાટે અર્થાત્ સુધ્યાનની હાનિને નિવારવા માટે, સાધુ આહાર વાપરે.

(૫) 'पाणरक्खट्ठा' = 'प्राण-रक्षार्थम्' = પ્રાણો ઈન્દ્રિય વગેરે ૧૦ છે. તેઓની રક્ષામાટે = તેઓને ટકાવવા માટે સાધુ આહાર વાપરે. કારણ કે, ભૂખ્યાનું આયુષ્ય, બળવગેરે ઘટે છે.

(૬) 'इरियं च विसोहेउं' = 'ईर्यां च विशोधयितुं' = ઈર્યાસમિતિની વિશોધિ = પાલનમાટે સાધુ આહાર વાપરે. કારણકે, ભુખ્યા થયેલાને આંખે અંધારા આવવાથી ઈર્યાસમિતિ પાળી શકતો નથી. 'च' એ સમુચ્ચયાર્થમાં છે.

આ ૬ કારણોસર સાધુ આહારને 'भुंजइ' = 'भुञ्जीत' = વાપરે. પરન્તુ, 'न उ रूवरसहेऊ' = 'नतु रूपरसहेतुः' = રૂપ-કે રસના હેતુથી વાપરે નહિ. રૂપ એટલે કે શરીરની વિશિષ્ટ વર્ણાદિની આકૃતિ, રસ એ શબ્દના અર્થમાં પણ આવે છે. કહેવાયું છે કે 'रस शब्दे'. આ વચનથી રસ એટલે શબ્દ. તે બન્ને = રૂપ, રસના હેતુથી = નિમિત્તે. એટલે કે, સારા-સારા પૌષ્ટિકભોજનથી શરીરની પુષ્ટિમાટે અને કણ્ઠમાં મધુરતા લાવવામાટે ન વાપરે. અથવા રસ એટલે કે આહારસંબંધી રસ. અર્થાત્ મધુરાદિરસ. તેને માટે ન વાપરે. 'આ સ્વાદુરસવાળું છે, સ્વાદિષ્ટ છે માટે અવશ્ય ભક્ષ્ય છે' આ પ્રમાણે ગૃદ્ધિપૂર્વક ન વાપરે.

આમ કહેવા દ્વારા આ વાત છતી થાય છે કે રૂપાદિમાટે આહારને વાપરતા સાધુને ધર્મપ્રયોજનનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अवतरणिका**– यैः कारणैराहारयति यतिस्तान्युक्तान्यधुना यैर्नाहारयति तान्याह।

**मूलगाथा– अहव न जिमेज्ज रोगे, मोहुदये सयणमाइउवसग्गे।**
**पाणिदयातवहेउं, अन्ते तणुमोयणत्थं च।।९९।।**

**संस्कृतछाया– अथवा न जिमेद् रोगे मोहोदये, स्वजनाद्युपसर्गे।**
**प्राणिदया-तपहेतोरन्ते तनुमोचनार्थं च।।९९।।**

**卐 रोग-मोहोदयादौ न भुञ्जीत 卐**

**व्याख्या**– अथवेति बलवर्णाद्यपेक्षया भोजनाऽकरणे विकल्पान्तरार्थः। 'न' नैव जिमेदद्यात् साधुर्भोजनं कुर्यादित्यर्थः। क्वेत्याह- 'रोगे' आकस्मिकज्वराक्षिरोगादावजीर्णादौ च। उपवासान् कुर्वतो हि प्रायो ज्वरादयस्त्रुट्यन्ते।

---

અભાવ હોય છે. અને એ અભાવથી એ આહાર '**कारण**' નામના દોષથી દુષ્ટ થાય છે એમ અત્રે જણાવાયું છે. કારણ કે કારણનો અભાવ એ કારણદોષ એ રીતે પ્રસ્તુતમાં વિવક્ષિત છે.॥૯૮॥

**અવતરણિકા** :- આમ, કયા કારણોસર સાધુ આહાર કરે તેની વાત કરી. હવે કયા કારણોસર સાધુ આહાર ન કરે. તે કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **अहव** = અથવા, **न जिमेज्ज** = ન વાપરે, **रोगे** = માંદગીમાં, **मोहुदये** = મોહના ઉદયમાં, **सयणमाइ** = સ્વજનાદિના, **उवसग्गे** = ઉપસર્ગમાં, **पाणिदया** = જીવદયામાટે, **तवहेउं** = તપને માટે, **अन्ते** = વૃદ્ધાવસ્થામાં, **तणुमोयणत्थं** = શરીરના ત્યાગમાટે, **च** = સમુચ્ચ-અર્થમાં. ॥૯૯॥

**મૂળગાથા-ભાવાર્થ** :- ઉપર જેમ શરીરને બળવાન બનાવવાવગેરેમાટે આહાર કરવાનો નિષેધ જણાવ્યો તેવી રીતે બીજા છ કારણોએ પણ સાધુને આહાર કરવાનો હોતો નથી. (૧) અજીર્ણ અથવા તાવવગેરે રોગમાં. (૨) મોહનો અત્યંતઉદય હોય ત્યારે. (૩) સ્વજનો ચારિત્ર છોડાવવા માટે પ્રયત્ન કરતાં હોય અથવા રાજાદિનો ઉપસર્ગ હોય ત્યારે. (૪) વરસાદ ધુમ્મસ વગેરેમાં ગોચરી જવામાં જીવાકુલ ભૂમિના યોગે ઘણી વિરાધના દેખાતી હોય ત્યારે તે જીવોની રક્ષામાટે. (૫) ઉપવાસથી માંડીને છ મહિના સુધીની તપશ્ચર્યામાં અને (૬) વૃદ્ધાવસ્થામાં શરીરથી તેવી કોઈ ચારિત્રની વધુ આરાધનાનો સંભવ ન હોય ત્યારે શરીરના ત્યાગમાટે અનશનના સ્વીકારમાં.॥૯૯॥

**• રોગ અને મોહનાં ઉદય વગેરેમાં આહાર ન કરવો •**

**વ્યાખ્યાર્થ** :- '**अहव**' = '**अथवा**' = અથવા તો, અહીં '**अथवा**' શબ્દ એ બળ વગેરેની અપેક્ષાએ = બળ વગેરે સિવાય પણ ભોજન નહિ કરવાના બીજા વિકલ્પને સૂચવનારના અર્થમાં છે. '**न**' = નહિ, '**जिमेज्ज**' = '**जिमेत्**' = '**अद्यात्**' = જમે. અથવા હવે બતાવવામાં આવનાર કારણોસર સાધુ ભોજન ન કરે. એમ અર્થ કરવો.

કયા કારણોસર ન કરે ? તે કહે છે, '**रोगे**' = રોગમાં = આકસ્મિકતાવમાં કે આંખના રોગમાં અને અજીર્ણાદિમાં. કારણ કે આહાર ન કરીને ઉપવાસાદિ કરતાં પ્રાયઃ તાવ વગેરે ઉતરી જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यदुक्तं, 'बलाविरोधि निर्दिष्टं ज्वरादौ लङ्घनं हितं। ऋतेऽनिलश्रमक्रोधशोककामक्षतज्वरात्।।१।।
तथा, मोहोदयेऽत्युत्कटकामपीडोद्भवे मैथुनविरतिरक्षणार्थं न जिमेत्। उपवासान् हि कुर्व्वतः कामः काममपक्रामति ।।२।।
यदुक्तं, 'विषया विनिवर्त्तन्ते निराहारस्य देहिनः। रसवर्ज्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्त्तते'।।१।। इति।

'सयणमाइ'त्ति मोऽलाक्षणिकस्ततः स्वजनाद्युपसर्गे। तत्रोपसर्गः स्खलीकरणम्, स चानुकूल-प्रतिकूलभेदात् द्विधा। तत्र मातापितृकलत्रादिस्वजनोपसर्गोऽनुकूलः। ते हि प्रव्रज्यामोचनाद्यर्थं कदाचिदुपतिष्ठन्ते। तत उपसर्गोऽयमिति मत्वा तत्र न जिमेत्। ते हि उपवासान् कुर्वन्तमवलोक्य तन्निश्चयावगमान्मरणादिभीतेर्वा प्रायस्ते मुञ्चन्ति। आदिशब्दात् प्रतिकूलोपसर्गे कुपितराजादौ न जिमेदिति। तथा प्राणिदया च तपश्च ते तथा। तद्धेतोस्तन्निमित्तं। तत्र प्राणिदयाहेतोः सत्त्वरक्षणाय जलवृष्टौ, महिकापाते, सचित्तरजःपातादौ, प्रभूतश्लक्ष्णमण्डूकिकामसिकादिसत्त्वसमाकुलायामिलायां न जिमेत् किन्तु मेघवृष्ट्यादावुपवासं करोति येन भिक्षाटनादिजाताप्कायादिविराधना न स्यात् तथा तपोहेतोस्तपोऽर्थमेकद्व्याद्युपवासकरणेन षण्मासान्तं यावत्तपःकुर्वतो न भोजनसम्भवः। इह तीर्थे उत्कृष्टतः

---

કહેવાયું છે કે, **बलाविरोधि-निर्दिष्टं ज्वरादौ लङ्घनं हितं। ऋतेऽनिलश्रम-क्रोध-शोक-काम-क्षतज्वरात्।।**

**अर्थ** :- વાયુ વિકાર, શ્રમ = થાક, ક્રોધ, શોક, કામ અને ઘાના તાવ સિવાયના તાવ વગેરેમાં = **'बलाविरोधि'** જો શક્તિ પહોંચતી હોય તો લાંઘણ = ઉપવાસાદિ હિતકારી છે.

તથા, **'मोहुदये'** = **'मोहोदये'** = અતિઉત્કટકામની પીડા ઉત્પન્ન થાય ત્યારે મૈથુનવિરતિ = વ્રતની રક્ષામાટે જમે નહિ. કારણ કે ઉપવાસોને કરતાં કામ અત્યંતદૂર ચાલ્યો જાય છે. કહેવાયું છે કે.

**विषया विनिवर्त्तन्ते निराहारस्य देहिनः। रसवर्ज्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्त्तते।।**

**अर्थ** :- આહારવગરના દેહધારિ માનવીના વિષયો ઉપશમી જાય છે. કારણ કે આ રસ વગરના શ્રેષ્ઠ = આત્મતત્ત્વને = આનન્દને જોઈને = અનુલક્ષીને આ માનવીનો કામરસ પણ પાછો ફરી જાય છે.

**'सयणमाइ-उवसग्गे'** = **'स्वजनाद्युपसर्गे'** અહીં મૂળગાથામાં **'म'** એ અલાક્ષણિક છે એટલે **'सयणाइ'** એવો અર્થ જાણવો. સ્વજનાદિના ઉપસર્ગમાં ભોજન ન કરે. ઉપસર્ગ એટલે ઉપદ્રવ = બાધા કરવી. તે ઉપદ્રવ (૧) અનુકૂળ અને (૨) પ્રતિકૂળ. આમ ૨ પ્રકારે છે.

(૧) માતા-પિતા-પત્નીવગેરે સ્વજનોનો ઉપસર્ગ એ અનુકૂળ કહેવાય છે. તેઓ ક્યારેક પ્રવ્રજ્યા છોડાવવા વગેરે કારણોસર આવી ચઢે ત્યારે 'આ ઉપસર્ગ છે' એમ સમજીને તે ઉપસર્ગમાં જમે નહિ. કારણ કે તે સ્વજનાદિ ઉપવાસોને કરતાં જોઈને, મુનિના સંયમ ન છોડવાનો નિશ્ચય ખ્યાલ આવવાથી અથવા તો 'ઉપવાસોમાં રખે ને મોત થઈ જશે' એવી મોતઆદિની બીકથી પ્રાયઃ મુનિને છોડી દે. મૂળ ગાથામાં જે **'आदि'** શબ્દ છે. એનાથી, રાજા ગુસ્સે ભરાય વગેરે પ્રતિકૂળઉપસર્ગમાં જમે નહિ એમ જાણી લેવું.

તથા, **'पाणिदया तव हेउं'** = **'प्राणिदया-तपहेतोः'** = પ્રાણિદયા અને તપના હેતુથી જમે નહિ. વરસાદમાં પ્રાણિદયાના હેતુથી જીવજંતુઓની રક્ષામાટે, મહિકાપાતમાં = ધુમ્મસમાં, સચિત્તરજના પાતાદિમાં = એવા પ્રદેશમાં જ્યાં પ્રચંડ પવનથી ધૂળની સચિત્તરજની ડમરી ચઢે એમાં, નાની નાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

षण्मासमेव तपो भवति न परत इति वेदितव्यं। तथा 'अन्ते' पर्यन्तसमये वृद्धभावे इत्यर्थः। अन्यदा हि प्रायो बुभुक्षाधिक्यादाहारत्यागे आर्त्तध्यानापत्तेरिति। तनुः शरीरं तस्या मोचनं मरणार्थं परित्यागस्तदर्थं, चः समुच्चये। संलेखनार्थं निर्भोजनो भूयादित्यर्थः। अयमर्थः- पूर्व्वं हि दीर्घपर्याय-परिपालनं, शिष्येभ्यो वाचनादानं, शिष्यनिष्पादना च श्रेयो, अन्ते च वार्द्धिके सर्वस्याप्यनुष्ठानस्य मरणाराधना सारेति तस्यां महाप्रयत्नो विधेयः। सा च संलेखना क्रमेणोपशमयुक्तेनाऽऽहारत्यागादिरूपा कार्या। अतः शरीरत्यागार्थं तत्करणे भोजनाभावः सम्भवतीति गाथार्थः।।९९।।

**अवतरणिका**— उक्तं कारणाख्यो दोषोऽधुना ग्रन्थोपसंहारं चिकीर्षुरेषणात्रयसङ्गृहीतपूर्वोक्तसमस्त-दोषनिगमनमनुक्तस्य परिज्ञानायातिदेशं चाह।

**मूलगाथा— इइ तिविहेसणदोसा, लेसेण जहागमं मएऽभिहिया।**
**एसु गुरुलहुविसेसं, सेसं च मुणेज्ज सुत्ताउ।।१००।।**

**संस्कृतछाया— इति त्रिविधैषणादोषा लेशेन यथाऽऽगमं मयाऽभिहिता।**
**एतेषु गुरुलघुविशेषं शेषं च मुणेत्सूत्रात् ।।१००।।**

---

ઘણી દેડકીઓ કે મસિકા = ઝીણી ઝીણી કાળી મસીઓ વગેરે જીવજંતુથી ભરેલ પૃથ્વી હોય તો, તેઓની રક્ષામાટે જમે નહિ. પરન્તુ તે વરસાદાદિમાં ઉપવાસ કરે જેથી ભિક્ષામાટે ફરવા વગેરેથી ઉત્પન્ન થતી અપ્કાયાદિની વિરાધના ન થાય.

તથા, તપના હેતુથી ભોજન ન કરે. એક-બે વગેરે ઉપવાસથી માંડીને છ મહિના સુધીનો તપ કરતાં ભોજનનો અસંભવ હોય છે. અહીં વીરપ્રભુના શાસનમાં ઉત્કૃષ્ટથી ૬ માસના ઉપવાસનો જ તપ કહેલો છે. એથી આગળ નહિ એ જાણવું.

તથા, 'अन्ते' = 'पर्यन्तसमये' = એટલે વૃદ્ધપણે. અહીં વૃદ્ધપણાની વાત કરી. તેનું કારણ આ છે કે વૃદ્ધપણાના કાળ સિવાય એટલે કે તરુણાદિ અવસ્થામાં, પ્રાયઃ કરીને બુભુક્ષા વધારે હોવાથી એ વખતે આહારના ત્યાગમાં આર્તધ્યાનની આપત્તિ હોય છે. 'तनुमोयणत्थं' = 'तनुमोचनार्थं' = 'तनुः' એટલે કે શરીર, મોચન એટલે કે મરણ, તે માટે = શરીરના ત્યાગમાટે, 'च' સમુચ્ચયાર્થમાં છે.

ભાવાર્થ આ છે કે ચારિત્ર ગ્રહણબાદ પૂર્વાવસ્થામાં દીર્ઘસંયમપર્યાયનું પરિપાલન, શિષ્યોને વાચનાદાન અને શિષ્યો તૈયારકરવા એ શ્રેય છે. અને અન્તે વૃદ્ધાવસ્થામાં બધાજ અનુષ્ઠાનોનો સાર મરણની આરાધના છે. એટલે તેમાં મહાનપ્રયત્ન કરવો. આ મરણઆરાધના એટલે કે સંલેખના. ઉપશમવાળા થઈને ક્રમે કરીને આહારત્યાગ રૂપ સંલેખના હોય છે. તે કારણે શરીરના ત્યાગમાટે સંલેખના કરવામાં ભોજનનો અભાવ સંભવે છે.।।૯૯।।

**અવતરણિકા** :- આ પ્રમાણે 'કારણ' નામક દોષ કહ્યો. હવે, ગ્રન્થનો ઉપસંહાર કરવાની ઈચ્છાથી ત્રણે એષણામાં સંગ્રહકરેલ પૂર્વોક્ત સમસ્તદોષોનું નિગમન અને જે નથી કહેવાયું = કહેવામાં જે કાંઈ રહી ગયું તેની જાણકારી માટે અને પ્રાસંગિક શય્યાતર આદિની વાતોનો અતિદેશ = ભલામણ કરે છે.

**મૂળગાથા-શબ્દાર્થ** :- **इह** = એ રીતે, **तिविहा** = ત્રણ પ્રકારે, **एसणदोसा** = એષણાના દોષો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 त्रिविधैषणादोषनिगमनं, गुरुदोषाऽल्पदोषज्ञानार्थमतिदेशश्च 卐

**व्याख्या**- इत्यनेन प्रदर्शितप्रकारेण त्रिविधा त्रिभेदा गवेषणग्रहणग्रासभेदात् या एषणाऽऽहार-शुद्ध्यशुद्धिपर्यालोचना। तस्या दोषा उद्गमोत्पादैषणासंयोजनादिरूपाः सप्तचत्वारिंशत् सङ्ख्या अशुद्धयः। अध्यवपूरकस्य किञ्चिन्मिश्रसाम्यान्मिश्रेऽन्तर्भावेन षट्चत्वारिंशत् सङ्ख्या वा त्रिविधैषणादोषास्ते लेशेन सङ्क्षेपेण आगमस्यानतिक्रमेण। यथागमं तत्रागमः श्रुतं स पिण्डप्रस्तावान्नवमपूर्वगतश्रुतादिरूपोऽत्र सामान्येन सर्वोऽप्युपयोगी किन्तु प्रतिनियतो भिक्षादोषशोधकः पिण्डनिर्युक्त्यादिरूप एव प्रायो भिक्षाचर्योपयोगी अतः पिण्डनिर्युक्त्यादिशास्त्रानुसारत इत्यर्थः। अनेन स्वमनीषिकापरिहारेण शास्त्र-स्याऽऽदेयतामाह। तथावृत्त्या निजमत्यनुसारेण यथावबोधं चेत्यपि व्याख्येयं। मयेत्यात्मनिर्देशः। अभिहिताः प्रतिपादिताः। 'एसु' त्ति, चकाराध्याहारादेषु च प्रदर्शितोद्गमादिदोषेषु विषये। किमित्याह। अयमेतस्माद्दोषो गुरुश्च महान्, अयमेतस्माल्लघुश्चाल्पः कनीयानित्यर्थो गुरुलघू तद्रूपो विशेषो भेदो

---

**लेसेण** = સંક્ષેપથી, **जहागमं** = શાસ્ત્રને અનુસરીને, **मए** = મારા વડે, **अभिहिया** = કહેવાયા, **एसु** = એ દોષોમાં, **गुरुलहुविसेसं** = મોટા-નાનાદોષની વિશેષતા, **सेसं च** = અને બાકીનું, **मुणेज्ज** = જાણી લેવું, **सुत्ताउ** = સૂત્ર થકી.॥૧૦૦॥

**મૂળગાથા-ભાવાર્થ** :- ઉપર બતાવ્યાપ્રમાણે ત્રણે પ્રકારની એષણા-ગવૈષણૈષણા, ગ્રહણૈષણા અને ગ્રાસૈષણાના દોષો સંક્ષેપથી પિંડનિર્યુક્તિઆદિ શાસ્ત્રોને અનુસરીને જણાવ્યા. આ દોષોમાં મોટા નાના દોષનો વિભાગ તથા દોષોના વિષયોમાં દૃષ્ટાંત, પ્રત્યપાય અને અપવાદ વગેરે જે અત્રે ન જણાવવામાં આવેલા હોય તે બીજા સૂત્રોથી જાણી લેવા.॥૧૦૦॥

## • ત્રણે પ્રકારના એષણાદોષોનું નિગમન અને ગુરુદોષ અને અલ્પદોષને જાણવા વિશે અતિદેશ •

**व्याख्यार्थ** :- 'इइ' = 'इति' = આ પ્રમાણે, ઉપર બતાવ્યા પ્રમાણે. 'तिविहा' = 'त्रिविधा' = 'गवैषणा-ग्रहणैषणा' અને 'ग्रासैषणा' - આ ત્રણ ભેદથી, 'एसणदोसा' = 'एषणा-दोषाः' આહારની શુદ્ધિ અને અશુદ્ધિની વિચારણા રૂપ જે એષણા છે તેના ઉદ્ગમ-ઉત્પાદન-એષણા અને સંયોજનાદિ રૂપ ૪૭ દોષો છે.

અથવા, મિશ્રદોષની સાથે અધ્યવપૂરક દોષનું થોડુંક સામ્ય હોવાથી એને મિશ્રમાં ગણી લેવાય તો દોષની સંખ્યા ૪૬ થાય. આ જે ત્રણપ્રકારના એષણાદોષો છે. તેઓને, 'लेसेण' = 'लेशेन' = સંક્ષેપથી, 'जहागमं' = 'यथागमं' = આગમને ઓળંગ્યા વિના = આગમમાં કહ્યા પ્રમાણે, આગમ એટલે કે શ્રુત. અહીં પિણ્ડની વાત ચાલતી હોવાથી તે આગમ એટલે કે નવમા પૂર્વની અંદર રહેલ શ્રુતાદિ. જોકે, સામાન્ય ધોરણે એ નવમા પૂર્વ અન્તર્ગત સમસ્ત શ્રુત ઉપયોગી છે. છતાંય ચોક્કસપણે ભિક્ષાદોષની શુદ્ધિને બતાવતું પિણ્ડનિર્યુક્તિઆદિ રૂપ આગમ જ પ્રાયઃ ભિક્ષાચર્ચા માટે ઉપયોગી છે માટે પિણ્ડનિર્યુક્તિવગેરે શાસ્ત્રને અનુસારે, એમ 'जहागमं' નો અર્થ જાણવો. 'जहागमं' કહેવા દ્વારા પોતાની બુદ્ધિને છોડીને શાસ્ત્રની આદેયતા કહી છે. તથા, 'શાસ્ત્રસાપેક્ષ વૃત્તિથી અવબોધ પ્રમાણે =

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गुरुलघुविशेषस्तं, गुरुलघुप्रायश्चित्तापत्तिद्वारेण गुरुदोषाल्पदोषविभागमित्यर्थः। मुणेत् सूत्रादिति योगः। तथा शेषं उक्तादन्यदनुक्तं प्रदर्शितदोषविषयं दृष्टान्तप्रत्यपायादिकमुत्सर्गापवादादिकं च। प्रत्यपायादयो हि श्रुते विनेयानामकार्यपरिहारार्थं स्वे स्वे स्थाने दर्शितास्तदुक्तं,

'पायं अवायभीओ, पावाययणाणि परिहरइ लोउं। **तेण** अवाओ बहु हायए, एए देसिओ सुत्ते'।।१।।

यद्वा शेषमाहारदोषेभ्योऽन्यच्छय्यातरराजपिण्डोपाश्रयवस्त्रपात्राद्युपधिगोचरं दोषवृन्दमित्यर्थः। चः समुच्चये। 'मुण प्रतिज्ञाने'। मुणेद्विजानीयाच्छिष्यः सूत्रादागमान्निशीथादिरूपादिति। तत्र यदुक्तमेतेषां लघुगुरुविशेषं सूत्राद्विजानीयादिति। तत्र विनेयानुग्रहायासौ किञ्चिदुच्यते।

**卐 कस्य दोषस्याऽपेक्षया कस्य लघुत्वं कस्य गुरुत्वं ? इति गुरुलघुविशेषः 卐**

तदिह सर्वगुरु मूलकर्म्म, तस्माच्चाधाकर्मिकं, कर्म्मौद्देशिकचरमत्रिकं, मिश्रान्त्यद्विकं, बादर-प्रभृतिका, सप्रत्यपायपरग्रामाभ्याहृतं, लोभपिण्डोऽनन्तकायाव्यवहितनिक्षिप्तपिहितसंहृतोन्मिश्रापरिणत-

---

क्षयोपशमप्रमाणे अने पोतानी मतिअनुसारे पण', 'मए' = 'मया' = मारा द्वारा. अहीं पोतानी जातनो निर्देश कर्यो छे, 'अभिहिया' = 'अभिहिता' = प्रतिपादन करायुं छे.

'एसु' = 'एतेषु' = अहीं एक 'चकार' अध्याहार तरीके लेवो. एटले के 'एसु च' एम लेवुं. अर्थात् यथागम संक्षेपमां दोषो मारावडे कहेवाया. अने हवे, ए प्रदर्शित उद्गमादिदोषोमां, 'गुरुलहुविसेसं' = 'गुरु-लघु-विशेषं' = आनां करतां आ दोष मोटो छे, 'आनां करता आ दोष नानो छे'. आ प्रमाणेना गुरुलघुस्वरूप भेदविशेषने. एटले के, गुरु/लघु प्रायश्चित्तनी प्राप्तिद्वारा गुरुदोष अने अल्पदोषना विभागने, 'मुणेज्ज सुत्ताउ' = 'मुणेत् सूत्रात्' = शास्त्रमांथी जाणी लेवो. तथा, 'सेसं च' = 'शेषं च' = कहेवाई गयेला करतां बीजुं जे नथी कहेवायुं ते. एटले के उपर दर्शाव्या प्रमाणेना दोषो संबंधी दृष्टान्त-प्रत्यपाय = नुकशान वगेरे अने उत्सर्ग - अपवादादिने शास्त्रथी जाणवा. श्रुतमां = शास्त्रोमां प्रत्यपायादि शिष्यो अकार्यने छोडी दे माटे स्व-स्व स्थाने बतावाया छे. कहेवायुं छे के,

पायं अवायभीओ, पावाययणाणि परिहरइ लोउं। तेण अवाओ बहु हायए, एए देसिओ सुत्ते।।

**अर्थ** :- प्रायः करीने अपायोथी डरतो जीव, अपायने जोईने पापना स्थानोने छोडी ज दे छे. तेथी, जीवना घणां खरा अपायो ओछा थई जाय छे. एम श्रुतमां कहेवायुं छे.

अथवा तो, 'सेसं च' नो अर्थ आ करवो के आहारदोष सिवाय अन्य शय्यातरपिण्ड, राजपिण्ड, उपाश्रय, वस्त्र, पात्र वगेरे उपधिसंबंधी दोषसमूहने, 'मुणेज्ज सुत्ताउ' = 'मुणेत् सूत्रात्' = निशीथ आदिरूप शास्त्र-आगमथी शिष्ये जाणी लेवुं. 'च' ए समुच्चयार्थमां छे.

## • कया दोषनी अपेक्षाए कयो दोष लघु अने कयो दोष गुरु ? ए प्रमाणे गुरु-लघुनी जाणकारी •

मूळ गाथामां कहेवायुं के 'आ दोषोना लघु-गुरु विशेषने सूत्रथी जाणवा.' परन्तु शिष्यना अनुग्रह माटे ए अंगेनी थोडीक वात अहीं कहेवाय छे.

(A) सर्वगुरु मूलकर्म छे,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

छर्दितानि, संयोजना, सांगारं वर्त्तमानभविष्यन्निमित्तं चेति लघवो दोषाः, मूलप्रायश्चित्ताच्चतुर्थतपोवत्। एतेभ्यः कर्म्मौद्देशिकाद्यभेदो मिश्रप्रथमभेदो धात्रीत्वं दूतीत्वमतीतनिमित्तमाजीवनापिण्डो वनीपकत्वं बादरचिकित्साकरणं क्रोधमान-पिण्डः सम्बन्धिसंस्तवकरणं विद्यामन्त्रयोगचूर्णपिण्डाः प्रकाशकरणं द्विविधं द्रव्यक्रीतमात्मभावक्रीतं लौकिकप्रामित्यपरावर्त्तिते निष्प्रत्यपायपरग्रामाभ्याहृतं पिहितोद्भिन्नकपाटोद्भिन्ने उत्कृष्टमालापहृतं सर्व्वमाच्छेद्यं, सर्व्वमनिसृष्टं पुरःकर्म्म पश्चात्कर्म्म (निर्मिश्रकर्दमेन म्रक्षितं) गर्हितम्रक्षितं संसक्तम्रक्षितं प्रत्येकाव्यवहितसंहृतोन्मिश्रापरिणतछर्द्दितानि प्रमाणोल्लङ्घनं सधूममकारणभोजनं चेति लघवश्चतुर्थादाचाम्लमिव एतेभ्योऽध्यवपूरकान्त्यभेदद्वयं कृतौद्देशिकभेदचतुष्टयं भक्तपानपूतिका मायापिण्डोऽनन्तकायव्यवहितनिक्षिप्तपिहितादीनि मिश्रानन्तकायाऽव्यवहितनिक्षिप्तादीनि चेति लघवः, आचाम्लादेक-भक्तमिव। एतेभ्योऽप्योघौद्देशिकमुद्दिष्टभेदचतुष्टयमुपकरणपूतिकं चिरस्थापितं प्रकटकरणं

---

(B) [1]આધાકર્મ, કર્મઔદ્દેશિકના છેલ્લા [2]ત્રણ ભેદ , મિશ્રના [3]છેલ્લા બે ભેદ, [4]બાદરપ્રાભૃતિકા, [5]સપ્રત્યપાયપરગ્રામઅભ્યાહૃત, [6]લોભપિણ્ડ, [7]અનન્તકાયઅવ્યવહિતનિક્ષિપ્ત, [8]પિહિત, [9]સંહૃત, [10]ઉન્મિશ્ર, [11]અપરિણત, [12]છર્દિત, [13]સંયોજના, [14]અંગાર અને વર્તમાન કે ભવિષ્ય સંબંધી નિમિત્ત કહેવા સ્વરૂપ [15]નિમિત્ત દ્વાર. આ ૧૫ દોષો સર્વગુરુ કરતા નાનાદોષો છે. કોની જેમ નાના છે ? તે કહે છે, મૂળપ્રાયશ્ચિત કરતાં ચતુર્થતપ = ચોથભક્ત જેમ નાનું છે તેની જેમ. તથા પ્રાયશ્ચિત્ત ઓછું હોય છે.

(C) કર્મ્મઔદ્દેશિકનો [1]પ્રથમભેદ, [2]મિશ્રનો પ્રથમભેદ, [3]ધાત્રીપણું, [4]દૂતીપણું, અતીત[5] સંબંધી નિમિત્તકથન, [6]આજીવનાપિણ્ડ, [7]વનીપકપણું, [8]બાદરચિકિત્સાકરણ, [9]ક્રોધ અને [10]માનપિણ્ડ, સંબંધિ-[11]સંસ્તવકરણ, [12]વિદ્યા-[13]મન્ત્ર-[14]યોગ અને [15]ચૂર્ણપિણ્ડ, [16]પ્રકાશકરણના બન્ને ભેદ, [17]દ્રવ્યક્રીત, [18]આત્મભાવક્રીત, [19]લૌકિકપ્રામિત્ય અને [20]પરાવર્તિત, [21]નિષ્પ્રત્યપાયપરગ્રામઅભ્યાહૃત, [22]પિહિતોદ્ભિન્ન, [23]કપાટોદ્ભિન્ન, [24]ઉત્કૃષ્ટમાલાપહૃત, [25]આચ્છેદ્યના બધાં ભેદો, [26]અનિસૃષ્ટના બધાં ભેદો, [27]પુરઃકર્મ, [28]પશ્ચાત્કર્મ, [29]નિર્મિશ્રકર્દમમ્રક્ષિતં, જેમાંથી મિશ્રપણું નીકળી ગયું છે તે કાં તો સચિત્ત હોય અને કાંતો અચિત્ત હોય. અહીં સચિત્ત લેવાનું છે કારણ કે મિશ્રની વાત આગળ આવવાની છે. ગર્હિતમ્રક્ષિત, [31]સંસક્તમ્રક્ષિત, પ્રત્યેક [32]અવ્યવહિતસંહૃત, [33]ઉન્મિશ્ર, [34]અપરિણત, [35]છર્દિત, [36]પ્રમાણનું ઉલ્લંઘન, [37]સધૂમ અને [38]કારણ. આ ૩૮ દોષો ઉપરોક્ત (B) દોષો કરતા પણ નાના દોષો છે. જેમકે, ઉપવાસ કરતાં આયંબિલ લઘુ હોય છે. અને એમાં પ્રાયશ્ચિત્ત ઓછું છે.

(D) અધ્યપૂરકના છેલ્લા[1] બેભેદ, [2]કૃતઔદ્દેશિકના ચારભેદ, [3]ભક્તપાનપૂતિ, [4]માયાપિણ્ડ, [5]અનન્તકાયવ્યવહિતનિક્ષિપ્ત અને [6]પિહિત વગેરે, અને મિશ્રઅનન્તકાયઅવ્યવહિતનિક્ષિપ્ત વગેરે ઉપરોક્ત (C) દોષો કરતાં લઘુ છે. જેમકે આયંબિલ કરતાં એકભક્ત = એકાસણું લઘુ હોય છે અને એમાં પ્રાયશ્ચિત ઓછું છે.

(E) [1]ઓઘઔદ્દેશિક, [2]ઉદ્દિષ્ટના ચારભેદ, [3]ઉપકરણપૂતિ, [4]ચિરસ્થાપિત, [5]પ્રગટકરણ, [6]લોકોત્તર પરાવર્તિત, [7]અપમિત્ય, [8]પરભાવક્રીત, [9]નિષ્પ્રત્યપાય-સપ્રત્યપાયસ્વગ્રામઅભ્યાહૃત, [10]દર્દરોદ્ભિન્ન, [11]જઘન્યમાલાપહૃત, [12]અધ્યવપૂરકનો પ્રથમભેદ, [13]સૂક્ષ્મચિકિત્સા, [14]ગુણસંસ્તવકરણ, [15]લૂણ કે સેટિકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लोकोत्तरं परावर्त्तितमपमित्यं च परभावक्रीतं निष्प्रत्यपायसप्रत्यपायस्वग्रामाभ्याहृतं दर्द्दरोद्भिन्नं जघन्यमालापहृतं प्रथमाध्यवपूरकः सूक्ष्मचिकित्सा, गुणसंस्तवकरणं मिश्रकर्दमेन लवणसेटिकादिना च म्रक्षितं पिष्टादिम्रक्षितं किञ्चिद्दायकदुष्टं प्रत्येकपरम्परक्षिप्तादीनि मिश्रानन्तरनिक्षिप्तादीनि चेति लघवः, एकभक्तात् पुरिमार्द्धमिवेत्याद्ययं गुरुलघुविशेषः।

### 卐 शय्यातरपिण्डस्वरूपं, तस्याऽष्टद्वाराणि, तत्पिण्डग्रहणे दोषाश्च 卐

अथ शय्यातरपिण्डविचारणा। तत्र शय्यया साधुसमर्प्पितगृहलक्षणया भवार्णवं तरतीति शय्यातरः १ कदा च शय्यातरो भवति २ कतिविधस्तत्पिण्डः ३ कदा चाशय्यातरो भवति ४ कस्य च सम्बन्ध्यसौ वर्ज्जनीयः।५। के चैतत्पिण्डग्रहणदोषाः ६ कदा च तत्पिण्डो गृह्यते ७ क्व च शय्यातरो भवतीत्यष्टौ द्वाराणि ८। तत्राद्यद्वारे यतिप्रदत्तोपाश्रयप्रभुस्तेन यः कृतप्रमाणतया निर्दिष्टो वा स्यात्तदा शय्यातरः।१। द्वितीयद्वारे यदा शय्यातरगृहे रात्रौ सुप्त्वा जागरित्वा वा प्राभातिकप्रतिक्रमणं

= ખડીચુનો વગેરે મિશ્રકદર્દમસાથે મ્રક્ષિત, [16]પિષ્ટાદિમ્રક્ષિત, અને [17]કાંઈક અંશે દાયક દુષ્ટ, [18]પ્રત્યેક પરમ્પરક્ષિપ્ત તથા [19]મિશ્રઅનન્તરનિક્ષિપ્ત વગેરે. જેમ એકભક્ત કરતાં **पुरिमुड्ढ** = બિયાસણું લઘુ છે તેમ ઉપરોક્ત દોષો (D) દોષો કરતાં લઘુ છે. તેમાં પ્રાયશ્ચિત્ત ઓછું છે. આમ, ગુરુ-લઘુ વિશેષ કહેવાયું.

### • શય્યાતરપિંડનું સ્વરૂપ અને તેના ૮ દ્વારો અને તે પિણ્ડગ્રહણમાં દોષો •

હવે શય્યાતર-પિણ્ડની વિચારણા જણાવે છે. શય્યાતર-શય્યાતરપિંડસંબંધી દ્વારોને જણાવે છે.

(૧) શય્યાતરની વ્યાખ્યા શું ? તે કહે છે, સાધુને સમર્પિતકરેલ ઘર રૂપી શય્યાથી ભવ = સંસારરૂપી સમુદ્રને તરી જાય. (૨) શય્યાતર ક્યારે બને ? (૩) શય્યાતરના પિણ્ડ કેટલાં છે ? (૪) શય્યાતર ક્યારે ન બને ? (૫) કોના સંબંધી આ શય્યાતર વર્જનીય છે ? (૬) શય્યાતરપિણ્ડગ્રહણના કયા દોષો છે? (૭) શય્યાતરપિણ્ડ ક્યારે ગ્રહણ કરાય ? (૮) ક્યાં = કઈ જગ્યાએ શય્યાતર થાય ? આ ૮ શય્યાતરના દ્વારો છે.

**(૧) દ્વાર પહેલું** :- સાધુને ઉપાશ્રય આપનાર પ્રભુ = એ ઉપાશ્રયનો માલિક. અથવા એણે જેને એની દેખ-રેખવગેરે માટે અધિકારી બનાવ્યો હોય તે અધિકારીવિશેષ.

**(૨) દ્વાર બીજું** :- શય્યાતર ક્યારે બને ? જ્યારે શય્યાતરના ઘરે રાતે સૂઈને કે જાગીને સવારનું પ્રતિક્રમણ કરે ત્યારે એ ઉપાશ્રયનો માલિક શય્યાતર બને છે.

હવે, જ્યાં સાધુએ વાસ કર્યો હોય એ શય્યા = વસતિમાં આખીરાત જાગીને સવારનું પ્રતિક્રમણ અન્યત્ર કરે ત્યારે રાત્રિવાસવાળી મૂળશય્યાનો માલિક એ શય્યાતર ન બને પરન્તુ જે ઘર = વસતિ માં પ્રતિક્રમણ કર્યું તે જ શય્યાતર બને. જો મૂળ શય્યામાં રાતે સૂઈને સવારનું પ્રતિક્રમણ અન્યત્ર કરે. ત્યારે મૂળશય્યા અને આ બીજીશય્યા, બન્નેના માલિકો શય્યાતર બને. પણ જ્યાં વસતિની સંકડાશ આદિના કારણે અનેક ઉપાશ્રયોમાં સાધુઓ રહેતા હોય. ત્યારે જ્યાં આચાર્ય રહેતાં હોય તે શય્યાના માલિક શય્યાતર બને. બીજા નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कुर्वन्ति तदासौ शय्यातरः। अथैतच्छय्यायां सकलां रात्रिं जागरित्वा प्राभातिकप्रतिक्रमणमन्यत्र कुर्वन्ति तदा मौलः शय्यातरो न भवति किन्तु यद्गृहे प्रतिक्रमणं कृतं, स एव। अथ मूलशय्यायां रात्रौ सुप्त्वाऽन्यत्र प्रातः प्रतिक्रामन्ति, तदासौ मौलोऽन्यश्च द्वावपि शय्यातरौ। यदा तु वसतिसङ्कीर्णतादिकारणादनेकोपाश्रयेषु साधवस्तिष्ठन्ति तदा यत्राचार्यः स्थितः स एव शय्यातरो नान्यः ।२। तृतीयद्वारे द्वादशधा तत्पिण्डस्तदुक्तं-

असणाईया४ चउरो पाउंछण५ वत्थ६ पत्त७ कंबलयं८।
'सूइ९ छुर१० कण्णसोहण११ नहरणिया१२ सागरियपिण्डो'।।१।।

अयं त्वपिण्डः, 'तणडगलछारमल्लग- सेज्जासंथारपीढलेवाई।
सेज्जायरपिंडो सो, न होइ सेहो य सोवहिओ'।।२।।-।३।

चतुर्थद्वारेऽहोरात्रात्परतोऽशय्यातरो भवति। यदुक्तं- '**वृत्थे (वुच्छे?) वज्जिज्ज होरत्तं**'। इदमत्र हृदयं-यत्रोषितास्ततः स्थानाद्यस्यां वेलायां निर्गता द्वितीयदिने तावत्या वेलायाः परतः शय्यातरो न भवति ।४। पञ्चमद्वारे साधुगुणविरहितस्य लिङ्गमात्रावशेषस्यापि सम्बन्धी शय्यातरः वर्जनीयः ।५।

---

(૩) **द्वार त्रीजुं** :- શય્યાતરસંબંધી પિંડ = શય્યાતરનો પિણ્ડ ૧૨ પ્રકારે છે.

**असणाईया चउरो पाउंछण-वत्थ-पत्त-कंबलयं। सूइ-छुर-कण्णसोहण नहरणिया सागरिय पिण्डो।।**

**अर्थ** :- અશનાદિ ચાર, ઓઘો, વસ્ત્ર, પાત્ર, કામળી, સોંય, છૂરી, કાન ખોતરણી અને નખરદનિકા (નેઈલકટર). આ ૧૨ શય્યાતર = સાગરિકપિણ્ડ છે.

શય્યાતર સંબંધી અપિણ્ડ —**तण-डगल-छार-मल्लग-सेज्जा-संथार-पीठलेवाई।**
**सेज्जायरपिंडो सो न होइ, सेहो य सोवहिओ।।**

**अर्थ** :- '**तृण**' = ઘાસ, '**डगल**' = ઈંટ, પત્થરના ટુકડા, '**छार**' = છાણ, '**मल्लग**' = કફ આદિ માટે માટીવગેરેની કૂંડી, '**सेज्जा**' = શય્યા એટલે સ્વશરીરપ્રમાણ પાટ કે સંથારો, '**संथारो**' = અઢી હાથનો, '**पीढ**' = પાટીયું-લખવાના ટેબલાદિ, અને '**लेवाई**' = લીંપણ આદિ. તથા ઉપધિસહિત શિષ્ય, એ શય્યતરનો પિણ્ડ કહેવાતાં નથી.

(૪) **द्वार चोथुं** :- ક્યારે અશય્યાતર બને ? અહોરાત્રથી આગળ અશય્યાતર બને છે. કહેવાયું છે કે '**वुच्छे वज्जिज्ज होरत्तं**' = જ્યાં સુતા હોઈએ. તે શય્યાતર સંબંધી ૧૨ પ્રકારનો પિંડ વર્જવો.

તાત્પર્યાયાર્થ આ છે કે જ્યાં રાતવાસો કર્યો હોય. તે સ્થાનથી જે સમયે નીકળી ગયા. બીજા દિવસે તે સમયબાદ શય્યાતર ન થાય. અર્થાત્ સમજો કે રાતવાસો કર્યાબાદ સવારે ૭ વાગે વિહાર કરી ગયા. તો બીજા દિવસના સવારના ૭ વાગ્યા સુધી એ શય્યાતર થાય. તે પછી એ શય્યાતર ન બને.

(૫) **द्वार पांचमुं** :- કોના સંબંધી આ શય્યાતર વર્જનીય છે ? માત્ર સાધુના કપડામાં રહેલો હોય પણ સાધુના ગુણથી રહિત હોય એવા પાસત્થાદિસંબંધી શય્યાતર પણ વર્જવા. અર્થાત્ ગામમાં જેટલા ઉપાશ્રયો હોય. તે ઉપાશ્રયોમાં રહેલ મહાત્માઓના જે શય્યાતરો હોય. એ બધાય વર્જવા અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

षष्ठद्वारे "तित्थंकरपडिकुट्ठो आणाण्णाउग्गमो वि य न सुज्झे। अविमुत्ति अलाघवया दुल्लह सेज्जाइ वोच्छेओ" ॥३॥

**श्लोकार्थ**– आद्यन्तवर्ज्जैर्मध्यमैर्महाविदेहजैश्च तीर्थकरैर्वरमाधाकर्म्म कथञ्चिद्भुक्तं न पुनः शय्यातर-पिण्डोऽतस्तत्प्रतिकृष्टत्वाद्वर्जनीयोऽयं। 'आण'त्ति तं च गृह्णता तीर्थकराज्ञा न कृता स्यात्। 'अण्णाउ'त्ति यत्र स्थितस्तत्रैव भिक्षां गृह्णतामज्ञातोञ्छं च न कृतं स्यात्। 'उग्गमो वि य न सुज्झे'त्ति आसन्नादिभावतः पुनः पुनस्तत्रैव भैक्षपानकादिनिमित्तं प्रविशत उद्गमदोषाश्च स्युः। स्वाध्यायश्रवणादिभ्यश्च प्रीतः शय्यातरः क्षीरादिस्निग्धं द्रव्यं ददाति। तच्च गृह्णताऽविमुक्तिर्गा-द्ध्याभावो न कृतः स्यात्। 'अलाघवय'त्ति, शय्यातरतत्पुत्रभ्रातृव्यादिभ्यो बहूपकरणं स्निग्धाहारं च गृह्णत उपकरणशरीरयोर्लाघवं न स्यात्। तत्रैव चाहारादि गृह्णतः शय्यातरवैमनस्यादिकारणाच्छय्या दुर्लभा स्यादिति सर्वथा तद्व्यवच्छेदः स्यादतस्तत्पिण्डो वर्ज्जनीयः।६।

ઉપરાંતમાં માત્રવેષધારી સાધુના શય્યાતર પણ વર્જવા. એમ 'अपि' નો અર્થ જાણવો.

(૬) **દ્વાર છટ્ઠું** :- શય્યાતર-પિણ્ડ ગ્રહણકરવામાં કેટલા દોષો છે ?

**'तित्थंकरपडिकुट्ठो आणाण्णाउग्गमो वि य न सुज्झे । अविमुत्ति अलाघवया दुल्लह सेज्जाइ वोच्छेओ।।**

**અર્થ** :- પ્રથમ અને છેલ્લા પ્રભુજીને છોડીને વચ્ચેના બાવીશ તીર્થંકરો તેમજ મહાવિદેહના તીર્થંકરોએ કો'ક કારણસર વપરાયેલ આધાકર્મને સારું કહ્યું છે પરન્તુ શય્યાતરપિણ્ડને સારો કહ્યો નથી. અર્થાત્ પહેલાં અને છેલ્લા તીર્થંકર સિવાયના ૨૨ તીર્થંકર અને મહાવિદેહક્ષેત્રના તીર્થંકરોના સાધુઓને કો'ક એક સાધુ માટે કરેલ આધાકર્મ તે અન્ય સાધુઓને ગ્લાનાદિ પ્રયોજનવિના પણ કલ્પે છે. પણ શય્યાતર પિંડ તો. નથી કલ્પતું. માટે તેનો પ્રતિષેધ કરાયો હોવાથી આ શય્યાતરપિણ્ડ વર્જવો. કારણ કે,

(A) 'आणा' = 'आज्ञा' = શય્યાતરસંબંધી પિણ્ડ લેતાં તીર્થંકરની આજ્ઞાનો ભંગ થાય.

(B) 'अण्णा' = 'अज्ञातोञ्छ' = જ્યાં રહ્યાહોય ત્યાંથીજ ભિક્ષા લેવામાં અજ્ઞાત-ઉઞ્છ કર્યું ન કહેવાય = જે - તે ન જાણીતા એવા ઘરોમાંથી ગોચરી લાવવાનું થાય નહિ.

(C) 'उग्गमो वि य न सुज्झे' = 'उद्गमोऽपि न शुध्यति' = શય્યાતર બાજુમાંજ રહેલા હોય વગેરે કારણોસર વારંવાર ત્યાંજ ભિક્ષા, પાણી વગેરેમાટે જવામાં ઉદ્ગમદોષો સંભવે છે.

(D) 'अविमुत्ति' = 'अविमुक्ति' = સ્વાધ્યાયશ્રવણ વગેરથી ખુશ થયેલ શય્યાતર ખીર વગેરે સ્નિગ્ધ-દ્રવ્ય આપે. જેને વહોરતા અવિમુક્તિ = ગાદ્ધ્યાભાવ = ગૃદ્ધિનો અભાવ ન થાય. અર્થાત્ સ્નિગ્ધ-દ્રવ્યમાં ગૃદ્ધિ થાય.

(E) 'अलाघवया' = 'अलाघवता' = શય્યાતર કે તેના પુત્ર-ભાઈ વગેરે પાસેથી ઘણાં ઉપકરણ અને સ્નિગ્ધઆહાર ગ્રહણકરવામાં ઉપકરણ અને શરીરનું લાઘવ કરવાનું ન બને. અર્થાત્ શય્યાતર ઋજુગુણથી ભક્તિથી ઉપકરણો વહોરાવ્યા કરે અને સાધુ જો લીધા કરે તો એમાં ઉપધિ વધતી જાય. અને માલ-મલીદાવાળા આહાર-પાણી શય્યાતરના વાપરે રાખે તો શરીર જડ = ભરાવદાર = જાડું થઈ જાય. અને વિહારાદિ બંધ થઈ જાય.

(F) 'दुल्लह सेज्जाइ' = 'दुर्लभ शय्यादि' = શય્યાતરનાં ઘરેથી જ આહારાદિ ગ્રહણકરતાં શય્યાતરને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सप्तमद्वारे "दुविहे गेलन्नंमी निमंतणे दव्वदुल्लभे असिवे। ओमोयरिय पओसे, भए अ गहणं अणुन्नायं"।।४।।

**श्लोकार्थ**- आगाढानागाढे द्विविधे ग्लानत्वे सूत्रोक्तविधिना शय्यातरपिण्डोऽपि ग्राह्यः। निमन्त्रणे च शय्यातरनिर्बन्धे सकृत् गृहीत्वा पुनः प्रसङ्गो निवारणीयः, दुर्लभे च क्षीरादिद्रव्येऽन्यत्रालभ्यमाने तत्तत्रैव गृह्णन्ति। 'पओसे' त्ति राज्ञा प्रद्विष्टेन सर्व्वत्र भैक्षे निवारिते प्रच्छन्नं तद्गृहेऽपि गृह्णन्ति, तस्करादिभये चान्यत्र(त्रालभ्यमाने) तत्रापि स्वीकुर्वन्ति।७। अष्टमद्वारे स्वस्थाने वसन् शय्यातरो भवति, देशान्तरे तु गतो न भवत्यपि, केवलं भद्रकप्रान्तदोषात्तत्पिण्डस्तत्रापि वर्ज्जनीयो, भद्रको

---

વૈમનસ્ય થાય વગેરે કારણોથી શય્યા દુર્લભ થઈ જાય.

(G) એ પ્રમાણે સર્વથા-બધેજ શય્યાનો વ્યવચ્છેદ થઈ જાય. અર્થાત્ પછી કોઈ શય્યા આપવા જ તૈયાર ન થાય એટલે કાયમ માટે વસતિ મળવાની બંધ થઈ જાય. માટે શય્યાતરનું પિણ્ડ વર્જવું. 'दुर्लभ शय्यादि' માં 'આદિ' પદથી આહાર-પાણી વગેરે દુર્લભ થાય એ લેવું. આમ તો શય્યાતરનો પિણ્ડ લેવાનો નથી. પરન્તુ સાતમા દ્વારમાં બતાવ્યા પ્રમાણે કોકવાર લેવાનો અવસર આવે તો એ પણ બંધ થઈ જાય. 'એક તો શય્યા આપવી અને ઉપરથી આહાર પણ આપવો ? એવા વૈમનસ્યથી શય્યા પણ આપવાનું બંધ કરે વગેરે અનવસ્થાઓ ઉભી થાય.

**(૭) દ્વાર સાતમું** :- શય્યાતરપિણ્ડ ગ્રહણ ક્યારે કરાય ?

मूलश्लोक :- दुविहे गेलन्नंमी निमंतणे दव्वदुल्लभे असिवे।
ओमोयरिय पओसे, भए अ गहणं अणुन्नायं।

संस्कृतछाया :- द्विविधे ग्लानत्वे निमंत्रणे द्रव्यदुर्लभे अशिवे।
अवमोदरिके (अन्यत्रालभ्यमाने) प्रद्वेषे, भये च ग्रहणं अनुज्ञातं।।

(i) 'द्विविधे ग्लानत्वे' :- આગાઢ અને અનાગાઢ. આ બન્ને પ્રકારની બિમારીમાં શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શય્યાતરપિણ્ડ પણ ગ્રાહ્ય છે.

(ii) 'निमन्त्रणे' :- શય્યાતરનો આગ્રહ હોય તો એકવાર ગ્રહણ કરીને ફરીવાર વહોરવાનું નિવારવું.

(iii) 'द्रव्यदुर्लभे' :- ક્ષીરાદિદુર્લભ દ્રવ્ય અન્યઠેકાણે ન મળતાં હોય ત્યારે શય્યાતર પાસેથી જ ગ્રહણ કરે.

(iv) 'अशिव' :- મારી-મરકીનો ઉપદ્રવ થાય ત્યારે શય્યાતરપાસે ગ્રહણ કરે.

(v) 'अवमोदरिका' :- દુર્ભિક્ષ હોય ત્યારે શય્યાતર પાસે ગ્રહણ કરે.

(vi) 'प्रद्वेषे' :- ગુસ્સે ભરાયેલ રાજાએ બધેજ ભિક્ષા નિવારી હોય ત્યારે ગુપ્તપણે શય્યાતરના ઘરેથી પણ ગ્રહણ કરે.

(vii) 'भये' :- ચોરાદિના ભયમાં બીજે ન મળતું હોય ત્યારે શય્યાતરના ઘરેથીજ ગ્રહણ કરે.

**(૮) દ્વાર આઠમું** :- ક્યારે શય્યાતર થાય ? સ્વસ્થાનમાં વસતો હોય તે શય્યાતર બને છે. દેશાન્તરે ગયેલ તે ન પણ બને. એટલે કે આમતો તે શય્યાતર બને નહિ પરન્તુ કારણસર તેનો પિંડ ન લેવાય. એ જણાવવા 'પણ' શબ્દ મૂક્યો છે. એ કારણ જણાવે છે, ફક્ત ભદ્રક અને પ્રાન્તદોષના કારણે ત્યાં પણ = દેશાન્તરમાં પણ તે શય્યાતરના પિણ્ડાદિ વર્જવા. અહીં દેશાન્તરનો અર્થ મૂળમકાનથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हि मम तावत् स्वगृहावस्थितस्याऽमी न किञ्चिद् गृह्णन्ति ततोऽत्र यदि गृह्णन्ति तथापि शोभनमिति विचिन्त्यानेषणीयमपि कृत्वा दद्यात्। प्रांतस्तु मम स्वगृहस्थितस्यामी न किञ्चिद् गृह्णन्ति, अत्र तु सर्व्वं गृह्णन्ति, तत्किमिदानीमहमन्यः सञ्जातः ? तस्मान्मायाविन एते इति विचिन्त्य वसत्युच्छेदादि कुर्यादेवं शय्यातरसम्बन्धिनां भ्रातृमातुलकादीनामुपाश्रयस्याप्रभूणामपि सम्बन्धी पिण्डो वर्ज्जनीयो भद्रकप्रान्तादिदोषादिति ।८।

**卐 राजपिण्डस्वरूपं, तस्यग्रहणे दोषाश्च 卐**

अथ राजपिण्डविचारः।

'मुइयाइगुणो राया, अट्ठविहो तस्स होइ पिंडो त्ति। पुरिमेयराण एसो, विज्जायाईहिं पडिकुट्ठो।।१।।
मुइओ मुद्धभिसित्तो, पंचहिं सहिओ य भुंजए रज्जं। तस्स उ पिंडो वज्जे, तव्विवरीयंमि भयणाउ' ।।२।।

---

આશરે ૧૦-૧૫ કિ.મી. દૂર ગયા હોય એમ લેવો. આનો ભાવાર્થ આ જાણવો કે, સમજો કે શય્યાતર સવારે ૧૦-૧૫ કિ.મીટર દૂર કોક બીજા ગામમાં ગયા અને કુદરતી રીતે, એ જે સાધુઓના શય્યાતર બન્યા છે. એજ સાધુભગવંતો પણ તે શય્યાતર જ્યાં ગયા હોય ત્યાંજ પહોંચ્યા. ત્યારે ઉપરોક્ત વાતનો સંબંધ જાણવો.

ભદ્રક અને પ્રાન્તનો દોષ આ પ્રમાણે જાણવો કે, જો શય્યાતર ભદ્રક હોય તો 'હું મારા ઘરે હોઉ ત્યારે એ સાધુઓ કાંઈ ગ્રહણ કરતા નથી. પણ જો અહીં = આ દેશાન્તરમાં ગ્રહણ કરશે તો પણ સારું' એમ વિચારીને અનેષણીય બનાવીને પણ આપે. અને જો એ પ્રાન્ત = તુચ્છ હોય તો 'હું જ્યારે મારા ઘરે હતો ત્યારે આ સાધુઓએ કાંઈ ગ્રહણ કર્યું નહિ અને અહીં તો બધુંજ ગ્રહણ કરે છે. તો શું હું હમણાં બીજો થઈ ગયો ? માટે એઓ માયાવી છે' એમ વિચારીને વસતિ આપવાનું જ બંધ કરી દે વગેરે કરે. આ જ પ્રમાણે ભદ્રક-પ્રાન્તદોષાદિના કારણે શય્યાતરસંબંધી ભાઈ-મામાવગેરે કે જેઓ ઉપાશ્રયના સ્વામી નથી તોય તેમનો પિણ્ડ વર્જવો.

**• રાજપિંડનું સ્વરૂપ અને તેના ગ્રહણમાં દોષો •**

હવે રાજપિણ્ડની વિચારણા કરતાં જણાવે છે.

मूलश्लोक :- मुइयाइगुणो राया, अट्ठविहो तस्स होइ पिंडो त्ति।
पुरिमेयराण एसो विघायाइए पडिकुट्ठो।।

(ગાથામાં જે 'विज्जायाइहिं' શબ્દ છે એ ખોટો = અશુદ્ધ હોય એવું જણાય છે. તેના સ્થાને 'विघायाइए' શબ્દ બંધ બેસતો જણાય છે માટે એ શબ્દ મૂક્યો છે.)

संस्कृतछाया :- मुदितादिगुणो राजा अष्टविधः तस्य स्यात् पिण्ड इति ।
पूर्व-चरमजिनसाधुनाम् एषो विघातादिभिः प्रतिकृष्टः ।।

**अर्थ** :- 'मुदितादिगुणो राजा' = મુદિતાદિ ગુણયુક્ત રાજા હોય છે. અહીં 'मुदितादि' ની વ્યાખ્યા કરતાં જણાવે છે.

मूलश्लोक :- मुइओ मुद्धभिसित्तो, पंचहिं सहिओ य भुंजए रज्जं ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'पंचहिं' ति अमात्यमंत्रियुवराजपट्टबद्धश्रेष्ठिसेनापतिभिः।

राजपिण्डश्चायं। "असणाइया चउरो वत्थं पत्तं च कंबलं चेव। पाउछणगं च तहा, अट्ठविहो रायपिंडो त्ति"।।१।।

आद्यान्तिमजिनसाधुनामेष प्रतिकृष्टः, दोषाश्चात्राज्ञादयो व्याघातादयश्च, तथाहि राजकुले ईश्वरादिभिः प्रविशद्भिर्निर्गच्छद्भिश्च साधोः प्रवेशाद्यभावाद्भिक्षास्वाध्यायादिकार्याणामपि स (विघातः)स्यात्, अमङ्गलधिया प्रेरणा हननं वा कुर्यात्। तथा लोभः एषणाव्याघातः चौरादिशङ्का, गर्हा च स्यात्। यतोऽहो ! राजप्रतिग्रहमेते गर्हणीयमपि गृह्णन्ति। तथा च स्मृत्यां,

---

तस्स उ पिंडो वज्जे, तव्विवरीयंमि भयणा उ ।।

संस्कृतछाया :- मुदितो मुद्धर्नाभिषिक्तः, पंचभिः सहितो यो भुनक्ते राज्यं ।
तस्य तु पिंडो वर्ज्यं, तद्विपरिते भजना तु ।।

'मुदित्तो' એટલે જે યોનિશુદ્ધ = જેના માતા-પિતા બંને રાજવંશીય હોય, મસ્તકપર અભિષેક કરાયેલ, અને પાંચની સાથે જે રાજ્ય ભોગવે તેને રાજા કહેવાય છે. તે પાંચ કોણ ? તે કહે છે, [૧]અમાત્ય = મંત્રી, [૨]યુવરાજ, [૩]પટ્ટબદ્ધ શ્રેષ્ઠી = માથે પાઘડીબાંધી હોય અને પાઘડીપર લક્ષ્મીનું ચિહ્ન હોય તે નગરશેઠ લેવાના, [૪]સેનાધિપતિ અને [૫]પુરોહિત ગાથામાં 'પુરોહિત' આપેલ નથી પણ અધ્યાહારથી લઈ લેવો. જો કે હકીકતમાં પાંચનો ક્રમ આ પ્રમાણે જાણવો.

(૧) યુવરાજ (૨) અમાત્ય = મંત્રી (૩) પટ્ટબદ્ધ શ્રેષ્ઠી (૪) પુરોહિત અને (૫) સેનાધિપતિ. (કલ્પસૂત્ર સુબોધિકામાં [૧]સેનાપતિ, [૨]પુરોહિત, [૩]શ્રેષ્ઠી, [૪]અમાત્ય, [૫]સાર્થવાહ. એ પ્રમાણે આપેલ છે અને બૃહત્કલ્પસૂત્ર ગાથા ૬૩૮૪ ટીકામાં [૧]સેનાપતિ, [૨]મન્ત્રિ, [૩]પુરોહિત, [૪]શ્રેષ્ઠિ અને [૫]સાર્થવાહ. એવો ક્રમ આપેલ છે.)

मूलश्लोकार्थ :- अट्ठविहो होइ तस्स पिंडोत्ति = રાજાસંબંધી ૮ પ્રકારનો પિણ્ડ આ પ્રમાણે છે.

अवांतरश्लोक :- १-४असणाइया चउरो ५वत्थं ६पत्तं ७कंबलं चेव ।
८पाउछणगं च तहा, अट्ठविहो रायपिंडो त्ति।।

અશનાદિ[૧-૪] ચાર, [૫]વસ્ત્ર, [૬]પાત્ર, [૭]કામળી અને [૮]ઓઘો.

मूलश्लोकार्थ :- 'पुरिमेयराण एसो' = પ્રથમ અને છેલ્લાજિનેશ્વર ભગવાનના સાધુઓ માટે આ રાજપિણ્ડ 'प्रतिकृष्ट' = નિષેધ કરાયો છે. શા માટે નિષેધ કરાયો છે ? તે કહે છે, 'विघायाइए' = રાજપિણ્ડમાં આજ્ઞાભંગ વગેરે અને 'व्याघात' વગેરે દોષો રહેલા છે. તે આ રીતે કે,

રાજકુળમાં ઈશ્વરાદિ = ઠાકોર - ખંડીયા રાજા - મોટા શ્રીમંત - સામન્ત વગેરેના રસાલા સાથેના આવાગમનના લીધે સાધુનો પ્રવેશ વગેરે દુષ્કર હોવાથી. ['ईश्वरादि'માં 'आदि' શબ્દથી રાજકુળમાં આવેલા હાથી-ઘોડાથી અથડાઈને પડે વગેરે લેવું.] ભિક્ષા અને સ્વાધ્યાયાદિ કાર્યોનો પણ વિઘાત થાય. સ્વાધ્યાય આદિનો વિઘાત તો થાય પણ કોક ગ્લાનાદિને આહાર વપરાવવામાં મોડું થાય વગેરેને 'अपि' શબ્દથી લેવા. અથવા, રાજભવનમાં જતાં આ મુંડિયાના દર્શન ક્યાં થયા ? ઈત્યાદિ અમંગળની બુદ્ધિથી ધક્કો મારી દે અથવા હણવાનું કરે, તથા, રાજકુળમાં માલ-મલીદા મળતાં હોવાથી વારંવાર એ ખૂબ લેવાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"राजप्रतिग्रहदग्धानां ब्राह्मणानां युधिष्ठिर !। स्विन्नानामिव बीजानां पुनर्जन्म न विद्यते"।।१।। इति गर्ह्यतोक्ता। मध्यमजिनसाधुभिश्चायं गृह्यतेऽपि उक्तदोषाणामृजुप्राज्ञत्वेनाप्रमादपरतया परिहर्त्तुं शक्यत्वादितरैस्तु ऋजुजडवक्रजडत्वेन न तथेति।

卐 किदृशी शय्या (वसतिः) कल्प्या ? तत्र मूलगुणैरशुद्धवसतिश्च 卐

तथा शय्याऽपि मूलोत्तरगुणाद्यशुद्धा परिहर्त्तव्या। तत्रैयं मूलगुणैरशुद्धा यथा,

"पिट्ठिवंसो दो धारणाउ चत्तारि मूलवेलीउ। मूलगुणेहुववेया एसा आहागडा वसही"।।१।। पृष्ठिवंशो मध्यवलको द्वे धारण्यौ बृहद्वेल्यौ यत्प्रतिष्ठोऽसावेव। चतस्रो मूलवेल्यो याः चतुर्षु गृहपार्श्वेषु क्रियन्ते।

एते सप्त मूलगुणाः। एतैः साधुमाधाय कृतैर्युक्ता वसति। 'आहागड'त्ति आधाकर्मिकी स्यात्।

---

લોભ થાય, તથા, 'एषणा' નો વ્યાઘાત થાય. અર્થાત્ પૂર્વ-પશ્ચાત્કર્મ, આધાકર્મી બનાવે ઈત્યાદિ ગોચરીના દોષો સંભવે. કારણ કે રાજા કદાચ જૈન ન પણ હોય એટલે એના રસોડા વગેરેમાં હાથ ધોઈને જ સાધુને વહોરાવે વગેરે બને.

તથા, 'આ સાધુવેશમાં ચોર છે' ઈત્યાદિ ચોર વગેરેની શંકા થાય અને ગર્હા થાય. જેમ કે, 'અહો ! આ સાધુઓ તો ગર્હણીય એવા રાજકુળનું લેનારા છે.' તથા, આવો શ્લોકને સ્મૃતિમાં લાવી ગર્હા કરે કે,

राजप्रतिग्रहदग्धानां ब्राह्मणानां युधिष्ठिर !। स्विन्नानामिव बीजानां पुनर्जन्म न विद्यते।।

**અર્થ** :- હે યુધિષ્ઠિર ! રાજાનું દાન લઈને બળી ગયેલા અર્થાત્ પોતાના પૂર્વોપાર્જિત શુભકર્મોને બાળી નાખનારા બ્રાહ્મણોનો, બફાઈ ગયેલા બીજની જેમ પુનર્જન્મ નથી હોતો અર્થાત્ સદ્ગતિ હોતી નથી.

મધ્યમજિનેશ્વરોના સાધુભગવંતો તો આ રાજપિણ્ડ ગ્રહણ પણ કરે છે. કારણ કે તેઓ ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી અપ્રમત્ત બનવા દ્વારા ઉપરોક્ત દોષોનો પરિહાર કરી શકે છે. પરન્તુ પ્રથમ અને અન્તિમજિનેશ્વરના સાધુઓ તો ઋજુ-જડ અને વક્ર-જડ હોવાથી તે પ્રમાણે દોષોનો પરિહાર કરી શકતા નથી.

**• કેવી શય્યા = વસતિ કલ્પે ? તેમાં મૂળગુણો દ્વારા અશુદ્ધવસતિ •**

તથા, શય્યા પણ મૂળ અને ઉત્તરગુણઆદિથી જે અશુદ્ધ હોય તેનો પરિહાર કરવો. મૂળગુણો દ્વારા અશુદ્ધશય્યા આ પ્રમાણે હોય છે.

१पिट्ठिवंसो दो २-३धारणाउ ४-७चत्तारि मूलवेलीउ। मूलगुणेहुववेया एसा आहागडा वसही।।

**અર્થ** :- (૧) 'पिट्ठिवंसो' = 'पृष्ठिवंशः' = 'मध्यवलक' = છત પરનો આડો મૂળથાંભલો.

(૨-૩) 'दो धारणा = 'द्वे धरण्यौ' = 'बृहद्वेल्यौ' = મૂળથાંભલો જેનાથી ટકે તે બે આડા થાંભલા.

(૪-૭) 'चत्तारि मूलवेलीउ' = 'चतस्रो मूलवेल्यः' = બે બાજુના છાપરાને ધારણકરનાર ચાર મૂળવેલી કે જે મકાનની ચારેજ બાજુ કરવામાં આવે છે તે.

'मूलगुणेहुववेया' = 'एते सप्त मूलगुणाः' = આ સાત મૂળગુણો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

साधुमाधाय कृतत्वात्।

## 卐 उत्तरगुणा द्विधा, तत्राद्य मूलोत्तरगुणाः 卐

उत्तरगुणाश्च द्विधा भवन्ति। मूलोत्तरगुणा उत्तरोत्तरगुणाश्च। तत्रैते मूलकल्पा उत्तरगुणाः। यथा, "वंसग १ कडणु २ क्कंबण ३ च्छायण ४ लेवण ५ दुवार ६ भूमीय ७। सपरिकम्मा वसही एसा मूलुत्तरगुणेहिं"।।२।।

वंशकाः दण्डकाः। 'कडणं' ति कटकादिभिः कुड्यकरणं, 'उक्कंबणं' दंडगोवरि कंबाइयबंधणं। 'छायणं'ति दर्भादिनाऽऽच्छादनं। 'लेवणं'ति, चिक्खल्लेण कुड्डाण लिम्पणं। 'दुवारं'त्ति गृहद्वारस्य बृहत्करणं अन्यस्य वा विधानं। 'भूमि'त्ति विसमाए समीकरणरूवं भूमिकम्मं भणइ। एते सप्त मूलभूतोत्तरगुणाः। एते च पृष्ठिवंशादयश्चतुर्दशाप्यविशोधिकोटिसंज्ञाः।

---

'एसा' = 'एषा' = સાધુમાટે કરેલી આ સાતેય મૂળગુણોથી યુક્ત વસતિ.

'आहागडा वसही' = 'आधाकर्मिक वसति स्यात्' = આધાકર્મી વસતિ થાય છે. કારણ કે સાધુમાટે કરાઈ છે.

## ● ઉત્તરગુણના બે પ્રકાર, તેમાં પ્રથમ મૂલોત્તરગુણો ●

ઉત્તરગુણો બે પ્રકારે થાય છે. (૧) મૂલોત્તરગુણ (૨) ઉત્તરોત્તરગુણ. તેમાં મૂલસમાન ઉત્તરગુણો તે મૂલોત્તરગુણો કહેવાય. તે આપ્રમાણે છે-

मूलोत्तरगुणश्लोकः- १वंसग २कडणु३क्कंबण ४च्छायण ५लेवण ६दुवार ७भूमी य।
सपरिकम्मा वसही एसा मूलुत्तरगुणेहिं।।

અર્થ :-(૧) 'वसंग' = 'वंशकाः' = 'दण्डका' = વાંસા.

(૨) 'कडणं' = 'कंटकं' = 'कटकादिभिः कुड्यकरणं' = સાદડીવગેરેથી ભીંત કરવી.

(૩) 'उक्कबणं-दंडगोवरि कंबाइयबंधणं' = 'उत्सम्बणम्-दंडकोपरि कंबादिबंधनं' = ફાડેલી વાંસો = કપાટો અને જાડું ઘાસ-નળીયાપર પદ્ધતિસર ગોઠવીને કાથાની દોરીથી પરસ્પર બાંધવા.

(૪) 'छायणं' = 'छादनं' = 'दर्भादिनाऽऽच्छादनं' = ઘાસ-નળીયાવગેરેથી ઢાંકવું.

(૫) 'लेवणं-चिक्खल्लेण कुड्डाण लिम्पणं' = 'लेपनं-कर्दमेण कुड्यानाम् लेपनम्' = કાદવ એટલે કે માટીના ગારાદ્વારા ભીંતોનું લિંપણ કરવું,

(૬) 'दुवार' = 'द्वारं' = 'गृहद्वारस्य बृहत्करणं अन्यस्य वा विधानम्' = ઘરનું બારણું મોટું કરવું અથવા બીજું બારણું કરવું.

(૭) 'भूमी-विसमाए समीकरणरूवं भूमिकम्मं भणइ' = 'भूमिः-विषमायाः समीकरणरूपं भूमिकर्म्म भण्यते' = વિષમ ભૂમિને સમ કરવી તેને ભૂમિકર્મ કહેવાય છે. આ સાત મૂલોત્તરગુણ છે.

પહેલાં જે પૃષ્ઠિવંશ વગેરે ૭ મૂલગુણો કહ્યા અને આ 'वंसग' વગેરે ૭ મૂલોત્તરગુણો કહ્યા. આ ૧૪ ગુણો અવિશોધિકોટિ છે.

'सपरिकम्मा वसही एसा मुलुत्तरगुणेहिं' = 'सपरिकर्म्मा वसति एषा मूलुत्तरगुणैः' = મૂલોત્તરગુણો દ્વારા જે વસતિનિમિત્તક અનેકપ્રકારની ક્રિયા કરવામાં આવે તે સપરિકર્મવાળી વસતિ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 उत्तरगुणेषु द्वितीयोत्तरोत्तर-गुणाः 卐

उत्तरोत्तरगुणाश्चैते यथा-

'दुमिय धूविय वासिय, उज्जोविय बलिकडा अवत्ता य। सित्ता संमट्ठावि य, विसोहिकोडिं गया वसही'।।३।।

'दूमिय'त्ति सेटिकादिभिर्धवलिता। 'धूविय' त्ति दुग्गंध त्ति काउं अगरुमाईहिं सुगंधीकया। 'वासिय'त्ति पटवासपुष्पादिभिरपनीतदौर्गन्ध्या। उद्योतिता रत्नप्रदीपादिभिः प्रकाशिता। बलिकृता कृतकूरादिबलिविधाना। 'अवत्त'त्ति छगणमृत्तिकाभ्यां जलेन चोपलिप्तभूमितला, सिक्ता केवलोदकेनाऽऽर्द्रीकृता, सन्मृष्टा प्रमार्जिता साध्वर्थायेति सर्वत्र दृश्यं। अविशोधिकोटौ एते न भवन्तीत्यर्थः। एवं चतुःशालादिष्वप्येतदनुसारतो मूलोत्तरगुणविभागे ज्ञेयः। नवरं-

'बहिरंताणं पायं समत्तकज्जाण जेण गामेसु। वासो तेसु ज (य?) वसही, पट्ठाइजुया तओ वुत्ता'।।४।।

## • ઉત્તરગુણોમાં દ્વિતીય ઉત્તરોત્તરગુણો •

હવે ઉત્તરોત્તરગુણોને બતાવતાં કહે છે. ઉત્તરોત્તરગુણો આ પ્રમાણે છે.

१दूमिय २धूविय ३वासिय, ४उज्जोविय ५बलिकडा ६अवत्ता य ।

७सित्ता ८संमट्ठावि य, विसोहिकोडिं गया वसही ।।

**अर्थ** :- (૧) 'दूमिय' = 'धवलितं' = ચૂનાવગેરેથી ધોળું કરવું, (૨) 'धूविय' = धूपितं = 'દુર્ગંધ છે' એમ કરીને અગુરુવગેરે ધૂપદ્વારા સુગંધીદાર કરવું (૩) 'वासिय' = 'वासितं' પટવાસ = વાસિતકરનાર સુગંધીપદાર્થ જેમકે અબીલ, ગુલાલ, કેસર, કુંકુમનું ચૂર્ણ વગેરે અને પુષ્પાદિ દ્વારા દુર્ગન્ધ દૂર કરવી (૪) 'उज्जोविय' = 'उद्योतितं' = સૂર્યકાંતમણિ વગેરે રત્ન અને પ્રદીપઆદિથી પ્રકાશિત કરવું. (૫) 'बलिकडा' = 'बलिकृता' = કૂર-ચોખાવગેરેદ્વારા બલિ કરવી, (૬) 'अवत्त' = 'अवलिप्तम्' = છાણ અને પાણીથી કે માટી અને પાણીથી કે છાણ-માટી અને પાણી વગેરેથી અને પાણીથી જમીન લીંપવી. (૭) 'सित्ता' = 'सिक्ता' = માત્ર પાણીથી જમીન ભીની કરવી. અર્થાત્ જમીનપર પાણી છાંટવું. (૮) 'संमट्ठा' = सन्मृष्टा' = સાધુમાટે પ્રમાર્જિત = ઝાડુવગેરેથી સાફ કરેલી. આ ઉપરોક્ત 'દુમિય' ઈત્યાદિ બધામાં 'સાધુમાટે કરેલું' એટલું જોડવું. અર્થાત્ 'साध्वर्थाय धवलितम्' ઈત્યાદિ પ્રમાણે જોડવું.

આ ૮ દોષો અવિશોધિકોટીના નથી થતાં. અર્થાત્ આ દોષો વિશોધિકોટીના છે.

આ જ પ્રમાણે 'चतुःशाल' = મકાનનો એક પ્રકાર, એટલેકે ધર્મશાળા વગેરે કે જેની વચ્ચે ખુલ્લો ચોક = મેદાન હોય અને ચારેબાજુ ઓસરી વગેરે હોય તેમાં પણ કહ્યાપ્રમાણે મૂલોત્તરગુણનો વિભાગ જાણવો.

'पिट्ठाइ जुया' = 'પૃષ્ઠિવંશાદિથી યુક્ત' વગેરે આ વાત મકાનોને વિશે શું કામ કરી ? એ વાતનો ખુલાસો કરતા જણાવે છે કે,

बहिरंताणं पाय समत्तकज्जाण जेण गामेसु। वासो तेसु ज(य?) वसही, पिट्ठाइजुया तओ वुत्ता।।

**अर्थ** :- પ્રાયઃ કરીને સાધ્વાચારસંબંધી અંદરના = પડિલેહણાદિ અને બહારના ગોચરી લાવવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथेयं स्त्रीपशुपण्डकविवर्ज्जिता सेवनीया। इतरथा-

'थीपशुपंडगजुत्ताए मोहानलदीवियाण जंतुण। पायमसुहा पवित्ती, पूव्वभवब्भासओ होज्जा'।।५।।

**卐 किदृशं वस्त्रं कल्प्यं ? तस्येकेन्द्रियाद्यवयवनिष्पत्तिभेदात्त्रिविधत्वं, पुनर्जघन्यादिभेदात्त्रिविधत्वं, प्रत्येकं पुनर्यथाकृताऽल्प-बहुपरिकर्म्मभेदात्त्रिधा 卐**

तथा वस्त्रमपि दोषदुष्टं वर्ज्यं। तत्र तावत् वस्त्रमेकेन्द्रियविकलेन्द्रियपञ्चेन्द्रियावयवनिष्पत्ति-भेदात् त्रिधा स्यात्। तत्राद्यं कार्प्पासिकं, द्वितीयं कौशेयकादि पञ्चेन्द्रियावयवनिष्पन्नमूर्णादिमयं च तृतीयं। नवरं कारणग्राह्यं कौशेयकादि। तथा जघन्यादिभेदाद्वस्त्रं त्रिविधं ज्ञेयं। तत्र मुखवस्त्रिकादि जघन्यं। चोलपट्टपटलादि मध्यमं। प्रच्छादनपट्याद्युत्कृष्टं। एतत्पुनः प्रत्येकं यथाकृताल्पबहुपरिकर्म्म-भेदात् त्रिधा स्यात्। अत्र च ग्रहणविधिं प्रतीत्य पूर्व्वं यथाकृतं ग्राह्यं, तस्य सर्वोपाधिशुद्धत्वात्। तदलाभेऽल्पपरिकर्म्म ग्राह्यं। तस्य स्तोकदोषत्वात्। तस्याभावे बहुपरिकर्म्मापि ग्राह्यं।

---

વગેરે બધાજ કાર્યોમાટે સાધુઓનો વાસ ગામોમાં હોય છે. અને તે ગામોમાં જે વસતિ = ઉપાશ્રય હોય છે તે 'पिट्ठ' = પૃષ્ઠીવંશઆદિથી યુક્ત હોય છે. માટે 'पिट्ठ' = પૃષ્ઠિવંશઆદિથી યુક્ત એવી વસતિની વાત કરાઈ છે.

તથા, સ્ત્રી-પશુ-પણ્ડક = નપુંસકથી રહિત એવી વસતિમાં વાસ કરવો.

थी-पशु-पंडगजुत्ताए मोहानलदीवयाण जंतुण । पायमसुहा पवित्ती, पूव्वभवब्भासओ होज्जा ।।

અર્થ :- સ્ત્રી-પશુ-પંડકથી યુક્ત વસતિથી, મોહરૂપી આગવડે બળતા જીવોની પ્રાયઃ કરીને પૂર્વભવના અભ્યાસના કારણે પ્રવૃત્તિ અશુભમાં = વિષય-વાસનામાં થતી હોય છે.

**• કેવું વસ્ત્ર કલ્પે ? તેનાં એકેન્દ્રિયાદિનાં અવયવથી ઉત્પત્તિ વગેરે 3 પ્રકારો, વસ્ત્રના જઘન્યવગેરે 3 ભેદો, વળી પ્રત્યેકના યથાકૃત, અલ્પ-બહુપરિકર્મનાં ભેદથી 3 પ્રકારો •**

તથા, દોષથી દુષ્ટ હોય એવું વસ્ત્ર પણ વર્જવું જોઈએ.

વસ્ત્ર, એકેન્દ્રિયનાં અવયવથી બનેલું, વિકલેન્દ્રિયનાં અવયવથી બનેલું અને પંચેન્દ્રિયનાં અવયવથી બનેલું. એમ ત્રણ પ્રકારે હોય છે. તેમાં પ્રથમ એકેન્દ્રિયના અવયવથી બનેલુ એ કપાસ વગેરે. બીજું વિકલેન્દ્રિયના અવયવથી બનેલું કૌશેય = રેશમ વગેરે અને ત્રીજું પંચેન્દ્રિયનાં અવયવથી બનેલું ઉનમય વગેરે. આ ત્રણેયપ્રકારમાંથી જે રેશમ વસ્ત્ર છે એ કોઈ કારણસર જ ગ્રહણ કરાય છે. [કારણ કે રેશમી વસ્ત્ર કિંમતી હોય છે, રાગનું કારણ બને છે. એમાં જીવહિંસા વધુ હોય છે. તથા શાસ્ત્રની આ મર્યાદા છે કે સામાન્યથી સુતર કે ઉનના કપડાં જ વાપરવા. વિશેષ પ્રયોજને જ રેશમી વાપરવા. इति पूज्य – जयघोषसूरयः ]

જે કોઈપણ વસ્ત્ર હોય. એનાં ત્રણભેદ જાણવા. (૧) જઘન્ય = મુહપત્તી વગેરે..(૨) મધ્યમ = ચોલપટ્ટો વગેરે. (૩) ઉત્કૃષ્ટ = ઓઢવાનો કપડો. આ ત્રણે જઘન્યાદિપ્રકારોના પાછા [૧]યથાકૃત - [૨]અલ્પપરિકર્મ્મ - [૩]બહુપરિકર્મ્મના ભેદથી ત્રણપ્રકારો પડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 सर्वमपि वस्त्रं गच्छवासिभिरुद्दिष्टादिना गवेषणीयम् 卐

एतच्च सर्व्वमपि वस्त्रं गच्छवासिभिश्चतसृभिरेषणादिभिर्गवेषणीयं। यथा- 'उद्दिट्ठा १ पेह २ अंतर ३ उज्झितधम्मत्ति' ४। तत्रोद्दिष्टा, यद्गुरुसमक्षं स्वयं प्रतिज्ञातं जघन्यादिभेदमेकेन्द्रियावयवनिष्पन्नादिकं वा वस्त्रं तदेव गृहिभ्यो याचमानस्य स्यात्। प्रेक्षा नाम वस्त्रमवलोक्य ब्रवीति यतिर्यथा भो श्रावक ! यादृशमिदं दृश्यते तादृशमिदं वा मह्यं वस्त्रं देहि। तृतीया तु परिधानवस्त्रं प्रावरणवस्त्रं वा शय्याया अधस्तनवस्त्रमुपरितनवस्त्रं, अन्यद्भोक्तुकाममग्रेतनं च मोक्तुमनसं दातारमत्रान्तरे याचमानस्येति। चतुर्थी पुनः स्वदेशं बहुवस्त्रदेशं वा गन्तुकामाः कार्प्पटिका यदुज्झन्ति, बहुवस्त्रदेशे वा यत्त्यक्तं लभ्यते, तद्याचित्तमयाचितं वा गृह्णतां स्यादिति। जिनकल्पिकास्तु चतसृषु मध्यादुपरितनद्व्यादन्यतरयैवाददते, नत्वाद्यद्वयेनेति।

અહીં ગ્રહણવિધિને અનુસરીને પહેલાં તો યથાકૃતવસ્ત્ર ગ્રહણકરવું. કારણ કે એ સર્વદોષથી રહિત હોવાથી શુદ્ધ છે. જો યથાકૃત ન મળે તો અલ્પપરિકર્મ્મવસ્ત્ર ગ્રહણકરવું. કારણ કે એમાં ઓછોદોષ રહેલો છે. અને જો અલ્પપરિકર્મ્મ પણ ન મળે તો બહુપરિકર્મ્મવસ્ત્ર ગ્રહણકરવું. કારણ કે એમાં ઘણો દોષ રહેલો છે.

## • ગચ્છવાસીઓએ તમામ વસ્ત્રો ઉદ્દિષ્ટાદિથી ગવેષવા •

આ બધાં પ્રકારના વસ્ત્રોની ગચ્છવાસીઓ દ્વારા ચારેપ્રકારની એષણાદ્વારા ગવેષણા કરવાની છે. તે આ પ્રમાણે.

[1]उद्दिट्ठा.. [2]पेह.. [3]अंतर અને [4]उज्झितधम्म. તેમાં,

(૧) 'उद्दिट्ठा' = 'उद्दिष्टा' = ગુરુ સામે પોતે જે વસ્ત્રની પ્રતિજ્ઞા કરી હોય કે 'જઘન્યાદિ ત્રણ ભેદો પૈકી આ લાવીશ' અથવા 'એકેન્દ્રિયાદિઅવયવથી નિષ્પન્ન અમુકવસ્ત્ર લાવીશ.' અને ગૃહસ્થો પાસે તે જ વસ્ત્રની યાચના કરે.

(૨) 'पेहा' = 'प्रेक्षा' = વસ્ત્રને જોઈને કહે કે 'હે શ્રાવક ! આ જેવું દેખાય છે. તેવું વસ્ત્ર મને આપો.' અથવા 'આ વસ્ત્ર મને આપો.'

(૩) 'अंतर' = 'परिधानवस्त्र' પરિધાનવસ્ત્ર નીચે પહેરવામાં આવતાં ધોતીવગેરે કે 'प्रावरणवस्त्र' = ઉપર પહેરવામાં આવતાં ખેસ વગેરે. અથવા 'शय्या' = પલંગઉપરની ગાદીનું નીચેનું વસ્ત્ર કે ઉપરનું વસ્ત્ર અથવા 'अन्तर' એટલે વારાફરતે વપરાતું વસ્ત્ર. દાતા આ બતાવ્યા પ્રમાણેના કોઈપણ વસ્ત્રને કપાટાદિમાં મૂકવાની ઈચ્છાવાળા હોય અથવા બીજું નવું ઉપયોગમાં લેવાની ઈચ્છાવાળા હોય. તે વખતે તે વસ્ત્રને યાચે.

(૪) 'उज्झितधर्म्म' = સ્વદેશમાં કે બહુવસ્ત્રવાળા દેશમાં જવાની ઈચ્છાવાળા કાર્પ્પટિકો-સંન્યાસીઓ જે વસ્ત્ર છોડી દે. અથવા બહુવસ્ત્રદેશમાં જે વસ્ત્ર છોડી દીધું હોય તેની યાચના કરીને કે યાચના કર્યા વિના જે મેળવાય. [કાર્પ્પટિકો બીજા ગામોમાં અમુક જુદાં કપડા પહેરતાં હોય પણ સ્વદેશે પાછા ફરતી વખતે એ કપડાને છોડી દે. અથવા બહુવસ્ત્રદેશમાં જાય ત્યારે 'ત્યાં મળવાના જ છે, વધારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ गच्छवासिनो वस्त्रं कदोत्पादयन्ति ? तस्य विधिश्च ॥

तत्पुनर्गच्छवासिनः कदोत्पादयन्तीति चेदुच्यते सूत्रार्थपौरुष्यौ विधाय भिक्षार्थमेव पर्यटन्त उत्पादयन्ति। यदि च तदा न लभन्ते, ततो द्वितीयपौरुष्यामपि गवेषयन्ति। तथा(दा)प्यलाभे प्रथमायामपि मृगयन्ति। तदर्थं गच्छन्तश्च दण्डकं भूमौ न लगयन्ति यावत्प्रथमो लाभ इति। इत्थं च गृह-प्रविष्टैरभावितश्रावकः प्रथमं न याचनीयो विपरिणामाप्रियतादिदोषसम्भवात्। किञ्च श्राद्धानामाचार एवायं यदेषणीयमुद्धरितं स्वत एव यच्छन्ति, तदिह यान्यन्याभिभावितकुलानि तेषु याञ्चा कार्या। तां च कुर्व्वद्भिस्तत्प्रभुर्वक्तव्यो यथा-धर्मलाभो भो श्रावक ! तव समीपे वयमागता। ईदृशैर्वस्त्रैरद्य प्रयोजनमस्तीति। ततश्चानुग्रहं मन्यमानेन तेन वस्त्रे दर्शिते साधुना प्रष्टव्यं कस्य सम्बन्ध्येतदिति। एवं च पृष्टे प्राञ्जलतया कथयत्यसौ यथा भवदर्थं कृतमिदं क्रीतं धौतं चेत्यादि। अमुकेन वा

---

ઉંચકીને શું કરવું ?' એમ વિચારી વધારાના કપડાં છોડવાની ઈચ્છાવાળા હોય. અથવા જીર્ણ થવાથી ત્યજવાની તૈયારીમાં હોય તેવું વસ્ત્ર યાચે. इति पूज्य जयघोषसूरयः]

આ ચારેય પ્રકારની ઉદ્દિષ્ટાદિની વાત તો સ્થવિરકલ્પીને આશ્રયીને થઈ. પરન્તુ જિનકલ્પીઓ તો ચારપ્રકારમાંથી પ્રથમના બે પ્રકારો વડે ગ્રહણ કરતા નથી. પરન્તુ ત્રીજા અને ચોથા પ્રકાર વડે ગ્રહણ કરે છે.

## • ગચ્છવાસીઓ વસ્ત્રને ક્યારે મેળવે ? તેની વિધિ •

હવે, ગચ્છવાસી = સ્થવિરકલ્પી સાધુઓ ઉપરપ્રમાણેના વસ્ત્રને કયા સમયે મેળવે ? તે કહે છે, સૂત્ર અને અર્થપોરિસી કર્યાબાદ ગોચરીમાટે જ ફરતાં ફરતાં સાથોસાથ વસ્ત્રને પણ મેળવે. જો ત્યારે ન મળે તો બીજીપોરિસીમાં પણ ગવેષણા કરે. ત્યારે ન મળે તો પહેલીપોરિસીમાં પણ ગવેષણા કરે. અર્થાત્ લાગે કે ૧૦ વાગ્યા પછી મળે તેમ નથી. તો ૮ વાગે નવકારશીના સમયની આસપાસ નીકળે = ગવેષણા કરે.

વસ્ત્રની ગવેષણા કરવા જતાં સાચવવાની વિધિ બતાવે છે. વસ્ત્ર મેળવવા જાય ત્યારે જ્યાંસુધી પ્રથમલાભ = પ્રસ્તુતમાં વસ્ત્રની વાત ચાલતી હોવાથી જ્યાંસુધી પ્રથમ વસ્ત્રલાભ ન થાય ત્યાં સુધી દાંડો ભૂમિએ ન લગાડે. [આ વિધિ ખાસ તો શુકન માટે કરવામાં આવે છે. इति पूज्य जयघोषसूरयः] આ પ્રમાણે ભૂમિપર દાંડો ન મૂકવાપૂર્વક ઘરમાં પ્રવેશેલ સાધુએ સૌ પ્રથમ તો જે શ્રાવક સાધુથી અભાવિત હોય તેની પાસે યાચના ન કરવી. કારણ કે એમાં વિપરિણામ = અપ્રીતિ થવી વગેરે દોષોનો સંભવ છે. તો કયા શ્રાવક પાસે માંગણી કરે ? તે કહે છે, આમ તો શ્રાવકોનો આ આચાર જ હોય છે કે એષણીયવસ્ત્ર વાપરતાં પહેલા વિનંતિ કરે અને વાપર્યા પછી = ઉપયોગ કર્યા પછી વધેલું હોય તેની પોતે જ વિનંતી કરે. પરન્તુ જો સાધુને યાચના કરવાનો વારો આવે તો બીજા જે ભાવિતકુલ હોય તેઓ પાસે યાચના કરે. યાચના કરતી વખતે સાધુઓ આ પ્રમાણે બોલે કે, 'હે શ્રાવક ! તમોને ધર્મલાભ છે. આ તમારી પાસે અમો આવ્યા છીએ. આવું કપડું ખપે છે.' 'આ અમારા પર અનુગ્રહ કર્યો' એમ માનતા એ શ્રાવક કપડું બતાવે ત્યારે સાધુએ પ્રશ્ન કરવો કે 'આ વસ્ત્ર કોનું છે ?' શ્રાવક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भवदर्थमेवेहानीय मुक्तं येन तद्गृहे न गृह्णन्ति भवन्त इत्यादि। ततः साधुना अविशोधिकोटि-विशोधिकोटिदोषो विचिन्तनीयः। तत्र यत्यर्थं वस्त्रस्य तणणं विणणं च मूलगुणाः। 'अविसोहिकोडि'त्ति। तथा पूर्वोपभुक्ते वस्त्रे दर्शिते प्रष्टव्यं किमेतदासीदिति। ततो दाता वक्ति नित्यनिवसनं यद्वा मज्जनवस्त्रं यद्वा राजदौवारिकं यद्वोत्सववस्त्रमिदममुकस्येति। एवं च सति दर्शितवस्त्रसदृशं वहमानमन्यदपि दातुर्यद्यस्ति ततस्तद्गृह्यते, इतरथा गृही अन्यदुत्पादयेत्, क्रीणीयाद्वेति। अपरिभुज्यमानेऽपि च दर्शिते किमत्र भविष्यति, क्व च स्थाने इदमासीदिति प्रष्टव्यं। ततो दाता यत्कथयति तन्निशम्य तत्सदृशाऽपरवस्त्रसद्भावे तस्य ग्रहणं कर्त्तव्यं, नाऽपरस्याभावे, उत्पादनक्रयणादिदोषभावात्। एवं च कल्पनीयतया निश्चिते सति तद्द्वयोरप्यन्तयोर्गृहीत्वा सर्वतो दृष्ट्या निरीक्षणीयं। मणेः सुवर्णस्य रूपकादिद्रव्यस्य वा तत्र निबद्धस्य भावात्। गृहस्थोऽपि च वक्तव्यो निरीक्षस्वैतत्सर्वतः। एवं च

---

ભોળપણથી જવાબ આપે કે 'આ આપના માટે કર્યું છે', 'આપના માટે ખરીદેલું છે.' અથવા 'આપના માટે ધોયેલું છે.' વગેરે. અથવા કહે કે 'અમુક શ્રાવકે આપનામાટે અહીં લાવીને મૂકી ગયા છે. કારણ કે તેઓના ઘરે આપ ગ્રહણ કરતાં નથી.' [સાધુને વહોરાવવા જતા પરિવારના કોઈપણ સભ્યને અપ્રીતિ થાય તો એવા ઘરેથી સાધુ વહોરે નહિ. ત્યારે વહોરાવવાના ભાવવાળા જે હોય તે છૂપી રીતે બીજા ઘરે આ રીતે મૂકીને વહોરાવવાનું કહે વગેરે. इति पूज्य जयघोषसूरयः] ત્યારે સાધુઓએ "આ અવિશોધિકોટિ કે વિશોધિકોટિવાળું છે ?" એ વિચાર કરવો. એ વિચાર આ પ્રમાણે છે કે,

સાધુમાટે વસ્ત્રના તાણાં-વાણાં કરે એ મૂળગુણ છે. તે અવિશોધિકોટિ છે, પરન્તુ શ્રાવક જો ઉપભોગકરેલું વસ્ત્ર બતાવે ત્યારે સાધુએ પૂછવું કે 'આ વસ્ત્ર શેના ઉપયોગમાં લેવાતું હતું ? કયા સ્વરૂપે હતું ? જવાબમાં દાતા કહે કે 'અમુકનું હંમેશ વપરાશનું આ વસ્ત્ર છે.' અથવા કહે કે 'ન્હાવાનું વસ્ત્ર છે' અથવા કહે કે 'રાજાના દરબારમાં જતી વખતે પહેરવાનું આ વસ્ત્ર છે.' અથવા કહે કે 'ઉત્સવમાં વાપરવાનું આ વસ્ત્ર છે.' તે વખતે બતાવેલ વસ્ત્ર જેવું જ વપરાતું જો બીજું વસ્ત્ર પણ દાતા પાસે હોય તો તે ગ્રહણ કરાય. નહીંતર દાતા પાસે એકજ હોવાથી તે દાતા બીજું નવું કરાવે અથવા નવું ખરીદે. તેમાં દોષ લાગે છે.

જે વપરાયેલું ન હોય એવું વસ્ત્ર બતાડે તો 'આ શેના કામમાં આવવાનું છે ? કયા સ્થાને આ હતું ?' એવું પૂછવું. ત્યારે દાતા જે જવાબ આપે તેને સાંભળીને તેના જેવું બીજું હોય તો તે ગ્રહણ કરે. પણ જો બીજું ન હોય તો ગ્રહણ ન કરે. કારણ કે જો ગ્રહણ કરે તો શ્રાવક નવું બનાવે કે વેચાતું લે વગેરે દોષ રહેલા છે.

આ પ્રમાણે કલ્પ્યતાનો નિશ્ચય કર્યાબાદ તે કપ્પું = વસ્ત્ર જો મોટું હોય તો ટૂકડે ટૂકડે બન્ને બાજુએથી પકડી, તથા જો વસ્ત્ર નાનું હોય તો બન્ને છેડાથી પકડીને ખૂલ્લું કરીને બરાબર નિરીક્ષણ કરવું. કારણ કે એમાં મણિ-સોનું-ચાંદી વગેરે કદાચ-કોકવાર બાંધેલું હોય એવું બનવા જોગ છે. જો મણિ વગેરે નીકળે તો સાધુએ ગૃહસ્થને પણ કહેવું કે 'તમો આનું બરાબર નિરીક્ષણ કરી લો.' એમ કરતાં = ગૃહસ્થ પોતે જોવા જતાં જો તેમાં મણિ વગેરે દેખાઈ જાય તો સારું. પણ જો ન દેખાય તો સાધુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यदि तेन तन्मण्यादि दृष्टं तदा भव्यं। अथ न दृष्टं ततो यतिरेव दर्शयत्येनमपनयेति। न चेत्थमधिकरणं यतेरिति वाच्यं यथान्यो हि स्तोक एव दोषः (किंतु) अकथिते उड्डाहादितो महानिति।

**卐 वस्त्रस्य नवभागकल्पना तस्य शुभाऽशुभफलं च 卐**

तत ऊर्ध्वं नवभागकल्पनया अञ्जनखञ्जनमूषकादि भक्षितदोषाणामेकतरभागस्थस्य शुभाशुभफलं निभाल्य तद्वस्त्रं गृह्णन्ति वर्ज्जयन्ति वा। ते चामी नव भागाः यथा-

| | | |
|---|---|---|
| दे | आ | दे |
| मा | रा | मा |
| दे | आ | द |

'चत्तारि देवयाभागा दोभागा य माणुसा। आसुरा य दुवे भागा मज्झे वत्थस्स रक्खसो।।१।।
तत्र च- अंजणखंजणकद्दमलित्ते मुसगभक्खियअग्गिविदड्ढे। तुन्नियकुट्टियपज्झवलिड्ढे। होइ विवागो सुहोऽसुहो वा।।२।।
देवेसुत्तमो लाभो माणुसेसु य मज्झिमो। आसुरेसु य गेलन्नं मरणं पुण रक्खसे जाण।।३।।

---

જાતે બતાડે અને એને દૂર કરાવે.

**પ્રશ્ન** :- સાધુ જો મણિવગેરે બતાડે = લેવડાવે, તો એ સાધુમાટે અધિકરણ દોષ થયો ને? કારણ કે એને લઈને ગૃહસ્થ એનો ઉપભોગ સંસારના કાર્યોમાં કરશે. એમ એ અધિકરણ બની જાય. એનો નિમિત્ત સાધુ થયો ને ?

**ઉત્તર** :- આમ ન કહેવું. કારણ કે મણિવગેરે દેખાડવામાં ઓછોદોષ લાગે પરન્તુ જો ન કહેવામાં આવે કે ન દેખાડવામાં આવે તો પ્રવચનહીલના વગેરે મોટાદોષોની સંભાવના છે.

**● વસ્ત્રના ૯ ભાગની કલ્પના અને તેમાં શુભ-અશુભ ફળ ●**

કપડાને મણિરહિત કરી લીધા બાદ એ કપડાનાં ૯ ભાગ કલ્પવાપૂર્વક, એ નવ ભાગો પૈકી કોઈપણ ભાગ પર રહેલ આંખમાં અંજાતું અંજન આદિ, 'खंजन' = ગાડાની મળી વગેરે, ઉંદર વગેરેથી ખવાયેલ વગેરે દોષોનું શુભ-અશુભ ફળ જોઈને તે વસ્ત્ર સાધુઓ ગ્રહણ કરે અથવા વર્જે. તે ૯ ભાગો આ પ્રમાણે છે.
चत्तारि देवया भागा दो भागा य माणुसा। आसुरा य दुवे भागा मज्झे वत्थस्स रक्खसो ।।१।।
अंजण-खंजण-कद्दमलित्ते मुसगभक्खिय अग्गि-विदड्ढे। तुन्निय-कुट्टिय-पज्झवलिड्ढे, होइ विवागो सुहोऽसुहो वा।।२।।
देवेसुत्तमो लाभो माणुसेसु य मज्झिमो । आसुरेसु य गेलन्नं, मरणं पुण रक्खसे जाण ।।३।।

**અર્થ** :- ચાર ભાગ દેવતાના, બે ભાગ મનુષ્યના, બે ભાગ અસુરના અને વસ્ત્રની મધ્યમાં રાક્ષસનો ભાગ જાણવો ।।૧।। તેમાં, અંજન-ખંજન-કાદવથી લેપાયેલ હોય, ઉંદરથી ખવાયેલ કે અગ્નિથી બળેલું હોય, 'तुन्निय' = રફૂ કરેલું હોય, 'कुट्टिय' = કૂટવાથી કુણું પડેલું હોય અને 'पज्झवलि ड्ढे' = 'पर्यवलीढ' = આમ તો કપડું સફેદ હોય પણ અમુકભાગ કધોણો-ડાઘવાળો હોય. ટૂંકમાં સ્વરૂપ એનું બદલાયેલું હોય. તો આ બધાના શુભ-અશુભફળ હોય છે. ।।૨।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अनेन विधिना वस्त्रे लब्धे तद्वसतावागतैर्गुरोः समर्प्पणीयं। ततोऽसौ यस्य तन्नास्ति तस्मै प्रयच्छति। तथा परिभोगकालेऽतिप्रमाणं वस्त्रं छिन्दानैर्मूलभागान्न छेत्तव्यममङ्गलत्वादिति याचनावस्त्रविधिः।

**卐 गृहस्थेन निमन्त्रणाकृते साधोर्विधिः 卐**

निमन्त्रणावस्त्रविधिश्चायं- यथा भिक्षार्थं साधुसङ्घाटकः कश्चिद्गृहे प्रविष्टः सन् न केनचित्प्रमादादिना, (किंतु)दातृविशेषेण महाभक्त्या भक्तादिना प्रतिलभ्य, वस्त्रे निमन्त्रितः ततस्तेन प्रष्टव्यं

આ ઉપરોક્ત અંજનાદિની વાતો જો દેવતાભાગમાં હોય તો ઉત્તમલાભને કરનારા છે, મનુષ્યભાગમાં હોય તો મધ્યમ ગણાય છે = ન લાભ કે ન નુકશાનને કરનારા હોય છે. અસુરભાગમાં હોય તો બિમારી આવે અને રાક્ષસભાગમાં હોય તો મોત થાય તેમ જાણવું.

આ વિધિ પ્રમાણે વસ્ત્ર મળ્યાબાદ તેને વસતિમાં લાવીને સાધુઓ ગુરુને સમર્પણ કરે. જેને આ વસ્ત્રની જરૂર હોય તેને ગુરુ એ વસ્ત્ર આપે. તથા, તે વસ્ત્રને વાપરતી વખતે જો અતિપ્રમાણવાળું હોય તો સાધુઓએ તેને ફાડતી વખતે મૂળભાગથી ન ફાડવું. કારણ કે એમ કરવાથી અમંગળ થાય છે. વિશેષકરીને જ્યારે આચાર્ય સપ્રયોજન ગ્રામાન્તર ગયા હોય ત્યારે આ પ્રમાણે 'વસ્ત્ર-યાચના'ની વિધિ બતાવી.

કપડાના ૯ ભાગોનું ચિત્રમયદર્શન.

| | | |
|---|---|---|
| दे | आ | दे |
| मा | रा | मा |
| दे | आ | दे |

[મૂળભાગથી ન ફાડે એનો અર્થ આ કે ઉપરના दे आ दे ભાગ કે નીચેના दे आ दे ભાગને ન ફાડે કારણ કે એ મૂળભાગ કહેવાય છે. પરન્તુ दे मा दे કે आ रा आ કે दे मा दे ભાગથી ફાડે. इति पूज्य जयघोषसूरयः]

હવે 'निमन्त्रणा' = શ્રાવક સામેથી વસ્ત્રનો લાભ આપવા વિનંતિ કરે ત્યારે સાધુ માટે કરણીય તે વસ્ત્રની વિધિ કહે છે.

**● ગૃહસ્થ વડે વસ્ત્રની વિનંતિ કરાય ત્યારે સાધુને કરવાની વિધિ ●**

સાધુ સંઘાટક ભિક્ષામાટે કો'ક ઘરે પ્રવેશ કરે. એ ઘરનો શ્રાવક, પ્રમાદથી નહિ = સામાન્યથી વિનંતિ કરે. અથવા ભૂલમાં વિનંતિ કરી બેસે. ઈત્યાદિ રૂપ પ્રમાદસર નહિ. પણ વિશિષ્ટ મહાભક્તિથી ભક્તાદિ વહોરાવ્યાબાદ વસ્ત્રમાટે નિમન્ત્રણ કરે. અહીં ભાવાર્થ આ જાણવો કે ખરેખર તો ગોચરી વહોરવા સાધુ નીકળ્યા છે. પરન્તુ કપડું વહોરવા નહિ, પણ દાતા સામાન્યથી કપડાની વિનંતિ પ્રમાદાદિથી કરે તો એ તરફ લક્ષ ન આપવું. પણ મહાભક્તિથી ગોચરી-પાણી વહોરાવ્યાબાદ વસ્ત્રનો લાભ આપવા આગ્રહપૂર્વક વિનંતિ કરે ત્યારે સાધુએ એને પ્રશ્ન કરવો કે 'આ કોનું છે?', 'આ પૂર્વે શું હતું?' વગેરે. અથવા 'આ શેના ઉપયોગમાં આવવાનું છે?' 'આ ક્યાં હતું?', 'કયા કારણસર આ મને આપી રહ્યા છો?' વગેરે. આ પ્રશ્નોના જવાબ ઉપરથી શુદ્ધ કે અશુદ્ધ વગેરેનો વિચાર કરીને વસ્ત્ર વહોરવું કે વર્જવું. જો આવાં પ્રશ્નો ન પૂછે તો પૂર્વે કહી ગયા પ્રમાણેના જિનાજ્ઞાભંગ વગેરે દોષો લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कस्येदं, किं चाऽऽसीत्, किमत्र वा भविष्यति, कुत्र वाऽऽसीत्, केन वा कारणेन मह्यं दीयत इति। यद्येवं न पृच्छति तदा प्रागुक्ता दोषा आज्ञादयश्च स्युरिति। एवं सति यदि कोऽपि मम पिताऽयं मम पितृसदृशो वाऽयमित्यादिपूर्वसम्बन्धेन, मम भ्राता भर्त्ता भर्तृसदृशो वायमित्यादि-पश्चात्सम्बन्धेन वा ददाति तदाऽग्राह्यं। यदा तु भवन्तः सद्धर्म्मनिरता वयं चारम्भप्रवृत्ता इत्यतो निस्तारार्थं दीयतेऽस्माभिरिति बुद्ध्या ददाति तदा ग्राह्यमेवेति वस्त्रविधिः।

**卐 किदृशं पात्रं कल्प्यं, तस्येकेन्दियाऽवयवनिष्पन्न-तुम्बकादिभेदात्त्रिविधत्वं पुनर्जघन्यादित्रिभेदं, प्रत्येकं पुनर्यथाकृताऽऽदिभेदात्त्रिधा 卐**

तथा पात्रकमप्येकेन्द्रियदेहनिष्पन्नतुंबकदारुमृन्मयभेदात् त्रिधा स्यात्। पुनर्जघन्यादिभेदात् त्रिधा। तत्रोल्लङ्ककादि जघन्यं, मात्रकं मध्यमं, उत्कृष्टं पतद्गृहः, पुनरेकैकं त्रिधा यथाकृतमल्पकर्म्मबहुकर्म्म चेति पूर्वपूर्वाभावे चेहोत्तरोत्तरं ग्राह्यं।

**卐 पात्रमपि उद्दिष्टादिचतुष्प्रकारै गवेषणीयम् 卐**

---

તથા, વસ્ત્ર આપતી વખતે દિકરો કે પત્ની વગેરે કોઈપણ એમ કહે કે 'આ મારા પિતાજી છે' 'આ મારા પિતાજી જેવા લાગે છે' ઈત્યાદિ પૂર્વસંબંધ દ્વારા, અથવા 'આ મારા પતિ છે', 'આ મારા પતિ જેવા લાગે છે', 'આ મારા દિયર કે જેઠ છે.' [પ્રતમાં 'भ्राता' લખ્યું છે. તે 'पतिभ्राता' અર્થ વધુ બંધ બેસતો જણાય છે. કારણ કે પશ્ચાત્સંબંધમાં ભ્રાતા ન આવે પણ દિયરવગેરે આવે.] ઈત્યાદિ પશ્ચાત્સંબંધ દ્વારા આપે. ત્યારે ગ્રહણ ન કરવું.

પરન્તુ જો, 'આપ પૂજ્ય તો સદ્ધર્મમાં નિરત છો. જ્યારે અમે તો આરંભમાં પ્રવૃત્ત છીએ. આ દાન દ્વારા અમે તરી જઈએ માટે અમે આપી રહ્યા છીએ' આ પ્રમાણેની બુદ્ધિથી પ્રગટ કહીને આપે તો ચોક્કસ ગ્રહણ કરવું. આ પ્રમાણે વસ્ત્રની વિધિ બતાવી છે.

હવે પાત્રકસંબંધી વિધિને બતાવે છે.

**• કેવું પાત્ર કલ્પે ? તેના એકેન્દ્રિય અવયવથી બનેલ તુંબડા વગેરે ભેદથી ત્રણ પ્રકારો, તેના જઘન્ય વગેરે ત્રણ પ્રકારો અને વળી, પ્રત્યેકના યથાકૃત વગેરે ત્રણ પ્રકારો •**

પાત્રકનાં પણ એકેન્દ્રિયના શરીરથી બનેલું - [1]તુંબડાનું, [2]લાકડાનું અને [3]માટીનું એમ ત્રણ પ્રકારો પડે છે. એ ત્રણપ્રકારોના પણ જઘન્યાદિ ત્રણપ્રકારો પડે છે. 'उल्लङ्क' = ટોકસી વગેરે જઘન્ય કહેવાય છે. 'मात्रक' = ગુરુ વગેરે માટે સવિશેષ વસ્તુ ગ્રહણકરવાનું નાનું પાત્રુ મધ્યમ કહેવાય અને 'पतद्ग्रह' = મોટુંપાત્રુ ઉત્કૃષ્ટ કહેવાય છે.

હવે આ જઘન્યઆદિના પણ ત્રણ પ્રકારો પડે છે. (૧) યથાકૃત. (૨) અલ્પકર્મ્મ. (૩) બહુકર્મ્મ. તેમાં પૂર્વ-પૂર્વના અભાવે ઉત્તરોત્તર ગ્રહણ કરવા. અર્થાત્ યથાકૃત ન મળે તો અલ્પકર્મ્મ લેવું વગેરે.

**• પાત્ર પણ ઉદ્દિષ્ટવગેરે ચારપ્રકારોદ્વારા ગવેષવા •**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एतदपि चतसृभिरेषणाभिर्गवेषणीयं। यथा-'उद्दिट्ठा' ।१। पेह ।२। संगया ।३। उज्झियधम्मत्ति ।४। अत्र त्रितयं प्राग्वन्नवरं पात्राभिलापो वक्तव्यः। तृतीया पुनरेवं 'संगइयं वा वेजइयं वा'। कस्यापि गृहिणः पात्रद्वयं भवति। स च तयोर्मध्यादेकैकस्मिन् दिने एकैकं वारकेण वाहयति तत्र यद्वाहयति तत्सङ्गतिकं। यत्तिष्ठति तद्वेजयिकं। ईदृशं च कोऽपि साधुरभिग्रहविशेषाद्याचते शेषं चात्रापि वस्त्रवद्द्रष्टव्यं। नवरं,

"तसबीयाइ व दट्ठुं, न गिण्हइ य अदिट्ठे। गहणंमि अ परिसुद्धे कप्पइ दिट्ठेहिं वि बहूहिं"।।१।।

उत्तरार्द्धभावार्थोऽयं-ग्रहणे परिशुद्धे पश्चाद्यदि बीजादीनि बहून्यपि पश्यति, तथापि गृह्णात्येव। न पुनः परिष्ठापयति, प्रत्यर्प्पयति वा पात्रं किन्तु यतनया तानि यत्र न विराध्यन्ते तत्र क्षिपतीति। मूलोत्तरगुणविभागश्चायमत्र-'मुहकरणं मूलगुणा, पाए निकोरणं च इयरे उ'त्ति इत्यलं प्रसङ्गेनेति सप्रसङ्गेनेति प्रसङ्गगाथार्थः।।१००।।

---

આમાં પણ ચારપ્રકારની એષણાદ્વારા ગવેષણા કરવી. તે આ પ્રમાણે (૧) 'उद्दिट्ठा' (૨) 'पेहा' (૩) 'संगया' (૪) 'उज्झियधम्म'. આ ચારેય પ્રકારમાંથી ત્રણ = પહેલા-બીજા-ચોથા પ્રકારોમાં પહેલાં કહેલ વસ્ત્રની વિધિ પ્રમાણે જાણી લેવું. ફરક માત્ર આટલો કે વસ્ત્રના સ્થાને પાત્ર શબ્દ વાપરવો.

ત્રીજો પ્રકાર જે 'સંગયા' છે. તેની વિશેષવિધિ જણાવે છે.

'संगइयं वा वेजइयं वा' = 'सङ्गतिकं वा, वेजयिकं वा' = કોક ગૃહસ્થ પાસે બે પાત્રા હોય. તે બન્ને પાત્રાઓમાંથી વારા પ્રમાણે એક એક પાત્રુ વાપરવામાં લેતાં હોય. તેમાં જે પાત્રુ વાપરે તેને 'सङ्गतिक' કહેવામાં આવે છે. તથા જે બીજું રહ્યું હોય તેને 'वेजयिक' કહેવામાં આવે છે.

કોઈપણ સાધુ અભિગ્રહવિશેષથી આવા પ્રકારનું પાત્રુ યાચે ત્યારે 'संगया' નામનો ત્રીજો પ્રકાર બને છે. આ ત્રીજાપ્રકારમાં પણ બાકી બધી વાતો વસ્ત્રની જેમ જ જાણવી.

હવે પાત્રાસંબંધી જે વિશેષવાત છે તે કહે છે કે,

**तसबीयाइ व दट्ठुं, न गिण्हइ य अदिट्ठे। गहणंमि अ परिसुद्धे कप्पइ दिट्ठेहिं वि बहूहिं।।**

**अर्थ** :- પાત્રુ જો ત્રસજીવ કે બીજ વગેરેથી યુક્ત છે એમ દેખે તો એને ગ્રહણ કરે નહિ. પરન્તુ કદાચ કોકવાર એવું બને કે દેખતી વખતે ખ્યાલ ન આવ્યો અને પાછળથી એમાં ત્રસ કે બીજાદિ દેખાયા. તો પણ પાત્રુ રાખી લે પરન્તુ પરઠવી ન દે કે પાછું પણ ન આપી દે. પરન્તુ જીવ તથા બીજને નિરવદ્યસ્થાને યતનાપૂર્વક મૂકી દે.

આમાં પણ મૂલ-ઉત્તરગુણનો વિભાગ આ પ્રમાણે જાણવો.

'मूहकरणं मूलगुणा पाए निकोरणं च इयरे उ'ति ।। [ગૃહસ્થે નાળિયેર આદિમાંથી પાણી વગેરે કાઢવા નાનું કાણું કર્યું હોય અને એ પછી અચિત્ત થયું હોય. અથવા ગૃહસ્થે જ નાળિયેર વગેરેનું મોટું કાણું કરીને એમાંથી ટોપરું વગેરે કાઢ્યું હોય. એને સાધુ ગ્રહણકરીને એ નાનાંકાણાને મોટું કરે તો એ મૂલગુણ કહેવાય. તથા, ટોપરું, વગેરે કાઢેલ મોટા કાણાવાળા નાળિયેરમાં જે કાંઈ ચોટેલું હોય તેને વ્યવસ્થિત સાફ કરે તેને ઉત્તરગુણ કહેવાય. इति पूज्य जयघोषसूरयः]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अवतरणिका–** अत्र च द्रव्याद्यपेक्षोत्सर्गापवादाश्रयिणा साधुना भाव्यमतः कदाचित्सर्वथा शुद्धाहाराऽप्राप्तौ समयोक्तविधिनाऽशुद्धग्रहणमप्यनुज्ञातमितरथा पिण्डाऽभावाद्देहानवस्थितेश्चरणादिगुण-हानिरतोऽधुनाऽपवादेनाऽशुद्धग्रहणविधिं दर्शयन्नाह।

**मूलगाथा– सोहंतो य इमे तह, जइज्ज सव्वत्थ पणगहाणीए।**
**उस्सग्गववायविऊ, जह चरणगुणा न हायन्ति।।१०१।।**

**संस्कृतछाया– शोधयंश्चेमान् तथा यतेत सर्वत्र पञ्चकहान्या।**
**उत्सर्गाऽपवादविद्वान् यथा चरणगुणा न हीयन्ते ।।१०१।।**

**卐 गीतार्थसाधुनाऽवस्थोचितप्रकारेण दोषेषु पञ्चकहान्या यतना कार्या 卐**

**व्याख्या–** विधेयश्च (शोधयंश्च) विशुद्धपिण्ड (मन्वेषयन्) पुनः कानित्याह। इमाननन्तरोक्ता-नाहारदोषान्, तथा केन (येन?) केनचिदवस्थोचितप्रकारेण यतेत यत्नं कुर्यात्साधुरिति शेषः।

---

આ પ્રમાણે પ્રાસંગિક રીતે શય્યાતર, રાજપિણ્ડ, વસ્ત્રયાચનાવિધિ વગેરેની વાતો સંક્ષેપથી કહી દીધી.।।૧૦૦।।

**અવતરણિકા :-** આ ઉપરોક્ત ગાથામાં દ્રવ્યાદિની અપેક્ષાએ ઉત્સર્ગ-અપવાદનો આશ્રય લેવાપૂર્વક સાધુએ રહેવું એ વાત કરી. હવે, કદાચ ક્યારેક સર્વથા શુદ્ધઆહાર ન મળે તો શાસ્ત્રોક્ત વિધિથી અશુદ્ધગ્રહણ કરવાની પણ અનુજ્ઞા અપાયેલી છે. કારણ કે જો એમ ન કરે તો પિણ્ડના અભાવે શરીર ટકી ન શકે. અને શરીર ન ટકે તો ચારિત્ર વગેરે ગુણોની હાનિ થાય. તેથી હવે અપવાદથી અશુદ્ધગ્રહણની વિધિને જણાવતાં મૂળકારશ્રી કહે છે.

**મૂળગાથા-શબ્દાર્થ :- सोहंतो** = શુદ્ધિની ગવેષણા કરતો, **इमे** = બેતાલીસ દોષોની, **तह** = તે પ્રકારે, **जइज्ज** = યત્ન કરે, **सव्वत्थ** = સર્વાવસ્થામાં, **पणगहाणीए** = પંચક પ્રાયશ્ચિતનો પરિહાર કરવાવડે, **उस्सग्गववायविऊ** = ઉત્સર્ગ અને અપવાદને જાણનાર, **जह** = જેથી, **चरणगुणा** = ચારિત્રના ગુણો, **न हायंति** = ઓછા ન થાય.।।૧૦૧।।

**મૂળગાથા-ગાથાર્થ :-** જ્યારે સર્વથા દોષરહિત આહાર ન મળતો હોય ત્યારે ઉત્સર્ગ અને અપવાદના જાણકાર સાધુએ અશઠપણે સૌથી ઓછામાં ઓછા દોષવાળો આહાર મેળવવા પ્રયત્ન કરવો જોઈએ અને ઓછામાં ઓછા દોષવાળો આહાર ન મળે તો પછી ક્રમસર વધુ દોષવાળો આહાર કે જેને શાસ્ત્રપરિભાષામાં પંચકહાનિ કહેવાય છે તેને મેળવીને નિર્વાહ કરવો જોઈએ કે જેથી પોતાના ચારિત્રમાં સ્ખલના ન થાય.।।૧૦૧।।

**• ગીતાર્થ સાધુને અવસરો ચિત્ત પ્રકારે દોષોમાં પંચકહાનિથી યતના કરવી •**

**વ્યાખ્યાર્થ :-** 'सोहंतो' = 'शोधयंश्च' = શોધતા = વિશુદ્ધપિણ્ડની ગવેષણા કરતાં, ગવેષણા કોની કરે ? તે કહે છે, 'इमे' = 'इमान्' = હાલમાંજ કહેવાયેલ આહારદોષોને શોધતા અર્થાત્ ૪૨ દોષોને ટાળીને ગોચરીની ગવેષણા કરતા. 'तह' = 'तथा' = તે રીતે એટલે કે જે તે અવસ્થાને ઉચિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कथम्भूतः सन्नित्याह उत्सर्गापवादविद्वान् सन्। तत्रोत्सर्गो निर्विशेषेणाऽनुष्ठानप्रवृत्तिरपवादो द्रव्यादिविशेषेण तत्प्रवृत्तिर्वेत्त्यवगच्छति यः स तथा, सम्यगधीतज्ञातछेदादिश्रुतश्चानेनाऽगीतार्थव्यवच्छेदेन गीतार्थ उक्तस्तथा चेदमुभयोरप्यागमे लक्षणमुक्तं यथा–

"जेण आवस्सयाईयाणं अत्थो न सुओ सोऽगीयत्थो। जेण पिंडेसणावत्थपाएसणासेज्जाछेयसुयाईणि अहीयाणि सो गीयत्थो मन्नइ"।

तेन गीतार्थस्य यतनया प्रवर्त्तमानस्य विराधनापि न दोषवती भवतीति वक्ष्यति। यतनालक्षणं चेदमुक्तं निशीथे, यथा–

"रागदोसविउत्तो जोगो असढस्स होइ जयणा उ। रागदोसाणुगओ जो जोगो स अजयणा उ"।

क्व यततेत्याह। सर्वत्र सर्वस्मिन् ग्लानादिप्रयोजने, कयेत्याह पंचकहान्या, इहाकृतवीप्सोऽपि पञ्चकशब्दस्तदर्थसम्भवाद्वीप्सां गमयति।

---

પ્રકારે, 'जइज्ज' = 'यतेत' = યત્ન કરે. કોણ યત્ન કરે ? તે કહે છે, સાધુ. એમ અધ્યાહારથી સમજવું. કેવા સાધુ હોય ? તે કહે છે, 'उस्सग्ग-ववायविऊ' = 'उत्सर्ग-अपवादविद्वान्' = ઉત્સર્ગ અને અપવાદના જાણકાર એવા સાધુ.

તેમાં, ઉત્સર્ગ એટલે કોઈપણ પ્રકારની છૂટ-છાટવિના અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ અને અપવાદ એટલે દ્રવ્યાદિવિશેષે અનુષ્ઠાનની છૂટ-છાટપૂર્વકની પ્રવૃત્તિ. એને જે જાણે તે ઉત્સર્ગ-અપવાદમાં વિદ્વાન કહેવાય. ઉત્સર્ગ-અપવાદમાં વિદ્વાન એટલે શું ? તે કહે છે, સારી રીતે ભણીને જાણ્યા છે છેદ વગેરે શ્રુત જેણે તે. આ કહેવા દ્વારા અગીતાર્થ આવો ન હોય અર્થાત્ અગીતાર્થતાનો વ્યવચ્છેદ કરીને એ ગીતાર્થ છે એમ કહેવાયું છે. તથા, ગીતાર્થ અને અગીતાર્થનું લક્ષણ શાસ્ત્રમાં આ પ્રમાણે બતાવ્યું છે કે,

**जेण आवस्सयाईयाणं अत्थो न सुओ सोऽगीयत्थो।**
**जेण पिंडेसणा-वत्थ-पाएसणा-सेज्जा-छेयसुयाईणि अहीयाणि सो गीयत्थो भन्नइ।।**

**अर्थ** :- જેણે આવશ્યકાદિના અર્થ નથી સાંભળ્યા તે અગીતાર્થ છે. જેણે પિણ્ડૈષણા, વસ્ત્ર-પાત્રૈષણા, શય્યા = વસતિ, ઉપાશ્રય ક્યાં લેવાય, ક્યાં ન લેવાય, કોનો લેવાય, કોનો ન લેવાય વગેરેનું જ્ઞાન હોય. છેદસૂત્રોવગેરે ભણ્યા હોય તે ગીતાર્થ કહેવાય છે.

માટે, યતનાપૂર્વક પ્રવૃત્તિકરતા ગીતાર્થની વિરાધના પણ દોષવાળી થતી નથી એમ કહેવાય છે. યતનાનું લક્ષણ શ્રી નિશીથસૂત્રમાં આ પ્રમાણે બતાવ્યું છે.

**रागदोस-विउत्तो जोगो असढस्स होइ जयणा उ। रागदोसाणुगओ जो जोगो स अजयणा उ।।**

**अर्थ** :- અશઠનો રાગ-દ્વેષથી રહિત યોગ એ જયણા કહેવાય છે. અને રાગ-દ્વેષથી યુક્ત જે યોગ હોય છે તે અજયણા કહેવાય છે.

ગીતાર્થ સાધુ યતના ક્યાં કરે ? શેમાં યતના કરે ? તે કહે છે, 'सव्वत्थ' = 'सर्वत्र' = બધાંજ ગ્લાનાદિ પ્રયોજનમાં, શું કરવાદ્વારા યત્ન કરે ? તે કહે છે, 'पणगहाणीए' = 'पञ्चकहान्या' = પંચક-પંચકની હાનિપૂર્વક પ્રયત્ન કરવો. અહીં મૂળગાથામાં 'पञ्चक' શબ્દની વીપ્સા નથી મૂકી. છતાં પણ તેનો અર્થ સંભવતો હોવાથી 'वीप्सा' ને અધ્યાહારથી લેવો. એટલે કે 'पञ्चक पञ्चक परिहाण्या' એવો અર્થ જાણવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 पञ्चकहानिस्वरूपम् 卐

ततश्च पञ्चकेन पञ्चकेनागमप्रसिद्धप्रायश्चित्तलक्षणेन कृत्वा यका हानिरशुभादेः परिहारः पञ्चकहानिरयमर्थः- पञ्चकदशकादिप्रायश्चित्ताऽऽरोपणाक्रमेण उत्तरोत्तरगुरुप्रायश्चित्तापत्त्यपेक्षया तत्परिहारेण पाश्चात्यपञ्चकपरिहाणितया यल्लघुप्रायश्चित्तपदं तत्प्राप्तियोग्योपसेवनं पञ्चकहानिरिहोच्यते। तया यतेत इदमुक्तं भवति, पूर्व्वं ग्लानादिप्रयोजनेषु शुद्धं गवेषयते, तदभावे लघुगुरुपञ्चकप्रायश्चित्तापत्तियोग्यं, तदभावे लघुगुरुदशकपञ्चदशकादियोग्यं, न तु निद्धंधसतया कारणेऽप्युत्पन्ने (लघुगुरुप्रायश्चित्तापत्ति............................ हस वाहिं तु सो हितु ?) लघुगुरुप्रायश्चित्तयोर्योग्ये द्विरूपे प्राप्यमाणे प्रथमत एव गुरुप्रायश्चित्तयोग्यं गृह्णीयादिति(अशठः)सन् ग्लानादिप्रयोजने आधाकर्म्मादिदोषदुष्टमप्यासेवमानः अदोषवानित्यावेदितं।

卐 इदं तु ऐदंपर्याऽर्थमर्थात् शासनसारः 卐

किञ्च बहुनैदंपर्यमाह, यथा-केनचिद्यथौचित्यमाधाकर्म्माद्यासेवारूपेणापि प्रकारेण चरणगुणा न हीयन्ते न हानिं यान्ति। तत्र चरणं चारित्रं व्रतादिपालनरूपं, तस्य गुणास्तत्साधकाः प्रतिदिनमवश्यं

## • પંચક હાનિનું સ્વરૂપ •

તેથી પંચક-પંચક-રૂપ આગમપ્રસિદ્ધ-પ્રાયશ્ચિત્તવડે જે અશુભનો પારંહાર = ત્યાગ તે પંચકહાનિ કહેવાય.

ભાવાર્થ આ છે કે, પંચક-દશક વગેરે પ્રાયશ્ચિત્ત આરોપણાના ક્રમપૂર્વક શાસ્ત્રમાં જે બતાવેલું હોય એનાથી જુદું કરવામાં દોષ લાગે છે. સૌથી નાનાદોષનું પંચકનું પ્રાયશ્ચિત્ત આવે તે પરિસ્થિતિવિશેષમાં પંચક-દશક વગેરે ક્રમસર જયણાપૂર્વક દોષ સેવે અર્થાત્ ઉત્તરોત્તર ગુરુપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિની અપેક્ષાએ તે ગુરુ પ્રાયશ્ચિત્તનો પરિહાર કરવાપૂર્વક પાછળથી પંચક-દશકની પરિહાનિ દ્વારા જે લઘુપ્રાયશ્ચિત્તનું સ્થાન હોય. તેની પ્રાપ્તિ થાય એ પ્રમાણે ઉપસેવન કરવું. અર્થાત્ તે રીતે ગોચરી-વસ્ત્ર-પાત્ર લેવા તેને પંચકહાનિ કહેવાય છે. આવા પ્રકારની પંચકહાનિ દ્વારા યતના કરે. એમ જાણવું.

આ કહેવાનો ભાવાર્થ આ છે કે સૌપ્રથમ તો ગ્લાનાદિના પ્રયોજને શુદ્ધગોચરીઆદિની ગવેષણા કરે. પરન્તુ એ ન મળે તો લઘુ-પંચક, ગુરુ-પંચક પ્રાયશ્ચિત્તને યોગ્ય એવી દોષવાળી ગોચરી વગેરે લે. એ પણ ન મળે તો લઘુ-દશક, ગુરુ-દશક, લઘુ-પંચદશક, ગુરુ-પંચદશકાદિ પ્રાયશ્ચિત્તને યોગ્ય એવી ગોચરી વગેરે લે. પરન્તુ ગ્લાનાદિના કારણમાં પણ લઘુ-ગુરુપ્રાયશ્ચિત્તને યોગ્ય બંનેપ્રકારે અશનાદિ પ્રાપ્તથતાં હોય તો ધિટ્ઠાઇ પૂર્વક પ્રથમથી ગુરુપ્રાયશ્ચિત્તને યોગ્ય દોષવાળું ગ્રહણ ન કરે. આના દ્વારા આ વાત છતી થાય છે કે ગ્લાનાદિના પ્રયોજને જયણાપૂર્વક આધાકર્માદિ દોષદુષ્ટ પણ સેવતો સાધુ અદોષવાન્ બને છે.

## • આ ઐદંપર્યાર્થ છે અર્થાત્ શાસનસાર છે •

વધુ કહેવાથી શું ? માટે હવે ઐદંપર્યાર્થ જણાવતાં કહે છે કે, 'जह चरणगुणा न हायन्ति' = 'यथा चरणगुणा न हीयन्ते' = પ્રયોજનપ્રમાણે કોકવાર આધાકર્માદિ સેવવા છતાં પણ જે રીતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कर्त्तव्यरूपा आवश्यकादयः साधुव्यापाराश्चरणगुणाश्चरणकरणे यथोत्सर्प्पत इत्यर्थः। यद्वा चरणं चोक्तरूपं गुणाश्च ज्ञानादय इति व्याख्येयं ततो यथा न हीयन्ते तथा यतेतेति पूर्व्वेण योगः। अनया गाथयेदं प्रवचनसर्वस्वमभिहितं यथेह न सर्वथा किञ्चिद् निषिद्धं, नापि सर्वथाऽनुज्ञातं, यतो द्रव्यक्षेत्रकालभाववैचित्र्येण क्वचिद्विधेयस्यापि निषेधः स्यात्, निषिद्धस्यापि क्वचिद्विधिरिति। तदुक्तं-'उत्पद्येत हि साऽवस्था देशकालामयान् प्रति। यस्यामकार्यं कार्यं स्यात्कर्मकार्यं च वर्ज्जयेद्'।।१।। इति। अतो ज्ञानादीनां लाभं हानिं चाकलय्य बहुलाभे प्रवर्तते (प्रवर्तेत ?)। तदुक्तमागमे-
'नवि किंचि अणुन्नायं, पडिसिद्धं वा वि जिणवरिंदेहिं। एसा जिणाण आणा, कज्जे सच्चेण होयव्वं'।।१।।
तथा 'का(रणजाय)पसङ्गं बहुविहमववायतो वियाणेत्ता। लंघेऊणुत्तविहिं बहुगुणजुत्तं करेज्जासु'।।२।।

---

ચરણગુણોની હાનિ ન થાય. એ રીતે યત્ન કરવો. અહીં 'चरण' એટલે વ્રતાદિના પાલનસ્વરૂપ ચારિત્ર, અને તે ચારિત્રને સાધી આપનારા = લાવી આપનારા જે ગુણો, એટલે કે રોજ અવશ્યકર્તવ્ય રૂપ આવશ્યકવગેરે સાધુનાં વ્યાપારો, તેને 'चरणगुण' કહેવાય છે. ટૂંકમાં, ચરણસિત્તરી અને કરણ સિત્તરી જે રીતે વધતાં જાય, એ રીતે યત્ન કરવો.

અથવા તો 'चरण' એટલે ઉપરોક્ત પ્રમાણેનો જ અર્થ અને 'ગુણ' એટલે કે જ્ઞાનાદિ ગુણો. એમ વ્યાખ્યા કરવી. આ ચરણગુણો જે રીતે હાનિ ન પામે એ રીતે યત્ન કરવો. એમ ગાથાના પૂર્વાર્ધ સાથે ઉત્તરાર્ધનો અન્વય કરવો.

આ ૧૦૧મી ગાથાદ્વારા પ્રવચનનું સર્વસ્વ = સર્વસાર કહેવામાં આવ્યું છે કે કશુંય સર્વથા નિષેધ કરાયું નથી કે ન તો સર્વથા અનુજ્ઞા અપાઈ છે. પરન્તુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની વિચિત્રતા = પરિસ્થિતિ અનુસારે ક્યારેક વિધેય = કરવાયોગ્ય પણ નિષેધયોગ્ય બને છે અને ક્યારેક નિષેધ કરાયેલું પણ વિધિ = કરવા યોગ્ય કાર્ય બની જાય છે. કહેવાયું છે કે,

**उत्पद्यते हि साऽवस्था देशकाल-आमयान् प्रति । यस्यामकार्यं कार्यं स्यात् कर्मकार्यं च वर्ज्जयेत्।।**

**અર્થ** :- દેશ, કાળ અને આમય = રોગને આશ્રયીને એવી અવસ્થા ઉભી થાય છે કે જેમાં અકાર્ય એ કાર્ય બને છે અને કર્મકાર્ય એ વર્જવાનું બને છે.

માટે જ, જ્ઞાનાદિનો લાભ અને હાનિને જાણીને જેમાં બહુલાભ દેખાતો હોય. એ રીતે પ્રવર્તવું.
આગમમાં કહેવાયું છે કે,

**नवि किंचि अणुन्नायं, पडिसिद्धं वा वि जिणवरिंदेहिं । एसा जिणाण आणा, कज्जे सच्चेण होयव्वं।।**

**અર્થ** :- જિનેશ્વરભગવંતોએ કોઈની પણ અનુજ્ઞા આપી નથી કે પ્રતિષેધ પણ કર્યો નથી. પરન્તુ તેઓશ્રીની આજ્ઞા માત્ર આટલી જ છે કે કાર્યવખતે સાચા રહેવું. અર્થાત્ કાર્યમાં નિર્દંભપણે પ્રવર્તવું.

તથા **कारणजायपसङ्गं बहुविहमववायतो वियाणेत्ता । लंघेऊणुत्तविहिं बहुगुणजुत्तं करेज्जासु ।।**

**અર્થ** :- કોક કારણસર ઉત્પન્નથયેલા પ્રસંગમાં અપવાદથી બહુવિધ = વધારે લાભ જેમાં છે તે જાણીને જે વિધિ આગમઆદિમાં કહેવાયેલી છે એને, એટલે કે ઉત્સર્ગને ઓળંગીને બહુગુણ યુક્ત કાર્યને કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

